।। શ્રી સર્વોદય પાર્શ્વનાથાય નમઃ ।।

અચલગચ્છીય
ઐતિહાસિક રાસ સંગ્રહ

લેખક/સંપાદક

"શ્રી પાર્શ્વ"

સહસંપાદક

પ.પૂ. મુનિરાજશ્રી સર્વોદયસાગરજી મ. સા.

પ. પૂ. મુનિરાજશ્રી ઉદયરત્નસાગરજી મ. સા.

।। ઉદ્યો ભવતુ સર્વેષામ્ ।।

પ્રસ્તુત ગ્રંથનાં કુશળ સંકલનકાર :
ગચ્છગૌરવ સુશ્રાવક

શ્રી પાસવીર ધુલ્લા ''પાર્શ્વ''

(હાલાર – હાલે રાજકોટ)

અચલગચ્છનાં અપ્રગટ ઈતિહાસને ગામેગામ ફરીને જેણે
ભેગો કર્યો, પોતાનાં જીવનનાં ૬૦-૬૦ વર્ષ ગચ્છનાં સાહિત્યનાં
સર્જનમાં લગાવી દીધા એવા સુશ્રાવક **શ્રી 'પાર્શ્વ'**ને
પ. પૂ. ગુરૂદેવ શ્રી સર્વોદયસાગરજી મ. સા. એ
મરણોતર **'ગચ્છગૌરવ'** એવોર્ડ પોતાની હાજરીમાં આપેલ છે.

॥ વિધિપક્ષોસ્તુ મંગલમ્ ॥

અચલગચ્છીય ઐતિહાસિક રાસસંગ્રહ

X-2272
29/10/19



સંકલન : શ્રી 'પાર્શ્વ' (રાજકોટ)

-: પુનઃસંપાદન :-

પ્રાચીન સાહિત્ય સંશોધક, ગચ્છગૌરવ, મેવાડ દિવાકર, પ. પૂ.

ગુરૂદેવ શ્રી સર્વોદયસાગરજી મ. સા.

अचलगच्छीय गुर्वावली

श्री आर्यरक्षितसूरीश्वरजी म. सा.

श्री महेन्द्रसिंहसूरीश्वरजी म. सा.



श्री मेरूतुंगसूरीश्वरजी म. सा.



श्री जयशेखरसूरीजी म. सा.

श्री धर्ममूर्तिसूरीजी म. सा.

श्री कल्याणसागरसूरीजी म. सा.

श्री नितिसागरसूरीजी म. सा.

श्री दानसागरसूरीजी म. सा.

श्री नेमसागरसूरीजी म. सा.



कलिकाल कल्पतरु अचलगच्छाधिपति प. पू. गुरूदेव आ. भ. श्री गुणसागरसूरीश्वरजी म. सा. एवं संपादक प. पू. गुरूदेव श्री सर्वोदयसागरजी म. सा.



तपचक्रवर्ति अचलगच्छाधिपति प. पू. आ. भ. **श्री गुणोदयसागरसूरीश्वरजी म. सा.** के साथ शासन कार्यो की चर्चा करते हुए प. पू. गुरूदेव **श्री सर्वोदयसागरजी म. सा.**

साहित्यदिवाकर प. पू. आ. भ. **श्री कलाप्रभसागरसूरीश्वरजी म. सा.** के साथ शासन कार्यो की चर्चा करते हुए प. पू. गुरूदेव **श्री सर्वोदयसागरजी म. सा.**

દિવ્ય આશિષ :

શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.

શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

શુભ આશિષ :

સંઘશિરછત્ર, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.

શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.

મંગળ આશિષ :

વડીલ યુવાચાર્ય, સાહિત્યદિવાકર પ. પૂ. આ. ભ.

શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.



પાવન આશિષ :

શાસન પ્રભાવક, પ. પૂ. આ. ભ.

શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા.

પવિત્ર આશિષ :

જ્યોતિષાચાર્ય, પ. પૂ. આ. ભ.

શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ. સા.

પુનિત આશિષ :

આગમઅભ્યાસી, પ. પૂ. આ. ભ.

શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ. સા.

मेवाड दिवाकर, ज्योतिषाचार्य

प. पू. गुरूदेव श्री सर्वोदयसागरजी म. सा.



दिव्य आशिष : तपस्वी प. पू. मुनिराज

श्री चारित्ररत्नसागरजी म. सा. (बापा म. सा.)

વંદના... વંદના... વંદના... રે... ગુરૂરાજ કો સદા મોરી વંદના...

પ્રસ્તુત ગ્રંથના પુરૂષાર્થમૂર્તિ પૂજ્ય ગુરૂદેવોને કોટીશઃ પ્રણામ.

શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ. પૂ.
આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

મેવાડ દિવાકર, જ્યોતિષાચાર્ય
પ. પૂ. ગુરૂદેવ શ્રી સર્વોદયસાગરજી મ. સા.

ધ્યાનયોગી, સાધનાસમ્રાટ, પ. પૂ. મુનિરાજ
શ્રી ઉદયરત્નસાગરજી મ. સા.

અચલગચ્છાધિપતિ શ્રી નો

સર્વોદય પરિવાર

તપસ્વી પ. પૂ. મુનિ
શ્રી ચારિત્રરત્નસાગરજી મ. સા.

પ્રશ્નમંથ વિશારદ પ. પૂ. મુનિ
શ્રી જગવલ્લભસાગરજી મ. સા.

ઓજસ્વી પ્રવચનકાર, આગમ વિશારદ,
પ. પૂ. મુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ. સા.

શ્રી ચારિત્રરત્નસાગરજી મ. સા. ની ચતુર્થ પુણ્ય તિથીમાં પ્રસ્તુત

ગુરૂવરોની પામી પ્રેરણા, શ્રુતભક્તિનો લીધો લાભ મહાન,
સુરત અચલગચ્છ શ્રી સંઘને હો લાખ લાખ સલામ...

પ્રાચીન સાહિત્ય સંશોધક,
ગચ્છગૌરવ, મેવાડ દિવાકર,
પ. પૂ. ગુરૂદેવ
શ્રી સર્વોદયસાગરજી મ. સા.
આદિ ઠાણા 3 ના
સુરત શહેરના સર્વપ્રથમ
ઐતિહાસિક – અવિસ્મરણીય –
અકલ્પનીય – અદ્‌ભૂત ચાતુર્માસની
પાવન પુણ્ય સ્મૃતિના ઉપલક્ષમાં
અચલગચ્છની અમૂલ્ય ધરોહર સમાન
પ્રસ્તુત મહાગ્રંથને
પ્રકાશિત કરવાનો અણમોલ લાભ
અચલગચ્છ જૈન શ્રી સંઘ ટ્રસ્ટ –
સુરતે લીધો છે.

આપશ્રીની
ગુરૂભક્તિ – જ્ઞાનભક્તિ – સંઘભક્તિની
હાર્દિક અનુમોદના...

अचलगच्छ जैन श्री संघ ट्रस्ट - सुरत

वस्त्र एवं डायमंड नगरी सुरत में व्यापार के लिये बाडमेर जिले से आये अचलगच्छीय परिवारों ने राजस्थान दीपक युवाचार्य प.पू. श्री कलाप्रभाकरसूरीजी म. सा. की प्रेरणा से सन् 2008 में अचलगच्छ जैन श्री संघ ट्रस्ट सुरत की स्थापना की, जिसके प्रथम अध्यक्ष श्री मोहनलालजी सिंघवी बने। सन् 2010 में अचलगच्छाधिपति आचार्य भगवंत श्री गुणोदयसागरसूरीजी म. सा. की आज्ञा से हमारे संघ ने प्रथम चातुर्मास प. पू. गुरूवर्य श्री निरंजनाश्रीजी म. सा. की सुशिष्यायें प. पू. श्री नितीगुणाजी म. सा., श्री विनयगुणाजी म. सा., श्री हेतगुणाजी म. सा. का चातुर्मास करवाया और उन्ही की प्रेरणा से एक छोटा सा उपाश्रय खरीद लिया और सन् 2013 में अचलगच्छाधिपति आचार्य भगवंत श्री गुणोदयसागरसूरीजी म. सा. ने हमारे संघ पर विशेष कृपा कर के हमारे संघ को मेवाड दिवाकर, ज्योतिषाचार्य प. पू. गुरूदेव श्री सर्वोदयसागरजी म. सा., ध्यानयोगी, निजानंदी प. पू. श्री उदयरत्नसागरजी म. सा., ओजस्वी प्रवचनकार प. पू. श्री गुणवल्लभसागरजी म. सा. का चातुर्मास प्रदान करवाया। यह चातुर्मास ऐतिहासिक एवं अविस्मरणीय रहा।

* * * * * ऐतिहासिक अविस्मरणीय चातुर्मास * * * * *

पावन निश्रा :

मेवाड दिवाकर, ज्योतिषाचार्य

प. पू. गुरूदेव श्री सर्वोदयसागरजी म. सा. आदि ठाणा 3

Highlights of SURAT CHATURMAS

★ चातुर्मास से पहेले एक महिने से सुरत विचरण दौरान विविध संघो में गिरनार जागृति अभियान विषयक प्रवचनमाला को मीला अभूतपूर्व जनप्रतिसाद।

★ चातुर्मास प्रवेश से ही 15 हजार स्के. फूट के विशाल प्रवचन पंडाल में रही 40 दिवसीय सार्वजनिक प्रवचनमाला में छत्तीस ही कोम की उपस्थिति।

★ विशेषता यह थी की श्रोतागण में महिला से ज्यादा पुरुष और बुजुर्गो से ज्यादा नवयुवको की उपस्थिति रहती थी।

★ प्रति रविवार को विविध अमृतमय अनुष्ठान, अद्‌भूत हर्षोल्लास के साथ संपन्न हुए।

★ दिपावली की छुट्टीयों में 10 दिवसीय ज्ञान शिविर में 15 से 25 साल के युवक – युवतीयों ने जिनशासन के रहस्यो को समजा।

★ रविपुष्यामृत सिध्धियोग में हुए तीर्थंकर यंत्र अनुष्ठान की अलौकिक आराधना।

★ सुरत लाजपोर सेन्ट्रल जेल में गुरूदेव का परिवर्तनकारी पावन प्रवचन। केदीयों ने बहाये पश्चाताप के पुनित आंसु।

★ जेल को मिला हॉस्पिटल बेड और व्हीलचेर का अनुदान।

★ 500 – 500 जोडों के साथ सुरत में दो बार संपन्न हुआ श्री नवग्रह दोष निवारक महापूजन।

★ पर्वाधिराज पर्युषण महापर्व की हुई सुंदर आराधना.... जोरदार तपश्चर्या और रेकोर्डब्रेक बोलीयाँ।

★ गुरूदेव श्री के महाप्रभावशाली 6 – 6 महामांगलिक का लाभ मिला सुरत को।

★ भारतभर से अनेक गुरूभक्त परिवारों – संघो का हुआ गुरूदर्शन हेतु सुरत आगमन।

★ गुरूदेव एवं प. पू. श्री उदयरत्नसागरजी म. सा. के जन्मोत्सव पर हुए शानदार कार्यक्रम.... सोने – चांदी के लकी ड्रो।

अचलगच्छ जैन श्री संघ ट्रस्ट
सुरत का ट्रस्टी मंडल - अधिकारीगण

अध्यक्ष – चम्पालाल सिंघवी

उपाध्यक्ष – रामलाल बोहरा

सचीव – अशोककुमार वडेरा

कोषाध्यक्ष – भूरचंद बोहरा

ट्रस्टी – जसवन्त बोहरा

ट्रस्टी – कन्हैयालाल बोहरा

ट्रस्टी – रतनलाल बोहरा

ट्रस्टी – अमृतलाल सिंघवी

ट्रस्टी – रमेश बोहरा

જૈન રાસાઓ એક વિશિષ્ટ સાહિત્ય પ્રકાર

લેખક : પાર્શ્વ

દુનિયાની તમામ સંસ્કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિ પ્રાચીનતમ છે. એ સંસ્કૃતિને ઘડનારા પરિબળોમાં જૈન સાહિત્યનું મૂલ્યવાન યોગદાન રહ્યું છે. આગમકાળથી માંડીને વર્તમાન સમય સુધીમાં જૈનો દ્વારા સારા પ્રમાણમાં સાહિત્યનું ખેડાણ થયું છે. જેમાનો એક પ્રકાર તે પ્રબંધ વ્યાખ્યાન કે રાસ. પહેલા સર્વ સાહિત્ય કંઠસ્થ રૂપે રહ્યું હોઈને કાળગ્રસ્ત થઈ ગયું છે. પુરાતન જૈન વાઙમયમાં રાસ પ્રકારનું સાહિત્ય વિશિષ્ટ તેમજ મોખરાનું સ્થાન ધરાવે છે. જૈન કવિઓએ ભરત – બાહુબલિ, નેમિનાથ–રાજમતી, સ્થુલિભદ્ર, જમ્બૂસ્વામી જેવા મહાપુરૂષોના ચરિત્ર, સમેતશિખર, આબુ, ગિરનાર, શંત્રુંજય આદિ તીર્થસંઘોના વર્ણન, પ્રભાવક યુગપ્રધાન આચાર્યોના જીવનવૃત્ત યાદગાર પ્રતિષ્ઠા કે મહત્વપૂર્ણ ઘટનાઓના વર્ણન રૂપે અગણિત–મૂલ્યવાન રાસોની રચના કરી ગુજરાતના સાહિત્યને દીપ્તિવંત બનાવ્યું છે. એમાની અમુક જ કૃતિઓ પ્રકાશિત થઈ છે. બાકી મોટાભાગનું સાહિત્ય ગ્રંથ–ભંડારોમાં પોથીઓ રૂપે રહ્યું છે.

પુરાતન રાસાઓ :–

ઐતિહાસિક પ્રસંગો અને ઈતિહાસ પુરૂષોની વૃત્તિને ધાર્મિક સ્વરૂપે જાળવી રાખવાની વૃત્તિ જૈનોમાં વિશેષ હતી. એ વાતની પ્રતીતિ આજ દિવસ સુધીમાં ઉપલબ્ધ થતા સેંકડો રાસાઓથી થઈ શકશે. રાસાવલી સાહિત્ય તરફ દષ્ટિપાત કરતાં વિ. સં. ૧૨૪૨ (ઈ.સં. ૧૧૮૫)માં રચાયેલો રાજગચ્છીય શાલિભદ્ર કૃત 'ભરતેશ્વર–બાહુબલિ રાસ' અને 'બુદ્ધિરાસ' તેમજ વિ. સં. ૧૨૫૫ (ઈ.સં. ૧૨૧૦) રચાયેલો અંચલગચ્છીય મહેન્દ્રસિંહસૂરિ શિષ્ય ધર્મકૃત 'જંબુસ્વામી રાસ' સર્વ પ્રથમ ધ્યાન ખેંચે છે. ગૌજર અપભ્રંશ જેને આપણે જુની ગુજરાતી તરીકે ઓળખીએ છીએ તેની આ પ્રાચીનતમ કૃતિઓ છે. ગુજરાતી ભાષાના ઉદ્‌ગમ કાળને ૧૩માં શતક સુધી લઈ જવામાં આ રાસો સહાયભૂત થાય છે. તેમાં તે કાળની શાંતિ, સુવ્યવસ્થા, સમૃદ્ધિ અને તેને પરિણામે જન્મતા વિવિધ વિષયોમાંના રાસનો અને ફાગુનો ફાળો ઘણો મોટો છે. આપણી ભાષાના તત્કાલીન પ્રાચીન સ્વરૂપના અધ્યયન અને અન્વેષણ માટે આ પ્રાચીનતમ રાસો મહત્વપૂર્ણ સ્ત્રોત પ્રસ્તુત કરે છે. તેના અવલોકનથી આપણી ભાષાની વિશિષ્ટ પુરાતનતા, સમુન્નતતા અને વિકસ્વરતા વિષયક જૂની પેઢીમાં જે અતિ અલ્પજ્ઞતા છવાયેલી હતી તે દૂર થઈ છે. તેથી કેટલાક તેના રચનાકાળને 'રાસયુગ' કહે છે. વિ.સં. ૧૨૨૫ (ઈ.સં. ૧૧૬૯)થી વિ.સં. ૧૪૯૦ (ઈ.સં. ૧૩૪૩) સુધીમાં અંદાજે પોણા ત્રણસો વર્ષના સાહિત્યનો આ યુગ ગણવામાં બાધ નથી. (ગુજરાતી સાહિત્યનો વિકાસ ગ્રંથ ૧ પૃ. ૧૨૧–૨) પુરાતત્વવિદ્ મુનિ જિન વિજયજીએ "હેમયુગ" કહ્યો છે. આ સુગ્રહની અક્ષ્ટોતરી તીર્થમાળાને પણ એ યુગની રચના ગણાવી શકાય. 'ભરતેશ્વર બાહુબલિ રાસ' રચાયો ત્યારે આચાર્ય હેમચંદ્રને સ્વર્ગવાસ થયે ૧૦–૧૧ વર્ષ જ વ્યતીત થયાં હતાં તો પણ આ રીતે પ્રસ્તુત રાસ રૂપે આપણને હૈમ યુગની ગુજરાતી ભાષાના સ્વતંત્ર અને સુબદ્ધ રાસ–પ્રબંધ મળી આવે છે. તે દષ્ટિએ એ બધી કૃતિઓને એ યુગની કૃતિ તરીકે ઓળખાવવી સગત પ્રતિત છે. હેમચંદ્રથી શરૂ થતો હોવાના કારણે પણ એ યુગનું નામકરણ યથાર્થ છે. ત્યારથી આ રાસ રચના પરંપરા ચાલુ છે. પણ ઘણો દૂરનો કાળ હોવાથી લોકભાષાની થોડી જ કૃતિઓ મળે છે. તેમાં પણ જૈન કવિઓની રચના મળે છે. તેથી કવીશ્વર દલપતરામે 'જૈનોને ત્યાં સરસ્વતીનું પિયર છે' એમ કહ્યું છે. કેટલાક સાહિત્ય ઉપરથી પણ નવી ભાષા અને રચના પદ્ધતિનો જન્મ થઈ ચૂકયો લાગે છે. રાસ, ફાગુ, પ્રબંધ, ચોપાઈ, દુહા, કક્કા, માતૃકા શિક્ષા, બાલાવબોધ, અતિચાર તેમજ નાની નાની ગદ્ય વાર્તાઓની શરૂઆત તેમાં જોવા મળે છે. આ બધામાં રાસ મુખ્ય પ્રકારનો છે.

*ઉપરોકત ત્રણ રાસો પ્રાચીનતમ છે. એથી કોઈ અન્ય પ્રાચીનતર કૃતિ ઉપલબ્ધ થતા આપણને એને ગુજરાતી ભાષાના ઈતિહાસમાં સર્વ પ્રથમ સ્થાન આપવું જોઈએ. ત્યારથી પ્રારંભાયેલી આ રચના પરંપરાની શૃંખલાબદ્ધ ઝલક સાક્ષર મોહનલાલ દલીચંદ દેસાઈ કૃત "જૈન ગૂર્જર કવિઓ" માંથી ઉપલબ્ધ થાય છે.

ત્રણ તબક્કાઓ :–

ગૌજર અપભ્રંશમાંથી ગુજરાતી ભાષાના સ્વરૂપના વિકાસનો આરંભ હજારેક વર્ષ પહેલા થયો છે. ભાષા વિકાસની દષ્ટિએ ઈશુની ૧૧ થી ૧૪મી, ૧૫ થી ૧૭ અને ૧૭મીથી આજ સુધી સદીઓનો કાળ તે વિકાસના ત્રણ તબક્કાઓનો કાળ ગણાવી શકાય. જુદા–જુદા વિદ્વાનોની આ વિષયક માન્યતામાં જે ભેદ છે તે તાત્વિક નહી પણ નામનો છે. સાહિત્યના સ્વરૂપ પરત્વે ૧૯મી સદીના મધ્ય સુધીનો મધ્યકાલીન સમય અને ત્યાર પછીનો આધુનિક–અર્વાચીન સાહિત્યનો યુગ મનાય છે. ('ગુજરાતનો સંસ્કૃતિ વારસ' લે. ડૉ. રામચંદ્રના. પંડયા. 'ગુજરાતનો સુવર્ણ યુગ સોલંકી વંશ' નામક લેખ.) 'પ્રાચીન ગુર્જર કાવ્ય સંગ્રહ'માં અંચલગચ્છીય માણિકયસુંદરસૂરિ કૃત 'પૃથ્વીચંદ્ર ચરિત્ર' નામક લલિત ગદ્યમાં લખાયેલી રસિક કથા પણ પ્રકાશિત છે. તેના સંપાદક મુનિ જીનવિજયજીએ એ વિશે નોંધ્યુ છે કે– 'ગુજરાતી ગદ્યના એક ઉત્તમ સંદર્ભ અને અભ્યાસનીય પ્રબંધ તરીકે મને તેની વિશિષ્ટતા જણાઈ અને તેથી તેને પ્રસિદ્ધ કરવાની દષ્ટિએ તેની અવિકલ નકલ મેં મારા હાથે કરી લીધી.'

જૈન મુનિઓના વિહારની અસર :–

આપણે જોયું કે પુરાતન સાહિત્યનું ખેડાણ મોટે ભાગે જૈન મુનિઓ દ્વારા થયું છે. તેઓ સતત વિચરણ કરતા રહેતા. એમની સમાચારીની પરિપાટીની અસર ભાષા વિનીયોગમાં પરિણમી. આ સંદર્ભમાં પ્રસિદ્ધ સંશોધક અને પુરાતત્વવિદ્ શ્રી પૂર્ણચંદ્રજી નાહરના વિચારો પણ નોધપાત્ર છે. વર્તમાનમાં હિન્દી અને ગુજરાતી વચ્ચે ક્રમે ક્રમે અંતર વધતું ગયું છે. પરંતુ પ્રાચીન જૈન સાહિત્યના અનેક ગ્રંથોને ગુજરાતી જૈન સાહિત્ય સમજીને હિન્દી જૈન સાહિત્યથી અલગ ગણવુ હું અનુચિત સમજું છું. પહેલા સ્થાનિય કારણથી સામાન્ય અંતર સિવાય ભારતની ઉત્તર

પ્રાંતની ભાષાઓમાં કોઈ ભેદ ન હતો. વિશેષ: જૈન શ્રાવકો વ્યાપાર પ્રધાન હોઈને સાહિત્ય ક્ષેત્રે પ્રાય: શ્રમણો દ્વારા ખેડાતું રહ્યું. જૈન સાહિત્યમાં શુદ્ધ હિન્દી અથવા તો શુદ્ધ ગુજરાતી ગ્રંથોની સંખ્યા અલ્પ છે. આ શ્રમણોની શિષ્ય પરંપરા દેશ–વિદેશના બંધનોથી રહિત હોઈને કોઈ મારવાડી સાધુનું કવન મુખ્યત્વે ગુજરાતમાં થયું યા માળવાના સાધુનું હિન્દીમાં. એમણે પોતાની રચના એક સાધારણ ભાષાનો આશ્રય લીધો. જેમાં કેટલીક પ્રાદેશિક છાપને અવગણતા, ભાષા તો જૂની હિન્દી જેવી જ રહી, વળી જે ગુજરાતી સાધુઓ રાજપુતાનાં ગયા એમની રચનામાં કેટલીક વાર ગુજરાતીમાં અપભ્રંશ શબ્દોનું સંમિશ્રણ થતું રહ્યું અને એથી વિપરીત રાજપુતાનાના સાધુનું ગુજરાતમાં થયું. "પ્રાચીન જૈન હિન્દી સાહિત્ય" નામક લેખ.

જૈન લહિયાઓની ભૂમિકા અથવા ભાષા સ્ખલના :–

પ્રાચીન સાહિત્ય હ સ્તપ્રત રૂપે છપાયેલું છે અને સચવાયેલું છે. હસ્તપ્રતો લખવાની એક વિશિષ્ટ કલા જૈનોએ વિકસાવી હતી. સાહી ઝાંખી પડે નહી અને કાગળ જર્જરિત થાય નહી એવી પદ્ધતિ વિકસાવવામાં જૈન લહિયાઓએ વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવી હતી. જૈન સાધુઓએ તેને ઘણું પ્રોત્સાહન આપ્યું અને તેની આશાતનાના દોષથી બચવાનું ગૃહસ્થોને સમજાવ્યું.

જૈન પ્રાચીન સાહિત્યના પ્રસારમાં જૈન લહિયાઓએ પણ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. ઘણા કર્તાઓએ લહિયા તરીકેની ભૂમિકા પણ બજાવી છે. તેમના દ્વારા ગ્રંથોની રચના ઉપરાંત અનેક નકલો થતી. વિક્રમની પહેલી સહસ્ત્રાબ્દિમાં તાડપત્ર પણ પ્રતો લખાતી, પણ પછી કાગળનો ઉપયોગ પ્રચલિત થયો. તેથી રાસોની પ્રતો કાગળ ઉપર જ મોટે ભાગે મળે છે. કેટલાક લહિયાઓના મરોડદાર હસ્તાક્ષર એટલા આકર્ષક હોય છે કે પ્રત કલાના નમૂના જેવી ભાસે. કેટલીક પ્રતો સ્વર્ણાક્ષરી તેમજ ચિત્રાંકનયુકત તૈયાર કરવામાં આવતી. ઘણા લહિયાઓ અચ્છા લિપિકાર ઉપરાંત સારા ચિત્રકાર પણ હતા. તેમણે અંકિત કરેલી સચિત્ર સુવર્ણાક્ષરી પ્રતો અણમોલ નમૂના રૂપે અનેક ગ્રંથ ભંડારોમાં સંગ્રહીત છે. લહિયાઓના હસ્તાક્ષરો કેવા હતા તેની જાણકારી માટે આ સંગ્રહમાં કેટલાક રાસોની પ્રતોની ફોટો કોપી રજૂ કરી છે તેથી આ સંબંધમાં વિશેષ વિવેચનની આવશ્યકતા રહેતી નથી.

કિન્તુ સારા લહિયા સારા ભાષાવિજ્ઞ હોય એવું તો જવલ્લેજ બને. તેમાંએ ઘણા લહિયા તો ભાષાકીય રીતે ઘણા નબળા હતા એમ તેમના લખાણોથી જણાયા વિના રહેતું નથી. જોડણીની બાબતમાં પણ તેઓ એકરૂપ નથી. ખાસ કરીને ઈ–કાર, ઉ–કારના હ્રસ્વ–દીર્ઘનો કોઈ ચોક્કસ નિયમ તેમણે જાળવ્યો નથી. રાસકારે પણ એવી ભાષા સ્ખલના કરી હોય એ પણ શકય છે. જેઓ સંસ્કૃત–પ્રાકૃતના લહિયાઓ મહાધુરંધર વિદ્વાનો હતા. અને જેમણે હજારો શ્લોકોવાળા મોટા મોટા ગ્રંથો–કાવ્યો–શાસ્ત્રો લખ્યા છે તેઓ પણ જ્યારે પોતાની માતૃભાષામાં કોઈ રચના કરે છે કે લખે છે તો તેમાં ભાષાની વિશુદ્ધતા કે જોડણીની એકરૂપતાની કશી પણ ચોકસાઈ દેખાતી નથી. અને તેનું કારણ એ છે કે દેશ અને કાળના ભેદને લઈને લોકભાષા હંમેશા અનવસ્થિત અને અનેકરૂપી બનતી રહેવાથી તે સમયમાં તેની વિશિષ્ટ વ્યાકરણ બદ્ધતા શકય ન હતી. અને તેથી દેશ ભાષામાં લખનારા વિદ્વાનો કે કવિઓ શબ્દોના રૂપો કે વર્ણ સંયોજનાના નિયમો માટે કોઈપણ ખાસ કાળજી રાખતા નહિ. આ વસ્તુ પ્રસ્તુત સંગ્રહ કૃતિઓમાં ઠેર ઠેર જણાઈ આવે છે. લખનારે 'ઈ'–કાર કે 'ઊ'–કારના હ્રસ્વ–દીર્ઘનો ખાસ ભેદ રાખ્યો હોય તેમ દેખાતું નથી. એકના એક જ શબ્દમાં એ સ્વરોને તે કોઈ ઠેકાણે હ્રસ્વ રૂપે લખે છે તો કોઈ ઠેકાણે દીર્ઘ રૂપે. તેમજ જ્યાં હ્રસ્વની અપેક્ષા હોય ત્યાં દીર્ઘ કરી દે છે અને જ્યાં દીર્ઘની આવશ્યકતા હોય છે ત્યાં હ્રસ્વ પણ લખી કાઢે છે. કેટલાક ઠેકાણે તો 'ઈ' અને 'ઉ'ની વચ્ચે ભેદ પણ જાણે ન ગણાતો હોય તેમ એકના બદલે બીજો અક્ષર અર્થાત 'ઈ' કે 'ઉ'ના બદલે 'ઉ' કે 'ઈ' સુદ્ધાં લખી નાખે છે. એ સિવાય શબ્દોની વર્ણ સંયોજના–અક્ષર જોડણીની બાબતમાં પણ આપણા જુના લેખકોમાં એકરૂપતા નથી જાળવતા અને અવ્યવસ્થિત રીતે લખાણ કરતા રહે છે. એકલા 'હવે' એ શબ્દને હિવ, હિવુ, હિવઊ, હિવિ, હિવઈ, વિવિઈ, હવિ, હવ, ઈત્યાદિ અનેક રૂપે લખતા હોય છે. વર્ણ સંયોજન આવી અનવસ્થાને લીધે કોઈપણ જુના દેશ ભાષા લેખકની રચનામાં આપણે તેની પોતાની ચોક્કસ ભાષા–શૈલી કે લોકોની ઉચ્ચારણ પદ્ધતિનો પરિચય નથી મેળવી શકતા અને જે કોઈ એવી જુની કૃતિ પરિણામમાં વધારે લોકપ્રિય બની હોય અને તેનો જો પઠન–પાઠનમાં વધારે પ્રચાર થતો હોય તો તેની ભાષા રચનામાં જુદા–જુદા જમાનાના અનેક જાતના રૂપો ધારણ કરે છે. ઉદાહરણાર્થે આ સંગ્રહની પ્રાચીનતમ કૃતિ 'યશોધન ભણશાલીનું કવિત' જેની રચના વિ. સં. ૧૧૭૫ (ઇ.સં. ૧૧૧૯)માં થઈ છે, કિન્તુ તેની ભાષા આધુનિક છે. તેનું બારણ એ છે કે તે ગોત્રવહીમાંથી ઊદ્‌ધૃત થઈ છે. વહી જીર્ણ થતા અનેક વાર ફરી ફરી લખાતી રહેતી તેની સાથે ઊકત કવિત્ત રચના પણ નવું–નવું રૂપ ધારણ કરતી રહેતી. મતલબ કે એ કવિતની ભાષા પરથી કોઈપણ એમ ન કહી શકે કે તે વિ. સં. ૧૧૭૫ (ઇ.સં. ૧૧૧૯)ની રચના હશે ?

મુનિ જિનવિજયજી આ સંબંધમાં સૂચવે છે કે આવી જૂની કૃતિઓનું મૂળ સ્વરૂપ મેળવવા માટે અધિક સંખ્યામાં જેમ બને તેમ વધારે જુની લખાયેલી પ્રતિઓ ફૂટનોટ મેળવવી જોઈએ. અને પાછળથી નકલ કરનાર લહિયાઓ ઘણીવાર ભાષાને જાણી જોઈને પ્રાચીન સ્વરૂપે લખે છે. અથવા કેટલીકવાર જે આદર્શ પરથી નકલ કરવામાં આવી હોય તે આદર્શ વધુ પ્રાચીન હોય છે ત્યારે આ પ્રકારની વિચીત્રતા નજરે પડે છે. પ્રસ્તુત પ્રવાહનું મુળ પણ કદાચ તે પરથી જ છે. પરંતુ આ પ્રમાણે બધે હમેશાં બનતું નથી હોતું. કેટલીકવાર અપવાદરૂપે કૃતિઓ પરથી પણ સર્વસામાન્ય નિયમ તારવી ન શકાય. તેમના સૂક્ષ્મ અવલોકન અને પુથક્કરણના આધારે પાઠ વિચારણા થવી જોઈએ. આ પદ્ધતિએ કાર્ય કરવાથી જ આવી પ્રાચીન કૃતિઓનો આદર્શભૂત પાઠોદ્ધાર થઈ શકે અને કર્તાની શુદ્ધ ભાષાનો પરિચય મળી શકે, પણ જો એવી કૃતિની અન્ય નકલ જ મળી શકતી હોય તો પછી જ તેને તો તેના યથાલિખીત રૂપમાં જ પ્રસિદ્ધ કરવી જોઈએ અને તેમાં જે કાંઈ સંશોધન આદિ કરવા જેવું જણાતુ હોય તેની નીચેની પાદપંક્તિમાં કે પરિશિષ્ટ રૂપે પૃથક ટિપ્પણ વિગેરેના રૂપમાં બતાવવું જોઈએ. કેટલાક વિદ્વાનો આવી જૂની કૃતિઓમાં જે ઈચ્છા અનુસાર પાઠ સંશોધનો કરવાની અને મૂળ લેખમાં પરિવર્તન કરવાની પદ્ધતિનું અવલંબન કરે છે તે સર્વથા અશાસ્ત્રીય અને ભાષા ભ્રમ ઉત્પન્ન કરનારી હોઈ પરિત્યજનીય છે.

મુનિ જિનવિજયજીના વિચારો લગભગ બધી જ ભાષાની કૃતિઓ લાગુ પડે છે. જેમાં પ્રસ્તુત સંગ્રહની કૃતિઓ પણ અપવાદ નથી. એ મુજબ કૃતિ જે પ્રમાણે વંચાઈ છે તે મુજબ જ કોઈપણ જાતનો ફેરફાર કે ભાષાશુદ્ધિનો પ્રયાસ પણ કર્યા વિના રજૂ કરવામાં આવી છે. એમ કરવાનું બીજું મુખ્ય કારણ એ પણ છે કે અહીં ભાષાતત્વને નહીં પણ ઈતિહાસને લક્ષમાં રાખીને તેનો સ્ત્રોત તજજ્ઞોને ઉપલબ્ધ કરાવવાના તેમજ જાળવવાના હેતુથી આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. કિં.બહુના+'પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ' ઈ.સં. ૧૧૮૫ આસપાસ તેમાં થયેલ જુનામાં જુની રચનાઓ મળે છે જેને 'રાસયુગ' કે 'હેમયુગ'ની રચનાઓ ગણાવાય છે. બીજા મધ્યયુગને મુસ્લીમયુગ નામ પણ આપી શકાય. ત્રીજો અર્વાચીન યુગ.

પહેલા યુગની રચનાઓમાં ધર્મ અને વીર રસપ્રધાન છે. એ સાહિત્યના આ યુગને મધ્યકાલીન સાહિત્યનો પૂર્વાધ કહી શકાયે તેમાં જૈનેતર કવિઓની રચના કરતાં જૈન કવિઓની રચનાઓ વધારે મળે છે. આચાર્ય હેમચંદ્રના સિદ્ધહૈમ વ્યાકરણમાં ગૌજર અપભ્રંશનું સ્વરૂપ સમજાવતાં સૂત્રોના ઊદાહરણોમાં ધાર્મિક, પૌરાણિક, વીર રસનાં, નીતિવિષયક શૃંગાર તેમજ હાસ્ય રસનાં ઊદાહરણો મુખ્યત્વે દેખાય છે. "હૈમ યુગ"માં જૈનોને રાજ્યાશ્રય પ્રાપ્ત થયો હોઈને જૈન સર્જકો દ્વારા પ્રચુર પ્રમાણમાં ગ્રંથ–રચના થઈ છે. તેમાં તે કાળની શાંતિ, સુવ્યવસ્થા, સમૃદ્ધિ અને તેને પરિણામે વિવિધ વિષયોના રસોનો અને ઉમંગનો ફાળો ઘણો મોટો છે. ખાસ કરીને જૈનો દ્વારા ગુજરાતી ભાષાના ભાષા તરીકે જન્મ અને વિકાસ આ યુગમાં થયા છે.

'સિદ્ધહૈમ શબ્દાનું શાસન'માં અપભ્રંશ વિભાગમાં જે દૂહાઓ જોવા મળે છે તેમાં ગુજરાતી ભાષાનો અણસાર જણાય છે. શ્રી કેશવરામ કા. શાસ્ત્રી જેવા ભાષાવિદો તેને "ગૌજર અપભ્રંશ' તરીકે ઓળખાવે છે. કેટલાક વિદ્વાનો 'જૂની પશ્ચિમી રાજસ્થાની, 'મારૂ ગૂર્જર' 'આદિમ ગુજરાતી' વગેરે જુદા જુદા નામોથી પણ ઓળખે છે.

સાહિત્ય સંરક્ષણ :–

જૈનાએ સાહિત્ય પ્રવૃત્તિને ધર્મ પ્રવૃત્તિ સાથે જોડીને તેને પવિત્રતા બક્ષી છે, તેથી તેની જાળવણી કે સાચવણી માટે જૈનોએ વિશિષ્ટ પરંપરા સર્જી છે.

ઉત્તરભારતમાં વિદેશીઓના આક્રમણોના ધક્કા વારંવાર લાગતા ગયા.એનું પરિણામ એ આવ્યુ કે પુરાતન સાહિત્ય ઉચિત, પોષળ કે સંરક્ષણ પ્રાપ્ત ન કરી શક્યું. જૈનેતર કવિઓનું સાહિત્ય જૈન કવિઓના સર્જન કરતા ઓછું મળે છે તેના કારણોમાં તે વખતની ડામાડોળ સામાજિક, ધાર્મિક રાજકીય અને શાંતિ સલામતી વિષયક સ્થિતિ, મુસલમાનોએ કરેલા વિનાશ અને વ્યાપક પ્રમાણમાં સ્થળાંતરો ભમણો મુખ્ય છે.

મોગલ સામ્રાજ્યની સ્થાપના :–

વિ. સ. ૧૩૬૦ (ઈ. સ. ૧૩૦૪) માં મુસલમાનોએ ગુજરાત જીત્યું. તેની સાહિત્ય પર પણ પડી. ૧૫મી થી ૧૭મી સદીને 'મુસલમાન યુગ' નામ અપાયું. એ દરમ્યાન આપણી ભાષામાં ફારસી અરબી શબ્દો વિશેષ પ્રમાણમાં નજરે પડવા માં. અપભ્રશના લક્ષણો ધીરે ધીરે આ કાળમાં ઓછા થતા ગયા હતા. ગુજરાતી – મધ્યકાલીનનાં વભારે લક્ષણો પ્રગટતા હતાં. આદિ અસ્વરિતા શ્રુતિનો લોપ, અનાદિ સંયુક્તમાંથી એક વ્યંજનનો લોપ અને પૂર્વ સ્વર દીર્ઘત્વ 'ર' કારનો સંક્ષેપ ઉપયોગ 'છે' નો સહાયક કારક ક્રિયાપદ તરીકેનો વભતો જતો ઉપયોગ, વિભક્તિ પ્રત્યયોમાં જુનાનો લોપ, નવાનો પ્રયોગ, તેમ સંસ્કૃત તત્સમ શબ્દનો વભતો જતો ઊપયોગ તેમા નોંધપાત્ર લક્ષણો છે. મોગલ સામ્રાજયની પ્રતિષ્ઠા પછી દેશમાં શાંતિ અને વ્યવસ્થા સ્થિર થઈ અને હસ્તલિબીત ગ્રંથોના સંરક્ષણનું કાર્યપણ ચાલ્યું. પુરાતન સાહિત્યનું ત્રણ પ્રકારે સંરક્ષણ થઈ શકયું છે (૧) રાજયાશ્રય. (૨) સંઘટિત ધર્મ – સંપ્રદાય રક્ષણ (૩) લલોકબોલીમાં. સદભાગ્યે જૈનોને ત્રણેય પ્રકારના આશ્રયો પ્રાપ્ત રહ્યા હોઈને તેમના સંસ્કૃત, પ્રાકૃત તેમજ દેશી ભાષાના ગ્રંથો સુરક્ષિત રહી શકયા છે. જૈનાચાર્યોના ઉપદેશથી ઊદાર ચરિત શ્રેષ્ઠીઓના આર્થિક સહાયથી સ્થપાયેલ ગ્રંથભંડારોએ સાહિત્ય સંગ્રહ અને તેના સંરક્ષણમાં સર્વાધીક મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. જેના કારણે આજે હાથપ્રતો ઘણા મોટા પ્રમાણમાં સચવાયેલી મળે છે. દુનિયામાં કોઈ એક ધર્મની પ્રાચીનતમ વધુમાં વધુ હસ્તપ્રતો હોય તો તે જૈન ધર્મની છે. આવા વિખ્યાત ભંડારોમાં રાજસ્થાનમાં જેસલમેર, ગુજરાતમાં પાટણ, તેમજ અખંભાત, સૌરાષ્ટ્રમાં લીબડી અને કચ્છમાં કોડાયનું નામ અનાયાસે નજર સામે ઊભરે છે. આ તો મુખ્ય ભંડારોની વાત થઈ. જૈનાશ્રયે નાના મોટા ભંડારો લગભગ બભા સ્થાને સ્થપાયા હતા. જિનાલય – ઉપાશ્રય હોય ત્યાં ભંડારો તો હોય જ. જૈન મુનિઓ સદાચારી અને વિદ્યાપ્રેમી હતા. તેઓ સ્વયં શાસ્ત્રોનું પઠન હતા, તેમજ સાહિતય રચના પણ કરતા. યુદ્ધકાળમાં જૈન પ્રતિમાઓની સાથે ગ્રંથોને પણ ભંડકિયામાં સંતાડી રાખતા, કે ભૂમિગૃહમાં ભંડારી દેતા. એ કારણે તેનું રક્ષણ થઈ શકતુ. જૈન ગ્રંથ ભંડારોનો ઈતિહાસ ઘણો જ મનોરંજક છે.

ગોવર્ધનરામના વિચારો :–

જૈનેત્તર કવિઓનું સાહિત્ય જૈન કવિઓના સર્જન કરતાં ઓછું મળે છે. તેના કારણોમાં તે વખતની ડામાડોળ સામાજિક, ધાર્મિક, રાજકીય અને શાંતિ સલામતી વિષયક સ્થિતી, મુસલમાનોએ કરેલો વિનાશ અને વ્યાપક પ્રમાણમાં સ્થળાંતરો–ભમણો મુખ્ય છે. એવા મતલબનું વિધાન ગોવર્ધનરામ ત્રિપાઠીએ સાહિત્ય પરિષદના પ્રથમ અધિવેશનના પ્રમુખપદેથી વિધાન કરેલુ. તેમાં ગર્ભિત રીતે જૈનોને પ્રાપ્ત થયેલ રાજ્ય તેમજ ધર્મઆશ્રયનો સ્વીકાર કરે છે.

આ મુદો સાહિત્ય વર્તુળોમાં એક યા બીજી રીતે ચર્ચાતો જ રહેલો. ૬૪ી, ગુજરાતી સાહિત્ય પરિષદમાં શ્રી હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટવાળાએ પ્રમુખ તરીકેના ભાષણમાં અસંદિગ્ધપણે જાહેર કર્યુ કે "જો જૈન બંધુઓની પેઠે બ્રાહ્મણધર્મીઓને રાજ્યાશ્રય મળ્યો હોત અને તેમણે ગ્રન્થો સાચવી રાખવાની કાળજી રાખી હોત તો તેમના પણ ઘણા પ્રાચીન ગ્રંથો હયાતી ભોગવતા હોત." તેમના મતે પ્રજાનાં આ દમન અને પરિસ્થિતીને કારણે પ્રગટેલ હતાશા, નિરુત્સાહ, સ્તબ્ધતા, આત્મરક્ષણની વૃતિ, તેના સાભન તરીકે ન્યાતજાત અને રૂઢિ રિવાજોની ચુસ્તતા સંકુચિતતા આદિના યુગમાં વીર રસના કાવ્યોને ઝાઝો અવકાશ ન હતો.

કાલક્રમે શ્રાવક ગૃહસ્થોના ચિ ત્તમાં એ ભંડારો પ્રત્યે કયારે–કયારે મોહાંધ ભક્તિ પણ દેખાતી હતી. કેટલાય ભંડારોના તાળાંઓ વર્ષો સુધી ખુલ્યા જ નહી પરિણામે અનેક ગ્રંથરત્નો પડયાં પડયાં રાખ થઈ ગયા ! અને કોણ જાણે એ રીતે કેટલાય બહુમુલ્ય ગ્રંથો સદાયને માટે લુપ્ત થઈ ગયા હોય ! એમ છતાં પણ એ નિષ્ઠાપૂર્વક સમાચરિત અંધ ભક્તિનું જ સુફલ છે કે એ ગ્રંથ ભંડારોના ગ્રંથો હેરફેર વિના શતાબ્દીઓથી જેમના તેમ સુરક્ષિત રહી ગયા છે. આ ભંડારોની પૂર્ણ પરીક્ષા હજી સુધી થઈ નથી.

મહાત્મા ગાંધીએ ચાલીસેક વર્ષો પહેલાં જૈન સાહિત્યની અવસ્થા પર માર્મિક કટાક્ષ કરતા કહેલું કે "ગુજરાતમેં જૈન ધર્મકી પુસ્તકો કે બહુત ભંડાર હૈ કિન્તુ વે બનિયોં કે ઘરમેં હૈ. ઉન્હોને ઉન પુસ્તકોંકો સુંદર રેશમી વસ્ત્રોંમે લપેટ કર રખા હૈ. પુસ્તકોંકી ઐસી દશા દેખકર મેરા હૃદય રોને લગતા હૈ પર જો રોને લગુ તો ૬૩ વર્ષ તક જીયા કૈસે ? કિન્તુ મુઝે ઐસા લગતા હૈ કિ યદી ચોરી કોઈ ગુનાહ નહી સમઝા જાતા હૈ તો મૈ ઉન પુસ્તકોંકો ચુરાલૂં ઔર ફિર ઉનસે કહૂં કિ યે પુસ્તકે તુમ્હારે યોગ્ય નહી હોનેસે ઉનકો ચુરા લિયા. વણિકોંકે પાસ યે ગ્રંથ શોભા નહી દેતા. વણીક તો પૈસા એકત્રીત કરના જાનતા હૈ ઔર ઈસલીયે આજ જૈન ધર્મ ઔર જૈન સાહિત્ય અસ્તિત્વ રખતે હુએ ભી નિર્જીવ પડે હૈ."

પૂ.બાપુનું પોણોસો વર્ષ પહેલાનું આ કથન આજે પણ કેટલું સાચું છે ? અલબત્ત તેમાં થોડો ફેરફાર જરૂર પડયો છે. ઊક્ત મુખ્ય ભંડારોના સૂચિપત્રો બહાર પડયા છે ખરા પણ એ ગ્રંથ રત્નોનું મૂલ્ય સમજવામાં આપણે ખરેખર ઉણા ઉતર્યા છીએ. કચ્છનીજ વાત કરીએ તો ત્યાં એક જમાનામાં ગામે ગામ સંઘના તેમજ ખાનગી માલિકોના ભંડાર જેમાં કેટલાંક સમૃદ્ધ કહી શકાય એવા મોજુદ હતા. આજે તે સ્થાને આલિશાન ઈમારતો જોજા મળે છે. તેમાં ગ્રંથાગાર છે, પણ તેની અમૂલ્ય હસ્તલિખીત તો ગાયબ છે ! તેમાંના ઘણાં ભંડારોનું તો આજે નામોનિશાન જોવા મળતું નથી. ઊદાહરણ તરીકે નલિયામાં શેઠ વર્ધમાન રાજી નાગડાએ મોટો ગ્રંથભંડાર પોતાના બંગલામાં સ્થાપ્યો હતો, જેમાં અમુલ્ય તો હતી. એ પૈકી વિદ્યાસાગરસૂરિ રાસનું અહી પ્રકાશન થયું છે. કિન્તુ આજે ત્યાં એ ભંડારનું નામોનિશાન નથી. તેની ઐતિહાસિક રાસો આદિની પ્રતો કયાં પગ કરી ગઈ તેનો પત્તો નથી ! માત્ર ૨૫/૩૦ વર્ષમાં બધું ઉલટપુલટ થઈ ગયું

રાસા એટલે શું ?

સંસ્કૃતમાં 'પ્રબંધ' નામથી ઓળખાતી બહુધા ગદ્ય રચનાઓમાં ઐતિહાસિક પુરૂષોનું ચરિત્ર હોય છે. જેમ કે પદ્મનાભકૃત 'કાન્હડદે' લાવણ્ય વિજયકૃત 'વિમલ પ્રબંધ' વગેરે. તે પછી પણ મોટે ભાગે ગતાનુગતિક પ્રકારની પ્રબંધ રચના ચાલુ રહી છે. તેને મળતો જ પણ દેશી ભાષામાં જરા જુદી જુદી ભાતનો પદ્ય સાહિત્યપ્રકાર એટલે રાસ. તેમાં સંસ્કૃત પ્રબંધના અમુક વ્યાવર્તક લક્ષણો હોવા છતાં ઊર્મિપ્રધાન અને ગેયતાના કારણે જુદી મુદ્રા અંકીત કરે છે. ઐતિહાસિક કે અર્ધ ઐતિહાસિક સંસ્કૃત રચનાઓને ગુજરાતમાં 'પ્રબંધ' નામ આપવાની પરીપાટી હતી – તેમ આ જુદા પડતા પ્રકારને 'રાસ ચરિત' – 'રાસ પવાહું' જેવા નામે ઓળખવામાં આવતા. તેમાં પ્રબંધની જેમ ઈતિહાસ પુરૂષનું વૃત તો હોય પણ તે પદ્યમાં, અને ખાસ કરીને રમત અને વિવિધ રાગો અને દેશીઓમાં ગાઈ શકાય તેવા હોય. દેવ સ્થાનોમાં ઉત્સવના દિવસોમાં સ્ત્રીઓ અને પુરૂષો ભેગા કે જુદા–જુદા તાલી કે દાંડિયાના તાલથી વર્તુળાકાર ઘૂમતા ઘૂમતા ગાઈ શકે તેવા. આ રાસ આજે પણ ગુજરાતની વિશેષતા – રૂપે ગરબી, ગરબા રાસ કે રકસડા રૂપે પ્રચલિત છે. તાલરાસ અને લઉડરાસ એમ બે પ્રકારે ખેલાતા રાસનો ઉલ્લેખ મળે છે. આ બધા પ્રકારોમાં રચના પદ્ધતિ ધીરે ધીરે વિકસતી અને વેગવતી બનતી ગઈ છે. રાસ મુખ્યત્વે ઊર્મિપ્રધાન અને ગેય હતા, પણ સમયના વહેણ સાથે તેમાં ઊર્મિતત્વની સાથે કે તેને બદલે વાર્તા કે કલ્પિત પાત્રનું વૃત્ત ઉમેરાતું ગયું. અને છંદોનું વૈવિધ્ય અને કવિ કૌશલ્ય પણ વધ્યા કિન્તુ મૂલતઃ તે કથાત્મક કે વર્ણનાત્મક શૈલીમાં હોય છે. જૈન કવિઓએ તેમાં ધર્મ અને તત્વને પણ ગૂંથી લીધા હોય જેના પ્રતિપાદન રૂપે ચરિત્ર નાયકનું વૃત્ત હોય એ રીતે 'જૈન રાસાઓ' અન્ય રાસાથી જુદા પડે છે. જૈન કવિઓએ લૌકિક કથા ઉપરાંત રૂપક કથાના પ્રકારની રાસકૃતિઓ પણ લખી છે જેમાં જયશેખરસૂરિ કૃત ત્રિભુવા દીપક પ્રબંધ' વિશેષ નોધપાત્ર છે. રાસાઓની રચના પદ્ધતિનો વિકાસ થતા તેના વસ્તુમાં વૃત્ત કહાણી તો રહી જ. પરંતું તે ઐતિહાસિક પુરૂષ સંબંધિત છે, કે કવિ કલ્પિત છે ? ઐતિહાસિક પુરૂષ સંબંધિત હોય તો કવિની કલ્પનાએ તેમાં વધારો કર્યો હશે કે કેમ ? વિગેરે પ્રશ્નાર્થ ચિહ્નો ઉમેરાતા ગયા પરંતુ આ કથાઓ ઘણી રસભરિત અને મનોરંજક હોય છે. તેમાં તો સંશય નથી. જે જે રાસાઓ આજ સુધીમાં પ્રકાશમાં આવ્યા છે તે સઘળામાં એકવાત સર્વસામાન્ય રીતે તરી આવે છે કે તે બધામાં અદ્‌ભુત વાર્તા સર્વોપરી હોય છે. શ્રોતાઓના મનને ચમત્કૃત કરવા કવિઓએ તે કાળમાં લોક શ્રદ્ધાને અનુસરીને એવુ અદ્‌ભુત કથન તેમાં દાખલ કર્યુ હશે એમ સમજા છે. મંત્ર સિ દ્ધિ, સુવર્ણસિદ્ધિ, રત્નાદિકના ચમત્કારિ ગુણો, ભૂત પ્રેતાદિની અદ્‌ભુત ક્રિયાઓ આકાશગમન, વૃક્ષાદિનું એક ઠામથી બીજે ઠામ ઉડી જવું ઈતયાદિ અનેક કથાઓ રાસમાં વર્ણવેલી જોવા મળે છે. અલબત્ત શ્રી કેશવરામ કા. શાસ્ત્રી લખે છે તેમ 'રાસ' સંજ્ઞા ધરાવતી કે 'રાસ પ્રકાર'માં સમાવેશ પામતી બધી જ પદ્યરચનાઓ કથાત્મક નથી. કેટોક કૃતિઓમાં ઊર્મિતત્વ પણ નથી હોતું. છતા અનેક જૈન સાહિત્યકારોના હાથે વિપુલ રચનાઓ તો થઈ જ છે. (ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ. ભાગ ૧ પૃ. ૧૩૪)

પંડિત બચરદાસ દોશીએ રાસાની વ્યાખ્યા જુદી રીતે કરી છે. એમના મતે "પૃથ્વીરાજ રાસો" "કુમારપાળ રાસ" વગેરે નામો જોતા "રાજયશ" શબ્દદ્વારા "રાસ" શબ્દ આવ્યો હોય એમ જણાય છે. જેમાં રાજાનો યશ, કિર્તી–વિજય અને તેની આખી કારકિર્દીનું સુરેખ વર્ણન

હોય તેનું નામ રાજયજ્ઞ–રાજસ–રાસય–રાસ એ રીતે રાસની વ્યત્પત્તિ કરી શકાય. અથવા રાસ ધાતુ દ્વારા પણ 'રાસ' શબ્દને નીપજાવી શકાય. 'રાસ' ધાતુ શબ્દ 'કરવો' અર્થમાં છે. (તુજ હસલ્હસ રસ શબ્દે– 'ધાતુ પારાયણ, ધાતુ અંક ૫૪૨) કવિ અબ્દુલરહમાન કૃત સન્દેશ રાસકનું અવલોકન.

'રાસ'નો અર્થ બતાવતાં આચાર્ય હેમચંદ્ર પોતાના 'અનેકાર્થ સંગ્રહ'માં અને કોશકાર પં. પુરુષોતમ દેવ પોતાના 'ત્રિકાંડશેષ' કોશમાં એક સરખી હકીકત લખે છે. તે આ પ્રમાણે છે–રાસઃ ક્રિડા સુગોદુહમ્ ૫૦૨ 'ભાષા શુંખલકે' (અનેકાર્થ) "ભાષા શુંખલકે રાસઃ ક્રીડાયામપિ ગોદુહામ ૧૦૦૩ ત્રિકાંડ શેષ" "અર્થાત "સાર" એટલે ગોવાળિયાઓની ક્રીડા રમત અથવા ભાષા–શૃંખલક એટલે કે ભાષામાં સાંકળ જેવી સળંગ રચના.

'સ્વાદ– અર્થનો 'રસ' શબ્દ અને પ્રસ્તુત 'રાસ' એ બન્નેનું મુળ ઉકત રાસ ધાતુમાં છે. પ્રધાનતઃ 'રાસ' શબ્દ યુગ્મિક જણાય છે પરંતુ પાછળથી લક્ષણાબળે રૂઢ અર્થમાં પ્રર્વતેલો છે. ઉકત 'સન્દેશરાસ' સાથે લાગેલો 'રાસ' શબ્દ રૂઢ છે. (ભારતીય વિદ્યા "વર્ષ ૩ અંક–૧)

વૈષ્ણવ સંપ્રદયમાં રચાયેલા રાસોમાં નવે રાસોની પ્રધાનતા હોય છે. આ રાસો કેટલાક સ્થળે તો રાસ અને અલંકારથી છલકાઈ જાય છે. – એટલું જ નહિ અવલંબન ઉદ્દીપન ઈત્યિાદિ વિભાવોનો જયા જેવો ઘટે તેવો ઉપયોગ કરી એ વર્ણનો વાચવામાં આહ્લાદક થાય તેવા રસભરિત કર્યા છે તેથી જ આવી કૃતિને જૈન કવિઓએ રાસ એવું ઉચિત નામ આપેલ જણાય છે. એવું જૈન રાસોમાં પણ જોવા મળે છે. કિન્તુ તેમાં ઉદ્દીપક શૃંગાર રસની પરિણતિ ત્યાગ મહત્તામાં થાય છે.

પ્રસ્તુત સંગ્રહમાં ફાગુ કાવ્યો ઘણા છે. જેમાં વસુતઋતુ નિમિત્તે નાયકની વીરકિર્તીની મહત્તા વર્ણવવામાં આવી હોય છે. જેમ કે 'જયશેખરસૂરિ ફાગ' 'જયકીર્તિસૂરિ ફાગ' 'પદ્મમૂર્તિગણિ ફાગ' વગેરે. ફાગુ ઉપરાંત 'કલ્યાણસાગરસૂરિ બારમાસી કાવ્ય પણ છે. ફાગ સંજ્ઞાવાળાં કાવ્યો થોડીક નોંધ માગી લે છે. વસંત ઋતુને પશ્ચાદ ભુમિકા બનાવી પ્રણયનું મોટે ભાગે વિપ્રલંભ શુગારનું નિરૂપણ કરતો ફાગુ પ્રકાર વિવિધ રીતે વિકસ્યો છે. વર્ષને પાશ્ચાદ ભૂમિ તરીકે સ્વીકારીને જંબુસ્વામી કે સ્થુલીભદ્ર ફાગુ પણ લખાયો છે.

વિક્રમના તેરમાં–ચૌદમાં સૈકાથી અઢારમા સૈકા સુધીમાં ફાગુ કાવ્યનો વિકાસ નથી થયો. વળી આ પ્રકારના કાવ્યો કદમાં ટૂંકા છે. પ્રકૃતિ સૌદર્યની વિરહિણી પર થતી અસરનું વેધક નિરૂપણ કરતુ બહુધા વસંતઋતુનું, કોઈ વખત વર્ષાઋતુનું સૌદર્ય નિરૂપણ આ કાવ્ય રૂપ છે. આ પ્રકારના કાવ્યો, છંદ વૈવિધ્ય ઝડઝમક અને અલંકારયુકત ભાષાથી ભરપુર હોય છે. બારમાસીમાં બારે માસના સૌદર્ય નિરૂપણ સાથે તેના પ્રત્યાઘાત રૂપે વિરહિણીના મનોભાવો નિરૂપાયા છે. આ ફાગુ મોટેભાગે વસંતઋતુમાં ગવાતું કાવ્ય છે. રાસોની જેમ ફાગુ કાવ્ય પ્રકાર પણ તેરમા–ચૌદમા સૈકાથી ખેડાવો શરૂ થયો હતો, તેનો વિકાસ જૈન કવિઓના હાથે થયો છે. ડૉ. ભોગીલાલ સાંડેસરા લખે છે કે 'જે ફાગુઓ આજ સુધી સચવાયા છે એમનામાં મોટા ભાગના જૈન કૃત છે. સાહિત્ય મોટે ભાગે જૈન ગ્રંથભંડારોમાં સચવાઈ રહ્યું જ્યારે જૈનેતર સાહિત્યને વિષે એવુ કંઈ ન બની શકયું, મુખ્ય તે એનું કારણ છે. આથી નરસિંહ મહેતા પૂર્વોના ગુજરાતી સાહિત્ય અને ભાષાના અધ્યયન માટે જૈન સાહિત્ય એ જ મુખ્ય સાધન છે. (ગુજરાતી સાહિત્યોમાં 'ઈતિહાસ' ભાગ–૧. પૃ. ૧૯૬)

શરૂઆતમાં નાના ઉર્મિપ્રધાન નાના ખંડોમાં રચાતા કે સળંગ રૂપે રચાતા. આ ગેય કાવ્ય પ્રકારે ધીરે ધીરે લાંબાને લાંબા થતા ગયા ને તેમા વર્ણન અને વાર્તાના તત્વો ઉમેરાતા ગયાં. મધ્યકાળના સોળથી ઓગણીસ શતકો દરમ્યાન રાસ સેંકડો અને હજારો કડીઓના બન્યા છે. ફાગુમાં તીર્થંકર, પૌરાણિક પાત્રો, તીર્થ કે પ્રતિષ્ઠાનું નિરૂપણ થયું છે તેમાં લોકાકર્ષણ માટે શૃંગારાદિ રસનું નિરૂપણ હોવા છતાં તેનો અંત હંમેશા શીલ અને સાત્વિકતાના વિજયમાં અને વિષય ઉપભોગના ત્યાગમાં જ આવે છે. જૈન કવિઓએ લખેલી પ્રેમ–કથાઓ એ શૃંગાર કાવ્યનો અંત આ પ્રકારે હોય છે. વૈરાગ્યની મહત્તા, સંસારત્યાગ, દીક્ષા ધારણ, અને કલ્યાણનું નિરૂપણ થાય છે. ત. જૈન કવિઓની કુશળતા કાવ્યમાં ધર્મનો રંગ અને કવિઓના હેતુનું સૂચન કરે છે.

રાસ અને ફાગુ ઉપરાંત કક્કો, માતૃકા, છપ્પય, વિવાહલુ, છંદ, સ્તવન, સજ્ઝાય વગેરે કાવ્ય પ્રકારોમાં ઉપદેશતત્વ વિશેષ પ્રકારે હોય છે. આવી હજારો લઘુકૃતિઓ છેલ્લા છ એક સૈકામાં આ દરમ્યાન લખાયેલી છે. જેમાંથી ઘણી તો હજુ અપ્રકાશિત રહી છે 'કક્કો' 'ક' થી અને માતૃકામાં 'અ'થી વર્ણમાલાનો પ્રત્યેક વર્ણ લઈને રચાતી કડીઓમાં મોટા ભાગે બોધ તો ક્યારેક જ્ઞાનચર્ચા હોય છે. ઉપર્યુકત કાવ્ય પ્રકારો ઉપરાંત જૈન કવિઓએ વિવિધ પદ્યોની રચના કરી પ્રાચીન ગુજરાતી જૈન સાહિત્યનો પ્રવાહ પુર બહાર વહેવડાવ્યો છે. તેને જુદી જુદી સંજ્ઞાઓ આપી છે. જેમ કે ગીત, સ્તવન, સ્તુતિ, સજ્ઝાય, તીર્થમાલા, વિનતીગીત, વંદના, ભાસ, સલોકા, વસંત, ગહુલી, જકડી, હાલરડાં વિવાહલા, ધવલ, ચોપાઈ, દુહા, સોરઠા, ચચ્ચરી, છંદ તેમજ દેશીઓ.

વળી જૈન કવિઓએ ગુજરાતી ઉપરાંત સંસ્કૃત અને અર્ધમાગધી ભાષામાં પણ ગુણવત્તાવાળી સંખ્યાબંધ રચના કરી છે. આમ મધ્યકાળમાં જૈન કવિઓને હાથે ગુજરાતીમાં અત્યંત વિપુલ મહાન અને સમૃદ્ધ સાહિત્યની રચના થઈ છે. ઈ.સ.ના ૧૪૫૦ થી ૧૬૦૦ સુધીના દોઢસો વર્ષના ગાળામાં જૈન કવિઓએ ગુજરાતી જૈન સાહિત્યને વધારે પુષ્ટ અને વેગવાળું બનાવ્યું છે.

રાસો મૂલતઃ ઉર્મિપ્રધાન ગેય કાવ્ય હોઈને તેમાં સ્વાભાવિક રીતે વિવિધ પ્રકારના પ્રચલિત રાગરાગિણી, છંદો, દેશીઓનો યથોચિત ઉપયોગ હોય છે. રાસોને સુવાચ્ય અને શ્રવણભોગ્ય બનાવવાનો તેમાં હેતુ છે.

ગેય કે શ્રાવ્ય કાવ્ય સાહિત્યમાં પદ્ય રચનામાં આવા સુપાઠય કે સુગેય રાગોની રચના અનુકુળ તેમજ આવશ્યક હતી. કાવ્યની અસરકારકતાને વધારવામાં તે મૂલ્યવાન ફાળો આપે છે. પ્રાચીન રાસ છન્દોબદ્ધ રચાયેલા છે. અલબત્ત રાસમાં અક્ષરમેળ છંદ ભાગ્યે જ જોવા મળે છે. નરસિંહ મહેતા પૂર્વેની પદ્ય કૃતિઓમાં દેશીઓની અપેક્ષાએ છંદોનો પ્રચાર અધિક છે. એ પછી ધીરે ધીરે દેશીઓએ પ્રવેશ કરતા છંદોનો

ઉપયોગ ઘટતો ગયો. અલબત્ત તે વિરલ તો નથી જ બન્યો. રાસ તાલબદ્ધ રીતે ગવાય એટલા માટે તેની પ્રત્યેક ઢાળની શરૂઆતમાં તે કેવી રીતે ગાવુ તેનું સુચન હોય છે. દી.બ. કેશવલાલ હર્ષદ ધ્રુવે લખ્યુ છે "પ્રાકૃત પાસેથી વારસામાં મળેલી છંદની પૂંજી વધારીને અપભ્રંશે ગુજરાતીને આપી. એને લીધે ગુજરાતીનું પુરાતન સાહિત્ય છંદમાં રચાયું. સમય જતા ગુજરાતીએ નવું સાહસ ખેડી વિવિધ દેશીઓનો લયબંધ ઉપજાવ્યો. ચિરંતન ગુજરાતી સાહિત્ય તો દેશીમાં જ હોય છંદમાં ન હોય, એવી માન્યતા બાંધનાર પુરૂષ અપભ્રંશે આપેલો વારસો ભુલી જાય છે."

મહાકવિ પ્રેમાનંદ પૂર્વે અનેક જૈન કવિઓએ 'વૃત્તસંતાનો'– ગુજરાતી રાગોનો છુટથી ઉપયોગ કર્યો છે. દેશી, ચાલ, લઢણ રાહ, ભાસ જેવા નામો તેને આપ્યા છે. ગુજરાતી પદ્યોમાં દેશીનો ઉપયોગ વિક્રમના ૧૩મા શતક જેટલા પ્રાચીન કાળ સુધી લઈ જઈ શકાય છે. તે દર્શાવે છે કે ગુર્જર ભૂમિએ પોતાના વૃત્ત સંતાનોના વિકાસનો આરંભ જુના કાળથી કર્યો હતો. પ્રસ્તુત સંગ્રહની પદ્ય રચનાઓના પ્રારંભમાં દેશીઓનો ઉલ્લેખ છે. જે તત્કાલિન પ્રચલિત પદ શૈલીના અધ્યયન માટે સહાયક છે. કાવ્ય કઈ રીતે ગાવું તેનું સૂચન હોવા ઉપરાંત તે સમયના અધાર્મિક લૌકિક ગીતોનું સૂચન પણ તેના દ્વારા મળી રહે છે. અમૂક દેશીઓ અમૂક પ્રદેશોમાં વધુ પ્રચલિત હતી, જેથી તેનાં નામ એ પ્રમાણે અપાયા છે, જેમ કે મારૂ, ગુર્જરી, નાગોરી, મેવાડી ઈત્યાદિ. રાસોમાં પ્રાયોજિત છંદો તથા દેશીઓ તત્કાલીન પ્રચલિત પદ શૈલીના અધ્યયન માટે સહાયક છે. ગીતકાવ્ય સંબંધમાં હાલમાં ઘણી ચર્ચા વિચારણા થયેલી છે પરંતુ છેલ્લા આઠસો એક વર્ષમાં કેટલા પ્રકારના ગીતો પ્રચલિત હતા તેનો સંપૂર્ણ ખ્યાલ કદાચ અનુપલબ્ધ જ છે. જેમ લોકગીતોના અનેક પ્રકાર છે તેને અનેક રાગ રાગણીઓ છે. દરેક પ્રસંગના ગીતોના ભિન્ન ભિન્ન અભિધાનો છે તેની જાણકારીનો શ્રોત રાસોમાં સૂચવાયેલી દેશીઓ પૂરો પાડે છે. સાક્ષરવર્ય મોહનલાલ દલીચંદ દેસાઈએ જૈન ગૂર્જર કવિઓમાં તે સંબંધી વિગતવાર સૂચિ આપેલી છે.

વર્તમાનમાં જે પ્રાચીન જૈન સાહિત્ય ઉપલબ્ધ છે તેમાં ગદ્યની અપેક્ષાએ પદ્યની સંખ્યા અધિકતર છે. મુળ સુત્રોની વ્યાખ્યા, ટીપ્પણી, સ્તબક, સ્તિબુક, ટબા, વાર્ત્તિક, વચનિકા, અવચૂરી, બાલાવબોધ, અતિચાર જેવી ગદ્ય રચનાઓને બાદ કરતાં ગદ્યાત્મક લખાણ અત્યંત અલ્પ માત્રામાં પ્રાપ્ત થાય છે.

જૈન રાસાઓની ભાષા પરત્વે એક પ્રવાહ :–

રા.બ. કમળાશંકર પ્રા. ત્રિવેદીએ રાસાના ભાષા વિષે કહ્યું છે કે – "જૈનના રાસા" છેક ઈ.સં. ના ૧૮મા સૈકા સુધીના છે. એ રાસાઓમાં જે ભાષા જોવામાં આવે છે તે જ ભાષા છેક ૧૮મા સૈકા સુધી તે સમયના લોકોમાં પ્રચલિત હતી એમ તો કહી શકાય નહિ. વસ્તુસ્થિતી એવી જણાય છે કે જૈન ગ્રંથકારોને પ્રાકૃત ભાષાનો વિશેષ અભ્યાસ હોવાથી તેમજ તેમના સૂત્રો, શાસ્ત્રીય ગ્રંથો માગધી કે અર્ધમાગધીમાં લખેલા હોવાથી એ ભાષાની અસર તેમના પર થાય એ સ્વાભાવિક છે. બ્રાહ્મણોમાં જેમ સંસ્કૃતમાં લખનાર અધિક સન્માન પ્રાપ્ત કરતો. આથી જૈન લેખકોએ જન મંડળમાં ચાલતી ભાષામાં લખવાને બદલે પ્રાકૃત મિશ્ર ભાષામાં લખવાનું જારી રાખ્યું. આથીજ છેક ૧૮મા સૈકામાં રચાયેલ જૈન ગ્રંથોની ભાષામાં ફેરફાર છે."

(૭મી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે આપેલું ભાષણ)

જૈન કવિઓને હાથે લખાયેલા ફાગુ કાવ્યો વિશે શ્રી કેશવરામ કા. શાસ્ત્રી લખે છે– 'જેમ જેમ તીર્થંકરાદિકના વિષયમાં ફાગ રચાયા છે તેમ કેટલાક જૈન સાધુઓ, આચાર્યો વગેરેના વિષયના પણ ફાગ રચાયા છે. આમાં એવા આચાર્યોથી દીક્ષા કે સૂરિપદની પ્રાપ્તિના સમયે લક્ષમાં રાખી રચનાઓ થઈ છે. જેમાં તે તે નાયકની વિરક્તિની મહત્તા પણ કરવામાં આવી હોય ! (ગુજરાતી સાહિત્ય ઈતિહાસ ભાગ ૧ પૃ. ૧૯૬)

ઊપર્યુક્ત માન્યતાનો અસ્વીકાર કરતાં પં. બેચરદાસજી લખે છે કે "સાક્ષરોમાં એક એવો જૂનો મત પ્રચલિત છે કે જૈન કવિઓની ભાષા અને વૈદિક કવિઓની ભાષા વચ્ચે અંતર છે. જૈન કવિઓની ભાષા પ્રાકૃત મુલક છે અને વૈદિક કવિઓની ભાષા સંસ્કૃત મુલક છે બન્નેની ભાષા છે તો ગુજરાતી પણ તેના મુળ પ્રવાહો જુદા–જુદા છે આ મત હું માનું છું તે પ્રમાણે ભ્રાંતિક મુલક છે, અને અદ્યતન વિદ્વાનો પણ આ મતને મિથ્યા માને છે. અહીં આપેલી અસાઈતની અને ભીમની કૃતિ ઉપરથી આપણે સ્પષ્ટપણે જાણી શકીએ છીયે કે વૈદિક હો કે જૈન હો, વા અન્ય કોઈ હો, પરંતુ જે કોઈ ગુજરાતી છે તેની ભાષા ભેદભાવ નથી. વિષયને લીધે ભાષામાં જે વિશેષતા આવી શકે છે તે સમજી શકાય છે. પરંતુ એકની ભાષા સંસ્કૃત મુલક છે અને બીજાની પ્રાકૃત મુલક છે એવો ભેદભાવ તો નથી જ.' (ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ)

રાસાઓનું સામાન્ય સ્વરૂપ :–

રાસાઓનું માળખું ખંડ કાવ્ય પ્રકારનું હોય છે. મહાકવિ પ્રેમાનંદે જેમ કડવા અને દયારામે મીઠા એમ પોતપોતાની કવિતાના પ્રારંભમાં લખ્યું છે તેમ જૈન કવિઓએ પ્રચલિત દેશીનું નામ લખી ઢાળ કેમ ગાવી એ અવશ્ય સૂચવ્યું હોય છે. પ્રેકમાનંદની કવિતામાં નેમ 'વલણ' આવે છે તેમ જૈન રાસાઓમાં પ્રત્યેક ઢાઈ પૂર્વે દુહા–દોહરા કે સોરઠા હોય છે. તેમ જ ઢાળ સમાપ્તિ બાદ વસ્તુ સંક્ષેપ નિરૂપતા 'વસ્તુ' કે 'દુહા' હોય છે. એ રીતે બીજી, ત્રીજી, ચોથી, વગેરે ઢાળોની ગુંથણી કરવામાં આવી હોય છે.

મંગલાચરણની ઢાળમાં સૌ પ્રથમ તીર્થંકર, ગુરૂ કે સરસ્વતી દેવી વિગેરેની સ્તુતી કરી રાસોનો પ્રારંભ કરવામાં આવે છે. એ પછી કયા વિષય પર રાસની રચના થઈ છે એ જણાવવામાં આવે છે. તેનો અધિકાર કયા ગ્રન્થમાંથી છે તેનો નિર્દેશ પણ ઘણીવાર પહેલી ઢાળમાં હોય છે.

એ પછીની ઢાળોનાં તબક્કાવાર વસ્તુનું નિરૂપણ હોય છે. પ્રસ્તુત સંગ્રહમાં ઐતિહાસિક રાસો હોઈને તેમાં રાસ નાયકના જન્મ, દિક્ષા, આચાર્યપદ, ગચ્છનાયક પદ, ગ્રન્થ રચના, નૃપ પ્રતિબોધ અને અંતે દેહવિલય આદિનું સામાન્યતઃ પ્રત્યેક ઢાળમાં વર્ણન હોય. જો તીર્થસંઘ વિષે રાસ હોય તો તેમાં સંઘપતિ નાયક હોય તેમને સંઘનો વિચાર કેમ આવ્યો, તેના પરિવારમાં કોણે કોણે અનુમોદના કરી અને શો ભાગ ભજવ્યો, રાજા કે બાદશાહનું આજ્ઞાપત્ર કેમ મેળવ્યું, કયાંથી અને કઈ રીતે સંઘનું પ્રયાણ થયું વિગેરેનું તબક્કાવાર વર્ણન હોય છે.

રાસની છેલ્લી ઢાળ પ્રશસ્તિ કે કળશ કહેવાય છે. તેમાં પોતાનો પરિચય આપવાની સાથે પોતાના ગચ્છ અને ગુરૂની મહત્તા વર્ણવે છે. રાસ રચનામાં કોણે પ્રેરણા આપી, કોની સહાયત કે આગ્રહ હતો વિગેરેનો પણ આ ઢાળમાં ઉલ્લેખ હોય. સાથે સાથે જે જે ગ્રંથોનો આધાર લીધો હોય તેનો પણ અંતિમ પંક્તિઓમાં રચના વર્ષ અને સ્થળનો નિર્દેશ કરવાનું પણ કવિ ન ભૂલે. વર્ષ સંકેતમાં હોય જેમકે ચંદ્ર એટલે ૧ નયન એટલે ૨ વિગેરે એ સંકેતને ઉલટા ક્રમમાં મુકવાથી સંવત આવે. જેમકે 'સુર મુનિ' લખ્યું હોય તો સુર– એટલે કે ઈન્દ્ર ૬૪ હોય અને મૂનિ ૭ હોય તેને ઉલટાવીને ૭૬૪ સંવત વંચાય.

ઐતિહાસિક રાસ હોય કે કલ્પિત પાત્રો ઉપર રાસ હોય યા અન્ય પ્રકારનો રાસ હોય પણ જૈન મુનિઓ તેમાં ધર્મ અને તેના સિદ્ધાંતોને ઠેર–ઠેર ગુંથી લેતા હોય છે. જૈન રાસાઓની આ વિશેષતા છે. વૃત કે વાર્તા સાથે ધર્મને તાણાવાણાની જેમ વણી લેવામાં આવે છે. જેના પ્રતિપાદન રૂપે ચરિત્રનાયક કે પ્રસંગનું નિરૂપણ હોય. ધર્મ અને સુનિતીને કેવો ગાઢ સંબંધ છે તે જૈન રાસાઓ પરથી સ્પષ્ટ રીતે માલમ પડી આવે છે.

જૈન રાસોનું એક બીજું વ્યાવર્તક લક્ષણ એ છે કે વ્યવહારિક જીવનને વિશેષ સ્પર્શે છે અને કળાની અપેક્ષાએ તત્વજ્ઞાનનાં લક્ષણો વધું ધરાવે છે. ફાગુ બાવ્ય કે બારમાસી જેવી ઊદ્દીપક શૃંગાર પ્રધાન પદ્ય રચનાઓ પણ લક્ષણથી મુક્ત નથી. જૈન કવિઓએ કેવા શૃંગાર વર્ણનો કર્યા છે તેના અનેક નમુનાઓ આ સંગ્રહની કૃતિઓ દ્વારા મળી રહે છે. કિન્તુ એ પછી મહત્તા તો ત્યાગ અને વૈરાગ્યની જ ગાઈ છે. તેમના વર્ણનોમાં વિપ્રલંભશૃંગારની પરિણતિ ત્યાગ અને વૈરાગ્યમાં જ થાય છે.

રાસાઓની અંતિમ પંક્તિઓમાં પણ સમસ્ત સમાજની ઉન્નતિનો આદર્શ જૈન કવિઓએ પ્રસ્તુત કર્યો છે. જ્યાં સુધી રવિ–શશિ પ્રકાશ્યમાન રહેશે ત્યાં સુધી ચરિત્ર નાયકનો મહિમા અવનિ પટ રહેશે એવું કહ્યાં પછી એમ કહેવાનું ક્યારેય ન ભૂલે કે આ રાસ જે ભણશે – ગાશે તે જગતના સર્વ સંપદા – 'લીલા લચ્છી' પામશે વિગેરે.

બધાય રાસોમાં આ પ્રમાણેનું સ્વરૂપ વિશેષ રૂપે જોવા મળે છે. આ દષ્ટિએ જૈન રાસાઓ જૈનેતર રાસાઓથી ઘણી રીતે જુદા તરી આવે છે.

રાસાઓના કેટલાક ભયસ્થાનો :–

પ્રબંધ ચિંતામણિ' ના સુપ્રસિદ્ધ રચયિતા આચાર્ય મુરૂતુંગસૂરિએ ગ્રંથમાં અસંદિગ્ધપણે કહ્યું છે કે એમનો આ પ્રબંધ રચવાનો આશય જૈન શ્રોતૃગણને નજીકના સમયની વાતો કહીને તેમનું મનોરંજન કરવાનો છે. આ સમર્થ ગ્રંથકારનું આવું વિધાન ઈતિહાસ અભ્યાસીઓને રાસા પ્રકારના સાહિત્ય પરત્વે કેટલાક ભયસ્થાનોનો સંકેત પુરો પાડે છે. સૌ પ્રથમ તો રાસ કર્તાઓનો આશય પોતાની કૃતિને લોકભાગ્ય બનાવવાનો તેમજ શ્રોતૃગણને મનોરંજન પુરૂ પાડવાનો હોઈને એમણે પોતાની કૃતિમાં ઈતિહાસની સાથે સાથે આખ્યાયિકા અને દંતકથાઓનો પણ છુટથી ઉપયોગ કર્યો હોય છે. રાસ કર્તાઓ ચમત્કાર ભર્યા કથાનકોના રસાસ્વાદની લોલુપતા જતી કરી શકતા નથી. દંતકથાઓ પણ ઐતિહાસિક સાધન ભલે ગણાય પણ બધી દંતકથા અને કિંવદન્તીઓ ઈતિહાસ આધારિત હોય નહી. કલ્પિત હોય એમ પણ બને. અન્ય પુરાવાથી તે સિદ્ધ ન થાય ત્યાં સુધી તેની પ્રામાણિકતા સંદિગ્ધ જ ગણાય. લોકરંજનમાં ઈતિહાસનો પહેલો ભોગ લેવાય કેમ કે જુના જમાનામાં લોકોને ઘટનાલક્ષી કથાનકો કરતા ચમત્કૃતિ ભર્યા પ્રસંગોમાં ભારે રસ પડતો અને એવી કૃતિઓનોજ આગ્રહ રાખતા. તેથી તેમના મનોરંજન અર્થે એવી કથાઓ ઉમેરાતી રહેતી. દેખીતી રીતે એવા વૃત્તાંતો વૈજ્ઞાનિક દષ્ટિએ ચાળેલા ન જ હોય. બીજુ રાસકાર રાસના માધ્યમથી પોતાના ગચ્છ અને ગુરૂ, જેના વિષે રાસની રચના થઈ હોય, તેની મહત્તા અને ગૌરવ વધારવા અથવા અનુયાયીઓમાં રોમાંચ ઉત્પન્ન કરવા અતિયુક્તિનો આશ્રય લીધા વિના ન રહે. એમણે રાસમાં કરેલા વર્ણનો કેટલા તથ્ય આધારિત હશે અને કેટલા કવિ કલ્પિત એ કહેવું ઘણીવાર મુશ્કેલ બની જાય છે. કવિની કલ્પનાએ તેમાં વધારો કર્યો હોય એવું લાગ્યા વિના ન રહે. એટલે એવા અતિવાકયોમાંથી ઈતિહાસ તત્વ તારવવાનું કાર્ય ઘણું મુશ્કેલ બની જાય છે. તેમનું ધ્યેય અલંકૃત અને રંગરોગાન રહિત ઘટનાને યથાસ્થિત જોવાનું હોય છે. ચમત્કૃતિઓ ચાળીને નિષ્કર્ષ કઢાવવાનું હોય છે. અતીતને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મુલવવાનો હોય છે.

ત્રીજું સાંપ્રદાયિક કૃતિઓના અવલુબનથી અન્વેષણ ક્ષેત્રના તારણમાં વૈજ્ઞાનિક દષ્ટિને બદલે ધાર્મિક શ્રદ્ધા તરફ તણાઈ જવાની ભીતી રહે છે. ધાર્મિક યા કોઈપણ પ્રકારની અંધશ્રદ્ધા ઈતિહાસ દષ્ટિ પરનું ભારે આવરણ બની રહે છે. જ્યારે સંશોધકનું કર્તવ્ય નિરપેક્ષ તેમજ ઘટનાલક્ષી ચિત્ર આલેખવાનું હોય છે.

ત્રીજું મતદુરાગ્રહ, પોતાના ગચ્છ કે પક્ષ તરફનો અંધ અનુરાગ, વૈયક્તિક અભિનિવેશ કે ગચ્છસ્પર્ધાજનિત પ્રચારલક્ષી સાહિત્ય મધ્યમયુગમાં ઘણું રચાયું છે. આવી વૃત્તિ પણ પુરાતત્વવિદોને કાર્યમાં ઘણી બાધા તથા અવરોધ પહોચાડે છે. એવી કૃતિઓનો આધાર લેતા પહેલા બધા સંદર્ભોનું તટસ્થ ભાવનિરીક્ષણ અને પરીક્ષણ કરવું જરૂરી બને છે. આ સંબંધમાં મે 'અંચલગચ્છ–દિગ્દર્શન'માં પૂ.આ. કલ્યાણસાગરસૂરિજીની જન્મ તિથીનો ઉહાપોહ કર્યો છે એના આધાર રૂપે કવિતાઓ પણ આ સંગ્રહમાં છે. જુઓ ઈતિહાસ નિષ્ઠા.

આ બધા ભયસ્થાનોને ખ્યાલમાં રાખીને ઈતિહાસવિદોએ ચાલવું જોઈએ. તેમાં ચૂકી જવાય તો ખોટા તારણ પર આવવાની ભીતિ રહે છે. સત્યનિષ્ઠા, તટસ્થદષ્ટિ, શોધકબુદ્ધિ, વૈજ્ઞાનિકવૃત્તિ, નમ્રતા વિગેરે મોટા ગુણો દાખવીને રાસા સાહિત્યની ઐતિહાસિક સામગ્રીનો ઉપયોગ થતો રહે તો સંશોધન કાર્યને ભારે પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય. તેમજ પરિણામે તારવેલા નિષ્કર્ષો પ્રમાણભુત તેમજ ગ્રાહ્ય બની રહે એમાં શંકાને સ્થાન નથી.

જૈન રાસાઓના ચોંકાવનારા તારણો :–

પાટણ, જેસલમેર, ખંભાત, વિગેરેના સમૃદ્ધિ ભંડારોમાં અવસ્થિત પ્રાચીન ગુજરાતી સાહિત્ય ઉપર જ્યાં સુધી અભિનવ પ્રકાશ પાડવામાં ન આવ્યો હોય ત્યાં સુધી જૂની પેઢીના સાક્ષરો ભ્રાન્ત અવધારણામાં રાચી રહ્યા હતા.

જૈન રાસા સાહિત્ય જેમ જેમ પ્રકાશમાં આવતું ગયું તેમ તેમ તેના તારણ રૂપે નિષ્પન્ન થયેલી હકીકતોએ વિરૂદ્ધ વર્ગમાં ખળભળાટ મચાવી દીધેલ છે. સર્વ પ્રથમ એ વાત પ્રકાશમાં આવી કે આપણી માતૃભાષા ગુજરાતીનું ઘડતર જૈનોએ કર્યું છે તેના વિકાસનું શ્રેય પણ જૈનોને જાય છે. બીજું આજ દિવસ સુધી ગુજરાતીના આદ્ય કવિ તરીકે નરસિંહ મહેતાને ઓળખાવવામાં આવતા હતા. કિન્તુ તેમનાથી સૈકાઓ પહેલા પ્રતિભાસંપન્ન જૈન કવિઓ થઈ ગયા જેમણે પ્રશિષ્ટ અને ઉન્નત ગુર્જર ભાષામાં અનેક સુબદ્ધ રાસોની રચના કરીહતી. જેમાં અંચલગચ્છીય જયશેખરસૂરિ કૃત 'ત્રિભુવન દિપક પ્રબંધ' અને અંચલગચ્છીય માણિક્યસુંદર સૂરિ કૃત લલિત ગદ્યમાં લખાયેલ 'પૃથ્વીચંદ્ર ચરિત્ર' શિરમોર છે. નરસિંહ મહેતાએ ઉર્મિથી ઉછળતાં પદ સાહિત્યનો પ્રવાશ વહેવડાવવાની શરૂઆત (વિ. સં. ૧૪૯૦ ઈ.સં. ૧૪૩૪ આસપાસ) કરી ત્યાં સુધીના સમયમાં 'રાસ' નામનો મુખ્ય સાહિત્ય પ્રકાર વિપુલતાથી ખેડાઈ ચૂક્યો હતો. 'મુગ્ધાવબોધ ઔકિતક'માં મળી આવતા ગુજરાતી વાક્યોને ગુજરાતી ભાષાના આદિ ગદ્ય તરીકે જૂની પેઢીના સાક્ષરો ઉલ્લેખતા પણ ઉકત ગ્રંથ ભંડાબોમાંથી મળી આવેલા અંચલગચ્છીય માણિક્યસુંદરસૂરિકૃત લલિત ગદ્યમાં લખાયેલા 'પૃથ્વીચંદ્ર ચરિત્ર' પ્રકાશમાં આવતા પરિસ્થિતી બદલાઈ ગયેલ. આ બાબતમાં ડૉ. ચીમનલાલ ડાયાભાઈ દલાલનો ફાળો અવિસ્મરણીય છે. તેમણે ભંડારોમાં છુપાયેલી વિશાળ સાહિત્ય સંપત્તિની સારા પ્રમાણમાં નોંધ કરી અને તે ઉપરથી સન. ૧૯૨૫માં ભરાયેલી પાંચમી ગુજરાતી સાહિત્ય પરીષદ માટે એક વિસ્તૃત નિબંધ તૈયાર કર્યો. જેમાં 'પાટણના ભંડારો' અને ખાસ કરીને તેમાં રહેલું 'અપભ્રંશ તથા પ્રાચીન ગુજરાતી સાહિત્ય' એ વિષય ઉપર ગુર્જર સાક્ષરોને બહુજ વિગતપૂર્ણ અને અભિનવ પ્રકાશ પાડયો. જેસલમેરના ભંડારો ઉપર પં. લાલચંદ્ર ગાંધીએ પણ વિશદ પ્રકાશ પાડયો. વિ. સં. ૧૨૪૧મા (ઈ.સ. ૧૧૮૫)મા લખાયેલ 'ભરતેશ્વર બાહુબલિ રાસ' 'બુદ્ધિરાસ' વિગેરેનો આગળ ઉલ્લેખ થઈ ગયો છે. આની સપ્રમાણ વિચારણા મારા –અંચલગચ્છીય દિગ્દર્શન' ગ્રંથમાં છે. આ સંગ્રહનો 'જયશેખર ફાગ' પણ એ દષ્ટિએ ખાસ વાંચવાલાયક છે. ત્રીજું, આજ દિવસ સુધી કેટલાંકને એવી ભ્રાંત અવધારણા રહી હતી કે ગુજરાતીમાં વાર્તા કથાના આદ્ય પુરસકર્તા ૧૮માં સૈકામાં થયેલા કવિ શામળ ભટ્ટ છે. કિન્તુ તેમનાથી સૈકાઓ પહેલા વાર્તા રૂપે લખાયેલા અનેક રાસાઓ પ્રકાશમાં આવતા આ ભ્રમનું પણ નિરસન થયું છે. પદ્યાત્મક લોકવાર્તાનો સાહિત્યપ્રકાર જૈન કવિઓના હાથે ખૂબ ખેડાયો, વિકસ્યો અને ફૂલ્યો ફાલ્યો છે. સાક્ષરવર્ય મોહનલાલ દલીચંદ દેસાઈએ તો વિશેષમાં એવી સંભાવના પણ વ્યકત કરી છે કે શામળ ભટ્ટે પોતાની વાર્તાઓના મુળ વસ્તુ પ્રાચીન જૈન કવિઅદના વાર્તારૂપ લખાયેલ રાસાઓ પરથી લીધી છે. મોહનલાલભાઈએ પોતાની માન્યતાઓના સમર્થનમાં અનેક ઉદાહરણો ટાંકયા છે. ઉદાહરણાર્થે વિ.સં. ૧૫૭૨માં (ઈ.સ. ૧૫૧૨) સિંહકુશલ કૃત 'નંદબત્રીસી' કુશલલાભ કૃત 'માધવાનળ' અને કામ કંદલાની કથા વગેરે. શામળ ભટ્ટની 'નંદબત્રીસી' અને બત્રીસ પુતળીઓની વાર્તામાંની ૨૬મી 'માધવાનળ'ની વાર્તા સ્પષ્ટપણે ઉકત જૈન કૃતિઓનું બેઠું બિંબાઢાળ અનુકરણ છે. એવી રીતે 'વૈતાળ પચ્ચીસી' 'સિંહાસન છત્રીસી' 'સુડા બહોતેરી' વિગેરેના પ્રમાણો ટાંકી શકાય. જે સૈકાઓ પૂર્વે જૈન કવિઓએ રચી હતી. જેમની સાથે શામળ ભટ્ટની તે નામની કૃતિઓ સરખાવી શકાય. (ફૂટનોટ : ૭મી ગુજરાતી સાહિત્ય પરિષદમાં રજુ થયેલો કવિવર સમયસુંદર નિબંધ)

Prof. Hertel Says " taht during the middle - ages down to our days the Jains, and especially the Svetambaras of Gujarat, were the principal story - teller of India."

Mr. M. Winternitz notes in his book "The Jainas in the history of Indian Literature."

I have already mentioned that ascetic poetry likes to take its subjects from popular tales, fairy stories, fables and parables. The Jainas have always had a special liking for any kind of popular poetry, especially folk tales. Jaina Literature, both conical and still more non-conical, is a very store-house of popular stories, fairy tales and all kinds of narrative poetry. It was especially Pro. Johannes Hertel who has shown, how much the Jainas have contributed to Indian narrative literature in prose and verse. Always fond of story-telling the Jainas were good story tellers themselves, and have preserved to us numerous Indian tales that otherwise would have been lost to us."

જૈન સાહિત્યકારો દ્વારા રચાયેલી ઉત્તમ કૃતિઓ જેમ જેમ પ્રકાશમાં આવતી ગઈ તેમ તેમ ઉપર્યુકત અનેક બાબતો પ્રતિપાદિત થતી રહી, જો કે, કેટલકા વિદ્વાનોને તો આ પ્રયત્નોમાં કાંઈ સાંપ્રદાયિક અનુરાગ વિશેષ દેખાતો હતો અને તેમાં મૌલિક સાહિત્યના અવલોકનનો અભાવ જણાતો હતો. અલબત્ત આ વિષયોમાં એમને કાંઈક રસ તો પેદા થયો જે અપ્રગટ રાસો જેમ જેમ પ્રકાશમાં આવતા જશે તેમ તેમ આવા તો કેટલાય ચોંકાવનારા તારણો આપણી સમક્ષ આવશે અને પૂર્વ ઈતિહાસકારોની ભ્રાંત અવધારણાઓનું પણ નિરસન થશે.

પુરાતન રાસાની ભાષા :–

આ સંગ્રહની *"અષ્ટોત્તરી તીર્થમાલા' તેમજ 'મેરૂતુંગસૂરિ રાસ' વગેરે કૃતિઓ વાંચતા વાચકોના મનમાં જરૂર પ્રશ્ન ઉઠશે કે એની ભાષા કઈ છે ? અષ્ટોત્તરીમાં પ્રાકૃત અપભ્રંશ મીશ્ર ભાષા છે જ્યારે મેરૂતુંગસૂરિ રાસમાં ગૌર્જર અપભ્રંશ જેને આપણે જૂની ગુજરાતી તરીકે ઓળખાવીએ છીએ. એ પછીની કૃતિઓમાં ભાષાનું પરિમાર્જીત સ્વરૂપ ક્રમે ક્રમે જોવા મળે છે. ભાષાને એક રૂપમાંથી બીજા રૂપમાં વિકસતા કે બદલતા ઠીક ઠીક સમય લાગે છે. પણ આ ક્રિયા સતત ગતિશીલ હોય છે. આ પ્રદેશના અપભ્રંશના વિશિષ્ટ લક્ષણોને કારણે તેનું સ્વરૂપ વિશિષ્ટ હતું. માલવપતિ ભોજે પણ તેની નોંધ લઈ 'ગુર્જરો બીજાના નહી પણ પોતાના અપભ્રંશથી સંતુષ્ટ થાય છે.' એમ કહ્યું છે. આચાર્ય હેમચંદ્રે ગૌર્જર અપભ્રંશ તરીકે ઓળખાવી તેને શિષ્ટ ગણી. તેના લક્ષણો પોતાના 'સિદ્ધહેમ' વ્યાકરણમાં આઠમા અધ્યાયના ચોથા પદમાં 'ગૌર્જર અપભ્રંશ'નું સ્વરૂપ સમજાવતાં સૂત્રોના ઉદાહરણો તેનું જૂનામાં જૂનું રૂપ છે. આચાર્ય હેમચંદ્રના 'સિદ્ધહેમ શબ્દાનું શાસન'માં અપભ્રંશ વિભાગમાં જે દુહાઓ જોવા મળે છે તેમાં ગુજરાતી ભાષાના અણસાર જણાય છે. શ્રી કેશવરામ કા. શાસ્ત્રી જેવા વિદ્વાનો તેને 'ગૌર્જર અપભ્રંશ' તરીકે ઓળખાવે છે.

તો આગળ જોયુ તેમ કેટલા વિદ્વાનો પશ્ચિમી રાજસ્થાની, 'મારૂ ગુર્જર' વગેરે જુદા જુદા નામોથી પણ ઓળખાવે છે.

પ્રાચીનતમ કૃતિઓની ભાષા સમજવા માટે ગુજરાતી ભાષાના મુળ સ્વરૂપ વિષે જાણવું જરૂરી છે. કોઈ વ્યક્તિની ઓળખ આપવા માટે કૌટુંબિક સંબંધનો ઉલ્લેખ થાય એ રીતે આપણી ભાષાનું સગપણ અથવા સંબંધ આ રીતે દશાર્વી શકાય, 'તે અપભ્રંશની પુત્રી છે, જૂની પ્રાકૃતની પ્રપૌત્રી છે, શૌરસેની વગેરે નવી પ્રાકૃતો તેની માશીઓ થાય. અને ચાલુ દેશી ભાષાઓ હિન્દી, બંગાળી, પંજાબી, સિધી, મરાઠી, કાશ્મીરી ને પાળી, ઉડીયા, અને આસામી એ તેની માશીયાઈ બહેનો થાય. મતલબ કે હિન્દી સર્વ આર્ય ભાષાઓ સાથે સંબંધ ધરાવે છે.

(શ્રી હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાનું ૬ઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદમાં ભાષણ.)

પ્રસ્તુત સંગ્રહની બાકીની કૃતિઓ એ પછીના બાળની છે. તેમાં હેમચંદ્રાચાર્યે આપેલા ઉદાહરણોમાં ગૌર્જર અપભ્રંશથી કેટલાક ભિન્ન લક્ષણો દેખાય છે. તે ધીરે ધીરે વધતા ગયા છે. અને વિ.સં ૧૪૫૦ (ઈ.સ. ૧૪૮૫) આસપાસ મધ્યકાલીન ગુજરાતીનું સ્વરૂપ વિકસાવનારી પ્રક્રિયા પૂર્ણ થઈ છે.

પ્રસિદ્ધ ભાષાશાસ્ત્રી ટેસ્સિટેરી જુની ગુજરાતીને જુની પશ્ચિમ રાજસ્થાનીનું નામ આપે છે. આ માટે તેમણે જૈન ગ્રન્થોનો મુખ્યત્વે આધાર લીધો છે. વળી ટેસ્સિટેરી કહે છે કે જુની પશ્ચિમ રાજસ્થાની (જુની ગુજરાતી) ૧૬મી સદીના અંત સુધી, કદાચ તેથી પણ આગળ ચાલ્યાનો સંભવ છે. જ્યારે ગ્રિઅર્સન ગુજરાતી અપભ્રંશ ઉપરથી ગુજરાતી થઈ ગણે છે. એ શૌરસેની અપભ્રંશ એ અવંતી (રાજસ્થાનની માતા) સાથે નિકટનો સંબંધ રાખે છે. એવો મત ભરાવે છે. સાક્ષર નરસિંહરાવ દિવેટીયા ૧૬મી સદીના મધ્યકાળ સુધીની ભાષાને અંતિમ અપભ્રંશ એવું નામ આપે છે.

એક સમયે 'અપભ્રંશ' પદનો અર્થ અપભ્રષ્ટ શબ્દ કે ભાષા એવો થતો હતો. અને સંસ્કૃતથી ભિન્ન એવી લોકપ્રચલિત ભાષાઓ એ નામથી ઓળખાતી હતી, પણ એ તો 'અપભ્રંશ' વ્યત્પત્યર્થ ગણાય. વિદ્વ માન્ય સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યિક સ્વરૂપ પામેલી લોકભાષા પ્રાકૃતથી ભિન્ન એવી અપભ્રંશ નામની સામાન્ય લોક બોલી આશરે હજાર–બારસો વર્ષ પહેલા દુર દક્ષિણને બાદ કરતાં બાકીના સર્વ સ્વીકૃત વ્યવહાર ભાષા અને 'કાવ્યમીમાંસા' કાર રાજશેખરનો શબ્દ પ્રયોગ કરીએ તો 'સુભવ્ય' સાહિત્ય ભાષા બની ચુકી હતી.

પ્રાન્તીય બોલીઓની ઠીકઠીક અસર હોવા છતાં ભારતના જુદાં જુદાં પ્રદેશમાં લખાયેલું જે અપભ્રંશ સાહિત્ય મળે છે તેની ભાષા એક છે. આ વિષયના ઘણાં વિદ્વાનો માને છે કે અપભ્રંશનો પાયો ગુજરાત અને રાજસ્થાનની દેશ્ય ભાષાઓમાં છે. મધ્યકાળમાં મારૂ–ગુર્જર પ્રદેશની ભાષાકિય અને સાહિત્યિક એકતા એક નિશ્ચિત હકીકત હતી એમ તત્કાલીન જૈન સાહિત્ય કૃતિઓ દ્વારા પ્રતીત થાય છે. પરિણામે અમુક કૃતિઓ કઈ ભાષાની છે એ સમજવું જ કઠિન હતું. ડૉ. ટેસ્સિટેરીએ ૧૬માં શતકની ગુજરાતી ભાષાને 'જુની પ્રાચીન રાજસ્થાની' (Old Western Rajasthani) નામ અપાયું છે એ જો કે વાસ્તવિક નથી પણ તે આ જ દષ્ટિ બિંદુએ અપાયું હોવું જોઈએ.

મુસ્લિમ વિજય પછી કેટલાક સમય બાદ અનેક કારણોને લીધે જુની પશ્ચિમ રાજસ્થાની અને મરાઠી ભાષા સાથેનો રહ્યો સંપર્ક પણ નાશ પામ્યો. ગુજરાતી અને રાજસ્થાની ભાષા વધુને વધુ દુરસ્થ બનતી ગઈ. આમ છતાં આજે જુની ગુજરાતીનો અભ્યાસ કરનારને રાજસ્થાની અને મરાઠી ભાષાનું જ્ઞાન એ અભ્યાસમાં અનેક રીતે મદદગાર બને છે. એ વસ્તુ પૂર્વકાળના ભાષા સંપર્કની ઝાંખી કરાવે છે. એવી રીતે ગુજરાતી અને મરાઠી ભાષા વચ્ચે ઠીક ઠીક પ્રમાણમાં ભાષા સંપર્ક હતો એમ 'ગોડીચા સ્વામી' (ષષ્ઠીના પ્રત્યયમાં મરાઠી) જેવા શબ્દોથી સુચિત થાય છે. સ્વર પ્રક્રિયામાં અપભ્રંશ ઘણું ખરૂ મહારાષ્ટ્રી પ્રાકૃતને સંસ્કૃત પછી સાહિત્ય પ્રયોજન માટે સર્વ સામાન્ય થયેલી પ્રકૃષ્ટ પ્રાકૃતને અનુસરે છે. પણ અપભ્રંશનું બાકીનું ઘડતર મહારાષ્ટ્રી કે શૌરસેનીને નહિં પણ ગુર્જરોની પ્રાકસતને અનુસરતું પશુ પાલક ગુર્જરો, આભીરોનો નિકટનો સંબંધ અથવા એકતા મનાય છે. અલંકારિક દંડીએ એમના 'કાવ્યદર્શ'મા **आभीशदि गिरः काव्योष्वपभ्रंश इति स्मृताः** (આભીર વગેરેની બોલીઓ કાવ્યોમાં કાવ્ય રચના કરવામાં અપભ્રંશ કહેવાય છે.) એવો ઉલ્લેખ કર્યો છે તે આ રીતે સૂચક છે.

૧૩મા શતકના અંતમાં અને ૧૪મા શતકના આરંભમાં ભાષા અપભ્રંશના સંપર્કનો ધીરે ધીરે ત્યાગ કરીને શુદ્ધ ગુજરાતી સ્વરૂપમાં આવવાને મથી રહી હતી. પ્રથમા એકવચનમાં અકારાન્ત શબ્દોમાં અપભ્રંશ કાળનો 'ઉ' પ્રત્યય અને સપ્તમીનો 'ઈ' પ્રત્યય ઘસાતો જતો હતો. ૧૫મા સૈકામાં ગુજરાતીમાં કેટલાક લક્ષણો જુની ગુજરાતીમાં છે જાણે ગુજરાતીની સંજ્ઞા છે. તેનું અનુસરણ ૧૬માં અને ૧૭માં સૈકામાં થયું. પણ ૧૮માં સૈકાની ગુજરાતી આવી એટલે તો જાણે કે આપણી ચાલુ જ ગુજરાતી છે.

આમ પૂ. આ. ભ. શ્રી જયસિંહસૂરિના સામ્રાજ્યમાં સં ૧૨૪૧ (ઈ.સ. ૧૧૮૫)માં ભરતેશ્વર–બાહુબલિથી ઉદ્ભવેલું આ રાસ સાહિત્ય વિ.સં. ૧૨૬૬ (ઈ.સં. ૧૨૧૦)માં પૂ. આ. મહેન્દ્રસિંહસૂરિના શિષ્ય પૂ. કવિ ધર્મરચિત 'જંબુસ્વામિ રાસ'થી પ્રદિપ્ત થયેલ અને વિક્રમના પંદરમાં શતક સુધીમાં સૂપેરે છવાઈ જઈને વિક્રમના ૧૬–૧૭–૧૮માં શતકમાં કેટલા અગ્રિમ કોટિના જૈન સર્જકો દ્વારા તેમજ અન્ય અસંખ્ય જૈન સાધુ કવિઓ દ્વારા ખેડાતું–વિકસતું રહી ધીમે ધીમે ૧૯માં શતકમાં એનો પ્રવાહ મંદ પડતો જઈ ૨૦માં શતકમાં પૂ. આ. ગુણસાગરસૂરિના સમયમાં વિરામ પામતું લાગે છે.

ઉપસંહાર :–

જૈન રાસો સાહિત્યની પરંપરા પ્રાચીન સમયથી આજ સુધી અસ્ખલિત રહી છે અ. અ.ની લોકપ્રિયતા અને વ્યાપકતાનું પ્રમાણ છે, તેમ છતાં એટલું નોધવું જોઈએ કે ઉત્તરવર્તી રાસો–કૃતિઓમાં વિષયોની એકવિધતા અને કાવ્યસૌંદર્યનો અભાવ ખટકે છે. સર્વાંશે એમ કહી શકાય કે ગેયતા, નૃત્ય અને અભિનયના સમન્વિત આનંદ સાથે કથારસ અને ધર્મામૃતનું બહુજનસમાજને પાન કરાવવામાં આવી કૃતિઓ મૂલ્યાધિકારીણી બની રહી છે. ગુજરાતી સાહિત્યના આખ્યાન, ગરબા–ગરબી ઈંયાદિ કાવ્ય–પ્રકારો માટે તો આ રાસાઓ ઉદ્ભવ–સ્ત્રોત સમા છે.

સાહિત્ય પ્રેમી શ્રી ''પાર્શ્વ''નો પરિચય

'અંચલગચ્છ–દિગ્દર્શન'નાં સુપ્રસિદ્ધ ગ્રંથ કર્તા શ્રી પાર્શ્વ વિશે બહુ ઓછા લોકો જાણે છે. તેનું કારણ તેમનો શરમાળ સ્વભાવ. પણ તેઓ એક સારા કવિ ઉપરાંત સરસ ચિત્રકાર પણ છે.

એમનો જન્મ સોમવાર તા. ૧૦/૯/૧૯૩૪ નાં હાલારનાં ભરૂડીયા ગામમાં થયો અને આ સાહિત્ય સંશોધમનું નામ પાડવામાં આવ્યું 'પાસવીર વીરજી ઘુલ્લા'

છ માસની વયે પિતૃછાયા ગુમાવનાર પાર્શ્વભાઈ પોતાના માતા જેઠીબાઈએ આપેલા સુંદર સંસ્કારો વડે જ જીવનમાં પ્રગતી સાધી શકયા એમ સ્વીકારતા હતાં.

ઈ.સ. ૧૯૫૭માં ફિલોસોફીનો વિષય લઈ તેઓ મુંબઈ યુનિવર્ષિટીમાંથી સ્નાતક થયા. અભ્યાસકાળમાં એમનો મુખ્ય સમય કાવ્ય અને ચિત્રો રચવામાં વપરાતો. તેમના સુપ્રસિદ્ધ કાવ્ય 'ત્રિમુર્તી' ને રૂઈયા કોલેજની કાવ્ય સ્પર્ધામાં પ્રથમ નંબર મળ્યો.

મુંબઈ છોડી હાલારમાં રહેવા તેમણે રાજ્ય વિદ્યુત બોર્ડમાં નોકરી સ્વીકારી અને બઢતી પ્રાપ્ત કરી પાલીતાણા ખાતેની ડીવીજનલ એકાઉન્ટન્ટની હોદ્દે પહોંચ્યા. ઈ.સ. ૧૯૬૦માં તેઓ મોટી ખાવડીનાં શ્રી કુંવરજી જેઠાભાઈ ખોનાની સુપુત્રી સુશીલાબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયા.

અચલગચ્છનાં જૈન ઈતિહાસનાં સંશોધનમાં એમનો ફાળો મહત્વનો છે. તેમણે માત્ર ૨૪ વર્ષની વયે આર્યરક્ષિતસૂરિનું જીવન વૃત પ્રકાશિત કર્યું. ત્યારબાદ જયસિંહસૂરિ, કલ્યાણસાગરસૂરિ વગેરે ચરિત્રાત્મક ગ્રંથો આર્યરક્ષિત પ્રકાશન મંદિર દ્વારા પ્રગટ કર્યા. શ્રી અનંત નાથજી ટ્રસ્ટ દ્વારા તેમનો ૫૦૦ લેખોનો સંગ્રહ પ્રકાશિત થયો, અને ૨૦૩૪ મુલુંડમાં 'અચલગચ્છ–દિગ્દર્શન' પ્રકાશિત થયું. આ ઉપરાંત જ્ઞાતી શિરોમણી શ્રી નરશીનાથાનું જીવન ચરિત્ર, અંચલગચ્છીય લોઢા ગોત્રીય કુંરપાલ–સોનપાલની કથા, અચલગચ્છના મહાન જ્યોતિધરોના જીવનવૃતો, અચલગચ્છીય પૂજાસંગ્રહનું સંપાદન કચ્છનું સુપ્રસિદ્ધ જૈન તીર્થ સુથરી તથા અબડાસાની પંચતીર્થનું પ્રકાશન, અચલગચ્છીય ઐતિહાસિક રાસસંગ્રહનું સંશોધન કાર્ય પણ તેમનાં વરદ હસ્તે થયો. આવા ૪૦ જેટલા નાના મોટા ગ્રન્થો પ્રકાશિત કર્યા એમાં અચલગચ્છ દિગ્દર્શન ગ્રન્થ તો મારી દ્રષ્ટિએ અચલગચ્છની ગીતા છે.

આવા ગચ્છનાં તેજસ્વી, પ્રતિભાશાળી સંશોધનકાર શ્રી પાર્શ્વભાઈને આપણે ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ આપી એમનાં સંશોધનની દિશામાં આગળ વધીએ એજ શુભ કામના.

લિ. મુનિ સર્વોદયસાગરજી

અચલગચ્છીય ઐતિહાસિક રાસાદિ સંગ્રહ

લે. ડૉ. અભય દોશી Ph. D.

॥ નમો અરિહંતાણં ॥

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી તેજ સમયે શ્રમણ સમુદાયની વ્યવસ્થા માટે ૧૧ ગણધરોની સ્થાપના કરી. આ ગણધરો વિશાળ સાધુ સંઘમાંથી પોતાને ભાગે આવેલા સાધુ સમુદાયની – સાધુ ગણની યોગ્ય રીતે સાર સંભાળ કરતા. તેમનું જ્ઞાન ધ્યાન અને વિદ્યાનું તપ ઉજ્જ્વળ બને એ માટે સદા પ્રવૃત રહેતા.

કાળક્રમે પરમાત્મા મહાવીર અને એકાદશ ગણધરોના નિર્વાણ બાદ આ જ પરંપરાને અનુસરી અનેક ગણો, કુળો, શાખાઓ વગેરે અસ્તિત્વમાં આવ્યા. આ અનેક ગણ, કુળ અને શાખાઓની સુવિસ્તૃત યાદી આપણને કલ્પસૂત્રની સ્થવિરાવલિ આદિ ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે. આ સર્વ ગણ, કુળ, શાખાઓ સૈધાંતિક રીતે તો એકમત હતા, પણ તેમની વચ્ચે સામાચારી એટલે કે રોજિંદી જીવનરીતિઓમાં કેટલીક વિશિષ્ટતાઓ હતી.

એ પછીના યુગમાં આ ગણ 'ગચ્છ' તરીકે ઓળખાવવા માંડયા. તેમજ ઉત્તરકાળમાં સ્થપાયેલા ગચ્છો વચ્ચે શ્રુતજ્ઞાનની ખંડિતતાને કારણે કેટલાક આગમસૂત્રોના અર્થઘટન અંગે નાના–નાના મતભેદો પણ ઉભરાઈ આવ્યા. પાંચમા આરાના પડતા કાળ ના પ્રભાવે આ ગચ્છો વચ્ચે કેટલીક બાબતો માટેના મતભેદ વૈમનસ્ય સુધી પણ પહોંચી જતા. એમ છતાં, આ સર્વ ગચ્છોએ જૈન ધર્મના પ્રભાવને વિસ્તારવામાં પોતપોતાની રીતે મહત્વપૂર્ણ યોગદાન પણ આપ્યું છે. ઉપકેશ, શંખેશ્વર, વલ્લભી, આગમિક, પુર્ણિમા, સંડેરક, કોરંટક આદિ અનેક ગચ્છો કાળના પ્રવાહમાં લુપ્ત થયા, અથવા અન્ય ગચ્છોમાં ભળી ગયા છે, પરંતુ તેમણે કરેલી જૈન શાસનની સેવા અનેક પ્રતિષ્ઠા લેખોમાં સચવાઈ છે. તેજ રીતે તેમણે કરેલા અનેક ગ્રંથ સર્જનમાં પણ આ ગચ્છોનો ઈતિહાસ જળવાઈ રહ્યો છે. આ દિશામાં પણ સંશોધકોએ કાર્ય કરવા જેવું છે.

આમાં જૈન સંઘમાં અત્યારે ચાર ગચ્છો અસ્તિત્વ ધરાવે છે. તેમાંનો એક ગચ્છ અચલગચ્છ. અથવા વિધિપક્ષ ગચ્છ. અત્યારે મુખ્યરૂપે કચ્છ વિસ્તારમાં અને કચ્છીભાષી પરિવારોમાં પોતાનો પ્રભાવ જાળવી રહ્યો છે. આ અચલગચ્છ એક સમયે સમગ્ર ગુજરાત, રાજસ્થાન અને આગ્રા સુધી પણ પોતાની દીપ્તી ધારણ કરતો હતો. તેના અનેક પટ્ટધરોએ, સાધુઓ અને શ્રાવકોએ જૈન સંઘની પ્રભાવનામાં તેના સાહિત્ય સર્જનમાં તેમજ સંઘની રક્ષામાં યોગદાન આપ્યું છે. તેથી અચલગચ્છનો ઈતિહાસ એ બૃહદ્ જૈન સંઘના ઈતિહાસનોજ એક ખંડ હોઈ સંઘ ના સંપૂર્ણ ઈતિહાસના આકલન માટે અચલગચ્છનો ઈતિહાસ પણ જાણવો જરૂરી છે.

અચલગચ્છના ઐતિહાસિક રાસ સંગ્રહ દ્વારા જૈન સંઘના ઈતિહાસના કેટલાક ઉજ્જ્વળ પૃષ્ટો પર પ્રકાશ પથરાય છે. સૂરિમંત્ર કલ્પના રચયિતા અને શ્રી જીરાવલા પાર્શ્વનાથ પ્રભુ સંબંધી અનેક ચમત્કારિક સ્તોત્રોના સર્જક વિદ્વાન કવિ મેરૂતુંગસૂરિના જીવન વિશે વિસ્તૃત રાસ દ્વારા જાણકારી પ્રાપ્ત થાય છે. લોલાડા નગરમાં સર્પદંશ પ્રસંગે તેમણે દર્શાવેલી સ્થિરતા અને પ્રભુ શ્રધ્ધાનો પ્રસંગ તેમના પ્રત્યે આપણા મસ્તકને અહોભાવથી ઝૂકાવી દે છે.

આ જ મેરૂતુંગસૂરિએ અનશન ધારણ કર્યા બાદ આઠ દિવસ સુધી જે દિવસમાં ચાર વાર અદ્‌ભુત દેશના પ્રવાહ વહાવી જૈન ધર્મી તેમજ (અન્ય) ધર્મીઓને પણ પ્રતિબોધિત કર્યા હતા. એ ઘટના પણ અપૂર્વ છે. કવિ આ ઘટના વર્ણવતા કહે છે –

અણસણ ઉચ્ચરિઉ આપણ મુખિં પરમ ધ્યાન લાગઉ છઈ મન લખિ સુખ સંતોષ માહિપર.
લક્ષ સંખ્ય જણ ઉલટિ આવઈ રાસ ભાસ રસિ ભાવણ ભાવઈ કલહટ કરતા નારીનર.
તિણિ દિણિ ચ્યારિવાર વકખાણ શ્રી મુખિ સહગુરૂ અમિય અમાણ કીધાં સિર ધૂણઈ સહૂય.
એક અચ્છીરીય અસંભમ દીસઈ અંસ પ્રવાહિ નયણિ જગ વરિસઈ ધમ્મંવર અઈ સંખ હુઅ.

સંસ્કૃતમાં પ્રબોધ ચિંતામણી ગ્રંથ અને જૂની ગુજરાતીમાં 'ત્રિભુવન દીપક પ્રબંધ' જેવી મનોહર રચના કરનારા સરસ્વતી દેવીના અવતાર સમા 'જયશેખરસૂરિનું જીવનચરિત્ર પણ આ રાસ સંગ્રહમાં સંગ્રહિત થયેલ વિવિધ છંદો આદિ કૃતિ દ્વારા જાણવા મળે છે. તેમના પરિવારના માણિક્યસુંદરસૂરિએ પ્રસિધ્ધ 'પૃથ્વીચંદ્ર ચરિત્ર' રચ્યું છે. આ રીતે જૂની ગુજરાતીની બે મહત્વપૂર્ણ કૃતિઓના સર્જક અચલગચ્છીય પરંપરામાંથી આપણને પ્રાપ્ત થાય છે. એ જ રીતે શત્રુંજય મહાતીર્થ પર પ્રસિધ્ધ અદબદજી દાદાની પ્રતિષ્ઠા અચલગચ્છીય આચાર્ય * શ્રી જયસિંહસૂરિના ઉપદેશથી શ્રાવકોએ કરાવી હતી. તે વિગત પ્રાપ્ત થતા કેટલાક વિદ્વાનો દ્વારા

* પ્રસ્તુત ગ્રંથમાં ગુરૂરાજ શત ચાલીસા પૃ. અને અચલગચ્છ દિગ્દર્શન પેરા ૩૭૦.

રજૂ કરાયેલી આ મૂળ મૂર્તિ બુદ્ધની હોવાની સંભાવનાનું નિરાસન થાય છે. આ ઉપરાંત શત્રુંજય મહાતીર્થ પરની બે ભવ્ય ટૂંકોના સર્જક કેશવજી નાયક અને ભારતભરમાં ૮૦ જેટલા જિનાલયોના સર્જક જ્ઞાતિ શિરોમણી શેઠ નરશી નાથાના જીવનનો વિસ્તૃત પરિચય પ્રાપ્ત થાય છે. આ બંન્ને શ્રેષ્ઠિ વર્યોની દાનવીરતા, ધર્મપ્રિયતા, વહીવટી કુશળતા, ઉદાર ચરિતતા આદિ ગુણોવાળું તેમનું જીવન વાંચતા આ શ્રેષ્ઠિવર્યો પ્રત્યે હૃદયમાં આદરભાવ જાગૃત થાય છે. કેશવજી નાયકે આચાર્ય રત્નસાગરસૂરિની નિશ્રામાં કરાવેલી એક સાથે સાત હજાર જિન પ્રતિમાની અંજનશલાકા એ પોતે પણ એક અદ્‌ભૂત નોંધપાત્ર વિક્રમ છે. એજ રીતે આપણને કચ્છ વિસ્તારમાં આવેલા પ્રભાવક પ્રાચીન તીર્થો ભદ્રેશ્વર, સુથરી, કોઠારા, નલિયા આદિના ઈતિહાસની અનેક વિગતો જાણવા મળે છે. તેમજ પારકર વિસ્તારના 'ગોડીપુર' વિશેની પણ અનેક રચનાઓ પ્રાપ્ત થાય છે. 'સમેત શિખર ગિરિ પ્રબંધ' (કવિ જશકીર્તિ) જેવી રચના દ્વારા જહાંગીરના દરબારમાં જૈન સંઘનો કેવો પ્રભાવ હતો તે જાણવા મળે છે. મોગલ દરબારમાં તપાગચ્છીય આચાર્ય શ્રી વિજય હિર સૂરિથી પ્રારંભાયેલો જૈન ધર્મનો પ્રભાવ જહાંગીરના દરબારમાં વિવિધ જૈન આચાર્યો દ્વારા પુષ્ટ થયો. આ પ્રભાવે આ બાદશાહોને વધુ દયાળુ તેમજ કેવળ મુસ્લીમોના હિતને બદલે સમગ્ર જનતાની ખેવના કરનારા બનાવ્યા. તે સમગ્ર ઈતિહાસની અનેક કડીઓમાંની એક નોંધપાત્ર કડી તે આચાર્ય કલ્યાણસાગરસૂરિ અને તેમના ભક્ત ધીર વીર શ્રાવકો કુંવરપાલ અને સોનપાલ. દુર્ભાગ્યે કુંવરપાલ અને સોનપાલ વિશેની અનેક વિગતો કાળની ગર્તામાં નષ્ટ થઈ ચૂકી છે. જોકે તેમણે સર્જેલા ભવ્ય જિન મંદિરો ઉપલબ્ધ થાય છે. તે આપણું અહોભાગ્ય છે. (જૂઓ આગ્રા સ્તવનપૃ. ૬૨૪) તે ઉપરાંત તેમણે યોજેલી સમેત શિખર સુધીની ભવ્ય છ'રિ પાલિત સંઘયાત્રાનુ ભવ્ય વર્ણન અને અન્ય સાહિત્યિક ઉલ્લેખો આપણને પ્રાપ્ત થાય છે. સમેતશિખર યાત્રામાંનો આવતો એક પ્રસંગ તેમની ધીર–વીરતાને ઓળખાવવા માટે પર્યાપ્ત છે.

બીહાર વિસ્તારમાં આવેલા શબરનગરનો બ્રાહ્મણ રાજા રામદેવ દ્રવ્યના લોભથી સંઘને પોતાના જ વિસ્તારમાં રોકી રાખવાનો પ્રયત્ન કરે છે. સંઘપતિ બંધુઓએ તેના લોભને જાણી જે ઈચ્છે તે આપવાનો, થોડું યાત્રા પૂર્વે થોડું યાત્રા બાદ આપવાનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ લોભી રાજા રામદેવ બધું જ હમણાં મેળવી લેવા ઈચ્છતો હતો. તેની મનોવૃતિ ઘણું ધન પ્રાપ્ત કરવાની તેમજ પછીથી સંઘને પરેશાન કરવાની હતી. આથી તેની શરતને આધીન થયા વિના વીરતાપૂર્વક સંઘનું આગળ પ્રયાણ કરાવ્યું. અજાણ્યા પ્રદેશમાં, બીહાર જેવા વન–વગડાથી ભયાનક વિસ્તારમાં પણ પોતાનું અપૂર્વ વીરત્વ દર્શાવનારા કુંવરપાલ – સોનપાલ લોઢાના વ્યક્તિત્વની રેખાઓ ખરે જ આકર્ષક બને છે.

સંપાદકે ખૂબ જ લગન અને પરિશ્રમ પૂર્વક રાસા, પ્રબંધ, પટ્ટાવલી, છંદ, સ્તુતિ, સ્તવન આદિ ભંડારોમાંથી પ્રાપ્ત થતા ઈતિહાસના સાહિત્યિક સ્ત્રોત ઉપરાંત અનેક ગામોમાં ફરી, કુલગુરૂ, બ્રાહ્મણો, વહીવંચાઓ આદિ પાસેથી 'વહી' એટલે કે દસ્તાવેજી લખાણો મેળવી, અચલગચ્છના શ્રાવકોના પૂર્વજો વિશેની અનેક વિગતો એકઠી કરી છે. તે ગચ્છના તેમજ સમાજના ઈતિહાસની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ છે.

આ રાસસંગ્રહનું સંપાદન મુખ્યત્વે અચલગચ્છના સંદર્ભે થયેલું હોવાથી અચલગચ્છ અને તે ગચ્છની અનુયાયી એવી કચ્છી દશા–વિસા ઓસવાળ જ્ઞાતિઓ માટે તો આ સંગ્રહ ઈતિહાસની સોનેરી ખાણ સમાન સિધ્ધ થશે એમાં શંકા જ નથી. અચલગચ્છના પ્રારંભથી જ અચલગચ્છ સાથે સંકળાયેલા ભાલેજ નગરના શ્રાવક યશોધન ભણસાળીની ગોત્રવહીથી જ આ સંગ્રહનો પ્રારંભ થાય છે. ગચ્છસ્થાપનાના છ જ વર્ષના અંતરે રચાયેલ પદ્ય પ્રાપ્ત થાય છે. એ અત્યંત નોંધનીય છે. તે બાદ અનેક સંસ્કૃત પ્રાકૃત પટ્ટાવલીઓ દ્વારા ગચ્છનો સીલસીલાવાર ઈતિહાસ પ્રાપ્ત થાય છે. આ ઈતિહાસને કારણે જ આપણને ગચ્છ ગગનમાં ચમકતા અનેક પટધરોનો વિગતસભર પરિચય ઉપલબ્ધ થયો છે. તેમાં પ્રભાવક આચાર્ય કલ્યાણસાગરસૂરિની યર્થાથ જન્મતિથિ પર પ્રકાશ પડે છે. તેમના માતા–પિતા, કુલ સંબંધી વિગતોમાં પણ ઘણી ચોકસાઈ મળે છે. તે જ રીતે અચલગચ્છને પાળનારા ભણસાલી, વિસરીયા, મોતા, નાગડા આદિ અનેક ગોત્રોનો ઈતિહાસ જાણવા મળે છે. આમાંના કેટલાક ગોત્ર આદિની વિગતોમાં રાસા, પ્રબંધ આદિ સાહિત્યિક રચનાઓ હોવાને લીધે કેટલીક વિગતોમાં કલ્પનાનું તત્વ પણ ઉમેરાયું હોય એમ છતાં તેમાં રહેલ ઈતિહાસનું મહત્વ ઓછું નથી. છેલ્લા શ્રી પૂજ લોકોમાં જિનેન્દ્રસાગરસૂરિ નામે પ્રસિધ્ધ હતા, પરંતુ તેમનું વાસ્તવિક નામ 'જનેન્દ્રસાગરસૂરિ' હતું, જેવી નાની પણ મહત્વની વાત આ રાસ સંગ્રહ દ્વારા જાણવા મળે છે.

કવિ સુરજી દ્વારા રચિત લીલાધર પારેખનો રાસ (પૃ.)માં વર્ણવ્યા પ્રમાણે લીલાધર પારેખે ૪૦૦ માણસના સંઘના સાથે શ્રી શત્રુંજય તીર્થની ભવ્ય યાત્રા કરી અને સંઘ બાદ દીક્ષા લીધી. આ રાસમાં કવિએ તેમના પુત્રોએ ગોડીજીની (થર–પારકર) કઠિન યાત્રા કરી. તેના વર્ણનને પણ સમાવ્યું છે. આમ પિતાએ પ્રગટાવેલી સત્કાર્યની જ્યોત પુત્રોએ કેવી પ્રજવલિત રાખી તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

આ રાસ સંગ્રહમાં ચૈત્ય પરિપાટિ અથવા તીર્થમાળા નામની અનેક રચનાઓ પણ સંગ્રહિત થઈ છે. જે તત્કાલીન તીર્થોની પરિસ્થીતી જાણવા માટે નોંધપાત્ર સાધન છે. એમાં સિધ્ધાચલ, આબુ, ખંભાત, પાટણ, ચિત્તોડ આદિની તીર્થમાળાઓ નોંધપાત્ર છે. સિધ્ધાચલની તીર્થમાળામાં કવિ ઝવેરસાગરજી (રત્ન પરીક્ષકે) શત્રુંજયના વિવિધ મંદિરોમાં બિરાજમાન જિનપ્રતિમાઓ, તે ટૂંકોનો મહિમા, તેના સર્જકોનો સંક્ષિપ્ત પરિચય, તે ટૂંકોમાં બિરાજમાન જિનપ્રતિમાઓની સાથેજ અન્ય દર્શનીઓની પ્રતિમાઓ તેમજ માર્ગમાંના વૃક્ષો, કુંડો આદિ અનેક વિગતો સમાવે છે. આ કૃતિમાં ઉલ્લેખિત વૃક્ષો આદિની વિગતોની મદદથી જ વર્તમાનમાં સંસ્થાઓને શત્રુંજય ગિરિરાજ પર પુનઃ વૃક્ષારોપણની છૂટ પ્રાપ્ત થઈ હતી. આ તીર્થમાળામાં તે ટૂંકના સર્જક દાનવીર શ્રેષ્ઠીઓ, તેની પ્રતિષ્ઠા કરાવનારા આચાર્યો, તેના પ્રતિષ્ઠા મહોત્સવો આદિ સિધ્ધાચલ ગિરિરાજ સંબંધી અનેક દસ્તાવેજી રીતે ખુબ મહત્વની વિગતો પ્રાપ્ત થાય છે.શ્રી પૂજની ટૂંક તરીકે ઓળખાતી ટૂંક તપગચ્છના છેલ્લા શ્રી પૂજોમાંના એક દેવેન્દ્રસૂરિ દ્વારા નિર્મિત થઈ છે. તેમજ તેમાંના પગલામાં એક પગલા ઝવેરસાગરજીના વિદ્યાગુરૂ અમરવિજયજીના પગલા છે, જેવી અલ્પ પ્રસિધ્ધ વિગતો પણ આ રચના દ્વારા જાણવા મળે છે. લોકોમાં શત્રુંજય ગિરિરાજની નવે ટૂંકોના ઈતિહાસનો વધુ પરિચય મળે લોકોમાં ગિરિરાજ પ્રત્યે વધુ ભક્તિ જાગૃત થાય તે માટે સ્વતંત્ર પુસ્તક રૂપે પણ આ તીર્થમાળાનો પ્રચાર – પ્રસાર કરવા જેવો છે.

એ જ રીતે અહીં પ્રાપ્ત થતું ખંડિત '' આગરેકા ઐતિહાસિક સ્તવન. '' પૃ. પણ વાસ્તવમાં આગ્રાની ચૈત્ય પરિપાટી જ છે. આ સ્તવનમાં આગ્રા નગરમાં આચાર્ય વિજય હીરસૂરિ પૂર્વે થયેલી પ્રતિષ્ઠાથી માંડી હીરસૂરિ અને કલ્યાણસાગરસૂરિ આદિ આચાર્યોએ કરાવેલી ભવ્ય પ્રતિષ્ઠાઓનો ઉલ્લેખ થયો છે. કલ્યાણસાગરસૂરિની નિશ્રામાં કુંવરપાલ – સોનપાલ બંધુએ કરાવેલી રત્ન, સુવર્ણ, રજત આદિની અનેક પ્રતિમાઓની વિગત પણ સ્તવનમાં ગૂંથાઈ છે. તો એ સાથે જ ધર્માંધ બાદશાહ ઔરંગઝેબે વેરેલા ભયાનક વિનાશ અને એ પરિણામે આગ્રાના એક વિસ્તારનું નામ જ મોતી કટેર (મૂર્તિ કટેર) પડી ગયું. તે હૃદયને પીડા ઉપજાવનારો ઐતિહાસિક ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે. તે સમયના દક્ષ વ્યવસ્થાપકોએ કેટલીક પ્રતિમા ભૂમિ આદિમાં ભંડારી દીધી હશે, એટલે આપણને તેમાંની એક સ્ફટિક પ્રતિમા આજે કોબામાં બિરાજમાન છે, તેના દર્શન પ્રાપ્ત થાય છે.

'સમેત શિખર ગિરિપ્રબંધ' નામની રચનામાં આગ્રાથી સમેત શિખરના માર્ગમાં આવતા વિવિધ તીર્થોની તે સમયની પરિસ્થિતિનો સુંદર અહેવાલ પ્રાપ્ત થાય છે. કાશીમાં કાશી–વિશ્વનાથની પાસે જ પાંચ જિન પ્રતિમાઓ હતી એવો ઉલ્લેખ આ રાસમાં કરવામાં આવ્યો છે. કદાચ ઔરંગઝેબની ધર્માંધતાના કાળમાં આ પ્રતિમાઓને ક્યાંક છૂપાવી દેવામાં આવી હોય. સમેતશિખરના માર્ગમાં આવતા વન, પર્વતો આદિના વર્ણનો કાવ્ય દૃષ્ટિએ પણ નોંધપાત્ર છે. ચંદ્રવાડી સ્ફટિક રત્નના પ્રતિમા (ફિરોઝાબાદ પાસે પૃ. ૩૫૮) પટણામાં શ્રી આદિનાથ ભગવાનનું દેરાસર, શેઠ સુદર્શન, મુનિ સ્થૂલિભદ્રની પાદુકાઓ (પૃ. ૩૬૨) આદિ અનેક નોંધપાત્ર ઐતિહાસિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

એ જ રીતે પાટણ અને ખંભાત (જે જિનમંદિરના નગરો તરીકે પ્રસિધ્ધ છે.) ની ચૈત્ય પરિપાટીઓમાં આ તેતે સમયની દેરાસરની સ્થિતિઓનો ઐતિહાસિક આલેખ પ્રાપ્ત થાય છે. સત્તરમી સદીના પૂર્વાર્ધમાં રચાયેલી પાટણ ચૈત્ય પરિપાટી (પૃ. ૬૦૮) માં કવિ સંઘરાજે પાટણના વિવિધ પાડાઓમાં આવેલા જિનમંદિરની પ્રતિમા સંખ્યા વર્ણવી છે. એ જ રીતે ચિત્તોડ ચૈત્ય પરિપાટીમાં પાટણથી ચિત્તોડના માર્ગના ગામેગામના જિનમંદિરોનો નોધપાત્ર એવો ઐતિહાસિક ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. લલિતસાગર કૃત ચૈત્યપરિપાટીમાં અમદાવાદના જિનમંદિરોની સં. ૧૬૬૨ (ઈ.સ. ૧૬૦૬) માં કવિએ ભાવપૂર્ણ વંદના કરી તેનો વૃતાંત પ્રાપ્ત થાય છે. કવિએ તે સમયની પ્રતિમા સંખ્યા આદિ વર્ણવી છે. આ અમદાવાદ વિષયક ઉપલબ્ધ ચૈત્ય પરિપાટીઓમાં સૌથી પ્રાચીન ચૈત્ય પરિપાટી છે. આ ચૈત્ય પરિપાટીઓમાં 'આબુ તીર્થ ચૈત્ય પરિપાટી' ગેય દેશીઓના સુંદર ઉપયોગને લીધે નોંધપાત્ર બની છે. આ રચનામાં કવિ મુક્તિસાગરસૂરિ આબુ પર આવેલા વિમલવસહી, લુણિગવસહી, ગાંધીનું દેરાસર, (અત્યારે આ દેરાસર કયું તે જાણી શકાતું નથી) ભેસાશાનું દેરાસર (ભામાશા નામે પ્રસિધ્ધ દેરાસર) શેઠ ચાંપશીસાનું દેરાસર, (સંભવતઃ ખરતર વસહી નામે પ્રસિધ્ધ દેરાસર) અને હુંબડના બે દેરાસરો એમ સાત દેરાસરને વર્ણવે છે. હુંબડના દેરાસર તે કદાચ દિગંબર મંદિર હોય. કવિ વિમલવસહી, લુણિગવસહી આદિનું ભાવપૂર્ણ તેમજ ઝીણવટભર્યું વર્ણન કરે છે. કવિએ વિમલવસહીના સર્જક પ્રસિધ્ધ વિમલમંત્રીને વિધિપક્ષના શ્રાવક તરીકે ઓળખાવ્યા છે. 'વિમલ મહેતાનો સલોકો' (પૃ.) માં પણ તેના સર્જક વિનીત સાગરજી પણ વિમલમંત્રીનેવિધિપક્ષના શ્રાવક તરીકે ઓળખાવે છે. એટલે તે સમયમાં આ માન્યતા દૃઢ હશે, તે સમયે ઐતિહાસિક સંશોધનનો અભાવ હોવાથી આ માન્યતા યર્થાથ છે કે નહી તેની વિશેષ ચકાસણી કરવામાં આવી નહી હોય. ઐતિહાસિક પ્રમાણોથી સિધ્ધ છે કે વિમલવસહીની પ્રતિષ્ઠા સં ૧૦૮૮ માં થઈ. હવે કવિવિનીતસાગરજી તે સમયે આચાર્ય તરીકે અચલગચ્છીય ધર્મઘોષસૂરિનું નામ

* જૂઓ : લાવણ્યસમય વિરચિત 'વિમલપ્રબંધ' અધ્યયન સાથે પૃ. ૮૭ થી ૯૦. પ્રકાશક – ગુજરાત સાહિત્ય સભા, પ્રથમાવૃત્તિ ઈ. સ. ૧૯૬૫.
૧ પાટણ વાડી પાર્શ્વનાથ જિનાલયનો સં ૧૬૫૨નો શિલાલેખ પણ વર્ધમાનસૂરિને વિમલવસહીના પ્રતિષ્ઠાચાર્ય તરીકે ઓળખાવે છે.

આ રાસ સંગ્રહમાં ચૈત્ય પરિપાટિ અથવા તીર્થમાળા નામની અનેક રચનાઓ પણ સંગ્રહિત થઈ છે. જે તત્કાલીન તીર્થોની પરિસ્થીતી જાણવા માટે નોંધપાત્ર સાધન છે. એમાં સિધ્ધાચલ, આબુ, ખંભાત, પાટણ, ચિત્તોડ આદિની તીર્થમાળાઓ નોંધપાત્ર છે. સિધ્ધાચલની તીર્થમાળામાં કવિ ઝવેરસાગરજી (રત્ન પરીક્ષકે) શત્રુંજયના વિવિધ મંદિરોમાં બિરાજમાન જિનપ્રતિમાઓ, તે ટૂંકોનો મહિમા, તેના સર્જકોનો સંક્ષિપ્ત પરિચય, તે ટૂંકોમાં બિરાજમાન જિનપ્રતિમાઓની સાથેજ અન્ય દર્શનીઓની પ્રતિમાઓ તેમજ માર્ગમાંના વૃક્ષો, કુંડો આદિ અનેક વિગતો સમાવે છે. આ કૃતિમાં ઉલ્લેખિત વૃક્ષો આદિની વિગતોની મદદથી જ વર્તમાનમાં સંસ્થાઓને શત્રુંજય ગિરિરાજ પર પુનઃ વૃક્ષારોપણની છૂટ પ્રાપ્ત થઈ હતી. આ તીર્થમાળામાં તે ટૂંકના સર્જક દાનવીર શ્રેષ્ઠીઓ, તેની પ્રતિષ્ઠા કરાવનારા આચાર્યો, તેના પ્રતિષ્ઠા મહોત્સવો આદિ સિધ્ધાચલ ગિરિરાજ સંબંધી અનેક દસ્તાવેજી રીતે ખુબ મહત્વની વિગતો પ્રાપ્ત થાય છે.શ્રી પૂજની ટૂંક તરીકે ઓળખાતી ટૂંક તપગચ્છના છેલ્લા શ્રી પૂજ્યોમાંના એક દેવેન્દ્રસૂરિ દ્વારા નિર્મિત થઈ છે. તેમજ તેમાંના પગલામાં એક પગલા ઝવેરસાગરજીના વિદ્યાગુરૂ અમરવિજયજીના પગલા છે, જેવી અલ્પ પ્રસિધ્ધ વિગતો પણ આ રચના દ્વારા જાણવા મળે છે. લોકોમાં શત્રુંજય ગિરિરાજની નવે ટૂંકોના ઈતિહાસનો વધુ પરિચય મળે લોકોમાં ગિરિરાજ પ્રત્યે વધુ ભક્તિ જાગૃત થાય તે માટે સ્વતંત્ર પુસ્તક રૂપે પણ આ તીર્થમાળાનો પ્રચાર – પ્રસાર કરવા જેવો છે.

એ જ રીતે અહીં પ્રાપ્ત થતું ખંડિત '' આગરેકા ઐતિહાસિક સ્તવન. '' પૃ. પણ વાસ્તવમાં આગ્રાની ચૈત્ય પરિપાટી જ છે. આ સ્તવનમાં આગ્રા નગરમાં આચાર્ય વિજય હીરસૂરિ પૂર્વે થયેલી પ્રતિષ્ઠાથી માંડી હીરસૂરિ અને કલ્યાણસાગરસૂરિ આદિ આચાર્યોએ કરાવેલી ભવ્ય પ્રતિષ્ઠાઓનો ઉલ્લેખ થયો છે. કલ્યાણસાગરસૂરિની નિશ્રામાં કુંવરપાલ – સોનપાલ બંધુએ કરાવેલી રત્ન, સુવર્ણ, રજત આદિની અનેક પ્રતિમાઓની વિગત પણ સ્તવનમાં ગૂંથાઈ છે. તો એ સાથે જ ધર્માંધ બાદશાહ ઔરંગઝેબે વેરેલા ભયાનક વિનાશ અને એ પરિણામે આગ્રાના એક વિસ્તારનું નામ જ મોતી કટેર (મૂર્તિ કટેર) પડી ગયું. તે હૃદયને પીડા ઉપજાવનારો ઐતિહાસિક ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે. તે સમયના દક્ષ વ્યવસ્થાપકોએ કેટલીક પ્રતિમા ભૂમિ આદિમાં ભંડારી દીધી હશે, એટલે આપણને તેમાંની એક સ્ફટિક પ્રતિમા આજે કોબામાં બિરાજમાન છે, તેના દર્શન પ્રાપ્ત થાય છે.

'સમેત શિખર ગિરિપ્રબંધ' નામની રચનામાં આગ્રાથી સમેત શિખરના માર્ગમાં આવતા વિવિધ તીર્થોની તે સમયની પરિસ્થિતિનો સુંદર અહેવાલ પ્રાપ્ત થાય છે. કાશીમાં કાશી–વિશ્વનાથની પાસે જ પાંચ જિન પ્રતિમાઓ હતી એવો ઉલ્લેખ આ રાસમાં કરવામાં આવ્યો છે. કદાચ ઔરંગઝેબની ધર્માંધતાના કાળમાં આ પ્રતિમાઓને ક્યાંક છૂપાવી દેવામાં આવી હોય. સમેતશિખરના માર્ગમાં આવતા વન, પર્વતો આદિના વર્ણનો કાવ્ય દૃષ્ટિએ પણ નોંધપાત્ર છે. ચંદ્રવાડી સ્ફટિક રત્નના પ્રતિમા (ફિરોઝાબાદ પાસે પૃ. ૩૫૮) પટણામાં શ્રી આદિનાથ ભગવાનનું દેરાસર, શેઠ સુદર્શન, મુનિ સ્થૂલિભદ્રની પાદુકાઓ (પૃ. ૩૬૨) આદિ અનેક નોંધપાત્ર ઐતિહાસિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

એ જ રીતે પાટણ અને ખંભાત (જે જિનમંદિરના નગરો તરીકે પ્રસિધ્ધ છે.) ની ચૈત્ય પરિપાટીઓમાં આ તેતે સમયની દેરાસરની સ્થિતિઓનો ઐતિહાસિક આલેખ પ્રાપ્ત થાય છે. સત્તરમી સદીના પૂર્વાર્ધમાં રચાયેલી પાટણ ચૈત્ય પરિપાટી (પૃ. ૬૦૮) માં કવિ સંઘરાજે પાટણના વિવિધ પાડાઓમાં આવેલા જિનમંદિરની પ્રતિમા સંખ્યા વર્ણવી છે. એ જ રીતે ચિત્તોડ ચૈત્ય પરિપાટીમાં પાટણથી ચિત્તોડના માર્ગના ગામેગામના જિનમંદિરોનો નોધપાત્ર એવો ઐતિહાસિક ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. લલિતસાગર કૃત ચૈત્યપરિપાટીમાં અમદાવાદના જિનમંદિરોની સં. ૧૬૬૨ (ઈ.સ. ૧૬૦૬) માં કવિએ ભાવપૂર્ણ વંદના કરી તેનો વૃતાંત પ્રાપ્ત થાય છે. કવિએ તે સમયની પ્રતિમા સંખ્યા આદિ વર્ણવી છે. આ અમદાવાદ વિષયક ઉપલબ્ધ ચૈત્ય પરિપાટીઓમાં સૌથી પ્રાચીન ચૈત્ય પરિપાટી છે. આ ચૈત્ય પરિપાટીઓમાં 'આબુ તીર્થ ચૈત્ય પરિપાટી' ગેય દેશીઓના સુંદર ઉપયોગને લીધે નોંધપાત્ર બની છે. આ રચનામાં કવિ મુક્તિસાગરસૂરિ આબુ પર આવેલા વિમલવસહી, લુણિગવસહી, ગાંધીનું દેરાસર, (અત્યારે આ દેરાસર કયું તે જાણી શકાતું નથી) ભેસાશાનું દેરાસર (ભામાશા નામે પ્રસિધ્ધ દેરાસર) શેઠ ચાંપશીસાનું દેરાસર, (સંભવતઃ ખરતર વસહી નામે પ્રસિધ્ધ દેરાસર) અને હુંબડના બે દેરાસરો એમ સાત દેરાસરને વર્ણવે છે. હુંબડના દેરાસર તે કદાચ દિગંબર મંદિર હોય. કવિ વિમલવસહી, લુણિગવસહી આદિનું ભાવપૂર્ણ તેમજ ઝીણવટભર્યું વર્ણન કરે છે. કવિએ વિમલવસહીના સર્જક પ્રસિધ્ધ વિમલમંત્રીને વિધિપક્ષના શ્રાવક તરીકે ઓળખાવ્યા છે. 'વિમલ મહેતાનો સલોકો' (પૃ.) માં પણ તેના સર્જક વિનીત સાગરજી પણ વિમલમંત્રીનેવિધિપક્ષના શ્રાવક તરીકે ઓળખાવે છે. એટલે તે સમયમાં આ માન્યતા દૃઢ હશે, તે સમયે ઐતિહાસિક સંશોધનનો અભાવ હોવાથી આ માન્યતા યર્થાથ છે કે નહી તેની વિશેષ ચકાસણી કરવામાં આવી નહી હોય. ઐતિહાસિક પ્રમાણોથી સિધ્ધ છે કે વિમલવસહીની પ્રતિષ્ઠા સં ૧૦૮૮ માં થઈ. હવે કવિવિનીતસાગરજી તે સમયે આચાર્ય તરીકે અચલગચ્છીય ધર્મઘોષસૂરિનું નામ

* જૂઓ : લાવણ્યસમય વિરચિત 'વિમલપ્રબંધ' અધ્યયન સાથે પૃ. ૮૭ થી ૯૦. પ્રકાશક – ગુજરાત સાહિત્ય સભા, પ્રથમાવૃત્તિ ઈ. સ. ૧૯૬૫.

૧ પાટણ વાડી પાર્શ્વનાથ જિનાલયનો સં ૧૬૫૨નો શિલાલેખ પણ વર્ધમાનસૂરિને વિમલવસહીના પ્રતિષ્ઠાચાર્ય તરીકે ઓળખાવે છે.

જણાવે છે. પરંતુ આ વિગત બંધબેસતી નથી. કારણકે વિધિપક્ષ અથવા અચલગચ્છની સ્થાપના જ સં ૧૧૬૯ માં થઈ છે. તો તેના ત્રીજા પટધર કઈ રીતે પ્રતિષ્ઠા કરનાર સંભવે ? પોરવાડ વંશની પ્રશંસા કરનાર બારોટની વહીમાં તેનો ખુલાસો એ રીતે અપાયો છે કે, અચલગચ્છના પૂર્વવર્તી શંખેશ્વર ગચ્છના આચાર્ય સોમપ્રભસૂરિની નિશ્રામાં આ પ્રતિષ્ઠા થઈ હોય. સોમપ્રભસૂરિનું મુળ નામ ન જાણતાં તેમનું ગુણનિષ્પન્ન નામ ધર્મઘોષસૂરિ એવા નામથી જ પ્રસિધ્ધિ થઈ હોય. અને પૂર્વવર્તી ગચ્છના આચાર્ય હોવાથી તેમને પણ વિધિપક્ષના આચાર્ય તરીકે સ્વીકારી લેવામાં આવ્યા હોય.

વિમલવસહીની પ્રતિષ્ઠા કયા આચાર્યે કરી તેને માટે કોઈ એકમતી ઈતિહાસમાં જોવા મળતી નથી. લાવણ્યસમય કૃત પ્રસિધ્ધ વિમલપ્રબંધમાં પણ આચાર્યનું નામ ધર્મઘોષસૂરિ દર્શાવ્યું છે. અને તેમને ગણધર (ગચ્છના મુખ્ય આચાર્ય) તરીકે ઓળખાવ્યા છે. પરંતુ તે કયા ગચ્છના છે તે જણાવ્યું નથી. તેની પ્રસ્તાવનામાં * ડૉ. ધીરજલાલ ધનજી શાહ વિભિન્ન મતોનો ઉલ્લેખ કરતા કહે છે,

''આમ વિમલવસહીમાં આદિનાથ તીર્થંકરની પ્રતિષ્ઠા માટે જિનહર્ષસૂરિ (વિ. સં. ૧૪૯૭) આચાર્ય રત્નસૂરિનો, લાવણ્યસમય, સૌભાગ્યનંદી, ઈંદ્રહંસગણિ (સોળમો સૈકો) વગેરે ધર્મઘોષસૂરિનો અને ક્ષમાકલ્યાણજીની ખરતરગચ્છની પટાવલી (વિ. સં. ૧૮૩૦) વર્ધમાનસૂરિનો ઉલ્લેખ કરે છે. તેમજ રાજશેખરસૂરિ (ચૌદમી સદીનો ઉત્તરાર્ધ) આ પ્રતિષ્ઠા માટે ચાર સૂરિઓનો ઉલ્લેખ કરે છે.''

અંતે ડૉ. શાહ ખરતર ગચ્છીય આચાર્ય વર્ધમાનસૂરિ તેમના શિષ્યમંડળના ચાર વિદ્વાન આચાર્યો સાથે પ્રતિષ્ઠા કરાવવાની સંભાવના રજૂ કરે છે. પરંતુ અચલગચ્છમાં ચાલ્યો આવતો જૂનો પ્રઘોષ તેમજ પોરવાડ ગોત્રની વહી જેવા સંદર્ભોને કારણે સંભવ એમ જણાય છે કે, ધર્મઘોષસૂરિ (શંખેશ્વર ગચ્છના આચાર્ય સોમપ્રભસૂરિ) [૧] ખરતરગચ્છીય વર્ધમાનસૂરિ અને અન્ય પણ બીજા બે આચાર્યોની નિશ્રામાં આ પ્રતિષ્ઠામહોત્સવ થયો હોય એ વધુ સંભવિત જણાય છે. આમ આ ઐતિહાસિક રાસસંગ્રહમાંની કેટલીક કૃતિઓમાં વર્ણવલી ઘટનાની ઐતિહાસિકતા ની ચર્ચા કરવાની જરૂરિયાત અવશ્ય રહે છે. એજ રીતે વિમલમંત્રીના સલોકામાં ઉલ્લેખાયેલ 'તારાતંબોલ' નગરનો ઉલ્લેખ અનેક જૈન ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. આ પ્રાચીન જૈન નગરનો યાત્રાનો વૃત્તાંત અનેક પ્રાચીન જૈન યાત્રીઓના પત્રો, પ્રવાસ વર્ણનો આદિમાં પણ પ્રાપ્ત થાય છે. આજે એ ભવ્ય જૈન નગરના અવશેષ પણ ઉપલબ્ધ થતા નથી, એ બાબતે પણ ઈતિહાસકારો તેમજ ભૂગોળ નિષ્ણાંતોએ સંશોધન કરવું ઘટે. આ તારાતંબોલ નગર લાહોર – બબ્બરકોટ માર્ગે એટલે કે આધુનિક ઈરાનની આજુબાજુમાં કયાંક હોવું જોઈએ.

આ રાસ સંગ્રહમાં જેમ અનેક ચૈત્ય પરિપાટીઓના વર્ણન કરતી કૃતિઓ સ્થાન પામી છે. તેજ રીતે પુણ્યવંત શ્રાવકોએ કાઢેલા ભવ્ય સંઘોનું વર્ણન પણ ધ્યાન ખેંચે એવું છે. આ સંઘોની વ્યવસ્થા અંગે પણ કેટલાંક નિર્દેશો પ્રાપ્ત થાય છે. જે જૈનોના સમાજશાસ્ત્રીય ઈતિહાસની દ્રષ્ટિએ નોંધપાત્ર છે. આ સંઘોમાં સંઘપતિની મુખ્ય જવાબદારી ભયાનક જંગલોમાં રક્ષણ આપવાની રહેતી. સંઘમાં ગચ્છના યતિઓ, દિગંબરો તેમજ અન્ય દર્શનીઓ પણ જોડાતા. સંઘમાં અત્યારની જેમ નિત્ય સ્વામિવાત્સલ્ય (રોજનું ભોજન) આપવામાં નહોતું આવતું. સંઘપતિ અને અન્ય કયાંક જ ભોજનની વ્યવસ્થા કરતા. આ ભોજન મોટે ભાગે માલપુઆ આદિ કઢાહિ (તાવડામાં બનાવેલી વાનગી)નું રહેતું. જૂઓ (સમેતશિખર ગિરિપ્રબંધ) ૧૭મા ૧૮મા સૈકામાં આયોજાયેલા સંઘના ભોજનમાં પીરસવામાં આવેલી વાનગીની યાદી પણ રસપ્રદ છે. ૧૮મા શતકના પૂર્વાર્ધમાં રાજડ શાહની પત્નીએ યોજેલા ગિરનાર સંઘમાં જલેબી, પહિડા (પેંડા) મહિસુપ (મૈસુબ) ખરમા (ચૂરમાના લાડુ) ઘેવર, દૂધપાક, સાકરીયા ચણા, એલચી પાક, અમૃતી, મરકી (જલેબી જેવી) મોતીચૂર લાડુ, સાબુણી (સાકરયુકત કોઈ દ્રવ્ય) ગુલા (ચોખાની દાળની વાનગી) સાટા, વાટી દાળના લાડુ, સીરણી, બંગી. આદિ અનેકવિધ મીઠાઈઓના નામ પ્રાપ્ત થાય છે.

'એ જ રીતે રાજશી શાહે પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આપેલું ભોજનનું વર્ણન પણ નોંધપાત્ર છે.

[૧] સવઈઆ મોતેઆ ઘણા, દલીઆ લાખણસી નહી મણા,
કસમસીયા પ્રીસ્યા લાડુઆ, જે અમૃતના છઈ ગાડુઆ.
ખાજા તાજાં જાડાં ભલા, ગરઢાનઈ જમતા કુઅલા.,
જલેબી પ્રીસી ઠેસણી ભૂખ લાગઈ જમતા બેમણી.
ચણાં ફરસા નઈ ચઉલાફલી, વાટ વડીની ભરી વાટલી,
કિરઈ કિઈરી નિંઈ છોલ કાતલી, કાચરી પાપડ ખીજડી પાતલી.

[૧] રાજશી શાહનોરાસ. પૃ. ૨૯૬

આરોગી રહીઆ પકવાન, મ્રીસી જઈ એહવા ધાન,
સુગંધી કૂર મંડારો દાલિ, ઉપરિ સરહી ઘીની નાલિ.
દહી તણા વારૂ કરંબલા, કપૂરવાસિત મસમસતા ભલા,
સહુ આરોગી થયું સંતુષ્ટ, લવિંગ સોપારી અપાઈ પુષ્ટ.

આ વર્ણનમાં દહી ભાતનું મિશ્રણ (કરબા) ને કપૂરથી વાસિત કરવાનો ઉલ્લેખ નોંધપાત્ર છે. તે જ રીતે વિવિધ પ્રસંગે થાળ ભરી ખાંડ કે સાકરની તેમજ શ્રીફળની લહાણી કરવાની પ્રથા હતી. તેનો વિવિધ રાસોમાં ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ જ રીતે રાજશીની બે પત્નીઓનો ઉલ્લેખ એ સમયમાં વ્યાપક અનેક પત્ની પ્રથા પર પ્રકાશ પાડે છે. તો સુથરીના ઐતિહાસિક વૃત્તાંતમાં કચ્છ વિસ્તારમાં શ્રાવકોનું આગમન 'છકરી' આદિ વિવિધ વિસ્તારોમાં થયેલા મુસ્લીમ આદિ આક્રમણોને કારણે થયું તેની સમાજશાસ્ત્રીય નોંધ પૂરી પાડે છે. ગોડીજી તીર્થ વિષયક વિવિધ કૃતિઓ પણ પારકર વિસ્તારના જૈન ધર્મીઓ તેમજ તેમના સામાજીક જીવનની વિગતો ઉપલબ્ધ કરી આપે છે. આમ આ રાસસંગ્રહમાં અનેક સમાજશાસ્ત્રીય ઈતિહાસ (Sociological History) ની દ્રષ્ટિએ નોંધપાત્ર ઘટનાઓની વિગત પ્રાપ્ત થાય છે. જેમ સમાજ શાસ્ત્રીય દ્રષ્ટિએ અનેક નોંધપાત્ર વિગતો પ્રાપ્ત થાય છે. તે જ રીતે ગચ્છો વચ્ચેના પરસ્પર સંબંધની પણ વિગતો જાણવા મળે છે તે પણ નોંધપાત્ર છે.

પૂર્વે ઉલ્લેખ્યું છે તેમ વિવિધ ગચ્છો એક જ જૈનસંઘની વિવિધ શાખાઓ હોવા છતાં કાળના બળે ગચ્છો વચ્ચે કેટલીક નાની – મોટી વિગતો માટે મતભેદો ઉભરાઈ આવ્યા હતા. પરંતુ આ મતભેદોમાં પણ પરસ્પર પ્રત્યેનો હૃદયનો કેવો આદર હતો તેનું ચિત્ર અચલગચ્છીય પટધર મહેન્દ્રસિંહસૂરિ અને કાસહ્રદ ગચ્છીય પુણ્યતિલકસૂરિ વચ્ચેના વાદની ઘટનામાં જોવા મળે છે. (જૂઓ વીરસ્તવ–અવચૂરિ પૃ) અવંતી નગરમાં આ બન્ને આચાર્યો વચ્ચે વાદ–વિવાદ થયો. તેમાં પુણ્યતિલકસૂરિ પરાજિત થતા નમ્રતાપૂર્વક મહેન્દ્રસિંહસૂરિના શિષ્ય થયા, ત્યારે મહેન્દ્રસિંહસૂરિએ પણ તેમના જ્ઞાનનું ગૌરવ કરી શાખાચાર્ય પદે સ્થાપ્યા. તેઓ પ્રસિધ્ધ પાદલિપ્તસૂરિની પરંપરાના આચાર્ય હોવાથી તેમજ 'વીરસ્તવ' પ્રભાવક સ્તોત્ર હોવાથી પાદલિપ્તસૂરિ કૃત પ્રભાવક ' વીરસ્તવ'ને અચલગચ્છીય નવસ્મરણમાં સ્થાન આપ્યું.

આંવા ગચ્છ સોહાર્દના અનેક પ્રસંગોનો ભેટો આ રાસસંગ્રહની કૃતિઓમાંથી પસાર થતાં પ્રાપ્ત થાય છે. પ્રસિધ્ધ ઉપાધ્યાય–કવિ સમયસુંદર પોતે ખરતરગચ્છીય હોવા છતાં સમકાલીન ત્રણે પ્રભાવક આચાર્યોની એક પદમાં ભાવભરી સ્તુતિ કરી છે.

ભટ્ટારક તીન હુએ બડભાગી.
જિણ દીપાયઉ શ્રી જિનશાસન, સબલ પડૂર સોભાગી,
ખરતર શ્રી જિનચંદસૂરિસર, તપા હીરવિજય વૈરાગી,
વિધિપક્ષ ધરમમૂરતિસૂરિસર,મોટો ગુણ મહાત્યાગી.

એજ રીતે સુરતમાં ઉપાધ્યાય દર્શનસાગરજી આગમગચ્છના મુનિ હેમચંદની પ્રેરણાથી આદિનાથ રાસની રચના કરે છે. આ જ પરંપરામાં અચલગચ્છ ઝવેરસાગરજી (રત્ન પરીક્ષક) ના વિદ્યાગુરૂ અમરવિજયજી તપાગચ્છીય છે. તેમજ ધર્માચાર્ય ચિદાનંદ મુનિ છે. કવિ પોતાની રચના શત્રુંજય તીર્થમાલામાં વિવિધ ગચ્છોનો અત્યંત આદરપૂર્વક ઉલ્લેખ કરે છે. કવિ અંતે કળશમાં સર્વપ્રથમ પોતાના વિદ્યાગુરૂ તેમજ ધર્મગુરૂનો ઉલ્લેખ કરતા કહે છે. –

કવિ નિજ ઉપગારી હવે વરણે તપગચ્છવંશ દીપાયો રે.॥ ૬ ॥
અમરવિજય વિદ્યાગુરૂ મારા, શ્રુત વર આશિષ પાયો
પાઠક નવપલ્લવ સમ કર્તા, અર્થ આચાર્ય ગણાયો. ॥ ૭ ॥
શ્રી ચિદાનંદ ગુરૂ ધર્માચાર્ય, અનુભવ શ્રધ્ધા છાયો,
સિધ્ધગિરિની તલેટીએ વાંદી, ચરણ સુપ્રેમ લગાયો રે.

પોતાના અચલગચ્છીય ગુરૂની પણ ભાવભરી વંદના કરતા કહે છે.

વિધિપક્ષગચ્છ શ્રી ભાવનગરમાં વખતસાગર મુનિરાયો,
તાસ શિષ્ય શ્રી ભાવસાગર ગુરૂ પદ પંકજ શીશ નમાયો રે.॥ ૯ ॥

. પૃ. ૫૦૫

આમ આ રચનાઓમાં પરસ્પર ગચ્છો વચ્ચેના સોહાર્દના પણ અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

આ રાસસંગ્રહની રચનાઓનું આપણે ઐતિહાસિક દ્રષ્ટિએ મૂલ્યાંકન કર્યું, પરંતુ મોટા ભાગની રચનાઓ માત્ર ઈતિહાસના દસ્તાવેજી પુરાવા રૂપે રચાયેલી રચનાઓ નથી. તેના સર્જકોએ વિવિધ પ્રસંગોએ હૃદયમાં અનુભવેલી ઉર્મીને અભિવ્યકત કરવા માટે આ રચના રચી છે. આ રચનાઓમાં તેમણે કાવ્યનાયકના ગુણગાન ગાયા છે. તેજ રીતે વિવિધ અલંકારોથી રચનાઓને સજાવી છે. ક્યાંક કલ્પનાના રંગો પણ ઉમેર્યા છે. તેઓ પોતાના હૃદયમાં વસેલા કાવ્યનાયકને લોક જીભે પ્રતિષ્ઠા આપવા ઈચ્છતા હતા, માટે તેમને ગદ્ય વર્ણનને સ્થળે કુશળતાપૂર્વક પદ્ય બંધો પ્રયોજયા છે. આથી આ રચનાનું સાહિત્યિક રચના તરીકે પણ મૂલ્ય છે. મેરૂતુંગસૂરિની અપૂર્વ ઉપદેશક–દાયક શક્તિનું વર્ણન કરતા [1]કવિ કાન્હ કહે છે. –

અમીય વાણી વકૃખાણ રસે, રંજયા જાણ અજાણ,
સોવન જિમ કસવટ્ટ કસે, રહે રહી જગ જાણ.

અમૃત સમાન વાણી વડે વ્યાખ્યાન આપતા મેરૂતુંગસૂરિ જ્ઞાની–અજ્ઞાની સહુના મનને આનંદ આપે છે. સોનુ જેમ કસોટી પર કસાતા ઝળહળે , અને લોકો જેમ તેના ઝળહળાટને જાણે, તેમ લોકોએ તેમના પ્રભાવને પારખ્યો.

એજ રીતે જયકેશરિસૂરિને વર્ણવતા કવિ કહે છે. –

નેત્ર ચકોર કિ હરખિયા, કુવલય જિમ જનમન વિહસિયા,
વયણિ અમૃત રસ મુખિ ઝરઈ, જયકેશરિસૂરિ સમતા ધરઈ.

લોકોના નેત્ર ચકોર પક્ષીની જેમ હર્ષ પામ્યા અને લોકોના મન કમળની જેમ વિકસિત થયા. જયકેશરિસૂરિના વચનમાં તેમજ મુખ પર અમૃત ઝરતું હતું. તેઓ સમતાને ધારણ કરનારા હતા.

અનેક કવિઓએ કોડણકુમાર (કલ્યાણસાગરસૂરિની પૂર્વાવસ્થાનું નામ) અને તેમની માતા વચ્ચેના સંવાદના પ્રસંગને કેન્દ્રમાં રાખી ઋતુ વર્ણનને બહેલાવ્યું છે. માતાની સાંસારિક શૃંગાર ભોગવવાની વિનંતી સામે કોડણકુમારનો વૈરાગ્ય દ્રઢ રીતે ઝળહળ્યો છે. માતા નામલદે પોતાના પુત્રને શ્રાવણ માસના વરસાદની મોહકતા વર્ણવતા કહે છે, –

[1] જી હો શ્રાવણ આયુ રંગરસિઉ, જિહો વરસઈ ઘોર અંધાર,
જી હો ડુંગરમાં હરી(ત) લૂ(હૂ)યા જી હો મોર કરિઈ કિંગાર

તો [2] દયાશીલ નામના કવિ ભાદરવા માસને વર્ણવતા કહે છે –

પાણી પુર વહી ઘણું, નદી નીર અસરાલ,
નિઝરણા ગિરિ ઉલટી, સરઈ સરોવર તાલ. ૩.
દૂરિ ગયાં ઘરિ આવવા, માંડઈ પંથીડા આસરે,
વિરહિણી નિજ પિઉ સાંભરઈ, સૂતાં સેજિ ઉલ્લાસિરે ૪.
પિઉ નાવિ છાંડઈ કામિની સજી સયલ સિંગાર રે,
ગુખિ બઈઠા બેહુ જોડલઈ જૂઈ જલતણી ધાર રે. ૬.
સા રી ગ મ પ ધ ની તે આલપી, સાધઈ સાત સૂરતાન રે,
દેસી અનાગત દાખવઈ, જૂઈ જસન ગુણ ગ્યાન રે. ૭.

કોડણકુમારની માતા ભોગશૃંગારના આવા કાવ્યાત્મક વર્ણન કરી અંતે કહે છે કે, આવા ભાદરવા આદિ મહિનાઓ ભોગી લોકો માટે ભલા છે, પરંતુ સંયમી પુરૂષો માટે અતિશય મુશ્કેલ છે. 'મીણ દંત લોહમય ચિણા' મીણના દાંતે લોહમય ચણા કેવી રીતે ચવાય? તેના ઉત્તરમાં કોડણકુમાર કહે છે. –

---

[1] વિજય શેખર કૃત બારમાસા.
[2] કલ્યાણસાગરસૂરિ ચઉમાસા રાસ. પૃ. ૧૦૭.
*પૃ. ૬૫૬. [1] પૃ. ૬૫૯. [2] પૃ. ૬૬૦.

એણઈ જીવઈ સુખ ભોગવ્યા, પામી વાર અનંત,
તૃપતિ નહી તુહી જીવનઈ, તે જાણઈ ભગવંતો રે. ૩.
ધન યૌવન ચંચલ ઈસ્યાં જેહ વઉ કુંજર કાંન,
તેહ સિઉ ક્ષણ નવિ રાચીઈ, આણી જિનમત જ્ઞાન રે. ૫.
સંયમસિઉ મન વેધીઉ, જિમ અલિ પુષ્પ રસ પાન,
અનુમતિ દિઉ મારી માડલી, હું માગું એટલું માનો રે. ૬.

આમ કલ્યાણસાગરસૂરિની દીક્ષા પૂર્વેના માતા – પુત્રના સંવાદને અનેક કવિઓએ વિવિધ ઋતુ વર્ણનની સહાયથી વિશેષ રસમય અને હૃદય વેધક બનાવ્યો છે.

આ જ કલ્યાણસાગરસૂરિ જ્યારે આગ્રા નગરમાં પધાર્યા એ પ્રસંગે થયેલા ભવ્ય સામૈયાને વર્ણવવામાં ઉત્તર ભારતમાં પ્રચલિત ઝડ ઝમક સભર કાવ્ય રીતિનો વિનિયોગ થયેલો જોવા મળે છે. ઉદા. ત. –

શ્રી સંઘ મઈ આનંદ ભયો દુખ ઈમ દૂરિ થયો, પૂજયકો દીદાર પાયો, તાકો બડો ભાગ રે.
ચારત અડગ મેર કીયે જન કામ ઝેર, બાલબ્રહ્મચારી મહાચલ્લ પલમાગેર.
નાનિંગ સાહ સુત નામલદે કુયરિ હુયો ગુનકો ઉથાગ રે,
વધ ગછ શેર કહિ શ્રીચંદ કબી, કલ્યાનસાગરસૂરિ આયે ભલે આગ રે.

તો ઝવેરસાગરજી 'રત્ન પરીક્ષક'ની 'શત્રુંજય તીર્થમાળા' શત્રુંજય તીર્થની અનેક નાની મોટી વિગતોનું વર્ણન કરતી રચના હોવા છતા કવિ પ્રતિભાના સ્પર્શે એક મનોહર રચના પણ બની રહી છે. કવિ મોતીશાની ટૂંકનો આધ્યાત્મિક અર્થમાં શ્લેષ કરતા કહે છે. –

* શુધ્ધ ચેતના મંડપે છઠો હેમ ભંડાર, માણેક મોતી હિરલા, હવે સત્તમ નિરધાર.
મુકતાફળ માલા જિસી ભવિ આતમ ગુણરત્ન. મોતીવાસી પરખી સદા, કરો વિધિવર જત્ન.

તો એજ રીતે 'સાકરવસી' ટૂંક માટે શ્લેષ કરતા કવિ કહે છે. –

[૧] અમૃતથી મીઠી ભલી, સાકર નિત્ય વેંચાય, મંડપમાં ભોજન તણી, માનું વિવિધ બનાય.
જ્ઞાનિજન નિશ્રે જમે અજ્ઞાની અથડાય, સાકરવસિ તે જાણીએ, નવમી ટૂંક સહાય.

કવિ પાર્શ્વનાથ ભગવાનની ઉપકારતા વર્ણવતા પણ આવી જ મનોહર શ્લેષ રચના કરે છે. –

[૨] ત્રેવીસમા તીરથપતિ સાચા, ત્રેવીસ વિષય ને ટાળે, આતમસત્તા શુધ્ધ બનાવી, પારસ પદ નિજ થાપે.
ઓર પારસ પાષાણને જગમાં, કંચન લોહ બનાવે, તે કંચનથી ફેર ન સુધરે, અનંત અધિક ગુણ ગાવે.

ત્રેવીસમાં પ્રભુ ત્રેવીસ વિષયોને દુર કરનારા છે. તેમજ શુધ્ધ આત્મસત્તાને પ્રગટ કરનારા છે, અને પોતાના જ પદ આપનારા છે. જગતમાં જે અન્ય પારસમણિ છે, તે લોઢાને સોનું બનાવે છે, પરંતુ તે સોનાથી ભવનો ફેરો ટળી જતો નથી, એ તો આજ પાર્શ્વપ્રભુની સેવાથી દૂર થાય છે.

કવિ હૃદયનો ભક્તિભાવ વિવિધ ઢાળોમાં સુંદર રીતે પ્રગટ થયો છે.

[૧] ચાલ ચાલ સખી આજ નંદીશ્વર, બાવન ચૌમુખ ભાળી
અતિશુધ્ધ થાવા આતમ સત્તા, જ્ઞાન ગુણે અજુઆલી.

[૨] તીર્થ નમીએ ભાવથી ત્રણે કાલે, નિજ આતમ શક્તિ ઉજાલે

[૩] ચૌમુખ બ્રહ્મ મળ્યા રે, વાલાજી અમને ચૌમુખ બ્રહ્મ મળ્યા રે.

તો કાવ્યમાં 'રત્નાકર પચ્ચીસી'ની યાદ અપાવે એવો કવિ હૃદયનો પશ્ચાતાપ પણ નજરે પડે છે.

[૪] મોહ મહામદ છાકથી રે, કંચન કામિની સંગ સલૂણા
નવિ દીઠો પ્રભુ તુઝ પ્રતે રે, મુક્તિપુરીનો સાથ સલૂણાં

[૧] પૃ. ૬૬૦. [૨] પૃ. ૬૬૪. [૩] પૃ. ૫૭૬. [૪] પૃ. ૬૫૦. [૫] પૃ. ૬૬૬.

અને અંતે –

" ઇણ ભવમાં યતિ વેશ ધરીને, ભ્રષ્ટ અધિક ગણાયો,
કંચન કામિની નેહ રમે હજી, મન નહી ધીરજ છાયો,
ગુરૂકૃપા શ્રધ્ધા કછુ ભાસે, શુધ્ધ ક્રિયા ઘર નાયો રે.

આમ, આ રચનામાં કવિ હૃદયના ભક્તિભાવની, શત્રુંજય તીર્થ પ્રત્યેના આદરની અને હૃદયના પશ્ચાતાપની એવી અનેકવિધ સુંદર છટાઓ જોવા મળે છે. સં. ૧૯૧૭માં રચાયેલી આ તીર્થમાળા – શત્રુંજય તીર્થ વિષેની અનેક ઐતિહાસિક વિગતોની જાણકારીની સાથે જ ભક્તિમય રચનાનો પણ અનુભવ કરાવે છે. 'સમેતશિખર ગિરિપ્રબંધ'માં યાત્રામાં આવતા વિવિધ સ્થળોના વર્ણનો પણ ભવિકનું ધ્યાન ખેંચે તેવા બન્યા છે. ખાસ કરીને વાનર, વન વર્ણન તેમજ ભયાનક વિશાળ વનનું વર્ણન નોંધપાત્ર બને છે. આ કાવ્યમાં સંઘપતિ કુંવરપાલ સોનપાલના વ્યક્તિત્વની તેજસ્વી રેખાઓ પણ સુંદર રીતે અંકિત થઈ છે. એજ રીતે સંઘપતિ દ્વારા સમેતશિખર તીર્થ પર થતી ચોવીશ તીર્થંકરની વંદના પણ એક મનોહર સ્તુતિ રચના બને છે. આમ, આ ઐતિહાસિક રાસસંગ્રહની રચનાઓનું ઇતિહાસ દ્રષ્ટિએ તો અદકુ મૂલ્ય છે જ પરંતુ સાથે સાથે જ આ રચનાઓમાંથી પસાર થનાર ભવિકને રસાસ્વાદનો પરિતોષ મળે એવા અનેક સ્થાનો પણ પ્રાપ્ત થાય છે.

આ રાસસંગ્રહમાં બારમા – તેરમા શતકથી માંડીને ઠેઠ હમણાંની વિક્રમના એકવીસમા શતકની રચનાઓ સમાવેશ પામી હોવાને કારણે ભાષા વિજ્ઞાનની દ્રષ્ટિએ પણ આ રચનાઓનો અભ્યાસ નોંધપાત્ર છે. ખાસ કરીને છેલ્લા બે ત્રણ શતકના કવિઓની રચનાઓમાં તેઓ મૂળભૂત રીતે કચ્છી ભાષી હોવાને કારણે તેમની ગુજરાતી ભાષા સંરચના પણ આ વિશેષ સંદર્ભને ધ્યાનમાં રાખી તપાસવી જોઈએ. એજ રીતે મુનિઓના આગ્રા આદિ સ્થળના વિહારને કારણે ઉર્દુ – હિંદી આદિ ભાષાનો પ્રભાવ પણ નોંધપાત્ર છે. આ સંગ્રહમાં સમાવેશ પામેલ 'નરશી નાથાનો સલોકો' માં કચ્છી–ગુજરાતી ભાષાનું સંમિશ્રણ ધ્યાન ખેંચે છે. તેમજ અન્ય કચ્છી ભાષાની રચના પણ સમાવેશ પામી છે. આમ આ રચનાઓનું ભાષા વિજ્ઞાનની દ્રષ્ટિએ પણ મૂલ્ય છે.

આ ઉપરાંત આ ગ્રંથમાં સમાવેશ પામેલી અચલગચ્છની એક વિશિષ્ટ પરંપરાની પાંચ રચનાઓનો પણ વિશેષ ઉલ્લેખ કરવો જોઈએ. સવારના પ્રતિક્રમણની સમાપ્તિ સમયે ત્રણે લોકના તીર્થોની વંદના કરવાની વિધિ અનુસાર તપાગચ્છમાં જીવવિજયજી કૃત 'સકલ તીર્થ' નામક ગુજરાતી ભાષી રચના પ્રસિધ્ધ છે. એજ રીતે અચલગચ્છમાં કલ્યાણસાગરસૂરિના સમકાલીન વાચક મૂલા કૃત 'કેવલનાણી' નામની રચના પ્રસિધ્ધ છે. ગઈ ચોવીસીના પ્રથમ તીર્થંકર 'કેવળજ્ઞાની' ની વંદનાથી આ રચનાનો પ્રારંભ થતો હોવાથી, તેના આદ્ય પદને કારણે આ રચના 'કેવલનાણી' એવા નામથી પ્રસિધ્ધ બની. તેના અનુકરણમાં વિવિધ કવિઓએ રચેલી કચ્છ કેવલનાણી, નૂતન કેવલનાણી આદિ રચનાઓ આ સંગ્રહમાં સમાવેશ પામી છે. જે અચલગચ્છની સામાચારીનું પ્રતિનિધિત્વ કરવા સાથે વિવિધ સ્થળોના જિનમંદિરોના ઉલ્લેખનો એક ઐતિહાસિક દસ્તાવેજ પણ બની રહે છે.

આદ્ય સંપાદક શ્રી પાર્શ્વે 'અચલગચ્છ દિગ્દર્શન' ગ્રંથ નિમિત્તે અનેક વર્ષો સુધી પરિશ્રમ કરી અનેક સાહિત્યિક લેખો તેમજ શિલાલેખોના પ્રમાણ મેળવી અચલગચ્છના ઇતિહાસની શક્ય એટલી વિસ્તૃત છબી આલેખવાનું કાર્ય કર્યુ હતું. આ કાર્યના સમયે પ્રાપ્ત થયેલા ઐતિહાસિક લેખોને 'અચલગચ્છ લેખ સંગ્રહ' નામે વિભિન્ન પુસ્તક રૂપે આ પૂર્વે પ્રગટ કર્યુ હતું. તેજ રીતે તેમની ઇચ્છા પ્રાપ્ત સર્વ સાહિત્યિક સંદર્ભોને 'અચલગચ્છ ઐતિહાસિક રાસસંગ્રહ' રૂપે પ્રગટ કરવાની હતી. તે પ્રકાશન કાર્ય સંજોગાવશાત પાછળ અને પાછળ ઠેલાતું જ રહ્યું. અને ગ્રંથ પ્રકાશિત થવા પૂર્વે જ તેમનું અવસાન થયું. તે સમયે આ કાર્યમાં સહયોગ કરનાર મુનિશ્રી સર્વોદયસાગરજી મ.સા.એ આ કાર્ય પોતાના મસ્તકે ઉપાડી લીધું મુનિશ્રીએ વિહાર દરમ્યાન વિવિધ નગરો–ગામોમાં જ્ઞાનભંડારોની મુલાકાત લઈ આ ઐતિહાસિક રાસના ખજાનાને વધુ અને વધુ કૃતિઓ દ્વારા સમૃધ્ધ કર્યો. એટલું જ નહી જર્મની સુધી સંપર્ક સાધી ' ગજસાગરસૂરિ નિર્વાણ રાસ' જેવી કૃતિ પ્રાપ્ત કરીને પોતાની શોધ નિષ્ઠાનું દર્શન કરાવ્યું છે. પૂજ્ય મુનિશ્રીએ કેવળ અન્યોની રચનાઓ એકત્ર કરી છે એવુ નથી, પોતે પોતાના પૂર્વ પરંપરાના પૂર્વસૂરિઓ પ્રત્યેના પોતાના આદર અને ભક્તિભાવ દર્શાવવા ' ગુરૂરાજ શતચાલીસા' નામની કૃતિની રચના કરી છે. જેની અંતિમ ૨૧ કડીઓમાં પોતાના ગુરૂ અને વર્તમાન કાળમાં અચલગચ્છના પ્રભાવને વિસ્તારનાર આચાર્ય ગુણસાગરસૂરિની ભાવપૂર્ણ સ્તુતિ ગૂંથી છે. એજ રીતે પોતાના પરમોપકારી ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરિના સમગ્ર જીવનને અષ્ટપ્રકાર ગુરૂપૂજામાં આવરી લીધુ છે. તેમની નિશ્રામાં થયેલા સમેતશિખર – શત્રુંજય આદિના દીર્ઘ ઐતિહાસિક સંઘોના વૃત્તાંત પણ આ રીતે અહી ઉલ્લેખ પામ્યા છે. આ રચનાને કારણે પ્રથમ પટધર આર્યરક્ષિતસૂરિથી પ્રારંભી તાજેતરના પટધર ગુણસાગરસૂરિ સુધીનો લગભગ નવ સૈકાના ઇતિહાસ માટેના સાધનો આ પુસ્તકમાંથી ઉપલબ્ધ થાય છે.

આદ્ય સંપાદક શ્રી પાર્શ્વ તેમજ વર્તમાન સંપાદક મુનિશ્રી સર્વોદયસાગરજી મ.સા. બન્નેનો અભિગમ પોતાના ગચ્છના પ્રાચીન ઈતિહાસને જાળવી લેવાનો છે, પરંતુ અન્ય ગચ્છો પરત્વે વાદ–વિવાદ કે વૈમનસ્યનો નથી તે નોંધપાત્ર છે. અચલગચ્છના સિધ્ધાંતોની ચર્ચા કરતી રચના ગજસાગર કૃત 'હુંડી' ની ચર્ચામાં 'તત્વં તુ કેવલીગમ્યં' કહીને પક્ષાગ્રહ વિનાની દ્રષ્ટિ રજૂ કરી છે. એ જ રીતે આ સંગ્રહના અંતભાગમાં અત્યારના જૈન સંઘના ભાગરૂપ અન્ય ત્રણ ગચ્છોની રચનાનો સમાવેશ કરી પોતાનો ઉદાર દ્રષ્ટિકોણનો પરિચય કરાવ્યો છે તે પ્રશંસનીય છે.

આ સંગ્રહ વિદ્યાપ્રીતીવાળા અભ્યાસીઓ અને તેમાં પણ ખાસ કરીને જૈન ધર્મ તેની ગચ્છ પરંપરા અને કચ્છ વિસ્તારના જૈનોની સામાજિક સ્થિતિ જેવા વિષયોમાં રસ ધરાવનારા વિદ્વાનો માટે એક મહત્વપૂર્ણ સંદર્ભ ગ્રંથની ગરજ સારશે, તે ઉપરાંત અન્ય સામાન્ય વાચકોને પણ પોતાના સમર્થ પૂર્વજોની તેજમય જીવનયાત્રાનો પરિચય કરાવનાર બનશે.

થોડુંક આ ગ્રંથના નામકરણ સંદર્ભે પણ વિચારીએ. આ ગ્રંથમાં મુખ્ય રૂપે અચલગચ્છના ઈતિહાસમાં પ્રમાણ પુરા પાડતા ઐતિહાસિક રાસો અને અન્ય કૃતિઓનો સંગ્રહ છે, માટે આદ્ય સંપાદક શ્રી 'પાર્શ્વ' ની ઈચ્છા 'અચલગચ્છ ઐતિહાસિક રાસસંગ્રહ' એવું રાખવાની હતી. વર્તમાનમાં આ ગ્રંથમાં અચલગચ્છના ઈતિહાસને સહાયક એવી અનેક પ્રકારના કાવ્ય સ્વરૂપની રચનાઓ છંદ, સ્તુતિ, કવિત, વધાવો, પૂજા, તીર્થમાળા, ચૈત્ય પરિપાટિ, બૃહત્ ચૈત્યવંદન આદિ સમાવેશ પામ્યા હોવાથી 'અચલગચ્છ ઐતિહાસિક રાસાદિ સંગ્રહ' જેવા અભિધાન દ્વારા આ ગ્રંથની ઓળખાણ નિશ્ચિત કરવામાં આવી છે.

આ ગ્રંથના આદ્ય સંપાદક શ્રી પાર્શ્વે ગૃહસ્થ હોવા છતાં હૃદયની લગનીથી એક ભેખ માફક અચલગચ્છ દિગ્દર્શન, લેખસંગ્રહ તેમજ આ પુસ્તકના સંપાદન કરવાનું 'ધૂળ ધોયા' નું પરિશ્રમપૂર્ણ કાર્ય કરી કચ્છી ભાષી જૈન સંઘ અને અચલગચ્છ માટે ખૂબજ પાયાનું કાર્ય કર્યું છે, તે માટે તેમને હૃદયના ધન્યવાદ !!! તેમજ આ અપૂર્ણ કાર્યને નિષ્ઠાપૂર્વક આગળ ધપાવનાર મુનિ સર્વોદયસાગરજી મ.સા. પણ વિશેષ આદરના પાત્ર બને છે. કચ્છના વિષમ રણમાં મુખ્ય રૂપે ધર્મરૂપ મીઠા જળને વહેતું રાખનાર અચલગચ્છરૂપ વીરડીના ભૂતકાળનો ભવ્ય ઈતિહાસ તેમજ તેના વર્તમાનની પણ આ ગ્રંથ દ્વારા ઝાંખી થશે તો સંપાદકોનો આ દીર્ઘ પરિશ્રમ તેટલે અંશે સાર્થક થશે.

આપણે સહુ આ ગ્રંથમાંથી આપણા સમર્થ પૂર્વાચાર્યો તેમજ ગૌરવવંત શ્રાવકોની ધર્મપ્રીતી અને અવિચલ ધર્મશ્રધ્ધાને જાણીએ અને આપણા જીવનમાં આ ધર્મશ્રધ્ધાને આત્મસાત કરી આજના હિંસાથી કલુષિત એવા યુગમાં વિશ્વવંદ્ય પરમોપકારી પ્રભુ મહાવીરના સંદેશને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા સમર્થ બનીએ એ પ્રાર્થના સાથે.

ડૉ. અભય ઈન્દ્રચન્દ્ર દોશી,
એ/૩૧ ગ્લેડહર્સ્ટ, ફિરોજશાહ રોડ,
સાંતાક્રુઝ (પ.) મુંબઈ – ૪૦૦ ૦૫૪
ફોન :– ૨૬૧૦ ૦૨૩૫.

ઐતિહાસિક રાસો વિશે કાંઈક

લેખક : મુનિ સર્વોદયસાગર

વિ. સં. ૨૦૫૨ની સાલમાં (૭૨) જિનાલય તીર્થની અંજનશલાકા–પ્રતિષ્ઠા પ્રસંગે મુંબઈથી કચ્છ પ્રતિ વિહાર થયો. કચ્છમાં પ્રથમ ચાતુર્માસ જન્મભૂમિ ગામ 'મેરાઉ'મા થતાં આખા ચાતુર્માસનો મુખ્ય લાભ માતુશ્રી લીલબાઈખીમજી મામણીયા (ઓલુમામા) એ લીધેલ. સહયોગમાં માતુશ્રી શાકરબેન દામજી ગંગર પણ રહ્યા. આ ચાતુર્માસમાં અનેકવિધ શાસન પ્રભાવક કાર્યો સંપન્ન થયા અને લેખક શ્રી પાર્શ્વભાઈ સાથે પત્ર વ્યવહાર થયો. યોગાનુયોગ એક પત્રમાં સરનામાં રૂપે આટલાજ શબ્દો લખાયા (શ્રી પી. વી. દુલ્લા. પારસ સોસાયટી મવડી રોડ.) આ પત્ર શ્રી પાર્શ્વભાઈને પોસ્ટ દ્વારા હાથમાં મલી જવાથી ચમકયા. કારણ પુરા એડ્રેસે પણ કાગળો મળતા ન હતા અને આટલા અધૂરા એડ્રેસે કાગળ મળ્યો. એને ઈશ્વરીય સંકેત ગણીને લાગણીથી મારી સાથે પત્ર વ્યવહાર કરતા રહ્યા. પ્રશ્નોના જવાબ આપતા રહ્યા. બીજું ચાતુર્માસ 'સુથરી' મહાતીર્થ થવાથી પાર્શ્વભાઈ રૂબરૂ મળવા આવ્યા. એક જ બેઠકમાં શ્રી ચિતુભાઈ, શ્રી કીર્તિભાઈ વિ. ઉત્સાહી કાર્યકરોએ ઐતિ. રાસની આર્થિક જવાબદારી ઉપાડી લીધી. અને પાર્શ્વભાઈએ ૪૦ વરસ પહેલા સંગ્રહિત રાસોને મઠારવાની તૈયારીમાં લાગી ગયા. એ દરમ્યાન એક વખત હસ્તપ્રતોનું નિરિક્ષણ કરવા કચ્છના એક સ્થળે પાર્શ્વભાઈને બોલાવ્યા. તેઓ રાજકોટથી આવી ગયા પણ હસ્તપ્રતો જોવા ન મળી તે નજ મળી. (ત્યારે મહાત્મા ગાંધીજીના વચનો યાદ આવ્યા. જે આજ રાસ સંગ્રહમાં ''જૈન રાસાઓ એક વિશિષ્ટ સાહિત્ય પ્રકાર.'' માં આપ્યા છે.)

કચ્છથી વિહાર કરીને અમદાવાદ આવ્યા ત્યારે ફરી પાર્શ્વભાઈને બોલાવ્યા. એલ.ડી. ઈન્ડોલોજી ઈન્સ્ટીટયુટની મુલાકાત લીધી. જ્યાંથી નવા રાસો વિ. મલ્યા. કોબાના જૈન આરાધના કેન્દ્રની મુલાકાત લીધી. ત્યાં જુની હસ્તપ્રતોની જાળવણી, જ્ઞાન પ્રત્યેની અભિરૂચિ, સહકાર આપવાની તત્પરતા જાઈને છક્ક થઈ ગયા. પાર્શ્વભાઈએ અમારી પાસે આવીને એલ.ડી. અને કોબાની પ્રશંસા કરી.

શ્રી પાર્શ્વભાઈ સાથે 'શ્રી ગજસાગરસૂરિ નિર્વાણ રાસ' માટે વાત થઈ તો એમણે જણાવ્યું કે ભારતમાં આ પ્રતિ નથી. ઈતિહાસની અમરવેલનું કાર્ય પૂર્ણ થયું અને ઐતિ. રાસનું કાર્ય ઉપડયું. ૨૨ રાસ–ફાગ–કવિત્તનું કોમ્પ્યુટર ફીડીંગ થયું. પ્રુફ ચેક કરેલ પછી અચાનક એમનો સ્વર્ગવાસ થઈ ગયો. અને પાર્શ્વભાઈનું તમામ સાહિત્ય મારી પાસે આવ્યું. જેમાં સુવર્ણાક્ષરી હસ્તપ્રતોથી લઈને સારું સાહિત્ય છે. રાસ સાહિત્ય મારી પાસે આવ્યા બાદ પ્રથમ કાર્ય 'શ્રી ગજસાગરસૂરિ નિર્વાણ રાસ' ની હસ્તપ્રત મેળવવાનો પ્રયત્ન કર્યો. મુંબઈના ગીતાબેન જૈનને વાત કરી. તેઓએ સાક્ષરવર્ય શ્રી જયંત કોઠારીને પત્ર લખીને માહિતી મંગાવી. ત્યાંથી સમાચાર મળ્યા કે આ પ્રત જર્મનીમાં છે એ ગ્રંથભંડાર બે જર્મની એક થવાથી બીજે સ્થળે ખસેડાયો છે. આ અંગે પછી રાસ સંગ્રહના કાર્યકર્તા શ્રી ચિતુભાઈ સાથે પત્ર વ્યવહાર થયો. એમના જર્મની સાથે વ્યાપારી સંબંધોને કારણે અનુકુળતા થઈ અને જર્મનીથી એ પ્રત પ્રાપ્ત થઈ.

વડોદરા ચાતુર્માસમાં નરસિંહજીની પોળમાં આવેલ જ્ઞાનભંડાર 'પ્ર. કાંતિવિજય શાસ્ત્ર સંગ્રહ'ની ૧૫,૦૦૦ હસ્તપ્રતોમાંથી ૧૦૦ જેટલી પ્રતો અચલગચ્છની મળી અને ૧૦ રાસ–ફાગ વિ. મળેલ. પાર્શ્વભાઈ પાસેથી પ્રાપ્ત થયેલી રાસ વિ. કૃતિઓની ૯૧ની સંખ્યા હતી. હાલમાં ૨૦૦ થી વધારે હસ્તપ્રતો થવા જાય છે. આજે પાર્શ્વભાઈ હયાત હોત તો કેટલીક નવી પ્રતો જોઈને વધારે આનંદિત થાત.

આજે પણ જે હસ્તપ્રતોનો ભંડાર વિદ્યમાન છે એમાં ચોક્કસાઈથી નિરીક્ષણ કરવામાં આવે તો ઘણું નવું સાહિત્ય ઉપલબ્ધ થાય એમ છે. કોમ્પ્યુટરના યુગમાં જ્ઞાનપ્રેમી શ્રીમંતોએ વ્યવસ્થિત આયોજન કરીને એક માસ્ટર પ્લાન બનાવવો જોઈએ અને પ્રત્યેક સાહિત્યને વૈજ્ઞાનિક ઢબે સાચવી લેવો જોઈએ. આજે કચ્છી સંઘ પણ કરોડોની ઉછામણીઓ અન્ય શાસનના કાર્ય અર્થેની બોલી શકે છે તો પ્રાચીન સાહિત્યના ઉદ્ધાર માટે લાખો રૂા. કેમ ન ફાળવે. આજના કલુષિત વાતાવરણમાં લાગે છે કે વો દિન કહાં.....

આ રાસોમાંથી ૩૦ જેટલા રાસોનું સંક્ષિપ્ત ભાવાર્થ વિ. પાર્શ્વભાઈએ સ્વયં તૈયાર કર્યા છે. બાકીના રાસોનાં ભાવાર્થ કરવા પંડિતજીની મદદ લેવાઈ. પંડિત શ્રી અમૃત પટેલ તથા ડૉ. જયદેવ જાનીએ સુંદર સહયોગ આપ્યો. કેટલાક રાસોના ભાવાર્થ કરવાનો મેં પ્રયત્ન કર્યો. સફળ તા પણ મળી. છતાં કેટલાક રહી પણ ગયા છે. અચલગચ્છના રાસોની સાથે ખરતરગચ્છ, તપગચ્છ, પાર્શ્વચંદ્ર ગચ્છના કેટલાક રાસો વિ. લીધા છે. તથા ૧૪ પરિશિષ્ટો મળીને શાસન પ્રભાવક શ્રમણ ભગવંતો ભાગ–૨ની ૩૫૦ પૂજ્યોની બાયોડેટા લીધી છે. તેથી આ રાસ સંગ્રહ સર્વેને ગમશે તથા લોકભોગ્ય બનશે એમાં શંકા નથી. જો પાર્શ્વભાઈ હયાત હોત તો ત્યારબાદ પ્રશસ્તિ સંગ્રહ પછી જ્ઞાતિદર્શન ૮ ભાગગોત્ર સંગ્રહ વિ. ગ્રંથો પણ પ્રકાશિત થઈ જાત. હવે કયારે થશે એ જોવાનું રહ્યું. એમના હાથની લખેલી સમગ્ર સામગ્રી મારા સંગ્રહમાં છે. મારી પાસે રાસ સંગ્રહની સામગ્રી આવી ત્યારે ૧૭ ભેદી પૂજા કથા (૫ ભાષામાં) તથા ૪૫ આગમગ્રંથ, ૫૫ સંગ્રહ (૬ ભાષામાં) પ્રાકૃત સુવેનીયર આદિ ગ્રન્થોના કાર્યો ચાલતા હતા. તેથી રાસ સંગ્રહના કાર્યમાં વિલંબ થવા સાથે નવા રાસો વિ. મળતા ગયા. છતાંય હજી કેટલીક સામગ્રી રહી જવા પામી હશે એવું લાગ્યા કરે છે.

વિ. સં., ૨૦૨૭ બાદ તરત પ્રકાશિત થનાર આ રાસ સાહિત્ય (જુઓ અચલગચ્છીય પ્રતિષ્ઠા લેખો પૃ. ૨૪૦) દીર્ઘ સમય બાદ વિ.સં. ૨૦૬૧ માં પ્રકાશિત થઈ રહ્યો છે. આ ૩૫ વર્ષના સમયમાં રાસની કૃતિઓ ઘણીવાર લખાઈ, તે તે દાયકામાં પ્રેસમાં ગઈ, સમયે સમયે જાહેરાતો અપાતી રહી પણ અકળ કારણે પ્રકાશિત થઈ નહીં. છેલ્લે વિ.સં. ૨૦૪૪માં આ રાસ અશોક પ્રિન્ટરી (પાલીતાણા) માં છપાવવાની જાહેરાત થઈ. (જુઓ આચાર્ય શ્રી દાનસાગરસૂરિ જન્મ શતાબ્દિ સ્મરણિકા) વિ.સં. ૨૦૫૪ માં પાર્શ્વભાઈએ રાજકોટમાં રાસની મેટર મારી પાસે લાવ્યા અને મારું ચાતુર્માસ પાલીતાણા થયું અને એક રોજ અશોક પ્રિન્ટરીને રાસની સામગ્રી કોમ્પ્યુટરમાં ફીડ કરવા આપી આ પણ એક સુખદ

યોગાનુયોગ ગણાય. અને કેશવજી નાયકના વારસદાર ટ્રસ્ટી શ્રી દીનેશભાઈના સહકારથી વીરબાઈ પાઠશાળાના જ્ઞાનભંડારમાંથી શ્રી કરમશીભાઈ ખોનાએ સંકલિત કરેલ ૧૫૦ પાના જેટલી રાસને લગતી સામગ્રી પ્રાપ્ત થઈ શકી તે બદલ દિનેશભાઈને સાધુવાદ આપું છું.

આ રાસસંગ્રહની નવી સામગ્રી મેળવી આપવામાં અન્ય ગચ્છના મહાત્માઓનો તથા શ્રાવકોનો સુંદર સહકાર મળ્યો છે. પૂ.આ. પદ્મસાગરસૂરિ મ. પૂ. અજયસાગરજી મ. પૂ. ભુવનચન્દ્રજી મ. તથા શ્રી જિતુભાઈ બા.દ. વિદ્યામંદિર વિધાયક શ્રી અમૃતભાઈ પટેલ, શ્રી ચંદ્રકાન્તભાઈ કડીયા, શ્રી ભરતકુમાર ચીમનલાલ – અમદાવાદ, શ્રી મનોજભાઈ – કોબા, શ્રી વાઘબાઈ – વડોદરા, નવિનભાઈ – કંચનભાઈ ડભોઈ, શ્રી હિંમતભાઈ ભાવનગર વિ. ઘણા નામી અનામી સજ્જનોને અને રાસની સુંદર અક્ષરોમાં પ્રેસ મેટર લખી આપનાર રમણલાલ કંસારા (બેમણ) પાલીતાણાને સાધુવાદ આપું છું.

આ રાસસંગ્રહની ઈન્ડેક્ષ બનાવી આપવામાં શ્રાવિકા વિજયબેન મુળજી નાગડા, થાણા – ગામ સણોસરા.

આ રાસસંગ્રહની પાછળથી મળેલ નવી સામગ્રીને વ્યવસ્થિત રીતે કોમ્પ્યુટરમાં ગોઠવીને સંપૂર્ણ બુક મુદ્રિત કરનાર નરેન્દ્ર પુનશી છેડા (દિશા પ્રિન્ટીંગ પ્રેસ, મુલુંડ) – ગામ સુથરી.

અમારી ભાવના અને પરહિતકારક બોલને ઉદારતાથી ઝીલનાર અને ''શ્રી અચલગચ્છીય ઐતિહાસિક રાસ સંગ્રહ'' ના પ્રકાશન માટે સંમતિ, સહયોગ અને હાર્દિક સાથ આપનાર શ્રી સુથરી મહાતીર્થ અને શ્રી સુથરી જૈન સંઘના ઉત્સાહી અને જ્ઞાનપિપાસી ટ્રસ્ટી મહાશયો, માનનીય વડીલ મુરબ્બી શેઠશ્રી ભવાનજી નરશી છેડા, શ્રી ચિત્તુ બી. નરશી, શ્રી કીર્તી પદમશી લોડાયા, શ્રી વિનોદ રાયચંદ ધુલ્લા, શ્રી ચેતન હંસરાજ મોમાયાને તથા સર્વે દાતાશ્રીઓને સાધુવાદ આપું છું.

આ ગ્રન્થમાં અચલગચ્છ દિગ્દર્શન–અચલગચ્છીય પ્રતિષ્ઠા લેખો, જૈન ઐતિહાસિક રાસ ભાગ ૧–૪, શ્રી આર્ય–કલ્યાણ–ગૌતમ સ્મૃતિ ગ્રન્થ – શ્રી જયશેખરસૂરિ શોધ નિબંધ – શ્રી શાસન પ્રભાવક શ્રમણ ભગવંતો. ભાગ–૧–૨ વિ. પુસ્તકોનો તથા વિવિધ સંસ્થાઓ લા. દ. વિદ્યામંદિર (અમદાવાદ) શ્રી મહાવીર આરાધના કેન્દ્ર, કોબા – પ્ર. કાન્તી વિ. શાસ્ત્ર સંગ્રહ, વડોદરા, અમરવિજય શાસ્ત્ર સંગ્રહ, ડભોઈ. જંબૂસૂરિ શાસ્ત્ર સંગ્રહ (ડભોઈ), અચલગચ્છીય જ્ઞાન ભંડાર (માંડવી), શ્રી અનંતનાથ દેરાસરના ભંડારમાંથી હસ્તપ્રત ઝેરોક્ષો મળી છે. એના સંગ્રાહક અને સંપાદકોને સાધુવાદ.

આ ગરવા ગિરિરાજની પવિત્ર છાયામાં જેમણે ઠામ ચોવિહાર એકારસણા સાથે ૯૯ યાત્રા સહ માસક્ષમણની તપશ્ચર્યા કરી, એવા નાના ભાઈ, મ.પૂ. ઉદયરત્નસાગરજી મ. તથા પિતાજી પૂ. શ્રી ચારિત્રરત્નસાગરજી મ. ની સતત પ્રેરણા–હુંફ મળતી રહી તેને કેમ વિસરાય.

અંતે પૂર્વાચાર્યોની રચનામાં ભાવાર્થ કરતાં, કરવાતાં કયાંક ભૂલચૂક થઈ ગઈ હોય, યા ક્ષતિ રહી ગઈ હોય, તો મિચ્છામિ દુક્કડમ્ લઈને વિરમું છું.



ગુરૂ ગીત

દૂહા

સરસ વચન દિહ સરસતી પ્રણમૂં સદ્ ગુરું પાય,
એ મુનિવર મહિયલ વિચરતાં સર્વ જગ જીવદયાલ. ૧.

મેઘરાજ નંદન જગિ જઉ બહીના સુત ગુણધાર,
હીરસાગર ઉવઝાય ગુરૂ વંદિ પાતિક જાઈ. ૨.

હીરા વિગરિ નીપજીઈ જીમ સિપ સમુદ્રમાંહિ,
વિધિ પક્ષિ ગચ્છિ ગુરૂ દીપતાં ભવીજન માન સોહાય. ૩.

દીપક ઘર ઉજુયાલિઉ ઉરૂનિચિત્ર સાલઈ,
હીરજી ગચ્છ અજુયાલિઉ પીહરની મોસાલઈ. ૪.

અલપ સંસારી જે પ્રાણી જે વંદિ રુખીરાજ
પાઠક સકલ કલાઘણી ભવિજન સારિ કાજ. ૫.

હરખ ઘણિ હઈડિ સ્તવ્યા પ્રભુ દૂરગતિના દુઃખ ટાલિઈ,
કવિ જસો રુખી ઈમ વીનવીઈ માહરી આવાગમણ નીવારી. ૬.

ઈતિ દૂહા રાગ ગુડી ઉપાધ્યાય હારસાગરસજઝાય કર્તા–જસોઋષિ

ગુજર ખંડ સોહામણઉ ઘન તે વીરમગામ,
તિહાં વસિ વિવહારીયા સાહા મેઘજી એહવું નામો રે. ૧.

સદ્ગુરૂ મુઝ મળ્યા તેહ મનમાંહિ ચીતવી રે,
અથિર એહ સંસાર દીઠઉ કુલજુગ કારિમઉ લીધું સંયમ ભારો રે. ૨. સદ્.

હીરસાગર ઈમ બોલિયા કિસીય વિમાસણ આજ,
તુંમ્હ સમીપિ સંયમલીઉ હૂં સારૂ આતમા કાજો રે. ૩. સદ્.

સીલી જંબુ સારિખા વિદ્યાઈ વિરકુમાર,
લબધિ ગુરૂ ગૌતમસમા સાધજી એહ અણગારો રે. ૪. સદ્.

પિતા સહીત સંયમ ગ્રહી પાલિ નિરતીચાર,
સર્વ જીવ હિતકારણી નિરધારાં આધારો રે. ૫. સદ્.

સતર ભેદ સંયમ સદા પંચ મહાવ્રત ધાર,
સુમતિ ગુપતિ કરી સોભતા એ ગુરૂ ભવિજનકુ આધારો રે. ૬. સદ્.

ચંદ્રતણી પરિઈ ચકતી કલાં દિનકર તપિ જીમ ભાણ,
અખંડ પ્રતાપી સાધજી જીનવર વિહઈ સુધી આણા રે. ૭. સદ્.

હીરસાગર સદ્ગુરૂ સહી, કીરિયાસમુ અનકોઈ,
મિ જગ સઘલું જોઈઈઉ દીઠઉ અવર ન કોએ રે. ૮. સદ્.

વિધિપક્ષ ગચ્છનું રાજવી શ્રી કલ્યાણસાગરસૂરિંદ,
હીરસાગર અવિચલ હોઈ સંયમ ગુણે સધીરો રે. ૯. સદ્.

દોઈકર જોડી વીનવીઈ જસો રુષિ સેવક સાધ,
સાચુ સાહિબ તું મલ્યો ચરણ ન છોડું લાધો રે. ૧૦. સદ્

॥ ઈતિ ગુરૂ ગીતં ॥

સાધુ ગીત

જસોઋષિ ગીત રાગ મલ્હાર શ્રાવિકા વાલ્હા

સીયલ સિણગાર પહિરયો જસિ રષિ ત્એતો સાધ સિણગાર રે,
મોક્ષ મારગ અજુયાલિઉ તિહાં નહી મરણ ગર્ભવાસ રે.
ધન ધન જસો અણગારજી. ૧.

શ્રી સંઘ ખોલા પાથરી જસા રુષિ રહોનિ ચુમાસિ રે,
વલી વલી શ્રી સંઘ વીનવિ જીમ પુગિ મન તણી આસ રે. ૨. ધ

સંતોષ કાજલ સારયા નયણલે સાચો વયણ તંબોલ રે,
વિવેક ટીલૂ માથઈ તપતપઈ જીવદયા કુંકુમ રોલ રે. ૩. ધ

સમકિત વાટ સોહામણી સંયમ વિહિલ વિલંબ રે,
તપ જપ ધોરી બી જોતરયા ભાવના રાસિ ઉલ્લાસિ રે. ૪. ધ

મધુકર જીમ કરઈ ગોચરી લીઈ સૂઝતુ આહાર રે,
તે પણિ નીરસ થોડિલું દીઈ દેહીને આધાર રે. ૫. ધ

ઘરમાંહિ છઈ સૂંદર લોબડી જાણુઉઠી જસો રુષિ સાધૂ રે,
જનમ સફલ હોઈ માહરો સારો(૨) સેવકના કાજ રે. ૬. ધ

જસા રુષિના ગુણ ગાઈસિઈ તેહનિ લાભ અનંત રે,
કર જોડી બાઈ વાલ્હાં વીનવિ તેનિ સિધઉ પંથ રે. ૭. ધ

॥ ઈતિ સાધુ ગીતં ॥

જસોઋષિ સજ્ઝાય રાગ આસાઉરી કર્તા-વાચક મહીચંદ

જીનવરસું મેરૂ મન લીનઉ સયલ જીણેસર પય નમી ગુણ ગાઉ
શ્રી રુષિરાય રે,
નામિ નવનિધિ અષ્ટ મહાસિધિ દરસણઈ પાતિક જાઈ રે. ૧.

વંદઉ ભવીયાં સાધ સરોમણિ મોહનવેલી કંદ રે,
ધના અણગાર સમોવડિ જસોરુષિ મુખસોહિઈ પૂનિમ ચંદ રે. ૨. વં

પ્રેમવતી પદમિની જીણિં છોડી મોડી મદન વિકાર રે,
ઉગ્ર ક્રિયા તપ કાઉસગ્ગકારી ઉપસમ રસ ભંડાર રે. ૩. વં

પંચ મહાવ્રત દૂકર પાલિઈ સુમતિ ગુપતિ ગુણધાર રે,
દોષ બઈતાલીસ દુરિ ટાલિઈ મનિ સુધિ લીઈ આહાર રે. ૪. વં

છઠ અઠમ પ્રમુખ તપકારી વિગઈ પંચનુ નીમ રે.
નૌતન વસ્ત્ર સદા પરિત્યાગી તિણિં અધિકી સોહઈ સીમ રે. ૫. વં

ભદ્રબાહૂના સીસ ચિહું જીમ ખમઈ પરી સહ સીત રે,
ઉષ્ણ કાલિઈ આતાપ નાલીઈ અરહટ્ટક પરિ ધીર રે. ૬. વં

કઠન ક્રિયા તપ કાઉસગ્ગ કારી જ્ઞાન ધ્યાન સૂં મનલીન રે,
ક્રોધ માન માયા મદ વારી લોભિ તજી નહી દીન રે. ૭. વં

સાધુ વિરાગી જંબુની પરિ અભિનવુ મેઘમુણિંદ રે,
સંજીત મૃગાપુત્ર સમરાજીઈ ગુણઅનંત નહી પાર રે. ૮. વં

ધન(૨) સાખાદેવા નંદ કેરી ધન ધન મુરધર દેશ રે,
એહવાં રતન જીહાં ઉપનાં ધન પાલીપુર નિવેસ રે. ૯. વં

મંત્રી વિક્રમ કુલ દિવાયર ધન કનકાદે માતરે,
એકોતેરસો પરિયા તારયા ત્રિભુવન જસ વિખ્યાત રે. ૧૦. વં

ગુણ અનંત જીવ્હા મુખ એકજ કહિતાં નાવિ પાર રે,
કોડિ જીભ કોડિ વરસ પ્રતિ ગુણ અનંત ભંડાર રે. ૧૧. વં
શ્રી હીરસાગર ઉવઝાય તણઉ શિષ્ય મોટઉ મહા મુનિરાય રે,
સુધ્ધ મારગ જે સંયમપાલિ ષટ્ વિધ જીવ દયાલ રે. ૧૨. વં

વાચક મહીચંદ ઈણિપરી બોલિ બેકર જોડી હેવ રે,
તપ જપ બહૂં કરિ મહિયલિ પ્રતપો પ્રણમિઈ સુરપતિ દેવ રે. ૧૩. વં

॥ ઈતિ સાધુ ગીતં ॥

જસોઋષિ ગીત રાગ માઇણી કર્તા–મુનિ વીરજી

શ્રી જસો રુષિ રે સાધ શરોમણિ ગાઈય રે પાલિઈ પંચાચાર.
પંચ મહાવ્રત ધારક ગુણ નિલુ રે છ કાયનુ રે આધાર. ૧. જ

પાંચઈ આશ્રવ જેણિઈ પરિહરયા રે ત્રણિ ગુપતિ ધરઈસાર,
બાવીસ પરીસહ જીપઈ સાધુજી રે, ભાવય ભાવના બાર. ૨. જ

મુનિવર વચરિ ઈરયા સોધતુ રે દોષ રહીત લિઈ આહાર,
જીહ્વર આણ સૂંધી નદિધરિ રે, વચન અમૃત રસાલ. ૩. જ

માયા રહીત તે રાજીઉ રે ષિમા તણો ભંડાર,
વિનય ગુણે કરી મુનિ મહિમા નિલુ રે લોભિ નહી અંગઈ મઝારી ૪. જ

ઈંદ્રી પાંચઈ સંયમ સંવરાં રૈ મૃષા ન ભાષણ હાર,
અદિત્ય અસૌચિજ અંગીથી અપ હરઈ રે પરિગ્રહઈ નહી રે લગાર. ૫. જ

દૂકર તપ તે મુનિ સહજઈ કરઈ રે છઠ એકાંતર કાર,
એક વિગઈ તે તપ પારણિ લીઈ રે બીજી નહી નિરધાર. ૬. જ

નવ વિધ સૂંધું બ્રહ્મવ્રત ધરિ રે, નલીઈ સરસ આહાર,
ભમર તણી પરિનીરસ થોડિલુ રે દેહી દીઈ આધાર. ૭. જ

લીઈ મુનિ ઉન્હાલિ આતાપના રે સીત નવસ્ત્ર વિચાર,
વિર્ષાકુર્મ તણી પરિ મુનિ રહઈ રે લેપ નહી લગાર. ૮. જ

કામી નર સુર સુભદ પાય પડિ રે, ત્રણિ સમી ગણિઈ તે નારિ,
કંચણ પાહણ સમોવડિ જે ગણિ રે ઉપસમ રસનુર ભંડાર. ૯. જ

નાહણ ધોયણ ચંદન ચરચ ના રે અંગ વિભુષા વિચાર,
જાવ જીવ પચખાણ જેણિંકીયુ રે નવ કલ્પી કરઈત વિહાર ૧૦. જ

પ્રેમવતી જેણિં પદમની પરિહરી રે, પરિહરીઉ પરિવાર,
ઉસવંશિ ઉદયુ સાધુજી રે સોમવદન સદાચાર. ૧૧. જ

ધન(૨) મુરૂધર તે દેસ સોહામણઉ રે ધન પાલીપુર સાર,
ધન કનકાદે કું ખિઈ ઉપનુ રે સાહ વીકમ કુલ સિંણગાર ૧૨. જ

ધન નરનારી મુનિ જે વંદસઈ રે સ્તવસઈ ગુણવિસ્તાર,
મન વાંછિત સુખ લહિસિ સાસ્વતાં રે તે તરસઈ સંસાર ૧૩. જ

ધન ઉવઝાય તે હીરસાગર ગરૂ રે જેણિ સીખવીઉ આચાર,
વીરજીતસ પાઈ પ્રણમઈ પ્રેમસિઉ રે સમય(૨) સતવાર. ૧૪. જ

॥ ઈતિ સાધુ ગીત સંપૂર્ણ ॥

પત્તને અંચલગચ્છે ઉ. શ્રી હીરસાગર ગણિ તત્સષ્ય મુનિ લાલજી
લિખિતં. સંવત્ ૧૬૮૨. વર્ષે આસાઉ વદિ ૧૪. શુક્રે લિખિતં. ॥

ચોમાસૂં ગુરૂજી કીજેજી – શ્રાવક ઉધવજી

ચોમાસૂં ગુરૂજી કીજેજી, મોરા વિધિ પખિરાય રે,
સ્વામી દરસણ દીજેજી, દીવબંદર પૂર માંહિ રે.
કોડણજી આવ્યે શ્રવ સુખ થાઈ રે.
હૂં નતિ પ્રતિ પ્રણમૂં તમ્હારા પાય રે.
ચોમાસૂં ગુરૂજી કીજેજી, મોરા વિધિ પખિરાય રે. ૧.

સતરમે પાટિ શ્રી ધરમમૂરતિ ગોર સીસ રે,
તેણે થાપા શ્રી કલ્યાણસાગર સૂરીસ રે,
હૂ નાના સૂત પ્રતપો કોડિ વરીસ રે,
નામલદે માતા જનમ્યા મૂનીસર હીસ રે. ચોમાસૂં
સંવત સોલ ઉગણપંચાસે પદવી દીધ રે,
તેના મંત્રી ગોવ્યંદે ઉછવ કીધ રે,
વવધિ પરે લખિમીનો લાહો લીધ રે,
માનવ ભવ એણી પરિ સુભ કીધ રે. ચોમાસૂં
અંચલ ગચ્છિ ઉદ્યોત કરણ ગોડીપાસ રે,
પૂયન વિલખે આવીને સર્વેનિ પૂરો આસ રે,
યમ સંઘ સહૂ થાહે લીલ વિલાસ રે.
બે કર જોડી વીનવે ઉધવજી દાસ રે.
ચોમાસૂં ગુરૂજી કીજેજી, કીજેજી, મોરા વિધિ પખિરાય રે.
સ્વામિ વલી દીહ તેજ રે.

શ્રી અચલગચ્છીય ઐતિહાસિક રાસ સંગ્રહ

અનુક્રમણીકા

પાના નં. વિગત પ્રસ્થાપના

જૈન રાસાઓ એક વિશિષ્ટ સાહિત્ય પ્રકાર – લેખક : શ્રી પાર્શ્વ

X સાહિત્ય પ્રેમી શ્રી 'પાર્શ્વ'નો પરિચય

XI પ્રસ્તાવના :– અચલગચ્છીય ઐતિહાસિક રાસાદિ સંગ્રહ – લેખક : ડૉ અભય દોશી (પી.એચ.ડી)

XXI ઐતિહાસિક રાસો વિશે કાંઇક..... લેખક : પ. પૂ. મુનિ શ્રી સર્વોદયસાગરજી મ. સા.

ખંડ – ૧ મુખ્ય પાટ પરંપરા (પેજ નં. ૧ થી ૬૦)

ખંડ – ૨ મુખ્ય પાટ પરંપરા (પેજ નં. ૬૧ થી ૧૩૪)

ખંડ – ૩ ગૌણ પરંપરા (પેજ નં. ૧૩૫ થી ૧૪૮)

ખંડ – ૪ ધર્મપ્રેમી શ્રાવકોના સુકૃત્યો અને સલોકો (પેજ નં. ૧૪૯ થી ૨૭૮)

ખંડ – ૫ અચલગચ્છીય ગુર્વાવલી તથા સ્તવનો (પેજ નં. ૨૭૯ થી ૪૦૦)

ખંડ – ૬ ચૈત્ય પરિપાટી કેવલનાણી અને અન્ય રચનાઓ (પેજ નં. ૪૦૧ થી ૪૬૨)

ખંડ – ૭ અન્ય ગચ્છોની રચનાઓ (પેજ નં. ૪૬૩ થી ૫૫૫)

ઐતિહાસિક રાસો અને પદ્યોનું પર્યાલોચન

ખંડ – ૧ મુખ્ય પાટ પરંપરા

પા. ક. વિગત પ્રસ્થાપના

૧. (૧) શ્રી યશોધન ભણશાલીનું કવિત્ત.

૨. (૨) અચલગચ્છીય ગુર્વાવલી.

૯. (૩) શ્રી જંબુસ્વામી રાસ.

૧૫. (૪) જંબુસ્વામી ગીતં કર્તા : શ્રી વિજયશેખર.

૧૬. (૫) શ્રી મેરુતુંગસૂરિ રાસનો સાર.

૧૯. (૫) શ્રી મેરુતુંગસૂરિ રાસ. કર્તા : અજ્ઞાત.

૨૮. (૬) શ્રી મેરુતુંગસૂરિ વિનંતિ ગીત.

૨૯. (૭) શ્રી મેરુતુંગસૂરિ ગુરુ છંદાસિ ભાવાર્થ – ૧.

૩૦. (૮) ગચ્છેશ શ્રી મેરુતુંગસૂરિ ગુરુ છંદાસિ ભાવાર્થ – ૨.

૩૧. (૯) શ્રી મેરુતુંગસૂરિ ગુરુ છંદાસિ ભાવાર્થ – ૩.

૩૨. (૯) શ્રી મેરુતુંગસૂરિ ગુરુ છંદાસિ કર્તા : ધર્મચંન્દ – ૩.

૩૨. (૧૦) શ્રી મુનિશેખરસૂરિ ગુરુ છંદાસિ ભાવાર્થ.

૩૩. (૧૧) શ્રી જયશેખરસૂરિ ફાગ ભાવાર્થ.

૩૪. (૧૧) શ્રી જયશેખરસૂરિ ફાગ કર્તા : અજ્ઞાત.

૩૫. (૧૨) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદાસિ ભાવાર્થ.

૩૬. (૧૨) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદાસિ.

૩૬. (૧૩) શ્રી જયશેખરસૂરિ ગુરુ કવિત્ત ભાવાર્થ.

૩૭. (૧૩) શ્રી જયશેખરસૂરિ ગુરુ કવિત્ત.

૩૭. (૧૪) શ્રી જયશેખરસૂરિ ગુરુ કવિત્ત ભાવાર્થ.

૩૮. (૧૪) શ્રી જયશેખરસૂરિ ગુરુ કવિત્ત.

૩૮. (૧૫) શ્રી જયશેખરસૂરિ ગુરુ તલહરઉ – ભાવાર્થ.

૩૮. (૧૫) શ્રી જયશેખરસૂરિ ગુરુ તલહરઉ.

૩૯. (૧૬) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદ – ભાવાર્થ.

૩૯. (૧૬) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદ કર્તા – માણેક્યમુનિ.

૪૦. (૧૭) શ્રી જયશેખરસૂરિ ગુરુભાસ – ભાવાર્થ.

૪૦. (૧૭) શ્રી જયશેખરસૂરિ ગુરુભાસ.

૪૧. (૧૮) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદાસિ – ભાવાર્થ.

૪૨. (૧૮) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદાસિ.

૪૨. (૧૯) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદાસિ – ભાવાર્થ.

પા. ક. વિગત પ્રસ્થાપના

૪૩. (૧૯) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદાસિ. કવિ કોટિર.

૪૩. (૨૦) શ્રી જયકીર્તિસૂરિ ફાગ – ભાવાર્થ.

૪૪. (૨૦) શ્રી જયકીર્તિસૂરિ ફાગ.

૪૫. (૨૧) શ્રી જયકીર્તિસૂરિ ગુરુ સ્તુતિ.

૪૬. (૨૨) શ્રી પદ્મમૂર્તિ ગણિ ફાગ.

૪૬. (૨૨) શ્રી પદ્મમૂર્તિ ગણિ ફાગ કર્તા : મુનિ રંગતિલક.

૪૭. (૨૩) શ્રી સિધ્ધાંતસાગરસૂરિ ભાસ. (૪૭ થી ૪૯)

૪૭. (૨૪, ૨૫) શ્રી સિધ્ધાંતસાગરસૂરિ ભાસ તથા ગીત.

૪૮. (૨૩) શ્રી સિધ્ધાંતસાગરસૂરિ ભાસ કર્તા : અજ્ઞાત.

૪૮. (૨૪) શ્રી સિધ્ધાંતસાગરસૂરિ ભાસ કર્તા : રંગવર્ધન ગણિ.

૪૯. (૨૫) શ્રી સિધ્ધાંતસાગરસૂરિ ધવલ.

૪૯. (૨૬) શ્રી સિધ્ધાંતસાગરસૂરિ, શ્રી ભાવસાગરસૂરિ ગુરુફાગ.

૪૯. (૨૭) શ્રી ભાવસાગરસૂરિ ગુરુ ભાસ.

૫૩. (૩૨) શ્રી ભાવસાગરસૂરિ સ્તુતિ.

૫૩. (૩૩) શ્રી ગુણનિધાનસૂરીશ્વર ગુણ સ્તુતિ.

૫૪. (૩૪) શ્રી ધર્મમૂર્તિસૂરિ જકડી.

૫૫. (૩૪) ધર્મમૂર્તિસૂરિ જકડી કર્તા : ઋષિ સામંત.

૫૫. (૩૫) શ્રી ધર્મમૂર્તિસૂરિ સજ્ઝાય – ભાવાર્થ.

૫૬. (૩૫) શ્રી ધર્મમૂર્તિસૂરિ સજ્ઝાય કર્તા : કવિ વિજયહંસ.

૫૬. (૩૬) શ્રી ધર્મમૂર્તિસૂરિ ફાગ.

૫૮. (૩૭ થી ૩૯) શ્રી ધર્મમૂર્તિસૂરિ ગીતોનો સાર.

૫૮. (૩૭(૧)) શ્રી ધર્મમૂર્તિસૂરિ ગીતો કર્તા : ઋષિ મંગલ.

૫૮. (૩૮(૨)) શ્રી ધર્મમૂર્તિસૂરિ ગીતો.

૫૯. (૩૯) ઇતિ શ્રી ધર્મમૂર્તિસૂરિ ગીત – ઋષિમંગલ કૃત.

૫૯. (૪૦ થી ૪૨) શ્રી ધર્મમૂર્તિસૂરિ સ્તુતિ કર્તા : વિજયકર.

૬૦. (૪૧) પૂ.આ.શ્રી ધર્મમૂર્તિસૂરિ ગીતકર્તા : હીરશેખર શિષ્ય.

૬૦. (૪૨) આગમ નામ ગર્ભિત ગુરુ સ્તુતિ કર્તા : સામંતઋષિ.

૬૧. (૪૩) શ્રી ધર્મમૂર્તિસૂરિ ગીત ભાવાર્થ.

૬૧. (૪૩) શ્રી ધર્મમૂર્તિસૂરિ ગીત કર્તા : ધર્મસુંદર ગણિ.

ખંડ – ૨ મુખ્ય પાટ પરંપરા

પા.	ક્ર.	વિગત પ્રસ્થાપના
૬૧.	(૪૪)	યુગપ્રધાન શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરાણ અષ્ટકં લિખ્યતે.
૬૨.	(૪૪)	શ્રી કલ્યાણસાગરસૂરિ ચઉમાસા રાસ સાર.
૬૨.	(૪૫)	શ્રી કલ્યાણસાગરસૂરિ ચઉમાસા રાસ કર્તા: વિજયશીલ.
૬૩.		ઢાળ – ૨ – ૩– ૪
૬૪.		ઢાળ – ૫ – ૬ – ૭
૬૫.		કળશની ઢાળ.
૬૫.	(૪૬)	શ્રી કલ્યાણસાગરસૂરિ કવિત્ત.
૬૫.	(૪૭)	શ્રી કલ્યાણસાગરસૂરિજી ભૂજ પ્રવેશ પદ્ય સાર.
૬૬.	(૪૮)	શ્રી કલ્યાણસાગરસૂરિજી બારમાસી.
૬૬.	(૪૯ થી ૫૨)	પૂ. આ. કલ્યાણસાગરસૂરિ ચારભાસ કૃતિઓનો સાર.
૬૭.	(૪૯ થી ૫૨)	શ્રી કલ્યાણસાગરસૂરિના ચાર ભાસ.
૬૮.	(૫૩)	શ્રી કલ્યાણસાગરસૂરિ નિર્વાણ રાસ સાર.
૬૮.	(૫૩)	શ્રી કલ્યાણસાગરસૂરિ નિર્વાણ રાસ.
૭૩.	(૫૪)	પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ ગુરુ સ્તુતિ – ભાવાર્થ.
૭૩.	(૫૪)	પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ ગુરુ સ્તુતિ.
૭૪.	(૫૫)	પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ ગુરુગુણ સ્વાધ્યાય – ભાવાર્થ.
૭૪.	(૫૫)	પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ ગુરુગુણ સ્વાધ્યાય બારમાસા.
૭૭.	(૫૬)	પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ છંદ ભાષા.
૮૨.	(૫૭ થી ૬૦)	પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ – ગીત ભાવાર્થ.
૮૨.	(૫૭)	પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ ગીત.
૮૨.	(૫૮)	પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ ગીત.
૮૩.	(૫૯)	પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ ભાસ.
૮૩.	(૬૦)	પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ ગીત.
૮૩.	(૬૧ થી ૭૪)	પૂ.આ.શ્રી કલ્યાણસાગરસૂરિની ૧૪ સ્તુતિનો ભાવાર્થ.
૮૮.	(૭૫)	મદન સંવાદ.
૯૦.	(૭૬)	પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ પ્રવેશ ગીત.
૯૦.	(૭૭)	શ્રી કલ્યાણસાગરસૂરિ આગ્રા પ્રવેશ કવિત્ત.
૯૧.	(૭૮)	શ્રી ગુરૂભાસ.
૯૨/૯૩.	(૮૦ થી ૮૨)	ગહુંલી સાર – રાસ.
૯૫/૯૬.	(૮૩)	શ્રી કલ્યાણસાગરસૂરિની ગુણગર્ભિત ૧. અષ્ટપ્રકારીપુજા ૨. આરતી ૩. મંગલદીવો.
૯૭.	(૮૫)	દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની દશવિધ યતિ ધર્મપૂજા.
૯૮.	(૮૬)	શ્રી અમરસાગરસૂરિ બારમાસા.
૯૮/૯૯.	(૮૭)	શ્રી અમરસાગરસૂરિ ભાસ.
૯૯.	(૮૮)	શ્રી અમરસાગરસૂરિ ગુરુ ભાસ – ભાવાર્થ.
૧૦૦.	(૮૯)	પૂ. આ. શ્રી અમરસાગરસૂરિ સ્તુતિ.
૧૦૧.	(૯૦)	મુનિ ખીરસાગરકૃત શ્રી અમરસાગરસૂરિ સ્તુતિ.
૧૦૧.	(૯૧)	શ્રી વિદ્યાસાગરસૂરિ સ્તવન – ભાવાર્થ.
૧૦૨.	(૯૨)	શ્રી વિદ્યાસાગરસૂરિ નિર્વાણરાસ તથા સાર.
૧૧૦.	(૯૩)	શ્રી પૂજ્ય શ્રી કીર્તિસાગરસૂરિજીની ગહુંલી – ભાવાર્થ.
૧૧૦/૧૧૧.	(૯૪)	શ્રી પૂજ્ય શ્રી પુણ્યસાગરસૂરિજીની ગહુંલી – ભાવાર્થ.
૧૧૧.	(૯૫)	શ્રી રાજેન્દ્રસાગરસૂરિજી ગીત.
૧૧૧.	(૯૬)	શ્રી પૂજ્ય શ્રી મુક્તિસાગરસૂરિજીની ગહુંલી – ભાવાર્થ.
૧૧૨.	(૯૭)	શ્રી પૂજ્ય શ્રી રત્નસાગરસૂરિજીની ગહુંલી – ભાવાર્થ.
૧૧૨/૧૧૩.	(૯૮)	શ્રી પૂજ્ય શ્રી ભટ્ટારકશ્રી વિવેકસાગરસૂરિજીની નિશ્રામાં સુથરી ગામે ઉજવાયેલ દીક્ષા મહોત્સવ પ્રસંગની ગહુંલી.
૧૧૩.	(૯૯)	અંતિમ શ્રી પૂજ્ય આ. શ્રી જનેન્દ્રસાગરસૂરિજી.
૧૧૪.	(૯૯)	શ્રી પૂજ્ય આ. શ્રી જનેન્દ્રસાગરસૂરિજીનું કવિત્ત – પાનાચંદ.
૧૧૪/૧૧૫.	(૧૦૦)	શ્રી પૂજ્ય આ. શ્રી જનેન્દ્રસાગરસૂરિજીની ગહુંલી
૧૧૫.		અચલગચ્છાધિપતિ પ. પૂ. દાદાસાહેબ શ્રી ગૌતમસાગરસૂરિજી મ.સા.ની ૧૧ રચનાનો ભાવાર્થ.
૧૧૬.	(૧૦૧)	પૂ. આ. શ્રી ગૌતમસાગરસૂરિજી મહારાજની ગહુંલી.
૧૧૬.	(૧૦૨)	પ. પૂ. દાદાસાહેબ અચલગચ્છાધિપતિ આ. ભ. શ્રી ગૌતમસાગરસૂરિજી મ.સા.નાં ગુણગાન. રચયિતા: પ. પૂ. આચાર્યદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.
૧૧૭.	(૧૦૩ થી ૧૦૫)	મહારાજશ્રીના આગમન વખતે છોકરાઓને ગાવાના ગાયન – રચના: છગનલાલ.
૧૧૭.	(૧૦૬)	કલ્પસૂત્ર વ્યાખ્યાન ૯ ની ગહુંલી.
૧૧૮.	(૧૦૭)	વિહાર વખતે ગાવાની ગહુંલી.
૧૧૯.	(૧૦૮)	સમવસરણનો રાસડો.
૧૧૯.	(૧૦૯)	સમવસરણનું સ્તવન.
૧૨૦.	(૧૧૦)	સમવસરણ ગરબો.
૧૨૧.	(૧૧૧)	અચલગચ્છાધિપતિ પૂ. ગુરૂદેવ શ્રી ગૌતમસાગરસૂરિજી મ. સા. નું ચોઢાળીયું.
૧૨૬.	(૧૧૨)	પૂ. ગણિ નીતીસાગરજી કવિત્ત.
૧૨૭.	(૧૧૩)	પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ ગુરૂ પૂજા. રચના : મુનિરાજ શ્રી સર્વોદયસાગરજી મ. સા.
૧૩૩.		કળશ, ગુરૂની આરતી.
૧૩૪.		દીવો.

ખંડ – 3 ગૌણ પરંપરા

પા.	ક્ર.	વિગત પ્રસ્થાપના
૧૩૫.	(૧૧૪)	શ્રી રત્નસાગર ઉપાધ્યાય ગુરૂ ગુણચોવીશી ભાવાર્થ.
	(૧૧૪)	શ્રી રત્નસાગરોપાધ્યાય ગુરૂગુણ ચોવીશી.
૧૩૭.	(૧૧૫)	શ્રી મેઘસાગરોપાધ્યાય ગહુંલીનો ભાવાર્થ.
	(૧૧૫)	શ્રી મેઘસાગરોપાધ્યાય ગુરૂ ગહુંલી.
૧૩૭.	(૧૧૬)	શ્રી ગજસાગરસૂરિ નિર્વાણ રાસ સાર.
૧૩૯.	(૧૧૬)	શ્રી ગજસાગરસૂરિ નિર્વાણ રાસ.
૧૪૩.	(૧૧૭)	શ્રી ગજસાગરસૂરિ છંદ.
૧૪૪.	(૧૧૮)	શ્રી પુણ્યરત્નસૂરિ ગીત.
૧૪૫.	(૧૧૯)	શ્રી ગુણરત્નસૂરિ કવિત્ત.
	(૧૨૦)	શ્રી તેજરત્નસૂરિ સજ્ઝાય.
૧૪૬.	(૧૧૭)	શ્રી ગજસાગરસૂરિ છંદ કર્તા: પૂણ્યરત્નસૂરિ.
૧૪૭.	(૧૧૮)	શ્રી પૂણ્યરત્નસૂરિ ગીત (છપ્પય).
	(૧૧૯)	શ્રી ગુણરત્નસૂરિ કવિત્ત (છપ્પય).
૧૪૮.	(૧૨૦)	શ્રી તેજરત્નસૂરિ સજ્ઝાય.

ખંડ – ૪ ધર્મપ્રેમી શ્રાવકોના સુકૃત્યો અને સલોકો

પા. ક. વિગત પ્રસ્થાપના
૧૪૯. (૧૨૧) વીસરીયા મોતા મંત્રી જેસલ અને જેતાશાનું કવિત્ત.
૧૫૦. (૧૨૧) વીસરીયા મોતા મંત્રી જેસલ અને જેતાશાનું કવિત્ત (છપ્પય)
(૧૨૨) શ્રી મંત્રી વકીયા શાહનું કવિત્ત.
૧૫૧. (૧૨૩) શાહ વાઘારો કવિત્ત.
(૧૨૪) અથ ખેતશી જીવાઉ તરો કવિત્ત.
૧૫૨. (૧૨૫) શ્રી ઓશવાલ ઉત્પતિ ગીત – દુહા – છંદ.
(૧૨૬) શાહ શ્રી લીલાધર સંઘવીનો રાસ – ભાવાર્થ.
૧૫૭. (૧૨૭) શ્રી લીલાધર સંઘવીનો રાસ કર્તા – મુનિસૂરજી.
૧૭૪. (૧૨૮) શાહ રાજસિંહ નાગડા રાસડ.
૧૮૮. (૧૨૯) શાહ રાજસિંહનો રાસ.
૨૦૩. (૧૩૦) સરિઆદે રાસ ।। પૂ. ।। ૐ નમ:।।
૨૦૪. (૧૩૧) રાંણાદે રાસ.
૨૦૫. (૧૩૨) નાગડા ગોત્ર ઉત્પતિ સંબંધિ કથા.
(૧૩૩) હરીઆ વંશ પ્રશંસા રાસ – ભાવાર્થ.
૨૦૬. હરીઆ વંશ પ્રશંસા રાસ
૨૦૯. (૧૩૪) શ્રી સમેતશિખર ગિરિ પ્રબંધ કર્તા – પૂ. જસકીર્તિ.
૨૧૫. શ્રી સમેતશિખરગિરિ પ્રબંધ કર્તા: ગુણવર્ધન ગણિ।
૨૪૬. (૧૩૫) શ્રી કોરપાલ સોલપાલ લોટા ગુણ પ્રશંસા કવિત્ત.
પા. ક. વિગત પ્રસ્થાપના
૨૪૭. (૧૩૬) શ્રી શત્રુંજય તીર્થ – શ્રી ગિરનાર તીર્થના સંઘપતિ શ્રી ગુલાલચંદ સંઘવીનો સલોકો.
૨૫૬. (૧૩૭) વીર પાટ પરંપરા – ગચ્છઉત્પતિ – પટધરોના ગુણવર્ણન તેમજ સુરતનાં અચલગચ્છીય શ્રેષ્ઠિવર્યો: ગુણવર્મા રાસ પ્રશસ્તિ.
૨૬૨. (૧૩૮) શ્રી આદિનાથ પ્રશસ્તિ.
૨૬૩. (૧૩૯) વિમલ મહેતા સલોકો ટુંક સાર.
૨૬૪. વિમલ મહેતાનો સલોકો કર્તા: પં. વિનિતસાગર.
૨૭૦. (૧૪૦) શ્રી નરશી નાથાનો સલોકોનો ભાવાર્થ.
૨૭૧. શ્રી નરશી નાથાનો સલોકો
૨૭૨. (૧૪૧) પ્રાત:સ્મરણીય જ્ઞાતિ શિરોમણિ। શેઠશ્રી નરશી નાથાની કારકિર્દિની મૂળ કથા.
૨૭૩. (૧૪૨) ભારમલ તેજશીનો સલોકો.
૨૭૪. (૧૪૩) રાવબહાદુર શેઠશ્રી રવજી સોજપાલ દાનવીર શેઠશ્રી મેઘજી સોજપાલ સલોકો – ભાવાર્થ.
૨૭૫. (૧૪૪) શેઠ ત્રીકમજી વેલજી માલુ સંઘ વર્ણન – ભાવાર્થ.
૨૭૭. (૧૪૫) શ્રી કેશરીયાજી સંઘનું વર્ણન ભાવાર્થ.
૨૭૮. મૈશરી પરબત લધાના સંઘનું વર્ણન.

ખંડ – ૫ અચલગચ્છીય ગુર્વાવલી તથા સ્તવનો

પા. ક. વિગત પ્રસ્થાપના
૨૭૯. (૧૪૬) અચલગચ્છીય ગુર્વાવલી.
૨૮૦. (૧૪૭) અચલગચ્છ નાયક સ્તુતિ.
૨૮૨. (૧૪૮) ગચ્છનાયક ગુરુરાસનો ભાવાર્થ.
ગચ્છનાયક ગુરુરાસ કર્તા: કાન્હ.
૨૯૨. (૧૪૯) શ્રી ચંન્દ્ર શાખા કાવ્ય સાર. અચલગચ્છની ચંન્દ્ર શાખાના યતિઓ તથા શ્રમણોની સેવાઓની ઉલ્લેખનીય નોંધનું કાવ્ય.
૨૯૩. (૧૫૦) પ. પૂ. મુનિરાજ શ્રી દાનસાગરજી ગણિ। મ. સા. તથા પ. પૂ. મુનિરાજ શ્રી નેમસાગરજી મ. સા. ની ગહુંલી.
૨૯૪. (૧૫૧) અચલગચ્છાધિપતિ ગુરુ વંદના.
કર્તા: શ્રી વિધાસાગરસૂરિના અજ્ઞાત શિષ્ય.
(૧૫૨) અચલગચ્છીય વીર પરંપરા.
કાવ્ય રચયિતા: મુનિ કીર્તિસાગરજી.
૩૦૦. (૧૫૩) શ્રી ગુરુરાજ શત ચાલીશા.
રચના: અચલગચ્છાધિપતિશ્રીના શિષ્ય મુનિ સર્વોદયસાગરજી.
૩૦૩. (૧૫૪) વિધિરાસ ચઉપઇ.
૩૦૪. (૧૫૫) શ્રી જિનાજ્ઞા વિધિપક્ષ (અચલ) ગચ્છની હૂંડી યાને અચલગચ્છીય સામાચારી.
હુંડી સાર કર્તા: કવિ પૂ. ગજલાભ.
પા. ક. વિગત પ્રસ્થાપના
૩૦૬. (૧૫૬) હુંડી સાર. વીસું પંજોસણ હુંડી.
૩૦૮. (૧૫૭) આઠમ પાખી વિશે ગાથાઓ.
(૧૫૮) શ્રી વીરવંશ પટ્ટાવલી ભાવાર્થ.
૩૦૯. શ્રી વીરવંશ પટ્ટાવલી – અપરનામ – વિધિપક્ષ. ગચ્છ પટ્ટાવલી કર્તા: આ. ભાવસાગરસૂરિ.
૩૨૩. (૧૫૯) વીરવંશાનુક્રમ કર્તા: લાવણ્યચંદ.
૩૨૭. (૧૬૦ થી ૧૭૦) શ્રી ગોડીપાર્શ્વનાથ તીર્થ સ્થાપના રાસ.
૩૩૮. (૧૭૧) શ્રી ભદ્રેશ્વર તીર્થોદ્ધાર રાસ સાર.
૩૩૯. (૧૭૨) શ્રી ભદ્રેશ્વર વીરજિન સ્તવન.
૩૪૫. (૧૭૩) શ્રી ધૃતકલ્લોલ જિન સ્થાપના રાસ સાર.
૩૪૭. (૧૭૪ થી ૧૮૪) સ્તવનો – ગરબી.
૩૫૩. (૧૮૫) શ્રી ભિન્નમાલ સપ્તફણા પાર્શ્વનાથ ઉત્પત્તિ ગીત.
૩૫૫. (૧૮૬) રીખભપુર પ્રતિષ્ઠા વર્ણન.
૩૫૭. (૧૮૭) કોઠારા પ્રતિષ્ઠાનું ચોઢાળીયું.
૩૬૦. (૧૮૮) અંજનશલાકા રાસનો ઐતિહાસિક સાર.
૩૬૯. (૧૮૯) નલીયા સ્થિત વીરવસહીની ગરબી – ભાવાર્થ
૩૭૧. (૧૯૦) શ્રી ધર્મનાથ સ્તવન. કર્તા: સ્વરૂપસાગરજી.
૩૭૨. (૧૯૧) આગરા ઐતિહાસીક સ્તવન.
૩૭૩. (૧૯૨ થી ૨૧૩) શ્રી સિધ્ધાચલ તીર્થમાળા પૂજા.
(૩૭૩ થી ૪૦૦) શ્રી સિધ્ધાચલ તીર્થમાળા પૂજા.

ખંડ – ૬ ચૈત્ય પરિપાટી કેવલનાણી અને અન્ય રચનાઓ

પા. ક. વિગત પ્રસ્થાપના
૪૦૧. (૨૧૫) શ્રી અર્બુદ, ચૈત્ય પરિપાટી (ચોઢાળીયું)
૪૦૩. (૨૧૬) આબુ તીર્થમાલા (પૂજા)
૪૦૮. (૨૧૭) શ્રી આબુ તીર્થ સ્તવન.
૪૦૯. (૨૧૮) લલિતસાગર કૃત અમદાવાદની ચૈત્ય પરિપાટી.
૪૧૩. (૨૧૯) પાટણથી ચિત્તોડ ચૈત્ય પરિપાટી.
૪૧૬. (૨૨૦/૨૨૧) ખંભાતની ચૈત્ય પરિપાટીઓ.
૪૨૦. (૨૨૨) શ્રી સંઘરાજ કૃત પાટણની ચૈત્ય પરિપાટી.
પા. ક. વિગત પ્રસ્થાપના
૪૨૯. (૨૨૩ થી ૨૩૦) ચૈત્ય – તીર્થવંદના.
૪૫૫. (૨૩૧) શ્રી અષ્ટોત્તરી તીર્થમાળા.
૪૫૬. (૨૩૨) શ્રી મહાવીર સ્તવસ્થાવચૂરી.
(૨૩૩) ગુણ છત્રીસી મુનિ ધનજી કૃત.
૪૫૮. (૨૩૪) શ્રી મહાકાળી માતાનો છંદ.
૪૬૦. (૨૩૫) જિનકુશલસૂરિ છંદ.

ખંડ – ૭ અન્ય ગચ્છોની રચનાઓ

પા.	ક્ર.	વિગત પ્રસ્થાપના
૪૬૩.	(૨૩૬)	શ્રી જિનચંન્દ્રસૂરિ ગીત.
	(૨૩૭)	રાગદે શાખ વંદો વંદોજી.
	(૨૩૮)	સુણઉ મેરી સજની ।। ઢાલ ।।
૪૬૪.	(૨૩૯)	પૂ. આ. શ્રી વિજયરત્નસૂરિ નિર્વાણ છંદ.
૪૬૫.	(૨૪૦)	શ્રી પાર્શ્વચંન્દ્રસૂરિ ભાસ.
૪૬૬.		શ્રી પાર્શ્વચંન્દ્રસૂરિ ભાસ. સંકલન કર્તા : શ્રી ભુવનચંદ્રજી.
૪૬૭.		વિધિપક્ષ (અચલ) ગચ્છના સ્વ. ગચ્છ નાયકોની અગત્યની નોંધ પરિશિષ્ટ – (૧)
૪૬૯.		વિધિપક્ષ (અચલ) ગચ્છના આચાર્ય શ્રી ઓની નામાવલી પરિશિષ્ટ – (૨)
૪૭૧.		અચલગચ્છીય સાહિત્યકાર શ્રમણો પરિશિષ્ટ – (૩)
૪૭૪.		વિધિપક્ષ (અચલ) ગચ્છીય સાહિત્ય સુચિ ભાગ – ૧ – પરિશિષ્ટ – (૪)
૪૯૦.		શ્રી ભાવસાગરસૂરિ ગુરૂ ભાસ, ગીત, છંદ, ધવલ તથા સ્તુતિ (૨૭ થી ૩૨)
૪૯૨.		અચલગચ્છીય શ્રમણો – પરિશિષ્ટ – (૫)
૫૦૩.		નવા નોંધાયેલા અચલગચ્છીય શ્રમણો – ૨ – પરિશિષ્ટ – (૫)
૫૦૮.		વર્તમાન અચલગચ્છીય શ્રમણો– શ્રમણીઓ – ૩ – પરિશિષ્ટ – (૫)
૫૦૯.		શ્રમણી સમુદાય
૫૧૨.		(અચલગચ્છીય સમાચારી વિષયક) પરિશિષ્ટ – (૬)
૫૧૪.		શ્રી અચલગચ્છ રીસર્ચ ઇન્સ્ટીટયુટની આવશ્યકતા પરિશિષ્ટ – (૭)
૫૧૬.		અચલગચ્છના પ્રથમ શ્રાવક યશોધન ભણશાલીના વંશની વહી. પરિશિષ્ટ – (૮/૧)
૫૧૭.		યશોધન ભણશાલીની વહી. પરિશિષ્ટ – (૮/૨)
૫૧૮.		શ્રી વિધિપક્ષ ગચ્છ સ્થાપના પરિશિષ્ટ – (૯) શ્રી વિધિપક્ષ ગચ્છના ૬૨ ગોત્રના નામો પરિશિષ્ટ – (૧૦/૧)
૫૧૯.		૬૨ ગોત્રના શ્રાવકોના નામો પરિશિષ્ટ – (૧૦/૨) પ્રાગ્વાટ વંશની વહી પરિશિષ્ટ – (૧૧)
૫૨૦.		(૧) અચલગચ્છની ઉત્પતિ (૨) ભાન રાજાનો વૃતાંત. પરિશિષ્ટ – (૧૨)
૫૨૪.		અચલગચ્છીય અપ્રકાશિત – પ્રકાશિત રાસ સાહિત્ય.
૫૨૬.		ઐતિ. રાસ સંગ્રહ ગામની નામાવલી. (પેજ નંબર ૫૨૬ થી ૫૪૩)
૫૪૬.		ઐતિ. રાસ સંગ્રહ આચાર્યોની નામાવલી (પેજ નંબર ૫૪૬ થી ૫૫૫)





ઐતિહાસિક રાસો અને પદ્યોનું પર્યાલોચન

ખંડ – ૧ મુખ્ય પાટપરંપરા

(૧) શ્રી યશોધન ભણશાલીનું કવિત્ત

(અંચલગચ્છ–પ્રવર્તક આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિએ યશોધન ભણશાલીના અનુરોધ પર વિ. સં. ૧૧૬૯(ઈ.સ. ૧૧૧૩)માં વિધિપક્ષગચ્છની સ્થાપના કરી એ પછીના દસકામાં જ પ્રસ્તુત કવિત્તની રચના થઈ છે. ભણશાલી ગોત્રવહીના વહીવંચા એ યશોધનની નોંધ સાથે આ કવિત્ત ગૂંથી લીધું છે, જેનો રચનાકાળ વિ. સં. ૧૧૭૫માં ઠરાવી શકાય છે. વહીઓ જીર્ણ થતાં નવી વહીઓ લખાતી, ત્યારે તત્કાલીન ભાષા મુજબ તેમાં ફેરફાર થતા રહેતા જે વહીમાંથી નોધ્યું છે, તે લગભગ ૨૫૦ વર્ષ પુરાણી છે. એ પછીની વહીનો પાઠ પણ જુદો આપ્યો છે. તેની ભાષામાં ઘણો ફેર છે. આવી ત્રણ ચાર વહીઓ મળી છે એ બધામાં આવા ફેરફારો જોવા મળે છે. પણ વસ્તુ એની એજ છે.

જેમ યશોધન અંચલગચ્છના આદ્ય શ્રાવક મનાય છે, તેમ તેમનું આ કવિત્ત પણ અંચલગચ્છીય સાહિત્યનું આદ્ય સર્જન ગણાય છે. આ ઐતિહાસિક કવિત્તની એજ વિશેષતા છે કે તે અંચલગચ્છ –પ્રવર્તક તેમજ એ ગચ્છના પ્રમુખ શ્રાવકની વિદ્યમાનતામાં રચાયું છે.)

તેનો ઐતિહાસિક કથા સાર આ પ્રમાણે છે :

ભાલેજ નગરમાં યશોધન ભણશાલી વસતા હતા. એક વખત પાસે રહેલા પાવાગઢ પર્વત પર ઉલટભેર યાત્રાર્થે પધાર્યા. દેવી અંબાવિને નમી તળેટીમાં મુકામ કર્યો, જ્યાં તેમનો આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિ સાથે સમાગમ થયો. ગુરુનો ઉપદેશ સાંભળી યશોધન ઘણા પ્રભાવિત થયા. આ પ્રથમ મિલનથી એમનું જીવન ધર્મના રંગથી રંગાઈ ગયું. જેમ કલ્પતરુ પામીને જીવન સફળ થાય, એવો ભાવ જાગ્યો. ધર્મનું આરાધન કરતાં તેઓ ધન્યતા અનુભવવા લાગ્યા.

યશોધનના પૂર્વજ વિજયશેઠ ભિન્નમાલમાં રહેતા હતા. વિ.સં. ૭૯૫(ઈ.સ.૭૩૯)માં ઉદયપ્રભસૂરિના પ્રતિબોધથી તેમણે જૈન ધર્મ અંગીકાર કરેલો. તેઓ ચાર કરોડ દ્રવ્યના આસામી હતા. વિ. સં. ૧૧૧૧(ઈ.સ.૧૦૫૫) માં બોડી મુગલે નગરનો નાશ કરતાં તેના વંશજ સહદે ત્યાંથી ચાંપાનેર પાસેના ભાલેજ નગરમાં જઈ વસ્યા. કરિયાણાનો વેપાર કરવાના કારણે તેઓ ભણશાલી કહેવાયા. મૂળ તેઓ ગૌતમ ગોત્રીય હતા. તેમાંથી પછી અનેક શાખાઓ ઉદ્ભવી, જેમ કે ભણશાલી, કોઠારી, યશોધન, મહોતા, વીસરીઆ મોતા, શંખેશ્વરીઆ વિગેરે.

ભાલેજ નગરનો મુસલમાનોએ નાશ કરતાં તેમજ ત્યાંના રાજા સાથે અણબનાવ થતાં યશોધનના વંશજો વઢિયાર થઈ સૌરાષ્ટ્રમાં ઠેઠ પ્રભાસપાટણ, હાલાર વિગેરેમાં ફેલાયા. રાજકાજ સાથે સંલગ્ન રહેવાથી તેમની કોઠારી મહેતા, મહોતા, આદિ ઓળખો થઈ. બીજા પદ્યમાં "ઘરે ધ્યાન ધર્મનું મહોતા" એનું સૂચક છે. કચ્છી ઓસવાળ મહાજનોમાં વીસરીઆ તેમજ વીસરિયા મોતા ગોત્રો આ વંશમાંથી પ્રગટ થયા છે.

(૧) શ્રી યશોધન ભણશાલીનું કવિત્ત

કર્તા : ભણશાલી ગોત્રવહીના ભાટ રચના વિ. સં. ૧૧૭૫ (ઈ.સ. ૧૧૩૯)

(છપ્પય)

ભલું નયર ભાલિજ, વસિ ભણસાલી ભુજબલ; તાસ પુત્ર જયવંત યશોધન, નામિ નિરિમલઃ
પાવિ પરબત સામિકારજ, આવ્યો ઉલટીધર; નમિય દેવી અંબાવિ, આવી રહીયા તલ્લહટી,
આવીયા સહિગુરુતેહવિ, આરિજરખિતિસૂરિવરિં; ધન ધન જસોધન મનધરી, ધર લાગો ચારિત્રધર.....૧

ધરીય ભાવ મન સુદ્ધિ બુદ્ધિ, પય પ્રણમી સહિગુરુ; આજ સફલ દિવસ મુઝ, પુણ્ય પામો કલ્પતરૂ.
જનમ મરણ ભયભીત, દોષિ દરસણ વઈ સરિક; સમકિત મૂલ સુસાધ, દેવ ગુરુ ધરમઈ અષઈ.
પરિહરિ પાપ સુભ આચરઈ, ધરઈ ધ્યાન ધરમઈ પક્ષ; શ્રી શ્રીમાલી ધુરિ સખા, ધનધન જસોધન વિખ્યા.....૨

(પ્રત : વીસરીઆ મોતા ગોત્રની વહી)

(અન્ય પાઠ)

ભલું નગર ભાલેજ વસે ભણશાલી ભુજબલ, તાસ પુત્ર જયવંત જશોધન નામે નિરમલ;
પાવે પરવત જાત્ર કામ આવીઆ ગહગટી; નમી દેવી અંબાવિ આવી રહિયા તલહટ્ટી.

આવીઆ સુગુરુ એહવે સમે આર્યરક્ષિતસૂરિવર, ધન ધન જશોધન પય નમી ચરણ નમે ચારિત્રધર.....૧

ધરી ભાવ મન શુદ્ધ બુદ્ધિ પય પ્રણમે સહિ ગુરુ, આજ સફલ મુજ દિવસ પુણ્યે પામીઓ કલ્પતરુ;
જન્મ મરણ ભયભીતિ સાવયવય સાખે; સમકિત મૂલ સુસાધુ દેવગુરુ ધર્મહ આપે;
પરિહરી પાપ શુભ આચરે ધરે ધ્યાન ધર્મનું મહોતા, એ શ્રીમાલી ધુરસખા ધન ધન જશોધન એ સખા.

(૨) અચલગચ્છીય ગુર્વાવલી

પ્રાસ્તાવિક : અચલગચ્છના ૧૩ ગચ્છાધિપતિનો સંક્ષિપ્તમાં પરિચય આપતી અચલગચ્છીય ગુર્વાવલીની પ્રત ઉપલબ્ધ થઈ છે, તે અત્રે અર્થ સહિત રજૂ કરી છે.

જેમાંઅચલગચ્છેશ–આર્યરક્ષિત– જયસિંહ–ધર્મઘોષ– મહેન્દ્રસિંહ –સિંહપ્રભ – અજિતસિંહ – દેવેન્દ્રસિંહ – ધર્મપ્રભ – સિંહતિલક – મહેન્દ્રપ્રભ – મેરુતુંગ – જયકીર્તિ – જયકેસરીની –સંક્ષિપ્ત માહિતી મળે છે.

(૧૩ ગચ્છાધિપતિશ્રીની સંક્ષિપ્ત ગુર્વાવલી સંસ્કૃતમાં અર્થ સહિત અત્રે પ્રકાશિત થાય છે જેમાં આ. શ્રી સિંહપ્રભસૂરિ, આ. શ્રી ધર્મપ્રભસૂરિ, આ. શ્રી સિંહતિલકસૂરિ, આ. શ્રી જયકીર્તિસૂરિ શ્રી આ. શ્રી જયકેસરીસૂરિજીનો નામોલ્લેખ છે. વિશેષ વિગતો મેળ વવી ઘટે.)

विधिपक्षगच्छप्रवतर्क श्री आर्यरक्षितसूरि

विख्याते गुर्जर—प्रान्ते आबुतीर्थान्तिके महत् । दन्ताणी नामकं रम्यमासीत् पत्तनमद्भुतम् ।।१।।
પ્રસિદ્ધ એવા ગુજરાત પ્રાંતમાં આબુતીર્થની પાસે દંતાણી નામનું અદ્‌ભુત રમણીય અને મોટું શહેર હતું.

तत्राऽभवत्सुविख्यातो धर्माचरणतत्परः प्राग्वाट—ज्ञातिसंभुतो द्रोणः श्रेष्ठी महामना: ।।२।।
તે નગરમાં પ્રસિદ્ધિને પામેલો ધર્માચરણ કરવામાં તત્પર અને મોટા મનવાળો પ્રાગ્વાટ જાતિમાં જન્મેલ દ્રોણ નામનો શેઠ હતો.

तस्य गुणानुरूपा च रूपलावण्यशोभिता देदी नाम्ना प्रिया भार्या सर्वसन्तोषकारिणी ।।३।।
તે દ્રોણ શેઠની ગુણો વડે અનુરૂપ પોતાના રૂપ.અને લાવણ્ય વડે શોભતી અને સઘળા લોકોને સંતોષ પમાડતી દેદી નામની વહાલી પત્ની હતી.

परस्परानुरागेण सुखं भुञ्जानयोस्तयो : द्वौ पुत्रौ समजायेतां वयजासोल्हानामकौ ।।४।।
પરસ્પર પ્રેમ કરીને સુખનો ઉપભોગ કરતાં તે બન્નેને વયજા અને સોલ્હા નામના બે પુત્રો થયા.

वयतजो (विजयो) यस्तयोराद्यः शासनस्य प्रभावकः । विधिपक्षाख्यगच्छस्य प्रथमोऽभूत् प्रवर्तकः ।।५।।
તે બંને પુત્રોમાંથી મોટો પુત્ર વયજા, શાસનનો પ્રભાવક અને વિધિપક્ષ ગચ્છનો આદ્ય પ્રર્વતક થયા.

अल्पेनैव च कालेन प्रज्ञावान् स्थिरधी मुनिः शब्दन्यायादिशास्त्रेषु परं वैदग्ध्यमासदत् ।।६।।
પ્રજ્ઞાવાન અને સ્થિરબુદ્ધિવાળા એવા તે વિજયચંદ્ર મુનિ થોડાક સમયમાં જ વ્યાકરણ ન્યાય વગેરે શાસ્ત્રોમાં પરમ વિદ્વાન થયા.

त्यागमूर्तिः प्रशान्तात्मा धीरधीः संयतेन्द्रियः । आर्यरक्षित सूर्याख्यो दादा गुरुरभूत् सकः ।।७।।
તે વિજયચંદ્ર મુનિ જ ત્યાગી, શાન્ત, સ્થિર બુદ્ધિવાળા જિતેન્દ્રિય એવા આર્યરક્ષિતસૂરિ નામના દાદા ગુરુ થયા.

रसकालाक्षिशीतांशुमिते विक्रमसंवति ।
वयः शततमे वर्षे आर्यरक्षितसूरयः ।।८।।
વિક્રમ સંવત ૧૨૩૬(ઈ.સ. ૧૧૮૦)માં સો વર્ષનું આયુષ્ય આર્યરક્ષિતસૂરિએ પૂર્ણ કર્યું.

बनासकाठ सामीप्ये बेणपे नाम पत्तने समाधिमरणं प्राप्य देवलोकं गताः सुखम् ।।९।।
બનાસકાંઠાના સમીપમાં બેણપ નામના ગામમાં આર્યરક્ષિતસૂરિ સમાધિમરણ પ્રાપ્ત કરી દેવલોકમાં ગયા.

पू. आ. भ. श्री जयसिंहसूरि

कोकणे नाम देशेऽस्ति सोपारा नाम पत्तनम् । तत्रौसवालजातीयः श्रेष्ठी द्रोणोऽवसत् पुरा ।।१०।।
કોકણ દેશમાં સોપારા નામનું ગામ છે. ત્યાં પહેલા ઓસવાળ જાતિનો દ્રોણ શ્રેષ્ઠી વસતો હતો.

तस्य गुणानुरूपा च सुभगा शीलशालिनी । नेढी नाम प्रिया पत्नी सुस्मिताऽऽसीन्मनोहरा ।।११।।
દ્રોણ શ્રેષ્ઠીની સૌભાગ્યશાળી શીલગુણથી અલંકૃત મનોહારી હસમુખી ગુણને અનરુપ નેઢી નામની પ્રિય પત્ની હતી.

सुमुहूर्ते सुवेलायां ग्रहेषूच्चैः स्थितेषु च । जयसिंहेति नामानं नेढी पुत्रमजीजनत् ।।१२।।
ગ્રહોની ઉચ્ચ સ્થિતિ વર્તતી હતી તે શુભ મુહુર્તે, શુભ ઘડીએ નેઢીએ જયસિંહ નામના પુત્રને જન્મ આપ્યો.

थरादनगरे रम्ये जयसिंहो विरागवान् । महोत्सवेन सानन्दं दीक्षां जग्राह बुध्धिमान् ।।१३।।
રમ્ય એવા થરાદ નગરમાં વૈરાગ્યવાળા બુદ્ધિમાન્ જયસિંહે આનંદ પૂર્વક મહોત્સવથી દીક્ષા ગ્રહણ કરી.

दीक्षितस्य मुनेर्नाम यशश्चन्द्रेति स्थापितम् । कोटित्रयं च श्लोकानां कण्ठस्थमकरोत्सुधीः ।।१४।। 10
(ગુરુએ) દીક્ષિત મુનિનું નામ યશઃચન્દ્ર રાખ્યું, તે બુદ્ધિશાળી (મુનિએ) ત્રણ કરોડ શ્લોક કંઠસ્થ કર્યા.

प्रीतो गुरुस्तदा तस्मै विहर्तुं पृथगादिशत् । उपाध्यायपदे न्यस्य, शिष्यं तं सममानयत् ।।१५।।
ત્યારે પ્રસન્ન થએલા ગુરુએ, ઉપાધ્યાય પદ આપીને તે (યશઃચન્દ્ર) શિષ્યનું સન્માન કરી તેમને અલગ વિહરવાનો આદેશ આપ્યો.

भास्वानिव च तेजस्वी यशश्चन्द्रो महामुनिः । संघेनाऽलंकृतः सूरिपदेनोत्सवपूर्वकम् ।।१६।।
સૂર્ય જેવા તેજસ્વી યશઃચન્દ્ર મહામુનિને સંઘે ઉત્સવપૂર્વક સૂરિ પદ પર અલંકૃત કર્યા.

चक्रे च जयसिंहाख्या तस्य सूरेर्महात्मनः । ततश्च जयसिंहः स स्वनामान्वर्थकं व्यधात् ।।१७।।
અને તે સૂરિ મહાત્માનું (યશઃચંદ્રનું) જયસિંહ નામ રાખ્યું. પછી તે જયસિંહસૂરિ પોતાના નામને સાર્થક કરતા રહ્યા.

सूरीशो जयसिंहः स आस्तोग्रं विहरन् सदा । तस्य चारित्रनिष्ठां तामपरिग्राहितां पराम् ।।१८।।
दृष्टवा विस्मयमापन्नः सिध्धराजो महायशाः मुक्तकण्ठं सभायां तं भृशमस्तौन्मुनीश्वरम् ।।१९।। (युग्मम्) 20
જયસિંહસૂરિ હંમેશા ઉગ્ર વિહાર કરતા. તેમની શ્રેષ્ઠ ચારિત્ર નિષ્ઠા તથા નિષ્પરિગ્રહીપણાને જોઈને વિસ્મય પામેલા, મહાયશસ્વી સિદ્ધરાજ જયસિંહે તે સૂરીશ્વરની સભામાં મુક્તકંઠે ખૂબ પ્રશંસા કરી.

प्राचीना ग्रन्थकाराश्च जयसिंहाह्वसूरिणम् । प्राशंसन् मुक्तकण्ठं तं ज्ञानाम्भोधिं गुणाकरम् ।।२०।।
પ્રાચીન ગ્રંથકારોએ ગુણોના ભંડાર, જ્ઞાનના સાગર એવા જયસિંહસૂરિની મુક્તકંઠે પ્રશંસા કરી છે.

पञ्चदश्यां शताब्यां च जयशेखरसूरयः चिन्तामणेः प्रशस्त्यां च व्याचख्युः सूरिणो गुणान् ।।२१।।
પંદરમી સદીમાં આચાર્ય જયશેખરસૂરિએ (પ્રબોધ) ચિન્તામણિની પ્રશસ્તિમાં (આ) સૂરીશ્વરના ગુણોની પ્રશંસા કરી છે.

एवं श्री जयसिंहाह्वः सूरीशो मन्त्रतन्त्रविद् । सुविहितो महाज्ञानी, ह्यासीद्धर्म्मोपदेशकः ।।२२।।
આ પ્રમાણે શ્રી જયસિંહ નામના સૂરીશ્વર મન્ત્રતન્ત્રને જાણનારા, સુવિહિત, મહાજ્ઞાની, ધર્મોપદેશક હતા.

टीकाकारस्तथाख्यातो ग्रन्थकारोऽप्यनुत्तमः कर्मग्रन्थरहस्यज्ञो न्यायशास्त्रविशारदः ।।२३।।
અતિ ઉત્તમ ગ્રંથકાર તેમજ ટીકાકાર, કર્મગ્રંથના રહસ્યને જાણનાર ન્યાયશાસ્ત્રવિશારદ તરીકે આ. ભ. જયસિંહસૂરિ 30
પ્રસિદ્ધ થયા.

इत्थमंचलगच्छस्य स्वामी गुणगुणान्वितः । सूरिः श्री जयसिंहोऽयं जिनागमप्रभाकरः ।।२४।।
આ પ્રમાણે જિનાગમ પ્રભાકર અને અનેક ગુણોથી યુક્ત એવા અંચલગચ્છના સ્વામી આ. શ્રી જયસિંહસૂરિ હતા.

वस्विष्वक्षीन्दुसंख्याके वर्षे विक्रमभूपतेः । अशीतिवर्ष देशीयो बेणपे नाम पत्तने ।।
समाधिमरणं प्राप्य देवलोकं गतः सुधीः ।।२५।।

વિ. સં. ૧૨૫૮ (ઈ. સ. ૧૨૦૨)માં એંશી વર્ષની વયે બુદ્ધિશાળી એવા જયસિંહસૂરિ બેન્નપ શહેરમાં સમાધિમરણ પામી, દેવલોકમાં ગયા.

इतिश्री जयसिंहसूरि चरितम्

शतपदी ग्रन्थस्य रचयिता श्री धर्मघोषसूरिः

मरुदेशेऽस्ति विख्यातं महावपुरनामकम् । पत्तनं सुमनोहारि व्यवहारिजनाकुलम् ।। २६ ।।
મારવાડ દેશમાં વ્યાપારીઓથી ધમધમતું, સુંદર, મહાવપુર નામનું વિખ્યાત શહેર છે.

श्रीमाली वंशजस्तत्र श्रेष्ठी श्री चन्दनामकः । न्यवसद् धनसम्पन्नो धर्माचाररतः सदा ।। २७ ।।
તે શહેરમાં સદૈવ ધર્માચરણમાં મસ્ત, ધનવાન એવો શ્રીમાલી વંશનો શ્રીચન્દ્ર નામનો શ્રેષ્ઠી રહેતો હતો.

तस्य गुणानुरूपाऽऽसीद् भार्या राजलदाऽभिधा । रूपयौवनसम्पन्ना मृद्वङ्गी विनयान्विता ।। २८ ।।
10 તે શ્રેષ્ઠીની વિનયી, કોમળ શરીરવાળી સ્વરૂપવતી યુવાન ગુણને અનુરુપ રાજલદા નામની પત્ની હતી.

वसुखादित्य संख्याके वर्षे विक्रमभूपतेः । संजज्ञे धनदत्ताख्यस्तयोः पुत्रो गुणालयः ।। २९ ।।
વિ. સં. ૧૨૦૮ (ઈ.સ. ૧૧૫૨)માં તેમનો ધનદત્તનામનો ગુણવાન પુત્ર થયો.

कलादित्यमिते वर्षे हरिवराख्य पत्तने । पार्श्वे श्री जयसिंहस्य धनदत्तोऽग्रहीद्व्रतम् ।। ३० ।।
વિ. સં. ૧૨૧૬(ઈ.સ. ૧૧૬૦)માં હરિવર શહેરમાં શ્રી જયસિંહસૂરિપાસે ધનદત્તે દીક્ષા લીધી.

दीक्षानाम तदा तस्य 'धर्मघोषो' व्यधाद् गुरुः । जातायां स तु दीक्षायां ज्ञानयज्ञे रतोऽभवत् ।। ३१ ।।
ગુરુદેવે તેનું નામ 'ધર્મઘોષ' રાખ્યું. દીક્ષા થઈ ગયા પછી તે મુનિ જ્ઞાનયજ્ઞમાં રત થયા.

सूरेः श्री जयसिंहस्य, आर्यरक्षितसूरिणः । गुर्वोश्च छत्रछायायां तपोज्ञानोर्जितोऽभवत् ।। ३२ ।।
આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિ અને આ. શ્રી જયસિંહસૂરિ, બંને ગુરુઓની છત્રછાયામાં તપ અને જ્ઞાન વડે તે મુનિ બળવાન (સમૃદ્ધ) બન્યા.

20 वेदगुणाक्षिचन्द्राब्दे वैक्रमिये शुभंकरे । जिनागमरहस्यज्ञो धर्मघोषो मुनिस्तदा ।। ३३ ।।
કલ્યાણકારી એવા વિ.સં. ૧૨૩૪ (ઈ.સ. ૧૧૭૮) માં ધર્મઘોષ મુનિ જિનાગમ રહસ્યને જાણનારા થયા.

सूरिणा जयसिंहेन विंशत्या चाऽनुयायिभिः । भट्टोहरिपुरे सार्धं सूरिपदे (सूर्यास्पदे) निवेशितः ।। ३४ ।। (युग्मम्)
આચાર્ય જયસિંહસૂરિએ વીશ અનુયાયીઓ સાથે ભટ્ટોહરી નગરમાં (ધર્મઘોષમુનિને) આચાર્ય પદે સ્થાપિત કર્યા.

अन्यबच्छाधिपा वीरचन्द्रसोमजयप्रभाः । विधिगच्छसमाचारी स्वीचक्रु धर्मघोषतः ।। ३५ ।।
બીજા ગચ્છના આચાર્યો (ગચ્છાધિપતિઓ) –આચાર્યશ્રી વીરચન્દ્રસૂરિ આચાર્ય શ્રી સોમપ્રભસૂરિ, આચાર્ય શ્રી જયપ્રભસૂરિએ, આચાર્ય ધર્મઘોષ સૂરીશ્વરપાસેથી વિધિપક્ષ ગચ્છની સામાચારી સ્વીકારી.

धर्मघोषो जगन्नाथ ग्रन्थं शतपदीं तदा । प्राकृते विधिगच्छस्य समाचारीं प्ररूपकम् ।। ३६ ।।
ત્યારે અચલગચ્છાધિપતિ આ.ભ. શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મ.સા. એ પ્રાકૃત ભાષામાં વિધિપક્ષ ગચ્છની સામાચારીને નિરૂપતા શતપદી ગ્રંથની રચના કરી.

30 तथर्षिमण्डलाख्यं च प्रकरणं व्यरीरचत् । वादीगजेन्द्रशार्दूलः कविः ख्यातोऽभवद् भुवि ।। ३७ ।।
તેમજ ઋષિમંડલ પ્રકરણની રચના કરી અને જગતમાં વાદી ગજેન્દ્રશાર્દૂલ કવિ તરીકે પંકાયા.

महाप्रभावकः सूरिर्नानादेशान् विहृत्य सः । प्रबोध्य श्रावकाब्जानि धर्मगन्धं व्यस्तारयत् ।। ३८ ।।
તે મહાપ્રભાવક સૂરીશ્વરજીએ વિવિધ દેશોમાં વિચરી શ્રાવકો રૂપી કમળોને પ્રતિબોધી ધર્મની સુગંધને વિસ્તારી.

वसुरसाक्षि चन्द्राब्दे विक्रमार्कस्य भूपतेः । कच्छस्थे डोणग्रामेऽसौ कालं कृत्वा दिवं ययौ ।। ३९ ।।
વિ.સં. ૧૨૬૮ (ઈ.સ. ૧૨૧૨)મા આ. શ્રી ધર્મઘોષસૂરિજી કચ્છના ડોણ ગામમાં કાળ કરી સ્વર્ગે સિધાવ્યા.

शतपद्याख्यस्तद्ग्रन्थः समाचारी प्ररूपकः । आधारस्तम्भो गच्छस्य विस्मर्तुं नैव शक्यते ।।४०।।
સામાચારીની પ્રરૂપણા કરનાર અને ગચ્છના આધારસ્તંભ રૂપ એવો તેમનો શતપદી નામનો ગ્રન્થ ભૂલી શકાય તેમ નથી.

आर्यरक्षितसूरिश्च जयसिंहस्तथाऽपरः । तृतीयो धर्मघोषढर्यकृतस्त्रयः ।।४१।।
શ્રી આર્યરક્ષિતસૂરિ તથા શ્રી જયસિંહસૂરિ અને ત્રીજા શ્રી ધર્મઘોષસૂરિ, એમ ત્રણે (ગુરુઓ) ગચ્છને દ્રઢ કરનારા થયા.

तत ऊर्ध्वं च गच्छेशा,धर्माचरणतत्पराः । समाचारी तदुक्तां वै स्वनुसृत्य मतं (धर्मं) जगुः ।।४२।।
ત્યાર પછીના ધર્માચરણમાં તત્પરએવા ગચ્છાધિપતિઓએ તો, આ ઉકત ત્રિપુટીએ પ્રસ્થાપિત કરેલ સામાચારીને સારી રીતે અનુસરીને, જિનમતનો (ધર્મનો) ઉપદેશ આપ્યો.

પૂ. આ. ભ. શ્રી महेन्द्रसिंहसूरि :

धर्मघोषे गुरौ स्वर्गं, गते तत्पट्टधृक् सुधीः महेन्द्रसिंहसूरिश्च, बभूव गच्छनायकः ।।४३।।
ધર્મઘોષસૂરિ સ્વર્ગે સિધાવ્યા પછી, તેમના બુદ્ધિશાળી પટ્ટધર શ્રી મહેન્દ્રસિંહસૂરિ ગચ્છનાયક થયા. 10

उसननगरे रम्ये जाणाभिधेन श्रेष्ठिना । सशिखं कारयामास सूरिर्भव्यं जिनालयम् ।।४४।।
રમ્ય એવાં ઉસન નગરમાં જાણ નામના શ્રેષ્ઠી દ્વારા આ. શ્રી મહેન્દ્રસિંહસૂરિજીએ ભવ્ય શિખરબદ્ધ જિનાલય કરાવ્યું.

बेणपेऽष्टोत्तरी तीर्थमालां सूरिररीरचत् । भीमसेनं च दिग्वस्त्राचार्यं वादेऽजयद् बुधः ।।४५।।
બેણપ ગામમાં સૂરીશ્વરજીએ અષ્ટોત્તરી તીર્થમાળાની રચના કરી અને ભીમસેન નામના દિગંબરાચાર્યને વાદની અંદર પ્રાજ્ઞએવા સૂરિજીએ જીત્યા.

ततः कर्विमहावादि सम्यक्चारित्रसंयुतः । महेन्द्रसूरिगच्छेशः खम्भातनगरे शुभे ।।४६।।
निधिखकालचन्द्रेऽब्दे विक्रमादित्य भूपतेः । द्वयशीते वयसो वर्षे ससमाधिं दिवं ययौ ।।४७।। (युग्मम्)
ત્યાર બાદ કવિવર્ય, મહાવાદી, શુદ્ધસંયમી, અચલગચ્છાધિપતિ આ. ભ.શ્રી મહેન્દ્રસિંહસૂરીશ્વરજી વિ. સં. ૧૩૦૯(ઈ.સ. ૧૨૫૩)માં શુભ એવા ખંભાત નગરમાં ૮૨ વર્ષની વયે, સમાધિપૂર્વક, કાળધર્મ પામ્યા.

अष्टोत्तरी सुविख्याता तीर्थमाला तथैव च । अद्यापि स्तवने श्राद्धैर्गी यते च प्रतिक्रमे ।।४८।। 20
તેવી જ રીતે આજે તેમની રચેલી 'અષ્ટોત્તરી' નામની તીર્થમાળા સુપ્રસિધ્ધ છે જે શ્રાવકો પ્રતિક્રમણમાં શ્રધ્ધાથી ગાય છે.

निधिखकालचन्द्रेऽब्दे विक्रमादित्य—भूपतेः । महेन्द्रसूरिगच्छेशो दिवं यातो महामनाः ।।४९।।
વિ. સં. ૧૩૦૯(ઈ.સ. ૧૨૫૩) માં મોટા મનવાળા એવા અચલગચ્છાધિપતિ શ્રીમહેન્દ્રસૂરિ સ્વર્ગે સિધાવ્યા.

પૂ. આ. ભ. શ્રી સિંહપ્રભ—અજિતસિંહસૂરિ

ततः ख्मातसंघोऽपि वल्लभीगच्छदीक्षीतम् । प्रकाण्डपंडितं सिंहप्रभं न्यायविशारदम् ।।५०।।
आहूयाऽचलगच्छस्य नायकत्वे युयोज ह । ततश्च वल्लभीशाखा विधिगच्छे व्यलीयत ।।५१।। (युग्मम्)
ત્યારબાદ ખંભાત સંઘે વલ્લભીગચ્છમાં દીક્ષિત થયેલા પ્રકાંડ પંડિત, ન્યાયવિશારદ, સિંહપ્રભસૂરિને બોલાવીને અચલગચ્છના નાયક બનાવ્યા ત્યારથી વલ્લભીશાખા વિધિપક્ષની અંદર સમાઈ ગઈ.

गुणेन्द्रुगुणचन्द्रेऽब्दे विक्रमार्कमहीपतेः । श्री सिंहप्रभगच्छेशः कालधर्ममुपागतः ।।५२।।
વિ. સં. ૧૩૧૩ (ઈ.સ. ૧૨૫૬)માં ગચ્છનાયક સિંહપ્રભસૂરિ કાલધર્મ પામ્યા. 30

ततो विद्यागुणेन्द्वब्दे पाटणाख्ये महापूरे । मुनिरजितसिंहाख्यः सूरिपदमभूषयत् ।।५३।।
વિ. સં. ૧૩૧૪(ઈ.સ. ૧૨૫૭)માં પાટણ નામના મહાનગરમાં અજિતસિંહ નામના મુનિએ આચાર્યપદને શોભાવ્યું.

ततः स विहरन् सूरिर्जालोरं समुपागतः । तत्रस्येन च संघेन गच्छेशत्वे निवेशितः ।।५४।।
ત્યાર બાદ વિચરતા સૂરિ જાલોરમાં પધાર્યા, ત્યાંના સંઘે તેમને ગચ્છનાયક પદે સ્થાપિત કર્યા.

राजासमरसिंहाख्योऽजितसिंहस्य देशनाम् । श्रुत्वाऽमृतमयीं साक्षात् जैनधर्ममुपागतः ।।५५।।
રાજા સમરસિંહ, અચલગચ્છાધિપતિ આ. ભ. શ્રી અજિતસિંહ–સૂરીશ્વરજીની અમૃતમયી દેશના સાંભળીને જૈનધર્માનુરાગી બન્યો.

अमारीं घोषयामास जैनधर्मं समाचरन् । मरूदेशे च सर्वत्र रात्रिभोजं न्यषेधयत् ।।५६।।
જિનધર્મની આરાધના કરતા એવા, સમરસિંહ રાજાએ અમારિપડહ વગડાવ્યો અને આખા મારવાડમાં રાત્રિભોજનનો નિષેધ કર્યો.

चाणस्मानाम्नि ग्रामे च जयाख्य–श्रेष्ठिना तदा । मन्दिरं पार्श्वनाथस्य कारयामास सुन्दरम् ।।५७।।
શ્રી અજિતસિંહસૂરિજીએ ચાણસ્મા ગામે જય શ્રેષ્ઠિ દ્વારા સુંદરએવું પાર્શ્વનાથ પ્રભુનું દેરાસર બનાવરાવ્યું.

निधिकाल गुणेन्द्वब्दे विक्रमार्कस्य भूपतेः । पाटणे पत्तने सूरिः ससमाधिं दिवं ययौ ।।५८।।
10 વિ. સં. ૧૩૩૯ (ઈ.સ. ૧૨૮૩) પાટણ નગરમાં અચલગચ્છાધિપતિ આ. ભ. શ્રી અજિતસિંહસૂરિ સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા.

પૂ. આ. ભ. શ્રી દેવેન્દ્રસિંહ — ધર્મપ્રભ — સિંહતિલકસૂરિ.

सूरावजितसिंहेऽथ दिवं याते महामुनौ । सूरिदेवेन्द्रसिंहाख्यो गच्छाधिपतोऽभवत्कविः ।।५९।।
મહામુનિ શ્રી અજિતસિંહસૂરિના સ્વર્ગગમન પછી કવિ આચાર્ય શ્રી દેવેન્દ્રસિંહસૂરિ અચલગચ્છાધિપતિ થયા.

मेघदूतादिकाव्यानि मधुरस्तवनानि च । विरचय्य महामेधः परां ख्यातिमवाप्तवान् ।।६०।।
મેઘદૂત આદિ કાવ્યો અને મધુરસ્તવનો રચીને મહામેધાવી એવા દેવેન્દ્રસિંહસૂરિ ઉત્કૃષ્ટ ખ્યાતિને પામ્યા.

विचक्षणो महावक्ता लोकानुरञ्जकः सुधीः । सिरोह्यां निमर्मे भव्यमादिनाथस्य मन्दिरम् ।।६१।।
વિચક્ષણ, પ્રખરવક્તા, લોકોને આનંદ પમાડનારા બુદ્ધિશાળી એવા તે સૂરિએ સિરોહીમાં આદિનાથ ભગવાનના ભવ્ય દેરાસરનું નિર્માણ કરાવ્યું.

20 पश्चाद्देवेन्द्रसूरेश्च सूरिधर्मप्रभस्तथा । सिंहतिलकसूरिश्चाऽजायेतां गच्छनायकौ ।।६२।।
ગચ્છનાયક દેવેન્દ્રસૂરિ પછી ધર્મપ્રભસૂરિ થયા અને ત્યાર બાદ સિંહતિલકસૂરિ ગચ્છનાયક થયા.

પૂ. આ. ભ. શ્રી મહેન્દ્રપ્રભ — મેરુતુંગસૂરિ

ततश्चानेकवैदुष्य–युक्तान्तेवासिसद्गुरुः । *महेन्द्रप्रभसूरिश्च समभूत् गच्छनायकः ।।६३।।*
ત્યાર બાદ અનેક વિદ્વાન શિષ્યોના સદ્ગુરુ શ્રી મહેન્દ્રપ્રભસૂરિ ગચ્છનાયક બન્યા.

दृष्ट्वा कालप्रभावात् स गच्छे शैथिल्यमागतम् । गच्छोन्नत्यै महाप्रज्ञश्चकारायंबिलं तपः ।।६४।।
મહાપ્રજ્ઞાવંત અચલગચ્છાધિપતિ આ. ભ. શ્રી મહેન્દ્રપ્રભસૂરિએ, કાળના પ્રભાવથી ગચ્છમાં શિથિલતા આવેલી જોઈને ગચ્છની ઉન્નતિ કરવા, આયંબિલનું તપ કર્યું.

षण्मासं सूरिमन्त्रस्य जपं लक्षाधिकं तथा । तेन चक्रेश्वरी तस्य प्रसन्नाऽथ — वरं ददौ ।।६५।।
તથા છ માસ સુધી, લાખથી પણ અધિક સૂરિમંત્રનો જાપ કર્યો તેનાથી પ્રસન્ન થઈ ચક્રેશ્વરી દેવીએ વરદાન આપ્યું.

30 ततः शिष्यगणस्तस्य कालेनाऽल्पेन ववृधे । गच्छे च सममून्नित्यं तपआराधनं परम् ।।६६।।
ત્યાર બાદ અલ્પકાળમાં તેમનો શિષ્ય સમુદાય વૃદ્ધિ પામ્યો અને ગચ્છમાં, શ્રેષ્ઠ એવી તપ આરાધના, નિત્ય થવા લાગી.

महेन्द्रप्रभसूरीन्द्रोऽतुलशक्तियुतान् बुधान् । युगपदेव शिष्यान् षट् सूरिपदे न्यवेशयत् ।।६७।।
અચલગચ્છાધિપતિ પ.પૂ. આ. ભ. શ્રી મહેન્દ્રપ્રભસૂરિએ અતુલ બળવાન, બુદ્ધિમાન એવા ૬ શિષ્યોને એક સાથે જ સૂરિપદે આરૂઢ કર્યા.

जयशेखरसूरेश्च विना तेष्वन्यसूरिणाम् विषये नैव वैशिष्ट्यं किञ्चिद् ज्ञातुं हि शक्यते ।। ६८ ।।
તેઓમાંથી શ્રી જયશેખરસૂરિ સિવાય બીજા પાંચ આચાર્યો વિષે કાંઈપણ વિશેષ જાણી શકાયું નથી.

विद्वद्वराणां सूरीणां शिष्याणां चाधिनायकः । महेन्द्रप्रभसूरीन्द्रोऽचलगच्छप्रभाकरः ।। ६९ ।।
વિદ્વાન આચાર્યો રૂપી શિષ્યોના અધિનાયક શ્રી મહેન્દ્રપ્રભસૂરિ અચલગચ્છમાં સૂર્ય જેવા થયા.

वेदत्रिकेन्दुप्रमिते विक्रमार्कस्य वत्सरे । कार्तिके शुक्लपक्षस्य त्रयोदश्यां तिथौ पुरे ।। ७० ।।
समाधिमरणं प्राप्य पाटणाख्ये दिवं ययौ । ततश्च मेरुतुङ्गाख्यः सूरिः पट्टधरोऽभवत् ।। ७१ ।। (युग्मम्)
વિ. સં. ૧૪૪૪ (ઈ.સ. ૧૩૮૮)માં કાર્તિક સુદ ૧૩ ના દિવસે પાટણમાં સમાધિમરણ પામીને સ્વર્ગે સિધાવ્યા, ત્યાર બાદ મેરુતુંગસૂરિ પટ્ટધર થયા.

मेरुतुङ्गो मुनिश्रेष्ठः काव्यव्याकरणादिषु । तथा दर्शनशास्त्रेषु परं नैपुण्यभागभूत् ।। ७२ ।।
મુનિશ્રેષ્ઠ શ્રી મેરુતુંગસૂરિ કાવ્ય–વ્યાકરણ તથા દર્શનશાસ્ત્રમાં અત્યંત નિપુણ થયા.

मन्त्रतन्त्रादिशास्त्रज्ञः उपाध्यायाश्च निष्ठिताः । तस्मिन् विद्वांस आचार्या मुनयो बहवोऽभवन् ।। ७३ ।।
મન્ત્ર– તંત્રાદિ શાસ્ત્રના જ્ઞાતા, ગચ્છનાયક શ્રી મેરુતુંગસૂરિએ, ગચ્છમાં વિદ્વાન આચાર્યો, ઉપાધ્યાયો બનાવ્યા અને મુનિઓ પણ ઘણા થયા.

माणिक्यसुन्दरस्तत्र सूरिः साहित्यकृत् कविः । काव्यग्रन्थान् कथाग्रन्थान् जग्रन्थे सरसान् बुधः ।। ७४ ।।
તેમાં સાહિત્યકાર કવિ શ્રી માણિક્યસુંદરસૂરિ થયા. વિદ્વાન એવા તેમણે સરસ કાવ્યગ્રંથો, તથા કથાગ્રંથો રચ્યા.

एतादृशानां शिष्याणां मेरुतुङ्गोऽभवद् गुरुः । नृपाणां प्रतिबोध्धा स धर्मस्य च प्रभावकः ।। ७५ ।।
એવા શિષ્યોના ગુરુ, શ્રીમેરુતુંગસૂરિ અનેક રાજાઓના પ્રતિબોધક અને ધર્મપ્રભાવક થયા.

चन्द्रर्षिवेद चन्द्रेऽब्दे विक्रमार्कस्य भूपतेः । उत्तराध्ययनं शृण्वन् कालं कृत्वा दिवं ययौ ।। ७६ ।।
(તેઓશ્રી) વિ. સં. ૧૪૭૧માં (ઈ.સ. ૧૪૧૫) ઉત્તરાધ્યયન સૂત્રને સાંભળતાં, કાળધર્મ પામીને, સ્વર્ગે સિધાવ્યા.

मेरुतुङ्गे च सूरीन्द्रे दिवं याते महामुनौ । जयकीर्तिश्च सूरीशः समभूद् गच्छनायकः ।। ७७ ।।
મહામુનિ શ્રી મેરુતુંગસૂરિનું સ્વર્ગગમન થતાં, ગચ્છનાયક તરીકે શ્રી જયકીર્તિસૂરિ થયા.

जयकीर्तेः सुशिष्येषु जयकेसरी–मुख्यकाः । अभुवन् बहवः शिष्या अन्ये ख्याताश्च सूरयः ।। ७८ ।।
ગચ્છનાયક શ્રી જયકીર્તિસૂરિના સુશિષ્યોમાં શ્રી જયકેસરી આદિ મુખ્ય તથા અનેક અન્ય પ્રખ્યાત આચાર્યો થયા.

ग्रन्थकारेषु विख्यातो जयकीर्तिमुनीश्वरः । सप्तषष्टितमे वर्षे कालं कृत्वा दिवं ययौ ।। ७९ ।।
ગ્રંથકારોમાં પ્રખ્યાત એવા જયકીર્તિસૂરિ ૬૭મે વર્ષે કાળ કરી, સ્વર્ગે સિધાવ્યા.

जयकीर्तौ गते स्वर्गं सूरिः श्री जयकेसरी । गच्छेशपदमारूढो राजमन्त्रिप्रबोधकः ।। ८० ।।
અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી જયકીર્તિસૂરિના સ્વર્ગગમન પછી પૂ. આ. ભ. શ્રી જયકેસરીસૂરિ ગચ્છનાયક પદે આરૂઢ થયા. તેઓશ્રી રાજાઓ અને મન્ત્રીઓને બોધ આપનારા થયા.

जयकेसरिसूरेः श्री सिद्धान्तसागरादयः । शिष्या ललामभूताश्च गच्छस्यासन्प्रभावकाः ।। ८१ ।।
અચલગચ્છાધિપતિ આ. ભ. શ્રી જયકેસરિસૂરીના શ્રી સિદ્ધાન્તસાગરસૂરિ આદિ શિષ્યો ગચ્છના પ્રભાવક તથા તિલક સમાન થયા.

इन्द्रब्धिशरचन्द्रेब्दे, विक्रमार्कस्य भूपतेः । जयकेसरिसूरीन्द्रः खम्भातेऽवदिवं ययौ ।। ८२ ।।
વિ. સં. ૧૫૪૧(ઈ.સ. ૧૪૮૪)માં શ્રી જયકેસરિસૂરીશ્વરજી ખંભાતમાં સ્વર્ગે સિધાવ્યા.

રતિ ગુર્વાવલી

सूरिष्वार्यचरित्र भृच्चरणसन्नेर्मल्यदासी कृतः
स्वर्गिश्रेणिरिहार्यरक्षित इति ख्यातोरभवत् सूरिराट्
यस्मादेव प्रसिद्धिमाप जगति प्रध्वस्तदुर्दर्शन
ध्वांतादंचलगच्छ इत्यखिलसंस्तुत्यर्षिवृंद श्रितः ।।

આચાર્યોમા શ્રેષ્ઠ, ચારિત્રને ધારણ કરનાર અને ચારિત્રની ઉત્તમ નિર્મલતાથી દેવતાઓની પંક્તિને દાસરૂપ કરનાર આ પૃથ્વી પર 'આર્યરક્ષિતસૂરિ' નામક પ્રસિદ્ધ સૂરિરાજ થયા. મિથ્યાદર્શનરૂપ તિમિરનો નાશ કરનાર તે આચાર્યથીજ સ્તુતિ કરવા યોગ્ય સાધુઓનાં વૃંદથી આશ્રય કરાયેલ ' અંચલગચ્છ' જગતમાં પ્રસિદ્ધ થયો.

કવિચક્રવર્તિ પૂ. આ. શ્રી જયશેખરસૂરિજી મ. સા.

૧૩મી સદીની, અચલગચ્છના મુનિભગવંતની, પ્રથમ ગુજરાતી રચના

(૩) શ્રી જંબુસ્વામી રાસ

—— ❖ મૂળરચયિતા : કવિ ધર્મ (શ્રી મહેન્દ્રસિંહસૂરિના શિષ્ય) ❖ ——

અચલગચ્છાધિરાજ પૂ. આચાર્ય શ્રી મહેન્દ્રસિંહસૂરિના શિષ્ય કવિ ધર્મે, સ. ૧૨૬૬ (ઈ.સ. ૧૨૧૦)માં અપભ્રંશ ભાષામાં 'શ્રી જંબુસ્વામિચરિય'ની રચના કરી હતી. પ્રાચીન ગુજરાતીના નમૂના રૂપ આ કાવ્યે અનેક વિદ્વાનોની દૃષ્ટિને આકર્ષી છે. ગુજરાતી ભાષાની ઉત્પત્તિના શરૂઆતના સમયની આ કૃતિ છે. આ કૃતિ 'પ્રાચીન ગુર્જર કાવ્ય સંગ્રહ'માં પ્રકાશિત થયેલી, પણ હાલે તે પુસ્તક અપ્રાપ્ય છે. આ કાવ્યની નવ્યરચના પ્રસિદ્ધ સાક્ષરવર્ય શ્રી કે. કા. શાસ્ત્રી એ કરેલ છે, અમે અત્રે એમનો આભાર માનીએ છીએ.૨

જંબૂસામિ ચરિઉ

રાસસાહિત્યના પ્રાપ્ય કવિઓમાં સમયની દૃષ્ટિએ ચોથા કવિ ધમ્મ છે. પ્રસ્તુત કાવ્યાન્તે ૪૧ મી કડીમાં કવિએ પોતાના વિષે ઉલ્લેખ કરેલો છે કે, એમના ગુરુ મહેન્દ્રસૂરિ છે, અને વિ. સ. ૧૨૬૬, આ કાવ્યનું રચના વર્ષ છે.

કુલ છ ઠવણી – રચાયેલા, આ કાવ્યમાંની બે ઠવણી જંબુસ્વામીના પૂર્વજન્મ સાથે સંકળાયેલી છે.પહેલી ઠવણીમાં મંગળાચરણથી શરૂઆત થાય છે અને કાવ્યનો હેતુ એમાં જ આપીને કવિએ પરંપરા પણ જાળવી છે. કવિ જૈન હોવાથી તીર્થંકરોને નમસ્કાર કર્યા બાદ, જંબુસ્વામીનું ચરિત્ર વખાણે છે. એક પૂજ્ય વ્યક્તિની સ્તુતિ આ કાવ્યમાં છે.

પહેલી ઠવણીમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિનું ચરિત્ર અને વિદ્યુન્માલીના સાતમે દિવસે થનારા ગમન વિષે વર્ધમાન સ્વામી શ્રેણિક રાજાને એના પ્રશ્નોના જવાબ રૂપે જે વાત કહે છે, તે આવે છે, બીજી ઠવણીમાં જંબુસ્વામીનો આગલા (પૂર્વ) જન્મ સંબંધિત શિવકુમાર નામે કુંવર ની વાત છે. વીતશોક નગરીના પદ્મરથ રાજા અને વનમાલા રાણીનો આ શિવકુમાર રૂપવાન, ગુણવાન અને ધાર્મિક પુત્ર હોય છે. એ આગલા ભવનો ભક્તિચ્યૂત ધાર્મિકાત્મા સાગર મુનિની ભવિષ્યવાણી અનુસાર, ઋષભદત્ત શેઠ અને ધારિણીના પુત્ર રૂપે (જંબુસ્વામી) જન્મે છે. આગલા ભવના સંસ્કારને લીધે તેઓ ૧૬ મે વર્ષે ગુરુ પાસે જઈ, આજન્મ બ્રહ્મચારી બને છે. "મા"નો બોલ ઉથાપવા અસમર્થ એવા માતૃભક્ત જંબુસ્વામી, યુવાન થતાં એક સાથે આઠ કન્યાને પરણી ઘેર આવે છે. આગળથી જણાવેલા નિશ્ચય અનુસાર, તેમને સાંજે પરણીને સવારે 'સંયમવ્રત' લેવાનું હોય છે, એટલે આઠે પત્નીઓને સમજાવતા હોય છે. ત્યાં ઓચિંતો પ્રભવ નામનો ચોર, પોતાને સાધ્ય ધારણ વિદ્યાથી (અવસ્વાપિની વિદ્યાથી) સૌને ઊંઘમાં નાખી વસ્ત્રાભૂષણો લઈ જવા માંડે છે. ત્યાં તો જંબુસ્વામી પોતાને સાધ્યસ્તંભન વિદ્યાથી પ્રભવને મહાત કરે છે. પાંચસો સાથીઓવાળો પ્રભવ આ રીતે પ્રભાવિત થઈ, અભય આપી, જંબુસ્વામીને પોતાની બે વિદ્યા સાટે સ્તંભન વિદ્યાનું સાટું કરવા કહે છે. આમ ૨૧ થી ૨૫ કડી સુધી જંબુસ્વામી અને પ્રભવ વચ્ચે સંવાદ ચાલે છે, પરંતુ જંબુસ્વામીએ પાંચસો સાથીઓવાળા પ્રભવ તથા રાણીઓને ઉત્તર–પ્રત્યુત્તર વડે માંડ માંડ સમજાવ્યાં, ત્યારે માબાપ કહેવા લાગ્યાં કે, અમે પણ જંબુની સાથે જ સંયમવ્રત લઈશું. બીજી ઠવણી એ રીતે પૂર્ણ થાય છે. અહીં પ્રભવ સિવાયના સૌને વૈરાગ્ય થાય છે, તેની પાછળ જંબુસ્વામીને છોડવા ન પડે અને "જ્યા તું ત્યાં હું" એવા સંકલ્પવાળા તેઓ હોય એવું લાગે છે, પણ સાચો વૈરાગ્ય નથી લાગતો. ત્રીજી ઠવણી શરૂ થતાં, પ્રભવના દિલમાં ગત કુકર્મો પ્રત્યે થયેલા પશ્ચાતાપનો ઉલ્લેખ છે. રાજાની માફી માગવા પ્રભવ જાય છે, તે સમયે (લગભગ ૩૦ થી ૩૪ કડી સુધી) પ્રભવ ની વાત જણાવે છે, જેમાં પ્રભવની નૈતિક હિમ્મત (moral courage), પ્રભવનો લોકોમાં ભય, પ્રભવના વ્યક્તિત્વનો રાજા ઉપર પડતો પ્રભાવ વગેરે કવિએ સુંદર રીતે નિરૂપ્યાં છે. પ્રભવના વૈરાગ્યનું કારણ રાજા તેને પૂછે છે, ત્યારે 'જંબુસ્વામીએ જગતને આશ્ચર્ય થાય એ રીતે આઠે બાળાઓ અને રિદ્ધિ–સિદ્ધિને તરણાની જેમ તજી દીધાં, એવું જોઈને પોતાને પણ વૈરાગ્ય ઉત્પન્ન થયો, એવું પ્રભવ રાજાને જણાવે છે. આમ ત્રીજી ઠવણી સમાપ્ત થતાં, ચોથી ઠવણીમાં જંબુસ્વામીનો રસાલો સંયમવ્રત લેવા જાય છે, એ વિગત છે. પાંચમી ઠવણીમાં બીજા લોકોએ પણ સંયમવ્રત લીધું, એમ કવિ જણાવે છે. છેલ્લે, પ્રભવને ગાદીએ બેસાડી, જંબુસ્વામી સિદ્ધ ગતિને પામ્યા તેનું વર્ણન કરવામાં આવ્યું છે. અંતમાં કવિ પોતાના ગુરુ વિષે અને પોતાના નામ વિષે થોડી માહિતી તેમજ ફલશ્રુતિ આપે છે.

પ્રતને અંતે 'ઈતિ જંબુસ્વામિ રાસઃ' પુષ્પિકા ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે, આ ચરિત્ર પણ એક રાસ જ છે. આ કાવ્યમાં કથાનકનું વિભાજન 'ઠવણી'થી કરવામાં આવ્યું છે. ધીરોદાત્ત જંબુસ્વામી અને પ્રભવનું ચરિત્ર આલેખાયેલું છે. આ આખું સંવાદાત્મક કાવ્ય હોવાથી, પ્રકૃતિવર્ણનને જરા પણ અવકાશ સ્વાભાવિક રીતે જ નથી મળ્યો પણ એ ખોટ ખમી શકાય તેવી છે. આ ગેય કાવ્ય પણ છે. ગેયતા જાળવવા ઓ, હ, વગેરે અક્ષરો ચરણને અંતે મૂકેલા છે. આમ આ કાવ્ય વિભાજિત બંધવાળું રસકાવ્ય જ છે, અને તેમાં જંબુસ્વામી જેવા ધર્મશ્રેષ્ઠીના વૈરાગ્યનું ચરિત્ર મુખ્યત્વે આપેલું છે.

૪૧ કડીનું બનેલું આ નાનું કાવ્ય છે. ચરિત્ર વિષયક અને સંવાદાત્મક કાવ્ય હોવાથી, કાવ્યને દીપાવે તેવાં વર્ણનો અને ખાસ ધ્યાન ખેંચે તેવા અલંકારો આમાં નથી. વૈરાગ્ય વર્ણવતું આ કાવ્યપણ, એ રીતે વૈરાગી છે.

જંબૂસામિ રાસ

(અપભ્રંશ ભાષા)

જિણ ચઉવીસઈ પય નમેવી ગુરુચરણ નમેવી, જંબૂસામિહિ તણઉ ચરિય ભવિઉ નિસુણેવી;
કરિ સાનિધ સરસત્તિદેવિ જિમ રયં કહાણઉ, જંબૂસામિહિં ગુણગહણ સંખેવિ વખાણઉ....૧

જંબૂદીપહ ભરહખિત્તિ તિહિં નયરપહાણઉ, રાજગૃહ નામેણ નયર પહુવિં વરકાણઉ;
રાજ કરઈ સેણિયનરિંદ નરવરહં જુસારો, તાસુ તણઈ પુત્ત બુદ્ધિમંત મંતિ અભયકુમારો...૨

અન્ન દિણંતરિ વદ્ધમાણ વિહરંત પહૂતઉ, સેણિઉ ચાલિઉ વંદણહ બહુભત્તિ તુરંતુ;
માગિ વહંતુ માહારાજ કેસઉ પેખેઈ, ભોગવિરત્તઉ પસનચંદ બહુતવણ તવેઈ....૩

ધનુ ધનુ માયા એહરસિ પસંસિઉ વંદઈ, દુમુખવયણિ સો ચલિઉ ધ્યાનિ કુમારગિ ચલ્લઈ,
10 ધમ્મલાભ નવિ દીયઈ જામ મુનિ હૂઉ અભાઓ, ઈહ સહૂ કો એક માનિ રંકે અનુ રાઓ....૪

સામિય વંદિઉ વદ્ધમાણ સેણીયં પૂછીઈ; જઈ પસનચંદ હિવ કરેઈ કાલ કીંછે ઊપજઈ;
મન જાણેવિણ પસનચંદ સામી બોલીજઈ, નરગા વાસઈ સાતમએ નીછઈ ઉપજઈ....૫

બીજી પૂછહ મણુય હોઈ, ત્રીજી અણઉત્તર, દુંદુહિ વાજ દેવકીય ચાલીય તિહિં સુરવર;
સેણિઉ પૂછઈ સામિસાલ કાંહાં જાઈજઈ, કેવલમહિમા પસનચંદ દેવે કીજ્જઈ....૬

સેણિઉ મનિ ચિંતા ચડિઓ સામી વલિ પૂછઈ, જં પ્રભુ તમ્હે બોલીયઉ તં અમ્હે ન બૂઝિઉ;
સેણિય તમ્હિ બૂઝિયઉ તઅં તિસઉ તહોએ, મણપરિણામહ વિસમગતિ જીવહં પુણ હોઈ....૭

કેવલનાણઉ ભરહખેતિ કેતૂં વરતેસિઈ, સામી દાખીઉ વિજ્જુમાલ લિયઉ છેદુ હોસિઈ;
ચઉસટ્ઠિ દેવે પરિપરિઉ ચઉદેવે સહીઉ, અતિસઈ દીસઈ દેહકંતિ સેણી ચિતિ ચડીઉ....૮

દેવહ નવિ હુઈ એહુ નાણુયઉ કિમ હોએસિઈ, આજુના દીહ સાતમએ ઇણિ નયરિ ચવેસિઈ;
20 કિંકારણ પુણ એહકંતિ કિંરૂયહ અતિસઉ, કવણહ ધમ્મહ તણઈ ભાવિયઉ દેવઅ ઈસઉ....૯

(ઠવણિ)

મહાવિદેહ તણઈ વિજય વીતસોય નયરી, પદમરથ નામેણ રાઉ વનમાલા ઘરણી;
તાસ ઊયરિ ઊપન્ન પુત્તુ સુરલોયહ હુંતુ, વદ્ધઇ નામિઈ સિવકુમાર બહુગુણિહિં સંજુત્તઉ...૧૦

પુવભવંતરતણઈ નેહિ સાગરમુણિ પહુત્તુ, આવીઉ વંદણ સિવકુમાર બહુભત્તિતુરં તઉ;
હઉ જાણઉ તૂ મુણિહિં નાહ કીછે મઈ દીઠઉ, એહ જન્મહ તઇયભવિ મુઝ ભાઈ ય હૂંતઉ....૧૧

ઉહાપોહ કરેહિ જામ પાછિલઉ ભવ દેખઈ, જા મઈ મૂકી સુરહ રિદ્ધિ યા કીણઇ લેખઈ;
તું ચિંતાવિઉ સિવકુમાર અથિરઉ સંસારો, ભવનિન્નાસણ લેઇસિઉ અમ્હિ સંજમભારો....૧૨

માત ન મેલ્હઈ એકપૂત સો મુનિહિ થાઈ, દઢધમ્મેણ સાવએણ જાયવિ બોલાવીઉ;
પારિ પારિ દઢધમ્મ ભણઇ અમ્હ ભણીઉ કીજઈ, દુલ્લભ બેડી મણુયજન્મ જતનિહિં રાખીજઈ.....૧૩

30 કહઈ ધમ્મસો મુણિહિં જામ તસુ વયણ મનેઈ, ભિહું ઉપવાસસહુ પારણઈ એ આંબિલ પારેઈ;
ફાસુય વેસણ ભત્તપાણ દઢધમ્મો આણઈ, માહિથીઉ અંતેઉરહં સો સીલ જ પાલઈ....૧૪

નવકરવાલી તીષ ધાર કરમં સવિ સૂડઇ, નિહણઇ મોહકંદપ્પરાઉ ભવપરીયણ મોડઈ;
બારહ વરસહંતણઈ અંતિ આઊસું પૂરીજઈ, પંચમ દેવલોકિ સિવકુમાર સો દેવ ઊપજઈ..૧૫

કવણહ નારિહિતણઈ ઉયરિ એહ જીવ ચવેસિઈ, કવણહ બાપહતણઈ કુલિ એઉ મંડણ હોસિઇ,
ઉસભદત્તસેઠિહિ ઘરણિ ધારિણિઉરિ નંદણ, હોસિઇ નામિઇ જંબુસામિ તિહુયણિ આણંદણ..૧૬

ઊઠીઉ દેવ અણાઢિઉ હરખિઇ નાચેઇ, ધનુ ધનુ અમ્હ તણઉ કુલ એસુ પુત્ત હોસિઇ;
ચવિઉ વિમાણહ બંભલોય ધારણિઉરિ આવિઉ, સુમિણપ્રભાવિહ ઉસભદત્ત અંગેહિ ન માઇઉ..૧૭

જાયઉ પુત્તુ પહાણ જામ દસદિસિ ઉદયંતઉ, વદ્ધઈ નામિહિ જંબુસ્વામિ ગુણગહણ કરંતુ;
*સોલવરીસઉ હૂઉ જામ ગુરુપાસિ પહુતુ, બ્રહ્મચારિ સો લિયઇ નીમ ભવવાસ વિત્તઉ....૧૮

જોયણવેસહ પહુતુ જામ કન્ના મગ્ગાવઇ, બીજા ધૂયા પાઠવએ તસ વિવારી વય;
મન દેજિઉ તમ્હિ અમ્હ દેસુ અમ્હિ ઈસઉ કરેશઉ, સાંઝહ પરણી પ્રહહ જામ નીછઇ વ્રત લેસિઉ....૧૯

માય દુલ્લંધીય તણઇ વયણિ પરિણેવઉ મન્નીઉ, આઠઇ કન્યા એકવાર પરિણીય ઘરિ આવીઉ;
આઠઇ પરણી મૃગનયણી બૂઝવણઇ બઈટઉ, પંચસએ ચોરે હંસિઉ પ્રભવઉ ઘરિ પઇઠઉ....૨૦

નીદ્ર અણાવીય સોયણીય આભરણ લીયંતા, તે સવિ અછઇ થંભીયા ટગમગ જોયંતા;
પ્રભવઉ ભણઈ હો જંબુસામિ એક સાઠિ જ કીજઈ, બિહું વિજ્જાવડઇ એક વિજ્જ થંભણીય જ દીજઈ....૨૧ 10

હિવ હું કહિ નવિ જ લેવિ જ લેવિ પુણ ક્રિસઉ કરેસો, અઠઈ પરિણી સસિવયણી નીછઇ વ્રત લેસો;
રૂપવંત અણુરત્ત રમણિ એઉ એમ ચએસિઈ, અણહૂંતાસુહતણી ય આસ મુઝ જીવ કરેસિઈ..૨૨

એવડુ અંતર નરહં હોઈ પ્રભવઉ ચિંતેઇ, સંવેગરસિ જઈ ગયઉ મન પ્રભવઉ પૂછેઈ;
સિદ્ધિરમણિ ઊમાહીયા હ તમ્હિ સંજમ લેસિઉ, કરુણઇ વિલવઇ માઈબપ્પ કિમ કિમ મેલ્હેસિઉ....૨૩

ઈદિયાલ નવિ જાણીઇ એ કો કિમ હોઈસિઈ; અઢાર નાત્રા એકભવિ જંબૂસામિ કહેઈ;
પિતર તમ્હારા જંબૂસામિ કિમ તૃપતિ લહેરાઈ; પિંડ પડઈ લોયહંતણઈ એ ઊભા જોસિઇ...૨૪

બાપ મરવિ ભઇસુ હુઈ પુત્રજન્મિ હણીજઈ, ઈણપરિ પ્રભવા પિતરતૃપ્તિ તિણિ ધીવરિ કીજઈ;
અણહૂંતા સુહ તણી ય આસ હું તઉં છાંડેસિઉ, તિણ કરસણિ જિમ કલત્ર ભણઇ અવતરતા કરેશિઉ....૨૫

તમ્હ રૂપિહિં હઉ લોભ કરઉ દેખિ મણહર રૂયડઉ, હત્થિ કડેવર કાગ જિમ ભવસાયર નિવડઉ;
બીજી કલત્ર કહેવિ નાહ જઈ અમ્હ છંડેસિંઉ, તિણિ વાનરિ જિમ પચ્છુતાવ બહુ ચીંતિ ધરેસિઉ..૨૬ 20

બિંદુસમાણઉ વિસયસુક્ખ આદર કિમ કીજઈ, ઈંગાલવાહગ જેમ તુમ્હિ તૂસ કિમ ન છીપઈ;
ત્રીજી કલત્ર ભણઇવિ નાહ જઉ અમ્હ છાંડેસિઉ, તિણિ જંબુકિ જિમ સાણહાર બહુખેદ કરેશઉ...૨૭

ઊત્તર પડિ ઊત્તર બહૂ ય સંખેવિ કહીજઈ, વિલખી હુઈ તે સવ્વિ બાલ જંબુસામિ ન બુઝઈ;
આસાતરુવર સુક્ક જામ અમ્હિ ઈશઉ કરેશઉ, નેમિહિંસિઉ રાઈમઈ જિમ વયગહણ કરેશઉ...૨૮

(ઠવણિ)

આઠ કલત્ર હ બૂઝવીય પંચસય સિઉપ્રભવઉ; માઈબાપ બેઉ ભણઈ તામ અમ્હ સાધુ સરીસઉ.
પ્રહ વિહસઈ સુવિહાણ પ્રભવું વિનવઈ જંબૂસામિ; સજનલોક મોકલાવિ તમ્હિ સિઉ સંજમ લેસિઉ..૨૯

ખણ એક પડ(ડિ) ખાએવિ રાય મોકલાવણ ચાલીય; તું સુહડસમૂહ કરેવિ ભૂઈ કંપઈ ભડવ હં.....૩૦

જસ ભય ઘ્રસકઈ રાઉ જસ ભય નીંદ્ર ન બયરીયહં; એસઉ પ્રભવઉ જાઈ નરનારી જોયણ મિલીય.
પહુંતુ રાયદુવારિ પડિહારિઇ બોલાવીઉ, બેગિઇ રાય ભેટાવિ અમ્હિ અચ્છઉ ઉત્સુકમણા...૩૧ 30

પુત્ત તણઉ વિઝ(વ)રાય, તુમ્હ દરિસણિ ઉમાહિઉ ઓ, કારણ જાણીઉ રાય વેગિહિં સો મેલ્હાવિઉ ઓ.
પ્રેઠિ ન ખંડેઈ રાઉ પ્રભવઉ દેખી આવતઉ; સાચઉ એ ભડિવાઉ પુરુષહ આકૃતિ જાણીઈ...૩૨

* કોઈ પ્રતમાં 'અઠ વરિસ' નો પાઠ છે.

રૂપગુણે સંપન્ન રાયરમણિ મન ચોરતુ ઓ; સોહઈ પૂનિમચંદ જઈ દ્રવકોઈ (સવકોઈ) પ્રણમીઉ.
નુતઉ અદ્ધસીય સરીર જઈ કોઈ જણણી જાઈઉ; નયણે છૂટું નીર સંવેગજલહરિ વરિસિઉ;
સામિ, ખમિ અપરાધ અમ્હે લોક સંતાવીયા એ....૩૩

પડિવજ બોલઈ રાઉ કોણી મનિ આણંદિય ઉ; ધન્ન પનુતી માઈ ઈસિઉ પુત્ર જિણિ જાઇઉ ઓ;
તો મોકલાવી રાઉ કોણી મનિ આણંદ દિયઈ; ધન્ન પનુતી માઈ ઇસિઉ પુત્ર જિણિ જાઈઉ ઓ.૩૪

કિણ કારણિ વઈરાગ તં કારણ અમ્હિ બોલીઈએ; મેલ્હી અકઈ બાલ કણયકોડિ નવાણવઈ એ.
અનઈ રિદ્ધિ બહુત તિહિં પુણ પાર ન જાણીય એ; જંબૂસામિચરિત્ત મહિમંડલિ હૂઉ અચ્છરીય...૩૫

ઈણ કારણિ વઈરાગ તૃણ જિમ દીઠઉ મેલ્હતઉ ઓ; અમ્હ સોઈ જિ સામિ તમ્હે ભલઈ અછિજિઉ ઓ.
મોહનરિંદ સિઉ ઝૂઝ સંજમકિત્તિઈ ઝૂઝસિઉ ઓ; પ્રભવક પંચસએણ અકઈવહૂયર–માઈબપ્પો...૩૬

10 સવિ કહં એ રૂઠઉ જાઈ નિયઘરહુંતુ નીસરઈ; ચાલીઉ એ સિવપુરિ સાથ સારથવય તિહિં જંબુસામિ,
તિહુયણિ એ જયજયકાર સોહમ દેખીઉ જંબૂસામિ; કંચણ એ રયણિહિં દાણ જિમ ઘણ વરસઈ ભદ્રવએ,
સ(સં)યતઉ એ ઈહ ગોલોક ભવિયજણ સંવેગ કરો....૩૭

કસકેરી (?) પિઈમાઈ કલત્ર, ધન્ન ધણ, દેસી કુડિસારિચ્છ જિણ જિમ જંબૂ પરિહરએ;
અનઈ લોક બહૂત વ્રત લેવા તિહિં ચાલીઉ, વંદિય જિણભવણાઈ સોહમ્મસામિ વાસિ ગયઉ....૩૮

ભવસાયર ઉત્તારિ જમ્મણ–મરણહ બીહતઉ ઓ, પંચ મહવ્વય–ભાર મેરુ–સમાણઉ અંગમઈ એ;
અનુ તેતઉ પરિવાર સોહમ્મસામિહિં દિક્ખીઉ ઓ, હૂઉ કેવલનાણ સંજમરાજહ પાલતાં એ...૩૯

વીરજિણંદહ તી(૨)થિ કેવલિ હૂઉ પાછિલઉ, પ્રભવઉ બઈસારીઉ પાટિ સિદ્ધિ પહુતુ જંબુસ્વામિ
જંબુસામિય–ચરિત્ત પઢઇ ગુણઇ જે સંભલઇ, સિદ્ધિસુક્ખ અણંત તે નર લીલાહિ પામિસિઈ....૪૦

મહિંદ સૂરિ–ગુરુ–સીસ ધમ્મ ભણઈ હો ધામીઉ એ, ચિંતઉ રાતિ–દિવસિ જે સિદ્ધિહિ ઉમાહીયા એ.
20 બારહ–વરસ–સએહિં કવિ નીપનૂં છાસઠએ, સોલહ વિજ્જાએ (દિવિ) દુરિય પણાસઉ સયલસંઘ....૪૧

ઇતિ શ્રીજંબુસ્વામી રાસ

જંબૂસ્વામી રાસ

(પદ્યાનુવાદ) (કાવ્ય કિંવા રોળા છંદ)

જિન ચોવીસ અને ગુરુ તણે ચરણ નમીને, જંબૂસ્વામીતણું ચરિત સુભવ્ય સુણીને,
સરસ્વતીને સામે રાખી રચું કહાણી, જંબૂસ્વામી તણા ટૂંકમાં ગુણની વાણી....૧

જંબૂદ્વીપે ભરતભૂમિમાં મુખ્ય નગર છે, રાજગૃહ કરી પૃથ્વી પર જે ઘણું ખ્યાત છે.
રાજ્ય કરે ત્યાં શ્રેણિક ભૂપતિ, જે પુરુષોત્તમ, એને મંત્રી અભયકુમાર શાણો ને સત્તમ....૨

વર્ધમાન આવ્યા ત્યાં એક દિવસ વિહરંતા, શ્રેણિક ચાલ્યા વંદવા ઘણી ભક્તિ ધરંતા,
માર્ગે પળતાં મહારાજ કેવું ભાળે છે ! ભોગ તજી પ્રસન્નચંદ્ર, તપ તહીં કરે છે....૩

30 'ધન્ય ધન્ય એ માતા !' એ ઋષિને પ્રશંસતા લળે, દુર્મુખ વચને ચળતાં ધ્યાને કુમાર્ગમાં પડે.
ધર્મલાભ નવ કહે : થયો મુનિ, અભાગિયો ત્યાં, એવો રંક અને રાય સહુ માને છે જ્યાં....૪

વર્ધમાનસ્વામીને પૂછ્યું શ્રેણિકે નમી, પ્રસન્નચંદ્રનું મરણ થતાં ક્યાં રહેશે જનમી ?
મન જાણીને પ્રસન્નચંદ્રનું સ્વામી કહે છે : સપ્તમ નરકે જન્મ ધારશે નક્કી એ છે....૫

બીજે પ્રશ્ને 'મનુજ' ન બોલ્યા, ત્રીજે તો ત્યાં, દુંદુભિ દેવતણાં વાગ્યાં, સુરવર ચાલ્યા જ્યાં,
શ્રેણિક પૂછે : 'હે સ્વામી ? ક્યાં એહ જાય છે ? 'કેવળમહિમા પ્રસન્નચંદ્રનો દેવ કરે છે'....૬

શ્રેણિક મન ચિંતા, એ પૂછે સ્વામીને; 'હે પ્રભુ જે બોલ્યા છો તે સમજાય ન મને.'
'શ્રેણિક સમજો થવાનું જે કૈં તેહ થાય છે, મનને કારણ જીવને દશા વિષમ થાય છે.'....૭

'ભરતભૂમિમાં જ્ઞાન કેવળી કશું વરતશે ?' સ્વામી કહે : 'વિદ્યુન્માલી જીવ ચ્યવન પામશે.'
ચોસઠ દેવે સેવ્યો, ચારે દેવે સહિયો, દેહકાંતિ બહુ દીસે, શ્રેણિકચિત્તે ચડિયો....૮

'જ્ઞાન એહ નવ થાય દેવને તો કયમ થાશે ?' 'આજ થકી સાતમે દિ' આ નગરમાં કહેવાશે,
શાને છે આ કાંતિ, રૂપ આ શા માટે અતિ ? કયો ધર્મ આચર્યે દેવને ગમ્યો એ અતિ ?'....૯

મહાવિદેહ તણે દેશ પુર વીતશોક છે, રાય પદ્મરથ, રાણી વનમાલા ત્યાં રહે છે,
દેવલોકથી આવી એને સુત અવતરિયો, શિવકુમાર નામે એ બહુ ગુણગણથી ભરિયો....૧૦

પૂર્વભવતણા સ્નેહે સાગરમુનિ આવ્યા જ્યાં, ભક્તિભાવથી શિવકુમાર વંદવા ગયો ત્યાં,
'મને થાય : હે મુનિ ! કહી જોયા તમને તો, આ ભવથી ત્રીજે ભવ મારા ભાઈ તમે તો.'...૧૧ 10

ચર્ચા કરતાં પૂર્વતણો ભવ તો ત્યાં દેખે, 'જો મૂકી મેં દેવ–ઋદ્ધિ તો આ શા લેખે ?'
વિચારતો શિવકુમાર અસ્થિર આ સંસાર જ; જન્મમરણ ટાળવા લહું હું સંયમ–ભાર જ....૧૨

માને ન ગમે : પુત્ર એકનો એક મુનિ બને. દઢધર્મા શ્રાવકે જઈ બોલાવ્યો એને;
દઢધર્મા કહે ફરી ફરી : કર જેમ કહું તને, દુર્લભ બેડી મનુજ જન્મ સાચવીએ જતને. ...૧૩

કહે ધર્મ મુનિના ને એનાં વેણ વિચારે, બે ઉપવાસે પારણાં અશી આંબિલ ધારે.
લાવી આપે દઢધર્મા ત્યાં ખાનપાન જે, અંતઃપુરમાં રહ્યો છતાં આચરે શીલ એ....૧૪

નવા ખડ્ગની તીક્ષ્ણ ધારથી કર્મો કાપે, મોહ, કામ, ભવ તણાં સગાંને છેટે થાપે;
બાર વર્ષને અંતે આયુષ પૂર્ણ કરે છે, દેવલોક પાંચમે કુંવરશિવ દેવ બને છે....૧૫

કઈ માતાને પેટ જીવ એ જન્મ પામશે ? કયા પિતાનો વંશ એહથી શોભા ધરશે ?
ઋષભદત્ત છે શેઠ ધારિણી પત્ની નામી, ત્રિલોકને આનંદપ્રદ સુત જંબૂસ્વામી....૧૬ 20

ઊઠયા દેવ અનાઢય એહ હરખે નાચે છે : ધન્ય, ધન્ય અમ કુળે પુત્ર એ જન્મ ધરે છે,
વિમાન પાંચથી ચવ્યો ધારિણી–ઉદરે આવ્યો, સ્વપ્ન આવતાં ઋષભદત્તને હરખ ન માયો..૧૭

જન્મ્યો સુત દસ દિશા મહી અજવાળાં કરતો, જંબૂસ્વામી નામે ગુણ–ગણ સઘળા ગ્રહતો;
સોળ વર્ષનો થતાં આશરો ગુરુનો લે છે, વિરાગ પામી બ્રહ્મચર્યનો નિયમ ધરે છે....૧૮

યૌવન આવ્યે કન્યા કેરાં માગાં આવે, બીજા ઉમરલાયક દુહિતા તહીં ભળાવે;
'આમ કરીશું, તેમ કરીશું' એમ પટાવે, 'સાંજે પરણી, સવારમાં વ્રત છો લે' કહાવે....૧૯

ટાળે નહિ માતાની આજ્ઞા : પરણ્યો ભાવે; આઠે કન્યા એક સાથ પરણી ગૃહ આવે.
આઠે મૃગનયનીને સમજણ દેવા બેઠો; પ્રભવ ચોર પાંચસેં ચોર સહ ત્યાં તવ પેઠો....૨૦

નિદ્રા આવ્યે સૂઈ જતાં ઘરેણાં કાઢે છે, ત્યાં તો એ સૌ ટગમગ જોતા ઝટ થંભે છે.
પ્રભવ કહે : 'ઓ જંબૂસ્વામી એમ કરોને : 'બે વિદ્યાસાટે એ સ્તંભનવિદ્યા દોને.'....૨૧ 30

'હું હવે કંઈ લૈશ નહિ, નહીં કરીશ કંઇ હું, આઠે પરણી મૃગનયની સહ વ્રત લઈશ હું.'
'રૂપવંત અનુરક્ત એહ રમણીઓને તજશે. નહી હોતાં સુખ તણી આશ, મુજ જીવ જ કરશે.'..૨૨

'આવું અંતર હોય પુરુષને ?' સોચે પ્રભવો; સંવેગરસે ગયું ચિત્ત તવ' પૂછે પ્રભવો.
'રમણી–સિદ્ધિ તણી હૂંફથી સંયમ ધરશો, કરુણ રડતાં માતપિતાને કેમ પરિહરશો ?'...૨૩

'માયાવી એ ન જાણતો કૈં કેમ થશે એ; અઢાર નાત્રાં જંબૂસ્વામી એક ભવે કહે.
'માતપિતા તમ જંબૂસ્વામી ! કેમ સમજશે ? પિંડ પડે લોકોના, તુમ પિતરો ઊભા જોશે....૨૪

'બાપ મરે, પુત્રને ઘરે જન્મે, પાડાને મારે; એ રીતે બાપની તૃપ્તિ માટે ન વિચારે.
નહીં થતા સુખતણી આશ હું તજીશ ત્યારે.' નારી કહે : જયમ ધાન્ય ઊગતાં કરિયે જ્યારે...૨૫

જોઈ મનોહર રૂપ તમારું લોભ કરું છું, હાથે કંકણ કાચ જેમ ભવસિંધુ તરું હું.
બીજી સ્ત્રી કહે : 'ત્યાગ કરો મુજ નાથ તમે જો, પેલા વાનર જેમ કરું પસ્તાવો તો તો. ...૨૬

ટીપા જેવું વિષયસૌખ્ય આદર કરીએ કિમ ? તરસ ન છીપે તમારી અંગારાની જિમ.
10 ત્રીજી સ્ત્રી કહે : 'ત્યાગ કરો મુજ નાથ ! તમે જો, શિયાળની જેમ બહુ ખેદ હું કરું તયેં તો. ૨૭

બહુ સંખ્યક ઉત્તર ને પ્રત્યુત્તર ચાલ્યા, ઝાંખી થઈ સહુ એહ, ન જંબૂસ્વામી હાલ્યા,
'આશાતરુ સૂકા જયમ કરશું અમે અશું સૌ, નેમિ કને રાજુલની પેઠે વ્રત લેશું સૌ. ૨૮

બોધી આઠે સ્ત્રી, સો પાંચે સાથ પ્રભવને, માતપિતા ત્યાં કહે : 'સદ્ય આપો વ્રત અમને.
પ્રભવ સવારે જંબૂસ્વામીને તવ યાચે; તેડાવી સજ્જન સહુને વ્રત લઉ તમ પાસે....૨૯

(સોરઠો)

રાહ જોઈ ક્ષણ એક, બોલાવ્યા ત્યાં રાયને, આવ્યા સુભટ અનેક, ધરણી ધ્રૂજી એ સમે...૩૦

(રોળા છંદ)

જેને ભય રા' ધ્રૂજે, નિદ્રા અરિને ના'વે, પ્રભવ તેહ તવ જાય, દર્શને જન સહુ આવે.
રાજદ્વારે ગયો, પ્રતિહારે બોલાવ્યો, 'છું ઉત્સુક હું મળવા' કહેતાં રા' ઝટ આવ્યો....૩૧
20 'આપતણાં દર્શને રાય હે ! ઉમંગ મુજને.' કારણ જાણી રાય તરત તેડાવ્યો એને.
એક નજરથી જુએ આવતો જોઈ પ્રભવને, સાચો એ ભડવીર પુરુષ આકાર જુઓને...૩૨

રૂપગુણે સંપન્ન રાયરાણી મન હરતો, શોભે પૂનમચંદ્ર જેમ સહુથી વંદાતો.
સ્તવ્યો અધર્ષિતદેહ ખરે એ જનનીજાયો, નયણે છૂટ્યાં આંસુ, મેઘ સંવેગ ગડગડ્યા,
'સ્વામી ! ક્ષમ અપરાધ, અમે લોકોને કનડ્યા.'.....૩૩

પ્રતિપદ કહે છે રાય ચિત્તમાં આનંદ પામી : ધન્ય માત તે એહ પુત્ર જે પામી નામી.'
ચોરગામથી લોક સર્વ તેડાવે ભૂપતિ; સહુ જણ કહે છે અમે ગ્રહીશું સંયમનું વ્રત....૩૪

શાને લો વૈરાગ્ય ? કહો એ કારણ અમને, રાણી આઠે, સંપદા ઘણી તજી રહ્યા, ને
રિદ્ધિ ઘણી છોડી જેનો નવ પાર પમાય, જંબુસ્વામીતણું ચરિત્ર ભૂમિપેં આશ્ચર્ય ન માયે...૩૫

ધારી રહ્યા વૈરાગ્ય, છોડિયું સહુ કંઈ તૃણ સમ યૌવનમાં,
30 (મોહ, લોભ, ને કામશત્રુઓને થઈ નિર્મમ)
અમેય તજશું વાહ, વાહ, સ્વામી અમ બળથી, મોહરાજ શું યુદ્ધ અમે કરશું સંયમથી...૩૬

પ્રભવ પાંચસે ભાઈ, આઠે વહુ પિતુમાત ને નિજ ઘર છોડી જાય, રૂઠો સહુ પહેલાં થકી..૩૬અ

ચાલ્યો શિવપુર સાર્થ સાર્થવાહ શ્રીજંબુસ્વામી, જયજયકાર બધે સુધર્મા જોવા સ્વામી,
ભાદરવે જયમ મેઘ વાવરે રત્નો સોનું, ભવ્યજનોને ઓહું દેતા ત્યાં સંયમનું....૩૭

માતપિતા સુત નાર્ય સંપદા તેમ ધાન્યને, જિન જિમ જંબૂસ્વામી પરહરે કોડી સમાન.
ત્યાં વ્રત લેવા લોક ઘણાં ચાલ્યાં છે વાંસે, વંદી જિનગૃહ પળે સુધર્માસ્વામી પાસે...૩૮

ભવસાગર ને જન્મમરણનો પાર ઉતારે; પંચમહાવ્રત ભાર મેરુસમ હળવો ધારે.
દીક્ષા સગાં ગ્રહે સુધર્માસ્વામી–હત્થે, થયું કેવળીજ્ઞાન પળાતાં સંયમ સાથે....૩૯

વીરજિનેંદ્રને તીર્થે કેવળી થયા આખરી, પ્રભવ પટ્ટધર કરી સિધાવ્યા જંબૂસ્વામી,
જંબૂસ્વામીચરિત ભણે ને ગણે સાંભળે, રમતમાત્રમાં સિદ્ધિ તણું સુખ તેહ મેળવે...૪૦

મહેંન્દ્રસૂરિનો શિષ્ય ધર્મ કહે સહુ ધાર્મિકને, રાતદિવસ જે ગ્રહું ઉમંગ બળે સિદ્ધિને,
વર્ષ બારસો છાસઠ તણે આ કાવ્ય બનાવે, સોળે વિદ્યાદેવી સકલસંઘના દુરિત જ કાપે....૪૧

સંકલન : "ઉત્તર અપભ્રંશનો સાહિત્ય વિકાસ"માંથી
પ્રકાશક : શ્રી આર્ય–કલ્યાણ–ગૌતમ સ્મૃતિગ્રન્થ.)

(૪) જંબૂસ્વામિ ગીતં

કર્તા : શ્રી વિજયશેખર

જંબુસ્વામી રાસનો વિષય જૈન કવિઓમાં અત્યંત પ્રસિધ્ધ છે. અચલગચ્છના બીજાપણ કવિ વાચક વિજયશેખર ગણિ કે જેમને કયવન્નારાસ, ચંદરાજ ચોપાઈ આદિકૃતિઓ રચી છે. તેમની એક ગીત કૃતિ અત્રે પ્રસ્તુત છે.

॥ રાગ કેદાર ગઉડી ઢાલ ॥
રાજગ્રહિ શ્રેણિક રાજીય ઉ રે, તિહાં સમોસર્ય સોહમસામિ।
જંબૂકુમર વંદણિ ગયઉ, સુણી દેશના રંજીય મુતામ્ ॥ ૧ ॥

કુમર નઈ રંગડઉ લાગઉ રે, માંગઈ અનુમતિ ધારણી પાસિ,
એતઉ ચારિત લેઉ ઉલ્લાસિ ॥ ૨ ॥ કુમર૨૦ આંકણી

એહ સંસાર બીહામણ ઉરે, મઈ જાણીય ગુરુ ઉપદેસિ।
ચારિત્ર પાલસિઉ અતિભલૂ રે, વલી મૂકી માયા લવલેસિ ॥ ૩ ॥ કુમર૨૦

માતકહિ ભોગસુખ ઘણા રે, કીજિઈ લીલ વિલાસ આવાસિ આઠ રમણિ પરણઉ વહા રે,
કહિઉ કીજીઈ પૂરઉ મનસાસ ॥ ૪ ॥ કુમર૨૦

જંબૂઈ વચન માનિઉં તિસઈ રે, તિહાં એક દિનિ પરણી નારિ ॥
અતિ ઉ ઘિ વિવાહ થયઉ રે, હીયઈ હરખતી આઠ મનોહારિ ॥ ૫ ॥ કુમર૨૦

રાતિ પાઈ રવિ આથમ ઈ રે, એત ઉ જંબૂ વાત કહી આઠ કન્યાઈ આઠ કહી ફિરી રે,
પ્રતિબૂજવી નાહલઈ પાઠ ॥ ૬ ॥ કુમર૨૦

ચોર પ્રભવઉ સમજાવીશ ઉરે, જંબૂઈ પાંચસઈ સત્યાવીસ ॥
કોડિ નિવાણૂ ધન પરિહરી રે, લીધઉ ચારિત પરમ જગીસ ॥ ૭ ॥ કુમર૨૦

કેવલન્યાન લહી કરી રે, જંબૂ મુગતિ ગયઉ નિરવાણ ॥
વિજયશેખર ભગતઈ ભણિ રે, એહવા સાધુ નિ નામિ સુવિહાણ ॥ ૮ ॥ કુમર૨૦
॥ ઇતિ શ્રી જંબૂસ્વામિ ગીતં ॥

સંવત ૧૬૮૭ વર્ષે શ્રાવણ માસ શુકલ પક્ષે ૧૫ ગુરુમિને લિખિતં ॥ ૫૨મ ધર્મણિ દિદા૨ ચતુ૨ા શ્રાવિકા વિજય ઠાઈ પઠના કૃતે ॥ શ્રી ગ્રાત્

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી છે.
(શ્રી હંસસાગ૨ સૂરિ શાસ્ત્ર સંગ્રહ – પાલીતાણા)

(૫) શ્રી મેરુતુંગસૂરિ રાસનો સાર

રાસકર્તાએ શ્રી વી૨પ્રભુના રિદ્ધિ–સિદ્ધિ દાયક શિષ્ય ગૌતમસ્વામીને વંદન ક૨ીને અંચલગચ્છના ૧૧મા પટ્ટધ૨ ચરિત્રનાયક મેરુતુંગસૂરિના ગુણોની સ્તવના ક૨ી છે. શ્રી વી૨પ્રભુની પ૨ંપ૨ામાં પહેલા પટ્ટધ૨ સુધર્માસ્વામી થયા. આ વંશમાં જંબૂસ્વામી પ્રભવસ્વામી વિગે૨ે પ્રભાવક પાટધ૨ો થયા. વિધિપક્ષગચ્છ સ્થાપક આર્ય૨ક્ષિતસૂરિની પટ્ટપ૨ંપ૨ા આ પ્રમાણે ચાલી જયસિંહસૂરિ– ધર્મઘોષસૂરિ – મહેન્દ્રસિંહસૂરિ– સિંહપ્રભસૂરિ– અજિતસિંહસૂરિ – દેવેન્દ્રસિંહસૂરિ– ધર્મપ્રભસૂરિ– સિંહતિલકસૂરિ– મહેન્દ્રપ્રભસૂરિ– અને તેમના શિષ્ય ૧૧મા પટ્ટધ૨ મેરુતુંગસૂરિ – જેઓ પૃથ્વીને પ્રતિબોધતા ગચ્છ સહિત વિહ૨ી ૨હ્યા છે.

મ૨ુમંડલમાં નાણી નામના નગ૨માં વોહ૨ા વાચાગ૨ અને તેના ભાઈ વિજયસિંહ થયા. જેમણે સિદ્ધાન્તાર્થ શ્રવણ ક૨ી, વિધિપક્ષગચ્છનો સ્વીકા૨ ક૨્યો. આ પ્રાગ્વાટ વંશમાં વિજયસિંહના પુત્ર વઈ૨સિંહ વહો૨ા વિચક્ષણ, વ્યવસાયી, મહાદાની, અને ધર્મિષ્ઠ પુરુષ થયા. તેમની નાલદેવી નામે સ્ત્રી શીલાલંકા૨ધા૨િણી હતી. એકવા૨ નાલદેવીની કુક્ષિમાં પુણ્યવાન જીવ દેવલોકથી ચ્યવીને અવતીર્ણ થયો, જેના પ્રભાવથી સ્વપ્નમાં તેણીએ સહસ્ર કિ૨ણધા૨ી સૂર્યને પોતાના મુખમાં પ્રવેશ ક૨તો જોયો. ચક્રેશ્વ૨ી દેવીએ તત્કાલ આવીને એ સ્વપ્નનું ફળ સમજાવ્યું કે તેમને મુક્તિમાર્ગ–પ્રકાશક જ્ઞાનકિ૨ણ યુક્ત સૂર્યના જેવો પ્રતાપી પુત્ર ઉત્પન્ન થશે, જે સંયમ માર્ગ ગ્રહણ ક૨ી યુગપ્રધાન યોગીશ્વ૨ થશે.ચક્રેશ્વ૨ી દેવીનાં વચનને આદ૨ આપ્યો તે ધર્મધ્યાનમાં સવિશેષ ૨ક્ત થઈને ગર્ભનું પાલન ક૨વા લાગી. સાધુ તેમજ સાધર્મિકોની ભક્તિ ક૨વા લાગી. નવે ક્ષેત્રોમાં ધન ખર્ચવા લાગી તેમજ બિંબ પ્રતિષ્ઠા ક૨ાવી.

વિ. સં. ૧૪૦૩ (ઈ.સ. ૧૩૪૭)માં પૂરે દિવસે પાંચે ગ્રહો ઉચ્ચ સ્થાનમાં આવતાં અષ્ટમીના ચંદ્ર જેવું જેનું ભાલ ચમકે છે, એવા પુત્રને નાલદેવીએ જન્મ આપ્યો હર્ષોત્સવપૂર્વક પુત્રનું નામ વસ્તિગકુમા૨ ૨ાખવામાં આવ્યું. પુત્રના જન્મથી પ૨િવા૨માં હ૨ખની હેલી વ૨સી. નિત નવા ઉત્સવ થવા લાગ્યા. ક્રમશઃ બાળક વૃદ્ધિ પામવા લાગ્યો. તેમાં સમસ્ત સદ્‌ગુણ આવીને વસવા લાગ્યા.

એક વખત મહેન્દ્રપ્રભસૂરિ પ૨િવા૨ સહિત વિહા૨ ક૨તાં નાણી નગ૨માં પધાર્યા. વસ્તિગકુમા૨ ગુરુને વાંદી તેમનો ઉપદેશ સાંભળવા લાગ્યો. ગુરુની વાણીથી પ્રભાવિત થઈ અતિમુક્તકુમા૨ની જેમ તેને દીક્ષા લેવાનો કોડ જાગ્યો. માતપિતાને રાજી ક૨ી સંયમ માર્ગે વળ્યા. વિ. સં. ૧૪૧૦ માં (ઈ.સ.૧૩૫૪) મહેન્દ્રપ્રભસૂરિએ બાળકને દીક્ષિત ક૨ી મેરુતુંગ મુનિ નામ આપ્યું. દીક્ષોત્સવ પ્રસંગે પિતા વઈ૨સિંહે પ્રચુ૨ દ્રવ્ય વ્યય ક૨્યું.. એ વખતે બાળકની ઉમ૨ આઠ વર્ષની હતી.

દીક્ષા ગ્રહણ ક૨્યા બાદ નવોદિત મુનિએ ગુરુ પાસે શાસ્ત્રોનો અભ્યાસ ક૨્યો. બુદ્ધિના પ્રકાશથી દીપ્તિવંત થયા. બૌદ્ધિક વિચક્ષણતાથી વ્યાક૨ણ, સાહિત્ય, છંદ, અલંકા૨, આગમ, વેદ, પુ૨ાણ, પ્રભૃતિ સમસ્ત વિદ્યાઓનાં પા૨ગામી થયા.

એઓ શુદ્ધ સંયમનું પાલન ક૨તા હતા. તેમજ અમૃત જેવી મધુ૨ વાણીમાં સુંદ૨ વ્યાખ્યાનાદિ દેતા હતા. મહેન્દ્રપ્રભસૂરિએ એમને આચાર્યપદ માટે સર્વથા યોગ્ય જાણીને વિ.સં. ૧૪૨૬ (ઈ.સ. ૧૩૭૦) પાટણમાં સૂરિપદથી અલંકૃત ક૨્યા. આદિ જિનેશ્વ૨ સન્મુખ પદોત્સવ ઉજવાયો. સંઘપતિ ન૨પાલે નંદિ મહોત્સવ ક૨્યો. વી૨વંશીય મુંજ વિગે૨ે શ્રેષ્ઠીઓએ દાનનો પ્રવાહ વહેવડાવ્યો. તદનંત૨ મેરુતુંગસૂરિ વિવિધ પ્રદેશોમાં અપ્રતિહત વિચ૨ીને જૈનધર્મનો બધે બોધ આપવા લાગ્યા, ભવ્ય જીવોને તેમજ ન૨ેન્દ્રાદિને પ્રતિબોધ આપવા લાગ્યા.

એમણે આસાઉલીમાં યવન૨ાજને પ્રતિબોધ આપ્યો એ વાત એટલી લાંબી છે કે તેને કહેતા પખવાડિયું કે મહિનો લાગે. સૂરિએ વિ.સં. ૧૪૪૪ (ઈ.સ. ૧૩૮૮) નું ચાતુર્માસ લોલાડાનગ૨માં ક૨્યું. ત્યાં એમણે ૨ાઠોડવંશીય મેઘ નામના ૨ાજાને ૧૦૦ મનુષ્યો સહિત પ્રતિબોધ આપી જૈનધર્મ અંગીકા૨ ક૨ાવ્યો.

લોલાડામાં એકવા૨ સૂરિ સંધ્યાવશ્યક ક૨ી કાયોત્સર્ગ ધ્યાન મગ્ન હતા તે વખતે એક કાળ ભૂજંગે આવીને પગમાં દંશ દીધો. મેરુતુંગસૂરિએ મેતાર્થ મુનિ, ચિલાતીપુત્ર, મુનિ દમદંતની જેમ ધ્યાનમાં સ્થિ૨ ૨હી કાઉસગ્ગ પૂર્ણ ક૨્યું મંત્ર–તંત્ર, ગા૨ુડિક સર્વે પ્રયોગો છોડીને તેમજ ઔષધનો પણ ત્યાગ ક૨ીને શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા સન્મુખ આસન લગાવીને બેસી ગયા. ધ્યાનના પ્રભાવથી બધુ વિષ ઊત૨ી ગયું. પ્રાતઃકાલે એઓ વ્યાખ્યાન આપવા આવ્યા ત્યા૨ે સંઘમાં અપા૨ હર્ષધ્વનિ પ્રસર્યો, જિન શાસનનો યશોવાદ ગવાયો. જગમાં અંચલગચ્છનો પ્રભાવ વિસ્તર્યો. ગુરુના ઉપદેશથી અસંખ્ય લોકો શ્રાવકો થયા. ધર્મોત્સવોની પ૨ંપ૨ા સર્જાઈ.

વિ. સં. ૧૪૪૫માં મેરુતુંગસૂરિ અણહિલપુ૨ પાટણ નગ૨માં પધાર્યા. અહીંના શ્રી સંઘે એમના ગચ્છનાયક પદનું મુહૂર્ત

લીધું. બધે આ સમાચાર પ્રસરતા દસે દિશાના સંઘો પાટણમાં એકત્રિત થવા લાગ્યા. પાટ મહોત્સવનો મોટા આડંબર પૂર્વક પ્રારંભ થયો. સંઘપૂજન, સ્વામિવાત્સલ્યાદિ કાર્યો મહિનાઓ સુધી ચાલતા રહ્યાં. ઓસવાળવંશશૃંગાર શાહ રામદેવના બંધુ શ્રેષ્ઠિ ખીમાગર શાહ સધર વિગેરેએ મહોત્સવ કર્યો. હર્ષ પૂર્વક સાજ સજવામાં આવ્યા, તોરણો યુકત સુશોભિત વિશાળ મંડપ તૈયાર કરવામાં આવ્યો. વિવિધ પ્રકારનાં નૃત્ય–વાજિંત્રોના ધ્વનિથી નગર ગુંજાયમાન થઈ ગયું. ફાગણ વદિ ૧૧ના દિને મહેન્દ્રપ્રભસૂરિના અનુગામી પટ્ટધર તરીકે મેરુતુંગસૂરિને વિધિપૂર્વક સ્થાપવામાં આવ્યા. એ અવસરે રત્નશેખરજીને આચાર્ય–પદસ્થિત કરવામાં આવ્યા. સંઘવી સંગ્રામસિંહે પદ ઠવણું કરીને ભવનું ફળ પ્રાપ્ત કરી લીધું. સંઘાગ્રેસર નરપાલના સાન્નિધ્યમાં સમસ્ત મહોત્સવ નિર્વિઘ્નતાથી સંપન્ન થયો. જિનશાસન તેમજ અંચલગચ્છનો જય જયકાર થયો. એ પછી ગચ્છપતિ મેરુતુંગસૂરિનો મહિમા પૂનમના ચંદ્રની જેમ જગતમાં વ્યાપ્ત થયો. ગચ્છધુરા એમણે ઉત્કૃષ્ટતાથી વહન કરી, જેમાં શાસનદેવી ચક્રેસરી માતાએ સહાય કરી. ચરિત્રનાયકની કીર્તિ દસે દિશાઓમાં પુરબહાર વિસ્તરી મેરુતુંગસૂરિના આગમનથી વેર–વિરોધ દૂષણો વિગરેનું વિરસન થતું, મિથ્યાત્વનો નાશ થતો તેમજ ભવિ જીવો પ્રતિબોધ પામી ધર્મ કાર્યોમાં ઉદ્યુકત થતાં.

એકવાર મેરુતુંગસૂરિ આબૂગિરિનાં જિનાલયનાં દર્શન કરી સંધ્યા સમયે ઊતરતા હતા. આગળ ચાલતાં મૂળ કેડી ભૂલાઈ ગઈ અને ઝાંખા પ્રકાશમાં જુદા માર્ગે ચડી ગયા. મૂળ કેડી કેમે કરી મળે નહિ. આવી વિકટ ઘડીમાં વીજળીની જેમ ચમકારા કરતા કોઈ દેવે પ્રગટ થઈને સૂરિને માર્ગ દેખાડયો. પગદંડી મળતાં તેઓ સ્વસ્થાને હેમખેમ પહોંચી ગયા..

એકવાર પાટણની આસપાસ સૂરિ વિચરતા હતા. એવામા મારફાડ કરતી યવન સેના માર્ગમાં મળી. સૈનિકોએ મુનિઓના ઉપકરણ બળજબરીથી આંચકી લીધાં. તત્કાલ સૂરિ યવનરાજ પાસે પહોંચ્યા. યવનરાજે મેરુતુંગસૂરિનું તેજસ્વી લલાટ જોતાંજ તેના હૃદયનું પરિવર્તન થઈ ગયું. તેણે લૂંટેલો બધો માલ પાછો આપી દેવાનો હુકમ કર્યો. સૂરિના પ્રભાવથી આ વિઘ્નનું યથોચિત નિવારણ થઈ ગયું.

એ વખતે, ગુજરાત પર મોગલોનો ઘણો ભય હતો. તેના ત્રાસથી દેશ સૂનકાર થઈ ગયો હતો. એવા સમયે મેરુતુંગસૂરિ ખંભાતનગરમાં બિરાજતા હતા. મોગલોના આક્રમણના ભયે આખુ શહેર ખાલી થવા લાગ્યું. લોકોમાં નાસભાગ મચી. કિન્તુ જરા પણ વિચલિત થયા વિના મેરુતુંગસૂરિ ખંભાતમાં જ સ્થિર થઈને રહ્યા. સૂરિએ આવો દાખલો બેસાડયો એ કારણે નગરજનો સૌ પાછા આવ્યા. મેરુતુંગસૂરિનો આ રીતે ગુર્જરદેશમાં ઘણો વાસ રહ્યો..

એકવાર બાહડમેર નગરમાં પાખીના દિવસે સાંજની વેળાએ લઘુ પોશાળના દ્વાર પાસે સાત હાથ જેટલો લાંબો કાળ જેવો કરાલ સર્પ ફેણ ચડાવીને ફુત્કાર કરવા લાગ્યો. તેને જોઈને સાધ્વીજી તથા અન્ય અબળાઓ ડરી ગયાં. પણ ગુરુ નિર્ભીક થઈ સૂચન મળવા છતાં સ્થિર રહ્યા. મેરુતુંગસૂરિના પ્રભાવથી વિષધર સ્તંભિત થઈ ગયો.

વિ. સં. ૧૪૬૪ (ઈ.સ. ૧૪૦૮) માં મેરુતુંગસૂરિએ સાચોરનગરમાં ચાતુર્માસ કર્યુ. એ વખતે ઘણા ધર્મોત્સવ થયા. એ અરસામાં અસપતિ રાઉ'નું વિશાળ સૈન્ય સાચોર પર ચઢી આવ્યું. લોકો વ્યાપકપણે નાસભાગ કરવા લાગ્યા. નગરનો રાજા પણ ભયભીત થયો. મેરુતુંગસૂરિના ધ્યાનબળથી દુશ્મન સેના સાચોરને છોડી અન્યત્ર વળી ગઈ. તેથી એક અનિષ્ટતમ વિઘ્નનું નિવારણ થયું.

મેરુતુંગસૂરિના આવા અવધાનોથી એમનો પ્રભાવ, સર્વત્ર વ્યાપ્યો. રાય–રાણા, મીર–મલીક તેમજ સુરતાણ સુદ્ધાં એમને નમતા. આવા ભલા–ભલેરા પ્રસંગો કહેતાં પાર આવે તેમ નથી. "સિદ્ધાંત–કલા મુખ' સૂરિનું બિરુદ હતુ, જેના કારણે એઓ વાદીઓમાં કેશરીસિંહ સમાન ગણાતા. જંગમતીર્થ તરીકે મેરુતુંગસૂરિની પ્રસિદ્ધિ હતી.

ચરિત્ર નાયકે મેરુતુંગ વ્યાકરણ'ની રચના કરી તેમજ કાતન્ત્રવ્યાકરણ પર વિ.સં. ૧૪૪૪માં બાલાવબોધ વૃત્તિ રચિ. ષડ્દર્શન નિર્ણય' અપર નામ ષડ્દર્શન સમુચ્ચય ગ્રંથ રચ્યો જેમાં બૌદ્ધ, જૈન, સાંખ્ય, ન્યાય, વૈશેષિક વિ. છ દર્શનોની મિમાંસા છે આ ગ્રંથનો ઉલ્લેખ સપ્તતિભાષ્ય ટીકામાં હોઈને તે વિ. સં. ૧૪૪૯ પહેલાં લખાયો હશે. 'શતપદી સારોદ્ધાર' ગ્રંથ રચ્યો, જે શતપદી સમુદ્ધાર તરીકે ઓળખાય છે. ધર્મઘોષસૂરિ કૃત 'શતપદી ગ્રંથનો તેમા સમુદ્ધાર કરવામાં આવ્યો છે. પોતાની પ૩ વર્ષની ઉમરે એટલે કે વિ. સં. ૧૪૫૬માં અથવા તો તે શતકના પ૩મા વર્ષે એટલે કે વિ. સં. ૧૪૫૩માં તેની રચના થઈ. તે ઉપરાંત સૂરિએ 'નાભાક નૃપકથા'ની વિ. સં. ૧૪૬૪માં રચના કરી. ૨૯૪ શ્લોક પરિમાણના આ સંસ્કૃત પદ્ય ગ્રંથમાં દેવદ્રવ્યનો ઉપભોગ કરવાથી કેવા દુઃખો ભોગવવા પડે છે. તેની કથા છે. સૂરિએ વિ.સં. ૧૪૬૯માં 'કામદેવ ચરિત્ર'ની રચના કરી. આ ૭૪૮ શ્લોક પરિમાણની સંસ્કૃત ગદ્ય

---

[1]રાજસી શાહ નાગડા રાસ'માં જણાવાયું છે કે વીર વંશીય શાલવીના પાંચસો ઘર અણહિલપુર પાટણ જલાલપુર, અહિમદપુર વિગેરેમાં હતા. પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે મૂળ તેઓ દિગંબરી શ્રાવકો હતા. દખ્ખણથી તેમને પાટણમાં વસાવવામાં આવ્યા હતા. તેમના ગુરુ છત્રસેન ભટ્ટારકને અંચલગચ્છપતિ જયસિંહસૂરિએ શાસ્ત્રાર્થમાં પરાસ્ત કરતાં તેમણે શ્વેતાંબર પંથમાં ભળી અંચલગચ્છની સમાચારી સ્વીકારી. ગજસાગરસૂરિ, ભરતઋષિ તેમજ કલ્યાણસાગરસૂરિએ અનેક વીરવંશીય શાલવીઓને પ્રતિબોધ આપી પોતાના અનુયાયી બનાવ્યા.)

કૃતિમાં કામદેવના પ્રભાવનું વર્ણન છે. વિ. સં. ૧૪૪૯ પહેલા 'ધાતુપારાયણ' નામક વ્યાકરણ ગ્રંથ રચ્યો. સૂરિએ 'લક્ષણશાસ્ત્ર' ગ્રંથ પણ લખ્યો. મહાકવિ કાલીદાસની કૃતિને અનુસરતુ 'જૈન મેઘદૂત' મહાકાવ્ય સૂરિએ રચ્યું. નેમ–રાજુલના 'પ્રણયનું તેમાં શૃંગારરસ સભર વર્ણન છે. જેની પરિણતિ વૈરાગ્યસભર શાંતરસમાં થાય છે. મેરુતુંગસૂરિ 'કૃત' સૂરિમંત્ર સારોદ્ધાર' રહસ્યસભર ગ્રંથ છે જે ૫૫૮ શ્લોક પરિમાણનું કલેવર ધરાવે છે. સૂરિએ 'અંગવિદ્યા ઉદ્ધાર' નામક ગ્રંથ રચ્યો. વિ. સં. ૧૪૪૯માં 'સપ્તતિભાષ્ય ટીકા' નામક કર્મ ગ્રંથ લખ્યો ગ્રંથકારના ગુરુબંધુ મુનિશેખરસૂરિએ તેમને આ સંસ્કૃત ગ્રંથ લખવાની ઉત્તેજના આપેલી. રાસકર્તાએ નોંધ્યું છે કે ચરિત્રનાયકની 'કવિચક્રવર્તી' તરીકે ખ્યાતિ હતી, જેમનાં મુખમાં સ્વયં સરસ્વતી દેવી રમણ કરતી હતી. તેમની કલમે બીજા પણ અનેક ગ્રંથો રચાયા છે.

ચરિત્ર નાયકે અનેક નૃપતિઓને પ્રતિબોધ આપ્યો હતો જેમાં ચાંપાનેરના પતાઈ રાઉ, સત્યપુર નરેશ, મયણપાલ ભૂપાલ વિગેરેનો સમાવેશ થતો હતો. ઈડરપતિના' પુત્ર સુરદાસને પ્રતિબોધ આપીને મેરુતુંગસૂરિએ તેની પાસે ધોલકાના કલિકુંડ પાર્શ્વનાથ
10 પ્રભુની પૂજા કરાવી હતી. જંબૂદેશ નરેશ રાઉ ગજમલ ગદૂઆ, જીવનરાય આદિ રાજાઓ સૂરિ પાસે વંદનાર્થે પધારતા. મેરુતુંગસૂરિના પ્રભાવથી રંગાયેલા નૃપતિઓ અંગરંજિત હતા, જલનિધિમાં જલકણ હોય એટલા.

મેરુતુંગસૂરિના અવદાતોનું સિલસિલાબદ્ધ વર્ણન થઈ શકે એમ નથી. પ્રતિદિન નવા નવા નગરના સંઘ એમને વાંદવા આવતા. નિત નવા ધર્મોત્સવો થતા. મહીતિલકસૂરિના પદોત્સવ પ્રસંગે શાહ સલખા સોદાગરે મોટુ ઉજમણું કરેલું જેમાં ચારે દિશાના સંઘોએ એકત્રિત થઈ ભાગ લીધેલો. સાધ્વી મહિમશ્રીને મહત્તરા પદે સ્થાપતી વખતે જંબૂનગરમાં શાહ વરસિંઘે મોટો ઉત્સવ કરેલો. મેરુનંદનસૂરિના સૂરિપદ પ્રદાન વખતે ખંભાતનગરમાં સંઘાગ્રેસર ખીમરાજે નવાહ્નિકા મહોત્સવ યોજેલો. માણિક્યશેખર ઉપાધ્યાયને પદસ્થિત કરતી વખતે હર્ષપુરમાં શ્રેષ્ઠી ખીમગે ઘણા હર્ષપૂર્વક મહોત્સવ યોજ્યો. ગુણસમુદ્રસૂરિનો ઉત્સવ પણ એ રીતે થયો. ખંભાતમાં માણિક્યસુંદરસૂરિના સૂરિપદ પ્રદાન પ્રસંગે હર્ષપૂર્વક શાહ તેજાએ ઉત્સવ કર્યો. જયકીર્તિસૂરિને આચાર્ય પદ સ્થિત કરતી વખતે ખંભાતમાં સંઘવી રાજસિંહે ઉમંગપૂર્વક ઉત્સવ કર્યો. મેરુતુંગસૂરિએ પોતાના આધ્યાત્મિક શાસન દરમ્યાન છ આચાર્ય, ચાર ઉપાધ્યાય તેમજ મહત્તરા સાધ્વી સહિત, અગિયારને પદસ્થિત કર્યા. તદુપરાંતવાચનાચાર્ય, પંડિત, પન્યાસ સાધુ–સાધ્વી આદિ
20 પદધારકોની સંખ્યા કોણ કહી શકે ?

પાટણ, ખંભાત, ભરૂચ, સોપારક, કોંકણ, કચ્છ, પારકર, સાચોર, મરુ, ગૂર્જર, ઝાલાવાડ, ધલ, ધાલતિ, મરહટ્ઠ, પંચાલ, લાડ, જાલોર, ધોધા, પ્રભાસપત્તન, ઊના, દીવ, મંગલપુર, સોરઠ વિગેરે અનેક દેશો આ રીતે પ્રતિબોધ્યા, ચારે વર્ણોના લોકોને પોતાના સદ્‌ગુણોથી તેમજ પોતાની મધુર દેશનાથી આકર્ષ્યા એવા મેરુતુંગસૂરિ સ્થાને સ્થાને જિનબિંબને જુહારતા વિચરતા રહ્યા. શત્રુંજય, ગિરનાર આદિ અનેક તીર્થોની યાત્રાઓ કરી. બધા સંઘોમાં અગ્રેસર એવા અણહિલપુર પત્તનના સંઘે આગ્રહપૂર્વક મેરુતુંગસૂરિને તેડાવ્યા. સૂરિમાં સૌને પૂર્વ ઋષિ પુંગવોનાં દર્શન થયાં. સૂરિના આગમનથી પાટણમાં મહિનાઓ સુધી હર્ષ પૂર્વક સંઘપૂજનો સ્વામિવાત્સલ્યાદિ નિત નિત નવાં થવાં લાગ્યા. લોકોમાં ધર્મ પ્રત્યેનો જુવાળ જોવા મળ્યો. સૂરિનુ ચાતુર્માસ ત્યાં જ નક્કી થયું.

હવે પોતાનું આયુષ્ય શેષ જાણી મેરુતુંગસૂરિએ સંઘાગ્રેસરને પોતાની પાસે તેડાવ્યા. અરિહંત પ્રભુને સાક્ષી રાખી આલોયણા લઈ શુદ્ધ મનથી સર્વ જીવોને ખમાવ્યા. તત્પશ્ચાત્ પોતાના મુખેથી અણશણ વ્રતનું ઉચ્ચારણ કર્યું. અને પરમ ધ્યાનમાં સૂરિ લીન થઈ
30 ગયા. એમના મુખ પર સુખ–સંતોષનો ભાવ અંકિત હતો. લાખની સંખ્યામાં લોકો એમના અંતિમ દર્શન માટે ઊમટયા. રાસ–ભાસની ભાવના ભાવતા લોકોના મધુર ધ્વનિથી વાતાવરણ છવાઈ ગયું. અણશણ વ્રત ઉચ્ચાર્યા પછી દિવસમાં ચાર વખત વ્યાખ્યાન આપતા રહ્યા, જે સાંભળીને લોકોનાં મસ્તક ધુણવા લાગ્યાં. સમકિત, શીલવ્રત આદિની વાતો ગુરુમુખેથી સાંભળી ચોતરફથી એકત્રિત થયેલા લોકોને સમવસરણની ઝાંખી થતી હતી. એક અચ્છેરાનો અંશ હોય તેમ સૂરિના મુખેથી ધર્મદેશનાનો પ્રવાહ વહી રહ્યો હતો, શબ્દોનો શંખ ફૂંકાઈ રહ્યો હતો. બ્રાહ્મણ, ક્ષત્રિય વિગેરે વિધિપૂર્વક આજન્મ વ્યસનો પરિહરવા લાગ્યા. કેટલાકે તો સાત વ્યસનોનો પરિત્યાગ કર્યો. વિ. સં. ૧૪૭૧ (ઈ.સ. ૧૪૧૫) ના માગશર પૂર્ણિમા ને સોમવારના પાછલા પ્રહરમાં મેરુતુંગસૂરિ ઉત્તરાધ્યયનસૂત્રનું શ્રવણ કરતાં તેમજ અરિહંત – સિદ્ધનું ધ્યાન ધરતાં કેવલીની પેઠે નિર્વાણ પામ્યા એમના પરલોક ગમનથી લોકો શોકમગ્ન બની ગયા. એમની શાનદાર અંત્યેષ્ટિ પાટણમાં શ્રી સંઘે મળીને કરી.

ચારિત્રનાયકના અંતરંગ અજ્ઞાત શિષ્યે વિ. સં. ૧૪૭૧માં પ્રસ્તુત રાસની રચના કરી, જે અહી સૌ પ્રથમ પ્રકાશિત થાય છે. આ રાસ દ્વારા અનેક પ્રમાણભૂત તથ્યો ઉજાગર થતાં હોઈને તે અત્યંત મહત્વપૂર્ણ છે. અંચલગચ્છના ઈતિહાસપર પ્રકાશ પાડવા
40 ઉપરાંત નૃપ–પ્રતિબોધની વાતોનો નવીન ઉપહાર તે વિદ્વત્સમાજને પ્રસ્તુત કરે છે.

(૫) મેરુતુંગસૂરિ રાસ

(રચના : વિ. સ. ૧૪૭૧)

કર્તા : અજ્ઞાત (શ્રી મેરુતુંગસૂરિ શિષ્ય)

કેવલ કમલા કેલિ કલીય કમલાસનિ સોહઈ, કણય કંતિ ઝલકંતિ કંતિ તિહુ અણિ મણ મોહઈ;
અષ્ટ મહાસિદ્ધિ રિદ્ધિ સહીય બહુ લબ્ધિ સમિદ્ધઉ, ગોયમ સામીય નમીય વીરજિણ સીસ પ્રસિદ્ધઉ...૧

તસુ અનુસારિહિ ગ્યારમઉ અંચલગચ્છ નાયક, સુરતરુ સુરહી રયણ જેમ નય વંછીય દાયક;
ગાઈસું ગુરુ શ્રી મેરુતુંગસૂરીસર રંગિહિ, નિસુણઉ ભવીયણ ભત્તિ ભાવિ રોમં ત્રીઅંગિ હિ....૨

ખીર—નીર નિહિ નીર—ધીર ડિંડીર પ્રમાણ, તહ તારાયણ સંખ કરહ કહિ કવણ સુજાણ;
મેરુ મહીધર સિહિરિ વડઈ કુણ ચલણ ચલંત, લહ લંઘઈ કુણ ચંદ્ર બિંબ ફિરિ ફાલ ભરંતઉ....૩

તેજિ તપંતઉ તરુણ તરુણિ કુણ નયણિ નિરકૂખઈ, હું મૂરખ કુણ ગુણ અણંત સુર ગુર નવિ અકૂખઈ; 10
તહ બિહમણ આણંદ રેસિ લેવલેસિ વકૂખાણી, સફલુ કરિસુ નીય જન્મ રમ્મ જીહા નઈ વાણી....૪

વીર જિણેસર પાટિ સુહમ સામી સુપસિદ્ધા, જંબૂસામી પભવ પમુહ વંસંમિ વિસુદ્ધા;
આસી ગણહર વઈરસામિ ગુરુ સાખ પભાવગ, સિરિ અક્કરકૂખીય સૂરિ રાઉ વિહિપકૂખુ પયાસગ....૫

તાસુ સીસ જયસિંહસૂરિ પહુપયડીય સિવ પહા, ધમ્મઘોષ મહિંદસિંહ સુહગુરુ સિંહપ્પહા;
અજિયસિંહ દેવિંદસિંહ ગણહર ધમ્મપ્પહ સિંહતિલકસૂરિ સૂરિરાય દાયગ સિવ સુખહ...૬

તાસુ પાટિ વરનાણ ચરણ દંસણ રસસિદ્ધા, અવ્વબ્ભૂઅ ગુણ સિદ્ધિ લબ્ધિ વચ સિદ્ધિ સમિદ્ધા;
સિરિ મહિંદપહસૂરિ સુગુરુ ભવીયણ મણ મોહઈ, વિહરઈ સુહગુરુ ગચ્છ સહીય પુહવી પડિબોહઈ....૭

મરુમંડલિ ચઉ સાલ સાલિ સુરસાલ રસાલ, ધમ્મવંત સવિ વેય સઘર નર—નારિ વિસાલ;
નયર સુ નાણી જાણીયઈ નિરુપમ નિકલંક, દૂસમિસૂસમ સમય સરિસ ઉપડા કઈ લંક....૮

તહિ પુરિ વુહરઉ પવર હૂયઉ બાચાગર તાસ, બંધવ વુહરઉ વિજયસિંહ સહજિંઉ સજાણ; 20
નિસુણી તે સિદ્ધંત અત્થ જાણી સુવિચાર, વિધિપક્ષ પરિખીય આદરિઉ એ સંમંત્તિ હિં સાર...૯

તસુ નંદન તહિં વઈરસિંહ વઉહઉરુઉ વવહારી, જે સુજસિ રસિ અઢલિ ઢક્ક દાનિ દક્ષિણ કર ભારી;
પ્રાગવંસ શ્રુંગારસાર વવસાય વિચક્ષણ, ધંમ તક્ક રસ સિત્ત વિત્ત પરમત્થ પરાયણ....૧૦

પુવ્વ મહાસઈ ચરીય સોહગ્ગ સમગ્ગલ, નિમ્મલ સીલ પવિત્ત ગત્ત સુર સરીય સમુક્કલ;
નાલદેવિ તસુ નારિ સારિ સંસારિ અણોપમ, ધંમ કંમઅઈરંમ જંમ લીલા લછી સમ....૧૧

વસ્તુ

અક્કરકૂખિય અક્કરકૂખિય સૂરિ વિહિપકૂખિ, અનુક્રમિ જયસિંહ ગુરુ ધમ્મઘોષ માંહિદઉ સિંહા,
સિંહપ્પહ ગુરુ રયણ અજિયસિંહ દેવિંદસિંહા; ધમ્મહસૂરિંદ સિરિ સિંહતિલય ગુરુ રાઉ,
સિરિ મહિંદપહ પાટિ ગુરુ હિવ વન્નિસુ બહુ ભાઉ....૧૨

જંબૂદીવહ જંબૂદીવહ ભરહખિત્તંમિ મરુમંડલિ, જાણિયઈ નયર નામિ નાણી નિરુપમ, 30
કણ કંચણ ઘણ સઘર વસઈ લોય તીહ કવણ ઓપમ; વિજયસિંહ નંદણ સગુણ વહુરઉ નિવસઈ તત્થ,
વઈરસિંહ તસ વર ઘરણિ નાલદેવિ સુ કયત્થુ....૧૩

પીઠિકા ઠવણિ – ૨

અન્ન દિવસિ સુર સરગ ચવેઈ, નાલદેવિ ઊરિ ઊપનુ કોઈ;
તવ દસ દિસિ ઉજ્જોય કરંતઉ, સહસ કિરણ સિરિ સૂર ફુરંતઉ....૧

તેજિ તપંતઉ તિમિર હરંતઉ, પેખઈ સુમિણઈ મુખિ પઈસંતુ;
કણય કંકણ ચૂડિ ઝલઝલકંતી, નિઉરિ રિમિઝિમિ કરંતી....૨

તેજિહિ વીજલ જિમ ઝબકંતી, દેવિ ચક્કેસરિ તક્ખણિ પુહતી;
તઉ બોલઈ સા બે કર જોડી, રતન ગરભ ઊપમ તુમ્હ થોડી...૩

વછિ સુણઉ એહ સુપન વિચાર, તમ્હિ લહિસિઉ ગુણવંત મલ્હાર;
સકલ સુલાવન સુભગ સચંગો, સહજ સુરૂવુ સુકોમલ અંગો....૪

શ્રી જિનશાસન કમલ વિકાસક, મુગતિ મારગ તણઉ પ્રકાસક;
મોહ–તિમિરહર પરમયક્ખંડણ, જ્ઞાન કિરણિ કુલન હીયમંડણ....૫

સૂરિજ જિમ જગ ભિતરિ તપિસિઈ, ગરભ જોગી પણ સંજમ લેસિઈ;
10 અંતર નયણિ નિરંતર જોસિઈ, જગ પ્રધાન જોગીસર હોસિઈ....૬

જાગીય આણંદિ અંગિ ન માયઈ, દિવસ ઉદય સા જિણહરિ જાયઈ;
ચક્કેસર વાણી મનિ ધરતી, ગબ્ભવ હઈ સામનિ ગહગહતી....૭

દાણ દીણ દુત્થીય દિવ રાવઈ, જિણહરિ મણહર પૂજ રચાવઈ;
સાચઈ રાચઈ જીવ રક્ખાવઈ, આગમ પુછ (ત્થ)ય બિંબ ભરાવઈ....૮

ધમ્મસત્થ સા ભણઈ ભંણાવઈ, સાહુ સાહંમી ભક્તિ કરાવઈ;
નવઈ ખેત્રિઈ મનુ નિવિત વાવઈ, તિમ તિમ તસુ મનિ આણંદ ભાવઈ....૯

દિવસ સંપૂરે જનમિઉ પુત્ત, અકમિ સસિ સમ ભાલ પવિત્ત;
ચઉદ ત્રિડોતરઈ થિર શુભ લગનિ, ઉચ્ચિ પડિયા પાંચઈ ગ્રહ જનમિ....૧૦

તક્ખણિ ઉલટિ સજન મિલંતે, ઉત્સવ વઈરસિંહ ઘરિ હું તે;
20 મિલિય સુહાસણિ હર્ષિ વંધાવઈ, વાસ્તિગકુમરુનઈ જનમિ મલ્હાવઈ....૧૧

હિવ વસ્તુ – ૩

પુત્ત જનમીય પુત્ત જનમીય સકલ સમુહુત્તિ, ત્રિહું અગ્ગલ ચઉદસઈવરસિ હરખિ બહુ હુંતિ,
ઉત્સવ નિતુ નિતુ હુઈ વધામણાં; સજન લોક સવિ કરઈ કલરવ વસ્તિગુ નામિઈ સુજિસુ ગુણ,
અટ્ઠમિ સસિ સમ ભાલ, નંદન વનિ જિમ કપ્પતરુ, દિન દિન વધઈ બાલ....૧

જન્મ ઠવણિ – ૪

(હિવ સોહલાની ટાલ)

ધવલ

સહસ કિરણ લગ પૂરવ દિસિ દિસિ, સિદસ દિસિ માહિ મલ્હાવી યઈ.
અષ્ટ ઢાલ મોતીય ખઆંડીએ, જોતીય સીહ સોભાગી સંભાવીયઈ એ.
30 તુમ્હ કુલ દીવઉ પુત્ર ચિરંજીવઉ, સાસણિ રાજઉ હોઈસિઈ એ.
શ્રી મેરુતુંગસૂરિ ગુરુગચ્છ નાયક, નાયક જિમિ ગુણ દીપિસિઈ....૧

વેહિણિ લીહ લહઈ સવિ દીહાડા દીહાડા, સીહ જણિ ભણી પરિઘણીએ;
નંદનવન તણી ભૂમિ સોહામણી સોહામણી, પારિજાતક કલ્પતરુવરુ ભણીય, તુમ્હ કુલ...૨

જાચલ રયણહ જિમ મણ મોહણ મોહણ, રોહણ ખાણિ રૂલિયામણીએ;
ફલ ભાર જિમ ભરી ખરીય સોભાગિણી સોભાગિણી,

ઢાલડી આંબલા તરુ તણીએ.તુમ્હ કુલ...૩

સોવન જાઈ નઈ સોવન કેતકી કેતકી, પરિમલિ જિમ સુર સિરિ લહઈએ;
દેખિ દીવાલીય દીપક માલિહિં માલિહિં, વરિસહ માહિ જિમ ગહગહએ.તુમ્હ કુલ...૪

માઈ નાલદેવિ તુમ્હ કૂખ લિઉ દૂખડા દૂખડા, સોહ લઉ જિણિ કીઉ જગતણઈ એ;
રતન ગરભ તુમ્હ ઊપમ થોડીએ થોડીએ, જોડીય કર ચક્કેસર ભણઈએ...તુમ્હ કુલ...૫

ઠવણિ – ૫

કમિ કમિ કુમર સોકુલ લિલઉ કેલિહિં કરઈ કલ્લોલા દેહિ; ગેહિ રક્ષા કરઈએ વિદ્યા દેવતિ....૧
મધુરસ કોમલ અતિ નિપુણ, અમિય ઝરઈ મુખ વાણિ; રૂપ નિરૂપમ ગુહિર મણ જોઈ જઈ જણિ જાણિ...૨
લક્ષ સંખ્ય લક્ષણ કલીય વિનય વિવેક સુચંગિ; ગુણ સંપૂરણ સવિ મિલીય, વસઈ સદા તસુઅંગિ....૩
સુંદર સુજિ સોમણું એ, બાલ અબાલ સોહાવ; ધમ્મવંત ધુર લગ ધરઈએ, સહજિઈ સંજમ ભાવ....૪ 10
સિરિ મહિંદપહસૂરિ ગુરુ પરિવારિહિ સંજુત્ત; નાણીપુરિ પખાય હર ઈણિ અવસરિ સંપત્ત....૫
વાસ્તિગ વંદઈ સુગુરુ પય, નિસુણઉ ગુરુ ઉપદેસ; તક્ખણિ ભવહ વિરત્તમણ ચિંતઈ સંજમ લેસુ....૬
જિમ અઈમત્તય બાલ ઘરિસિ પર પરમત્થ કહેવિ; માય બાપ મન્નાવીયા એ, આગ્રહ અવિહિ કારવિ.
ઘણ વેચઈ લખ વવિણ જિમ જલહર જલધાર; વઈરસિંહ પૂરઈ રલીય ઉછવ કરિ અપાર....૭
સંવત ચવદદહોત્તરઈએ, મહેન્દ્રપ્રભસૂરિ ગણધાર; આપઈ કુમરહ તત્થ પુરિ સયં હત્થિ સંજમ ભાર..૮
મેરુતુંગ મુનિ નામ નમઉ, સકલ કલા સંપન્ન; ગુરુ ગચ્છહ આણંદ ભરિ, પાલઈ સંજમ ધન્ન....૯

વસ્તુ

કુમર વાસ્તિગુકુમર વાસ્તિગુ અટ્ઠમઈ વરસિ, ઉવ સમ રસ રસિય મણ હરસિ જણય જણણી મનાવઈ,
ઉછવ ભરિ મહિંદપહસૂરિ, સુગુરુ પય મૂલિ આવઈ; તસુ સયં હત્થિ સંજમ લીયઈ, મેરુતુંગ મુનિ નામ,
ચઉવિહું સંઘ સહૂ નમઈ સકલ કલાનૂ ઠામ....૧૦ 20

દીક્ષા ઠવણિ – ૬

(રાગ – સામિઓ એ વીર જિણંદ)

મુણિવરૂ અતિહિ ઉલ્હાસિ વાસિય ગુરુકુલ વાસિ મણ, સીખઈ એ સુગુરુ નઈ પાસિ ગહણ આસેવણ સિક્ખ ઘણ....૧
કમલહં એ તણઉ વિકાસ જિમ કિરિ દિનકર કર એ સરે, કોઈલ એ કોમલ કંઠ કલરવઈ કરઈ વસંત ભરે....૨
અંગહ એ ચંગિ માઅંગિ તારુન્નઈ જિમ વિવિહપરે, સસિહર એ કરિ સસિકંલ અમિય કરઈ જિમ હિમ સસિરે....૩
નિરમૂલ એ જિમ જલ હોઈ કુતિગ કઉણ એ કતક ફલે, પરિમલૂ એ પોમિણિ ખંડિ વયનિહિં પસરઈ પુહવિ તલે....૪
દિન દિનિએ બુદ્ધિ પ્રકાશ તાસુ હીયઈ ઉલ્હસીય તિમ, સુહુ ગુરુ એ તણઈ પસાઈ = સુ'જિ મુનિવર સુર સૂરિ સમ....૫
લક્ખ કરીએ લક્ખણ ગ્રંથ એગ સંઘઈસવિ અવગમિય, સાહિવ્વૂ એ છંદ–લંકાર પાર પામીય સુપરસિ રમીય....૬
સામીયું એ વઈરકુમાર જિમ પ્રજ્ઞા સોભાગ ભરે, આગમ એ પણયાલીસ જાણએ વેદ પુરાણ પરે....૭
નયગમ એ ભંગ પહાણ આણ અભં ગુરુગણ ઘણા એ, સિવિ કુરઈ એ જીહ મુખ પાઠિ આગમ અત્થ સોહમણા એ....૮ 30
આસણિ એ નિશ્ચલ અંગ ભંગ અનંગ પમાડીઉ એ, માડીઉ એ માનસ્યુ ક્રોધ બોધિ દુર્બોધિ નિ ઠાડીઉ એ....૯
છાંડીઉ એ લોભ સંખોભ દંભ ખંભ થિર થંભીઉ એ, ઈંદ્રીઊ એ દમીય દુદમ્મ સમ્મ પરિ સંમરસ લંભીઉ એ....૧૦
વાણીય એ અમીય તરંગ રંગ રમલિ નવરસ મિલીય, દેસણા એ કરઈ સુચંગ સાકર દૂધિ સિઉ કિરિ ભલીય....૧૧

વસ્તુ

ભણીય લક્ખણ ભણીય લક્ખણ છંદ સાહિવ્વ, આગમ વર વેય પય સ્મૃતિ પુરાણ રસ જાણ જગુ વરિ;
સ સમય વરસ યહતહ વિવિહ સત્થ પરમત્થ બહુપરિ; તક્ક કલા ઘણ પરિકલિય જોઈય સવિ સિદ્ધંત,
મેરુતુંગ મુનિવર તણી બુદ્ધિ ન લબ્ભઈ અંત...૧૨

વિદ્યાગ્રહણ ઠવણિ – ૭

ગુણ ગણ તણઉ નિહ જાણણીય મહિંદપ્રભસૂરિ ગુરૂ, પાટણિ પયડ પ્રમાણ ઠાવિય રંગિહિ સૂરિ પએ...૧
નિરુપમ રંગ રસાલ આદિજિણેસર આગિલિહિ એ, સંઘાહિવ નરપાલિ ચઉદ છવીસઈ જસુ લઈ એ....૨
મુજ ઉભડ ઘર ધીર વીરવંસ અવતંસ નર, દાનિ માનિ સુંદીર ઉત્સવ માંડળ પરિ ઘણીય...૩
મેરુતુંગ સૂરિંદુ ચંદ સમુજ્જલ ગુણ ભરિયા એ, જણ મણ આણંદ કંદ વિરહરઈ ભારહ વસુહ વરિ....૪
દીપઈ દેસિ–વિદેસિ થિર થાપઈ જિણ આણ ઘણ, વર ઉવએસિ વિસેસિ નર–નરિંદ પડિબોહિયા એ....૫
આસાઉલીઈ સાખ જવન રાઉ પડિબોહિઉ એ, કહંતા લાહણઈ પાખ માસ વાત છઈ તે ઘણીય....૬
ચઉઆલઈ ચઉમાસિ લોલાડઈ સુહુગુરુ રહીય, જણ વાસીય જિણ વાસિ મહીયલિ મહિમા મહમહીય....૭
તઈ રાઉઠકહ વંસ કણગર મેઘ નરિંદ નર, ગુરુ પય કમલહ હંસ પડિબોહિયા જણ સય સહીય....૮
અન્ન દિવસિ ગુરુરાય શાસ્ત્રં આવશ્યક કરીય, કાઉસગ્ગિ હુઉ થિર કાય કાલ ભુઅંગમિ પય ડસીયા....૯
મુણિ મેયજ્જ ચલાઈ પુત્ત મુણી પુત્ત દમદંત જિમ, અહિયાસી થિર થાઈ કાઉસગ્ગ પૂરઉ કરીય....૧૦
મંત્ર યંત્ર મણિ મૂલ ગણ ગુણીયા ગદ ગારુડીય, ઔષધ મૂકીય મૂલ પરમ ઘાતિ લહુ લાઈ મન....૧૧
પાસ જિણેસર બિંબ આગલિ આસણ માંડીઉ એ, લખ લાગઉ અવિલંબ અમીય પ્રવાહ ઊઘાડીઉ એ....૧૨
ઝાણ અમીય રસ અંગ તિમ સીંચિય જિમ સવિસ, નિન્નાસીય સવ્વંગ રવિકર પસરિહિ તિમિર જિમ....૧૩
ઊગમતઈ સિરિ સૂરિ સૂરિરાઉ સોભાગ નિધ, ઉઠિઉ આણંદ પૂરિ અમિય સરિસ દેસણ કરઈ....૧૪
ઉછલીઉ જયવાદ કલરવ જિણ સાસણિ ભઉ એ, જગુ વરિ નિરુવઈ નાદ અંચલગછહ મલિ બલઇ એ...૧૫
સાવગ કરઈ અસંખ દ્રવ્ય સ્તવ્ય ભાવહિં સહિય, કલિ જિમ કાલ ભુયંગ જીતઉ જગિ રેખા રહીય....૧૬

વસ્તુ – ૮

ગછનાયક ગછનાયક મહિંદપહસૂરિ, અણહિલપુરિ હરિસરિ મેરુતુંગ સૂરિંદ થપ્પીય,
લહુ આલગ ગુરુઅ ગુણ ગછભાર પણિ સયલ અપ્પીય; પડિબોહિતા ભવીય જણ વિહરઈ વસુહ મઝારિ,
વીયરાય વાણીય વિદુર થિર થપ્પઈ સંસારિ...૧

નવ હિં કલપિહિં નવહિં કલપિહિં વસુહ વિહરંત, લોલાડઈ ગુરુ રયણ રહીય રંગિ ચઉમાસિ પુરવરિ;
કાઉસગ્ગ ઠાઈ સિ =રયણિ રોસભરિ ડસીય વિસહરિ; ઝાણહ બલિ તિ ન્નાસઉ વિસહર વિસ સવ્વંગ,
જિણ સાસણિ જયરવ ભયઉ હુઈ ઉત્સવ અતિરંગ....૨

આચાર્યપદ ઠવણિ – ૯

(રાસઉ)

અણહિલવાડઈ પાટણિ પહતા માનિ મહતિ, મતિ મહિમહિ મહતા ગહગહતા ગુરુરાય;
ગછનાયક પદ ઠવણા કારણિ લેઈ લગન વધાવિઉ, તક્ખણિ ખિણિ ખિણિ હુંઈ બહુ વાય...૧

સંઘ મિલીયા તઉ દસ દિસિ કેરા, જાણે સુરતરુ કે જિન વરા તે રાજેસર લોક;
મંડિય જંગ અભંગ અનંતા, સાસણિ સામણિ, સંઘ પુરુષ જયવંતા, નવ નવ કારણિ રોક...૨

સંઘપૂજ સાહમીવછલ માસ ઘણા લગ તિમ હુઈ, નિતિ ચલ નવરંગ નાટક નાદ;
દૂસમિ–સૂસમ તે સંભારિયા દીસઈ મણણ, દાનિઈ તારિયા પડઈ અવારી સાદ.
ભંગુલ ભેરી તબલી તાલ વાજઈ, ઢોલ નીસાણ કંસાલ મદ્દલ રંગ રસાલ;
તોરણ વંન વંન વાલિ વિશાલ, મંડપસી કિરિ છત્ર ઝમાલ, નાચઈ અબલા–બાલ....૩

દિન દિન ઉત્સવ જલનિહિ લહરી, વાજિંત્ર ઝુણિ ગયણં ગણિ ગુહિરી,બહરીય દસ દિસિ ભાર,
રામદેવ બંધવ ખીમાગર. સાહ સધર પદવ ઠવણાં ડંબર ઉસ વંશ શૃંગાર....૪

કારાવઈ પણયાલઈ વરસિ ફાગુણ વદિ ઈગ્યારસિ વાસરિ, શ્રી મહિંદપ્રભસૂરે પાટણિ પયડ ગછનાયક;
થપ્પીય ગછભાર સઘલુ તવ અપ્પીય ગુરુ શ્રી મેરુતુંગસૂરે....૫

તિણિ અવસરિ પદ ઠવણું કીધઉ સંગ્રામિ સંઘવી ભવ ફલ લીહઉ, વેચીય વિત્ત અપાર રતનશેખરસૂરિ સૂરિ–પુરંદર;
આચારિજ પદિ થાપિયા સુંદર, જગુવરિ જય જયકાર ...૬

ધન ધન સંઘાહિવ નરપાલ જસુ સાનિદ્ધિ હૂઆ સુવિસાલ, ઉત્સવ અતિ ચઉ સાલ વીરવંસ જિણિ જગત્રિ મલ્હારવિ ઉ;
વીરવંસ વિહિપક્ખ ગુણિ ભાવિઉ સાસણિ રંગ રહાવિ ઉ....૭

રાજહંસ જિમિ બિહુ પક્ખિ નિમ્મલ મુણિવર વૃંદ મહાસઈ, મંડલિ સહિયા કરઈ વિહાર;
વચનસિદ્ધિ બહુ લબ્ધિ સમદ્ધા ભૂમંડલિ ગુણિ સયલિ પ્રસિદ્ધા, જિમ ગોયમ ગણધાર....૮

વસ્તુ – ૧૦

મિલિય બહુવિહુ, મિલિય બહુવિહુ સંઘ મનરંગિ, પણયાલઈ મહિ વલય ઝલહલં
શ્રી મહિંદપહસૂરિ ગુરુ પાટિ પયડ પટ્ટણિ પયટ્ઠીય; ઈમ ગચ્છનાયક પય લહીય મેરુતુંગ સૂરિંદ,
સાસણિ કમલ વિકાસ કર ઉગ્યઉ તવઉ દિણિંદ....૧ 10

ગચ્છનાયક પદ ઠવણિ – ૧૧

ગુરુ પડિઈ એ જિમિ ગિરિ મેરુ સોમ નિશ્ચિઈ સોહામણું એ; સાગરુ એ જિમ ગંભીર ગુણ રયણે રુલીયામણુ એ....૧
સુરતરુ એ જિમ સેવંત મણવંછીય ફલ ભરી ફલિઉ એ; સુરમણિ એ જિમ જયવંત ચિંતિય દાયકા અમ્હા મલિઉ એ..૨
અભિનવૂ એ દકિખણ સંખ કામકુંભ એ કિરિ કહિય; સિવસુખ એ સંપઈ હેઉ કામધેનુ એહુ સહીઈ....૩
ગણહરુ એ પૂનિમ ચંદુ સકલ કલા સંપુન્ન તિમ; માનસૂ એ સરવર જેમ નિરમલ માનસ પરિ મહિમ....૪
ઊનયઉ એ જલહર જેમ ભાદ્રવડઈ ગાજઈ ગુહિર; ભરિયઉ એ શ્રુતરસિ તેમ વરિસ એ દેસણ ઘણ મહુર...૫
ગેલિહિં એ જિમ ગજરાઉ મહિમહિમ લખઈ ઋૂથિંહિ સહિય; સુહુગુરુ એ તિમ ગણિ ગછિ સોહએ સંઘભરે ગહગહિયા...૬
સાચઈ એ જવ્વકણગં નિમ્મલ દીપતિ ગુણ લહઈ એ; પદ્મિનિ એ પત્ર જિમ લેવકંસ પાત્રિ કિમ જલહરઈ....૭
રાગિહિં એ જિમ કિરિ સંખ ભવ ભાવિઈ ભીજઈ ન હીય; સાસણિ એ જિમ કિરિ સીહ ગુહિર ગુંજારઈ જગિ મહીય...૮
ધારીઉ એ જિમ ગચ્છહ ભાર ધરખં–ધુધ્ધરિઈ ઉધ્ધરિય; સાનિધૂ એ કરઈ અપાર ચઉપટ ચક્કેસરિ સુરિય....૯ 20
સરુવરિઇ એ જિણવર આણ વયણ કમલિ સરસઈ વસીય; ભાતિહિં એ દીટ્ઠ એ જાસુ અષ્ટ મહાસિદ્ધિ ઉલ્હસીય...૧૦
ભવનિધિ એ નિવસઈ નામિ સોમ નયણ અમિરિત ઝરઈ એ; અનુદિનૂ એ લબધિ સવેય કર કમલિઈ કલરવ કરઈ એ..૧૧
જસુ તણઈ એ નિતુ પય પઉમિ રાજહંસ રંગિઈહિં રમઈ એ; લાછિહિંતે એ લીલા ઠામિ જસ પરિમલ કવિ અલિ ગમઈ એ૧૨
સોહઈ એ વીર જિણવંસ મુત્તાહલિ જિમ ગુરુ રયણિ; દીપકૂ એ જંબૂદીવિ દીપ જિમ દીપએ દિણિ રયણિ....૧૩
દસદિસિ એ પસરીય કિત્તિ થિત્તિ ચતુર સવિ ગુણહણીય; પગિ પગિ એ પડ પ્રમાણ જાણ પણઈ જગિ જો ભણીય....૧૪
જ્ઞાનીઉ એ જિમ નિગ્ઘંટ અલવિહિ વચન જે ઉચ્ચરઈ એ; કલજુગિહિં એ જગહ પ્રધાન દિનકર જિમ તમ અપહરઈ એ૧૫
અતિસય એ તણઉ ભંડાર જહિં જહિં વિહરઈ મહિવિલઈ એ; તહિં તહિં એ રોગ ન સોગ કુગ્રહ રાજગ્રહ વલઈ એ....૧૬
ઉપસમઈ એ વયર વિરોધ કોધ યોધપુર રોધ નવિ; પામીયા એ તે પ્રતિબોધ મિથ્યાતી જે સવિ અલવિ....૧૭
સંપદ એ સુકૂખ સમાધિ સૂથ સંપ સવિ સંપજઈ એ; કુલટુ એ ઉલટ અંગિ ઉદય ઉન્નતિ અતિ ઉપજઈ એ....૧૮
ભવીયણૂ એ નવ નવ પુણ્યહ સમસિઇ મનરસિ નિત કરઈ એ; જીવીયઉ એ જમ્મ તીહ ધન્યા જે સુહુ ગુરુપય અણુસરઈ એ૧૯ 30

વસ્તુ – ૧૨

ખીર નીરહિં ખીર નીરહિં જેમ ગંભીર, મહિમા ગુણમેરુ જિમ મોહ તિમિરહર જેમ દિનમણિ,
માણસ જિમ્મ નિમ્મલ ઉછીવંયત્થ; કર જેમ સુરમણિ સાસણિ,
ગુંજારઈ સખલ સીહ જેમ જગિવન્નં, ગુણ રયણે રલીયામણઉ રોહણ જિમ બહુ પુન્નં....૧
દુષ્ખુ દુક્કણ દુષ્ખુ દુક્કણ દુખ દોહગ્ગીયં, દોલ વિદ વદડીય દવ દરિદ દૂર્ભ દુક્ખતર;
દુરવછા દુત્થ પર દલદરંત દોસગ્ગિ દુદ્ધર, દંદ સૂક દુસ્સહ દસણ દેસ્સ વિદવડઈ હરિ;
જહિં જહિં વિહરઈ મહિ વિલઈ મેરુતુંગ સિરિ સૂરિ...૨

ઉપમાન ઠવણિ – ૧૩

રયણિ તણઈ પશ્ચિમ પહેર નરેસૂઆ, કાઉસગ્ગ સવિહું કાલ; નટલઈ તઉ પગવગ નમઈઈ એ નરેસૂઆ, માઝિમ પસરિ વિયાલિ...૧
છવ્વીસા તઉ માંડીઉ એ નરેસુઆ, કાઉસગ્ગતા નિવ્વાણ; તાપ ટાઢિ ભરિ નવિ ટલિઉ એ નરેસૂઆ, જઈ કિરિ ઉગઈ ભાણુ....૨
તિમ દિન રયણિ ઈસ વિહું ખિણિ નરેસૂઆ, મન લાગઈ લક્ખ ઝાણિ; પગિ પગિ પ્રત્યા પૂરવઈ એ નરેસૂઆ, વુહવીએ બહુ પ્રાણિ....૩
જો ગજગતિ જાણઈ સહીય નરેસૂઆ, જોગીસર ધન ધન્ન; મન પવનહ સમરસ કરણિ નરેસૂઆ, સુન અનઈ અનુ મન્ન...૪
ઇડ પિંગલ સુખમણ તણીય નરેસૂઆ, સંધિ સમાધિઈ લબ્ધ; કુંભક પૂરક રેચક એ નરેસૂઆ, પવન સવે વસિ કિદ્ધ...૫
અવહમ ત્રિજે સવંલીય નરેસૂઆ, પામીય પવન નુપૂર; પરમ જ્યોતિ જીહં ઝલહય નરેસૂઆ ગયણ ગણિ જિમ સૂર...૬
પરમ બ્રહ્મ કલા કલીય નરેસૂઆ, નાદિ અનાહતિ લીણ; ઘંટ ટંકારિઈ રુણઝુણય નરેસૂઆ, વાજઈ વંસક વીણ....૭
સીંગી સાદ સોહામણું એ નરેસૂઆ, સાંભલીઈ સવિ દીહ; સાધક સવિહું નરઈ સિરઈએ નરેસૂઆ, સોહએ સાસણિ સીહ....૮
જ્ઞાનકલા નિરતી કુરઈ એ નરેસૂઆ, કુરઈ અચીંતિય સિદ્ધિ; ભઉ ભાવઠિ ભૂયણિ ન હીય એ નરેસૂઆ, હીયડલઇ નિર્મલ બુદ્ધિ....૯
દૂતર તારણ બેડલીય નરેસૂઆ, દારિદ્રહર નિધિ એહ; દૂખ નિસાહર દિવસકર નરેસૂઆ, ગુણ વસિવા કુલગેહ...૧૦
સિખિલ્લી વન પલ્લવન નરેસૂઆ, એ જલહર જલવુટ્ઠિ; સેવક સવિ છલ સારિવા એ નરેસૂઆ, પુરતક્ષ પૂરઈ પુટ્ઠિ....૧૧
ઈક કાઉસગ નઈ ઝાણ બલે નરેસૂઆ, બિહુલોચન જિમ જીહ; જગ સરૂપ સૂઝઈ સહૂઅ નરેસૂઆ, કહું કિસુંઇક જીહ....૧૨
પિંડ સકતિ વચનહ સકતે નરેસૂઆ, ઝાણહ સકતિ અચિંત્ય; સુરતરુ સુરમણિ ધેનું જિમ નરેસૂઆ, સુગુરુ નઈ એ સહીએ સત્ય...૧૩
કઠિન કઠોર જિં દુઢ મણ નરેસૂઆ, સુગુરુ નઈ દીઠઈ ભાલિ; તે સવિ સાસણિ આવીયા એ નરેસૂઆ, સોહા વાજિ મસાલિ...૧૪
અલવિહિં વાણી જે ભણીય નરેસૂઆ, તે પાષાણિ હિ લીહ; નિશ્ચઈ ન ફિરઈ ગુરુ તણીય નરેસૂઆ, જાણે અમીયઈ પઈટ્ઠ...૧૫
અવિચલ ઝાણહ તણઈ બલે નરેસૂઆ, જે જે ચિંતીય અત્થ; તે સવિ સવિસેસ હૂઅ નરેસૂઆ, સુહુગુરુ સપરિસ સમત્થ...૧૭
દૂર દેસંતર ઢૂકડઈ એ નરેસૂઆ,, સુગુરુ તૂં જે ધરઈ ઝાણ; અનુદિન તિહિં અફલી ફરઈ નરેસૂઆ, પગિ પગિ પયડ પમાણ....૧૮
ભવીયણ ભત્તિહિં ભરીય મણ નરેસૂઆ, સુગુરુ તણું જે નામ; મંત્ર તણી પરિ નિતુ જપઈએ નરેસૂઆ, સવિહું સુકખહ ઠામ...૧૯
પદમહસ્ત જીહ સિરિ ઠવઈ નરેસૂઆ, સુગુરુના તે સવિ સીસ; સીસ રયણ જિમ ઝલહલઈ નરેસૂઆ, જગુ વરિતે સવિ દીસ...૨૦
સકલ કલાનિહિ કુસલ કરે નરેસૂઆ, સવિ હુઆ કવિ કોટીર; ધીર ધુરંધર ધવલ જસ નરેસૂઆ, ગુરુઆ ગુણ ગંભીર...૨૧
જે ગુરુ ભત્તિઈ ઉલ્હસીય નરેસૂઆ, વિહરઈ વસુહ મુણિંદ; તિહ તણીય મહિમા ઈસીય નરેસૂઆ, રંજીયઈ જીણિ નરિંદ...૨૨
સવિ હું મનિ મતિ ઉલ્હસઈ એ નરેસૂઆ, જિમ જલનિહિ જલવેલિ; ભવવાઈ જે નવિ ચલઈ એ નરેસૂઆ, સવિ થિર જિમ સુરસેલિ...૨૩
નિમલ ચારિત સધર ધર નરેસૂઆ, પામઈ પહિલીય લીહ; સીંહ સરિસ સવિ દીહતે નરેસૂઆ, મેરુતુંગ ગુરુ જીહં...૨૪
ઉન્હાલઈ તાવડિ ધણઇ એ નરેસૂઆ, સીયાલઈ બહુ સીતિ; કાઉસગિ જે નિતુ નિતુ રહઈએ નરેસૂઆ, પૂરવ રિષિ નિરતિ...૨૫

છહં વિગઈહં પરિહરે પર નરેસૂઆ, નવ સોસીય નિહ દેહ; ઠામ બઈઠા ભત્તિજલ નરેસૂઆ, સીસતિ સહગુરુ એહ...૨૬
દસમ દુવાલસ ચઉદસમ નરેસૂઆ, અક્ષાહી સદ ભાવિ; મેરુતુંગસૂરિ દીખીયા એ નરેસૂઆ, તે મુનિ પ્રણમઉ ભાવિ....૨૭
અઢાર સહસ સીલંગ નરેસૂઆ, પંચ મહવ્વય ભાર; તે વંદઉ દુક્કર ચરિય નરેસૂઆ, મેરુતુંગ ગણધાર....૨૮

વસ્તુ – ૧૪

ઝાણ અવિચલ ઝાણ અવિચલ, અનઈ કાઉસગ્ગ, છવીસા વછર થકું સિરા જાણ ઈમ સુગુરુ સંતીય,
નવ નિવ્વઈ નવિ ટલઈ, ફલઈં તિણિ સવિ ચિતિ ચિંતીય; રવિકર પ્રસરિ હિં તિમિર જિમ જિણ નીસીય મિચ્છત્ત,
ભરહખિત્તિ જુગ પવર ગુરુ થિર થાપઈ સમ્મત્ત...૧

સુકૃખ સંપઈ સુકૃખ સંપઈ, સયલ સોહગ્ગ, સકલ સુભસંપ સૂય સિરિ સાર સંગમ,
સંજમ સિવ સમ સમય સુકલ સય સટ્ઠ સંગમ; સંવંગિહિં સવ્વ ન્નિસિરિ સાહાણ સોહઈ સૂરિ,
જહિં જહિં વિહરઈ મિવિલઈ મેરુતુંગ સિરિ સૂરિ...૨ 10

અધ્યાત્મ અતિશય ઠવણિ – ૧૫

ગુરુ ચક્કાહિં ચ કુણિહિં અવસરિ, દેવ જુહારિય અબૂયગિરિ સિરિ; ઊતરતાં તવ મારગ ભૂલિ, મૂકિઉ આગલિ દીસઈ ઝોલિ...૧
સાંઝ પડી ડાંડી નવિ લાભઈ, તકૃખણિ કોઈ વીજલિ જિમ આવઈ; પુરુષ રૂપિ સુર દાખિઈ વાટ, ગુરુ ઊતારિયા વિસમા ઘાટ...૨
સંઘ દિખાડિઉ અંગલિ અગ્ગિ, હજઉ ગોચર નયણહ મગ્ગિ; કુણઈ અવસરિ પાટણિ પરિસરિ, જવન સેન મિલિઉ સેસહભરિ...૩
સાથિ ગુરુ છઈ તે સંઘાત, તીણ લીધઉ કરતાં વાત; કેડા ગુરુ પહુતા તિણિ તાલ, જવન રાઈ દીઠઉ જવ ભાલ...૪
અરરે અસંભમ પુરુષ અપાર, એક હીયઈ કિર તે કિરતાર; જીહં સાથિ એ છઈ તે સાથ, લેતા અમ્હ વહઈ કિમ હાથ...૫
ચિત્ત ફિરિઉ ઈમ તસુ તિણ વેલા, આપિઉ પાછઉ સહુઈ હેલા; મૂગલ ભઉ ક્ષણિ કુણહિ ઉપન્નુ, ગૂજર દેસહ હૂઉ સહુ સૂન્નઉ...૬
તિણિ દિણિ ખંભનયર થિર થોભી, સુગુરુ રહ્યા જયહથિ જગિ ઊભી; કેતે દિન તે ભયને નામિ નીઠિઉ, અવ્વૂં સહુઈ ઠામિ...૭
ગૂજર દેસિ હુઉ ઘણ વાસ, તેહતઉ અધિકઉ ગુરુનઉ વાસ; બાહડમેરિ નયરિ લહુસાલાં, પાખી મજિઝમ રયણી વેલા...૮
ફિરિ ફિરિ ફાર કરઈ પુક્કાર, ફણગર રહિઉ રુધી બાર; સાહૂણી અબલા તિણ બીહાવી, ગુરુ રહઈં તઉ તે વાત જણાવી...૯ 20
સાત હાથનઉ કાલ કરાલ, અહિ થંભાણઉ તે તતકાલ; જસુ દસ્સણ સમરથ તે ઝબકઈ, તે વિસધર સલ સલિય ન સક્કઈ...૧૦
કીધઉ ઊગમતઈ તે સૂરિ, સૂરિ પસાઈં સાહી દૂરિ; ગુરુ સાચઉરિ રહિયા ચઉમાસિ, ઉચ્છવ હુઈ ચઉસટ્ઠઈ વાસિ...૧૧
જલનિહિ જલ જિમ પુહવિ પુલાવઈ, તવ અસપતિ રાઉ બલ આવઈ; દસ દિસિ જાયઈ નાઠઉ લોક, ઠાકુર રહિઉ થઈ છડ છોક...૧૨
ધ્યાન તણઈ લખિ લાગા ગણધર, મંદરગિરિ જિમ રહ્યાં તિહાં થિર; સીમ ન ચાંપી પાછઉ વલિઉ, સેન સુગુરુ બલિ વંછિઉ ફલિઉ...૧૩
રાય રાણા જગિ જાણુ અજાણ, મીર મલિક જાંગલ સુરતાણ; સુગુરૂ નામિ તે સવિ રંજિય, બપુરે ગણહર જગત્ર અગંજિય...૧૪
ઈમ અવદાત જિ નવા નવેરા, સુગુરુ તણા છઈં ભલા ભલેરા; તીહ કહતાં કિમ લાભય સંખ, ગયણ કિઉડી જઈ વિણ સંખ...૧૫

(ગ્રંથ રચના અને નૃપ–પ્રતિબોધ ઠવણિ) – ૧૬

વાદીય મયગલ કેસરીય માલ્હંતડે વાદીય કંદ કુદાલ; સીદ્ધંત કલા મુખ બિરદ માલ્હંતડે બોલઈ બાલ ગોપાલ...૧
જંગમ તીરથ મુનિવરુ એ માલ્હંતડે એ નહી માનવી માત્ર; ચતુર ચૂડામણિ ગણધરુ એ માલ્હંતડે ચારુ ચારિત્રહ પાત્ર...૨
સહગુરિઈ કીધઉ વ્યાકરણ માલ્હંતડે જિણિ હુઈ બાલ અવબોધ; ખટ્ દરિસણ નિરણય કિઉ એ માલ્હંતડે સાંભલતા પ્રતિબોધ...૩ 30
શતપદી સાર જિણ ઉદ્ધરીય માલ્હંતડે રાય નાભાક ચરિત્ર; કામદેવ–કથા રસિ રચી એ માલ્હંતડે પુત્થય ભત્તિ પવિત્ર...૪
ધાતુ–પારાયણ જિણ રચિઉ એ માલ્હંતડે લક્ષણશાસ્ત્ર સુબંધ; મેઘદૂત મહાકાવ્ય કીધઉ માલ્હંતડે રાઈમ–નેમિ સંબંધ...૫
બહુ બુદ્ધિઈં જેહે રચિય માલ્હંતડે શ્રી સૂરિમંતુ ઉદ્ધાર; અંગ વિદ્યા ઉદ્ધાર કિઉ એ માલ્હંતડે સત્તરી ભાષ્યની વૃત્તિ...૬

અવર ગ્રંથ કીધા ઘણા એ માલ્હંતડે રંજીય જાણ સવિ ચિત્તિ; કવિ ચક્રવર્તિ ગણહરુ એ માલ્હંતડે જીહ મુખિ રમઈ સરસત્તિ...૭
પાતઉ રાઉ પ્રતિબોધિ ઉ એ માલ્હંતડે સત્યપુરિ ભૂપ ઉલ્હાસિ; મયણપાલ ભૂપાલ જિણિ માલ્હંતડે રંજિઉ વાણિ વિલાસિ...૮
ઉડર મલિક ભઈક કીઉ એ માલ્હંતડે સુત નંદન સૂરદાસ; પ્રતિબોધી પૂજાવિઉ એ માલ્હંતડે ધઉલકઈ કલિકુંડ પાસ...૯
જંબૂ દેસ નરાહિવઈ એ માલ્હંતડે ગદૂઅઉ ગજમલ રાઉ; જીવન રાયહ પ્રમુખ રહઈ માલ્હંતડે વાંદણ લગઈ ભાઉ...૧૦
જલનિધે જલકણ જેટલા એ માલ્હંતડે શ્રી મેરુતુંગ સૂરિ રાય; બહુ અવદાત ગુણ તેટલા એ માલ્હંતડે વર્ણન કરણ કરાય...૧૧
નિતુ નિતુ નર નવ નગરના એ માલ્હંતડે વંદિવા આવઈ સંઘ; જિમ વારઉ જિણવર તણઉ એ માલ્હંતડે નિતુ ઉચ્છવ નિતુ રંગ...૧૨
ઠામિ ઠામિ પદ બઈસણા એ માલ્હંતડે પુરિ પુરિ પાવયણાઇ; એક વાર જેહે વાંદિયા એ માલ્હંતડે ઊઘડિયાંતિહ નયણાઇ...૧૩
શ્રી મહીતિલકસૂરિ બઈસણઈ એ માલ્હંતડે મિલિયા ચિહું દિસિ સંઘ; સાહ સલખિ સોદાગરિ ઈ માલ્હંતડે સાયરિ કીધલા રંગ...૧૪
શ્રી મહિમશ્રી મહત્તરા એ માલ્હંતડે થાપિયા મહત્તરા ભારિ; સાહ વરસિંધિ ઉચ્છવ કીયા એ માલ્હંતડે જાંબૂનયર મઝારિ...૧૫
મેરુનંદન સૂરિ પય ઠવીય માલ્હંતડે ખંભનયરિ આણંદિ; ખીમરાજ સંઘાહિવઈ એ માલ્હંતડે ઉચ્છવ કીય નવ છંદિ...૧૬
સિરિ માણિક્કશેખર જયઉ એ માલ્હંતડે શ્રી ઉવઝાય પભારિ; તિણિ અવસરિ સહુ ગુરુ ઠવ્યા એ માલ્હંતડે દુક્કર ચરિય સંસારિ...૧૭
અતિ ઘણ હર્ષિઈ હર્ષપુરિ માલ્હંતડે ખીમિગ કરેઇ જંગિ; ગુણસમુદ્રસૂરિ થાપિયા એ માલ્હંતડે અનુ ઉવઝાય પયરંગિ...૧૮
માણિક્કસુંદરસૂરિવર માલ્હંતડે થાપિયા ખંભપુરી ખંતિ; સાહ તેજઈ ઉચ્છવ કીયા એ માલ્હંતડે હિયડલા હરખિ હસંતિ...૧૯
ખંભનયરિ વરિ હરિસભરે માલ્હંતડે શ્રી જયકીરતિસૂરિ; થાપીયા સંઘવી રાજસીહે માલ્હંતડે ઉચ્છવ કીધલા પૂરિ...૨૦
જગ ભિતરિ જયસિરિ વરીય માલ્હંતડે કીરતિ પસરિય પૂરિ; જિન શાસનિ ઉજ્જોય કરો માલ્હંતડે શ્રી જયકીરતિ સૂરિ....૨૧
છય આચારિજ થાપિયા એ માલ્હંતડે ચ્યારિ ઉવઝાય સુપસિદ્ધ; શ્રી મેરુતુંગસૂરિ મહતર સિઉ માલ્હંતડે ઇમ ઇગ્યારય કિયટ્ઠ...૨૨
વાયણારીસ પંડયાંસ પય માલ્હંતડેપવતિણિ પય સય સંખ; સાહુ સાહુણી જે દીખીયા એ માલ્હંતડે તીહ કુણ કરિસિહ સંખ...૨૩

વસ્તુ – ૧૭

સુગુરિ નિમ્મિય, સુગુરિ નિમ્મિય, નવઉ વ્યાકરણ, ષટ દરિસણ તક્કકીય મેઘદૂત મૈહાકાવ્ય કીધઉ;
બહુ બુદ્ધિઇ સત્તરીભાષ્ય વૃત્તિ પ્રકરણ પ્રસિદ્ધઉ, ધાતુ પરાયણ જિણ રચિઉ શતપદિકા ઉદ્ધાર;
અવર ગ્રંથ જિ ગુરિ રચ્યા તીહકુણ જાણઈ પાર...૧
જણી ચઉવિહુ, જણિ ચઉવિહુ, સંઘ મન રંગિ, ચ્છઈ થપ્પીય સૂરિવર ચતુર ચ્યારિ ઉવજ્ઝાય સુંદર,
મહત્તર સિઉ પયડ પરિ, ઈમ ગ્યાર પય કિદ્ધ મણહર વણારીય પંડિત પવરવતણિ પય સય સંખ,
સાહુ સાહુણી જે દીખીયાં તીહ કુણ જાણઈ સંખ...૨

પદ બઈસણા ઠવણિ – ૧૮

પટ્ટણ ખંભનયર ભરુઅચ્છે સોપારઉંપુર કુંકણ કચ્છે પરક્કર સચ્ચઉરપુરે,
મુરુ ગુજ્જર ઝાલાવાડિહિં ધલ ધાલતિ મરહટ્ઠ પંચાલિહિં લાડદેશ જાલઉર પુરે...૧

છોધનયર સુપત્તનપુર વર ઊના દીવા અનઈ મંગલપુર નવઈ સુરઠ સોહામણીય;
દેશ સવે ઈણિપરિ પડિબોહિયા ચ્યારિ વર્ણ જિણ નિજગુણિ મોહિયા દેસણ સુણિ રુલિયામણીએ..૨

ઠામિ ઠામિ જિણબિંબ જુહારી છટ્ઠ વહિય અંતર અવિચારી સિત્રુંજય ગિરનારિ સિરે;
ભારી કર્મ જિકે સંસારી તેહી મૂકયા દુહ ઊતારી નર–નારી ઉવએસ ભરે...૩

જિણસાસણુ જગિ વરિ વિત્થારિય આપ કજ્જ પરકજ્જ વિસારિય સતરીકઈ પાડધારિયા એ,
સંઘહ અગ્ર ઈહ પટ્ટણ પરિવરિ અણહિલવાડઈ અતિ ઉચ્છંવ ભરિ પૂરવ રિસિ સંભારિયા એ....૪

વયણંતર વસ માસ નિરંતર સંઘ પૂજ સૂસમ આડંબર સંઘ ભગતિ નિતુનવ નવીય;
જગ ઉદ્ભૂત ઉદ્યોત અપાર ચઉમાસઇ ઉચ્છવ અનિવાર પટ્ટણ ભિંતરિ ગહગહીય...૫

જાણી આઉખઉ વસેસ તેડાવ્યા તઉ ગચ્છ અસેસ આણંદિઈ બોલાવિયા એ;
અરિહંત સાક્ષિય કરિ આલોયણ તિગરણ સુદ્ધિ કરિ આરોહણ જીવ સવે ખમાવીયા...૬

અણસણ ઉચ્ચરિઉં આપણ મુખિં પરમ ધ્યાન લાગઉં છઈ મન લખિ સુખસંતોષ માહિપર,
લક્ષ સંખ્ય જણ ઊલટિ આવઈ રાસ ભાસ રસિ ભાવણ ભાવઈ કલહટ કરતા નારી નર...૭

તિણિદિણિ ચ્યારિવાર વક્ખાણ શ્રીમુખિ સહગુરુ અમિય અમાણ કીધાં સિર ધૂણઈ સહૂય;
એક અચ્છીરીય અસંભમ દીસઈ અંસ પ્રવાહિ નયણિ જગ વરિસઈ ધમ્મ વરઉ અઈ સંખ હૂઅ...૮

સમકિત સીલવ્રત શ્રી ગુરુમુખિ સમવસરણિ જિમ મિલિયા ચિહુંપખિ નરનારી ઘણ ઉચ્ચરઈઅ;
બંભણ ખત્રી વેસ અપાર આજનમા વિધિ તિણિ વાર સાત વિસન પરિ પરિહરઈએ...૯

ઈગુહત્તરઈ મગ્ગસિરિ પુન્નિમ સોમવાર દિણિ પહર સપચ્છિમ ઉત્તર ઝયણ સુસંભલીય;
અરિહંત સિદ્ધ તણઉ ધરિ ઝાણ તક્ખણિ પામિય સુખ નિવ્વાણ જિમ કિરિકહિઈ કેવલિય..૧૦ 10

મનના સંસય કુણ હિવ કહિસીઈ પરમ બ્રહ્મ કલા કુણ લહિસિઈ ઉત્તર હિવ કુણ આપિસિઈ;
હા હા દરિસણ હુઉ અણાહ એત્થમીઉ કિરિ દિણનાહ લોચન કુણ ઉગ્ઘાડિસિઈ એ...૧૧

જગ સઘલું બોલઈએ બોલ મીરિ—મલિકિ લાંખઈ તંબોલ સુસબદિ સહુઈ અલગઈએ;
જાં જાણિક્કઈ જગિ જિણસાસણ તાં સુહગુરુ હૂયક્ખ તણ જસુજસુ ધોરણિ જગમગઈએ...૧૨

પંચ વર્ણ જલતહિં કેવલીઈ એગણહત્તરિ પણ માંડવીઈ ગીતિ નૃત્તિ વાજિત્ર ઘણઈએ;
થોડી વેલાં અતિ ઘણ કાજકીધાં સચિત્તઉ નિમ્મિંઈ આજ દિવસ વૃદ્ધિ હુઈ જગ ભણઈ એ...૧૩

નવ નવાડંબર પરિ નવ નવ ઉપમ તે હરઈ તે જિ ઉચ્છવ એક જીભ કિમ વર્ણઈ એ;
જિમ જીવિય તિમ જીહં નિવ્વાણ બેહૂ પુહવિંઈ પયડ પ્રમાણ ધન્ન જમ્મ તીહં મન્નીયઈ એ..૧૪

આદિ મધ્ય અવસાનિ નિરંતર જાસુ ચરિય અછરીય પરંપર પૂરીય દુહરીય હરઈ એ;
બાલક વૃદ્ધ તરુણ નરનારી અનુદિન રહિઉં સહું સંભારી જીવંતાં કિમ વીસરઈ એ...૧૫ 20

સંજમ સિરિ વસિજુ આઠંમઈ આચારિજ પદં ત્રેવીસમઈ તેઆલીસમઈ વરિસે;
ગચ્છધુરંધર એગુણહત્તરિ વરિસિ સયલ વીજીય હૂય ઈણપરિ સુગુરુ ચરિય નિસુણઉ હરિસે...૧૬

સયણ સુક્ખ મણચ્છિય કારણ દુરિય નિવાર દુતર તારણ સુગુરુ નામ જે નિતુ જપઈ એ;
તુ પામઈ સવિ મંગલ માલ તાસુ કિત્તિ પસરઈ ચઉસાલ રવિ જિમ તેહિ તે તપઈએ...૧૭

વસ્તુ – ૧૯

પુહવિ મંડલિ, પુહવિ મંડલિ, સયલ વિહરંત નર નરવર કુમર સવિ અલવિ જેણ જિણ ધમ્મ બોહિય,
અઈસય સય સય પરિહિં ઠામિ ઠામિ જિણ ભુયણ મોહિય; વિત્થારિય કિત્તિ ઘણ દસ દિસિ વાસિય વાસ,
મેરુતુંગસૂરિંદવર સાસણિ પૂરઈ આસ....૧

નયર પટ્ટણિ, નયર પટ્ટણિ, સુગુરુ સંવેગિ, સંવચ્છરિ ઈકહુત્તરઈ ઉત્તમટ્ઠ સાધી અસંભમ,
મગસિરિ પૂનમહં હૂઅ સંખસિરિ સંઘ સંગમ; જગ ઉદભટ્ટ ઉદ્યોત પરિ જિણ પામીય નિવ્વાણ, 30
તે પરિ કહિવા હું કવણ સુરગુરુ તે હુ અજાણ...૨

(નિર્વાણ પદ ઠવણિ) – ૨૦

ઈણિ પરિ ગુરુ ગુણ ગાઈયા મઈ રચિયલ રાસ રસાલૂ એ; કુસુમિ કરંડ ભરિઉ મોકલે જિમ માલીય ગૂંથીય માલૂ એ...૧

ગુરુ અતિશય સય લક્ખ ઘણા આએ કવયણિ ન કહાંઇ એ; અમિય કુંડ રસ રૂઅડા આ અંજલિ કવણિ પીયઈ એ...૨

ઊલખડે ઊલી્ ચિયઈ એ આ કિમ જલનિહિ જલ જોઈ એ; પૂરકિ ગંગા નઈ તણૂં આધરિઉ કિમિ નવિ હોઈ એ....૩

ચંદ્ર બિંબ તણૂં ચાંદ્રણુ આ ચિત્ર કરઈ ચિત્રકાર કોઈ એ; ગયણિ જ બંધઈ પાજડી ગુરુ વરણવી ન સકઈ સોઇ એ...૪
સકલ સુકોમલ નિરમલા આ ઊજલ ધવલ અનંત એ; મધુર સર સોહામણા આ ગુરુગુણ મેરુ મહન્ત એ...૫
પઢઈ જે સાંભલઇ આ તીહ સવિદલઈ કિલેસૂ એ; નિતુ નિતુ તીહં ઘરિ ઝલહલઈ આ મંગલ માલ પ્રવેશૂ એ...૬
જે નર નારી ભાવિસિઉ આ રસિ રોમંચિય અંગ એ; શ્રી મેરુતુંગસૂરિ ગાઈસિઈ નિતુ તીહ ઘરિઅવિહડ રંગુ એ..૭
ગચ્છ નાયક વિધિપક્ષિ તણા આ સુગુરુ શ્રી મેરુતુંગસૂરી એ; અનુદિન મન વંછિય ઘણાં આ પૂરઈ આણંદ પૂરી એ...૮

વસ્તુ

કપ્પ તરુવર, કપ્પ તરુવર અમર મણિ એઉ સુક સુરહી એઉ મુણિ, સયલ સિદ્ધિ બહુ લદ્ધિ કારણ,
વિત્થારણ સુજસુ રસ રિદ્ધિ હેઉ ભવ જલહિ તારણ; સિરિ ગચ્છનાયકુ સિરિ સુગુરુ મેરુતુંગ સૂરિંદ,
નામ નિરંતર જે જપઈ તીહં ઘરિ નિતુ આણંદ...૯

ઇતિ શ્રી ગચ્છનાયક શ્રી મેરુતુંગસૂરીશ્વર રાસ સંપૂર્ણઃ ॥ છઃ ॥

શ્લોક : ૧૪૦

(પ્રત : શેઠ આણંદજી કલ્યાણજી ભંડાર, લીંબડી.)

(૬) શ્રી મેરુતુંગસૂરિ વિનતિ ગીત

એક જમાનામા ગચ્છપતિને લખાતા વિજ્ઞપ્તિ–પત્રો વિનતિ ગીતોની સચિત્ર હસ્તપત્રો સારી સંખ્યામાં ઉપલબ્ધ હતી. તેમા કેટલીક પ્રતો તો સુવર્ણાક્ષરી પણ હતી. કિન્તુ પછી વકરેલી ગચ્છ સ્પર્ધા જનિત ઈર્ષ્યાના અગન કુંડમાં એમાનું ઘણું નાશ પામ્યુ. આજે જે કાંઈ ખૂણે ખાંચરેથી પ્રાપ્ત થાય છે તે દસમા ભાગનુ પણ નથી. તેમાંય અંચલગચ્છના વળતાપાણી થતાં તેનાસાહિત્યને વિશેષ ક્ષતિ પહોંચી છે. પ્રસ્તુત વિનતિ ગીત તો પ્રતિલિપિ રૂપે રહ્યુ છે. તેની મૂળ સચિત્ર પ્રત કાળની ગર્તામા ધકેલાઈ ગઈ છે.

પ્રસ્તુત વિનતિ ગીતમા મેરુતુંગસૂરિના જીવનવૃત્તની આછી રૂપરેખા વણી લેવામાં આવી છે. તેનો ઐતિહાસિક સાર નિમ્નોક્ત છે.

શ્રી ગૌતમસ્વામીને વંદન કરી સુગુરુની ચિત્તમાં આરાધના કરીશું. પાંચે ઈન્દ્રિયોને જેણે દમી છે, તેમજ જેમની વાણી અમૃત સમી છે એવા મેરુતુંગસૂરિના ગુણ ગાવાથી અનેક લાભ થાય છે, સુખ–સંપત્તિની મણા રહેતી નથી. માટે ભવિજનો તેની ભાવના કરો.

વિ. સં. ૧૪૦૩માં જન્મ, પિતા વયરસી માતા નાહલૂદેવી, જેની કૂખેથી ઉત્તમ પુરુષ પાકયા. વિ. સં. ૧૪૧૦માં ઉત્સવપૂર્વક સંયમશ્રીને પરણ્યા વિ. સં. ૧૪૨૬માં સૂરિપદ પામ્યા વિ. સં. ૧૪૪૫માં ગચ્છનાયક પદે વિભૂષિત થયા.

ગુરુ લોલાડામાં ચાતુર્માસ રહેલા ત્યારે વિષધરનો ઉપસર્ગ સહ્યો. શ્રી પાર્શ્વપ્રભુના મંત્ર પઠનથી વિષનું પર્યવસાન થયું. શ્રી જીરાવલા પાર્શ્વનાથ પ્રભુની સેવાથી ગુરુને ઘણી સિદ્ધિ પ્રાપ્ત થયેલી. એ મંત્રના ગુટકા દ્વારા એમણે સકલ સંઘનો ઉદ્યોત કર્યો. શાસન દેવી ચક્રેશ્વરી સ્ત્રીનું રૂપ ધરી ગરુને હર્ષભેર વાંદવા આવતી . દેવીની સહાયથી વિધિપક્ષમાં ઘણી ઉન્નતિ થઈ, તેમજ ગુરૂની કીર્તિ વિસ્તરી. મહેન્દ્રપ્રભસૂરિના પાટે સૂરિ દિનકરની જેમ તપ્યા સાગર જેવા ગંભીર ગુરુએ ચૌદ વિદ્યાઓ સાધેલી. છત્રીસ ગુણોથી શોભતા સૂરિ યુગપ્રધાન પદે અલંકૃત થયા.

વિ. સં. ૧૪૭૧માં મેરુતુંગસૂરિએ ખંભાતનગરમા ચોમાસું રહી અણશણવ્રત પૂર્વક સ્વર્ગગમન કર્યું. 'આ વિનતિગીતના રચયિતા વિજયકરએ અંતિમ કંડિકામાં જણાવ્યુ છે કે 'આ બધુ ગુરુમુખેથી સાંભળીને મેં મતિ અનુસાર લખ્યુ છે. એ દષ્ટિએ 'મેરુતુંગસૂરિ રાસ' ની માહિતી વધારે વિશ્વસનીય ગણાય સ્વર્ગગમન સ્થળ સિવાય બાકીની બધી બાબતોમાં બન્ને કૃતિઓમાં મળતાપણુ છે. રાસમા જણાવેલુ સ્થળ અણહિલપુર પાટણ વિશેષ સ્વીકાર્ય છે, કેમકે રાસ મેરુતુંગસૂરિના અંતેવાસી શિષ્યની વિ.સં. ૧૪૭૧ની રચના છે. '

'મેરુતુંગસૂરિ રાસ'માં અણહિલપુર પાટણ કહેલ છે. અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં સ્વર્ગગમનનું સ્થાન જૂનાગઢ દર્શાવ્યું છે અને વર્ષ વિ. સં. ૧૪૭૩, જે પ્રેસ દોષ છે.

(૬) શ્રી મેરુતુંગસૂરિ વિનતિ–ગીત (કર્તા : વિજયકર)

(રાગ : દેશ મનોહર માલવો....)

સિરિ ગોયમ ગણહર પય નમિ, અરાહિસુ ચિત્તઈ સગુર રમિ; પાંચઈ ઈન્દ્રીય જેણ દમી, મધુરી ગુરુવાણી અમીઈ સમી.
શ્રી મેરુતુંગસૂરીન્દ્ર તણા ગુણગાતા થાઈ લાભ ઘણા....૧ એ આંકણી૦

સુખ સંપતિ નહીઇ મણા, ભવીયણ તમે સેવો રયણદણ; સત ચઊદ ત્રિડોતર જન્મ સુણુ, વયરસી પિતા તે નામ ભણુ.
માતા નાહલૂ સુધન ગણઉ, જસુ કૂખઈ ઉતિમ પુરુષ થુણુ...૨

ચઊદ દાહુતરઈ સંજમસરી, પરણી ઉત્સવ કરી કરી; છવ્વીસઈ પદવી સૂરિવર, પસ્તાલ ગણધરુ સુણુવરી ...૩

ભાવ વિભીડિતે વિઘ્ન હરઈ, શાક્તિ સવિ નામઈ દૂરિ ટલઈ; દુર્જનઈ હિસંહંદિક ડરઈ, સંયતિ સવિ અંગણિ આવિ વરઈ...૪

લોલાડઈ પૂજ્ય ચુમાસિ રહ્યા, વિસહરના નિસ ઉપસર્ગ સહ્યા; શ્રી પાર્શ્વમંત્રના સ્તવન કહ્યા, ખિણિ એક માહિ ન વિષ દેહ થયા...૫

જીરાઉલ પાસ જિણંદ તણિ, સેવા ફલયાંમી સિદ્ધિ ઘણી; સિરિ આપી ગોટકા સાત ગુણિ, શ્રી સયલ સંઘ ઉદ્યોત ભણિ...૬ 10

ચક્કેસરીદેવી રૂપધરી, વંદેવા આવિ હરષ ભરી; તિણિ વિધિપક્ષમા ઉદ્યોત કરી, તિણિ સદ્‌ગુરુની કીરતિ વસ્તરી...૭

શાસન દેવતિ માનથી કરઈ, ચક્કેસરિ સંકટ કોડિ વિઘન હરઈ; ગુરુરાય તણિ સિરિ આણ ધરઈ, તેહના મન વંછિત કાજ સઈરઈ...૮

પાટિ મિહિંદપ્રભસૂરિ તણઈ, પ્રતપ્યા જિમ દિનકર તેજિ ઘણઈ; ચઊદ વિદ્યા વેગઈ તણઈ, સાયર જિમ ગુરુ ગંભીર પણઈ...૯

મનરંગિ સૂહવ નારિ મલિ, ગુરુના ગુણ ગાવઈ થઈ સલી; ભગતિ ગુરુ વાંદુ લલીય લલી, જિમ થાઈ આસ્યા સવિ સફલી...૧૦

અહિનિસિ જે ગુરુનું નામ જપઈ, કર્મ આઠિઈ તે સહુય ખપઈ; ચંદ સૂરિ તણી પરિ તેજ તપઈ, નવનધિ ઘરિમાહિ આવિ ઠવઈ...૧૧

સોહઈ ગુરુ ગુણ છત્રીસ ધરઈ, યુગપ્રધાંન જગ સૂરિવરઈ; જે સેવક જિન વંછિત દેવ તરઈ, શ્રી અંચલ ગઆણંદિ આણંદ કરઈ...૧૨

ખંભનયર ચુમાસ રઈ, શુભ ધ્યાનઈ અણસણ લીઈ સહી; એકોતરિઈ સિરિ ઠાણ લહી, નરનારી વંદઈ ભાવ ગ્રહી....૧૩

શ્રી ધર્મમૂર્તિસૂરીદ નમઈ, ગુરુના ગુણ ગાવા ચિત્ત રમઈ; દુખ દુરગતિ તે નહી ભમઈ, સદ્‌ગુરુ સેવંતા રોગ સમઈ...૧૪

ઈય અંચલ ગણહર સંઘ વિજયકર, ભગતિ ભાવઈ મઈ થુણીઈ; ખંભનયર મઝાર મતિ અણુસારઈ, ગુરુ મુખિય તસઈ બહુ સુણીઈ..૧૫

ઈતિ મેરુતુંગસૂરિં વીનતીઃ ॥ ઈતિશ્રી ॥ 20

(પ્રત – શ્રી અનંતનાથ જિનાલય ગ્રંથભંડાર મુંબઈ)

(૭) શ્રી મેરુતુંગસૂરિ ગુરુ છંદાસિ ભાવાર્થ – ૧

શાસ્ત્રોના આડંબર વડે શોભનાર, અત્યંત વિલસતા એવા ધર્મની પ્રભા વડે શોભતા એવા જેમના વડે સમરાંગણને વિષે જગતના જીવોને માટે કાંટા સમાન એવો કામદેવરૂપી ભટ જીતાયો છે તથા મોટા વાદીન્દ્રો વડે વંદ્ય તે શ્રીમાન્ શ્રી મેરુતુંગગુરુ પૃથ્વીતલને વિશે ચિરકાલ સુધી વિજય પામો.

અંચલગચ્છીરૂપી સરોવરને વિષે હંસ સમાન, સકલ મુનીશ્વરોના મસ્તકોને વિષે મુગુટ સમાન નવરસમય વચનના આધારભૂત અને ગુણોને ધારણ કરનારા એવા શ્રી મેરુતુંગ સદ્‌ગુરુને હું સ્તવું છું.

પૃથ્વીરૂપી સુંદરના સારભૂત શૃંગારહાર સમાન, પરમાનંદ વડે સારી રીતે પ્રાપ્ત કરાયેલ છે સંસારનો પાર જેમના વડે એવા, પરબ્રહ્મને વિષે તલ્લીન છે ચિત્ત જેમનું એવા પ્રભુશ્રી મેરુતુંગસૂરિને હું નમું છું.

દેદીપ્યમાન મનોહર ચારિત્રના સમુહરુપ, ત્રણ લોકને વિષે વિલસતી કીર્તિરૂપી ગંગાના તરંગો છે જેમના એવા પ્રભુશ્રી 30
મેરુતુંગસૂરિને હું નમુ છું..

સદા શુદ્ધ સિદ્ધાન્ત રૂપી સરોવરને વિષે ક્રીડા કરનારા, અજ્ઞાનરૂપી અંધકારના સમુહોની લીલાપૂર્વક અવહેલના વડે સુંદર છે ઉન્નત્તિ જેમની, જીભના સારભૂત એવા સારસ્વત ઉલ્લાસો વડે મનોહર એવા પ્રભુ શ્રી મેરુતુંગસૂરિને હું નમુ છું.

મહામોહરૂપી મલ્લને માટે અદ્વિતીય વીરોના પણ વીર, પૃથ્વીના અધીશ્વરો વડે સારી રીતે સ્તવાયેલા, મેરુ સમાન ધીર, કરાયો છે હસ્તતાલ જેના વડે એવા વાદીન્દ્રો રૂપી જંગલનો નાશ કરનારા એવા પ્રભુ શ્રી મેરુતુંગસૂરિગુરુને હું નમુ છું.

સૂર્યના ઉગ્રકિરણોના સમૂહને જિતનારી એવી કાંતિઓ વડે સુંદર, મચકુંદ પુષ્પ અને ચન્દ્રવિકાસ્ત કમલના નિર્મલ કિરણોથી પણ નિર્મલ એવા ગુણો વડે ઉત્તમ મેરુપર્વત સમાન, શમ દમ રૂપી લક્ષ્મીવડે કમલસમાન વિમલ, અને વિશેષ પ્રકારે નાશ કરાયું છે સંસારરૂપી પાંજરૂ જેમના વડે, જિનેશ્વર પરમાત્માના શાસનને વિષે મુગટ સમાન, વિકટ વાદીન્દ્રોને વિશે હસ્તીસમાન શ્રીમાન્ મહેન્દ્રગુરુના પટ્ટધર, સકલસંઘનું કલ્યાણ કરનારા પૃથ્વીને વિશે રંજિત કરાયો છે ચોક (ચારરસ્તા) જેમના દ્વારા એવા હે શ્રી મેરુતુંગસૂરીન્દ્ર ! આપ અતિશય વિજય પામો.

(૭) શ્રી મેરુતુંગસૂરિ ગુરુ છંદાસિ. – ૧

(રાગ : ભલે જિંદગી)

શાસ્ત્રાડંબર શાલિના પ્રવિલ(સલ) સદ્ધર્મ પ્રભાશાલિના; યેનાડસૌ સમરાંગણે સ્મર ભટો જિગ્યે જગત કંટક;
તદ્યુકં પટવાદ સાગર મહા વાદીન્દ્ર વંદ્યશ્વિ રં; સ શ્રીમાન જગતી તલે વિજયતાં શ્રી મેરુતુંગો ગુરુઃ...૧
અંચલગચ્છ સરોવર હંસં, સકલ મુનીશ્વર મૌલિવતંસં; કવયે નવરસ વચનાધારં, મેરુતુંગ સુગુરું ગુણધારં...૨
ધરાસુન્દરી સાર શૃંગારહારં, પરમાનંદ સંલબ્ધ સંસાર પારં; પર બ્રહ્મ સલ્લીન ચેતઃ સરંગં, નમામિ પ્રભુશ્રી ગુરુમેરુતુંગં.૩
લસત ચારુ ચારિત્ર ભારં, પ્રભાવ પ્રભાવ પ્રભાવૈર પારં; ત્રિલોકી લલત્કીર્તિ ગંગા તરંગં, નમામિ પ્રભુશ્રી ગુરું મેરુતુંગં૪
સદા શુદ્ધિ સિદ્ધાન્ત કાસાર કેલિં, તમસ્તો મહેલા વહેલા સુહેલિં; રસાસાર સારસ્વતોલ્લસ ચંગં, નમામિ પ્રભુશ્રી ગુરું મેરુતુંગંપ
મહા મોહ મલ્લેક વીરાધિવીરં, ધરાધીશ્વરૈઃ સંસ્તુતં મેરુ ધીરં; કૃતોત્તાલ વાદીન્દ્ર કાન્તાર ભંગં નમામિ પ્રભુશ્રી ગુરું મેરુતુંગંદ
તરણિ તરુણતર કિરણ નિકર જિત્વરરુચિ સુન્દર; કુંદ કુમુદ વિશદાંશુ વિશદ ગુણતુંગિમ મન્દર;
શમ દમ કમલા કમલ વિમલ વિદલિત ભવ પંજર; જિનપતિ શાસન મુકુટ વિકટ વાદીન્દ્ર મત્તકુંજર;
શ્રીમાન્ મહેન્દ્ર ગુરુ પટ્ટધર સકલ સંઘ કલ્યાણકર; શ્રી મેરુતુંગસૂરીન્દ્ર વર જય જય ભુવિ રંજિત ચત્વાર...૭

ઇતિશ્રી ગુરુ છંદાંસી છ.

(પ્રત : શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ)

(૮) ગચ્છેશ શ્રી મેરુતુંગસૂરિ ગુરુ છંદાસિ ભાવાર્થ – ૨

મુનિરૂપી ભ્રમરોવડે સેવિત છે ચરણકમલ જેમના એવા, કરોડો કવિઓ વડે વર્ણન કરાયેલો છે ગુણ સમુહ જેમનો એવા, ગચ્છનાયક નિર્મલ ગુરુરાજ શ્રી મેરુતુંગ સૂરિને હું સ્તવુ છું...

પૂજવા યોગ્ય પુરુષોદ્વારા પણ પૂજ્ય સમરસનાં ગૃહસમાન સુંદર છે શરીર જેમનું એવા .....ઈન્દ્ર મહારાજા જેવી કાંતિ છે દેહને વિશે જેમને એવા.... ઇન્દ્રિયોના વિશે સંદેહ વગરના અન્ય દર્શનીઓ વડે અજેય ત્રિભુવન છે ગૃહ જેમનું એવા, મહિમા વડે માપવા, યોગ્ય ધીર પુરુષોને વિશે શ્રેષ્ઠ,.....પ્રખ્યાત છે શિષ્યો જેમના એવા પૂ. મેરુતુંગ સૂરીન્દ્રની હું સ્તવના કરું છું....

સુવિહિતોના અલંકારભૂત, ગરિમાના ઘરસ્વરૂપ, હણાયો છે ભયોનો સમૂહ જેમના વડે એવા વિજયના સ્થાન ભૂત, પૃથ્વીતલના હારભૂત સારીરીતે કરાયેલા છે વિચારો જેમના વડે એવા, નિર્મલ છે આચાર જેમનો એવા હૃદયને વિશે દયા યુક્ત કરૂણાના આધાર ભૂત ઉત્તમ ગુણોના આધારભૂત, કામદેવનો નાશ કરેલ છે જેમણે એવા, શાંતિને કરનારા, ધૃતિ અને સમતાના સમૂહભૂત મંગલને કરનારા, એવાશ્રી મેરુતુંગ સૂરીન્દ્ર ગુરુને તું ભજ.

સંસારરૂપી સમુદ્રને વિશે તીરને પામેલા એવા સોભાગી છે શરીર જેમનો એવા, કલહ (કલિકાલ)રૂપી પૃથ્વીને વિશે હળ સમાન, વિશેષ પ્રકારે ગયેલ છે હર્ષ જેમાંથી એવા, શ્રુતજ્ઞાન રૂપી વેલડીને વિશે નીર સમાન, પ્રખ્યાત છે ગાંભીર્ય જેમનું એવા વિસ્તૃત છે હર્ષ જેમનું, એવા ધૈર્યવાળા, વિધિપક્ષ ગચ્છ વડે રંજિત એવા... જિતાયેલો છે મદરૂપી વીર જેમના વડે, દુઃખને હરણ કરનાર, આનંદિત કરાયેલા છે શ્વેતાંબર શ્રમણો જેમના વડે એવા, સાગર સમાન ધીર એવા પૂ. મેરુતુંગસૂરીન્દ્ર ગુરુને હું સેવું છું...

ઈન્દ્રિયોનું દમન કરવામાં શૂરવીર, જિતાયેલ છે કર્પૂર જેમના વડે એવા ભવ્ય જન રૂપી કમલને વિકસિત કરવા માટે સૂર્ય સમાન, ત્રિભુવન રૂપી નગરને ઉત્તમ યશ વડે પૂર્ણ કરવા જયવંત, છેદાયેલા છે મોહરૂપી અંકુશ જેમના વડે એવા, શાંત કરેલ છે ક્રૂર જીવોને જેમણે, ગંગાજળ સમાન ઉજ્વળ, બુદ્ધિવડે કરીને દેવોના ગુરુ બૃહસ્પતિ સમાન એવા શ્રી મેરુતુંગસૂરીન્દ્ર ગુરુને હું નમું છું.

વિદ્યાના અમોદ પ્રમોદ રૂપી મનોહર ધનવાળા, સજ્જનોને આનંદ પમાડનાર, યશ વડે જિતાયેલ છે ગંગાજલ જેમના વડે, કલ્યાણરૂપી વૃક્ષના નંદનવન સમાન પૃથ્વીતલને વિશે રાજાઓ વડે વર્ણન કરવા યોગ્ય ગુણો જેમના એવા ઉત્તમ મહિમાના મંદિર, સમસ્ત આગમના ભારને સારી રીતે ધારણ કરનારાં શ્રેષ્ઠ સંયમના મંદિર સમાન, સુવિહિતોના મસ્તકને વિશે મુગટ સમાન એવા, મુનિવરોના ધર્મસ્થાન ભૂત શ્રી મહેન્દ્રગુરુના પટ્ટધર એવા હે મેરુતુંગ સૂરીન્દ્ર ! આપ જય પામો.

(૮) ગચ્છેશ શ્રી મેરુતુંગસૂરિ ગુરુ છંદાસિ – ૨

(રાગ : જનગણમન અધિનાયક)

મુનિ મધુકર સેવિત પદ–કમલં, મેરુતુંગ ગુરુરાજ વિમલં; કવિ કોટિ વર્ણિત–ગુણ નિવહં, કવયે શ્રી ગચ્છેશં તમહમ્...૧

મહનીય મહેયં સમરસ ગેહં, સુચિર મહેયં ગુણ હૃદયે; દ્યુપતિ દ્યુતિ દેહં જિન શિવદેહં, નિઃસંદેહ કરણ જયે;
પરમતિ ભિરજેયં ત્રિભુવન ગેહં, મહિમા મેયં ધીરવરં; ભાવેન મહેયં પ્રથિત વિનેયં, મેરુતુંગ સૂરીન્દ્ર ગુરું...૨

સુવિહિત શૃંગારં ગરિમાગારં, હત ભય ભારંજય નિલયં; ભૂમિતલહારં સુકૃત વિચારં, વિમલાચારં હૃદિ સદયં; 10
ભજ કરુણાધારં સુગુણાધારં, ખંડિતમારં શાન્તિકરં; ધૃતિ સમતા સંભારં મંગલકારં, મેરુતુંગ સૂરીન્દ્ર ગુરુમ્...૩

ભવજલ ગત તીરં સુભગ શરીરં કલિ ભુવિ સીરં વિગતમુદં; શ્રુત વલ્લી નીરં પ્રથિત ગંભીરં, સેવે ધીરં વિતત મુદં;
વિધિગણ કોટિ રંજિત મત હીરં, જિત મદ વીરં દુઃખહરં; મોદિત સિત ચીરં સાગરધીરં, મેરુતુંગ સૂરીન્દ્ર ગુરુમ....૪

ઈન્દ્રિયદમ સૂરં નિપુણાસૂરં, જિત કપૂરં જનયન્તં; ભવ્યાં બુજ સરં ત્રિભુવન પૂરં, સુયશઃ પૂરં જયવન્તં;
ચ્છિત મોહાંકૂરં શમિત ક્રૂરં, સુમહ સ્થૂરં ગણધારં; ગંગાજલ ગૌરં અતિ સુર સૂરિં, મેરુતુંગ સૂરીન્દ્ર ગુરું...૫

વિદ્યા મોદ–વિનોદ ચારુ ધન સજ્જન–રંજન, યશસા નિર્જિત ગંગા સલિલ શુભ પાદપ નન્દન;
જગતી તલ નરનાથ વર્ણ્ય ગુણ સુમહિમ મંદિર; નિખિલાગમ સંભાર સધર પર સંયમ મંદિર;
સુવિહિત સિરસિશેખર મુનિવર ધર્મ્મલય; શ્રીમહેન્દ્રગુરુ પટ્ટધર મેરુતુંગસૂરીન્દ્ર જય...૬

ઈતિ નવીનાનિ શ્રી ગચ્છેશ ગુરુ છંદાસિ.

(પ્રતઃ શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યા મંદિર,અમદાવાદ) 20

(૯) શ્રી મેરુતુંગસૂરિ ગુરુ છંદાસી ભાવાર્થ – ૩

કવિઓના વૃન્દ સ્વરૂપ કોકીલ ક્રીડા ને વિષે આમ્રસમાન, મેરુ સમાન ઉન્નત, સદ્‌ગુરુઓના રાજા, કવિને માટે નિરૂપમ, મહિમાવડે વિશાલ, શોભિત છે ગુણમાલાઓ જેમની એવા, ભુવનને વિશે રત્ન સમાન, કલ્યાણરૂપી વૃક્ષના ક્યારા સમાન, ધ્રુજાવાયો છે કલિયુગ જેમના વડે એવા, ધારણકરાયેલ છે વિજયમાલા જેમના વડે એવા, કવિઓ છે હર્ષિત જેમના વડે એવા, છેદાયેલ છે કલહરૂપી સેવાલ જેમના વડે એવા, આચાર્યોને વિશે તમાલવૃક્ષ સમાન, કાપી નખાયેલ છે સંસારરૂપી જાળ જેમના વડે એવા, સૌથી શ્રેષ્ઠ, પ્રતિબોધિત કરાયેલ છે પંડિતોની શ્રેણિઓ જેમના વડે એવા તથા ઉત્તમ છે પ્રજ્ઞા જેમની એવા, મેરુતુંગ સૂરીન્દ્ર ગુરુને હું સ્તવું છું.

દરેકનું પાલન કરનાર, નમાયેલું છે... જેમને એવા, દલન કરાયેલા છે. જેમને એવા, ગચ્છના નાયક, જિનવચનો રસાલ છે જેમના એવા, છેદાયેલ છે દુર્જનોની શ્રેણિ જેમના વડે એવા, સુકૃતના થાળ સમાન, નિર્મલ નાયક, હણાયેલ છે પાપોરૂપી શ્વાપદો જેમના વડે એવા, તેજસ્વી છે લલાટ જેમનો એવા રંજિત છે... જેમના વડે એવા, ધીર પુરુષોને વિશે શ્રેષ્ઠ, ખંડિત કરેલ છે રતિ રૂપી 30
કાદવને જેમણે. પૂ. શ્રી મેરુતુંગ સૂરીન્દ્ર ગુરુને બાલક વિગેરે સર્વે તમે નમસ્કાર કરો.

મુકી દેવાઈ છે સંસારરૂપી જંજાળ જેમના વડે એવા, વજ્ર જેવા.... દલન કરાયેલ છે અજ્ઞાનરૂપી અંધકાર જેમના વડે એવા, દુશ્મનોરૂપી હાથીને વિશે સિંહરૂપી યમરાજ સમાન, વ્યથિત છે દુષ્ટ સર્પ જેમના વડે એવા જગતને વિશે દયાલુ એવા મેરુતુંગ સૂરીન્દ્રગુરુને હું વંદન કરું છું.

આનંદિત છે શ્રદ્ધાળુઓ જેમના વડે એવા, લાંબાકાળથી.... વિરતિમાં રમનારા, કલ્યાણને કરનારા, કલ્યાણ માર્ગને વિશે (જવામાં) હરણતુલ્ય શ્રુતને વિશે રાજહંસ સમાન, કલ્યાણોના સમૂહ ભૂત, સફલ છે આગમી કાલ જેમનો એવા કૃપાળુ એવા પૂ. શ્રી મેરુતુંગસૂરીન્દ્રને તમે નમસ્કાર કરો.

શ્રેષ્ઠ મુનિઓના સમૂહ વડે કરીને, મારવાડ ભૂમિમાં નંદનવન સમાન જગતને આનંદ આપનાર, ઉત્તમગુણોરૂપી ઉત્તમ ફળ શોને ધારણ કરનાર સંપૂર્ણ મુખ છે જેમનો એવા પોતાની કાંતિ વડે છેતરાયેલ છે શંકર–વિષ્ણુ–બ્રહ્મા જેમના વડે એવા, કામદેવના મદરૂપી ઉદ્‌ભટ અને વિકટ હસ્તીને મારી નાંખવામાં સિંહ સમાન, ગચ્છાધિરાજ, ઉત્તમ રાજાઓ વડે નમસ્કાર કરાયેલા જિનમત રૂપી સરોવર, ઉત્તમ ધર્મને વિશે ચન્દ્ર સમાન નિશ્ચલ કીર્તિના સમુહભૂત એવા હે શ્રી મેરુતુંગ સૂરીન્દ્ર તમો જય પામો.

(૯) શ્રીમેરુતુંગસૂરિ ગુરુ છંદાસિ કર્તા : ધર્મચન્દ્ર – 3

(રાગ : તુમે ભાવો ભાવો ભાવો રે)

કવિકુલ કોકિલ કેલિ રસાલં, સુલલિત ધન સજ્જન સુરસાલં; મેરુતુંગ સદ્‌ગુરુ ભૂપાલં, કવયે નિરુપમ મહિમ વિશાલં....૧
શાલિત ગુણમાલંઘન સુકુમાલં, નિર્મ્મલ ભાલં ભુવનરત્નં; શુભ વૃક્ષાવાલં દ્યુત કલિકાલં, ધૃત જયમાલં કવિ મુદિતં;
છિત કલિ સેવાલં સૂરિ તમાલં, દિત ભવજ્વાલં સૌમ્ય પરં; બોધિત બુધમાલં સુપ્રજ્ઞાલ, મેરુતુંગસૂરીન્દ્ર ગુરું...૨
10 આબાલ નૃપાલં પ્રણતમમાલં, દલિત સજ્વાલં ગચ્છવિભું; જિનવચન રસાલં દિત ખલ હાલં, સુકૃત સ્થાલં વિશદવિભું;
હત દુરિત વ્યાલં ભાસુર ભાલં, રંજિતમાલં ધીરવરં; ક્ષતરતિ જમ્બાલં નમતા બાલં, મેરુતુંગસૂરીન્દ્ર ગુરું...૩
મુક્ત્વા ભવ જ્વાલં વજ્ર વિશાલં, ભુવિ સમકાલં ગરિમરમા; વલ્લી ધનકાલ દમકરવાલં, કૃતમદ જ્વાલં દલિત તમં;
પરકરિ હરિકાલં વ્યથિત વ્યાલં, ભાવેનાલં વિહિત મહં; વન્દે હૃદયાલં જગતિ દયાલં, મેરુતુંગસૂરીન્દ્ર ગુરું...૪
મુદિત શ્રદ્ધાલં મહદુત્તાલં,ચિર મનરાલં કમલકરં; ગત ભવ પતયાલુ મુનિમા બાલં, વિરતિશયાલુ કુશલકરં;
શિવપથિ જંઘાલં શ્રુતમરાલં શુભ નિકરં; સફલોત્તર કાલં નમત કૃપાલં, મેરુતુંગસૂરીન્દ્રગુરું....૫
ગુરુતર મુનિવર નિકરનાથેન, મરુ નંદન કાનન; જગદાનંદક સુગુણ સુકલશ ધર સકલાનન;
જિન રુચિ વંચિત ચન્દ્રચૂડ કેશવ ચતુરાનન; મદન મદોદ્‌ભટ વિકટ કરિ વિપાટન પંચાનન;
ગચ્છાધિરાજ વર રાજનત, જિનમતસર નિજદિઠ સફર; શ્રી મેરુતુંગસૂરીન્દ્ર વર, ધર્મચંદ્ર કિલ કીર્તિભર...૬

ઇતિ ગુરુ છંદાંસિ.

20 **(પ્રતઃશ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ)**

(૧૦) શ્રી મુનિશેખરસૂરિ ગુરુ છંદાંસિ ભાવાર્થ

શ્રી આદીશ્વર જિનેશ્વરને નમસ્કાર કરીને પોતાના જન્મને ખેરખર સફળ માનીને ભવીજીવો રૂપી ક્રીડાવનને વિષે હંસ સમાન સૂરિઓમાં મુગટ સમાન એવા શ્રી મુનિશેખરસૂરિને સ્તવું છું.

સૂરિઓમાં મુગટસમાન, વિશિષ્ટ ગુણોવડે કરીને હંસ સમાન, મુક્તિરૂપી રમણીની સાથે રમવાની ઈચ્છાવાળા બુદ્ધિઓના ગુરુ કીર્તિનો વિલાસ છે જેને વિશે એવા, અતિશય શુદ્ધ કરાયેલો છે પાપોનો ત્રાસ જેમના વડે એવા, મહિમા વડે વ્યાસમુનિ સમાન અથાવ (મહિમા વડે વ્યાપ્ત, વિસ્તૃત મહિમાવાળા) પરમતનો નાશ છે જેમના વડે એવા, અતિશય સફલ વિસ્તારેલ છે સત્કાર્યનો ઉલ્લાસ, જેમણે એવા, મનોહર છે કાન્તિ જેમની એવા શ્રી મુનિશેખર ગુરુને હું સ્તવું છું.

આનંદિત કરાયેલ છે લાખોમાણસો જેમના વડે એવા, શિક્ષિતોને વિશે ચતુર, આશ્રય કરાયેલો છે વિધિપક્ષ (ગચ્છ) જેમના વડે એવા, મુનિઓ વડે પૂજાએલ, હણાયેલ છે ભાવશત્રુઓ જેમના વડે એવા, અનુપમ શિક્ષા છે જેમની એવા, આઠ મદથી રહિત...કીર્તિ
30 વડે વિલક્ષ કરાયેલી છે માણસોની રક્ષા જેમના વડે એવા નાશ પામેલા છે શત્રુ જેમના એવા, આચાર્યોને વિશે મુખ્ય નિર્મલ છે પક્ષ જેમનો એવા પૂ. શ્રી મુનિશેખરસૂરિ ગુરુને હું સ્તવું છું.

જીવોનું હિત કરવા વડે ક્ષીરસમુદ્રને જીતી લેનારા, સમુદ્ર સમાન ગંભીર, સંસારરૂપી દાવાનલને વિશે નીર સમાન, વિદ્વાનો વડે નમસ્કાર કરાયેલ, ખંડિત કરાયો છે કામદેવરૂપી વીર જેમના વડે એવા, હર્ષપમાડાયેલા છે ધીરપુરુષો જેમના વડે એવા, નિર્મલ છે મત જેમનો અને (મોક્ષ) કલ્યાણ સાધનાને વિશે ધીર, શ્રુતના પારને પામેલા સફળ છે દેહ જેમનો એવા, પાપને હરનારા માયારૂપી વાદળને માટે પવન સમાન, કવિઓમાં શ્રેષ્ઠ એવા, શ્રી મુનિશેખરસૂરિ ગુરુને હું સ્તવું છું.

તજ્યો છે સંસાર જેમના વડે એવા, અપરંપાર છે સાર જેમના વિશે એવા, ધારણ કરાયેલો છે (ઈન્દ્રિય) દમનનો ભાર જેમના વડે એવા, સુકૃતના ભંડાર, પોતાના શાસ્ત્રોના ભંડાર, અન્ય સિદ્ધાંતોના (પણ) ભંડાર, (સ્વ.પર સમયજ્ઞ) નાશ કરાયો છે વિકાર જેમના વડે એવા, નાશ કરાયો છે ભય જેમના વડે એવા, નવીન કલ્પવૃક્ષ સમાન, વિકાર રહિત, પૃથ્વીને વિશે ગણધર (ગચ્છનાયક) શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ. સકલ છે આકારો જેમને વિશે એવા, પૂ. શ્રી મુનિશેખરસૂરિ ગુરુને વારંવાર નમસ્કાર કર.

ક્ષીર સમુદ્રને વિષે શંકર તુલ્ય, ચન્દ્રજેવા ઉજ્જ્વલ, સંચરતા એવા ચન્દ્રજેવી વિશિષ્ટ છે મુદ્રા જેમની એવા, કીર્તિવડે વ્યાપ્ત થયેલ છે પૃથ્વીમંડલ જેમના વડે એવા,ધર્મના ધનકુબેર..સુંદર અને શ્રેષ્ઠ એવા વિધિપક્ષને વિશે મુગટ સમાન, ઉત્તમ છે મતિ જેમની એવા સાધુઓને વિશે ઈન્દ્રસમાન, લાખોમુનિઓના મુખ્યપણાને ધારણ કરનારા ગણધર સમાન મનોહર, પ્રાપ્ત કરેલ છે વિજય જેમણે એવા, ભવ્ય એવા સેવક વડે સેવવા યોગ્ય સેવક છે સફળ જેમના એવા, હે મુનિશેખર સૂરીન્દ્ર તમે જયવંતા વર્તો.

(૧૦) શ્રીમુનિશેખરસૂરિ ગુરુ છંદાસિ

(રાગ : જનગણમન)

શ્રી આદીશ્વર જિનમભિનમ્ય જન્મ નિજં સફલં કિલ મત્વા; કવયે ભવિક કેલિવન હંસં, શ્રી મુનિશેખરસૂરિ વતંસમ્...૧

સૂરીશવતંસં વિગુણિત હંસં, મુક્તિરિરંસં બુદ્ધિ ગુરુમ્; કીર્તિ વિલાસં વિદ્યાવાસં, બહુગુણ વાસં શુદ્ધતરમ્; કૃત દુરિત ત્રાસં મહિમ વ્યાસં, પરમત તાસં સકલતરમ્; તત સુકૃતોલ્લાસં મંજુલ ભાષં, શ્રી મુનિશેખરસૂરિ ગુરુમ્...૨

રંજિત જનલક્ષં શિક્ષિત દક્ષં, શ્રિતવિધિપક્ષં મુનિ મહિતં; હત ભાવ વિપક્ષં નિરુપમ શિક્ષ, મોહ – મદ રહિતમ્; 10
હત સમર સસક્ષં કીર્તિ વલક્ષં વૃત્ત જનરક્ષં વિગતપરં; સૂરીશ્વર મુખ્ય નિર્મલ પક્ષશ્રી મુનિશેખરસૂરિ ગુરુમ્...૩

હિત વિજિત ક્ષીરં જલધિ ગંભીરં, ભવદવ નીરં નિપુણ નતં; ક્ષત મન્મથ વીરં મોદિત ધીરં, વન્દે ધીરં વિમલમતમ્ શિવ સાધન ધીરં શ્રુત ગત તીરં સફલ શરીરં પાપહરં; માયાભ્ર સમીરં કવિ કોટીરં, શ્રી મુનિશેખરસૂરિ ગુરુમ્...૪

પરિહૃત સંસાર નિરવધિ સારં, ધૃત દમ ભારં સુકૃત નિધિમ્; સ્વસમયાગારં પરમતગારં, ધ્વસ્ત વિકારં દલિત દરમ્; સુરકારસ્કારં નવમવિકારં, ભુવિ ગણધારં પરમ પરમ્; નમ વારંવારં સકલાકારં, શ્રી મુનિશેખર સૂરિ ગુરુમ્...૫

ધીર ક્ષીર સમુદ્ર ચન્દ્રશેખર, ચન્દ્રોજ્વલ ચંચરચન્દ્ર વિમુદ્ર; કીર્તિ કલિતાવનિ મંડલ ધર્મ, ધનેશ્વર ચન્દ્રસ્યાર સૂરીશ્વર; સુંદર વર વિધિપક્ષ વતંસ, સાધુમતિ સાધુ પુરન્દર; મુનિ લક્ષ મુખ્યત્વ ધર ગણધર, બન્ધુર લબ્ધ જય;
ભવ્ય સેવક સેવ્ય સેવક સફલ મુનિશેખરસૂરીન્દ્ર જય...૬

ઈતિ શ્રી ગુરુ છંદાસિ.

(પ્રત : શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ) 20

(૧૧) શ્રી જયશેખરસૂરિ ફાગ ભાવાર્થ

ફાગ કે ફાગુસંજ્ઞાવાળા કાવ્યો થોડીક નોંધ માગી લે છે. આ પ્રકારનાં કાવ્યોમા વસંતઋતુના ઉત્સવ તેમજ વિહાર સંબંધિત શૃંગારપ્રધાન વર્ણન હોય છે. મધ્ય કાલીન ગુજરાતી વાઙ્મયમયનો આ એક વિશિષ્ટ પ્રકાર છે, જેમા છંદ વૈવિધ્ય, ઝડઝમક એટલે કે સ્વર–વ્યંજનોના આવર્તનવાળીમાંડણી–અનુપ્રાસ તેમજ અલંકારો પ્રચુર વર્ણન ભરપૂર હોય છે. ભગવાન નેમિનાથ કે જંબૂસ્વામી જેવા પૌરાણીક પાત્રોને અનુલક્ષીને ઉદ્દીપક શૃંગાર રસનું વર્ણન કરતી આવી ઘણી કૃતિઓ ઉપલબ્ધ થાય છે. પછી પ્રભાવક આચાર્યોનો તેમાં સમાવેશ થતો ગયો. ફાગુ કાવ્યનો અંત હંમેશા શીલ અને સાત્વિકતાના વિજયમા અને વિષયભોગના ત્યાગમાં જ આવે છે. જૈન કવિઓએ લખેલી પ્રેમકથાઓ કે શૃંગાર કાવ્યોનો અંત આવા પ્રકારનો હોય છે. ફાગ કાવ્યો વિશેષતઃ ચૈત્ર માસમા ગવાતા હોય એમ અનુમાન થાય છે.

કવિએ વિમલાચલમંડન શ્રી આદિજિણંદને વંદના કરી પ્રસ્તુત ફાગનો પ્રારંભ કર્યો છે રૂપનુ સૌભાગ્ય જેને પ્રાપ્ત થયુ છે એવા જયશેખરસૂરિનુ નામ રૂપી મંત્ર સ્મરતાં જ સર્વ પાપ દૂર જાય છે. સમસ્ત જ્ઞાન ગુરુના હૃદયમા નિવાસ કરે છે. જે જીભ્રા દ્વારા કલ્લોલ થાય છે– પ્રગટ થાય છે. સ્વયં દેવી ભારતીને એમણે પ્રત્યક્ષ કરી છે, જેનુ અહી વર્ણન કરીશું. આગમ લક્ષણ, છંદ, અલંકાર, મૂળ ગ્રંથો એટલે કે આગમ 30
ગ્રંથો, છ છેદ ગ્રંથો કર્મગ્રંથ આદિ જયશેખરસૂરિની જીભને ટેરવે છે. નિદ્રામાં બોલતા હોય એવી સરળતાથી એ બધાનું ઉચ્ચારણ કરે છે. ગમે તેવા ગૂઢ પ્રશ્નો એઓનો કૌશલ્યપૂર્વક ઉત્તર વાળે છે, જેનું કવિત્ત અહી કરીશું. પ્રણવ બીજની જેમ એમણે 'જૈનકુમાર સંભવ' મહાકાવ્ય રચ્યું. ફાગમાં એનુ સૂચન 'ભરત સંભવતણું મૂલો' દ્વારા કવિએ કર્યુ છે. ૧૨૨૬ શ્લોક પરિમાણનું આ સંસ્કૃત મહાકાવ્ય ૧૧ સર્ગમાં જયશેખરસૂરિએ વિ. સં. ૧૪૬૨ પહેલાં રચ્યું છે. મહાકવિ કાલીદાસે ભગવાન શંકરના જીવન વિષયક 'કુમાર સંભવ' મહાકાવ્ય રચ્યું છે. તેના અનુસરણ રૂપે જયશેખરસૂરિએ ભગવાન ઋષભદેવ પ્રભુનુ ભરતકુમાર જન્મ પર્યંતની ઘટનાને વર્ણવતુ કાવ્ય રચી તેને 'જૈનકુમાર સંભવ' નામ આપ્યુ. ભગવાન ઋષભદેવની પસાયથી ગુરુએ કાવ્યો રૂપે અનેક સ્તુતિઓ રચી એમની સ–રસ કોમળ જીભમાં સરસ્વતી દેવીનો નિવાસ હોય તેમ ક્ષણે ક્ષણે નવા નવા છંદોમાં કવિત પ્રગટ થતાં રહેતા.

જયશેખરસૂરિએ બાર હજાર શ્લોક પરિમાણનો "ઉપદેશ ચિંતામણિ" નામે ગ્રંથ લખ્યો. આ ગ્રંથને આગમ ગ્રંથની ઉપમા આપી શકાય એમ જ્ઞાનીઓનુ માનવુ છે. વિ. સં. ૧૪૩૬માં આ સંસ્કૃત પદ્યકૃતિ ૫૪૦ ગાથાઓમાં ગુરુએ નૃસમુદ્ર નામના નગરમાં રહીને રચી. આ નગરને પાટણ તરીકે ઓળખાવવામાં આવે છે. કેમ કે, નર સમુદ્ર જેવી તેમા વસતી હતી. 40

જયશેખરસૂરિએ 'પ્રબોધ ચિંતામણિ' ગ્રંથ વિ. સં. ૧૪૬૨મા સંસ્કૃત પદ્યમા રચ્યો જેનું પરિમાણ ૨૦૦૦ શ્લોકનુ છે અને તેના સાત અધિકાર છે. આ ઉપદેશાત્મક ગ્રંથની રચના ખંભાતમા થઈ. આ ગ્રંથની લોકપ્રિયતાથી પ્રેરાઈને એમણે એ કૃતિનું ગુજરાતીમાં રૂપાંતર કર્યુ. ફાગમાં 'પ્રબોધચિંતામણી 'ગ્રંથનો સીધો ઉલ્લેખ નથી પણ તેનું સૂચન આ પ્રમાણે થયું છે. ત્રિભુવન દીપક અંતરંગ પ્રાકૃત સંસ્કૃત.' તેમાં 'સંસ્કૃત' શબ્દ દ્વારા એ ગ્રંથ સૂચિત થયેલ છે.

અહી પ્રાકૃત શબ્દ જૂની ગુજરાતી ભાષાનો પર્યાયવાચક છે. નરસિંહ મહેતાને ગુજરાતી ભાષાના આદ્ય કવિ કહેવામાં આવે છે. કિન્તુ તેમનાથી સૈકા પહેલાં જયશેખરસૂરિએ ગુજરાતી ભાષાના અણમોલ ગ્રંથની રચના કરી છે, જે એમને ગુજરાતી ભાષાના આદિ કવિ તરીકે ગૌરવ આપવા માટે પર્યાપ્ત છે. આની સપ્રમાણ વિચારણા 'અંચલગચ્છ દિગ્દર્શન'માં વિસ્તારથી થઈ છે.

ફાગ નાયકે વિ. સં. ૧૪૬૨માં ૩૫૦૦ શ્લોક પરિમાણમા 'ધમ્મિલ ચરિત્ર' નામક સંસ્કૃત પદકૃતિ ચાર ભાગમા લખી કવિએ એ ગ્રંથમાં સૂચવ્યું છે કે આ કૃતિ ગુર્જરદેશમાં રહીને રચાઈ છે. વિશેષમા એમણે પોતાની અન્ય કૃતિઓનાં નામ આ પ્રમાણે આપ્યા છે : પ્રબોધચિંતામણી, ઉપદેશ ચિંતામણી, જૈન કુમારસંભવ, જેની રચના વિ.સં. ૧૪૬૨ પહેલાં થઈ. બાકીની કૃતિઓ ત્યાર બાદ રચાઈ હશે એમ સહેજે અનુમાન થાય છે. ફાગકર્તાએ 'ધમ્મિલવૃત્ત' નામ આપ્યું છે અને એ કૃતિને ચાર સહસ્ર શ્લોક પરિમાણની કહી છે. કવિઓના ગર્વને ચૂર કરવા માટે જયશેખરસૂરિ કેસરીસિંહ સમાન હતા. વ્યાખ્યાનમા એમની અમૃત જેવી વાણીથી ભવિજનોના મન મોહ પામતા હતાં.

ઉપર મુજબના વર્ણન બાદ હવે ફાગનો ખરો પ્રારંભ થાય છે. વસંતમાસમા મનને ભેદવા ઋતુપતિ રાઉ આવી પહોંચે છે. દક્ષિણ દિશામા વાયુ વાતા વનરાજી સોળે કળાએ ખીલી ઊઠે છે. ચંપો, કમળ, કુંદ, મચકુંદ, જાઈ, જૂઈ, સેવંત્રી, વગેરે પુષ્પો હસી પડે છે. ઋતુપતિ રાઉ કુસુમ બાણ લઈ આગળ વધે છે. એ પછીનુ વર્ણન ઘણુ શૃગાંર પ્રચુર છે. તેની ઉદ્દીપકતાનો ખ્યાલ મૂળ કૃતિ વાંચવાથી જ મળી શકે તેમ છે, જે ફાગુ કાવ્યની વિશેષતા છે.

કામદેવના કુસુમબાણોની વ્યાપક અસર થવા છતાં પૃથ્વી પટમા જયશેખરસૂરિ જેવા એક વીર હતા, જેના પર તેની કોઈ અસર ન થઈ. સાકર જેવા મધુર વચનોથી એમણે સૌના મન જીતી લીધા હતા. તેથી ગુરુની બિરુદાવલી સૌ બોલતા હતા. એ ગણધરના ગુણ ગાવાની મોઢાને રુચિ થાય છે, કિન્તુ સાગર જેટલા ગુણ સમૂહનુ વર્ણન કરતાં જીભને પાર આવે તેમ નથી. કૌતુક એ જોવા મળ્યુ કે નિઃશસ્ત્ર એવા જયશેખરસૂરિના ભયથી પંચબાણ જેણે ધારણ કર્યુ છે એ કંદર્પ નાસી ગયો. યુદ્ધમા સૂરિનો વિજય થયો. એ પછી કવિએ ફાગનાયકના સદ્‌ગુણોનું કાવ્યમય વર્ણન કર્યુ છે.

એવા જયશેખરસૂરિ જેવા ગુરુથી અંચલગચ્છ શોભાયમાન છે. સિંધુ, સવાલાખ માળવા, ગુજરાત, સોરઠ, મરુ મંડન વિગેરે પ્રમુખ દેશોમાં ગુરુએ વિહાર કર્યો. ગગનમાં જેમ નક્ષત્ર પ્રકાશે છે, રવિ–શશિ દીપે છે, તેમ ગુરુ મહી તળે ચતુર્વિધ સંઘમા પ્રતપ્યા. જયશેખરસૂરિના ગુણોનું ફાગબંધ જે વાંચશે–ગાશે સાંભળશે તેને સંપદા પ્રાપ્ત થશે.

(૧૧) શ્રીજયશેખરસૂરિ ફાગ

કર્તા : અજ્ઞાત શિષ્ય રચના : વિક્રમનો ૧૫મો સૈકો

ભાસ (રાગ : તવ ચટિયો ઘણમાણગજે...)

વિમલાચલ સિરિ મંડણુ એ, સ્વામીય આદિ જિણંદો; તેહ પ્રણમિય ગુરુ ગાઈસ્યું એ, હિયડઈ ધરી આણંદો...૧

અહે રૂપ સોભાગિ હિ આગલા એ જયશેખર સૂરિ; નામ મંત્ર ત્તિહ સમરતા એ, પાતગ જાઇ દૂરિ...૨

સારસ્વત પૂરું હિયએ, જીહ કરઈ કલ્લોલો; પ્રતિક્ષિ દેવી ભારત્તી એ, ત્તીહ માડઈ રોલો...૩

આગમ લક્ષણ છંદ, સવે જાણઈ અલંકાર; મૂલ ગ્રંથ છ છેદ ગ્રંથ, કર્મ ગ્રંથ વિચાર; નિદ્રઈ પઉઢિયા ઇમ ભઈએ, પ્રભુ કાંઈ ન ચિંતો; ઉત્તર દિસિઈ કોસિલા એ, ઈતિ કરું કવીત્તો....૪

પ્રણવ બીજ જિમ અપઈ એ, ભરત સંભવ તણુ મૂલો; તીહ પસાઈ સુહ ગુરિ હિં, કાવિ કીઈ અતિ થૂલો...૫

અહે સરસ કોમલ જીભડી એ, સરસઈ કિય વાસો; તઉ ક્ષણિ ક્ષણિ નવ નવઈ છંદિ, તમ્હિ કવિત્ત અભ્યાસો; ઉપદેશ ચિંતામણી કિઉં એ, બાર સહસ પ્રમાણ; છાજઈ આગમ ઊપમા એ, ઝણહણીયા જાણ...૬

ત્રિભુવન દીપક અંતરંગ, પ્રાકૃત સંસ્કૃત; ચઉ સહસ પ્રમાણ રચિતઉ ધમ્મિલ વૃત્ત; કવિજન ગયઘડ ભાંજિવા એ, કેસરિ જિમ સોહઈ; અમૃતવાણિ વકૃખાણ કરઈ, ભવિયા મન મોહઈ...૭

વસંત મિસિઈ મનિ ભેદિવા એ, પહુતઉ રિતિપતિ રાઉ; વણરાજી વિહસીવે એ, દક્ષિણ વાઈ વાઉ...૮

વિહસીય ચંપક કમલ, કુંદ મચકુંદ સહકારો; જાઈ જૂહી બકુલ બઉલ, સિરિ સેવંત્રિ ઉદારો.
અહે ધસમસતઉ મયણ ઊઠિઉએ, કસિ કુસુમહ બાણ; સઘર સબલ જે ત્રિહ ભૂયણે, તીહ ખંડીય માણ...૯

સુભટ રૂપિ ત્તિણિ આદરિ એ, રમણી રમઝમકંતી; કંઠ નગોદર હાર, હિયઈ ચાલઈ ચમકંત્તી.
કાને ઝલકઈ ઝાલિ, ભલિ સિરિ મુકુટ શૃંગાર; અલિ કુલ કજલ વેણિ, દંડ ચૂડા ભૂજી અલંકાર...૧૦

કણય કંકણ કરિ ખલકતા એ, અંગુલિ રયણ મદ; પાએ નેઉર રણુઝણઈ, કડિ તડિ મેહલ સદ...૧૧

અહે વંકુડલી કિરિ ભમહડીએ, સીગિણિ ઠણકાર; નયણ બાણાવલિ રૂંધતી એ, સુર કિંનર સાર...૧૨

સીમંતઈ સીંદૂર ઘણ ઉ, નયણી કજ્જલ રેહ; કામી જણ મણ મોરડા એ, ઊનઈઓ મેહ;
પહિરિ સીંદૂરીઉ કંચુઉ એ, કસમસતી ફાલી; ઓઢણી નવરંગ ચૂનડી એ, રંગિ નાચઈ બાલી...૧૩

ઇણિ પરિઈ શૃંગાર કરઈ, મદે વિઈ મદ ઘરતી; ચંચલ ચઉપદ સુર નરિંદ, તઉ મન ખોભંત્તી,
અસિજિમ વીડઉ કરિ ધરઈએ, સખિ મુખિ અહર તંબોલ; હંસલડી જિમ ગતિ કરઈ એ, મૃગનયણી મનરોલ...૧૪ 10

ગેલિ ગહીલિ ગોરડી એ, બોલઈ મનિ હસંતી; તા અંગજિત સઘર વીર, જાં અમ્હિ નવિ ભીડંત્તી.
તીંહ વયણ નિસુણેવિ, ભણઈ રત્તિ મોરા નાહ; એહ સરસિં મન ખઉલિ, મયણ મઈ કરિમ અનાહ...૧૫

સીલ સંનાહઅંગિ આરૂહ એ, બ્રહ્મા યુધ ચાલઈ; સંજમ મુહવઈ ગય ત્રુરિયર હસી લંગ પાલઈ.
એ નવિ ભીજઈ હાવિ, ભાવિ નવિ શક્તિઈ; ધીર ન મત્તઈ આણ તઝ મહીયા કાંઈ ખીજઈ...૧૬

પુહવિઈ ગાજઈ એક વીર, સિરી જયશેખરસૂરિ; બિરદાવલી જેહ બોલતઉ એ, ઊપ્પન્નઉ સુર સૂરો,
મધુર વયણ જિણ જીતલીઉ એ, સાકર મુહિ સિલીએ; તે ગણહર ગુણ ગાયત્તાં એ, મૂં ભાવઈ રૂલી એ...૧૭

સાયર જિમ ગુણ ગણ તણઉ, જીહ લાભ મ પારો; જે નિત વંદઈ સુગુરુ ચરણ, તીહ ગમતિ દાતારો...
જોઉ સહી કઉતિગ એ, કવડઉ પ્રમાણ; વિણું હથિયારહ ભાજીઉ એ, નાઠઉ પંચબાણ...૧૮

રણ રંગિઇ જીતા સવે, કોહાદિક વઈરી; ઉપસમ સીંચી બોધિ બીજ, ત્તું મૂકિં પયરી...
આગમ સરોવરિ હંસ જિમ, કેલિ કરઈ નવરંગો; ભવિયણ લોયણ રંજવઈ એ, મુગતિરમણિ સિઉ રંગો...૧૯ 20

અહે મુક્તિ રમલિ સિર મલિ કરઈ, તઉ ગણહર ગાજઈ; શ્રી જયશેખરસૂરિ ગુરિઇ અંચલગચ્છ છાજઈ...
સિંધુ સવાલખ માલવઈ એ, ગૂજરાત વિચારો; સોરઠ મંડલિ મેરુ પમુહ દેસઈ, પ્રભુ કરઈ વિહારો...૨૦

ગયણં ગણિ નક્ષત્ર સિઉં, જાં સસિ રવિ દીપઈ; તાં ચઉવિહ શ્રી સંઘ સિઉં, મહિયલિ પ્રભુ પ્રતપિઇ...
ફાગ બંધિ ગુરુ ગાઈસિઉં, એ જયશેખરસૂરિ; પઢઈ ગુણઈ જે સાંભલઈ એ, તી સંપદ પૂરે...૨૧

ઈતિ શ્રીજયશેખરસૂરિ ફાગ :

સંવત્ ૧૯૬૭ના ભાદરવા વદિ ૨ ને વાર રવિવારને દિવસે શ્રી મુંબઈ મધ્યે મહારાજ શ્રી ગૌમતસાગરજી મહારાજનિ કૃપાથી લખી સમાપ્ત. લેખક : લહિયા સા. મોતિચંદ મુલજી રહેવાસી ગામ શ્રી ગઢડા, તાબે ભાવનગર, દેશ કાઠીયાવાડ . શ્રીઃ છઃ શ્રીઃ ॥

(પ્રત કચ્છ–માંડવીનો અંચલગચ્છનો જ્ઞાનભંડાર)

(૧૨) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદાસિ ભાવાર્થ

પૃથ્વીતલ પર અલંકારરૂપ, વાદીરૂપ હાથીને માટે સિંહ જેવા, દુઃસહ, સર્વ સુકવિઓની જેમના તરફ દ્રષ્ટિ છે એવા શ્રી 30
જયશેખરસૂરિ છે.

સારી રીતે જોવાતા, રોષથી લાલ થયેલા, દારુણ એવા કર્મરૂપી સુભટનો ક્ષય કરનારા, ઉત્તમ ચરણ સિત્તરી અને કરણ સિત્તરીને ધારણ કરવામા મહાન ઋષભ સમાન, દુર્દમ એવા અન્ય દર્શનીઓને પરાજિત કરનારા, અત્યંત વિકટ અને વિશાળ એવા મોહરૂપી સુભટ ઉપર, શાસ્ત્રરૂપી શસ્ત્રને ધારણ કરનારા, પૃથ્વીમંડલના અલંકારરૂપ, ભુજાબળ વડે પરાભવ કરનારા એવા શ્રી જયશેખરસૂરિ છે.

ઉત્કૃષ્ટ સંયમરૂપી શ્રેષ્ઠ ઘોડાની પીઠ ઉપર પ્રતિષ્ઠિત, દુષ્ટ મદનો નાશ કરનારા, આઠ કર્મની ગ્રંથિને ક્ષાંતિરૂપી ખડ્ગ વડે

નિષ્ઠુર અને રુષ્ટ મનવાળા થઈને છેદનારા, સૂર્યનાં કિરણો સમાન તેજસ્વી, શીલરૂપી બખ્તર ધરાવનાર અને નવાં નવાં કિરણોથી દેદીપ્યમાન એવા જયશેખરસૂરિ શત્રુઓને જીતે છે.

પ્રચંડ એવા વિરોધીઓને આગળ શ્રી જયશેખરસૂરિ અનર્ગલ, રોષવાળા ભયથી પાછા ન હઠનાર, મોહરૂપી મહાભય સાથે વિકટ યુદ્ધ કરનાર છે, તો પછી બીજા ક્રોધ અને લોભની તો ગણના શી ? જેમ સૂડી વડે સોપારી સહેલાઈથી કપાય છે તેમ મદનાદિ પણ ધ્રૂજતા ભાગે છે.

શ્રી જયશેખરસૂરીશ્વરજીના પ્રભાવથી શોષિત થઈને મોહ અને ક્રોધરૂપી સુભટો ભાગી ગયા. લોભ પણ મૃત્યુના મુખમાં પેસી ગયો. આ પ્રમાણે માયા અને માનને પાંચ ઇંદ્રિયોના માર્ગથી તેમણે દૂર કર્યા છે. વળી પાંચ પ્રમાદને દૂર કરનાર એવા, પરમગુરુ જેમના યશથી ત્રણ ભુવન વાસિત થઈ ગયા છે તથા શ્રી મહેન્દ્રપ્રભસૂરિના જયંવત શિષ્ય એવા શ્રી જયશેખરસૂરિના ચરણો જય પામો.

સંયમ ઉપર ભાવ ધારણ કરનાર એવા તેમને સુગુરુરાજે બાલપણમા સંયમનો વેશ પોતાના પ્રશસ્ય હાથે આપેલો હતો. દીક્ષા
10 સમયે સુવર્ણકાંતિવાળો તેમનો દેહ હતો. સુગુણી એવા ભવિકજનોના મનને પ્રસન્ન કરનારા, શીલરૂપી બળવાન તલવાર વડે કામદેવના બળનો અનાયાસે નાશ કરનારા, વ્યાકરણ, કાવ્ય, છંદ, આગમ સકલસંઘના પારગામી, અચલગચ્છના ઈશ એવા શ્રી જયશેખરસૂરીશ્વરજી દીર્ઘકાળ સુધી જય પામો !

(૧૨) શ્રીજયશેખરસૂરિ ગુરુ છંદાસિ

(રાગ : તવ ચઢિયો ઘણમાણ ચટે)

તા મહીયલમ્મિ મંડિય પંડિય ગય તુંડ તંડ વારંભં; પંચાણણવ્વ દુસહો જયશેખર સુકવિ જન દિઠો...૧
દિઠ સુદિઠ સુહડ રીસારુણ દારુણ કમ્મક્ખય કરણો; વર ચરણ કરણભર ધરણ સુધોરીય મોરીય દુદ્દમ કુમયગણો;
અઈવિયડ વિસંકડ મોહુ ભડોપ્પરિ સમહરિ ચલ્લઈ સત્થધરો; મહિ મંડલિ–મંડણ રુય અવબ્ભૂય, ભૂયબલિ જયશેહર સુગુરો..૨
ગુરુ સંજમ હયવર પુઠિ પરઠિય દુઠમય હં નિક્કવણો; કમક્કય–ગંઠિ ખંતિ ખગ્ગગ્ગિહિં છિંદઈ નિહુર રુઠમણો;
દિનયરુ કરુ લીલ સીલ સન્નાહિં જરદ જીણ સંજીવ તણો; અદ્દુત્તવ તવ નવ કિરણિં દિપ્પઈ જિપ્પઈ જયશેહર રિઉણોઉ
20 પિયચ્છંદ હુ અગ્ગલુ એય અણગ્ગલ રોસ ગુલ નીસંકમણો; ઈણિ પાડિય પાયડિહિં અપડ અઈભડુ મોહ મહાભય વિદ્ધડરણો;
કા ગણણા અવર લોહી કોહાણય સડ સડ સુડે જયસિહરો; ઈમ જંપઈ રઈપિય–ભય–ઉક્કંપિય મયણા ઈક્કિન જાઈ તુરોઅ
ભડુ ભગ્ગઉ મોહ કોહ કહ સોસીય પેસીય લોહ કંપત મુહિ; ઈહં માયા માણ પમાણ પણાસીઉ નિવ્વાસિઉ પંચદિ પેહ;
નિધ્ધાઠણ પંચ પમાય પરમ ગુરુ જસ વાસીય તિન્નયં ભુવણો; સિરિ મહિંદસૂરિ સીસ જઈવંતય જયશેખર જયસિરિ ચરણોપ
સંજમ ઉપ્પરિ ભાવ ધરિઉ, બાલપ્પણ વૈસહ સુગુરુરાય સપસત્થ; હત્થકિઉ દિક્ખ નિખસહ કણયકંતિ તણુતેઉ સુગુણ ભવીયણ;
મનરંજણ સીલ સબલ કરવાલ મયણ બલ લીલીહિ ગંજાણ; વાયરણ કત્થં છંદગમહ સયલ ગ્રંથ પારીણ લહુ;
અંચલગણેશ ચિર જગિ જયઉ જયશેખરસૂરિંદ પહુ...૬

(પ્રતઃશ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ)

(૧૩) શ્રી જયશેખરસૂરિ ગુરુ કવિત્ત ભાવાર્થ

ખરેખર કયારેક કર્મવશથી પણ કોઈક જિનેશ્વર ભગવાનના શાસનમાં દીક્ષાને પામે છે, પરંતુ સિદ્ધાંતયુક્ત ધર્મના જે
30 વિરોધી હોય છે તેને ગુરુની શિક્ષા દુર્લભ બને છે.

કેટલાક શાસ્ત્રના અર્થને જાણે છે, પરંતુ તેઓ શીલથી વિમુક્ત હોય છે. આપ ચરણ કરણ ગુણના પંડિત લોકોને શિક્ષા આપો છો. દુષમ એવા પણ કાળમાં હે જયશેખરસૂરિ! આપ જ્ઞાન, ચારિત્રરૂપી રત્નના રત્નાકરને ધારણ કરનારા દેખાવ છો.

હે શ્રી જયશેખરસૂરિ ! આપ જિનશાસનરૂપી ગગનમાં અત્યંત તેજસ્વી સૂર્ય સમાન છો. મોહરૂપી તિમિરનું દલન કરવાથી ભવિજનો માટે કમલાકર છો. દશે દિશામાં વ્યાપ્ત યશવાળા, સિદ્ધાંતથી કુમતિનુ નિકંદન કરનારા, પ્રકાશિત સુંદર વ્યવહારથી સકલ સંઘને આનંદ આપનારા છો.

આ જગતને દિનરાત વિશિષ્ટ આશ્ચર્ય પમાડનારા, ઘણા પાપરૂપી તાપને ઓલવનારા એવા શ્રી જયશેખરસૂરીંદ્ર વિજયને પ્રાપ્ત કરો.

હે જયશેખરસૂરીન્દ્ર ! આપ શ્રી વર્ધમાન જિનરાજના વિશાલ શાસનમાં મેરુપર્વત ઉપર નંદનવન સમાન છો. પોતાના ગચ્છમાં ઉદય પામીને ગચ્છના ભારને સ્કંધ ઉપર વહન કરનારા છો. આપ મૂળ ગુણો વડે વિસ્તાર પામેલા, સુંદર શીલાંગો વડે
40 નિર્મળ છો, ચંદ્ર સમાન સુંદર છો, કીર્તિરૂપી પુષ્પનો ભાર છતાં નિશ્ચલ છો, સુંદર ગુણવાનોને દેશનાના ફલરૂપે સ્વર્ગ અને મોક્ષના

સુખને આપો છો. ભવિજનોને માટે આપ કલ્પવૃક્ષ સમાન છો.

મોહરૂપ મદોન્મત્ત મહાગજેન્દ્રનો નાશ કરવામાં અદ્વિતીય સિંહ સમાન છો. ચમકતા મનોહર યશથી ચંદ્રમા તુલ્ય સારા સાધુઓ વડે સેવાયેલા, સિદ્ધાંતસાગરમાંથી બુદ્ધિયુક્ત મન વડે જ્ઞાનાદિ રત્નોને પ્રકાશિત કરનારા છો, અને સર્વ અર્થની સિદ્ધિને આપનારા છો. (શ્લેષથી– સર્વાર્થસિદ્ધ વિમાનમાં સ્થાન અપાવનારા છો.) પુણ્યરૂપી લક્ષ્મીના ભાજન એવા શ્રીમાન જયશેખરસૂરીશ્વરજી વિજયને પામે છે.)

સુવર્ણમય દેહધારી, પુણ્ય શ્રેણીથી શોભિત એવા શ્રી પાર્શ્વજિનને નમીને, વિચારોમા સુદઢ અને વિદ્યાઓથી પંડિતોને હરાવનારા એવા સુગુરુ શ્રી જયશેખરસૂરિને હું વર્ણવું છું.

(૧૩) શ્રી જયશેખરસૂરિ ગુરુ કવિત્ત

(રાગ : વિરજિણેસર ચરણકમલ)

કયવિહુ કમ્મવસેણ કવિ પામઈ જિણ દિક્ખહ, તવનીહ ધમ્મ વિરોહી હોઈ દુલ્લહ ગુરુ સિક્ખહ; 10
કોવિ મુણઈ જઈ સત્થ અત્થ તુ સીલ વિમુક્કય, તવ તીહં ગુણણ–ચરણ કમ્મપંડિય જણ સિક્ખહ;
ચારિત નાણ દંસણ રયણ રયણાયરુ ગોયમ સુપરિ, દૂસ મહાકાલિ દીસઈ, સુગુરુ જયશેખરસૂરીંદ ધરિ...૧

જિણ સાસણ ગયણમ્મિ તરલતર, તેય દિવાયરુ; મોહ તિમિર નિદ્રલવિહ ભવીયણ કમલાયરુ;
દહ દિસિ પરિય જસ પસાય સમય કુમય નિકંદણ; પયડીય વર વવહાર સકલ સંઘહ આણંદણ;
અચ્છરિઉ એ દલ મંડલિહિં દિવસ રયણિ પામી ઉ; ઉદય બહુપાવ તાવ ઉલ્હવણ પુણ જયશેખરસૂરીંદ જય...૨

વદ્ધમાણ જિણરાય વિઉલ સાસણિ મેરુપ્પરિ; નંદણ સમ નીય ગચ્છિ ઉદય પામીય કંધુદ્ધરિ;
મૂલ ગુણિહિં વિત્થારુ સારુ સીલંગિહિં નિમ્મલુ; સસિહર સુંદર કિતિ કુસુમભર–ભારિહં નિચ્ચલુ;
સગ્ગાપવગ્ગ સુહર ભરિય, દેસણ ફલ દિંતઉ સુગુણિ; કપ્પ(દુ) મવ્વ ભવિયણ જણહ, જયશેહર સૂરીંદ મુણિ...૩

માદ્યન્મોહ મહાગજેન્દ્ર વિતતિ ધ્વંસેક પન્ચાનન; વંદ્ય ચારુ યશો નિશાકર સમઃ સત્સાધુ નિઃસેવિતઃ;
સિદ્ધાન્તાંબુધિ બુદ્ધિ સંગતમનાઃ સર્વાર્થ સિદ્ધિપ્રદઃ; સ શ્રીમાન્ જયશેખરો વિજયતે પુણ્ય શ્રિયાં ભાજનં...૪ 20

શ્રીમત્ પાર્શ્વજિનં કલદેહં, નત્વા સુકૃત શ્રેણિ સમૂહં; કવયે વિદ્યા ગણધર હારં, શ્રી જયશેખરસૂરિ સુસારં...૫

(પ્રતઃ શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ)

(૧૪) શ્રી જયશેખરસૂરિ ગુરુ કવિત્ત ભાવાર્થ

વિદ્વાનોથી વંદન કરાયેલા ચરણોવાળા, ગુણરૂપી રત્નથી યુક્ત કર્મને ખપાવનારા, ગાવાલાયક ગુણોથી યુક્ત, સંસારનો વિનાશ કરનારા, સુંદર બુદ્ધિ અને વિદ્યાઓના પારગામી, અતિશય નિપુણ વિદ્વાનોના ચિત્તને ઉલ્લાસ આપનારા, પુણ્યવાન, સૂક્ષ્મ બુદ્ધિવાળા, સૂરીશ્વરોમા મુખ્ય, કુશળ શિષ્યોના સમુદાયથી યુક્ત એવા શ્રી જયશેખરસૂરિ ગુરુને હું વર્ણવું છું.

ઘણા ક્લેશનો નાશ કરનારા, પુણ્યમા નિવાસ કરનારા, ગુણોનો નિર્દેશ કરનારા, ભવ્ય ચારિત્રને ધારણ કરનારા, દુર્ગતિને શાંત કરનારા ગજની ગતિ ધારણ કરનારા, સરસ્વતીના નિવાસસ્થાન, અત્યંત વિશુદ્ધ યશ વડે શેષ નાગને જીતનારા, સુંદર સાધુવેશવાળા, શાસ્ત્રીય તત્વોનું શોધન કરનારા, વીરોમાં મહાન, સારા નિપુણ શિષ્યોથી યુક્ત, સૂરીશ્વરોમાં મુખ્ય એવા શ્રી જયશેખરસૂરિ ગુરુને વર્ણવુ છું. 30

કલિરૂપી વેલડીને છેદવામા કુહાડા સમાન, સંયમ ધારણ કરવામા ઉત્તમ, કીર્તિના વિહારરૂપ, ઘણા ગુણથી યુક્ત, સમતાથી સુખને આપનારા, સદ્‌બુદ્ધિના નિધાન, સંસારમાં ડૂબેલા લોકોને માટે વહાણરૂપ, પાપને હરનારા, પુણ્યના વિસ્તૃત ઘરરૂપ, ક્ષેમ આપનારા, કામને જીતનારા, વિદ્વાનોને માન્ય, માયાના શિખરને ભાંગનારા, વિશાળ મહિમાવાળા સૂરીશ્વરોમા મુખ્ય, નિપુણ સુશિષ્યોથી યુક્ત શ્રી જયશેખરસૂરીશ્વરજીને હું વર્ણવું છું.

શ્રી જિનશાસનરૂપ વૃક્ષને સીંચવામાં શ્રેષ્ઠ જલધર રૂપ, વિશાલ એવા અચલગચ્છમાં મુનિધર્મના મુગટરૂપ, ચંદ્ર સમાન કીર્તિની સમૃદ્ધિ વડે ભૂતલને અલંકૃત કરનારા, શીલરૂપી મજબૂત બખ્તરના બંધનથી મોહરૂપી અર્ગલાને ભાંગનારા, શ્રીમદ્ મહેન્દ્રપ્રભસૂરિ સુગુરુના શિષ્યોમા મુખ્ય અને શ્રેષ્ઠ એવા શ્રી જયશેખરસૂરીન્દ્ર ! આપ જયને પામો અને સકલ સંઘનુ કલ્યાણ કરો.

(૧૪) શ્રી જયશેખરસૂરિ ગુરુ કવિત્ત

(રાગ : મંદિરતારુ વિશ્વરૂપાળું)

બુધ વંદિત ચરણં ગુણ મણિ ભરણં, કર્મ્મ ક્ષપણં ગેયતરં; સાદિત સંસારં બુદ્ધિ વિચારં, વિદ્યાપારં નિપુણ તરં;
કૃત વિબુધોલ્લાસં સિદ્ધિ વિલાસં, પુણ્ય નિવાસં બુદ્ધિ તરં; સૂરીશ્વર મુખ્યં નિપુણ સુશિષ્યં, શ્રી જયશેખરસૂરિ ગુરું...૧

બહુ દલિત કલેશં પુણ્યનિશં સુગુણ નિર્દેશં ભવ્ય ચરિતં; ગજગતિ ગમનં દુર્ગતિ શમનં, વાણી સદનં શુદ્ધતરં;
યશસા જિતશેષં નિર્મલવેશં, શાસ્ત્ર ન ગવેષં વીરતરં; સૂરીશ્વર મુખ્યં નિપુણ સુશિષ્યં, શ્રી જયશેખરસૂરિ ગુરું...૨

કલિ વલ્લિ કુઠારં સંયમ સારં, કીર્તિ વિહારં ભૂરિ ગુણં; શમ સૌખ્ય વિધાનં સુમતિ નિધાનં, મગ્ન સુયાનં પાપહરં;
તત સુકૃતાગારં કુશલાધારં, નિર્જિત મારં ધીરમતં; ક્ષત માયા શ્રૃંગં સદ્‌ગુણ ચંગં, વર્દ્ધિતરંગં મહિમ ગુરું;
સૂરીશ્વર મુખ્યં નિપુણ સુશિષ્યં, શ્રી જયશેખરસૂરિ ગુરું...૩

(અન્ય રાગ)

શ્રી જિનશાસન શાખિકં ચ સિંચનવર જલધર; અંચલગચ્છ વિશાલ મુનિ ધર્મ સુશેખર શશિકર;
કીર્તિ– સમૃદ્ધિ જાલ સમલંકૃત ભૂતલ; શીલ સબલ સન્નાહ – બંધ ભંજિત – મોહાર્ગલ;
શ્રીમત્ મહેન્દ્રગુરુ સાર શિષ્ય સદૃસ મુખ્ય પ્રવર; જયશેખરસૂરીન્દ્ર, જય સકલ સંઘ કલ્યાણકર...૪

કલ્યાણકંદ તતિ– કંદલનાંબુ વાહ, સંમોહ મેઘ પટલી ક્ષય ગંધવાહ; સિદ્ધાન્તસાગર વિચાર તરંગરંગ,
શ્રી જયશેખર સુગુરુ વિજયાય વોઽસ્તુ..૫

(પ્રતઃ શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ)

(૧૫) શ્રી જયશેખરસૂરિ ગુરુ તલહરઉ – ભાવાર્થ

અમૃતરસ સમાન એમનાં શ્રેષ્ઠ વચનો સાંભળીને ભવિકજનો આત્મકલ્યાણ કરવા તત્પર બને છે. ગુરુની ઉત્કૃષ્ટ સંયમરૂપી લક્ષ્મીથી સકલ જગત આનંદિત થાય છે.

જે તેઓના ચરણકમળને આનંદથી નમે છે તે સકલ સુખ પ્રાપ્ત કરે છે. અમારા ગુરુવર શ્રી જયશેખરસૂરીશ્વરજી મહારાજ ગુરુજનોના સમૂહમાં દેદીપ્યમાન બને છે.

રાણિંગ પિતાનાં નિર્મલ કુલરૂપી કમળમાં હંસની જેમ અવતર્યા, તેઓ આનંદથી ઉત્કૃષ્ટ સંયમરૂપી શ્રી વધૂને સ્વયં જ વર્યા.

તેઓ શ્રેષ્ઠ સરોવરમાં હંસની જેમ રતનલદેવીના ઉદરને અલંકૃત કરનારા હતા. વાદળાઓ જેમ દાવાનલને શાંત કરે તેમ ભવથી તપેલા જીવોનાં પાપનું ખંડન કરનારા હતા.

ગુરુદેવના શ્રુતસાગરમાં નિત્ય જલક્રીડા કરનારા, સૂર્યની જેમ સર્વ અંધકારને સારી રીતે હણનારા શ્રી જયશેખરસૂરીશ્વરજી ગુરુગણમાં ગહગહે છે.

સંયમરૂપી યુદ્ધમાં એમણે અનાયાસે જ સુભટ જેવા મોહને હણ્યો છે. બળવાન એવા કામદેવ સુભટને એમણે નિર્મળ શીલ અને સમ્યક્ત્વના બળથી અવગણી નાખ્યો છે.

જગતમાં મનોહર ચારિત્રરૂપી ચુડામણિ એમનો ઝળહળે છે. ભૂમંડલમા એમનો મહિમા મંદિરના મેરુશિખરની જેમ શોભે છે.

(૧૫) શ્રી જયશેખરસૂરિ ગુરુ તલહરઉ

(રાગ : સામીઓ એ વીરજિણંદ)

અમીય રસ સરિસ વરવયણ, સુણિ ભવિય જણ બૂજવઈએ; સાર સંજમ સિરિ સુહગુરો, સયલ જગુ રંજવઈએ...૧.

સિરિ જયશેહરસૂરિ ગુરુ ગુરુય ગણિ ગહગહએ; તાસુ પય નમઈ આણંદિ જો સયલ સુખ સોલહઈએ....૨. આંચલી.

રાણિંગ વિમલ કુલ કમલિ જો હંસ જિમ અવતરિઉએ; સાર સંજમ સિરિ હરિસ વસિ સઈવરો વરૂ વરિઉએ...૩. સિરિજય.

રતનલ ઉયરવર સરવર હંસ જિમ મંડણઉ એ; ભવતત્તિ સંચિત્ત દુરિત દવ જલદ જિમ ખંડણ ઉ એ...૪. સિરિજય.

ગુરુય સુય સાયરો માહિ જલકેલિ એહુ નિતુ કરઈ એ; તરણ તુરુ તરણિ જિમ સયલ તિમ તિમિર ભલ અપહરઇએ...૫. સિરિજય.
સંજમ સમર ભરિ સઘર જિણિ મોહ હેલા હણિઉ એ; નિમ્મલ સીલ સમ્મ મોહ વલિ, મયણ ભડુ અવગણિએ...૬. સિરિજય.
ચારુ ચારિત્ર ચૂડામણિ, જાસુ જાગિ ઝલહલઇએ; મહિમા મંદિર મેરુ જિમ સોહએ મહિ વલઈએ...૭. સિરિજય.

ઇતિ શ્રી જયશેહરસૂરિ ગુરુ તલહરઉ સંપૂર્ણ.

(પ્રતઃ શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ)

(૧૬) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદ – ભાવાર્થ

ઉત્કૃષ્ટ એવી કાન્તિના સમૂહ વડે – સૂર્યના ભામંડલને તિરસ્કૃત કરનારા, કાવ્યોની રચના કરવામાં અત્યંત પટુ, વાદીઓને સહેલાઈથી જ જીતનારા, આ અચલગચ્છરૂપી સાગરમાં ઉત્પન્ન થયેલા આકાશગંગામાં ચંદ્રરૂપ, પ્રસ્ફુરિત યશવાળા સદ્‌ગુરુ શ્રીમાન જયશેખરસૂરીશ્વરજી શોભે છે.

નરેન્દ્રો અને સુરેન્દ્રોના મુગટરૂપ, સફેદ કમળોથી શોભિત નિર્મળ એવા શ્રી જિનેશ્વરપ્રભુના ચરણયુગલને નમીને બુદ્ધિ વડે 10
જેમણે અન્યને જીત્યા છે એવા શ્રી જયશેખરસૂરિને હું વર્ણવું છું.

મુનિમંડળોને કલાવિભૂષિત કરનાર, પંડિતેન્દ્રોને પ્રસન્ન કરનારા, ભવિકોરૂપી મોરને માટે મેઘ સમાન, ગુણોથી યુક્ત એવા શિષ્યસમુદાયને ધારણ કરનારા હે પ્રભુ જયશેખરસૂરિ! આપ જય પામો !

જિનેશ્વરદેવોનાં શાસનમા શેખરરૂપ આપ જય પામો. ચંદ્ર–સમાન ઉજ્જ્વલ ગુણવાળા, ચંદ્રને ગુણથી મિત્ર બનાવનારા, કામદેવને બાળવા માટે શંકર સમાન એવા જયશેખરસૂરીશ્વરજી જય પામો !

હિમાલય અને ઐરાવત હાથી જેવી જેમની સુંદર ઉજ્જવલ કીર્તિ છે, ભયરૂપી કુમુદને દૂર કરવામાં સૂર્ય સમાન, અનુપમ કાંતિવાળા, પ્રચુર ગુણોના આશ્રયરૂપ સાકરસમૂહ જેવી મધુર વચનલહેરીઓ, તરંગોના આશ્રયરૂપ સાગર સમાન, મુનિવરોમાં ઈન્દ્ર અને કવિઓમાં શ્રેષ્ઠ એવા શ્રી જયશેખરસૂરીશ્વરજીને હું વંદન કરું છું.

નૈગમાદિ નયરૂપ રત્નમંડલ માટે રોહણાચલ રૂપ, (રોહણાચલ પર્વતરત્નોને આપે તેમ આ કવિ નયરૂપ રત્નો જનસમૂહને આપનારા) મનને વશમાં રાખનાર માટે મનોહર, શંકરનુ અટ્ટહાસ્ય, પરિપુષ્ટ ચંદ્રસમાન જીતવાના સ્વભાવવાળા, ઉજ્જવલ યશથી 20
શોભિત, દૂરવાદીઓના મદરૂપી વૃક્ષને ભાંગવામા કુશળ એવા ધીર વિક્રમવાળા, હાથી જેમ વૃક્ષને તોડી નાંખે તેમ મદરૂપી વૃક્ષને તોડનારા હાથીસમાન એવા કવીન્દ્ર મુનિવરેન્દ્ર શ્રી જયશેખરસૂરિ ગુરુને હું વંદન કરું છું.

દશ વિષ્ણુઓ, શંકર, સુરેન્દ્ર, નરેન્દ્ર, કામદેવ બધાને જીતનારા, ગમનશીલ એવા સંસારરૂપી સાગરપૂરથી તરવા માટે અદ્વિતીય, કૃપાશાળી, ભવભયને હરનારા, કમલપત્ર જેવા નિર્લેપ ચારિત્રના ભારને વહન કરવામાં ધુરંધર એવા કવીન્દ્ર મુનિવરેન્દ્ર શ્રી જયશેખરસૂરીશ્વરજી ગુરુને હું વંદન કરું છું.

દુર્ધર વચનાતિશયરૂપ વજથી પરવાદી સિદ્ધાંતરૂપ પર્વતોને દલિત કરનારા, કૈલાસ પર્વત જેવી નિર્મલ બુદ્ધિથી મનોહર, ભવિકોને આપેલા જ્ઞાનદાનથી ભૂતલ ઉપર નવા કલ્પવૃક્ષને કરનારા એવા કવીન્દ્ર મુનિવરેન્દ્ર શ્રી જયશેખરસૂરિ ગુરુને હું વંદન કરું છું.

ઈન્દ્રના મણિમય મુગટનાં કિરણોથી યુક્તચરણકમળ શોભે છે જેમનાં અને વિશુદ્ધ શીલરૂપ, તલવારના પ્રહાર કરવાથી કામદેવને દૂર કરનારા, એવા શ્રી જયશેખરસૂરીશ્વરજી જય પામો.

વિશાળ એવા અચલગચ્છમા માણિક્યસુંદરમુનીશ્વરના સુંદર યશથી શોભિત, ભાવિકોને માટે કલ્પવૃક્ષ સમાન, ઘણા 30
પ્રભાવશાળી, કવિચક્રધર, પરવાદિઓનાં અભિમાનનું ભંજન કરવામાં ચતુર એવા શ્રી જયશેખરસૂરીશ્વરજી વિજયવંતા બનો !

(૧૬) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદ

કર્તા – માણિક્યમુનિ

(રાગ : આજ હુઓ સુવિહાણ)

ઉદ્દામ દ્યુતિ ડંબર પ્રતિહત ધાંતારિ ભામન્ડલ; ક્રિડા નિર્જિત વાદિ કુન્જર ઘટઃ કાવ્યાલિ પાટૂપટ;
શ્રીમાનંચલગચ્છ સાગર શશી સોડયંચિરં સદ્‌ગુરુ; સૂરિ શ્રી જયશેખરઃ સુર સરિત પ્રેંખદ્યશો રાજતે...૧
નત્વા શ્રી જિનપદ યુગલમલં નરસુર મુકુટ સિતચ્છદ કમલમ્; બુદ્ધિવિનિર્જિત સૂરિ કવયે શ્રી જયશેખરસૂરિમ્...૨
જય જય સકલીકૃત મુનિ મણ્ડલ, જય જય રંજિત વિબુધા ખણ્ડલ; જય જય ભવિક કેકિ વરજલધાર, જય જયશેખર ગુણ ગણધારઉ

જય જય જિનવર શાસનશેખર, જય જય ગુણ મિત્રિત હરશેખર; જય જય મકરકેતુ શશિશેખર, જય જય સૂરીશ્વર જયશેખર.૪
શિખરીશ સિન્દુર મલ્લબન્ધુર, કીર્તિ ધોરણિ સુન્દરમ્ દર કુમુદ દિનકર મતુલ રુચિ ભરભૂરિ ગુણમણિ મન્દિરમ્;
મધુ મધુ સુધાકર શર્કરોત્કર વચન લહરી સાગરમ્; વન્દે કવીન્દ્રં મુનિવરેન્દ્રં સૂરિ ગુરુ જયશેખરમ્...૫
નયરત્ન મંડલ રોહણાચલ મચલ ચિન્ત મનોહરમ્; હરહાસ પીવર રોહિણી વરજયશીલ યશોભરમ્;
દુર્વાદિ મદતરુ ભંજનોદ્ધુર ધીર વિક્રમ સિંધુરમ્; વન્દે કવીન્દ્રં મુનિવરેન્દ્રં સૂરિ ગુરુ જયશેખરમ્...૬
દશ વિષ્ણુ શંકર સુરનરેશ્વર મકરકેતુ વિજિત્વરં, સંસાર સાગર પૂર ગત્વર તારણૈક કૃપા પરં;
ભયભીતિ હરણં કમલવરણં ચરણ ભાર ધુરંધરં; વન્દે કવીન્દ્રં મુનિવરેન્દ્રં સૂરિ ગુરુ જયશેખરમ્...૭
શતકોટિ દુર્દરં ભારતીભરં દલિત દુર્મત ભૂધરં; કૈલાશ નિર્મ્મલં બુદ્ધિ મન્જુલ સાધુ જલનિધિ શશધરમ્;
ભુવિ ભવિક કલ્પિત દાન સંતનવ્ય સુરતરુ ડંબરં; વન્દે કવીન્દ્રં મુનિવરેન્દ્રં સૂરિ ગુરુ જયશેખરમ્...૮
10 વિબુધ મૌલિ મણિ મુકુટ કિરણ પિંજર પાદામ્બુજ; પરમ બ્રહ્મ કૃપાણ કલન તર્જિત મકરધ્વજ;
અંચલગચ્છ વિશાલ માણિક્ય મુનીશ્વર; સુન્દર શશિ ધવલ વિમલ વિસ્તીર્ણ યશોભર;
ભૂર પ્રભાવ જય ભવિક કલ્પદ્રુમ કવિ ચક્રધર; પરવાદી દર્પભંજન ચતુર જયશેખરસૂરીન્દ્ર...૯

–ઇતિ શ્રી ગુરુ છન્દ

(પ્રતઃ શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ)

(૧૭) શ્રી જયશેખરસૂરિ ગુરુભાસ – ભાવાર્થ

આગમશાસ્ત્રનું વ્યાખ્યાન આપનારા, સુપુરુષોના વિચારોને જાણનારા, અમોઘ વાણીથી દેશના દેનારા, સર્વ સંસારનું વર્ણન કરનારા, અચલગચ્છના શણગાર, શીલગુણના ભંડાર એવા શ્રી જયશેખરસૂરિ ગણના (સમુદાય) ધારક છે.

બાલબ્રહ્મચારી, અત્યંત બુદ્ધિશાળી, સંયમજીવન વિશે જાણનારા, અનંગરૂપી મહાભટને ભાંગનારા, શાસન વિશે પ્રગટ પ્રમાણવાળા, જેમની કીર્તિ મેરુ સમાન છે એવા શ્રી જયશેખરસૂરિની વાદળ જેમ વરસતી અમૃતમય વાણી ભવિક જનોરૂપી તરુવરોનું
20 સિંચન કરે છે.

સૌરાષ્ટ્રમાં બધા જ એમને જાણે છે. ગુજરાતમાં સત્તર હજાર અને સિંધુ દેશના સવાલાખ માનવો એમને જાણે છે આ વાત અપૂર્વ છે.

જેમની કવિતા અને ગીતો લોકો ગાતા હતા એમણે વિધિપક્ષને સૌથી વિશિષ્ટ બનાવ્યો. સૂર્ય અને ચંદ્રમા સમાન એમનો યશ સર્વત્ર ઝગમગતો હતો. તેઓ જ્ઞાનના અનુપમ અવિકલ આશ્રય હતા. સં. ૧૩૯૮ રાણિંગ પિતા અને રતનલદે માતાની કુક્ષીમાં રત્ન સમાન ઉત્પન્ન થયા. જગતમાં એમનો યશ ઝળહળે છે.

મહેન્દ્રપ્રભસૂરિ ગુરુવરના કરકમલ વડે વિ. સં. ૧૪૦૫માં દીક્ષા લીધી. બાલ્યવસ્થામાં જે જે શાસ્ત્રોની શિક્ષા અપાઈ હતી તે સર્વ શાસ્ત્રો એ ભણી ગયા.

દીક્ષાથી વીસ વરસ પછી સુવિશાલ અણહિલપુર પાટણમાં એમને પદવી આપવામાં આવી હતી. ત્યારે સંગ્રામસિંહ રાજાએ મહામહોત્સવ કર્યો હતો. તેઓ જ્યાં જ્યાં વિચરતા હતા ત્યાં ત્યાં શ્રાવકોને આનંદ થતો હતો. તે સમયના આનંદશ્રેષ્ઠિ સંઘપતિ હતા.
30 જેમની પ્રશંસા કરવાથી ભવ્યજનો આનંદ પામે છે એવા શ્રી ગુરુ જય પામો.

ગિરનારની તળેટીમાં વસેલા ભદ્રપરિણામી, સરલ ચિત્તવાળા અથવા ભોલા નામના ભગતે શ્રી ગુરુભાસ કર્યો છે. જે આ ગુરુભાસને ભણે છે, ગણે છે અને સાંભળે છે તેના મનની સર્વ આશાઓ પૂર્ણ થાય છે.

(૧૭) શ્રી જયશેખરસૂરિ ગુરુભાસ

કર્તા : કવિ ભોલા રચના : વિ. સં. ૧૪૭૫ના અરસામાં

(રાગ : શ્રી શાંતિ સુવાસી)

આગમ શાસ્ત્ર વખાણએ, જાણએ સુપરિ સુવિચારું; અમોઘ વાણી દેસણા કરઈ, વણર્ણએ સહુઈ સંસાર;
અંચલગચ્છ સિંગારો, સીલગુણ ભંડારો, હરિસ વસિ સઈવરો, શ્રીજયશેખરસૂરિગણધારો...૧

ધ્રુપદ

બાલ બ્રહ્મચારી બહુ બુદ્ધિ રિદ્ધિ સંજમિ સહજિ સુજાણુ; અનંગ મહાભડ ભંજણુ શાસનિ પ્રગટ પ્રમાણ. ૨....અંચલગચ્છ.

ઘણ જિમ જીભડી વરસએ, સરિસએ અમૃતવાણિ; ભવિક જન તરુવર સીચતી, કીરતિ મેરુ સમાણિ. ૩....અંચલગચ્છ.

સુરઠ મંડલ સહૂ જાણએ, સરસત્તર રહીસ ગુજરાત; સિંધુ સવાલાખ માલવઈ, અપૂરવ એ તીય વાત. ૪....અંચલગચ્છ.

ગીતિ કવિતિઈ ગાઈઈ, વિધિપક્ષિ કીઉ સવિ સેસુ; શશિ–રવિ જિમ જસો જગમગએ જાણિવા તણઉ નિવેસ. ૫....અંચલગચ્છ.

તેર અઠાણવઈ જાઈઉ, રાણા હરિ મુનિરાઉ; રતનલ કૂખિઈ રતન જિમ, ઝલહલઈ જગિ જસ વાઉ. ૬....અંચલગચ્છ.

મહેન્દ્રપ્રભ સૂરિરાઉ ગુરુ કરકમલિ ચઉદ પંચોતરઈ લીધી દીખ; બાલપણઈ જિમ દીધીય તે સવે લાગીય સીખ. ૭....અંચલગચ્છ.

પદિ ઠવણઉ વીસોત્તરઈ, અણહિલપુરિ સુવિશાલ; કીધઉ ઉચ્છવ અતિ ભલઉ સંગાહિવ નરપાલિ. ૮....અંચલગચ્છ.

જહ વિહરઈ તીહ સંપજઈ, સાવય સયલ આણંદુ; સિલાહિવા નંદન ગુરુ જયઉ, સંઘપતિ જેઠાણંદુ. ૯....અંચલગચ્છ.

10 ગિરિ ગિરિનારહ તલહટી, ભોલાઈતિ કીધી ભાસ; જેઉ પઢઈ ગુણઈ સાંભલઈ, તેહિ મનિ પૂરઈ આસ. ૧૦....અંચલગચ્છ.

–ઇતિ શ્રી ગુરુભાસ

(પ્રતઃ શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ)

(૧૮) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદાસિ – ભાવાર્થ

કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીને ભજનારા શ્રી આદિનાથ પ્રભુને ભક્તિથી પ્રણામ કરીને શ્રી કવિચક્ર ચક્રવર્તી જયશેખર સુગુરુને હું વર્ણવું છું.

પર્વતને આશ્રય કરનારી અને કુંડલનગરથી શોભિત છે એવી પૃથ્વી અને પાતાલલોકના નાયક, સૂર્ય, ચંદ્ર સમાન દેદીપ્યમાન એવા, વિશ્વવિકટ તે કામરૂપ સુભટને જેણે નિરંતર જીત્યો છે, મહિમાસંપન્ન એવા સૂરિરાજ શ્રી જયશેખર ગુરુને નમું છું.

હરિ(વિષ્ણુ)નો હાર, શંકરજીનું અટ્ટહાસ્ય, ગંગા, હંસ, સુંદર પુષ્પકળી, ઐરાવત તથા ક્ષીરસાગરના જળ સમાન ઉજ્જવલ, ચંદ્ર સમાન ધવલ, જેમની કીર્તિ છે એવા સૂરિઓમાં શ્રેષ્ઠ શ્રી જયશેખર ગુરુને હું નમું છું.

20 પ્રતિષ્ઠિત લોકોના માનસમા રસથી રહેનારી, સમતારસથી નિર્મલ વિલાસ કરવાની ઈચ્છાવાળી, સુંદર આચારવાળી, આનંદથી પરિપૂર્ણ સફેદ વસ્ત્રોને ધારણ કરનારી, ક્રીડાના ઉમંગમાં આળસ વિનાની, એવી સરસ્વતી જેમના મુખકમળમાં વાસ કરે છે તે સૂરિરાજ શ્રી જયશેખરસૂરીશ્વરજી શ્રુતકલાઓને જાણે છે.

પ્રસિદ્ધ, અમૃતરસપાનમા પરવશ, દેવમાળાઓથી પરિવરિત વિદ્વાન અને દેવતાઓ ભ્રમરને માટે હિતકર ફૂલોની શ્રેણિથી શોભિત કલ્પવૃક્ષ, વિરતિથી શોભિત, પત્રરહિત હોવા છતાં પણ સારી છાયાવાળા, જગતના લોકોને ઈષ્ટ વસ્તુને આપનારા કલ્પવૃક્ષરૂપ એવા શ્રી જયશેખરસૂરિને હું સદા સેવું છું.

સંસારરૂપ કારાવાસમાં રહેનારા જીવોના પ્રબલ મોહનીયકર્મથી ઉત્પન્ન અજ્ઞાનરૂપ અંધકારને હરનારા, વિદ્વાનો વડે પ્રગટરૂપે જેની પૂજા કરવામાં આવી છે અને સુંદર ષડ્દર્શન કુશલતાથી જે મોક્ષોપયોગી જીવાજીવાદિ સર્વ પદાર્થનો સુંદર વિચાર કરનાર, દીપકતુલ્ય ભાસુર, જેનું વચન આ લોકમાં શોભે છે એવા ગણને ધારણ કરનારા સૂરિરાજ શ્રી જયશેખરસૂરીશ્વરજી ગુરુવરને હું સ્તવું છું.

30 મારી બુદ્ધિ અલ્પવિષયને ગ્રહણ કરનારી છે. તીવ્ર ચંચલ વિચારશ્રેણિ પણ મારામાં નથી હું શું કહું ? મધુર અને ગૌરવશાળી એવી મારી વાણી નથી અને અદ્ભુત ગુણોદય પણ નથી. સ્વયંભૂરમણ સમુદ્રના જલકણોની અવધિને કોણ પ્રાપ્ત કરી શકે છે ? તો પણ શાંતભાવે હું તે સૂરીશ્વર શ્રી જયશેખરસૂરીશ્વરજીની સ્તુતિ કરું છું.

શ્રી જિનશાસનરૂપ ગાઢ વનમાં સિંહરૂપ, સર્વ કલાઓથી સહિત તેથી સુંદર એવા ચંદ્રમંડલ સમાન, સકલ કલાઓથી યુક્ત મુખવાળા, નિરૂપમ સમતારસની લહરીઓથી (તરંગોથી) સુંદર સરોવરમાં કમળ સમાન લોચનવાળા, વિઘ્નોને દૂર કરનારા, વિશાલ એવા ભવિક કુલરૂપ કમળોને પ્રકાશિત કરવામાં સૂર્ય સમાન એવા વિદ્યાવિલાસથી વિશિષ્ટ રચનાઓમાં જેના વચનથી મોટા મોટા વિદ્વાનો વિસ્મય પામે છે, કવિચક્રવર્તીઓથી પૂજિત છે જેમના ચરણ એવા શ્રી જયશેખરસૂરીશ્વરજી જય પામો.

(૧૮) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદાસિ

(રાગ : બાલપણે)

કેવલ કમલાભાજં પ્રણમ્ય, ભક્ત્યા યુગાદિ જિનરાજ; શ્રી જયશેખર સુગુરું કવયે, કવિચક ચક્રધરં....૧
ધર ધરણિ કુંડલનગરં, મંડન ગો રસાતલ નાયકા; હરિ હંસ ભાસ્કર હરિ, હરાદ્યા યસ્ય દાસ્ય વિધાયકા....૨
તં કામસુભટં વિશ્વ વિકટં, યોજિ ગાય નિરંતરં; શ્રી સૂરિરાજં મહિમભાજં, નૌમિ ગુરુ જયશેખરં....૩
હરિ હાર હરિહર હાસ ગંગા, હંસ સત્કલી વિબંધુર; શક્રસિંધુર દુગ્ધ સિંધુ, રસોજ્વલા ભુવિભાતિ;
ચંદ્ર ધવલા યસ્ય ધવલા, કીર્તિ કમલા નિર્ભરં; શ્રી સૂરિ હંસં સદ્વતંસં, નૌમિ ગુરુ જયશેખરં....૪
બહુમાન–માનસ–સરસ–સમરસ–વિમલો વિલસન લાલસા; વર ચરણ સંમદભૃત–સિતચ્છદ–રમણ–રંગ–ગતાલસા;
વદનારવિંદે જયતિ વિશદે, યસ્ય વાણી વારલા; જાનાત્યસૌ જયશેખરઃ, શ્રી સૂરિરાજઃ શ્રુતકલાઃ ૫
વિશ્રુત–સુધારસ–પાન પરવશ–વિબુધ માલા– માલિનં; ભ્રમર હિત સુમનઃ શ્રેણિ, કલિતં લલિત સત્ફલ શાલિનં;
સર છાયમભિજાયં વિપત્રં વિશ્વશિલિત દાયિનં;સેવે સદા જયશેખરં શ્રી સૂરિ ગુરુ શાખિનં....૬
સંસાર કારાવાસ–વિલસિત–મોહ–મોહ–તમોહરં; સ્ફૂટ નિમ્મિતાર્થ્ય સુદષ્ટિ, પાટવ સત્પદાર્થ ગણાંતરમ્;
યદ્ વચન મનુપમિહ, વિરાજિત દીપ્ર દીપક ભાસુરં; તં નૌમ્યહં જયશેખરં, શ્રી સૂરિરાજં ગણધરમ્....૭
મતિ રતિ કનિષ્ઠા, નહિ પટિષ્ઠા, લોલલોલા કોટયઃ; કિં વરિમ મિષ્ટાગીર્ગરિષ્ઠા, નાદ્ભુતશ્ચ ગુણોદયઃ;
કિં વા સ્વયંભૂ રમણ જલનિધિ, જલકણાવધિ મેતિકઃ; સ્તં નૌમિ ગુરુ જયશેખરં શ્રી સૂરિમુપગત શાન્તિકઃ ૮
શ્રી જિનશાસન શાલિ–સુધન–કાનન–પંચાનન; સકલ–કલા–કુલ–કલિત, ચન્દ્ર મંડલ સકલાનન;
નિરુપમ શમરસ લહરિ, લલિત સરસી સમલોચન; વિદલિત–વિઘ્ન–વિશાલ–ભવિક કુલ–કમલ–વિરોચન..૯
વિદ્યા વિલાસ વિરચન વચન, વિસ્માપિત વર વિબુધ વર્ય; કવિ ચક્રવર્તિ–ચર્ચિત–ચરણ–જયશેખરસૂરીન્દ્ર જય....૧૦

–ઇતિ શ્રી ગુરુણાંચ્છંદાસિ.

(પ્રતઃ શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ)

(૧૯) શ્રી જયશેખરસૂરિ ગુરુ છંદાસિ – ભાવાર્થ

વાણીના અમૃતથી, શંકરના મુગટ ચંદ્રને જીતનારા, શંકરજીના અટ્ટહાસ્યથી પણ અધિક જેમનો ધવલ કીર્તિકલાપ છે એવા ઉજ્જવલ કીર્તિવાળા, વિજયરૂપ મસ્તકાલંકારથી શોભિત ગણધરોના મુગટસ્વરૂપ, વિદ્વાનોના સમૂહથી જેનુ સામીપ્ય સુશોભિત છે એવા શ્રી જયશેખરસૂરીશ્વરજીને હું વર્ણવું છું.

દુર્ઘટ એવાં કાવ્યોને ચતુરાઈથી રચનારા, વિકટ સંકટ અને ધૂર્તો વડે આચરેલ કપટનું વિદારણ કરનારા, કડવા એવા પ્રતિવાદીરૂપી ક્ષુદ્રશત્રુઓ અને તેઓના કરોડો સેનાઓના અગ્રભાગમાં આગળ રહેનારાઓને મોડનારા (નિરુત્તર કરનારા) જિતાયેલા છે ભટો જેના, તેઓના નટો વડે આચરેલ અનેક કામદેવના વિલાસને પાડનારા, શુદ્ધપક્ષના મુખ્ય સૂરિ એવા ગુરુ શ્રી જયશેખરસૂરિને હું નમસ્કાર કરું છું.

નિકટમાં ઉત્કટ અભ્યાસ વિશેષ કરનારા એવા શ્વેતામ્બર સાધુઓને માટે યોગ્ય ગુણરૂપ ઘટને રચનારા, નદીનાં કાંઠે, પર્વતના શિખરે જ્યાં ત્યાં રહેનારા, કલિયુગમાં કપટ નાટકના સમૂહનો વિનાશ કરનારા, સંકટકારી ભવભ્રમણરૂપ હાથીઓના વિઘટન કરવામાં કઠોર અવાજ કરનારા સિંહ જેવા વિશુદ્ધ સિદ્ધાંતના સંસ્થાપક સૂરીશ્વર શ્રી જયશેખર સુગુરુને હું નમુ છું.

કપટ આચરણમાં અકુશળ, શિવ અને બીજા જટાધારીઓના સંરક્ષણમા કુશળ એવા વિષ્ણુની પત્ની લક્ષ્મીના અપ્રતિહત કામ, ક્રોધ, લોભ, મોહાદિ કટકોને દૂર કરવામાં પ્રકટ હઠને ધારણ કરનારા તેઓની કુમતિરૂપ કંટકને દૂર કરવામાં કુશળ એવાશ્રી સૂરીઓમાં મુખ્ય વિશુદ્ધ પક્ષના ધારક શ્રી જયશેખરસૂરીશ્વરજીને હું નમસ્કાર કરું છું.

કરોડો શઠ અને કુટિલ એવા પરવાદીઓના વિકલ્પનો વિનાશ કરનારા, અત્યંત શીઘ્ર પ્રકાશિત પરવાદીઓની વિકલ્પોરૂપ નદીઓનો વિનાશ કરવામા સ્ફટિક જેવી નિર્મલ બુદ્ધિથી સુશોભિત, જેના વિજયસૂચક ઘંટાનાદનો સ્વર પ્રગટ અને ઉલ્લસિત થાય છે એવા શ્રી સૂરિઓમા મુખ્ય શુદ્ધ પક્ષપાતી શ્રી સુગુરુ જયશેખરસૂરિની હું સ્તુતિ કરું છું.

ત્રિભુવનમાં પ્રસિદ્ધ, અનેક વર્ણોથી વર્ણિત છે યશસમૂહ જેનો, કવિઓમા શ્રેષ્ઠ ગંભીર, ધીર એવા જેમના ચરણો વંદિત છે, શ્રી જિનધર્મરૂપી સમુદ્રને વધારવામા ચંદ્ર સમાન. સૂર્ય સમાન યશથી પરિપૂર્ણ, નિરુપમ, ઉત્કૃષ્ટ સમતાવાન, પરમ ગુરુત્વ અને વિશાલ મહિમાના રત્નાકર સમાન એવા શ્રી મહેન્દ્રસૂરીશ્વર ગુરુના શિષ્ય, લાખો (દક્ષ) કુશળ કવિઓમાં શ્રેષ્ઠ એવા ત્રણ જગતમા શ્રી જયશેખરસૂરિ જય પામો.

(૧૯) શ્રીજયશેખરસૂરિ ગુરુ છંદાસિ

કવિ કોટિર

વચન સુધા જિત ધૂર્જટિ મુકુટં, કીર્તિ કલાપ હસિત શશિ મુકુટમ્ શ્રી જયશેખર ગણધર મુકુટં, કવયે પટુ પટલશ્રિત નિકટમ્..૧
પટુ ઘટિત દુર્ઘટ ધિકટ સંકટ કપટ પાટન કુટ્ટનં; કટુ કોટિ કંટક કટક વિમોચનમ્; જિતભટ ઘટોદ્ભવ નટ બહુ સ્મરન ટન પાટૂ પટનરં; શ્રી સૂરિમુખ્યં શુદ્ધ પક્ષં નૌમિ ગુરુ જયશેખરમ્...૨
કૃત નિકટ કોત્કટ રટત સિતપટુ સુઘટ ગુણકુટ ઘટ્ટનં; કવિકૂલ નાયક કૂટધર તટ કૂટ પવિ ઘટ્ટનં; ભવ સંકટાટન કરિ વિઘટ્ટન કઠિન કંઠીરવવરં; શ્રી સૂરિમુખ્યં શુદ્ધ પક્ષં નૌમિ ગુરુ જયશેખરમ્...૩
ચટુ નટિ તદ્દિ કપટ સપટ કપટિત સજટ ધૂર્જટિ જટિ જગત; ઘટન પટુ શકટારિ યોષિદ કુંઠ કટક પ્રકટવત્ હઠ; બઠરિતોત્પટ પાઠ કંટક કુમત કટકં સ્ફૂટતરં; શ્રી સૂરિમુખ્યં શુદ્ધ પક્ષં નૌમિ ગુરુ જયશેખરમ્....૪
શઠ કુટિલ કોટિ શટિત તટપુટ કટ કુટિર વિલોઠને; ટતિ ઝટિતિ તટિની ઘટ્ટ ટંક સ્ફટિક પટિ માનંજને; 10
પ્રકટોલ્લટત્પુટુર સઘય ઘટ સુઘટ ઘંટા સુસ્વરં, શ્રી સૂરિમુખ્યં શુદ્ધ પક્ષં નૌમિ ગુરુ જયશેખરમ્...૫
ત્રિભુવન પૂજન નલશ્ચ વર્ણ્ય વર્ણિત વર્ણ્ય વ્રજ; કવિ કોટિર ગંભીર ધીર વંદિત પદ પંકજ; શ્રી જિનધર્મ સમુદ્ર ચન્દ્ર ચન્દ્રાંશુ યશોભર; વિનિરુપમ સમતમ પરમ ગરિમ સુમહિમ રત્નાકર; શ્રી મહેન્દ્રસૂરીન્દ્ર ગુરુ શિષ્ય દક્ષ લક્ષ પ્રવર; જય જય જય ત્રિજગતી વિજય જયશેખરસૂરીન્દ્રવર...૬

ઇતિ છંદાસિ

(પ્રતઃ શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ)

(૨૦) શ્રી જયકીર્તિસૂરિ ફાગ – ભાવાર્થ

આ ફાગ કાવ્યમાં પણ કવિએ આદિ જિનેશ્વરને વંદના કરી કાવ્યની શરૂઆત કરી છે. પ્રારંભિક કડિકાઓમાં ફાગકર્તાએ અંચલગચ્છાધિપતિ જયકીર્તિસૂરિના પ્રભાવ તેમજ તેમની મહત્તાનું વર્ણન કર્યું છે. એમના પિતાનું નામ સંઘવી ભૂપાલ અને માતાનું નામ ભરમલદે હતું. સૂરિએ દુષ્કર વ્રતોનું એમના ગુણાનુસાર પાલન કર્યું. શુદ્ધ સંયમનુ એમણે પાલન કરવા ઉપરાંત શિથિલાચારને 20
ટાળ્યો. ચારિત્રનાયકના દીક્ષા કે સૂરિપદ વિષે ફાગકર્તાએ કોઈ ઉલ્લેખ નથી કર્યો. એનુ વર્ણન "મેરુતુંગસૂરિ રાસ" માં છે. કવિ સીધા ગચ્છનાયક પદ પ્રસંગ પર આવી જાય છે. સૂરિ અણહિલપુર પાટણમા પધાર્યા ત્યાના સંઘે એમની ઘણી આગતાસ્વાગતા કરી. એમને ગચ્છપતિપદ માટે યોગ્ય જાણી ઉમંગપૂર્વક ઉત્સવની તૈયારીઓ કરી. વિ.સં. ૧૪૭૩માં શુભ મુહૂર્ત નક્કી કરી બધે દેશ વિદેશમાં સંઘ તરફથી નિમંત્રણ પત્રિકાઓ સંદેશવાહકો મારફતે પાઠવવામાં આવી. દેશ વિદેશના સંઘો પાટણમાં એકત્રિત થવા લાગ્યા. પટ્ટાભિષેક મહોત્સવ ઘણા આડંબરપૂર્વક યોજવામાં આવ્યો, જેનું ફાગમાં વિસ્તારથી વર્ણન છે. વિ. સં. ૧૪૭૩ના વૈશાખ વદિ પાંચમના ચરિત્રનાયકને ગચ્છનાયકપદે વિધિપૂર્વક અલંકૃત કરવામાં આવ્યા. ફાગની રચના સમયે જયકીર્તિસૂરિ મેરુતુંગસૂરિના પાટ ઉપર આનંદ કરે છે. એમ કવિએ વર્ણવ્યું છે. તે પરથી સૂચિત થાય છે કે આ ફાગુકાવ્યની રચના એ પછી તુરંત થઈ હોવી જોઈએ. મુનિવરો ગચ્છનાયક ગુરુની નિત્ય સેવા કરી રહ્યા છે.

એ અવસરે ઋતુપતિ ગડગડાટપૂર્વક આવી પહોંચે છે. મલયાચલનો શીતલ પવન દક્ષિણ તરફ વાવા લાગ્યો. સૌ વસંતનો અલબેલો વેશ સજી રમણ કરવા લાગ્યા. વનમાં વનશ્રી મહોરી ઊઠી. વલ્લરી, ચંપક, કરેણ, ઠામણિ, નિંબ, કદંબ, ખજૂરી, 30
બીજોરી, નાગરવેલી, નારંગી વિગેરે પૂર બહાર ખીલી વાતાવરણને પ્રફુલ્લિત કરવા લાગ્યા કેતકી, પાડલ, જાઈ, જૂઈ, જાવંત્રી વિગેરે પુષ્પોની સૌરભ પ્રસરવા લાગી, વનફળો પણ મહેકવા લાગ્યાં, કોયલ ટહૂંકા કરવા લાગી, નીલી ચાંચવાળા સૂડા ગીત ગુંજન કરવા લાગ્યા. કવિએ વિસ્તારપૂર્વક શૃંગારયુક્ત વર્ણન કર્યું છે.

મહીતલ ઋતુપતિનું વિજય હાસ્ય શીતલ મલય સમીરમાં ગુંજવા લાગ્યુ પરિમલની સૌરભ દસે દિશાઓમાં ફેલાવા લાગી. નિર્મલ નીર વહેવા લાગ્યુ. સૌ હસતાં–કૂદતાં કેલિક્રિડા કરી રહ્યાં હતા. ત્યારે બીજી તરફ ગણનાયક જયકીર્તિસૂરિ ઋતુપતિના પંચબાણ વડે થયેલા આક્રમણને ખાળી રહ્યા હતા, જેમા એમનો વિજય થતાં વસંત એમને પગે પડી ગઈ.

ગુરુ કમલ માટે સૂર્ય જેવા તેમજ અભિનવ ચંદ્ર પેઠે હતા. સમગ્ર શ્રુતના પારગામી હતા. એમનું મન શાંત રસમા રમણ કરતું હતું આગમ ના વિચારો દ્વારા એમણે ભવિજનોને ભવપાર તાર્યા હતા. એઓ દુર્જનોનો હ્રાસ કરનારા તેમજ કવિકુલનું રંજન કરનારા હતા. એઓ ગણનાયકપદે આરૂઢ થતા સકળ સંઘ હર્ષિત થયો. બુદ્ધિવંત, ગચ્છ ધુરંધર એવા એ ગુરુના જે ગુણો ગાશે તે શિવ સુખ પામશે. અમારા એ સુગુરુ ગૌતમસ્વામી જેવા સમર્થ ગણધર છે. 40

એમની જીહ્વા સાકર જેવી મિષ્ટ અને અમૃત સમાન છે. વાક્‌ચાતુર્યના ભંડાર સમા એઓ અંચલગચ્છના મંડન, દુર્જનોના આશયના ખંડનહાર, સજ્જન પુરુષોના મનનુ રંજન કરનારા, જિનશાસનનો ઉદ્યોત કરનારા, પાપ તિમિરનુ નિવારણ કરનારા તેમજ ભવિજનોના તારણહાર છે. જ્યાં સુધી જગતમાં સૂર્ય અને ચંદ્ર ચમકે છે, જ્યાં લગી જગમાં +કુલપર્વત તેમજ મેરુ અચળ છે ત્યાં સુધી અંચલગચ્છ નરેન્દ્ર જયકીર્તિસૂરિ જેઓ શ્રી સંઘને હર્ષિત કરનારા તેમજ અમારા મનને આનંદ પહોંચાડનારા છે, તેઓ અમર રહેશે.

(૨૦) શ્રીજયકીર્ત્તિસૂરિ ફાગ

કર્તા : અજ્ઞાત શિષ્ય, રચના : વિ.સં. ૧૪૭૩ના અરસામા

અષ્ટક

આદિ જિણેસર દેવ, પહેલું વિરચિય સેવ; ગાઈસું મણહરૂ એ, અંચલગચ્છ ગુરુ એ.
10 શ્રી જયકીરતિસૂરિ વંદિસું આણંદ પૂરિ; મહિમા મંદિરૂ એ, ગુરૂયા ગણહરૂ એ....૧

ફાગ

ગુરૂયા ગણહર તું ગિહિ, રંગિહિ કરું પ્રણામ; બહુ ગુણ અમીય સમાણીય, વાણીય જિણ અભિરામ.
અંચલગચ્છ નરેસર, રેસરહિત બહુ રંગિ; વંદિસું સિરિ જયકીરતિ, કીરતિ વિમલ અભંગિ....૨
જસુ જગિ ગરૂયડિ છાજઈ, રાજઈ રવિ તલિ રેખ; નામિઈ સંપઝ્ઝઈ સંપદ, અવિ પદ દીસઈ દેખ.
ભૂ મંડલ જિમ અવિચલ, અંચલ ગણ શૃંગાર; સસિહર સમ વર ગુણ ગણ ગણહ લહૂ નવિ પાર....૩

અષ્ટક

સંઘ ભૂપાલ મલ્હાર, ભરમલ કૂખ અવતાર; દુદ્ધર વ્રત ધરઈ એ, ગુરૂ ગુણ અણુસરઈએ.
જગિ જસુ કીરતિ જ્ઝંહ, કહવિ ન માઈ તીંહ; પાલઈ સંજમૂ એ, ટાલઈ અવક્કમુ એ....૪

ફાગ

20 અણહિલપુરિ ગુરુ આવિય, રહાવિય શ્રી સંઘિ જામ; ગણપદ જોગ્ય જો પરખિઉ, હરખિઉ નિય મનિ તામ.
ત્રિહુત્તરઈ સંવચ્છરિ, ઉચ્છવ રંગ પ્રવેસિ; કંકોતરીય ત્તિં મોકલઈ, મોકલઈ મનિસ વિદેસિ....૫
મિલ્યા સંઘ દેસ વિદેસના, દેસના રસિ સવિચાર; માંડઈ મંડપિ નાટક, ભાટ કરઈ કઈ વાર.
ઢોલ ઢમક્ક મઈ ભૂંગલ, મંગલ સંખ નિનદ્ધ; વીણા ભેરિ પખાઉજ, આઉજ સુણીઈ સદ્ધ....૬
ઈમ ઉચ્છવ નિતુ નવનવા, નવનવા જોઈ જંગ; સાહમીવચ્છલ સંઘ પૂરયે, સંઘ પૂરઈ નીય રંગ.
વૈસાખહ વદિ પાંચમિ, પાંચમિ તિહિ સાર; ગણનાયક પદ થાપીય, આપિય ગચ્છહ ભાર....૭

અષ્ટક

શ્રીમેરુતુંગસૂરિંદ, પાટિ કરઈ આણંદ; અમ્હિ વંદિસ્સું એ, મનિ આણિંદિસું એ.....૮

ફાગ

મુણિવર ગુરુ ગચ્છનાયક, પાય કરઈ નિતુ સેવ; તિણિ અવસરિ ગહગહતું, પુહતુ ઋતુપતિ હેવ.
30 મલયાચલ તણઉ તત્કણ, દક્ષિણ વાઈઉ વાઉ; રમલિ કરઈ અલવેસર, વેસ રચી સવિ રાઉ....૯
વણિ વણસપત્તી મઉરીય, મઉરીયડા સહકાર; વેઉલ ચંપક કરણીય, તરુણીય ડામણિકાર.
નિંબ કદંબ ખજૂરી, બીજ ઉરી વાનીર; નાગવેલિ નારંગીય, રંગીય કર કણવીર...૧૦

અષ્ટક

કેતકી પાડલ તીરિ, જાઈ, જૂહી જંવીરિ; મયણ મહા ભડૂએ, પસરીય થય વડૂએ.
અતિ ફલીયા ચઉસાલ, પૂંગ પ્રિયાલ રસાલ; વન ફલ બહકઈએ, કોઈલ ટહકઈએ....૧૧

+કુલ પર્વત : ભારત વર્ષનો પ્રાચીન કાળથી ગણાતો આવતો તે તે પર્વત જે સાત છે : મહેન્દ્રગિરિ, મલયગિરિ, સહ્યાદ્રિ, શુક્તિમાન, ઋક્ષગિરિ, વિધ્યગિરિ અને પારિયાત્ર

ફાગ

કોઈલ તણે ટહુકડે, દૂકડે વનિ અતિ ચંગિ; નીલી ચાંચ રૂયડલા, સૂયડલા બોલઈ રંગિ.
મહીયલિ ઋતુપત્તિ ગહગહું, મહમહું મલય સમિરિ; પરિમલિ વાસિઈ દસ દિસિ પસરિઉ નિર્મલ નીરિ....૧૨
ઈકિ પઈસઈ કેલીહર, કેલી હરિખિ હસંત; હસમસિ મયણ મહા ભડ, ધૂવડ જિમ બોલંત.
જાપિ સિહૂં ગણનાયક, પાય કરીય વસંત; સહુ ઝાણિહિ ગુરિ હક્કીય તક્કીય ચયણ મયંત....૧૩

અષ્ટક

મુણિવર કમલ દિણિંદ, અમ્હ ગુરુ અહિણવ ચંદ; શ્રુત સવિ અવગમઈએ, સમ રસિ મન રમઈએ.
આગમ તણઈ વિચારિ, લિઈ ભવિયણ ભવ પારિ; દૂજણ ગંજણા એ, કવિકુલ રંજણા એ...૧૪
ગણપદિ પઈઠા જામ, શ્રી સંઘ હરિખ્યું તામ; બુદ્ધિહિ બંધુરૂ એ, ગચ્છ ધુરંધરુ એ.
જે ગુરુ ગુણ ગાયંતિ, તે શિવ સુહ પાયંતિ; ગોયમ ગણહરૂ એ, તિમ અમ્હ સુંહ ગુરુ એ...૧૫

ફાગ

જહ સુધારસ સાકર, આકર વચન વિલાસ; શ્રી અંચલ ગણ મંડણા, ખંડણ દૂજણ આસ.
સજ્જણ જણ મણ રંજણ, જિણ સાસણિ ઉક્કોય; પાવહ તિમિર નિવારણ, તારણ ભવિયણ લોય....૧૬
જાં મહીયલિ રયણાયર, જાં ગયણ ગણિ ભાણું; જાં જગિ અઠ કુલાચલ, મેરુ ન છંડઈ ઠાણું.
તાં શ્રી સંઘ હરખસ્યૂં, અંચલગચ્છ નરિંદ; શ્રી જયકીરતિ સુહ ગુરુ, અમ્હ મનિ કરઉ આણંદ...૧૭

–ઈતિ ફાગબંધેન ગુરુસ્તુતિ.

(પ્રત : કચ્છ માંડવીનો અંચલગચ્છીય જ્ઞાન ભંડાર)

(૨૧) શ્રી જયકીર્તિસૂરિ ગુરુ સ્તુતિ

(શરૂઆતના લખાણવાળું પૃષ્ટ મોજૂદ નથી.)

જાઓ સૂઓ ચિત્ત નામેણ સુપવિત્તૂ લખુણ હૂઓ...૩
હુગ પહાણા ણમુ ગુરૂણ ગણ સામિણં; સૂરિ સિરિ મેરુતુંગાણં ગય ગામિણં;
પાસિગિ વ્હઈ વય ચઉદ તઈયાલએ, જાય ભાવેણ નીય વંસ ઉજૂયાલઈ એ...૪

બાલ ભાવેણ બહુ બુદ્ધિ બલ બંધરો, નિવડ સંદેહ તરુ ભંજણે સિંધુરો;
છંદ લખુણ ખમાણાઈ મુય સિખુ એ, સિદ્ધિ સિદ્ધંત સુરહસ્મ વો પિખુ એ....૫

કમિ હિં સંપત્ત જોવાયણારી પએ, મુખુ પહુમર વયણે હિં જગિ જંપએ;
ભવિય જણ ચિત્તિ જિણ આણ આરોપએ; જેસિ ભડિવાય દુવ્વાઈ જણ કંપએ...૬

જાહં સુગુરૂ હિં જાણિ તુ જોગ ત્તણં, ચઉદ ઈગણહત્તરિ વચ્છરે બહુ ગુણં;
દિન્ન આયરિય પયં ખંભત્તિ ચ્છે પુરે, સયલ સિરિ સંઘ કય વિવિહ ઉચ્છવ ભરે...૭

તયણુ તેહુત્તરઈ નાભિ સંવચ્છરે, ગચ્છ નાયક પુરે; સૂરિ જયકિત્તિ જયવંત ગણ મણ હરા,
તે ચિરં સંજમારામ નવ જલહરા...૮

ઈય થૂય સુય સાયર સરયર, નિમ્મલતર કલ કિત્તિ ભર; જગિ હં તુ ગુણાયર જયવંતા,
ચિર ગચ્છેસર જયકિત્તિ વરા...૯

–ઈતિશ્રી ગચ્છનાયક શ્રી જયકીર્તિસૂરિ સુગુરુણાં સ્તુતિ : સંપૂર્ણાઃ

(પ્રત : આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા.)

(૨૨) શ્રી પદ્મમૂર્તિગણિ ફાગ

શ્રી શાંતિનાથ પ્રભુને વંદના કરીને કવિ રંગ તિલક મુનિએ આ કૃતિનો પ્રારંભ કર્યો છે. ફાગ કાવ્યમાં ચરિત્ર નાયક પદ્મમૂર્તિ ગણિના સદ્‌ગુણો તેમજ પ્રભાવનું સુંદર વર્ણન છે. 'આગમ સરોવર જલ કેલિ કરય જિમ હંસો, આદિ ભાવ ચિત્રો કાવ્યમય છે. પદ્મમૂર્તિગણિ ચંદ્રની જેમ શિષ્ય પરિવાર વચ્ચે શોભતા હતા. એમની ચાલ હાથી જેવી ધીર ગંભીર હતી. પંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ધારણ કરતા તેઓ રૂપમા રતિપતિની જેમ શોભતા હતા. ફાગુમાં તે વિષે શૃંગારમય વર્ણન છે.

ગાંધી પરિવારમાં વડોદરા (વરડઉદ)નગરમાં વિ. સં. ૧૫૧૮માં એમનો જન્મ થયો. એમનું નામ પદ્માગર રાખવામા આવ્યું. પિતા શાહ સાધા માતા મહિરાજહી. સોળ વરસની વયે એટલે કે વિ. સં. ૧૫૩૪માં વૈરાગ્ય પામી અંચલગચ્છ નાયક સિદ્ધાન્તસાગરસૂરિના વરદહસ્તે દીક્ષિત થયા ગુરુપાસે આગમોનો અભ્યાસ કર્યો. ચાર સાગર જેટલું તેઓ જ્ઞાન ધરાવતા હતા. ગુરુએ યોગ્ય જાણી એમને વાચનાચાર્યની પદવી આપી જે એમણે ત્રીસ વરસ સુધી દીપાવી. પદવીનું વર્ષ નથી આપ્યુ પરંતુ વિ.સં. ૧૫૫૧માં પ્રદાન થઈ હશે એમ સૂચિત થાય છે. વિ. સં. ૧૫૮૧માં કાર્તિક સુદિ ૪ને રવિવારના દિને અણશણ વ્રતની આરાધના પૂર્વક નિધન પામ્યા. કવિએ ૬૧ વર્ષનું આયુષ્ય પાળ્યાનું લખ્યું છે પણ ૬૨ વર્ષ જોઈએ. સંઘે એમનો નિર્વાણોત્સવ ઉજવ્યો, જેના ઉપલક્ષમાં પ્રસ્તુત કૃતિ રચાઈ.

પદ્મમૂર્તિ ગણિએ. માળવા, ગુજરાત, મારવાડ, મેવાડ, દિલ્લી મંડન મેદપાટ, કુરુ, જંગલજાંગલુ વિગેરે પ્રદેશોમાં વિચરી અનેક ભવિક જનોને ધર્મ બોધ પમાડયો.

આ પદ્યકૃતિ પાછળથી મળવાના કારણે 'અંચલગચ્છ દિગ્દર્શન'માં પદ્મમૂર્તિગણિ વિશે કશો ઉલ્લેખ થઈ શકેલો નહિ. પ્રત પુસ્તિકામાં લખ્યું છે કે પ્રસ્તુત ફાગ રત્નતિલક મુનિના આત્માર્થે લખાયું.

(૨૨) શ્રી પદ્મમૂર્તિગણિ ફાગ

કર્તા : મુનિ રંગતિલક રચના : વિ. સં. ૧૫૮૧

પણમીય સંતિ જિણંદ પય, મન વંછિત સુહકારો; પદ્મમૂરતિ ગુણ વર્ણવ ઉ, અંચલગચ્છ શૃંગારો.....૧

ઢાલ

અહે નિર્મલ ચારિત વાલિકા, લિલગિ અંગિહિં ધરીયઉ; પંચ મહાવ્રત મેરુ ભાર, શ્રુતિ અંગિ કરીય ઉ;
ભણીય ગુણી સિદ્ધાંત સાર સહૂઅય આદરીય ઉ; જાણીય અરથ વિચાર ચાર સાગર જિમ ભરીય ઉ...૨

ભાસ

આગમ સરોવર જલકેલિ, કરય જિમ હંસો; અમૃત વાણિ વખાણ તઉ, ભંજઈ જન મન સંસો....૩
ભંજય સંસાર જન તણા એ, તવ હરખ અપારો; અમૃત વાણિ મુખિ બોલતઉ એ, ભવ તારણ હારો;
સાચી આણ જ જિણ તણી એ, સુમિરન મનિ ખંતિ; ધ્યાની ધ્યાન રહિઉ, જેમ આરાહઈ સંતિ...૪
સીસ તણઈ પરિવાર, જેમ શશિહર સોહંઉ; ગયવરની પરિ ગતિ, ધરંત જણ મન મોહંતુ;
પંચ સુમતિ તિહું ગુપતિ, કરી જસ અંગ સહીસઈ; અદ્‌ભૂત અધિકઈ રૂષિ, કરી રતિપતિ જિમ દીસ ઇ...૫
વિનય વિવેક વિચાર વંત, જગ માહિ વદીતઉ; મોહ મલ ભડ તણઉ મણ, અલવિ જિણ જીતિ ઉ;
ધર્મ ઝાણવહુ માણ, ધરય મદ મત્સર વારય; ભવિય લોય સવ મોય, વિષમ સંસારહ તારય....૬
દીક્ષા શ્રી સિદ્ધાંતસાગર ગુરુ પાસિ હિં લીધી; ગાંધી કુલ સિંગાર ઘણી કીરતિ જગિ કીધી;
પાલ્હી ઈકસઠિ વરસ આયં દીપાવિ ઉ વંશો; માનસ સરોવર માંહિ નવ ઉ જાણિ કરિ હંસો...૭
પુરુ વરુડઉદ મઝારિ, નારિ નર નયણાણંદણ; સાધા સાહ તણ ઉ મલ્હાર, શીતલ જિમ ચંદણ.
માતા મહિરાજહી કૂખિ અવતરી મંડણ; પદ્માગર નામેણ પુત્ત, કુલ આરતિ ખંડણ...૮
સંવચ્છર જસ જન્મ અછઈ પન્નર સય અઠારય; સોલ સમય વરસમિ દીક્ષ, વયરાગ સંસાર ય.
વાણારીસ પદ તીસ વરિસિ લયિ પ્રગટિઉ પાલીય; સંજમ જલ સંજોગિ કરી મલિ પાપ પખાલીય...૯

ભાસ

પહિરિ પટઉલી કિસમિસી, નયણે કજલ સારી; ગુરુ વંદેવા ઊમંગ હી, દસ દિસ આવય નારી....૧૦
આહે સૂહવ કરિ સિંગાર સાર, જસ વંદણ આવય; મણિ મુગતા ફલ હાર સાર, કંઠિ લહકાવય;
ચંદન પૂરી ચઉક થાલ, ભરિ ચાઉલ આણઈ, સગુરુ વધાવય વાર વાર, મનિ ખંતિ સમાણઈ...૧૧

કોયલની પરિ મધુરવાણિ, મુખિ મંજુલ ભાખય; જિન શાસનની તણીય રેખ, ગુરુ ભક્તિ દાખય;
કરીય સુપરિ નિઉછણા, ધરી ઊલટ મનિ માંહે; વિનયવંત ગુણવંત, સખી મેલાવઉ ચાહે...૧૨
રૂપ તણઈ ગુણિ જિસીય, રંભ ન હુ દંભ ધરંતી; પૂર્વલી નયરી તિ ચીંતિ અહિનિશિ સમરંતી.
પીલી રોલી લાય, અંગિ કુંકુમ કસ્તુરી; ગુરુ આગલિ ગાવંતિ ગીય, ગુણ ગણ સંપૂરી...૧૩
માલવ ગુજર મારિવાડિ, મેવાડ વિહારો; ઢિલી મંડલ મેદપાટ, કુરુ જંગલ સારો.
જિણ પડિબોહી ભવિય લોય, મિછત ગમાવિય; થાપીય સુદ્ધ ઉમંગ સગનિય, વિકસીય સાવિય...૧૪
પન્નર ઈક્કાસી વરિસ જેણે સુર પદવી પામી; અણસણ આરાધના કરી, સંતોષ્યા ધરમી.
કાર્તિક શુદિ ચુથી દિણંમિ રવિવારહ ઉછવ; અંતકાલ ન ઉ કીયઉ·સંઘિ ચઉ ઘડીયઈ અભિનવ...૧૫
ઈણિ પરિ ગુરુનઉ ફાગ રાગ આણી જે બોલઈ; તેહ નર નય કહિ કવણ ચતુર જગ માંહે તોલઈ.
રંગતિલક ગુરુ કહીય ફાગ, જે નર મનિ આણઈ; પગિ પગિ સંપદ રિદ્ધિ વૃદ્ધિ તે સહૂ સમાણઈ....૧૬ 10

ઇતિ શ્રી વાચનાચાર્ય શ્રી પદ્મમૂરતિ ગણિ ફાગ

સમાપ્ત : લિખિતં રત્નતિલક આત્માર્થ

(૨૩) શ્રી સિદ્ધાંતસાગરસૂરિ ભાસ

અભિનવ ગચ્છપતિ સિદ્ધાંતસાગરસૂરિના પદ કમળને વંદન કરી કવિએ પ્રસ્તુત ભાસનો પ્રારંભ કર્યો છે. એનો અર્થ એ થયો કે ચરિત્રનાયકના પટ્ટારોહણ પછી અલ્પ કાળમાં આ ભાસની રચના થઈ છે. અણહિલપુર પાટણમાં ઓસવાળ વંશના શૃંગાર મીઠડિયા ગોત્રીય જાવડશાહની પત્ની પૂરલદેની કૂખેથી વિ.સં. ૧૫૦૬માં એમનો જન્મ થયો. એમનું મૂળ નામ સોનપાલ, બાળક સામુદ્રિક લક્ષણો અને સદ્‌ગુણોનો ભંડાર હતો. ધવલ બીજના ચંદ્રની જેમ તે દિન–પ્રતિદિન વૃદ્ધિ પામતો હતો. ઈન્દ્રકુમાર જેવું તેનું મનોહર રૂપ હતું. સોહામણો હોવા ઉપરાંત સોનપાલકુમાર સુવિચારી હતો. વિ. સં. ૧૫૧૨માં જયકેસરીસૂરિ પાસે તેણે દીક્ષા લીધી અને નવોદિત મુનિનુ સિદ્ધાંતસાગર નામ રાખવામાં આવ્યું. એ પ્રસંગે ઉત્સવ યોજવામાં આવ્યો હતો.

સિદ્ધાંતસાગરજી પંચમહાવ્રત સ્વીકારી શુદ્ધ સંયમનુ પાલન કરવા લાગ્યા. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ સાધુના પાંચે આચારો 20
સહિત પાળતા હતા. પોતાના ગુરુ જયકેસરીસૂરિ પાસે ચરિત્રનાયકે સાહિત્ય, લક્ષણ, છંદ, આગમ અગ્યાર અંગ આદિ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. પોતાની વિદ્વતાથી વાદી વૃંદને જીત્યા. પુરુષરૂપી સરસ્વતી જેવા ગુરુ અવતારી પુરુષ હતા. નિર્મલ બુદ્ધિના કારણે ગુરુ સકલ શાસ્ત્રોનો ભંડાર હતા. એમને યોગ્ય જાણીને જયકેસરીસૂરિએ ગુરુને વિ. સં. ૧૫૪૧માં ઉપાધ્યાય પદથી વિભૂષિત કર્યા. વિ. સં. ૧૫૪૨માં સૂરિપદ તેમજ ગચ્છેશ પદવી પામ્યા. રાજા–મહારાજા એમના પાય સેવવા લાગ્યા. જયકેસરીસૂરિના અનુગામી પટ્ટધર તરીકે સિદ્ધાંતસાગરસૂરિનું નામ પંકાયુ. પાટ પર એઓ પૂર્ણ ચંદ્રની જેમ પ્રકાશ્યા. ગુરુ પોતાની અમૃત સમાન વાણીથી જ્ઞાન–અજ્ઞાન સૌ ભવિજનોને બોધ પમાડવા લાગ્યા. વસુધા મંડલમાં બધે વિહાર કરી એમણે જિનવર પ્રભુની આણ સ્થાપી. જ્ઞાન અને શીલમા વજ્રસ્વામી તેમજ સ્થૂલિભદ્રની ઉપમા યોગ્ય ગુરુ અસાધારણ ગુણોની ખાણ જેવા હતા. જ્યાં સુધી જલનિધિ જળથી ભરેલો છે, સૂર્ય અને ચંદ્ર તપે છે ત્યાં સુધી આ ગચ્છનો રાજીઓ સંઘ સહિત જયવંત રહો.

(૨૪)(૨૫) શ્રી સિદ્ધાંતસાગરસૂરિ ભાસ તથા ગીત

ભાસમા કવિએ પોતાનું નામ નથી જણાવ્યું પણ પ્રસ્તુત આ બન્ને કૃતિઓમાં કવિએ અંતમાં દયાવર્દ્ધન નામ આપ્યું છે. એમનો 30
પરિચય જયશેખરસૂરિ કૃત 'ઉપદેશ ચિન્તામણિ વૃત્તિ'ની પ્રત પુષ્પિકામાંથી આ પ્રમાણે મળે છે. : "સંવત ૧૫૫૬ વર્ષે ભાદ્રવા વદી ૧૪ સોમવાસેરે, શ્રી પત્તનનગરે, શ્રી અંચલગચ્છે લિખિતા. છ. શ્રીઃ ગ્રંથાગ્રંથ ૨૯૩૬ શ્રી રંગવર્દ્ધન ગણીન્દ્ર શિષ્યાણામ દયાવર્દ્ધન ગણિ પ્રવરામેષા પ્રતિઃ શ્રી ભવતુ." સિદ્ધાંતસાગરસૂરિના આજ્ઞાવર્તિ ઉપાધ્યાય ભાવવર્દ્ધનથી અંચલગચ્છમાં વર્દ્ધન શાખા ઉદ્‌ભવી એવા ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. કવિ એ શાખાના ગણીન્દ્ર રંગવર્દ્ધનના શિષ્ય હતા. "શ્રી સિદ્ધાંતસાગરસૂરિ ભાસ'ની રચના પણ સંભવતઃ એમણેજ કરી હોય એમ તેની ભાષા અને પરિલખિત થતા સામ્ય અને સમાન વર્ણન પરથી સહેજે અનુમાન થાય છે. એ ત્રણેય સહોદર કૃતિઓ હોય એમ તેની પ્રતો પણ ગ્રંથ ભંડારોમાંથી સાથે સાથે પ્રાપ્ત થાય છે.

મોટી પટ્ટાવલીમાં સિદ્ધાંતસાગરસૂરિ મ.સા.ની દીક્ષાનું વર્ષ વિ. સં. ૧૫૨૨ દર્શાવેલ છે તે પ્રેસદોષ છે. વિ. સં. ૧૫૧૨ જોઈએ.

(૨૩) શ્રી સિદ્ધાંતસાગરસૂરિ ભાસ

(રાગ : નીલુડીરાયણ)

કર્તા : અજ્ઞાત શિષ્ય રચના : વિ. સં. ૧૫૪૨ ના અરસામાં

ઠવણી

તસ પય કમલિ પયાસ કરો ચંદ્રાનની, કિર અહિણવ દિનરાયતુ;
ગાઈસું ગુરુયા ગચ્છ ધણી, ચંદ્રા૦ સિદ્ધાંતસાગર સૂરિ રાય તુ...૧
અણહિલ વાડઈ પાટણિઈ ચંદ્રા૦ ઉસ વંશિ શૃંગાર તુ;
મીઠડિયા કુલ મંડણું ચંદ્રા૦ સાહ જાવડ મલ્હાર તુ...૨
સતીય સિરોમણિ જાણીઈ ચંદ્રા૦ પૂરલ ગુણ સંપૂરી તુ;
તાસ કૂખ કરૂં લૂંછઈણા ચંદ્રા૦ જેણિ વલીયા એહ સૂરિ તુ...૩
પનર છડોત્તરઈ જનમીયા ચંદ્રા૦ શુભ લક્ષણ ગુણ ઠાણ તુ;
ધવલ બીજ જિમ ચંદલું ચંદ્રા૦ વાધઈ અતિ અભિરામ તુ...૪
સોનપાલ સોહામણ ઉ ચંદ્રા૦ સોભાગી સુવિચાર તુ;
ઈન્દ્રકુમર જિસિઉ જાણીઈ ચંદ્રા૦ રૂપ મનોહર સાર તુ...૫
વરસ બારોત્તરઈ દીખીયા ચંદ્રા૦ જયકેસર સૂરિ તુ;
સિદ્ધાંત રૂચિ મુનિ નામ હૂઉ ચંદ્રા૦ ઉદ્ભવ ઉત્સવ પૂરિ તુ...૬
સંયમ પાલઈ અતિ ભલું ચંદ્રા૦ પંચ મહાવ્રત સાર તુ;
પાંચ સમિતિ ત્રિહુ ગુપ્તિ ધરૂ ચંદ્રા૦ પૂરા પાંચ આચાર તુ...૭
સુહ ગુરુ પાસિ ભણઈ ગુણઈ ચંદ્રા૦ સાહિત્ય લક્ષણ છંદ તુ;
અંગ અગ્યારઈ અવગમઈ ચંદ્રા૦ જીપઈ વાદી વૃંદ તુ...૮
પુરુષ રૂષિ એ સરસતી ચંદ્રા૦ કઈ સુર ગુરુ અવતાર તુ;
નિરમલ બુદ્ધિઈ આગલા ચંદ્રા૦ સકલ શાસ્ત્ર ભંડાર તુ...૯
યોગિ જાણી ગુરિઈ થાપીયા ચંદ્રા૦ એકતાલઈ ઉવઝ્ઝાય તુ;
બઈતાલઈ ગચ્છનાયક હૂયા ચંદ્રા૦ નરવર સેવઈ પાય તુ...૧૦
ગચ્છપતિ તસ નામ હૂઉ ચંદ્રા૦ સિદ્ધાંતસાગર સૂરિંદ તુ;
શ્રી જયકેસરીસૂરિ તણઈ ચંદ્રા૦ પાટિ પ્રકટ એહ ચંદ તું....૧૧
અમીય સમાણી વાણીઈ ચંદ્રા૦ બૂઝવઈ જાણ અજાણ તુ;
વસુહા મંડલિ વિહરતા ચંદ્રા૦ થાપઈ જિણવર આણ તુ...૧૨
વયરસામિ સોભાગિ કરી ચંદ્રા૦ શીલઈ થૂલિભદ્ર જાણ તુ;
જે અસંભમ ગુણ સુણીઈ ચંદ્રા૦ તેહ તણી એ ખાણિ તુ....૧૩
જા લગઈ જલનિધિ જલિ ભરિઉ ચંદ્રા૦ દિણયર જાંઉ દયવંત તુ;
તાં લગઈ એ ગચ્છ રાજઉ ચંદ્રાનની, સંઘ સહિત જયવંત તુ...૧૪

ઈતિશ્રી ગુરુણાં ભાસ સમાપ્ત. છ. શુભં ભવતુ લેખક વાચકયો. છં

(પ્રતઃ શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ)

(૨૪) શ્રી સિદ્ધાંતસાગરસૂરિ ભાસ

કર્તા : રંગવર્દ્ધન ગણિ શિષ્ય દયાવર્દ્ધન ગણિ રચના : વિ. સં. ૧૫૪૨ ના અરસામાં

(રાગ : શમ દમ ગુણના આગળું જી...)(૧) ભાસ

વિધિ પખિ સુહ ગુરુ જાણીઈ રે સખી, અભિનવ ગોયમ સામિ; સિદ્ધાંતસાગર સૂરીસરૂ રે સખી, પામીઈ નવ નિધિ નામિ.૧
સાહેલડી વંદિવા શ્રી ગુરુરાય, તુમ્હે અહનિસિ પ્રણમઉ પાય.

ધ્રુપદ

તપિ જગિ સંજમિ આગલુ રે સખી, પાલઈ શુદ્ધ આચાર; ગચ્છ—નરિંદ મઈ પેખિયઉ રે સખી, વંછિત દાન દાતાર. સાહેઠ ૨
અણહિલપુર વર પાટણિઈ રે સખી, ચોપટ ચતુર ચઉસાલ; જાવડ શાહ સુત જાણિય રે સખી, જ્ઞાતિઈ શ્રી ઉસવાલ. સાહેઠ ૩
પૂરલ માતા જનમિઉ રે સખી, સોભાગી સુવિચાર; ભણઈ ગુણ નિતુ અવગમઈ રે સખી, આગમ અંગ ઈગ્યાર સાહેઠ ૪
જાં લગઈ મેરુ મહીધરૂ રે સખી, જાં લગઈ શશિહર ભાણ;
તાં લગઈ અમ્હ ગુરુ ચિરં જીયોઉ રે સખી, દયાવર્દ્ધન કરિ વખાણ. સાહેલડી વંદિવા શ્રી ગુરુરાય, તુમ્હે અહનિસિ પ્રણમઉ પાય...૫

ઈતિ શ્રી ગુરુભાસ.

(૨૫) શ્રી સિદ્ધાંતસાગરસૂરિ ધવલ

કર્તા : રંગવર્દ્ધન ગણિ શિષ્ય દયાવર્દ્ધન ગણિ

રચના : વિ. સં. ૧૫૪૨ ના અરસામાં

સરસતિ દિઉ મતિ નિરમલી, આણંદ આણી ચિંતિ રે; સિદ્ધાંતસાગરસૂરિ વંદિવા, મુઝ થઈ અતિ ઘણી ખંતિ રે...૧
ચાલિ સહી ગુરુ વંદીઈ, પહિરી સકલ શિણગારૂ રે; ગૌતમ સા ગુરુ જાણી ઈ, વિદ્યા વયર કુમારૂ રે;
ઉસવંશિ કુલિ મંડણઉ, જાવડ સુત જયકારૂ રે; પૂરલ્લદેવી ઉરિ ધરિઉ, મન વંછિત દાતારૂ રે. ચાલિ...૨
સંવત પનર બારોત્તરઈ, આદરઈ સંજમ સારૂ રે; શ્રી જયકેસરસૂરિ સુગુરુ મુખિ, પભણઈ સયલ વિચારૂ રે ચાલિઉ
બુદ્ધિઇ સુર ગુરુ જાણીઈ, વચન અમીરસ બોલઈ રે; એ જો મલિ ગુરુ કવણ કહું, નવિ આવઈ કોઈ તોલઈ રે. ચાલિ.૪
અહિમદપુર વરિ ઊલટિઈ, વિત્ત વેવઈ હંસરાજ રે; ગચ્છનાયક પદિ થાપિયા, કરઈ સુનિશ્ચલ કાજ રે. ચાલિ..૫
ચારિ કષાય જીણઈ વસિ કીધાં, લીધું જગ જસવાદ રે. પરિહરઈ પંચ પ્રમાદ નિરંતર મોડઈ મનમથ માદ રે. ચાલિ૬
જાં દિનમણિ દીપઈ ગયણંગણિ, જાં શશિકર વિકસંત રે; તાં એ મહીમંડલિ જયવંતા, દયાવર્દ્ધન પ્રણમંત રે. ચાલિ..૭

(પ્રત : શ્રી વિજયધર્મસૂરિ જ્ઞાન ભંડાર આગરા
(હવે આગરાની તમામ હસ્તપ્રતો કોબા જ્ઞાનભંડારમાં આવી ગઈ છે.)

(૨૬) શ્રી સિદ્ધાંતસાગરસૂરિ તથા શ્રી ભાવસાગરસૂરિ ગુરુ ફાગ

(રાગ : ગિરુઆરે ગુણ તુમતણા)

કર્તા :સેવક નિશીલ રચના : વિ. સં. ૧૫૮૫

॥ ૐ ॥ ૯ ॥ પં૦ શ્રી ગજલાભગણિ ગુરુભ્યો નમઃ ॥

પ્રણમિસું પહિલઉ અ પ્રથમ જિણેસર, અલવેસર ઉદાર રે; ચરિત્ર અપૂરવ પભણિસું ભાવિ, ભાવિ ભણ્યો સાર રે...૧
દીપ અપૂરવ જંબૂ નામિ, ઠામિ ભરત મઝારિ રે; દેસ સવ્યુહ ધુરિ સોહિ સુંદર, ગુજર ધરત્યાંહ સાર રે...૨
નિર સખુહ ધરિ ગુણમણિ આગર, સાગર પુણ્ય પ્રવાહ રે; શ્રી અણહિલ પુર પાટણ નામિ, નામિ રંગ ઉચ્છાહ રે...૩
ચુરાસી ચુહટાં ત્યાં સોહિ, સોહિ ધજ પ્રાસાદિ રે; વસઈ લોક ધન ધર્મઈ પૂરા, પૂરીયા નહી અપ્રમાદિરે...૪

અટેઉ

પૂરિયા નહી પ્રમાદિ, તેહ તણઈ ધુરિ આદિ; શ્રીમાલી ભલા એ ડાહીયા, કુલિ તિલા એ...૫
સીધર દેધર બેઉ ધર્મ તણા લિભેઉ; તસ કુલિ ચંદલઉ એ, રૂપિ અતિ ભલુ એ...૬
સીધર સુત નગરાજ, કરઈ અનોપમ કાજ; તસ ઘરણી તણાએ, ગણ ચ્છઈ અતિ ઘણાએ...૭
લીલાદે તસ નામ, દીપઈ નવખંડિ નામ; તસ ઉઅરિ વિસ્યા એ, સુર—નર મનિ હસ્યાએ...૮

ફાગ

(રાગ : મનડાના મંદિર પધારો એકવાર)

વીર જિણેસર પાટિ, સોહમ્મ જંબૂ જાણિ; તસ અનુક્રમિ ગચ્છ અંચલ અવિચલ કરુઅ વખાણ.
અંચલિગચ્છિ ગચ્છનાયક, આરિજરખિત સૂરિ; તાસ તણઈ પાટિ ચઉદમઈ, સિદ્ધાંતસાગર સૂરિ...૯
પનર બાવનએ સંવચ્છરિ, ઉગ્રઈ સંજમ ભાર; શ્રી સિદ્ધાંતસાગરસૂરિ દીધુંઅ લીધું ચારિત્ર સાર.
પંચ મહાવ્રત પાલએ, ટાલએ વિષય વિકાર; સમતિ ગુપતિ પરવરીઉ, ભરીઉ અંગ અગ્યાર...૧૦

(૩૦)

પાસ જિણેસર પય નમી, સમરીય શારદ માય; અભિનવ ગણહર ગાઈસઉં, મનિ આણી રે અતિ ઊલટ લભાય૧
કરું ગીતિ વધાવઉ પાટિ બયઠા રે, શ્રી ભાવસાગરસૂરિ; કરું અહ્ન ઘર પુરિ રે, આજ મંગલવાર. કરું ગીતિ૦
સજન સહૂ આવૂં અકિ દિ ઉગી રે, વર મોતીનું હાર. કરું૦ આંકણી.
સકલ સંઘ તેડાવીયા, માંડલિ કરઈ મંડાણ; પદ ઠવણઈ વિતુ વાવરઈ, વાધા ગર વેદે વંછીયદાણ. કરું....૨
ગરૂઉ ગુણનિધિ જાણીએ, કીરતિ મેરુ સૂરીશ; વાસઠ ઈસી સિહિ ભલી, પ્રભુ જીવઉ રે એ કોડિ વરીશ. કરું...૩
શ્રીશ્રીમાલી કુલ તિલઉં, સાંગા સાહ મલ્લાર; માત સિંગાર જનમીઉ, જિણિ ઝાલ્યઉ રે અંચલગચ્છ ભાર. કરું...૪
સીલિહિ જંબૂ જાણીએ, વિદ્યા વયર કુમાર; લબ્ધિઈ ગોયમ જાણીએ, જિણિ જીતઉ રે રણિ રંગિહિ માર. કરું...૫
સિદ્ધાંતસાગર સૂરિવર, પાટિહિ ઉદઉ ભાણુ; મૂરતિ મોહણ વેલડી, જસુ મહિમા રે જગિ મેરુ સમાણુ. કરું...૬
10 પુણ્યવર્દ્ધન મુનિ ઈમ ભણઈ, જાં કંચણ ગિરિ ઠાણ; રીદ્ધિ વૃદ્ધિ સુખ શ્રેયકર, ગચ્છનાયક રે અહ્ન કરઉ કલ્યાણ. કરું...૭

ઇતિ શ્રી ગચ્છાધિરાજ શ્રી ભાવસાગરસૂરિ છંદ બંધાઉ ॥ છ ॥

(૩૧) કર્તા વિવેકવલ્લભ

મંગલ કમલ કુલ દિણયરૂએ, સમરીઉ એ સખી સંતિ જિણંદ; ગાઈસુ ગુરુ ગુણ ગુરુ તણા એ, મનિ ધરીએ સખી અતિહિ આણંદ.
ચંદ કિરણ જિમ નિરમલા એ, ભવીયણૂં એ સખી સુણઉ સુભાવિ; સુલલિત વાણિ વર વાણિ સિઉ એ, સુંદરુ એ સખી આજ સુહાવિ.
ભાવસાગરસૂરિ ગણહરૂ એ.

ત્રોટક

ગણધરૂ એ ગુણ ગુણ નિધિ, ગચ્છનાયક ગંગ જલ જિમ નિરમલા; સિદ્ધાંતસાગરસૂરિ પાટિઈ, પ્રગટ ગુરુ ગુણ મંજુલા.
નર દેવ નાગર વિબુધ સાગર, સોમ સમવડિ જાણઈ; જિનરાજ ભાખિત સકલ આગમ, જિણરાય વર વાણીઈ.
મહીય કુંડલ મેરુ મંડલૂં એ, નિરમલૂ એ સખી પુર નરસાણ; આજ જિણંદની જિહાં ભલી એ, શ્રીવંત એ સખી શ્રીશ્રીમાલ.
20 સાહ સાંગા ગર તિહાં વસઈ એ, ગહિની એ સખી સિંગાર દેવિ; સીલ સિંગારઈ સોહતીએ, નંદનૂં એ સખી ભાવડ નામી.
રૂપ સોભાગિહિં આગલું એ.

ત્રોટક

આગલુ ધરિ લગઈ, ભાવ સુર સૂરિ સિરિ જયકેસરી; ગુરુ રાય પય તલિ થંભ પુર વરિ વરીય વર સંજમસિરી.
લીલાંઈ લવિ સવિ છંદ લક્ષણ, તક્ક આગમ અવગમી; સવિ માન માયા મયણ જીપંઈ, અંગો અંગિઈ આગમી.
વચન લહી ગુરુરાયનૂ એ, મંડલીએ સખી પુરવર માંહિ; ગચ્છનાયક પદ ઉચ્છવૂ એ, ઊલટઈ એ સખી અંગ ઊછાહિ.
મંત્રિ વાધાગર તિહાં કરઈ એ, સંવત એ સખી વિક્રમરાય; પનર સાઠઈ વિત્ત વાવરઈ એ.

ત્રોટક

સાચવઈ સવિ તિહા સંઘ ભગતિઈ, ભેરિ ભૂંગલ વક્કએ; સિરિ ભાવસાગરસૂરિ સુહુ ગુરુ, અંચલગચ્છહિ રાજએ.
ગુણ ગાન ગીતિઇ હરિખવી તિઈ, ભવિક જન ઘણ આવએ; સૂરિ કીરતિમેરુ ગુરુ સિરિ, વાસ તવ સંઠાવ એ.
30 નવ નવ ઉચ્છવ નિતુ હુઈ એ, હુઈ એ વિધિપક્ષિઈ એ; સખી કમલ વિકાસ, ભાસુર દિનકર ઊગીઉ એ.
પરમત એ સખી વાદિ વિત્રીસ, પુણ્ય મારગ સવિ સોહીયા એ; રંગિ દિનકર ઊગીઉ એ.
રંજવેઈ એ સખી નરપતિ ચીંત, વાણિ સુધારસ કિર ઝરઈ એ; નવ રસ એ સખી તણા કલ્લોલ, આગમ સાગર વિસ્તરઈ એ.

ત્રોટક

વિસૂરઈ મહીયલિ મહુત માનિઈ, સુજસિ જગ જન મોહીયા; ગોયમ જંબૂ વયર થૂલિભદ્ર, પુવ્વ સૂરી સોહીયા.
જાં મેરુ મહીયલ ધર્મ અવિચલ, સોમ દિણયર દીપએ; ચક્કેસરિ સુપ્રસાદિ જયવંત, વિવિકવલ્લભ જંપએ.

ઇતિ શ્રી પૂજ્યરાજ ઘવલ ॥ છ ॥ છ ॥ શ્રી ॥

(૩૨) ભાવસાગરસૂરિ સ્તુતિ

(રાગ : શ્રી સિદ્ધાચલ)

સિરિ ભિન્નમાલ નયરે, સિરિવંસે સાંગરાજઓ સાહૂ; સિંગાર દેવિય ભત્તા, તસ્સ સુઓ ભાવડો આસિ....૧
વિક્કમ પનર સોલોત્તરમ્મિ, જમ્મણ માહ મહોચ્છા; વીસઈમે જયકેસરિસૂરિ કરે, સંજમો ગહીઓ....૨
સો ભાવસાયર મુણી પઢઈ, ગુણ બહુલ ગંથ ગણે; થોવ દિવસે હિં પત્તો, પોરંસો આગમો હઈણે...૩
તો તે રમણ રંગેણં ચુવિહ, સંઘેણ દ્વવિઆ ગુરુણો; મંડલિ નયરે સદ્ધિય, મવચ્છરે માસિ વયસાહે...૪
પટ્ટોદયગિરિ રવિણો ગણવઈ, સિદ્ધાંતસાગર ગુરુણં; વિહરંતિ ભાવસાયર ગુરૂણો, સુરસૂરિ સંમ સોહા...૫
અઈસઈ રાસિં તેસિં કહ મવિ, સક્કો ન વણ્ણિઉ સક્કો; ગુડીપાસે જમ્હા પએ, પએ કુણઈ સાહક્કં...૬
પચ્ચુપ્પણ્ણ મણા ગયં ચ, સમયાતીયં ચ જાણંતિ જે, જેહિ ઝાણ બલેણ કઠ્ઠ, પડિયા છુડાવિયા સાવયા;
જેસિં કિત્તિ ભરોય નિબ્ભર, યરો ભૂમિયલે વિત્થરઈ, તે વંદે ગુરુ ભાવસાયર, વરે સૂરીસરે સવ્વયા...૭ 10
જેસિં ઝાણ બલેણ પુત્ત પડલ, પામંતિ વંઝા અવિ, જેસિં પાણિ યલે વસંતિ સયલા, લદ્ધીય સિદ્ધી સયા;
જેસિં પાય રય પ્પસાય વસઓ, લચ્છી વિલાસી હવઈ, તે વંદેવર ભાવસાયર ગુરૂ, સૂરીણ ચૂડામણી...૮

॥ છ ॥ શુભં ભવતુ ॥

(પ્રત : વિજયનેમિસૂરિ જ્ઞાનભંડાર, ખંભાત)

(૩૩) શ્રી ગુણનિધાનસૂરીશ્વર ગુણ સ્તુતિ

આ કાવ્યમય ગુણસ્તુતિના અંતે પં. વિવેક મંડનનું નામ આપ્યું છે. તેઓ રચયિતા તેમજ લિપિકર્તા હોય એવું અનુમાન થાય છે. રચના સાહિત્યક દષ્ટિએ ઉત્કૃષ્ટ છે. ચરિત્રનાયકના પટ્ટાભિષેક પ્રસંગ પછી તુરત તે લખાઈ હોય તેમ તેના વર્ણન પરથી પ્રતીત થાય છે.

તેનો ઐતિહાસિક સાર આ પ્રમાણે છે :

પાટણમાં શ્રીમાલી શ્રેષ્ઠી સીધરના પુત્ર નગરાજની પત્ની લીલાદેવીની કૂખેથી વિ. સં. ૧૫૪૮માં માહ માસના શુકલ પક્ષમાં 20
પ્રભાવશાળી બાળકનો જન્મ થયો. અન્ય પ્રમાણ ગ્રંથોમા બાળકનું નામ સોનપાલ આપ્યું છે એક વખત ગચ્છપતિ સિદ્ધાંતસાગરસૂરિ વિહાર કરતાં પાટણમા પધાર્યા. આગળ શ્રેણિક રાજાએ જેમ ભગવાન મહાવીરને મેઘકુમારઅર્પણ કરી દીધા હતા તેમ નગરાજ અને લીલાદેવીએ સોનપાલને ગચ્છપતિને અર્પિત કર્યો. વિ. સં. ૧૫૫૨માં પાટણમાં વિવિધ ઉત્સવો પૂર્વક તેને દીક્ષા આપવામાં આવી. થોડા સમયમા જ નવોદિત મુનિ વજ્રસ્વામીની જેમ અનેક શાસ્ત્રોના પારગામી થયા. વિ. સં. ૧૫૬૫માં જંબુસરનગરમાં ગુરુ ભાવસાગરસૂરિએ એમને સૂરિપદે વિભૂષિત કર્યા. તે પ્રસંગે શ્રીમાલ વંશીય મંત્રી ધરણે ઘણુ વિત્ત વાપરીને પદોત્સવ કર્યો. વિ.સં. ૧૫૮૪માં ખંભાતનગરમા પ્રાગ્વાટ વંશીય શાહ વિજ્જાહરે યોજેલા ઉત્સવ પૂર્વક સૂરિને ગચ્છેશ પદે વિભૂષિત કરવામાં આવ્યા.

ગુણનિધાનસૂરિ પૂર્વાચાર્યોની જેમ શુભ શાંતરસના સાગર હતા. વિમલ કીર્તિને ધારણ કરતાં ઘણા વરસો સુધી વિચરી રહ્યા છે. અતિશયોના પાત્ર, ગુણમણિના રોહણાચલ, શ્રી જિનશાસન રૂપી વચનના સૂરિ સિંહ એવા ગુણનિધાનસૂરિ વિબૂધ જનોને બોધ પમાડતા ચિર કાલ જયવંતા વર્તો.

સ્તુતિનુ અંતિમ વિધાન ચરિત્રનાયકની વિદ્યમાનતા સૂચિત કરે છે, એમના અંતેવાસી શિષ્ય દ્વારા આ સ્તુતિની રચના થઈ 30
હોવાનુ પ્રતીત થાય છે. એ દષ્ટિએ તેની પ્રમાણભૂતતા વિશે લવલેશ પણ શંકાને સ્થાન નથી.

ગુણનિધાનસૂરિ પણ તેમના ગુરુ ભાવસાગરસૂરિની જેમ દાદા ગુરુ સિદ્ધાંતસાગરસૂરિના સ્વહસ્તે દીક્ષિત થયા. ભાવસાગરસૂરિ દાદા ગુરુ જયકેસરીસૂરિના સ્વહસ્તે દીક્ષિત થયા હતા એ વિશે કહેવાઈ ગયું છે. આ ઘટનાનું અહી પુનરાવર્તન થયું. મોટી પટ્ટાવલીમાં જણાવ્યું છે કે વિ. સં. ૧૫૬૦માં ચરિત્રનાયક દીક્ષિત થયા તે પ્રેસ દોષ છે. કિન્તુ ઉક્ત સ્તુતિમાં દીક્ષાનું વર્ષ વિ. સં. ૧૫૫૨ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે જેને અન્ય પ્રમાણ ગ્રંથો દ્વારા પણ પુષ્ટિ મળે છે. એ પટ્ટાવલીમાં સૂરિપદ વિશે પણ ભૂલવાળુ વિધાન છે. તેમાં કહેવાયું છે કે ચરિત્રનાયકને વિ.સં. ૧૫૮૪માં સૂરિપદ તેમજ ગચ્છેશપદ પ્રાપ્ત થયું. ગુણનિધાનસૂરિના પટ્ટશિષ્ય ધર્મમૂર્તિસૂરિએ સ્વયં એ 'મોટી પટ્ટાવલી' તરીકે પ્રકાશિત થયેલી એ કૃતિની રચના કરી હોત તો આવી ગંભીર ભૂલો ન થાત એ સ્પષ્ટ છે. કેમ કે અંતેવાસી અને તેમાંય પટ્ટશિષ્યને પોતાના ગુરુ વિશે સંપૂર્ણ માહિતી હોય. 'અંચલગચ્છ–દિગ્દર્શન' ગ્રંથમાં આ બધી માહિતી વિશે પહેલીવાર પ્રકાશ પાડવામાં આવ્યો છે. કિન્તુ એ પહેલાં જેમણે 'મોટી પટ્ટાવલી'નો આધાર લીધો એ સૌ આ ભૂલોનો ભોગ બન્યા. હવે મૂળ રાસો જ અહીં પ્રકાશિત થવાથી આવી ભ્રાન્ત અવધારણાઓનો કાયમ માટે અંત આવી જશે તેમજ સત્ય 40
હકીકતો અને તથ્યો સ્વીકૃતિ પામશે.

(૩૩) શ્રી ગુણનિધાનસૂરીશ્વર ગુણ સ્તુતિ

કર્તા : પં. વિવેક મંડણ રચના : વિ. સં. ૧૫૮૪

રાગ : (સ્મરણ ૮– ૯ ગબ્ભઆવચાર સોહમ્મ... સકલ સુખ નિવહ દાનાય...)

થંભપુર સારકા સાર હંસકે વનં, નમવિ સિરિ પાસ જિણ મમલ મુત્તમ તમં;
સકલ સૂરિંદ સમુદાય સોહાકરં, થુણિત ગણનાયગં ગુણનિહાણ ગુરું...૧
પટ્ટણે પવર નયરમ્મિ શ્રી સિરિવંસજો, આસિ સિરિ સીધરો અત્થિ તસ અંગજો;
નિઉણ નગરાજ નામેણ ઈબ્ભાહિઓ, લલિય લીલાઇ દેવીઈ વરિ સોહિઓ...૨
પનર અડયાલુએ તાણ મહ મંદિરે, માહ માસંમિ સેયં પક્ખિવ્વરે;
પુત્તરયણં પભૂય પહાં મંજુલં, રંજીયં તસ્સ રૂવેણ ભૂ મંડલં....૩
આગયા તત્થ સિદ્ધાંતસાયર ગુરુ, વિહરમાણા જણા નંદણે સુરતરુ:
સેણિઉ મેહકુમરવ્વ જિણ આગએ, તં કુમારં ગુરુણં તહા અપ્પએ....૪
વરસિ બાવન્ન એ વિવિહ ઉત્સવ ભરે, સાર સંયમ સિરિ ગહીય પટ્ટણ પુરે;
અપ્પ દિવસં હિ બહુ ગંથ પરિજાણ એ, વયર સામિવ્વ સવિ સમય ભર માણએ...૫
જંબૂ નયરમ્મિ પણસટ્ઠિ સંવચ્છરે, ભાવસાયર ગુરુ ભાવિ ગચ્છેસરે;
દિંતિ, સિરિ સૂરિ પયંમ તમિ સિરિવંસએ, મંતિ ધરણો તયા વિત્ત ઘણં વપ્પએ....૬
નયર તંબાવઈ પ્રાગવંસ બભૂઓ, સાહ વિજ્જાહરો જીવ જાદવ જૂઓ;
ગચ્છનાયક પયં દાવએ ભાવઓ, જાણ ચુરાસીઈ કય જુગો આગઓ...૭
ગુણનિહાણાભિહા સુહમ વર ગણહરા, ગંગજલ વિમલ કલ કિત્તિ ધવલી ધરા;
પુવ્વ રિસિ સરિસ સુહૂ સંત રસ સાયરા, બહૂય વરસાણિ વિહરંતુ સૂરીસરા...૮
ઈય અઈસય ભાજણ સિરિ જિન શાસન, કાનન પંચાનન પવર;
વિબુહાવલિ બોહણ ગુણમણિ રોહણ, ગુણનિધાન ગુરુ જયતુ ચિર...૯

ઇતિ શ્રી ગુણનિધાનસૂરીશ્વર ગુણસ્તુતિ

પં. વિવેકમંડણ લિ.

(૩૪) શ્રી ધર્મમૂર્તિસૂરિ જકડી

"જકડી" સંજ્ઞાથી અભિહિત આ નવો કાવ્ય પ્રકાર છે. મૂળ તે અરબ્બી ભાષાના "ઝિક" નામક કાવ્ય બંધ પ્રકારમાંથી ઊતરી આવ્યો છે હિંદીમા તેને 'જકરી' કહે છે. મુસ્લિમ સંત અને સૂફી કવિઓ 'ઝિક'માં અલ્લાહના નામનુ રટણ ગૂંથતા જૈનોએ આ કાવ્ય બંધ પ્રકારને અપનાવી લઈ તેને 'જકડી' નામ આપ્યુ. તેમજ તેમાં ગુરુનુ રટણ અર્થાત્ ગુરુગુણ કીર્તન ગૂંથ્યું. 'ધર્મમૂર્તિસૂરિ જકડી'માં આવતા ઉર્દૂ શબ્દો અને તેનો મૂળ લહેકો છતો થયા વિના રહેતો નથી. તેને મૂળ ઢબે લયબદ્ધ રીતે ગાતાં ભવિક જનો ભાવ વિભોર થઈ જતા હશે. સૂફી સંતોના વિચાર–ભાવ તાદાત્મ્યની ઝાંખી આ કૃતિ દ્વારા થઈ શકશે.

પ્રસ્તુત પદ્યકૃતિનો ઐતિહાસિક સાર ગુણ કીર્તનની અપેક્ષાએ અલ્પ છે. તેમા કહેવાયું છે કે ચરિત્રનાયકનો જન્મ શ્રીમાલી વંશીય શાહ હાંસાની ભાર્યા હાંસલદેની કૂખેથી થયો. ભગવાન મહાવીરની પાંસઠમી પાટે તેઓ ગુણનિધાનસૂરિના અનુગામી પટ્ટધર તરીકે બિરાજ્યા.

આ પાટક્રમ ભગવાન મહાવીરથી નહિ પણ સુધર્માસ્વામીથી ગણવામાં આવતો હોઈને ખરેખર એમનો ક્રમ ૬૪મો આવે છે. જકડીમાં કહ્યું છે : 'સાહા હાંસા સુત હાંસલદે કૂખઈ શ્રીશ્રીવંશ વધાઉ' એટલે કે એઓ શ્રીમાલી વંશીય હતા. અન્ય પ્રમાણ ગ્રંથોમાં પણ આ વિધાનને સમર્થન સાંપડે છે. જ્યારે અમરસાગરસૂરિના નામે પ્રસિદ્ધ થયેલી અને 'અંચલગચ્છની મોટી પટ્ટાવલી' તરીકે પ્રકાશિત થયેલા ગ્રંથમાં એમને ઓસવાળ વંશીય નાગડા ગોત્રીય કહ્યા છે. આ પટ્ટાવલી શંકિત ગ્રંથ છે એ વિશે આગળ કહેવાઈ ગયું છે. જકડીના વિધાનથી આ વાતને વિશેષ પુષ્ટિ મળી રહે છે ધર્મમૂર્તિસૂરિના પ્રશિષ્ય અમરસાગરસૂરિએ સ્વયં એ પટ્ટાવલી લખી હોત તો આવી ગંભીર ભૂલ ન થાત એ ચોક્કસ છે.

પ્રસ્તુત 'જકડી'માં ધર્મમૂર્તિસૂરિના પટ્ટાભિષેકનો ઉલ્લેખ છે. પણ કર્તાએ તેની સાલ નથી આપી. અન્ય પ્રમાણ ગ્રંથો દ્વારા જાણી શકાય છે કે વિ.સં. ૧૬૦૨ માં રાજનગર–અમદાવાદમાં એઓ ગચ્છેશપદે અલંકૃત થયા. એજ સાલમાં એમણે ક્રિયોદ્ધાર કર્યો.

'જકડી'માં એમનો ત્યાગમય જીવન વિષે સ્પષ્ટ ઉલ્લેખ છે. અંચલગચ્છ, ખરતરગચ્છ અને તપગચ્છ એ ત્રણે મુખ્ય ગચ્છોમાં શિથિલાચારે પ્રવેશ કરતાં જૈન સંઘમાં સ્થાનકવાસી સંપ્રદાયનો ઉદય થયો. તેના ધૂંવાધાર પ્રચારને ખાળવા ક્રિયોદ્ધાર સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. કવિવર સમયસુંદરે 'ભટ્ટારક ત્રય ગીતમ્' નામક ઐતિહાસિક પદ્યમાં તત્કાલીન પરિસ્થિતિનું સુંદર વર્ણન કર્યું છે–

ભટ્ટારક તીન હુએ બડભાગી,
જિણ દીપાયઉ શ્રી જિન શાસન, સબલ પડૂર સોભાગી. ખરતર શ્રી જિનચંદ્ર સૂરીસર, તપા હીરવિજય વૈરાગી;
વિધિપક્ષ ધરમમૂરતિ સૂરીસર, મોટા ગુણ મહા ત્યાગી. મન કોઉ ગર્વ કરઉ ગચ્છનાયક, પુણ્ય દશા હમ જાગી;
સમયસુંદર કહઈ તત્વ વિચારઉ, ભરમ જાયઈ જિમ ભાગી.

વિધિની વિચિત્રતા એ છે કે સ્થાનકવાસી સંપ્રદાયની નવીનતમ ચળવળે ત્રણે પ્રતિસ્પર્ધક ગચ્છોને એક કરી દીધા ! આ સંદર્ભમાં પ્રસ્તુત જકડીના કર્તા ઋષિ સામંતે ધર્મમૂર્તિસૂરિના ત્યાગમય જીવન ઉપર જે પ્રકાશ પાડયો છે તે ઘણો મહત્વપૂર્ણ છે, ખાસ કરીને આ છે કંડિકા– 10

ક્રોધ કષાઈ આ લોભ ન વાસ્યા, મનથી મમતા મૂકી છાંડી, નિજ મનથી પરિગ્રહ માયા છાંડી, ષટ્ જીવાં ઉપગારી.

(૩૪) શ્રી ધર્મમૂર્તિસૂરિ જકડી

કર્તા : ઋષિ સામંત (રાગ : હાલોરે હાલો હાથી ઘોડા)

।। ર્દ૦।। શ્રી સારદાય નમઃ ।। રચના : વિ.સં. ૧૬૦૨ના અરસામાં

અંબે હાં હાં બૈ સરસતિ બેગિમ માઉ બેહાં, અંબે હાં સુગુરુ ચલણ ચિત્ત લાઉ બેહાં.
ગુરુ ચલણે ચિત્ત લાઉ બે દિણ જાઉ પૂજ્ય તણા ગુણ ગાઉ, શ્રી ધર્મમૂર્તિસૂરીસર ગચ્છપતિ દરિસણિ નવનિધિ પાઉ.
સાહા હાંસા સુત હાંસલદે કૂખઈ શ્રી શ્રીવંશ વધાઉ, અમૃત વાણી વયણા પ્રકાશઈ,
અંબે હાંહાં બૈ સરસતિ બેગિમના અંબે હાં. (એ આંકણી)...૧
અંબે હાં હાં છે ગુરુ ગુણ છત્રીસ ભંડારુ છે હાં, અંબે હાં હાં છે મન મોહન મૂરતિ ઉદારુ છે હે.
મન મોહન મૂરતિ મુનિવર સોહઈ, મહિમા વંત મુણિંદ, વિનઈ વિવેક વિચાર વિચક્ષણ ઉદયુસે જયણંદ. 20
આગમ ગ્રંથ સિદ્ધાંત બિકૂખાણઈ સકલ કલા ચિત્ત ધરી, તસ પટ્ટે રતન હી અવર મુનીશ્વર અંબે હાંહાં...૨
અંબે હાં હાં છે પૂજ્ય દેશ મેવાતિઈ આવા છે હાં, અંબે હાંહાં છે પૂજ્ય સકલ સંઘ મનિ ભાયા છે હાં.
સંઘમનિ ભાયા પુન્યઈ પાયા સફલ જન્મ તિહાં કીઆ, નરનારી મન આણંદ ઉપના રાસકિ લાહા લીઆ.
વીર થકી પાંસઠે મઈ પાટઈ સોહઈ ગુરગચ્છ રાયા, વિધિ મારગ ભવિયણ પ્રતિ ભાખઈ અંબે હાં હાં...૩
છે શ્રી ગુણહનિધાન પટરાયા છે હાં, અંબે હાં હાં છે મણિઈ ટાલ્યા ક્રોધ કષાયા છે હાં.
ક્રોધ કષાઈ આ લોભ ન વાસ્યા મનથી મમતા મૂકી છાંડી, નિજ મનથી પરિગ્રહ માયા છાંડી, ષટ જીવાં ઉપગારી
શ્રી ગુરુ મંડણ પાસ જિણેસર સુપ્રસન્ન હુઈ મનિ, દ્વય કર જોડી સામંત રષિ જંપઈ અંબે હાં હાં...૪
ગુણનિધાન પાટિ રાયા છે હાં, અંબે હાં હાં બૈ સરસતિ બેગિમ માઉ બે હાં.

ઈતિ શ્રી પૂજ્ય ધર્મમૂર્તિસૂરિ જકડી સંપૂર્ણ.

પ્રત શ્રી અનંતનાથ જિનાલય જ્ઞાનભંડાર, મુંબઈ 30

(૩૫) શ્રી ધર્મમૂર્તિસૂરિ સજ્ઝાય –ભાવાર્થ

સજ્ઝાયના રચયિતા વિનયહંસ પૂ. મહિમારત્નના શિષ્ય છે. વિ.સં. ૧૫૭૨માં નીઝરા નગરમાં દશવૈકાલિક સૂત્ર ઉપર વૃત્તિ રચી. જેની ૧ પ્રત ભટ્ટારક પૂ. રાજેન્દ્રસાગરસૂરિના ઉપદેશથી રાજપુરના સંઘે લખાવીને જ્ઞાન ભંડારમાં મુકાવી. (જુઓ અ.દિ. પેરા ૨૨૮૪ અ.) આ સજ્ઝાયમાં ૧લી ઢાળે પૂજ્યશ્રીના જીવનને વનસ્પતિના વૃક્ષ, ફળો – ફૂલો સાથે સરખાવ્યા છે. બીજી ઢાળમાં નવ સંપદાઓ વર્ણવી છે. (૧) આચાર સંપદા (૨) શ્રુત સંપદા (૩) મિતિ સંપદા (૪) વચન સંપદા (૫) વાચના સંપદા (૬) શરીર સંપદા (૭) સંગ્રહ પરિન્ન (પ્રતિભા) સંપદા (૮) પ્રયોગમતિ સંપદા (૯) ગણધર સંપદા ને જ્ઞાનવિનય – દર્શનવિનય ચારિત્રવિનય અને તપવિનય એ ચારે ગુણતાં ૩૬ ભેદ થાય છે. એવા ૩૬ ગુણોના ધારક પૂ.આ. શ્રી ધર્મમૂર્તિસૂરિ પધાર્યા છે. સૌ અતિ આનંદિત થયા છે. કવિ વિનયહંસની બીજીપણ ઘણીજ રચનાઓ હશે. જેનું સંશોધન થવું ઘટે.

(૩૫) શ્રી ધર્મમૂર્તિસૂરિ સજ્ઝાય

કર્તા : કવિ વિનયહંસ રચના : વિ. સં. ૧૬૧૦ ના અરસામાં

॥ ૐ નમઃ શ્રી વીતરાગાય નમઃ ॥

સ્વસ્તિ શ્રી નયરી ભલી, જિહાં ધર્મમૂર્તિસૂરિ, મોરું મન તસ ચલણે, તસ ચલણે, મિ હીયડિ આણંદ પૂરિ;
ગુણ ગાઈવા અલજુ ઘણઉ, હિયડલું મંઈ મોહ, દોઈ નયણ હિઉ દેખવા, તુમ્હ વંદનની મુઝ સોહ રે...૧
સદ્‌ગુરુ તુમ્હ દરસણની મુઝ કામના રે, તારા ગુણ તણું નહી પાર રે;
લેખ મંહિઈ લખુ નવ જાઈ રે, સફલ હુઈ અવતાર રે...૨
મન ઘણૂં જાણિ ભેટીઈ, કિમ કરૂં નહીં મુઝ ખંખિ; ભવ સફલ હુઈ માહરું, જવ સ ગુરુ દેખું આંખિ;
ધન્ય તે નયરી દેસડઉ, જિહાં પૂજ્ય પાય ઠવંતિ; ધન્ય તે શ્રાવક શ્રાવિકા, જે ભાવસ્યું પ્રણમંતિ રે...૩
10 શ્રી પૂજ્ય નંદન વન સમા, સમિકિત તિહાં સહિકાર; ચારિત્ર ચંપક નિર્મલું, મહાવ્રત કેતકી સાર.
ગુણ ગંધિ દસિ દિસિ મહિમહિઉ, કીરતિ કદલી પાન; જસ કુસમ રસ સઘલિ રમિઉ, મુઝ મન મધુકર લીન રે...૪
વૈરાગ્ય નારંગ ક્રિયા કરણી, ભાવના રાયણ રંગ; સંતોષ નાલ ક્ષમા સોપારી, સત્ય ચંદન ચંગ;
આચાર અગાર સોહામણા, દીસતા સમ દ્રુમ કુંદ; ઝગમગઈ સંયમ ફલ ભલા, તે દેખી મુઝનિ આણંદ રે...૫
જગ આસ પૂરણ સુરતરુ, સોભાગ શ્રીફલ સાર; તપ તપિઈ તિલક સોહામણૂ, બહુલબુધિ દ્રુમ મંદાર.
વર ચૌદ વિદ્યા માલતી, મતિ ચતુર મોહણ વેલિ; સુભ વચન અમૃત ઉષધી, ભવ ભય વારણ મેલિરે...૬
પુન્ય સરોવર ન્યાન જલ ભર, દયા કમલનિ કોડિ; ગંભીર રંગિ સુ રંગ ગિરૂઆ, દાસ વિનયહંસ સજોડ.
અહવનૂ અખય નિધાન ભણીઈ, સુગુરુ ઉપમ સાર; મુનિ વિવિધ પંખી સેવીઈ, બુહુ જીવનિ આધાર રે....૭
જિમ હંસ રાચિ સરોવરિ, મેહ દેખી રાચિ મોર; મધુકર રાચિ કેતકી, વલી ચંદ દેખી ચકોર;
ચક્રવાક વંછિ સૂરિનિ, કોકિલા વન સહિકાર; તિમ તુય દરસણ સદા વંછઉ, બુહુ ગુણ રયણ ભંડાર રે....૮

20 **ઢાલ**

જાવો નૃપ યાદવ પરણેવા - એ દેશી

સકલ સોભાગી પૂજ્ય પધાર્યો રે, ભવ ભય આપદ આવિ નિવારું રે; ગુણ છત્રીસ તણા ભંડારૂ રે, સુણી મોરી સહી;
સુગુરુ તણા ગુણ પાર ન લહીએ રે, મોહન મૂરતિ મુઝ મનિઈ હઉ રે; કાગલ માંહિ ગુણ કેતા કહી રે, સુણી મોરી૦ આંકણી...
આચાર સંપદ સંયમ સૂરા રે, શ્રુત સંપદ આગમ કરી પૂરા રે; મિતિ સંપદ નહી અધૂરા રે....૯
વચન સંપદ જલધર જિમ ગાજિ રે, વાચના સંપદ કહિતા ન બુહુ લાજિઈ રે; શરીર સંપદ તણઉ રાજિઉ રે,...૧૦
સુંદર સંગ્રહ પરિજ્ઞા સંપદ ધારી રે, પ્રયોગ મતિ સંપદથી જયકારી રે; ગણધર લક્ષ્મી એ અતિ સારી રે...૧૧
આર ગુણા એ ભેદ જ ભણીઈ રે, ભેદ છત્રીસ હઉ આપુણીઈ રે; અવર આર વિનયના ગુણીઉ રે...૧૨
ન્યાન વિનય દરસણ ચારિત્ર રે, તપ કરી કીજિ દેહ પવિત્ર રે; અંતરંગજીતા સવિ સત્રુ રે...૧૩
ગુણ છત્રીસિ કરિ જગિ જીપઈ રે, ચંદ સૂર તણા તેજ જીપિ રે; તુમ્હ દરસણ જોતાં ત્રપતિ ન છીપઈ રે....૧૪

30 **કળશની ઢાલ (રાગ ગડી)**

સગુણ સલૂણા પૂજ્યજી, ગચ્છપતિ ગુણ ભર પૂરિ; નામિ નવનિધિ સંપજિઉ, દરિસણ દુષ્કૃત દરિ રે...૧૫
પૂજ્યજી પધારીઉ, શ્રી ધમ્મમૂર્તિસૂરિંદરૂ એ; ભવીયણ તારીય તુમ્હ દીઠિ અતિ આણંદૂ રે...૧૬

(પ્રત આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર, શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.)

(૩૬) ધર્મમૂર્તિસૂરિફાગ

વા. કમલશેખર કૃત (વિક્રમના સત્તરમા શતકનો પૂર્વાર્ધ)

મૂળ કૃતિનો પરિચય :

આ કાવ્યની એક પત્રની હસ્તલિખિત પ્રત વડોદરાના જૈન જ્ઞાનમંદિરમાંના પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહના ગુજરાતી વિભાગમાંથી (નં. ૩૭૧૭) મળી છે. પ્રત શુદ્ધ ગણી શકાય એવી નથી અને લિપિ ઉપરથી વિક્રમના ૧૮મા સૈકામાં લખાયેલ જણાય છે.

આ કાવ્યના કર્તા કમલશેખર છે. એમ તેમની કૃતિઓ ઉપરથી જણાય છે. તેમણે સં. ૧૬૦૯માં ખંભાતમાં 'નવતત્વ ચોપાઈ' અને સં. ૧૬૨૬માં વીરમગામ પાસેના માંડલમા 'પ્રદ્યુમ્નકુમાર ચોપાઈ' (જુઓ.'જૈન ગુર્જર કવિઓ' ભાગ ૩, પૃ. ૬૫૨–૬૫૯) રચેલી છે. પ્રસ્તુત ફાગ તેમણે અંચલગચ્છના આચાર્ય ધર્મમૂર્તિસૂરિની પ્રશસ્તિરૂપે રચ્યો છે. તેમાં રચના વર્ષ જો કે નથી, પણ કર્તાની ઉપર્યુક્ત બે ગુજરાતી કૃતિઓના રચના વર્ષ જોતાં આ કાવ્ય પણ વિક્રમના ૧૭મા શતકના પૂર્વાર્ધમાં રચાયું હશે, એમા શંકા નથી.

૨૩ કડીની આ કૃતિનો છંદોબંધ અઢૈવ અને ફાગ (દુહા)માં બંધાયેલો છે. ત્રંબાવતી (ખંભાત)માં સૂરિનો જન્મ, એમનાં માત–પિતાનો વૃતાંત, અમદાવાદમા દીક્ષા મહોત્સવ, સૂરિપદ તથા ધર્મપ્રવર્તનનુ કવિ વર્ણન કરે છે. જુદા જૂદા આચાર્યો વિશેના કેટલાક પ્રાચીનતર ફાગુઓમા આવે છે, એવું વસંતનુ કામવિજયનુ કે શૃંગારના ઉદ્દીપન વિભાવને અવકાશ આપે, એવું વર્ણન આ કાવ્યમા નથી. એનો છંદોબંધ ફાગનો છે તેમજ પુષ્પિકામાં પણ તેને 'ફાગ' નામ આપેલુ છે.

[મૂળકૃતિ]

શ્રી શ્રીથંભણ પાસ, નમઇ સુરાસુર જાસ; અહનિશિ ભાવસિઉએ, હરખઇ ગાઈસું એ....૧
કર જોડી વંદેવિ, કરિસિઉ કવિત સંખેવિ; ઊલટ અતિ કરીએ, સરસતિ મનિ ધરી એ.....૨
નયર ત્રંબાવતી સાર, અમરાવઈ અવતાર; વિવહારી વસઈ એ, ઘરમઇ ઉલ્હસઈ એ.....૩

ફાગ

ઉલ્હસઈ શ્રીમાલી વલી પુરવરિષિની વાટ; હંસરાજ ઘરિ ઘરિણી, તુરણી ઓઢણિ ઘાટ.....૪
હાંસલદે સુત જાઇઉ, પાઈઉ પુણ્ય અસેસ; નામ દીઉ ધર્મદાસહ, તાસહ કરૂંય વસેસ.....૫
લખ્યણ બત્રીસઈ પુરઉ, સૂરઉ ધર્મહ રાગ; શ્રી જિન નાણીય વાણીય, જાણીય ધરિઉ વઈરાગ.....૬
સંજમનઉ જંગ મંડીઉ, છંડીઉ ઘરનઉ ભાર; શ્રી ગુણનિધાનસૂરિ દીધી, લીધી દિષ્યા સાર.....૭

અઢૈઉ

લીધી દિષ્યા સાર, સયલ જીવ આધાર; સુત્ર સયલ ભણઈએ, ભવિયણ તે સુણઈએ.....૮
ગુરિ દેખ્યુ વિદ્યાવંત, ધ્યાનિ જોયું એકંતિ; લાભ દીઠઉ ઘણુએ. સંઘ તુમ્હે સુણઉ એ.....૯

ફાગ

સુણઉ સંઘ સુજાણહ, નાણહ એ વિતપન્ન; પાટઇ થાપઉ મનરુલી, સવિ કહઈ એ ધનધન.....૧૦
ઉદયકરણ આણંદઈ, વંદઈ ગુરુના પાય: અહમદનયરઇ ઈણિ પરિ, ઉચ્છવ હરખ ન માઈ.....૧૧
તાલ દમામ વાજઈ, વાજઈ તિવલ નિનદ; રણતૂરનફેરી ભેરીય, સંખ સુહામણઉ સાદ.....૧૨
ઘૂઘર વાજઈ ધમધમ, માદલ દેાંદેાંકાર; પંચ શબદ ઘરિ વા(જ)ઈ ગાજઈ ગયણ અપાર.....૧૩

અઢૈઉ

ઈણિ પરિ ઉછવકાર, વિત વાવરિઉ અપાર; પાટિ બઈસારીયા એ, ઉચ્છવ કારીયા એ....૧૪
માણિક મોતી સાર, રૂપ યોવનભંડાર; પરિગ્રહ પરિહરી એ, ક્રિયા અતિ આવરી એ.....૧૫

ફાગ

આદરી ક્રિયા જિણિ અતિ ઘણી, મઈ સુણી દેસ વિદેસિ; પંચ મહાવ્રત પાલઈ, ટાલઈ સયલ કિલેસ.....૧૬
ખટવિધ જીવહ રાખઈ, દાખઈ જિનવરવાણી; સાત ભય નીવારીઈ,વારીય મદ અઠ જાણી.....૧૭
નવવીધ સીલ સદા ધરઈ, કરઈ વિયતિ દસ વિધિ ધર્મ; એકાદસ પ્રતિમા ફહઈ, લહઈ તે સૂત્રહ મર્મ.....૧૮
ભિખુપ્રતિમા બાર એ, સારએ આપણઉ કાજ; તેર કાઠીયા નીવારીય કારીય ધર્મહ કાજ.....૧૯

અઢૈઉ

ગુણ છત્રીસ સંપન, ધર્મમૂરતિસૂરિ ધન; વંદું ઉલટ કરીએ, વિધિસું અણુસરીએ.....૨૦
ગુણનિધાનસૂરિ પાટિ, સોહઈ મુનિવર થાટિ; ગુરુતણું આગરુ એ, ખિમા અતિ સાગરુ એ.....૨૧

ફાગ

ખિમાસાગર ગુર વંદું, નંદઉ જાં સસિ ભાણ; થંભણપુરિ ગુર ગાઈઈ, પાઈઈ શિવપુર ઠાંણ.....૨૨
શ્રી કમલશેખર કહઈ, વંદીઈ ગુરના પાય; જે નરનારી ગાવઈ, પાવઈ સુખ સયાંઈ.....૨૩

[ઈતિ ગુરુફાગ સમાપ્ત]

સં- ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા
પ્રકાશક : શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિ ગ્રન્થ.

(૩૭ થી ૩૯) ધર્મમૂર્તિસૂરિ ગીતોનો સાર

અંચલગચ્છ દિગ્દર્શનમાં પેરા નં. ૧૬૮૫માં જણાવ્યું છે કે, પં. રૂડાએ કવિ દેપાલકૃત ચંદનબાળા ચરિત્રની પ્રત નવાનગરમાં ઋષિ મંગલના વાંચનાર્થે લખી. એના શિવાય બીજો કોઈ ઉલ્લેખ નથી.

ઋષિમંગલ કવિ હતા. એમના રચેલા આ. ધર્મમૂર્તિસૂરિના ૩ ગીતો પ્રાપ્ત થાય છે. વિશેષ રચનાઓનું સંશોધન થવું ઘટે.

પ્રથમ ગીતમાં ગુરૂને ગોયમના અવતાર ગણાવ્યા છે. શ્રી શ્રીમાલીવંશ હંસરાજ હાંસલદે નંદન ખંભાતરત્ન ૩૬ ગુણોથી શોભે છે. એમને વંદન કરવાથી અનંગના બાણો લાગતા નથી.

બીજા ગીતમાં કવિએ વિવિધ ઉપમાઓ ઘટાવી છે અને છેલ્લે જણાવ્યું છે કે સકલ ગચ્છના સૂરિ પર્યાયમાં સૌથી મોટા આ. શ્રી ધર્મમૂર્તિસૂરિ મ.સા. છે.

ત્રીજા ગીતામાં ૧૭ પ્રકારે સંયમ પાળનારા આ ગુરૂદેવ ૧૭મી પાટને ઉજ્જવળ કરે છે. વિ. વર્ણન કરી માત પિતાના અને ગુરૂનાનામો આપી રચના પૂર્ણ કરે છે.

(૩૭) (૧) શ્રી ધર્મમૂર્તિસૂરિ ગીતો

(રાગ : આવ્યો છું આશ ભર્યા રે)

કર્તા : ઋષિ મંગલ રચના : વિ.સં. ૧૬૬૬ આસપાસ

॥ દૅ૦ ॥ શ્રી ગુરુભ્યો નમઃ ॥

આવું રે સખી ગુરુ વંદીઈ રે, શ્રી ધર્મમૂરતિ સૂરિંદ રે સોભાગી; મુનિવર માંહિ શોભતા રે, જિમ દેવ માંહિ ઈંદા રે વિરાગી.આ૦ ૧
ઈન્દ્રી પંચ સંવર કરી રે, નવવિધ બ્રહ્મચર્ય પાલિ રે; ચ્યારિ કષાય દૂરિ કર્યા રે, એ દસ આઠ ગુણ વિશાલ રે.આ૦ ૨
પંચ મહાવ્રત અંગી કરી રે, પાલઈ પંચાચાર રે. પંચ સુમતિ રૂદય ધરી રે, ત્રણ ગુપ્તિના ધાર રે...આ૦ ૩
એહવા છત્રીસ ગુણ દીપતા રે, શ્રી ધર્મમૂરતિ સૂરિ રે; એહવા ગચ્છપતિ વંદીઈ રે, માહરઈ હઈઅડ લઈ આણંદ પૂરિ રે.આ૦ ૪
અનંગ બાણ નવિ લાગીઆ રે, જેણિ પહિરુ શીલ સનાહ રે, મદન રાય હારી કરી રે, મુખિ કરતુ ગયુ આહાહ રે.આ૦ ૫
શ્રી શ્રીમાલી વંશિ અવતર્યા રે, હાંસલદે કેરુ નંદ રે; નયર ખંભાતિ દીપતા રે, હંસરાજ કુલિ ચંદ રે.આ૦ ૬
રસના એક ગુણ કિમ કહું રે, તાહરા ગુણના નહીં પાર રે; રૂષિ મંગલ કહિ પૂજ્યજી રે, સાચઉ ગોયમ અવતાર રે.આ૦ ૭

ઈતિ ગુરુ ગીત

(૩૮) (૨)

સારદા માય તુઝ વીનવું રે, દિઉ મુઝ મતિ વિશાલ.
શ્રી ધર્મ્મમૂરતિસૂરિનાં રે, ગુણ ગાઉ હું રસાલ. માહરા ગુરજીહું વંદુ આણંદ પૂરિ...૧
રૂપવંત માંહિ કામ વહું રે, દેવ માંહિઈ ઈન્દ્ર નરેન્દ્ર માંહિ શ્રી રામ વહું રે, જયોતિષી માંહિ ચંદ્ર મા૦ .....૨
વૃક્ષ માંહિ કલ્પ દ્રુમ વહું રે, ધનુર્ધરમાંહિ અરજજન; જલ માંહિ અમૃત વહું રે, વન માંહિ નંદન વન. મા૦.....૩
ગ્રહ ગણ માંહિ આદિત્ય વહું રે, પર્વત માંહિ મેર; ગજમાંહિઈ ઈરાવત વહું રે, વાજિત્ર માંહિ ભેર. મા૦ .....૪
સયલ ગચ્છના સૂરિ માંહિ, વહું રે શ્રી ધર્મમૂરતિ સૂર; રૂષિ મંગલ કહિ વંદતઈ રે, દૂષ્કૃત જાઈ દૂર મા૦ ... ૫

ઈતિ ગુરુ ગીતં

(૩૯) (૩)

વંદિનિ જી ઉમઈ ભાવ ધરુ, શ્રી ધર્મમૂરતિસૂરિ; કિ દરસનિ દુઃખ દારિદ્ર ટરુ વં૦ ....૧
સતરભેદ સંયમ પ્રતિપાલક, સતરઈ પાટિ ઉદ્યોત કરુ; રાગ દ્વેષ દોઉ તનથિ તજી કરી, વિધિ મારગ અણસરુ વં૦ .....૨
શ્રેષ્ઠિ હંસા સુત હાંસલદે નંદન, સંયમ શ્રીયસું વરુ; પંચ સુમતિ ત્રિહુ ગુપતિ, ગુપ્તા, મદનો હન મોહસું લરુ. વં૦ .....૩
શ્રી ગુણનિધાનસૂરિ પાટિ એહ ગુર સયલ ગુણિહિ ભરુ; રૂષિમંગલ કહિ ગુણ ગાવઈ, તનકુ કાજ સરું વં૦ ....૪

ઈતિ શ્રી ધર્મમૂર્તિસૂરિ ગીત – રૂષિમંગલ કૃતં.

(ઉક્ત ત્રણે પ્રતો : આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર,
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા)

(૪૦ થી ૪૨)શ્રી ધર્મમૂર્તિ સૂરિ સ્તુતિ કર્તા : વિજયકર

રાસ સંગ્રહ પ્રેસમાં અપાયો ત્યારે આ ત્રણ કૃતિ પૂ. આ. ભ. શ્રી ધર્મમૂર્તિસૂરિની મળી જે અત્રે આપવામાં આવી છે. પ્રથમના કર્તા શ્રી વિજયકર છે જેની પ્રત ડભોઈમાં છે બીજીના શ્રી હીરશેખર શિષ્ય છે. અને ત્રીજીના શ્રી સામંત ઋષિ છે. બે પ્રતો નાની ખાખર જ્ઞાન ભંડારની છે. વિ. સં. ૧૬૭૨ ને ફાગણ માસમાં સુદ આઠમ ને સોમવારના અમદાવાદમાં ઉત્સવ કર્યો તેનું વર્ણન છે. બીજા ગીતમાં હીરશેખર શિષ્યે ગુરુનુ વર્ણન કર્યુ છે. જ્યારે ત્રીજી સ્તુતિમાં આગમના ૪૫ નામો સાથે વાચક કમલશેખર ગુરુ પાસે બીરોજ નગરમા શાહ વસ્તુપાલના પુત્ર વેગરાજે સૂત્રો વંચાવ્યા તેનું વર્ણન છે. આ પ્રકારનો ઉલ્લેખ સૌ પ્રથમવાર પ્રાપ્ત થાય છે. અને અંચલગચ્છ દિગ્દર્શનમાં આ ત્રણે કર્તાના નામનો ઉલ્લેખ થયો નથી.

(૪૦) શ્રી ગુરુભ્યો નમઃ

(રાગ : ગબ્ભ અવયાર સોહમસૂર....)

વિમલ કમલનાણ ભર કમલ વણ દિણયરં, નમવિ સિરિ ગઉડિકા પાસ મઈ સયવરં
સૂરિ સુકલાવસં સોહિયં સુંદર, થુણિસુ ભત્તીહિ સિરિ ધમ્મમુત્તિં ગુરુ...૧
થંભતિત્થમિ સગુણેહિ અલયો, વંસે સિરિ સિરીમાલ વંસંમિ ઉત્તમ તમે,
સંઘવી ગંગનામેણઈ સાહિવો, તસ્સ સુઅઆસિ હંસરાજ મહુર રાવો...૨
વિનય નય દાણ ગુણ ધારિણી ભારિયા, હાંસલદેવિ રૂવઉદારયા નિમ્મલા,
નિમ્મલા નિયપીય રાગિણી પેસાલા, સયલ કલાણ નિલયા દયા કોમલા...૩
પનર પંચ્યાસીઈ માસિ સુહ ફાગુણે, સુદ ચાઉદસી કમલિણી પચદિણે,
રાઈકુમર ધજાઉતએ ભાસુ રે, પુથ આસાઈ સૂરથ જગ સુહંકરો...૪
અસ્સણી કુમર લ્લાવણ સંજુત્તઉ, વઢએ પયદિણં સુજણ ગણ સ્તઉ,
લહૂય ભાવંમિ સોસથ સુકબાયરો, ચારુ ચારિત્ર સવિસેસ કય આયરો...૫
પાનૂર નૃથાણવઈ વરિ સિશવ સુહકરી, આદરી બહુય ભાવેણ સંજિમ સિરિ,
સૂરિ સિરિ ગુણ નિહાણા ભિહાણાગુરુ, તાસ પયમૂલિ હરિસેણ વર સુરતરુ...૬
અહમદ પુર વરે વિવહ ઉછવ ભરે, માસિ તહ ફગણિ સોલ બિડોત્તરે,
સુધ સુહ અઠમી સોમ દિવસે તઉ, ઉદય કરણો સિરિમાલ રંગાસૂઉ...૭
તેણિ તહ ઉછવો મંડિઉ હરિસઉ, સજલ જલધાર, ઈવ દાણ જલં વરિ સિઉ,
વજએ જલ્લરી ભેરિ કંસાલયા, ધમ્મમુત્તી ગુરુ ગછપય ઠાવિયા....૮
સાર સિધાંત વાગરણ તક્કાલયા, થોવ દિસેહિ ગીયત્થ ગુણ પાવિયા,
દેહિ સુહસાહિ પજન્ન લધોવમા, સૂરિ છતીસ ગણ લધિસુ મણોરમા...૯
ભવિય જણ વિસય મુગાણ બોહંકરા, જીવ છકાય પરિપાલણે તત્પરા,
ધમ્મ ચિંતામણી રયણ રયણાયરા, જાવ મહી તાવ નંદઉ સૂરી સરા...૧૦
ઈય અંચલગણહર, સીસ વિજયકર, ગુણનિહાણ સૂરિ પટ્ટધર,
જગિ મેરુ મહિધર, જાં સસિ દિનકર, તાં નંદઉ ધર્મ્મમૂત્તિગુરુ...૧૧

પ્રત :- શ્રી આર્યમુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈ- પ્રત નં. ૧૧૮૭૭

(૪૧) પૂ. આ. શ્રી ધર્મમૂર્તિ સૂરિ ગીત

કર્તા : હીરશેખર શિષ્ય (રાગ : ભવિ આવોજી સિદ્ધાચલ ભેટીંએ)

સરસતિ સાંમણિ વીનવું, દિઉમતિ નિરમલ સાર, ગાઈસુ ગચ્છપતિ રાજીયા, મનિઆણીરે હીઈ હરખઅપાર કિ...૧
દિઉગીરે વધાવઉ વધાવુરે ધર્મમૂરતિસૂરિ, વધાવુરે આણી આણંદપૂરિ, વધાવું રે સખિ મોતીયડાં થાલ કિ...૧ ॥ આ૦ ॥
ગુણ છત્રીસઈ દીપતાં વાણી અમીય સમાણ, મેઘતણી પરિગાજતા પ્રતિબોધઈરે ઈમ કરીય વખાણ કિ...૨ દિઉ૦
મમતા માયા પરિહરી જીતિઉ લોભ વિકાર, પરિગ્રહ તૃણસમો વડીકરિઉ, મુનીસરરે જિ આ મેઘકુમાર કિ...૩ દિઉ૦
હંસરાજ નંદન જાણીઈ, શ્રી શ્રીવંસિ વિખ્યાત, રૂપઈ રિતુપતિ જનમીયા, પુન્યવેલીરે હાંસલદેમાત કિ...૪ દિઉ૦
શ્રી ધર્મમૂરતિ સૂરિ વંદીઈ, શ્રી ગુણનિધાન સૂરિ પાટિ, સોહમ તારે જિમ શસી, તિમ સોહઈરે રિષીસરમાં હિ કિ...૫ દિઉ૦
મહિયલિ સાયર જાં લગઈ જાલઈ મેરું જગીસ, તાં લગ પૂજ્યજી થિરજયુ, ઈમ બોલઈ રે હીરસેખરસીસ કિ...૬ દિઉ૦

(૪૨) આગમ નામ ગર્ભિત ગુરુ સ્તુતિ

કર્તા : સામંત ઋષિ

(રાગ : શ્રી શાંતિસુવાસી)

આદિ જિણંદ ઉદાર, પઢમ તિર્થંકર, સિવ સુખદાયક જિણવરુ એ.
વંદી મનિ આણંદ, થુણસિં મનિ ધરી, આગમ નામ સુખ કેરુ એ.
ભાખ્યા શ્રી વર્ધમાનિ, અરવિ સયલ મિલી, હરખઈ ગણ હરિ ગૂંથીયા એ.
તે સબ મુજ પરિમાણ, સૂત વિરતિ ટીકા, નિજુત્તિ ચૂરણિ ભાસીયાએ...૧
પહિલું શ્રી આચારાંગ, દૂજઉ સૂયગડાંગ, તીજૂં ઠાણાંગ જાણીઈએ.
ચઉથઉ સમવાયાંગ સૂત, ભગવતી પંચમૂં છઠઉ અંગ વખાણીઈએ.
ન્યાતાધર્મ કથાંગ સાતમૂં ઉપાસક અધ્યયન શ્રાવક દસ ભણ્યાએ.
આઠમૂં અંતગડ અંગ અણુતર વવાઈ નવમઈ અંગ હિં રિખિ પુણ્યાએ...૨
દસમૂં પ્રશ્ન વ્યાકર્ણ ઇગ્યારમૂં વિપાક બાર ઉપાંગ હિં ગુણ ગણાએ.
ઉવાઈ – રાયપસેણી જીવાભિગમ હિં પનવણા પદ મઈસુએપાએ.
જંબૂદીવ પંનત્તી ચંદ પન્નત્તીય સૂર પનત્તી ભાવીયાએ.
દીવસાગર પનત્તી નિરિયાવલીયાએ, કપિયા કપવડિંસીયાએ...૩
પુફિયા પુફચૂલિયા વંહીદિશાભણું બાર ઉપાંગ એ હૂઆએ.
છ છેદ સુગણ ભંડાર નિશીથ મહાનિશીથ વ્યવહાર દશાશ્રૂત જૂજૂઆએ
પંચકલ્પ જીતકલ્પ એ છ છેદ ભણ્યાહિવ ચ્યારિ મૂલગ્રન્થ ભાખીઈએ.
ઓવશ્યક ઉઘનિર્યુક્તિ દશવૈકાલિક શ્રી ઉત્તરાધ્યયન દાખીઈએ...૪
દસ પયના ઉદાર પહિલું ચઉસરણ આઉર પચખાણ ઉધરઈએ.
ભત્તપયના તીજૂં સંથારા પયનૂય ચંદા વિજૂ સૂખકરઈ એ.
દેવંદ છઉ તંદુલ વેયાલી મરણ સમાહિય મહાપચખાણસુ આઠ મૂંએ,
ગણવિજા નરય વિભત્તી નંદી અનુયોગ પંચાતાલીસ આગમ નમૂં એ...૫
શ્રી ધર્મમૂરતિસૂરિ અંચલગચ્છપતિ મહિમા સાયર ગુણનિલુએ.
તાસુ તણઈ સુપસાઈ ભાઉધરિ મનિ કરીયં મહોછવ અતિ ભલુએ.
શ્રી કમલશેખર ગુરુ પાસિ સુણીયાઆગમ, સંવત સોલ વીસાતરઈએ.
બીરોજ નયર મઝારિ સાહ વસ્તુપાલ તન કુલ દીપક કુલ ઉધરઈએ...૬
સાહ ઈસરવેગરાજ સયલ કુટુંબ મિલી હરખઈ સુત વંચાવીયાએ.
ઈક ચિતિ સુણીયા સાર સામંતઋષિ જંપઈ પુણ્ય ભંડાર ભરાઈયાએ...૭

(૪૩) શ્રી ધર્મમૂર્તિસૂરિ ગીત–ભાવાર્થ

અચલગચ્છ દિગ્દર્શનમા પૂ. ધર્મસુંદર ગણિનો ઉલ્લેખ મલતો નથી. વડોદરાની નરસિંહ પોળમાં હસ્તપ્રતનો ભંડાર છે. શ્રી કાન્તિવિજય શાસ્ત્ર સંગ્રહની આ કૃતિ છે. આ ગીતમાં કર્તાએ સરસ્વતિ પાસે સુબુદ્ધિની માંગણી કરીને કવિ ધર્મમૂર્તિસૂરિના ગુણ ગાય છે. પૂજ્યશ્રી બાળપણમાં આગમના જ્ઞાતા થયા હતા. જાણે કલિકાળના શ્રુત કેવલી. એવા પૂજ્યશ્રી ૧૩ કાઠીયાને ક્ષમાના તલવારથી કાપ્યા અને આઠે કર્મોને પાડયા. અને વિષય–કષાયથી વિરત થયા અને ભાષા સમિતિમાં ઉપયોગવાળા થયા અને ૩૬ ગુણોથી યુક્ત છે. ગુરુના વચન અમૃત જેવા છે. શ્રી ગુણનિધાનસૂરિની પાટે શ્રી ધર્મમૂર્તિસૂરિ ચિરંજીવો ધર્મસુંદર ગણિ આ રીતે જણાવી રહ્યા છે જેમના નામથી નવનિધિ પ્રાપ્ત થાય છે. એવા વિધિપક્ષ ગચ્છમા ગુરુ ચિરંજીવો.

(૪૩) શ્રી ધર્મમૂર્તિસૂરિ ગીત

કર્તા : ધર્મસુંદર ગણિ

સરસતિ કન્હા સુબુધિ માગઉ, ગોયમ ગણહર પાય લાગઉ; પાય લાગઉ શ્રી ધર્મમૂર્તિસૂરિ ગુણ નિલઉએ....૧
બાલપણા લગ જાણઈહે, ગુરુ આગમ ધવ કાણઈએ; જાણઉહે કલિકાલઈ શ્રુત કેવલી....૨
જાણી તેરહ કાઠીયા, ક્ષિમા ખડગ કરિ કાટીયા; પાટીયા અઠઈ કર્મ વિહંડીયાહે....૩
વિષય કષાયા વિરતા હે ગુરુ ભાષા સમિતિ નિરતા હે; વિરતા હે ધણપરિયણ સુખ કરિમાહે....૪
ગુણ છતીસો પુરા હે, ગુરુ તપિ જપિ સંજમિ સુરા હે; પૂરા હે ગુરુ ગુણ મણિ રમણે બહુ ભર્યા હે....૫
ગુરુ વયણે અમીય વરી સઈ હે, જસુ દરસણિ હીયડેઉહરખ સઈ હે; વરસઈ હે ભવિયણ મહિ જલ દેસણા હે.૬
શ્રી ગુણનિધાન સૂરિ પાટઈ હે સોહઈ મિનિવર થાટઈએ; પાટઈ હે શ્રી ધર્મમૂર્તિસૂરિ ચિરંજયઉ હે....૭
ધર્મસુંદર ગણિ જપઈ હે, જસુ નામિહિ નવનિધિ સંપઈ હે; જંપઈહે વિધિ પક્ષિ ગચ્છ ગુરુ મંડણઉ હે....૮

ઈતિ શ્રી ગુરુ ગીત સમાપ્ત. – શ્રી અલવર મધે.

ખંડ – ૨ મુખ્ય પાટપરંપરા

(૪૪) ।। દૅ૦ ।। યુગપ્રધાન શ્રી કલ્યાણ સાગરસૂરીશ્વરાણમષ્ટકં લિખ્યતે ॥

काव्य : ये तार्किकास्ते किल तर्कयन्ति, गङ्गेश एवायमति प्रशस्यः । शिरोमणिर्वा मणिवृत्तिकर्ता कल्याणसिन्धौ नयनोपविष्टे ।।१।।
અર્થ : કલ્યાણસાગરસૂરિને દ્રષ્ટિ ગોચર કરતા જે તાર્કિકો છે તેઓ ખરેખર આવી રીતે તર્ક કરે છે આ અત્યંત પ્રશંસા કરવા યોગ્ય ગંગેશ[૧] જ છે અથવા મણિવૃત્તિના[૨] કર્તા શિરોમણી છે.[૩]

ये शाब्दिकास्तेऽपि च शब्दयन्ति पतञ्जः पाणिनिरेव वायम् । कात्यायनोवा चणकात्मजो वा, कल्याणसिन्धौ नयनोपविष्टे ।।□।।
અર્થ : જે શાબ્દિકો છે તેઓ પણ આ પ્રમાણે કહે છે, કે આ પતંજલિ છે અથવા પાણિનિ જ છે અથવા કાત્યાયન છે અથવા ચાણક્ય છે.

काव्ये निमग्नाऽपि च कल्पयन्ति, माघो विरञ्चिः किमु कालिदासः । बाणो मयूरोप्यथ हर्ष एष कल्याण सिन्धौ नयनोपविष्टे ।।३।।
અર્થ : કાવ્યશાસ્ત્રના નિષ્ણાતો પણ કલ્પના કરે છે આ માઘ છે કે વિરંચી છે અથવા કાલિદાસ છે કે બાણ છે અથવા મયૂર છે કે હર્ષ છે.

विचारयन्त्येव विचारविज्ञाः किं हेमसूरिः किमु हेमचन्द्रः । देवेन्द्रसूरिः किमु हेमसूरिः कल्याणसिन्धौ नयनोपविष्टे ।।४।।
અર્થ : વિચારવિદો વિચારે છે કે શું આ હેમસૂરિ છે ? કે હેમચન્દ્ર છે અથવા દેવેન્દ્રસૂરિ કે હેમસૂરિ છે.

के शाब्दिकाः के भुवि ताकिर्काः के सुहृत्त्वपाला रसविद्यकाः के । परं स्ववाक्पालनसावधाना यूयं यथा नह्यपरेऽपि केऽपि ।।५।।
અર્થ : આ પૃથ્વીપટ પર ક્યા એવા શાબ્દિકો કે તાર્કિકો છે, સૌહાર્દ (મિત્રતા) ને પાળવાવાળા કે રસ વિદ્યાના જાણનારા કોણ છે ? પરંતુ પોતાના વચનોને પાલન કરવામાં સાવધાન જેવા તમે છો તેવા બીજા કોઈ પણ નથી.

कल्पद्रुमः किं किल कामकुम्भ श्चिन्तामणिः कामदुघा ह्यसौ किम् । दृष्ट्वा तु ते दानगुणं मिथोर्थवादं विकुर्वन्नत्यलमन्य कार्यैः ।।६।।
અર્થ : તેમના દાનગુણને જોઈને બીજા કાર્યોને છોડીને અરસપરસ અર્થવાદને કરે છે.કે આ શું કલ્પદ્રુમ છે કે, ખરેખર કામકુંભ છે, ચિંતામણિરત્ન છે કે કામધેનુ છે ?

ગંગેશ– ન્યાયશાસ્ત્રના રચયિતા. મણિવૃત્તિ– ન્યાયવિષયના ગ્રંથની વૃત્તિ શિરોમણીકૃત. શિરોમણિ– ન્યાય શાસ્ત્રના વૃત્તિકાર. પતંજલિ– પાણિનિ વ્યાકરણશાસ્ત્રના ભાષ્યકાર. કાત્યાયન–વ્યાકરણશાસ્ત્રી. ચાણક્ય–અર્થશાસ્ત્રના સુપ્રસિદ્ધ કર્ત્તા. વિરંચી– મૂળ અર્થ બ્રહ્મા અન્યઅર્થ ભારવી. કાલિદાસ–મેઘદૂતના કર્તા બાણ–કાદંબરીના કર્તા. મયૂર–સૂર્ય શતકના કર્ત્તા સંસ્કૃતકવિ. હર્ષ– નૈષધીય ચરિત્રકાર. હેમસૂરિ– (૧) મલધારી (૨) કલિકાલસર્વજ્ઞ (૩) દ્વિસંધાન કાવ્યના કર્તા સમકાલીન થઈ ગયા. દેવેન્દ્રસૂરિ–કર્મગ્રંથના કર્ત્તા.

धमार्थकामेष्वपि मग्नचित्ताः, सिध्धान्त–तत्त्वाविचार विज्ञाः । मनीषिवर्गे स्थिरसौहृदास्ते, गच्छाधिराजा गुरवो जयन्तु ।।७।।
અર્થ : ધર્મ–અર્થ અને કામને વિષે પણ મગ્નચિત્તવાળા, સિદ્ધાંત–તત્વના અર્થનો વિચાર કરવામાં કુશળ અને વિદ્વદ્વર્ગમાં સ્થિર સોહૃદવાળા– મિત્રતાવાળા તે ગચ્છાધિરાજ ગુરુમહારાજ જયવંતા વર્તે છે.

गणे गणे सन्ति च पूज्यपादाः, परन्तु कल्याणसमुद्रतुल्याः । श्रुता न दृष्टा श्रवणेऽथ दृष्टौ, मिथ्या भवेच्चेच्छपथं करोमि ।।८।।
અર્થ : દરેક ગચ્છોમાં પૂજ્યપાદો છે, પરંતુ કલ્યાણસાગરસૂરિના તુલ્ય શ્રવણે સાંભળ્યા નથી. દ્રષ્ટિએ જોયા નથી. આ વાત જો ખોટી હોય તો હું શપથ કરું છું.

सिन्धुस्त्वं शशभृत्तदाहमिह चेच्, चूतः पिकोऽहं तदा सूर्यस्त्वं यदि चक्र वाक उत चेदब्दो मयूरोप्यहम्
हंसोऽहं यदि चेच्च मानससरो हारोमणिर्मध्यगः श्रीकल्याणसरित्पते गणपतिः शिष्योस्म्यहं ते तदा ।।
અર્થ : જો તમે સિંધુ છો તો હું ચંદ્ર છું, જો તમે આમ્રવૃક્ષ હો તો હું કોયલ છું, જો તમે સૂર્ય છો તો હું ચક્રવાક છું, અથવા જો તમે મેઘ હો તો
10 હું મયૂર છું અને જો તમે માનસ સરોવર છો તો હું હંસ છું, જો તમે હાર છો તો હું મધ્યમા રહેલો મણિ છું. હે કલ્યાણસાગરસૂરિ મહારાજ ! જો તમે ગચ્છાધિપતિ છો તો હું તમારો શિષ્ય છું.

(૪૪) કલ્યાણસાગરસૂરિ ચઉમાસા રાસ સાર

કવિ દયાશીલ વિજયશીલના શિષ્ય હતા. અંચલગચ્છ દિગ્દર્શનમા ૧૭૩૪ (અ)માં ઉલ્લેખ મળે છે કે એમણે આ કલ્યાણસાગરસૂરિના ગીતોની રચના કરી હતી.

આ ચઉમાસા રાસમા આષઢ – શ્રાવણ – ભાદરવો – આસો આ ચાર માસમા બનતી ઘટનાઓનો ઉલ્લેખ, માતા – પુત્રના મુખે સંવાદ રચીને કર્યો છે. અંતે માતા પાસે અનુમતિ મેળવીને કોડનકુમાર દીક્ષા લે છે. (હાલમાં વિનયશેખર રચિત 'શ્રી કલ્યાણસાગરસૂરિ છંદ' ભાષામાં જણાવે છે કે કોડણકુમાર નાના હતા ને માતા પિતા સ્વર્ગે સંચર્યા ને મામાને ત્યાં મોટા થયાં અને મામાએ આ. ધર્મમૂર્તિસૂરિ મ. ને સોપ્યા. અસ્તુ.) શાસનદેવીની સુચનાથી અલ્પવયમાં સૂરિપદ ધારક થયા. ત્યારે ગોવિંદ મંત્રીએ ઉત્સવ કર્યો. આ વર્ણન લગભગમા એક સરખુ છે.

20 છેલ્લે કવિરાજે વિરમગામમાં શ્રી સુમતિનાથ દાદાની કૃપાથી રવિવારના દિવસે ૮ ઢાળો પૂર્ણ કરી છે. આ રાસ સાહિત્યિ ગુણવત્તાની દ્રષ્ટિએ પણ નોંધપાત્ર છે.

આજ કવિનું રચેલું કવિત્ત પણ ચઉમાસા રાસ પછી આપ્યું છે.

(૪૫) શ્રી કલ્યાણસાગરસૂરિ ચઉમાસા રાસ

કર્તા : વિજયશીલ શિષ્ય દયાશીલ.

રાગ : સામેરી, સ્વસ્તિ શ્રી નયરી –એ દેશી

કમલ સુત તનયા સદા, કર જોડી પ્રણમું પાય; વિધિપક્ષ ગુરુ ગુણ સંસ્તુવા, વરદાન દિ મુઝ માય. કલ્યાણ નામિઈ સંપજઈ કલ્યાણ કોટિ વિશાલ; શ્રી ધર્મમૂરતિસૂરિ પાટઈ મુનિવર પાટિ રસાલ રે...૧
ભવિજન એહવા મુનિવર વંદીઈ રે, શ્રી કલ્યાણસાગરસૂરિ રાય રે; જસ નામ જપઈ દુઃખ જાય રે, ભવિજન એહવા મુનિવર વંદીઈ રે...૨

મુનિ સબલ સંયમ શ્રુતમતી બહુ લબધિ મહિમ નિવાસ; મુખિ વાણિ અમૃત રસ ઝરઈ, જિત મીને કેત વિલાસ;
30 ગુણ ગાયસિ ઉ ઊલટિ ઘણઈ, મનિ ધરી પરમાણંદ; ચઉમાસિ દેશન જલદ પીવઈ સાવય ચાતક વૃંદ રે...૩

વઢીયાર દેશ વીરાજીઈ, લોલપાટ નગર ઉછાહ; શ્રીમાલી વંશિઈ દીપતા, તિહાં વસઈ નાનગ્ શાહ; તસ ઘરણિ નામલદે ભણું, તસ કૂખિ સર ચંદ સાન, માસ પૂરઈ જનમિય તે કોડણ કુંઅર પ્રધાન રે....૪

વડ ચઉદ વિદ્યા થિતિ ધરી, વેર ચતુર મોહણ વેલિ; સોભાગ નિધિ ગુણ સુંદરૂં, નિત કરઈ નવ નવ કેલિ, ધર્મ રંગ રસ રાગી ઘણૂ, થિહૂ વૃદ્ધિ ચઉ ભંડાર; ઈણિ અવસરિ તિહાં આવીયા, ધર્મ્મમૂરતિ સૂરિ ગણધાર રે...૫

ઊલટિ અંગિઇ અતિ ઘણું, ગુરુ વાંદવા બહુ ભાઉ; વિધિ વંદનઇ જઈ વાંદીયા, અંચલગચ્છકાં રાઉ. દેશના દાખઈ સગુરુ, સાચી સુણઈ નાનગ નંદ; વઈરાગ રંગિઈ પૂરિયા અભિનવઉ મેઘ મુણિંદ.૬

જલ બિંદુની પરિ કારિ ચઉ, સહુ દેખીઈ સંસાર. હિવ ભાવ સિઉ સંયમ ધરી, વલી કરિસિ પર ઉપગાર; ગુરુ વાંદી અનુમતિ લેવવા નિજ માત પાસઈ જાય, પય લાગિ નઈ કહિ, મૂહનઇ અનુમતિ દિઉ મોરી માય....૭

ઢાળ –૨

રાગ : દેશાખ, અ પ્રસિદ્ધ એ દેશી

શ્રવણ સુણી કુંઅરની વાણી, બોલઈ નામલદેવી માત; એસ્યું રે વચન કહિઉ સોભાગી, સંયમની છઈ મોટી વાત...૧
સાંભલી મોરા કુંઅર સુકોમલ, કોમલ કદલી દલ સમ કાયા; દુષ્કર સંયમ પંથ છબીલા, ભોગવિસુખ માનવ ભવ આય...૨
આંકણી.
ભોજન ભિક્ષા વિહાર કરેવું, લોચ કરેવું ઉહનૂં નીર. તાપ તાઢિં બહુ સહેવા, મઈલાં વરસાઈ લઈ વલી ચીર...૩
પ્રહિ ઊઠી પચ્છખાણ કરેવા, તું નંદન સહિજઈ સુકુમાલ; જોગીજપ તપ જોગ ચલેવઉ, ભોગીયડાં સુખ પાવસ કાલ...૪
આસા માસં આસાઢૂ આવઈ, આદરસિઉ વરસઈ ઘણ મેહ; પાણીમા ગલ હિ પરની લઈ, રેલીખે ત્રખલા કરઈ મેહ...૫
ચિંહુ દિસિં વીજ ખવાઈ ઝબકાલી, વાદલડાં ચ્છાહઈ આકાસ;ગાજઈ જલદ ગુહી રસરાલુ, કોડ બિક જન પૂરઈ આસ...૬
મેદિની પહિરઈ મનિ આણંદિઈ, કંચૂઅડુ નીલું બહુ રંગ; આવત દેખી મેઘ પીયારું, મિલવાનઈ માનુ અતિ રંગ...૭ 10
દાદુર ઢંક બલાક કમેડી, સારસ કોકિલ હંસ ચકોર; ચાતક ચાસ કરઈ ચતુરાઈ, નાચઈ નિ રતિ કરઈ સોર...૮
સેજઇ પુષ્પૂ સદા સચવાઈ, ભોગીયડા સુખ માસ અસાઢ; પંચઈ ઈન્દ્રી સુખ દિન એહી, સંયમિયાં વ્રત પંચ અગાઢ...૯

ઢાળ–૩

રાગ : મલ્હાર

ઝરમરિ વરસઈ મેહ કિ ભીંજઈ ચૂંનડી રે – એ દેશી

સાવન સાચઉ માસ કિ વરસઈ સરવડે રે; નીર તણાં નહીં જોર કિ જોર કેસર ઘડઇ રે
નેવા નીર સવાદ કિ લીજઈ કરવડઈ રે; ગાવઈ ગીત રસાલ કિ નારી નર વડઈ રે....૧

કામિનિ સજીય સિંગાર કિ પીઉડા સિઉ રમઈ રે; મંદિરિ સેજિ સૂહાલી કિ સૂતા નિશિ ગમઈ રે.
તરુણી રંગ સવાદ કિ લીનઉ નર ભમઈ રે; ભાવતાં ભોજન સાર કિ સાર કિસ્યાં જિમઈ રે...૨

હરિયાલી દેખી ભૂમિ કિ બાલી બલ કરઈ રે, દેખાવીનિ જહાવ કિ ભાવસ્યૂ મન હરઈ રે; 20
ચતુરાઈ ચિત લાઈ દેખાવત નવિ હરઈ રે; માનિની મનસ્યૂ માન કિ પ્રીતમસ્યૂ ઘરઈ રે...૩

શ્રાવન ભોગી માસ કિ સાસરું ભેટીઇ રે; સીલી સાથિ કિ આલિ ચપેટીઈ રે;
રમીઈ રંગ વિનોદ કિ મોદ પંચોટીઈ રે; કીજઈ વેશ વિલાસ કિ આસન મેટીઈ રે...૪

ભોગીયડા એ માસ કિ આસ પૂરઈ ઘણી રે; સુણિ પામી કુંઅર ભોગ કિ જોગલિ ઇસ્યા ભણીરે;
ઈમ પહિલા કિમ સંસાર કિ મૂકું આપુણ રે. પછઈ લેયો ભોગવિ ભોગ કિ સંયમ હા ભણી રે...૫

ઢાળ – ૪

રાગ –મલ્હાર

ભાદ્રવડુ ભરઉ નઈ, વરસઈ ઘોર અંધાર રે; બાપીયડુ પીઉ પીઉ કરઈ મોર કરઈ કિંગાર રે....૧
કોડણ કુંઅર સાંભલુ દોહલું સંયમ યોગ રે; પાંવસરહીસુખભોગઉ, દિનિ દિનિ નવલ સંભોગ રે,
કોડણ કુંઅર સાંભલુ. આંકણી..૨ 30
પાણી પૂર વહિ ઘણું, નદી નીર અસરાલ; નિઝરણાં ગિરિ ઉલટી, સરઈ સરોવર તાલ. કો૦ ૩
દૂરિ ગયાં ઘરિ આવવા, માંડઈ પંથીડાં આસ રે; વિરહણી નિજ પીઉ સાંભરઈ, સૂતાં સેજિ ઉહલાસિરે કો૦ ૪
પંખીયડા માલા વણઈ, રહિવા નવ નવ ભાતિ રે; જોડ લઈ કેલિ કરઈ ઘણું, હંસા હંસી દિનરાતિ રે. કો૦ ૫
પીઉ નવિ છાંડઈ કામિની સજી સયલ સિંગાર રે; ગુખિ બઈઠા બેહુ જોડલઈ જૂઈ જલતણી ધાર રે કો૦ ૬
સારીગમપધની તે આલપી, સાધઈ સાત સુર તાન રે; દેસી અનાગત દાખવઈ, જૂઇ જસ ન ગુણ ગ્યાન રે કો૦ ૭
ભાદ્ર વડઈ સુદિ પંચમી, પાલઈ પુણ્યવંત લોગ રે; દાનાદિક ધર્મ સાચવઈ, ટાલી મન તણા સોગ રે. કો૦ ૮
ભાદ્રવ ભોગીયડાં ભલુ, દોહિલું મુનિવર જાણિ રે; સંયમ છઈ વછ દોહિલું, ભોલા ભોલિ મમાણિરે કો૦ ૯

ઢાલ – ૫

રાગ : કેદારુ – પ્રભુ વંદી ઘરિ આવી ઉ રે – એ દેસી

આસૂઈ આસા સવિ ફલઈ રે, નિરમલ જલ કલ્લોલ; કમલ દલિ અલિ મધુકરી રે, કેલિ કરઈ રંગરોલ...૧
ભોગીયડા ભોગવિ ભોગ વિલાસ, યુવતી જન મન મોહની; પરણાવું પંચાસર ભો૦ આંકણી...૨
ભાંભર ભોલી સવિ મિલી રે, તાલઈ ગાવઈ ગીત. તાલોટાદિ હરખતી રે, આંસૂ અડઈ એ રીતિ ભો૦ ૩
ચંદ્રમુખી મૃગલોચની રે, ચંપક વરણી વાનિ પહેરણિ ચરણા ચોલડી રે, ખીંટલી ખટકઈ કાનિ. ભો૦ ૪
મસ્તકિ સઇથઉ દીપતઉ રે, વાસિ ગજ્જ તુ વેણિ; દંત દાડિમ કલી જેહવા રે, જાણઉ મયણ તણી એ શ્રેણિ ભો૦ ૫
અધર બિંબ વિદ્રુમ જિસ્યા રે, નાશા શુકની ચંચ; ઉન્નત પીન પયોધરી રે, હંસ ગમનિ ગતિ સંચ. ભો૦ ૬
હાર નિગોદર બહિરખા રે, ફૂલી ફરકઈ અંગિ; ઝાંઝરડાં ઝમકાવતી રે, આવઈ પીઉનઈ સંગિ. ભો૦ ૭
ઊંચઈ મંદિર માલીઈ રે, સુર તરુથી રસ કેલિ; ગાથા બંદ પ્રહેલિકા રે, ગોઠિ કરઈ ગુણ ગેલિ. ભો૦ ૮
ચ્યાર દિશા હૂઈ નિરમલી રે, પંથી ટલિઉ રે ઊચાટ; પરદેશી પીઉડા તણી રે, જોવઈ જુવતી વાટ. ભો૦ ૯
ઈણિ માસિઇ સુખ એહવરિ, તે કિમ છંડયા જાઈ; મીણ દંત લોહમય ચિણા રે, ચાવઈ કેણિ ઉપાઈ. ભો૦ ૧૦

ઢાળ – ૬ (ગુડી પૂજ્ય પધારીઈ – એ દેસી)

માત વચન ઈમ સંભલી બોલઈ કોડણ કુમાર; એ સુખ છઈ સવિ સોહિલાં, દોહિલું ધર્મ વ્યાપાર રે...૧
અનુમતિ દીજ્જઈ શ્રીગુરુ ચરણ પ્રસાદ ઈ રે, ભવ ફલલીજ્જ ઈ અ૦ આંકણી. ૨
એણઈ જીવઈ, સુખ ભોગવ્યા, પામી વાર અનંત; તૃપતિ નહીં તુહિ જીવનઈ, તે જાણઈ ભગવંતો રે અ૦ ૩
દોહિલુ જિન ધર્મપામીઉ, દોહિલઉ ઉત્તમ વંશ; તે પામી કિમ હારીઈ, લીજઈ ધર્મ પ્રશંસો રે. અ૦ ૪
ધન યૌવન ચંચલ ઈસ્યાં, જેહવઉ કુંજર કાંન; તેહસિઉ ક્ષણ નવિ રાચીઈ, આણી જિનમત ગ્યાન રે. અ૦ ૫
સંયમસિઉ મન વેધીઉ, જિમ અલિ પુષ્પુ રસ પાન; અનુમતિ દિઉ મારી માડલી, હું માગું એટલું માનો રે અ૦ ૬
ઈમ સમુઝાવી માડલી, અનુમતિ લહી નિરધાર; ગુરુ પાસઈ આવી કરી, માગઈ સંયમ ભાર રે. અ૦ ૭
શુભ મહૂરતી જોઈ કરી, શુભ મનિ સંયમદિ નિજ હાથિ; પંચ મહાવ્રત ભાવતાં, વિહાર કરઈ ગુરુ સાથિ રે. અ૦ ૮
સૂત્ર અરથ સવિ સીખીયા, જાણી કરઈ વિચાર; શાસન દેવ તિ પૂછીનઈ, દીજઈ શ્રી પદ સારો રે. અ૦ ૯

ઢાલ – ૭

(રાગ : મેવાડું – રુકમણીજી ઘન – એ દેસી.)

શ્રી ચક્કેસરી શાસન દેવતા, વિધિપક્ષગચ્છ રખવાલિ; ધ્યાન બલિઈ કરી આવીનઈ, કહિ પૂરવ વચન સંભાલિ....૧
ધન ધન અંચલગચ્છ ગુરુ રાજ્જઉ શ્રી ધર્મ્મમૂરતિસૂરિ. નામિઈ નવનિધિ સિદ્ધિ સુખ પામીઈ, દરસણિ દુષ્કૃત દૂરિ. ધન૦ ૨
આચારિજ પદ ગુરુજી આપ્યો, કલ્યાણસાગર ગુણવંત; દિનિ દિનિ મહિમા અધિકુ વાધરિ, હોસિઈ સૂરિ મહંત. ધન૦ ૩
એહવું જાણી રે આવઈ ગચ્છપતિ સાથઈ બહુ પરિવાર; રાજનગરિ માહિ ઉચ્છવ મંડીઈ, ઘરિ ઘરિ મંગલ ચ્યાર. ધન૦ ૪
ધવલ મંગલ દિ રે બઈઠી કામિની, જય જય બોલઈ રે ભાટ; ગંધર્વ ગાવઈ રે ગીત સોહામણા, મિલિયા શ્રાવક ઘાટ. ધન૦ ૫
માહ સુદિ છઠિ રવિવારિ, જાણીઈ આપઈ શ્રીપદ મંત્ર; મંત્રી ગોવિંદ ઉચ્છવ બહુ કરઈ, ખરચઈ દ્રવ્ય અનંત. ધન૦ ૬
યાચક જનનઇ રે સપરિ સંતોષિયા, દીજઈ દાન અનેક; સાહમીવચ્છલ વિધિસ્યૂં સાચવઈ, ભોજન ભગતિ વિવેક. ધન૦ ૭
પંડિત વાચક પદાદિ દીપતા, દિનિ દિનિ અધિક પ્રતાપ; શ્રી આચારિજ ભાવિઈ વંદતા, જાઈ ભવનાં રે પાપ. ધન૦ ૮
અંચલગચ્છિ ગુરુ મહિમાં દીપતા ઉચ્છવ અનેક મંડાણ કલ્યાણસાગરસૂરિ આચારય તણી, માનઈ શ્રી સંઘ આણ ધન૦ ૯
સુમતિ જિણેસરનઈ સુપસાઉ લઈ, વીરમગામ મઝારિ; શ્રી વિજયશીલનઈ સીસિઈ, એ રચી ઢાલ વસુ રવિવારિ. ધન૦ ૧૦

કળશની ઢાળ

રાગ : ધન્યાસી–મેવાડા મિશ્ર. મેરી સજની ગિરિધર આવઈ–એ દેસી.

મેરે ભવિયાં ગુરુ ગુન ગાવુંરી, શ્રી કલ્યાણસાગરસૂરિ રાય; મેરે૦ આંકણી...૧
ધન ધન શ્રીશ્રીવંશ સુંદર, સાહ નાનગ ધન ધન; ધન ધન નામિલદેવિ વખાણું, જિણિ જન્મ્યા પુરુષ રતન. મેરે૦ ૨
ધન ધન શ્રી ધર્મમૂરતિ સૂરિ, જણિઈ દીખ્યા દીધ; ધન ધન ગોવિંદ સાહ સાચઉ, જિણિ નરભવ ફલ લીધ. મેરે૦ ૩
ધન ધન શ્રાવક શ્રાવિકા જે નમઈ ગુરુ નિસિ–દિસ; ધન ધન તે પુર દેસ ગ્રામિઇ, જિહાં પાઈ ઠવઈ એ મુનીશ. મેરે૦ ૪
જિહાં ધુઅ શશિ રવિ ગયણિ તારા, જિહાંહ મેરુ ગિરિંદ; દયાશીલ કહિ પ્રતપ ધણું, એ દિનિ દિનિ સૂરિંદ. મેરે૦ ૫

ઈતિ શ્રી કલ્યાણસાગરસૂરિ ચઉમાસા ઢાલ સમાપ્ત : શ્રી :

(પ્રત : શ્રી ચંદ્રસાગરસૂરિ જ્ઞાન ભંડાર, ઉજ્જૈન)

(૪૬) શ્રી કલ્યાણસાગરસૂરિ કવિત્ત

(રાગ : અસાઉરી) રચના – "દયાશીલ"

સહિ ગુરુ રે બાઈ સગુણ ભાગી, અમૃત વયણે વરસઈ રે..કલ્યાણસાગર સૂરીશ્વર દરશન જોવા, ભવિયણ તરસઈ રે..સ.૧
મૃગનયણી સસિ વયણી બાલા, સોલ સિંગાર સીહાવઈ રે ઉલટ અંગિ ધરી અધિકેરૂ, ભાવઈ ગુરુ ગુણ ગાવઈ રે....સ. ૨
આસ્યું રે આસ્યું રૂડું દીસઈ, કમલવદન સુખકારી રે માન દીઈ ભૂપતિ મુછાલો, પાઈ નમઈ નરનારી રે...સ. ૩
નાન્હ ડીઉ ગુરુ નયણે જોતા, હીયડબુ હે જિ દીસઈ રે જિણવર વચન સુણાવઈ રૂડા, લબધિ ગૌતમ દીસઈ રે...સ. ૪
સાહાનાના નંદન રલીઆલુ, નામલદેનું જાયું રે ધર્મ્મમૂર્તિ સૂરિ પાટઈ દીપઈ, સૂરિ સિરિમણિ ભાયું રે...સ. ૫
એહના વચન સુણી નઈ રૂડાં, ધર્મવંત ધુરિ થાસ્યું રે દયાશીલ કહિ એ ગુરુ નમઈ, હરખ ધરિ અમ્હે ગાસ્યું રે...સ. ૬

ઈતિ શ્રી ગુરુ ગીત..

(૪૭) શ્રી કલ્યાણસાગરસૂરિજી ભૂજ પ્રવેશ પદ્ય – સાર

કર્તા : થાનસાગરજી

મુનિ થાનજુનો ઉલ્લેખ અ.દિ. પેરા નં. ૧૭૪૭ માં છે જેમાં ભૂજ પ્રવેશ કાવ્યની વિગત છે.

આ કાવ્યમાં મુનિ થાનજુ જણાવે છે કે આ. કલ્યાણસાગરસૂરિજીને કચ્છ પ્રદેશમાં પધારવા ભારમલ રાજાએ વિનંતી પત્ર લખ્યુ.

પૂજ્યશ્રી પધારતા બધા રાજકુંવરોને સામૈયામા મોકલ્યા. સામૈયામા કેટલા કેવા વાજિંત્રો હતા. અને એજ સામૈયામાં સોનાના હાર દાનમા અપાતા. વિ. વર્ણન કર્યા પછી પૂજ્યશ્રીને સૂરિ શિરોમણી તરીકે બિરદાવ્યા છે.

આ કાવ્યમાં કચ્છી અને હીન્દી શબ્દોનું મિશ્રણ હોવાથી મીઠાસ એટલી ભરી છે કે ધ્યાનથી વાંચવામા આવે તો સામૈયાનું વર્ણન વાંચનારને સ્મૃતિપટમાં ચિત્ર રૂપે દેખાય.

(૪૭) શ્રી કલ્યાણસાગરસૂરિજી ભૂજ પ્રવેશ પદ્ય

કર્તા : થાનસાગરજી

પચ્છમ દેશમેં કચ્છ નરેશ, ભૂપતિ ભારમલ બોલાયે; લખે ફરમાન દીયે બહુ માંન, વંદનકું સબ કુંવર ચડાય
ગુગરી ઘંટ નાદત શોભિત, સિંદૂર આગે ચલાયે; કહે મુનિ થાનજું એસે ગમંડમેં ભૂજમેં સૂરિ કલ્યાણજું આયે...૧
સોનેકી પાખર સોનેકી નેવર, એસી તુરંગમે બહોત બનાઈ; ભેરી મૃદંગ દામ દુરંદમ, નહીયત ફેર નિશાન બજાઈ.
મલી સૌ નાર સજી શણગાર, સોને મોતિકું ગુરુરાજ વધાયે; કહે મુનિ થાનજું એસે ગમંડમેં, ભૂજમેં સૂરિ કલ્યાણજું આયે.૨
ગુરુ ભેટન તબ સેન ચલી, સબ બહુત ચીર પીતાંબર છાયે; ચિહું દિશિ વિશાલ સોવનકી માલા, જયું એસો દાન ગુણીજન પાયે.
ભલે ભલે ભેદસેં કીની જુગતિ, સૂરિ શિરોમણીકે ગુણ ગાયે; કહે મુનિ થાનજું એસે ગમંડમેં, ભૂજમેં સૂરિ કલ્યાણજું આયે.૩

(૪૮) બારમાસી સાર

વિજયશેખરની ઘણી રચનાઓ મળે છે. અચલગચ્છ દિગ્દર્શન પેરા નં. ૧૬૬૧ થી ૬૩ માં રચનાઓનો ઉલ્લેખ છે.

આ બારમાસામાં શ્રાવણથી આષાઢ સુધીના મહિનાઓ એમાં આવતા પર્વો, એ મહિનાઓમાં ખવાતા ધાન્યો – રમાતી રમતો, તેના શૃંગાર આદિનો ઉલ્લેખ કર્યો છે.

માતાના મોહ વચનો સાંભળીને કોડણ કુમારને સંસાર સુખમાં રૂચિ ન થઈ.

અંતે માતાના શીખ – આશીર્વાદ લઈ પૂ. ધર્મમૂર્તિસૂરિ મ.સા. પાસે ચડતે પરિણામે દીક્ષા લીધી. આ કાવ્ય પૂર્વે આવેલ ચઉમાસા રાસ જોડે મળતુ આવે છે.

અંતે કવિ કહે છે કે જે નર નારી બારે માસ ગુરૂજીને પૂજશે – ગુણલા પ્રેમથી ગાસે તે સુખી થશે. તેવું વર્ણન આ કાવ્યમા કરાયું છે.

(૪૮) શ્રી કલ્યાણસાગરસૂરિજી બારમાસી

કર્તા : વિજયશેખર

॥ લૂયા ॥ જી હો શ્રી નમઃ

જી હો શ્રાવણ આયુ રંગ રસિઉ, જીહો વરસઈ ઘોર અંધાર; જી હો ડૂંગરમાં હરી લૂયા, જી હો મોર કરિઈ કિંગાર...૧
વાલ્હેર તુમ વિણ ઘડી ન જાઈ, જી હો રહુ રહુ ઘરિ આપણઈ; જી હો તુમ દિરિસણિ સુખ થાઈ, વાલ્હેર તુમ વિણ ઘડી ન જાઈ..૨

॥ આંચલી ॥

જી હો ભાદ્રવ મઈ ભર ગાંજીઉ, જી હો ખલહલ વહિ પૂર; જી હો પીઉ પીઉ બોલિ બાબયડુ, જી હો તિણ સમિ મદન પડૂર...૩ વા.
જી હો આસૂ આસ સવે ફલિ, જી હો ગયણઈ નિરમલ ચંદ; જી હો પરવ દીવાલી દીપતું, જી હો રહુ ઘરિ નયણા નંદ...૪ વા.
જી હો કાતીમાસ સોહાં મણું, જી હો ઘરિ ઘરિ ઊછવ સાર; જી હો અન્ન નવાં આરોગીઈ, જી હો ગાવઈ કામણિ સાર...૫ વા.
જી હો માગસિરિ સુખ ભોગવું, જી હો વાઈ સીતલ વાય; જી હો તિણિ રતિ સંયમ દોહિલું, જી હો રહું મંદિરિ ચિત લાય...૬ વા.
જી હો પોસ નિસા અતિ દોહલી, જી હો પ્રમદા પ્રેમ સંજોગ; જી હો દેખી ચિત ચંચલ હુંવઈ, જી હો ભોગવુ રમણી ભોગ...૭ વા.
જી હો સીય પડઈ સીયાલડઈ, જી હો માહ માસ વિકરાલ; જી હો કૂંલી કાયા તુમ્હારી, જી હો લઘુ વઈ અતિ સુકુમાલ...૮ વા.
જી હો ફાગુણ હોલિ ખેલણાં, જી હો ભરિ ભરિ પચરકિ સાર; જી હો લાલ ગુલાલ નાખુ તિહાં, જી હો વાઇ ચંગ ઉદાર...૯ વા.
ચૈત્ર માસ આવિઉ વહી, જી હો સબ ફૂલી વણરાઈ; જી હો મુહર્યા આંબા મહિકતાં, જી હો કોકિલ સબદ સુહાઈ...૧૦ વા.
જી હો નરનારી ટોલિ મલી, જી હો જાઈ વાગ મઝાર; જી હો માસ વિસાખ સુખઇ રમું, જી હો કેસૂ ફૂલ્યા સાર...૧૧ વા.
જી હો જેઠ માસ અતિ આકરુ ઉ, જી હો સૂરિ તપઈ લૂ વાઈ; જી હો કેસર ચંદન લાઈઈ, જી હો સંયમ કેમ સૂહાઈ...૧૨ વા
જી હો માસ આસાઢ સોહાવીય ઉ, જી હો ઊનઈયા ઘણા મેહ; જી હો ચમકિ ખિણિ વીજલી, જી હો સાલિ અધિક સનેહ...૧૩ વા.
જી હો મોહ વચનઈ સમળાવીય ઉ, જી હો કોડણ કુમર પ્રધાન; જી હો ન રુચિ સુખ સંસારનાં, જી હો સુંદર બુદ્ધિ નિધાન...૧૪ વા.
જી હો સીખ લઈ માતા તણી, જી હો જઈ વંદિ ગુરુ સોય; જી હો ચડતિ ચિતિ સંજમ લીયું, જી હો સોનિસા મન હોઈ...૧૫ વા.
ધરમમૂરતિ સૂરિસરઈ, જી હો જાંણી સીખ સુજાણ; જી હો પાટિ ધુરિંધર થાપીયા, જી હો દીપઇ જિમ જગ ભાણ...૧૬ વા.
જી હો નામલદે સુત લાડિક ઉ, જી હો કલ્યાણસાગર સૂરિ રાય; જી હો અંચલગચ્છિ કમલા કરૂ, જી હો સેવિ સુર નર પાય..૧૭ વા.
જી હો દ્વાદશ માસઈ પૂજીજી, જી હો ગાય ઉ પ્રેમ અપાર; જી હો વિવેકશેખર પંડિત તણ ઉ, જી હો વિજયશેખર સુખકાર...૧૮ વા.

ઈતિ શ્રી પૂજ્યના દ્વાદશમાસી સંપૂર્ણ

(પ્રત – શ્રી અનંતનાથ જિનાલય જ્ઞાનભંડાર)

(૪૯ થી ૫૨) પૂ. આ. કલ્યાણસાગરસૂરિ ચારભાસ કૃતિઓનો સાર

અચલગચ્છ દિગ્દર્શન પેરા નં. ૨૦૧૭ માં લક્ષ્મીચંદ્રના નામે એકે કૃતિનો ઉલ્લેખ નથી. અહીં ચાર ભાસ એમના નામે પ્રગટ થઈ રહ્યા છે. કવિએ અન્ય રચનાઓ પણ કરી હશે.

પ્રથમ ભાસમાં પૂજ્યશ્રીને કવિરાજ નવાનગરમાં પધારવા વિનંતી કરે છે.

બીજા ભાસમાં પૂજ્યશ્રીને શ્રી ગૌતમસ્વામી – શ્રી સુધર્મા સ્વામી, શ્રી જંબુસ્વામી – શ્રી વ્રજસ્વામી સાથે સરખાવીને ગુરૂના ગુણગાન ગાયા છે.

ત્રીજા ભાસમાં જુદા જુદા પશુ – પક્ષીઓને શું મળે તો ઈચ્છા પૂર્ણ થાય એનું વર્ણન કરી કવિ ગુરૂના દર્શને પોતાના અવતાર સફળ થશે એમ જણાવે છે.

ચોથા ભાસમાં કવિ જોષીઓને જણાવે છે કે તમે જોષ જુઓ ગુરૂજી ક્યારે પધારશે...? સાચું લગ્ન જોઈ આપશો તો તમને સોનાની જીભ અપાવીશ.'

અંતે ગુરૂ આવ્યાની વધામણિ મળી. ને કવિની અંતરેચ્છા પૂર્ણ થઈ. આ ચારે ભાસ પરથી એ વાત ફલિત થાય છે કે શિષ્યોને ગુરૂના ગુણો પ્રત્યે કેવો બહુમાન ભાવ છે. અને ગુરૂ પણ શિષ્યોને કેવા વાત્સલ્ય ભાવથી ભીંજવતા હોય છે. કે સતત ગુરૂને ઝંખ્યા જ કરતા હોય છે.

(૪૯ થી ૫૨) શ્રી કલ્યાણસાગરસૂરિનાં ચાર ભાસ

કર્તા : પન્યાસ લક્ષ્મીચંદ્ર

(૪૯) (૧) ટાળ રસિયાની

ગુરુજી રે આવો જાઉ વાટડી, શ્રી ગુરુ આગમ રે જાણ સોભાગી;
રાત દિવસ હું સુતાં જાગતાં, મન વસિ નામ કલ્યાણસૂરીસર...૧ ગુરુજી૦
ભટારક ગુરુ જાઉ ભામણિ, જીવન જુગહ પ્રધાન, માહરા ગુરુજી;
સૂરિ સોભાગી એક તુમ ઓલગું, સેવા તોરી રે ધ્યાનિ વાલેસર...૨ ગુરુજી૦
ગચ્છનાયક ગચ્છિ ગચ્છિ ગણતરી, પ્રભુ તા મનિ રે આપ તે મનસું;
વિદ્યા સંજમ સમતાઈ કરી, વિધિપખિ વડિ પ્રતાપિ ગણધર...૩ ગુરુજી૦
વિનય વિવેકી જાણી માહરું, વિનતડી અવધારી સહિ ગુરુજી;
મહિર કરીનઈ શ્રી સંઘ ઉપરિ, નવિનગરિ રે પધારિ, મોરા પૂજ્યજી ...૪ ગુરુજી૦
અંચલગચ્છપતિ ગુરુજી આવીઆ, સંઘની પૂરી રે આસ;
ભલઈજી આણંદિ ગુરુ ચરણિ, નમિ લક્ષ્મીચંદ્ર પન્યાસ ...૫ ગુરુજી૦

ઇતિ ભાસ..

(૫૦) (૨) અથ ટાલ ફાગની

અંચલગચ્છપતિ ગાઈઈ, શ્રી ગુરુ ગુણ–ભંડાર; ગોયમ સોહમ સારિખા, જંબૂ વયર કુમાર...૧
મોહ મચ્છર મદ વારણ, તારણ વાહણ સમાન; સોભાગી ગુણ સુંદર, દેહ સોહિ સોવન વાંન...૨
સોમપણિં જીત્યો ચંદ્રમા, જીત્યો તેજિં ભાંણ; હાથી હંસ તે જીતલા, ગતિ પ્રભુ તું જગિ જાંણ...૩
નયણ વયણ કરણિ, જીતલા કમલસુ–રંગ; દાનિં ચિંતામણિ સુરતરુ, જસ ગુણ નિરમલ ગંગ...૪
સાગર જીત્યો ગંભીરમિ, મધુરિમ વાણિઇ સાર; તુમ ઉપમ કુણ આવએ, સંયમશ્રી ભરતાર...૫
પુણ્ય પસાઈ પાંમીઈ, દરસણિ ગુરુમુખ ચંદ; સેવા સદા પ્રભુ દીજીઈ, ઈમ કહે લક્ષ્મીચંદ...૬

ઇતિ ભાસ..

(૫૧) (૩)

સાધુ સોભાગી વિધિપક્ષ ગણધરૂજી, મહિમા મહિયલી માંહિ; કલ્પવેલિ જિમ વંછિત પૂરવી જી, રૂષિ ચરણ ચ્છાંહિ...૧ સાધુ૦
હાથી હીયડિ વંધ્યાચલ વસિ જી, રમવા રેવા તીર; દેખણિ વાંછિ ચકવી દિવાકરૂ જી, ચાતક જલધર નીર...૨ સાધુ૦
હંસ મન હીસિ માનસરોવરિ, ચંદ દરસણ ચકોર; માચ્છાં મન માન્યો જિમ નીરસું જી, મેઘ સનેહી મોર...૩ સાધુ૦
તિમ ગુર ચરણ કમલ ગુણ ગંધનું જી, લોભી મુઝ મન ભૃંગ; સૂત્રિ ચોલ જિમ કંબલિ લાખનું જી, તિમ મુઝ લાગો રંગ..૪ સાધુ૦
ગુરુ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરૂજી, ગુણિ ગોયમ અવતાર; લક્ષ્મીચંદ્ર મુનિ ધરમ સનેહથી જી, સફલ હુઈ અવતાર...૫ સાધુ૦

ઇતિ શ્રી પૂજ્યજી ભાસ. મુનિ કુસલચંદ્ર ગણિ લિખિતં.

(પ્રત શેઠ આણંદજી કલ્યાણજી લીંબડી જ્ઞાનભંડાર)

(૫૨) (૪)

ગુરુ મેરો જીવન આતમા, પૂજજી પ્રાણ આધાર સખીજી; ઉમાહો ઘણો વાંદવા, જાઉ દરસણ બલિહાર સખીજી...૧
જોતિ જોઈ નિ જોસીઆ, કદિ ગુરુ આવણહાર સખીજી; આપું સોવન જીભડી, સાચ ઉ લગન વિચારિ સખીજી...૨
દિન દિન શકુન બોલાવતી, ગુરુ વાંદવાનો કોડ સખીજી; અંચલગચ્છનો રાજીઉ, ગુરુ ગૌતમની જોડી સખીજી...૩

મુઝ મનિ વાલઉ જે કહિ, આવંતા ગચ્છરાજ સખીજી; વાટ જાઉ ઊભી આંગણઈ, વિસરીયા ઘર કાજ સખીજી...૪
ધર્મ પટ્ટોધર ગચ્છધણી, શ્રી કલ્યાણસાગર સૂરીંદ સખીજી; ભાવ ધરી નિતિ વાંદસું, નામલ દેવી નંદ સખીજી...૫
ઈમ જોતાં દીધી વધામણી આવ્યા શ્રી સૂરીશ સખીજી; લખિમીચંદ ગુરુ વાંદતા, પૂગી મનહ જગીસ સખીજી...૬

ઇતિ ગુરુ ભાપ

(પ્રત શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર, પાટણ)

(૫૩) શ્રી કલ્યાણસાગરસૂરિ નિર્વાણરાસ સાર

કર્તા : લાવણ્યચંદ્ર

અચલગચ્છેશ જંગમયુગપ્રધાન પૂ.આ. શ્રી કલ્યાણસાગરસૂરિ મ.સા. ભૂજ નગરમાં વિ.સં. ૧૭૧૭માં ચાર્તુમાસ બિરાજમાન હતા, ત્યારે કર્તા પણ પૂજ્યશ્રીની સાથે જ ચાતુર્માસ રહ્યા હોય એમ રાસની રચનાથી જણાઈ આવે છે.

કવિ સૌ પ્રથમ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથને વંદન કરી શ્રી ધર્મમૂર્તિસૂરિના પટ્ટધર પૂ. શ્રી કલ્યાણસાગરસૂરિ મ.નુ. સંક્ષિપ્ત જીવન ચરિત્ર વર્ણવ્યું છે. ત્યાર બાદ પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલા કાર્યોની ઝાંખી કરાવે છે. ઉપાધ્યાય – વજ્રારિસ - પંડિત વિ પદો આપ્યા છે. વિ. વર્ણન કરી રાઉત માચીએ પૂજ્યશ્રીને કચ્છ તેડાવ્યા. ૨ વરસ સુધી સ્થિરતા કરાવી પણ આસો શુદ ૧૩ આવતાં પૂજ્યશ્રીએ સંઘને બોલાવ્યો, શિખામણો આપી. પટ્ટધર શિષ્યની સંઘને શુભ પ્રવૃત્તિઓ દેખાડી. – તથા શિખામણો આપી ત્યારે શિષ્યો પુછે છે, 'સાહેબ આજે આમ કેમ જણાવ્યું !' ગુરૂ કહે, 'અંગ – સ્ફુરણાથી ખ્યાલ આવ્યો કે હવે આયુષ્ય અલ્પ છે. હવે હું અણસણ લઉ છું.'

આ સાંભળી અમૃત સમાન લાગતી વાણી વજ્રપાત જેવી લાગી. ચારે ગતિના જીવોને ખમાવતાં ૩૬૪૮૨૪૦ ભાંગે મિચ્છામિ દુક્કડમ્ આપ્યું. ૧૮ પાપસ્થાનકોમાં જે પાપ સંચિત કર્યા તેની નિંદા કરૂં છું. સંઘ સમક્ષ દેહ – ઉપધિ – શિષ્ય પરિવારને વોસિરાવું છું. ચાર શરણ સ્વીકારૂં છું. ૧૨ ભાવના ભાવું છું. એમ બોલતા ગુરૂજી સ્વર્ગે સંચર્યા.

પછીની ઢાળમાં શિષ્યોનો વિલાપ જણાવે છે. અમરસાગરસૂરિ કહે છે 'હે ગુરૂદેવ, આપ મને ૩૩ તીર્થોની યાત્રા કરાવી હવે મારાથી કેમ બોલતા નથી.' કવિશ્રી ભાવિ ગચ્છપતિને શોકમુકત કરાવે છે. શ્રી સંઘ પૂજ્યશ્રીનું સુવર્ણ – રૌપ્ય મુદ્રાથી નવાંગી ગુરૂપૂજન કરી – ચંદન કેશરથી અંગે વિલેપન કરી રૂદન કરતા કરતા પૂજયશ્રીને શિબિકામાં પધરાવ્યા. અબીલ – ગુલાલ ઉડાવ્યો. અગરનું ધૂપ કર્યું. સુખડની ચિતા રચીને અગ્નિ સંસ્કાર કર્યો. સાધુઓએ દેવવંદન કર્યું. ગીતાર્થ સાધુઓ દુઃખ દૂર કરવા ઉપદેશ આપે છે કે હે ગુરૂદેવ, આપ જે ચાહ લગાડી ગયા અને દિલને દઝાડી ગયા તે વિસર્યા કેમ વિસરાય. કાલધર્મના ૩ દિવસ અગાઉ દિવસમાં ૧૦ વાર ગ્રન્થો ભણાવ્યા ને વાચનાઓ આપી.

અંતે પંડિત ઉત્તમચન્દ્રના બાંધવ પંડિત લક્ષ્મીચન્દ્રના શિષ્ય લાવણ્યચન્દ્ર ભાવપૂર્વક ગચ્છપતિના ગુણગાન પૂર્વક નિર્વાણરાસ રચ્યો. શ્રોતાઓ રાસ સાંભળીને સુખ પામ્યા.

(૫૩) શ્રી કલ્યાણસાગરસૂરિ નિર્વાણ રાસ

કર્તા : વા. લક્ષ્મીચંદ્ર શિષ્ય લાવણ્યચંદ્ર,

રચના વિ. સં. ૧૭૧૮ વૈશાખ સુદિ 3 ગુરુવાર

પ્રણમું પારસનાથ પ્રભુ, ભૂજ મંડણ ભગવંત; ચિંતામણિ ચિંતા હરણ, આપઈ રિદ્ધિ અનંત....૧
ધર્મમૂર્તિ પટ્ટોધરૂ, ભવિક મહિત જગિ ભાણ; કલ્યાણસાગરસૂરિ કહેઉ, નિરમું શુભ નિર્વાણ....૨
પુર લોલાડઈ પરગટા, સિરિમાલી શિણગાર; નાનિંગ કોઠારીની કૂલ, નામિલદે તસુ નાર....૩
સોલ તેતીસ વૈશાખ સુદિ, તિથિ છઠિ તિહુયણ સાર; કુલમંડણ કોડણકુમર, જાયો જગદાધાર....૪
વધયો વખત વલીવિ દુખ, ભલ વિદ્યા ભણણહાર; કાંઈક સંખપિઈ કહું, અથ સંજમ અધિકાર...૫

પહેલી ઢાળ

(રાગ : મારૂઅડી – સાધ સોભાગી વિધિપક્ષ ગણધરુજીએ)

વિધિપક્ષ ગચ્છપતિ ભાવઈ વાંદઈજી, કલ્યાણસાગર સૂરીશ; સોલ બઈતાલઈ સંયમ લઈ થયાજી, ધર્મમૂર્તિ ગુરુ સીસ...૧
વિદ્યાવંતા વિવેકી બુદ્ધિ નિધિજી, કનક વરણ મૃદુ દેહ; સંવેગી પક્ષ લાગિ જાણિ નઈજી, સોભાગી ગુહ જેંહ...૨

સોલ ઉગણપંચાસઈ શુભ દિનિઈજી, આચાર્ય પદ દીધ; મહિતઈ ગોવિંદ અતિ આડંબરજી, તેહ મહોત્સવ કીધ....૩
વીસ વરસ યુવરાજપણા રાણઈજી, ઈણિ ગુરિ લાહો લીધ; યુગપ્રધાન ભટ્ટારક ગચ્છધણીજી, હુઆ તિ દનું પ્રસિદ્ધ...૪
પિણ સાધુ તણઈ પરિવારઈ પરવરયાજી, વસુધા કરઈ વિહાર; દેઈ શુદ્ધ ધરમની દેશનાજી, કરવા પર ઉપગાર...૫
પ્રતિષ્ઠા અતિ બહુત જિણંદનીજી, હુઈ જસ ઉપદેશ; પ્રતિબોધ્યા બલવંત ઘણા ગુરઈજી, દેશાધીશ નરેશ...૬
શેત્રુંજાદિક તીરથના ઘણાજી, સંઘ હુઆ જસ વાણિ; જાત્રા કરી તિણિ સાથઈ, શુભમનિજી સંચિ સુકૃત ખાણિ...૭
ઉપાધ્યાય વણારિસ પદ દીઆજી, પંડિત મંડિત ગચ્છ; કીધઉ લઘુ ત્વંડ દિખ્યા સાધુનઈજી, દેઈ કીધા સ્વચ્છ....૮
ચઉથું વ્રત બાર નિયમ તણાજી, શ્રાવકનિ ઉચ્ચાર; કરાવ્યા આલોયણા દઈનઈજી, ઊતાર્યા ભવ પાર...૯
શ્વેતાંબર દિગંબર દરસણીજી, સંતોષ્યા સવિ તેહ; વાદ કરી બહુ વાદી જીતીઆજી, મેટી મન સંદેહ...૧૦
ઈણિ પરિ ઊદિત વિહારતાજી, કરતાં ઉત્તમ કામ; અમરસાગર સૂરિંદ ખંભાઈત્તિઈજી, આપ્યા બહુ ગુણધામ...૧૧
શ્રીપદ મહોછવ કીધ અઝાઉ :રઈજી, દોસી લહુજી ઉલ્હાસિ; પરિધલ ધન ખરચી પધરાવીઆજી, દીવ બિંદરિ ચઉમાસિ૧૨

દુહા

કરી ચઉમાસી તિહાં કણિ, પૂરણ દિલ પ્રસન્ન; તેડાવઈ ભૂજથી તેહવઈ, મેલ્લઈ મિલિ મહાજન...૧
સંઘ તણઉ આદર સૂબલ રાઉત માચી રંગિ; પેખિ કચ્છિ પધાર્યા, સાધુ ભલા લેઈ સંગિ...૨
સામઈયા વહી સહુ, રાઉત સંઘ ધરિ રાગ; વડહાથ ધન બહુ વાવરઈ, લહીઈ સઉ શુભ લાગ...૩
વલિ રાખઈ બીજઈ વરસિ, આગ્રહ કરી અપાર; ઘણા સંઘ તેડાવીઆ ઘરે, ઉછવ કરઈ ઉદાર...૪
પરવ પરજૂસણ શુભ પરિ, આરાધઈ અરોગ; આગલિ વાત આસુ તણી, સાંભલયો તજી સોગ...૫

બીજી ઢાળ (વિસારી મુઝવાલ્હઈ – એ ઢાળ)

ચંદ કિરણ થઈ..... જગ ગાહઈ રે, જસુ જસ વડ જધ; તિણિ ગુરઈ સુદિ તેરસિ દિનિ, તેડાવી રે નિજ પાસઈ સંઘ..૧
સુલલિત વચને શીખ દઈ, અતિ મીઠી રે જિમ સાકર દ્રાખ; પટોધર મુનિ સંઘની, શુભ ઉઠા રે દેખાડી લાખસુ...૨
સરખી મીંટ સાધુ નઈ, રાખેયો રે, નિજ રાગી વછ; કથને પણિ મત દહવઉ, જિમ ચાલઈ રે સુપરિ એ ગછ...૩
તુજ વચન સુણિ કેહના, મતવાડો રે ચટકો મુનિરાજ; ઉપશમ ધીરજ આદરે, સમતાંઈ રે સીજઈ સવિ કાજ...૪
કરિયો કામ વિચારિનઈ, પૂછી નઈ રે ભલા પંચ પટ્ટીક; ટેક ગ્રહી નિરવહ્યો, શુભ કામિ રે, હોયો નિરભીક...૫
દંડ નીતિ અવધારયો, દેયો રે ને.....જો.....ઈ આદેશ; સાર કરે ગણ ની ઈણિ વાતઈ રે, હુયો અતિ પેસ...૬
પોતાના કુણ પારકા, સહુ કોનિ રે કરયો મનોહાર; સુત સઘલા અવગાહ્યો, આરાધરે વ્રત નિરતિચાર...૭
સુગુણ રયણ ભંડાર છઈ, જાણેયો રે એ સંઘ અમૂલ; કહઈસી નતિ તે માનયો, પોતાના રે કરયો અનુકૂલ...૮
ગીતારથ રિષી સાંભલો, સિરિ વહ્યો રે એ ગુરુની આણી; પંચાચારઈ પાલીઓ વલી કરયો રે સંઘ વાણિ પ્રમાણ...૯
સંઘ સુણો ભારી ખમી, પાલેયો રે જિન ધરમ અબાધ; નિજ પખ્ય શોભ વધારયો, માનો છઉ રે તિમ માનેયો સાધુ...૧૦
અવગુણ દેખી સાધુનો, ઢાંકેયો રે.... થાયો ગંભીર; મત લોપઉ રહ રીતિ રેખા યોગે, ઉપગારિઉરે હોયો ધર ધીર૧૧

દુહા

કહઉ પૂજસું સહુ કહઈ, ચલિત ચિત ગહિ ચોજ; સીખ સર્વનિ સામટ્ઠિ, આપઉ કિણિ આલોજ...૧
વદ્ઇ સુગુરુ મિઈ ગુરુવચન, અંગ તણઈ અહિનાણિ; આજ આયુનઉ આસિરઉ, પેખ્યો સુપત પ્રમાણિ...૨
તિણિ કારણિ અણસણ તણી, હુઈ છઈ મુજ હામ; અમલ દિલઈ આરાધિ નઈ, કરસ્યું આતમ કામ...૩

ત્રીજી ઢાળ

(રાગ : સુણિ રે વાલ્હા – એ ઢાળ)

ગુરુના મુખથી એહવી, વાંણિ સુણિ જબ કાંનિ ; વજ્રપાત સરિખા લગાં રે, જે હૂથી અમિય સમાનિ રેં...૧
સાહિબ સાંભલોઉ મત છોડઉ ઈણિ વારે રે; વચને એહવે પામઈ.....દુઃખ પરિવાર રે...૨
ભરિ લોચન ગદગઈ સ્વરઈ રે, સહુકો જંપઈ એમ; સાવધાન સવ ગ ડ કથકા, જગગુરુ કહઉ એમ રે...૩
ગ્યાન તણાઈ બલિ ગાજતા, જિન શાસનપતિ સાહુ રે; વિચરો છો દેખાવતા, શુદ્ધ મુગતિપુર રાહો રે....૪
ઉતકંઠિત ચિત ચિંતવઈ, શ્રાવક ઠામો ઠામિ રે; હજી વડા ગુરુ વાંદસુ, બહુ દિન દરસણ પામિ રે...૫

આચારિજ નાન્હા અજો, વંદાવઉ ગુજરાત રે; ગોડી ભેટઉ પાટણ ઉ, સમય હોસ્યઈ એ વાત રે...૬
કહઈ ગુરુ તુહમા સોન થિઈ રે, સુખ વિલસ્યાં નિસિ દિસ; હાલ હુકમ ગચ્છ નીતિતા રે, ચલ વ્યાધિ કઈ અબીહ રે...૭
તીરથ ફરસ્યા જિન સ્તવ્યા, ઉણિપ ન રહી કાંઈ રે; તે ઉપાય કરું હવઈ, જિણિ પરગતિ સમરાઈ રે...૮
એ નાન્હાપણિ તેજથી રે, પુખત હરિશિશુ જેમ રે; એહ ભલઈ તુમ્હનિ, તુમ્હારે સદહ હોની તેમ રે...૯

(દુહા)

ચુકઈ ટેક ન જાસુ મન, વિસૂઆ વીસ વિરત; ઉતારયો કિમ ઉતરઈ, રંગમિ જીવઈ રત્ત...૧
ઊપશમ ભાવિઈ ઊજલઈ, છલ છંદ માદિ છંદિ; આલોઈ અધ આપણાં, મન સાખી જન મંડિ...૨

ચોથી ઢાળ

(દેશી : નહણે નિહાલઈ હો હરિ કરિ દેવકીએ ગજસુકુમાલ)

10 પરમ દયાલ હો જિનેસર તારિ તું, અરજ સુણો મહારાજ; પાપ અનંત ભવઈ નિજે કરયાં રે, છોડિ ગરીબ નિવાજ...૧
પરમ દયાલ એ આંકણી.

પૂઢવી પાણી અગનિ પવન થિર, સાધારણ પ્રત્યેક; સુષિમ બાદર બિતિ ચઉરિં દીઆ રે, જલ થલ ખેચર અનેક...૨
ઉરપરિ ભુજપરિ સનિ અસનિઆ રે, પજા અપજ વિચાર; અડતાલીસ સવ્વ તિર્યંચના રે, હેવઈ માનવ અધિકાર...૩
ત્રીસ અકરમ કરમ પન્નર ધરા રે, અંતર દીપ છપન્નિ; એ બિમણો સમુછમ એતલા રે, તિણ સઉનઈ એ તિન્નિ...૪
ભવનપતિ દસ વિંતર સોલ છિઈ, પરમાધામી નામ; પનર દસ તિરિજંભક જોતિષી રે, ત્રિણિ કલ પેખીયા ઠામ...૫
બાર કલપવાસી લોકાંતિકા રે, નવ વલિ તિમ ગ્રેવેક; ગ્રેવેક પંચ અનુત્તર તે બિમણા, ગન્યઈ રે અઠાણું સો એક...૬
સાતે નરક ચઉદસ નારિકા રે, એ સંસારી જીવ; પંચસઈ ત્રઈસઠિ એમહ યાદિ, કહઈ રે દસહિ પડાવી રીવ...૭
રાગ દ્વેષઈ મન વચ કાયસ્યું રે, અનુમતિ કરણ આદેશ; અનરથ દંડઈ અરથઈ જે હણયા રે, કરિ નઈ મઈલી લેશ...૮
ગત નિંદુ હાલરિને સંવરૂ રે, અનાગત પચ્ચખાણ; અરિહંત સિદ્ધ સુસાધુ સુરગુરા રે, અંતિમ સાખિ પ્રમાણ...૯
20 લાખ છતીસ સહસ અડયાલસ્યું, સઉ બઈ નદ ચાલીસ; મિચ્છા દુક્કડ સઉની સચ દીલઈ રે, પામું નામી સીસ...૧૦
સમકિત પંચાચાર મહાવ્રતઈ રે, દૂષણ લાગો કોઈ; જિન તથા પરુપણા રે, પ્રમાદ સેવ્ય ઉ હોઈ...૧૧
ખાણિ અપાર અઢાર અનાદિજી રે, સંચી મુકયાં પાપ; તે નિંદુ ગિરહુ પ્રભુ આગલઈ રે, સિરિ ધારું જિન છાપ...૧૨
ત્રિવિધઈ ચ્યાર આહાર તજઈ કરઈ રે, અણસણ નઉ ઉચ્ચાર; ગણઈ નવકાર સંઘ મુખઈ વસિ રઈ રે, દેહ ઉપાધિ પરિવાર.૧૩
કોઈ નહીં મુજ, હું કેહનો રે, ધરમ સખાઈ ધારિ; ચ્યાર શરણ પડિવજઈ ભાવના રે, ભાવ બાર પ્રકાર...૧૪

(દુહા)

સૂતા થિર વંદસા રઈ, લોક અગ્ર લયલાય; ઈણિ અવસરિ મન મુનિ તણા, થિર પણિ કાયર થાય...૧
ઘડી માંહી વેલા ઘણી, નિજ જીભઈ લેઈ નામ; વપુ કારિ બોલાવતા, ગુર તે ચાલઈ ગામિ...૨
કિણિહી સખઈ નવિ કરઈ, આલોકણ આલાપ; આ સંગાયત આ વટઈ, વ્યાકુલ કરઈ વિલાપ...૩

પાંચમી ઢાળ

30 **(રાસણિ, રાગ : બોલમો દેખો સંબૂક પુત્ર – એ ઢાળ)**

પટ્ટોધર ઈમ અમરસૂરીંદ, ગુરુ ગુણ ભાખઈજી; ધરમ સનેહ વતી જલાધાર, આપઈ.....ઈજી
મેરે પૂજ્ય કલ્યાણજી કરૂણા કીજી ઈજી...૧

કરૂણા કીજઈ કરૂણા નાથ, આંખિ હુ ધાઠોજી; નેહઉં સામ્હઉ જોઉ નાથ, કાં હિત છંડોજી;
મેરી અરજ સુણઉ, નિઠુર કાં હુઆ જી...૨

હસિ હસિ માથઈ ફેરતા, હાથ મુખડું જોતાજી; પાહું લઈ પોતાનઈ હાથ, વાચના દેતાજી;
તે આજ નેહ ના...હું, આ સા ભીન્નીજી...૩

છોરૂ જિમ.....પૂજ્યા, જે કર છાંહિજી; તેત્રી તીરથ સોચઈ પૂજ્ય, રૂખ મન માહિજી;
તેરા સાધુ સંભાષ ઈ, શોકાતુર થકાજી...૪

શ્રાવકનિ બોલવઉ પૂજ્ય, હાથ પસારીજ; ધરમોપદેશ સૂણાવો પૂજ્ય, મૌન્ય નિવારીજ;
તેરા સંઘ પોકારઈ, અમો આંગણેજી...૫

હા ગછેસર, હા સૂરીશ, ધરમ પટોધરજી; હા મદ કલત્રુ જ, જિમ સો ંડી રોહરિ સમદુદ્ધરજી;
મેરી એકણિજી ભઈ ગુણ કે તીક...૬

હા ષટજીવ નિકાય દયાલા, હા મતિસાગરજી; હા દાનેસર, હા માનેસર, વિદ્યાસાગરજી;
તેરી કીરતિ ગાઈ પંડિત, ચહું દિશિજી...૭

હા દુઃખહર તપધારક ધીર, હા ગુણ ગ્રાહકજી; હા સંત વચ્છલ, હા મુનિપાલ, ચતુરા ચાહકજી;
તેરઈ અજબ દીદારઈ, મોહ્યઉ જગ સહુજી...૮

છત્ર સરૂપ થકાં ચિર કાલ, માથઈ રહસ્યજી; પણિ ઈણિઈ અવસરિ છેહઉ દેઈ, ઈમ નાથ હસ્યજી;
તેરી એહવી માયા રે, મિં જાણી નઈજી...૯ 10

ગુરુ ડાંડી પડલેહઉ પૂજ્ય થાપના કીજઈજી; મનના સંશય મેટઉ પૂજ્ય, અરથ કહી જઈજી;
મેરઈએ હવઈ બોલઈ, ઉત્તર સ્યઈ ન દીઉજી...૧૦

હા યોગીસર, હા નિરદંભ હા નિરલોભીજી; હા સમમિંદર હા દમવંતી, હા જગ થોભીજી;
મેરી વીનતી માનો રે, બોલઉ મુખ થકીજી...૧૧

(દુહા)

સોચ મ કરો ઉ સૂરિવર, આખઈ સહુ કો એમ; જસ જગિ ઊજલો જેહનો, કહો સોચિ જઈ કેમ...૧

ઉઠઉ બઈસો આરાણિ, વાંદી કરઉ વિદાય; હવઈ ગુરુ નિઃસનેહા હૂઆ, ઊડણ કારઈ ઉપાય...૨

મન સંતોષ સમાધિ મયા, ધરતા જિનવર ધ્યાન; વિજય મહુરત સૂરિવર, વાસઈ દેવ વિમાન...૩

છઠ્ઠી ઢાળ

(રાગ : રાજેસર રાવણ હોય સીતા રામના રાસનો) 20

નિરખિ વાત ઈમ નીપની રે, સહુ શોક ઉર થઈ; પણિ કેણઈ હી વિધિ મતિ રે, જોર ન કીધો જાઈ...૧

સૂરીસર સાહિબ હો નાથ, ન તોડો નેહ; સનેહ સાંભલો હો માયા પહિલું મંડિ નઈ રે.
છટકી ન દીજઈ છેહ...૨

કનક રજત મુહરઈ કરઈ રે, અરચી બહુ નવ અંગિ; અંગ વિલેપઈ રંગી જઈ રે, ચંદન કેસર અંગ...૩

રુદન વિલાપ કરઈ રચઈ રે, સરગ વિમાન સમાન; મોટી વહિલી માંડવી રે, દીઈ ગુર નામિ દાન...૪

પઉઢાડઈ હવઈ પૂજ્યને રે, શિબિકા માંહી શરીર ઉછાલઈ તસુ આગલઈ રે, અતિ ઘણા મહોર અબીર...૫

અગર ઉખેવઈ અતિ ભલો રે, નેજા ઘણ નિસાણ; વાજઈ બહુ વાજાં વલી રે, હુઈ લોક હેરાણ...૬

રાજકુમાર મહાજન રડઈ રે, આંસૂ ઝરઈ અપાર; લેઈ પહુતા થાંનિક લગઈ રે, અગનિ સંસ્કાર...૭

ઈંધણ સૂકડિ અગરના રે, સીંચી મધુ ઘૃત સાર; દેઈ દહિન સૂચિ થાઈ નઈ રે, આવઈ પાસિ અગર...૮

અ—ણા તિહાં આણિનઈ રે, જતિ જુહારઈ દેવ; સાધુ તણી વિધિ સાચવી રે, આવઈ આલઈ હેવ...૯ 30

દુઃખ હરણો ઉપદેશ દીઈ રે, ગીતારથ ગુણ ગેહ; સમરઈ ગુણ સહુ સૂરિના રે, જીવન આતમ જેહ...૧૦

શુભ સહજઈ સંતોષિનિ રે, ચલ્યા લગાઈ ચાહ; ટાલ્યા તે કિમ વિસરઈ રે, દઈ ગયા દિલદાહ...૧૨

(દુહા)

સત્તર સય સત્તોત્તરઈ, માસ આસુ મજારિ; સુદિ તેરસી સરગઈ સુખઈ, વસીયા સુગુરુ ગુરુવારિ...૧

પણિ પરિકર નિત્ય પગ પગઈ, ઝૂરિ ઝાંખર થાઈ; તિ કારણ જે દિવસ રિ—, સાલ તિણિઈ સવાઈ...૨

સાતમી ઢાળ

(રાગ : વૈરાગી થયો)

સમય સમય સાજણ તણો રે, સાલઈ વિરહ સદીવ; હે જાલું—— હી ઉઘણું,— જિણિસ્યું વેધ્યોઉ જીવ રે.
શ્રી ગુરુ સાંભાર ઈ...૧

શાસને હી સુખકાર રે, પૂજ્ય કલ્યાણ જી; .....જીવન પ્રાણ આધાર...૨

પાવક રૂપ વિયોગની રે, પ્રગટિ ઘટિ જિણિ ઝાલ; કિમ તે બુઝઈ વિણ સુણઈ, સદ્‌ગુરુ વચન રસાલ રે...૩

વીચઈ જેહ નઈ તે લહઈ રે, અવર ન જાણઈ પીડ; હરખ દરસણ જેહના રે, તે અટકઈ જિમ તીર....૪

હસતા રમતા લોટતા, જે આગલિ દિન રાતિ; ભણતા ગુણતા પુછતા રે, તિણિ ગુરુ મુકી તાતિ...૫

મૂદુ વચન બોલાવતા રે, હિત ભરિ લોચન જોઈ; તુંકારઉ કોઈનિ નહી રે, તુછ વચન કદિ કોઈ રે...૬

10 શીખામણ દેતા ભલા રે, શીખવતા આચાર; ગ્રંથ અનેક ભણાવતા રે, દિન માંહિ દસ વાર રે...૭

આડો માડી માંગતી રે, વસ્ત્ર પરતિહર ભાતિ; ના કહી નઈ ન.... ત્રિચોડતા રે, પૂરી કરતા ખોતિ...૮

વધારતા બહુ ભરતબો રે, દિતા નવ નવા થોક; કલ્યાણસાગરસૂરિ તે રે, પહુતા પ્રભુ પરલોક...૯

(દુહા)

રાઉત માચી ભૂરમણ, અલૂવાણે પગિ આવિ; વાંદી છઈહી તઈ વદઈ, શુભ વચને સમજાવિ...૧

હે ગુરુ ખટી હુલ્લયઉ, પીર વડો પીર; તઈ તિહિંયઈ કુલીન વડા, વિદ્વા અયઈ ઉર્વીશ...૨

પાણ અમી પીય દંડા, કહુઈ નદ્ર પિજઈ કીંય; પ્રાણ ચલઈ પાણિ જઉ, હલઈ થયા સહિં હીંય...૩

વિદ્વાન રહઈ દયા વડા, કિહિયા.....કાલ; આંઈ બુજઝાયા એહ, હિં દૂનિયા યા હાલ...૪

ડયઈ ભલા સાઉ ઝિડુખ, સચ્ચઈ છંડો શોક; ઘટ તું હિય ઈખઈ ધોરિનઉ, થિં ચંગા થોક...૫

સૂરીસર મુનિવર સયલ, સોગ નિવારો સાહિ; ધૂમર વઈ થિર થંભ થિતિ, માંડઈ પગલા માંહિ...૬

20 નામ જપઈ ગુરુ પગ નમઈ, સફલ હુઈ સુવિહાણ; થૂભ રાસ જસ થિર રહ્યો, ભૂજે નગરિ જગ ભાણ...૭

આઠમી ઢાળ

(રાગ : ધન્યાશ્રી, દેશી : શાલિભદ્ર ધન્નો રિષિ)

મંગલમાલા કીર્તિ કલ્લોલા, ગુરુ નામિ રંગરોલાજી; કલ્યાણસાગરસૂરિ તણા મિ, ગુણ ગાયા મન હાંમિજી
મંગલ માલા એ આંકણી...૧

તસુ પટોધર અધિક વિરાજઈ, બિરુદ ઘણાં જસુ છાજઈજી; ભટ્ટારક જિણ સાસણ ચંદા, અમરસાગર સૂરીંદાજી..૨

યુગપ્રધાન સકલ ગુણ ગેહ, જંગમ તીરથ જેહા જી; વિચરઉ ભવિક કમલ પ્રતિબોધઉ, રવિ જિમ અધ તિમિર ઉઘઉજીઉ

વિધિપક્ષ ગચ્છ વડો વરદાઈ, રંજસુ આદિ બડાઈજી; પંડિત ઉત્તમચંદ મુણીંદા, બાંધવ લક્ષ્મીચંદાજી...૪

શિષ્ય તેહનઉ લાવન્ય ભાવઈ, ગચ્છેસર ગુણ ગાવઈજી, સહુ જન વિમલ દિલઈ સદ્‌ધ્યો રાસ સુણી સુખ લહ્યો જી;.૫
મંગલમાલા કીર્તિ કલ્લોલા.

30 **–ઇતિ શ્રી કલ્યાણસાગરસૂરિ નિર્વાણ રાસ સંપૂર્ણ સંવત ૧૭૧૮ વર્ષે વિશાખ સુદી ૩ ગુરુવાર**
(પત્ર ૪.ચંદ્રસાગરસૂરિ જ્ઞાન ભંડાર, ઉજ્જૈન)

(૫૪) પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ ગુરુ સ્તુતિ – ભાવાર્થ

હેમમૂર્તિગણી શિષ્ય.

સકલ સુખને દેનારા એવા શ્રી ગોડીપાર્શ્વનાથને નમીને ગણધરશ્રી કલ્યાણસાગરસૂરિજી ની સ્તુતિ કરીશ. વઢિયાર દેશમાં લોલાડા પુરમાં શ્રી વંશમાં નાનિંગ અને નામલદેવીના ઉદરથી વિ. સં. ૧૬૩૩ વૈશાખ શુદિ ૬ ના જન્મ્યા. નામ કોડણકુમાર રૂપથી ઈન્દ્રસમાન, એવા ૧૬૪૨ ફાગણ સુદ ૪ શનિવારના ધવલપુર (ધોળકામાં) પૂજ્ય શ્રી ધર્મમૂર્તિસૂરિ પાસે દીક્ષા લીધી. ત્યાર બાદ સૂરિપદ આદિનુ સુંદર વર્ણન કરવામાં આવ્યું છે અને છેલ્લી ત્રણ ગાથાનુ વર્ણન અદ્‌ભૂત છે. જેમ શાર્દૂલના શબ્દ (ગર્જના) સાંભળીને મૃગ–ગણ જીતાય છે. તેમ જેમના પ્રભાવથી કુમતિ લોકો જીતાઈ ગયા છે. ગંગાના કલ્લોલ સમાન (ગી) વાણીથી પાવ–મસિ (પાપરુપમશી) ને દૂર કરનાર ગુરુવર ભક્તિકારી ભવિજનની આશા પુરનારા છે. આમ અચલગચ્છના સૂર્ય શ્રી કલ્યાણસાગરસૂરિવર જનમનના મોહન ગારા છે. ગુણ માટે રોહણગિરિ સમા છે. દેવો તેમને નમે છે. મુનિજન મા સુંદર છે. સુધર્માસ્વામી, જંબૂસ્વામી, પ્રભવસૂરિ, સયંભવસૂરિ વગેરેનાં ક્રમે ભગવાનશ્રી મહાવીરની ૬૫ મી પાટે આવેલા શ્રી ધર્મમૂર્તિસૂરિના શિષ્યને રાત–દિવસ વંદન કરું છું. એવા ગુરૂજી ઘણું જીવો, ઘણાં પ્રતાપી બનો.

(૫૪) પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ ગુરુ સ્તુતિ

કર્તા : મહોપાધ્યાય હેમમૂર્તિગણી અજ્ઞાત શિષ્ય.

(રાગ : ગબ્ભ અવયાર..... સકલ સુખ નિવહ....)

॥ર્દ ॥ મહોપાધ્યાય શ્રી હેમમૂર્ત્તિગણિ ગુરુભ્યો નમઃ ॥

સયલ સુહ દાયગં કુસલભર મંદિરં, પણમીય પાસ સિરિગોડીય જિણવરં;
થુણિસિ સુસાહૂ વિધિપક્ષ ગણ ગણધરં, સૂરિ સિરિ તિલગ કલ્યાણસાયર ગુરુ...૧

દેસ વઢિયારઈ લોલ પાટગ પુરે, વિવિહ વિવહારિય દાણ પુણ સુહ કરે;
તત્થ સિરિવંસિ નાનિગ કુલિ દિણયરો, સતીય સિરિ નારિ નામલદેવિ ઊરિધરો. .૨

પુત્ત જાયંમિય તાય સંતુટ્ઠયે, સોલ તેત્તીસ વૈસાહ સુદી છટ્ઠયે;
વદ્ધયે ચંદ પરિ નામ કોડણ વરો, સવ્વ સુલખણઈ ભણિઈ રૂપ પુરંદરો...૩

સોલ બાયાલહ ફગુણિ આદરી, સુદ્ધ ચઉથમિ શનિવારિ સંયમ સિરિ;
પુજ્જ સિરિ ધમ્મમૂર્ત્તિહિં ધવલગપુરી, દીખ્ખિયા સીસ સિરિતાજ જાંણી કરી. .૪

નિમ્મલા મઈ વિદુ સદુ તક્ક સાહિચ્ચા, તત્ત વિચાર આયાર ગમ આઈચ્ચા;
પુંડરગિરિ ગુરઈ ઝાણઈ જિણિઈ ઝાઈ ઉ, સુયણ સઉણ ગણઈ સીસ ગુણી પાઈ ઉ...૫

દીવ બિંદરાઈઉ મંતિ ગોવિંદઈ ભો, તેણ અહમ્મદપુરે મંડિય ઉછવ સુભો.
વિત્ત વિવહ પરિ જલદ સમ વરસ ઈએ, જાયણ જણ ઘણ વિહ્વિય મણ હરસેએ....૬

સંવત સોલએ ગઊણ પંચાસઈએ, સુદ્ધ છટ્ઠમિ રવિવારિ માહ માસએ;
સૂરિ સિરિ ધમ્મમૂત્તિ હિં પય અપ્પયં, કલપ અંકુર ઈવ બોહબીય વપ્પયં...૭

વજ્જએ તૂર ઘણ તરલ કંસાલએ, જય જય ઘોસિય ઘોસ તિય આલઈએ;
સબલ પરતાપિ જગિ દીપ્પઈ અરય અમા, જલહિ ગંભીર ગુણનિરુવમ જસ્સ ખિમા...૮

સીલ જંબૂવર ગોપ્રમ લદ્ધિ ધરા, સરસ રસ વયણિ કરી જપિય સક્કરા;
સવ્વ જીવાણ મણું કોસકારગપરા, જં પિય પઉમ જુગ રેણું મંગલકરા...૯

નિક્કિયા જેણિ કુમ્માણિ કુમઈ જણા, જેમ સુણીઉણ સદૂલ સદ મીય ગણા;
ગંગ કલ્લોલગી પાવ મસિ મૂરણો, ભગતિ ભવીયણ જણ આસ સંપૂરણો...૧૦

ઈય જણમણ મોહણ ગુણ મણિ રોહણ, કલ્યાણસાયર સૂરીશ્વરો;
અંચલગચ્છ ભાણસુર મિય સુરાસર, રંજિય મુનિ જણ વર સુંદરો...૧૧

વીર સોહમ્મ જંબૂ પહવ સિંજંભૂ, અણુક્રમ્મિઈ પણસટ્ઠિ પટ્ટધરો;
ધરમમૂરતિ સીસહ વંદૂ નિસ દીસહ, પ્રતપ ઉ જાં ભૂદ્ધ મહિરો...૫૬
ઈતિ ગુરૂ સ્તુતિ સંપૂર્ણ
(પ્રતઃ આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા)

(૫૫) પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ ગુરુ ગુણ સ્વાધ્યાય – ભાવાર્થ

પંડિત પૂ. સત્યશેખર ગણિના શિષ્ય પૂજ્ય વિનયશેખરે આ. શ્રી કલ્યાણસાગરસૂરિ મ.સા. ના ગુરુ ગુણ સ્વાધ્યાયમાં ૧૨ મહિનાનું વર્ણન કર્યું છે. આવી જ રચના વિવેકશેખરના શિષ્ય વિજયશેખરે પણ કરી છે. આદિ શ્લોકમાં શ્રી સરસ્વતી માતાને વિનંતી કરી છે. ત્યાર બાદ ગુરુ અને ગચ્છપતિ ધર્મમૂર્તિસૂરિને તથા કલ્યાણસાગર સૂરિને પ્રણામ કર્યા છે. લોલાડા નગર નાનિંગ પિતા કોડણકુમાર જિનવાણી સાંભળીને પ્રતિબોધાય છે ત્યારે માતાને ચારિત્ર લેવા જણાવે છે. માતા જવાબ આપે છે સંયમ તો આ સમયે ન લેવાય તું તો મારો ચિત્તનો આધાર છે ત્યારે કવિરાજ માતા અને પુત્રનો ૧૨ માસનો સંવાદ અદ્‌ભૂત રીતે જણાવ્યો છે. અને અંતે કવિ જણાવે છે કે જે ગુરુનું નામ આનંદથી લેશે તેને અષ્ટ મહાસિદ્ધિ પ્રાપ્ત થશે. કલ્યાણસાગરસૂરિજીની વિદ્યમાનતામાં આ રચના થઈ છે.

(૫૫) પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ ગુરુ ગુણ સ્વાધ્યાય ૧૨ માસા

શ્રી સત્યશેખર ગણિ ગુરુભ્યો નમઃ (રાગ : સામેરી)

વિ. સં. ૧૬૫૯ માગશર કર્તા : વિનયશેખર

સરસતિ સાંમણિ વીનવું દિઈ મતિ કવિ જન માત પંડિત સત્યશેખર નમી કહઉ ગુરુ ગુણ સુવિખ્યાત...૧

વિધિપક્ષગચ્છ ઉદયા ચલિઈ ઉદયુ અભિનવ સૂર ધર્મમૂરતિ સૂરિ સરઈ, થાપિ ઉ આનંદ પુરિ...૨

આચારય અધિકે ગુણે રાજઈ જિમ જગિ ભાણ કલ્યાણ સાગરસૂરિ સનઈ, પ્રણમઈ વિદુર સુજાણ...૩

તેહ તણા ગુણ વર્ણવી, પવિત્ર કરવું અવતાર નગર લોલાડઈ દીપતઉ નાનિંગનાતિ શ્રૃંગાર...૪

વિહાર કરતાં સૂરિવર, આવ્યા તેણઈપુરિ જામ; કોડણ કુમર વાણી સુણી, પ્રતિ બોધાણાતામ...૫

ઘરિ આવી કહિ માયનઈ, અહમે લેસિઉં ચારિત્ર ચંગ માય કહઈ વછ ઈણઈ સમઈ, તૂંહ નઈ સંયમનઉસિઉરંગ...૬

ઢાળ

માહારા કુંવર રે, માંહ વયણ, માડી ભણઈએ, એક ણણ હનમે હલિઉ જાય,
તોરા વયણ એહ અસૂહામણારે, તું તઉ મોરા ચિત્તનઉ આધાર,
શ્રાવણમાં સિઈ સરવડે વરસ સઈમેઘાર, પુહવી હરીયાલી તું હુઈ મંદિર તણઉ અધિકાર,
સાંભર સિઈ તુંહનઈ તેણઈ સમઈ, જાગસિઈ જિહારઈ કામરે તિહાંરઈ, પુત્ર જ તુંહનઈ નહી ગમઈ મંજિમનું નામ ...૭
સુણ ઉરે જણણી માહરી સ્યું કરઈ શ્રાવણ માસ । વાણી સુણી સહિ ગુરુ તણી જેહનઉ બહુ વીસાસ
જિન વચન ધારા વરસીઉ, ઉપસમ્યા પાંચ સંતાપરે ગુણ વેલડી ઉથી ચડી થિર કીઉ મંદિર મના આપાત ॥માહરી માત રે॥
હું જિસં જિમને ગુણે રંજીઉરે મુંહ નઈ એહજ ખરઉ ઊલ્હાસ ॥ માહા ॥ ૮ ॥

ભાઈવઈ ભર જલધર તણાં ધરણઈ વહઈ ઘણ વારિ, નીપજઈનાજ તેણઈ સમઈ, ચિતિઆહિઈ ચતુરાનારિ
ભોગીય મન હુઈ ચંચલુ, ભાઈ વઈ મારિત વિચારિર તેણઈ કરી વછ તૂંહ નઈ, ગૃહ ધર્મ્મભલ ઉ સંસારિ ॥માહા॥૯॥
સુદ્ધ ભાવ જલધર ઉલટિઉ, ઉપસમ વહઈ ભરપુર સમકિત ગુણ કાણ નીપજઈ રીજી તાસ સનૂર
ભાઈ વઉ માસ કહિંસિઉ કરઈ જણઈ જીતી ઉદવીર રે તે કાયર તેણી રતિ કલમ લઈ જોન હુઈ ચિત ના ધીર ॥માહા॥૧૦॥
આસોઈ સેજ સોહામણી કાંમિની કેરઈ પાસિ, પદમની પ્રેમ આલાપતી કંતજી કરઈ વિલાશ,
એહ વી રતિ જવ આવસઈ, ભાવસઈ નહીં તવ યોગ રે તેહ ભણી તૂંહ નઈ કહું, ભોગવઉ આવ્યા એ ભોગ॥ માહા ॥૧૧॥

એ ભોગ રંગ પતંગ સરસિઉ કામિનીનું નેઠિ લાલરે વચનિ નરાચીઈ, નિજ સિવારથ ની વેઠિ,
ન વિપડઈ પૂરઉ તેહ નઉ તવદીઈ અલવઈ દોસ રે ઘણારે નરપતિએ નડી જૂ ઉપર દેસી સ્યૂંરોસ ॥ માહા ॥ ૧૨ ॥

કાતીરે માસિ કાતી સમી, વિરહીયા વંદન હુંતિ, વર વસ્ત્ર નઈ પકવાન ભોજન ભોગીયા ઈછંતિ,
તેદેખી નઈકુંવર તુહમેઘરસિઉ, સંજિમ ઉપરિ રીસરે, તિહારી ઈરે તિઈ પણ સિઈ નહી, મતી ધર્મ્મ રૂડ ઉવિસાવીશ ॥માહા॥૧૩॥

કાતીરે લાગઈ તેહનઈ જસ વિષઈ રાગ વીસાસ, લલના તણી લાલચિ નહીં, ગુરુ વચન ન્યાંન પ્રકાશ,
તેહ ભણીએ સંસારના સુખ, સાર નવિ જાણંતીરે અનુમતિ માતાદીઉ સુડી, વિનયશેખર પભણંતિ ॥ માહા ॥ ૧૪ ॥

હવઈ પાંચમી વાડી સંભારિકિ. એ ઢાલ

માગશિર માંસિઈ લીરતિ હુઈ ઘણીરે નિશ્વાત મંદિરમાંહિ ઈરહ ઈધીર ના ઘણીરે
વારુ વાસિ વિવધિ પરિરંગિત સોભીઈરે મહિલા સુંદર દેખિ ભોગી મન લોભીઈરે ॥ ૧૫ ॥

યોંવન વઈની વેલાતે દુઃખકિ સહઈરે, સૂથઉ ભાવ સંયમ ઉપરિ તવ નવિ રહઈ રે
તેહ થકી તૂં કોડણ સાંભલિ વાતડી રે ધરિ રાખણ કારણિ લોભાવઈ માતડી રે ॥ ૧૬ ॥

માગસિરઈ બઈડા કો નર જાણઈ નહી રે, ધર્મ્મ વિના વેલા સઘલી અરૂલી સહી રે,
કારિ માએ સંયોગ દેખાડઉરમા ભણી રે, માહારઈ મનિ વઈરાગની વાતો સોહામણી રે ॥ ૧૭ ॥

પોષ માસિ પોસી થઈ તનુમ તનઈ કરી રે, મધુર સરસ આહાર ઈચ્છયાંઈ આહરી રે,
પાંમી પરિઘલ વિત સુલા ઉલીજીઈરે અઉ દિન લાઈ સમન સુખઈ સ્યૂંકીજીઈ રે ॥ ૧૮ ॥

નાગરવેલી પાન રૂડાં સોભાવીઈ રે, કપૂર કાથઉ મોહલિમ ચરકઈ ચાવીઈ રે,
વિહાર કરંતા ભોગી ધારેઈમ દેખિ સઈરે નામલદેપભણંતિ સંજિમઉવેષ સઈરે ॥ ૧૯ ॥

વલતું કુંવરકોડણ ભાખઈ સાંભલ ઉરે, કાયા કૂડી એહ ન મૂકઈ આમલ ઉરે,
ઘણૂંય યતન કરંતા ન હુઈ આપણી રે, ચક્કવઈ સનુત કુમારઈ જાણી અવગુણીરે ॥ ૨૦ ॥

માહામાસઈ મારુત લાગઈ અંગઈ સીયલ ઉરે, તાપણ પાસઈ બિસઈ અતિ ઉતાવલ ઉરે
ડગલા ડોટી મોટી સોભા પટઉલીઈરે ચાંપેલ ચૂઉ જબાદિ સુગંધઉ કોલીઈરે ॥ ૨૧ ॥

સિરિખા સરિખી જોડિ મિલી મનિ રાચીઈ રે સરસ ઘૃત આહાર કરી અતિ માચીઈ રે,
એણી રતિ જીરણ વસ્ત્ર વછતવ દઉ હિબ્બુ રે કોડણ કુંવર કહિઉ જનની તૂં સાંભલિઉ રે ॥ ૨૨ ॥

વઈરાગી પગિલાગી પરગર પ્રીછવઈ રે લવલેશ લોલપ નહી ભોગ નઈ ઈચ્છવઈરે
સુંદર ફલ કિંપાક શરીખા જાણીઈરે મૂંકયા મેઘ કુમાર ઈ તેહ વખાણીઈ રે ॥ ૨૩ ॥

ફાગુણ માસિઈ તરુથી પત્ર કડીપડઈ રે, કોમલ પત્ર આવતાં હસિ રવઈ ચડઈ રે,
રંગીલા નર હરખઈ છાંટઈ છાંટણાં રે, કુંકમ ચંદન વાસ અબીર બહિકઈ ઘણાં રે ॥ ૨૪ ॥

હોલી ગાવઈ ફાગ ગોરી ગરવઈ ચડી રે, વાજઈ ચંગ સુરંગ દિઈ તાલી જુડી રે
ભોગી કુંવર રમવા હરખિઈ ગહિગહિયારે દેખી સંભાર સિરામતિ બોલમાંઈ કહિયારે ॥ ૨૫ ॥

રામતિરિધિ પરીઘલથી યોવન સાંભરઈ રે રિધિ નઈ યોવન અથિર એ રામતિ સી કરઈરે
પૂરવ ભવિ આદીસ્વરિ રામતિ પરિહરીરે કુંવર કહઈ પદવી જિનવરની નઉવરીરે ॥ ૨૬ ॥

॥ આવિઉર રે૦ ॥ એ ઢાલ ॥

ચિત્રહ ધુરિરે ચતુર નરા ચાહિઘણ ઉ, કુસમહવન્નરે રમવા નઈ સોહામણૂ,
તિહાં ચંપકરે કેતકી ઊલીય મોગર તણી, જાઈ જૂહીરે પાડલિ વાલઉ પદમની ॥ ૨૭ ॥

પદમની પરિમલ બકુલ મુકઈ,આવી મધુકર રણ ણઈ, કોકિલા પંચમ નાદ પૂરઈ, રમઈ રાઉત બલ ઘણઈ,
ખંડો ખલીઈ નીર નિરમલ સુગંધ દ્રવ્યઈ વાસીઈ, ચિત્રકારી ખેલ ખેલી, ચિત્ત ચંચલ હરસીઈ ॥ ૨૮ ॥

તવ વસતુંરે કુંવર કોડણ પ્રીછવઈ માહારઈ મનિરે રામતિ મલી એ હવઈ, પ્રવચન વનરે નંદવન સરીખું સહી,
પરિમલ ઘણરે સદહણા સુરત લહી ॥ ત્રોટક ॥

લહીય સમતા સરસ ઉપશમ, સાર નીરઈ જીલ્લિસિઉ
સુંદર મંજિ જિન રમણિ સાથિઈ, ખેલ કરસિઉ લીલસ્યૂં અસાર રામતિ અવર રમતાં કાલ કૂડઉ છેતરઈ,
જુગલબાહુ મણિરથ તણઉ અનરથ, સુગુણ નર ચિત્તઈ ધરઈ ॥૨૯॥
વિશાખઈરે શાખ સહિ કારઈ નિરખીઈ, સરખી વિઈરે બઈઠા દીઠા હરખીઈ,
વર અંસુ કરે પ્રીતિઈ પરગર પહિઈરીઈ, સિરિ સોભઈ રે રૂડઈરંગ તિમ ઉલાઈ ॥ત્રો ॥

મો લીઈ મટકઈ રંગ મટકઈ દી સતાઈ તિદૂધરા, પરધાન પરોહિત વડ વિવહારી તણા કુંવર ભૂધરા,
ભલ્લ ગોઠિ કરતાં સાથિ ફિરંતા ફૂલ સેજિઈ સોળંતા દેખિ સિઉપૂતા ભણિ માતા અણખિધર સિઉ પાલતા ॥ ૩૦ ॥

કોડણ નૂરે કહિઉવં કવીસર વીનવઈ, વઈ શિખ્યારે દીઈતિ લહુઈ અનુભવઈ,
યૌવન નું રે જોર જરા જર્જર કરઈ, તે આવઈરે અંગ ઊપાંગ જલ થરઈ,

ત્રોટક

લરથરઈ બુઢા જેહ મૂઢા તેહ હસિઉ જાણઈ નહી, મોડા મોડિ કરતાં સકલ ફરતાં વૃદ્ધિ પણઈ વેલાવહી,
તિહાં રઈન ચાલઈ જરા કાલઈ ધર્મ્મ પહિઉ કીજીઈ, એ વાત ધારી માત માહરી નર જનમ ફલ લીજીઈ ॥ ૩૧ ॥

ગ્રીષ્મ રતિરે જેઠા મૂલઈ આકરી, સાકર સ્યું રે, કચોલી દૂધઈ ભરી પીજી જઈરે વાલે વાયુ વીજાવીઈ,
માલીઈ રે બઈસી કેલિ કરાવીઈ ॥ ત્રોટક ॥

કરાવીઈ વર કેલિ નાટિકા નૃત્ય ગીત ગવરાવીઈ, દીજીઈ દાંન સુ માન રાખી કીરતિ જગહિ
ભોગીયા માંહિઈ ભોગ કેરા, સુજસ તેહનાં વ્યાપતા, તવ સુણિ સ શ્રવણે સંયમ ઉપરિ ખિણ ન લાગઈ કોપતાં ॥૩૨॥

હોય તેહનઈ રે જેહનઈ મોહ સ્યૂં પ્રીતડી, મિઈ પાહિલારે જીતી તસ સેનાવડી,
મુજ ધુરિથીરે જિન વયણે મન અણુ સરિઉ, તવ જાણીરે સુમતિ તણઉ આદર કરિઉ ॥ ત્રુ૦ ॥

કરિઉ આદર હૂઈ સાદર, ચારિત્ર લેવા અતિઘણી મુજમાત સુણિયો વાત સાચી, દીઉ અનુમતિ વૃતતણી
હું એહ માંગુ પાય લાગું વાર વાર સુણિ વીનંતી ॥ અવસર એહવઈ સુગુરુ પામી, થઈઈ જિમ સુધાપતી ॥ ૩૩ ॥

આસાઢઈરી માડી કહઈ વચને વડઈ, દહ દસથીરે મેઘ ઘટા અંબરિ ચડઈ,
બીજલડી ચિહું દિસિ ચપલા ચમકતી, વરસઈ ઘનરે ધાર ન ખંડઈ એ કરતી ॥ ત્રોટક ॥

કરતીય માત્ર ન ધાર ખંડઈ, બહુ વિતલ પાણી ભરઇ પૂરસૂરા વહઈ નદીના, નીર ઝરણા ગિરિથી ઝઈ;
બાહુલા વહઈ તઠાં મીઠાંમી સરોવર અતિ ઉજલઈ એહાઈ અવસરિ કામ નરપતિ તણી આસ્થા અતિ ફલઈ ॥૩૪॥

કાંમ કૂડઉરે બાપડલ એહ સ્યૂં કરઇ, કૂણ મુરખ રે મધુ બિંદુ સર સિઉ આદરઈ,
જાણી જઈરે યુવતી તિહાં માયા બહૂ, માયાથીરે દેવ શ્રમામૂક ઉ સહૂ ॥ ત્રૂ૦ ॥

સહૂય મુકાતે વિરાકા માયાઈ મન ભોલવ્યા, નરપતી બહુલાં સુણઉ ભોલા મૂંજની પરિ રોલવ્યા
તઉકામભોગઈ કુણ રાચઈ, ચિત્ત સાચઈ જાણીઇ, માતજી અનુમતિ દીઉ અહમનઈ, સંજિમના ગુણ આંણીઈ ॥૩૫॥

પરખ્યઉ ઘણૂં રે જણણી જાણિઉ આકરઉ, ભોગ સુખજરે તિજએ જિમ કણિકા કરઉ તવ અનુમતિ રે,
આપી સંજિમ અણુસરી, સૂરીસરપદ દીધઉ ખાંતિઈ કરી ॥ત્રા૦॥

કરી ખાંતિ વિત્ત વાવિઉ ગોવિંદ વર મંત્રીશ્વર, મહોછવ કીધઉ જગ પ્રસિધઉ, કલ્યાણસાગર સૂરીશ્વર,
શ્રી ધર્મ્મમૂરંતિ સૂરિવર સખ્ય શ્રી આચારય ગુણ મિલઉ, નાનિંગ નંદન ભવિક વંદન શ્રી શ્રીમાલી કુલતિલઉ ॥૩૬॥

ગુરુ ગાયુરે બારે માસ સોહામણો, ભેટી નઈરે પૂરઉ હરખ વધામણો,
ઈણિ નામઈરે સંપતિ સંગતિ નહી તિજઈ, ઈણિઈ નામઈરે સહૂ કો સ્વામિ કરી ભજ્જઈ ॥ ત્રુ૦ ॥

ભજઈ ભગતિઈ જેહ પ્રાણી, તાસ રિદ્ધિ તિહુયણ ઘણી, આવ એ વેગઈ લહઈ સુરગિઈ ॥ ગુરુ નમઈ નિત જેગુણી,
કલ્યાણસાગર સૂરિવર ગુણ આણંદ આણી ગાઈઈ, વિનય શેખર કહઈ સહિ ગુરુ નામઈ,અષ્ટ મહાસિદ્ધિ પાઈઈ ॥૩૭॥

ઈતિશ્રી આચાર્ય દ્વાદશ માસ સંપૂર્ણઃ સંવત ૧૬૫૯ વર્ષ માગસિર માસે
શ્રી સત્યશેખરગણિ શિષ્ય વિવેક શેખર લખિતં
(શ્રી કાંતિવિજય શાસ્ત્ર સંગ્રહ વડોદરા પ્રત નં. ૨૦૦)

(૫૬) પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ છંદ ભાષા

પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિજીનું જે પ્રચલિત જીવન ચરિત્ર છે તેનાથી વિભિન્ન વિનયશેખરે જે ૯૪ કડીમાં સૂરિજીની સ્તવના કરી છે તેમાં ઘણી નવી બાબતો પ્રકાશમાં આવી રહી છે. કવિ વિધિપક્ષની રખવાળી ચક્રેશ્વરી દેવીને જણાવે છે. ૨૩મી કડીમાં કોડણકુમાર બાલવયમાં હતા અને માતા પિતા સ્વર્ગે સંચર્યા, અને મામાને ત્યાં મોટા થયાને પૂજ્યશ્રીની દીક્ષા વિ. સં. ૧૬૪૨ ફાગણ સુદ ૧૧ ને ગુરુવારના થઈ એમ ૪૪ની કડીમાં જણાવે છે. અને ૫૧ થી ૫૬ કડીમાં કલ્યાણસાગરસૂરિથી ૧૦ થી ૧૧ વડીલ સાધુ ભગવંતોના નામો જણાવે છે. ૫૯મી કડીમાં મંત્રીશ્વર ગોવિંદ દીવ બંદરમાં ચાતુર્માસ કરાવે છે ત્યાર બાદ વિ. સં. ૧૬૪૯ મહા સુદ ૬ રવિવારે દીવ બંદરમાં આચાર્ય પદવી થાય છે. કવિએ ૯૧મી કડીમાં વિ. સં. ૧૬૫૧ શ્રાવણ સુદ ૧૫ ના રચ્યાનું જણાવ્યું છે. આની મૂળ હસ્તપ્રત વડોદરા નરસિંહજીની પોળમાં શ્રી કાન્તિવિજય શાસ્ત્ર સંગ્રહમાં આવેલી છે. એનો પ્રત ક્રમાંક .....છે. લગભગ સમ કાળે રચાયેલી પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ વિશેની રચનામાં કેટલીક બાબતોમાં ખાસી વિભિન્નતા જોવા મળે છે. આ બાબતે વધુ સંશોધનની અપેક્ષા છે.

(૫૬) પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિ સ્તવ. છંદ ભાષા

(રાગ : સકલ સુખ નિવહ....)

કર્તા : વિનયશેખર શ્રાવણ સુદ ૧૫ રવિવાર વિ. સં. ૧૬૫૧

સરસ સુકોમલ વાણિ સુદી જઈ, હંસગમનિ ત્રિહું ભવનિ ભણી જઈ,
માનવ ભવ ફલ સફલ કરી જઈ, જઉ સરસતિ સુપસાઉ ભણીજઈ....૧

રીજઈ તુંજ નામિઈ મન મોરઉ, ઉહજ સાનધિ મોષ્ટઉ મુજ જોર ઉ
ગુરુ ગુણ સુણવા આસ્થા પૂરઉ, માય સુવર દિઉ કરું નિહોરઉ....૨

જિનવર સયલ તણે પાય નમસ્યું, સિદ્ધિ તણું પણિ ધ્યાન ધરે સિઉ,
ગણધર નામ સદર સમિરેસ્યું, સાહિ ગુરુ આણ અનોપમ વહિંસિઉ....૩

ગિરુયાન ઉપર સાય સુંપામી ભગિઈ ભગવંતાં સિરનામી,
રિષિભદેવશાસનિ સુરનારી, શ્રી વિધિપક્ષ નઈ સાનધિકારી....૪
ચક્રેસરી ધ્યાઉ ચિતિ ચોખઈ, સેવક નઈ સપરિં સંતોષઈ,
સંકટ વિકટ વિઘન સવિ ચૂરઈ, પરગર જનમન વંછિત પૂરઈ....૫

રોગ સોગ વઈરી ભય ટાલઈ, સેવક નઈ અહિ નિસિ પ્રતિ પાલઈ,
સંભાલઈ પૂરવ વરદીધઉ, આર્યરક્ષિતસૂરિ પ્રસિધઉ....૬

દુહા

પ્રસિધ પાટિએ સતરમઈ, શ્રી ધર્મમૂરતિ સૂરિ, તેણિ થાપિઉ જેસુ સુરિવર નાંમિઈ દુષ્કૃત દૂરિ....૭

છંદ

દૂરિ કરઈ દરિદ પાપ, વાધઈ જસત પ્રતાપ ટાલઈ સયલ સંતાપ, સુગુણ ભણિઉ જસ લઘુવઈ લાવણ્ય સારુ
અંગિ ઈ અતિહિ ઉદાર, હૂઆ મહાવૃત ધાર આણંદ ઘણઈ....૮

એણી જીભઈ જઉ જસ બોલાઈ, પ્રાણી પવિત્રથાઈ ભંડાર, પુણ્યઈ ભરાઈ, આણ વહઈ તેહના કહિસ્યુ સુગુણ આજ,
સરઈ સયલ કાજ, માનઈ મુજન લાજ, તિણિ લહઈ....૯

ભરહ ખંડિઈ વઢીયાર દેસ, ઉપજઈ ધાન વિસેસ હીઈઉ રાઉત ઈસ, લોલસહી તેણિઈ વાસીઉ નગર એક,
આણી; અંગિઈ વિવેક, આવ્યા તિલોક અનેક, સુખલણી....૧૦

નવદીવઉ રુહું ઠામ રાખેવા, આપણું નામ, લોલાડઉ રુહુ એયગામ નામ લહિઉ, તેણિઈ નયરિ શ્રીમાલી ન્યાતિ,
વંસિઈ વડઈ વિખ્યાતિ સકલ સિરિઈ જાતિ, લછિ કહિઉ....૧૧

તે આદિઈ મોટા વિવહારી, ઉડગિઈ કહિયા કોઠારી, નાનિંગ નાતિઈ શ્રંગારી, લાજઘણી, તેહનીય ઘરણીય,
સીલિઈ વિસુધ, સુભદ્રા જેહવી પ્રસિધ, રુચિઈ આપછરૂ મુધ, નામલદે ભણી....૧૨

સોલ તેત્રીસઈ પવિત્ર દિનિ, તેહની કૂખિઈ, રતન્ન, અવતરિઉ સુર સપન્ના પુત્ર પણઈ, અરધ રાત્રિ
10 ઈધ હરી ભરિ સૂતા અયણ ધરિ, સીહ સપનંતરિ, તેજ ધણઈ.૧૩

દેખી જાગઈ નારી રતની, જાણિ ઉઘ રૂડુ સુપન, માલઈ ચંદ્ર વદના, કંત જિહા, જઈ જઈ શબદિઈ વધાવઈ નારી,
કહઈ રંગસ્યૂં અપાર, હોસિઈ પુત્ર ઉદાર ભાખઈ તિહાં....૧૪

દૂહા – પૂરા માસ જવ નવ દૂહા

સોલ તેત્રીસઈ વાસિ, માસિઈ વૈશાખ સુદિઇ છઠી તિથિ ઉલ્હાસ....૧૫
કુજ વારઈ કલ્પતરુ, જનમિઉ સુત કુલદીવ ઉછવ અતિ મોટા કીયા, રાખી સોભ સદીવ....૧૬
સકલ સોલ અંગની, દીપંતિ પતિ (વાણી) દંતની મોહતિ સંત માનવા, આવંતિ જે આલોકવા....૧૭
સુજન મન રંજીઈ, સુદાન માન દીજીઇ, સુનૃત્ય ગીત ગાઈઇ, કુલરીતિ ઘૃત લાહીંઈ....૧૮
દરિદ ફંદ કાપીઇ, અભિરામ નામ થાપીઈ કોડણ કહઈ કોડિઈકરી, બાપની બહિવિ ઈમચરિ....૧૯
પીય ટોપી રુયડી, દીસંતિ સુગુણ દૂથડી આંગલા હાથે સાંકલી, વેઢલા કડલી ઘૂઘરી....૨૦
20 કણદોરઈ સોવન જડી, સોહઈ કરિ કનક હકડી અનુક્રમ કૂંવર પદતણી, આવીય વેલા તવ સુણી....૨૧
તિ વિપુલ બુધિ પામસિઇ આગલિઈ જે જે કાંમસિઇ, તે વિનય શેખર ભાખસિઇ અવસિરિઇ ગુરુ ગુણ દાખસિઇ..૨૨

દુહા છંદ

ઈણિ અવસરિ જે નીપજ્યું , તે સહુ સુણઉ ઉદાર, માતપિતા સુરવર હૂઆ, તવ તે કોડણકુમાર....૨૩
લઘુ વઈ અતિ ડહાપણ, ઘણૂં આલોચઈ મતિ એહ, આગઈ મોટા જે હૂઆ, આયુ ન છૂટા તેહ...૨૪
તીર્થંકર ગણધર નરા, ચક્કવઈ કેસવ જાણિ, પૂરવ પુન્ય પોઢા કરયા, તે ન રહિયા નિવાણિ...૨૫
વિષ સમ સંસારિઈ રહી, જઉ કીજઈ બહૂ પાપ, દુખ ભોગવવા દઉહિલા, તઉ તારીજઈ આપ...૨૬
મનસ્યૂં એહવી બુધિ રચી, કહઈ મામા સૂણિ વાત, સૂરિ શિરોમણિ આવીઆ, જે જગિહિ વિખ્યાત...૨૭
ભાણેજ ભાખ્યા થકી, વાંદ્યા સહિ ગુરુ થાય, અમીય સમી વાણી સુણી, હરખિઉ મન વચ કાય...૨૮
આગઈ જે મુનિવર હુઉ, અયમત્ત કુંવર બાલ, તેહની પરિ કોડણ ભણઈ, સુણિ માઉલા વિશાલ...૨૯
30 દિઉ આદેશ અમ્હનઈ હિંવઈ, સારીજઈ જિનકાજ, તવ માંમઉ બોલઈ હસી, સી ઉતાવલિ આજ...૩૦
ઉતાવલિ ઘરમિઈ ભલી, પાપિઈ ભલી જ ઢીલી; ઉપસમ રસ સરોવરિ, મામા કૂંપણિ જીલિ...૩૧

ચાલિ છંદની

જીલિ એહ ઉપસમ સરોવરિ, અવસ્સર નહી એહ સમઉ; અહિ નિસિ ઉમ્હ આરંભ દંભિઈ, કાઈ ભવ આલિઇ ગમઉ,
સહિ ગુરુભવ સમૂદ તારણ, સૂરિવર એહ નઈ નમઉ; ધર્મ્મનિધિ શ્રી ધર્મ્મમૂર્તિસદ્ગુરુ લહીય સુખ દુખ નઈ વસઉ...૩૨

માઉલ ભોગ સંયોગતાં સુખ, દાખવઈ ધરિ રાખવા, રમણીય રુપ વિલાસ બહૂપરિ, મહીંય અવસર નાખવા,
માઉલા સાંભલિ વાત માહરી, બુદ્ધિ તાહરી નહીં ભલી, અંતિઇ જ એક ઈસા થાનાવઈ, જીવન ઈતૂં જોવલી...૩૩

અનેક બોલ્યાં વચન અવસરિ, મીઠાં નવિ લગારતી, આદેશ માગઈ હાથ જોડી, જેમ થાઉં હૂં યતી,
ઘણૂં રાખિઉ રહિઈ નહી જવ, માઉલઉ તવ પરિવારસ્યૂં જિમ સુખ ભાણેજ હુઈ તુમ્હનઈ, કરઉ તિમ ઉદારસ્યું...૩૪

તવ કુમર રંગિઇ માઉલાસ્યુ, આવઈએ માતર પુરિઇ તિહાં પૂજ્યશ્રીવિધિ વિહાર કરતાં, અછઈ તેણિપુરિ અવસરઇ,
અઈમતાની પરિ એક બાલક, ન્હાનુ પરિ વઈરાગીઉ મિઈ ઘણૂય નિરખિઉ,વચનિ પરખિઉઘરિનર હુઈસભાગીઉ..૩૫

મમ રતન ભાજન થકી, અધિકઉ કુમર કોડણ વલ્લહઉ, રાખીઉ નરહઈ એક ષિણ પણિ, હૂં કહું તે સદહઉ,
એહનઈ દીક્ષા દીઉ સિક્ષા, કરઉ ચેલઉ આપણઉ, આદેશ દીધઉ સંઘ પ્રસિધઉ, દૂઉ રંગ વધામણાઉ...૩૬

દુહા

વધામણાં હૂઈ ઘણા, માતરપુર અહિઠાણ, સંઘ ભગતિ બહૂપરિ કરઈ, યાચક વંછિત દાન...૩૭
તવ આવ્યા વઈરાડ થી, શ્રી સંઘ વંદન કાજિ, પગિ લાગી નિહોરા કરઈ, પધારઉ પૂજ્ય આજ...૩૮
અતિ આગ્રહ કીધા થકી, પાગરતા મંડાણ શ્રી સંઘ સવિ શેખઈ કરઇ, ગુરુ તપતે જિઇ ભાણ...૩૯
સોહઈ બહૂ પરિવાર સ્યું, પહૂંતા નયરિ વવઈરાઠિ; શ્રી સંઘ ઉછવ અતિ કરઈ, દાનિઈ ન કરઈ માઠિ...૪૦
કુંવર કર જોડી ભણઈ, સહિ ગુરુ તું અવધારિ; દિક્ષા દીઉ ઉતાવલી, તારક તૂં મૂજ તારિ...૪૧ 10
ફૂલઈકાં દીધા ઘણા, ઉછવ કરઈ અનેક શ્રી સંઘઈ વિત્ત વાવીઆ (પક્ષે ધનરાજઈ વિત્તવાવીઆ)
દીક્ષાતણઈ વિવેક...૪૨
પંચ શબદ વાજિત્રં વર, વાજઈ ગુહિર દમામ, તવ કોડણ શ્રી ગુરુ મુખિઈ, ઉચરઈ મહાવ્રત ત્તાંમ...૪૩
સોલ બઈતાલ સંવછરઈ, ફાગુણ સુદિ ગુરુવારી, ઇગ્યારસિ સોહામણી, એ દિક્ષા દિન સાર...૪૪
કલ્યાણસાગર થાપના, કીધી મોટાઈ જગિ, સાધુ ક્રિયા સીખી ઘણી, થોડે દિનિ મનરંગિ...૪૫

છંદ ચાલિ.

ગંગ નિરમલ નીર જઈ સઉ, સુજસ વ્યાપિઉ અતિ ઘણઉ, વ્યાકરંણ છંદ પ્રમાણ સાહિત, તર્ક નઈ આગમ તણઉ,
અભ્યાસ અધિકઉ કરઈ અહિ નસિ, સાધુવર ક્રિયા તણઉ, કલ્યાણસાગર મહા વઈ રાગી, મદન નરપતિ નિરજણિઉ...૪૬

સંજિમ સતર ભેદ ભાખ્યા, તેહ દૂષણ ટાલીઇ, મહાવ્રત પંચ આચાર પંચઈ, ગુપતિ ત્રિણિ સંભાલીઈ,
પરમાદ પંચઈ અંગિનાણઈ, જાણજો જ્યોઅતિ ઘણઉ કલ્યાણસાગર૪૭ 20

કષાય કડૂઆ મૂલિ જાણી, ત્યાગ કીધી તે ઘુરિઇ સમરસ પદમ સરસસરવર, કીલએ આનંદ ભરિઇ
ગુરુ સીખ ધારઈ, કુમતિ વારઈ, કાજ સારઈ આપણ ઉ કલ્યાણ..૪૮

નવ વિધિ બ્રહ્મ વિસુદ ધારી, સકલનારિ સહોદરો, એ જગિહિ દીસંઈ, ચિત્ત હીંસઈ, વાંદવા આદર પુરો
આવઈએ નર કામિની કોડિઇ, ગુણ ઘૂણઈ ભવીયણ સુણઉ કલ્યાણ૪૯

છંદ કલશ

ટુપિઈ જીતિઉ કામ, નામ મુજ ખરઉ સુહાવઈ, જગિજો આસિઈ સાધુ, એક જામલિ દુણ આવીઈ
ગુણ ત્રિણિઈ મુજ આજ, એહ દીઠઈ સાંભરીયા લબધિ શીલવર ન્યાંન, ગોયમ જંબુ અણુ સરીયા,
ગાવઈજ ગુણ એહના જકે તૈહ વંછિત ફલ લહઈ, સત્ય શેખર સુગુરુ પદના, મહોછવ અવસર લાહી કહઈ..૫૦

છંદ હાટકી

શ્રી ધર્મમૂરતિસૂરિ ચીંતવઈ, દીજઈ કેહનઈ પાટ, ગુણવંતા સખ્ય બહુલા પોતઈ જે, જીવઈ વાદી ઘાટ, 30
સખ્ય વડાવણારી સવારુ પદવી, રાજમૂરતિ ગુણવંત પરિવારિઇ પૂરઉ વિદ્યા સૂરઉ, પોરવાડ બુધિવંત...૫૧

રાજસાગર સરિખઉ, સુમતિઇ નિરખઉ, મહોદધિ જિમ ગંભીર, આચારઈ રાચિઉ,
વાચઈ સાચઉ, ન્યાઇ ઉજ્જલધીર વાણીઈ મીઠઉ ગુરુ ચિત્તિ બઈઠઉ, ગુણિ મણિ રયણ નિધાંન,
ગણ નાયકિ થાપિઉ, ગણિ પદિ આપિઉ, જગિ જાણિ ઉ પરધાન.૫૨

હેમ સરીખી કાયા,પુણ્યિઇ પાયા,વિધાઈ વિત્ત પજા,હેમ મૂરતિ વાચક,
સંજિમ રાચક, સાધુ ગુણે ધનધન, સોમ ગુણે સોભાગી, અતિ વઈરાગી, વાચક સોમ મૂરતિ, વલી વંદઉ ભગતિઈ,
જોઈ યુગતિઈ, પંડિતના ગુણ ચિતિ...૫૩

વિધાઈ ભરીઉ જિમ જગિ દરીઉ, પંડિત વિમલ મૂરતિ, નયને નિરખી જઈ, ગુણ સમરી જઈ, પ્રણમિ જઈ દિન રતિ,
રવિ મૂરતિ પંડિત, કાંતી વિરાજિત, વંદિત પૂરઈ આસ, સૂધઉ બ્રહ્મચારી, મહાવ્રતધારી, સોભાગ મૂરતિ પન્યાસ....૫૪

પુન્ય મૂરતિ મુનિવર, દસ સોહાકર, સૂધસે અણગાર નાગર વર નાતિઇ, સુંદર જાતિઈ, ખિમા સાગર મૂનિસાર...૫૫

વીર વસિઇ વારુ દાનિ ઉદારુ, કરુણા સાગર એહ, રુડ ઉ ગુણસાગર, કલ્યાણસાગર વર, અવર મુનીસર જેહ,
તસ ગુણ સંભારઈ, ચિત્ત મા ધારઈ પદ યોગિ કુણ હોઈ, સૂરીસર ન્યાનિઈ બઈઠા ધ્યાંનઇ, મનિ જાણી રહ્યાસોઈ..૫૬

છંદ દૂહા

10 પાઠક વાચક પંડિતહ, અવર મુનીસર જેહ, તે તેડી પૂછિયા સકલ, વડાતણી સ્થાપિ એહ...૫૭
શ્રી સંઘ રાજનગર ભણઉ, ગુરુ પરતિઇ પભણંતિ પદ મહૂરત જઈ જાણીઇ, તઉ પૂરી અઈખાતિ...૫૮
તવ શ્રી મુખિ સહિ ગુરુ ભણઈ, મંત્રીસર ગોવિંદ, તસ આગ્રહ ચઉમાસિ કીય, દીવબંદિરિ આણંદ...૫૯
તવ તેણઈ માંગી લીઉ, પદ મહૂર્ત ઠવનઉ બોલ લછિ સુઠાંમિઈ ખરચવા, તસ બહુલઉ રંગરોલ...૬૦
તવ શ્રી સંઘ ઉછાહાસ્યું, બઈડા ગુરુનઈ પાસિ; પંડિત ભલા તેડાવીઆ, મહૂરત ભણી ઉલ્હાસિ...૬૧
સોલ ઉગુણ પંચાસ મઈ, વરસ સુદિઇ મહામાસિ છઠિ રવિવાર થાપિઉ, મહુરત મોટઉ જાસ...૬૨

થાપિવાપારી, કલ્યાણસાગર નામ સહિગુરુ ઉચ્ચરઈ, તિહાં ચતુરવિધિ શ્રી સંઘ રંગિઈ, તિહિતિ ગુરુ વયણે કરઈ,
આણંદ વાધિયા, અતિ આરાધિયા, બોલ તેહ સોહામણા, શ્રી સંઘરંગિઈ લેખ લખીયા મોકલ્યા નગરે ઘણા...૬૩

તવ દીવ બંદિરિ લેખ પહૂતઉ, ગહિગહિઉ મહુતઉ ઘણું; તે લેખહારકન્યાહાલ કીધઉ, કરિઉ રંગિ વધામણઉ;
તવ પુત્ર પોઢા તણઈ કારણિ કાજ સ્યૂંપી આપણઉ ગુજરાતી આવી આ કારણી, કરિઉ, પિયણઉ સુણઉ...૬૪

20 કાજલા વિજલ પુત્ર પોઢા, અછઈ સાથિ સોહામણા, તવ ઘરણિ આદિ પરિવાર પરઘર, આવીયા સાજન ઘણા
તવ દિવ્બંદિર તણઉ શ્રી સંઘ આવએ અતિ ઉછહિઉ, ત્રંબાવતી નઉ સંઘ આવિઉ, આનંદિઇ અતિ ગહિ ગહિઉ...૬૫

અણહલ્લપુર પાટણહ કેરઉ સંઘ આવિઉ અતિ ભલ્લઉ; વીરમગામ અનઈ નગર માતાર, સંઘ આવિ ગુણ તિલઉ;
સૂરતિ ગંધારબંદિર નગર તારાપુર તણઉ, દક્ષણ વચક્ષણ દેસ રુડઉ, આવીયું સંઘ સાજણઉ ...૬૬

મેવાડનઈ મારવાડ ભાલ્લહ હલ્લારા વઢીયારઉ; રાયધનપુરનઉ સંઘ આવિઉ, નગર અવર અનેક નઉ;
સામહીયા કીજઈ માન દીજઈ ઉતારા અપાવીઈ, પકવાન બહુલે રંગરોલેઈ, સંયલ સંઘ જિમાવીઈ...૬૭

ચઉતાર સાલૂ વસ્ત્રવારૂ ભઈરવ ભલ્લવ સી આપએ, અતકલ સખી રોદ કમિશ્રુ સમી આણા સુધ છાપએ,
શ્રી બાપનઈ વાસ થાબહૂલાપટ ઉલાવર ચૂનડી અટાણ ખાસ અજાઈ તનુ સુખ, કછાઈ કદ કીધા ઘડી...૬૮

સુવર્ણ પીલા આણી બહૂલાં વાંકડા ઘડાવિઆં, મુંદૂડા વીંટી વેઢસડાં ગંઠઉડા મેલાવીઆ
આણીય કીધા એક થોકઈ, પૂજ્યનઈ કહઈ પદહીઉ, મનોરથ મહારઉ પૂરિ સહિગુરુ, સકલ સંઘ બોલાવીઉ...૬૯

30 સંવત સોલ વરસ દાખિઉ, ઉગુણપચાસાઉ ભલ્લાઉ, તિહાં માઘ માસિઈ મનહ હરસિઇ, સુકલ પખિઈ ગુણ નિલઉ,
તિથિ છઠિવારુ, અતિ ઉદારુ વારઆદી તહ સુણઉ, સાધીયા યોગ અનેક રૂડા, અવરસ પદ ઠવણા તણ ઉ...૭૦

મહૂરત સાધી, વેલા બાધી, સૂરિ સ્વહ થાપીઉ કલ્યાણસાગરસૂરિ કેરઉ, સુજસ સવલઈ વ્યાપીઉ,
ગોવિદ મહુતઉ, પુન્ય ચેનઉ, હરખસ્યૂં તિહાં નાચી ઉ, તવ કનક ધારિઈ મેઘ વરસિઉ, રંગ મંડપ માચી ઉ....૭૧

પહિરાવ્યા સાહાંમી, અધિક ધામી વાંકડા તસ સ્થાપીઆ વરવસ્ત્ર વેઢ કનક ગઠણીડાં, યાચકા નઈ આપીઆ,
દરિશનસંતોષ્યા, પાત્ર પોખ્યા, દાનઈ રેલિ વહાવીઈ, ઈમ ઉસવસ ઉદ્યોત કાર ગોવિંદસાહસુ ભાવીઈ...૭૨

વલી ઘણે નગરે લાહૂણિ કીધી, ખાંડનઈ રુપાતણી, ઈમ સકલ સંઘે દાન દીધાં, લાહિણિ કીધી અતિઘણી,
આણંદ પામી સકલ સાંહમીતણી ભગતિ અતિ સાચવી યાચક સંતોષી પાત્ર પોષી, ખાતિ મનની માચવી...૭૩

કીરતિ રોપી ધજ ઉપી, ગગનિ જિમ દહ દિસિ ફિરઇ, તિમ ગચ્છ શ્રી વિધિપક્ષ મહિમા દેસ સઘલે વિસ્તરઈ,
નવ અંગ પૂરુ સુવર્ણ રુપા વધાવીઆ મુગતા ફલે, અતિરંગ રાખી, સકલ શાખી, કરી નિજ કામે વલઈ...૭૪

દુહા છંદ

પંચમઆરઈ પ્રગટીઉ, અભિનવ યુગહ પ્રધાન, ધર્મ્મમૂરતિ સૂરિ સનઈ, રાય રાણા દિઇમાન...૭૫
તે કહઈ સૂં લલિત વાણીઇ, શ્રી આચાર્ય સાર, પૂરવ વિહાર પ્રસસ્થ છઈ, ઊત્તર થી જઈકાર...૭૬

છંદચાલિ

વ જઈ જઈ કારા કરઈ વિહાર, શ્રી આચાર્ય પાઉ ધરઈ, તિહાં આણંદ વરતઈ, ચિત્તઈ પરતઈ, લીલા લક્ષ્મી આવી વરઈ,
ાટણી પધારઈ ભવિયણ તારઈ ભલેરા, સુરગુરુ સિરિખા પાર ન લહઈ ગણિ સત્યશેખર શિષ્ય ભગતિઉ, પ્રરિઉ તેહથી ગુરુ....
નામિઈ નવનિધિ વંછિત, રિદ્ધિ સકલ સુસિદ્ધી આવી વરઈ...૭૭

ામૃત વાણિ વખાણ કરઈ – તિહાં નઈ શ્રી સંઘઈ ઉલટ અંગિઈ, પઈ સારઉ કરિ હરખ ધરઈ,
તે ગુરુ ગુણ જાણઈ, ચિત્તિઇ આણઈ, ભવસમુદ્ર તે સુહીમ...૭૮

ારતિ અતિ ચાલી દહ દિસિ માહાલી, આનંદકારી જગ શાખિઈ, દેસિઈ વિસ્તારી સુંદર સારી કિમ કિમ ચાલીતે ભાખઈ,
ોરઠ નઈ સિંધલ સિંધ બંગાઉલ, કચ્છ પંચાલ ઈમ દૂ જાણઈ, કલ્યાણસાગરસૂરીસરના ગુણ, સઘલે દેસે વખાણઈ...૭૯

કણ કરણાટઈ દેસ વઈરાટ, લાટઈ ભોટઈ વિખ્યાતા, કાન્હમઈ કલિંગઈ, અંગ તિલિંગઈ નેપાલઈ જાણઈ ઈગ્યાતા,
ાલવ મારુ આડઈ, જાલાવાડિઈ, કોડધાર મનમાં આણઇ કલ્યાણસાગરસૂરીસરના ગુણ સઘલે દેસે વખાણઈ...૮૦

વાડઈ કવડઈ ચૌડઈ ગૌડઈ, બહુલી પૂરવ હલ્લારઈ, ભાલ્લઈ વઈરાઠઈ દેસ મરઠઈ, વંગ અનઈ વલી વઢીઆરઈ,
કાસીનઈ મુગથઈ ગૂજરખંડઈ, દક્ષણ દેશ ખુરાસાઈણ, કલ્યાણ...૮૧

દુહા

બખઉ હર મજ દીપવર, દીવિ મંદિર સવાકંદે, આદનિચી ઉલક બોલ તિહાં અવર મંદિરિ આનંદી...૮૨

નામ જપઈ નરનારી સવિ, ગુણ ગાઈ રંગપૂરિ શ્રી ધર્મ્મમૂરતિ સૂરિ શિષ્ય કલ્યાણસાગરસૂરિ...૮૩

છંદ ચાલિ

કિંતુ સૂરિ શિરોમણી લબધિકારી, કિંતુ વાચ કાછઈ ખરઉ બ્રહ્મચારી,
કિંતુ કોટિક વીસરે, તૂં વખાણીઉ, કિંતુ જગિણી યોગિ સારસૂ જસ જાણીઉ...૮૪

કિંતુ મોહ સંજોગ મહાસુભર તાજીતઉ, કિંતુ મયણ ભય માણ ટાલિઉ વદીતઉ
કિંતુ અમ છોડી કરી કનકિ રાચિઉ, કિંતુ પંચ આચાર ગુણિ અધિક માચિઉ...૮૫

કિંતુ વાદીઆ વૃદનઉ માનખંડિ ઉ, કિંતુ સામ સોભાગ ગુણ સબલ મંડિઉ
કિંતુ કોધ મહાપાધિ દૂરિઈ વડારિઉ, કિંતુ લોભ નઈ દંભી અંગિ નિવારિઉ...૮૬

કિંતુ સૂરિ છત્રીસ ગુણિ સુગુરુ પૂરઉ, કિંતુ કામરિપુ વર્ગ્ન જીપવા સૂરઉ
કિંતુ ગતિ ઈહિ ઈરાવણ સરજ રાજઈ, કિંતુ ચંદ્રમુખ કલા પૂરણ છાજઈ...૮૭

કિંતુ તેજ કઉ પુંજ જિમ ભાણ દીપઈ,કિંતુ સાધુકિયા બલિઈ કોન જીપઈ,
કિંતુ રાયરાણા ઘણા સેવ સારઈ, કિંતુ દેશના શક્તિ કરિ ભવિક તારઈ...૮૮

છંદ હાટકી

તારક જે વંદઈ, તે ચિર નંદઈ છંદઈ ચાલઈ તાસ ભણઈ, સેવક જન સઘલા, રહિત સજમલા, કરજોડી જીજીય ભણઈ, કમલા થિર વાસિઈ, રહઈ આવાસિઇ જે પ્રાણી ગુરુ ગુણ ગાવઈ કલ્યાણસાગરસૂરી સર નામઈ, મન વંછિત ફલ સુખ પાવઈ.૮૯

ગયં ગણિ મંદઉ, તાં ચિર નંદઉ, સેવક જન અહિ નિસિઈછઇ એહનુ પરિવાર, અતિહિં વિસ્તાર હોજ્યો જગિસાર સકલ વંછઈ, જેમહ વટવૃક્ષ, તેમ વિધિપક્ષ શતશાખા ગુહિરમભાવઈ, કલ્યાણસાગરસૂરીસર નામિઇ મન વંછિત ફલ સુખ પાવઈ..૯૦

સંવત સોલહ સિઈ, ઉપરિ વરસિઇ, એકાવની શ્રાવણ માસિઇ, સૂરય નઈ દિહાડઈ, સુદિ પખવાડઈ, પૂર્ણિમા મન ઉલ્હાસિઈ, કવીયણ મન રંગિઇ, આણંદ અંગિઈ, સહિ ગુરુના ઈમગુણ બોલઇ પંચમ આરઈ પ્રભાકર પ્રગટિઉ, એસિ હિ ગુરુ ગોયમ તોલઈ.૯૧

માનઈ નરઈસં શ્રી વણારીશ, કમલશેખરનઉ સુજસ ઘણઉ પાલિ જિન આણહ, વર પચખાણહ, જાવજીવ જેણિ સયલ તણઇ તેણિઈ અભિગ્રહ લીધઉ, વિશ્વપ્રસિધઉ આરાધિઉ જિન ધરમ સહી, તે મહા અણગારી, જગિ જઈ કારી, મોહનગારી કીરતિ રહી.૯૨

10 તેહના શિષ્ય સોહઈ, જનમન મોહઈ, આચારઈ સુંદર દીસેઇ, શ્રી સત્યશેખર પંડિત વર નમતાં, ભવિજન સહૂનૂ મન હીસિંઈ, તેહનઈ પ્રસાદિઈ, મન આણંદઇ, ગુરુ ગુણ બોલ્યા જઈકારી, વિનય શેખર નઉ પ્રભુ પ્રણમંતા, સયલ સંઘમઈ સુખકારી...૯૩

કલશ

પુરણ સુખદાતાર, સુગુરુ એહઅધિક પ્રતાપી, સુંદર જશ આચાર કીરતિ અતિ સઘલઈ વ્યાપી, શ્રી શ્રીમાલી વંસિ, સુગુરુ એક ઉદયુદિનકર કલ્યાણસાગરસૂરીસ પ્રગટીઉ જગિ અભિનવ ગણધર શ્રી ધર્મ્મમૂરતિસૂરીશ શિષ્ય આચારમતિ સુંદરો, વિનયશેખર પ્રભુ પ્રણમંતા અધિક અધિક આનંદ કરો.....૯૪

ઈતિશ્રી પૂ. આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરીશ્વર છંદ સંપૂર્ણ

સં. ૧૬૫૨ મોટેરઈ લિખિ

(૫૭-૬૦) પૂ. આચાર્ય શ્રીકલ્યાણસાગર સૂરિ-ગીત ભાવાર્થ

આ શ્રી કલ્યાણસાગર સૂરિજી અંગેની ૪ રચનાઓમાં ૩ ગીતો ૧ ભાસ છે. ઉતિમચંદ અને (દેવનિધાન) આ શબ્દોમાં ફેરફાર
20 લાગે છે. મુલુકચંદ અને ધનજી એ બધા પૂજ્યશ્રીના પરિવારમાં હતા. આ નામોમા અંચલગચ્છ દિગ્દર્શનમાં ત્રણ ના ઉલ્લેખો નથી વા. દેવસાગરના શિષ્ય-ઉત્તમચંદ્ર છે તથા અમરસાગરસૂરિના કર્તાઓનો પણ ઉલ્લેખ થયો નથી. પ્રાચીન સાહિત્યનું સંશોધન કરવા બેસીએ તો ઘણી નવી નવી બાબતો પ્રકાશમાં આવતી જશે એમાં શંકાને સ્થાન નથી. આ ગીતની છેલ્લી કડીમાં ધનજી મુનિ કહી રહ્યા છે. કે જે દિવસે આપને ભેટીશું (દર્શન કરીશું) તે દિવસે અમારી આશા ફળીભૂત થશે. હાલમાં તો મારો જીવ તમારી પાસે જ રહ્યો છે.

(૫૭) પૂ. આ. શ્રીકલ્યાણસાગરસૂરિ ગીત

કર્તા : ઉતિમચંદ રાગ : કેદમ પુત્ર

સહિમ સંભાણી ગોરડી રે, સદ્‌ગુરુ વંદણ જાય; મહારા સ્વર કંઠ આલપીરે, ગચ્છપતિ ના ગુણ ગાઈરે
કલ્યાણજી દીઅ મુજ નઈ ઉપદેશ...૧

સ્તંભઉ પ્રહીય ડામાણી ઘરે અ,
નયણ વયણ મંત્ર નેહનારે, સુગુણ સોભાગી સીરન દીખઈ રિલ નિત ઉલ્હસ હરે, સોહઈ સોવન વીતરે કલ્યાણ...૨
30 મન સુધિઈ હું કહું રે પ્રભુ માનિ અમાનિ મુજ મન હંસ સહિતું વસિઓરે, અવર ના જ્યાં વદિ કણનિરેઉ..૩
શ્રી ધરમમૂરતિસૂરિનારે, સુગુણ સોભાગી ગેહ ઉતિમચંદ કહઈ, મિહરે, લહિય, ઈલ બિનતી હરે...૪

(૫૮) પૂ.આ. શ્રીકલ્યાણસાગરસૂરિ ગીત કર્તાઃદેવનિધાન

(રાગ : જીહા પ્રણમું જિનપતિલાલા)

જી હો પાસ જિણેસર પાય પૂજુજી હો સમરી શારદામાંય જી હો જુગપ્રધાન ગુરુ ગાયસું જી હો કલ્યાણસાગરસૂરિ રાય
સોભાગી સેવક શ્રી ગુરુ પસાય (૧)

જી હો દરસણ દુખ દૂરઈ ટલઈ, જી હો નામઈ નવનિધ થાઈ જી હો શ્રી શ્રીવંશ સોહામણા જી હો નાનંગ કુલ અવતાર
જી હો માત નામલદે.. નમીઆ જી હો જિનશાસન શણગાર (૨)
જી હો રવ તરુ મેઘતણી... જી હો ઉપમા.... રહે હ જી હો વઈણ અમીરસ એહના, જી હો ટાલઈ તવ સંદેહ (૩)

જી હો પંચ સમત સમતાસદા જીહો સાયર જમ ગંભીર જી હો મુખ પુનમ શશિ સોભતા જી હો સોવનવાન સરીર (૪)
જી હો સીલ ગુણઈ જંબુ જશી જી હો સકલ ગુણજાણ જી હો લબધિઈ ગુરુ ગૌતમ સમાજી જીહો પ્રતાપી જમ ભાણ
જી હો ગીતારથ ગુરુ ગુણ નીલુ, જીહો ભાવ હરખ ગુરુ સીસ જીહો દેવનિધાન કહિઈ સદાગુરુ પ્રણમઈ કોડવરીઆ
સોભાગી સેવક શ્રી ગુરુ પાય...(૫)

(૫૯) પૂ. આ. શ્રીકલ્યાણસાગરસૂરિ ભાસ

કર્તા : મુલુકચંદ (રાગ : શ્રી શત્રુંજય આદિજિનરાયા)

ગોડી મંડણ જિનવર ગુણનિલો, પ્રણમૂં તેહના પાયોજી, સૂરિ સિરોમણિ સદ્‌ગુર ગાયસૂં શ્રી કલ્યાણસાગરસૂરિ રાયોજી...૧
સજની આવુ રે સહિગુર વંદીઈ, સજી ભલા ઓલ સિંગારોજી વિધિસું વંદી વધાવીજઈ મોતીએ, અંચલગચ્છ ગુણ ધારોજી...૨
શ્રી શ્રીવંશઈ સાહનાનિંગ વરુ નામલ દે જસુ માતોજી માન સરોવર હંસતણી ગતઈ તાસ ઉઅરિ અવતારોજી...૩
સંસાર અસાર જાણી આદરું વઈરાગઈ ભ્રમ ભારોજી સૂરથઈ નહિ પાલઈ સર્વત્ર કિરીયાના વ્યય કારોજી...૪
પાચં સમિતિ નિતિ પાલઈ નિરમલ, ગુપતિ ત્રિણિ ગુણવંતોજી ક્રોધાદિક્ કષાય નહીં કદા સંજિમ પાલઈ સંતો જી...૫
નાથી અપરિષહ્ય સહિ નિત આ દરૂજી, મહિતલ કરઈ વિહારોજી અજુજુ જીવ મતિ તજવઈ નિરદૂષણ લઈ આહારોજી...૬
ધન તે ગામના ગુરુ જિંહા અછઈ, જિંહા અધરુ ધર્મતે દેઓજી ધન તે ભવિક પ્રાણી ગુરુજી ભણઉ, સુણઉ નિત ધર્મ ઉપદેશોજી...૭
ધન ધન તે માય પિતા અધકા જો જઉ જનિઉ જબહુ અડૂહ જય વિહારોજી મુલુકચંદ મુનિ વર વિનવઈ એકવાર અત્ર પધારોજી...૮

(૬૦) પૂ. આ. શ્રીકલ્યાણસાગર સૂરિ ગીત

કર્તા : ધનજી રાગ : મારુણી

શ્રી જિનવર ચરણે નમી રે, ગાઉં સુગુર મુનિંદ કલ્યાણસાગરસૂરીસરૂરે, દેખત હોઈ આનંદ ॥ ૧ ॥
વિરાગી કલ્યાણજી રે, તું સકલ જીવ સુખકાર સોભાગી કલ્યાણજી રે, દીજઈ મોહિ દીદાર ॥ ૨ ॥
વિરાગી કલ્યાણજી રે, મેરઈ મન મઈ તું વસઈ રે જઉ કોઈલ સહકાર, નામ તુમ્હારઉ મઇ જપઉરે તો ગુનકી જપમાલ ॥સોભાગી॥
ધરમ સનેહઈ માહરઈ રે, સઉં મો મન લીન, તો ગુન બિનું ખીનું ના રહઈ રે જું પાની બિનું મીન ॥ ૩ ॥
મનમા હરઉ તુમપઈ રહઈરે, ખિનઈક દુરિલ જાઈ ॥ ધ્યાન તુહારઉં હીધરઉ રે, તુમ સેતી લઈ લાઈ ॥ ૪ ॥
નયના આગઈ તુમરહો રે, મેરઈ જીવ સમાન તુમ કું દૂરઈ જે કહઈરે, તે કુલોગુ અવ્યાન ॥ ૫ ॥
જા દિનિ તુમ કઉં ભેટસ્યઉ રે, તા દિનિફલસ્ય ઈઆસ દામ સીસ ધનજી કહે મેરઉ જીઉ તુમરઈપાસિ ॥ ૬ ॥

– શ્રીગુરુ ગીત સંપૂર્ણ

(૬૧–૭૪) પૂ. આ. શ્રીકલ્યાણસાગરસૂરિની ૧૪ સ્તુતિનો ભાવાર્થ

આ રાસ સંગ્રહમાં વધારેમાં વધારે રચનાઓ છપાઈ હોય તો તે પૂ. આ. કલ્યાણસાગરસૂરિજીની છે. આ સ્તુતિ સંગ્રહ જામનગર અચલગચ્છના હસ્તપ્રત ભંડારમાંથી પ્રાપ્ત થયો છે. દાદા શ્રી ગૌતમસાગરસૂરિજી મ.સા. ની નિશ્રામા શ્રી હીરાલાલ અને ફૂલચંદ આદિએ રચનાઓ કરી છે. એમા સાત રચનાઓ મુનિ ન્યાયસાગરજીની છે. સ્વરૂપચંદની ૧ રચના છે ફૂલચંદની પાંચ અને હીરાલાલની ૧ રચના છે. આ રચનાઓમાં જન્મ તિથિ માટે આષાઢી બીજની વાત જણાવી છે. જે વિશેષ સંશોધન કરતા વૈશાખ સુદ ૬ ના પુરાવા મળે છે. દરેક સ્તુતિ સરળ ગુજરાતીમા રચાયેલી હોવાથી વિશેષ ભાવાર્થની જરૂર નથી. આ સ્તુતિઓમાં પૂજ્યશ્રીના માતા–પિતાના નામો અને વર્ધમાન–પદ્મસિંહ કુંવરપાલ–સોનપાલના કાર્યો વિગેરે તથા કચ્છના મહારાવ ભોજરાજાએ કરેલ અમારી પડહની ઘટનાઓ ગુંથી લેવાઈ છે. એક–બે સ્તુતિઓ સૌપ્રથમવાર પ્રકાશિત થાય છે. એમ અમે માની રહ્યા છીએ. છતાં કોઈ પુસ્તકમાં પ્રકાશિત થઈ હોય તો શોધવું જોઈએ.

(૬૧) શ્રી કલ્યાણસાગરસૂરિ સ્તુતિ

રચના : હીરાલાલ

રાગ : ખમાયી શાંતિ જિન શાંતિ સેવક દીજીયેજી (એ દેશી)

નમુ ભાવથી ગુરુ તમને, ગચ્છનાયક ગુરુજી સેવક વીનવેજી... એ (આંકણી)
દેશ વઢીયાર નામે લોલાડા નામ ગામે સોલસેં તેંતરીશ સાલ સારી ॥નમુ॥ ૧

શ્રીમાલી જ્ઞાતિની માંહે શેઠનાનિંગશા ત્યાંહે નામિલદે નારી છે મનોહારી ॥નમું॥ ૨
તેહની કુંખમાંહે આવ્યા ગુરુજી ઉછાંહે માતાપિતાને આનંદ કારી ॥નમુ॥ ૩
અષાઢ સુદ બીજે જન્મ્યા ગુરુજી રીઝે ભવિજનને જે છે ઉપકારી ॥નમુ॥ ૪
નવવરસ તણી લઘુ વયમાંહે ભણી લીધું સંયમ હિતકારી ॥નમુ॥ ૫
આચારજ પદ પામી કામકષાય વામી વિચરે સદા પદચારી ॥નમુ॥ ૬
ભદ્રાવતીના વાસી લખમી લીલા વિલાસી, વર્દ્ધમાન શેઠને મનધારી ॥નમુ॥ ૭
ગુરુએ ઉપદેશ દીધો લાવો લખમીનો લીધો, ધર્મતણા કરી કામોભારી ॥નમુ॥ ૮
કુરપાલ સોનપાલે કીંધુ તિલક ભાલે, સંઘપતિ તણું શુભકારી ॥નમુ॥ ૯
કલ્યાણસાગરસૂરિ એવાં પાપોને ચૂરિ, હીરાલાલને આપો સુખ ભૂરિ ॥નમુ॥ ૧૦

(૬૨) સ્તુતિ બીજી રચના : ફૂલચંદ

(રાગ : ભૈરવી)

સૂરિ કલ્યાણ યુગપ્રધાન યુગપ્રધાનગુણમણીખાણ ॥સૂરિ॥ (એ આંકણી)
સંવત સોલ તેત્રીસ વરસે, અષાડ શુકલ બીજગુરુવારા નામિલ દે માતાની કુખે, નાનીંગ કુલ અવતારા ॥સૂરિ॥ ૧
કોડન નામ પાડયું કોડેથી, સ્વજન મલી સંઘસારા નવવરસની ઉમર થતાં, સંજમ ધારનહારા ॥સૂરિ॥ ૨
ધર્મ મુરતસૂરિ ગુરુની સંગે, દેશાટન કરનારા જૈન શાસન જ્યોતિ જલકાવી, વરસાવી વીરરસધારા ॥સૂરિ॥ ૩
જામનગરમા રહ્યા ચોમાસું, અનંતકીધા ઉપકારા સ્મરણ સ્થંભો આજે અતિ, ઉત્તમ ભવ્ય જીવો હિતકારા ॥સૂરિ॥ ૪
વરધમાન પદમશી બાંધવા, લાલન કુલમોજારા અઢલક લક્ષ્મી ખરચી બાંધ્યા જિનભૂવન રખિયાલા ॥સૂરિ॥ ૫
નાગડ ગોત્રી રાજસી નેણશી, ઉત્તમ કરી વિચારા મેરુસરિખા મંદિર બાંધ્યા, ગોખ મુકીને શ્રીકારા ॥સૂરિ॥ ૬
ભારમલ્લ કચ્છ ભૂજ રાજા, રોગે અતિ દુઃખીઆરા સૂરીશ્વરને ચરણે જઈ પડતાં રોગ રહિત સુખીઆરા ॥સૂરિ॥ ૭
પડહ અમારિનો વજડાવી, દારૂમાંસ પરિહારા રાજવિહાર જિનાલય બાંધ્યું, સૂરિવચન અનુસારા ॥સૂરિ॥ ૮
અનંત કીધા ઉપકાર, પૃથ્વી પર કહેતાં નાવે પારા કલ્યાણકારી નામ સમરતાં, કાર્ય સકલ સરનારા ॥સૂરિ॥ ૯
ગૌતમસાગર ગુરુ સભાએ, જન્મ જયંતિ ઉજમાલા કહે કુલચંદ સૂરિ જપતાં, જય જય મંગલમાલા ॥સૂરિ॥ ૧૦

(૬૩) સ્તુતિ ૩ જી રચના : ફૂલચંદ

શું કહું કથની મારી રાજ (એ રાગ)

કલ્યાણસૂરીશ્વર રાયા રાજ, કલ્યાણસૂરીશ્વર રાયા શાસન થયા સવાયા રાજ (કલ્યાણ) એ આંકણી.
નગર આગરા શહેર અનુપમ જહાંગીર શાહ ભૂપાલા વાસ વસે જ્યાં ધનપતિ બાંધવા કુરપાલ સોનપાલ રાજ. ॥કલ્યાણ ॥૧॥
જિન પ્રસાદ અતિ ઉત્તમ બાંધ્યા સાડાચારસોબીંબ ભરાવ્યા, મૂલનાયક શ્રેયાંસ મહાવીર, હર્ષ ધરી પધરાવ્યા રાજ. ॥કલ્યાણ ॥૨॥
જિનશાસનની જ્યોતિ નિરખી, અદેખા જન અકલાણા, શાહ સલીમને જઈ ભરમાવ્યું, વણિક દેવપાષાણ રાજ. ॥કલ્યાણ ॥૩॥
શાહ સુલતાને તેડી બોલાવ્યા, સોનપાલ સાહુકારા સલામ કરીને શેઠજી બોલ્યા, ફરમાવો સરકાર રાજ. ॥કલ્યાણ ॥૪॥
શાહ કહે શેઠજી સાંભલો, મંદિર બાંધ્યા મજાના; કોને પધરાવ્યા છે અંદર, ખરચીને ખૂબ નાણા રાજ. ॥કલ્યાણ ॥૫॥
હિમત ધરીને શેઠજી બોલ્યા, સાંભલો શાહ સુજાણા; મંદીર માહે પધરાવ્યા છે, શ્રેયાંસ વરધમાન રાજ. ॥કલ્યાણ ॥૬॥
શહેનશાહ કહે શેઠજી શાણા, દેવ તમારા સાચા; દશ દિવસની મુદત આપું, દેખાડી દો પરચા રાજ. ॥કલ્યાણ ॥૭॥
ચમત્કાર જો નહીં મલે તો, મંદીર નથી રહેવાના, સુખે સિધાવો શેઠજી તમે, કાઢશો નહિ કાંઈ બાના.રાજ. ॥કલ્યાણ ॥૮॥
શેઠ ત્યાંથી ઘેર આવ્યા, તરત જ કરી તૈયારી સાંઢ મંગાવી કરી સ્વારી, કાશી નગર મોજારી રાજ. ॥કલ્યાણ ॥૯॥

ત્યાં બીરાજે સૂરિ કલ્યાણ, કલ્યાણ કલ્યાણ કરનારા; ગુરુ ચરણે પડી વાત સમજાવી, સૂરીશ્વર તુમ આધાર રાજ. ॥કલ્યાણ ॥૧૦॥
શાસનના શણગાર ગુરુ છો લાજ રાખણ હારા શાસન જ્યોત પ્રગટાવો પુરી, હોવે જય જયકારા રાજ. ॥કલ્યાણ ॥૧૧॥
સૂરિ કહે ચિંતા નવ કરશો, જયવંતુ શાસન થાશે; જાઓ તમે કર આવું છું હું, તરત તમારી વાંસે રાજ. ॥કલ્યાણ ॥૧૨॥
મહાકાલીને તરત બોલાવ્યા, યુગપ્રધાન સૂરિરાયે ગગન ગામિની વિદ્યા સાધી, પોંચ્યા આગ્રામાંહે રાજ. ॥કલ્યાણ ॥૧૩॥
મુદત પુરી થતાં ગુરુએ, શહેનશાને તેડાવ્યા કુટુંબ કબીલા અમીરો સાથે મંદિર માંહે આવ્યા રાજ. ॥કલ્યાણ ॥૧૪॥
મહાવીર દેવને પડખે ઉભા કલ્યાણસૂરીશ્વરરાયા ધર્મ ધ્વજ હસ્તે ગ્રહીને જિનશાસન દીપાયા રાજ. ॥કલ્યાણ ॥૧૫॥
કહે સૂરીશ્વર સુનો શહેનશાહ નમસ્કાર જબ કરશો પાષાણતણી આ મૂરતિ હાથે આશીષ રુડી વરશો રાજ. ॥કલ્યાણ ॥૧૬॥
નમસ્કાર કરી શીશ નમાવ્યું, પૃથ્વીપતિ જહાંગીરે ડાબો હાથ ઉંચો કરી આપ્યો ધર્મલાભ મહાવીરે રાજ. ॥કલ્યાણ ॥૧૭॥
ચમત્કાર દેખી પ્રતિમાનો, શાહ થયા તરત રવાના દશ હજાર સુવર્ણ મુદ્રિકા, પાઠવી સૂરિ રાજ. ॥કલ્યાણ ॥૧૮॥
સોનપાલને કહે સૂરીશ્વર, અમે સંજમ ધારી મુદ્રિકાએ વાપરજો તમે, જિન મંદીર મોજારી રાજ. ॥કલ્યાણ ॥૧૯॥ 10
ગૌતમસાગર ગુરુ પસાએ, જામનગર મોજારા કલ્યાણસાગરસૂરિ ગુણગાતા, કુલચંદ હર્ષ અપારા રાજ. ॥કલ્યાણ ॥૨૦॥

(૬૪) સ્તુતિ ચોથી

રચના : ન્યાયસાગર (રાગ : ભરથરીનો)

નમું રે નમું ગુરુરાજને ભવજલ તારણ હારજી ઉતારો ભવ સમુદ્રથી નમીયે વારંવારજી. નમુ રે ॥૧॥
ભવ અનેક હું ભટકીઓ હજીય ન આવ્યો પારજી જનમ મરણના જંજાલથી પ્રવહણ મમ છો આધારજી નમુ રે ॥૨॥
વંદન કરતાં આપને થાય હર્ષ ને ભાવજી હવે રે નહી તારો તાતજી તો અમ કોણ આધારજી નમુ રે ॥૩॥
દાદા મુંજને કૃપા કરી, આપો અવિચલ આવાસજી કરજોડી ગુણ ગાય છે ન્યાયસાગર તુમ દાસજી નમુ રે ॥૪॥

(૬૫) સ્તુતિ પાંચમી

રચના : ન્યાયસાગર (રાગ : ધન્યાશ્રી)

દેખત દર્શન આજ કલ્યાણ દેખત દર્શન આજ કલ્યાણ ગુરુ (એ આંકણી) 20
મેરા નયન સફલ ભયા હે તુમ દર્શનથી રે આજ ॥કલ્યા.૧॥
કરજોડી ઉભો રહુ આગલ રાત દિવસ તુમ ધ્યાન ॥કલ્યા.૨॥
મનમાંહે જો મેર ન આવે તો શું કહીએ છાને ॥કલ્યા.૩॥
ખોટ ખજાને કો નહીં તુમ ને, દીજે વાંછીત દાનો ॥કલ્યા.૪॥
કરુણા નજર ગુરુ જો નહી કરશો વાધે ન સેવક વાનો ॥કલ્યા.૫॥
ન્યાય દાસ કહે તુમ સાહેબ મુજ વધારો વાનો ॥કલ્યા.૬॥

(૬૬) સ્તુતિ છટ્ઠી

રચના : ન્યાયસાગર (રાગ : ધન્યાશ્રી)

દર્શન પામ્યો હું આજ ગુરુ તુમ દર્શન (એ આંકણી)

તુમ ગુરુના દર્શન સુખ દાયક પામી થયો હું ન્યાલ ગુરુ તુમ દર્શ. ॥૧॥ 30
કલ્યાણસૂરિ મનોહર સુખકર મૂરતી ગુણ મણિમાલ ગુરુ તુમ દર્શ. ॥૨॥
વદન સુધાકર સમ તમારું ભવિક કુમુદ ઉલ્લાસ ગુરુ તુમ દર્શ. ॥૩॥
ભવો ભવ ભટકી શરણે હું આવ્યો ઉતારોને પાર ગુરુ તુમ દર્શ. ॥૪॥
માટે મયા કરો ને દાદાજી સેવકની સંભાર ગુરુ તુમ દર્શ. ॥૫॥
તુમ વિણ અવર નથી કોઈ ત્રાતા તારીયે દાદાજી તતકાલા ગુરુ તુમ દર્શ. ॥૬॥
દાસ નીહુરને આશ્રય આપી માર્ગ ચડાવો મલાર ગુરુ તુમ દર્શ. ॥૭॥
સ્વરુપસાગર ગુરુ પ્રતાપે ન્યાય નમે વારંવાર ગુરુ તુમ દર્શ. ॥૮॥

(૬૭) સ્તુતિ સાતમી

રચના : ન્યાયસાગર

(રાગ : વાલાજીની વાટડી અમો જોતાં એ દેશી)

કલ્યાણસૂરિ ગુરુ સારારે પાપ કર્મ થકી તુમે ન્યારારે
મુક્તિ મારગ બતાવણહારા એવા ગુરુ રાજને નીત સેવી રે
એતો મોક્ષ બતાવણ હારા એવા ગુરુ રાજને નીત સેવી રે ॥૧॥ (એ આંકણી)

ગણે સુખદુઃખને સરખા રે શત્રુ ચારને કીધા છે અલગારે ગણે શત્રુ મિત્રને સરખા એવા ગુરુ રાજ ॥૨॥

વિષયની વાસના ત્યાગી રે શુદ્ધ સંયમમા વૈરાગી રે, જેણે કીધી તુષ્ણારિપુ આધી એવા ગુરુ રાજ ॥૩॥

સસી સમ હૃદય અજવાલું રે વીમલા તુમ વાણી સંભાલું રે જાણે અમૃત કેરું પ્યાલું એવા ગુરુ રાજ ॥૪॥

રંગ ફતે દેવ સિંધુ સારા રે સ્વરુપ ના કારજ સર્યા રે ન્યાય દાસ નમે સુખકારા એવા ગુરુ રાજ ॥૫॥

(૬૮) સ્તુતિ આઠમી (રાગ : બનજારો)

રચના : ન્યાયસાગર

(અરજ સુણો હમારી મુજ નેમ પ્રીયા ને વિસારી એ દેશી)

દીયો દાદાજી દર્શન વારી મુજ સાર કરો દિલ ધારી (એ આંકણી)
દાદા નાનીંગ સા કુલ આએ નામીલ દે માતા કુલઆ એ તવ આનંદ થાયે ભારી ॥દીયો દાદાજી ॥૧॥
દાદા નવ વરસના થાવે તવ ધર્મમૂર્તિ સૂરિ આવે, લિયે દિક્ષા જગહિતકારી ॥દીયો દાદાજી ॥૨॥
દેશ વિદેશ પાવન કરતા આવ્યા અમદાવાદ વિચરતા, દીએ ઉપદેશ આનંદકારી ॥દીયો દાદાજી ॥૩॥
દેશ કચ્છ ભૂજ મેં આવે સામઈયા દાદા કું થાવે, ઢોલનિસાન સરણાઈ ભારી ॥દીયો દાદાજી ॥૪॥
ભારમલ આદિ સભા આઇ દાદા અમૃત વાણી વરસાઈ, સુણી વાણી મોહનગારી ॥દીયો દાદાજી ॥૫॥
દાદાજી નગર મેં આવે નર નારી મલી વધાવે, થાયે આનંદહર્ષ ભારી ॥દીયો દાદાજી ॥૬॥
સ્વરૂપ સસિ સમ સોહે વદન દેખી મનહું મોહે, નમે ન્યાય સાગર વારી વારી ॥દીયો દાદાજી ॥૭॥

(૬૯) સ્તુતિ નવમી

રચના : સ્વરૂપચંદ (રાગ : આવો હરિ શિવશંકર ભોલા એ દેશી)

ચાલો સખિ ગુરુ વંદન જઈયે દર્શન પામી નીરમલ થઈયે ॥ ચાલો ॥ (એ આંકણી)
શશિ સમ ગુરુ તુમ મુખ દીઠે મુજ મન જાણે અમૃત વુઠે મારો મિથ્યા તિમિર દુરે (ના) ભાગે ચાલો...૧
મોહની માંહે હું સદા માંચ્યો કુમતિ ને સંગે હું રાચ્યો, કામ મોહ માહે હું નાચ્યો ચાલો...૨
કલ્યાણસાગરસૂરિ સુખકારી ભવી સેવો દીલમાં ધારી એ તો મન વાંછીત દાતારી ચાલો...૩
ગુરુ સાથે જ્ઞાન રસે કરી રમશું રાગ દ્વેષને વિકથા વમશું, સ્વરુપ કહે એવા સૂરિને નમશું ચાલો...૪

(૭૦) સ્તુતિ દશમી

રચના : ન્યાયસાગર(રાગ : મુને ઘડી નથી વીસરતા રામ એ દેશી)

મુને ઘડી નથી વીસરતા રાય ગુરુવર ગુણ ભંડારી (એ આંકણી)
વાલાજી મારા ભવ ભવ ભટકી હું આવ્યો દર્શન તુમારો પામ્યો રાય ॥ગુરુવર॥ ૧
વાલાજી મારા કલ્યાણસૂરિ ગુરુ રાજે મોટે તખતે બીરાજે રાય ॥ ગુરુવર॥ ૨
વાલાજી મારા ગુણ છત્રીસે બીરાજે રાય ત્રણ લોકની ઠકુરાઈ છાજે રાય॥ગુરુવર॥ ૩
વાલાજી મારા કામ ક્રોધ ને વારે, ભવી જીવોના કાજ સુધારે રાય ॥ગુરુવર॥ ૪
વાલાજી મારા મધુરી વાણી બોલે નહિ ગુરુ સમ બીજો તોલે રાય ॥ગુરુવર॥ ૫
વાલાજી મારા પુણ્યે મલ્યા હવે પ્યારા, ગુરુ સેવું ચરણ તમારા રાય ॥ગુરુવર॥ ૬
વાલાજી મારા મહેર નજર કરી તારો ભવ સાગરથી ઉતારો રાય ॥ગુરુવર॥ ૭
વાલાજી મારા સ્વરુપસાગરજી પ્રતાપે મારા દુઃખડા સર્વે કાપે રાય ॥ગુરુવર॥ ૮
વાલાજી મારા પુણ્ય પ્રસંગે મલીયા, ન્યાય દાસના કારજ સરિયા રાય ॥ગુરુવર॥ ૯

(૭૧) સ્તુતિ અગીઆરમી

કર્તા : ફૂલચંદ

(અરજી તો કર રહા હું ચાહે તારો યા ન તારો એ કવાલી રાગ)

મંગલીક જયંતિ આજે કલ્યાણસૂરીશ્વર દાદા નાનિંગ શા કુલે આયા
નામિલદે માતા કુલ્લાયા હર્ષની વધાઈ વાજે કલ્યાણ ॥ ૧ ॥
સોલકલાઓ પુરી, કોડન કલ્યાણસૂરિ ભવ્ય લલાટ છાજે, કલ્યાણ ॥૨॥
નવ વરસના જબ થાવે, ધર્મમૂતિસૂરીશ્વર આવે દીક્ષા લીએ હર્ષ કાજે કલ્યાણ ॥૩॥
દેશો દેશ વિચરંતા શાસનવૃદ્ધિ કરતા દેશના અમીરસ ગાજે કલ્યાણ ॥૨॥
કચ્છ ભૂજમા પધારી, શાસન શોભા વધારી કચ્છ ભૂપ પડયો ચરણમા જે કલ્યાણ ॥૫॥
નૃપ ભારમલ્લ દુઃખીઆરા, ગુરુ સેવતાં સુખીઆરા પડહ અમારિ બાજે કલ્યાણ ॥૨॥
જબ જામનગર મેં આયા, સહુ સંઘ મલ્યા સમુદાયા સૂરિ સામઈયા ને કાજે કલ્યાણ ॥૭॥
ઓસવાલ કુલ વડેરા, રાજસી વર્દ્ધમાન ભલેરા કીર્ત્તિ સ્થંભો રુડા બીરાજી કલ્યાણ ॥૮॥
ઉપકારા અનેક કીધા, જિન શાસન ને પ્રસિદ્ધા જય બોલો એકી અવાજે કલ્યાણ ॥૯॥
ઓગણીશશો એકાશી,અષાડ સુદ બીજ ખાસી યુગપ્રધાન જન્મ તિથિ આજે કલ્યાણ ॥૧૦॥
જામનગર મોજારી ચોમાસું થયું સુખકારી ગૌતમસાગર ગુરુ રાજી કલ્યાણ ॥૧૧॥
'ફૂલચંદ' સૂરિગુણ ગાતાં, સૌ સંઘ મલી હરખાતા મોહન જાય સમાજે
કલ્યાણસૂરીશ્વર દાદા ॥૧૨॥

ઈતિ ॥૨૧॥

(૭૨) સ્તુતિ બારમી (રાગ : કવાલી)

કર્તા : ફૂલચંદ

સ્વજન સ્વધર્મી બંધુઓ, પધારો હર્ષ ઉર ધારી જયંતિ આજ ઉજવિયે,
સૂરિ કલ્યાણ ઉપકારી (એ આંકણી)
હરિયાલી ભૂમિ વઢિયારે, લોલાડા ગામ મોજારે વસે નાનિંગ કોઠારી, તસ ગૃહે નામિલદે નારી સ્વજન ॥ ૧ ॥
તસ કુખે અવતરિયા, મનોરથ માતના ફળિયા, સંવત સોલ તેંતરીસેં, આસાડી ચન્દ્રને દિવસે સ્વજન.॥ ૨ ॥
નામ કોડન રઢિયાળું, સગાં કુટુંબ મલી પાડયું, ઊમર વસર પાંચની થાય, નિશાળે ભણવાને જાયે, સ્વજન ॥૩॥
થયા નવવરસના જ્યારે, પધાર્યા ધર્મમૂર્તિસૂરિ ત્યારે નામિલ દે માતાની સંગે, ગુરુ ને વાંદ્યા ઉછરંગે સ્વજન ॥ ૪ ॥
ગુરુ મુખ સાંભળી વાણી, અંતર વૈરાગ્ય ને આણી સંસારને દુઃખીયો જાણી અરું સુખ સંજમે માની સ્વજન ॥ ૫ ॥
માત તાત સમજાવી, હર્ષ અતિ ઉરમા લાવી. ધર્મમૂર્તિ પાસ, લીધી દિક્ષા પૂરી આશ ॥ ૬ ॥
કલ્યાણ શુભ સાગર નામ, અંચલગચ્છ વધાર્યુ માન,, વિચરતા દેશ ગામો ગામ, કીધાં શાસનના શુભ કામ ॥ ૭ ॥
ભણ્યા જ્યોતિષ ગણિત શાસ્ત્ર, આગમ ન્યાયનો અભ્યાસ વિદ્યાઓ કેળવી બહોળી, થયા આચાર્ય ગચ્છધોરી ॥૮॥
આગરા શહેર મોજારે, ફરકાવ્યો ધર્મધ્વજ ભારે નમાવી જહાગીર શાહીને, ચમત્કારો બતાવીને સ્વજન ॥૯॥
યુગપ્રધાનની પદવી, સકલ સંઘે મલી દીધી ઉદયપુર નગ્રની માંહે, થયો મહોત્સવ રુડો ત્યારે સ્વજન ॥૧૦॥
ચરિત્ર કલ્યાણ સાગરનું રસીલું જ્ઞાનથી ભરિયું, વાંચે સાંભળે જન જેહ, સુખ સંપત્તિ પામે તેહ સ્વજન ॥૧૧॥
ગુરુ ગૌતમતણી છાયા, નીતિ ધરમ સુખદાયા; કહે ફૂલચંદ ઉજવાયા, દાદા કલ્યાણસાગરસૂરિ રાયા સ્વજન ॥૧૨॥

(૭૩) સ્તુતિ તેરમી

કર્તા : ફૂલચંદ (રાગ : ભેરવી ચમન નમન તુજને છે ઘેલું એ...)

જય જય વંદન ત્રિશલા નંદન, ભવ ભય ભંજન સ્વામી વીર, ધીર વીર ગંભીર ત્રિજગપતિ, ચરમ જિનેશ પ્રભુ મહાવીર જય.૧
જય જય મંગલ પ્રભુ વીર સ્વામી, શ્રી ગણધર ગૌતમ અણગાર સ્થુલિભદ્ર સમ મુનિવર મંગલ, શ્રી જિન શાસન ના શણગાર જય..૨
જિનવર દેવ પ્રરુપિત સ્થાપિત, ધર્મ અનુપમ મંગલ સાર વિશ્વત્રયીમા હિતકર નિશ્ચિત, ઉત્કૃષ્ટા આ મંગલ ચાર. જય...૩
શ્રી જિન શાસન ના જય ડંકા, ચૌદ રાજ લોકે પંકાય, જે હિણ ભાગી ને એ સાલે, નિયમા નીચગતી અંકાય. જય...૪

મંગલમય શ્રી જિનશાસનમાં, જીવન સમર્પણ ધન્ય ગણાય શાસન માંહિ થયા અનુપમ, યુગપ્રધાન સૂરીશ્વર રાય જય...૫
નામ જેહનું કલ્યાણ સાગર, કલ્યાણકારી તે કહેવાય જન્મ જયંતિ જેહની આજે, ઉજવતાં દિલ અતિ હરખાય. જય...૬
શાસન સ્થંભો રોપ્યા જેને, વિચરી દેશ વિદેશની માહી શહેનશાહ જહાંગીર નમાવ્યો, જૈન શાસનની કરી સવાઈ જય..૭
શાસન સેવા કીધી તેનો, અપૂર્વ ગ્રન્થ બન્યો શ્રીકાર રાસ સાંભળો સૂરિ કલ્યાણ, સાંભળતા વધે હર્ષ અપાર જય...૮
ગુરુ ગૌતમસાગરજી ચરણે, નીતિ–ધરમ સદા સુખકાર જયંતી ધર્મગુરુની ગાંતાં, ફુલચંદ મન હરખ અપાર જય...૯

(૭૪) સ્તુતિ ચૌદમી (હરિગીત)

કર્તા : ન્યાયસાગર

પ્રતાપ છે જેહનો કલ્યાણસૂરિ રાજતાં, છત્રીસ ગુણ ધાર છે પીતવર્ણ વિરાજતાં..૧
કચ્છ દેશ શ્રેષ્ઠ ભુજમાં પ્રતિમા સુંદર છાજે છે, જાણે શીતલતા સમો અર્ધચંદ્ર ભાલ છે...૨
ભાનુસમ તેજ જેમ મુખતણો ચમત્કાર છે, ઉપગાર સૂરિ આપના જગતમા જણાય છે..૩
શ્વેત વસ્ત્રધારી છો તનુ તણી શોભા છે ઘણી, મધુરસે ભરી ઘણી વાણી દાદા તુમ તણી..૪
મુજ બુધી બાલક જેટલી વિધિખા તુમ શક્તિ છે, સ્વરુપના પ્રતાપથી ન્યાય ગુણ ગાય છે...૫

ઈતિ ॥૨૦॥

(૭૫) મદન સંવાદ કર્તા સત્યશેખર શિષ્ય

આ સંવાદની પ્રત ડભોઈ આચાર્ય જંબુસૂરિ શાસ્ત્ર સંગ્રહમાં છે.

પૂજ્ય આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિનો મદન સંવાદ ૨૦ કડીમાં સત્યશેખરના શિષ્યે રચ્યો છે. આરંભમાં શ્રી ચક્રેશ્વરી અને સરસ્વતીને યાદ કરીને મદનદેવે કોને કોને પરાજિત કર્યા તેનું વર્ણન કરી પોતાના ગુરૂ અજેય છે વિ. વર્ણન કર્યુ છે.

(૭૫) મદન સંવાદ

॥ ૐ નમો અરિહંતાણં ॥

શાસણા દેવી દેવ ચક્રેસરી, શાસન ઈશ્વરી નિજ મનિ હિતકારી.
આપતીએ/સેવક જાણીય, સરસ સુવાંણીયે દિઉ સુર રાણીય દીપીતએ.॥૧॥

તેહની સાનધિ પાંમીય વર બુધ્ધિ, ગુણ નિધિઇ ગુરૂ તણા ગુણ થુણુંએ,
જેણિ બાલક પણઈ મન તણઈ રંગિ ઘણઈ, ધર્મધ્યાન આણિઉ ઘણૂએ. ॥૨॥

કુમર સભાગીઉ લઘુવઈ વઈરાગીઉ જાગીયુ યુગતિસિઉ જેયતિએ,
મદન બલવત્ સિઉ યુધ્ધ કરિઉ યતનસિઉ એણિ તેણિ ચાલિઉ ભ્રવિરતીએ. ॥૩॥

તેહ અધિકાર એ સુણઉ ભવિસારએ પારભવ સમુદ્ર નઉ પાંમવો એ,
કલ્યાણસાગર સૂરિ નામિ પાતક દૂરિ દરિશનિ શઈવ સુખ કામદાએ. ॥૪॥

ઢાલ બીજી

હવિ ! મયણરાય મનિ ચીંતવઈએ, હું મોટઉ બલવંત,
માહરઈ સબલ સેનાતણુંએ, પ્રાણ જાણઉ ગુણવંત. ॥૫॥

અને રાજગમાં કુણ છઈ વીર, મિઈ જીત્યા સુરનર ધીર.(અને. આંચલી)
ઈંદ્રને ઈંદ્રાણી તણેરે, પાય લાગઈ સુર રાય, વૃધ્ધ રોહિણિ રૂપિઈ કલિઉરે,
રત્ના દે રવિ સુહાય. ॥૬॥ અભેરા.

ઈશ્વર નાટ નચાવીઉ રે, પારવતી વર જેહ, બ્રહ્મા શાવત્રી વરિઉરે,
કૃષ્ણ રાધાસુ સ્નેહ ॥૭॥ અને.

માહારઈ પપ્પપૂરી અછઈ રે, કોકિલ પંચમ રાગ, સુભટ ચંદ્રમાં સારિખા રે,
જાગિઉ મુઝ સોભાગ. ॥૮॥ અને.

મધુકર હયવર હણહણઈ રે, લલના મુખિ હથીઆર, કુસુમબાણ અતિ આકરઉ રે,
રતિ રમણી ભરતાર. ॥૯॥ અને.

હરિહર બ્રહ્માદિક ઘણારે, સારિ માહરી સેવ, મિઈ તે સહૂનઈ વસિ કરિયા રે,
મયણ રાય ચિંતેવિ. ॥૧૦॥ અને.

ઢાલ ત્રીજી. રાગ કેદારૂ પારધીયાંરે ॥ઢાલા॥

શ્રી આચારજય આપણઈ રે, મનિ અવલોકઈ ન્યાન્ન, સીખ દીઇ તે સાંભલઉ રે, મયણ કૂંમર કરે સિમાંન ॥૧૧॥
સુભટ રાય જો જે ઠામ ક ઠામ તૂં તઉ નીગમેસિ કિહાં એકમામ. તાહારું સઘલઈ ન સરસઇ કામ. ॥૧૨॥ સુભ.
આગઈ પણિ તૂંહનઇ જીતીઉ રે, નેમિસારિ યદુરાય, થૂલિભદ્ર સ્વામિ છે તારિઉરે વસી વેશ્યા નઈ ઠાય. ॥૧૩॥ સુભ. 10
મયણ તણઉ મદ ગાલવારે, સજ કરઈ નિજ સેન, મહાવ્રત તુરંગ પાખરિયારે, સિણગારિયા સુગુણને ॥૧૪॥ સુભ.
સીલ સનાહ સજાવીઉ રે, ખિમા ખડ્ગ કેરિ હાથિ, જિન આણ છત્ર સિરિ ધરિરે સેવક મુનિવર સાથિ. ॥૧૫॥ સુભ.
સમદસણ રથ જોતરિયારે, ધર્મ્મ ધજા સુવિશાલ, સમકિત ભૂષણ સુંદરુ રે, ઘમ ઘમક ઘૂઘરવાલ. ॥૧૬॥ સુભ.
સંવર સુદ્ધ ગયવર ગુડયા રે, ભાવન ભલ્લ નીસાણ. અરીયણ મયણ તે ઉપરિઈરે, ચડીઆં કટક ઉદ્વાણ. ॥૧૭॥ સુભ
પહિલઈ રણિ વડવાગીઉરે, મોહ મૂકાવિઉ માણ.મયણ તે માન મૂકી મિલિઉરે, એ સ્યૂં ન ચાલઈ પ્રાણ. ॥૧૮॥ સુભ.

રાગ ધન્યાસી. ઢાલ ચોથી

નાનિંગ કઉ નંદનની કુરે, જિન દલ સબલ દેખાડી દૂરિથી, પાડિયુ મદન નૃપ ફીકઉ રે. નાનિગ કઉ. (આંચલી)
શ્રીશ્રીમાલી વંસિ દિવાકર નામલદે કઉ કીકઉ રે, ધર્મ્મ મૂરતિસૂરિ સ્વહથિ થાપિઉ, વિધિપક્ષગચ્છ સિરિ ટીકઉ રે.
॥૧૯॥ નાનિ.

કલ્યાણસાગરસૂરિતાં ચિરંજીવઉ, જાદૂપતિ રજની કઉ, સત્યશેખર સખ્ય ભગતિ વસિઇથી ગુણગાવઈ પ્રભુજી કઉ રે. ॥૨૦॥ 20
નાનિગ કઉ નંદનની કઉ રે ॥

ઈતિ શ્રી યુગ પ્રધાનસ્ય મદનસંવાદ સંપૂર્ણઃ ॥

સંવત ૧૬૯૧ વર્ષે શ્રી દીવ બિંદરે મુનિ ભાવશેખર ગણિ લિખિતં સુશ્રાવિકા પુણ્ય પ્રભાવિકા સદ્ધર્મ રાગણી બારવ્રત ધારણી શ્રાવિકા અજાદે પઠનાર્થ ॥

(૭૬) શ્રી સુવિધિનાથ પ્રસાદાત વાચ્યમાના હરંજીયાત્

પ્રવેશ ગીત – કર્તા મુનિ દયાશીલ

આવા પ્રવેશ ગીતો અનેક હશે જેમાના અતિ અલ્પ આજે ઉપલબ્ધ છે. કર્તાની બીજી અનેક કૃતિઓ પ્રાપ્ત થાય છે.

કવિએ આ કાવ્યમાં વ્રજ ભાષામાં પ્રસિદ્ધ શબ્દાલંકારયુકત છંદોમા કલ્યાણસાગરસૂરિના પ્રવેશને વર્ણવ્યો છે.

કવિએ પ્રથમ કડીમાં અરિહંત દેવને વંદન કર્યા છે, બીજા શ્લોકમા વિવિધ પ્રકારના ઘોડાઓ તેમજ વાહનો પર આરૂઢ થઈ કલ્યાણસાગરસૂરિને વંદન કરવા આવતી લોકમેદનીનુ વર્ણન કર્યુ છે. 30

ત્રીજી કડીમાં શિવસમાન વરસાદનું વર્ણન કરી આ વરસાદની રાહ જોતા ચાતક (ઉપલક્ષણથી જનમેદની) નુ વર્ણન કરી અંતે સજ્જન પુરૂષો વચન પાળશે એવું આશ્વાસન આપ્યું છે.

અંતિમ બે કડીમાં ભકતોની વિનંતીનો સ્વીકાર કરી પધારતા પૂજય ગુરૂદેવના આગમનનુ આનંદસભર વર્ણન કરવામાં આવ્યું છે.

આ કાવ્ય વ્રજભાષાના ઉપયોગ તેમજ શબ્દાલંકારોના પ્રયોગોને કારણે નોધપાત્ર છે.

(૭૬) પૂ. આ. શ્રીકલ્યાણસાગરસૂરિ પ્રવેશ ગીત

કર્તા શ્રીદયાશીલ મુનિ

વીતરાગ સદા જપી રે જીવઉ રાજન થઈ સબ પૂરિ હિહઈ. સુરિંદ નરિંદ મુણિંદ વિદ્યાધર યાકી બી આંણ સુરેસિવિ હિહઈ.
કોધ નહી ઉર માન નહી માયા ન કછૂ લોભ ચ થોય હિહઈ. દયાસીલ કહિહઈ અરિહંત વિણા એક જ તારણ કોણ હોહઈ. ॥૧॥

કુંભન પીઠ અંધારી અસારી કુરંગ કથા પમક બલ છાહાછ, હઈ વ રહી સહી ખારબ આરબ કેષુ ખુરસાણ કછી પરવાહા.
પાલખી પાલખ નારિ ચહે નર સંગ ભલે ભૂપ સવાહીઈ દયાસીલ કહઈ યૂ કલ્યાણ મુનીન્દુજી આવતિ વંદન રાઉમાહી. ॥૨॥

*ભક્તુ ટવિકુટ શશિ મુકુટ નિકટ તરંગ ગંગ નિરમલ : જટિલ કુટિલ લટ પટલ અચલ કુલ અષ્ટ ઉચ્છલ :
અટપટ અઘટ અદુષ્ટઃ ધુધટ ઘટ ઘાટ સમુજ્જલ ચચપટ ચચટ ચપટ નિપટ પટ નટ નૃત્યંતિ.
નવકુલ ઘટઘાટ ઘાટ ભજણ ઘડણ વાટઘાટ અટવી અટલ, ઈમ આભ અનલ જલ થલ અકલ સમરિ સમરિ શિવ શિવ સકલ. ॥૧॥

10 નેહકદમલ કદમ સર સૂકંતા મુકઈ નેહ સઘન ચાતક ડવર સર જાઈ ન ઢૂકઈ.
નેહનાદ સારિંગ અંગ અપ્પણુ સમપ્પઇ નિહથ રણિ માધવ મિલતઈ ઘટ આપ સૂમુપઇ.
પાલી યહ નેહ સજણ જન વંસ જે મન વાલીઇ, ઈમ જાણિ ચિત્ત ચઉહંછ કહઈ નેહ ઈસી પરિ પાલિયઈ ॥૨॥

કલ્યાણરતનુ બંદિ ભવિ અનુદિન મધુર વયન ગુરૂ ગુનનિધિ ગાજઈહિ,
જાકિઈ મુખિ આછીન્વોનનિ ભવિક સુનિ વખાન. વિકટ મદન ભટ ગજ ન કું છાજઈહિ.
ધરમ મૂરતિ સીસ ચિરાંનંદિઉસૂરિ સ વિધિપક્ષગચ્છના અધિક વિરાજઈહિં.
દાનં મેનઈ તેરી હંસ કે તીક કહું જગીસ તેરે હી પ્રતાપિ મ બહુમતા લાજઈહિં. ॥૧॥

અંચલગચ્છકે અધીશ દયા પર પાવન પૂજિ પુરંદરગાએ, સુંદર હિ સુર મંદિર મંદર મંદર ચાલિ ગયંઈ સુહાએ.
બાનિ ઘનાઘન યું ગરજિ લરજિ અધ ઘોર યું શેર હરાએ, દાનં દિનેશ પ્રતાપક વ્યાપક પાવન પૂજ્ય કલ્યાણજી આએ. ॥૨॥

હર્ષ, શ્રીચંદકવિ અને થિરચંદ મુનિ રચિત

20 (૭૭) શ્રી કલ્યાણસાગરસૂરિ આગ્રા પ્રવેશ કવિત્ત

આ કવિતમાં પણ દયાશીલ મુનિના કવિત્તની જેમ જ વ્રજભાષા અને ચારણી શબ્દાલંકાર પ્રધાન છંદોનો ઉપયોગ જોવા મળે છે.

કવિ પ્રથમ બે કડીમા સ્થુલિભદ્રના કામવિજયનુ, ત્રીજી કડીમા નેમિનાથના કામવિજયનુ વર્ણન કરવામા આવ્યું છે. ચોથી કડીમાં અચલગચ્છના સિદ્ધાંતનું વર્ણન કર્યું છે. અહીં હર્ષ નામે કવિ – નામ મળે છે.

પાંચમી કડીમાં ચંદ નામે કવિ કલ્યાણસાગરસૂરિના આગ્રાપ્રવેશને વધાવે છે.

છઠ્ઠી કડીમાં કલ્યાણસાગરસૂરિનું રૂપ વર્ણન, સાતમી કડીમાં સંયમધર્મનો મહિમા, આઠમી કડીમાં જિન–આજ્ઞા પાલનનો પ્રભાવ આદિ વર્ણવ્યા છે. આમા એવું જણાય છે કે, ત્રણ કર્તાઓની ભિન્ન ભિન્ન કૃતિઓના છૂટક અંશો એકમેકમાં ભળી ગયા છે.

થિરચંદ મુનિ રચિત

(૭૭) શ્રી કલ્યાણસાગરસૂરિ આગ્રા પ્રવેશ કવિત્ત

॥ નમો અરિહંતાણં ॥

30 વિવધ બનાયે વેશ નયને કાજલ રેખ, કનક કુંડલ કાંને યોતિ યસી દામિની,
સઈથુ સીંદૂર સિણગાર નિગોદ ઉરહાર ચાલતિ ચતુરગતિ ગોરી ગજગામિની.
વદન સુ સીસ ભાલ તારકે યોતિ જરાવ વચન અમૃત વાંન સ્વર્ગદકી યામિની ।
સિવ ચંદ્ર ગુણ ખાણિ, થૂલભદ્ર મુનિ જાંણિયો. કાય ઉગત જેણિ જાની કોસા કામિની. ॥૧॥

મંજન અંજન કીને સુધે સબ તન ભીને ભમર સુરંભ લીને સાહઈ સારી રેખડી,
કુંડલ કપોલ ચોલ બદન તંબોલ રોલ કંચૂયો કઠોર ગોલ સસ્તન સીખરી.

* ભુત ગણ વિકુર આવો પાઠ હોવાનો સંભવ છે.

કોમલ કનેરા કંઠ અધર વિદ્રુમ બિંબ, પુષ્કલ વેણી પ્રલંબ જેસી ચિત્ત પૂતલી,
કુસલ સામંત જાગઈ કોશરાય આગઈ ઈ, રિહઈથી પાય લાગઈ જાણે સ્વર્ગથી
ઉતરી. ॥૨॥

જરદ ઠેગરંગ ચંગ જરદ હેમકી પ્રસંગ જયોતિ તિલ મંગ લાલ ભાલ
બિંદલા જરદ. રંગ ડાંડીયે બનાયે જ. કંચૂકી કનકચૂડ પહરિલાલ સામ કંદલા.જ.
સેજિથી ઉઠી અને કરગંકા મીઠી કોક ભદેકી પયઠી દપઈ મુખ ચંદલા. ઈસઈયો
રાજરાજોમતી તજી ભયે નેમ સંયતી કરતી રંગ વીનતી કે મોરે કર્મ ફંદલા. ॥૩॥

મદ મત્સર કૂડ કપટ તજોભા વીર હુકુમ જૂ કાહે ન માનો, ઈગ સુરંગ સુણુ
સબ આગમ સૂંદર સાહિત વેદ પુરાણો.
પૂનિમ પંચમ ઉત્તર સંપ્રક્ષે મારગડા દિ કોડાદિહિ જાણો,
હર્ષ કહઈ જગિ જાનત હૈ મનં મૂરિખ છોરિત નહી ગુમાનો. ॥૪॥

શ્રી સંઘ મઈ આનંદ ભયો દુખ ઈમ દૂરિ થયો,
પૂજ્યકો દીદાર પાયો તાકો બડો ભાગ રે.
ચારત અડગ મેર કીયે જન કામ ઝેર, બાલ બ્રહ્મચારી મહાચલ્લ પલમાગેર,
નાનિંગ સાહ સુત નામલદે કુયરિ હુયો ગુનકો ઉથાગરે.
વિધિપખ રાય કહિ શ્રી ચંદ કવિ,કલ્યાનસાગરસૂરિ આયે ભલે આગરે. ॥૫॥

તાર બિ તાર ઉદાર અપાર વાન સુવા વસુધી વરસીતો,
ધ્યાન પ્રધાન મહામુનિ ધીવત કર્મ મહારિપુ ઠક્ષણ જીતો.
રુપસરુપ પનંગ બિડાર જ મોહ મહા મડ માન સુનીતો
રંગ સુરંગ સુસામં તજંપઈશ્રીધર્મમૂર્ત્તિ ધૂરિ વદિઉ. ॥૬॥

ભયે છત્રપતિ વડે ચક્રવર્ત્તિ હય ગય છત્ર સુરંગ સમાની,
ગરથિ અંગનિ ચક્ર દર તન કહા ધનધન સૂય નરવાણી,
સૂર પઉસાર સવાલખ નારિ ચઉસઠિ હજાર મનોહર રાણી
તજી સર્વ રાગ ધરિ વયરાગ ધર્મકો માર્ગ ગ્રહિ ઉભલજાણી. ॥૭॥

શાકિની જો ભૂત વેતાલ, ડાકિની જો ખેત્રપાલ બાવનવીર ભૂપાલ
આણિ તોરી માનરજૂં. સમરતે અતિકં કાલ હોઈ જાવઈ.
આલ માલ સંકટ વિકટ કાલ સવિ ટાલઈ ભાવજૂ,
જિનજી આજ્ઞા પાલઈ દુખ લખ દૂરિ ગલઈ અનંત સુખ નિહાલઈ, ॥૮॥

જોતા હી પિછામ જૂ. કહિ મુનિ થિરચંદ સનાથ કરઈ
સુચંદ મનાસૂં ધરીઈ, નંદ પાસ કીયુ હીઈ પાસ. ॥૮॥

(૭૮) શ્રી ગુરૂભાસ

વડોદરા ઓરિયેન્ટલ લાયબ્રેરીની હસ્તપ્રતમાં ૮ રચનાઓમાંથી એક રચના શ્રી કલ્યાણસાગરસૂરિ ગુરૂભાસ છે. આ મુનિરાજે અચલગચ્છીય શ્રાવિકા માટે તે સમયની પ્રચલિત રચનાઓમાંથી ૮ રચના લખી આપી. અંચલગચ્છ દિગ્દર્શનમાં એ મહાત્માનો ઉલ્લેખ નથી પ્રસ્તુત રચના ૬ ગાથાની છે. પ્રથમ સરસ્વતીને યાદ કરી ગુરૂના ગુણગાન ગાય છે. ૬પમી પાટે બિરાજતા એ ગુરૂ ચાર કષાયને જીત્યા છે. કામદેવ તથા પાંચે ઈન્દ્રિયોને વશ કરી છે એવા ગુરૂને વંદના કરતા નવનિધિ મળે છે. આ પ્રકારનું વર્ણન આ રચનામાં કરવામાં આવ્યુ છે.

(૭૮) શ્રી ગુરૂભાસ શ્રી કેસવમુનિ રચિત

॥ રાગ મલ્હાર ॥

સરસતિ સામણિ મનધરી ગાઉ ગચ્છપતિ રાય રે, કલ્યાણસાગરસૂરિ વંદિય, દીઠઈ સવ સુખ થાય રે.
સૂરી સિરોમણિ વંદીય નામલ દેવીનો નંદ રે, જગ ગુર બિરદ સોહિ સદા, સાહા નાનિંગ કુલ ચંદ રે. સૂરિ ॥ ૨ ॥
રૂપઈ રતિપતિ સારિખા, વિદ્યાય વિહર મુનિસરો; લબધિ ગોયમ ગણહરૂ,હું પ્રણમું નિસદીસરે. સૂરિ ॥ ૩ ॥
મદન મહાભડ વસિકસ્યો, જીત્યા ચ્યાર કષાય રે, પંચ ઈંદ્રી જિણિ વસિ કરી, નમીય તે ગુરૂ પાયરે. સૂરિ ॥ ૪ ॥
વીર થકી પાંસઠિમિ પાટિઈ એ વડ વીર રે, કરમ કઠીન રિપુ વારિવા, શ્રી પૂજ્ય સાહસ ધીર રે. સૂરિ ॥ ૫ ॥
ધર્મ મૂરતિસૂરી રાજીયા સીસ સદા ગુણધાર રે, કેસવ મુનિ નિત પ્રણમતાં, પામિ નવ નિધિ સાર રે. સૂરિ ॥ ૬ ॥

॥ ઈતિ ગુરૂભાસ સંપૂર્ણ ॥

(..) जङ्गम युगप्रधान दादा श्री कल्याणसागरसूरि संक्षिप्त जीवन चरित्रम्

रचितारः अचलगच्छाधिपति प.पू. आ. भ. श्री गुणसागरसूरीश्वरा

आदि :

कोठारापुरि प्रोत्तुंगे, भूरि प्रासाद मंडिते ।
प्रासादे त्रिजगत्पूज्यं, शान्तिनाथं जिनं स्तुपे ।।१।।

प्रणम्य जिनदेवांच्च गुरुन् विघ्न निवारकान् ।
कल्याणसागराऽऽचार्य, चरित्रं लघुकं ब्रुवे ।।□।।

अंतः

अचलगच्छपत्वाप्त गुणसागरसूरिणा ।
गौतमाब्धि प्रशिष्येण, नीत्यब्धि शिष्यकेण हि ।।□५३।।

त्रित्रिखनेत्र (□०३३) वर्षेहि, गुरुभक्त्याऽल्प बुध्धिना ।
भाद्रपदासिते पक्षे, पंचम्यां शनिवासरे ।।□८४।।

सूर्यचन्द्रौ च यावत्स्तश्चरित्रं जयतादिदम् ।
वाच्यमानं ददद् बोधं, सावत्सूरेर्हि सौख्यदम् ।।□८५।।

(આ ચરિત્ર શ્રી આર્ય – કલ્યાણ – ગૌતમ સ્મૃતિગ્રન્થમા છપાયેલુ છે.)

૮૦ ધી ૮૨ **(૮૦) ગહુંલી સાર**

અચલગચ્છાધિપતિ દાદા સાહેબ શ્રી ગૌતમસાગરસૂરિમ.સા.એ દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ મ. સા.ની ખૂબ જ રચનાઓ કરાવી છે. તથા કચ્છ હાલારમાં ઘણી જગ્યાએ આ. કલ્યાણસાગરસૂરિની ગુરુમૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી છે. દાદા સાહેબના પ્રશિષ્ય ધર્મસાગરજી મ.સા. એ આજથી ૮૧ વર્ષ પહેલા આ ગહુંલી બનાવી છે એમાં ગુરુદેવના ગુણગાન ગાયા છે. તથા હીરાલાલે જે ગહુંલીની રચના કરી છે એમાં ગુરુનું જીવનચરિત્ર લઈને લાલન ગોત્રીય વર્ધમાન પદમશી તથા લોઢાગોત્રીય આગરા નિવાસી કુંવરપાલ સોનપાલને યાદ કર્યા છે.

(૮૦) શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીની ગહુંલી પહેલી

સાંભળજો મુનિ સંજમરાગે, ઉપશમશ્રેણી ચડીઆ રે–એ રાગ.

સરસ્વતી ભગવતી બ્રહ્મસુતાને, હર્ષસું પ્રણમી પાય રે ॥ પૂરણ કૃપા ધરી મુજ ઉપર, ઉત્તમ મતિ દ્યો માય રે ॥
ગુરુ ગુણ ગાશું ભાવે ભવિયા, મન ઈચ્છિત ફલદાય રે ॥૧॥

અંચલગચ્છપતિ અધિકા શોભે, શ્રી ધર્મમૂર્તિ સૂરિરાય રે ॥ તાસ શિષ્ય શ્રી કલ્યાણસાગરસૂરિ, પટ્ટધર પદવી પાય રે ॥ ગુરુ૦ ॥૨॥

સૂરિપદ સાધનથી સુખ લીધું, છત્રીશ ગુણના ભરિયા રે; નવવિધ બ્રહ્મ ગુપતિ જે પાલે, શીલ સંજમના ધરિયા રે ॥ ગુરુ૦ ॥૩॥

ચંદ્રવદન મૃગલોચન ગોરી, હઈડે હરખ અપાર રે ॥ કનક થાલ કર જુગમાં ધરીને, ગાવે ગીત રસાલ રે ॥ ગુરુ૦ ॥૪॥

ગુરુ સન્મુખ સખી વૃંદ મળીને, મોતીના ચોક પુરાવી રે ॥ ગહુંલી કરે સતી રે સોહાગણ, અતિ ઉમંગ ધરાવી રે ॥ ગુરુ૦ ॥૫॥
અનુભવ અમૃત જ્ઞાનની ધારા, દેશના દિયે ગુરુ સાર રે ॥ સુણતાં ચિત્ત ઠરે ભવિજનનાં, પામે તે ભવ પાર રે ॥ ગુરુ૦ ॥૬॥
વસુધા વસુ ગ્રહેંદુ સંવત્સર, આષાઢ માસ સુખકાર રે ધર્મ કહે એ ગુરુ ગુણ ગાયા સુદ એકમ બુધવારે રે ॥ ગુરુ૦ ॥૭॥ વિ. સં. (૧૯૮૧)

(૮૧) શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીની ગહુંલી બીજી

મનડું કિમહી ન બાઝે હો કુંથુજિન મનડું કિમહી ન બાઝે–એ દેશી

કલ્યાણસાગરસૂરિ વંદો હો ભવિયાં, કલ્યાણસાગરસૂરિ વંદો;
પામો જેમ જેમ સુખકંદો હો ભવિયાં, કલ્યાણસાગરસૂરિ વંદો ॥૧॥ [એ આંકણી]

દેશ વઢીયાર મનોહાર જાણો, ગામ લોલાડા નામે, હો વ્હાલા મારા ગામ લોલાડા નામે,
શ્રીમાલી જ્ઞાતિયે જન્મ્યા, નાનિંગશાહને ધામે ॥ હો ભવિયાં કલ્યા૦ ॥૨॥

માતા નામિલદેતણી કુંખે, સંવત સોળ તેત્રીશે, હો વ્હાલા મારા સંવત૦ ॥ 10
અષાઢ. સુદ બીજ દિન ગુરુવારે, જનમ ગુરુતણો દીસે ॥ હો ભવિયાં કલ્યા૦ ॥૩॥

કોડન નામ બિરાજે ગુરુનું, સર્વ કલા શીખી સારી, હો વ્હાલા મારા સર્વ૦ ॥
નવ વરસની ઉમરમાંહે દીક્ષા લીધી મનોહારી ॥ હો ભવિયાં કલ્યા૦ ॥૪॥

અનુક્રમે અંચલગચ્છના ધોરી, આચારજ પદ પામી, હો વ્હાલા મારા આચારજ૦ ॥
સંવત સોલ ઓગણપચાસે, ભવિજન મન વિસરામી ॥ હો ભવિયાં કલ્યા૦ ॥૫॥

ભદ્રાવતી નગરીમાંહે લાલણગોત્રી દીપે, હો વ્હાલા મારા લાલણ૦ ॥
વર્ધમાન નામે ધનવંતા, જાણે કુબેરને જીપે ॥ હો ભવિયાં કલ્યા૦ ॥૬॥

પ્રતિબોધીને તેહને ગુરુએ, ધર્મનો મહિમા કીધો, હો વ્હાલા મારા ધર્મનો૦ ॥
સોનપાલ કુરપાલ આદિને, પ્રતિબોધી જસ લીધો ॥ હો ભવિયાં કલ્યા૦ ॥૭॥

એવા થયા છે કલ્યાણ સાગરજી, અંચલ ગચ્છસૂરિરાયા હો, વ્હાલા મારા અંચલ૦ ॥ 20
તેહને નમી ભવસાગર તરીએ, હીરાલાલે ગુણ ગાયા ॥ હો ભવિયાં કલ્યા૦ ॥૮॥

અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગૌતમસાગરસૂરિજીના ઉપદેશથી કચ્છ વરાડીયાના શાહ ગેલાભાઈ તથા દેવજીભાઈ માણેકજીએ વિ. સં. ૧૯૮૧ પોષ સુદ ૧૫ ના આ. શ્રી કલ્યાણસાગરસૂરિનો ૧૫૦૦ શ્લોક પ્રમાણનો રાસ પ્રકાશિત કરેલ. આ રાસના કર્તા આ ઉદયસાગરસૂરિજી છે. ગ્રન્થનું કદ વધવાના ભયથી આ રાસની ૩૦ કડી લીધી છે. આદિની–૭ અંતની ૨૩ સંશોધક શ્રી પાર્શ્વભાઈએ આ રાસની કેટલીક બાબતે શંકા ઉઠાવી છે જેનું સંશોધન કરવું ઘટે.)

(૮૨) શ્રી કલ્યાણસાગરસૂરિનો રાસ

કર્તા : ઉદયસાગરસૂરિ રચના : સં. ૧૮૦૨ શ્રાવણસુદ ૬

આદિ... **શ્લોકપરિમાણ–૧૫૦૦**

દુહા

પ્રણમી શ્રી જિન પાસને, ધરી મનમાં ગુરુ ધ્યાન; સરસતી માત પસાયથી, કરશું ગુરુગુણ ગાન....૧ 30
ગુરુ ગુણ ગાવાથી થશે, ભવ સાગરનો પાર; તે માટે કરું ભાવથી, ગુરુ ગુણનો વિસ્તાર....૨
અતિશય જેના અતિ ઘણા, જ્ઞાનતણો નહિ પાર; કલ્યાણસાગર સૂરિવરા, છે જગમા નિરધાર....૩
અંચલગચ્છ દીપાવતા, વિચર્યા દેશ વિદેશ; શુભ સંજમને ધારતા, દીયે ભવિ ઉપદેશ....૪
ગચ્છાધિષ્ઠાયિક સૂરિ, મહાકાલી ધરે નેહ; ગુરુજી પર બહુ ભાવથી, જાણીને ગુણગેહ....૫
એવા તે ગુરુરાયનો, રાસ રચું ઉલ્લાસ; શ્રોતાજન સહુ સાંભલો, થાશે લીલ વિલાસ...૬

જિન શાસન દીપાવતા, ધર્મ કાર્ય હિતકાર; જે જે કીધાં તેમણે, કરશું તસ વિસ્તાર....૭

અંત....

પુત્ર તેહના તલકસી, નામે બુદ્ધિ નિધાન; ભૂપે થાપ્યા તેહને, કરીને નિજ પરધાન....૧૪
દેવચંદ્રજી આવીયા, એવે ત્યાં મુનિરાજ; તલકસીની સહાયથી, કરે હવે શુભ કાજ....૧૫

સવિ જિન ગેહ કરાવીયાં, સંઘ તણે સ્વાધીન; કરી પ્રતિષ્ઠા તેહમાં, પ્રતિમાઓની નવીન....૧૬

સંવત સતર અઠાવીસીએ, નવાનગર મોઝાર; શ્રાવણ સુદ સાતમ ગુરુ, કરી પ્રતિષ્ઠા સાર....૧૭

સવિ મંદિર સમરાવીયાં, તલકસી એ તેહ; એક લાખ કોરી થયું, ખરચ સર્વ મલી જેહ...૧૮

વલભજીએ મોકલી, તે માટે ધરી પ્રેમ; કોરી સહસ પચાસ ત્યાં, તલકસી પર તેમ...૧૯

તલકસી પોતાતણી, ખરચે સહસ પચાસ; ઈમ સઘલાં જિન ગેહને, તિણે સમરાવયા ખાસ....૨૦

વર્ધમાનના જે હતા ચાંપશી નામે ભ્રાત; લાછલદે હતી તેહની પુત્રી જુવતી જાત....૨૧

પરણાવી લુંકાગચ્છી, ઓશવાલને ઘેર; નવાનગરમાં પ્રેમથી, કરી ઓચ્છવ ભલી પેર....૨૨

કેટલેક કાલે ચાંપશી, ગયા કચ્છ મોઝાર; માંડવીમાં જઈને વસ્યા, કરવાને વેપાર....૨૩

વર્ધમાનની જે હતી, પૌષધશાલા સાર; લાછલદેએ તેહનો, કરીઓ ત્યાં સ્વીકાર....૨૪
જતીઓ લુંકાગચ્છના, રહે તેહ મોઝાર; અંચલગચ્છના સાધુને રહેવા દે ન લગાર....૨૫
લુંકાગચ્છના તે જતી, મંત્ર તંત્રના જાણ; ઈમ ચિંતી છેડયા નહીં, જાણીને નિજ હાણ...૨૬

તલકસીએ તેહથી, બાંધી ઈક નવીન; પૌષધશાલા પ્રેમથી, નવાનગરે સ્વાધીન....૨૭

સંવત સતર ચોરાણુંએ, તેહ થઈ તૈયાર; કોરી પાંચ હજારનું, થયું ખરચ તે વાર...૨૮

મુજ ઉપદેશે ઈમ કર્યાં, તલકસીએ શુભ કામ; રાખ્યું જગમાં તેમણે, અવિચલ પણ નિજ નામ....૨૯

ઢાલ ભાવન મી- કલશની

ગાયા ગાયા રે મેં આજ સૂરીશ્વર ગાયા, કલ્યાણસાગરજી સૂરીશ્વરના, આજે મેં ગુણ ગાયા. એ આંકણી૦
અંચલગચ્છ ચોસઠમી પાટે, તેહ થયા સૂરિ રાયા; મહા પ્રભાવિક અતિશયવંતા, જગમાં જેહ ગવાયા રે;
મેં આજ સૂરીશ્વર ગાયા....૧

તસ પાટે શ્રી અમરસાગરજી, થયા સૂરીશ્વર રાયા;
શ્રવણ કરી જેના ઉપદેશો, ભવિજન અતિ હરખાયા રે....૨

તસ પાટે વિદ્યાસાગરજી, શોભે છે મુનિરાયા;
મુજ ગુરુવર તે પંડિત ગણમા , શોભે અધિક સવાયા રે....૩

તસ પાટે છે ઉદયસાગરજી, પામ્યા સુગુરુ પસાયા;
રચના તિણે એહ રાસની કીધી, મન હરખે ઉભરાયા રે....૪

સંવત અઢારસો બેની સાલે, શ્રાવણ સુદ છઠ પાયા;
એહ રાસ સંપૂર્ણ કરીને, સંઘની આગલ ગાયા રે....૫

માંડવી નગરે રહી ચોમાસું, રાસ એહ રચાયા;
સંભલાવી ભવિજનને કંઠે, મંગલ માલા ઠાયા રે....૬

ગાસે ભણસે એ ગુરુવરના, જે કોઈ ગુણ સુખ દાયા;
લેસે તે સુખ–સંપદ આંહીં, પછી મુક્તિપદ પાયા રે....૭

ગુરુગુણ ગાવાના આ વેશે, જે કોઈ ઈહ દોષ પાયા;
કવિજન બુધજન ખમશે તે મુજ, કરી મુજપર સુપસાયા રે....૮

યાવત ચંદ્ર દિવાકર જગમાં, રાસ એહ રસ દાયા;
બુધજન મનને મંગલદાયી, થજો સદા ઈમ ધ્યાયા રે....૯

–ઈતિ શ્રી અંચલગચ્છાધીશ્વર શ્રી ઉદયસાગરજી રચિત શ્રીમદ્ યુગપ્રધાન શ્રી કલ્યાણસાગરસૂરિજીનો રાસ સંપૂર્ણ. સંવત ૧૮૦૩ કાર્તક સુદ બીજ માંડવી મધ્યે દેવશંકર રાજગરે આ પરત લીખી છે. શુભં ભવતું.

પ્રકાશક : શાહ ગેલાભાઈ તથા દેવજીભાઈ માણેકં (વરાડિયાવાલા) વિ.સં. ૧૯૮૧ પોસ સુદ ૧૫

પૂ.આ. કલ્યાણસાગરસૂરિ પૂજા–આરતિ–દીવાનો સાર

હાલમાં પૂજ્યશ્રીની 3 પૂજાઓ પ્રચલિત છે

(૧) યતિ ન્યાયસાગરજીએ અષ્ટ પ્રકારી પૂજા રચી છે. જેઓ દાદાશ્રી ગૌતમસાગરસૂરિ મ.સા. ના ગુરૂભાઈ હતા. પૂજ્યશ્રીની રચનામાંથી દુહા –કળશ–આરતી–દીવો લીધા છે.

(૨) કુલચંદજી કૃત અષ્ટ પ્રકારી પૂજામાંથી દુહા–જલપુજા તથા કળશ લીધેલ છે.

(૩) શ્રી હંસરાજ કૃત દશવિધ યતિધર્મ પૂજામાંથી દુહા અને કળશ લીધા છે. બધાની રચના સરળ હોવાથી વિશેષ ભાવાર્થ લખવાની જરૂર પડી નથી.

અથ શ્રીવિધિપક્ષગચ્છાધિરાજ યુગપ્રધાન દાદા

(૮૩)૧ શ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજીની ગુણગર્ભિત

અષ્ટ પ્રકારી પૂજા

॥દોહા॥ કર્તા : યતિ ન્યાયસાગર

સુખકર સાહેબ સેવીયે, શ્રીચિંતામણિ પાસ, અશ્વસેન કુલચંદલો, મહિમાનિધિ આવાસ ॥ ૧ ॥

આગમ પાઠે અભિનવી, જિનવાણી સુખકાર, તેહિજ પ્રણમું સરસ્વતી, ઉતારે ભવપાર ॥ ૨ ॥

ગુરૂ ગિરૂઆ ગુણ આગલા, ઉપકારી શિરદાર, ધર્મ મર્મ બતાવીયો, તત્વાતત્વવિચાર ॥ ૩ ॥

જિન સરસ્વતીગુરૂ નમી, તેમ પ્રણમી ઉંકાર, કલ્યાણનિધિ ગુરૂતણા, કહું છત્રીશ ગુણસાર ॥ ૪ ॥

પંચ ઈંદ્રિ સંવર કરે, નવ– વિધ બ્રહ્મ સુજાણ, ચાર કષાયથી મુકત છે, એ અઢારસ ગુણમાન ॥ ૫ ॥

પંચમહાવ્રત પાલતા, પાલે પંચાચાર, પંચ સમિતિ ત્રિગુપ્તિથી, એહ છત્રીશ ગુણધાર ॥ ૬ ॥
સુધર્માસ્વામીથકી, પાટ તણે અનુસાર । ચોસઠમે પાટે થયા, કરૂં પૂજા અધિકાર ॥ ૭ ॥

ન્હવણ વિલેપન વસ્ત્રની, વાસ ફૂલ વિસ્તાર, અક્ષત ધૂપ અંતરતણી, પૂજા અષ્ટપ્રકાર ॥ ૮ ॥

॥ અથ કલશ ॥ ॥ રાગ ધનાશ્રી ॥ તુઠો તુઠોરે ॥ એ દેશી ॥

ગાયો ગાયોરે કલ્યાણસૂરીશ્વર ગાયો, નામીલ માતા પુત્ર નગીનો ॥ ગુરૂજી જગત ગવાયો, આચારજ કલ્યાણસાગરસૂરિ॥ ભવિ ઉપગાર કરાયો રે ॥ કલ્યાણસૂરીશ્વર ગાયોરે કલ્યાણ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ જ્ઞાન ગુરૂ ઉપગરણ કરાવો, ગુરૂગમવિધિ વિરચાયો ॥ નિર્ભયદાવે શિવપુર જાવે, જેમ જગમાં લચ્છી પાયોરે ॥ કલ્યા૦ ગાયો ॥ ૨ ॥ પર્વતમાં જેમ મેરૂ મહીધર, મુનિમંડલ સૂરિરાયો ॥ તરુગણમાં જેમ કલ્પતરુવર, તેમ એ સૂરિ ગવાયોરે ॥ કલ્યા ॥ ૩ ॥ અચલગચ્છે દિનદિન દીપે, શ્રી કલ્યાણસાગર સૂરિરાયો.॥ તાસતણે પખ મહીઅલવિચરે, રત્નસાગર ઉવજ્ઝાયો ॥ કલ્યાણ૦ ગાયો૦ ॥ ૪ ॥ તસશિષ્ય ગણી મેઘસાગરજી, વૃદ્ધિસાગર

સુપસાયો ॥ હીરસાગર તસ સહેજસાગર, જસ, માનસાગર મુનિરાયો રે ॥ કલ્યા૦ ગાયો૦ ॥ ૫ ॥ તાસ શિષ્ય ગણી રંગસાગરજી, ફતેસાગર સુપસાયો ॥ તાસ શિષ્ય સુગુણ ગિરૂઆ, દેવસાગરજી સવાયોરે ॥ કલ્યાણ૦ ગાયો૦ ॥ ૬ ॥ શ્રી સ્વરૂપસાગર સુપસાયો કૃત ચિંતામણી પાયો ॥ જનેંદ્રસાગર સૂરીશ્વર રાજે, પૂજા અધિકાર રચાયોરે ॥ કલ્યા૦ ગાયો૦ ॥ ૭ ॥ કષ્ટનિવારે વંછિતસારે, મધુરકંઠે ગવાયો ॥ ભૂજનગરમાં પૂજા ભણાવી, ઘર ઘર ઓચ્છવ થાયોરે ॥ કલ્યા૦ ગાયો ॥ ૮ ॥ ઓગણીસ પંચોતેર પોષે, શુકલ ત્રયોદશી ગાયો ॥ શ્રી ન્યાયસિંધુ જિનેશ્વર આગમ સંઘને તિલક કરાયોરે ॥ કલ્યા૦ ગાયો૦ ॥ ઈતિ ॥ યુગપ્રધાન દાદાજી શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીની - અષ્ટપ્રકારી પૂજા સંપૂર્ણઃ ॥

(૮૩-૨) અથ યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની આરતિ

આદરજીવ ક્ષમા ગુણ આદર ॥ એ દેશી ॥

જય જય આરતિ કલ્યાણસૂરીંદની, નાનીંગશા પિતાજાસજી ॥ નામીલદે માતાની કુંખે, સોલ તેંત્રીશે જન્મ ખાસજી જય. ॥ નવ વર્ષની વયે દીક્ષા લીધી, ધર્મમૂર્તિસૂરિ પાસજી ॥ યુગ પ્રધાન પદ પામ્યા પ્રીતેંથી, ચારિત્ર પાલે મન ઉલ્લાસજી જય જય. ॥ ૨ ॥ પંચ ઈંદ્રીને સંવરી રાખી, નવવિધ બ્રહ્મચર્ય પાલેજી, ચાર કષાયને નિત્ય જીતીને, જૈનશાસન અજવાલેજી. જય. ॥ ૩ ॥ પંચ મહાવ્રતે યુક્તથઈને, પંચાચાર સંભાલેજી ॥ પાંચ સમિતિ ત્રિગુપ્તિ ધરીને, અંચલગચ્છ મહિમા વધારેજી ॥ જય૦ ॥ ૪ ॥ એમ છત્રીશ ગુણે ગુરૂ શોભતા, છહોતેર વર્ષ સંજમ આરાધીજી, સંવત સત્તર સત્તરની સાલે, અણસણ લઈ સ્વર્ગ ઋધિ સાધીજી ॥ જય૦॥ ૫ ॥

એવા સૂરિની આરતિ નિત્ય કીજે, જેથી જાયે દુઃખ દારિદ્ર દૂરજી ॥ ફતેસાગર ગુરૂનો પ્રશિષ્ય, સ્વરૂપ કહે આપો સુખ ભરપૂરજી ॥ જય૦ ॥ ૬ ॥

(૮૩-૩) ॥ મંગલિક દીવો ॥

આજ ઘરે નાથ પધાર્યા, કીજે મંગલ ચાર ॥ એ દેશી ॥

પ્રગટયા ગુણમણી ખાણ ગુરૂ મ્હારા, પ્રગટયા ગુણમણી ખાણ ॥ કરવા જગતનું કલ્યાણ ગુરૂ મ્હારા, પ્રગટયા ગુણમણી ખાણ ॥ ૧ ॥ ભવિમન ભ્રમ ભેદ ન ભુવિ માહે, આપ ધર્યો અવતાર ॥ ગુ. ॥ ૨ ॥ બોધિ બીજદાતા મહિ માંહે, વિશ્વતણા વિશ્રામ. ॥ ગુ. ॥ ૩ ॥ પરમતિને પ્રતિબોધી કીધાં, દુર્વ્યસનોથી દૂર ॥ ગુ. ॥ ૪ ॥ સેવકનિંદક ઉપર સમ દ્રષ્ટી, સરખા ગણો સદાય ॥ ગુ. ॥ ૫ ॥ સ્વરૂપ સિંધુ આપ ચરણને, વંદે વારંવાર ॥ ગુ. ૬ ॥ઈતિ॥

(૮૪) ૧ શ્રી વિધિપક્ષ (અંચલ) ગચ્છાધિરાજ યુગપ્રધાન

દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીની ગુણગર્ભિત (શ્રી ફૂલચંદજી કૃત)

અષ્ટ પ્રકારી પૂજા દોહા પ્રથમ જલપૂજા

વંદન શ્રી પ્રભુ વીરને, ધરી ગુરૂ ગૌતમ ધ્યાન, શારદા માતની સહાયથી, પૂજા સૂરિકલ્યાણ. ॥ ૧ ॥ વીરતણી પાટે થયા, પરંપરા એ જાણ, ચોસઠમી પાટે થયા, આચાર્ય યુગપ્રધાન. ॥ ૨ ॥ અંચલગચ્છાધીશ ગુરૂ, જ્ઞાન દાન દાતાર, લબ્ધિ સિદ્ધિ વિદ્યા થકી, કર્યો શાસન ઉદ્ધાર. ॥ ૩ ॥ બાલવયે દિક્ષા લહી, ઝલકાવી શાસન જ્યોત. ધર્મ મર્મ સમજાવિયો, દેશના દેઈ સચોટ. ॥ ૪ ॥ અધિષ્ઠાયક ગચ્છતણી, મહાકાલી કહેવાય, નેહ રાખી ગુરૂ ઉપરે, સમય સમયપર સ્હાય. ॥ ૫ ॥ પંચ મહાવ્રત પાલીને, વિચર્યા દેશ વિદેશ, ઉદ્ધાર કરાવિયા તીર્થના, સ્થાપ્યા તીર્થ વિશેષ. ॥ ૬ ॥ અષ્ટ દ્રવ્યે પૂજન કરી, ગાઈયે ગુરૂ ગુણગાન, રિદ્ધિ સિદ્ધિ સંપદ મળે, હોય પરમ કલ્યાણ. ॥૭॥ ન્હવણ વિલેપન વસ્ત્રથી, વાસક્ષેપને ફૂલ, અક્ષત ધુપ અત્તર વડે, પૂજા કરો બહુ મૂલ. ॥૮॥

(૮૪) ૨ કલશ - રાગ-ધનાશ્રી

ગાયો ગાયો રે કલ્યાણસૂરિ ગુણ ગાયો–એ આંકણી. અંચલગચ્છ ચોશઠમી પાટે, જૈન શાસન દીપાયો; મહાપ્રભાવક શાસન ધોરી, જગમાં જશ વરતાયો રે. ક૦ ॥ ૧ ॥ રાસ બનાવ્યો અનૂપમ ઉત્તમ,

ઉદયસાગરસૂરિ રાયો; તાસ વૃત્તાંતે પૂજા બનાવી, ગુરૂગમ વિધિવિરચાયો; ક૦ ॥ ૨ ॥ ક્રિયા ઉદ્ધારક મુનિમંડલેશ્વર, ગૌતમસાગરસૂરિ રાયો; તાસ શિષ્ય મુનિ નીતિસાગરજી, ધર્મસાગર સુખ દાયો રે. ક૦ ॥ ૩ ॥ આજ્ઞા તેહની શિષ ચઢાવી, ગુરૂપૂજન ગુણગાયો; ગાશે ભણશે ભવિજનભાવે, આનંદમંગલ દાયો રે. ક૦ ॥ ૪ ॥ ગોત્ર મીઠડીયા વોરા કુટુંબે, અજરામર નામ ધરાયો; લક્ષ્મી ખરચી લ્હાવો લીધો, પુણ્યશાળી નર કહાયો રે. ક૦ ॥ ૫ ॥ તાસ બાંધવ ટોકરશીભાઈ, આજ્ઞા શિર ચઢાઈ, જામનગરમાં પ્રાસાદ બાંધ્યો, રિષભદેવજિનરાયો રે. ક૦ ॥ ૬ ॥ જિનમંદિરના મુખડા આગળ, દેહરી દો સુંદર બનાયો, ત્યાં બિરાજે સ્વામી સુધર્મા, કલ્યાણસૂરીશ્વર રાયો રે. ક૦ ॥ ૭ ॥ વીર સંવત ચોવીશ સાઠે, કાર્તિક પૂનમે ગાયો, સકલ સંઘ મલી પૂજા ભણાવી, ઘરઘર આનંદ છાયો રે. ક૦ ॥ ૮ ॥ ભૂલચુક મિચ્છામિ દુક્કડં, સુધારી તાન લગાયો, સકલ સંઘનો સેવક ફૂલચંદ, પૂજન કરી હરખાયો રે. ક૦ ॥ ૯ ॥

(૮૫) યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીની

(શ્રી હંસરાજ કૃત)

દશવિધ યતિ ધર્મપૂજા

વંદન કરૂં શ્રી વીરને, ધરૂં ગૌતમ ગુરૂ ધ્યાન ॥ ભારતી ભગવતી શારદા, વંદુ હું વારંવાર ॥ ૧ ॥ વીરતણી પાટે થયા, પરંપરા એ જાણ ॥ કલ્યાણસાગરસૂરીશ્વરા, ચોસઠમીએ પ્રણામ ॥ ૨ ॥ ગુરૂ ગિરૂઆ ગુણ આગલા, ઉપકારી સીરદાર ॥ કલ્યાણસાગર ગુરૂતણા, કહું છત્રીશ ગુણસાર. ॥ ૩ ॥ ઈન્દ્રી પંચ સંવર કરે, નવવિધ બ્રહ્મ સુજાણ ॥ કષાય ચારથી મુકત છે, એ અઢારસ ગુણ માન. ॥ ૪ ॥ મહાવ્રત પંચે પાલતાં, પાલે પંચાચાર ॥ સમિતિ પંચ ત્રિગુપ્તિથી, એહ છત્રીશ ગુણધાર. ॥ ૫ ॥ દશવિધ યતિ ધર્મમાં ક્ષમા મુખ્ય તે જોય ॥ ભેદખંતીના પંચ છે, અપરાધ ક્ષમણથી હોય. ॥ ૬ ॥ કલ્યાણ નિધિ ગુરૂ તણી, કહું પુજા અધિકાર ॥ જિન સરસ્વતી ગુરૂ નમી, વલી પ્રણમી ઉંકાર. ॥ ૭ ॥ નવણ વિલેપન વસ્ત્રની, વાસ ફુલનીમાલ ॥ અક્ષત ધુપ અત્તર અને ગીત વાજંત્ર રસાલ ॥ ૮ ॥ એ વિધ દશ પ્રકારથી પૂજા રચું સુખકાર ॥ ભણે ભણાવે ભાવશું, ઉતારે ભવપાર ॥૯॥

(૮૫) કલશ રાગ ॥ રેખત ॥ (ગઝલ)

રાગ (ભલે દુનિયા બને દુશ્મન-તમે ના કોપશો બાપુ)

ગુરૂ ગુણ ગાઓ આનંદે, ગુરૂ ભવી જીવ નિત વંદે ॥ એ આંકણી૦ ॥ મહાવીર પ્રભુ તણી પાટે, થયા કલ્યાણસૂરિ રાયા અંચલગચ્છમા થયા સ્વામી, ચોસઠમી પાટ દીપાયા ॥ ગુરૂ ॥ ૧ ॥ ગુરૂ શાસન તણા ધોરી, યુગપરધાન જશ ગાયા ॥ કલ્પતરૂ કલિકાલ કેરા, જગદ ગુરૂ બીરૂદ ધરાયા ॥ ગુરૂ૦ ॥ ૨ ॥ ઉદયસાગર સૂરિ રાયો, બનાયા રાસ સુખદાયા ॥ પટાવલી ગચ્છ તણી મોટી (રચી) જ્ઞાનસાગર મુનિરાયા ॥ ગુરૂ૦ ॥ ૩ ॥ આધાર તેહ તણો લઈને, ગુરૂ પૂજન ગુણ ગાયા ॥ કલ્યાણસાગરસૂરિજીના, ગુણો તો લેશ બતલાયા ॥ ગુરૂ૦ ॥ ૪ ॥ મુનિ મંડલેશ્વર કહાયા, ગૌતમસાગર ગુરૂરાયા ॥ તસ શિષ્ય નીતિસાગરજી, પામીને તેહ તણી સહાયા ॥ ગરૂ૦ ॥ ૫ ॥ આજ્ઞા તેહ તણી પામી, રચી પૂજાને ગુણ ગાયા ॥ ભણાવે ભાવ ભક્તિથી, આનંદમંગલ સુખદાયા ॥ ગુરૂ૦ ॥ જામનગર શહેર છે સારૂં, જામ દિગ્વિજયસિંહ રાયા ॥ તસ રાજ્યે ખાવડી ગામે, ગુરૂ પૂજીને હરખાયા ॥ ગરૂ૦ ॥ ૭ ॥ જખઉબંદર તણા વાસી, ખોના ગોત્ર દીપાયા ॥ ઓશવંશ લઘુ શાખા, વીરપારભાઈ નામ કહેવાયા ॥ ગુરૂ૦ ॥ ૮ ॥ તસ પુત્રી દેવલીબાઈ, જિનપ્રાસાદ બનવાયા ॥ ચંદ્રપ્રભુ જિનરાજજી સોહે, મૂલનાયક સુખદાયા ॥ ગુરૂ૦ ॥ ૯ ॥ કોઠારા શહેરના વાસી, નાયકસુત કેશવજીભાઈ ॥ ઉપાશ્રય તેહ તણા માંહી, દેરી શુદી બીજ બનવાઈ ॥ ગુરૂ૦ ॥ ૧૦ ॥ બીરાજે તેહમા સુંદર કલ્યાણસાગરસૂરિ રાયા ॥ પૂજા રચી દાદાજી કેરી, મન વંછીત મેં પાયા ॥ ગુરૂ૦ ॥ ૧૧ ॥ ઓગણી એકાણુની સાલે, કાર્તિકી બીજ સુખદાયા ॥ શ્રી ગરૂરાજજી કેરી, પ્રતિષ્ઠા મહોત્સવ કરવાયા ॥ ॥ ગુરૂ૦ ॥ ૧૨ ॥ લઘુ શાખા ઓશવંશ કેરી, ખોના ગોત્ર સુખદાયા ॥ સકલ સંઘ તણો સેવક, હંસરાજ ગુણ ગાયા ॥ ૧૩ ॥

દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીની પૂજા સમાપ્ત.

(૮૬) પૂ. આ. શ્રીઅમરસાગરસૂરિ બારમાસા સાર

– મુનિ ભક્તિસાગર

મુનિ ભક્તિસાગરજીનો ઉલ્લેખ અચલગચ્છ દિગ્દર્શનમાં નથી.

પૂ. આ. કલ્યાણસાગરજીની જેમ શ્રી અમરસાગરસૂરિના બારમાસા કવિશ્રીએ લખ્યા છે. તેઓએ પણ શ્રાવણ થી જેઠ એ રીતે માસની શરૂઆત કરી છે. પૂજ્યશ્રીના ગામ–માતા–પિતાનો અને ગુરૂનો ઉલ્લેખ કરીને બારે માસની ઘટનાનું વર્ણન કર્યું છે. આ હસ્ત પ્રત ભૂજ નગરમાં લખાઈ, હાલ કોબા શ્રી મહાવીર આરાધના કેન્દ્રમાં છે.

(૮૬) શ્રી અમરસાગરસૂરિ બારમાસા

કર્તા : મુનિ ભક્તિસાગર

પંથી કરિ અરદાસ રે, પહુંચીને શ્રી ગુરુ પાસિ રે; પાસિ ન રેવાસિ જિહાં પૂજ્યજી વસઈ રે.....૧

ઉદયપુર નયર ઉદાર રે, સાહ જોધ્ધા કુલ સિણગાર રે; સાર સોનાબાઈ જનમીયા રે.....૨

તસુ નંદન અમરકુમાર રે, શુભ લક્ષણ અતિ સાર રે; વઈરાગઈ વ્રત આદર્યા રે.....૩

કલ્યાણસાગરસૂરિ સીસરે, આચારિજ અધિક જગીસ રે; ભાવ સહિત ગુરૂ ભેટીઈ રે.....૪

શ્રાવણઈ વરસઈ મેહરે પૂજ્ય વાંદવા મુઝ નેહ રે; નેહ ઘણો ગચ્છરાજસ્યુ રે.....૫

ભાદ્રવઈ ગાજઈ ઘોર રે, અમરસાગર સયંમ જોર રે, સોઈ સુગુરૂ મુઝ સાંભરઈ રે.....૬

આસુઈ આસ્યા પૂર રે, દુઃખ હુઈ સઘલાં દૂરિ રે; સૂરિ સોભાગી જા મિલઈ રે.....૭

કાતીઈ મનનઈ કોડિ રે, ગુરૂ વાંદસ્યું કર જોડી રે; છોડી કુમત કદાગ્રહ રે.....૮

મગસિરઈ જોઉં માગ રે, શ્રી સંઘ મોટો ભાગ રે; ભાગ જોગઈ ભગવન મિલ્યા રે.....૯

પોસમાસિં પ્રગટયો પ્રેમ રે, થાય જયો શ્રી ગુરૂ ખેમરે; ખેમ હુયો વિધિપક્ષ ઘણી રે.....૧૦

માહ માસિં ચમકઈ સીત રે, ગચ્છરાજસ્યું બહુ પ્રીતિ રે; રીતિ રૂઠી પૂજ્ય પાલયો રે.....૧૧

ફાગુણઈ ફરકઈ વાય રે, અમરસાગર કુલી કાય રે; કાય સુગુરૂ કંચન જિસી રે.....૧૨

ચૈત્રમાસિં ચતુર સુજાંણ રે, ગચ્છરાજ માહરઈ પ્રાણ રે; જાંણિ વડો જિન શાસનઈ રે.....૧૩

વૈશાખ માસ વખાંણિ રે, અમરસાગર અવિરલ વાંણિ રે; જાણિ સુધારસ સારિખી રે.....૧૪

જેઠ માસિં જોઉં વાટ રે, પૂજ્ય કલ્યાણસાગરને પાટ રે; પાટિ પટોધર થાપીઆ રે.....૧૫

આસાઢ આવ્યઉ માસ રે, વાંદવા અતિ ઉલ્હાસ રે; આસ પૂરો શ્રી સંઘની રે.....૧૬

ઈણિ પરઈ બારે માસ રે, પૂજ્ય પૂરવો મુઝ આસ રે; આસ પૂરઉ ભૂજ સંઘની રે.....૧૭

પૂજ્ય કલ્યાણસાગરસૂરિ સીસ રે,ભગતિસાગર દેયઈ આસીસ રે;
આસીસ ચિરંજીવો વિધિપક્ષ ઘણું રે.....૧૮

ઇતિ બારમાસા ભાસ સંપૂર્ણ, લિખિતા ભૂજનગરે

(પ્રતઃ આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર, શ્રી મહાવીર જૈનઆરાધના કેન્દ્ર, કોબા)

(૮૭) પૂ. આ. શ્રીઅમરસાગરસૂરિ ભાસ

પંડિત ઉદયતિલક ગણિએ અમરસાગરસૂરિ ભાસની શરૂઆતમાં સરસ્વતી દેવીને ગુરુગુણ ગાવા વરદાન માટે હાથજોડીને નમન કર્યા છે. કલ્યાણસાગરસૂરિના પટ્ટધર અમરસાગરસૂરિજી મનમોહન ગારા છે. ૧૧મી કડીમાં તેઓને પરિચય આપેલ છે કે ઓસવાલ જ્ઞાતિમાં સોનબાઈ કે સોનલદે માતા, ચોધરી જોધ્ધા તેમનાં પિતા હતા. તેવા ગુરુવરને વંદન કરવા સંઘ આવે છે. પૂજ્યશ્રીના દર્શનથી નવનિધિ થાય છે. આચાર્ય પધાર્યા ત્યારે સૂર્યઉદય સમયે વાંજિંત્રો વાગવા માંડયા. અહી કવિએ સખીઓ વચ્ચે સંવાદરૂપે ગુરુ ગુણ ગાન કર્યું છે. એક સખી કહે છે કે પાટે વિરાજેલા ગુરૂ ને માથે ઝરમર પૂંઠીઉ હાથમાં મોતી મઢેલુ પાહુ ને મુખપર મુહપતી શોભે

છે. બીજી કહે કે હું કુંકમ કેસરથી ઘોળી સ્નાન કરી દક્ષીણી ઢબે નવરંગ ચોળી પહેરી ગજગેલી ગહૂંલી કરુ છુ. અમરસૂરિના દિદાર અનુપમ દેખાય છે. એમને જોવા મનડું ઘણુ આતુર છે. ગુરુજીનું મુખજ્યોતિ સૂર્ય સમાન શોભે છે. હે સખી આ ગુરુ તો ખુબ ચતુર છે. મારા આંગણે સુરતરુ ફળ્યો આજથી મારો દિવસ સફળ થયો છે, કારણકે અમરસાગરસૂરિ મને મળ્યા છે. મારા ગુરુની વાણી મેઘની જેમ ગાજે છે. ભવિકોના સંદેહ ભાંજે છે. આવો અંચલગચ્છ ગુરૂથી શોભે છે ગૌતમસ્વામી જેવા લબ્ધિવંત વજ્રસ્વામિ જેવા વિદ્યાવંત ગુરુજી છે. એવા ગુરુજીના ગુણો જાણી કરી તમે ભાવથી પ્રણામ કરો એમ પંડિત ઉદયતિલકની વાણી કહે છે.

(૮૭) પૂ. આ. શ્રીઅમરસાગરસૂરિ ભાસ

કર્તા : પં. ઉદયતિલક

હું સરસતિ પાયું લે લાગું, હાથ જોડિનિ વર માગું; ગુરુના ગુણ ગાવા જાસું;
પટોધર પાટીઈ પધારુ, અલવેસર અરજ અવધારું; ગુરુજી તું મનમોહન ગારુ. આંકણી.....૧
ગુખિ આવું સોનલદેના જાયા, તુમ્હનિ વાંદવા શ્રી સંઘ આયા; પૂજ્ય પેખંતા નવનિધિ પાયા. ૫૦ ૨
વાહાણાં વાયાં નિ ઉગીયલા સુર ભણિ ભાટ નિવા ગીલા તૂર; માહરા આચાર્ય અધિકિ નૂરિ. ૫૦ ૩
માથિ ઝરમરિ પુંઠીઈ મોતી, હાથિ પાહું નિ મુહમતી સોહતી; હું તું હરખુહઈ મુખ જોતી. ૫૦ ૪
એ તું કુંકુમ કેસર ઘોલી, પહેરી દક્ષિણ નવરંગ ચોલી; તુમ્હે ગહુલી કરું ગજ ગેલી. ૫૦ ૫
દીદાર અનોપમ દીસિ અમરસાગરસૂરિ અધિક જગીસિ; તુમ્હનિ જોવા હઈયડલું હીસિ. ૫૦ ૬
તુમ્હે વાચુ વારુ વખાણ મુખ જ્યોતિ ઝગિ જિમ ભાંણ; બાઈ એ ગુરુ ચતુર સુજાંણ. ૫૦ ૭
માહરિ અંગણિ સુરતરુ ફલઉ, મોરું આજ થકી દિન વલીઉ; ભલિ સાહિબ તું મુઝ મલીઉ. ૫૦ ૮
વાંણી મેહ તણી પરિ ગાજઈ, ભવીયણના સંદેહ ભાજઈ; માહરા એ ગુરુ વિધિપક્ષ છાજઈ. ૫૦ ૯
લબધિ ગૌતમની પરિ ભરીઓ વિદ્યાઈ વયર કુમર જાણે દરીઓ; કોડે ધર્મનું બાંધવ કરીઓ. ૫૦ ૧૦
ધન ઉસવાલની ન્યાતિ, જેહની સોનાંબાઈ માત; ચૌધરી જોધ્ધા કુલ વિખ્યાત. ૫૦ ૧૧
પૂજ્ય કલ્યાણસાગરસૂરિ પાટઈ, આવઈ આચાર્ય ગહિગાટઈ; નિરખું નેહ ઘરી નિ વાટ. ૫૦ ૧૨
વારુ એ ગુરુના ગુણના ગુણ જાણી, તુમ્હે પાએ નમું ભવિ પ્રાણી; પંડિત ઉદય તિલક કહિ ઈમ વાણી. ૫૦ ૧૩

ઈતિભાસ (પ્રતઃ આ.શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર, શ્રી મહાવીર જૈનઆરાધના કેન્દ્ર,કોબા)

(૮૮) પૂ. આ. શ્રીઅમરસાગરસૂરિ ગુરુ ભાસ – ભાવાર્થ

ભાવશેખરના શિષ્ય ગુણશેખર

સરસ્વતિનેં વિનંતિ કરી, સદ્‌ગુરુના ચરણને નમીને કવિ અંચલગચ્છપતિ અમરસાગર સૂરિના ગુણ ગાવાની પ્રતિંજ્ઞા કરે છે.(કારણ કે) અમરસાગરસૂરિ આચાર્ય ભગવંત આચારથી અધિક તેજસ્વી છે. ભૂજનગરમાં તમાચી નામે રાજા છે. ત્યાં કલ્યાણસાગરસૂરિજી પધાર્યા હતા તેમના દર્શન માટે આખો સંઘ એકઠો થયો હતો ત્યારે ઓસવાળ વંશ ના શાહ જોધ્ધા ના કુલ દિપક માતા સોના નો' ઊર–હંસલો' અમરસાગરસૂરિ સાથેં હતા. તેમનુ મુખ પુનમનો ચાંદ જૈવુ હતુ. તેઓ ગજ ગતિએ મલપતા ચાલતા હતા. તેમની આંખો અમૃતના કચોળા જેવી હતી.હોઠ પ્રવાલ જેવા રંગથી શોભતા હતા. આવા ગુરુજીને લળી–લળી ચરણે નમન કરીને ભાવશેખરના શિષ્ય ગુણશેખર ગુરૂના ગુણ ગાય છે.

(૮૮) પૂ. આ. શ્રીઅમરસાગરસૂરિ ગુરુ ભાસ

કર્તા : ભાવશેખર શિષ્ય ગુણશેખર

સરસતિ સામણિ વીનવું રે, સદગુરુ પ્રણમું પાય; અંચલગચ્છપતિ ગાઈસું રે, શ્રી અમરસાગર રાય.
આચારિજ દીસઈ અધિકઈ નૂરિ સાચો અમર સૂરિ આચારિજ દીસઈ અધિકઈ નૂરિ એ આંકણી.....૧
ભુજનગર સોહામણું રે, રાય તમાચી નરેશ; કલ્યાણસાગરસૂરિ આવિયા રે, જોવા મીલિયા દેશ.....૨
ઓસવંશ ઉજુઆલિઉ રે, સાહ જોધ્ધા કુલ ભાણ; માત સોનાં ઉર હાંસલઉ રે, અમરજી ચતુર સુજાણ.....૩
મુખ જાણે પૂનિમ ચંદલઉ રે, ગજગતિ ચાલઈ ચંગ; લોચન અમીય કચોલડાં રે, અધર પ્રવાલી રંગ.....૪
વલી વલી ગુરુજીનઈ વીનવઉ રે, લુલિ લુલિ લાગઉ પાય; ભાવશેખર શિષ્ય વીનવઈ રે, ગુણ શેખર ગુણ ગાય....૫

(પ્રત : શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર, પાટણ)

(૮૯) પૂ. આ. શ્રીઅમરસાગરસૂરિ સ્તુતિ – જસુશિષ્ય

ગોડી પાર્શ્વનાથના ચરણ કમલકે જેમાં સુર–અસુર અને માનવ રૂપી ભ્રમરગણાએ ઝંકાર કર્યો છે. તેને નમન કરીને અમરસાગરસૂરિ ની સ્તુતિ કરીશ કે જેઓ મતી રૂપ મતગજરાજ ને હણવા સિંહ સમાન છે. જેમાં સકલ જનોના નયન અને મનને હરનારા જિનમંદિરો છે, અને વિવિધ લક્ષ્મીભર્યા એવા ઊદયપૂરમાં બહુ દાનવંત ઓસવાલ વંશનો જોધા નામે શેઠ વસે છે. તેમની સોના નામ સતી પત્ની એ સંવત ૧૬૯૪ આષાઢ વદ નવમીના સવારે અમરનામે પુત્ર ને જન્મ આપ્યો. અમરકુમાર ૧૭૦૫ ની સાલમાં વિધિપક્ષ ગચ્છનાઆચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિ પાસે સંયમ સ્વીકાર્યુ પછી સુંદર સંયમી, ક્રોધાદીને હરાવનારા, છંદ આગમ આદિ સકલ શાસ્ત્રના જ્ઞાતા શાસન રૂપ ગગનમાં જાણે સૂર્ય હોય તેમ શોભતા હતા. મુનિનાયક એવા તે અમરસાગરજીને અમઊરા નગરમાં ગુરુએ સંવત ૧૭૧૫ નાં જેઠ માસની સુદ પક્ષમાં છઠ્ઠ તિથિએ ભૃગુવાસરે–ગુરૂવારે ઉત્સવ પૂર્વ આચાર્ય પદવી આપી. દીવનગરમાં વોરા દિપક દોસી લહુજીએ આચાર્ય ભગવંતને
10 ખંભાતમાં નિમંત્ર્યા અને ઉત્સાહ પૂર્વક મોટો ઉત્સવ કર્યો આવા અમરસાગરસૂરિ સકલ સંઘના વચન–મનને પ્રિય છે. અમૃત સમાન વચન જેમનાં ગાજે છે. કુમાર્ગીઓનું ટોળુ નાસી જાય છે. જશુ નામવાળો હું ભકિતથી ભજી રહ્યો છું ગગનમાં શોભતા શરદ પૂર્ણીમાના ચંદ્રની જેમ તેઓ વિધિપક્ષમાં શોભે છે અને ભવ્ય જનરૂપ કુમુદને બોધ પમાડે છે. અમરસાગરસૂરિ આમ નરવરના રંજણહાર વાદીઓને હરાવનાર અચલગચ્છ પ્રભાવક જગતમાં જયવંતા વર્તો.

(૮૯) પૂ. આ. શ્રીઅમરસાગરસૂરિ સ્તુતિ – જસુશિષ્ય

(રાગ :– (૮–૯ સ્મરણ). ગબ્ભ અવયાર–સકલ સુખ નિવહ દાનાય...)

સયલ સુર અસુર નર ભમર રુણઝણંકયં; નમિઅ સિરિ ગોડિકા પાસ પય પંકયં,
કુમઈ મયમત્ત ગયરાય પંચાણણં થુણિસુ સિરિ અમરસાગર ગુરુ શ્રણ્ણ દિણં ૧

સયલ જણ નયણ મણ હરણ જિણ મંદિરે, નયરિ સિરિ ઉદયપુરિ વિવિહ લચ્છી ભરે;
સાહુ જોધ્ધા ભિહાણો વસઈ બહુ ઘણો, ઉસવંસી વયં સો જણાણંદણો. ૨

20 ધરણિ તસુ સાર સોનાભિહાણી સઈ, અમર નામેણ સા નંદણં પસવઈ;
સોલસ ચોરાણું ઈ સયલ જણ સુહકરં; માસ આસાઢ વદિ નવમિ સોમ વરં. ૩

વિમલ વિહિ પખ્ખુ પૂર્વાચલે દિણયરા, સૂરિ કલ્લાણસાયર ગુરુ ગણહરા;
સતર પંનોત્તરઈ તેસિ પાએ વયં; બાલ ભાવેણ વય રુવ્વ ગિણ્ઈ સયં. ૪

ચારુ ચારિત્ત ગુણ રાજિ સં રાજિઓ, કોહ મય માણ લોહે હિં અપરાજિઓ;
સયલ સિધ્ધાંત સદા ભણું સાસણ ધરો, છંદ લખ્કણ પમાણાઈ સુઅ સાયરો ૫

તેણિ સિરિ ખંભણય રાઉ આમંતિઆ ગગણ સોહાકરો દિત્ત તેજો જહાં,
સોહએ દિનમણી ઉદય પત્તો તહા; સોહએ જિણ મુપએ સમુણિણાયગો, સયલ કમ્મ ઘય રેસ્સ સંઘાયગો. ૬

સત્તર પનોરોત્તરઈ જિઠ માસે વરે, સુદ પર કંમ્મિ તિહિ બઈ ભિગુવાસરે,
વિક્ષ્ચાણે હિં સુગુરુ હિં ઉચ્છવ ભરે, દિણ્ણ માયરિ અપય નયરિ અજ્જા હરે. ૭

30 દીવ નયરંમ્મિ નિય વંસ સોહાકરો, સદ્ગુણ ગુત્ત દોસી લહૂજી વરો;
સિરિખંભણય રાઉ આમંતિઆ, રંગ ભરિ વિવિહ પરિ સાર ઉચ્છવ કિઆ. ૮

સૂરિ સિરિ અમર સાયર ગુરુ ગણહરો, સયલ સિરિ સંઘ મણ નયણ અઈ સુહકરો;
અમય મય મહણ વયણ હિતો ગજજએ, કુમય મય જૂહ નામેણ જસુ ભજજ એ ૯

સરય કાલસ્સ જહ પૂર્ણિમા સસહરો, સોહએ ગગણ મજજમ્મિ જણ મણહરો;
તહ મહા દખુ વિહિપખ્ખુ વર ગણહરો, સયલ સિરિ સંઘ કુમુ આણ બોહંકરો ૧૦

કલશ

ઈઅ નરવર રંજણ વાદી ગંજણ,અમરસાગર ગુરુ સૂરિ વર;
અંચલ ગણ ભાસગં પુણ પયાસંગં, જગિ જયવંતા હું તું ચિર. ૧૧

ઈતિશ્રીમદંચલગણાધીશ્વરાણાં સ્તુતિ

સિરિ વીર જિણેસર પટ્ટ નાહ ઈત્યાદિ પ્રદક્ષણા પાઠક૦ તપ્પય ગુણમણિ રોહણ સમાણ નિયે કુલગિરિ ઉદયુ પવર ભાણ જલહરે સચ ગજિજઅ જસ વખાણ શ્રી કલ્યાણસાગરસૂરિ યસમ્મણ સયલાગમ વર ચિત્ત મનિહી એ ઉસવંસ સિંગાર હાર સિરિ અમરસાગરસૂરિ સાર ઈય ગુરુ પ્રદક્ષણા શ્રેયોસ્તુ શ્રી શ્રી શ્રમણ સંઘસ્ય શ્રીઃ છઃ

(પ્રત શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યા મંદિર, અમદાવાદ)

(૯૦) મુનિ ખીરસાગરકૃત શ્રીઅમરસાગરસૂરિની સ્તુતિ.

॥ ૬૦ ॥ શ્રી ॥ રે મતવાલે સાજના ચલોન હમારે ડેરે રે... એ દેશી

ગોડીપાસ નમી કરી ગાસ્યું ગુણ મણિ ખાણી રે વિધિપક્ષ ગચ્છનો રાજીઉ, જેહની કીરતિ જગમા જાણી રે...૧ ગો૦
શ્રીઅમરસાગરસૂરીસની સૂરતિ મોહન ગારી રે વલિ જાઉં હું તાહરી, તન મન દઉં ઓવારી રે ॥૨॥ ગો૦
ખિણ ખિણ સમરું સાહિબા, તઈ ચિત્રમા કીધો વાસોરે દિઉ દીદાર દયાલજી, પુરો મનની આસોરે ॥૩॥ ગો૦
સહજ સલૂણો લોઅતો, નિરખી અમને તારો રે પંથ મ કરસ્યો વેગલો, એ વિનતિ ચિત્તમાં ધારો રે ॥૪॥ ગો૦
ધર્મરાગ અમને ઘણો, નીરાગપણ તુમે ટાલો રે ખીર સાગર કહે પૂજ્યજી, ચતુર તણી પ્રીત પાલોરે ॥૫॥ ગો૦

(૯૧) શ્રી વિદ્યાસાગરસૂરિ સ્તવન– ભાવાર્થ

કર્તા : વા. નિત્યલાભ **રચના : સં. ૧૭૯૮ લગભગમાં**

વીર ધીર સુગુરુ એવા અચલગચ્છપતિ વિદ્યાસાગરસૂરિજીને વંદન કરો. જે ગંગાના જલની સમાન નિર્મલ છત્રીસ ગુણોને ધારણ કરે છે તેઓ સુગુરુ તરીકે પ્રકૃષ્ટરૂપે શોભે છે. અમૃત સમાન ગુણના સાગર અમરસાગરસૂરિનાં પટ્ટધર પૂર્વ પુણ્યે પ્રાપ્ત થયા છે. જેની વાણી સાંભળતાં ભવનો ભ્રમ ભાંગે છે જેનો યશ ભૂલોકમાં છવાયો છે. જેઓ સપ્તનય, નવ તત્વનાં ભેદને જાણે છે... જેમનાં વ્યાખ્યાનમાં આગમનો ઉપદેશ અનુમાનથી સુપરિક્ષિત છે. નવરસથી ભરપુર છે (ઉપદેશમાં તત્વતર્કને લાલિત્ય છે.) જેનો પ્રબળ પ્રતાપ તેજ પૃથ્વી પટ પર સમગ્ર સાધુ મંડળમાં અધિક શોભે છે. સૂર્યને દેખી જેમ ઘુવડ ભાગે છે એમ જેમનાથી કુમતિ પાખંડી દૂર ભાગે છે. શા કરમસિંહનાં કુલમાં ઈન્દ્રસમાન અને માતા કમલાદેવીનાં યશ દીપાવનાર, જેમને પંડિતો, ક્ષત્રિયો સદા નમે છે. જેઓ કઠોર ભડવીર કામદેવને જીતે છે. ભાવિક નર–નારી જેમને ભાવપૂર્વક વંદન કરી મિત્રમાં આનંદ પામે છે. આથી "નિત્યલાભ" કર જોડી કહે છે કે ગુરુનાં નામથી રિદ્ધિ સિદ્ધિ અને નવનિધિ પ્રાપ્ત થાય છે.

(૯૧) શ્રી વિદ્યાસાગરસૂરિ સ્તવન

કર્તા : વા. નિત્યલાભ **ઢાલ : કડખાની**

રચના : સં. ૧૭૯૮ લગભગમાં

વંદો વીરવર ધીરધર સૂરિ વિદ્યા સુગુરુ, સ્વચ્છ વિધિપક્ષ ગચ્છપતિ ગાજે;
અમલ જલ ગંગસમ ધરન છત્રીશ ગુન, વ્યક્તતા પ્રકટ સુગુરુ દિવાજે વંદો....૧

અમૃત પાથોધ્રિગુન ભૂરિ સૂરીસરૂ, પટ્ટતસ પૂર્વકૃત પુણ્ય આયો;
વાણિ જસ સુનત ભવ ભર્મ ભાગે નિકટ, વિકટ યશવાસ ભૂયલોક છાયો વંદો..૨

દ્વયણુક સમાવાયિ ઘટ્ટ પટ્ટ ભાવાદિ બહુ સપ્ત નય તત્વ નવ ભેદ જાણે;
લક્ષ ઉપદેશ સુપરિક્ષ અનુમાન યુત, સરસ વખાણ નવ રસ વખાણે વંદો....૩
પ્રબળ પરતાપ પ્રદ્યોત મહીમંડલે, સકલ સાધો શિરેં અધિક રાજે;
કુમતિ પાખંઢ સબ દૂર નાસે નિપટ, દેખિ માર્ત્તંડ જિમ ઘુઅડ ભાજે વંદો....૪

શા કરમસિંહ કુલેં ત્રિદશપતિ સારિખો, માત કમલા તણું સુજશ દીપે;
વિબુધવર ક્ષમધર નમતિ જાકે સદા, અનડ ભડ કઠિન કંદર્પ ઝીપે વંદો....૫

ભવિક નર નારિ અતિ ભાવ ભાવેં કરી, વાંદતાં ચિત્ત આમોદ પાવે;
કહત નિતલાભ કરજોડ ગુરુ નામ દે, રિદ્ધિ નવ નિદ્ધિ સબ સિદ્ધિ આવે વંદો...૬

ઇતિ શ્રી વિદ્યાસાગરસૂરિસ્તવન સમાપ્તમ્

(૯૨) શ્રી વિદ્યાસાગરસૂરિ નિર્વાણ રાસ તથા

શ્રી ઉદયસાગરસૂરિ પટ્ટાભિષેક – સાર

વિ.સં. ૧૭૯૮ પોષ સુદ ૧૦ ને સોમવારના અંજાર ગામમાં ચોમાસા પછી આ રાસની રચના થઈ છે. અંચલગચ્છ દિગ્દર્શનમાં પેરા નં. ૨૧૦૨ થી ૦૫ માં નિત્યાલાભની ૧૨ કૃતિઓનું વર્ણન છે પણ રચનાઓ એનાથી વધારે હશે જ, એમાં શંકાને સ્થાન નથી. કવિશ્રીના હસ્તાક્ષરો પ્રાપ્ત થાય છે.

મંગલમાં શ્રુતદેવતાને તેમજ નિજ ગુરૂને સ્મર્યા છે. પ્રથમ ઢાળમાં જામનગરનું તથા રાજા જામતમાચીનું વર્ણન કર્યું છે. અનુક્રમે ગુરૂદેવ કચ્છમાં પધાર્યા ત્યારે ઠાકરશી ટોડરમલે ભવ્ય નગર પ્રવેશ કરાવ્યો. પર્યુષણમાં ૧૫ દિવસ 'અમારી' પડાવી. ઢુંઢીયા શ્રી મુલચંદ ઋષિ સાથે રાજસભામાં શાસ્ત્રાર્થ કરતા એમને પરાજિત કર્યા. ગોવર્ધનને દીક્ષા આપી. જ્ઞાનસાગરજી નામ સ્થાપ્યું. પૂજ્ય શ્રી કચ્છથી વિહાર કરી જાલણા થઈ બુરહાનપુર પહોંચ્યા. પૂજ્યશ્રીને અત્રે પધારતા જોઈ ઢુંઢક પંથના રણછોડ ઋષિ વિહાર કરી ગયા.

દેશ–પ્રદેશમાં વિચરતાં પૂજ્યશ્રી સુરતની વિનંતીથી પધાર્યા. ભવ્ય સામૈયું થયું. શેઠ ખુશાલ શાહે શ્રીફળની પ્રભાવના કરી. શ્રી સંઘે પટ્ટધર સ્થાપવાની વિનંતી કરી. પૂજ્યશ્રીએ શ્રીચક્રેશ્વરી દેવીનું ધ્યાન કર્યું. અને દેવીના સુચનથી પૂ જ્ઞાનસાગરજીને આચાર્યપદ આપવાનો નિર્ણય કર્યો. તે સમયે દેશ દેશથી સંઘો આવ્યા. ૧૨૫ સાધુ ભગવંતો એકઠા થયા. વિ. સં. ૧૭૯૭ ને કાર્તિક સુદ ૩ રવિવાર ના આચાર્ય પદવી આપી. અને ઉદયસાગરસૂરિ એવું નામ જાહેર કર્યું. તે પ્રસંગે ખુશાલ શાહે ઘણું ધન ખરચ્યું.

શ્રુતજ્ઞાનના બળથી આ. વિદ્યાસાગરસૂરિ શ્રી સંઘને જણાવે છે કે હવે અમારું આયુષ્ય અલ્પ છે. સૌને સુંદર શીખામણો આપી. શ્રી વલ્લભસાગરજી, ક્ષમાસાગરજી – સુંદરસાગરજીને તેડાવ્યા અને સૌને (ક્ષમાપના આપી) રાજી કર્યા. શ્રી સંઘે ૮૦૦૦ ઉપવાસ, અનેક છઠ્ઠ – અઠ્ઠમ, નવલાખ નવકાર મંત્રજાપ વિ. વિવિધ આરાધનાઓ ગચ્છપતિને આપી. અણસણ કરી, વિ. સં. ૧૭૯૭ કાર્તિક સુદ પાંચમના ગુરૂ સ્વર્ગે પહોંચ્યા. શ્રી સંઘ ચોધાર આંસુએ રડવા લાગ્યો. ૨૧ ખંડની મોટી માંડણી બનાવી પૂજ્યશ્રીના શરીરને પવિત્ર જળથી સ્નાન કરાવ્યુ. કેશર–કસ્તુરીથી શરીરે વિલેપન કર્યું. શ્રેષ્ઠ વસ્ત્રો પહેરાવ્યા. સુવર્ણ ફુલોથી વધાવ્યા. પછી શિબિકામાં પધરાવ્યા. સુરત બંદરે લાખો લોકો એકઠા થયા. પાંચ પ્રકારના વાજિંત્રો વાગવા લાગ્યા. રાજાઓની પણ હાજરી હતી. ૧૯ મણ સુખડ, ૨૨ તોલા કપૂર, વીસ તોલા કસ્તુરી, ૩૪ તોલા કંદરૂપ, પાંચશેર કૃષ્ણાગરૂ, અંબર, ચૂવા વિ. થી ચિતા સજાવવામાં આવી. અસનિકુમારે અગ્નિ સંસ્કાર કર્યો. પવનથી ચિતા પ્રજ્જવળી ઉઠી. એમાં ઘીની ધાર કરવામાં આવી. ગુરૂના ગુણ સાંભળીને સૌ રુદન કરતા સૌ સ્નાન કરીને મંદિરે ગયા. દેવ વંદન કર્યા. ગુરૂના ચરણની સ્થાપના કરી, વિશાળ સ્તુપ કર્યો.

નુતન ગચ્છપતિ સુરતથી વિહાર કરીને નવસારી પધાર્યા. નવસારી પાર્શ્વનાથની યાત્રા કરી. મલેચ્છોને કુરાનમાંથી જીવદયાનો મર્મ સમજાવી જૈન ધર્મ પમાડયો. ફરી ગચ્છપતિ સુરત પધાર્યા ત્યાં ખુશાલશેઠે શ્રી સિધ્ધાચલ મહાતીર્થનો ૯'રિ પાળતો સંઘ કાઢયો. ત્યાં ઘણું દ્રવ્ય ખર્ચીને આ. વિદ્યાસાગરસૂરિના પગલાં સ્થાપ્યા. ગચ્છપતિએ પાલીતાણામાં ચાતુર્માસ કર્યું. ત્યાંથી ફરી સુરત પધાર્યા. ત્યાંથી પાવાગઢની યાત્રા કરી રાજનગરમાં પધારતાં ૮૪ ગચ્છના સાધુ – શ્રાવકોએ સામૈયું કર્યું. નવાબના ચોપદાર હાથી, ઘોડા, રથ લઈને સામે આવ્યા. વ્યાખ્યાનમાં ગચ્છપતિ આવશ્યક સૂત્ર વાંચીને સૌને મંત્ર મુગ્ધ કર્યા. ચાતુર્માસ બાદ પૂજ્ય શ્રી કચ્છ પધાર્યા. કવિશ્રીએ ૧૦ ઢાળોમાં વિભાગોથી ગુણગાન કર્યા છે. અંતે જણાવે છે કે આવા ગચ્છપતિ ચિરકાળ જયવંતા વર્તો.

(૯૨)અંચલગચ્છાધિપતિ વિદ્યાસાગરસૂરિ નિર્વાણ રાસ.

તથા આ. ઉદયસાગરસૂરિ પટ્ટાભિષેક રાસ.

રચના : વિ. સં. ૧૭૯૮ના પોષ સુદિ ૧૦ સોમવાર

દૂહા

પ્રણમી શ્રી શ્રુતદેવતા, નિજ ગુરૂ સમરી નામ; ગચ્છપતિના ગુણવરણવું, સુખ સંપતિ હિતકામ....૧
પંચમ આરે પરગડા, સાચા સોહમ સ્વામિ; શ્રી ઉદયસાગરસૂરીસરૂ, ભવિ આસ્યા વિસરામિ....૨
ગુણ બહુ ગચ્છનાયકતણાં, કહેતાં નાવે પાર; અલ્પ બુદ્ધિથી વરણવું, સાંભલજો નરનાર....૩

॥ ઢાલ ૧ ॥ હમીરાની દેસી

જંબૂ દ્વીપ સોહામણો, ભરતક્ષેત્ર સિરદાર; સોભાગી. પાંચસેં છવીસ જોજન ષટકલા, માનકહ્યો નિરધાર,
સોભાગી. ગચ્છપતિના ગુણ ગાયસું. આંકણી...૧

બત્રીસ સહસ દેશ તેહમા, રૂડો દેશ હાલાર સો૦ નવું નગર તિહાં જાણીએ, સકલ ગુણે સુખકાર. સો૦ ગચ્છ....૨

જામ તમાચીજી અધિપતિ, ન્યાયે પાલે રાજ; સો. વરણ અઢાર સુખીયા વસેં, કરતાં નિજ નિજકામ. સો૦ ગચ્છ...૩

તીરથ તટિની જિહાં ઘણાં, વનવાડી આરામ; સો. દેહરા શિખરબદ્ધ દીપતાં, જૈન ધર્મનાં ઠામ. સો૦ ગચ્છ....૪

ઉસ વંશ વડ વ્યવહારીઓ, તિહાં વસે શાહ કલ્યાણ, સો. સુકલીણી તસ ભારજા, જયવંતી ગુણખાણ. સો૦ ગચ્છ....૫

રૂપકલા ગુણ સુંદરૂ, તેહને પુત્ર રતન, સો. લક્ષણ બત્રીસેં શોભતો, નામેં તે ગોવરધન સો૦ ગચ્છ....૬

દિન દિન વાધેં દીપતો, બીજ તણો જિમ ચંદ; સો. લઘુ વયથી બહુ ચાતુરી, જાણે અભિનવ ઈંદ. સો૦ ગચ્છ....૭

તિણિ કાલેં ને તિણેં સમે, અંચલગચ્છ શિરદાર; સો. વિદ્યાસાગર સૂરીસરૂ, અમરસૂરિ પટોધાર. સો૦ ગચ્છ....૮ 10

ગામ નગર પુર પાટણેં, દેતા ભવિ પ્રતિબોધ; સો. આવ્યા શ્રી કચ્છ દેશમાં, ટાલતા વેર વિરોધ. સો૦ ગચ્છ....૯

ભૂજનગર ભલી ભાંતસું, પેસારા ઓચ્છવકીધ; સો. ટોડરમલ સુત જાણીઈ, ઠાકરશી યસ લીધ. સો૦ ગચ્છ....૧૦

જૈન ધરમ અજૂઆલવા, દેશના ધરમની દીધ; સો. પ્રતિબોધ્યો રાઓ ગોડજી, જીવદયા ગુણ લીધ. સો૦ ગચ્છ....૧૧

પર્વ પર્યુસણે પાલવી, પનર દિવસની અમાર; સો. ધર્મ શાસ્ત્ર દેખાડિનેં કીધો એ ઉપકાર. સો૦ ગચ્છ....૧૨

મૂલચંદ ઋષિ કચ્છદેશમાં દેવગુરુનો પ્રત્યનીક; સો. કુમતિ મોટો કદાગ્રહી પ્રતિમોત્થાપક તહકીક. સો૦ ગચ્છ....૧૩

તેહને તિહાંથી કાઢીઓ, તેડી રાય હજૂર; સો. શાસ્ત્ર તણી ચર્ચા કરી, માન કર્યો ચકચૂર. સો૦ ગચ્છ....૧૪

એહવે નગરથી આવીયા, કલ્યાણ સાહ ગુણવંત; સો. પુત્ર સહિત માત જયવંતી, વાંદ્યા સહી ગુરૂ સંત. સો૦ ગચ્છ...૧૫

કલ્યાણ શાહ હરખિત થયા, હરખ્યો કુમર તિણિવાર; સો. જયવંતીબાઈ પરસન થઈ, નીરખી પૂજ્ય દીદાર. સો૦ ગચ્છ.૧૬

દૂહા

ગુરૂ દેશના દેતે થકે, ગોવરધન કુમાર; દીઠો નયણે હેજથી, નિલવટ છત્રાકાર...૧ 20

તવ ગચ્છપતિ કહે સાંભલો, એ સુત લક્ષણ ઉદાર; પદવી લહેસેં મોટકી, રાજા કે ગણધાર...૨

માત પિતા પ્રમુદિતથઈ, કરજોડી કહે તામ; એ સુત તુમને વહોરાવસું, દીક્ષા દેજો સ્વામ....૩

લાભ જાણી દીક્ષા દીઈ, શ્રી વિદ્યાસાગરસૂર; વિચરે શ્રી કચ્છ દેશમાં, નિત્ય નિત્ય ચઢતે નૂર...૪

॥ ઢાલ ૨ ॥

નણદલે હે નણદલ... એ દેશી.

સહિ ગુરૂ હે સહિગુરૂ નામ દીઈ ગોવર તણો જ્ઞાનસાગર સુપ્રકાશ; સ૦
બુદ્ધિ તણેં પરભાવથી, પ્રગટયો જ્ઞાન વિલાસ. સ૦ ૧

ગિરૂઆ ગચ્છપતિ વાંદીઈ, વિદ્યાસાગર ગણધાર; સ૦ ભવિક જીવ પડિબોહતા વિચરે ઉગ્ર વિહાર સ૦
ગિરૂઆ ગચ્છપતિ વાંદીઈ, વિદ્યાસાગર ગણધાર. સ૦ ૨

જ્ઞાનસાગર વિદ્યાભણેં, ઉદ્યમથી અભિરામ; સ૦ 30
શાસ્ત્ર તણે અભ્યાસથી, નામ તિસ્યો પરિણામ. સ૦ ગિ...૩

જ્ઞાન ગુણે બહુશ્રુત થયા, નિત નિત ભણતાં તેહ; સ૦
વિનય કરે ગુરૂ રાજનો, જ્ઞાનસાગર ગુણ ગેહ. સ૦ ગિ...૪

અનુક્રમે માંડવી બંદરે, તિમ વલી મુનરા ગામ; સ૦
અંજારે પણ આવીયા, વંદાવ્યા શુભ ઠામ. સ૦ ગિ...૫

સુંદર ચોમાસાં તિહાંકરી, સાધુ તણે પરિવાર; સ૦
બુઝવી શ્રાવક શ્રાવિકા, કરે અન્યત્ર વિહાર. સ૦ ગિ...૬

મહીયલમાં એમ વિચરતાં, પહુતા દક્ષિણ દેશ; સ૦
અતિ આડંબરથી કરે, જાલણા પુર પ્રવેશ. સ૦ ગિ...૭

સંઘકરે પરભાવના, ઘણાં ગીત ને ગ્યાન; સ૦
ઓછવ કીધા તિહાં ઘણાં, દીધા આદર માન. સ૦ ગિ...૮

નાસ્તિકવાદી તિહાં બૂઝવ્યા, કીધા શ્રાવક નામ; સ૦
જિન શાસન ઉન્નત થઈ, વાધ્યા ધરમના કામ. સ૦ ગિ...૯

બુરહાનપુર સંઘની વિનતિ, આવી તિણિ વાર; સ૦
પૂજ્યજી વહિલા પધારજો, અમ મનિ હરખ ઉદાર. સ૦ ગિ..૧૦

લાભ જાણી તિહાં આવીઆ, અનુક્રમે કરતા વિહાર; સ૦
સંઘ સહુ સાહમા ગયા, કીધા મહોત્સવ સાર. સ૦ ગિ...૧૧

ઢુંઢક મત પરિચય હતો, બુરહાનપુરમા જેહ; સ૦
રણછોડ રુષિ નાસી ગયો, સાધુ કુમતિ તેહ. સ૦ ગિ...૧૨

કસ્તુર શાહ તિહાં બુઝવ્યા, ટાલ્યા મન સંદેહ; સ૦
વિશેષાવશ્યક સંભલાવીને, સૂત્ર અરથ ધરી નેહ. સ૦ ગિ...૧૩

ઈણિ પરે સંઘ સહુ રીઝવી, ચાલ્યા અંતરીક્ષ જાત્ર, સ૦
પાસ જિણંદ ભેટી કરી, કીધા નિરમલ ગાત્ર. સ૦ ગિ...૧૪

તીરથ દક્ષિણ દેશના, કીધા વિવિધ પ્રકાર; સ૦
લાહા લીધા શ્રાવકે, સફલ કર્યો અવતાર. સ૦ ગિ...૧૫

મિથ્યામતી સમજાવતા, આવ્યા અવરંગાબાદ, સ૦
સાકરબાઈએ સામહીઉં, કીધું મન આલ્હાદ. સ૦ ગિ...૧૬

સોના રૂપાના ફૂંલડે વધાવ્યા ગુરૂરાજ; સ૦ પડિલાભ્યા હરખે કરી, સાર્યા આત્મ કાજ. સ૦
ગિરૂઆ ગચ્છપતિ વાંદીએ, વિદ્યાસાગર ગણધાર. સ૦ ગિ...૧૭

દૂહા

તેહવે આવી વીનતી, સૂરતથી તતકાલ; શ્રીજી ઈહાં પધારીએ, ફલે મનોરથ માલ...૧
સુખ વિહારે વિહરતા, સુરતિ પુર શિણગાર; આવ્યા મન મોદે કરી, વાંદે બહુ નર નાર...૨

॥ ઢાલ ૩ ॥

પ્રણમું ગિરજારે નંદન... એ દેશી.

સાહમેલા આડંબરે, વાજ્યા ઝાંગી ઢોલ; સોહ વગાવે સોહલા, સહિરે છાકમ છોલ....૧
શ્રીફલની પ્રભાવના, કરે શાહ ખુશીહાલ; પંચ શબ્દ વાજે ઘણાં, હરખ્યા બાલગોપાલ....૨

શુભ થાનક જાણી કરી, બેઠા સહિ ગરૂ ધ્યાન; ચક્રેશ્વરી આરાધવા, મંત્ર તણે અનુમાન....૩
સમરણ કરતાં તિણિં સમેં, આવી ચક્રેશ્વરી દેવ; કહે પદવી દેજો તુમેં જ્ઞાનસાગરનેં હેવ....૪
નિસુણી ગુરૂ હરખિત થયા, ધ્યાન સંપૂરણ કીધ; આવી બેઠા પાટીઈ દેશના ધરમની દીધ....૫
એહવેં સંઘ સહુ મલી, એમ કરેં અરદાસ; પૂજ્ય પટોધર થાપિનેં, અમ મન પૂરો આસ....૬
ગચ્છપતિ કહેં સંઘ સાંભલો, થાપસું શ્રી ગણધાર; દિવસ ભલો જોઈ કરી, કરસું કાજ ઉદાર....૭
તુરત તેડાવ્યા જ્યોતિષી, જ્યોતિષશાસ્ત્રના જાણ; કહિ જોવો દિન અતિભલો, જિમ કાજ ચઢે સુપ્રમાણ....૮
બોલ્યા પંડિત બુદ્ધિથી, જોઈ શાસ્ત્ર વિચાર; કારતિક સુદિ રલીઆમણો, ત્રીજ દિવસ રવિવાર....૯
ખુશાલશાહ પ્રમુદિત થયા, મંત્રી ગોડીદાસ; મંડાવે મહોછવ ઘણાં, તિમવલી જીવણદાસ....૧૦
સઘલેં માણસ મૂકીને, તેડાવે સવિ સંઘ; ગામ નગર પાટણ થકી, આવેં અતિહિ ઉમંગ....૧૧

દૂહા

દાતા ભુગતા દોલતી, મલીઆમોટા સાહ; છયલ છબીલા શોભતા, મનમાં ધરી ઉમાહ....૧

॥ ઢાલ ૪ ॥

વૃંદારે વનમાં કાન કુંવરજી... એ દેશી.

આવે તિહાં કિણ સંઘ ઉદારા, મન ધરી હરખ અપારા રે;
ગીતારથ પણ સહુ મલી આવે, દેશદેશથી વડ દાવે રે. મનહર્ષે ગુણ ગિરૂઆ મુનિવર. આંકણી...૧
સોરઠ ને ગુજરાત દીદારૂ, વઢીયાર માલવ વારૂરે; દક્ષિણ પૂરવને હાલારે, કચ્છ વાગડ મરૂધારા રે. મન૦ ૨
દેશ દેશથી બહુ હરખ ભરાણા, સાધુ આવે સપરાણારે; કોઈક પંડિત કોઈક તપીયા, કોઈ તાર્કિક કોઈ જપીયારે. મન૦ ૩
વ્યાકરણી કોઈ જોસીરૂડા, દિલમાં નહી કોઈ કૂડા રે; કોઈ સંવેગી ક્રિયા પાત્રી, જેહના નિરમલ ગાત્રીરે. મન૦ ૪
એહવા સાધ સવાસો મલીઆ, મન વંછિત સહુ ફલીઆરે; એહવે દિવસ ઓચ્છવનો આયો, નર નારી હર્ષ સવાયો રે.મન૦ ૫
શ્રી પૂજ્યજી તવ તખત વિરાજે, સંઘ આવેં દર્શન કાજે રે; ધવલ મંગલ ઘણાં ગીત ગવાઈ, સાથીયે ચોક પૂરાઈ રે. મન૦ ૬
જ્ઞાનસાગરજીને બોલાવે, તે પણ મલપતા આવે રે; નિજપાટ પટોધર થાપેં, આચારજ પદવી આપેરે. મન૦ ૭
સૂરિમંત્ર દીધો શ્રી કારી, નામ થાપના કીધ વિચારી રે; ઉદયસાગરસૂરિ ગણધારી, ભવિજન આનંદ કારીરે. મન૦૮
સત્તર સતાણુએ કાર્તિક માસે, ત્રીજ શુકલ રવિવારે; વિદ્યાસાગરસૂરિનેં પાટે, પટોધર થયા ગહ ગાટેરે. મન૦ ૯
શાહ ખુશાલ કરે ઉચ્છવસારા, ખરચે ધન સુવિચારારે; બત્રીશ બદ્ધ તિહાં વાજિંત્રવાજે, નાદ અંબર ગાજે રે. મન૦ ૧૦
મંત્રી ગોડીદાસ સવાઈ, બંધવ જીવણ સખાઈ રે; ચોરાસી ગચ્છના સાધુ તેડાવે, અસન વસન વહોરાવે રે. મન૦ ૧૧
સાહમી વાછલ્ય રૂડા કીધા, નવ ખંડમાં જસ લીધારે; યાચક જનનેં દાન દેવાઈ, સાધોને પહેરામણી થાઈ રે. મન૦ ૧૨
ઈમહુઆ તિહાં ઉછવ અનેક, વાધ્યા ઘણાં વિવેકરે; આચારજનેં સંઘ સહુ વંદે, ભવો ભવ પાપ નિકંદેરે, મન૦ ૧૩

દુહા

પાટ પટોધર થાપીઆ, શ્રીઉદયસાગરસૂર; વિધિપક્ષ ગચ્છપતિ દીપતા, નામેં સુખ ભરપૂર.... ૧
ધન ધન સહુકો કહે, હરખ્યા ભવિજન વૃંદ; આચારજ ચઢતી કલા, ગ્રહ ગણમાં જિમચંદ... ૨

॥ ઢાલ ૫ ॥

ચાંદલીઓ ઉગ્યો હરણી આથમી રે...એ દેશી,

હવે સદ્‌ગરૂ કહે શ્રી સંઘ આગલેરે, શ્રી વિદ્યાસાગરસૂરીશ; સમય અમારો અમેં જાણ્યો ઢૂકડોરે, શ્રુતથી વિશ્વાવીસ. હવે૦.....
તિણિ કારણ અણસણ આદરસું અમે રે, ધરસું શ્રી જિનધ્યાન; એ પટોધરની સેવા કરજો તમેરે, દેજ્યો અતિ સનમાન. હવે૦.... ૨

આચારજીને શ્રી ગચ્છપતિ કહે રે, સાંભલોજી સુવચન; એ અંચલગચ્છની ગાદી મોટકી રે, કરજો તાસ યતન. હવે૦..... ૩
વીર તણો શાસન દીપાવજો રે, ધરજો ધરમનું ધ્યાન; શીખ અમારી ચિત્તમાં ધારજોરે, તુમ છો ચતુર સુજાણ. હવે૦..... ૪
વલ્લભસાગરજીને તેડીઆરે, ક્ષમાસાગર સુપ્રસીદ્ધ; સુંદરસાગરજી પણ આવીયારે; સહુને રાજી કીધ. હવે૦..... ૫
અનુક્રમે ચારે શરણાં આદરી રે, કીધો અણસણ સાર; ચોરાશી લાખ જીવાયોનિ ખમાવીયારે, પચખ્યા ચારે આહાર. હવે૦.....૬
અઢાર પાપસ્થાનક આલોઈઆરે, આલોયા અતિચાર; ચતુર્વિધ સંઘ તિહાં આપે સુખડી રે, વારૂ વિવિધ પ્રકાર. હવે૦..... ૭
આઠ સહસ ઉપવાસ તિહાં કહયારે, અક્રમ–છક્ક અનેક; નવલાખ નવપદ ગણવા કહયારે, યાત્રા દાન સુવિવેક. હવે૦..... ૮
ઈણ વિધિ આપી સંઘે સુખડી રે, અંતસમય અવધાર; ત્રિણિ દિવસનું અણસણ પાલીનેરે, દેવગતિ લહે શ્રી કાર. હવે૦..... ૯

દૂહા

કારતક સુદિ પંચમી દિન, મંગલવાર સનૂર; તે દિન સુર પદવી લહેં, શ્રી વિદ્યાસાગરસૂર...૧
આવે સંઘ ઉતાવળો, નિસુણિ ગુરૂ નિરવાણ; આંખે બહુ આંસુ ઝરેં, ધરે દુખ્ખ અસમાન...૨
સામગ્રી સઘલી કરેં, નિરવાણોછવ કાજ; કેશર કસ્તુરી પ્રમુખ, લાવે સઘલો સાજ...૩

॥ ઢાલ ૬ ॥

બટાઉની દેશી.

શ્રીવિદ્યાસાગર સૂરીશ્વરૂરે, પહુતા અમર વિમાન; સંઘ સહુ મલી આવીયોરે, મન ધરતો દુઃખ અસમાનરે
કરતો ગુરૂના ગુણ ગાનરે, સેવામાં સહુ સાવધાનરે...૧

સહિ ગુરૂજી ચિત્તમાં સાંભરેરે, ક્ષણ ક્ષણમેં સો સો વાર રે, જે હૂંતા જગત આધારહે, જસ દરસણથી સુખકારરે;
લહીએ નવનિધિ સારરે....સહિ૦..... ૨

એકવીસ ખંડી માંડવીરે, કીધી અતિહિ ઉદાર, સોવન સરિખી ઝલહલેં, બહુ ખરચી ધન સુવિચાર રે;
ઉપર ધ્વજનો વિસ્તાર રે, લહેકે વિવિધ પ્રકાર રે, મોટી અતિહિ મનોહાર રે....સહિ૦..... ૩

પવિત્ર જલેં સ્નાન કરાવિનેરે, પહિરાવે પટકૂલ સાર, કેશર સુખડ મૃગમદેં, ચરચે શરીર ઉદાર રે;
મુખ જંપે જયજયકારરે, સોવન ફૂલે અધિકાર રે, વધાવે બહુ નર નાર રે....સહિ૦..... ૪

માંડવી માંહિ બેસારીઆરે, ગચ્છપતિ વિદ્યા સૂરેશ, વાંજિંત્ર વાજેં અતિઘણાં, પંચ શબ્દ તણાં સુવિશેષરે;
સૂરતિ બંદિરના અગ્રેસરે, માણસ મલીઆ લાખેસ રે, તિમ વલી બહુલ નરેશ રે....સહિ૦..... ૫

પાંચ શેર કૃષ્ણાગરૂ તિહાંરે, સુખડ મણ ઓગણીશ, અંબર ચુઆ અતિઘણાંરે, કપૂર તોલા બાવીશ રે;
કસ્તુરી તોલા વીશ રે, કુંદરૂ શેર ચોત્રીશ રે,સહિ૦..... ૬

અસનિકુમારેં લેઈનેરે, કીધો અગ્નિસંસ્કાર, પવન થકી ચય પરજલેં, સીંચે વલી ઘૃતની ધારરે;
તિહાં રૂદન કરેં નર નારિ રે, સંભારે ગુરૂ ગણધાર રે, દુઃખ ધરતા ચિત્ત મઝાર રે....સહિ૦..... ૭

જેહને પ્રહસમેં વાંદતારે, ધરતા હરખ અપાર, અમૃત સરખી દેશનારે, સાંભલતા સહુ સુખકાર રે;
નિત્ય નિત્ય પ્રતે મનોહારરે, તે ગચ્છપતિજી ગણધાર રે, સુર પદવી પામ્યા સારરે....સહિ૦..... ૮

સ્નાન કરી દેહરેં ગયા રે, વાંદ્યા દેવ દયાલ, ગુરૂચરણની થાપના, થુભ કરાવે વિશાલરે;
તિહાં સંઘ થઈ ઉજમાલરે, આવે સહુ બાલ ગોપાલરે, ખરચીઆ દામ વિસાલ રે....સહિ૦..... ૯

દુહા

નિર્વાણોછવ ઈણિપરે, કીધો સંઘે સાર; લાહા લીધા લક્ષ્મીતણાં, વરત્યા જયજયકાર....૧
હવિ પટધર ગચ્છપતિ પરગડા, શ્રી ઉદયસાગરસૂરીશ; દિન દિન યશ ચઢતી કલા, પૂરે સંઘ જગીશ....૨
સંપ્રતિ ગૌત્તમ સારિખા, વિદ્યાએ વયરકુમાર; શીલેં જંબુ જાણીએ, વિધિપક્ષગચ્છ શિણગાર.....૩
ગચ્છપતિના ગુણ ગાવતાં, દુઃખ જાય સવિ દૂર; પંચમ કાલે વિહરતાં, તીર્થંકર સમ સૂર....૪

॥ ઢાલ ૭ ॥

પ્રભુ મારો બ્રહ્મચારી.... એ દેશી.

શ્રી ઉદયસાગર સૂરીશ્વરૂરે, ગુણમણિધારી, જ્ઞાન ગુણેં સુવિસેસ, ગુરૂ માહરો બ્રહ્મચારી;
શ્રી સૂરતિથી પાંગર્યા રે ગુ ૦ , મન ધરી હર્ષ અસેસ....ગુરૂ....૧

સંઘ સહિત આણંદસું રે ગુ ૦ , શ્રીનવસારી પાસ; ગુરૂ ૦
યાત્રા કરી ભલેં ભાવસું રે ગુ૦, પૂગી મનની આસ....ગુરૂ....૨

તિહાંકિણ સંઘ જમાડીઓરે ગુ૦, વેણી સુત ખુસીયાલ; ગુરૂ ૦
તીરથ નવો પરગટ કર્યોરે ગુ૦, હરખ્યા બાલ ગોપાલ....ગુરૂ..૩

મલેચ્છ ઘણાં તિહાં પારસીરે ગુ૦, સમજાવ્યા જિન ધર્મ; ગુરૂ ૦
કાઢી કુરાણ દેખાડીઆરે ગુ૦, જીવદયાના મર્મ....ગુરૂ....૪ 10

રીઝયા સહુ તિહાં પારસીરે ગુ૦, કીધા કોમલ પરિણામ;ગુરૂ૦
ગુરૂ વચન ચિતમાં ધરીરે ગુ૦, કીધા ધરમના કામ....ગુરૂ....૫

ઈણિપરિતિહાંથી અનુક્રમેરે ગુ૦, ભૂતલ કરે વિહાર; ગુરૂ ૦
શાહ ખુશાલ તિણિ અવસરેરે ગુ૦, સૂરતિનો શિણગાર..ગુરૂ..૬

સંઘ કાઢે શેત્રુંજા તણોરે ગુ૦, ભેટવા શ્રી જગનાથ; ગુરૂ ૦
શ્રી પૂજ્યજીનેં વીનંતી કરેરે ગુ૦, પૂજ્ય પધારો સાથ....ગુરૂ...૭

મંત્રી ગોડીદાસજીરે ગુ૦, બંધવ જીવણ જોડ; ગુરૂ ૦
ધરમચંદ શાહ સંઘમારે ગુ૦, મલીઆ મનનેં કોડ....ગુરૂ....૮

ગચ્છપતિ સાથેં તેડીઆરે, ગુ૦, નર નારી ના થાટ; ગુરૂ ૦
સંઘ ચાલ્યો શેત્રુંજા ભણીરે, ગુ૦, હર્ષ ઘણો ગહિગાટ...ગુરૂ...૯ 20

અનુક્રમે આવ્યા દિલ ભરીરે., ગુ૦, શ્રી સિદ્ધાચલ ઠામ; ગુરૂ ૦
દરસણ કીધા પ્રભુતણાંરે ગુ૦, નિજ આતમહિતકામ...ગુરૂ..૧૦

શ્રી વિદ્યાસાગરસૂરીસનારે ગુ૦, થાપ્યા પગલાં સાર; ગુરૂ ૦
સંઘે ભક્તિ કીધી ઘણી રે, ખર્ચી દ્રવ્ય અપાર...:.ગુરૂ....૧૧

યાત્રા કરી રલીઆમણીરે, ગુ૦, સંઘે લાહો લીધ; ગુરૂ ૦
પાલીતાણેં આવીનેરે ગુ૦, સહિ ગુરૂ દેશના દીધ....ગુરૂ....૧૨

તિહાં પણ શ્રાવક બુઝવીરે, ગુ૦, થાપ્યો ધર્મનો વાસ; ગુરૂ ૦
તિહાં કરાવ્યો ઉપાસરોરે, ગુ૦, રાખ્યા સાધુ ચોમાસ...ગુરૂ..૧૩

તિંહા વલી કુમતિ આવીઆરે,ગુ૦,ધરી મનમા અહંકાર;ગુરૂ ૦
ધર્મ તણી ચર્ચા કરીરે, ગુ૦, સમજે નહી એ લગાર....ગુરૂ...૧૪ 30

તે પણ તિહાં સમજાવીયારે, ગુ૦, ભાખી અર્થ વિચાર;ગુરૂ ૦
સૂત્ર સિદ્ધાન્ત દેખાડીનેરે, , ગુ૦, કીધા પ્રતિમા ધાર....ગુરૂ...૧૫

ભૂતલ યશ વાધ્યો ઘણોરે, ગુ૦, ઈણિપરિ વિવિધ પ્રકાર; ગુરૂ ૦
વિધિપક્ષ ગચ્છપતિ સુંદરૂરે, ગુ૦, ભવિયણને હિતકાર..ગુરૂ.૧૬

દુહા

એહવે સંઘ યાત્રા કરી, ચાલવાનો મન કીધ; ગચ્છપતિને જઈ વિનવેં, શ્રાવક ભક્તિ પ્રસિદ્ધ....૧
ચતુર ચોમાસું પડિકમી, સૂરતિ નગર મઝાર; અન્ય વિહાર કરજો પછી, અમને એ મનોહાર....૨
અતિ આગ્રહ જાણી કરી, આવ્યા સૂરતિ માંહ; શ્રાવક સામહીઓ કરેં, ચિત્તમાં ધરી ઉછાંહ....૩
શુભવેલા શુભ દિન ઘડી, કીધો શહેર પ્રવેશ; દે મધુર ધ્વની દેશના, ભાવિક સુણેં વિશેસ....૪
એક દિન તિહાં બાભણ મલ્યા, કરવા વાદ વિચાર; સહિ ગરૂ પાસે આવીઆ, ધરતા ગર્વ અપાર....૫
ગુરૂ બોલ્યા ભલી ભાંતસું, તર્ક શાસ્ત્રના બોલ; મદ ગાલ્યા વાડવ તણાં, આમ્રતણી પરિ ઘોલ....૬
ગુણ બહુ ગચ્છેશ તણાં, કહેતાં નાવે પાર; સુમતિ ગુપતિ નિત સાચવે, પાલે પંચાચાર....૭

॥ ઢાલ ૮ ॥

ઉદયાપુરની નારી પૂંગલરી પદમણી....એ દેશી

હવે ચતુર કરી ચોમાસ, સૂરતિથી સંચર્યા, માણારાજ. ઘણાં સાધુ તણે પરિવાર, ભલી પરિ પરવર્યા; માઠ
શ્રી કાલિકાજીની યાત્ર, કરણ મન મોદશું, માઠ ચાલ્યાજી સહિ ગુરૂ, રંગભરી સખર વિનોદસું માઠ.....૧

થાતાજી ગામો ગામ, સામહીયા યુગતિસું, માઠ ઘણાં ઉછવ ઠામોઠામ, શ્રાવક કરે વિનતિસું; માઠ
ગુરૂદેતા ભવિ પ્રતિબોધ; ધરા પાવન કરી, માઠ નિસુણી ભવિ પ્રાણી, ગુરૂ વાણી હીયડે ધરી માઠ.....૨

ઈમ અનુક્રમે કરતા વિહાર, પધાર્યા વડોદરેં, માઠ તિહાં દેવચંદ સુત તેજપાલ, વિવિધ ઉછવ કરે; માઠ
હલોલ કલોલ થઈ કાલિકાજીની, યાત્રા કરી, માઠ વલી ભેટયા સાચો દેવ કે, ભાવ ભગત ધરી.માઠ.....૩

ગોધરાનો શ્રી સંઘ મલી, તિહાં તેડવા આવી આ, માઠ માસ દોઢ રહી તિણ ગામ, શ્રાવક વંદાવીઆ; માઠ
સંઘ વલી વલી કરે મનોહાર કે, શુભ અવસર લહી, માઠ પૂજ્ય સફલ કરા અમ આસ, ચોમાસુ ઈહાં રહી. માઠ...૪

ઈણ અવસરે આવી, શ્રી રાજનગરની વીનતી, માઠ પૂજ્ય આવો આણે દેશ, સુધા પંચ મહાવ્રતી; માઠ
તમે છો જી ચતુર સુજાણ, માને મોટા મહિપતિ, માઠ તમો જૈન તણા સુલતાન, કે ગિરૂઆ ગચ્છપતિ, માઠ.....૫

તમો અંચલગચ્છ શિણગાર, કે વિનતી માનજો, માઠ એ શ્રી સંઘની અરદાસ, કે દિલમાં આણજો; માઠ
લેખ વાંચીને તત્કાલ, કે વહેલા પધારજો, માઠ તમે સંત પુરૂષ શિરદાર, કે લાજ વધારજો. માઠ.....૬

ઘણો આગ્રહ જાણી પૂજ્ય, તિહાંથી પાંગરે, માઠ આવ્યાજી અનુક્રમે રાજનગરની પરિસરે; માઠ
તવ આગલથી તત્કાલ, વધામણીઆ ગયા, માઠ સાંભલી ગુરૂ આગમ શ્રાવકજન, હરખિત થયા. માઠ.....૭

અતિ આડંબરસું પેસારા, ઉચ્છવ કર્યા, માઠ ચોરાશી ગચ્છના સાધ શ્રાવક, ઉલટ ભર્યા;
નવાબ તણા ચોપદાર તે, સાહમા આવીઆ, માઠ ગજરથને ઘોડા પાલખી, વહિલું લાવીઆ. માઠ.....૮

માદલને ભેર ભુંગલ, પંચશબ્દ વાજતે; માઠ નીશાન શરણાઈ ઢોલ, નગારા ગાજતે; માઠ
ગીત ગાનને આદર માન, નગરમાંહિ વીસ્તર્યા, માઠ યાચકને દીધા દાન અતિહી, ઉચ્છવ ભર્યા. માઠ.....૯

ઈણિપરે મોટે મંડાણ, પધાર્યા ઉપાસરે, માઠ આવીને બેઠા નવલ, સિંહાસણ ઉપરે;
તિહાં ભગવાન સુત ખુશહાલ, ભલીપરે જાણીએ, વલી હરખચંદ સુત ખીમચંદ, વડિમ વખાણીએ. માઠ.....૧૦

શાહ શેખર તણો પુત્ર હરખચંદ, ગુણ ઉંજલા, માઠ જગ જીવણ શાહ ઇત્યાદિક, ભાવે નિર્મલા;
શાહ હીરાચંદ સુત પ્રેમચંદ, બહુધન વાવરેં, નવાંગ પૂજા પ્રભાવના સાચવે, શુભ પરેં, માઠ.....૧૧

શ્રી વિદ્યાસાગરસૂરી પાટ, પટોધર સોહતા, માઠ શ્રી ઉદયસાગરસૂરીરાય, ભવિક મન મોહતા;
બેઠા નવરસ કરે વખાણ શ્રાવક, સહૂ સાંભલે, નિત્ય વાંચે વખાણ વિશેષાવશ્યક, મન મોકલે, માઠ.....૧૨

હું તો આવ્યો પૂજ્યને પાસ, આશા મનમા ધરી, માઠ તમેં આવો શ્રી કચ્છ દેશ પ્રભુ, કરૂણા કરી; માઠ
સંઘ જોવે છેં ઘણીવાટ કહુ, છું વલી વલી, માઠ મને રાખજો ચરણ હજૂર પૂંગે, મનની રલી. માઠ.....૧૩

દૂહા

ઉચ્છવ થાય અતિ ઘણાં, નિત નવલા ગહઘાટ; આવે ગુરૂને વાંદવા, નર નારીના થાટ.....૧
સૂરિ શિરોમણિ સુગુણનિધિ, ચૌદ વિદ્યા ગુણ જાણ, ઉદય ભણી ઉદયા ચલેં, ઉદયો અભિનવ ભાણ.....૨

॥ ઢાલ ૯ ॥

ચંદ્રાઉલાની....એ દેશી

સૂરિ શિરોમણિ સુંદરૂ રે, અનોપમ ગચ્છપતિએહ, વિદ્યાસૂરિ પટોધરૂ રે, ઉપશમ રસ ગુણ ગેહ;
ઉપશમ રસ ભંડાર કહાવે, શાહ કલ્યાણ સુત સબલ સોહાવે,

અભિનવ ગુરૂ ગૌતમસ્વામીના દાવે, સુરગુરૂ ઓપમ એ ગુરૂ આવે.
શ્રી ઉદયસાગરસૂરિજીરે, તમે આવો આજેં દેશ, ભક્તિ મન મોહતારે, વિધિપક્ષ સૂરિ સુજાણ;
ઉદયભરિ ઓપતારે... આંકણી...૧ 10

એક વિધિ અસયંમ ટાલતારે, વારતા દુવિધ બંધો, ત્રિવિધ શલ્યથી વિરમતારે, ચાર કષાયને સંધો;
ચાર કષાયને વારે સહિગુરૂ, પંચ મહાવ્રત સોહે હિતકર,
ષટ જીવના પ્રતિપાલ ગુણાકર, તપ તેજેં કરી ઓપે દિનકર...શ્રી૦ ...૨

ભય ભંજણ મદ ગંજણોરે, નવવિહ બ્રહ્મચર્ય પાલે, દશવિધ યતિધર્મ રંજણોરે, પડિમા ઇગ્યારે સંભાલે;
ઈગ્યાર પડિમા શ્રાવક સારેં, પાલે સાધુશ્રી પડિમા બારે,
તેર ક્રિયા ઠાણ મૂલ નિવારે, ચૌદ ભેદે ભૂત ગામી વિચારેં.શ્રી૦ .૩

પનર યોગ વૃત્તિ જોગ વારે, ભાવવા સોલસેં ગાહો, સતર સંયમ ભેદ જાણવારે, શીલ રથ અઠાર ઉમાહો;
શીલાંગરથેં શ્રી સહિ ગુરૂબેસે ધર્મતણી કથા ધર્મ જગીસે,
અસમાધિ થાનક ટાલેં વીસેં, ગુરૂ દીઠે મુજ હીયહું હીસે..શ્રી૦ ..૪

એકવીશ સબલથી આસરિરે, બાવીશ પરિષહ જીપેં, ત્રેવીશ સૂયડાંગ અનુસરેં રે, મોહ મિથ્યાતને છીપેં; 20
મોહ મિથ્યાતને દૂરે ટાલેં, ચોવીશ તીર્થંકર ભાષિત પાલેં,
નિત્યલાભ' વાચક કહે રસાલેં, સંઘ સકલ સુખ દ્યો સુવિસાલેં.શ્રી૦ .૫

દૂહા

વિચરંતા મહીમંડલેં, બૂઝવે બહુ ભવ્ય જીવ; સંવેગી સિરસેહરા, ધર્મ ધ્યાન સદીવ....૧
ગુણ ભરીઓ દરીઓ, ગુહિર ગ્યાન તણો ગુરૂરાજ; સરસ વચન રચના સરસ, ગિરૂયો ગરીબ નિવાજ....૨
પ્રતપો વિધિપક્ષ ગચ્છપતિ, શ્રી ઉદયસાગરસૂરીંદ્ર; જ્યાં લગે મેરૂ મહીધરા, જ્યાં લગેં સૂરજ ચંદ્ર....૩

॥ ઢાલ ૧૦ ॥

રાગ : ધન્યાસી.

ગાયા ગાયા રે મેં પરમ પટોધર ગાયા; શ્રી ઉદયસાગરસૂરીશ્વર સાહિબ, પૂરવ પૂન્યે પાયા રે..ગાયા૦ ૧
zLVR.UrK5IT TH[NG DI64HU IX50C JÔ IF,V [UTGFU§ UID SZTH5§IE 8HE EZHFZPPUHE_Z 30
zLIJnF;EUZ:ZIX 58WZ4zLpNI:EUZ :ZIZHH :S.ITSE[.ZT~ :ZBH NG NG TH .JHEZPPUHE_#
:NT·!*)(GFJQF§ 5MQFNXD .MDJEZ[UrK5ITGFU§ J6GSIWH RMDE ZCLVÔZ[ZPPUHE_$
DT.HE JERS 5NWEZS4X§1:âEJTLSCHF,7EG ÊIFU§ 5Z6 EZIH 5§IGFDEG :JHFZPPUHE_5
IKQI TÇGF:CH :[IZ JERS4XIT. 5$IT :ÇHF,ZEU àQFG D.[SM .Ÿ§:C$NG[DG EHFZPPUHE_&
T:5N:[S JERS IGtI .HE 4UrK5ITGFU§ UHF,UT.[FSZTNGtI .CLV§GJIGW ZH :JHFZPPUHE_*

॥ ઇતિ શ્રી પૂજ્ય ભટ્ટારક શ્રી ૧૦૮ શ્રી ઉદયસાગરસૂરીશ્વરાણાં પટ્ટાભિષેકાધિકાર સ્ત૦ મધ્યે પૂજ્ય ભટ્ટારક શ્રી વિદ્યાસાગરસૂરીશ્વરાણાં નિર્વાણોચ્છવાધિકારસ્થચિત્ર સંપૂર્ણ ॥

પ્રત. આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર, શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.

(૯૩) શ્રીપૂજ શ્રી કીર્તિસાગરસૂરિની ગહુંલી – ભાવાર્થ

કર્તા : આણંદરામ રચના : સં. ૧૮૨૬

સરસ્વતી માતાને ચરણે નમું છું અને ગચ્છપતિના ગુણ ગાઉં છું કારણ કે મારા ગુરુ સુગુણ અને ધર્મ સ્નેહા છે. આ. કીર્તિસાગરસૂરિજી ઉદયસાગરસૂરિજીનાં શિષ્ય હતા કચ્છ દેશમાં દેશલપુર ગામમાં ઓશવાલ (ઉસ) વંશમાં શામાલશી શેઠ અને માતા આસબાઈના પુત્રરત્ન ઉદયસાગરસૂરિ પાસે દીક્ષા લીધી હતી. અંજારમાં તેમની પદવી થઈ હતી. શ્રી સંઘની આશા પૂરી કરી ભૂજ નગરમાં ચોમાસું કરીને દેશ વિદેશ વિચરતા ગુરુજી ભવ્યજનોને પ્રતિબોધ આપતા હતા. (મુંદ્રા) નો સંઘ વિનંતી કરે છે આપ કચ્છ દેશમાં શોભો છો. પણ ભૂજનગરમાં જ મોહી પડયા છો ? અમારે ગામ પધારો. ગુરુ (મુંદ્રા) પધાર્યા. સામૈયું થયું, પર્યુષણામાં આરાધના થઈ શ્રી સંઘે ઘણા લાભ લીધા. સ્વામિવાત્સલ્યમાં પકવાન જમાડવામાં આવ્યા. યાચકોને દાન આપવામાં આવ્યા. આથી આણંદદાસ કવિ કહે છે કે ગુરુના નામથી નવનિધિ પ્રાપ્ત થાય છે.

(૯૩) શ્રીપૂજ શ્રી કીર્તિસાગરસૂરિની ગહુંલી

કર્તા : આણંદરામ રચના : વિ. સં. ૧૮૨૬

સરસતી પ્રણમું પાયા, ગુણ ગાઉં ગચ્છપતિ રાયા રે;
મારા સુગુણ સનેહા, ગુરુજી હાંરે મારા ધર્મ સનેહા...૧ મા૦
કીર્તિસાગરસૂરી રાયા, તસ સેવે સુર–નર પાયા રે. ...૨ મા૦
શ્રી કચ્છ દેશ શુભ ઠામ, ધન ધન દેશલપુર ગામ રે...૩ મા૦
એતો માતા આસબાઈ જાયો, સા માલસી કુલે સોહાયો રે..૪ મા૦
હારે એતો ઉસવંશ કુલદીવો, કોડ વરસશ્રિરં જીવો રે...૫ મા૦
ઉદયસાગરસૂંરી પાટે બેઠા છે, ઘણું ઘહેઘાટ રે ...૬ મા૦
અંજારમાં પદવી પાઈ, શ્રી સંઘે કીધી સહાઈ રે ...૭ મા૦
શ્રી સંઘની પૂરી આસ, ભૂજનગર કરી ચોમાસ રે. ...૮ મા૦
ગુરુ દેશ–વિદેશ વિચરતા, ભવિ જીવ પ્રતિબોધતા રે. ...૯ મા૦
મુનરાનો સંઘ સુજાંણ, લખે વીનતી ઘણે મંડાણે રે. ...૧૦ મા૦
હારે તમે કચ્છ દેશમાં સોહયા, વલી ભૂજનગર સું મોહ્યા રે ..૧૧ મા૦
ગુરુ આવ્યા મન આણંદે, સામઈયો કરે ઉછરંગે રે. ...૧૨ મા૦
તિહાં પર્વ પજૂષણ કીધા, શ્રી સંઘે લાહા લીધા રે. ...૧૩ મા૦
સ્વામી પકવાને પોખ્યા, જાચક જનને સંતોખ્યા રે. ...૧૪ મા૦
આણંદરામ ગુણ ગાવે, ગુરુના નામથી નવનિધ પાવે રે...૧૫ મા૦

॥ ઇતિ ગહુંલી ॥

(૯૪) શ્રીપૂજ શ્રી પુણ્યસાગરસૂરિની ગહુંલી – ભાવાર્થ

અંચલગચ્છપતિ આચાર્યના ૩૬ ગુણે બિરાજતા પુણ્યસાગરસૂરિને હે ભવિજનો પ્રણમો–નમન કરો. જખૌ બંદરે ગુરુગુણનાં અનુરાગી શ્રાવક છે. પ્રભુ શ્રી વીરનાં પસાયે ગુણ ગાતા શુભમતિ જાગી છે. અષાઢ વદ ૧ નાં દિવસે ગહુંલી મનનાં રંગ પૂર્વક રચી છે. અને સુંદર નારીઓએ એને પોતાના કંઠે ગાઈ છે. કેવલનાણી એમ કહે છે જે આ ગહુંલી ગાશે તેને સર્વ અર્થ સિદ્ધ થશે અને મુક્તિના સુખ મળશે. (સર્વાર્થ સિદ્ધિ નામે અનુતર વિમાન અહીં સમજવું નહી.)

(૯૪) શ્રીપૂજ શ્રીપુણ્યસાગરસૂરિની ગહુંલી

કર્તા : "કેવલનાણી" **રચના : વિ. સં. ૧૮૫૧**

અંચલગચ્છપતિ પૂજ્ય પટોધર શ્રી પુન્યસાગરસૂરી રાયા;
સૂરી છત્રીસ ગુણે કરી સોહે, ભવિ પ્રણમો તસ પાયા...૧

જખૌ બંદર સુંદર શ્રાવક, ગુરુ ગુણના છે રાગી.
શ્રી વીર પ્રભુનો પસાય લહીને, ગાતા શુભ મતિ જાગી.
ભવિ પ્રણમો તસ પાયા...૨

આષાઢ વિદ એકમને દિવસે, ગુંહલી ગાઈ મન રંગે;
ચતુરા મલી સુકંઠે ગાજ્યો ભાવ ધરી ઉમંગે
ભવિ પ્રણમો તસ પાયા...૩

જે સોહાગણ મલી ગુંહલી ગાશે, ઈમ કહે કેવલ નાંણી;
સરવારથ સિદ્ધ તણા સુખ વિલસે, લેહસ્યે મુગતિ પટરાણી
ભવિ પ્રણમો તસ પાયા...૪

॥ ઈતિ ગુંહલી ॥

(૯૫) શ્રી રાજેન્દ્રસાગરસૂરિ ગીત

અચલગચ્છેશમાં આ જ એક એવા ગચ્છપતિ છે જેમના માતા–પિતા–ગામ વિગેરેની માહીતી મળતી નથી. આ ગીતમાં પણ એવો કોઈ ઉલ્લેખ નથી.

(૯૫) શ્રીપૂજ શ્રી અથ રાજેન્દ્રસાગરસૂરિનું ગીત

રાજેન્દ્રસાગરસૂરિ મનોહારી, તુમે થયા ગચ્છપતિ ભારી.. રાજેન્દ્ર
વર્તમાન તીર્થંકરો ચોવીશ, ચોવીશમાં ગચ્છપતિ ત્હારી.... રાજેન્દ્ર
મુંબઈ બિંદરે પગલા પાડયા, સૌ પ્રથમ બન્યા અવતારી.... રાજેન્દ્ર
પાલીતાણાની યાત્રાઓ કીધી, સહ્યાં કષ્ટો દુઃખો અપારી.... રાજેન્દ્ર
મુક્તિ સૂરિને પાટ ભળાવી, પોતે ગયા સ્વર્ગે સિધાવી.... રાજેન્દ્ર

(૯૬) શ્રીપૂજ શ્રી મુક્તિસાગરસૂરિની ગહુંલી–ભાવાર્થ

કર્તા : ગુલાબ

ઉજ્જૈની નગરીના ખીમચંદ–ઉમેદબાઈના સુત શ્રીપૂજ આ. શ્રી મુક્તિસાગરસૂરિની આ ગહુલીમાં અંગીયાના માસ કલ્પનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. અને શાંતિનાથ સ્તવનની જે વાત લખી છે તે આ પ્રમાણે છે. "શાંતિજિન વિનંતી એક મોરિ રે તારી આંખલડી કામણગારી" એમા શ્રી મુક્તિસૂરિએ માસ કલ્પની વાત લખી છે. આજે પણ (કચ્છ) અંગીયામા આજ દેરાસર છે. બાકીની રચના સરળ ભાષામા છે.

(૯૬) શ્રીપૂજ શ્રી મુક્તિસાગરસૂરિની ગહુંલી

કર્તા : ગુલાબ

ઉજ્જૈયની નગરી ભલી, ખીમચંદને ઉમેદબાઈ મલી, સૂરિ મુક્તિને નિત્ય વંદો...૧
અઢાર સતાવન આવે, મોતીચંદનો જનમ થાવે, સૂરિ મુક્તિને નિત્ય વંદો...૨
અઢાર અડસઠ અક્ષય તૃતિયા, શ્રી પૂજ થવા એ જતિ થિઆ. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૩
સંવત અઢાર બાણું આવે, પાટણમાં સૂરિ પદ થાવે. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૪
ઓગણીશ પાંચ માઘ શુદિ, બત્રીશ જિનબિંબ પ્રતિષ્ઠા રૂડી. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૫

લીધો લાભ વીરજી શેઠઈ પાલીતાણામા ગુરુ ઉપદેશઈ. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૬
જખો બિંદર યક્ષ તણું સુખસમૃદ્ધિમાં ભારે ઘણું. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૭
રત્નટુંક તિણ બંધાય, જીવરાજ શેઠઈ ધન ખર્ચાય. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૮
પાલીતાણા આવે ગુરુરાજ, ટુંક મોતીશાની પ્રખ્યાત. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૯
અનેક જિનની પ્રતિષ્ઠા કરે, દુઃખ સંકટ દુર્ભાગ્ય હરે. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૧૦
માકપટમાં અંગિયા ગામ, માસ કલ્પ કર્યો તેણે ઠામ. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૧૧
શાંતિ સ્તવનની રચના કીધિ, જગમાં સ્તવને પ્રસિદ્ધિ લીધી. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૧૨
શ્રી પુજ પોતે હતા ત્યાગી, સાતસો નો પરિવાર રાગી. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૧૩
ગણીત જ્યોતિષ વૈદક કરે, ભુસ્તર શાસ્ત્રમા નિપુણ એ ખરે. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૧૪
સંવત અઢારને નવ્વાણું, જામનગર ચોમાસું મંડાણું. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૧૫
શિષ્યાદિ ચોવીશ જણાય, મંત્ર તંત્રમાં વખણાય. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૧૬
ગુરુ ગયા સ્વર્ગે સિધાવી, રત્નસૂરિને પાટ ભળાવી. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૧૭
ભણે ગુલાબ ગુરુ ગુણ ગાવે, મનવાંછિત તેહ ફલ પાવે. સૂરિ મુક્તિને નિત્ય વંદો...૧૮

(૯૭) શ્રીપૂજ શ્રી રત્નસાગરસૂરિની ગહુંલી –ભાવાર્થ

કર્તા : પ્રેમચંદ

સરસ્વતિ માતાને ચરણે પ્રણામ કરું છું સદ્‌ગુરુને ચરણે લાગું છું. મહાકાલી શાસન દેવી જેને સાંનિધ્યકારી છે એમના ગુણ ગાઉં છું. રત્નસાગરસૂરિજી કચ્છ દેશનાં મોથારા ગામમા વૃદ્ધ ઓશવાલ વંશનાં શાહ લાડણના ધર્મ પત્ની જુમાંબાઈ ના દીકરા હતા. સંવત ૧૯૧૧ના જેઠ વદ ૧૧ ગુરુવારે ભૂજનગરના ભક્તજનો એ બહુ પ્રેમથી એમનો પાટોત્સવ ઉજવ્યો હતો. રત્નસાગરસૂરિજી–મુક્તિસાગરસૂરિજીના શિષ્ય હતા. પૂ. આવા ગુરુજી મેરુ પર્વત સુધી અવિચળ રહેશે એવા ગુણ ગેલચંદ પુત્ર પ્રેમચંદ ગાય છે.

(૯૭) શ્રીપૂજ શ્રી રત્નસાગરસૂરિની ગહુંલી

કર્તા : પ્રેમચંદ **રચના : સં. ૧૯૧૧**

સરસતી માતા ચરણે પ્રણમું, સદગુરૂ લાગું પાયજી; શાસનદેવી સાંનિધકારી, શ્રી મહાકાલી જિન મોહંરે.
ગુરૂગુણ ગાઈએંજી...૧

કચ્છદેશે મોથારા ગ્રામે, વૃદ્ધ ઓસવંશ સોહાયાજી; સાહા લાડણ કુલ દિનમણી દીપે, માતા જુમાંબાઈ જાયા રે. ગુરૂ૦ ૨

સંવછરી ઓગણીસા વરસેં, ઈગ્યારા મોઝારજી; જેઠમાસ કૃષ્ણ પક્ષે વખાણે, એકાદશી રવિવાર રે. ગુરૂ૦ ૩

ભુજનગરનો સંઘ શોભાગી, રાગી બહું નરનારીજી; પાટ મહોછવ પ્રેમે ભણાવો, ભક્તિ કરંતા અતિ સારી રે.ગુરૂ૦ ૪

અંચલગચ્છપતિ અધિક બિરાજે, મુક્તિસાગરસૂરિ રાયાંજી; તાસ સીસ જુગ મહીઅલ વિચરે, રત્નસાગરસૂરિ રાયો રે.ગુરૂ૦ ૫

રત્નસાગરસૂરિ અવિચલ પ્રતિજ્ઞના, જિહાં લગે મેરુ ગિરિરાયાંજી; ગેલચંદ સુત હરખ ધરીને, પ્રેમચંદે ગુણ ગાયા રે. ગુરૂ૦ ૬

॥ ઈતિ ગુંઅલી સંપૂર્ણ ॥

(૯૮) શ્રીપૂજ શ્રી ભટ્ટારક શ્રી વિવેકસાગરસૂરિજીની નિશ્રામા સુથરી ગામે ઉજવાયેલ દીક્ષા મહોત્સવ પ્રસંગની ગહુંલી

હે સખી, ઘૃતકલ્લોલ પ્રભુને પ્રણામ કરીને, સદગુરુનો પ્રસાદ કૃપા પામીને અચલગચ્છપતિ વિવેકસાગરસૂરિનાં ગુણ ગાઈએ. તેઓ પંચ મહાવ્રત પાળે છે દશવિધ યતિધર્મથી શ્રેષ્ઠ છે. ૧૭ પ્રકારે સંયમ અને નવ પ્રકારે બ્રહ્મચર્યને ધારણ કરે છે.જ્ઞાન દર્શન ગુણોથી ભરેલાં ગુરુવર ક્રોધાદિક ને ત્યજનારા છે. પાંચ સમિતિ અને ચાર અભિગ્રહને ધારણ કરે છે.પિંડ વિશુદ્ધિને શોધનારા,

ઈન્દ્રિય નિગ્રહને કરનારા, ત્રણગુપ્તિએ ગુપ્ત, બારભાવનાન, ભાવનારા છે. પંચાચારને માને છે ચાર કર્મોને ટાળે છે. છઠ્ઠ અઠ્ઠમ આદિ તપ કરે છે. વિષય વિકારને દૂર કરે છે.ગંગાજલ સમાન નિર્મળ એવા ૩૬ ગુણને ધારણ કરનારા રત્નસાગરસૂરિના પટ્ટધર અને લબ્ધિના ભંડાર છે. આવા ગુરુ વિહાર કરતા કરતા સુથરી ગામમાં પધાર્યા એમની સુર—ગુરુ બુહસ્પતિ સમાન વાણી સાંભળી સૌ હર્ષ પામ્યા. સં. ૧૯૪૫નો મહા સુદ ૩ રવિવારે ભાગ્યવંત દીક્ષા લે છે. (એ વખતે) ચતુર્વિધ સંઘ મનોહર દીક્ષા મહોત્સવ કરીને હર્ષ ઊલ્લાસ પામે છે; અને સૂરિએ (શિષ્યને) મુનિનો વાસ (વસવાટ) આપવા વાસક્ષેપ કર્યો. ઊત્સવ રંગ વધામણા થયા, જય જયકાર થયો અને ચારગતિને ચૂરનારો સાથિયો સૌભાગ્યવંતિ સ્ત્રીઓએ કર્યો. આમ ગુરુ ગુણની ગહુંલી ગાતા પાપો દૂર ભાગી જાય છે. પાટણનિવાસી કવિ સૂરિજીના ગુણો આ રીતે ગાય છે.

(૯૮) શ્રીપૂજ ભટ્ટારક શ્રી વિવેકસાગરસૂરિજીની નિશ્રામાં સુથરીમાં ઉજવાયેલા

દીક્ષા મહોત્સવ પ્રસંગની ગહુંલી

કર્તા : કવિ શામજી, પાટણ નિવાસી 10

રચના : વિ. સં. ૧૯૪૫ માહ સુદિ ૩ ને રવિવારે.

સહી મોરી ઘૃતકલ્લોલ પ્રભુ પ્રણમીને, પામી સુગુરુ પસાય હો;
અંચલગચ્છપતિ ગાયશું, વિવેકસાગર સૂરિરાય હો સહી મોરી૦ એ આંકણી૧

પંચ મહાવ્રત પાલતા, દસવિધ યતિધર્મ સાર હો; સંયમ સત્તર પ્રકારના, નવવિધ બ્રહ્મચર્ય ધાર હો. સહી૦ ૨

જ્ઞાન દર્શન ગુણે પૂરીઆ, ક્રોધાદિક પરિહાર હો; પાંચ સમિતિએ શમતા રહે, ચાર અભિગ્રહના ધાર હો. સહી૦ ૩

પિંડ વિશુદ્ધિને શોધતા, ઈન્દ્રિય નિરોધ કરનાર હો; ત્રણ ગુપ્તિએ ગુપ્તતા રહે, ભાવના ભાવતા બાર હો. સહી૦ ૪

પંચાચારને પાળતા, ટાળતા કર્મને ચાર હો; છઠ્ઠ અઠ્ઠમાદિક તપ કરે, વારી વિષય વિકાર હો. સહી૦ ૫

ગંગાજળ સમ નિર્મલા, ગુણ છત્રીસના ધાર હો; રત્નસાગરસૂરિ પટ્ટધરૂ, લબ્ધિ તણા ભંડાર હો. સહી૦ ૬

વિચરંતા ગુરુ આવીઆ, સુથરી શહેર મોઝાર હો; સુરગુરુ સમ વાણી સુણી, હરખ્યા સવિ નરનાર હો. સહી૦ ૭

ઓગણીસ સા પીસ્તાલીસે, મહા સુદિ ત્રીજ રવિવાર હો; ભાગ્યવંત દીક્ષા લીએ સંઘ ચતુર્વિધ મનોહાર હો. સહી૦ ૮ 20

દીક્ષા—મહોત્સવ હર્ષ કરી, પામી હર્ષ ઉલ્લાસ હો; વાસક્ષેપ સૂરિએ કર્યો, દેવા મુક્તિનો વાસ હો. સહી૦ ૯

ઓચ્છવ રંગ વધામણા, હુવે જય જયકાર હો; ચિહું ગતિ ચૂરણ સાથિયો, કરે સોહાગણ નાર હો. સહી૦ ૧૦

ગુરુ ગુણ ગહુંલી ગાવંતા, પાતક દૂર પલાય હો; પાટણ રહેવાસી શામજી, સૂરિ તણા ગુણ ગાય હો. સહી૦ ૧૧

ઈતિ ગહુંલી

(૯૯) અંતિમશ્રીપૂજ પૂ. આ. શ્રી જનેન્દ્રસાગરસૂરિજી

પ્રેસમાં મેટર અપાઈ ગયા બાદ વીરબાઈ પાઠશાળાના જ્ઞાનભંડારમાંથી છપાયેલી આ કૃતિ પ્રાપ્ત થઈ છે. વિ. સં. ૧૯૪૮ શ્રાવણ સુદ ૧૦ ને બુધવારના ભોજક પાનાચંદ દલસુખે આ કૃતિની રચના કરી છે. અને પાટ મહોત્સવ વખતે ૧૬ પેજની પુસ્તિકા ઈ.સ્. ૧૮૬૭ તા. ૨૫ ઓકટોબરમાં અઢીઆનાની કિંમતે પ્રગટ કરેલ છે. એમાં વિવિધ ગહૂંલીઓ તથા કવિત્ત વિ. અને છેલ્લા ૩ પેજમાં કેશરીયાજીનુ સ્તવન તથા ૨ અધ્યાત્મિક પદો છપાયેલા છે. પૂજ્યશ્રી છેલ્લા શ્રીપૂજ હતા. એમનું જીવન ચરિત્ર સંસ્કૃતમાં ખરતરગચ્છના પૂ. બુદ્ધિમુનિજીએ રચ્યું છે. જે અચલગચ્છ માટે ગૌરવની ઘટના ગણાય, આજ સુધીના ગચ્છપતિઓના જીવન 30
ચરિત્ર—સ્તોત્ર—ગહુંલી વિ. બીજા ગચ્છના શ્રમણોએ રચ્યાની વિગત મલતી નથી. અસ્તુ આ કવિત્ત અને ગહુંલીમાં પાટ મહોત્સવની ઘટના વણાઈ છે. તથા પૂજ્યશ્રીના નામમાં જનેન્દ્ર શબ્દ વપરાયો છે જે સંસ્કૃત શબ્દના અર્થની દૃષ્ટિએ યોગ્ય જ છે. જિનેન્દ્ર શબ્દ ક્યારથી પ્રચલિત થયો એનું સંશોધન થવું ઘટે આ રાસમાં છપાયેલ પ્રતના આધારે નામ ગોઠવાયું છે.

(૯૯) અંતિમશ્રીપૂજ અચલગચ્છનાયક શ્રીશ્રી શ્રી ૧૦૦૮
શ્રી જનેન્દ્રસાગરસૂરીશ્વરજીનું કવિત્ત - પાનાચંદ

શ્રી સરસ્વતી દેવિ તણા, પ્રથમ પ્રણમું પાય, શુભ મતિ દ્યો મમ સારદા, જપતાં જય જય થાય. ॥૧॥

અચલગચ્છ અધિપતિ તણા, ગુણ ગાવુ સુખકાર, આચારજપદ પ્રણમતાં, પાંમીજે ભવપાર. ॥૨॥

ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, જ્ઞાન બિન મુક્ત ન જોય, તરણ તારણ એ ગુરુ કહ્યા, ગુરુબિન અવર ન કોય. ॥૩॥

॥ કવિત્ત ॥

મહાવ્રત ધરનાર, પંચ ઈંદ્રિ દમનાર, મન વશ કરનાર, તેવા ગુરુ લઈયે ॥
કુમતીને દુર કરે, સુમતિને સદાધરે, અહનિસ આનંદમાં આતમતો કહીયે ॥
જોગધારી, સોકહારી, જંતુજન સુખકારી,ભવભય હરે ભારી ભવમેં ન આઈયે ॥
ગુરુ તો દયાલ દેવ, કરજોડી કીજે સેવ, પાનાચંદ કહે એવ, જ્ઞાન ગુરુ પાઈયેં ॥

॥ કવિત્ત ॥

તપે તરુણસેં તેજ, સિતલનિશિકરસેં ભારી, ઈંદ્રસેં અતિ અધિકાર, મેઘસેં સબ સુખકારી,
દાની કરણ સમાંન, વિક્રમસેં પરદુખ હરહી ॥ ઉદધીસેં અતિ ઉદાર, કુબેરસેં ધન ધરભરહી ॥
સત્ત સરસ હર ચંદા, ક્ષમા જુંષિતહી સમાનિયે શ્રી જનેન્દ્રસાગરસૂરિ રાયકો, મહીમા અધિક બખાનીયેં ॥૨॥

॥ કવિત્ત ॥

ફરત આંન નવ ખંડ, સુજ સમહી મંડલ ગાજેં, ફરત આન નવ ખંડ, ઝીત તંબાલુ બાજે,
ફરત આન નવ ખંડ, જગતમે સોભા સારી, ફરત આન નવ ખંડ, નમે બહુ નર ને નારી,
શ્રી જનેન્દ્રસાગરસૂરિ રાયસું, અંચલગચ્છ સોહે સદા, પાનાચંદ આસીસ દયૈ, તુમે બહુ પાંમો સુખ સંપદા. ॥૩॥

॥ અમૃત ધુની છંદ ॥

સરસ છત્રપતિ બુદ્ધિસુધન ઈંદ્ર મર્દ ગતી મત, શ્રી જનેન્દ્ર સૂરિસાગર રતન અંચલગચ્છ પતિ પત
ગચ્છપતિ પત્તત બડેતખત્તત પાઠ પઠત્તત, નાદ ધુરત્તત સુરતિસુરત્તત ધુનિયધરત્તત
જ્ઞાનિય ગરજજત માનમહત્તત કિર્તકહત્તત તનથન તનથન તાલ રચત્તત, પાંન કહત્તત,
અમૃત ધુનિયત સરસ છત્રપતિ બુદ્ધિ સુધન ઈંન્દ્રમર્દ્ગતીમત્ત, શ્રી જનેન્દ્રસૂરિસાગરરતન અંચલગચ્છપતિ પત્ત ॥૪॥

॥ અરજી કવત ॥

તુમ તો હો ચાતુર નર, લીજિયે હમારો કર, તુમ હી નજર ધર, હમ હી સુખ પાઈયેં.
તુમ હી દિનકે દયાલ, સુનહો કરુણા ક્રિપાલ, હમ હી દીનતા કે બાલ, લાડ હુલડાઈયેં,
તુમ હી કે પાટું પાટ હમ હીન ભાય જાત, અબ તો કયા કહું બાત, ચિત્તમેં લગાઈયેં
શ્રી જનેન્દ્રસાગરસૂરિ આગેં, પાનાચંદ માંજ માંગે, આપ હી કું છાડ પ્રભુ, ઔર કુંન ધાઈયેં ॥ ઈતિ॥ ૫ ॥

(૧૦૦) શ્રીપૂજ શ્રી જનેન્દ્રસાગરસૂરિ ની ગહુંલી

કર્તા : પાનાચંદ રચના સં. ૧૯૪૮

(સરસ્વતી ત્રિભોવન સામીની દેવી. એ દેશી)

શરણ રહી સરસ્વતીને સમરી, ગાવું ગચ્છપતિ રાય; ભાવ ભગતિસું સૂરિપદ સેવો, ભજતાં ભાવઠ જાય;
ગુરૂ ગુણ ગાઈએ રે, પ્રેમ સું પ્રણમી પાય...૧

અંચલગચ્છ નાયક સુખ દાયક, છત્રિસ ગુણના ભરિયા;
શ્રી જનેન્દ્રસાગરસૂરિ રાય જે, સમિતિ ગુપ્તિ ધરિયા. સુગુરૂ૦...૨

પંચ મહાવ્રત ધ્યાનમા રેતાં, પાલેહી પંચાચાર;
શાંન ધ્યાંન સુરતિ સમરણમાં, ક્રોધાદિક તજે ચાર.સુગુરૂ૦..૩

ગુરૂ કચ્છ દેશ ગોધરા ગુણવંતા, વીસા ઓસવાલ સોહાયા;
શા કલ્યાણજી કુલ ધર દીપક, માત લાછલ બાઈ જાયા.સુગુરૂ૦..૪

શ્રી વિવેકસાગરસૂરિ પાટ પટોધર, સ્થાપિત નિજ મત ન્યાયે;
સાધુ સકલ ગીતારથ મલિયા, જાચક જન ગુણ ગાયે.સુગુરૂ૦..૫

મુંબઈ બંદરનો સંઘ સોભાગી, રાગી બહુ નરનારી;
પાટ મહોછવ પ્રેમસું કરતાં, ભક્તિ કરંતાં સારી.સુગુરૂ૦...૬

કોકિલ શબ્દ કરે, કુલવંતી ગીત ગાય ગુણવંતી;
સર્વ સઈયેરે ભોલી, મલિ ટોલી ગહુંલી કરે ગહગંતી.સુગુરૂ૦...૭ 10

તખતઠવિ ગુરૂ દેસના દેતા, અમૃત વાણી રસાલ;
સુણતાં શ્રવણ કરી એક ચિત્તે, દુરમતિ દૂરે ટાલો.સુગુરૂ૦...૮

શ્રી જિન અનંતનાથ અવિકારી, અવિનાસી અધચૂર;
તસ કરુણાયેં ગુરુગુણ ગાઉ, મનના મનોરથ પૂર.સુગુરૂ૦...૯

સવંછર ઓગણીસામાંહી, અડતાલિસ સુખ સાર;
શુકલ પક્ષ દસમી દિલધારી, બલવંતા બુધવાર.સુગુરૂ૦...૧૦

ભાવ ભગતસું ગુરૂ ગુણ ગાઈયેં, મનવંછિત ફલ પાઈયેં;
પાનાચંદ કહે સકલ શ્રી સંઘમાં, આનંદ હર્ષ વધાઈયેં.સુગુરૂ..૧૧

અચલગચ્છાધિપતિ પ.પૂ. દાદા સાહેબશ્રી ગૌતમસાગરસૂરિ મ.સા. ની ૧૧ રચનાનો ભાવાર્થ

અચલગચ્છાધિપતિ દાદા સાહેબની શ્રી ગૌતમસાગર સૂરિ મ. સા. ની રચનાઓ ૨૫૦ જેટલી થઈ છે. તેમાંથી ચુંટીને ૧૧ જેટલી રચનાઓ લેવાઈ છે. 20

(૧) આ ગહુંલીના રચયિતા પૂ. દાદા સાહેબના પ્રીતિપાત્ર પ્રશિષ્ય ઈતિહાસકાર પૂજ્ય મુનિરાજ શ્રી ધર્મસાગરજી છે. જેમણે ખંડવા (મ. પ્ર.) જિનાલયની પ્રેરણા આપી. હાલમાં વિદ્યમાન મુખ્ય સાધ્વીશ્રી હરખશ્રીજી મ. સા. ને દીક્ષા આપી – મહોટી પટ્ટાવલી સંપાદિત કરી વિ. કાર્યો એમના ફાળે નોંધાયા છે. પૂજ્યશ્રીની જૂજ રચનાઓ મળે છે. આ ગહુંલીમા વિ. સં. ૧૯૭૬ ની ઘટનાઓનું વર્ણન કર્યું છે.

(૨) પાછલી અવસ્થામાં દાદા સાહેબના પ્રીતિપાત્ર બીજા પ્રશિષ્ય આ. ગુણસાગરસૂરિ મ. સા. એ દાદા સાહેબના ગુણગાનમાં સંક્ષિપ્ત જીવન ચરિત્ર ગુંથ્યુ છે.

(૩–૫) દાદા સાહેબ ખાવડીમાં પધાર્યા ત્યારે બાળકોએ સામૈયામાં બોલેલા ગીતો જે વિ. સં. ૧૯૯૦ ને વસંત પંચમી શનિવારના રચાયેલ છે. જેની રચના છગનલાલે કરી છે.

(૬) વ્યાખ્યાનમાં તે સમયમાં ગહુલીઓ ગવાતી તેનો ૧ નમુનો આપ્યો છે. દાદા સાહેબની આવી ૨૦૦ ગહુંલીઓ રચાઈ છે. આ ગહુંલી હીરાલાલે રચી છે. 30

(૭) કચ્છ પ્રદેશમાં ગામમાંથી વિહાર કરવાનો હોય ત્યારે મહાજન ભેગુ થતું ને ગામ પાદર સુધી વળાવવા આવતા આ રચના દાદા સાહેબના શિષ્ય પૂ. મુનિ દયાસાગરજીએ કરી છે એની ખબર કેટલાને ...?

(૮–૧૦) વિ. સં. ૧૯૮૧ મા બાલ સાધ્વીજી તરીકે દીક્ષિત થયેલા સાધ્વી શ્રી મુક્તિશ્રીજી એ ૯ વરસના દીક્ષા પર્યાયમા સમવસરણના રાસડા – સ્તવન – ગરબાની રચના કરી છે. વિ. સં. ૧૯૯૦ માં ખાવડીમાં ભવ્યાતિભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયેલ ત્યારે

સાગવાન–સીસમ ના લાકડાથી બનેલી ભવ્ય સમવસરણની રચના કરાઈ હતી. હાલમાં આ સમવસરણને બીજા સંઘમા મોકલનાવી તજવીજ થઈ રહી હતી. મુખ્ય સાધ્વી શ્રી હરખશ્રીજીના પ્રયત્નોથી હવે આ સમવસરણ વડોદરા કે '૭૨' જિનાલય તીર્થમા રહેશે. અને પૂર્વજોની નિશ્રામાં ઉજવાયેલ મહોત્સવની ગૌરવગાથા ગાતું રહેશે.

(૧૧) દાદા સાહેબજીનું ચોઢાળીયુ :– પૂજ્યશ્રીના પરમભક્ત શ્રાવક હંસરાજ ભાઈએ દાદા સાહેબના જીવન ચરિત્રને વર્ણવતા ચોઢાળીયાની રચના કરી છે. ૧૦૪ ગાથામાં રચાયેલી આ કૃતિ પૂજ્યશ્રીના સંયમ જીવન ઉપર સારો પ્રકાશ પાડે છે. આ કૃતિને બીજા ગ્રંથમા ગુરૂપૂજામાં ફેરવવાની મે છૂટ લીધી છે.

૧૧ કૃતિઓનો અર્થ સરલ હોવાથી વાંચતા જ સમજાઈ જાય છે.

(૧૦૧) પૂ. આ. શ્રી ગૌતમસાગરસૂરિજી મહારાજની ગહુંલી

(મેતારજ મુનિવર ધન ધન તુમ અવતાર–એ દેશી)

દેશ મારવાડ દીપતોજી રે, પાલી શહેર મોઝાર;
જન્મ લીધો ગુરુજી રે તિહાંજી રે બ્રાહ્મણકુલ અવતાર સુગુરુજી રે ધનધન તુમ અવતાર ॥૧॥ [એ આંકણી]

ક્ષેમલદે જનનીતણાજી રે, પુત્ર ગુલાબ મનોહાર; પિતા ધીરમલજી જાણીયેજી રે ક્ષમાતણા ભંડાર ॥ સુગુરુ૦ ॥૨॥
લઘુવયમાં વ્રત ધારીયાંજી રે, વીસ વરસ હુઆ જાણ; સંસાર અસાર જાણીનેજી રે, લીધો સંયમભાર ॥ સુગુરુ૦ ॥ ૩ ॥
પંચ મહાવ્રત પાલતાજી રે, દશવિધ યતીધર્મ; સંજમ સત્તર પ્રકારનાજી રે, નવવિધ બ્રહ્મચર્ય ધાર ॥ સુગુરુ૦ ॥ ૪ ॥
જ્ઞાન દર્શન ગુણે ભર્યાજી રે, ક્રોધ કર્યો પરિહાર; પાંચ સમિતિએ સમતા રહેજી રે, ચાર અભિગ્રહ ધાર ॥ સુગુરુ૦ ॥ ૫ ॥
પિંડવિશુદ્ધિને સેવતાજી રે, ઈંદ્રિયનો રોધ કરનાર; ત્રણ ગુપ્તિ ગુપ્તા રહે જી રે, ભાવના ભાવે બાર ॥ સુગુરુ૦ ॥૬॥
પંચાચારને પાલતાજી રે, ટાલતા કર્મજ આઠ, તપ જપાદિક બહુ કરે જી રે વારે વિષય વિકાર ॥ સુગુરુ૦ ॥ ૭ ॥
ઓગણીસ વર્ષે ગુરુ આવીયા જી રે, જામનગર મોઝાર; સામઈયું અતિશોભતું જી રે, વાજંત્ર તણો નહી પાર ॥ સુગુરુ૦ ॥ ૮ ॥
શહેરમાંહે પધારીયાજી રે, ઠામ ઠામ ગહુંલી રે થાય; બજાર ચૌટામાં વલીજી રે, જનમન હરખ ન માય ॥ સુગુરુ ॥૯॥
સંવત ઓગણીસ છહુંતેરનાજી રે, ચૈત્ર વદિ પાંચમે આય; સકલ સંઘ સાથે મલીજી રે, ગુરુજીના ગુણ ગાય ॥ સુગુરુ ॥ ॥ ૧૦ ॥
અમૃતસમી વાણી સુણીજી રે, હરખ્યા સહુ નરનાર; ચોમાસું ગુરુ ત્યાં રહ્યાજી રે, જાણી લાભ અપાર ॥ સુગુરુ૦ ॥ ॥૧૧॥
*અચલગચ્છપતિ દીપતાજી રે, એવા તે ગુરુરાજ; ગૌતમસાગરસૂરિ જાણીયેજી રે, મુનિઓમા શિરતાજ ॥સુગુરુ૦॥ ॥૧૨॥
નીતિસાગરમુનિ તેહના જી રે, શિષ્ય શોભે મનોહાર; જ્ઞાનતણા અભ્યાસમાંજી રે, મન રાખે નિરધાર ॥સુગુરુ૦॥ ॥૧૩॥
ઓગણીસ સતોતેર સાલમાજી રે, રુડો શ્રાવણ માસ; ધર્મસાગરજીએ રચીજી રે, આ ગહુંલી સુખવાસ ॥ સુગુરુ ॥ ॥ ૧૪ ॥

(૧૦૨) પ. પૂ. દાદાસાહેબ અચલગચ્છાધિપતિ

આ. ભ. શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. નાં ગુણગાન

રચયિતા :– પ. પૂ. આચાર્યદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

(રાગ : રાખનાં રમકડાં)

દુર્લભ દર્શન ગુણીવર ગુરુવર, સ્મરણે પાવન થઈએ રે; ગુરુ ગૌતમસાગરસૂરિના ગુણ, ગાઈ ભવોદધિ તરીએ રે. દુર્લભ૦
મરુભૂમિના પાલી શહેરમાં, વિપ્ર શ્રીમાળી જ્ઞાતે, પ્રસવ્યો પુત્રરત્ન ધીરમલ્લ, સ્ત્રી ક્ષેમલદે માતે રે. દુર્લભ૦....૧
ગુલાબમલ્લ નામે એ બાળક, પાંચ વર્ષના થાવે; પંડિત દેવસાગર યતિવરને, વડીલ વહોરાવે ભાવે રે. દુર્લભ૦....૨
સંવત શત ઓગણીશ ચાલીશે, વીશ વર્ષના થાવે; મુંબઈ માહીમ નગરે ત્યારે, દીક્ષા લીધી ભાવે રે. દુર્લભ૦....૩

* આ પંક્તિ પાછળથી ઉમેરાઈ લાગે છે.

નિત્ય એકાશણ તપ કરતા ગુરુ, પવિત્ર ચારિત્ર પાળે; આંતરે આંતરે ઉગ્ર તપો કરી, કઠિન કર્મને બાળે રે. દુર્લભ૦....૪
દેશ વિદેશ વિચરે, ઉપદેશ આપે બોધ પમાડે; મિથ્યામતિ ઉચ્છેદી કૈંકને, આત્મભાવમા રમાડે રે. દુર્લભ૦....૫
બહુ જીવો વૈરાગ્ય રંગથી, દીક્ષા લે ગુરુ પાસે; અચલગચ્છ મુનિનાયક ગુરુનાં, દર્શને પાપો નાસે રે. દુર્લભ૦....૬
મહિયલમાં જૈનમંદિર–જ્ઞાનભંડારો ગુરુ કરાવે; જ્ઞાનદાનની પરબ મંડાવે, દીનોદ્ધાર કરાવે રે. દુર્લભ૦....૭
દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રચારી, ભવિના ભવ ભય કાપી; જિનશાસનની ઉન્નતિ કરતાં, ગુરુવર મહાપ્રતાપી રે. દુર્લભ..૮
ગુણસાગર પાઠકને પટ્ટધર, સ્થાપી મુનિગણ આપે; સુંદર સંઘ વ્યવસ્થા કરીને, આત્મરમણે મન સ્થાપે રે. દુર્લભ....૯
બે હજાર ને નવની સાલે, વૈશાખ સુદી ત્રયોદશીએ; ભૂજનગરે થયા સ્વર્ગવાસી, શિવનગરે જઈ વસીએ રે. દુર્લભ....૧૦
દાદાસાહેબ મહા યોગીશ્વર, ગુણનિધિ સુવિહિતરાય; સ્વપર કલ્યાણક દયાનિધિ ગુરુ,સંઘ નમે 'ગુણ' ગાય રે. દુર્લભ...૧૧

(૧૦૩–૧૦૫) મહારાજશ્રીના આગમન વખતે છોકરાઓને ગાવાના

ગાયન – રચના : છગનલાલ

[૧] શ્રી ગૌતમસાગરજી મહારાજ, નમીએ વંદીએ વારંવાર ॥ શ્રી૦ ॥
અમે બાળકો ખુશી થઈને, આવ્યા આપણી પાસ ॥ ધન્યભાગ આજનો, પધાર્યા શ્રી ગુરુરાજ ॥ શ્રી૦ ॥
દોષ અમારા ક્ષમા કરીને, આશીષ આપો આ વાર ॥ શ્રી૦ ॥
ધન્ય ભાગ આજ અમારા, દરશન થયા તમારા ॥ પાપનો થાશે નાશ ॥ શ્રી૦ ॥
કરજોડીને અમે વિનતિ કરીએ, ભૂલચૂક કરજો માફ ॥ શ્રી૦ ॥ સંવત ઓગણીસે નેવુંના, મહા શુદ પાંચમ ને શનિવાર ॥
સેવક છગનલાલ વિનતિ કરે છે, શુભ મતિ દેજો આ વાર ॥ શ્રી૦ ॥ [૨]

(૧૦૪)

ધન્ય ભાગ મારે આંગણે આવ્યા, શ્રી ગૌતમસાગરજી મહારાજ ॥ વધાવો આજ કુમકુમથી, થાળ ભરી મહારાજ ॥ ધન્ય૦ ॥૧॥
ચંદ્ર સૂરજ સમ તપો અવિચળ, જયવંતા ગુરુરાજ ॥ સુખદામ તમારી જુગાજુગ કીર્તિ, પ્રસર રહો મહારાજ ॥ ધન્ય૦ ॥ ૨ ॥
સન્માર્ગના બતાવનારા, મારે આંગણે આવ્યા ॥ ઊગ્યો સુરજ સોનાતણો, મન અંતર ભાવ્યા ॥ ધન્ય૦ ॥ ૩ ॥
જિનધર્મના આધાર, અમારા ગામ દિપાવ્યા ॥ સેવક છગનલાલ વિનતિ કરે, ભૂલચૂક કરજો માફ ॥ ધન્ય૦ ॥ [૩]

(૧૦૫)

છો મહાસુખકારી, જાઉં બલિહારી, ગુણનિધિ ભારી ॥
શ્રી ગૌતમસાગરજી મહારાજ, વંદું વારંવારી,ભવી ઉપકારી,મહાવ્રતધારી ॥ શ્રી ગૌતમસાગરજી મહારાજ ॥ ૧ ॥
ધર્મ– ધુરંધર જૈન દીવાકર, જ્ઞાનતણા ભંડાર ॥ શ્રાવક સર્વે વિનંતિ કરે છે, વાંદે છે વારંવાર ॥ છો૦ ॥ ૨ ॥
ભરૂડીઆ ગામ પર મહેર કરીને, પધાર્યા છો ગુરુરાજ ॥ શિષ્ય સમુદાય સાથે પધારી, પાવન કીધા છે આજ રે ॥ છો૦ ॥૩॥
સિદ્ધચક્ર પ્રભુજીના દેરાસરમાં, અઠાઈ ઓચ્છવ થાય ॥ દરશન પૂજા વિવિધ પ્રકારે ભણાવે આનંદ બહુ વરતાય રે ॥છો૦॥૪॥
શિષ્ય નીતિસાગર ધર્મ સાગર પધાર્યા જૈન મંડલી હરખાય ॥ પૂજા વિવિધ પ્રકારે ભણાવે, આનંદ મંગલ ગાય રે ॥છો૦॥૫॥
સંવત (૧૯૯૦) ઓગણીશ નેવુંના મહા શુદ પાંચમ ને શનિવાર; સંઘ સકળનો સેવક પ્રેમે, જૈન મંડલી ગુણ ગાય ॥ છો૦ ॥૬॥

(૧૦૬) કલ્પસૂત્ર વ્યાખ્યાન ૯ ની ગંહૂલી

રાગ : (કાર્તિક મહિનો કામ નો રે મેલી ચાલ્યા કેત ગોવિંદ ઘેર ના...)

નવમુ વખાણ સુણો ભાવથી રે મનમાં લાવી પ્રેમ, સાહેલી મળી આવો જી રે,
શ્રી મહાવીર પ્રભુ તણા રે, નમીએ ગણધર તેમ, સાહેલી મળી આવોજી રે,
હળીમળીને આજ, થિવિર ગુણ ગાવોજી રે ॥ ૧ ॥ [એ આંકણી]

સઘળા મળી પ્રભુના હતા રે, ગણધર તો અગિયાર ॥ સાહેલી૦ ॥
પણ ગણધર ગણ નવ થયા રે, મળીને મુનિ પરિવાર ॥ સાહેલી૦ ॥ ॥ હળી૦ ॥ ૨ ॥

પંચમ સુધર્મા ગણધરા રે, થયા મુનિ સરદાર ।। સાહેલી૦ ।।
આજે વિચરતા મુનિવરા રે, તેહતણો પરિવાર ।। સાહેલી૦ ।। હળી૦ ।। ૩ ।।

તેહ પછી જંબુ થયા રે, ગુણગણના આધાર ।। સાહેલી૦ ।।
પછી પ્રભવ ગુરુને નમી રે, તરીયેં આ સંસાર ।। સાહેલી૦ ।। હળી૦ ।। ૪ ।।

હવે શયંભવ ગુરુતણા રે, પદકજ નમીએ ઉદાર ।। સાહેલી૦ ।।
યશોભદ્રસૂરિતણા રે, ગાવો સવિ ગુણધાર ।। સાહેલી૦ ।। હળી૦ ।। ૫ ।।

આર્યસંભૂતિ મુનિ થયા રે, જિનશાસન શણગાર ।। સાહેલી૦ ।।
ભદ્રબાહુ મુનિને નમુ રે, ચૌદ પૂરવ ધરનાર ।। સાહેલી૦ ।। હળી૦ ।। ૬ ।।

થુલભદ્રમુનિ વાંદીએ રે, ગિરિવર સરખા ધીર ।। સાહેલી૦ ।।
10 જેણે શિયલ શુભ પાલીયું રે, રહી કોશામંદિર ।। સાહેલી૦ ।।હળી૦ ।। ૭ ।।

દેવર્દ્ધિગણી ગુરુ થયા રે, વલભીપુર મોઝાર ।। સાહેલી૦ ।।
જેણે આગમ લખાવ્યા રે, કીધો ઘણો ઉપકાર ।। સાહેલી૦ ।। હળી૦ ।। ૮ ।।

પાટાનુપાટે થયા રે, સૂરિ જયસિહં ઉદાર ।। સાહેલી૦ ।।
લાલણ કુલ જેણુ થાપીયું રે અંચલ ગચ્છ નિરધાર ।। સાહેલી૦ ।। હળી૦ ।। ૯।।

કલ્યાણસાગરજી સૂરિ થયા રે, અંચલગચ્છ શિરતાજ ।। સાહેલી૦ ।।
વર્ધમાન શેઠના થયા રે, તારણતરણ જહાજ ।। સાહેલી૦ ।। હળી૦ ।। ૧૦ ।।

ઈત્યાદિક થિવિરો થયા રે, પંચ મહાવ્રતધાર ।। સાહેલી૦ ।।
તેવા મુનિવરને નમી રે કરો આતમ ઉદ્ધાર ।। સાહેલી૦ ।। ।। હળી૦ ।। ૧૧ ।।

સૂરિ ગૌતમસાગરવરા રે, છે તેનો પરિવાર ।। સાહેલી૦ ।।
20 હીરાલાલ એમ વિનવે રે, મુક્તિતણા દાતાર ।। સાહેલી૦ ।। હળી૦ ।। ૧૨ ।।

(૧૦૭) વિહાર વખતે ગાવાની ગહુંલી.

ગુરુજી મારા પ્રીતેથી વહેલા પધારજો, મહેર કરી મહારાજ રે, ગુરુજી મારા પ્રીતેથી વહેલા પધારજો.
વહાલા ગુરુના વિયોગથી રે, દિલમાં સહુને દુઃખ થાય રે ।। ગુરુજી૦ ।।
ગમશે નહિ આજે ગામમા રે, ધર્મશાલા ખાવા ધાય રે ।। ગુરુજી ।। ૧ ।।

ઊંઘ ઉડાડી આંખથી રે, આપી આપી ઉપદેશ રે ।। ગુરુજી૦ ।।
વૈરવિરોધ તજાવિયા રે, કાઢી નખાવ્યો છે કલેશ રે।। ગુરુજી૦ ।। ૨ ।।

મિથ્યાદર્શન મુકાવીયું રે, સમજાવ્યું સત્ય સ્વરૂપ ।। ગુરુજી ।।
ભવરોગ રોષ ભૂલવવા રે,ઔષધ આપ્યું અનૂપ રે ।। ગુરુજી૦ ।। ૩ ।।
તારક ગુરુજીએ તારવા રે, વારવા વિષયવિકાર રે ।। ગુરુજી૦ ।।
30 મોહમાયા મદ મારવા રે, છોડયો છે સકલ સંસાર રે, ।। ગુરુજી૦ ।। ૪ ।।

વ્યાકરણ કાવ્ય ને કોષમા રે, પંડિત પ્રવીણ ગણાય રે ।। ગુરુજી૦ ।।
શાસ્ત્ર સિદ્ધાંતને સાધિયા રે, જબરા બોધિક જણાય રે ।। ગુરુજી૦ ।। ૫ ।।

શાંતિ પ્રસરી સંઘમા રે, જગતમાં જય કરનાર રે ।। ગુરુજી૦ ।।
વાણી અમૃતરસ વાપરી રે, દુઃખ દોહગ હરનાર રે ।। ગુરુજી ।। ૬ ।।

શ્રાવક પંથ સમજાવીયો રે, વિવિધ કરીને વિસ્તાર રે ॥ ગુરુજી૦ ॥
સત્યશીખ સુબોધથી રે, નિર્મલ કર્યો છે વિચાર રે ॥ ગુરુજી૦ ॥ ૭ ॥

અચલગચ્છપતિ દીપતા રે, ગૌતમસાગરસૂરિજી મહારાજ રે॥ ગુરુજી૦ ॥ તાસ શિષ્ય દયાસાગરજી રે,
નિત નમે કરજોડ રે ॥ ગુરુજી૦ ॥ ૮ ॥

(૧૦૮) સમવસરણનો રાસડો

॥ ઠેલીએ રમવાના રાસડા ॥ રચના : સાધ્વીશ્રી મુક્તિશ્રીજી

[૧] ખાવડીમાં દુંદુભી વાગી રે, બેની હું તો ઝબકીને જાગી રે ॥ લગની સમવસરણની લાગી રેં ॥ ખા૦ ॥ ૧ ॥

સોમવારે વીર પ્રભુ વહાલા રે, સખી સહુ જોવાને ચાલો રે ॥ નીરખો ત્રિશલા દેવીનો જાયો રે ॥ ખા૦ ॥ ૨ ॥
મંગલે મંડપ બન્યો ભારી રે, રચના રચી અતિ સારી રે ॥ જાણો બીજી અમરાપુરી રે ॥ ખા૦ ॥ ૩ ॥
બુધે પ્રભુ બેઠો બિરાજે રે, આવ્યા સુરવંદનને કાજે રે, વાજાં છત્રીસ ત્યાં વાજે રે ॥ ખા૦ ॥ ૪ ॥ 10
ગુરુવારે ગૌતમ ગુરુ આવે રે, સંઘ સહુ સામૈયા લાવે રે ॥ હરખે વીર પ્રભુના ગુણ ગાવે રે ॥ ખા૦ ॥ ૫ ॥
શુક્રે સહુ સજન આવો રે, લ્યો તમે નરભવનો લાવો રે ॥ અવસર નહી મલે આવો રે ॥ ખા૦ ॥ ૬ ॥
શનિવારે આંગી બની સારી રે, રોશની થઈ છે મનોહારી રે ॥ ભાવો ભાવના મંગલકારી રે ॥ ખા૦ ॥ ૭ ॥
રવિવારે રથજાત્રા શોભે રે, મનડું મારું ત્યાં થોભે રે ॥ પોપટ બાગ પૂજા બની સારી રે ॥ ખા૦ ॥ ૮ ॥
ઓગણીશે નેવુંની સાલેરે, ફાગણ વદ બારસ સોમવારે રે ॥ ઓછવ કીધો છે મહાસુખકારી રે ॥ ખા૦ ॥ ૯ ॥
સાતે વાર ગાયા ઉમંગે રે, ગુરુઆજ્ઞાથી મન રંગે રે ॥ શ્રમણી મુક્તિશ્રીએ ઉચ્છરંગે રે ॥ ખા૦ ॥ ૧૦ ॥

(૧૦૯) સમોવસરણનું સ્તવન

રચના : સાધ્વીશ્રી મુક્તિશ્રીજી

[૧] અનોપમ આજે રે ઓછવ ખાવડી ગામમાં રે, ચાલો જોવા જઈએ હેતે હલીમલી આજ ॥
વહાલા વીર પ્રભુનો સમવસરણ છે દીપતો રે ॥ ૧ ॥ 20

સાખી : ત્રગડો તેજે જગમગે, શોભાનો નહીં પાર ॥
ઈન્દ્રધ્વજા ત્યાં ફરફરે, – બાર પરખદા સાર ॥
સજની મંડપની શોભા બની છે દીપતી રે ॥
હાંડી ઝુમર દીસે ઝાકઝમાળ ॥ વ્હાલા૦ ॥ ૨ ॥

સાખી : મોતી તોરણ બારણે, હીરાનો ચળકાટ ॥
જડયા છે મણિ માણેકો, રણઝણ ઘંટનાદ ॥
સખી કોસીસા જુઓને હીરે જડયા રે ॥
ગઢ છે રૂપા સોના રતનના સાર ॥ વ્હાલા ॥ ૩ ॥

સાખી : મસ્તક મુગટ હીરે જડયો, કાને કુંડલ શ્રીકાર ॥
બાહે બાજુબંધ બેરખા, નવલખી આંગી સાર ॥ 30
પ્રભુ સિંહાસને બેઠા અતિ શોભતા રે ॥
મુખડું શોભે પુનમકેરો ચંદ ॥ વ્હાલા ॥ ૪ ॥

સાખી : કુસુમ વૃષ્ટિ સુરવર કરે, ગાયે કિન્નર ગાન ॥
અપચ્છરા આગે મલી, નાચે થઈ એકતાન ॥
છપન કુમરી મળી પ્રભુજીના ગુણ ગાય છે રે ॥
ફરતી કુદડી રમતી દેતી આશીખ બાળ ॥ વ્હાલા ॥ ૫ ॥

સાખી : ગુરુ ગૌતમના ઉપદેશથી, અઠાઈ ઓચ્છવ થાય ।।
નરનારી સઘલા મળી, વીર પ્રભુના ગુણ ગાય ।।
માનવ જન્મ સફલ થયો છે હે સખી રે ।।
જોતા સમવસરણને પાતક દૂર પલાય ।। વ્હાલા૦ ।।૬।।

સાખી : સંવત ઓગણીસ નેવું મધ્યે, ખાવડી ગામ મોઝાર ।।
ફાગણ વદિ પાંચમ દિને, વરત્યો જયજયકાર ।।
શ્રમણી મુક્તિશ્રીજી હરખ ધરી મનમા ઘણું રે ।।
રચ્યો સ્તવન ખાવડી ગામ મોઝાર ।। વ્હાલા૦ ।। ૭ ।।

(૧૧૦) સમવસરણ ગરબો

રચના : સાધ્વીશ્રી મુક્તિશ્રીજી

[૧] આવી રૂડી શરદ પુનમની રાત જો, અજવાલા આવ્યા રે ધર્મશાલા ચોકમાં રે લોલ ।।
હું ઊભી મારા ધર્મશાલાને બાર જો, શ્રાવિકાઓ આવે મુજને તેડવા રે લોલ ।।૧।।

શ્રાવિકા મોરી ગુરુજીને વિનવો જો, ગુરુજીની આજ્ઞાથી પ્રભુ ગુણ ગાવશું રે લોલ ।।
ગુરુજી મારા જામનગરથી આવ્યા જો, વિહાર કરીને ખાવડી શહેર દીપાવીઓ રે લોલ ।।૨।।

ગુરુજી બોલે મીઠી અમૃત વાણ જો, તે સાંભલતા હરખ થયો અમને ઘણો રે લોલ ।।
ગુરુજીશ્રી ગૌતમસાગરજી મહારાજ જો, તેમના રે ઉપદેશે સમવસરણ થયો રે લોલ ।।૩।।

ખાવડીમાં શેઠ મુરજી કલ્યાણજી કેવાય જો, તેમના રે માતાજી પુણ્યવંતા શોભતા રે લોલ ।।
પુરબાઈએ સમવસરણ કરાવી રાખ્યો નામજો, સાથે પુત્રી શોભતા રે લોલ ।। ૪ ।।

સમવરસણમાં વીર પ્રભુ બિરાજતા જો, સર્વે સંઘની આશા પ્રભુજી પૂરશે રે લોલ ।।
ત્રણે ગઢ હીરા માણેકથી જડીયા જો, વચ્ચે આરીસા ઝગમગ ઝગમગ દીપતા રે લોલ ।। ૫ ।।

સમવસરણની શી કહું સજની શોભા જો, બાર પરખદા દેવછંદો અતિ શોભતો રે લોલ ।।
ત્રણે ગઢે કાંગરા અતિ દિપે જો, વાવડીઓ આઠ ચારે દિશે શોભતી રે લોલ ।। ૬ ।।

ઈન્દ્રધ્વજાઓ જલહલ જલહલ જળકે જો, સુરવરો મળીને કુસમની વૃષ્ટિ કરે રે લોલ ।।
કિન્નર ગાયે મધુર કંઠે ગાન જો, અપછરાઓ નાટક નાચતી રે લોલ ।। ૭ ।।

ગુરુજી બેઠા સમવસરણની સામે જો, સાથે શિષ્ય નીતિસાગરજી દીપતા રે લોલ ।।
ગુરુ ઉપદેશ અઠાઈ ઓછવ થાય જો, સંઘે મલીને લ્હાવો લીધો ઘણો રે લોલ ।। ૮ ।।

ગુરુજી અમારા ગુણના છે ભંડાર જો, અંચલગચ્છમાં શ્રીમુનિવર અગ્રેસર રે લોલ ।।
મંડપની શોભાનો નહીં પાર જો, હાંડી ઝુમર તખતાથી દીપે ઘણું રે લોલ ।। ૯ ।।

પૂજા પ્રભાવના વિવિધ પ્રકારે થાય જો, આંગીની શોભા રે દિનકર ઊગીઓ રે લોલ ।।
નરનારી મલી આનંદ મંગલ ગાયજો, નીરખી હરખી જાઉં પ્રભુને ભામણે રે લોલ ।। ૧૦ ।।

સંવત ઓગણીશ નેવું વરસની સાલજો, ફાગણ વદ પાચમનીએ રચના થઈ રે લોલ ।।
કહે કરજોડી મુક્તિશ્રીજી એમ જો, ખાવડી ગામે ઓચ્છવ રંગવધામણા રે લોલ ।। ૧૧ ।।

(૧૧૧) અચલગચ્છાધિપતિ પૂ. ગુરુદેવ શ્રી ગૌતમસાગર સૂરીશ્વરજી મ. સા. નું ચોટાળીયુ

॥ દુહા ॥

જિનવરની વાણી ભારતી,જાગતી જ્યોત પ્રકાશ; સારદા માત મયા કરો, આપો વાણી વિલાસ ॥૧॥
હંસ વલી મયૂર વાહની , વીણા પુસ્તક હાથ; શ્વેત વસન કમલાસની,વિદ્યાદાની વિખ્યાત ॥૨॥
વિધિપક્ષગચ્છ નભોમણી, આર્યરક્ષિત સૂરિરાય; તાસ પાટ પરંપરા કલ્યાણસૂરીશ્વર રાય ॥૩॥
તસ રાજયે દીપક સમા, રત્ન સાગર ઉવજઝાય; તેહની પાટ પરંપરા,દેવસાગર યતિ રાય ॥૪॥
પાલીનગર મારવાડથી, ગુલાબમલ બ્રહ્મ બાળ; સંવત ઉગણીસ પંચવીસે,વોરાવી લાવ્યા કચ્છ પોશાળ ॥૫॥
ભવિષ્યના ગૌતમ સાગરૂ, મુનિ મંડલેશ્વર જાણ; ગુલાબમલ વર્ષ પાંચના, શોભે ગુણમણી ખાણ ॥૬॥
તેહ તણા જીવન તણી, યથા મતિ વર્ણવું આજ; સૂરિવરના ગુણ ગાવતાં, સિઝે સઘળાં કાજ ॥૭॥

॥ ઢાળ – ૧ ॥ 10

(વાસુપૂજ્ય વિલાસી, ચંપાના વાસી–એ દેશી)

છો મહા સુખકારી, ગુણનિધિ ભારી,શ્રી ગૌતમ સાગરજી મહારાજ ॥
શુદ્ધ તપ વ્રતધારી, ક્રિયા ઉદ્ધારી, શ્રી ગોતમસાગરજી મહારાજ ॥
રાજસ્થાનની પાવનભૂમિમાં, પાલીનગર મોઝાર ॥
શ્રીમાલી બ્રાહ્મણ કુળમાં શ્રેષ્ઠ લહ્યો અવતાર રે ॥
માત તાત વડ ભાગી, પૂર્ણ શોભાગી, ગર્ભપાલના કરે સુખકાર રે ॥ છો૦॥૧॥

તાતજી શ્રી ધીરમલજી જાણ, જનની ક્ષેમલદેવી ગુણખાણ ॥
સંવત ઉગણીસ વીસના વર્ષે, જનમ્યા મહામણી માણ રે ॥
લાલન પાલન પ્રીત ધારી, કરતા તે વારી, હૈડે હર્ષ અપાર રે ॥ છો૦ ॥ ૨ ॥

જન્મ મહોત્સવ કૂળ રીતે કીધો, બ્રાહ્મણના સંસ્કાર ॥ 20
સજ્જન ભૂવા સાથે મલીને, માતપિતા તે વાર ॥
નામ ઠવે આ વારી, ગુલાબમલ હિતકારી, નિશદિન વધતે વાન રે, ॥છો૦॥૩॥

કચ્છ દેશથી યતિ દેવસાગરજી, પાલીનગર મોઝાર ॥
વિહાર કરી આવ્યા, યતિવરજી, યાત્રા કરણ શુભ કાજ રે ॥
ઉપાશ્રયે રહ્યા યતીવરજી, ત્યાં આવે ધીરમલજી, ધર્મ ચર્ચા કરવા કાજ રે ॥ છો૦॥૪॥

યતિવરજી અને ધીરમલજી વચ્ચે, વાધ્યો સ્નેહ વિશેષ ॥
ધર્મચર્ચામાં જાએ દિન વીત્યા, બીજો નહીં ઉદ્દેશ રે ॥
વર્ષ વીત્યું તે વારી, જે હતું દુષ્કાળી, જનતાને અતિ દુખકાર રે ॥ છો૦ ॥ ૫ ॥

ગુલાબમલ બાળક પાંચ વર્ષના, આવે નિત તાતની સાથ ॥
યતિવરના ખોળામાં બેસી, શાંતિથી સાંભળે ધર્મની વાત રે ॥ 30
વેશ ધરવા બાળચેષ્ટા કરતા, આગ્રહ કરે બહુ વાર રે ॥ છો૦ ॥ ૬ ॥

યતિવરજી બાળકની ચેષ્ટા જોતા, પામે અતિ ઉલ્લાસ ॥
સામુદ્રિક લક્ષણ જોઈ બાળકના, વલી જયોતિષનો આધાર રે ॥
બાળક થાશે મહા મુનિવરજી, કરશે જૈન શાસનનો ઉદ્યોત રે ॥ છો૦ ॥ ૭ ॥

ધીરમલજી પાસે, બાળક માગે, યતિવર એકવાર ॥
ભવિષ્ય તેહનું ઉજ્જવળ જાણી માતતાત કરે વિચાર રે ॥
મનડું નહિ માને દિલ લલચાએ, નિશ્ચય કર્યો તે વાર રે ॥ છો૦ ॥ ૮ ॥

સંવત ઉગણીસ પચીશ વરસે, માતપિતા તે વાર,
અતિ આનંદની સાથે દંપતીએ બાળક દીધો, વોરાય રે ।।
યતિવર તે વારે, અતિ ઉલ્લાસે, આશીષ આપે, બાળક લઈ થયા વિદાય રે ।।છો૦।।

દેવસાગરજી ગુલાબમલ સહિત, આવ્યા કચ્છ મોઝાર ।।
નિજ પોસાળે રહ્યા થીરવાસ, કરાવે શુભ અભ્યાસ રે ।।
ગુલાબમલજી પાલના કરતા, હંસને હર્ષ અપાર રે ।। છો૦ ।। ૧૦ ।।

॥ દોહા ॥

નાની વય હોવા છતાં, બાળ બુદ્ધિ નિધાન; ભણવા પર શ્રદ્ધા ઘણી, વિવેક ચતુર સુજાણ ।। ૧ ।।
ઈત્યાદિ લક્ષણ યુકત છે, થાશે મહા મતિવાન; જ્ઞાનચંદ નામ આપ્યું તદા, ગુરુએ પ્રસન્ન થઈ તે વાર ।। ૨ ।।
કેળવણી આપે નવ નવી, દેશ કાળ અનુસાર; સ્વરુપસાગરને સોપતા, જ્ઞાનચંદ તે વાર ।। ૩ ।।
ધાર્મિક શિક્ષણમાં રત રહે, પ્રમાદ નહી લગાર; તપ જપ વ્રત આદિ કરે, સામાયિક પડિકમણા સાર ।। ૪ ।।
કેઈ ગ્રન્થ કંઠે કર્યા, વ્યાખ્યાન વાણી રસાળ, યૌવન વય પામ્યા છે, જ્ઞાનધન અતિ વિશાળ ।। ૫ ।।
યતિ આચાર શીખ્યા સવિ, જે પરંપરાની રીત, જ્ઞાન ઉપયોગે જોવતા, દીશે બહુ વિપરીત ।। ૬ ।।
કાચા પાણી ફૂલ ફળ, સચિત્ત તણો વ્યવહાર; ગૃહસ્થાશ્રમી વેશે સહુ, યતિનો નહિ આચાર ।। ૭ ।।
એમ નિશદિન ચિંતે સદા, જ્ઞાનચંદ તે વાર; યતિ દીક્ષા લેવા તણો, થયો નિશ્ચય તે વાર ।। ૮ ।।

॥ ઢાળ – ૨ ॥

જ્ઞાનચંદ ચિત્તમાં એમ વિચારે, શુદ્ધ દેશના આપવી મારે,
વક્ર જડ વળી ભોળા જનોમાં, અંધશ્રદ્ધા અતિ ભારે।।
અજ્ઞાન તિમિરને ટાળવા રે, યત્નો કરવા મારે ।। જ્ઞાન૦ ।। ૧ ।।

વિધિવત્ ધર્મ આરાધના કરવા, શીખવવું જોઈએ મારે ।।
વ્યાખ્યાન વાણીથી ઉપદેશે, શુદ્ધ ધર્મ પ્રરૂપે તે વારે ।। જ્ઞાન૦ ।।૨।।

દાન શિયળ તપ આદિ ધર્મકરણી, કરો ભવિજન શુભ ભાવે ।।
સંસારમાં ભૂલ્યા ભમો છો, પાર પામશો કયે દાવે ।। જ્ઞાન૦ ।।૩।।

ધર્મ કરણી કરવાનો માર્ગ, વીર વિભુએ બતાવ્યો ।।
સામાયિક પૌષધ આવશ્યક, તપ જપ વ્રત આરાધો ।। જ્ઞાન૦ ।।૪।।

નિત નવકાર સ્મરો ભવિ ભાવે, પૂજન વંદન હિતકારી ।।
ભક્ષાભક્ષ વિવેક વિચારી, રાત્રી ભોજન નિવારી ।। જ્ઞાન૦ ।।૫।।

શ્રાવક તણા પાંચ અણુવ્રત શુદ્ધ પણે નિત પાળી,
શ્રેષ્ઠ શ્રાવક નામ દીપાવો, જિન આજ્ઞા શિરધારી ।। જ્ઞાન૦ ।।૬।।

નવપદ આદિ તપ આરાધો, જે કહ્યા અતિ હિતકારી ।।
તપ ઉજમણા કરો બહુ ભાવે, સ્વામીવચ્છલ સુખકારી ।।જ્ઞાન૦।। ૭।।

એમ ભવિ જીવોને ઉપદેશી, પ્રતિબોધ્યા કેઈ પ્રાણી ।।
અન્ય યતિઓ તવ ખળભળિયા, નિજથી ઉલટું જાણી ।।જ્ઞાન૦।।૮ ૮।।

ગુરુવર સંગે યાત્રા કરવા તીર્થ ફરસના હિતકારી ॥
મુંબઈ નગરે આપ પધાર્યા, ગુરુવર સંગ તે વારી ॥॥જ્ઞાનo॥૯॥

ગચ્છ નભોમણિ સૂરિ પુરંદર વિવેકસાગરસૂરીશ્વર આવરી ॥
મુંબઈનગરે બિરાજે ગચ્છ નાયક હંસ કરે વંદન હજારી ॥જ્ઞાનo ॥૧૦॥

॥ દોહા ॥

(વિડોજા એની પરેં ચિત્ત વિચારે–એ દેશી)

દક્ષિણ ભરતે મુંબાપુરી, ભારતભૂષણ જાણ; ઘીગા ધનપતિઓ વસે, સાહસિક ધર્મસૂરા પ્રમાણ ॥ ૧ ॥

લઘુ વૃદ્ધ સાજન માજન, ઓશવંશ શુભકાર; ગૂર્જર રાજસ્થાન પંજાબી, મધ્યદેશી મનોહાર ॥ ૨ ॥

કર્ણાટક મદ્રાસી મહારાષ્ટ્રી, સૌરાષ્ટ્રી કચ્છી પ્રજા તે વારી; જૈન સંઘો વિધવિધ ગચ્છોના ઉદ્યમી વડા વ્યવહારી ॥ ૩ ॥

ખારેક બજારમાં શોભે સુંદર, જિન મંદિર બે મનોહારી; લઘુ ઓશવંશીના, જિનાલય દુઃખહારી ॥ ૪ ॥ 10

હાલાર વલી કચ્છી ગૂર્જર કચ્છી,ધર્મકરણીમાં સાવધાન; અચલગચ્છનો સંઘ શોભતો,માંડવી પર ભાગ્યવાન ॥ ૫ ॥

સ્વામી સુધર્મા પાટ ચુમોતેરે,ગણપતિ વિવેકસાગરસૂરિ; તખ્ત બિરાજે રાજ રાજેશ્વર, તવ શ્રી મુંબાપુરી ॥ ૬ ॥

વંદન કરવા જ્ઞાનચંદજી, ગુરુવર સંગ આવે; નમન વંદન કરી શ્રીજીને, સુખ શાતાં પૂછે ભાવે ॥ ૭ ॥

વિનતી કરે સૂરીશ્વરજીને, યતિ–દિક્ષાની આ વારે; હર્ષિત થઈ ગચ્છ–નાયકજીએ, સંમતિ આપી તે વારે ॥૮ ॥

સવંત ઉગણીશ ચાળીશ વર્ષે માધવ એકાદશી શુકલ સાર; માહિમ ગામે યતિદીક્ષા આપી,નામ ઠવ્યું ગૌતમસાગર તે વાર ॥૯॥

મુંબઈ નગરના અચળગચ્છ સંઘે, દીક્ષા મહોત્સવ કીધો; સૂરિ સમ્રાટનો સંઘે તે વારે,મહા જયકાર તવ કીધો ॥ ૧૦ ॥

જ્ઞાનચંદ થયો ગૌતમસાગરજી, પુણ્ય જ્યોતિ સવાઈ; શ્રીમાલિ બ્રહ્મકુમાર થયા યતિવર,ઘરઘર હર્ષ વધાઈ ॥ ૧૧ ॥

ઢાળ–૩ (સલૂણાની દેશી)

કચ્છ દેશમાં પધારીઆ રે, ગૌતમસાગર મુનિરાજ સલૂણા ॥
ગામ નગરપુર શહેરમાં રે, ઉપદેશે સકલ સમાજ સલૂણા ॥ ૧ ॥ 20

દેવપુર મુંદ્રા બંદરે રે, ગોધરા શેરડી ગામ મોજાર ॥ સo ॥
ચોમાસા થયા ભલી ભાતસું રે, સંઘને હર્ષ અપાર ॥ સo ॥ ૨ ॥

સંવત ઉગણીશ છેયાલીસે રે, રાજસ્થાન દેશ મોજાર ॥ સo ॥
પાલી નગરે પધારીઆ રે, નિજ જન્મ–ભૂમિ સુખકાર ॥ સo ॥૩॥

કર્યુ સામૈયું શોભતું રે, હર્ષ ધરી સંઘે તે વાર ॥ સo ॥
માનુની મંગળ ગાવતી રે, વાજંત્રના નાદ અપાર ॥ સo ॥ ૪ ॥

વડી દીક્ષા ક્રિયોદ્ધાર સું રે, નવલખા પાસ દરબાર ॥ સo ॥
મહોત્સવ હોય વધામણા રે, જિન શાસન જયકાર ॥ સo ॥ ૫ ॥

કચ્છ બિદડા ગામમાં રે, ચોમાસું રહ્યા સાર ॥ સo ॥
પછિ કોડાયમાં કર્યા રે, ચોમાસા સુખકાર ॥ સo ॥ ૬ ॥ 30

વિચરે ગામે ગામ તે વારે, મધુર દીએ ઉપદેશ ॥ સo ॥
ઉગણી ઓગણ પચાસમાં, ભૂજ નગરે બહુ બેસ ॥ સo ॥ ૭ ॥

ચાતુર્માસ સંઘ કરાવતા રે, દેશના અમૃત ધાર ॥ સ૦ ॥
સંવેગી પ્રવજ્યા લેવા તણો રે, નિશ્ચય કર્યો તે વાર ॥સ૦॥ ૮ ॥

લહું સંયમ સોહામણું રે, જિન શાસન જયકાર ॥ સ૦ ॥
ભૂજનગરનો સંઘે તદા રે, મહોત્સવ કર્યા સુખકાર ॥ સ૦ ॥ ૯ ॥

ઉતમસાગર ગુણસાગરજીને, આપે દીક્ષા શુભ સાર ॥ સ૦ ॥
પ્રથમ સ્થાપ્યા શિષ્યો તદારે, ગુરુવર ગુણ ભંડાર ॥ ૧૦ ॥

શિવશ્રી ઉત્તમશ્રી વલી રે, લક્ષ્મીશ્રી વડભાગ ॥ સ૦ ॥
શિષ્યાઓ આપશ્રી તણી રે, . સ્થાપે ગુરુ મહા ભાગ ॥સ૦॥૧૧ ॥

શ્રાવક શ્રાવિકા વ્રત લહે રે, દેશ–વિરતિ ધરનાર ॥ સ૦ ॥
10 સાધુ મુનિ શ્રમણી તણો રે, રહ્યો વધતો પરિવાર ॥ સ૦ ॥ ૧૨ ॥
સંવત ઉગણીશ અઠાવને રે, નવાનગર મોજાર ॥સ૦॥
સંઘે સામૈયું કર્યું શોભતું રે, ઉલટ ધરી અપાર ॥ સ૦ ॥ ૧૩ ॥

ઉગણીશ અઠાવન વર્ષમાં રે, ફાલ્ગુણ શુકલ ચતુર્થિ ગુરુવાર ॥સ૦॥
મોટી ખાવડી ગામમાં રે, વરત્યો જયજયકાર ॥સ૦॥૧૪॥

સમવસરણ રચના ભલી રે, ત્રણ ગઢ ઝાક ઝમાળ ॥ સ૦ ॥
શ્રમણી હેતશ્રીજી તણી રે, વડી દીક્ષા થઈ ઉજમાળ ॥ સ૦ ॥

અઠ્ઠાઈ મહોત્સવ હુઓ તદા રે, સ્વામી વત્સલો સુખકાર ॥સ૦॥
અંગરચના જિનજી તણી રે, પૂજા વિવિધ પ્રકાર ॥સ૦॥૧૬॥

થયા લાણી પ્રભાવના રે, ભાવના અતિ સુખકાર ॥સ૦॥
20 હાલાર દેશમાં પ્રથમ હુઓ રે, મહા મહોત્સવ મનોહાર ॥સ૦॥૧૭॥

આવ્યા સંઘ દેશ–વિદેશના રે, ધન્ય થયો દેશ હાલાર ॥ સ૦ ॥
હાલાર બાવન ગામોમાં રે, વૃદ્ધ લઘુ સાજને વાસ ॥ સ૦ ॥ ૧૮ ॥

ઓશવંશ વડ વ્યવહારીઆ રે, ધર્મ કાર્યો પ્રતિ ધરે અભિલાષ ॥સ૦॥
ઉદ્ધાર કર્યો હાલાર દેશનો રે, વિચરી સહ પરિવાર ખાસ ॥સ૦॥૧૯॥

ઉગણીસ એકુન સાઠના રે, વૈશાખ શુકલ પંચમી શુભ વાર ॥સ૦॥
ગામ ડબાસંગ દીપતું રે, જિન શાસન જયકાર ॥ સા૦ ॥ ૨૦ ॥

સુમતિશ્રીજી સંયંમ લહે રે, શ્રમણી ધર્મ સ્વીકાર
ચતુર્માસ મોટી ખાવડી રે, રહ્યા સહ પરિવાર શ્રી સાર ॥ સ૦ ॥ ૨૧ ॥

કચ્છ પધાર્યા ગુરુરાયજી રે, કરતા ભવિ ઉપકાર ॥ સા૦ ॥
30 હંસ કહે મંગલ હોજો રે, સંઘને અતિ સુખકાર ॥ સ૦ ॥ ૨૨ ॥

॥ દોહા ॥

કચ્છ વલી હાલારમાં, વિચર્યા વારંવાર; પ્રતિબોધ્યા કેઈ પ્રાણીઆ,વંદન વાર હજાર ॥૧ ॥
ઉગણ ઉગણી પચાસથી, બે હજાર નવનું વર્ષ શ્રીકાર; પંદર શ્રમણ ધર્મ સ્વીકારતા, એક શત શ્રમણીઓ સુખકાર॥૨॥
શ્રાવક શ્રાવિકા તણો , પાવન ગુરુવરનો પરિવાર; ચતુર્માસ પ્રેમે કર્યા, મુંબઈ ગુજરાત સૌરાષ્ટ્ર મોજાર ॥ ૩ ॥
સપ્તદશ ચતુર્માસ જામનગરમા, ભૂજ સુથરીમાં સાત સાત; ગોધરા ગામે છ કર્યા, પાલિતાણા નલિનપુરમાં ચાર ચાર ॥૪॥

મુંબઈ મોટી ખાવડીમાં થયા, ચતુર્માસ ત્રણ ત્રણ શ્રીકાર; માંડલ બે ચોમાસાં કર્યા, ધર્મોદ્યોત થયો જય જયકાર ॥ ૫ ॥
દેવપુર તેરા વરાડીઆ, આસંબીઆ મુંદ્રા મોજાર; એકેક ચતુર્માસ કર્યો તિહાં, જિન શાસન જયકાર ॥ ૬ ॥
જામનગર માંડવી ભૂજમા; જ્ઞાન ભંડારો સ્થાપ્યા સાર, અન્ય સ્થાનોમાં કર્યા, શુભ લઘુ જ્ઞાન ભંડાર ॥ ૭ ॥
જગદ્‌ગુરૂ કલ્યાણ સૂરીશ્વરૂ, તણી પ્રતિમાઓ મનોહાર;કચ્છ–હાલારનાં ગામોમાં, પ્રતિષ્ઠિત કરાવ્યાં સુખકાર ॥ ૮ ॥
મુંબઈ નગરે પ્રતિષ્ઠિત થયા, તવ હૂઓ જય જયકાર;બે હજાર નવના વર્ષમાં ગુરુવર ગુણ ભંડાર ॥ ૯ ॥
રામાણિયા ગામે આવીયા, સુવર્ણ મહોત્સવ મજાર સૂરિપદ ગચ્છપદે સ્થાપીયા, ક્ષમાનંદ શ્રીકાર ॥ ૧૦ ॥
ભૂજ નગરે પધારીઆ, સંઘને હર્ષ અપાર; માધવ શુકલ ત્રયોદશી, દુઃખકર દિન કહેવાય ॥ ૧૧ ॥
મધ્ય નિશા વિત્યે છતે, કાળ કર્યો ગુરુરાય; પ્રસર્યો શોક ચિહું દિશે, શોકાકૂળ પરિવાર ॥ ૧૨ ॥
ભૂજ નગરના સંઘે તદા, અંત્યેષ્ઠિ કરી તે વાર; ભકિત શોક સહિત તવ, કર્યું દેવવંદન દુઃખહાર ॥ ૧૩ ॥
અંચલગચ્છ ઉદ્ધારણો, કચ્છ હાલારનો હીર; રાજસ્થાની રત્ન ખરે, ગયો ધીર વર વીર ॥ ૧૪ ॥ 10

॥ ઢાળ – ૪ ॥

(ગિરિવર દરિશણ વિરલા પાવે–એ દેશી)

શ્રી ગુરુવરને વંદો, ભવિ ભાવે જે ભવજળ તરવા વાટ બતાવે ॥
પૂજન વંદન કરો શુભ ભાવે, જસ ગુણ કેતા પાર ન આવે ॥શ્રી૦॥૧॥

રાજસ્થાન પાવન ભૂમિ કહીએ, પાલી નગરે જન્મ શોભાવે ॥
સંવત ઉગણીશ વીસ વર્ષે, ગુરુજીનો તવ જન્મ થાવે ॥ શ્રી૦ ॥ ૨॥

તાત શ્રી ધીરમલજી કહાવે, જનની ક્ષેમલદેવી શ્રૈય ધારે ॥
શ્રીમાલિ બ્રાહ્મણ વંશ દીપાવે, પુત્ર ગુલાબમલ નામ થપાવે,॥શ્રી॥ ૩॥

પાંચ વર્ષની ઉમર જબ થાવે. કચ્છથી યતિ દેવસાગરજી આવે ॥
સંવત ઉગણીશ પંચવીશ વર્ષે, ગુલાબમલ યતિને વોરાવે ॥ શ્રી૦ ॥૪॥ 20

કચ્છ પોશાળે આવ્યા યતિવરજી, સ્વરૂપસાગરજીને બાળ ભળાવે ॥
કેળવણી દેશ કાળ અનુસારે, યતિધર્મ સવિ શીખવાડે ॥શ્રી૦ ॥૫॥

જ્ઞાનચંદ તવ શુભ નામ આપે, લહે કેળવણી અતિ શુભ ભાવે ॥
પંદર વર્ષ કચ્છ દેશમાં રહેતા; વ્યાખ્યાન વાણીથી દિલ બહેલાવે ॥ શ્રી૦॥૬॥

સંવત ઉગણીશ ચાલીશ વર્ષે, ગુરુવર સંગે મુંબાપુરી આવે ॥
ગચ્છ સમ્રાટ વિવેક સાગરજી, મુંબઈ નગરે રહે શુભ ભાવે ॥શ્રી૦॥૭॥

વિનતી કરે ગુરુવરજી તે વારે, માહિમ ગામે યતિ દીક્ષા અપાવે ॥
ગૌતમ સાગર નામ થપાવે, જિન શાસનનો જય જયકાર થાવે ॥ શ્રી૦॥૮॥

કચ્છ દેશમાં આવ્યા જે વારે, ગામે ગામના સંઘ વંદન આવે ॥
મધુર વાણી દેશના આપે તપ જપ વ્રત ધર્મ શીખવાડે ॥ શ્રી૦॥૯॥ 30

સંવત ઉગણી છેયાલીશ વરસે, પાલી નગરે યતિવર આવે ॥
નવલખા પાર્શ્વ પ્રભુ દરબારે, ક્રિયોદ્ધાર વડી દીક્ષાનો ઓછવ થાવે ॥શ્રી૦॥૧૦॥

વિચરંતા ભૂજનગરે પધારે, રહ્યા ચોમાસું ત્યાં શુભ ભાવે ॥
સંવત ઉગણી ઉગણ પચાસે, સંવેગી દીક્ષા લે બહુ ભાવે ॥શ્રી૦॥૧૧॥

કચ્છ–હાલાર દેશમાં વિચરે, પરિવાર સહ ગામેગામ પધારે ॥
પ્રતિબોધ્યા ભવિ જીવો તે વારે, દીક્ષા આપી સર્વ વિરતી ધર્મ શીખવાડે ॥ શ્રી૦ ॥ ૧૨ ॥

પંદર મુનિવરો દીક્ષિત કીધા, સાધ્વીઓ એક શત કહાવે ॥
શ્રાવક શ્રાવિકા થયા વ્રતધારી, દેશ વિરતી આરાધે ભાવે ॥શ્રી૦॥૧૩॥

ગુરુ ઉપદેશે નવીન ચૈત્યો થાવે, વલી જીર્ણોદ્ધારનાં કાર્યો થાવે ॥
રજત સુવર્ણ મહોત્સવ બહુલા થાવે, જ્ઞાન ભંડારો સ્થાપ્યા ભાવે ॥ શ્રી૦ ॥ ૧૪ ॥

તપ ઉજમણા અતિ ઉલ્લાસે, સ્વામી વત્સલો થાય અતિ ભાવે ॥
કચ્છ હાલાર દેશોદ્ધારક ગુરુરાયા, મુનિ મંડલેશ્વર પદવી કહાવે ॥ શ્રી૦ ॥ ૧૫ ॥

સૌરાષ્ટ્ર ગુર્જર મારવાડ આદિ, તીર્થ ફરસના કરી શુભ ભાવે ॥
દાદા કલ્યાણ સૂરીશ્વર કેરી, પ્રતિમા પ્રતિષ્ઠિત થઈ તે વારે ॥ શ્રી૦ ॥ ૧૬ ॥

સંવત બે હજાર નવ વર્ષે, ભૂજનગરમાં ગુરુજી પધારે ॥
10 વૈશાખ શુકલ ત્રયોદશી રજની, સૂરિવરજી શિવ સ્વર્ગ સિધાવે ॥ શ્રી૦ ॥ ૧૭ ॥

શોક પ્રસર્યો સંઘમાં તે વારે, ગામે ગામના સંઘ ત્યાં આવે ॥
અંત્યેષ્ઠિ ગુરુરાજજી કેરી શોક ભક્તિથી કરતા દુઃખ પાવે ॥ શ્રી૦ ॥ ૧૮ ॥

રાજસ્થાન ભૂમિનો રત્ન, કચ્છ–હાલારનો હીરલો કહાવે ॥
નેવ્યાસી વર્ષનું આયુ પાળી, સૂરિવરજી સુર શિવ સિધાવે ॥ શ્રી૦ ॥ ૧૯ ॥
ગુણસાગર સૂરીશ્વર પટધારી, સંઘને લીધો તુર્તજ સંભાળી ॥
હંસ કહે ચતુર્વિધ સંઘ સુખકારી, ગુરુવરનો બોલો જયકારી ॥ શ્રી૦ ॥ ૨૦ ॥

॥ કળશ ॥

અમે સ્તવ્યા હિતકર શ્રી ગુરુવરસૂરિ, શ્રી ગૌતમ સાગરૂ; અચળગચ્છ આધાર વીરવર, સ્તવ્યા મતિ અનુસારૂ ॥૧॥
સંવત બે હજાર બત્રીશ વર્ષ, વૈશાખ માસ મનોહરૂ; ઉજવે શતાબ્દી મહોત્સવ ભાવે, બાડમેર સંઘ શુભંકરૂ; ॥ ૨ ॥
20 હાલાર દેશ જામનગર તાબે, ગામ ખાવડી સુખ કરૂ; ગચ્છ વિધિપક્ષ સુંદર, લઘુ સાજન હિતકરૂં; ॥ 3 ॥
જિનાલય બે શોભે મનોહર, પ્રભુ ચંદ્ર પાસ શંખેશ્વરો ॥ સ્તવીઆ અક્ષય તૃતીયા શુભ દિન, સકલ સંઘને સુખ કરો॥૪॥
આચાર્ય દેવ ગુણસાગરસૂરિ, બાડમેર બિરાજતા; ચાતુર્માસ રહ્યા ત્યાં ભાવે, ધર્મોદ્યોત કરતા રાજતા. ॥૫॥
તેહ તણી શુભ નિશ્રા માંહે, શતાબ્દી મહોત્સવ શોભતો; સુરવરો સમ ઉજવ્યો ઉત્સવ, સંઘ ચતુર્વિધ અતિ ભલો ॥ ૬ ॥
સૂરિ ગૌતમનો શ્રાવક બાળક, ખોના ગોત્ર મનોહરૂ; હંસરાજ વંદે બે કર જોડી, માગે મિચ્છમી દુક્કડં ખરૂ ॥ ૭ ॥

॥ ઈતિ ॥

(૧૧૨) પૂ. ગણિ નીતિસાગરજી કવિત્ત

અચલગચ્છેશ દાદાસાહેબ પૂ. ગૌતમસાગરસૂરિ મ.સા. ના કૃપા પાત્ર શિષ્ય રત્ન નીતિસાગરજી કચ્છ કોટડી ગામના હતા. પૂજ્યશ્રીના ઈતિહાસવિદ્ પૂ. શ્રી ધર્મસાગરજી, પૂ. શ્રી ખાંતિસાગરજી તથા અચલગચ્છેશ પૂ. આ. શ્રી ગુણસાગરસૂરિ શિષ્યો હતા. પૂ. દાદા સાહેબજીએ પૂ.આ. શ્રી દાનસાગર સૂરિજીને પૂ. ગણિ નીતિસાગરજીના પછીથી શિષ્ય બનાવ્યા. વિ.સં. ૧૯૯૭ માં ભૂજનાં
30 ઉપાશ્રયની બાજુના બંગલામાં પૂજામાં નિશ્રા આપવા પધારેલ. દાદરો ઉતરતા પગથિયું ચુકી જવાથી ગબડી પડયા. અલ્પ સમયમાં કાળધર્મ પામી ગયા. એજ અરસામાં પૂ. ધર્મસાગરજી તથા આશાસ્પદ પૂ. મુનિ ચંદ્રસાગરજી પણ કાળધર્મ પામતાં પૂ. દાદાસાહેબને ઘણો જ આઘાત લાગ્યો. પૂ. મુનિશ્રી ગુણસાગરજી સાંત્વના આપતા તથા નવ્ય સંસ્કૃત ગ્રન્થોની રચના બતાડતા. તેથી ધીરે ધીરે શોક મુક્ત થયા.

૧૩ કડીની રચના સરલ હોવાથી વિશેષ ભાવાર્થ લખવો અ પ્રસ્તુત છે.

અચલગચ્છેશ દાદા શ્રી. ગૌતમસાગરસૂરિ મ. સા. ના શિષ્યરત્ન
પ. પૂ. ગણિવર્ય શ્રી નીતિસાગરજી મ. સા. નું 'કવિત્ત'
(૧૧૨)- (રાગ : અમે મહીયારા રે ગોકુળ ગામના)

નીતિસાગરજી રે. કોટડી ગામના હાં રે એતો ગચ્છના ગણિ કહેવાય સાગરજી રે ... કોટડી ગામના – ૧
જન્મ સંવત ઓગણી એકતાલી, શ્રાવણ સુદ બીજ મનોહરી હાં રે એ તો ગચ્છના ગણિ કહેવાય સાગરજી રે – ૨
પિતા તેજપાલ માતા દેવકુંવર પૌત્ર લાલજી ભાઈના છે સુંદર હાં રે એ તો ગચ્છના ગણિ કહેવાય સાગરજી રે – ૩
ચોવિશ વરસના યુવાન થતા અસાર એવો સંસાર ત્યજતાં હાં રે એ તો ગચ્છના ગણિ કહેવાય સાગરજી રે – ૪
સંવત ઓગણી પાંસઠ સાલે અક્ષયતૃતિયાથી મહોત્સવ થાવે હાં રે એ તો ગચ્છના ગણિ કહેવાય સાગરજી રે – ૫
વૈશાખ શુકલ પાંચમી આવે સરખેજ ગામે રૂડી દિક્ષા થાવે હાં રે એ તો ગચ્છના ગણિ કહેવાય સાગરજી રે – ૬
એ જ સાલે વડી દિક્ષા થાવે જેઠ શુકલ ત્રીજના આનંદ આવે હાં રે એ તો ગચ્છના ગણિ કહેવાય સાગરજી રે – ૭ 10
ગૌતમસૂરિની સેવા એ કરતાં ગચ્છના પ્રશ્નોનો ઉકેલ આણતા હાં રે એ તો ગચ્છના ગણિ કહેવાય સાગરજી રે – ૮
ધર્મસાગરજી ખાંતિ સાગરજી શિષ્યો થયા ઘણા ઉમંગથી હાં રે એ તો ગચ્છના ગણિ કહેવાય સાગરજી રે – ૯
શિષ્ય થયા દાનસાગરસૂરિ શાસન પ્રભાવક ગચ્છના નૂરિ હાં રે એ તો ગચ્છના ગણિ કહેવાય સાગરજી રે – ૧૦
પ્રભાવક શિષ્ય ગચ્છપતિ રાયા ગુણસાગરસૂરિ જગમા ફેલાયા હાં રે એ તો ગચ્છના ગણિ કહેવાય સાગરજી રે – ૧૧
સંવત ઓગણીસ સતાણુ આવે ભૂજ શહેરમાં કાલધર્મ થાવે હાં રે એ તો ગચ્છના ગણિ કહેવાય સાગરજી રે – ૧૨
નીતિસાગરજીના ગુણલાં ગાતાં સર્વ સંઘો મલી બહુ હરખતા હાં રે એ તો ગચ્છના ગણિ કહેવાય સાગરજી રે – ૧૩

(૧૧૩) પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ ગુરૂપૂજા

શ્રી અંતરિક્ષ તીર્થમાં ૪૦ દિવસની સ્થિરતા દરમ્યાન શાશ્વતીઓળીની આરાધના – બે પ્રભુજીની ચલ પ્રતિષ્ઠા ધ્વજદંડ પ્રતિષ્ઠા–ત્રણ છોડનું ઉજમણું – ત્રણ મહાપૂજનો – દવાખાનાનુ ઉદ્‌ઘાટન – પૂ. આ. ગુણસાગરસૂરિ જ્ઞાન સંસ્કાર શિબિર (૨) વિ. અનેકવિધ કાર્યો સંપન્ન થયા. પાંચ સાધુ – પાંચ સાધ્વીજી – ૧૦ પૂજ્યોની નિશ્રામા પૂ. ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરિ મ.સા. ની દીક્ષા તિથિ 20
વિશિષ્ટ રીતે ઉજવી એવી ભાવના થવાથી શ્રી અંતરિક્ષ દાદાની પરમ કૃપાથી ગુરૂપૂજા રચવાની સ્ફૂરણા થઈ ૨ દિવસમાં ૧૪૧ ગાથા ૮ ઢાળમાં ગુરૂપૂજા રચાઈ ગઈ. આજે ઘણા સંઘોમાં દર મહિને કે દર વર્ષે આ ગુરૂપૂજા ભણાવાય છે. જેની રચના અતિ સરળ છે.

પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ પૂજા–રચના :- મુનિ સર્વોદયસાગર
'ઢાળ ૧લી' ના દુહા'

શ્રી અંતરિક્ષ પ્રભુપાર્શ્વને પ્રણમું કોટિવાર વિઘ્નહરા શ્રી ગુણસૂરિ વંદુ વાર હજાર।।૧।।
સરસ્વતિ માતને સ્મરીને,પૂજા રચું સુખકાર ભણે ભણાવે વિઘ્ન ટળે,થાયે બેડો પાર।।૨।।
શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ ।।૩।।
કચ્છમાં થયા કચ્છકેસરિ,કહું જીવન સંક્ષેપ અચલગચ્છ શિરતાજની,જાણજો સહુ લવલેશ ।।૪।।

'ઢાળ ૧લી' (રાગ : ગિરિવર દરિશન વિરલા પાવે

કચ્છ પ્રદેશને જાણજો ભાવે, દેઢીયા ગામમાં કુળ સોહાવે; પિતા લાલજી ભાઈથી શોભતા, 30
માતા ધનબાઈ ને શુભ સ્વપ્ન આવે શ્રી ગુણસાગરસૂરિ નમો ભાવે ।।૧।।

સંવત ઓગણીસો ઓગણસીત્તેર આવે, મહાસુદ બીજ બધાને બહુ ભાવે;
શુકમાં જન્મ ગાંગજીભાઈનો, ઘરમાં ઘણા ઓચ્છવ મંડાવે. શ્રી ગુણ ... ।।૨।।

બીજની પેરે એ વૃદ્ધિ પામતાં, સહુના મન આનંદિત થાવે;
થયા ચાર વર્ષના ગુરૂ પાસે લાવે, દીક્ષા આપો બાળને વિનવે માતાએ.શ્રી ગુણ.।।૩।।

ધોરણ ચારનો અભ્યાસ કરીને, પિતાને આજ્ઞા શીશ ચડાવે;
શરીરથી એ ધંધામાં રહેતા, મનથી ધર્મ ના પાઠ સંભારે. શ્રી ગુણ ... ।।૪।।

લઘુવયમાં શીતળાના ચેપથી, છમાસી રોગ એમને થાવે;
અસાર સંસાર ને એ જાણી, જળ કમળ વત્ એ ધ્યાન ધ્યાવે. શ્રી ગુણ ... ॥૫॥

અનુક્રમે બેભાન એ થયા જ્યારે, કર્મ સત્તાને આનંદ આવે;
મરણોત્તર ક્રિયા થઈ ત્યારે, ધર્મ સત્તાને ચિંતા સતાવે. શ્રી ગુણ ... ॥૬॥

જ્યારે પૂર્વ પુન્યોદય જાગ્યા, ગાંગજીભાઈ અંગને, ફરકાવે;
સગાસબંધી હર્ષિત થયા, ધર્મ નો જય જયકાર વર્તાવે. શ્રી ગુણ ... ॥૭॥

થયા એ વીશ વર્ષ ના ગુરૂજી, વેદનીય કર્મ સપાટો બોલાવે;
ધગ ધગતુ તેલ શરીરે પડયુંજી, તોયે નિયમ માં ચંચલતા નાવે. શ્રી ગુણ ...॥૮॥

તપ તીર્થ યાત્રા કરતા ભાવે, સંયમ યાત્રામાં મન લગાવે;
10 માત પિતાની અનુમતિ લેવા, મોહરાજા નેગુરૂજી રડાવે. શ્રી ગુણ.. ॥૯॥

એવા ગુરૂ નું નામ જ લેતા, સંસાર સાગર પાર ઉતારે;
સર્વ નો ઉદય કરવા કાજે, નવો જન્મ આ પૃથ્વી પર થાવે. શ્રી ગુણ ... ॥૧૦॥

કાવ્ય - મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી

भव्याना-मुपकारकं हितकरं, गच्छेन्नतिकारकं; वादींद्रं सुधियावरं गुणनिधिं, चारित्ररत्नाकरम् । सूरिश्री गुणसागरं कविगुरुं, कल्याण कल्पद्रुमं; वंदेऽहं तमशेषकारणपरं,सर्वोदयः सद्गुरुम् ॥१॥

મંત્ર

ૐ ह्रीँ શ્રી પરમ પુરૂષાય પરમ સૂરીશ્વરાય પરમ હિતકરાય પરમ વંદનીયાય પરમ પૂજનીયાય સંયમારાધકાય ઉત્કૃષ્ટપસ્વીવરાય અજ્ઞાનતિમિરછેદકાય પૂજ્ય અચલગચ્છાધિપતિ ગુણસાગરસૂરીશ્વરાય જલં–ચંદનં પુષ્પાણિ – વાસચુર્ણં – ધુપં – અક્ષતાન્ અષ્ટમંગલં દર્પણમ્ યજામહે સ્વાહા.

20 **ઢાળ ૨ ના દુહા**

દીક્ષા મળે ને ત્યાં સુધી, કરે એકાસન લગાર દ્રઢ વ્રતિ ગુરૂજી થયા, થાય જય જયકાર ॥૧॥ વિઘ્ન આવ્યું ત્યાં આંખમાં, પીડાનો નહિ પાર એલોપથી દવા માટે, થયો આગ્રહ મનોહાર ॥૨॥ વ્રત છોડાવવા ગુરૂજીને, મહાજન સહુ સમજાવે મેરૂ પરે નિશ્ચલ રહે, ધર્મ થકી રોગ જાવે ॥૩॥ ધર્મ સુત્રો યાદ કરાવવા, સહુ બાળકોને બોલાવે કચ્છ ગચ્છમાં ચેતના આણવા, ધર્મ ધ્વજ ફરકાવે ॥૪॥

॥ ઢાળ ૨ પૂજા ॥

(રાગ : પંચ પરમેષ્ઠિને ... પાસના દર્શનથી)

દેઢિયારે ગામમાં, ગાંગજી ભાઈની દીક્ષા થાય રે, દીક્ષાની અનુમતિ મળતાં, સગા સબંધિ બોલાવે રે ... દેઢીયા (૧)
દાદા ગૌતમ સાગરસૂરિ, મેડપૂર ગામ સોહાવે દીક્ષા આપવા વિનંતિ કરવા, ગાંગજીભાઈ જાવે રે ... દેઢીયા (૨)
શ્રી દાદાગુરૂની આજ્ઞાથી, દાન–નેમ મુનિ કચ્છ આવે સાજન–માજન ને તેડાવે, ઓચ્છવ રૂડા મંડાવે રે ... દેઢીયા (૩)
સ્વામી વાત્સલ્ય થાય ઘણા, સંઘપસ નો નાવે પાર મુમુક્ષુ વરસી દાન દેવા, ચડયા રથ મોઝાર રે ... દેઢીયા (૪)
30 તે કાલે તે સમયે સંવત, ઓગણીસ ત્રાણુ આવે ચૈત્ર વદ આઠમ ના દિને, દીક્ષા રૂડી થાવે રે ... દેઢીયા (૫)
રજોહરણ લેવા મનગમતા, દેવાદિ ઈર્ષા કરતા, ગુણસાગરજી નામ પડયુ ત્યારે, ગુરૂ નીતિના ગુણધારે ... દેઢીયા (૬)
લઘુ દીક્ષામાં વ્યાખ્યાનો આપે, સાંભળવા સહુ આવે, વિદ્વતા વ્યાખ્યાતા જોઈને, શ્રી સંઘ હર્ષિત થાવે રે ... દેઢીયા (૭)
ચાતુર્માસ ની વિનંતીઓ આવે, માંડવી સંઘ હરખાએ ત્રિપુટી મુનિવરોનો કચ્છમાં, પ્રથમ ચોમાસું થાવે રે ... દેઢીયા (૮)
વડી દીક્ષા માટે દાદાગુરૂ, જામનગર તેડાવે, એ સંવત ઓગણીસ પંચાણું, યોગદ્વહન કરાવે રે ... દેઢીયા (૯)
જ્ઞાન મેળવવાની લગની લાગે, પંડિતને ભણાવે સર્વ ઉદયના જીવનમાં, ચારિત્ર જ્યોત પ્રગટાવશે રે ... દેઢીયા (૧૦)

ઢાળ ૩ દુહા

આવશ્યક ક્રિયાઓ કરીને, સેવાનો નહિ પાર, ધર્મગ્રંથભણવા માટે, સમય નહિ લગાર ॥૧॥
આહાર નિહાર ના ગમને, સ્વાધ્યાય કરે અપાર; અષ્ટાધ્યાયી વ્યાકરણને કર્યો કંઠસ્થ સાર ॥૨॥
કવિ ચક્રવર્તિ થયા, જયશેખર સૂરિરાજ; કુમાર સંભવ કાવ્ય રચ્યું, સ્વહસ્તે મનોહાર ॥૩॥
સંધિ છેદ સમાસ ને, નવરસનો નહિ પાર;ધ્યાનથી ભણે ગુરૂજી એ,ભણાવવા અન્ય કાજ ॥૪॥

॥ ઢાળ ૩ પૂજા ॥

(રાગ : આજ મારા દેરાસરમાં)

ગુરૂઆજ્ઞાનું પાલન કરતાં,આનંદ થાય રે;આનંદ આનંદ થાય રે; આનંદ આનંદ થાય રે,
ભવ થી શીઘ્ર તરાય રે ...ગુરૂ૧

કચ્છ ભૂજની વિનંતી આવતા, દીક્ષા માટે જવાય રે; ઉવિહાર કરતાં કરતાં, આજ્ઞા ધમ્મો રટાય રે ... ગુરૂ ૨

જ્ઞાન સેવામાં પડયો અંતરાય, ખેદ ન મન માં લવાય રે; ગુરૂ કૃપા મેળવવા માટે, વચન તહત્તિ કરાય રે ... ગુરૂ ૩

કચ્છના સંઘોની વિનંતીથી, સાહેબથી કચ્છમાં જવાય રે; ગુરૂદેવ નીતિસાગરની, જીવનલીલા સંકેલાય રે ... ગુરૂ ૪

દાદાગુરૂ ને સાંત્વન આપે,નવ્ય ગ્રંથો રચાય રે સંસ્કૃત પદ્યરચના જુએ, દાદા હર્ષિત થાય રે ... ગુરૂ ૫

સંવત ઓગણીસ અઠ્ઠાણું એ, મેરાઉમાં અવાય રે; વાચક પદ ને આપવા માટે, સંઘથી વિનંતી કરાયરે ... ગુરૂ૬

વિનંતીનો સ્વીકાર થયોને, મહોત્સવ રૂડા માંડયા રે; ભાગ્ય જાગ્યા મહાસુદી પાંચમે, શ્રી સંઘ હર્ષિત થાય રે ... ગુરૂ ૭

સ્તુતિ ચોવીશી, શ્રીપાલ ચરિત્ર, સંસ્કૃતમાં બનાવાય રે; જૈન આગમનું વાંચન કરતાં, અધ્યાપન કરાવાય રે ... ગુરૂ ૮

સંવત બે હજાર નવની સાલે, દાદાગુરૂ સૂરિવર થાય રે ત્યાથી તપસ્વી સમતાને ધારે, વીરની પાટ શોભાય રે ...ગુરૂ૯

દેવ ગુરૂની પરમ કૃપાથી, ધર્મ ઉદ્યોત કરાય રે; સર્વનો ઉદય કરવા કાજે, ગુરૂથી રાહ જોવાય રે ... ગુરૂ ૧૦

ઢાળ ૪ થી દુહા

અચલગચ્છાધિપતિ, ગૌતમસાગરસૂરિ, સ્થાયી થવા ભૂજ પધારો, વિનવે સંઘ કર જોડી ॥૧॥
ગુરૂદેવે કર્યો વિહાર, ગુરૂ ગોયમ પરિવાર; ભાવે થયો સત્કાર, સંઘનો હર્ષ અપાર ॥૨॥
સમતાધારી દીર્ઘ સંયમી, ગોયમ ગુરૂ ખમાવે; ગચ્છનો ભાર પૂર્વે સોંપી, ગોયમ સ્વર્ગે સિધાવે ॥૩॥
વીસમી સદીના મહા સિતારા, ગચ્છના તારણહારા; શાસનનાં જય જય કારા, સંઘ નમે કોટીવારા ॥૪॥

॥ ઢાળ ૪ પૂજા ॥

(રાગ : વ્રત સાતમે વિરતિ આદરૂ રે લોલ)

મુંબઈ સંઘની વિનંતી આવતા રે લોલ, પધારો સુખે હ્રય મુનિરાજજો;
સૂરિપદથી અલંકૃત કરવા રે લોલ, વિહાર કરે મુનિ સાથ જો.
ચાલો ચાલો ગુણસૂરિજીને વાંદવા રેલોલ ... (૧)

સંવત બે હજાર અગ્યારની સાલમારે લોલ,કરે ચાતુર્માસ લાલવાડી જો;
વ્યાખ્યાનોમાં પર્ષદા ઉમટે રે લોલ, પ્રશ્નોતરી તપસ્યા થાય જો.ચાલો..(૨)

પિસ્તાલીસ આગમ તપ થાયરે લોલ,અષ્ટાહ્નિકા મહોત્સવ મંડાય જો;
દીક્ષા લેવા પ્રતિજ્ઞા ભાવિકો કરે રે લોલ, સકલ સંઘ આનંદિત થાય જો. ચાલો ...(૩)

સંવત બે હજાર બારની સાલમાં રે લોલ, મુંબઈ પાલાગલી મોજાર જો;
સૂરિપદ દેવા શ્રી સંઘો હરખે રે લોલ, દાન દેવાય ને ગુણ ગવાય જો. ચાલો ... (૪)

સુંદર મહોત્સવ સૂરિપદનો થયો રે લોલ, ઘર ઘરમાં મંગલ વરતાય જો;
અચલગચ્છમાં થયો વિકાસથી રે લોલ, ગુરૂ ગૌતમના પટ્ટધર થાય જો ... (૫)

સૂરિપદના પ્રથમ પ્રવચન થકી રે લોલ, દશે દિશાઓ ગુંજતી થાય જો;
તેડાં આવ્યા અન્ય આચાર્યોના રે લોલ; જૈન એકતાની ચાવી પૂછાય જો. ચાલો...(૬)

સૂરિવરનું મુલુન્ડ ચાતુર્માસ થયું રે લોલ, વીર જન્મે શ્રીફળ બંધ કરાયજો;
પ્રવચનો ઘણા પ્રભાવક થયા રે લોલ, સાચી સમજ ને જ્ઞાન અપાયજો. ચાલો ... (૭)

કચ્છી વિસા મહાજનની વિનંતી એ લોલ, જિન બિંબોની પ્રતિષ્ઠા થાયજો;
ધન્ય બન્યું એ લાલવાડી સંઘ રે લોલ, ચાતુર્માસ પ્રભાવક ઘણાય જો. ચાલો ... (૮)

જિન શાસનની ખૂબ પ્રભાવનારે લોલ, દીક્ષા ગુરૂથી મુંબઈમાં કરાય જો;
ભગવતી સૂત્ર એક શબ્દ ઉપરે રે લોલ, પાંચ માસ પ્રવચન થાય જો. ચાલો ... (૯)

કચ્છ ગચ્છના અભ્યુદય માટે રે લોલ, વિદ્યાપીઠની ટહેલ મુકાય જો;
સર્વનો ઉદય કરવા તત્પર થયા રે. લોલ, ગુરૂથી અંતરાય કર્મ જોવાય જો. ચાલો ... (૧૦)

ઢાળ ૫ દુહા

મુંબઈથી વિહાર કરે, કચ્છ પ્રદેશ મોજાર; વિનવે મુંબઈ સંઘ ઘણા, વિદ્યાપીઠ ને કાજે ॥૧॥
કોડાય ગામમાં આવીયા, કરવા ચોમાસું આજ; પ્રાચીન હસ્તપ્રત કાઢીયા, વ્યવસ્થિત કરે સમાજ ॥૨॥
પ્રચાર કર્યો વિદ્યાપીઠ તણો ગામે ગામ ફરીને; આવ્યા મેરાઉ ગામે ગુરૂ, ચાતુર્માસ કરીને ॥૩॥
સ્વપ્ન સાકાર થયુ તિંહા, ગુરૂવર હરખે અપાર; ગચ્છનો અભ્યુદય જિંહા, હવે ન વાર લગારા ॥૪॥

॥ ઢાળ ૫ ॥

(રાગ : હે નાથ તમારા ...)

જ્ઞાનના એ દિવડા, ગુણસાગરસૂરિરાયા રે, અચ્છલગચ્છ ના મહા સિતારા, શાસનમાં પંકાયા રે જ્ઞાન ... ૧
કચ્છી સમાજને બનાવવા જ્ઞાની,સૂરિવર કરે પુરૂષાર્થ રે; વિદ્યાપીઠના માધ્યમથી, બાળકો આવે અપાર રે જ્ઞાન ...૨
સંસ્કૃત પાકૃત પાઠ શિખાવે, ધાર્મિક જ્ઞાન અપાવે રે; વ્યવહારિક અભ્યાસને સાથે, હોશથી ગુરૂજી કરાવે રે જ્ઞાન...૩
પ્રતિક્રમણ ઉભયટંક કરાવે, પ્રભુજીની પૂજા થાય રે; પક્ખી પર્વના દિવસે પૌષધ, શ્રાવકાચાર શિખાવે રે જ્ઞાન ... ૪
ચૌદ નિયમ ચઉવિહાર કરતા, તપમાં અગ્રેસર રહેતા રે; શાસ્ત્રીનું એ શિક્ષણ આપતા, સંસ્કૃતિને રક્ષતા રે જ્ઞાન... ૫
નવસ્મરણના પાઠ કરાવે, સમાજમાં ચેતના લાવે રે; સંસારનેઅસાર બતાવે, ત્યાગી સંસ્થા બનાવે રે ... ૬
પ્રતિષ્ઠા દીક્ષા આપવા માટે, સૂરીશ્વર કરતાં વિહાર રે; શાસનના સર્વ કાર્યો સમેટે, આવતાં વિદ્યાપીઠ મોઝાર રે જ્ઞાન...૭
અચલગચ્છનું થયુ અધિવેશન, ભદ્રેશ્વર તીર્થમાંય રે; નિશ્રા આપવા સૂરિજી પધારે,ગચ્છનો વિકાસ ચર્ચાય રે જ્ઞાન...૮
થયો અભ્યુદય વિદ્યાપીઠ થકી, એમાંન શંકા રખાય રે; કલા કવિને વીરની જોડી, કચ્છ પ્રદેશમાં ગવાય રે જ્ઞાન...૯
અનુક્રમે થયા અણગારો, સૂર્ય–હરિ હર્ષ ન માંય રે; સર્વનો ઉદય કર્યો ગુરૂજી, વિદ્યાપીઠને ચાંદ લગાય રે જ્ઞાન ... ૧૦

ઢાળ ૬ઠ્ઠી દુહા

વિદ્યાપીઠ બે સ્થાપી કરી, કરે ઉગ્રવિહાર; ધ્વજ પ્રતિષ્ઠા માટે સૂરિ, આવ્યા ભૂજ મોઝાર ॥૧॥
સકળ સંઘ વિનંતિ કરે, ગુણોદય સાગરજી માટે; પાઠક પદ આપી કરો, શાસન સેવા કાજે ॥૨॥
માને નહિ એ મુનિવર, કરજોડી સંઘ સમજાવે; ગુરૂ આજ્ઞા તહત્તિ કરે, શ્રી સંઘ હર્ષિત થાવે ॥૩॥
સૂરિ મરૂભૂમિ એ ગયા, શાસન ના કાર્યો કરાય; તીર્થ સ્પર્શી પાવન થયા, સુવર્ણ પૃષ્ઠોથી અંકાય ॥૪॥

॥ ઢાળ ૬ઠ્ઠી ॥

(રાગ : આ તો લાખેણી લજ્જા)

આ તો રાજસ્થાની ભૂમિ કહેવાય, પધારો ગુરૂવરજી, જિન શાસનના કાર્યો મંડાય, બીરાજો સૂરિશ્વરજી ... આતો (૧)

ભિન્નમાલનું ઐતિહાસિક સામૈયું થાએ, નાકોડાજી તીર્થની યાત્રાએ જાયે; બાડમેરથી વિનંતિ કરાય ... પધારો ... (૨)

વરસો પૂર્વે ધર્મમૂર્તિ સૂરિથી અવાય, ઉપદેશથી સંઘ જિનાલય બંધાય; રૂડી પાર્શ્વજિન પ્રતિષ્ઠા થાય ... પધારો ... (૩)

ગુરૂ નિશ્રાએ વીર કલ્યાણ ઉજવાય, અક્ષયતૃતીયા માટે ફરી વિનંતિ થાય; લાભ આપે શ્રી સંઘ હરખાય ... પધારો ... (૪)

ગુરૂવરનો કચ્છ પ્રતિ વિહાર થાય, સંઘ વિચારે આ પુણ્ય ગંગા રે જાય; ચોમાસા વિના પવિત્ર ના થવાય ... પધારો ... (૫)

પૂજ્ય શ્રીના ચરણે સંઘ આવ્યો દોડી, ઉપવાસ કરશું મીઠી ધમકી ઉચરી; ચાતુર્માસની જય બોલાય ... પધારો ... (૬)

સંવત બે હજાર બત્રીસની સાલે, ચાતુર્માસ કરાવ્યુ શ્રી સંઘ ભારે; પાંચ જિનાલય નવા કરાવાય ... પધારો ... (૭)

૬'રી સંઘની ગુરૂજીને વીનંતિ આવે, મુહુર્ત મોકલે સંઘવી આનંદીત થાવે; પુન્ય પુરૂષના પુનિત પગલા થાય...પધારો..(૮) 10

પૂજ્યશ્રી ના હાથે કાર્યો થયા ઘણા, તીર્થોદ્ધાર ને ૬'રી સંઘ દીક્ષા તણા, જેમ આકાશે ન તારા ગણાય ... પધારો ... (૯)

અચલગચ્છમાં ગચ્છપતિ થયા બહુ, સર્વ કાર્યોથી સૂર્ય સમ દીપે ગુરૂ; સર્વોદયથી ગુણલા ગવાય ... પધારો ... (૧૦)

ઢાળ ૭મી દુહા

કચ્છમાં પધારે ગુરૂજી, સૂરિપદ દીક્ષા થાવે, અંજન પ્રતિષ્ઠાના સંઘ, નિમંત્રણો મોકલાવે ॥૧॥
શ્રી શત્રુંજય શિખરજી તીર્થે, જિનબિંબો પ્રતિષ્ઠાવે, મુંબઈ પ્રતિ વિહારી કરી, શાસન પ્રભાવક કહાવે ॥૨॥
દશ વર્ષના ઈતિહાસમાં, કર્યા અનેક કાર્યો રવિસમ ગચ્છમાં ચમકયા,મનમાં ગુરૂને સંભારો ॥૩॥
લખતા થાકે સરસ્વતી, વાંચતા થાકે આંખ સાંભળજો સંક્ષેપથી, ગુરૂ ગુણના ગુણગાન ॥૪॥

॥ ઢાળ ૭મી ॥

(રાગ : મન મોહન મેરે)

ગુરૂ ગુણ સૂરિજીને નમો મનમોહન મેરે, થયા તપસ્વી ભંડાર રે મનમોહન મેરે, વરસ સુડતાલીસ એકાશન (મન) 20
નવ વરસીતપ કરનાર રે (મન) ... (૧)

ચૌમાસી તપ પણ કર્યા (મન) પંચમી નવપદ ધારે રે (મન) પંચ પરમેષ્ઠિ ખમાવવા (મન) પ્રણિપાત કરનાર રે (મન)...(૨)

અલ્પ નિદ્રાળુ ગુરૂ થયા (મન) શાસન સેવા કાજ રે (મન) ભીંતે ન ટેકે બેસનાર (મન) અલ્પ ઉપધી રાખનાર રે (મન)..(૩)

રોગ થાય કરે ઉપચાર (મન) લોટ માટી પાણી મનોહાર રે (મન) સહનશીલતા અતિઘણી(મન)
તકલીફ કોઈને ન દેનાર રે(મન)(૪)

પાંસઠ શિષ્ય પ્રશિષ્ય થયા (મન) બસો સાધ્વી સમુદાય રે (મન) ત્રણ લાખ શ્રાવક શ્રાવિકા (મન) સંઘોનો નહી પાર રે (મન)
... (૫)

શીખરજી વીશ જિનાલય થયા(મન)સમય ચાર માસ લગાર રે(મન) બહુંતેર જિનાલય દંતાણી (મન)
પ્રેરણા આપી અપાર રે(મન)(૬)

અંજન શલાકા આઠ થઈ (મન) અનેક પ્રતિષ્ઠા કરાવનાર રે (મન) જિન બિંબો ભરાવ્યા અનેક(મન) 30
ધાતુ બિંબોનો નહિ પાર રે(મન)(૭)

કચ્છ–શિખરજી–સિદ્ધાચલ(મન) સંઘોમાં નિશ્રા આપનાર રે(મન) નાનામોટા ૬'રી સંઘ(મન)
ઐતિહાસિ પ્રભાવક કાર રે(મન)..(૮)

પ્રાચીન સાહિત્ય પ્રગટ કર્યું (મન) અર્વાચીન પણ અપાર રે (મન) રચના સંસ્કૃતની ગદ્ય–પદ્ય(મન)
શ્લોક પચ્ચીસ હજાર રે(મન)(૯)

ગુર્જર સાહિત્ય લાખ શ્લોક (મન) એકસો પચ્ચીસ ગ્રંથકાર રે (મન) શીઘ્ર કવિનું બિરૂદ પામ્યા(મન)
રચનાઓ સરલ જાણ રે(મન)(૧૦)

અધિવેશનો વિદ્યાપીઠો (મન) સાધર્મિક જીવદયા કાર રે (મન) જિન મંદિરો ઉપાશ્રય માટે(મન)
પચ્ચીસ કરોડ ખર્ચાવનાર રે(મન)(૧૧)

છોડ ઉજમણા કેટલા થયા (મન) પૂજનોનો નાવે પાર રે (મન) મહોત્સવો પૂજ્યની નિશ્રામાં થયા (મન)
મસ્તકવાળ પ્રમાણ રે (મન)(૧૨)

આર્ય કલ્યાણગૌતમસૂરિ(મન) શતાબ્દિએ કાર્યો કરાવનાર રે(મન) પાઠશાળા પરિષદ્ શિબિરો(મન)
ધર્મ માર્ગે વાળનાર રે (મન)(૧૩)

પાંચ વરસમાં થયા વિહાર(મન) પંદર હજાર કી.મી. માન રે(મન) ઉગ્ર વિહારનું બિરૂદ પામ્યા (મન)
બાર રાજ્યો વિચરનાર રે (મન) (૧૪)

શિષ્યોને વાચના આપી (મન) સંયમ લક્ષી કરનાર રે (મન); કરાવ્યા યોગદ્વહન (મન); સ્વહસ્તે પદવી દેનાર રે (મન)(૧૫)

થાય જૈન એકતા માટે (મન) પ્રયત્નો ઘણા કરનાર રે(મન); પૂર્ણ સફળતા ન મળી(મન) મનમાં ન ખેદ ધરનાર રે (મન)(૧૬)

જ્યોતિષમાં પારંગત થયા (મન) ધર્મ કાર્યે મુહુર્ત કાઢનાર રે (મન); ભક્ત લલચાવે ગુરૂજીને (મન);
નિયમમાં અડગ રહેનાર રે(મન)(૧૭)

શ્રી સૂરિ મંત્રનો જપ કરતાં (મન) મંત્ર વિદ્યાને જાણનાર રે (મન); ઉપસર્ગો આવ્યા શાસને ઘણા (મન)
એને ગુરૂજી નિવારનાર રે (મન) (૧૮)

એવા ગુરૂદેવ સંભારતા (મન) ચતુર્થ કાલ યાદ આવનાર રે (મન); ત્યાગી તપસ્વી સંયમી (મન)
મહાભાગ્યે મળનાર રે (મન).. (૧૯)

સંક્ષિપ્તે લખ્યુ જીવન કથન (મન) ગુણોનો નાવે પાર રે (મન); સર્વોદય બોધીબીજ માંગે(મન);
મુક્તિ મંજીલ પહોંચાડનાર રે(મન) (૨૦)

ઢાળ ૮મી દુહા

ઉગ્ર વિહાર કરી ગુરૂ, મુંબઈ શહેર પધારે; પ્રભાવક કાર્યો થયા ઘણા, સંઘ હરખે ભરાયે ॥૧॥
ચાલીસ ઉપાશ્રયો થયા, બીજા કાર્યો અનેક; મહાછ'રી બે સંઘો નીકળ્યા, શીખરજી સિદ્ધાચલેસ ॥૨॥
દાનની નદીયો વહાવી, વચનસિદ્ધ મનોહાર; સાધર્મિકના વહારે થઈ, લગ્ન ખર્ચ તોડનાર ॥૩॥
(૭૨) જિનાલય ચાતુર્માસ કરી આવ્યા તિરૂપતીમાંય; તનમાં વ્યાધિ મનમાં સમાધિ,(કર્મ) હીસાબ ચુકતે કરનાર ॥૪॥

॥ ઢાળ ૮મી ॥

(રાગ : પારેવંડા જાજે ...)

ગુરૂજી આપે વિદાય લીધી શું ? વિચારતા, સહુ રડે ગુણોને યાદ કરતાં ... ગુરૂજી (૧)
સમકિતના દાન દીધા ઘણાને, કર્યા ઉપકારો ન વિચારતા ... ગુરૂજી (૨)
જ્ઞાનની ગંગોત્રીઓ આપે વહાવી, ટળી ન અમારી અજ્ઞાનતા ... ગુરૂજી (૩)
ચારિત્ર આપી આપ સુકાની બન્યા, કેમ ન ફાવ્યા (અમને) નભાવતા ... ગુરૂજી (૪)
ચતુર્વિધ સંઘને માત જેમ રક્ષતા, કયાં ગઈ આપની ઉદારતા ... ગુરૂજી (૫)
વાત્સલ્ય ઝરણા ઘણા વહાવ્યા, ફરી કયાંથી આવી નિષ્ઠુરતા ... ગુરૂજી (૬)
ઔશીષ આપના મેળવવા માટે, કયાં જઈ કરીએ શી વારતા ... ગુરૂજી (૭)

બહુંતેર જિનાલયનું ઉપદેશ આપ્યું, કરવી હતી આપને પ્રતિષ્ઠા ... ગુરૂજી (૮)
અહો ... અહો ... પૂન્ય અમારા ખૂટયા, ગુણ સિંધુ વિના ટળવળતા ... ગુરૂજી (૯)
સંવત બે હજાર ચુમ્માલીસ સાલે, ગોઝારો ભાદર માસ આવતા ... ગુરૂજી (૧૦)
જિનશાસનનો તેજસ્વી તારલો, ગચ્છનો દીપક બુઝાઈ જાતા ... ગુરૂજી (૧૧)
ચતુર્વિધ સંઘ આપને ઝંખી રહ્યો છે, પાપોદયે આવી નિરાધારતા ... ગુરૂજી (૧૨)
સદ્‌ગુરૂ શોધવા કયાં અમે જઈએ, મૌન રહ્યા કાં નથી બોલતાં ... ગુરૂજી (૧૩)
સકલ સંઘ ને આપ શાને રડાવો, સર્વોદયને જુવો મલકતા ... ગુરૂજી (૧૪)
ગુરૂ વિરહે ગુરૂ પૂજા બનાવી, કૃપામાં ન કરો કંજુસતા ... ગુરૂજી (૧૫)

કળશ

(રાગ : જન ગન મન ... ચલતીમાં ગાવાનું)

ગાયા ગાયા ગાયા ગાયા, ગુણસૂરિના ગુણ ગાયા; કલિકાલ કલ્પતરૂ, કચ્છ કેસરી અચલગચ્છપતિ રાયા; જિન શાસનનાં મહાસિતારા; શાસન સમ્રાટ કહાયા. ગાયા ગાયા ગાયા ગાયા ગુણસૂરિના ગુણ ગાયા ...(૧)

આદ્યગચ્છપતિ આર્યરક્ષિતસૂરિ; વિધિપક્ષ ગચ્છ પ્રતિષ્ઠાયા; તત્ત પટ્ટધર જયસિંહસૂરિથી, લાખો ક્ષત્રિયો બોધાયા.ગાયા...(૨)

મહેન્દ્રપ્રભ – મેરૂતુંગસૂરિ જેઓ મંત્રવાદિ પંકાયા; ધર્મમૂર્તિ – કલ્યાણસાગરસૂરિ, ગચ્છ ગગને લહેરાયા. ગાયા ... (૩)

અચલગચ્છપતિ પરમ ત્યાગી, મહાતપસ્વી રાયા; ગૌતમસાગરસૂરિ જેમણે, ગચ્છમાં ડંકા બજાયા. ગાયા ... (૪)

તત પટ્ટધર ગુણસાગરસૂરિ, જિન શાસનમાં છવાયા, મુક્તિ નગરનાં મહા ફિરસ્તા, મુક્તિ માર્ગ બતાયા. ગાયા... (૫)

અચલગચ્છની ચાર જોડીઓ, ગચ્છમાં ચાંદ ચમકાયા; સેંકડો વરસના આંતરે થયા, પટ્ટાનું પટ્ટે સવાયા. ગાયા ... (૬)

સંવત બે હજાર આડત્રીસે ગુરૂ, અંતરીક્ષ તીર્થે આયા; તીર્થ વિકાસમાં પ્રેરણાં આપી, શાંતિ મંત્ર બતાયા. ગાયા ... (૭)

ગુરૂ વિરહે મુંબઈથી વિહાર કરી, વિદર્ભ પ્રદેશ આયા; પ્રતિષ્ઠા ૬'રી સંઘ દીક્ષાના કાર્યો, ગુરૂકૃપાએકરાયા.ગાયા.. (૮)

સંવત બે હજાર છેતાલીસ સાલે, શાશ્વતી ઓળી કરાયા; દશ પૂજ્યોની નિશ્રા મળતાં, આનંદ મંગલ ગવાયા. ગાયા ... (૯)

સર્વ–ઉદય–ચારિત્રરત્નસાગર, જય જયકાર કરાયા; ત્રેપનમી દીક્ષા એ બે દિનમાં, પૂજા એ તીર્થમાં બનાયા. ગાયા ... (૧૦)

ગુણસાગરસૂરિ જ્ઞાન સંસ્કાર, શિબિરમાં નિશ્રા અપાયા; જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી, આશાતના નિવારાયા. ગાયા(૧૧)

ધ્વજદંડ પ્રતિષ્ઠા ઉદ્‌ઘાટન કરાયા, પૂજનો–છોડ–રખાયા, ચતુર્વિધ સંઘમાં એ પૂજા ભણાવી, અંતરિક્ષે આનંદ છાયા. ગાયા(૧૨)

(જય હો, જય હો, જય હો. ગુણસૂરિની જય હો.)

प्रशस्ति

पाली–पतन–दीपको जगगुरुः श्री गौतमाम्भोनिधिः तत्पट्टे गुणसिंधुसूरिरभवत् गच्छेऽंचले (छेऽचले) नायकः।
तच्छिष्येण मयांऽतरीक्षनगरे सर्वोदयेनाऽब्धिना पार्श्वांङ्घ्रिप्रणतेन लब्धकृपया प्राचाम्लश्रेण्यां शुभे ।। ।।
वर्षेखंडदिशा वियद्युगतमे मासोत्तमे चैत्रके रम्यां गुर्जरभाषया विरचिता पूजागुणाब्धेः गुरोः।
भूयान्मोक्षकराऽवनौ सुखकार तत्पाठकेभ्यः सदा पूजेयं प्रददातु पूज्य पदवीं यावत् पतङ्गः शशी।। ।।

ગુરૂની આરતી

ૐ ગુણસિન્ધુસૂરિ; ૐ ગુણસિન્ધુસૂરિ; આરતી ઉતારું તારી, (૨) આશ કરો પુરિ ૐ ... (૧)

દેઢિયા ગામમાં જનમિયા, શાસનના શણગાર; માતને દીક્ષા આપી (૨) કર્યો અગણિત ઉપકાર ૐ ...(૨)

પાર્શ્વનાથ જન્મભૂમિ, વારાણસી નગરી; સંપ કરાવ્યો આપે (૨), શાસનની સેવા ખરી ૐ ... (૩)

કાંકદી તીર્થે આવ્યા, પુષ્પદંત કલ્યાણક; પ્રતિષ્ઠા કરાવી આપે (૨), જય મંગલ કારક ૐ ... (૪)
બાલ બ્રહ્મચારી રહ્યા, આપ ગચ્છને ચમકાયા; જ્ઞાન ક્રિયામાં મસ્ત (૨), મોક્ષ માર્ગ બતાયા ૐ ... (૫)
આરતિ દિવો ગુરૂના, ગુરૂ પૂજા સરલ કરી મુનિ સર્વોદય માગે (૨), ગુરૂ કૃપા જરી ૐ ... (૬)

દીવો

દીવો દીવો દીવો રે, ગુરૂ જગનો દીવો રે; ગુણસાગરસૂરિ ... રે, નિત્ય ઘણું જીવો રે દીવો (૧)
પંચમહાવ્રતનાં આપ પાલનહારા, છકાય જીવના રક્ષણહારા ... દીવો (૨)
પાંચ ઈન્દ્રીયો કાબુમા લેનારા, બ્રહ્મચર્યને ધારણ કરનારા ... દીવો (૩)
પાંચ સમિતિને આપ જોનારા, કષાયના નિગ્રહ કરનારા ... દીવો (૪)
પાંચ આચાર આપે પાળ્યા, અચલગચ્છને ખૂબ અજવાળ્યા ... દીવો (૫)
પંચત્વમાં આપ મ્હલી ગયા, સર્વોદયને આપ છોડી ગયા ... દીવો (૬)

પ્રશસ્તિ

કલિકાલ કલ્પતરૂ – જંગમ યુગપ્રધાન – અચલગચ્છાધિપતિ પ.પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ના શિષ્યરત્નો પ.પૂ. મુનિરાજશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. પ.પૂ. મુનિરાજશ્રી ચારિત્રરત્નસાગરજી મ.સા. (બાપામા.સા.) ની પ્રેરણાથી આ ગુરૂપૂજાની રચના આકોલા–મહા. પાસેના શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થધામમાં પૂર્ણ થઈ છે.

।। ઉદયો ભવતુ સર્વેષામ્ ।।

ખંડ - 3 ગૌણ પરંપરા

(૧૧૪) શ્રી રત્નસાગર ઉપાધ્યાય ગુરૂ ગુણ ચોવીશી ભાવાર્થ

સાધ્વીશ્રી ગુણશ્રીજીએ સંવત ૧૭૨૧ માં કપડવંજ ગામે ચોવીશીની રચના કરી છે. તેમાં મહોપાધ્યાય શ્રી રત્નસાગરજીનું જીવન ચરિત્ર ગુંથ્યું છે.

પ્રારંભમાં શારદાદેવીને નમસ્કાર રૂપ મંગળ કરીને કચ્છ પ્રદેશમાં જખૌ ગામે નાગડા ગોત્રીય લઘુ ઓશવાળ શ્રી આસુ શેઠ રહે છે. તેમની ગુણીઅલ પત્ની કરમા છે. વિ.સં. ૧૬૨૬ પોષ દશમી (માગશર વદ ૧૦) એ પુત્ર રત્ન જન્મ્યો. રતનશી નામ પાડયું. પુત્રની ૭ વર્ષની ઉંમર થતાં માતા–પિતા સ્વર્ગવાસી થયા. વિ.સં. ૧૬૩૫માં પૂ.આ. શ્રી ધર્મમૂર્તિસૂરિ જખૌ બંદરે પધારતા કાકાએ રતનશીને આચાર્યશ્રીને સોંપ્યા. વિ.સં. ૧૬૪૧ મહાસુદ બીજના દીવ બંદરમાં દીક્ષા થઈ. શ્રી રતનસાગરજી નામ સ્થાપ્યું, અને આગમ અભ્યાસ કરાવ્યો. વિ.સં. ૧૬૪૪ અક્ષયતૃતિયાના વડી દીક્ષા થઈ ત્યારે આ. શ્રી કલ્યાણસાગરસૂરિજીના શિષ્ય તરીકે જાહેર થયા. (પૂ.આ. શ્રી કલ્યાણસાગરસૂરિજી મ.સા. ની દીક્ષા વિ.સં. ૧૬૪૨માં થઈ તથા અચલગચ્છના પ્રથમ શ્રાવક યશોધનના પૂજ્યશ્રી વંશજ હતા.) વિ.સં. ૧૬૪૮માં પૂ. રત્નસાગરજીને મુનિ નાયક બનાવ્યા. તથા ગુરૂએ વિદ્યામંત્રો આપ્યા.

શુદ્ધ સંયમને પાળતા એવા પૂજ્યશ્રીની નિશ્રામાં શેઠ સરૂપચંદ મીઠડીયાએ સુરત મુકામે વિ.સં. ૧૬૫૪ ફાગણસુદ ૩ ના ૧૩ જિનબિંબો ભરાવ્યા. રૂા. ૧૦,૦૦૦/– ખર્ચી ને લ્હાવો લીધો.

વિ.સં. ૧૬૫૫ માં રાધનપુરથી શ્રી શંખેશ્વર તીર્થનો ૬'રી પાળતો સંઘ નીકળ્યો. તેનો લાભ બુહડ ગોત્રી, બારવ્રત ધારી શ્રાવક મેઘજી એ લીધો. ચૈત્ર શુદ ૧૩.(શ્રી મહાવીર જન્મ કલ્યાણક) ના દિવસે સંઘ જમણ કર્યું. એજ વરસે પૂજ્યશ્રીની નિશ્રામાં ખંભાત – ભરૂચમાં જિનબિંબોની પ્રતિષ્ઠાઓ થઈ. પાલણપુરના નવાબની બેગમનો છ માસીઓ તાવ મંત્ર દ્વારા દૂર કર્યો. જેથી ઘણીજ શાસન પ્રભાવના થઈ. એમ અનેક વિધ શાસન પ્રભાવના કરતા વિ. સં. ૧૭૨૦ ના કપડવંજ મુકામે જન્મતિથિએ જ કાળધર્મ પામતા પૂજ્ય શ્રી સ્વર્ગે સંચર્યા.

સાધ્વી શ્રી ગુણશ્રીજીએ વિ. સં. ૧૬૫૫ પછીની ૬૫ વર્ષની કોઈઘટનાઓનો ઉલ્લેખ કર્યો નથી.

તથા વિશેષ મહત્વની વાત પૂ. મહો. રત્નસાગરજી મ. સા. પૂજ્ય શ્રી આ. કલ્યાણસાગર સૂરિ મ. સા. થી ૭ વર્ષ પહેલા જન્મ્યા ૧ વર્ષ પહેલા દીક્ષા લીધી અને બે વર્ષ બાદ કાલધર્મ પામ્યા છે.

(૧૧૪) શ્રી રત્નસાગરોપાધ્યાય ગુરૂગુણ ચોવિશી

કર્તા : સાધ્વી ગુણશ્રીજી **રચના સં. ૧૭૨૧**

સરસ્વતી દેવી પાય નમીને, ગુરૂગુણ ગાઓ રંગે; હો વાલા મારા;
મનમાયેં અતિ ઉલટ આણી, રીએ જે સદ્‌ગુણ સંગે; હો ભવિકા; ગુરૂ૦ ૧

રતનસાગરજી ઉપાધ્યાયના, ગુણ ગાઉં હું ભાવે; હો વાલા૦
પરભાવક જે જગમાં મોટા, અંચલગચ્છને સોહાવે; હો ભવિકા. ગુરૂ૦ ૨

કચ્છ દેસમાં જખ્ખૂ ગામે, લઘુ ઓસવાલ તણી નાતે; હો વાલા૦
નાગડા તણું ગોત્ર સોહાવે; હો ભવિકા. ગુરૂ૦ ૩

આસુ નામે તિહાં શેઠ વસે છે, સાવકામાં સિરદાર; હો વાલા મારા;
તેહ તણી કરમાં છે નામે, ભારજા ગુણગણ સાર. હો ભવિકા. ગુરૂ૦ ૪

સંવત સોલને છવીસ સાલે, પોસ દશમ તિથિ સારી; હો વાલા મારા;
કરમાએ ઈક સુતને આપ્યો, જનમ તિજ મનહારી. હો ભવિકા. ગુરૂ૦ ૫

રતનસી તસ નામ તે દીધો, માતાપિતાએ સારો; હો વાલા મારા;
બાલક પણ તે બાલપણાથી, લાગે જનોને પ્યારો. હો ભવિકા. ગુરૂ૦ ૬

સાત વરિસ જમ વીત્યાં તિણના, માત પિતા પરલોકે; હો વાલા મારા;
દૈવજોગે ગીયા કરમતણી અહીં, કુણ ગતિને રોકે. હો ભવિકા. ગુરૂ૦ ૭

ઈ હવે સોલ પેંતીસની સાલે, ધરમુરતિસુરિ રાયા; હો વાલા મારા;
જખ્ખુ બિંદરમાં ઈ પધાર્યા, ભવિજણને સુખદાયા. હો ભવિકા. ગુરૂ૦ ૮

કાકે તે ગુરૂવરને આખ્યા, રતનસીને ભાવે; હો વાલા મારા;
ગુરૂ પણ તિમને સાથ લઈને, તિયાંથી વિચરી જાવે. હો ભવિકા. ગુરૂ૦ ૯

પછી સોલ ઈગતાલીસ સાલે, માઘ સુકલ બીજ સારી; હો વાલા મારા;
ગુરૂવરજી એ દીક્ષા આપી, દીવબિંદિરે સુખકારી. હો ભવિકા. ગુરૂ૦ ૧૦

રતનસાગરજી નામ ઠેવીને, આગમ ગુરૂજી ભણાવે.; હો વાલા મારા;
સોલ ચુમાલી વેસાખની તીજે, વડીદીક્ષા દે ભાવે. હો ભવિકા. ગુરૂ૦ ૧૧

કલ્યાણસાગરજીના થાપે, સીસ કરીને તેને; હો વાલા મારા;
ગુરૂઆણાએ કલ્યાણસાગરજી, ઠવે છે વાસક્ષેપ જેને. હો ભવિકા. ગુરૂ૦ ૧૨

શાસ્ત્ર અભ્યાસ પછી ગુરૂજી તસ, મહોપાધ્યાય પદ આપે; હો વાલા મારા;
10 સંવત સોલ અડતાલીસ સાલે, મુનિગણનાયક થાપ. હો ભવિકા. ગુરૂ૦ ૧૩

કલ્યાણસાગરજીસૂરિ સાથે, વિચરે દેશ વિદેસે; હો વાલા મારા;
વિદ્યામંત્ર ગુરૂજી આપે, સંજમ પાલે વિશેસે ગુરૂ૦ ૧૪

સંવત સોલસે ચઉપણ સાલે, ફાગણ સુદ તીજ સારી હો વાલા મારા;
સુરતનગરે પ્રતિષ્ઠા કરાવી, ભવિ જણ ગણ મણહારી. હો ભવિકા. ગુરૂ૦ ૧૫

સેઠ સરૂપચંદ મીઠડીઆએ, પડીમા તેર ભરાવી; હો વાલા મારા;
દસ સહેસ દમ તિંહા ખરચી, ભવિ જન ગણમાં ભાવી. હો ભવિકા. ગુરૂ૦ ૧૬

રાધણપૂરનયરે તે આવે, સોલ પચાવન સાલે; હો વાલા મારા;
બુહડ ગોતરી મેઘણ સાવગ, બારે વરત તિયાં પાલે. હો ભવિકા. ગુરૂ૦ ૧૭

ઉપાધ્યાયજી એ પડિબોહિયા, સંખેસર સુભ ભાવે; હો વાલા મારા;
20 સંઘ લઈ જાતરા કરવાને, ગુરૂ સાથે તિયાં આવે. હો ભવિકા. ગુરૂ૦ ૧૮

જિણ પડિમા તિણ તેહ ભરાવે, ગુરૂ ઉપદેશે ભાવે; હો વાલા મારા;
ચૈતર સુદ તેરસને દિવસે, સંઘ જમાડીને ઠાવે. હો ભવિકા. ગુરૂ૦ ૧૯

ઈમ થંભણપૂર ભરૂચનયરે, સોલ પચાવન સાલે; હો વાલા મારા;
સાવગજણ જિણ પડિમા ઠાવે, તસ ઉપદેસે રસાલે. હો ભવિકા. ગુરૂ૦ ૨૦

પાલણપૂર નવાબ બિગમનો, ખડ્માસી જૂવર ટાલ્યો; હો વાલા મારા;
રતનસાગરજી ગુરૂવર કેરો, બહુ જસ જગમાં માલ્યો. હો ભવિકા. ગુરૂ૦ ૨૧

પંચાચાર જે સુધા પાલે, પાંચે સમિતિને ધારે; હો વાલા મારા;
મન–વચ–કાયા ગોપવી ચાલે, કામ–કષાય નિવારે. હો ભવિકા. ગુરૂ૦ ૨૨

સતરસો વીસ સાલે ગુરૂજી, કપડવંજનીમાં હેં; હો વાલા મારા;
30 પોસ દસમ દિવસે સુભધ્યાને, પામી સરગ ઉછાંહેં. હો ભવિકા. ગુરૂ૦ ૨૩

ઈમ ગુરૂગુણ ગુણસીરી એ ગાયા, સંવત સતર ઈગવીસે; હો વાલા મારા;
કપડવંજની માંહેં રહીને, ગુરૂ ભગતી ધરી સીસે. હો ભવિકા. ગુરૂ૦ ૨૪

–ઈતિ શ્રી ગુરૂગુણ ચોવીસી સમાપ્તા. ઈતિ શ્રી રતનસાગરજી ઉપાધ્યાયજીની ગુંહલી સંપૂર્ણા. સંવત ૧૮૩૩ માગસીર વદી૭ સુરતનગરે સાધવી દાનસીરીએ પોતાને ભણવા કાજેં પોતે આ ગુંહલી લીખી છઈ. શુભં ભવતુ.

(પ્ર૦ મહોટી પટ્ટાવલી, પ્ર૦ ૩૯૦–૧)

(૧૧૫) શ્રી મેઘસાગરોપાધ્યાય ગંહુલીનો ભાવાર્થ

સાધ્વી વિમલશ્રીએ આ ગહુંલી બાલોતરામા મેઘસાગરજીની ઉપાધ્યાય પદવી પ્રસંગે ૧૬૭૦ માં રચી હશે એવુ (૭) મી કડી ઉપરથી લાગે છે. શરૂમાં સખીઓને ગુરૂ વંદન કરવા માટે કહે છે.

પછી – ૨ થી ૬ કડીઓમા મેઘસાગરજીના જન્મ – દીક્ષા ઉપાધ્યાય વગેરેનું વર્ણન છે તે મુજબ સંવત ૧૬૫૩ માં કાર્તક સુદ ૨ ના દિવસે પ્રભાસ પાટણ પોરવાળ જ્ઞાતીમા મેઘસાગરજીનો જન્મ થયો ૧૬૬૬ મા ફાગણ સુદ ૩ ના દિવસે રત્નસાગરજી પાસે દીક્ષા લીધી. બાલોતરા ગામમા ઉપાધ્યાય પદ આપવામા આવ્યું. ત્યારે લુણેઆ સૂરજમલે ઉત્સવ કર્યો ૧૭૦૦ દ્રવ્ય વ્યય કર્યો ગુરૂજીની વાણી સાંભળી ચારે બાજુ અચલગચ્છનો મહીમા વધ્યો. આ કાવ્યમા ગુંથાયેલી રાજસ્થાની ભાષા નોંધપાત્ર છે.

(૧૧૫) શ્રી મેઘસાગરોપાધ્યાય ગુરૂ ગહુંલી

કર્તા : સાધ્વી વિમલશ્રી રચના સં૦ ૧૬૭૦

ચાલોરી સઈયાં ગુરૂ વંદણરી કાજી, મીં તુ જાયસાંજીરી; 10
ચાલો૦ મેઘસાગરરી ગુરાંરી વાંદસાંજી. ૧ ઈ આંકણી.

પરભાસી પાટણીરી માંઈ જણીમીયાંજી, પોરીવારીરી નિરમિલી જાતીરી
સોરી તિપીણીરી સાલીરીજી, કાતિ સુદી દૂજસીકારીજી. ચાલો૦ ૨

સોરી છાસીઠીરીમીં લીઇજી, સંજમરો તીણી ભારીરી;
ફાગુણ સુદી તીજી નીકીજી, ગુરાં રતનસાગરાંરી પાસીરી. ચાલો૦ ૩

પીછી પદી ઉપાધીયાંરો દીઉજી, વાલુતરીમીં તાસીરી;
સોરે સીતીરી માઘ ચઉથરીજી, તિથ કીકી બણી ખાસીરી. ચાલો૦ ૪

લુણેઆ સુરજમીલીં કીઉજી, મુછવ તીણીરો ભલીભાંતીરી;
સંધીરી મણુમેં ભાવીઉજી, લીગાઓ દામ સિય સાતીરી. ચાલો૦ ૫

વાણી સંણેવઈ ગુરાંજી નીકીજી, વરીસે અમરીત મીહીરી; 20
અંચલગચ્છરો મહીમાઈ નીકોજી, હુઉ જીકો ચારો દીહીરી. ચાલો૦ ૬

ઈમ વિમિલસીરીઈગાએઆજી, નિય ગુરાંરા ગુણિ મણુહારીરી;
વાલુતરીમી ચાઉમાસીઈજી, સોરી સીતીરી. સાલીરી. ચાલો૦ ૭

(૧૧૬) શ્રી ગજસાગરસૂરિ નિર્વાણ રાસ સાર

કવિ ગુણસાગરજી દુહામાં ૨૪ તીર્થંકર ભગવંતોને નમસ્કાર કરે છે. સરસ્વતી માતાનું સ્મરણ કરે છે. (ગજ સાગર સૂરિ કેવા છે) કહે છે સૂરિઓમાં શિરોમણિ અને જગતમાં વિખ્યાત છે એવા ગુરૂના ગુણ ગાંતા – સાંભળતા બહુ સુખ થાય છે.

આ રાસમા પાંચ કડી દુહાની અને ૧૦૦ કડીમાં નવ ઢાળો છે. ૧૦૫ કડીનું આ નિર્વાણ રાસ છે. નવ ઢાળોમાં ૨ ચુપઈ ૩ ધન્યાસી છે. તે કડી સહિતનો ક્રમ આ પ્રમાણે છે. ચુપઈ–૯, મેઘગોડી–૧૦, ધન્યાસી–૧૪, વેલીઢાલ–૯, વેરાડી–૮, કેદાર–૧૨, ચુપઈ–૧૪, ધન્યાસી–૧૯, કળશમાં ધન્યાસી–૫.

પ્રથમ ચુપઈમાં કવિ જણાવે છે કે જંબુદ્વીપનાં ભરતક્ષેત્રમાં ગુર્જર દેશ મનોહર છે. તેમા પાટણનગરી નરસમુદ્રનુ નામ ધરાવે 30
છે. બહુ મુનિ ભગવંતોની સ્થિરતાનો લાભ મળે છે અને જિન પ્રાસાદોને જોઈને ચિતડું આનંદિત થાય છે. ત્યાં વ્યાપારીઓ ઘણા ધનવાન છે. એવા પાટણમા શ્રી શ્રીવંશના શેઠ ચાંપસી રહે છે. એમને સતી જેવી કમલાદે પત્ની છે. તેમનો ગોઈ નામનો પુત્ર ગૌર વર્ણવાળો લક્ષણ–વ્યંજનોથી યુક્ત છે. પાંચ વરસનો થતાં જોશીને તેડાવી મુહુર્ત પછી શુભ લગ્ને ઉત્સવ પૂર્વક ભણવા મોકલાવે છે. તીવ્રબુદ્ધિના કારણે અલ્પ સમયમાં ભણીને વિચક્ષણ થાય છે. યૌવન વયમાં આવતાં ઘણાં માતાપિતાઓ દીકરી સાથે મોટી પહેરામણી લઈને ગોઈ કુમારનું સગપણ કરવા આવે છે. હર્ષિત થઈને માતા કુંવરને વિવાહ માટે વાત કરે છે ત્યારે કુંવર નનૈયો સંભળાવે છે.

ઢાળ – ૨જી મા વિધિપક્ષ ગચ્છના ગચ્છપતિ શ્રી સુમતિસાગરસૂરિ વિહાર કરતાં પાટણ પધાર્યા છે. શ્રી સંઘ વંદનાર્થે જાય છે. વ્યાખ્યાનો સાંભળે છે. અસાર સંસારની વાતો સાંભળી કેટલાએ લોકો સમકિત પામે છે – કેટલાક ૧૨ વ્રતો લે છે પણ ગોઈ કુમાર

તો સંયમ લેવાના મનોરથ સેવે છે. ગુરૂજી માતા પિતાની અનુજ્ઞા લેવા જણાવે છે. કુંવર ઘરે આવીને માતાને પ્રણામ કરે છે.

ઢાળ ત્રીજીમાં ગોઈ કુમાર ઘરે ગચ્છપતિ શ્રી સુમતિસાગરસૂરિ મ. સા. ના વખાણ કરે છે તથા જણાવે છે કે એમનું વ્યાખ્યાન સાંભળીને મને સંસાર અસાર લાગ્યો છે. મને દીક્ષા લેવાની રજા આપો કંટક સમ વચનો સાંભળીને માતા મુર્છિત થાય છે. શીતલ ઉપચારોથી મુર્ચ્છા વળે છે માતા ગદગદ થઈને સંયમના કષ્ટો વર્ણવે છે ત્યારે કુંવર નરક–નિગોદે અસાર સંસારનું વર્ણન કરે છે. આ માતા–પિતા અનુમતિ આપે છે હર્ષિત કુંવરનો દીક્ષા ઉત્સવ સાંભળો.

ચોથી – પાંચમી ઢાળમા દીક્ષાનું સુંદર વર્ણન કરવામાં આવ્યુ છે સૌ પ્રથમ જોશીને તેડાવી ઉત્તમ મુહુર્ત મેળવે છે મોટા મંડપ મંડાયા, ફૂલેકાઓ નીકળ્યા, યાચકોને દાન અપાયા વ્યાપારીઓ કુંવરને અતિ માન આપે છે સ્વામિવાત્સલ્યો થાય છે. વિ. સં. ૧૬૦૩ માં વૈશાખ સુદ ૧૦ ના દીક્ષા થાય છે. ગુરૂએ કુંવરને ગજસાગર નામ આપ્યું. માતા શિખામણો આપે છે તથા ગુરૂ શિખામણ આપે છે મુનિ શુદ્ધ આચાર પાળવા ઉદ્યમવંત થાય છે.

ઢાળ ૬ઠ્ઠી મા કવિ જણાવે છે કે ગજસાગર મુનિ ૪૨ દોષ રહીત ગોચરી વાપરે છે. બ્રહ્મચાર્યની નવ વાડમાં ચુસ્ત છે. ઉપવાસ–આયંબિલ–નિવિ–એકાસણા–બીયાસણા આદિ તપ કરે છે.

યોગોદ્વહન કરીને અંગ–ઉપાંગ આગમ શાસ્ત્રો ભણ્યા સાથે પુરાણ–જ્યોતિષ–વ્યાકરણ–કાવ્યનો પણ અભ્યાસ કર્યો અનુક્રમે પૂજ્યશ્રીને સૂરિપદ દેવા માટે અનુશાહ અને તેમના ભાઈ દેવચંદ પાટણ આવીને સુંદર ઉત્સવ કર્યો અને પૂ. આ. શ્રી વિદ્યાપ્રભસૂરિએ પૂજ્યશ્રીને સૂરિમંત્ર આપ્યો વિ. સં. ૧૬૨૪ મહાસુદિ ૫ ના પૂજ્યશ્રી શ્રી ગજસાગરસૂરિ નામે પ્રસિદ્ધ થયા પૂજ્યશ્રી નવકલ્પી વિહાર કરતા ઘણા ભાવિકો ને તાર્યા.

ઢાળ ૭મી મા પૂજ્યશ્રીએ કરેલી તીર્થયાત્રાઓનું વર્ણન છે. જે પૂજ્યશ્રીના નામનો જપ કરે છે તેના સઘળા કામો સિદ્ધ થાય છે એવા પૂજ્યશ્રી ૨ વાર શત્રુંજયતીર્થની યાત્રા કરી તારંગા – આબુતીર્થ – ચિતોડ – કુંભારીયા – મેરઠ – થંભણપાસ – નાડલાઈ-રામસેણ – સિરોહી – બ્રામણવાડા – શંખેશ્વર – કેશરીયાજી વિ. તીર્થોની સ્પર્શનાઓ કરી હતી પાટણ – અમદાવાદમાં ચૈત્યપ્રવાડી સુંદર રીતે એમની નિશ્રામાં થયેલી. અનુક્રમે પેટલાદ ચાતુર્માસ કરીને પૂજ્યશ્રી અમદાવાદ તરફ વિહાર કર્યો અમદાવાદમાં વિવિધ ગચ્છોનો સારો સુમેળ હતો કવિ ૮૦મી પંક્તિમાં લખે છે.

તપા ખરતર પૂનમીયા ઘણા, પાસચંદ માંહિતે ભણ્યા ઈત્યાહદિક ગછ દીસઈ બહુ, ધરમ કરણી તે કરતા સહુ।૮૦। એમ રીતે વિધિપક્ષગચ્છના શ્રાવકો પણ ધર્મ ઉપર અવિહડ રાગવાલા છે.

ઢાળ ૮મી પૂજ્યશ્રી અમદાવાદ પધાર્યા છે શ્રી સંઘ હર્ષિત થઈને ઘણા ઉત્સવ કરે છે અને પૂજ્યશ્રીને આગ્રહ કરીને ચાતુર્માસ રાખે છે પર્યુષણમાં તપ જપ આરાધનાના પૂર ઉમટયા છે. માસક્ષમણ – ૧૫ ઉપવાસ – અઠ્ઠાઈ – પાંચ – ચાર – ત્રણ – બે – એક ઉપવાસ વાળા ઘણા છે પૂજાઓ – પ્રભાવનાઓ – સંઘની ઉપજો સારી થઈ છે કલ્પવાચના પણ સારી રીતે થઈ. પર્યુષણ બાદ સંઘે ચૈત્યપરિપાટી રૂપે વંદનાર્થે આવવા લાગ્યા. અનુક્રમે વિ. સં. ૧૬૫૯ ભાદરવા વદ ૮ ના દિવસે શિષ્યો – પરિવારની ના હોવા છતાં પૂજ્યશ્રીએ આયંબિલ તપ કર્યું એ પૂજ્યશ્રીનું છેલ્લુ આયંબિલ હતું બીજે દિવસે સવારે પૂજ્યશ્રીને તાવ આવી ગયો સંઘના મનમાં ઉચાટ થયો પૂજ્યશ્રીએ અણસણ કર્યું. શ્રી સંઘને શીખામણો આપી, સહુને ખમાવ્યા શ્રી સંઘમાંથી ઘણા ભાવિકો ઉપવાસ આયંબિલ – નિવિ – પૌષધ – સામાયિક વિ. સંભળાવ્યા. ભાદરવા વદ – ૯ ના દિવસે પૂજ્યશ્રી સકલ સંઘને ખમાવતા કાલધર્મ પામ્યા શ્રી સંઘમા હાહાકાર થઈ ગયો શ્રી સંઘ વિચારવા લાગ્યો હવે અમારી સંભાળ કોણ લેશે. રેશમના વસ્ત્રો પહેરાવી અગીયાર ખંડની રેશમની માંડણી કાઢી ચંદન-અગર – કપૂર – કેસર વિ. ઉત્તમ દ્રવ્યોથી ચિતા રચી પૂજ્યશ્રીના કાળધર્મ નિમિત્તે સંઘે ઘણા ઉત્સવ કર્યા.

કળશમા જણાવે છે કે શ્રીગજસાગરસૂરિ મ. દેવલોકે પહોચ્યા પૂજ્યશ્રીનું નામ લેતા દુઃખો દૂર થાય છે. સર્વ સુખ પ્રાપ્ત થાય છે ગુરૂદેવના ગુણો એટલા બધાં હતા કે કહેતા પાર ન આવે, મારા પર જેમણે ઉપકારો કર્યા છે તે નિત્ય સાંભરે છે તેમની પાટે શ્રીપૂન્યરત્નસૂરિ આવ્યા છે જે ચંદ્ર જેવા મુખવાળા છે જેમની સેવા મુનિજનો કરી રહ્યા છે અંતે કવિરાજશ્રી મુનિ ગુણસાગરજી બે હાથ જોડીને વિનંતી કરે છે અને નિશદિન ગુણ ગાય છે.

શ્રી ગજસાગરસૂરિ નિર્વાણ રાસ સંબંધમાં તેના કર્તા ગુણસાગર 'સુબાહુરાસ' તથા નમિ રાજર્ષિ 'ચઉપઈ' ની રચના કરી તેમાં કવિ કળશમાં પોતાની ગુરૂ પરંપરા ઉપરાંત રચના સંવત પણ આપે છે.

વિધિપક્ષગચ્છી ગુરૂ વઈરાગી, શ્રી ગજસાગરસૂરિ હુઆ. તસપાટી પુણ્યરત્ન સૂરિ ઉપદેશ નમી ગુણ કહ્યા સોલ ઉગણુત્તરી વારસૂરગિરિ માગશિરિ શુદિ ચૌદશિ દિનિ કરજોડી સેવક પાએ સાગિઈ મુગતિ માગઈ એક મુનિ (ગુણ સાગરે 'સુબાહુ કુમાર ચરિત્ર' ની રચના કરી. તેની ગ્રંથ પ્રશસ્તિ ...) વિધિપક્ષગચ્છી રે સુમતિસાગરસૂરિવરૂ રે તાસ પાટી ગણધાર ગિરઉ રે ... શ્રી ગજસાગર સૂરિવરૂ રે વિધિપક્ષગચ્છિ શિણગાર તાસ પાટિ રે જયવંતુ ગુણિ આગલુ રે પુણ્યરત્નસૂરિ સુજાણ મહાવ્રત રે પાલઈ પંચ આચાર સિઉં રે ... ઉગિઉ અભિનવું ભાણ ગજસાગરસૂરિ સીસ જગ જાણીઈ રે ગુણસાગર કહિય ચરિત્ર...

(૧૧૬) શ્રી ગજસાગરસૂરિ નિર્વાણ રાસ

(આ નિર્વાણ રાસની પ્રત ભારતનાં જ્ઞાન ભંડારોમા ન હતી. વિદેશમા જર્મનીની લાયબ્રેરી STAATSBIBLOTHEK ZU BERLIN / ORIENTABTEILUNG માંથી પ્રાપ્ત કરાઈ છે.) કર્તા ગુણસાગરજી

શ્રી શારદાયૈ નમઃ (દુહા)

આદિ જિનેશર ગુણ સ્તવું, અજિતનાથ જિનરાય સંભવ અભિનંદન સુમતિ, પદ્મપ્રભુ વંદુ પાય ।૧।
સુપાસ ચંદ્રપ્રભુ સુવિધિ શીતલ, શ્રેયાંસ વાસૂપૂજ્ય સાર વિમલ અનંત ધર્મ એ, શાંતિ કુંથુ સુખકાર ।૨।
અર મલ્લિ મુનિસુવય, નમિ નેમિ પાસ જિણંદ વર્ધમાન ચુવીસ જિન, સમર્યા સુખ આનંદ ।૩।
એ ચુવીસઈ જિન નમિ, સમરી સારદ માત ગુરૂ તણા ગુણ વર્ણવું, જે છઈ જગહ વિખ્યાત ।૪।
સૂરિ શિરોમણિ ગુણિ નિલુ, અવર ન દુજો કોઈ તેહ તણાં ગુણ ગાઈતા સુણતાં બહુ સુખ હોઈ ।૫।

॥ ચુપઈ ॥

જંબુદીપ ભરતખંડ સાર, ગુર્જર દેસ અછઈ મનોહાર પાટણ નયર વિવહારી ઠામ, મુનિજનના છઈ બહુ વિશ્રામ ।૬।
વિવહારી અછઈ ધનવંત, ઘરિઘરિ નારી છઈ ગુણવંત નર સમુદ્રનામતે ઘરિ, જિન પ્રાસાદ દેખી ચિત ઠરિ ।૭।
સેઠ ચાંપસીહ તિંહા છઈ સાર, શ્રી શ્રીવંસિ સોહઈ શૃંગાર કમલાદેનારી તેહ તણિ, સતી સિરોમણિ સહ્ઈ ભણિ ।૮।
ગોઈ કુંઅર બેટુ તસ ચંગ, ગૌર વરણ તે સોહઈ અંગ લક્ષણ વ્યંજન છઈ અતિઘણા, તે ઉ દીસઈ સોહામણા ।૯।
પાંચ વરસનું થયુ જામ, જોસી ઘરિ તેડાવિઉ તામ કહિ કુંઅર ભણાવુ તહ્મે, જે કહિસિઉ તે કરસિઉ અહ્મે ।૧૦।
શુભ લગનિને સાધિ ગયુ, માય તાય મનિ આનંદ ભયુ ઉછવ અતિ ઘણા તે કિધ, લક્ષ્મી તણું લાહુ બહુ લીધ ।૧૧।
ચંદ્ર તણી પરિચડતી કલા, થોડી દિનિ સીખી સવિ કલા ભણી ગણી વિચક્ષણ થયું, નારી હીયડા ક્ષીતરિ રહિઉ ।૧૨।
જાણિ મદન તણઉ અવતાર, અહ્મ બેટી હોઈ ભરથાર કન્યા દેવા આવિ સહુ, પહિરામણી આપિ તે બહુ ।૧૩।
હિયડિ હરખ ધરી તવ માત, વીવાહ તણી તે કીધી વાત વીવાહ કીજઈ માતા ભણિ, કુંઅર વાત નવિ માનિ ગણિ ।૧૪।

॥ મેઘ ગોડી ॥

વિધિપક્ષિ ગચ્છનુ રાજીઉ, શ્રી સુમતિસાગરસૂરિ સાર વ્યાહાર કરતા આવીયા, પાટણ નયર મજારી રે ।૧૫।
ધર્મ્મન મુકીઈ ધર્મિ તરીઈ ભવપારોરે. ધર્મ્મ ...
સંધિ વાત તે સાંભલી, પ્રહુતા છંદની કાજિ, ગોઈ કુંઅર તિંહા આવીયા, જઈ વંદ્યા મુનિરાજો રે ।૧૬। ધર્મ
ધર્મ્મ દેશના તિહાં કણિ, દીઈ આણિ નિર્મલ ભાવ ભવ સમુદ્રનિ તારવા, એ છઈ સાંચૂઅ નાવો રે ।૧૭।
એ સંસાર અસારહુ દુઃખ તણઈ ભંડાર આધિ વ્યાધિ છઈ, ભરિઉ સુખ નહીય લગારો રે ।૧૮।
ધર્મ વિહુણો પ્રાણીઉ, રલિઉ અનંતો કાલ માનવ ભવ છિ દોહિલુ, મુંકુ પાપ જંજાલો રે ।૧૯।
ધર્મિ ધન સંપતિ ભલી, ધર્મિ રયણ ભંડાર ધર્મ કરો રે પ્રાણીયાં, જિમ લહુ સુખ અપારો રે ।૨૦।
સાવય આવી તિહાં ભલાં, સુણી ગુરૂ તણી વાણિ કેઈ સમક્તિ આદરિ, કેઈ બારવ્રત વલી જાણિ રે ।૨૧।
એ સંસાર બીહામણો, બોલિ ગોઈ કુમાર ગુરૂજી તુહ્મે કૃપાકરૂ, આપો સંયમ સારો રે ।૨૨।
વલતું ગુરૂજી ઈમ ભણિ, મ કરો વિલંબ લગાર એહથી સિવસુખ ઢૂંકડાં, એ છઈ સર્ગનું બારો રે ।૨૩।
સંઘ સહુ વાંદી કરી, પુહુતા નિજ નિજ ઠામિ ગોઈ કુંઅર ઘરિ આવીયા, માયનિ કીધ પ્રણામો રે ।૨૪।

રાગ ધન્યાસી

ગોઈકુંઅર ઈમ વીનવઈજી સુણિસુણિ મોરી માય ગચ્છપતિ ગુરૂ આહાં આવીયાજી જઈ વંદા મઈ પાય
હો માડી વીનતડી અવધારિ
અહમે લેસિઉ સંયમ ભાર રે માડી અહ્મે તરસિઉ એહ સંસાર રે માડી વીનતડી. ।૨૫।
ધર્મ દેશના તિહાં સુણીજી, કહી શ્રીગુરિ સાર સાંભલતાં મિં ચિતિધરિઉજી, એ સંસાર અસાર,
હો માડી વિનતડી।૨૬।
સંયમ સિઉ મનમકર હિમઉજી, દેખી અથિર સંસાર કૃપા કરતું આદરૂં જી, ચારિત્ર ગુણહ ભંડાર હો માડી।૨૭।
વીનતડી.

કાંટા સમ એ વયણડાંજી, સુણીયાં માએ કાંનિ ભુઈ પડી મૂરછા ધરિજી, નહી સાન ન વાન હો ।૨૮।

10 પૂતા સંયમ દુકરકાર તું, છઈ બાલકુમાર હો કુંવર માહરિ તું છે સાધાર હો પૂતા સંયમ
મૂરછા વાલી તત ક્ષિણિજી, સીતલ કરી ઉપચાર ગદગદ સ્વરિં કહિ માડલીજી, સૂણ ઉ વછ વિચાર ।૨૯।
હો પૂતા સંયમ ...

સંયમ છઈ વછ દોહિલુંજી, જેહવી ખાંડાધાર લોહમિં ચિણા ચાવવાજી, મીણ દાંતી નિરધાર ।૩૦। હો પૂતા

કહિ કુંવર માતા સુણઉજી, સહહિયાં દુખ અનંત નરગ નિગોદિ અતિ ઘણાજી, તે જાણઈ ભગવંત ।૩૧।
હો માડી વીનતી ...

માતા કહિ વછ સાંભઈજી, પરણઉ એક જ નારિ સુંદર રૂપિ આગલીજી, સુખ ભોગવું સંસારી ।૩૨। હો માડી

સ્વર્ગ સ્વર્ગ તણાં સુખ મઈ લહિયા જી આયીજી કેતીવાર રૂપ તિન પામઉ પ્રાણીઉજી, નહી સંતોષ લગાર ।૩૩।

અણું આણી પગિ ચાલવુંજી, પીવું આછણ નીર મસ્તકિ લોચ કીજઈજી, પાલી સંયમ ધીર રો ।૩૪।

પૂતા આઈજી તુહ્મે જે કહિઉજી, તે તુ સાચું હોઈ; પસૂઅ જેવારિ અવતરિંજી તિહા, તુહ્મે દુઃખ જોઈ હો।૩૫। માડી અં.

20 પંચ મહાવ્રત પાળિવાંજી, પંચ સુમતિ અતિસારત્રણિ ગુપતિ ચિતિ ધારવી, લેવું નીરસ આહાર રે ।૩૬। કુંવ..

પંચ મહાવ્રત પાલસિઉજી વહિસિઉ ગુરૂની આણ અનુમતિ આપુ મુજનૂઈજી જિમ લહું સુખની ખાણિ હો।૩૭।
માડી સંયમ ...

વલતુ માતા ઈમ ભણિજી, વછ તિં વારૂ કીધ જનમ સફલ સહિ તુહ્મ તણોજી, તુહ્મ તણાં કાજ સીધ રે ।૩૮।

કુંઅર ફલ્યા મનોરથ આજ તિં પાડિઉ સંખરાજ રે, વાહાલા સીંધા સઘલા કાજ રે કુંઅર ફલ્યા મનોરથ
આજ.।૩૯।

માય તાય અનુમતિ લઈજી, હરખિઉ ગોઈ કુમાર ભલઈ મંડાણિહો ઉછવ કરિજી તે સુણ્યો વિચારહો
।પૂતા।૪૦। સંયમ ...

॥ વેલિટાળ ॥

હવિ અનુમતિ માતા દીજિ, શુભ મુરતિ હવિ જોઈ જિં જોસી તેડી સાર કહુ, મૂરત હઈવિ નિરધાર ।૩૯।

30 જોસી લગન તે આપિ શુભવેલા મહૂરત થાપિ તિહાં મંડપ મોટા ઘાલિ, સોહાસિણિ તિંહાકણિ માહલઈ ।૪૦।

દીજઈ કુલકાં બહૂચંગ, રાતીજગિ દીસઈ રંગ તિંહા જાચિક દીજઈ દાન, વિવહારી અતિઘણા માન ।૪૧।

સાહમીય વછલ કીજઈ, લક્ષિમી તણઉ લાહુ લીજઈ હવિ દિક્ષા લેવા જાઈ કુંઅર, મનિ આનંદ થાઈ ।૪૨।

તિંહા વાજિંત્ર વાજઈ સાર, વાજઈ માદલ ના ધોંકાર તિંહા વાજઈ તાલન ફેરી, તિંહા વાજઈ સુંદર ભેરી ।૪૩।

દસિરિ ખુપ ભરિઉ અતિ સોહિ, બાંહિ બહિર ખાતે જિં મોહિ હીયડલિ લહિ ઈક હાર, અણે પહિર્યા સવિ શ્રૃંગાર।૪૪।
બહિ નરબે તસ લહીઈ, ટબકાઈ જીબાઈ કહીઈ જસી રાજ ભાઈ તસ જાણઉ, તિંહા સંઘ મલિઉ સપરાણઉ।૪૫।
ઘોડવલ્લિ સિણગારી, તિંહા બઈઠા બાલ બ્રહ્મચારી તિંહા સાથી મલિઉ બહૂ લોક, જૂઈ થાનકિ થાનકિ થોકા૪૬।
ભલિ મંડાણિ તિહાં આવ્યા, તિહાં મોહીછવ અતિ સોહાવ્યા ગુરૂ પાસિ વેગિ આવઈ, સોહાસિણિ ધવલ તિહાં ગાવઈ।૪૭।

રાગ વૈરાગી

ગચ્છપતિ અમ્હનિ ચારિત્ર દીઉ બોલી ગોઈય કુમાર રે ભવિક જીવનિ તારિવા તુહ્મે છઉ નિરધાર રે।૪૮। આંચલી.
કમલાદે માતા ભણિ, આવી ગુરૂની પાસિ રે શિષ્ય ભિક્ષા તુહ્મ આપીઈ, બહુરૂ મનિ ઉલ્હાસ રે ।૪૯।
આવિ શ્રૃંગાર મુકી કરી, વંદ્યા શ્રીગુરૂ પાય રે દિક્ષા ગુરૂ જવ આપીઈ, દુઃખ ધરિ તવ માય રે ।૫૦। ગચ્છ ...
માતા કહિ સુણઉ વછજી, ધરયો ધરમ સનેહરે તુહ્મ ગુણ અહ્મ નવિ વીસરિ, જ્યાંહા લગિરહિએ દેહ રે ।૫૧।
પંચ મહાવ્રત પાલયો, આણયો મનિ વૈરાગ્ય રે ક્રોધાદિક જીતી કરી, ધરિયો ધરમસિંઉ રાગરે ।૫૨। ગચ્છપતિ ... 10
સીખ દેઈ પાછા વલિ, નયણે અશ્રુધાર રે ગુરૂજી સુણુ હવિ એહનિ, છઈ તુમશુ આધાર રે ।૫૩।
સંવત સોલ ત્રિડોતરિ, લહીઈ વિશાખતે માસ રે સુદી દસમીઈ ચારિત્ર ધરિઉ, પૂગી મન તણી આસરે ।૫૪। ગચ્છ ..
ગજસાગર નામ ધરિઉ, હીયડઈ ધરિય વિચાર રે ગુરૂ સીખામણ દઈ ઘણી, પાલવ શુદ્ધ આચાર રે ।૫૫। ગચ્છ ...

રાગ કેદારૂ

ચારિત્ર મુનિજી પાલઈએ, દોષ બઈતાલિસ ટાલઈ એ જાલઈ એ કર્મજાલ પુતા તણા એ ।૫૬।
આંબિલ નીવી અતિ ઘણા, ઉપવાસ નઈ એકાસણા બિહાસણા કીજઈ તપતે અતિઘણા ।૫૭।
યોગ વહિઉ લટિ કરી, નવિવાડી સૂધી ધરી મનિકરી ભણિ શાસ્ત્ર તે અતિ બહૂ ।૫૮।
ભણિ અંગ ઉપાંગ એ, શાસ્ત્ર સિઉં અતિ રંગ એ રંગિ એ વ્યાકરણ કાવ્ય વિલોકીયા એ ।૫૯।
જાણિ વેદ પુરાણ એ, જાણિ જ્યોતિષ ખાણિએ ખાણિ એ ગુણતણિ જાણિ કરીએ ।૬૦।
સમય પુતાનુ જાણીય, કહી સંઘ નિવાણીય થાપયો મયપુંઠી ગુરૂ હનિ એ ।૬૧। 20
સહા અદુ જગિ જાણિ એ, બંધવ દેવચંદ વખાણી એ સહા અદૂઅ ધરણિ લીલા દે ભલિ એ ।૬૨।
બીજી જવા જાણઉએ, ધુર મધુરૂં ધરિ આણુએ દેવચંદ ડાડિમદે ગુણિ નિલી એ ।૬૩।
પદ દેવરાવવા ઉછાહિંએ, આવી પાટણ માહિંએ વિદ્યાપ્રભ સૂરિ સૂરિમંત્ર દીઉ એ ।૬૪।
સંવત સોલ ચુવીસઈએ, મહાસુદિ પાંચમિ દીસઈએ સારઈએ કાજ ભાવિક તણા ઘણા રે ।૬૫।
નવકલ્પી કરી વિહારઈએ, મહાસુદિ પાંચમિ દીસઈએ હીસઈએ ગજસાગરસૂરિ વાંદતા એ ।૬૬।
તરણ તારણ સત્ય ભાખઈએ, કામવઈરી વસિ રાખઈએ દાખઈએ ધરમ મારગ જિનવર તણા એ ।૬૭।

ચુપઈ

જપુ ગજસાગરસૂરિનામ, નિત ઉઠી કીજઈ પ્રણામ જુકી જઈ એહના ગુણગ્રામ, તુ સહીસીઉઈ સઘલા કામ ।૬૮। આંચલી
કરતાં વિહાર દેસ વિદેસ, ધરમતણા દીઈ ઉપદેસ વ્યકથાદિક જેહનિ નવિ ગમઈ, જેહનું યશ ત્રિભુવન રમઈ ।૬૯। જપુ૦
તપ જપ સંયમ સિઉ નિત રાગ, અવર વસ્તુ ઉપરીની રાગ ક્રોધમાન માયા વલિ લોભ એહજુ પરિનવિ રાખિ થોભ।૭૦।જપુ... 30
સંત્રુંજઈ યાત્રા બે વાર, તારંગિ કીધી નિરધાર કીધી યાત્ર આબુ ચિત્રોડિ, જે પ્રણમ્યા જિનવર કર જોડી ।૭૧। જપુ ...
કુંભલ મેરઠ નિ થંભણપાસ, નિડોલાઈ ની પૂગી આસ રામસેણ સિરોહી તણી, યાત્રા કીધી પુન્યહ ભણી ।૭૨। જપુ ...
બ્રાહ્મણવાડી શ્રી વર્ધમાન, યાત્રા કીધી આણી ધાન શ્રી શંખેસર કેરી યાત્ર કરી કીધું નિર્મલ ગાત્ર ।૭૩। જપુ ...

સૂરિજની પરિ તેજ પ્રતાપ, કનક તણી પરિ નિર્મલ આપ ઈણિ પરિ વ્યાહાર કર્મ કીધ, સમક્તિ રયણ ભવિક જન દીધ ।૭૪।જપુ...
ઈણી પરિ યાત્રા કીધી ઘણી, ગુરૂ વચન થકી મઈ સુણી પાટણ અહમદાવાદમાં, ચૈત્યપ્રવાડી કીધી અતિ સાર ।૭૫। જપુ ...
પિટલાદિ રહિયા ચુમાસિ, સંઘ તણી તા પુગી આસ તિંહા પ્રણમી શ્રી નાભિકુમાર, રાજનગરી કીધું વિહાર ।૭૬। જપુ ...
અહમદાવાદ નગર છઈ અસિઉ, જાણે ઈંદ્રપુર આહિં વસિઉ નગર માહિં નવિ દીસઈ શોક ધનંદ સમાણા દીસઈ લોક ।૭૭। જપુ
મંદિર મોટા છઈ વિશાલ, જિનભુવન તે જાકજમાલ વિવહારીને ધનદ સમાન, ઘરિ નારી અતિ સુંદર વાન ।૭૮। જપુ ...
દા માનિ તે છઈ આગલી, મધુર વચનિ જસી સાકર ગલી એહવું નગર અછઈ અભિરામ, ગમિ ગમિ દીસઈ ધર્મ કામ ।૭૯।જપુ
તપા ખરતર પૂનમીયા ઘણા, પાસચંદ માંહી તે ભણ્યા ઈત્યાહદિક ગછ દીસઈ બહું, ધરમ કરણી તે કરતા સહુ ।૮૦। જપુ ...
વિધિપક્ષિ ગચ્છ અછઈ અતિસાર, ધર્મ તણાં દીસઈ વિવહાર શ્રાવક સમક્તિ ધારી ચંગ, ધર્મ ઉપરિ છઈ અવિહડ રંગ।૮૧।જપુ

રાગ – ધન્યાસી

અહમદાવાદિ પૂજ્ય પધારીયા, સંઘ નિ હરખ અપાર ઉછવ કીધા સંઘ અતિ ઘણાં, તેડ્યા નયર મજારિ ॥૮૨॥ આંચલી॥
જપુ જપુ ગચ્છપતિ ગુરુજી, ગુણિ નિલુ શ્રી ગજસાગરસૂરિ તપ જપ સંયમ નીયમિ, આગલા વાંદિ પાતિગ દૂરિ । જપુ ...
શ્રી સંઘિ આદર કરી અતિ ઘણા, રાખ્યા પૂજ્ય ચુમાસિ દ્રવ્યબહૂ ખરચઈ શ્રી સંઘ રે, ગૂસિઉ આણિ મનિ ઉલ્હાસ ।૮૩।જપુ
ઉપવાસ ચઉથ છઠ અઠમ સહી, દસમ દુવાલસમ જાણિ અઠાઈ દસ પાખ ખમણ ઘણા, માસખમણ વખાણિ ।૮૪। જપુ ...
પજૂસણ પર્વ કીધા ગૃહિ ગૃહિતા પૂજા પ્રભાવના સાર સંઘનિ ઉપજઈ ઉલટ, અતિઘણા સુણતાં કલ્પ વિચાર ।૮૫। જપુ ...
સંઘ સહૂકો ભાવ ઘણાધરી, કીધા અતિરે મંડાણ અનેક જીવનિ ગુરૂજી બૂજવિ, કુમતિ રગણિ ગુરૂભાણ ।૮૬। જપુ ...
પાખી પડિકમણઈ ગુરૂજી ઈમ ભણઈ, સુણઉય તીમજુ વાણી વાહણિ આંબિલ અહે કીજ સિઉ, મ કરસિઉ તાણો તાણિ।૮૭।જપુ
આજ મિલીથી વિગઈ બિફમિં, તેહનું આલોચણ તપ સાધુ કહિ ગુરૂજી તુહે મત કરુ, કરુ તુહે બઈઠા રે જપ।૮૮। જપુ ...
ભણઈ ગુરૂજી તુહે સાંભલુ, આંબિલ કરસિંઉ કાલિ છેહલું આંબિલ ગુરિ તવ કરિઉ, પ્રહિ ઉઠી તતકાલ ।૮૯। જપુ ...
તાવ શરીરિ આવી ઉપનો, સંઘ કરિ રે .ચાટ ગુરૂ કહિ દુખ તુહે મમ ઘરુ, એ છઈ જગહરિવાટ ।૯૦। જપુ ...
સંઘ સહુ તેડી ગુરૂજી ઈમ ભણઈ, સુણજો મોરી રે વાચ મઈ કરિઉં તે તુહે પાલયો, કરયો વાણી રે સાચ ।૯૧। જપુ ...
વાણી અહે ગુરૂજી તુહ તણી, કરસિઉ સહીય પ્રમાણ તુહથી અધિકો કો અહે, નવિ ગણિઉ જે લોપઈ તુહચી રિ આણા।૯૨।જપુ
વલતું ગુરૂ સંઘનિ ઈમ કહિ મજજ્ઞાન હડી પર વાર તુહ તણઈ ખોલિ અહે ઘાલીઈ, કરયો એહની રે સાર ।૯૩। જપુ ...
બોલઈ ગુરૂજી દુખ તહે મતધરુ, થાઉ સાહસ ધીર મઝ પર વાર તુહે પાલયો, નયણિં મ મુકો નીર ।૯૪। જપુ ...
કાયા અથિર જાણી પૂજ્યજી, કીધું અણસણ સાર ખમતિ ખામણા ગુરૂજી કરતાં, પુહુતા સ્વર્ગ મજાર ।૯૫।
સંઘિ બહૂ આલી તપ ની, સુખડી આંબિલ નીવી સાર ઉપવાસ પોસા સામાયિક, ઘણાં આપ્યા તપ ઉદાર ।૯૬। જપુ ...
હાહાકાર હજઉ નયર માં, પેટી પડી તવકાલ ચતુર્વિધ સંઘ સહૂ ઈમ ચીંતવઈ, કોણ કરસિ સંભાલ ।૯૭। જપુ ...
અગીયાર ખંડ ની કીધી માંડવી, રેસમ વસ્ત્ર નીરે ચંગ રેસમ વસ્ત્ર નું વેસ કીધુ, સહી દેખી ઉપજિ મનિ રંગ ।૯૮। જપુ ...
ચંદન અગર કપૂર કેસર, ચૂઈ વાહી રે રેલિ ઉછવ કીધા સંઘિ અતિઘણા, પ્રમાદ સઘલા ઠેલી ।૯૯। જપુ ...
સંવતસોલ ઉગણસઠિ એ, ભાદ્રવદ વદિ જાણિ દેવલોકિ રે પૂજ્ય પધારીયા, નોમિનિ દિનિ વખાણિ ।૧૦૦। જપુ ...

(રાગ – ધન્યાસી)

(આજુનઈ બાઈ આજુનઈ માહરા પૂજ્ય કેરા પગલા રે એ ઢાલ)

ઈમ સુરલોકિ પુહુતલા, શ્રી ગજસાગરસૂરિ રે
નામ જપતા સવિ સુખ પાગિત જાઈ દૂરિ રે ।૧૦૧। જપુ રે એ જપુ
ગજસાગરસૂરિ નામ રે જપતા હુઈ આનંદ ઘણું સીજઈ સઘલા કામ રે એ જપુ રે ના આંકણી ॥

ગુરૂ તણા ગુણ અતિ ઘણા કહિતા ન લહુ પાર રે
ગુરૂ ગુણ મઝ નિત સાંભરિ જે કીધા ઉપગાર રે એ જપુ રે.।૧૦૨।

તાસ પાટિળ એ ધુરંધર, પૂન્યરત્ન સૂરિ રાય રે
સોમ વદન એ ગુણિનિલુ, સેવઈ મુનિજન પાય રય એ જપુ રે ।૧૦૩।

એ પગલા શ્રી ગુરુ તણાં, પૂજો ભવિયાં ભાવી રે
જિમ તુહ્મ સંકટ સવિ ટાલિ, અંગિ રોગ નવિ આવિ રે એ જપુ.. ।૧૦૪।

કરજોડી નિ વીનવું, પુરુ સંઘ જગીસ રે ગુણસાગર કહિ ગુરૂ તણા ગુણ ગાઉ નિસિ દીસ રે એ જપુ ...।૧૦૫।

ઈતિ શ્રી ગજસાગરસૂરિ નિર્વાણ રાસ સંપૂર્ણ

(૧૧૭) શ્રી ગજસાગરસૂરિ છંદ

ધર્મમૂર્સ્ત સૂરિના નામે પ્રસિદ્ધ થયેલી પટ્ટાવલી વાંચતા એવી ભ્રાંતિ થાય છે કે ગુણનિધાનસૂરિના આધ્યાત્મિક શાસન દરમ્યાન ગચ્છપતિ સિવાય અન્ય કોઈ સૂરિપદ ધારક ન હતા. કિન્તુ પ્રસ્તુત ઐતિહાસિક પદ્ય વાંચતાં તદ્દન જુદું ચિત્ર ઉપસે છે. એ સમયે ગચ્છમાં અનેક સૂરિપદ ધારક જ નહિ બલ્કે સમાંતર પાટો પણ અસ્તિત્વ ધરાવતી હતી. અહીં પ્રસ્તુત થયેલાં કેટલાંક ઐતિહાસિક પદ્યો તત્કાલીન વાસ્તવિક પરિસ્થિતિનું ચિત્ર રજૂ કરે છે. અંચલગચ્છની પ્રવૃતિનું પ્રભાવ ક્ષેત્ર એટલું બધું વિસ્તૃત હતું કે ગચ્છપતિ બધે ફરી વળી શક્તા નહિ એ ઉણપની પૂર્તિમાં સમાંતર પાટ પરંપરાનો વિચાર દૃઢ થયો હોય અને તેને સ્વીકૃતિ મળી હોય એ શક્ય છે તેમાં સ્પર્ધા કે આપસી વૈમનસ્યને કોઈ સ્થાન જ ન હતું સર્વોચ્ચ ગચ્છપતિની આમન્યાના ઉલ્લંઘનનો પણ કોઈ પ્રશ્ન ન હતો ગચ્છ વ્યવસ્થાના ભાગરૂપે એ બધી સમાંતર પાટ પરંપરાઓ હતી, તેમાંની એક જે ઢંઢેરક શાખા કહેવાતી હતી. પાટણ એક જમાનામાં અંચલગચ્છના મુખ્ય પ્રભાવક ક્ષેત્ર તરીકે પ્રસિદ્ધિ ધરાવતું હતું. ત્યારે ઢંઢેરવાડાના એ ગચ્છના ઉપાશ્રયમાં સ્થાપના થઈ હોવી જોઈએ. બીજી શક્યતા એ છે કે ત્યાં પાટ પરંપરા પૂર્તિમાં ગચ્છની હોય તેમના મુખ્ય આચાર્ય સુમતિસાગરે ભાવસાગરસૂરિના ઉપદેશથી અંચલગચ્છની – સમાચારી સ્વીકારી તેમાં ભળી ગયા હોય જે કારણે તેનો દરજ્જો જાળવવા સમાંતર પાટ તરીકે માન્યતા મળી હોય એમ અનુમાન થાય છે આ શાખાના આચાર્યોના ઘણા ઉત્કીર્ણ લેખો પ્રાપ્ત થાય છે. જેની વિગત માટે જુઓ અંચલગચ્છીય પ્રતિષ્ઠા લેખો.

'અંચલગચ્છ આચાર્ય પરંપરા વિવરણ' ગ્રંથમાં આર્યરક્ષિતસૂરિથી ભાવસાગરસૂરિનો પાટક્રમ દર્શાવ્યા બાદ ગુણનિધાનસૂરિ – ધર્મમૂર્તિસૂરિ – કલ્યાણસાગરસૂરિ વિગેરે નામને બદલે આ પ્રમાણે પાટક્રમ દર્શાવેલ છે. ભાવસાગરસૂરિ – સુમતિસાગરસૂરિ – ગજસાગરસૂરિ – પુણ્યરત્નસૂરિ – ગુણરત્નસૂરિ – સુમતિસાગરસૂરિનો જન્મ પાટણમાં શ્રીમાલી જ્ઞાતીય સા૦ વસ્તાની ભાર્યા વિમલાદેની કુખે થી વિ. સં. ૧૫૫૪માં થયો. વિ. સં. ૧૫૭૯ માં ભરયુવાન વયે ભાવસાગરસૂરિ પાસે દીક્ષા લીધી. વિ. સં. ૧૫૯૮ માં + આચાર્ય પદે સ્થિત થયા. વિ. સં ૧૬૧૪ માં ૬૧ વર્ષની ઉમરે કાલધર્મ પામ્યા.

એમના શિષ્ય ગજસાગરસૂરિનો ઉલ્લેખ અનેક પ્રમાણ ગ્રંથોમાં ગચ્છપતિ તરિકે થયો તેજસાર રાસની પ્રત પુસ્તિકામાં એમના વિશે આ પ્રમાણે ઉલ્લેખ છે. વિધિપક્ષગચ્છેશ ભટ્ટારક મુકુટમણિ ગજસાગરસૂરિન્દ્ર.' 'નંદિષેણ રાસ (વિ. સં. ૧૭૨૫) માં પણ તેને સમર્થન મળે છે.

અંચલગચ્છિ ગિરૂઆ ગચ્છનાયક, જે તપ તેજ દિણંદ; રાજહંસ કમલા સિરિ ઉયરિ, ગજસાગરસૂરિન્દો રે

'રાજસી શાહ નાગડા રાસ'માં વીરવંશીય શાલવીઓના પ્રતિબોધક તરીકે ગજસાગરસૂરિનો ઉલ્લેખ છે. જેના દ્વારા એમના અસાધારણ પ્રભાવનો પરિચય મળી રહે છે. આટલા પ્રાક્કથન બાદ પ્રસ્તુત કૃતિનો ઐતિહાસિક સંક્ષેપ નોંધીએ.

પાટણમાં શ્રીમાલી જ્ઞાતીય ચાંપસી શાહની ભાર્યા કમલાદેની કૂખેથી ગજસાગરસૂરિનો જન્મ થયો. અન્ય પ્રમાણ ગ્રંથોમાં જન્મની મિતિ આ પ્રમાણે છે : વિ.સં. ૧૫૮૫ના આસો વદિ ૧૪ને સોમવાર પ્રસ્તુત છંદમાં જણાવાયું છે કે વિ. સં ૧૬૦૩માં એમણે સુમતિસાગરસૂરિ પાસે દીક્ષા લીધી. વિ.સં. ૧૬૨૪માં એમને ઉત્સવપૂર્વક આચાર્યપદે વિભુષિત કરવામાં આવ્યા. ગજસાગરસૂરિ નેમિનાથ ભગવાનની જેમ નારી ને ન પરણતા સંયમશ્રીને પરણ્યા. છંદ કર્તા તેમજ ચરિત્રનાયકના શિષ્ય પુણ્યરત્નસૂરિ એ એમને 'શ્રૃત સાગર', 'શ્રૃત ગંગા' જેવી ઉપમાઓથી છંદમાં નવાજ્યા છે. તથા એમની ચારિત્ર તેમજ જ્ઞાન–સાધનાની પ્રશસ્તિ ગાઈ છે. ગજસાગરસૂરિએ અનેક ભાવિકોને બોધ પમાડી સંયમ માર્ગે વાળ્યા, તેમજ સ્વયં પોતે પણ સુરેન્દ્રની જેમ સંયમ સાધના કરી. ચંદ્ર, ગ્રહો, તારાઓની જેમ ગજસાગરસૂરિનો આશ્રય પણ અવિચળ રહો !

+ સુમતિસાગરસૂરિના શિષ્ય હેમકાંતિ એ વિ. સં. ૧૫૯૮ ના ભાદરવા સુદી આઠમને રવિવારે 'શ્રાવકવિધિ ચોપાઈ' ની રચના કરી, જેની ગ્રંથ–પ્રશસ્તિમાં ગુરૂનો ઉલ્લેખ આચાર્ય તરીકે થયો છે.

(૧૧૮) શ્રી પુણ્યરત્નસૂરિ ગીત

ગજસાગરસૂરિના પટ્ટશિષ્ય પુણ્યરત્નસૂરિની પ્રશસ્તિ રૂપે આ ગીતની રચના થઈ છે. તેમાં ચરિત્રનાયકને ગજસાગરસૂરિના 'પાટપ્રભાકર' કહ્યા છે. આમ ન્યાયસાગર કૃત 'ધમ્મિલરાસ' માં પણ એમના વિષે એ પ્રમાણે જ ઉલ્લેખ છે –

ગચ્છી અંચલ ગિરૂઆ ગચ્છનાયક શ્રી સુમતિસાગર સૂરિ શિષ્યો રે; શ્રી ગજસાગરસૂરિવરૂ તસ પાટ પુણ્યરત્નસૂરિ દક્ષો રે.

(વિ. સં. ૧૬૩૦)

'સનત્કુમાર ચક્રવર્તિરાસ' તેમજ 'દ્વિવર્ણ રત્નમાલા ચતુર્વિંશતી' ની પુણ્યરત્નસૂરિએ રચનાકરી છે તેની પ્રશસ્તિમાં પણ ઉપર મુજબજ વર્ણન છે.

'ઈતિ શ્રી વિધિપક્ષેશ પરમ ગુરૂ ભટ્ટારક શ્રી ગજસાગરસૂરિ શિષ્ય પુણ્યરત્નાખ્ય મુનિના રચિતા દ્વિવર્ણ રત્ન માલિકા સ્તુતિ સંપૂર્ણમ્.

રાસની રચના સંવત આપતા કવિ કહે છે – સંવત સોલતે જાણજ્યો સા ત્રસ ઉતેસાર રે; વૈશાખ વદિ ભલી પંચમી રાસ રચ્ય ઉ રવિવાર રે.

તદુપરાંત પુણ્યરત્નકૃત 'નેમિનાથ રાસ' રાસની પ્રત સંવેગી ઉપાશ્રય, હાજા પટેલ પોળ, અમદાવાદના ભંડારમાં છે.

તેમા કહેલી પાટ પરંપરાનો પરિચય ક્રમાંક (૧૮) માં અપાઈ ગયો છે. આ પાટ–પરંપરાનું એ જમાનામાં કેટલું વિશેષ મહત્વ હશે તેનો અંદાજ પ્રસ્તુત ઐતિહાસિક પદ્યોદ્વારા અસંદિગ્ધપણે મળી રહે છે ગચ્છપતિના સર્વોચ્ચ હોદાને જેબ આપે એવા પુણ્યરત્નસૂરિ ચારિત્ર્યવંત, જ્ઞાનવાન તેમજ પ્રતિભાશાળી હતાં. જેનુ કાવ્યમય નિરૂપણ પ્રસ્તુત ગીતમાં છે.

ખરતરગચ્છીય પ્રખર વિદ્વાન અને સંશોધક મુનિ કાંતિસાગરજીના સંગ્રહમાંથી આ ઐતિહાસિક પદ્ય–કૃતિઓ ઉપલબ્ધ ન રહી હોત તો આ ગૌરવશાળી પાટ–પરંપરાની જાણકારી વિશે આપણે અનભિજ્ઞ રહ્યા હોત. આવી તો કોણ જાણે કેટકેટલીય બાબતો કાળની ગર્તામાં ધકલાઈ ગઈ હશે, જેનો અંદાજ મળવો મુશ્કેલ છે. પાટણસ્થ ગચ્છશાખા જેવી એક જમાનામાં પાલીતાણા શાખા પણ પોતાનો પ્રભાવ પ્રવર્તાવતી હતી. તેનું સાહિત્ય હાલમાં ઉપલબ્ધ નથી, પણ એ વિશે ઉલ્લેખ મળે છે. 'પાલીતાણી શાખા' માં વાચક વેલરાજ શિ૦વા૦ કમલશેખર શિ૦વા૦ સત્યશેખર શિ૦વા૦ વિવેકશેખર આદિ શિષ્ય–પરંપરાના ઉલ્લેખ મળે છે. આ શાખાના નયનશેખર કૃત વૈદક ગ્રંથ 'યોગરત્નાકર ચોપઈ' (રચના વિ. સં. ૧૭૩૬) નું એક ઉદ્ધરણ ટાંકીએ

તાસ તણઈ પખિ શાખા ઘણિ, એક એકમાંહી અધિકી ભણી; પંચ મહાવ્રત પાલઈ સાર, ઈસા અછઈ જેહના વિસ્તાર.
તે શાખામાંહીં અતિ ભલી, પાલીતાણાશાખા ગુણનિલી;પાલીતાચાર્ય કહીઈ જેહ, હૂ આ ગચ્છપતિ જે ગુણ ગેહ

વિ સં. ૧૬૧૭માં પાટણમાં થયેલા વાદ–વિવાદમાં બધા ગચ્છોએ મળીને નક્કી કર્યુ કે નવાંગી–વૃત્તિકાર અભયદેવસૂરિ ખરતરગચ્છના હતા. એ મતપત્રમાં 'ધવલપર્વીય આંચલીયા ગચ્છ' ના પં. રંગા–રંગતિલક તથા પ. ભાવરત્નના દસ્તક છે એ બંને શ્રમણો એ વખતે પાટણમાંજ ચાતુર્માસ રહેલા. અંચલગચ્છની આ શાખા વિશે ઝાંઝુ જાણી શકાતુ નથી. 'ગજસાગરસૂરિ છંદ' સંબંધમાં કહેલા શાખાનું એ બીજુ નામ પણ હોઈ શકે, જેનુ મુખ્ય સ્થળ પણ પાટણમાં જ હતું. આ બધા પ્રમાણો એક જમાનામાં અંચલગચ્છની મોટી પટ્ટાવલી' એ તેનું પ્રભાવક્ષેત્ર સંકુચીત કરી નાખ્યું છે. ખરેખર જો એ પટ્ટાવલી મેરૂતુંગસૂરિ, ધર્મમૂર્તિસૂરિ વિગેરે પૂર્વાચાર્યો દ્વારા લખાઈ હોત તો તેથી ઘણું જૂદું ચિત્ર ઉપલબ્ધ થાત.

ન્યાયસાગર કૃત 'ધમ્મિલરાસ' (વિ. સં. ૧૭૧૨) ની ગ્રંથ પ્રશસ્તિમાં એમનો પ્રશસ્ત ઉલ્લેખ છે.

પાટપ્રભાકર તેહના (પુણ્યરત્નસૂરિના) વિદ્યમાન વિરાજઈ રે
ગુણરત્નસૂરિ ક્ષમા ગુણઈ, વલી શીલ વિદ્યા ગુણિ ગાજઈ રે.
એજ કવિકૃત 'સનત્કુમાર ચઉપઈ' ની ગ્રંથ પ્રશસ્તિમાં–

'અંચલગચ્છ–દિગદર્શન' (પ્ર૦વિ.સં ૨૦૨૪) લખાતુ હતુંએ દરમિયાન સન ૧૯૬૬ માં મુનિ કાંતિસાગરજીનું પાલીતાણામાં આગમન થતાં એમના પુસ્તકોનો ભંડાર પણ રાજસ્થાનથી ત્યાં ખસેડાયો તે જોવાનો અપૂર્વ લાભ મળતાં તેની જાણકારી પ્રકાશમાં આવી. પછી એમણે જયપુર તરફ વિહાર કરતાં એ ભંડાર પણ પાલીતાણાથી ત્યાં સ્થાનાંતરીત થયો. કમનસીબે ત્યાં એકાએક તેમનું નિધન થઈ જતાં ઉત્તરાધિકારી ન હોવાનાં કારણે એ બહુમુલ્ય ભંડાર અસ્તવ્યસ્ત થઈ ગયો. અમે બન્ને એ પાલીતાણાના શિલાલેખો નોંધેલા એ પણ અપ્રકાશિત રહી ગયા. તેની હાથપ્રત પણ મોજુદ ન રહી.

અંચલગચ્છી ગિરૂઆ ગચ્છનાયક, શ્રી ગુણરતન સૂરિંદો રે;
તાસ પાટિ પ્રભાકર સૂરિવર, શ્રી ક્ષિમારત્ન મુણિંદો રે.
ગુણ રત્નસૂરિએ પદાસીન થયા પહેલાં દેશના શતકની પ્રત લખી–

'ઈતિ દેશના શતક ટબુ સમપ્તિ : ઋષિ ગુણરત્ન લિખિતં. શુભભવતુ કલ્યાણમસ્તુ સંવત ૧૬૬૯ વર્ષે શ્રી પુણ્યરત્ન સૂરિ વિજય રાજ્યે : ઋષિ ગુણરત્ન લિખિતં શુભંભવતુ'

'પુણ્યરત્નસૂરિ ગીત'માં એમના અંગત જીવન વિષે કોઈ માહિતી નથી પણ 'અંચલગચ્છ આચાર્ય પરંપરા વિવરણ' નામક ગ્રંથમાં જણાવાયું છે કે અમદાવાદમાં શ્રીમાલ જ્ઞાતીય સા૦ મંગલની ભાર્યા ભાવિલદેની કૂખે વિ. સં. ૧૬૧૦માં એમને જન્મ થયો. એમનું મુલ નામ પાંચા હતું. વિ. સં. ૧૬૨૬માં ગજસાગરસૂરિ પાસે દીક્ષા લીધી. વિ. સં. ૧૬૩૬ માં સૂરિપદ અલંકૃત થયા. વિ. સં. ૧૬૫૯માં ગજસાગરસૂરિના પાટે સ્થપાયા. વિ સં. ૧૬૮૫માં ૭૫ વર્ષની ઉમરે દેવલોક પામ્યા.

પુણ્યરત્ન સૂરિએ વિ. સં. ૧૬૩૬ ના વૈશાખ વદી પાંચમને રવિવારે ૨૮૧ ગાથામાં 'સનતકુમાર રાસ' રચ્યો તેની 10
પ્રશસ્તિમાં એમની પાટપરંપરા અપાઈ છે. મુનિ પર્યાયમાં 'નેમિયાદવ રાસ' (૬૪ ગાથા) માં 'પુનરતન મુનિ વિનવઈ' દ્વારા પોતાનું નામ સુચવ્યું છે. વિ. સં. ૧૬૪૦ ના ફાગણ સુદિ ૧૩ ને ગુરૂવારે પેટલાદમાં રહીને ૭૨ કંડીકાઓમાં એમણે 'સુધર્માસ્વામી રાસ' રચ્યો.+

(૧૧૯) શ્રી ગુણરત્નસૂરિ કવિત્ત

ઉક્તપુણ્યરત્નસૂરિની પાટે થયેલા ગુણરત્નસૂરિની આ કવિત્તમાં ગુણ–પ્રશસ્તિ છે. 'અંચલગચ્છ આચાર્યા પરંપરા વિવરણ ઉલ્લેખ છે. કે તેઓ પાટણ નગરમાં શ્રીમાલી જ્ઞાતીય સા૦ શિવાની ભાર્યા કુંઅરીની કૂખે જન્મ. પ્રસ્તુત કવિતામાં પણ એ પ્રમાણે જ માહીતી છે. માત્ર જન્મ સ્થાપનાનો તેમાં ઉલ્લેખ નથી. અહીં એકવાત નોધપાત્ર છે કે પ્રસ્તુત પાટ–પરંપરાના જેના ઐતિહાસિક પદ્યો અહી અત્યાર સુધીમાં પ્રકાશિત છે. એ બધા પાટધરોનો જન્મ પાટણમાં તેમજ શ્રીમાલ જ્ઞાતિમાં થયો છે. પાટણસ્થ એ પાટ ઉપર ત્યાંની શ્રીમાલી જ્ઞાતીય વ્યક્તિઓનું જ પ્રભુત્વ રહેલું એ નક્કર તથ્ય પ્રસ્તુત પદ્યોથી ઉભર્યા વિના રહેતું નથી. યોગાનુયોગ એ બધી કૃતિઓ મુનિ કાંતિસાગરના પ્રકાશ' વર્ષ ૭, અંક ૧૧માં લખ્યું છે કે ગુણરત્નસૂરિકૃત તીર્થંકરોના ૬૧ દોહરાઓ પણ ઉપલબ્ધ થાય 20
છે. (પૃ. ૫૩૦)

પ્રસ્તુત કવિતાના કર્તા સેવક સવસીએ ગુણરત્નસૂરિને ગુણમાં ગૌતમસ્વામી જેવા કહ્યા છે, તેમજ અનેક ઉપમાંઓ થી નવાજ્યા છે, જેમકે 'રયણાગાર' – એટલે કે રત્નના ભંડાર, 'ઉદયાચલભાણ' વિગેરે. તેમા 'જંગમતીર્થ' ની ઉપમા ધ્યાનાકર્ષક છે. આવી કૃતિઓમાં અતિશયોક્તિના રંગો તો હોય જ, કિન્તુ તે તદ્દન નિરાધાર તો ન જ હોય.

ગુણરત્નસૂરિની પાટે ક્ષમારત્નસૂરિ સ્થાપિત થયા એમ 'ચિત્રસંભૂતિ ચોપઈ' (વિ. સં. ૧૭૨૧) માં જ્ઞાનસાગરજી એ નોધ્યું છે : 'ક્ષમારત્નસૂરિ તસ પાટી' એનો અર્થ એ થયો કે વિ. સં. ૧૭૨૧ પહેલાં ગુણરત્નસૂરિ દિવંગત થયા હતા. એ બન્ને બાબતો ગુણરત્નસૂરિના જીવનકાળને નિર્ણિત કરવા માટે આધારપ્રદ છે.

(૧૨૦) શ્રી તેજરત્નસૂરિ સજઝાય

સર્વ જિનેશ્વરોને વંદન કરી, દેવી સરસ્વતીનું સ્મરણ કરી, ગણધર ગૌતમસ્વામીનું નામ ચિત્તમાં ધરી કવિએ તેજરત્નસૂરિ સજઝાયનો પ્રારંભ કર્યો છે. ચરિત્રનાયકને એમણે 'વિધિપક્ષગયણ–દિણંદ, ગચ્છપતિ ગણધાર' કહ્યા છે, જે દ્વારા એમના પ્રભાવનું 30
સ્પષ્ટ સુચન મળી રહે છે.

ગુજરાત જે બધા દેશોમાં અગ્રેસર છે, જ્યાં ફળ–ફૂલના ઘણા બગીચાઓ છે. તેમાં અહિમદાવાદ જેવું નર–સમુદ્ર સમું સુંદર નગર છે. ત્યાં મેરૂગિરિ સાથે વિવાદ કરે એવા ઉતુંગ જિનપ્રસાદો છેં. તેની નીકટ ઉપનગર રાજપુરમાં ઉદાર દિલના લોકો વસે છે. તેમાં શ્રીમાલી જ્ઞાતીય રૂપા નામનો પુણ્યવંત વ્યવહારી પોતાના પરિવારનું પાલણ પોષણ કરતો હતો. તેની દેવકુમારી જેવી સતી શિરોમણિ કુંવરી નામે પત્ની હતી. તેની કુખે થી રાજહંસ જેવો કુમાર અવતર્યો જેનું તેજપાલ જેવું નિરૂપમ નામ હતું. ગુણમાં ચંદ્ર તથા તેજમાં સૂર્ય જેવો એ બાળક શુભ લક્ષણોના સાર સમાન હતો.

એક વખત આગમના જાણકાર એવા ભાવરત્નસૂરિ ત્યાં પધારતાં તેમની મધુર દેશનાનો તેજપાલને લાભ મળ્યો. સૂરિનો વૈરાગ્યસભર ઉપદેશ સાંભળી તે પ્રભાવિત થયો. વિ. સં. ૧૬૨૯ ના આષાઢ સુદિ ૧૦ ને સોમવાર સિદ્ધિ યોગમાં તેજપાલે અસાર સંસારનો ત્યાગ કરી ચારિત્ર્યનો માર્ગ ગ્રહણ કર્યો. દીક્ષોત્સવ શાહવમાએ કરી મહાપુણ્ય ઉપાર્જન કર્યુ.

નવોદીત મુનિએ ખાંડાની ધાર જેવું ચારિત્ર્ય નિર્મળ રીતે પાળ્યું, જૈન શ્રુતમાં કહેલા આહારના દોષો ટાળ્યા, અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરી સુરગુરુની જેમ ચૌદ વિદ્યાઓના પારગામી થયાં. ગુરુભાવરત્નસૂરિએ એમને યોગ્ય જાણી વિ. સં. ૧૬૩૫ ના વૈશાખ સુદિ ૫ ના દિને ગચ્છનો ભાર સોંપી દિધો. પટ્ટાભિષેક મહોત્સવ લખરાજના પુત્ર કુંઅરજી એ ઘણું વિત્ત વાપરી ઉજવ્યો. બધાં સંઘો એ એકચિત્ત થઈ નવોદીત ગચ્છપતિને મોતીએ વધાવ્યા. બીજના ચંદ્રની જેમ તેજરત્નસૂરિનું તેજ વૃદ્ધિ પામવા લાગ્યું. ગજપતિ હાથીઓથી આવૃત રહે તેમ એઓ પોતાના વિશાળ શિષ્યપરિવાર થી શોભતા હતા.

એ પછી સજ્ઝાયમાં તેજરત્નસૂરિ સદ્‌ગુણોનું વિસ્તારથી કીર્તન છે. વચન રૂપી અમૃત રસ વર્ષાવતા, મેઘના જેવી ગંભીર વાણીથી ગર્જના કરતા, અવનીપટે લોકોના સંદેહને ટાળતા, ભવિક જનો દ્વારા વેદના પામતા કામ–કષાયનું જળમૂળથી નિકંદન કરતા, અબૂઝ લોકોને પ્રતિબોધતા પંચ સમિતિ, ત્રણ ગુપ્તિ સહિત છ–કાયનું પાલન કરતા.

પોતાના કુળને અજવાળતા, સુજનોના મંડણ, દુર્જનોની કુમતિના ખંડનહાર, આઠ મદને વશ કરનાર, સભાને રંજન
10 પમાડનાર, સુરગુણમાં પુરંદર જેવા અલંકૃત, સકલ સંઘ દ્વારા પરિવૃત એવા અંચલગચ્છ–નાયક તેજરત્નસૂરિ જયવંત રહો.

સજ્ઝાયના કલશમાં સૌભાગ્યસુંદરનો નામોલ્લેખ કદાચ કૃતિના રચયિતાને સૂચવતો હોય એમ અનુમાન થાય છે.

સજ્ઝાય તેજરત્નસૂરિની વિદ્યમાનતામાં રચાઈ હોયને તેમના પછીના વૃત તથા મૃત્યુ વિષે ઉલ્લેખ ન જ મળે. કિન્તુ વિ. સં. ૧૬૬૩ સુધી એઓ સક્રિય પણે વિચરતાં રહ્યા હતા એવુ પ્રમાણ નિમ્નોક્ત પ્રતિષ્ઠાલેખ પૂરું પાડે છે –

'સંવત ૧૬૬૩ વર્ષે વૈશાખ સુદિ ૧૧ સોમે શ્રી શ્રીમાલ જ્ઞાતીય સા૦ ખીમા સુ૦સા૦ વજરાજ ભાર્યા ચુથા સુત રૂપા સહીતેન શ્રી પૂ૦ શ્રી ભાવરત્નસૂરિ તત્પટ્ટે શ્રી પૂ૦ તેજરત્નસૂરિણામુપદેશેન શ્રી સંભવનાથ બિંબ કારિત આત્મશ્રેયાર્થં આંચલગચ્છે.

આ ઉત્કિર્ણ લેખમાં પણ ભાવરત્નસૂરિના પટ્ટધર આચાર્ય તરીકે તેજરત્નસૂરિનો ઉલ્લેખ છે. કોઈ એકલ દોકલ પદ્યમાં આવો ઉલ્લેખ હોય એ જુદી વાત છે. પરંતુ સકળ સંઘ દ્વારા પ્રતિષ્ઠાપિત લેખોમાં તે થાય ત્યારે એવા વિધાન તરફ આંગળી ઉચી કરી શકાતી નથી. અહીં ઐતિહાસિક પદ્યોને ઉત્કીર્ણ લેખોનું સમર્થન પણ સાંપડયું છે. તેથી તેની સચ્ચાઈ માટે શંકાને કોઈ સ્થાન નથી.

(૧૧૭) શ્રી ગજસાગરસૂરિ છંદ

20 **કર્તા : પૂણ્યરત્નસૂરિ** **રચના વિ. સં. ૧૬૨૪**

શ્રી ગજસાગરસૂરિ ચંગા, ગજગતિ સુમતિ ગુપતિ શ્રુરંગા;
શ્રુત–સાગર વર વીર તૂરંગા, જિન ગિરિથી આવી શ્રુત ગંગા. ૧

ધરમ મરમ વરમ સુસંગા, આજ જનમ જેણિ જીત અનંગા;
તપે તેજિં સાહા તુલ્ય પતંગા, ગૌર વરણ ચારિત્ર અંગા. ૨

પાલિ સંયમ સપત–દાસ ભંગા, અપર મત ભારંડ વિહંગા;
ખેલિ અંગ ઉપાંગ જૂરંગા, પાપ કરમથી ન તિન સંગા. ૩

ચાલિ તૂરે

ન તિન સંગા ગન્યાય સૂરંગા ચાંપસી કુલ ચંદ,
કમલા નંદન પાપ નિકંદન વાણી અમૃત કંદ;
30 વાણી અતિ સારી જન સુખકારી સુણતા અતિ આણંદ,
નવિ પરણી નારી બહુ ઉપગારી જિમ નેમનાથ જિણંદ. ૪

ચાલિ

શ્રી ગજસાગરસૂરિસર સારા, પાટણનયર હૂઉ અવતારા;
સોલ તિડોતરિ અણગારા, હૂઆ પંચ મહાવ્રત ધારા. ૫

સોલ ચુવીસિ થાપિ ભારા, ઉછ્‌વ કીધા અતિ વિસ્તારા;
ભવ્ય જીવનિ તારણહારા, જણ જણ આવિ પૂછણહારા.
દિન દિન જ્ઞાન દીઈ ઉદારા. ૬

ચાલિ તૂરે

જ્ઞાન ઉદારા સંયમ સારા પાલિ પંચાચાર,
મનું આચારી જોઉ વિચારી આગમ અરથ વિચાર;
મુનિજનનિં તારિ પાર ઉતારિઆપિ સંયમ સાર,
જિહાં ગ્રહગણ તારા ચંદ્ર ઉદાર તિંહા એ ગુરુનુ આધાર. ૭

કલસલું

શ્રી ગજસાગરસૂરિ ભૂરિ ભય ભાવિઠિ ટાલિ,
શ્રી ગજસાગરસૂરિ પૂરિ સંયમ જલિ માહાલિ;
શ્રી ગજસાગરસૂરિ સુર પણિ સંયમ પાલિ,
શ્રી ગજસાગરસૂરિ શ્રીયશ્રીયવંશ અજૂઆલિ. 10
શ્રી પુણ્યરત્નસૂરિ વીનવિ, પૂજ્ય વંદિ આણંદ ભયુ. ૮

– ઈતિ શ્રી ગુરૂ છંદ. (પ્રત મુનિ કાંતિસાગરજીના સંગ્રહમાં)

(૧૧૮) શ્રી પુણ્યરત્નસૂરિ ગીત (છપ્પય)

ગચ્છ વિધિપક્ષ શૃંગાર, સાર વિદ્યા ગુણિ દીપઈ; રૂપ અનોપમ સાર, વાદ વિદ્યા બલિ જીપઈ;
વ્યાકર્ણ કાવ્ય પ્રમાણ, ગીત સંગીતહ જાણિ; આગમ વેદ પુરાણ, ભાવ નવ નવા વખાણીઈ;
ગજસાગરસૂરિ સમુ, પાટિ પ્રભાકર જાણઈ; શ્રી પુણ્યરત્ન સૂરિશ્વરૂ, સાંમિ સુધર્મ વખાણીઈ. ૧

શ્રીમંધર ઉપદેસિ, ગચ્છ વિધિપક્ષ જ થાપ્યું; જગ સધલિ જયકાર, સાર મહિમા જગિ વ્યાપ્યું;
ગણ ગૌતમ અવતાર, રમણી સુખી નવિ મોહી; સૂરજ જિમ પ્રતાપિ, સિદ્ધિ ઘણ દિન દિન સોહી;
નર–નારી નિતિ નિતિ નમું, મન વંછિત સુખ કામીઈ; શ્રી પુણ્યરત્નસૂરિ વાંદતાં, પુત્ર કલત્ર પામીઈ. ૨

– (પ્રત મુનિ કાંતિસાગરજીના સંગ્રહમાં) 20

(૧૧૯) શ્રી ગુણ રત્નસૂરિ કવિત્ત

કર્તા : સેવક સવસી (છપ્પય)

સકલ ગુણ રયણાગાર ચિંતત આસ્યા પૂરણ; અંચલગચ્છઈ ઉદાર, દોહગ્ગ દારિદ્ર ચૂરણ;
પાલિ સુમતિ પંચ, સંત સદા સોભાગી; જીવ સવિહું હિતકાર, લહુ પણિ સુભ મતિ જાગી;
માહાવ્રત પાંચ નિર્મલ ધરઈ, ગુણરત્નસૂરિ સાધાર; મુનિવર સેવક ઈમ ભણિ, સગુરુ નામ બલિહાર. ૧

શ્રી શ્રીવંશ શણગાર, શાહ શિવા સુજાણહ; કુંયરી માતા મલહાર, યુઉં ઉદયાચલ ભાણહ;
સયલ શાસ્ત્ર અભ્યાસ, જંગમ તીરથ કહી જિજ; શ્રી પુણ્યરત્નસૂરિ પાટિ, દરશનઈ સુખ લહીજિજ;
ગુણઈ ગૌતમ ઓપમા, મહિમાં કીર્તિ અપાર; સેવક સવસી ઈમ કહિ, ભવિજન એ સુખકાર. ૨

– ઈતિ કવિત્ત સંપૂર્ણઃ (પ્રત મુનિ કાંતિસાગરજીના સંગ્રહમાં)

(૧૨૦) શ્રી તેજરત્નસૂરિ સજ્ઝાય 30

કર્તા : સૌભાગ્યસુંદર રચના વિ.સં. ૧૬૩૫ના અરસામાં

શ્રી ગુરૂભ્યો નમઃ

સયલ જિણેસર પય નમેવિ સરસતિ સમરેવિ, ગણહર ગોયમસામિ નામ નિય ચિતિ ધરેવી;
વિધિપક્ષગયણ દિણંદ ગચ્છપતિ ગણધાર, ગાયસું તેજરત્નસૂરિ ગુણમણિ ભંડાર. ૧

દેશ શિરોમણિ ગુજરાત જિહાં ઝાઝા આગર, નિવસઈ નયર અનેક જિહાં નરકેરા સાગર;
અહિમદાવાદ સુચંગ નામ જિહાં જિન પ્રાસાદ, ઉંચા અતિ ઉત્તંગ મેરૂગિરિ સિઉં કરઈ વાદ. ૨

તિહાં પાસઈ છઈ રાજપૂર જિહાં લોક ઉદાર, વસઈ વ્યવહારી પુણ્યવંત પોસઈ પરિવાર;
શ્રીશ્રીમાલી નાતિ નામ રૂપા ઘરિ નારી, સતીય શિરોમણિ નામ કુંઅરી જાણે દેવકુમારી. ૩

તાસ કુખિ સરિ રાજહંસ સમ હૂઉ કુમાર, નામ નિરૂપમ તેજપાલ શુભ લક્ષણ સાર;
સોમ ગુણે શશિ અવતર્યુ તે જિંઈ કરી ભાણ, વાંદ્યા ભાવરતનસૂરિ આગમના જાણ. ૪

અમીય સમાણી વાણિ તામ સહિગુરૂની દીઠી, જાણે સાકર સેલડી દ્રાખહથી મીઠી;
કામ–ક્રોધ–મદ–મોહ–મયણ તેહથી મન ભાગુ, એહ સંસાર અસાર જાણિ ગુરૂ ચલણે લાગુ. ૫

સંવત સોલ ઓગણ ત્રીસઈ વસીઉ વઈરાગ, માસ આસાઢિ દસમિ દિવસિ ચારિત્ર તુ લાગ;
પક્ષ અજૂઆલઈ સોમવારે ઉત્તમ સિદ્ધ યોગિઈ, ઉચ્છવ સાહ વમા ઘરે પુન્યનઈ સંયોગિઈ. ૬

પાલઈ ચારિત્ર નિરમલું જસી ખંડાધાર, ટાલઈ દોખ આહારના શ્રુતનઈ આધારિ;
10 ખમ–દમ–સંયમ–ક્રિયાવંત ઉપશમ રસિ ભરીઉ, વિદ્યા ચૌદ અલંકારી સુરગુરૂ અવતરિઉ. ૭

સહિગુરૂ ચિંતઈ પાટ યોગિં પાંત્રીસઈ સાર, પંચમિ સુદિ વૈશાખ દિવસિ સુંપઈ ગચ્છભાર;
કુંઅરજી લખરાજ પુત્ર અવસરિ વિત વાવઈ, સંઘ સયણે એક ચિત થઈ મોતીએ વધાવઈ. ૮

વાધઈ દિન બીય ચંદપરિ તેજ અપાર, ગજપતિ યૂથિઈ પરવરિઉ તિમ બહુ પરિવાર;
વચન અમૃતરસિ વરસતુ ધન ગુહિરઉ ગાજઈ, ભવિ જન મન સંદેહ તાપ તવ સઘલુ ભાજઈ. ૯

સોભાગી ગુરૂરાઈ પાય જે ભવીયણ વંદઈ, આવઈ કરમ કષાય સયલ તે મૂલ નિકંદઈ;
પડિબોહઈ અજ્ઞાન લોક છકાયનઈ પાલઈ, પંચ સમિતિ ત્રણિ ગુપતિ સહિત નિજકુલ અજૂઆલઈ. ૧૦

કલશ

ઈય જણહ મંડણ દુરિય ખંડણ કુમતિ માણ વિહંડણો, મદ આઠ ગંજણ સભારંજણ ગચ્છ અંચલ મંડણો;
સોભાગસુંદર નિત પુરંદર સુરગણે જિમ અલંકારિઉ, તિમ જયું તેજરત્ન મુનિપતિ સયલ સંઘ પરિવરિઉ.૧૧

ખંડ – ૪ ધર્મપ્રેમી શ્રાવકોના સુકૃત્યો અને સલોકો

(૧૨૧) વીસરીયા મોતા મંત્રી જેસલ અને જેતા શાહનું કવિત્ત

આપણે ક્રમાંક (૧) માં 'યશોધન ભણશાલીનું કવિત્ત' જોયું. એજ વંશની અન્ય વહીમાંથી પ્રસ્તુત કવિત્ત છે. પહેલા કવિત્તમાં યશોધનને શ્રીમાલી કહ્યા છે. તેના વંશજો સ્થાનાંતરિત થતાં સૌરાષ્ટ્ર–હાલાર થઈ, કચ્છમાં આવી ઓસવાળ મહાજન થયા ધુમલિના રાજા વીસલદેવના મંત્રી પદે રહેવાના કારણે તેઓ 'વીસલીયા મહીતા' કહેવાયા. કચ્છી ઓસવાળ મહાજનનું એ પર થી 'વીસરીઆ મોતા' ગોત્ર અસ્તિત્વમાં આવ્યું. કવિતમાં કહેલાં 'રાય વીસલ વ્યાપાર મૂલ મહોતા વીસલીયા' દ્વારા એ વાતને પુષ્ટિ મળે છે.

કવિત્તમાં હેમ, દેપાલ, લખધીર, જેસલ, જેતા વિગેરેનાં નામો છે. એ બધા ના સુકૃત્યોને તેમાં વણી લેવાયાં હોઈને આ કૃતિને 'વીસરીયા મોતા' પ્રશસ્તિ કવિત્ત કહી શકાય તેમાં મંત્રી બાંધવ ભીમા અને ભાણાનો ઉલ્લેખ ન હોવા છતાં તેમના કાર્યોને પણ સાંકળી લેવામાં આવ્યું છે. જુઓ –

ભદ્રેસર મેલ્યા ભૂપતિ કચ્છખંડે રખવાલ કરી; ધર્યા પીઠ પાખાણના જેહઈ મંડાવ્યા ધુરી. 10

આ કવિત્તમાં મંત્રી સલખૂ, જેમણે જુનાગઢમાં આદિનાથ જિનપ્રાસાદનું નિર્માણ કરાવેલુ, તેનો ઉલ્લેખ ન હોવા છતાં તેના કાર્યોનું વર્ણન છે, જુઓ – શેત્રુંજો ને ગિરનાર, સંઘ જિણે મુગતા કીધા; અસમી અન્ન પ્રવાહ, દાન ષટ્ દર્શન દીધા.

આ બધા સંદર્ભો ગોત્રવહી માંથી ઉપલબ્ધ થાય છે. ઉદાહરણ તરીકે તેમાં કહેવાયું છે કે મંત્રી ભાણા એ ભદ્રેસરના કિલ્લાને ઘણું ધન ખરચી સમારાવ્યો. ભદ્રેસરમાં નવાણ, તળાવ, મઢ, મેડી, ઉપાશ્રય, પૌષધશાળા વિગેરેના નિર્માણમાં જે ખર્ચ થયો તેમાં ચોથો ભાગ આપ્યો.

આ બધી તવારીખ વહીઓમાં સિલસિલા બંધ કવિત્તો સહીત છે. પણ વહી સાહિત્ય ભાટોની અંગતમાલિકીમાંજ રહ્યું હોઈને તેની વિગતો પ્રકાશમાં ન આવી. વહીઓ જીર્ણ થતાં નવી વહીઓ ઉતરવામાં આવતી ત્યારે સ્થાન સંકોચના કરણે તેમાનું ઘણું કમી થઈ જતું. તેની વિગતો જાહેરમાં ન હોવાથી કાળગ્રસ્ત થઈ જતી. આવુ તો ઘણું ઘણું બનવા પામ્યું છે.

કવિત્તમાં ''જેતા વાવનો'' ઉલ્લેખ છે. તેના પર આવતાં પહેલાં ગોત્ર–વહિ માંથી થોડું ઉદાહરણ ટાંકીએ

(''પૂર્વે સંઘવી ભીમા ભ્રાતૃ મંગી ભાણા તત્સંતાનીય ઉપકેશિ મધ્યે સ્થાપિતા કચ્છી ઓસવાલ મધ્યે મોતાગોત્રી જાતા, સહી. 20
મં૦ ભાણા ભા૦ ભોણાદે પુ૦ દુલ્હો ૧ હેમચંદ ૨ રહીઓ ૩ તેજો ૪ મં૦ રહીઓ સુ૦ લખધીર પુ૦ ખોનો પુ૦ ધીરીયો પુ૦ દેસલ પુ૦ જગા ૧ જતા ૨ રાણા ૩ જગો અપરનામ જસો શંખોદ્ધાર બેટિ જાતઃ પશ્ચાત ધુંમલીઈ વાપી કરાપિતા. સં૦ ૧૨૩૬ વર્ષે વાપી સજલાં જલા જાતા. પશ્ચાત સંતાનીયા પાલા ભાર્યા હેમાઈ પુ૦ તેજો ૧ ભોજો ૨ ભીયા ૩ જયતો ૪ સંવત ૧૫૮૧ વર્ષે જેતે વાવી ખણાવી ઉદ્ધાર કારાપિતઃ ભર્યા કૃત. ટંકા લાખ ૧,૫૦,૦૦૦ વ્યય કૃતઃ વિક્રમાદિત્ય રાણાંકસ્ય ભોજનં કરાપિતઃ જેતાવાવી સર્વે જના વંદતી. જેતા ધા૦ કમઈ પુ૦ ફતુ ૧ જગુ ૨ +***'')

કવિત્તમાં કહેલા હેમ–હેમચંદ, દેપાલ–પાલા લખધીર, જેસા–જેસલ, જઈતા–જેતા વિગેરે નામો ગોત્ર વહી સાથે મેળ ખાય છે. આ વંશમાં જેતાશાહ નામે અનેક પ્રસિદ્ધ પુરુષો થઈ ગયા છે. એ બધા રાજ્ય પ્રશાસન સાથે સંલગ્ન રહ્યા હોઈને મોતા કહેવાયા. કયા જેતા શાહ કયા રાજાના મંત્રી હતા એ કહેવું મુશ્કેલ છે. ગોત્રવહીમાં ધુમલીના રાજા તરિકે વિક્રમાંદિત્યનો ઉલ્લેખ છે. જ્યારે કવિત્તમાં રાજા વિસલદેવનો. જેસલ જૈન વહીમાં દેસલ પુ૦ જગા અપરનાર જસા કહ્યા છે. તે પણ ધુમલી રાજ્યમાં મંત્રી પદે રહ્યા હશે એમ કવિત્તના વર્ણન 'જગપાલક જેસલું અધિક તસ ઉપમા દીજે' પરથી કહી શકાય છે. 30

મંત્રી જેતાશાહે વિ. સં. ૧૫૮૧ માં ટંકા ૧,૫૦,૦૦૦ ખરચી નેવાવ કરાવી એમ વહીમાં ઉલ્લેખ છે. તેમાં વિશેષમાં કહ્યું છે કે ધુમલીના રાણા વિક્રમાદિત્યને તેમણે ભોજનાર્થે નિમંત્રેલા જેમાં ટંકા ૩૦૦૦ નો ખર્ચ થયો. કવિત્તમાં ' જેતે જગ જસ લીધ, ગઢ ધુંમલી કરાવી' એ ઉલ્લેખ સૌરાષ્ટ્રના રાજકીય ઈતિહાસ પર પ્રકાશ પાડે એવો મહત્વપૂર્ણ છે. વહીઓની માહિતી બહાર ન પડવાના કારણે અંધકારમાં જ રહી. અહીં એબધું પહેલીવાર પ્રકાશિત થાય છે. ભદ્રેસરનો ગઢ બંધાવ્યા પછી ધુમલીનો ગઢ બંધાવવાનું શ્રેય આ બડભાગી પરિવાર ને છે. +

+ બીજી વહીની વિગતમાં જરાતરા ફેર છે : ''મં૦ દેસલ પુ૦ જસો શંખોદ્ધાર બેટે આવી રહ્યો. પશ્ચાત ધુંમલીઈ વાવ કરાવી. સંવત ૧૨૩૬ વર્ષે મહાવદિ ૫ મુહુર્ત કીધો. વાવિ સજલ થઈ જસે કાલ કીધો. પાહલ ભા૦ હેમઈ પુ૦ તેજો ભોજો ભીમો ૩ જેતો ૪ તેણે તે વાવિ ઉદ્ધારી સજલ કરાવી. સંવત ૧૫૭૧ વર્ષે સરવાલે ટંકા ૧૫૦૦૦ બઈઠા. તિવાર પછી વિક્રમાદિત્ય રાણો જીમાડયો ટંકા ૩૦૦૦ બેઠા પછે જયતા વાવિ કહિવાણી. ધુમલીઈ છે ***''

+ ભદ્રેસરનો ઈતિહાસ, મારા મુરબ્બી મિત્ર રતિલાલ દીપચંદ દેસાઈએ બહાર પાડયો તેમાં મંત્રી ભાણાના સુકૃત્યો વિશે કયાંય નોધ 40
નથી. વહીઓ અંગત કબજામાં રહી હોઈને આમ થવું સ્વભાવિક છે.

કવિત્તમાં સૌથી છેલ્લો ઉલ્લેખ વિ. સં. ૧૬૯૬ સંબંધિત છે; જેમાં વીસરીઆ મહોતા વંશધરોએ પાટણમાં જઈ ચોર્યાસી પૌષધશાળાઓમાં કલ્પ મહોત્સવ કરી ઘણું ધન ખરચીયું. ગોત્રવહીમાં તેનું વિગતવાર વર્ણન છે. કિન્તુ પ્રસ્તુત કવિત્તમાં માત્ર 'પાટણ ખેત્રે પ્રવાસ સોળસો છત્રુ ધરીઆ' એટલો જ ઉલ્લેખ છે.

દુષ્કાળ વર્ષોમાં વિસરીઆ મોતાઓએ અન્ન સત્રો સ્થાપ્યા, ષટ્ દર્શનમાં મતલબ કે, બધાયે ધર્મના લોકોમાં દાનો આપ્યાં લખધીરના વંશજોને કવિઓએ 'કરિયાવર કરમી' તેમજ કોટિધ્વજ તરીકે નવાજ્યા છે. તેમણે પોતાના અનેક વિધ સુકૃત્યોથી જગમાં જશ ઉપાર્જન કર્યો, જેનો પુરો પાર કોઈ પણ પામી શકે તેમ નથી એમ કવિત્તમાં છેલ્લે કહેવાયું છે.

મંત્રી જેસલ અને જેતાશાહ વિષે વિશેષ માહિતી પ્રકાશ્યમાન ગ્રંથ 'જ્ઞાતિ દર્શન' માંથી ઉપલબ્ધ થશે.

(૧૨૧) વીસરીયા મોતા મંત્રી જેસલ અને જેતાશાહનું કવિત્ત

કર્તા : વીસરીયા મોતા ગોત્રના વહીવંચા **રચના વિ. સં. ૧૬૯૬ ના અરસામાં**

10 **છપ્પય**

કુલ હુઉ હેમ દેપાલ તેજ લખધીર ભણી જે; જગ પાલક જેસલું અધિક તસ ઉપમા દીજે.
રાય વિસલ વ્યાપાર મૂલ મહોતા વીસલીઆ; પાટણ ખેત્ર પ્રવાસ સોળસો છત્રું ધરીઆ.
ભદ્રેસર મેલ્યા ભૂપતિ કચ્છખંડે રખવાલ કરી; ધર્યા પીઠ પાખાણના જેંહઈ માંડવ્યા ધુરી.
જેતે જગ જસ લીધ ગઢ ઘૂમલી કરવી; રાય વિસલ વ્યાપાર વિત્તિ વિહિલા મુખી વાવી.
શુત્રુંજો ને ગિરનાર, સંઘ જિણે મુગતા દીધાં કરિયાવર કરમી કોટિધ્વજ સુકવિ ઈમ સહુકો કહે;
લખધીર સુતે જગિ જશ લીઓ, પૂરો પાર ન કોઈ લહે. ૨ (વીસરીયા મોતા ગોત્રની વહીમાંથી)

(૧૨૨) શ્રી મંત્રી વકીઆ શાહનું કવિત્ત

કચ્છી દસા ઓસવાળ જ્ઞાતિય નલિયાગામના સંઘાગ્રેસર મંત્રી વકીઆ શાહ પ્રતિભાશાળી પુરૂષ વીસરીઆ મોતા ગોત્રીય થઈ ગયા જો કે આ જ્ઞાતિ હાલમાં તેના આ તેજસ્વી સિતારાનું નામ પણ જાણતી નથી. આ જ્ઞાતિના શેઠ નરશી નાથા પહેલાનો ઈતિહાસ
20 વિસ્મૃત છે પણ ગોત્ર–વહીઓમાં તેની સિલ–સિલા બંધ કંડીકાઓ ઉપલબ્ધ છે જેના આધારે 'જ્ઞાતિ દર્શન' નામક ઈતિહાસ–ગ્રંથમાં વિશદ્ પ્રકાશ પાડવામાં આવશે.

વીસરીઆ મોતાઓનું પ્રવાસન સૌથી દીર્ઘ છે. યશોધન ભણશાલીનું કવિત્ત ભાલેજનગર સંબંધિત છે. તેના પૂર્વજો ભિન્નમાલનો વિ. સં. ૧૧૧૧માં નાશ થતા ત્યારે ત્યાં વસેલા મુસલમાનોએ ભાલેજનો નાશ કરતાં તેઓ વઢિયાર પ્રદેશ થઈ સૌરાષ્ટમાં પ્રવેશ્યા અને ઠેઠ વેરાવળજૂનાગઢ સુધી ફેલાયા. જેતાશાહ જેસલશાહ વિગેરેને ઘુમલીના જેઠવા રાજાઓનું મંત્રી પદ પ્રાપ્ત થતાં તેઓ બરડાં વિભાગમાં સ્થાનાંતરિત થઈ પછી હાલાર તરફ વાળ્યા. ત્યાંથી અનેક પરિવારો, ભૂચરમોરીના યુદ્ધ વખતે કચ્છી ઓસવાળ મહાજનો ઓથમાં કચ્છમાં પ્રવેશ્યા અને શ્રીમાળી મટી ઓસવાળ થયા. તેના વિશે જેતાશાહના કવિત્ત સંબંધમાં ઉલ્લેખ થઈ ગયો છે. પ્રસ્તુત કવિત એ પછીના વિ. સં. ૧૬૭૫ થી ૧૭૨૫ ના સમય ગાળાનું છે, જે દરમિયાન વીસરીયા મોતાઓ નલિયા, તેરા, કોઠારા સુથરી આદિ સ્થાનોમાં ફેલાઈ ચુકયા હતા.

પ્રસ્તુત કવિત્તમાં વહિવંચાએ વંશાવલી તરફ વિશેષ લક્ષ આપ્યું છે. અબડાસાના સંઘાગ્રેસર કે નલિયા જાગીરના વહીવટદારે
30 તરીકેની એમની કારકિર્દીનો સીધો ઉલ્લેખ નથી કર્યો. પરંતુ 'જ્ઞાતિદર્શન' ગ્રંથમાં તે વિષે પ્રકાશ પાડવામાં આવશે. આ પરિવારનું વહી દ્વારા આ પ્રમાણે વંશ–વૃક્ષ મળે છે – મંત્રી મોહણ – માંગીયા – સાહણ – કૂડા – મેહાજલ – મૂલા – લખધીર – માંહીઆ – વમીઆ – શામલ – કમુ–નરપાર–કરગણ –કરડાજ–અજુ–માંકુ–નાગાજણ–કુભુ–ડેરાજ

મંત્રી વકીયા શાહના તથા શામલના બધા પુત્રોના નામ કવિત્તમાં છે. તેમના પિતા મૂલાશાહના અવસાન પછી એમણે વિ. સં. ૧૭૨૫ વૈશાખ સુદિ ૩ થી ૬ સુધી અબડાસાના જૈન મહાજનોને નોતરી નલિયામાં મોટો નાત મેળો યોજ્યો એ પ્રસંગના ઉપલક્ષમાં પ્રસ્તુત કવિત્તની વહીમાં રચના થઈ છે. કીન્તુ વહી ની માહિતી ગુટકામાં જ ગોધાઈ રહેતાં અહી તે પહેલીવાર પ્રકાશમાં આવે છે. એ ઐતિહાસિક જ્ઞાતિમેળામાં કચ્છી દશા તથા વિસા ઓસવાળો જ નહીં 'જિમ્યા વરણ અઢાર' એ પછી પોણા બસો વર્ષ પછી શેઠ નરશી નાથાએ વિ. સં. ૧૮૯૭માં નલિયામાં નાત તેડું કરેલું, જેને ઈતિહાસની અજ્ઞાનતાના કારણે કચ્છી દસા ઓસવાળો પહેલા જ્ઞાતિ–મેળ । તરિકે બિરદાવેલુ. પ્રસ્તુત કવિત્ત એ ભ્રાંત અવધારણાને રદિયો આપવા મોજૂદ છે.

વકીયાશાહના જયેષ્ઠ બાંધવ લખધીર અને કાંહીઆ એ પ્રસંગે વિદ્યમાન ન હોવાથી કવિત્તમાં તેમનો ઉલ્લેખ નથી. વકિઆ
40 શામલા જોડી ભલી' એ બંન્ને ભાઈઓ વચ્ચેનો સંપ સૂચવે છે. જેતાશાહના કવિત્તનું 'દાનષટ્ દર્શન દીધા' નું પુનરાવર્તન આ કવિત્તમાં પણ થયું છે.

કવિત્તમાં અનવરૂં કીધું ઘણું' એ ઉલ્લેખ જરા સ્પષ્ટતા માંગે છે. વકીઆ શાહ યુગપ્રધાન આચાર્ય કલ્યાણસાગરસૂરિને વિ.

સં. ૧૭૧૬માં સૂરિના શેષ જીવનકાળ દરમિયાન ખાસ નલિયા તેડાવી સૌને અચંબામાં મૂકી દીધેલા. બન્ને વચ્ચેનો ઘનિષ્ટ સંબંધોનું એક વિશિષ્ટ કારણ એ હતું કે મંત્રી વકીઆ શાહ અને કલ્યાણસાગરસૂરિ એ બન્ને યશોધન ભણશાલીના વંશજો હતા.

'જ્ઞાતિદર્શન' ગ્રંથના સંશોધન કાર્ય દરમિયાન વહીઓની માહિતી ઉપલબ્ધ થઈ શકી તેથી આ બધા તથ્યોનું વિવરણ અંચલગચ્છ – દિગદર્શન' ગ્રંથમાં નથી. તેની પૂર્તિ પ્રસ્તુત રાસ સંગ્રહ દ્વારા થાય છે. એ પણ સુખદ યોગાનુયોગ ગણાય.

(૧૨૨) શ્રી મંત્રી વકીઆ શાહનું કવિત્ત

કર્તા : વીસરીઓ મોતા ગોત્રના વહીવંચા **રચના વિ. સં. ૧૭૨૫**

કુળવંત કમુ શાહ, દાનં ષટ્ દર્શન દીધાં; અનવરૂ કીધું ઘણું, કાંમ જિણ રૂડાં કીધા. ૧
કરગણ, હરડીજ બાંધવા ભલા, ન્યાયવંત નરપાળ; મેડીઉ મહાજનનું ભલું, જમ્યા બાળ–ગોપાળ. ૨
વકીઆ બાંધવ શામલ ભલો, પંચ પુત્ર પરિવાર; અજુ માંકુ નાગાજણો, કુભુ કુલ શણગાર. ૩
દેરાજ પાસે દીપતું,જિમ્યો વરણ અઢાર; મૂલાની મેડીઉ કીધું, સુકૃત ભર્યા ભંડાર. ૩
વકીઆ શામલ જોડી ભલી, ન્યાયવંત ગુણવંત; ગુરૂ ગોત્રજ પૂજે સદા, ધરમી ને ધનવંત. ૪
વીસરીઆ મોતાગોત્રની વહીમાંથી.

(૧૨૩) (૧) શાહ વાધારો કવિત્ત

કર્તા : ગોઠી ગોત્રની વહીના ભાટ **રચના વિ. સં. ૧૬૬૫**

ઉહડીઆ ઘણા ઘણા, ઉખંભિયા રહીઆ ખુસખુ બેરમ રાહ; વાયા ઘણાં વિચાલઈ, વાધે વડો પ્રાસાદ સજ્યો વારાહ. ૧
નામ કીયઉ અવિચલ, નેમાઉત લચ્છી વિલસે જસ વાસ લયો;પંત મુખ ધરહ તે, ચિહું પાસે કિવલૈ ગિડધજ બંધ કીયઉ.૨
દેપાહરા દુવદુ, સાસણ નવ ખંડ પૃથ્વી રાખ્યો નાદ; સિંહા ઘણા સાવતા, સાહા દાઢાલૈ રચિયઉ પ્રાસાદ. ૩
દેવલ સામી પસાય દી, પાવે કવિયાં દત્ત દે દલઈ; કપડ વડ હથ વાધ, થકા વન રાયા જીતો જીતો જગત્ર જપઈ. ૪

ઈતિ શ્રા વાધારો ગીત

(૧૨૪) (૨) અથ ખેતસી જીવાઉ તરો કવિત્ત

સુભ મહુરત સુભ વાર, પ્રથમ જોસી પૂછાયો; વદિ ફાગણ સપ્તમી એ સરિ મહુરત આયો.
ધરિ ધરિ મંગલ ચ્યાર, વલે ધરે ધરે વધાઈ; એમ ગૂડી ઊછલી લોક હરખિયા લોકાઈ.
વાપ્પઉ ઉદય સંઘ પૂવિ થિર કુણ સિર ભરિતો સંકરે; ખાટીઉ ધન્ન ખેતલ તણે ચિત સમારગ નાવ રે ખાટી
સમરા મંડપ સજે, સબલ સુર ભવણસુ સાત વરણ સાવટૂ; સખર સોભિત સણગારે, જગ જીવણ જગનાથ
માહે મૂરતિ મન મોહઈ, અચરિ જીયઉ મમ ઈન્દ્ર જગત્ર સહિકુગિ જોએ, એલા પુડે નામ કીધઉ
અમરાવડ દાની વધીયો વરે આટીયઉ ધન્ન દી મારગ.ખાટી ઉ૦ ૨
ઈણ દેવલ કથરે ચાંદ્ર લાગેના મોચાટિ સહુ ગામ સાહમી જુગતિ દિન સાત જીમાડે;
વ – નવી ટીયા અધિક ઉપરી આપી જૈ. કાપડ કનક કબાહિ દાંન કવિ પાત્રા દિજૈ.
જીવઉ તે નામ રાખ્યો જરૂ આજૂણૈ ઈય સખરે ખા ટીઉ ખાટિઉ૦ ૩
ઓછવ હોઈ અપાર સહુ સંસાર સરાહૈ, ખટ્ ત્રીસે અણખૂટ વિગત વાજિત્ર વજાયૈ;
ઈન્દ્ર ચાર અવતાર અને ચારે ઈન્દ્રાણી; પહીરી સોનહી પ્રગટ, જસ માલા જગ જાણી;
જલમાં જુહારે લીધો સુજસ ખરચ કીયો હુઈ મન ખરૈ. ખાટિઉ ૦૪
કેતાં બાંધિ કાઢિજૈ, કેતાં છોડિ જૈ; અનએ કર કરણી મોટી કરૈ સાહ કુણ કરા તીયે સિર, દિ સોનાં દુખિયાં,
કરે ઉપગાર કિતાઈ નરવર જીવા સુતન સફલ ફલીયો સગલાઈ તાહરો સુજન પાંચો તવૈ વસુ બહું જુવિસ્તરે.
ખાટીઉ૦ ૫

ઈતિ કવિત ખેતસીરો
(પ્રત : ગોઠી ગોત્રની વહીમાંથી)

વહીમાં શરૂઆતમાં આ પ્રમાણે નોંધ છે :

'બાહડમેર ૪ વાધા ભા૦ર પ્ર૦ ધની દ્વિ નવલાદે. સંવત ૧૬૫૯ વર્ષે બાહડમેરિ મધ્યે સા૦ છાયઈ ભત્રીજા સા૦ લખમશી ખેતસીં પ્રાસાદ મંડાવ્યો સં૦ ૧૬૬૫ વર્ષે કરાવ્યો શ્રી પાર્શ્વનાથનો. ચિહુ પાતઈ ગોઠી ૧ મહાની ૨ પડાઈઆ ૩ મોદરેચા. ૪ મોદરેચે દેહરૂં કરાવ્યું, પ્રતિષ્ઠિઉ, દેહરી કરાવતાં રૂપઈઆ સાત સહસ્ત્ર (૭૦૦૦ / સાત હજાર) બઈઠા. પ્રતિષ્ઠા સા૦ ખેતસીઈ કરાવી. રૂપઈયા સહસ્ત્ર બઈ ખરચ્યા ચઉથા વ્રતના ધણી. તેહનઈ હેમની વીટી માસા ચારની પહીરાવી' (વહી : શેઠ લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યા મંદિર અમદાવાદ.)

(૧૨૫) શ્રી ઓશવાલ ઉત્પતિ ગીત

દુહા

શ્રી સુરસતી દેજયો મુદા, આસૈ બહુત વિશાલ; નાસૈ સબ સંકટ પરો, ઉત્પતિ કહું ઉસવાલ. ૧

10 દેશ કિસૈ કિણ નગરમેં,જાત હુઈ છૈ એહ; સુગુરૂ ધરમ સિખાવિયો, કહિસ્યું અબ સસનેહ. ૨

છન્દ

પુર સુન્દર ધામ સકલં, કિરન્યાવત પાવસ હોય ભલં; ચઊઠા ચઉરાશિ વિરાજજ ખરૈ. પગ મેલય જોર સુગ્યાન ધરૈ. ૧

ભિનમાલ કરૈ નિત રાજધરં, ભલ ભીમ નરેંદ ઉપંતિ વરં; પટરાણી કે દોય સુતન્ન ભરં, સુર સુંદર ઊપલ મત્તધરં. ૨

અલકા નગરી જિહ રીત ખરી, અઠવીસ બબાકરી સોભ ધરી; તસ નારી વસૈ બહુ સુખઃ કરી, દુઃખ જાવ ન પાસૈ સુદૂર ટરી.૩

ત્રિય સુંદર ઓપમ કૂલ કલી, કનઆભયસું ઉતરી વિજલી; મુગતામ્બર જેમ ચલૈ પધરં, બહુરૂપ ભલો મનુકામ હરં. ૪

સુર સુંદર જેઠ સહોદર છૈ, લઘુ ઉપલ જોધાર અછૈ; સુર સુંદર લોક ભીમ ગયા પધરા, ભિનમાલકો રાજ બડો જુકરો. ૫

પુન દોય સહોદર મિત્ર ભલા, સકરૂપ મયંક સુધાર કલા; નલરાજ મનમથરૂપ જિસા, મહિરાંણ અથગ્ગ સોભાય ઈસા. ૬

કિરણાલ તપૈ પુન ભાગ ભલં, અરિ દૂર ભજૈ ઈક આપ બલં; નગરાજ ઉદાર દીપંતિ ખરા, કિલ છાત પંવાર મુગટ ખરા. ૭

દુહા

20 દ્રંગમાંહિ મંત્રી તણા બેટા દોય સરૂપ; વહી દુરગમાંહિ રહૈ, રૂપિયા ક્રોડ અનૂપ. ૧

સહરમાંહિ છોટો વસૈ લાખ ઘાટ છૈ કોડ; વડૈ ભ્રાત નૈ ઈસ કહૈ કરૂ કોડરી જોડ. ૨

એક લાખ દેવૈ ખરા દુરગ વસૂં હૂં આય; બલતી ભોજાઈ કહૈ વચન સુનો ચિત્ત લાય. ૩

દેવરજી સુપજ્યો તુહ્મે કિસો કટ છૈ સૂન; યા વિણ આયાં હી મરૈ, રાખો યે અબમૂન. ૪

બડઊ ઘરણ વખાણીયૈ છોટો ઊહડ જાંણ; ઉઠીયો વચન સુણી કરી, લઘુ બંધવ હરિરાંણ. ૫

કોપ અંગ તિણ બેલ ઘણ, કહ્યો વસાઉ દ્રંગ; એક કહી આયો સહર બહુલો પોરસ અંગ. ૬

ઉપલનૈ વસૈ જઈ વદે પાછલી બાત; ભોજાઈ મોસો દિયો સુવાલો મુજ તાત (અપૂર્ણ). ૭

(પ્રબન્ધાવલી; સં. પૂરણચંદ નાહર)

(૧૨૬) શાહ શ્રી લીલાધર સંઘવીનો રાસ – ભાવાર્થ

રચના સં. ૧૭૨૧

30 લીલાધર સંઘવી ને સોરઠના સંઘપતિનું તિલક થયું છે. ઘરે આવીને સમગ્ર સાજન–માજન મધ્યે બેઠાં છે. દિન–દિન ઘર–ઘર રંગભર્યા, ઉલ્લાસમય વધામણાં થાય છે. પુણ્યથી લીલાધરને લીલાલહેર છે. પુણ્યથી કીર્તિ વધે છે. ઈચ્છાઓ પૂર્ણ થાય છે. જો કોઈ પુણ્યકાર્ય કરે, તેના નામ લેવા જોઈએ; માટે સંઘવી લીલાધરના ગુણ– ગાન કરશું ગુણ ગાશુ – કીર્તિ કરશું.

સંઘવી લીલાધર સંઘ કાઢી, તીર્થયાત્રા કરી ઘરે પાછા પધાર્યા છે. જીતનિશાન વાગે છે, નવરંગી ધજાઓ ફરકે છે પાંચ

પ્રકારના વાજિંત્રો વાગે છે, આમ ચારે કોર જય જયકાર થઈ રહ્યો છે. ઘરે સુંદર ગાલીચા પથરાયા છે, ઉપર ભાતીગળ ચાદરો પથરાઈ છે.

અગર અને ચંદનના છાંટણાં થાય છે સંઘવીને મળવા સ્વજનો, સાજન, ૮૪ નાતના મોટા મોટા વ્યાપારીઓ એકઠા થયા છે. સંઘવીએ ચતુર્વિધ સંઘની ઉલ્લાસ પૂર્વક ભક્તિ કરી પાન સોપારી આપ્યા, ત્યારે ભાટ ગણ બિરૂદાવલી બોલતા હતા.

જે ધન પામે અને સદ્‌વ્યય કરે તેનો અવતાર ધન્ય થાય છે. આ ભવે એની કીર્તિ લહેરાય છે, પરભવ રિદ્ધિ – સમૃદ્ધિ સાંપડે છે. સંઘપતિ નવક્ષેત્રમાં સંપત્તિ વાપરે છે, સહજબાઈ લક્ષ્મીની જેમ અમૃત વાણી બોલે છે. સંઘવી મનમાં વિચારે છે કે ભાવપૂર્વક દાન દેવું જોઈએ. જગતમાં જેનો પડહ વાગે છે, એવા નવક્ષેત્રમાં વાપરવું જોઈએ. ધાન્યની સત્રશાલાઓ – દાન શાલાઓ મંડાવીને, માંગણજન સંતોષીને લક્ષ્મીનો લાભ લેવો જોઈએ. વળી સાધર્મિકો અને નાતભાઈઓને મેવા – મીઠાઈ, ઘી ભર્યા ભાત, વગેરે પ્રેમ પૂર્વક મીઠી વાણી બોલતા જમાડવા જોઈએ. સહજબાઈ સહેજે પણ, મુખમાંથી ના પાડતાં નથી અને ૮૪ ગચ્છના મુનિભગવંતોને હર્ષપૂર્વક પ્રતિલાભ્યા છે. દેશ દેશાવરમાં અચલગચ્છના સાધાર્મિક જે છે, તેઓને શ્રી પર્યુષણા પર્વના પારણા મોટા ભાવ થી કરાવે છે. 10
સંઘવીની પુત્રી ધનબાઈ પણ વિનય વિવેક પૂર્વક આત્માનાં કાજ કરે છે. ઘણી લાણીઓ કરી, સંવત્સરી એ ધાન–દાન દીધા, પૌષધવ્રતની આરાધનાઓ કરનાર શ્રાવકોના બહુમાન કર્યા. તે સંઘમાં રતનજી, સોમચંદ વાઘજી અને રેવાદાસ નામે શાહ શિરોમણિ શ્રાવકો વસતા હતા. વિધિપક્ષગચ્છાધિપતિ શ્રી ગૌતમસ્વામી સમાન શ્રી કલ્યાણસાગરસૂરિ સમગ્ર પ્રાણીગણના હિતકારી છે. સંઘવી દ્રઢ ચિત્તે ધર્મ કરે છે. ગુરૂ મુખેથી ૧૧ અંગ, ૧૨ ઉપાંગ અને ૪ મૂલ સૂત્રો સાંભળે છે. જેમાં આરાધનાના ૧૦ પ્રકીર્ણક ગ્રંથો, નંદી સૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર એ ૪૫ આગમ કહેવાય છે. જેનાં (શ્રવણ આરાધન) થી ભવપાર પમાય છે. જીવ અજીવના ભેદો તેમાં લખાયા છે. પ્રતિક્રમણ પૌષધ વગેરે ધર્મ એવી સમ્યક્‌ત્વ રૂપ ભાવના જ ભયાનક કર્મોને ટાળે છે. વ્રત પચ્ચક્‌ખાણ વિનય વિવેક પૂર્વક, સૌભાગ્યવંત શ્રદ્ધાળુ ધર્મ ધુરંધર, કરે છે. શ્રાવકના ૨૧ ગુણોથી શોભતા પરિખ લીલાધર તો પુણ્યભંડાર, પૂર્ણ સમૃદ્ધ બનેલા છે. વૃદ્ધાવસ્થા જાણીને લીલાધર સંઘવી મનમાં વૈરાગ્ય ધારણ કરે છે અને વિચારે છે કે શુદ્ધ સંયમ આદરૂં, જેથી ભવનો પાર પામું. આથી પુત્ર, પત્ની, મિત્ર, બંધુજનો વગેરેને પ્રીતિ પૂર્વક પૂછે છે.

દીક્ષાનો મહોત્સવ કરે છે. સાધર્મિકોને લાણી આપે છે. સુપાત્ર ને દાન આપે છે. સંઘને સંવચ્છરિના પારણા કરાવે છે. છેવટે 20
સુખલાભ વાચક પાસે મનમાં ઉલ્લાસ સાથે સંયમ સ્વીકારે છે.

સંયમ સાધના

મુનિવર તે પછી પંચમહાવ્રત રૂપ સંયમનો ભાર વહન કરે છે. આવા મોટા મહામુનિ ભગવંત અણસણ ઉચ્ચરે છે. અરિહંતાદિક ચાર શરણા ચિત્તમાં ધરે છે. ૧૮ પાપ સ્થાનકને ત્યજે છે. દવે માંગજી સૌ પ્રથમ નવાંગપૂજા કરે છે. પુત્ર પત્ની વગેરે પણ પૂજે છે. સંવત ૧૭૧૫નાં ભાદરવા સુદ છઠ્ઠનાં તે નિગ્રંથ મુનિવર કાલધર્મ પામે છે. ત્યારે એકવીસ ખાંડી પ્રમાણ માંડવી બનાવે છે. ધજા–પતાકા બાંધે છે. કેસર – ચંદન કપૂરનાં છાંટણાં થાય છે. અગરનાં ધૂપ થાય છે. રૂપાની મુદ્રાઓ અને મોતીઓથી વધાવાય છે તથા સઘળો લોકાચાર સાચવવામાં આવે છે. તથા તેમનો પરિવાર ઘરે આવીને પુણ્યકાર્યો કરે છે.

સંઘવી લીલાધરના સમૃદ્ધ અને ઉદાર પુત્ર – પરિવારે, સંવત ૧૭૨૧ ના માગસર સુદ પાંચમનાં શુભદિને શ્રીગોડીજીથી આબુનો છરી પાળતો સંઘ કાઢયો. અનેક તીર્થોની યાત્રા કરી અને ઘણું ધન ખરચ્યું તે સંઘમાં સુંદર સજાવટ કરવામાં આવી હતી. ચોસાલ ડેરા – તંબૂ હાથી–રથ, પાલખી જલમ–ઘોડા વગેરે સહ ઘણી સબળ તૈયારી હતી. સૌ પ્રથમ સંઘવીએ ગોડીજી પાર્શ્વપ્રભુનાં 30
દર્શન માટે સંઘ કાઢયો. તેમાં તેર ધજાઓ ફરકતી હતી, પાંચ પ્રકારનાં વાજિંત્રોનાં અવાજ ગૂંજતા હતાં, સુંદર સેજવાલ ( ) શણગાર્યા હતાં તેમાં નર – નારીઓ મનરંગે બેઠા હતાં. ઘોડા જોડેલી વેલો અતિશય શોભતી હતી તેમાં સુંદર ઘૂઘરીઓ રણકતી હતી. હાથી–ઘોડા, રથ–પાલખી અને તોપચીખાનું બળવાન હતું, ઘડિયાળ ઉપર ઘડી–ડંકા વાગતા હતા, સંઘના ઉતારાવાળા સ્થાને મોટી બજારો ભરાતી. વેપારીઓ પોતપોતાના ઉતારામાં ઉતરતાં. દેશી–પરદેશી નાણાંનો વ્યવહાર કરતાં હતાં. અચલગચ્છાધિપતિ અમરસાગરસૂરિવર ચતુર્વિધ સંઘ સાથે પરિવર્યા છે તે નૂતન સૂર્ય સમ શોભતા હતા.

દોઢી દરિખાની જૂડયારે, બેઠી પધારી કડા જૂડ રે ન્યાતિનીતિ કોટવાલ કરે રે,અને દરિ કીધાં યુગલ અને કુડ રે. (૭)

ત્યાં સંઘવી રતનજી, સંઘવી સોમચંદ, સંઘવી વાઘજી, દાનવીર સંઘવી રેવાદાસ, સંઘવી ગુલાબચંદ, સંઘવી હરચંદ, સંઘવી મૂલુકચંદ, સંઘવી નિહાલચંદ, વગેરે ઉદાર ધનવાન પુણ્યવંત સંઘવીઓ શંખેશ્વર તીર્થે પધાર્યા. ત્યાં એક ચિત્તે પ્રભુ ભક્તિ કરતાં તેઓના મનોરથ ફૈળ્યા. શંખેશ્વરથી રાધનપુર થી સોઈગામ આવ્યા સરકારને દાણ આપી રણ ઉતર્યા. અને નગર પારકરમાં

પહોંચ્યા ત્યાં રાણાને દાણ આપીને થલમાં આવ્યા. ત્યાં દૂરથી ઊંચો પ્રાસાદ દેખ્યો. દંડ કળશ ધજા દીપતી હતી અનેક ઉત્સવ કરી, ગોડી પાર્શ્વનાથની આરાધના કરી. જમણવાર કર્યા. લહાણી કરી. પારકરથી સોલગામ, થરાદનગર આવ્યાં. ત્યાંથી માર્ગમાં જે જે ગામ, નગર આવ્યાં ત્યાં ત્યાં જિનેશ્વર પ્રભુની ભક્તિ કરતાં કરતાં ધનસદ્વ્યય કરતાં સંઘવી ઘણા હર્ષ સાથે આબુ મહાતીર્થે પહોંચ્યા ત્યાં ઘણાં મોટા જિનમંદિરો છે. ત્યાં પ્રભુની પૂજા ભક્તિ કરી, સકળ સંઘ ત્યાં એકઠો થયો. ત્યાંથી પાટણ આવ્યા. ત્યાં પંચાસરા પાર્શ્વનાથ બિરાજે છે. તેમની પૂજા કરતાં હૃદયમાં ઉલ્લાસ વ્યાપે છે.

પાટણ નગરમાં ઘણું ધન ખર્ચીને લહાણી કરી, સાધાર્મિકવાત્સલ્ય કર્યું અને લીલાધર પારિખની જેમ સંઘમાં ઉલ્લાસ કર્યો જગતમાં યશ વિસ્તાર્યો. શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રસન્ન થયા.

પુણ્યવંત પ્રતાપ સંઘવી પાટણથી અમદાવાદ આવ્યા, સાથે હાથી, ઘોડા, રથ વગેરે છે. વિવિધ વાજિંત્રો છે. સહુના મનમાં ઉન્માદ–ઉલ્લાસ છે. ગુણી જનો ગીતો ગાય છે. પૂર્વ પરંપરા રીતિ પ્રમાણે દાન આપ્યું. ત્યાં મહાજને સામૈયું કર્યું ઉલ્લાસ પૂર્વક ઉત્સવ
10 કર્યો, ત્યારે ભાટો અને ભોજકો જય જયકાર કરવા લાગ્યાં.

આમ ગોડીજીના અને આબુના સંઘ સાથેની તીર્થયાત્રામાં ઘણું ધન ખરચ્યું. સહુ કોઈના મનોરથ પૂરા થયા. ઘરે ઘરે વધામણા દેવાયા. તલીયા તોરણ બંધાયા, કંકુના થાપા દેવાયા, સુહાગણ નારીઓ વધામણા વધાવવા લાગી, બધા પોત–પોતાના ઘરે આવ્યા સજ્જનો–સ્વજનો મલ્યા. તેમનો યશ શત્ શાખાઓમાં વિસ્તાર થાવ.

આમ સંઘપતિ લીલાધરના પુત્ર પુણ્યવંત હતા. એમની દોલત દિન–બ–દિન વૃદ્ધિ પામો. આવી કવિતા મેં એક ચિત્તે કહી છે. આ લીલાધર સંઘવીનો રાસ કેટલાક વર્ષ પહેલા શ્રીવિતરાગસંદેશ માસિકમાં છપાયેલ છે.

(૧૨૬) શ્રી લીલાધર રાસ

કર્તા : અજ્ઞાત રચના સં. ૧૭૨૧

દુહા

ઊભી સોરઠનો સંઘ કરી, સંઘપતિ તિલક ધરાય; ઘર આવ્યા જિન સજ્જનસું, બેઠા મન ઉચ્છાય. ૧

20 ઘર ઘર રંગ વધામણા, દિન દિન ચઢતે નૂર; લીલાધર લીલા લહર, પુન્યાઈ વડો પડૂર. ૨

પુન્ય વડઈ જગી જાણઈ. પુન્યઈ સરિ સવિ કામ; પુન્યઈ કીરતિ વિસ્તરઈ, પુન્યઈ પોહોંચઈ હામ. ૩

પુન્યપદારથ જિકે કરે, તેહનાં લીજઈ નામ; સંઘવી લીલાધર તણો, ગુણ કીરતિ અભિરામ. ૪

ઢાલ : એક દિન દાસી દોડતી – એ દેશી

જીત સદી આણા વાજીયાં, નવ રંગ નેજા રંગ રે; પંચ શબ્દ વાજઈ ઘણાં, દીજઈ દાન ઉચ્છરંગ રે. ૧ ઓચ્છ૦

ઓચ્છવ રંગ વધામણાં, હૂઆ જય જયકાર; સંઘવી જિનઘરિ આવીઆ, મિલ્યા સજ્જન શ્રીકાર રે.૨ ઓચ્છ૦

સખર ગલીયા પાથર્યા, મુખ તૂલક થાપા ભાતિ રે; ચુઆ ચંદન છાંટણા, મલી ચોરાસી ન્યાતિ રે. ૩ ઓચ્છ૦

વડા વડા વિવહારીયા, સેઠ સાહમી ચંગ રે; સંઘપતિનઈ મિલવા ભવા ભણી, આવઈ મનનઈ રંગ રે. ૪ ઓચ્છ૦

પાન સોપારી આપીયાં, કીધાં તિલક વિસાલ રે; સખરા ચોખા ચોઢીયા, દીસૈ ઝાક ઝમાલ રે. ૫ ઓચ્છ૦

ગુણીઅણ ગુણ ગાવઈ ઘણાં, બિરૂદાવલી બોલઈ ભાટ રે; દીધાં વાઘા જરકસી, હીર પીતાંબર પાટ રે. ૬ ઓચ્છ૦

30 ભગતિ ચતુર્વિધ સંઘની, કરઈ સંઘવી ઉલ્હાસરે; જસ લાહો લીજઈ ઘણું, ઐ ઐ પુનય પ્રકાસ રે. ૭ ઓચ્છ૦

દુહા

ધન પામી ખરચે જિકે, ધન તેહનો અવતાર; ઈહ ભવિ કીરતિ તે લહઈ, પરભવિ રિદ્ધિ વિસ્તાર. ૧

નવ ખેત્રિં ધન વાવરઈ, સંઘપતિ રાય સુજાણ; સહજબાઈ લખમી જિસી, બોલઈ અમૃત વાણ. ૨

ઢાલ – ૧

શીલ કહઈ જગિ હું વડો – એ દેશી.

દીજઈ દાન ભાવઈ કરી, સંઘવી રિદય વિચારી રે; નવ ખેત્રિઈ ધન વાવરઈ, જગમગઈ જેહની કારી રે. ૧ દીજઈ૦
સવૂકાર મંડાવીઆ, ધાન્ય તણાં પરવાહો રે; જાચક જન સંતોખીઈ, લીજઈ લખમી લાહો રે. ૨ દીજઈ૦
મેવા મીઠાઈ ઘણી, સાલિ દાલિ ઘૃત શાખા રે; સાહમી ન્યાતિ જીમાડી એ, બોલઈ અમૃત ભાસ રે. ૩ દીજઈ૦
નાકરો મુખિ નવિ કહઈ, સહજબાઈ સહજઈ સારી રે; ગચ્છ ચોરાસી સાધુનઈ, પડિલાભઈ ચિત્તમાં ધારી રે. ૪ દીજઈ૦
અંચલગચ્છ તણાં જિકે, સાહમી દેસ વિદેસો રે; શ્રી પર્વ તણા તે પારણાં, કરાવઈ મોટઈ જગીસોરે. ૫ દીજઈ૦
પુત્રી સંઘપતિ તણી, ધનબાઈ જેહનૌ નામો રે; વિનય વિવેકઈ આગલી, સારઈ આતમ કામો રે. ૬ દીજઈ૦
લાહાણ કીધી અતિ ઘણી, સંવચ્છરી દીધાં દાનો રે; પૌષધવ્રતધારી જિકે, તે સહૂ પામઈ માનો રે. ૭ દીજઈ૦
સાહ સિરોમણિ જાણીઈ, સંઘવી રતનજી માનો રે.; સોમચંદ વાઘજી અતિ ભલા, રેવાદાસ અભિરામો રે. ૮ દીજઈ૦ 10

દુહા

વિધિપખ્યગચ્છ તણો ધણી ગુરૂ ગૌતમ અવતાર; કલ્યાણસાગરસૂરિસરૂં, સકલ જીવ હિતકાર. ૧
તેહના પય–પંકજ નમી, સંઘવી બુદ્ધિ નિધાન; સૂત્ર સિદ્ધાંત જે સાંભલ્યાં, તેહનાં કહું હવઈ નામ. ૨

ઢાલ – ૨

દુમુહ નામ રાજા ઘરઈજી–એ દેશી

ગુરૂવાણી શ્રવણે સુણી રે, વાચૈ અગ્યારહ અંગ;
ચ્યાર મૂલ ગ્રંથ સાંભલ્યાં રે, વલિ બાર ઉપાંગ રે; ૧
સંઘવી ધર્મ કરો દ્રઢ ચિત્ત; છેદ ગ્રંથ છ કહ્યા રે, જેમાંહિ રૂડી રીત રે. ૨ સંઘવી

દસ પયન્ના અતિ ભલાં રે, નંદી અનુયોગધ્યાર;
એ પિસ્તાલીસ આગમ કહ્યા રે, જે ઉતારઈ ભવપાર રે. ૩ સંઘવી 20

સંવત ટૂ તેઓ લખ્યાં રે, જીવ અજીવના રે ભેદ;
પડિકમણાં પોસહ કરૈ રે, જેહથી ટલૈ સવિ ખેદ રે. ૪ સંઘવી

દયા ધર્મ પાલે સદા રે, નિત્ય જપૈ નવકાર;
પૂજા કરે ભગવંતની રે, જેહથી થાઈ ભવ પાર રે. ૫ સંઘવી

દેવ અરિહંત ગુરૂ જતિ રે, કેવલ ભાખિત ધર્મ;
એ સમકિત તણી વાસના રે, ટાલૈ ભૈરવ કર્મ રે. ૬ સંઘવી

વ્રત પચખાણે આગલા રે, વિનય વિવેક વિચાર;
શ્રદ્ધાલુ સૌભાગી સદા રે, ધર્મ ધુરંધર સાર રે. ૭ સંઘવી

ગુણ એકવીસે સૌભતા રે, શ્રાવક તણા જે પરસિદ્ધ;
પારિખ લીલાધર તણો રે, પુન્ય ભંડાર સમૃદ્ધ. ૮ સંઘવી 30

દુહા

વૃદ્ધ વય જાણી કરી, મનમાં ધરે વૈરાગ; સંયમ ચોખું આદરૂં, જિમ પામું ભવપાર. ૧
પુત્ર કલત્ર સવિ પૂછીઆ, મિત્ર બંધવ પરિવાર; દવે પ્રતૈ પૂછી કરી, ધરે વિવેક અપાર. ૨
લાહાણ લાહે અતિ ભલી, સુપાત્રે દીજે દાન; મોચ્છવ દીક્ષાનો કરે, પારિખ ચઢતે વાંન. ૩
પારણાં કરાવે સંઘને, સંવછરિના જેહ; વાચક સુખ લાભહ કનિં, લીએ સંયમ મનગેહ. ૪

ઢાલ - ૩

સમતા આદરી રે હાશ-એ દેશી.

પંચ મહાવ્રતધારી મુનિવરૂ, પાલે સંયમભાર; મન વચન કાયા એ કરી, જપિ શ્રી નવકાર. ૧
મુનિવર વંદો રે મોટા મહા મુનિ, ઉચરે અણસણ ઉદાર; ચ્યારે સરણાં રે ચિતમાં ધરે, છોડે પાપ અઢાર. મુ૦ ૨
પ્રથમ નવાંગે રે પૂજઈ ભાવસેં, દવે માંગજી રે જેહ; પુત્ર કલત્ર પરિજન સવે, પૂજ્યાનો નહીં રે છે હ. મુ૦ ૩
સંવત સત્તર પનરોત્તરઈ, ભાદ્રવા સુદિ સુવિચાર; નિર્વાણ લબધિ લાભ નિર્ગ્રંથનો,છઠી તિથિ સુભવાર. મુ૦ ૪
એકવીસ ખંડી કીધી માંડવી, ફરહરઈ પતાકા નિકલસ; કેસર ચંદન કપૂર છાંટણાં, ધૂપ અગરનાં દહો દિસિ. મુ૦ ૫
રૂપા મુદ્રા રે મોતિ વધાવતાં, સાચવઈ લોકાચાર; ઘરિ આવિ રે પુન્યસહુ કો કરઈ, સકળ જેઅનો પરિવાર.મુ૦ ૬

દુહા

10 સંઘપતિ લીલાધર તણો, પુત્ર પરિવાર સમૃદ્ધ; દાન પુન્ય ઝાઝા કરઈ, ખરચઈ અનર્ગલ રિદ્ધિ. ૧
સંઘ શ્રી ગોડી રાયનો, અર્બુદાચલ પર્યંત; તીરથ અનેક તિંહા ભેટીઆં ભલાં, તે સુણજો એક ચિત્ત. ૨
સંવત સત્તર એકવીસે, માગસિર સુદિ સુવિચાર; તિથિ પંચમી સુભાવાસ રે, કીધો સુધ ઉદાર. ૩

ઢાલ - ૪

ઈણિ અવસરિ રાણી રૂકમણી રે - એ દેશી

રાગ : ગુજરાતિ ફૂલડાં

સબલ સજાઈ સંઘની ઘણી રે, ડેરા તંબૂ ચોસાલ રે; હયંવર રથ નઈ પાલખી રે, જલમતિ ઘોડા વિસાલ રે. ૧
સંઘવી સંઘ કીધો અતિ હરખુંરે, ભેટવા શ્રી ગોડી પાસ રે; ફરહરનેજા તિહાં ફરહરે, પંચ શબ્દાં વાજઈ રસાલ રે. સં૦ ૨
સેજવાલા સરખાં સજ્યાં રે, નરનારી બિઠા મન રંગમઈ રે; ઘોડ વહિલો અતિ દીપતી રે, રણઝણિ ઘૂઘરી નેં ચંગ રે. સં૦૩
હયગઈ રથ પાયક પરવર્યો રે, તોપચીખાંના અતિ જોર રે; ઘડી ચાલે ઘડી વાજતી રે, હક્કશ્રેણી તિહાં ભરપૂર રે. સં૦ ૪
20 વિવહારી વિત્ત આગલા રે, દેસ-પરદેસી જેહ રે; આપ આપણેં તાયફેં ઉતરે, સબલ સકજા તેહ રે. સં૦ ૫
શ્રી અંચલગચ્છ તણો ધણી રે શ્રી અમરસાગરસૂરિંદ રે; ચતુર્વિધ સંઘસું પરિવર્યા રે, અભિનવો સોહઈ દિણંદરે. સં૦ ૬
દોઢી દરિષાની જુડયા રે, બેઠી પધારી કડા જૂડ રે; ન્યાતિ નીતિ કોટવાલ કરે રે, દૂરિ કીધાં ચુગલ ને કૂડ રે. સં૦ ૭
સંઘવી વિરાજઈ તિહાં રતનજી રે, સોમચંદ સંઘવી સિરદાર રે; સંઘવી વાઘજી સોભાગી સદા રે,રેવાદાસ સંઘવી દાતાર રે.સં૦ ૮
ધનવેંત ગુલાબચંદ સંઘવી રે, રિદ્ધિવંત સંઘવી હરચંદ રે; દાનેશ્વર રે ધર્મા સંઘવી, રાજીઓ અભિનવો ઈન્દ્ર રે. સં૦ ૯
મલૂકચંદ નિહાલચંદ સંઘવી રે, ધન્યવંત વડા પુન્યવંત રે; અનુક્રમેં સંખેશ્વર આવ્યા રે, ફલ્યા મનોરથ એક ચિત્ત રે. સં૦ ૧૦
રાયધનપુર થઈ કરી રે, આવ્યા સોઈ ગામ રે; દાણ દેઈ રણ ઉતર્યા રે, પોહોતા પારકરદેસ મુકામ રે. સં૦ ૧૧
રાણા ને દાણ દેઈ કરી રે, આવ્યા થલમાં મનરંગ રે; દંડ કલસ ધજા દીપતી રે, દીઠો પ્રાસાદ ઉત્તંગ રે. સં૦ ૧૨
ગોડી જિનવર પૂજીયા રે, ઓચ્છવ કીધાં અનેક રે; લાહણ આપી અતિ ઘણી રે, જમણવાર કરી સુવિવેક રે. સં૦ ૧૩
પારકર દેસ જોઈ કરી રે, આવ્યા સોલ ગામ; થરાદનગર ડેરા દીયા રે, જિન પૂજી ખરચી અતિ ધનદામરે.સં૦ ૧૪
30 મારગમાં ગામ્ નગર જે આવિયા રે, તિહાં પૂજ્યા જિનવર રાય રે; અર્બુદાચલ સંઘવી ચઢયો રે, દીઠઈ હરખ અતિ ઘણ થાય રે. સં૦૧૫

દેહરા મોટાં અતિ ઘણાં રે, પૂજીયા જિનવર રાય રે; લાહણ જીમણવાર થઈ ઘણી રે, સબલ મલ્યા સંઘ તતખેવ રે. સં૦ ૧૬
પાટણનગરે સંઘ આવીયો રે, પૂજ્યા પંચાસર પાસ રે; નારંગપૂરો રલીયામણો રે, પૂજતાં હૃદય ઉલ્લાસ રે. સં૦ ૧૭

દુહા

ખરચ લાહણ કરી ઘણી, પાટણનયર મઝારી; સાહામી ન્યાત જીમાડી કરી, ખરચે રિદ્ધિ અપાર. ૧
પારિખ લીલાધર પરિ, કીધો સંઘ ઉલ્લાસ; સુજન મહિયલિ વિસ્તર્યો, પરસન્ન શ્રી ગોડીપાસ. ૨

ઢાલ – ૫

દાન સુપાત્રઈ દીજઈ રે – એ દેશી.

પુન્ય પ્રતાપી સંઘપતિ આવીયા રે, અનુક્રમિ અમદાવાદ; હયવર રથ સૌ પરિવર્યા રે, સહુ કો મનિ ઉલ્લાસ.
પંચ શબદાં વાજઈ અતિ ઘણાં રે, ગુણીજન ગાવઈ ગીત; દાન અનર્ગલ તિહાં આપીયાં રે, રાખી પૂરવ રીતિ.પુ૦
સાહમાં માજન આવ્યા રંગસું રે, ઉચ્છવ કીધ અપાર; ભાટ ભોજગ ઈમ ઉચ્ચરઈ રે, હુજો જય જયકાર. પુ૦ 10
સંઘ શ્રી ગોડી પાર્શ્વનો રે, અર્બુદાચલ પર્યંત; તે સકલ મનોરથ સહૂ ફલ્યા રે, ખરચ્યા અનર્ગલ વિત્ત. પુ૦
ઘર ઘર રંગ વધામણાં રે, તલીયાં તોરણ બાર; કુંકુમના હાથા દીયા રે, સુહાસણ વધાવઈ નારિ. પુ૦
ઘરિ આવ્યા સજ્જન મિલ્યાં રે, દિન દિન વધતે પડૂર; સત સ્યાખા સહુ વિસતરો રે, હુયો ચઢતે નૂર. પુ૦
સંઘપતિ લીલાધર તણો રે, પુત્ર સહૂ પુન્યવંત; દિન દિન દોલત ચઢતી હુજો રે, કવિતા કહઈ એક ચિત્ત. પુ૦

ઈતિ શ્રી લીલાધર રાસ સમાપ્તઃ

(પ્રતઃ શ્રી દેવચંદ લાલભાઈ ભંડાર, સુરત)

(૧૨૭) શ્રી લીલાધર સંઘવીનો રાસ

કર્તા : મુનિસૂરજી (સૌભાગ્યસાગર)

દુહામાં, આદિનાથ અને વર્ધમાન સ્વામીના નામ લઈને ૨૪ જિનેશ્વરોને પ્રણામ કરે છે અને ૧૪૫૨ ગણધર અને સરસ્વતીને સંભારીને કવિરાજ ગુરૂદેવને યાદ કરે છે. સાત ક્ષેત્રમાં ધનને વાપરનાર રાજસીશાહને પણ સંભારે છે. 20

કવિએ પ્રથમ ઢાળમાં જંબૂદ્વીપ વિગેરેનું વિસ્તારથી વર્ણન કરી જુદા જુદા દેશના રાજાઓના નામો આપ્યા છે. પાટણના કિલ્લાનું ચોકનું અને દુકાનોનું વર્ણન કરે છે. સતી સ્ત્રીઓ માર્ગમાં ચાલતા સંઘટ્ટો ન થઈ જાય તેનું લક્ષ રાખે છે અને માર્ગે ચાલતાં ઘુંઘટ કાઢીને ચાલે છે. જ્યાં ચોર્યાસી ગચ્છના ઉપાશ્રયો, અનેક જિનમંદિરો વિરાજે છે. અને ધર્મી જનોને સંકટો આવતા નથી વિ. વર્ણન કરાયું છે.

બીજી ઢાળના દુહામાં અકબરની આજ્ઞાથી મહિમૂદખાન ન્યાયથી રાજ્ય પાળે છે તેનું અને ભીમસી પારેખના વંશમાં થનારા પુરૂષોનું વર્ણન છે. છેલ્લે લીલાધરનો જન્મ થાય છે. તે લીલા કરતો હોવાથી લીલાધર નામ આપ્યું છે.

ત્રીજી ઢાળના દુહામાં બાળ લીલાધરની લીલા દેખીને માતા પિતા હર્ષિત થાય છે. તેને પાંચમે વરસે ભણવા મૂકે છે. યૌવન આવતા માતાપિતાને તેને પરણાવવાના કોડ જાગે છે.

ત્રીજી ઢાળમાં લીલાધરને સહજબાઈ અને ગંગાદે સાથે પરણાવે છે, ત્યાર બાદ પરિવારનું વર્ણન છે. વ્યાખ્યાનમાં ભરતાદિના સંઘનું વર્ણન સાંભળી સંઘ કાઢવાના મનોરથ સેવે છે. 30

ચોથી ઢાળ અને દુહામાં રાધનપુરમાં બિરાજમાન શ્રી કલ્યાણસાગરસૂરિ મ.સા.ને અમદાવાદથી પત્ર લખે છે. તેમાં રાયધનપુરમાં બિરાજમાન શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમસ્કાર કરીને ગુરૂને જણાવે છે. હે ગુરૂદેવ આપનું આઠ પ્રહર ધ્યાન ધરૂં છું. આપ સંઘમાં નિશ્રા આપવા પધારો. સારા શુકન સાથે ગોડીપુરમાં બિરાજમાન ગોડીપાર્શ્વનાથની યાત્રા કરી રાધનપુરના શ્રાવકો સાથે આવ્યા, ત્યાં ત્રણ એકાસણા ૧ પ્રહરનો કાઉસગ્ગ કરી ચિઠ્ઠીઓ ગોડીપાસના ખોળામાં મૂકી. એમાંથી એક ચિઠ્ઠી લઈને મુનિકીર્તિસાગરે વાંચી. સંઘની સફળતા થશે. આ શુકનની ગાંઠ બાંધી પાછા પૂ.આ. કલ્યાણસાગરસૂરિ રાધનપુર આવી સંઘવીને પત્રનો જવાબ લખે છે અને સંઘ શાસન પ્રભાવક બનશે. પત્ર વાંચી સંઘવી રાજી થયા આ રીતે કેદાર રાગમાં સુરજી મુનિએ ૪ થી ઢાળ પૂર્ણ કરી. ૫ થી ૧૯ ઢાળોમાં સંઘનું ઐતિહાસિક વર્ણન, સુંદર રીતે કરવામાં આવ્યું છે.

(૧૨૭) સાહ લીલાધર સંઘવીનો રાસ

કર્તા : મુનિસૂરજી રચના : વિ.સં. ૧૭૧૦

॥ ૯ ॥ શ્રી વિઘ્નહર્ત્રે નમઃ ॥

રિષભદેવ પ્રણમું સદા, મંગલદાયક દેવ; સુર અસુર નર વિવહપરિ, સારઈ અહનિસિ સેવ. ૧

: ERLN‡L. EZNR V EZRV]G L NL. , IZ J : . SNR NBIMDH HUL P Z

Rf . AM SMSL R . EGJW T[ICSE , JRG IJ . F HS[S~4T[D] U] p5SEP #

SZ6LH[p< D SZ . 4T[SL I[J WG W]F, TÇ T6 FU§ UH . ¶ . §Ô [CZ IB T D]P $

. L RVZ . L F. ICZ4RMB]H ÇG]R< , WZD SH IGH SZ . 4JE . 5 IZW. IJ< P 5

SJ6 I5TFDHTFSJ64SJ6 N[S¶ UD , SZ6LIT]6 SIWLSJ64T[: §Ô [V IE ZDP&

ઢાલ – ૧ ચઉપઈની રાગ રામગિરિ.

જંબૂદ્વિપ જંબૂ અહિનામિ, વિસ્તરાઈ લક્ષ યોજન જામિ;
ભરત ક્ષેત્ર તેહ માંહિ ભલો, ધનુષાકારિ સોહઈ ગુણનિલો. ૧

તિહાં છિ દેસ સહસ બત્રીસ, ધરમ કામિ સાઢા પણવીસ;
તેહ તણાં હવિ સુણજો નામ, મગધ અંગ વંગ અભિરામ. ૨

કલિંગ કાસી સાકેતક દેસ, કુશાવર્ત્ત કુરૂ જનપદ પેસ;
જંગલનઈ વલી દેસ પંચાલ, વિદેહ દેસ વછદેસ વિસાલ. ૩

મલયદેસ સંડિલ મનોહાર, અચ્છદેશ વિરાટ ઊદાર;
સૂરસેન સિંધૂ સોવીર, વર્ત્તદેસ ભંગીધર ધીર. ૪

ચેદિદેસ દસારણ જાણ, કુંણાલા સોરઠ વખાણ;
લાટ દેસ અછઈ પર સિદ્ધ, સેતંબિકા નગરી કરિ અદ્ધ. ૫
ગૂજ્જરદેસ સોરઠ માંહઈ ભલઈ, દૂધમાંહિં જિમ સાકર મલઈ;
ગૂજ્જરદેસ માંહિં નયર જ ઘણાં, એક થઈ એક સોહામણાં. ૬

માનિની ઉરિ જિમ મુગતાહાર, નરસમુદ્ર ધરણી સણગાર;
વિકટ કોટ કોસીસાંસાર, પાખતીયાં દરવાજા બાર. ૭

વાડી બાગ સરોવર બહૂ, સુખીયા લોક વસઈ તિહાં સહૂ;
ચહુટઈ હટ્ટ શ્રેણિ ચોસાલ, વેચઈ દોસી વસ્ત્ર વિસાલ. ૮

અન્ન સત્તર જતિ અંબાર, કણીયા કણનો કરઈ વ્યાપાર;
જવહરી જવહર સાટવઈ, આવી દલાલ મૂલ પાઠવઈ.૯

પરવાલીયા પરવાલા ઘડઈ, મન વંછિત દ્રવ્ય હેલાં જડઈ;
થાનકિ થાનકિ સર્વ સંયોગ, લખમી તણાં તે વિલસઈ ભોગ. ૧૦

થાનકિ થાનકિ જુડતી યાત્ર, થાનકિ થાનકિ નાચઈ પાત્ર;
થાનકિ થાનકિ વેદ ભણંતિ, થાનકિ થાનકિ અંક ગણંતિ. ૧૧

થાનકિ થાનકિ વાજિ તૂર, લોક તણઈ મુખિ દિસઈ નૂર;
થાનકિ થાનકિ ગજની ઘટા, મદ ઝરંતા દીસઈ પટા. ૧૨

થાનકિ થાનકિ સુભટ સામટા, સેના સહિત તે દીસઈ કટા;
થાનકિ થાનકિ પાણીની છટા, મજૂર કામ કરઈ ઝટપટા. ૧૩

થાનકિ થાનકિ પંડિત સામટા, તેમાંહિ કોઈ ન દીસઈ જટા;
થાનકિ થાનકિ સ્ત્રીની ઘટા, મસ્તકિ સોહઈ સખર જલઘટા. ૧૪

થાનકિ થાનકિ નાચઈ છી નટા, તિણિ થાનકિ નવિ દીસઈ વટા;
થાનકિ થાનકિ પંજર પોપટ, વાત વિનોદ કરઈ રસવટા. ૧૫

થાનકિ થાનકિ રમઈ જૂવટા, થાનકિ થાનકિ ઝુઝઈ કૂકૂટા;
સતી જન ન કરઈ સંઘટા, મારગિ હીંડઈ કરી ઘુંઘટા. ૧૬

જિન મંદિર દીસઈ પરગટા, દંડ રસ પાડઈ ચટપટા;
ગચ્છ ચોરાસી જિહાં સામટા, શાસ્ત્ર ભણવાઈ અતિ દુર્ઘટા. ૧૭

ધર્મીનઈ નાવઈ સંકટા, ગુરૂ આગલિ જોડઈ કરપુટા;
કવિ સૂર કહઈ અક્ષર પરગટા, દુર્જન દૂરિ કર્યા દહ વટા. ૧૮

દુહા – ૨

તિણિ અવસરિ પૂરવ દિસિં, સોહઈ અકબર શાહ; છત્ર ધરાવઈ ભુજ બલિઈ, દિલ્લીપતિ પાતિસાહ.૧
સીમાડઈ રાજા સર્વે, બંધી સેવક કીધ; અકબર સાહ ભુજબલિં, ચ્યારી ખૂંટ જિણિ લીધ.૨
યોવન વય આયો જબઈ, હાથ ગ્રહી સમસેર; અકબર સાહ પ્રતાપથી, વયરી ભયે સબ ઝેર.૩
પાતિસાહ અકબર તણી, પાલઈ અખંડિત આણ; ન્યાય ધર્મ પાલઈ સદા, કલચી મહિમુંદ ખાંન.૪

ઢાલ – ૨ મધુકરની

મન મધુકર મન મોહી રહ્યો – એ દેશી

ન્યાતિ ચોરાસી નિરમલી, વણિક તણી વિસ્તાર રે; વ્યવહારી વિત્ત અનર્ગલા, મનિ નાણઈ અહંકાર રે.
પુણ્ય કરો તુમે પ્રાંણીયા. ૧

કૃપણાં કોપ મ આણજો, વેર વડાઈ હોઈ રે; આદર માંન લહઈ ઘણો, ઈમ ભાખઈ સહુ કોઈ રે; ૨ પુણ્ય૦
ઓસવાલ વંશિ અવતર્યા, દિપાવ્યો જિણિ વંસ રે; પંચાયણ પારિખ વરૂ, કુલ તણો અવતંસ રે. ૩ પુણ્ય૦
તસ નંદન ભલો ભીમસી, ધર્મ કરઈ દૃઢ ધીર રે; ગુણરાગી કરૂણાકરૂ, સોહઈ ગુણ ગંભીર રે. ૪ પુણ્ય૦
તાસ તણઈ ઘરિ ભારયા, ભરમાદે તસ નામ રે; શીલવતી સુખદાયિની, ધરમ તણાં કરઈ કામ રે.
૫ પુણ્ય૦

ભરમાદે ભીમસી તણો, વિમલસી જસુ ભાઈ રે; વિમલસી સુત બે હુયા, પાસવીર ધર્મદાસ સુહાઈ રે.
૬ પુણ્ય૦

પાસવીર સુત લખમસી, નાનજી વર કાર રે; તાસ ભગીની અતિ ભલી, ઈંદ્રાણી મનુહાર રે. ૭ પુણ્ય૦
લખમસી પુત્ર વડો, સરમસી સાહ ઉદાર રે; ધર્મદાસ પારિખ ભલો, તસ પુત્ર ત્રિણિ ગુણધાર રે.
૮ પુણ્ય૦

કાન્હજી નાગજી કલ્યાણજી, કપૂરચંદ અમૃત વાંણિ રે; પાર ઉપગારી મોહનજી, ગુણરાગી ગુણ જાણ રે.
૯ પુણ્ય૦

જસુ પારિખ જસ સંચીઉ, કરણી તાસ પ્રસિદ્ધ રે; લજ્જાલૂ વિનઈ સદા, કૂડ કપટ નવિ કીધ રે.૧૦ પુણ્ય૦
પ્રકૃતિ સોમ ગુણ રાગી ઓ, સોમ દૃષ્ટિ લધ્ધ લક્ષ રે; લોક વલ્લભ પરહિતકરૂ, રૂપ સ્વીકૃત દક્ષ રે.
૧૧ પુણ્ય૦

જસ સંચો કરી જે ગયા, જે જીવતાં આજ રે; કરણ તણી કીરતિ સુણી, કરજો ઉત્તમ કાજ રે.૧૨ પુણ્ય૦
જસુ પારિખ ધરણી ઘરિ, રમણી દો અદ્‌ભૂત રે; પ્રથમ દેવલદે પ્રિયા, રહીયાં રૂપ સંજૂત રે.૧૩ પુણ્ય૦
ધન દેવલદે કૂખડી, જાયૂ વિદ્યાધર સૂત રે; જિતી પુત્રી જગિ જઈ, રૂપા ધરણી અદ્‌ભૂત રે.૧૪ પુણ્ય૦
વિદ્યાધર વચ્છાઈ પ્રિયા, સાહિબદે સુજાણ રે; તસુ નંદન ત્રિણિ સુંદરૂ, ધનજી કલ્યાણજી જાણ રે.
૧૫ પુણ્ય૦

ઈંદ્રજી હરિબાઈ બહિનડી, ધનજી પ્રિયા પ્રધાન રે; સુકુલીણી સુલતાન દે, કલ્યાણ દે ધરણી કલણ શે.
૧૬ પુણ્ય૦

ઈંદ્રજી ઘરિ અપચ્છરા, વાંછીત સતી સાર રે; જસુ પારિખ લઘુ કામિની, નામિં રહ્યાં નારિ રે.
૧૭ પુણ્ય૦

10 કંત તણા મનમાં વસી, રહીયાં રાખઈ સીલ રે; સંસારના સુખ ભાયવઈ, દિન દિન ચઉતઈ લીલ રે.
૧૮ પુણ્ય૦

સુગતિ જિમ મોતી ધરઈ, હંસી જિમ ધરઈ હંસ રે; રહીયાંઈ ગર્ભ ઈમ ધર્યો, તે અજૂઆલસઈ વંસ રે.
૧૯ પુણ્ય૦

નવ માસિઈ સુભ યોગસું, પ્રસવ્યો અનુપમ બાલ રે; રહીયાં મન હરખ્યું ઘણું, બોંધ્યાં તોરણ માલ રે.
૨૦ પુણ્ય૦

કુંકુમના હાથા દીયા, ગોરીં ગાઈ ગુણ તામ રે; લીલા કરતો દેખિનઈ, દીધું લીલાધર નામ રે.૨૧ પુણ્ય૦
ઘરિ ઘરિ રંગ વધામણાં, વાગ્યાં તાલ કંસાલ રે; મુનિ સૂરજી એણીપરી ભણઈ, ચિરં જીવો એહ બાલ રે.
૨૨ પુણ્ય૦

દુહા – ૩

20 રમઝમ વાગઈ ઘૂઘરીધ ઠમ ઠમ પાય ધરંત; હાથઈ કડલી સોનતણી, બાલક લીલ કરંત. ૧
પંચ વરસ વોલ્યા જિસઈ, મુકયઉ અધ્યારૂ પાસિ; અંક ભણઈ આદર કરી, મન તણી પહુંચઈ આસ. ૨
ભણી ગણી મોઠઉ થયો, આવ્યો યોવન પૂર; ચતુરાઈ સીખી સયલ, વાધ્યઉ મયણ પડૂર. ૩
જસૂ પારિખ મનિ ચીંતવઈ, સરખી સરખઈ જોડી; રૂપાલી ગુણ ગોરડી, પરણાવું મન કોડિ. ૪

ઢાલ – ૩ ઉગલડીની

પારિખ પારિખ જસુ ઉલટ ધણઈ રે, પરણાવઈ નિજ પુત્ર;
કુલવધૂ કુલવધૂ એહવી આણીઈ રે, જે રાખઈ ઘર સૂત્ર. ૧ પા૦

સહિજબાઈ સહિજબાઈ વયણે નિરંખતા રે, ઈંદ્રાણી અવતાર;
તુરત તુરત લગન લેઈ કરી રે, વરત્યાં મંગલ ચ્યાર. ૨ પા૦

કામિની કામિની ગીત ગાઈ તિહાં રે, એહવી દિઈ આસીસ;
30 અવિચલ અવિચલ વર કન્યા હૂજ્યો રે, જીવજ્યો કોડિ વરીસ. ૩ પા૦

કુંકુમ કુંકુમ પગલે આવી કન્યા રે, લખમઈ કીધો નિવાસ;
દિન દિન દોલતિ દીપતી રે, દુર્જન હુઆ દાસ. ૪ પા૦

ગંગાધર ગંગાધર ગમતા દે પ્રિયા રે, બીજી ગંગા દે અનૂપ;
મોહન મોહનબાઈ ગમતા અંગજા રે, સારંગધર જસુ સુત સરૂપ. ૫ પા૦

વણિજ વણિજ કરવા કારણઈ રે, આવ્યા અમદાવાદિ;
વ્યાપારી વ્યાપારી લખમી વસી રે, ધરમ તણઈ પાસાદિ. ૬ પા૦

પૂરવ પૂરવ પુણ્ય પસાઉલઈ રે, પસર્યો બહુ પરિવાર;
પ્રેમજી પ્રેમજી રતનજી રતિપતિ રે, નલ કૂબેર અવતાર. ૭ પા૦

સોમજી સોમજી વાઘજી રેવાદાસજી રે, મોહન વલ્લભ સ્યામ;
ધનબાઈ ધનબાઈ અમર કપૂર ભલી રે, ઠકુરાણી આણંદી સુભાય. ૮ પા૦
જીવીબાઈ જીવીબાઈ કેસર રાજબાઈ કામિની રે, નાન્હી વહૂ ચતુર સુજાણ;
સાકરબાઈ સાકરબાઈ સહુ ભેલાં થઈ રે, વિલસઈ પુણ્ય પ્રમાણ. ૯ પા૦

ધર્મદાસ ધર્મદાસ પારિખ ઘરિ ભામિની રે, નામિ મૂલી નારિ;
નાનજી નાનજી પરિખ ઘરિ ગોરડી રે, નવરંગદે મનુહરિ. ૧૦ પા૦

એક દિન એક દિન ગુરૂ મુખિ સાંભલ્યું રે, ભરતાદિકનું વખાંણ;
એણિપરિ એણિપરિ સંઘ હું કરૂં ભલો રે, વજાવી જસ નિસાણ. ૧૧ પા૦

સૌભાગ્ય સૌભાગ્યસાગર એણી પરિ ભણઈ રે, જિમ આસાઢો મેહ;
લીલાધર લીલાધર ધન વિલસઈ ઘણો રે, પામ્યાનું ફલ એહ. ૧૨ પા૦

દુહા – ૪

ગચ્છનાયક પુછાવીઆ, પ્રબલ પ્રતાપ દિણંદ; ભાગ્યવંત અવની તલઈ, શ્રી કલ્યાણસૂરિંદ. ૧
સજ્જન સહુ મેલી કરી, લખઈ ખાંતિકરિ લેખ; બીડી કાસીદનિં દીયુ, ઉદ્યમાલ ગુણ દેખિ. ૨
થોડી દિનેં તે આવીયુ, રાયધનપુર મઝારિ; લેખ તે ગુરૂનઈ દીયો, કરી ઘણિ મનુહારિ. ૩
સંઘ સર્વ મેલી કરી, વાંચઈ લેખ ઉદાર; હાવ ભાવ માંહિ અછઈ, તે સુણજો અધિકાર. ૪

ઢાલ – ૪ કપૂર હોઈ અતિ ઉજલો રે – એ દેશી

સ્વસ્તિ શ્રી રાયધનપુરઈ રે, નમી ચંદ્રપ્રભસ્વામી;
લેખ લિખઈ મન રંગસું રે, કલ્યાણસાગરસૂરિ નામિ. ૧

સહિ ગુરૂજી પધારો અમ દેસિ, હું વીનંતી કરૂં સવિસેસ. ૨ સ૦

લીલાધર પારિખ લિખઈ રે, વિનય વયણ રસાલ;
સુખ સહિત સજ્જન સહૂ રે, કુસલ છઈ બાલ–ગોપાલ. ૩ સ૦

હૃદય કમલમાંહિં તું વસ્યો રે, મોર મનિ જિમ મેહ;
વિસાર્યાં નવિ વિસરો રે, ઉત્તમ તણો સનેહ. ૪ સ૦

આઠ પહોર મુઝ આતમાં રે, ધરઈ સહિગુરૂનું ધ્યાન;
વહિલા પૂજ્ય વંદાવજ્યો રે, માંગું એટલું માન. ૫ સ૦

પાઠકનઈ તેડી કરી રે; આવજો અમદાવાદિ;
સોભા થાસઈ અતિ ઘણી રે, તે તુમ ચરણ પ્રસાદિ. ૬ સ૦

સુખીયા શ્રાવક જે હોઈ રે, તે ગુરૂદેવ પસાય;
ધ્યાન ધરિનઈ જોઈજ્યોરે, કારિજ એ સિદ્ધિ થાય. ૭ સ૦

વીનતી એક તુમો વાંચયો રે, ધરજો રિદય મઝારિ;
ઊભી સોરઠનો સંઘવી રે, હુંસિ થાઉં સિરદાર. ૮ સ૦

ચોમાસાનઈ પારણઈ રે, શ્રી કલ્યાણસાગરસૂરિ;
સકુન જાઈ નઈ સંચર્યો રે, શ્રી ગોડી પાસ હજૂરિ. ૯ સ૦

રાયધનપુર શ્રાવક તણી રે, સાંનિધઈ સહિ ગુરૂરાય;
અનુક્રમિ તિહાંથી આવીયા રે, પ્રણમ્યા ગોડી પાય. ૧૦ સ૦

દરસણ કીધું જિનતણું રે, આણંદ અંગી ન માય;
એકાસણા ત્રણ આદરી રે, કાઉસગ્ગ પહોર એક ઠાય. ૧૧ સ૦

ચીઠી લખી સુદ્ધ ચિત્તસું રે, મૂકી પાસ ઉચ્છંગિ;
કીર્તિસાગર લેઈ વાંચઉ રે, ઉત્તમ હોસ્યઈ રંગિ. ૧૨ સ૦

સુયણ ગાંઠી બાંધી કરી રે, શ્રી કલ્યાણસૂરીંદ;
10 રાયધનપુરિ આવી લિખઈ રે, થાસ્યઈ સંઘનઈ આણંદ. ૧૩ સ૦

શ્રી પૂજ્યનો કાગલ વાંચી સુણી રે, પસર્યો પુણ્ય પડૂર;
કેદારા ગોડી તણી રે, ઢાલ કહી મુનિ સૂર. ૧૪ સ૦

દુહા

ઉપાસરઈ આવી કરી, વાંદ્યા માણિકલાભ; ખોલા પાથરિ વીનવઈ, સંઘ પ્રતિ ધરી લાભ.

ઢાલ – ૫

મરૂદેવી માતા ઘરઈ છઈ નેહ, માહારો રિષભ સકલ ગુણગેહ–એ દેશી

રાજનગરનો સંઘવી રાજઈ, સબલી ઓપમ એહનાઈ છાજઈ; ૨૧૦
સંઘમુખ્યદોસી પાસવીર, કામ પડઈ થયો દૃઢ ધીર. ૨૧૦ ૧
વાછડા પરતાપસી બેહુ ભાઈ, દેહરું રાખ્યું ધીરજ થાઈ; ૨૧૦
20 કાન્હજી જયચંદ નિ ધર્મદાસ, ઉદયસંઘ આણંદ પ્રાગદાસ. ૨૧૦ ૨

નાનજી સંતોષી હેમરાજ, અદઈ વજીઆ સારઈ કાજ; ૨૧૦
વિમલ કલ્યાણ સુંદર હુંઅરજી, લાલજી જસવીર વછરાજ રવજી. ૨૧૦ ૩

સામજી પદમસી સા પાસવીર, યમુના–જલ–ચંદ્ર–ભાણ નિહીર; ૨૧૦
સહ સકરણ વાઘજી વર્ધમાન, પ્રતાપસી રૂપજી પરધાન. ૨૧૦ ૪

ગબડ મનજી ગોડીદાસ, અબજી પસીયા રિષભદાસ; ૨૧૦
રાયકરણ નાનજી સૂરચંદ, ઉદયકરણ રહીયા વીરચંદ. ૨૧૦ ૫

સાહ નાના સંઘ હીરજી જીવો, રાયસંઘ પચીયા માહવજી જીવો; ૨૧૦
માનસંઘ રવજી અમીચંદ, કમલસી આંબા સોમ દેવચંદ. ૨૧૦ ૬

હંસરાજ કીકા રતન જિણદાસ, રાજસી કાહન સાકર વીરદાસ; ૨૧૦
30 રતનજી દેવજી કાહનજી માહવજી, આસકરણ સચવીર નઈ માંગજી. ૨૧૦ ૭

સુંદર અમર અખઈ દેવજી, ભીમજી આણંદ હીરજી રવજી; ૨૧૦
ઈંદ્રજી લહુજી કરઈ ધર્મ કાજ, મક્કા ભીમજી બહુલી લાજ. ૨૧૦ ૮

વજીયા પુંજાવ માધવ હંસરાજ, દેવકરણ નરહર દેવરાજ; ૨૧૦
કલ્યાણ સમરસી નઈ નેમીદાસ, મોટા નાના પૂરવઈ આસ. ૨૧૦ ૯

વીર વંસ તણા અભિધાન, માહવજી મંગલ વીરા સુજાણ; ૨।૦
અદીયા હીરજી ઈંદર હંસરાજ, વિજયકરણ દેવકરણ વેણીરાજ. ૨।૦ ૧૦

સોમા અખઈ જસૂઆ જયચંદ, ધનજી જેઠા અભયચંદ; ૨।૦
જયકરણ સદાફલ સૂરચંદ, માવજી સોમા સવજી ચંદ. ૨।૦ ૧૧

વેલા જાદવ માધવ દેવજી, મેગ મદન મોહન નિ સોમજી; ૨।૦
હીરજી માધવજી વા દેવચંદ, જીવા અખઈ રતન ગોવિંદ. ૨।૦ ૧૨

રહીયા વાઘજી લખમીદાસ, સયલ સંઘ મલઈ થયો ઉલ્લાસ; ૨।૦
સૌભાગ્યસાગર કહઈ હરખ્યા સાહમી, પારિખ લીલાધર સાતા પામી. ૨।૦ ૧૩

દુહા

લીલાધર દાનઈ સબલ, ભોજ તણો અણુંસાર; ઘરિ તેડી સંતોષિયા, સજ્જન મિત્ર પરિવાર. 10

ઢાલ – ૬

સુણો મેરી સજની રજની જ જાવઈ – એ દેશી

પારિખ લીલાધર એ ચિત્તમાંહિ ચિંતવઈ રે, ઘરમઈ ઢીલ ન કરવી હવઈ રે; પા૦
દ્રવ્ય તણો લઈ લાહો રે, માનવ ભવ એ સફલો કીજઈ રે. પા૦ ૧

હવઈ મુહૂરત જોવા સારૂં રે, તેડયા વિપ્ર બિ–ચ્યાર વારૂ રે; પા૦
તે વિપ્ર બોલ્યા ચિત્ત ઉલ્લાસી રે, વાત એક અમ મનમાંહી વસી રે. પા૦ ૨

તેડાવઈ દવે માંગજી રે, અવિદ્યા સઘલી જેણઈ કરજી રે; પા૦
ઠામી ઠામી તે પામઈ માંન રે, આગમનિગમ તણો તે જાણ રે. પા૦ ૩

જ્યોતિષ વૈદ્ય કહેલાં માત્ર રે, જેણઈ ભંણાવ્યા બહુલા છાત્ર રે; પા૦
તે સાંભલી નઈ હરખ્યો સંઘવી રે, એ વાણી મઈ ન ઉલ્લંઘવી રે. પા૦ ૪ 20

તવ સંઘપતિ તેડી નિજ પુત્ર રે, જેણઈ રાખ્યું ઘરનું સુત્ર રે;
રતન પારખુ રતનજી સાર રે, તેડી આણો આ દરબાર રે. પા૦ ૫

રતનજી પરીખ કરીય પ્રણામ રે, સકુન જોઈ નઈ સાર્યાં કામ રે; પા૦
વિપ્ર તણઈ ઘરિ આવ્યા હરખી રે, આંણી ઊભી બ્રાહ્મણી નિરખી રે. પા૦ ૬

કીહાં છઈ ભીમજી સુત ભૂદેવ રે, હનુમંતની તે સારઈ સેવ રે; પા૦
મનોરથ માલા તે સિદ્ધિ પૂરે રે, વિઘ્ન વયરી તેહથી દૂરે રે. પા૦ ૭

તિહાં જૂઈ જૂઈ મલટઈ ધ્યાનઈ રે, હોમ હવન કરી ઝાઝઈ વાનઈ રે; પા૦
પરિખ રતનજી થઈ તિંહા ધીર રે, તુંજસે હનુમાન તું પડવીર રે પા૦ ૮

સ્મરણ પૂરણ થયું જેટલઈ રે, વિનયી રતનજી બોલ્યો તેટલઈ રે; પા૦
દવેજી પધારો અમ ઘરિ આજ રે, અમારઈ મુહૂરતનું જોવા કાજ રે. પા૦ ૯ 30

નિલવટિ ટીલાં ટબકાં કીધા રે, ખીરોદક વલી પહિરિણિ લીધાં રે; પા૦
ઘરનઈ દ્વારિ આવ્યા ઉલ્લાસી રે, સખરે સકુંનઈ સિદ્ધિ મનઈ વસી રે. પા૦ ૧૦

મંત્ર–તંત્ર ની જ કલા જાણિ રે, થંભની મોહની વસિકરિ આણિ રે; પા૦
પારિખ રતનજી ઘરિ તેડી આવ્યાં રે, સંઘપતિ મનિ ઘણું સોહાવ્યાં રે. પા૦ ૧૧

આદર કરીનંદ સિંહાસણ દીધ રે, આસીસ દવેની ભલી પરિલીધરે; પા૦
આપ્યા ફોફલ ચીઉલી પાન રે, પુણ્યવંત સઘલિ પામઈ માન રે. પા૦ ૧૨

પારિખ લીલાધર એણિપરિ બોલઈ રે, નહીં કોઈ દેવ તુમારઈ તોલઈરે; પા૦
મહૂરત જૂઉ હૃદય વિચારી રે, અપયોગ ટાલી વેલા સારી રે. પા૦ ૧૩

વયરી સઘળા નમઈ મુઝ પાય રે, જલમાંહી જિમ ગલી લૂણ જાય રે; પા૦
ઢાલ એ પૂરી રાગ કેદારઈ રે, મુનિવર સૂરજી દિન સુદ્ધિ ધારઈ રે. પા૦ ૧૪

દુહા

જ્યોતિષ શાસ્ત્ર જોઈ કરી, સહુ મિલી કરઈ વિચાર; ઈષ્ટદેવ પૂછી કરી, જાણી જય જયકાર.

ઢાલ - ૭

પંથિડા કહી નઈ સંદેસડો રે અ એ દેશી

સંવત સતર દાહોતરઈ, માધ માસ ગુરૂવાર લાલ રે; સુકલ પક્ષની પાંચમઈ, ધન લગ્ન નિરધાર લાલ રે. ૧ સં૦
10 કુંકુમના હાથા દીયા, કરી તિલક અભિરામ લાલ રે; સખર ચોખા ચોઢીયા, દીધાં શ્રીફલ દામ લાલ રે. ૨ સં૦
વિદાય દીધી વિપ્રનઈ, તેડી પુત્ર એકાંત લાલ રે; ઘર ઓલોચ કરી ખરો, વાત કરઈ મનિ ખાંત લાલ રે. ૩ સં૦
સંઘપતિ હરખ ઘરી ઘણો, બોલઈઅ વિરલ વાણિ લાલ રે; એક મનાં થઈ સાંભલઈ, તાત વાણિ ગુણ ખાણિ લાલ રે. ૪ સં૦
ઉત્તમ જનની સીખડી, માત તણું વલઢ હિત લાલ રે; જનમ ભૂમિકા આપણી, ખિણ ખિણ આવઈ ચિત્ત લાલ રે. ૫ સં૦
પરગામઈ ધન વિદ્રવઈ, લીઈ લચ્છિ તણો લાહ લાલ રે; જન શોભા સંચો કરઈ, તોહિ જનમ ભૂમિનો ચાહ લાલ રે. ૬ સં૦
જનમ ભૂમિકા આપણી, પાટણ નયર ઉદાર લાલ રે; તિહા સહી અમે જાઈવું, એ સત પુરૂષ આચાર લાલ રે. ૭ સં૦
સંઘ તિલક ઘરાવિવું, સહુંની કરૂં મનુહર લાલ રે; તે સંઘનઈ તેડી કરી, આવું આ નયર મઝાર લાલ રે. ૮ સં૦
ઈમ કહિ નઈ સિદ્ધાવિયા, દવે માંગજી સાથિ લાલ રે; સાહ જીવા સાથિ લીયા, ખરચ દેઈ નિજ હાથિ લાલ રે; ૯ સં૦
થોડિઈ દિનઈ પાટણાઈ આવીયા, મહાજન મિલવા જા લાલ રે; ક્રિયાસાગર વાંદી કરી, ધરમસીસ ચિત્ત લાય લાલ રે. ૧૦સં૦
સાહમી સયણ ભેલાં કરી, સંઘ મુખ્ય લહુજી સાહ લાલ રે; સાહ શ્રી પાલ સા વાઘજી, લાલજી રૂપચંદ સાહ લાલ રે. ૧૧ સં૦
20 તુલસી વિમલ નઈ રામજી, શાંતીદાસ અમીચંદ લાલ રે; નાગજી હરિયા મહાવજી, વોહરા સહૂ ઉદયસંઘ લાલ રે. ૧૨સં૦
જેઠા વાઘજી સૂરજી સાહ સહૂ ઉદયસંઘ લાલ રે; મોદી અખઈ નિ લાલજી, મહિતા ગાંગજી સંઘ લાલ રે. ૧૩ સં૦
રિષભ વર્ધ્ધમાન ડાહિયા, વિલ્લુદાસ સોમચંદ લાલ રે; રૂપા માહવજી નાનજી, વલ્લિભ કાહનજી ગોવિંદ લાલ રે. ૧૪સં૦
વીરવંસિ સોહામણા સંઘવી, તિહાં હંસરાજ લાલ રે; કાહનો રાઉલ મેઘજી, નાનજી ભીમજી હંસરાજ લાલ રે. ૧૫ સં૦
સેઠ રવા કેસર ધના, હીર વિમલ નઈ વીર લાલ રે; હાંસો વાછો ગણેશજી, પદો લાલો ધન હીર લાલ રે. ૧૬ સં૦
ખોલો સંઘનો પાથરી, સંઘતિલક ધરાવઈ સીસ લાલ રે; ગુણીયન ગુણ ગાવઈ તિહાં, પહોતી ચિત્ત જગીસ લાલ રે. ૧૭સં૦
પ્રભાવના પોઢી કરઈ, વાધી કીરતિ વિસ્તાર લાલ રે; જીવાનઈ સંઘપતિ કહઈ, તેડી આવજો ગણધર લાલ રે. ૧૮ સં૦
લોલાડી નગરિં જઈ કરી, લાહણિ કરી નિરધાર લાલ રે; ઠામી ઠામી ખોલા પાથરી, ઝાઝી કરજો મનુહાર લાલ રે. ૧૯સં૦
રાજનગરિં તુમે આવજો, અમે આવસું ત્વરિત લાલ રે; ઝાઝા સંઘ મિલી કરી, સફલ કરસું નિજ વિત્ત લાલ રે. ૨૦ સં૦
સંઘપતિ પતનથી ચાલીયા, વોલાવઈ મહાજન વૃંદ લાલ રે; કુસલ ખેમઈ ઘરિ આવીયા, હીયડઈ હરખ આનંદ લાલ રે. ૨૧સં૦
30 સાહ જીવા સિદ્ધાવીયા, શ્રી ગુરૂ તેડણ કાજ લાલ રે; ગુરૂ વાંદી મનિ હરખીયા, ઉપાવઈ બહુલી લાજ લાલ રે. ૨૨ સં૦
લાહણી કરી ભલી ઘૃત તણી, શ્રી લોલાડા મઝારિ લાલ રે; શ્રી પૂજ્ય તેડી સંચર્યો, ઠામિ ઠામિ ઉચ્છવ અપાર લાલ રે. ૨૩સં૦
વીરમગામિં પધારીયા, અમદાવાદી નઈ પાસિ લાલ રે; ઈલમપૂરિં પધારીયા, સંઘવીની ફલી આસ લાલ રે. ૨૪ સં૦
ગચ્છ ચોરાસી સાધુનિ, તેડયા ઘરી બહુમાંન લાલ રે; મુનિ સૂરજી એણીપરિ ભણઈ, સંઘવી ચતુર સુજાણ લાલ રે. ૨૫ સં૦

દુહા

બિદાય કરવાં ખાંનડું, જસુ સુતન સંઘપત્તિ; જરકસી આગલી ભેટણાઈ, મિલીયા મોટી ચિત્તિ. ૧
હુકમ હોઈજો ખાંનડો, સંઘ કરૂ સિરદાર; દેઈ સિરપાયું કહઈ, મત કરિ ઢીલ લગાર. ૨
હોઈ બહુત ખુહાઈ મંઈ, બોઈલ સાસનં ખાનં; જે ચાહઈ સો માગઈ, હયગય ઊંટ નિસાંન. ૩
મીર્યાં સાલે ઉપરિંઈ, કરી દિયો ફરમાંન; ખુસમના તુમ થઈ હુવઈ, મત કરો તિનમઈ હાનિ. ૪
ભિદ્દાઈ પામી ખાંનડી, આયે સહિ ગુરૂ પાસિ; કંકોતરી મહિતા લિખઈ, વચન ચતુરાઈ ખાસિ. ૫

ઢાલ – ૮

રિષભ પ્રભૂ પૂજીઈ – એ દેશી

કંકોતરી હવઈ પાઠવી એ, પાટણ રાયધનપૂર;
સંઘપતિ હરખસું એ, થંભતિરથ રલીયામણું એ માતર તારાપુર. સં૦ ૧

ધંધૂકઈ વલી ધોલકઈ એ, માંડલિ વીરમગાંમિ; સં૦
કચ્છ હાલાર મરૂધરા એ, સોરઠ દીવ સુઠાંમિ. સં૦ ૨

હાસોટ સૂરતિ બુરહાનપુરિં એ, આગરિ નઈ અજમેર; સં૦
લોલાડઈ સાંતલપુરઈ એ, બાહડમેર જેસલમેર. સં૦ ૩

પારિખ સામચંદ ગુણનિલા એ, લઘુ વય એ મુખમાહિં લાજ; સં૦
પધાર્યા પાટણ ભણી એ, તિહાં સંઘ તેડણ કાજ. સં૦ ૪ 10

કંકોતરી વાંચી કરી એ, રલીયાયત સહુ થાય; સં૦
સેજવાલા સજી કરી એ, ડેરા તંબુ સુહાય. સં૦ ૫

થોડઈ દિનિ તિહાં આવીયા એ, ડેરા તંબુ દિઈ દીધ; સં૦
આડંબર દેખી સંઘવી એ, મનહું હરખિત કીધ. સં૦ ૬

ઘોડા લીંધા અતિ ભલા એ, નીલડા નઈ પરચંડ; સં૦
જલકલ્લોલ પરિ ચાલતા એ, જેહ તણી ચાલિ અખંડ. સં૦ ૭

સેજવાલાં ઊંચાં સજી એ, માંહિ ભરી પકવાન; સં૦
સાલિ દાલિ મેવા ઘણાં એ, ખાંડ ઘી ગોલ પાન. સં૦ ૮

સગા સન્નિજ્જા સામટા એ, સાહમી સગપણ જાસ; સં૦
ઠામિ ઠામિથી આવીયા એ, યાત્ર ધરી ઉલ્લાસ. સં૦ ૯ 20

સાધ સરવ ભેલા થઈ એ, પ્રયાણા મુખ હોઈ; સં૦
તે શોભા દીઠી ઘણી એ, સાંભલજો સહું કોઈ. સં૦ ૧૦

પાલખીઈ સોહામણા એ, મોહન રેવાદાસ; સં૦
સંઘવણિ બીજી પાલખીઈ એ, રખવાલા બેહુ પાસ સં૦ ૧૧

વ્યવહારી વહીલઈ ભલા એ, બેઠા સોહઈ ચંગ; સં૦
વહિલઈ પારિખ લીલાધરૂ એ, દવે મનિ ઝાઝોરંગ. સં૦ ૧૨

ત્રણિ પુત્ર ઘોડઈ ચડયા એ, આગલિ પાયક વૃંદ; સં૦
લીલાધર ઓપઈ ઘણું એ, જિમ તારામાંહિ ચંદ. સં૦ ૧૩

પંચ સબદ વાજઈ ઘણાં એ, વાજઈ તાલ કંસાલ; સં૦
સરણાઈ વીણાં ભલી એ, મુરજ અનઈ કરતાલ. સં૦ ૧૪ 30

પાછલઈ વિહિલઈ માનિની એ, ગાંઈ ધરી આનંદ; સં૦
હય ગય રથ પાયક ભલા એ, ચાલઈ સુભટના વૃંદ. સં૦ ૧૫

માણિક ચોકઈ આવ્યા જિસિં એ, તિલ પડવા નહિં ઠામ; સં૦
ગોખિ હાટિં મેડી ચડયાં એ, જૂઈ મુકી નિજ કામ. સં૦ ૧૬

ગુણીયણ ગાવઈ રંગસું એ, બિરૂદાવલી બોલઈ ભાટ; સં૦
એણઈ દિવાજઈ ચાલીયા એ, આવ્યા નદીનઈ ઘાટ. સં૦ ૧૭

દલ વાદલ ડેરા, દીયા એ, રહ્યા દિન ઈગયાર; સં૦
મુનિ સૂરજી એણિપરિ ભણઈ એ, સુણો આગલો અધિકાર. સં૦ ૧૮

દુહા

ચાલિ સંઘપતિ રંગસું, સાથઈ વિહિલ સતપંચ; ઢોલ દમામાં વાજતઈ, સજકરી સખરો સંચ. ૧
સંઘનિં સાથઈ સામટમ, પોઠીયા સત ચાર; વસ્તુ અનેક જોઈ કરી, કહિતા નાવઈ પાર. ૨
પાઠક વાચક પંડીતા, પહોતણિ તીરથ લીન; ગચ્છ ચોરાસી મેલિનઈ, સાથિ યતી સત તીન. ૩
વોલાવા સવિ સજ કરી, સઘલી સજ કરી ભાતિ; રાતા ઝૂંડા રોપિયા, ગામિં બંદર ખિંભાતિ. ૪
ત્રીજિં નગારઈ વાજતઈ, ચઢયો સંઘ પ્રભાતિ; ધુલકઈ તંબુ તાણીયા, કફ ઈક ધી પિઈ ભાતિ. ૫
સાધર્મિક મારગ વચિઈ, યામી તેહનેં આધ; જ્ઞાતિ વગનઈ સંઘવી, દ્રવ્ય ખરચઈ અગાધ. ૬
સાહમીનિ સેવા કરઈ, સહસકરણ ગુણવંત; આધી યામી લાહણિઈ, આપઈ મનનિ ખંત. ૭

ઢાલ – ૯ : યોગિનાંની

કલિકુંડ પાસ પૂજીઆ રે, પહોતી મનની આસ; જિનજી.
ચૈત્ય–પરિવાડિ કરી ભલી રે, આવ્યા સહિ ગુરૂ પાસિ. જિ૦ ૧

સહિ ગુરૂ વાણી સાંભલઈ રે, જાણે અષાઢો મેહ; જિ૦
નવ નવા રસ કેલવઈ રે, વિદ્યા તણો એ ગેહ. જિ૦ ૨
દેઈ દદામાં તિહાં થકી રે, ચડયો સંઘ પરભાતિ; જિ૦
ઘંઘૂકે તે આવીયો રે. સાહમી મિલવા ખાંતિ. જિ૦ ૩

તિહાંથી વલી દિન સાતમઈ રે, આવ્યા ધોધા ગામી; જિ૦
નવખંડો જિન પૂજીઓ રે, પાપ પણાસંઈ નામિ. જિ૦ ૪

સઘલા દેવ તિહા પૂજીઆ રે, સફલ કર્યો અવતાર; જિ૦
મુકામ એક તિહા, કર્યો રે, મહાજન મલ્યું મનુહાર. જિ૦ ૫

તિહાંથી સંઘવી સાંચર્યો રે, મારગિ કુશલ જ ખેમ; જિ૦
આવ્યો ઘણ સૌભાગ્યસું રે, ભરત નરેસર જેમ. જિ૦ ૬

શત્રુંજ તીરથઈ આવીયા રે, મોટઈ કરી મંડાણિ; જિ૦
ડેરા તંબૂ બાંધીયા રે, આપણ પઈ અહિનાણિ. જિ૦ ૭

શત્રુંજો દીઠઈ થકઈ રે, પવિત્ર થયા નિજ ગાત્ર; જિ૦
મુનિ સૂરજી એમ ભણઈ રે, કરખઈ કરૂં હવઈ યાત્ર. જિ૦ ૮

દુહા

રહવાલ ઘોડઈ ચઢી, સજી પંચ હથીયાર; દવે દુર્જનનિ જીપવા, સાધિક કટક અનિવાર. ૧
નાઠા તે દુસમન સહૂ, વાયઈ જિમ અર્ક તૂલ; જીત દદામાં વાજિયાં, પારિખ ભાગ્ય અમૂલ. ૨
ગામ લોક દેખી કરી, મનમાં ધરઈ વિચાર; અમદાવાદ ઈહાં વસ્યું, સ્વર્ગ પુરી અવતાર. ૩

ઢાલ - ૧૦

શ્રી મરૂમંડલ સાર શૃંગાર - એ દેશી.

સંઘ નગર વસઈ ઉદારં, વાડી બાગ સરોવર સારં; વાવિ કૂવા મનોહરં, મહી મંડલિ તિલક સુવિચારં;
વાડિ રૂપ પ્રકાર અપારં, કોસીસા અનિવારં. ૧

સ્વર્ગપુરી જાણઈ અવતારં, વ્યવહારી કરઈ વ્યવહારં; ધન કણ તણો આધારં, સુમતીનાથ કેરો સુવિહારં;
ડેરા તણો ન લાભઈ પારં, ચહુટા સાર શૃંગારં. ૨

સુખડીયા તિહાં સુખાડી માંડઈ, પુંહુંટિયા તિહાં પુહૂયા ખાંડઈ; ઘી ગેલ મોટઈ ભાંડઈ, દોસટિયા દોસટ્ટ ઉઘાડિયા;
વસઈ તિહાં તે બારે પાડિ, બાલક તિહાં રઢિ માંડઈ. ૩

જલેબી વલી ઘેવર તાજાં, ઘીઈ તલીઈ નાહનાં ખાજાં; ઉપરી બાંધી જઈ છાજાં, વિવિધ પ્રકારઈ વાજઈ વાજાં;
ગુણિજન ગાવઈ કરિ ધરિ સાજાં, દાનં તે પાંમઈ ઝાઝાં. ૪ 10

સાકર તણી તિહાં સૂખડી દીસઈ,જિણિ ખાધઈ મનહું સહી હીંસાઈ; પામી જઈ બગસીસઈ, પંચ હજાર તણઈજગીસઈ;
લીલાધર લક્ષણ બત્રીસઈ, પુણ્યવંત વિસ વાવીસઈ. ૫

યુવરાજ તણી પરિ રતનજી રાજઈ, સોમચંદ પ્રધાન વિરાજઈ; વાઘજી ઝાઝાઈ દવાજઈ, રેવાદાસ વલી ગુહિરોગાજઈ;
મોહનદાસ તિહાં મોટિ સાજઈ, દીઠઈ દુસમન ભાજઈ. ૬

સાધ સાધવી વિહિરણિ આવઈ, સહિજબાઈ સુધ માન વિહિરાવઈ; લાધ બહુલા પાવઈ, બહિનર પાંયઈ રિષભ ગુણ ગાવઈ;
વહુયર બેહું ગૂંહલી બનાવઈ, મોતીયડઈ વધાવઈ. ૭

ધરમ દેસના કહિં ગચ્છપતિ સારી, સાંભલિ ભવી જીવ ઉદારી; પ્રસંસઈ નર-નારી, બાંધ્યા ચંદુઆ ચોસાલી;
ગચ્છ ચઉરાસી તિંહા પોસાલી, કોઈ ન મૂકયાં ટાલી. ૮

ગાજતઈ વાજતઈ દેહરે ઊઠઈ, તે દીઠઈ શ્રાવક મન તુઠઈ; ગોરી ગાવઈ ગુણ પૂંઠઈ, થાનકી થાનકી દાન આપઈ મૂંઠઈ;
સહિગુરૂ લબધિ વસી અંગુઠઈ, કોઈ ન ભાખઈ જૂઠ ઈ. ૯ 20

ભદ્રબાહુએ ઓપમ દીધી, સંઘ નગર જગત્ર પ્રસીધી; સંઘપતિ બરી તે કીધી, ભરત તણી ઓપમ જિણિ લીધી;
મુનિ સૂરજી કહઈ વિલસી રિદ્ધિ, મનોરથ માલા સીધી. ૧૦

દુહા

શત્રુંજય ચઢવા તણાં, હૂઆં તતપર ચિત્ત; લેઈ હુકમ ખાંધિલ તણો, દેઈ અનર્ગલ વિત્ત. ૧
તલ હટીઈ આવી કરી, પારિખિ હરખિત મન્ન; સખર તુરંગમ આપિનઈ, ભાટ કર્યા પ્રસન્ન. ૨
તલહટીઈ ઊભા રહી, વધાવિયો ગિરિરાય; સોનાં ફલઈ મોતીઈ, વ્યાધિ વિઘન ભય જાય. ૩
સાકર પાણી પાઈઈ, તલહટીઈ વડ પાસિ; તરષાતુર જે માણસા, પ્રીઈ મનનિ ઉલ્લાસિ. ૪

ઢાળ - ૧૧

સહિર ભલો પણિ સાંકડો રે - એ દેશી

ચઢતાં બિહું પાસિવલી રે, છત્રડી લર ચ્યાર રે; શત્રુંજયગિરિ. 30
પહિલી પરબપાણી તણી રે લાલ, કરાવી કુંભકાર રે; શેત્રુંજગિરિ દેખતાં મન ઉલ્હાસિ રે લાલ. આંકણી.૧

હડોઆગલિ હીંગલાજનો રે, વિકટ વિષમો ઘાટ રે; શેત્રું૦
દેહ પવિત્ર કરવા ભણી રે લાલ ચઢઈ મનુષ્યનાં ઘાટ રે. શેત્રું૦ ૨

તિહાંથી ચઢતાં અનુકમઈ રે, બીજી પરબ ઉદાર રે; શેત્રું૦
સાહ શ્રીપાલઈ હેતસ્યું રે લાલ, કરાવી અતિ મનુહાર રે. શેત્રું૦૩

તિહાંથી ચઢતાં આગલાઈ રે, છત્રડી એક અભિરામ રે; શેત્રું૦
સીતલ છાયા મનોહર રે લાલ, વીસામા તણો ઠામ રે. શેત્રું૦ ૪

આગલિ આવતાં નિરખીઉ રે, વિકટ વિષમો કોટ રે; શેત્રું૦
કોસીસા સોહઈ ભલાં રે લાલ,તિહાં કોઈ ન દીસિઈ ખોટિ રે.શેત્રું૦૫

મૂલ દરવાજા આગલિ રે, સૂકોસલ તિહાં સાધ રે; શેત્રું૦
પરિસહ સીહણિ તિહાં કર્યો રે લાલ,ઉપસમ ધર્યો અગાધ રે.શેત્રું૦૬

આગલિ અનુક્રમઈ આવતાં રે, ગૌમુખ યક્ષનો ઠામ રે; શેત્રું૦
પાસઈ દેવી ચક્કેસરી રે લાલ,ખરતરવસહી અભિરામ રે.શેત્રું૦૭

વીરજી પારિખનો વલી રે, શિખરબંધ પ્રાસાદ રે; શેત્રું૦
10 મૂલ ગંભારેં જોઈઈ રે લાલ, વાસૂપૂજ્ય આલ્હાદ રે. શેત્રું૦ ૮

જયમલ્લ મોહોતઈ તિહાં કણઈ રે, સાહમું દેહરૂં કીધ રે; શેત્રું૦
અમારતિ કીધી અતિ ઘણી રે લાલ,લક્ષ્મી લાહો લીધ રે. શેત્રું૦૯

જામ શ્રી જસવંતનો રે, મંત્રીશ્વર વર્ધ્ધમાન રે; શેત્રું૦
ઉત્તંગ તોરણ તિહાં કિયો રે લાલ,આપી બહુલાં દાન રે. શેત્રું૦૧૦

લઘુબંધવ વલી તેહનો રે, પદમસી સાહ મનિ રંગ રે; શેત્રું૦
વિમલનાથનો દેહરો રે લાલ, કરાવ્યો અતિચંગ રે. શ ે ત્ર ુ ૦ ૧ ૧

ઉદ્ધાર સોલમો દીપતો રે લાલ, કરાવ્યો ઉત્તંગ રે; શેત્રું૦
કરમો મહીતો સોભતો રે લાલ, રાખ્યો જગમાં રંગ રે.શેત્રું૦૧૨

માંહિ ચોથાં વીરપાલનું રે, દેહરૂં સતિહિ સકર રે; શેત્રું૦
20 વિધિપક્ષગચ્છમાંહી દીપતો રે લાલ,ગચ્છ દીપાવણ હાર રે.શેત્રું૦૧૩

જયવંત સરહીઉ જગિજયો રે, સમૃદ્ધવંત અસમાંન રે; શેત્રું૦
પ્રસાદ કરાવ્યો ખાંતિસું રે લાલ,વિધિપક્ષ વધાર્યો વાન રે.શેત્રું૦૧૪

પાસ તિહાં ગણતાં થકા રે લાલ, નવિ પામઈ કોઈ પાર રે.શેત્રું૦
પ્રતિમાં તિહાં ગણતાં થકા રે લાલ,નવિ પામઈ કોઈ પાર રે.શેત્રું૦૧૫

ઉપાસરો સોહામણો રે, સ્વામી દક્ષિણઈ પાસિ રે; શેત્રું ૦
યતિ ચોરાસી ગચ્છના રે લાલ, ઠામ ઉતારવાં ખાસ રે.શેત્રું૦૧૬

સ્વર્ગ દ્વારિકા તિહાં અછઈ રે, તે હેઠઈ ભીમ ઝાંપ રે; શેત્રું૦
લૌકીક વાત સુણી કરી રે લાલ, તિહાં ન મેલસ્યો આપ રે.શેત્રું૦૧૭

મૂલગભરાઈ આવીયા રે, તિહાં શ્રી રિષભ જિણંદરે; શેત્રું૦
30 સેવા સારઈ અહનિસી રે લાલ, સુર–નર–કિન્નર વૃંદ રે.શેત્રું૦૧૮

કરી કારીગરિ કોરણી રે, જાણે દેવ વિમાન રે; શેત્રું૦
ચીતારે ચોતર્યું ભલું રે લાલ, સૂરજી કરઈ વખાંણ રે. શે ત્ર ું ૦ ૧ ૯

ઢાલ – ૧૨

અટાઈયાની દેશી.

શેત્રુંજ ગિરિવર શ્રૃંગી, બિઠા મનિ ઉચ્છરંગિ; વ્યાધી વિદારણો એ, વિઘન નિવારણો એ. ૧
મસ્તિકિ મુકુટ ઉત્તંગ, જડિત હીરા નંગ; દીસઈ નિરમલું એ, તેજઈ ઝલહલું એ. ૨

કુંડલ દોઈ વલી કાનિ, ચંદ્ર સૂરજ સમ જાણિ; અણીયાલી આંખલડી એ, કમલ દલ પાંખડી. ૩
નિલવટિ તિલક જ સારુ, ચૂની લાલ ગુલાલ; નાશિકા દીપ જસી એ, મુખ પૂનિમ શશિ એ. ૪
અધર પ્રવાલી રંગ, દંત પંતિ મુચ કુંદ; શરીર સોહામણું એ, સુર ગુરૂ સંઘણું એ. ૫
હીયડઈ મુગતાહાર, સોહઈ ઝાક ઝમાલ; બાજુબંધ કિંકણી એ, વીંટી સોહામણી એ. ૬
રિષભ રૂપ અપાર, તિ જોતાં ન પાંમઈ પાર; નમોત્થુણું તિહાં કરઈ એ, પાપ તિમિર કરઈ એ. ૭
સાચવઈ સઘલી નીતિ, ગુણીયલ ગાવઈ ગીત; ભાવ સુદ્ધો ધરઈ એ, પ્રદક્ષિણ ત્રણિ કરઈ એ. ૮
રાયણ તરૂવરં હેઠિ, રિષભ પગલાં જેઠિ; આવઈ સંઘપતિ એ, પૂજઈ સુધમતિ એ. ૯
પૂજી શ્રી જિન પાય, આસ્યા સફલી થાય; વંછિત સોહામણું એ, દાનં દેઈ ઘણું એ. ૧૦
કેસર ચંદન લાય, સંઘપતિ તિલક ધરાય; માલા સાના તણી એ, આપઈ યાચક ભણી એ. ૧૧
ડાબિઈ જિમણઈ પાસિ, પ્રાસાદ બિ અતિ ખાસ; સૂર મુનિ ભેટિયા એ, પાતક મેટિયા એ. ૧૨

ઢાલ – ૧૩

અલબેલાની દેશી.

એ ગુણ પંચાસો બારનો રે લાલ, રતનપુર અહિ ઠાણ ભલઈ ભેટયા રે;
ઓસ વંસઈ સહસગણાં રે લાલ,ગાંધી ગોત્ર પ્રધાન,ભલઈ ભેટયા રે. ૧

શ્રી સિદ્ધાચલ સોભતા રે લાલ, તીરથ માંહી સિરતાજ; ભ૦
દીઠઈ દુખ દૂરઈ ટલઈ રે લાલ, જનમ સફલ થયો આજ. ભ૦ ૨

ગોવિંદ સાહ જસ આગલો રે લાલ, વિધિપક્ષ માંહી વડુઆર; ભ૦
વિમલાચલનો સંઘવી રે લાલ, થાલી લાણી ઉદાર. ભ૦ ૩

ભરાવી પ્રતિમાં તિણઈ રે લાલ, અદબુદ નામઈ અનૂપ; ભ૦
પ્રાસાદ ઊંચો અભિનવો રે લાલ, દેવ વિમાન સરૂપ. ભ૦ ૪

ટુંક મરૂદેવી તણઈ રે લાલ, પંડવ પંચ નિવાસ; ભ૦
સિવા સોમજીનો દેહરો રે લાલ, દીસંતો કૈલાસ. ભ૦ ૫

મરૂદેવી ગજવરિ ચઢી રે લાલ, દેહરાં દો વામ પાસ; ભ૦
દક્ષિણિ દિશિ એક ઓરડી રે લાલ, પૂજતાં પૂરઈ આસ. ભ૦ ૬

સૂરજ કૂંડ પાસિ વલી રે લાલ, ભીમકૂંડ સુહાય; ભ૦
ઊલખાઝોલ આગઈ વલી રે લાલ, મોટું ચંદન તલાય. ભ૦ ૭

સિદ્ધસિલા સોહામણી રે લાલ, જિહાં સિદ્ધ મુનિ કોડ; ભ૦
સિદ્ધવડ સુખ પૂરવઈ રે લાલ, સિદ્ધિ સિલાની જોડિ. ભ૦ ૮

યાત્રા કીધી અનુક્રમઈ રે લાલ, આવ્યા નિજ નિજ ઠામિ; ભ૦
દેવ જુહાર્યા ઘમંડસ્યું રે લાલ, પાલીતાણા ગામિ. ભ૦ ૯

લાહણી કીધી ગોળની રે લાલ, તેતો વૃષભનઈ કાજ; ભ૦
ચોઆલીસ નઈ માઝનઈ રે લાલ,હવઈ સંઘ જમાડયો સાજ. ભ૦ ૧૦

ડેરા ઊંચા તાણીયારે લાલ, દૃઢ કરી બાંધી વાડિ; ભ૦
પાથરણાં આગલિ પાથર્યા રે લાલ, પાંતઈ થાલી માંડિ. ભ૦ ૧૧

પારિખ નાનજી હરખસું રે લાલ, સંઘ જમાડઈ ખાંતિ; ભ૦
મેવા મીઠાઈ પ્રસરણઈ રે લાલ, જલેબી પૂરી ભાંતિ. ભ૦ ૧૨

ચોરાસી ગચ્છના સાધુ નઈરે લાલ, પડિલાભઈ પકવાન; ભ૦
લાભ અનંતો તિહાં કણઈ રે લાલ, જાણ માહી સુજાણ. ભ૦ ૧૩

સાહ વિરદાસેં તિહાં કણઈ રે લાલ, જમાડયો રંગસું સંઘ; ભ૦
તિણિ ભગતિ ઘણી કરી રે લાલ, સંઘ માંહિઈ થયો સિંધ. ભ૦ ૧૪

રતનાદે કુખિ ઉપનો રે લાલ, નામિં સહસકરણ સાહ; ભ૦
તેણઈ સંઘ જિમાડીઓ રે લાલ, ધન ખરચીઓ લાહ. ભ૦ ૧૫

રાયસંઘ સાહઈ રંગસુ રે લાલ, કરી તિમજ પકવાંન; ભ૦
સંઘ જમાડયો હેજસ્યું રે લાલ, દીધાં ફોફલ પાંન. ભ૦ ૧૬

ઈમ ઉછવ કરતઈ થકઈ રે લાલ, આયો રિતુ વસંત; ભ૦
મુનિ સૂરજી કહઈ પેમસ્યું રે લાલ, ખેલઈ રતનજી વસંત ભ૦ ૧૭

દુહા

લીલાધર પારિખ તણો, આડંબર અસમાન; સાંઝ સવારઈ વજાવઈ, પંચ શબ્દ નિશાંન. ૧
લીલાધર પારિખ તણો, આડંબર અસમાન; નિતિ ઢંઢેરા વાજતઈ, આપઈ અન્ન નઈ પાંન. ૨
લીલાધર પારિખ તણો, આડંબર અસમાન; ચાકર ચોકીદાર નઈ, દીજઈ મોજઈ દાંન. ૩
લીલાધર પારિખ તણો, આડંબર અસમાન; જિણ જિણ દેસઈ સંચરઈ, પામઈ આદર માંન. ૪

ઢાળ - ૧૪

ધમાલની દેશી

અંગ ઊમાહો ઘરી સુણો, ખેલત ફાગ વસંત; ચંગ વજાવઈ રંગસ્યું હો, રતનજી મન વિકસાંત. ૧
ફાગયુ ખેલઈ સંઘમઈ રસીક લોક સુજાંણ; એક મનાં તે સાંભલો, માન તાન ગુણગાન. ૧
કેસરીઈ વાગઈ સોભતો હો,સોમચંદ સહુ સિરદાર.કે૦ આંકણી...
લાલ ગુલાલ ખોબો ભરી, હાથિ ઘરી અબીર; ખેતલ વાધજી પ્રેમસું હો, નાનડો એ વડવીર. કે૦ ૨
પચરકી વલી વાંસની, સંગ્રહી રેવાદાસ; છાંટી સાહમી છાંટણઈ હો, નાનડો મોહનદાસ. કે૦૩
ધાંણિ ચિણા ખોલિ લેઈ, દીઈ મનનઈ ખંતિ; સખર સાકર હારડાહો, બાલક કંઠી સોહંતિ. કે૦૪
તાલ મુરજ વાજઈ તિહાં, વાજઈ ભેરિ કંસાલ; ફાગ ગીત રંગઈ ગાવઈ હો, મલ્યા બાલ–ગોપાલ. કે૦૫
ઠામિ ઠામિ ઊભા રહી બીબાં પચરકી ભાંતિ; યુવતિ જન સંકિત ભઈ હો, ઘુંઘટ ઘરિ કરી યાંતિ. કે૦૬
સંઘપતિ નિજ નંદન તણિ, રામંતિ દેખઈ ખંતિ; માત તન મન ઉલ્લસઈ હો, બેંહિ નર હૃદય વિકસંતિ.કે૦૭
દિન બાર તિહાં કણિ રહી, સંઘ સજ્યો તતકાલ; ઉદ્દંડ અટવી ચાલીઓ હો, વોલાવા ઘરી અસરાલ. કે૦૮
ઊંચા પર્વત સામટા, લાંબા વલી અછેહ; ગિરિ ગુહવર ગુફા ઘણી હો, જાણઈ કઈઊ હુયો મેહ. કે૦૯
ઝર ઝર ઝર નિર્ઝર ઝરઈ, ખલ ખલ ખલકાઈ નીર; કોક પિક ટહું ટહું કરઈ રો, પ્રોષિત મન ધન પીર.કે૦૧૦
ઠામિ ઠામિ નદી વહઈ, ઠામિ ઠામિ વનરાઈ; ઠામિ ઠામિ ચોકી ઘરઈ હો, ઠામિ ઠામિ વિશ્રામ બનાય. કે૦૧૧
ગુંજઈ સીંહ સાર્દૂલ ઘણાં, ગુંજઈ ભ્રમર ધમકંતિ; મોર સોર કરઈ ઘણો હો, પીછ નૂતન ઝલકંતિ.કે૦ ૧૨
શશલા સૂયર સામટા, સાંમટાં મૃગનાં યૂથ; પેખઈ નયણાં માંડિનઈ હો, સહૂઅનઈ મનઈ તિહાં જૂથ.કે૦૧૩
કાયર હીયાં કમકમઈ, કમકમઈ ચોર ચરટ્ટ; અણુહાણઈ પગિ કમકમઈ હો, ચમચમઈ પગમાં ભરટ્ટ.કે૦૧૪
સાતમઈ દિનઈ આવીયા, ઊના નદી મનરિ; દીધા ડેરા રંગસ્યું હો, ઉલટ અંગિ અપારિ. કે૦ ૧૫
ચૈત્ય પરિવાડિ ઉનઈ કરી, ગાજત વાજતી સંગિ; નાદિ અંબર ગાજ્યઉ હો, સૂરજી કહઈ રલીરંગ. કે૦ ૧૬

દુહા - ૮૫ - ૧૫

ગાજાં વાજાં વાજતઈ, ભેટયો અદ્‌બુદ ઘુંઘુ વજાયો;
સંઘવી હરખ ઘણો, ગુપ્ત પ્રાગ તિહાં નિરખ્યો; માંગજી દવે મનિ હરખ્યો. સંઘવી૦ ૧
ડેરા તંબુ દીધાં, વોલવાઈ મજરા લીધા; સં૦ ગામિ અઝારી આવઈ, નાઈ ધોઈ ધોતિ બનાવઈ. સં૦ ૨
સૂકડી કેસર લેઈ સાથિ, પાસ પૂજઈ નિજ હાથઈ; સં૦ પાસ અઝારો સોહઈ, દીઠઈ જન મન મોહઈ. સં૦ ૩
જાતિ સફલ મનિ સારઈ, દેલવાડિ દેવ જુહારઈ; સં૦ દીવબિંદર સિધાવઈ, સાહમી સહુ આણંદ પાવઈ. સં૦ ૪
જિહાજ સબલ સિણગારઈ, જલનિધિ પાર ઊતારઈ; સં૦ ઢોલ દંદામાં વાજઈ, નાદઈ કરી દરીઓ ગાજઈ. સં૦ ૫
સૂરિ કલ્યાણ વિરાજઈ, સામઈઉં સબલ દિવાજઈ; સં૦ સુવિધિનાથ નિજ નયણે, નિરખી સ્તવીયા વયણે. સં૦ ૬
નંવલખો શ્રી પાસ, ભેટિઈ થઈ સફલી આસ; સં૦ માલજી માહવ વિચારી, સંઘ જીમાડી ચિત્તમાં ધારી. સં૦ ૭
લહુજી વાઘજી મનિ આણી, ખાંડ બિ સેરની કીધી લાહણી; સં૦ કલ્યાણ સાહ આણંદ પામી, જાંણિ લાહી અરધી યા મી.. સં૦ ૮ 10
ઊદયસંઘ દીવ મઝારી, તિણિ લાહી સેર ખાંડ સારી; સં૦ સંતોખી મનિ હરખી, લાહી ખાંડ સેર એક નિરખી. સં૦ ૯
નાનજી દૃઢ મન મેર, જિણિ લાહી ખાંડ એક સેર સં૦ હીર વીર નિ વિમલ, પાખી પારણાં કરાવ્યાં નિરમલ. સં૦ ૧૦
સાત ભૂમિઆ આવાસા, સંઘ લોક જૂઈ તમાસા; સં૦ મુકામ તિહાં દિન ચ્યાર, પાંચમઈ દિનિ થયા અસવાર. સં૦ ૧૧
દીવ બિંદરથી ચાલઈ, સાવધાન થઈ સંભાલઈ; સં૦ રજપૂત આવ્યા હલકી, બરછીઈ બરછી ઝલકી. સં૦ ૧૨
સુભટ સુભટસ્યું અડક્યા, કાયર હુંતા તે ભડક્યા; સં૦ સંઘવી ભાગ્ય ભંડાર, સંગ્રામિ થયો જયકાર. સં૦ ૧૩
જિતવાદ હૂઆ તિહાં સાર, વિહાણઈ આવર્યા કોડીનાર; સં૦ જિન વંદ્યા અભિરામ, તિહાં સિદ્ધાં સઘલાં કામ. સં૦ ૧૪
દેવકું પાટણ દીઠ, સંઘ મનિ અમીય પઈઠ; સં૦ તીરથ ભૂમિ તિહાં જાણી, ડેરા તંબૂ દીધા તાણી. સં૦ ૧૫
ભેર ભુંગલ ચહચાટ, પઈસારો થયો ગહઘાટ; સં૦ દીધાં શ્રીફલ દાનં, સાહમી સહુ દિ સનમાંન સં૦ ૧૬
પૂજ્યા કુંક મરોલ, સંઘ માંહી રંગ કલોલ; સં૦ દાદો પાસ જિણંદ, પૂજતાં પરમાનંદ. સં૦ ૧૭
લહુજી વાઘજી બેહુ ભાઈ, ખાંડ બિ સેર જેણિ લાહી; સં૦ મુકામ તિહાં દિન એક, દિન બીજિ ચાલ્યા વિવેક. સં૦ ૧૮ 20
વેલોઉલ દેવ જુહારી, ચોરવાડિ હરખ અપારી; સં૦ માંગરોલિ મંગલમાલા, જિહાં દેહરાં ચ્યાર વિશાલ. સં૦ ૧૯
જિન પૂજી ગુણ ગાવઈ, આણંદિ ડેરઈ આવઈ; સં૦ દિન ઊગંતિ ચાલઈ, ગિરનારિ આવી માલ્હઈ. સં૦ ૨૦
ગઢ ગિરનારિ નિહાલી, તીરથ માંહઈ હદવાલી; સં૦ એમ બોલઈ મુનિ સુર, લીલાધર ચઢતઈ નૂર. સં૦ ૨૧

દુહા

જસુ પારિખ નંદન તણો, ઊજલ જગિ અવદાત; વાણી મુખિ અમૃત વદઈ, ધન ખરચઈ દિન રાત. ૧
જસુ પારિખ નંદન તણો, ઊજલ જગિ અવદાત; રેવતિકાચલ ફરસીયો, કીધું નિરમલ ગાત. ૨
જસુ પારિખ નંદન તણો, ઊજલ જગિ અવદાત; સંઘ તિલક સોહામણું, ધન ધન જસુ જસ તાત. ૩
શ્રી ગિરિનારિ બનાવીયો, શ્રી શ્રીનેમ કુમાર; સીતલ છાયા અતિ ભલી, વૃક્ષ તણો નહીં પાર. ૪

ઢાલ - ૧૬

ફાગુની દેશી. 30

સીતલ સુરભી મંદ તે, વાયુ દક્ષિણ વાય; નાના વૃક્ષ સુરંગા, સયલ ફલી વનરાય;
કદલી વૃક્ષ સોહામણો, સોહામણા સહકાર; નાગ પુન્નાગ નઈ કેવડી, કણયર કરણી અનાર. ૧

ફણસ સોપારી પાડલ, સાડલ તાડ તમાલ; કરમદી કેતકી આંબિલી, પીપલ ઝાક ઝમાલ;
હરડિ બિહડાં આમલા, બોરડી ગહીર ગંભીર; સીમલ સાગ નઈ સરગુઓ, અરડૂ સોવાનીર. ૨

અગર તગર ધવ ચંદન, મદન પીલુ અંકોલ; નિંબ કદંબ જંબીરી, અર્જુન ખદિર કંટોલ;
વકુલ અક્ષ પલક્ષ, લવિંગ સાલૂર મંદાર; અખરોટ વટ જૂહી ચંપક, દ્રાખઅનઈ દેવદાર. ૩

નારિંગ કુરૂ બક જંબૂ, નાગરવેલિ આઉલિ; સપ્તપર્ણ મુચકુંદ નઈ, માલતી કુંદ બાઓલિ;
પ્રિયંગૂ પારિજાતક, માગધી પૂગ કૃત માલ; વિઓલીસિરી વંશટી, બરુ મહુડો નિ કૃતમાલ. ૪ 40

પારિધિ કુંઘટ કલકટ, મરૂઓ જાઈ બકાણિ; કુઠ કુંજ અશોક કરીર, સેવંતરી રાણી;
સંદેહરૂ વર ચારૂલી, અરણી સરલ કલહાર; ખેજીડ પીપરિ અગથીઉ, ભદ્ર પર્ણી બિંદાર. ૫

કરંજ ઉડુંબર ઘાઉડી, ગુંજાભી લાતક જોર; કુંસુંભ તેનસ ધન ગુગલી, મેચક વિલ્વંઈ ગોર;
નાલ કેર વાસંતી, શંકુ કર્ણી સુજાતિ; વૃક્ષ તણી વિસ્તારીં, કહીએ નાના ભાતિ. ૬

મધુરિ ધ્વનિ બોલિ કોકિલા, બૈઠી આંબા ડાલિ; મયુર કરઈ કિંગારવ, બિઠા સરોવર પાલિ;
પિક બોલઈ તિહાં પડવડો, ભમર કરઈ ગુંજાર; સૌભાગ્યસાગર કહી વણસઈ, ફૂલી ભાર અઢાર. ૭

દુહા

મહિમા શ્રી ગિરનારનો, સુણતાં અધિક સુહાય; તિણિ કારણિ ગિરિ ફરસીઈ, હોવઈ નિરમલ કાય. ૧
મહિમા શ્રી ગિરિનારનો, સુણતાં અધિક સુહાય; ત્રિણિ કલ્યાણક તિણિ કરી, તિણુગ તીરથ કહાય. ૨
મહિમા શ્રી ગિરિનારનો, સુણતાં અધિક સુહાય; પૂરવ ભવનાં સંચિયાં, પાતક દૂરી પલાય. ૩
મહિમા શ્રી ગિરિનારનો, સુણતાં અધિક સુહાય; ઉત્તમ તીરથ જાણઈ, ચઢઈ સંઘપતિ રાય. ૪

ઢાળ – ૧૭

આખ્યાનની દેશી.

પાજઈ ચઢતાં પ્રથમ દેરડી, પાંચ પાંડવની પાંચજી; ચઢતાં ચઢતાં પાપ પ્રણાસઈ, તેહમાં નહીં ખલ ખાંચજી;
હલૂઈ હલૂઈ ચઢો રે પ્રાંણી, સુદ્ધ ભાવ મન આણીજી; ફરસના કરતાં ગિરિવર કેરી, પામઈ વંછિત પ્રાણીજી;
નમો રે નમો શ્રી નેમ જિણેસર, ચરણ કમલ સુખદાઈજી. ૧

ટુંક પરબ આવી થાક નિવારો, પીઓ પાણી છાણી જી; તિહાં થકી આગલિ ચાલતાં, પાવડીયાં સુખ ઠાણી જી;
સુયાવડી પરબિ વીસામો, કર્યો પોલિ પ્રવેશ જી; જિમીણ પાસિ સીંદૂરિ પૂજ્યા, બિઠા શ્રી ગણેશ જી નમો૦ ૨

ગૌરી નંદન ગણપતિ રાજઈ, વારઈ વિઘન અનંતજી; સુભકારણિ બિઠા શ્રી ગણપતિ, જન સયલ પ્રણમંત જી;
વામિ પાસિ પવનં જય કેરો, અંગજ શ્રી હનુમાન જી; બાલપણિ શિલા ચકચૂરિ, શિલાચૂર અભિધાન જી; નમો૦ ૩

જાતાં જિમણિ પાસિ વંદો, રહનેમ નેમ ભાઈ જી; વિધિપક્ષ વસઈ જિનવર પ્રતિમા, પૂજ્યઈ સફલી આસજી;
ખરતરખ વસઈ જિનવર પ્રતિમા, પૂજ્યઈ સફલી આસજી; અદબૂદની મૂરતિ અતિ મોટી, પૂજો કેસર વાસજી. નમો૦ ૪

ગણધર સર્વ પગલાં આગલિ, સાહમો નેમ પ્રસાદજી; બાવન દેરડી ભુંયરૂં સાહઈ, નિરખંતા ઉલ્હાદજી;
નેમીનાથનિ મૂલ ગભારઈ, સ્તવીઈ ભાવ મનિ આણીજી; કુંકમ ચંદન આંગી બનાવી, સફલ કરો ભવ પ્રાણીજી; નમો૦ ૫

તિહાંથકી સિદ્ધિ દ્વારિકા આગીલ, ગજપદકુંડ મનિ ભાયથી; સહસાવની વલી દેવ જુહારી, મન કામના સિદ્ધિ થાયજી;
એમ ફરસના તીરથ કેરી, કીધી મનનિ ભાવઈજી; નરક તિર્યંચની ગતીનવારી, વંછિત સુખતે પાવઈ જી. નમો૦ ૬

સાત ટુંક તે સાંભલ્યાં કાંનિ, છ લગિ કોઈ કોઈ જાવઈજી; એકાવતારી જે કોઈ હોઈ, સાત ટુંક તે પાવઈ જી;
પ્રભાતી વૂલિ જુનાગઢ કેરી, પૂજ્યાસઘલા દેવજી; ચૈત્ય પીરવાડિ કરી આણંદસ્યું, થાનિક આવઈ હેવજી. નમો૦ ૭

સંઘપતિ સંઘ નુંહુતર્યો સારો, જમવા કેરે કામિઈજી; જલેબી વલી ઘેવર સરસાં, શાલિ દાલિ ઘી નામિ જી;
નામ દીપાવ્યું અંચલગચ્છમઈ, જિહાં લગી ચંદ નઈ ભાણજી; સિખર સાહિ પીણ સંઘ જમાડયો, મુનિ સૂરજી કહિ સુજાણ જી.નમો૦

દુહા

દવે કહિઈ મન ઉલ્લસી, બનાવી એક વાત; તીર્થંકર ભાવી અછઈ, કૃષ્ણ ધવલ અવદાત. ૧
નગર તેહનું દ્વારિકા, તે છઈ ઈહાં નજીક; મુરતિ ઠાકુરજી તણી, તે ભેંટું નિરભીક. ૨
સુખદાયક તેહ જ અછઈ, દુખહર્તા પણિ તેહ; પરમેસર માનું અમે, જગ જીવાડણ એહ. ૩
બોલઈ સંઘપતિ હરખસ્યું, જોઈઈ ખરચઈ જેહ; પાયક – રથ અ હય અ પાલખી, લેઈ સિધાવઉ તેહ.૪
નવનગરઈ મેલો હુસઈ સરસઈ તુમ અમ કજ; આજ્ઞા લેઈ સિધાવિયા, માર્ગ સામગરી સજજ.૫

ઢાલ – ૧૮ એક ઘરિ ઘોડા હાથીયાજી – એ દેશી.

રાગ સિંધૂડો.

મીર્યા સાલે દેશધણીજી, સંઘવી મલવા જાય રે; હીર ચીર પટ કૂલનું જી, ભેટણું આગલિ ધરાય રે.
સંઘવી દીધાંનાં ફલ એહ, મ કરસ્યો કોઈ સંદેહ રે. ૧

માંન બહુત દીધું જી, માગ્યું તેહ પણિ દીધ; ફરમાંન વાંચ્યું મોઈસ્યું જી, વંછિત કામ જ કીધ રે. સં૦ ૨

સીખ માંગી નઈ ચાલીયાજી, મજલિ મજલિ વિરામ; ઠામિ ઠામિ દેવ ભેટીયા જી, સાંભલું રણમલ જામ રે. સં૦ ૩

કામદાર તેડાવીયા જી, તેડાવ્યા વલી સાહ; હય ગય રથ નઈ પાલખી જી, પાયક દઈ અથાહ રે. સં૦ ૪

સાહમઈઉ સહિ ગુરૂ તણું જી, સંઘપતિ તણું રે સાથ; વાજાં વાજઈ અતિ ઘણાં જી, હરખઈ દેહનો નાથ રે. સં૦ ૫

રાજસી સાહ નું દેહરૂં રે, મુહવડિ ચૌમુખ સાર; ચોરી બાંધી ચીતરીજી, ગજવર દોઈ સફાર રે. સં૦ ૬

એક હાથીઈ રાજસી જી, પાસિં રામો સાહ; બીજઈ ગયવરિં નયણસી જી, પાસિં સોમો સાહ રે. સં૦ ૭ 10

સંભવનાથ નું દેહરૂં રે તોરણિ કોરણિ ખાસ; સાહમું દીસઈ દહેરૂંજી, સહસફણો તિહાં પાસ રે. સં૦ ૮

શિખરબદ્ધ સોહામણો જી, શાંતિ જિનનો વિહાર; બાવન દેરડી દીપતો જી, ચૌમુખ ચ્યાર મનુહાર રે. સં૦ ૯

વર્ધ્ધમાન સાહિં કરાવીઉ જી, શાંતિનાથ પ્રાસાદ; બહોતરી દેરડી સોભતી રે, ચૌમુખ દોઈ પ્રાસાદ. સં૦ ૧૦

એણિપરિ સાતઈ દેહરાં જી, ભેટ્યા મનનિં રંગિ; ઉપાસરઈ તિહાં આવીયા જી, કરી પ્રભાવના ઉચ્છરંગી રે. સં૦ ૧૧
કરમસી સાહઈ નહોતર્યા જી, સંઘનઈ જમવા કાજિ; જલેબી સખરી કરી જી, જમાડ્યો આદર ઝાઝિ રે. સં૦ ૧૨

સાહમિની ભગતિ કરી જી, શ્રી વંત ધારઈ સારઈ સાહ; રણમલ્લ ધીર થઈ કરી જી, લીધો લચ્છી સાહ રે. સં૦ ૧૩

હસદેસી સાહમી સહુજી, સાચવઈ મૂલો સાહ; હાવ ભાવ કરઈ ઘણાં જી, સાધના અધિક ઉચ્છાહ રે. સં૦ ૧૪

પટણી સાથિં જમાડીઓ જી, સંઘવલી રૂડઈ સાજિલાહણી ખાંડ; લાહણી ખાંડ એક સેરની જી, આણંદ મંત્રી રાજિ રે. સં૦ ૧૫

લાહણી વલી કરી ખરી રે, જામસાઈનું રે આધ; સાહ કલ્યાણ લાહો લીયો જી, યશ ઝાઝો જિણિ લાધ. સં૦ ૧૬

જરકસી વાગા લેઈ કરી જી, મલવા સંઘપતિ જાય; જામઈ માંન દીધું ઘણું જી, સહુનઈ મનિ સુહાય રે. સં૦ ૧૭ 20

કછી હયવર દીધ ભલો જી, ચઢવા સંઘપતિ કાજ; સમલ સુદ્ધ વલી ફૂટરો રે, આવઈ વાધી લાજ રે. સં૦ ૧૮

એણિ અવસરિ આવીયા જી, માંગજી મન મથ રૂપ; યાત્ર કરી જગત તણી જી, ગોમતી સંગ અનૂપ રે. સં૦ ૧૯

તિહાં દિન ચઉઈ થોભી કરી જી, સાંચર્યો સંઘપતિ હેવ; ગામિ ગામિ થોભી કરી જી, પૂજી જિનવર દેવ રે. સં૦ ૨૦

વોલાવો જામજી કરઈ જી, પ્રસન્ન શ્રી ગોડી પાસ; વિઘન સવિ વિલય ગયાં જી, ભેટયા શ્રી સંખીસર પાસ રે; સં૦ ૨૧

પ્રતાપસીઈ સંઘ નુહુતર્યો જી, શ્રી સંખીસર ગામ; મુનિવર સૂરજી એમ ભણઈ જી, સંઘવી દીપાવ્યું નામ રે. સં૦ ૨૨

દુહા

વરસ સત્તર દાહોત્તરઈ, ફાગણ સુદિ ગુરૂવાર; નવમી તિથિ મઈ ભેટીયા, નાભિનંદન ઉદાર. ૧
પખ્ય દિવસ વેલા ઘટી, પાણીવલ સુપ્રમાણ; સમય તેજ સખરો ખરો, ભેટયા ત્રિભુવનવ ભાણ. ૨
સત્તરભેદ પૂજા રચી, રચિ આંગી મનિ ખંતિ; ચઉવિહ સંઘ મિલી તિહાં, સ્તવઈ શ્રી ભગવંત. ૩
વિમલાચલ તીરથ વહું, મહીમા જાસ અપાર; સમોસરણ દેવઈ રચ્યું, પૂરવ નવ્વાણું વાર. ૪ 30
સંઘવી ચતુર સુજાણ, જો હુઈ તુ જાણ જે; પ્રયાસ કરે પ્રમાણ, જસુ સુત ન વલ્લહા. ૫

ઢાલ – ૧૯

રાગ ધન્યાસી

આયો આયો રે લીલાધર સંઘવી આયો; મન ચીંતવ્યા મનોરથ સિદ્ધા, ગજગામિનિ મિલિ ગાયો રે;
લીલાધર સંઘવી આયો રે. આંકણી. ૧
માંડલિ ગાંમ તણાઈ રે ગુંદરિ, ડેરો દીધ સવાયો રે; દહીંના ગોરસ ભેટી કરી નિ, સાહમી મલી સુખ પાયો રે. લી૦ ૨
વીરમગામ તણા વ્યવહારી, વિનય વિવેક વિચારી; લીલાધર સંઘવી મુખ દેખી, ભગતિ કરઈ અતિ સારી રે. લી૦ ૩
મેહ ઘટા જિમ ગોહિરી ગાજઈ, ઢોલ દમાંમાં વાજઈ; ખોરજગામિં મુકામ કરી નઈ, સાણંદઈ સંઘ રાજઈ રે. લી૦ ૪
સરખેજઈ સહુ કુશલે ખેમઈ, રાજનગરિ પધારઈ; વડા વડા વયવહારી સાહમા, આવી લાજ વિસ્તારઈ રે. લી૦ ૫
પંચ શબદ વાજઈ મુખ આગલિ, ભેર ભુંગલ શરણાઈ; નર પોલીઈ આવંતા દેખી, હરખઈ લોગ લોગાઈ રે. લી૦ ૬
10 રાતા પીલા નીલા મસરૂક, ભાઈ છોગા બંધાવઈ; મુઠિ ભરીનઈ દાનં દેયંતાં, ગુણીજન વંછિત પાવઈ રે. લી૦ ૭
એ હવેં મોટિ મંડાણઈ આવઈ, માણિક ચોક મઝારી; ધન ધન સંઘવી કરણી સારી, લોક કરઈ બલિહારી રે. લી૦ ૮
નિજ ઘરિ આવી સંઘાસણિ બિઠા, દિન દિન ચઢતી જગીસ; લીલાધર શત શાખા પ્રસરો, એમ બોલઈ સૂર મુનીશ રે. લી૦ ૯

–ઈતિ શ્રી લીલાધર સંઘવી રાસ સંપૂર્ણ : શ્રાવિકા ધનબાઈ પઠનાર્થં ॥ છ ॥ શ્લોક ૫૦૦ છે ॥ પ્રત – ભૂજનો અંચલગચ્છીય ગ્રંથ ભંડાર

(૧૨૮) શાહ રાજસિંહ નાગડા રાસડ

કર્તા : મેઘમુનિ રચના સં૦ ૧૬૯૦ ના પોષ વદિ ૮ ને રવિવારે

॥ઉઁ નમઃ ॥ દૂહા–૧

આદિ જિનવર આદિઈ કરી, તીર્થંકર ચઉવીસ; વર્દ્ધમાન શાસન ધણી, હૂં પ્રણમું નિસદિસ. ૧
મહીઅલિ મહિમા મેરુ સમ, ગઉડી મંડણ પાસ; નાંમિઈ નવ નિધિ સંપજિઈ, પૂરિઈ વંછિત આસ. ૨
20 વીર પાટિ મહિમા નિલઉં, ગોયમ લબધિ ભંડાર; ચૌદઈ સિઈ બાવન વલી, સમરી શ્રી અણગાર. ૩
સરસ વચન દિયઉ સરસ્વતિ, માંગુ એક પસાય; રસના રસ સોભા લહું, તે તુમથી મુઝ માય. ૪
શ્રી ગુરૂ ચરણ પ્રસાદથી, લહીયઈ અકૂ ખર સુદ્ધિ; સોઈ ગુરૂ વંદી વીનવું, દેજ્યો નિરમલ બુદ્ધિ. ૫
ઉસવંસિ સાહા રાયસી, કીધાં પુન્ય અપાર; સાત ખેતી વિત વાવરિઉં, સત્યાસીયઈ શત્રુકાર. ૬
સંઘપતિ તિલક ધરાવીયઉં, ની પાયા પુહુવિ પ્રસાદ; વિમલાચલ સમ ઓપમા, ભણિઈ કવીઅણ જિઈવાદ. ૭
કુણ કુલ કુણ ધર નગર તે, કુણ તે રાજસી સાહ; તસુ વરનિ કરિવા ભણી, મુઝ મનિ અધિક ઉછાહ. ૮

ઢાલ – ૧ ॥ બેઈ કર જોડી ॥ રાગ દેસાખ ॥

જંબૂ રે દ્વીપ અનોપમ સાર, ભરતખેત્ર તે અતિહિંઈ ઉદાર;
આરિય દેશ સાઢા પંચવીસ, જિન આજ્ઞા પાલઈ નિશદિશ. ૯

દેશ હાલાર વસિઈ સુજાંણ, દેશ ભલઉ નહીં કોઈ અજાંણ;
30 દેશ બડાઈ પુરૂ વેસ, નરનારી મનિ નવિ કાંઈ સેસ. ૧૦

દેશ ભલઉ જિહાં હયવર સાંણિ, અશ્વરતન્ન નિરૂપમ જાંણિ;
દેશ ભઈઉ જિહાં કૃષ્ણ નિવાસ, નયરિ દ્વારામતિ તીરથ વાસ. ૧૧

નવું રે નગર નગીનઉ એક, વરણ અઢાર વસઈ સુવિવેક;
ન્યાતિ ચઉરાસી સહુઈ સુખી, નાન્હું મોટઉં નવિ કોઈ દુખી. ૧૨

ન્યાઈ રાજા સતઉ જાંમ, તેહ તણઉ ચહુ ખંડે નાંમ;
પૂરવ ઉત્તર દક્ષિણ દેશ, સત્તા હી માનિઈ નરેશ. ૧૩

રાજા રાજ કરઈ શત્રુસલ્લ, અરિઅણદઈ ભાંજેવા મલ્લ.;
રૂપ સોભા'ઈ અભિનવ કાંમ, ધર્મ ધુરંધર એ શ્રી રામ. ૧૪

પટરાણી ... તાસ, ઈંદ્રાણી સમ ઉપમ જાસ;
કૂખિ ઉપન્નઉ તસ સુરરાજ, અતુલી બલ સુત શ્રી જસરાજ. ૧૫

કેહર વજ્જર તણઉ ભડુ વાય, સીમાડા તે સવિ કંપાય;
સેઠ બડા અબજી આણંદ, ઋદ્ધિ સમૃદ્ધિ બેહૂ ધનંદ. ૧૬

હયવર ગયવર કર હાલાર, પોતઉં નગર અપારા વાર;
સાગર સુરુ તિહાં સાંનધિ કરઈ, વાંહણ આંવિ તડિ અનુસરઈ. ૧૭

સોના રૂપાં માણિક વસ્ત્ર, હીરા મોતી આવી તત્ર;
શ્રીફલ ફોફલ નાગરવેલી, ખજૂર ખનરિક ટોપરાં રેલિ. ૧૮

દ્રાખ ચારૂલી એખોડ બદાંમ, મજીઠ બરી આંબા ઘ્યાંતાંમ;
જલવટ થલવટ તાજે મેવાસ વ્યાપાર મનિ ઊજમ લેવા. ૧૯

પોડા મંદિર મુહુલ આવાસ, વસઈ વિવહારી લીલ વિલાસ;
માલીએ બૈઈઠી જોવઈ ગોરી, લીયઈ પુરસ તણાં મન ચોરી. ૨૦

ચઉરાસી ચઉહેટ મંડાંણ, રજપુત સુરા રાણો રાણ;
જાંમતણી એ ચારૂ રીતિ, બકરી સિંહ સહઈ એક ચીતિ. ૨૧

ચુપઈ

સરવ સુખી પણિ નવિ કોઈ રંક, સોભે નગરી જાણે લંક;
પ્રજા દડહની છિ પ્રાસાદ, ઉન્માત નહીં હસ્તી ઉન્માદ. ૨૨

બન્ધન પઈમઈ વેણી ફૂલ, ચંચલ સ્ત્રી નિંઈ તુરી અમુલ;
બંદી ખાંનિ સ્ત્રી કુચ સહી, હારિ શબ્દ તે પાસે લહી. ૨૩

દીપક દીસઈ લોભી ઘણું, સાલ વચન પલ્યિંકે ભણું;
તસ નેહી તે કહિયઈ નીર, મીન તણી નવિ જાણઈ વીર. ૨૪

ચોર નહી પણિ મનના ચોર, ઉચ્છવ નૃત્ય સંગીત શોર;
વંક નહીં પણિ વાંસઈ વંક, શંક નહીં પણિ લાજઈ શંક. ૨૫

દીવ ચેઉલ ખંભાઈત બખા, એક બિંદર કહીંયર નવલખા;
ઈણિ બિંદરમાં સુંદર ઈસિયઉ,ચઉકી મધ્યમણિ નાયક જિસિયઉ. ૨૬

કેતી સોભા કહીયઈ છતી, ઈન્દ્રપુરી કંઈ અમરાવતિ;
તિણિ નયરઈ વિવહારી ઘણાં, બઈઠા કૂંયર વ્યાપારી તણા. ૨૭

કે ફાંદલા કે ફૂટરા, કે મૂંછાલા ઊંબારા;
કે ધરમી કે કરમી બહૂ, પર ઉપગારી નયરઈ સહૂ. ૨૮

ન્યાતી ચઉરાસી વણિકહ તણી, ઉસ વિંસ સવિંહું દિનમણી;
તિણિ ન્યાતિઈ રાજસી સિણગાર,જસ કીરતિ ચુહું ખંડ વિસ્તાર. ૨૯

ધારાગિરિ વાડી ઉદ્ધાંમ, અનેક વાડી અતિ અભિરાંમ;
સત્તાસર જીવણ તડાગ, માનસરોવર નવિ બીજઉ લાગ. ૩૦

રાજસી ચરિત્ર કથા કલ્લોલ, સુણ્યો ભવીયણ કરી અનિરોલ;
એક ચિત્તઈ થઈ સુણસઈ જેહ, પુણ્ય ભંડાર ભરેસઈ તેહ. ૩૧

દુહા

ગચ્છ ચઉરાસી ગુણ ભર્યા, એક એકથી અતિ ચંગ; અંચલગચ્છિ મહિમા નિલઉ, ઉજ્જલ નિર્મલ ગંગ. ૩૨
મહાવીર શાસન ધણી, પાટિ પટોધર એહ; ધર્મમૂરતિ સૂરીસ વર, જિણિ જસ રાખી રેહ. ૩૩
બહૂ શ્રાવક છઈ તેહનઈ, કહું કેતાં તસ નામ; ધર્મ ધરુંધર અતિ ચતુર, રાજસી રૂડાં કામ. ૩૪
માત વાત ગુરૂ ગોત્રજા, કુલ કુટુંબ પરિવાર; વડ કરણી કેહાં કર્યા, હવઈ સુણજ્યો વિસ્તાર. ૩૫

ચુપઈ

પ્રથમ પારકરિ પ્રગટ વાસ, પારકરા તે કહીયઈ તાસ;
નાગડા ગોત્રઈ દેશ વિખ્યાત, જિનવર નામ જપઈ સુપ્રભાત. ૩૬

સહૂ મહાજન માહઈ શ્રીવંત, સાહા ભોજઉ મોટઉ પુણ્યવંત;
લખિમી વિલસઈ લીલ ભૂઆલ, સહિનસિ તેહનઉ જીવ ભયાલ. ૩૭

ચારૂ બિંદર જાંણી સાર, નવિ નગરી માંડયઉ વ્યાપાર;
જાંમશ્રીયંઈ તવ તેડી કરી, આદર માન ઘણું મનિ ધરિ. ૩૮

સાહા ભોજાનઈ ઊચરઈ જાંમ, તુમ તણાં દેસા ઉરિ નાંમ;
તુઝ દીઠઈ મુઝ આરતી ટલી, માહરા મનની આસ્યા ફલી. ૩૯

દેઈ આદર નઈ અતિ ઘણ માંન, દીધા રહઈવા ઉત્તમ ઠાંમ;
સજ્જન સેવ મેલી ઊછાહ, વાસઈ આવ્યા ભોજઉ સાહ. ૪૦

સંવત્ પન્નર છંત્રૂઈ જાંણિ, સુભ મહૂરતિ સુભ લગનિ વખાણિ;
દૂખિયઉ વાસ મન નઈ ઉલ્હાસિ, રહિવા મંદિર આપ્યાં પાસિ. ૪૧

ભોજ નાંમ સાચૂં તેહનઈ, દાતા લક્ષણ અંગઈ જેહ નઈ;
પુરા પુણ્ય તણઉ તે ધણી, કીરતિ વાધી દીનઈ ઘણી. ૪૨

તસ ઘરણી ભોજલદે નાંમ, ચઉસાઠિ કલા ગુણ સીલ સુધાંમ;
તેહ કૂખઈ થયાં પંચ રતન, પુત્ર તણાં ફલ કીજિ જતન. ૪૩

વહુ ખેતસી બીજઉ જિતઈતસી, તેજસી જગસી લુટઉ રતનસી;
એક એક પાંહઈ લક્ષણ સાર, એક એક પાંહઈ દાંનિ ઊદાર. ૪૪

સંવત સોલ એકત્રીસઈ દુકાલ, સાહા જઈતસીયઈ કીધઉ સુગાલ;
અન્નદાન માંડિયઉ શત્રુકાર, રાંક સધાર્યા અપારા વાર. ૪૫

એકત્રિસ બત્રીસઉ કાલ, સાત દુકાલી માહા જમ–જાલ;
અંન્ન વિના સહૂયઈ ટલવલઈ, અન્ન વિના રાજા વલવલઈ. ૪૬

અંન્ન અછઈ પ્રથવીનૂં મૂલ, અંન્ન વિના તે ધનનૂં ધૂલિ;
અંન્ન વિના જીવ છંડઈ ઠાહ, અંન્ન જમ્યાં જીવનઈ ઊભાહ. ૪૭

જીવન મલઈ અંન્ન એહવું યદા, જઈતસીયઈ અંન્ન દીધઉ તદા;
ધન ધન જિતસી કવિઅણ કહઈ,બિરુદ ભલા તે તતખિણિ લહઈ. ૪૮

ભોજ તણાં પંચ પુત્ર સજોડ, પાંચે પાંડવ નવિ એકૂ સોડી;
તેહમાં તેજસી તિલક સમાન, તેજ પ્રતાપઈ અભિનવ ભાંન. ૪૯

રૂપ અનોપમ રતિપતિ કાંમ, પુહુવિ પ્રમાણઈ તેહનૂં નાંમ;
ત્યાગ તેજઈ તેજસી નિકલંક, પાપ કરતાં આણઈ સંક. ૫૦

કલા બહુતરિ ચતુર સુજાંણ, ચૌદઈ વિદ્યા કેરૂઉ જાંણ;
બોલઈ તેજસી અમૃત વાણિ, પુણ્ય કરતાં ન કરઈ કાણિ. ૫૧

પાલઈ શ્રાવક શુદ્ધ આચાર, સાંભલઈ સૂત્ર સિદ્ધાંત વિચાર;
જિન આજ્ઞા માનઈ નિસિદીસ, કહઈસુંકવલી ન કરઈ રીસ. ૫૨

દુહા

તસ ઘરિ તેજલદે પ્રથમ, ગુણભણિ રૂપ અનૂપ; તા કૂંખઈ સુત ઊપનઉ, ચાંપસી રૂપ સરૂપ. ૫૩
ચાંપસી ઘરિ ચાંપલદે સુણી, તેહ સૂં કીધ વિવાહ; સંસારિક સુખ ભોગવઈ, સીલ સિરોમણિ સાહ. ૫૪
સુત ત્રિણિ ચાંપલદે ઊઅરિ, ઉત્તમ તેહનાં કાંમ; નેતા ધારા મુલજી, અનુક્રમ એ અભિધાન. ૫૫
ચઉસઠિ કલા સુણ સુંદરી, લાવણ્ય રૂપ સંસારિ; તેજસી ઘર ઘરણી હૂઈ, વઈજલદે બીજી નારિ. ૫૬

ઢાલ – ૨ ॥ રાગ કેદારૂ ॥ 10

રૂપ કલાગુણ રૂઅડી રે લાલ, રૂઅડુઉ કુલ આચારે, વીજલદે,
નમણી ખમણી ભાંમણી રે લાલ, જાણઈ સકલ વિચાર રે. વીજલદે. ૫૭

ચંપક વરણી દેહડી રે લાલ, ચાલતી ગજગતિ ગેલી રે, વીજલદે;
વયણ સુકોમલ બોલતીરે લાલ, જાંણે અમૃત રસ રેલિ રે, વીજલદે. ૫૮

કિન્નરી વિદ્યાધરી રે લાલ, ભારતી સીઅલ સુહાવ રે, વીજલદે;
દાંન સીઅલ તપ ભાવના રે લાલ, દેવ ગુરૂ સું સુદ્ધ ભાવ રે, વીજલદે. ૫૯

પ્રીઉ ભગતી પ્રેમાતુરી રે લાલ, પ્રીતમ સું ચિત નેહ રે, વીજલદે;
પતિવ્રતા ધર્મ આદરઈ રે લાલ, તન લક્ષણ સુસનેહ રે, વીજલદે. ૬૦

કેતા દિવસ નઈ અંતરિહ રે લાલ, સમરઈ અરિહંત ધ્યાનર, વીજલદે;
સાસન દેવી સાંનધિ રે લાલ, વીજલદે ઊઅરિ આંધાન રે, વીજલદે. ૬૧ 20

માન સરોવર હંસલઉ રે લાલ, ગર્ભ વધઈ જિમ વેલિરે, વીજલદે;
સુભ દોહલા મનિ ઉપજઈ રે લાલ, પુણ્ય કરઈ તત્ય ખેવ રે, વીજલદે. ૬૨

નવ મહીને સાતે દિને રે લાલ, વંસ વધારણ સોભે રે, વીજલદે;
શુભવેલા શુ તે ઘડી રે લાલ, જનમિઉ પુત્રકુલ થોભારે, વીજલદે. ૬૩

દુહા

સંવત સોલ ચઉવીસમઈ, માગસર વદિ શુભ વાર; તિથિ એકાદશી શ્રૂત જનમિયઉ, તેજસી ઘરિ જયકાર. ૬૪
જોસી લગન જોઈ કરી, ગ્રહ વરતી તત કાલ; શ્રી મુખિ જ્યોતિષિ ઉચરઈ, હોસ્યઈ જગ પ્રતિપાલ. ૬૫

ઢાલ ઊલાલઉ – ઉલ્લાલો

જનમિયઉ પુત્ર રતન, કીધાં તેહ જતન; રાજસી નાંમ એ દિધું, ફૅઈબા રૂપ કીધું. ૬૬

દિન દિન વાધઈ એ કરમી, સકલ કલા જિન ધરમી; પોંસાલિ ભણવા પધારઈ, પંડિતના માન વધારઈ. 30
માઈ અંક ચાણસ્ય, જેહના ઉત્તમ વાક્ય; નામ–લેખી વ્યાપાર, સીખ્યા ધર્મ વિચાર;
કલા બહુતરી વાસઈ, લક્ષણ છત્રીસ ભાસઈ. ૬૭

સાયર જેમ ગંભીર, મેરૂ તણી પરિ ધીર; વચન વિવેકઈ એ કીર, વાણિ સુધારસ ખીર. ૬૮

પર દુઃખ કાતર વીર, હીઅડૂ ફૂલૂં એ હીર; દાની દીન દયાલ, જીવદયા પ્રતીપાલ. ૬૯

ચઢતી કલા જિમ ચંદ, મુખ વિકસિત અરવિંદ; નંદન નિરૂપમ દેહ, સાવુ સુરતરૂ તેહ. ૭૦

તેજસી ઉલટ અંગઈ, માંડિયાઉ મહોત્સવ રંગઈ; કીજઈ વીવાહ જંગ, રાજસી ઘરણિ એ ચંગ. ૭૧

લચ્છી બહૂ અવતાર, સજલદે અતિ સુવિચાર; રૂપિઈ સુંદર ગાત્ર, દાનઈ પોષઈ પાત્ર. ૭૨

જિન આજ્ઞા પ્રતિપાલઈ, પાતક સઘલા એ ટાલઈ; પ્રીઅ મનિ પ્રેમ વધારઈ, દેવ ગુરૂ નાંમ સંભારઈ. ૭૩

સજલદે ઉઅરિ આધાંન, જનમિયઉ બુદ્ધિ નિધાંન; રામઉ નાંમઈ શ્રીકાર, રાજસી ઘરિ અવતાર.૭૪

રામઈ પરણી પર હી આં, પુત્રી કાનબાઈ લહીઆં; સરિઆઈ બીજી એ નારિ, તેહનું માંનસંગ પૂત્ર ઊદાર. ૭૫

તેજસી ઘરિ ત્રીજઉ એ પુત્ર, રાખઈ ઘરના એ સુત્ર; નાંમઈ નયણસી સાહ, કીજઈ તેહ વિવાહ.૭૬

રાજસી ઘરિ સરૂપદેવી, બીજી નવી કોઈએ હવી; ત્રિણી પુત્રી તેહનઈ કરમી, લાંછા પાંચી નઈ ધરમી.૭૭

મંદિર મહિલા એ દોઈ, પહિલીં મન રંગદે હોઈ; મોહણદે બીજી સુણીયઈ, ચંદનબાલા એ ગુણીયઈ.
એક એક પુત્ર તે પામી, જપતાં જિનવર સ્વામી; તેજસીયઈ પુણ્ય કીધા, પાલી આયુ તે સીધા. ૭૮

10 ત્રીજી રાંણ એ બાઈ, ઈન્દ્ર સવી સમ તાઈ; દોગુંદક સુખ ભોગ, ભોગવઈ રાજ સંયોગ. ૭૯

દુહા

વયણ સુધારસ બોલઈ, નવિ કોઈ રાણબાઈ તોલઈ; પ્રીઅ ભગતિ દાનિ ઉદાર, જાપિ વિવેક વિચાર. ૮૦
નયણ નિરૂપમ નયણસી, બે સુત તેહના જોડ; સોમા કમસી દાંનઈ બડા, બસઈ સોવિન કોડી. ૮૧
રિધિ સિધિ નવ નિધિસું, નૌતન નગર મઝારિ; માહાજન સવિહું મૂલગા, ધનંદ તણા અવતાર. ૮૨
સોલ સંવત્સર સાઠીયઈ, ધર્મમૂરતિ સૂરિંદ; નવઈ નગરી પધારીઆ, વંદઈ જાંમ નરિંદ. ૮૩
પંચ અભિગમ સાચવી, બઈઠા શ્રાવક સાર; સંઘ ચતુર્વિધ સવિ મલિ, સૂત્ર સુણિ તિણિ વાર. ૮૪
સાહા રાજસી નેણસી, સદહી વચન સિદ્ધાંત; મિથ્યાત વિષય મતિ જે હતિ, ટાલઈ મનની ભ્રાંતિ. ૮૫
દાંન સીઅલ તપ ભાવના, ધર્મના ચ્યાર પ્રકાર; ધર્મ ખરૂં જિનવર તણઉ, ભાખઈ સૂરિ વિચાર. ૮૬

ઢાલ – 3 ॥ રાગ – ગુઉડી – ગોડી ॥

20 ભગવનિ દાંન વખાણિયઉ, દાંન વડઉ સંસારો રે; દાંનિ દેવતા વસિ હુવઈ, દાંનઈ મયગલ બારો રે. ૮૭ ભગવ૦
સીલ સીરોમણિ જિન કહઈ, સીલઈ કષ્ટ વુલાયો રે; સીલઈ સુદરસન શેઠજી, સૂલી સંઘાસણ થાયો રે. ૮૮ ભગવ૦
તપ કરી કાયા સુદ્ધ હુવઈ, તપ કરીયઈ સાવધાંનો રે; તપ થકી ધન્ના ઢંઢણા, પાંમ્યા મુગતિ પ્રધાનો રે. ૮૯ ભગવ૦
ભાવન ભાવઈ હરિણ સઉ, નયણે નીર ઝરંતો રે; એ એ અધકી ભાવના, પુહુતા સ્વર્ગ તુરંતો રે. ૯૦ ભગવ૦
ચ્યાર પ્રકાર એહવા કહા, એક એકથી સારો રે; જીવદયા સુદ્ધ પાલીયઈ, જેહથી ઉત્તરીય પારો રે. ૯૧ ભગવ૦
છ ખંડ સાધી ભરતેસરૂ, મરૂદેવીના પ્રણમઈ પાયો રે; આઈ આસીસ દીસઈ આસી, પુત્ર સંઘવી તુહ્મો થાયો રે.૯૨ ભગવ૦
ભરેત પૂછઈ ભગવંતઈ, સંઘ કાઢયાં ફલ સારો રે; ભગવાન નેહ પ્રકાસીયઈ, ભરત સુણિ તિણિ વારો રે. ૯૩ ભગવ૦
સંઘ કાઢી જે માનવી, તે તિર્યંચ ન થાઈય રે; લાભ ઘણઉ ભરથેસરૂ, મુગતિઈ સહી તે જાયઈ રે. ૯૪ ભગવ૦
સંઘપતિ તિલક ધરાવીયું, ભરતેસરી તિણિ કાલો રે; ઈમ નિસુણી સાહા રાજસી, ભાવ ધરઈ મનિ તાસો રે.૯૫ભગવ૦

દુહા

30 ધરમમૂરતિ સૂરિંદ ગુરૂ, શ્રી મુખિ દિઈ ઉપદેસ;
રાજસી કહઈ સંઘ કાઢસું, ગુરૂજી નઈ આદેસ. ૯૬

ટાલ – ૪ ॥ રાગ – ધન્યાસી – ધન્યાશ્રી ॥

શેત્રુંજ સંઘ ચલાવીયઈ, ધન ધન રાજસી સાહો રે; સોલ સંવત્સર પાસઠિઈ, ધન પાંમી લીયઈ લાહો રે.૯૭ શેત્રું૦
નયણસી બાંધવ અતિ ભલઉ, દાંનિં કરણ સમાનો રે; બેઈ બંધવ મલી કરી, બેહૂ વૃદ્ધિ નિધાંનો રે; ૯૮ શેત્રું૦
નેતા ધારા મુલજી, સોમ કમસી સાથઈ રે; ધર્મ ધુરંધર રામસી, પ્રયાણ કરઈ એકાંતિક રે. ૯૯ શેત્રું૦
સંઘ નાયક વર્ધમાનજી, ભાઈ પદમસી છાજઈ રે; મેલી સબનઈ ચાલીયા, પરદેશી સાથિ વિરાજઈ રે. ૧૦૦ શેત્રું૦
હાલારી સંઘ અતિ ઘણઉ, સિંધ સોરઠ કચ્છ દેશ રે; મરૂધર માલવ આગરા, ગુજરાતી શુભ વેશ રે. ૧૦૧ શેત્રું૦
કરહા કેકાંણ હાથીઆ, રથ વારૂ સેઝવાલા રે; ધોરી વૃષભ તે જોતર્યા, કેઈ ચઢિઆ કેઈ પાલા રે. ૧૦૨ શેત્રું૦
નવા નગર થી ચાલીયઉ, શેત્રુંજાની વાટઇ રે; ગંધર્વ ગાયઈ થાનકડે, દીધ બિરદાજલિ ભાટઈ રે. ૧૦૩ શેત્રું૦
પગિ પગિ કરમ નિકંદતાં, વિમલાચલ દીઠઉ નયણે રે; સોવિન ફૂલ વધાવીયઈ, અમુલિક મોતી રયણો રે.૧૦૪શેત્રું૦
સા વેલા ધન સા ઘડી, નિરખ્યા ઋષિભ જિણંદ રે; પાપ ભવોભવ છૂટિયઈ, પ્રણમઈ સુર–નર–ઈંદ રે.૧૦૫શેત્રું૦
ચરણ કમલ જિનવર તણઈ, રાયણ તલિ રાજસી સાહ રે; સંઘપતિ તિલક ધરાવિયઉં, દીયઈ દાન ઉચ્છાહ રે. ૧૦૬શેત્રું૦
તિલિટીયઈ સંઘ જમાડીયઉ, લાહણિ લાહઈ અપારો રે; રાજસી જીવ ઉદાર સું, વરસઈ સોવિન ધારો રે. ૧૦૭શેત્રું૦
દેવ ગુરૂની સાનિધિ કરી, કુશલઈ નગરિ પધારઈ રે; સામહીયા આવઈ ઘણાં, હરિણાખી હરખિ વધાવઈ રે.૧૦૮શેત્રું૦
સદા સંવચ્છરે પારણઈ, સાહામીવત્સલ કીજઈ રે; વિવિધ પ્રકારઈ સૂખડી, ઊપર શ્રીફલ દીજઈ રે. ૧૦૯ શેત્રું૦

દુહા

લખિમિ જીવ લહી કરી, કીજઈ કોઈ સત કર્મ; લખિમિ નુ હઈ આપણી, ઈમ ભાખઈ જિન ધર્મ.૧૧૦
ચંચલ કપુરસ બોલવૂં, ચંચલ ગયવર કાંન; પુહુરવિની જિમ છાંહડી, લચ્છી ચંચલ મીન. ૧૧૧
પુણ્યઈ પદવી પાંમીયઈ, પુણ્યઈ વંછિત સિદ્ધિ; પૂણ્યઈ કરઈ જે માનવી, તે વિલસઈ નવ નિધિ.૧૧૨
વડ કરણી કરઈ રાજસી, માનિ જામ નરિંદ; નિતિ નિતિ પ્રીત ચઢતી કલા, બીજ તણઉ જિમચંદ. ૧૧૩

ટાલ – ૫ ॥ રાગ – સામેરી ॥

સંઘપતિ રાજસી જીવ કૃપાલ અવતરીયઉ કલિમા ભોજ ભૂપાલ;
દારિદ્ર ભંજન દીન દયાલ, જિનવર વાણિ તણઉ પ્રતિપાલ. ૧૧૪

મોડઉ રાજસી દાંનિ મંચ્છંદ, આસ્યા પુરણ અભિનવ નંદ;
અન્ય દિવસ મનસૂં આલ્હાદ, હિવઈ કીજઈ પૌઢ પ્રાસાદ. ૧૧૫

સંપ્રતિરાય વિમલ મંત્રીસ, વસ્તુપાલ તેજપાલ જગીસ;
નિશ્ચલ કીધાં ધર્મના ઠાંમ, પુહુવીયઈ અવિચલ રાખ્યું નાંમ. ૧૧૬

ઈણિ વિધિ શ્રીમુખિ જિણવર જંપઈ, ભુવનનીપાયા લાભ પંચમિ;
નિશ્ચલ કીજઈ જૈન વિહાર, જેથી ઊતરીયઈ ભવોદધિ પાર. ૧૧૭

રાજસી નયણસી બઈસઈ એકાંતિ, ગોઠિ કરઈ ટાલી મનિ ભ્રાંતિ;
પ્રાસાદ કીજઈ મોટઉ ઉદાર, બે બંધવે કીધઉ નિરધાર. ૧૧૮

નેતા ધારા નિ મૂલરાજ, સામા કમસી સાલઈ કાજ;
કૂટુંબ સવે પૂછયું તેણી વાર, ધર્મઈ વિલંબ ન કીજઈ લગાર. ૧૧૯

સરી જામ શત્રુ સીલવંત, નીતિ શાસ્ત્ર ભણી ગુણવંત;
પુહુવી પ્રમાણઈ કીરતિકારી, કુલ મંડણ શત્રુ અધિકારી. ૧૨૦

પ્રજાપાલ દયાલ મયાલ, સમવડિ નવિ કોઈ ભૂપાલ;
ભણઈ રાજસી સુણીયઈ વચન, જામ પસાઇ સખીયું મન. ૧૨૧

એક મુઝ વીનતડી અવિધારૂ, પૂરિ પૂરિ મનોરથ માહારૂં;
કુણ મનોરથ નઈ કુણ કામ, તેહ તણઉં તુહ્મો લીયઉ નાંમ. ૧૨૨

કરઈ સંઘવી સુણીયઈ માહારાજ, જૈન પ્રાસાદ કરેવા કાજ;
એણે વચને હરખિયઉ શ્રી જામ, એ કોઈ દીસઈ પુરુષ પ્રધાન. ૧૨૩

એનું કાંમ કહિયઉ અતિ વારૂ, ધન ખરચઉ તુહ્મે સંપત્તિ સારૂ;
10 નગર માંહઈ જે ધરતી સારી, સૌ દીયઉં તુહ્મ અતબાર વધારી. ૧૨૪

મસ્તકે વચન ચઢાવી આવઈ, રાજસી સાહ જયવાદ લહાવઈ;
ઘરિ આવીનઈ કહઈ વિસ્તાર, પ્રાસાદ કરેવા હરખ અપાર. ૧૨૫

દેઈ દ્રવ્ય નિઇ લીધી અવની, ભાવાઠિ ભાંજી તેહના ભવની;
મેઘઉ તેડાવ્યુ વાસ્તુનું જાંણ, અતિ હઈ વચક્ષણ ચતુર સુજાંણ. ૧૨૬

ભરી દોરી નઇ ધરતી વરતી, ન પડઈ વેધની એક જરતી;
સંવત સોલ અડસઠા વરસઈ, વૈસાખ સુદી ત્રીજ નઈ દિવસઈ. ૧૨૭

જોઈ લગન ઘટી તિથિ યોગ, ક્રૂર ગ્રહના ટાલી ભોગ;
ખાત્ત મહૂરત વિધિ સૂં કીધાં, પાન સોપારી વધાવે દીધાં. ૧૨૮

હલ ઉજ્જલ પાંસાણ અણાવ્યા, વારૂ કારીગરને હાથે ભરાવ્યા;
20 વેજૂ ચતુર પણિઈ તિહાં ચાલઈ, દેહરા નીપજઈ સમ કાલઈ. ૧૨૯

મૂલ નાયક શિખર ઊત્તંગ, ઊપરિ ચઉમુખ ઊજ્જલ રંગ;
પાસાંણ પુતલી જેવી રંભ, મોટા શોભઈ ભઈ થંભ. ૧૩૦

મંડપ રચના જે છઈ માંડી, ચતુરનિ જોતાં ન જાયઈ છાંડી;
ઉત્તર પશ્ચિમ દક્ષિણ દેહરાં, શિખરબદ્ધ શોભઈ અધિકેરાં. ૧૩૧

પશ્ચમહ સિમાં ચઉમુખ કીજઈ, ચઢતઈ ચઢતા ત્રણિ નરખી જઈ;
દેહરી બાવન કીધી હરખી, શિખરબદ્ધ દીસઈ ગઢ સરખી;
પાષાણ મીણ તણી પરિઘડીઆ, ચીકણી કહઈ લઈ તિહાં જડીઆ. ૧૩૨
દ્રવ્ય સંખ્યા કવિએ હવી કહી, રૂપા બરોબરિ વેજૂ સહી;
પૂરવ દ્વારઈ પ્રોઢઉ પ્રાસાદ, સમવડિ કુણ કરિ ત્રિહાં વાદ. ૧૩૩

30 ઉત્તર દક્ષાણ બાહરિ દેહરાં, દ્વારઈ કીધાં અતિહિં ભલેરાં;
સંવત સોલ ઓગણોતરા વરસઈ, વૈસાખ સુદી ત્રીજને દિવસઈ. ૧૩૪

ભરીઆ મહુરત નરખી વારૂ, નગર નુહુંતરીયઉં જમવા સારૂ;
મીઠી જલેબી લાડૂ કંસાર, સાલિ દાલિ ઘૃત શાક અપાર. ૧૩૫

જાતઈ જમવા જામ પધાર્યા, તતખિણિ દાંનઈ દીન સધાર્યા;
વદ્ધા પદમસી સુત વજપાલ, લેઈ માહાજન આવઈ શ્રીપાલ. ૧૩૬

ભોજન ભગતિ ભલીપરિ કીધી, લવિંગ સોપારી એલચી દીધી;
શાન્તિકરણ શ્રી શાન્તિ જિનેસ, મૂલનાયક મહિમા વિશેષ. ૧૩૭

દેહરા ચઉમુખનઈ જે દેહરી, થાપી પ્રતિમા જિનવર કેરી;
સનમુખ સહસ ફણઉ જિહાં પાસ, સંઘતણી સદા પૂરઈ આસ. ૧૩૮

દુહા

બિંબ ભરાવ્યા જિનતણા, ત્રિણિ સઈ અધિક નઊન; અંગિ ઊલટ ધન વાવરઈ, રાજસી સમવડિ કુંણ. ૧૩૯
બિંબ પ્રતિષ્ઠા જલયાતરા, કીધઈ લાભ અનન્ત; કલ્યાણસાગરસૂરિ પધરાવીયઈ, તુ પહુચઈ મનિ ખંતિ. ૧૪૦
કલ્યાણસાગરસૂરિ જિહાં અછઈ, પુહુતા તેડવા કાજિ; શ્રાવક જઈ કરઈ વીનતી, પ્રતિષ્ઠાનૂં છઈ કાજ. ૧૪૧
માંની પૂજઈ વીનતી, વિહાર કરઈ તવ સૂરિ; મિથ્યાત તિમિરનઈ ટાલિવા, જિય દિન અધિકઈ તૂરિ. ૧૪૨

ઢાલ – ૬ ॥ રાગ જિતસરી – જયતશ્રી ॥ 10

સંવત સોલ પંચ્ચોતરઇ, દેસ હાલાર મઝારઇ રે; નૌતન નગર પધારીઆ, સાધુ તણઈ પરિવારઈ રે. ૧૪૩

કલ્યાણસાગરસૂરિ આવીયા, નામ તસુ પરિણામો રે; ક૦ ૧૪૪

અંચલગચ્છ મહિમા નિલઉ, શ્રી કલ્યાણસાગરસૂરિ દોરે; સાહી સાલમે જેહનઈ નમઈ, પ્રણમઈ સુર નર ઈંદો રે. ક૦ ૧૪૫

અતિસય ગુણ વિરાજીઆ, ગોયમ લબધિ ભંડારો રે; ખિમા ગુણે કરિ સોભતા, રૂપઈ વયર કુમારો રે. ક૦ ૧૪૬

મતિ મેહર સુર ગુરૂ સમા, વિદ્યા ચૌદ નિધાંનો રે; શાસ્ત્ર સિદ્ધાંત વિચારતઈ, સકલ સાવધાનો રે. ક૦ ૧૪૭

વાદી શિરોમણિ અતિ ગુણી, પંચ મહાવ્રત ધારી રે; સીલ સુહડ અંગઈ ધરઈ, તેહ નાંમ અછઈ સુખકારી રે. ક૦ ૧૪૮

ભાગિ સંયોગઈ પધારીઆ, મૂરતિવંતો ધર્મ રે; દર્શન દૂરિત દૂરઈ હરઈ, વંદિઈ હુયઈ સુભ કર્મ રે. ક૦ ૧૪૯

દુહા

સંસાર સમુદ્રઈ બૂડતાં શ્રી ગુરૂ તુંબા હોઈ; આપ તરઈ પર તારવઈ, ધર્મ દિખાલી સોઈ. ૧ ૫ ૦
પંચ અભિગમ સાચવી, વરસઈ રાજસી સાહ; સંઘ ચતુર્વિધ સવિ મલી, સૂત્ર સુણઈ ચિત્ત ઠાહ. ૧૫૧ 20

ઢાલ – પાછિલી

વિષય વિટંબન જીવનઈ, ક્ષિણ ન રહઈ ચિત ઠાયઈરે;
મધુબિંદુ સુખ થોડલું, દુઃખ અનંત તૂં પામઈ રે. ક૦ ૧૫૨

આય અથિર ઈમ નર તણઉ, જેહ વઉડામઈ ઠારો રે;
જલ બુદ બુદ પરપોટડઉ, જેહવઉ સંધ્યા રાગો રે. ક૦ ૧૫૩

મન મરકટ ચંચલ ગતિ, વીજ ચપલ અસમાનો રે;
પાંન ચપલ પીપલ તણઉ, એહવઉ તિ પરિણામો રે. ક૦ ૧૫૪

જૂઠી ધેનુ તણઈ શ્રૃંગઈ, સરસવ રહઈ કે તીવારો રે;
ધર્મ વિષય મતિ એટલી, સીઝઉ વંછિત કાજો રે. ક૦ ૧૫૫

ધરમ ધરમ સહકો કરઈ, ધરમ ન જાણઈ કોઈ રે; 30
દૂધ અર્ક જિમ ધેન નઉ, કરઉ પરિખ્યા જોઈ રે. ક૦ ૧૫૬

ઈમ જાણિ જીવ ધર્મકરૂ, જિમ વાધઈ તુહ્મ લાજો રે;
ઈહ લોકઈ સુખ પામીયઈ, પર ભવિ મુગતિનૂં રાજો રે. ક૦ ૧૫૭

દુહા

રાજસી સંઘવી ઊચરઈ, મહુરત લીજઈ આજ; પ્રતિષ્ઠા મહોત્સવ મંડીયઈ, મેલી જઈ સવિ સાજ. ૧૫૮
સંવત સોલ પંચ્યોતરઈ, વૈશાખ આઠમી સુદ્ધિ; સૂરિ ભણઈ એ દિન ભલઉ, થાપ્યાં હુયઈ નવ નિધિ. ૧૫૯

ચઉપઈ

રાજસી ચિતીઉ ધન ધણઉ, ભાવ પ્રતિષ્ઠા તણઉ;
દ્રવ્ય ઊપાયઉ સારખિ કરઈ, પુણ્ય તણી મતિ હીયડઈ ધરઈ. ૧૬૦

મંડપ રચના કીધી હવઈ, માણિક થંભ તે વિચમાં ઠવઈ;
ગહૂં વીણઈ નઈ ગાયઈ ગીત, સૂખડી નીપાઈ વારૂ રીતિ. ૧૬૧

નયરમાં બનૂ આ લાહણિ કરી, થાલી મુદ્રા ખાંડે ભરી;
રાજસી સંઘવી વદઈ તેણિ વાર, શ્રાવક જે ગુણીયઈ નવકારિ. ૧૬૨

ન્યાતિ ચઉરાસી દીજઈ નહુંતરાં, નાન્હા મોટાં નવિ વીસર્યાં;
માહાજન જમવાં આવ્યૂ બહૂ, પગ ધોઅણી દીજ તવ સહૂ. ૧૬૩

યથોચિત માંડયા બઈસણાં, ચતુર પણઈ ચાલઈ પ્રીસણાં;
સૂખડીની જવ વેલા હૂઈ, પ્રીસીવાંતી સવિ જૂ જૂઈ. ૧૬૪

સવઈઆ મોતેઆ ગણા, દલીઆ આખણસી નહી મણા;
કંસમસીઆ પીસ્યા લાડૂઆ, જે અમૃત ના છઈ ગાડૂઆ. ૧૬૫

ખાજાં તાજાં જાડાં ભલાં, ગરઢાંનઇ જમતા કૂઅલાં;
જલેબી પ્રીસી ઠેસણી, ભૂખ લાગઈ જમતાં બેમણી. ૧૬૬

ચણાં ફરસા નિઈ ચઉલાફલી, વાટ વડીની ભરી વાટલી;
કિઈરિ ઈરી નિંઈ છોલ કાતલી, કાચરિ પાપડ ખીજડી પાતલી. ૧૬૭

આરોગી રહી આ પકવાંન, પ્રીસી જઈ એહવાં ધાનં;
સુગંધી કૂર મંડારો દાલિ, ઉપરિ સરહી ઘીની નાલિ. ૧૬૮

દહીં તણાં વારૂ કરંબલા, કપૂર વાસિત મસ મસતા ભલા;
સહૂ આરોગી થયું સંતુષ્ટ, લવિંગ સોપારી આપઈ પુષ્ટ. ૧૬૯

શ્રીફલ આપ્યા અતિ ઉત્તંગ, સહૂ ભણઈ ભલઉ રાખ્યું રંગ;
મહાજન થાટઈ બઈઠું મલી, સાહા રાજસીની આસ્યા ફલી. ૧૭૦

દુહા

પ્રતિષ્ઠા મંડપ મંડિયઉ, અતિ ઊંચઉ અતિ ઠામ;
કેસર કેરા છાંટણાં, રંગ વારૂ અભિરામ. ૧૭૧

ઢાલ – ૯ વાહણની

સંઘપતિ રાજસી ઊચરઈ એ, માહાજનની અધિકઈ તૂરકિ;
પઈ સારૂ જલ જાતરા એ, કરિ ચેઉ અતિહિ પદૂરકિ. ૧૭૨

સંઘપતિ રાજસી એ, ઊલટ અધિક આણં કિ;
સંઘપતિ રાજસી એ, આંકણી. ૧૭૩

દૂધ માંહિઈ સાકર ભલી એ, મીઠાઈમાં લીહ કિ;
સંઘપતિ ખરચઈ આગલઉ એ, રાજસી દાનિ સીહ કિ. ૧૭૪સંઘ૦

નવુંનગર સિણગારીયઈ એ, સિણગાર્યા સવિ હાટ કિ;
ચંદ્રોદય અતિઈ વરા એ, ઝલકઈ સોવિન આટ કિ. ૧૭૫સંઘ૦

ડેરા તંબૂ તાણીયઈ એ, તડકાના વિશ્રામ કિ;
પરિ અચિ વારૂ સોભતી એ, તેહનાં વિવિધ ચિગામ કિ. ૧૭૬સંઘ૦

કેતી કહૂં રચના ઘણી એ, જાંણે સ્વર્ગ વિમાન કિ;
ચતુર ચિતઈ વિસ્મય વસઈ એ, નિરખઈ એકઈ ધ્યાન કિ. ૧૭૭સંઘ૦

રામસી રૂપઈ રૂઅડઉ એ, નેતા નિરમલ ગાત્ર કિ;
ઘારૂ બરસઈ દાન સૂં એ, મૂલજી પોખઈ પાત્ર કિ. ૧૭૮સંઘ૦ 10

સૌમ્ય વદન સોમઉ સવા એ, કમસી દાનિ ઉદાર કિ;
એક એકથી દાનઈ વડા એ, રાજસી દાનઈ સિરદાર કિ. ૧૭૯સંઘ૦

વર્દ્ધ સુતુ વજપાલ સૂં એ, પદમસી સુત શ્રીપાલ કિ;
સંઘ ચતુર્વિધ સવિ મલી એ, ચાલઈ ઢલકતી ઢાલ કિ. ૧૮૦સંઘ૦

મદ ઝરતા મયગલ ઘટા એ, ઘંટ તણા રણકાર કિ;
પાત્ર તણિ પરિ નાચતા એ, જલમતી કિધા તોખાર કિ. ૧૮૧સંઘ૦

પાલખી પાટ સુખાસણઈ એ, કે રથિ ઘોરી સાર કિ;
ચરણે ઝાંઝર ઝમકતાં એ, કોટિ ઈ ઘૂઘરિ ધમકાર કિ. ૧૮૨સંઘ૦

પંચ શબ્દ વાજઈ ઘણા એ, સરણાઈ અતિ પૂર કિ;
મદન ભેર સરલઈ સ્વરઈ એ, વાજઈ દોદો તૂર કિ. ૧૮૩સંઘ૦ 20

તાલરબાપ પખાવજસું એ, ગંધ્રવ ગાયઈ ભાટ કિ;
ભૂગલ ભેરી પડવડી એ, નફેરી વહવાટ કિ. ૧૮૪સંઘ૦

ગુંહિર નીસાંણહ વાજતાં એ, અંબર ગાજઉ તેણીવાર કિ;
થાંનકિ થાંનકિ ધાકડા એ, તે જાણું નહી પાર કિ. ૧૮૫સંઘ૦

ઈંદ્ર આરૂઢ એરાવણઈ એ, ચાલઈ ચતુર ચઉ સાલ કિ;
મસ્તકિ ખૂંપ સોહામણા એ, કંઠિ મોતીની માલ કિ. ૧૮૬સંઘ૦

ઈંદ્રાણી સરિ દીપતા એ, પૂરણ કુંભ ઝમાલ કિ;
શ્રીફલ સિખર ચઢીવીયાં એ, પ્રતિ/ઠીત ફૂલની માલ કિ. ૧૮૭સંઘ૦

સોલ શ્રૃંગાર સજી કરી એ, પહિરણિ કુંજર વીર કિ;
ઉઢણિ નવ રંગ ચૂનડી એ, સોવિન વંત સરીર કિ. ૧૮૮સંઘ૦ 30

હયગય માણસ એહવી એ, ટલવા નવિ કોઈ વાટ કિ;
મલી ટોલે ગાયઈ ગોરડી એ, બિરૂદાવલિ બોલિ ભાટ કિ. ૧૮૯સંઘ૦

પગિ પગિ લુંછણાં કીજયઈ એ, દીજઈ મસરૂ જોડી કિ;
વસ્ત્ર અનિં દાનિં કરી એ, યાચિક પુહુંચઈ કોડિ કિ. ૧૯૦સંઘ૦

અતિ આડંબર ઉછવઈ એ, જલ જાત્રા વિવિધ વિચાર કિ;
કલ્યાણસાગર સૂરિસરૂ એ, અંજન સિલાકા સુભ વાર કિ. ૧૯૧સંઘ૦

વાસખેપ ઠેણિ સમઈ એ, પ્રતિષ્ઠિ પ્રતિમા સૂરિ કિ;
જિનવર બિંબ ઉદઈક એ, મન વંછિત ભરપૂરિ કિ. ૧૯૨સંઘ૦

ભલસારણિ ભલ દેહરૂં એ, શિખર બદ્ધ ચઉસાલ કિ;
સંભવનાથ તિહાં થાપીઆ એ, પાસઈ પ્રકટ પોસાલ કિ. ૧૯૩સંઘ૦

શિખર બદ્ધ ચેતમહી આંતરિ એ, અપાસરૂ તેહનિં પાસ કિ;
માંઢિ શિખર બદ્ધ માંડણી એ, કરી પ્રાસાદ ઉલ્હાસ કિ. ૧૯૪સંઘ૦

બેડીયંઈ ઈશ્વર દેહરૂં એ, રાજકોટિ ઠાકુર દ્વાર કિ;
10 બેડીયંઈ પર્બ પાણી તણી એ, વીસામા કરઈ કેસાર કિ. ૧૯૫સંઘ૦

સોલ સંવત્સર બ્યાસીયઈ એ, રાજસી ઘણું સપરીછ કિ;
ચઉમુખ માંડયૂં દેહરૂં એ, મૂલ નાયક ચૈત્ય સમીપિ કિ. ૧૯૬સંઘ૦

રૂપસી વાસ્તુ ભણઈ ઘણું એ, સિલાટ ની નિરમલ બુદ્ધિ કિ;
આવી વેધ ટાલી કરી એ, જિણિ હુયઈ કારિજ સિદ્ધિ કિ. ૧૯૭સંઘ૦

ચઉપઈ

માંડિયઉ ચઉમુખ અતિ અભિરામ, સુરનર રંજન મનોહર ઠામ;
શિખરબદ્ધ મોટઉ પ્રાસાદ, મેરૂ શિખર સું માંડઈ વાદ. ૧૯૮

તોરણ ગુખ ચુરી કોરણી, પુતલી એ ઉરવસી અવગણી;
ભમતી આમલસારા સંપતિ, કારીગરે કીધી ભલ ખંતિ. ૧૯૯

20 ઉજ્જલ દીપઈ રૂપા ઢાલણી, અંધારઈ અજૂઆલા કારણી;
પગથી દ્વારા અનિ દીગપાલ, ગોમટ વારૂ ઉચું ચઉમાલ. ૨૦૦

પૂરવ દક્ષણ પશ્ચિમ ઊતરઈ, ચ્યાર પ્રાસાદ દીસઈ એણીપરઈ;
પ્રૌઢ પ્રાસાદ દેખી વિચાર, કૈલાસ શિખર સૂં કીધાં ચ્યાર. ૨૦૧

થાપ્યાં બિંબ યથોચિત ઠાંમિ, જાયઈ પાતક લીધઈ નામિ;
રાજસી ખરચઈ વિત્ત અપાર, સંપ્રતિ રાયનું સૂં અવતાર. ૨૦૨

સોલ સંવત્સર જવ બ્યાસીયઈ, ગુડી યાત્રા મનિ ભાવયઈ;
મેલિ સંઘ ચાલ્યા રાજસી, લઈ ઋદ્ધિ મણા નહી કસી. ૨૦૩

નેતા ધારા નિં મૂલરાજ, સોભા કમસિ રામસી સિરતાજ;
સવિહું વિચારી કીધ પ્રયાણિ, યાત્રા કીજઈ વારૂ મંડાણિ. ૨૦૪

30 રથ સેજવાલાં હયવર ઊંઠ, નર નારી મિલ્યાં ચ્યારઈ પૂંઠ;
પાસ જિણેસર નયણે નિરખિઆ, ભવીયણ મન લોચન હરખીઆ. ૨૦૫

તીરથ જઉહારી આવ્યા ઘરે, વિત્ત વાવરીઉં વિવિધ પરે;
પુણ્ય કરતાં દિન કેટલે, સત્યાસીયઉ આવ્યુ તેટલઈ. ૨૦૬

દુહા

સંવત સોલ સત્યાસીયઉ, રૌરવ નવ ખંડ કાલ;
ધાંન વિસઈ કોરી લહઈ, રાજસી કીધ સુગાલ. ૨૦૭

કુણ પાપઈ સત્યાસીયઉ, પડીયઉ કુણ વિચાર;
નામ રાખ્યું જગિ રાજસીહ કહિઈ સૂં એકલગાર. ૨૦૮

પાપ ભારઈ પુહિ ધ્રૂજવી, રૂધિરે વૂઠા મેહ;
પાહાણ પડયા માણસ કહઈ, ભૂવહિસી દીયઉ છેહ. ૨૦૯

બ્રહ્મ સ્ત્રી બાલક તણી, મોટી હત્યા ચ્યારી;
વિશ્વાસઘાત માનવ કરઈ, થાંપણિ મોસઉ હીસઈ ધારી. ૨૧૦

અનેક પાપ વરતઈ ઘણાં, કહિતાં ન લહૂં પાર;
પુહુવિ પડયઉ સત્યાસીઉઘ, પણઈ પાપઈ નિરધાર. ૨૧૧

ઢાલ – ૧૦ ॥ રાગ મારૂણી – મારૂ ॥

આસાઢ ધડૂકઉ નવિ હૂયઉરે, શ્રાવણ મેઘ ન તૂઠા રે;
ભાદ્રવિ ભરણ નદિયે નહી રે, આસો જેસી થયા જૂઠા રે. ૨૧૨

કોઈ આપુ રે ભૂખ્યાં અન્ન દાંન, જાતાં પ્રાંણ કોઈ રાખઉ રે;
કોઈ દાખઉ રે દીજઈ અન્ન દાંન, જાતાં પ્રાંણ કોઈ રાખઉ રે. ૨૧૩

કાતી કાલ બીહામણઉ રે, માગસરિ દીન થઈ માગઈ રે;
પોસઈ ગેસ સતી કરઈ રે, માહઈ માહા ઝાલ લાગઈ રે. ૨૧૪ કોઈ૦

ફાગુણિ પીઠિ ફાલે ચઢી રે, ચૈત્રઇ ચિત નહીં ઠાંમઈ રે;
વૈસાખઈ સાખ ઘણી ગઈ રે, જેઠ ના વઈ કોઈ કાંમ ઈ રે. ૨૧૫ કોઈ૦

ઢોર તે ચોર લીયઉ નહી રે, પરણ્યઉ મેહલઈ નારી રે;
રાય રંક થઈ રઉવડયા રે, રંક નાખઈ માણસ મારી રે. ૨૧૬ કોઈ૦

એકાકાર થઈ મેદની રે, ભૂખઈ બ્રાહ્મણ સત ચૂકા રે;
વહૂ બેટી નઈ બેટડા રે, નાઠાં મેહલી સૂતા રે. ૨૧૭ કોઈ૦

કોઈ મૂઆ કોઈ જીવતાં રે, રડવડીઆ હોઈ રૂંડ રે;
કોઈ રોગી જોગી થયા રે, કોઈ માગઈ થઈ મુંડ રે. ૨૧૮ કોઈ૦

વસ્તુ લાખાણી કુડી થઈ રે, ધાતુ પાત્ર થયાં સુંઘાં રે;
ગાય ભઈસ ભૂખ્યા રહઈ રે, ગુલ ઘૃત તેલ તે મુંઘા રે. ૨૧૯ કોઈ૦

પુહુવિ પ્રમાંણઈ એહવઉ રે, સત્યાસીયઉ દુકાલૈ રે;
તિણિ કાલઈ આપીયઈ રે, તસ ગાયું જસમાલ રે. ૨૨૦ કોઈ૦

તેજસી સુત સાહા રાજસી રે, ભત્રીજ કમસી દાંન દીજઈ રે;
અન્ન દાંન દીધાં ઘણાં રે, જગડૂ તી સમવડી કીજઈ રે. ૨૨૧ કોઈ૦

ઈમ દેતાં અઠ્યાસીયઉ મેઘ આવ્યું કેતઈ કાલઈ રે;
તૂઠા મેહ સુખીયઉ થયઉ રે, મેદની હુયઈ સુગાલ રે. ૨૨૨ કોઈ૦

દુહા

વૃક્ષ માંહઈ સુરૂ વડયઈ, દેવ માંહિ જિમ ઈન્દ્ર; રતન માંહિઈ ચિંતામણિ, ગ્રહગણ માંહિઈ ચંદ્ર. ૨૨૩
ગિરિ માંહિઈ જિમ મેરૂગિર, ચતુ : પદ માંહિઈ સીહ; દયા ધર્મ સવિહું વડ ઉ, તિમ રાજસી દાંનિ લીહ. ૨૨૪
નવું નગર સોહામણું, જિહાં શ્રી શાંતિ જિનેસ; સ્નાત્ર મહોત્સવ અતિ ઘણાં, પૂજા ભાવ વિસેસ. ૨૨૫

ઢાલ – ૧૧ ॥ રાગ ગુડી ॥

શાંતિ જિનેસર અંગિ, અંગિ રંગિ રચી રી; પંચ વરણ દે દીપ, હીરે રતન જડી રી. ૨૨૬
વિશ્વસેન કુલ ચંદ, રાઉઅરિ ધરિયઉરી; દયા શરણ પ્રતિપાલ, લંછિન મૃગ રહિયઉ રી. ૨૨૭
કેસર ચંદન રંગ, કનક કચોલ ભરીયઉ રી; મૃગ મદ અગર સુગંધ, પૂજા સતર રચઉ રી. ૨૨૮
ચાલતિ મોગર જાહિ, પાડલ વુલસરી રી; ચંપક કેતકી જૂહિ, માલા કંઠિ સોહિ રી. ૨૨૯
10 તાલ રવાપ મૃદંગ, વીણા વિંશ ધુનિ રી; મેલિતિ સારીગમ તાન, ગાવત મધુર સ્વરઈ રી. ૨૩૦
ઝિગ ઝિગ ઝિગ થઈ, નાટિક નૃત્ય ધરઈ રી; રણણં ણેઈ, ધૂંધર ધમક કરઈ રી. ૨૩૧
સિધ બધૂ શૃંગાર, સૂરતિ અતિહિ ભલી રી; મૂરતિ મોહન વેલિ, પુણ્ય સંયોગિ મલી રી. ૨૩૨
રાજસી દાંનિ સુચંગ, યાચિક ચિત ઠરઈ રી; પૂજા કરીઅ વિચારી, જિણિ વિધિ સૂત્ર કહઈ રી. ૨૩૩
સોલમ જિન શ્રી શાંતિ, મંગલ ઉદય કરીયુ રી; મેઘ મુનિસર એમ, જંપિ કાજ સરીચઉ રી. ૨૩૪

દુહા

અનેક કરણી મોટિકાં, કહિતઉ ન લહૂં પાર; ધન જીવિઉ સાહા રાજસી, સફલ કરીયઉ સંસાર. ૨૩૫

ઢાલ – ૧૨ ॥ ધન્યાસી – ધન્યાશ્રી ॥

સોલ સંવત્સર નેઊિઆ વરસઈ, પોસ વદિ આઠમિ રવિવાર ઈ જી;
મેઘ મુનીસરિ રાજસી કેરૂ, અધિકાર કહિયઉ અનુસારિ ઈ જી. ૨૩૬
20 શ્રી ધર્મમૂરતિસૂરિસર પાટઈ, કલ્યાણસાગરસૂરિ વિરાજઈ જી;
તાસ સીસ ન્યાનશેખર વાચક, ચઉમાસિ રહ્યા ઈહા ધાજઈ જી. ૨૩૭

શાંતિ કરણ શ્રી શાંતિ જિનેસર, ભેટયા અમીઅ રસાલો જી;
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપતિ તેહનઈ, તેણિ ધરિ મંગલ માલો જી. ૨૩૮

– ઈતિ શ્રી સાહા રાજસી રાસ સંપૂર્ણ

(પ્રત સિંઘીઆ ઓરિયેન્ટલ ઇન્સ્ટીટ્યુટ, ઉજ્જૈન)

અજ્ઞાત રાસનું એક પૃષ્ઠ

ભણસાલી કુલ દિપક નગર શેઠ સવજીએ એક ઊંચુ પહોળુ મનોહર મંદિર બંધાવ્યું.

પોતાના ઘેરે જે લક્ષ્મી છે તેને સુક્ષેત્રમાં ખર્ચીને શેઠ સુંદર મંદિર બંધાવ્યો. ભણસાલી કુલ દિપક – ભાણ નગરશેઠ સવજી એ પોતાનાં ઘરનીજ ઘણી લક્ષ્મી શુભક્ષેત્રમાં વાપરી. દેરીઓ, પાવડીઓ, રૂડાબાગ બગિચા બનાવ્યા બાણ–અગ્નિ લીલાવંત....
30 મોટામનથી ખર્ચ કર્યું ઉદારતા પૂર્વક ધન ખર્ચ્યું. અમારાંણ કર્યું, સદ્‌વિચા કર્યો કે કર્મ નો વિસ્તાર ન (લક્ષિએ) કરીએ? તેમનાં ગુણવંત બંધુઓ વર્ધમાન અને ચાપસી પદમશી હતા. વજપાલ, શ્રીપાળ, કુરપાલ, રાણમલ વગેરે કુલ દીપકો હતા.

ભાસી જગડુ શાહ અવિચલ જોડે છે, જેમણે શ્રેષ્ઠ મનોહર ઉત્તુંગ બાવન જિનાલય બંધાવ્યુ. ગાંધી સણિજ સુસતાની દેહસીમાં નેમિનાથ વિરાજે છે ખરતર દેરીમાં ઘણી પ્રતિમાંઓ છે. નૌતન પાર્શ્વનાથ ભગવંતનો મહિમા ઘણા છે. શ્રાવકો પોતાનો ભવ સફળ કરે છે. પ્રતિમા નાની છે. પણ એનો ગુણ મહિમા ઘણો મોટો છે અપાર છે.

અજ્ઞાત રાસનું એક પૃષ્ટ

(રાજસિંહ નાગડાના રાસ સાથે)

ભણસાલી કુલ દીપક ભાણ, નગરશેઠ સવજી સપ્રમાણ;
૧ કરીઉ એક પ્રાસાદ ઉતંગી, અતિ ઊંચુ પુહુલુ કનક રંગિ.
લક્ષ્મી ઘરિ છિ પોતિ ઘણી, વર સુખેતિ ખરચિ આપણી;

૨ શેઠિ દેહરૂં કીધુ ચંગ, દેહરી પાવડી આ રૂડિ બંગિ.
લાણ આગિ લીલાવંત, પરચ્યા ઉપરિ મોટૂ ચિંત;

૩ અમરાણ કીધું સુવિચાર, ન લણિએ કર્માદિ વિસ્તાર.
સાહા વર્દ્ધમાન અને ચાંપસી, ગુણવંત બાંધવ સાહ પદમસી;

૪ કુલ દીપક કહાઈ વજપાલ, સદાચાર કૂંઅર શ્રીપાળ. 10
કુરપાલ કુલનુ ઉદ્ધાર, રણ અભંગ રણમલ ઉદાર;

૫ ભાસી જગડૂ અવિચલ જોડ, નારાયણ જીવુ વર્ષ કોડિ.
જેણિ બાવન જણાલૂ કીધૂ સાર, મનધિ ચુમખ ઉતંગ ઉદાર;

૬ ગાંધી સાખિજ સુસનાથ, તેહની દેહરિ છિ નેમનાથ.
ખરતર દેહરિ પ્રત્યમા ઘણી, નવિપુરિ મોરા આણંદ તણી.

૭ નૌતન પાસનુ મહિમા ઘણુ, ભવ સફલ કરિ શ્રાવક આપણુ.

૧૫ પ્રત્યમા નાન્હી ગુણ છિ ઘણા પાર નહીં તસ મહિમા તણા
શ્રી ગણેસાઈ નમઃ શ્રી પ્રેમ ગુરભ્યોઈ નમઃ
શ્રી સારદાય નમઃ શ્રી આદિહિ આદિ જિણો સવણ
પંડ ૨૨..... 20

(પ્રત : શ્રી અનંતનાથ જ્ઞાનભંડાર, મુંબઈ)

નાગડા ગોત્રના પ્રતાપી પુરૂષો

કર્તા : નાગડા ગોત્રના વહીવંચા રચના : ૧૬મું શતક

(છપ્પય)

ઉદયવંત ઉદ્દિલ જાસ કુલિ જાલ્હો જાણુ;
સૂટા સુત સમરથ વલી નરસિંગ વખાણ્યુ.
વીરપાલ વડવીર વરિ જિણ વાહ્યુ ચારૂ;
જગિ જયવંતુ હીર સફલ જિણ કીધ જ વારૂ.
અનુક્રકઈ ભોજ અલી મંડણો, જયંતા સુત જાણિ ઇ;
ભોજાણી ભૂય તલિ ભલા. વસુધા વરિ વખાણિ ઇ. 30

નાગડાગોત્રની વહીમાંથી

ગોરજી હરજી ગુણપતિની વહી

(રાજસી નાગડા ના રાસની પ્રત સાથે)

॥ દં ॥ પૂર્વિ ડિઢીઆ રજપૂત અંબડ સામી અબડો જામ મોહડ હતા. પૂર્વિ જાડેજાઈ ડિઢીઉ ભલિ. હાલા મધે નગરથી આથમણી દિશિ ડિઢીઆ ગ્રામેડિ. પીર ભોજુ પૂરવ દિશિ ગામથી તલાવ ઉપરિક રહી છિ. ભોજા પીરની. ભોજા ભા૦....પુ૦

જેસર ૧ ભા૦....પુ૦ અજુ ભા૦ સીતા પુ૦ ૨ સાંગુ રૂ લખધીર ૨ પુત્રી લાડબાઈ; સાંગા ભા૦ સુભદ્રિ પુ૦ ૧ પતુ ભા૦ પાબા પુ૦ ૨ હાલુ ૧ પંચાયણ ૨ પુત્રી હાલા ભા૦ મેઘા પુ.... પંચાયણ ભા૦.... લખધીર ભા૦ મિણા પુ૦ માલુ ૧ ડિ૦ સાંગા પુત્ર ડિ૦ પંતુ. કચ્છ દેશ મધ્યે વડીરા ગ્રામે ગુર શ્રી ૫ ગણપતિ ડિ૦ પંતુ પ્રતિબોધ્યા ભણાવ્યા. શ્રાવક થઉ. જીવ દયા પ્રતિપાલઉ. તેહ ગુર હરજી વહી આવટિ મંડી છિ. અંચલગચ્છનું ધર્મ પાલિછિ.

(૧૨૯) શ્રી રાજસિંહ શાહનો રાસ

કર્તા : (કવિ હર્ષસાગર રચિત) રચના : વિ.સં. ૧૬૯૮ ના વૈસાખ સુદિ ૭ ને સોમવાર ॥ પૂ૦ ॥ ॥ ૐ નમઃ શ્રી સારદા નમઃ ॥ શ્રી વીતરાગાય નમઃ ॥ શ્રી ગુરૂભ્યો નમો નમઃ ॥ ॥ પ્રથમ ધુરિ ॥

॥ દુહા ॥

સરસતિ સામણિ મન ધરિ, પ્રણમી સહિ ગુરૂ પાય; હરખ ધરીનિ ગાયસૂ, મુઝ મતિ દેજ્યો માય. ૧
પ્રહિ ઊઠી નિતિ પ્રણમીઈ, નામ લેઅતા નિતિ; મન વંછિત પૂરિ સદા, હંસ વાહન સરસતિ. ૨
બ્રહ્મ સંતા તુહ્મ વીનવું, વાણી દિ મઝ સાર; કલયુગ કીરતિ તાહરી, નિતિ જપિ નરનારિ. ૩
માતા મતિ દિ મૂહનિ, વાંણી વચન જ ભાર; સમુદ્ર જિમ સદા અછિ, તુઝ ગુણ અંત ન પાર. ૪
કલિયુગ સાચી એક તૂ, બીજઉ સહુ જંજાલ; જે તુજ વાણી વેગલા, તે રલસિ બહુ કાલ. ૫
નામિ નવનિધિ સંપજિ, ભણતા ભાવઠ જાઈ; સુણતા સવિ સુખ પામઈ, વર આપુ મુઝ માઈ. ૬
હુંડિ કલયુગ સાચ છિ. સંખેશ્વર જિન રાય; મહિમા મહીઅલિ જેહનુ, પ્રણમી સુરનર પાય. ૭
એક મના થઈ લગી, પુહચિ તેહની હાસ; મુગતીપુરી આપિ સદા, ગુડી મણ્ડન પાસ. ૮
જયવંતુ જગિ જાણીઈ, ધર્મ ચિંતામણિ સાર; દાન જ દીજિ ભાવસૂ, નિતિ જપઈ નવકાર. ૯
એમ અનેક ગુણ ગાવતાં, કિમ્હે ન આવિ છેહ; ચરિત્ર અપૂરવ જે વલી, સહુ સાંભળીજ્યો તેહ. ૧૦

ઢાલ ૧ : ચુપઈ

જંબુદ્વીપ સોહી સાર, લક્ષ જોયણ મોટુ વિસ્તાર; ભરત ખંડ તે સહી, નગરી એક અપૂરવ કહી. ૧૧
જોયણ એક ફરતી વિસાલ, ગઢ મઢ મદિર પોલિ પગાર; નાગ નયરી અનોપમ પુરી, જાણે સ્વર્ગ થકી ઉતરી. ૧૨
તિણિ નયરી યદુ વંસી રાય, મોટુ તેહનું અતિ ભડવાય; અદ્ય લખ્ખ સાહ એ જિહ નિમલિ, દેશી દુર્જન તેહથી ટલિ. ૧૩
સીમાડા સવિ આપિ દંડ, પાપીલોક જિકે પરચંડ; તે સવિ આવિ ભૂપતિ નમિ. રાય રાણા બહુ પાસિ જમિ. ૧૪
રાઉલ જામ તણો સંતાન, તાસ પાટિ શ્રી વીભુ જામ; તેહનિ પાટિ સતોજી જામ જુગુ જામ કરી રૂડાં કાંમ. ૧૫
તેહનિ પાટિ લખેસર જામ, અદ્યપતિ મનિ છિ મોટુ હામ; વિવહારિઆ નવિ લાભિ પાર, દીસિ વરણા વરણ અઢાર. ૧૬
ચુહટા તણાં નવિ લાભિ પાર, નિજ નિજ માણસ કરિ પાર; દયાવંત દીસિ બહુ ઘણા, ઘરિ ઘરિ મંગલ ઉછવ ઘણા ૧૭
વણિક જાતિ ચુરાસી વસિ, જો 'લીહઈ' આંડઉ અતિ ઉલ્હસિ; વરણ અઢાર કહીઈ તિહાં લોક, સુપનાંતર નવિ દીસિ શોક. ૧૮
ચુરાસી ચુહટા અતિ સાર, હટ શ્રેણિ નવિ લાભિ પાર; કરીઆણા આવિ તિહાં ઘણા, બહુ મૂલય પરદેશ જ તણા. ૧૯
દ્યુત હૂર તિહાં ક્રીડા કરિ, મદ ઘાર્યા મતવાલા ફરિ; ગુથિકા રૂપવંત બહુ પાત્ર, થાનિક થાનિક પભણિ છાત્ર ૨૦
વિપ્ર વેદ ભલાં તિહાં ભણિ, ષટ્ દરશન બહુ વિદ્યા ગુણિ; નાટારંભ હુઈ નવ નવા, ઈંદ્રાદિક આવિ જાયવા. ૨૧
ગુરુ ગિરૂઆ ઉપદેશ જ કહિ, શ્રાવક નિતિ બિઠા ગહિ; પર્વ તિથિ તિહાં પોસા કરિ, ધર્મ ધ્યાન સદા મન ધરિ. ૨૨
જઈન ભવ્વન્ન પ્રાસાદ ઉતંગ, કામન્નિ ગાઈ મન્નનિ રંગ; સત્તર્ ભેદ નિતિ હુઈ સનાત્ર, અહનિશ નાચિ અપછર પાત્ર. ૨૩
નિત નવલા હુઈ ઉછરંગ, વિવહારીઆ મંત્રિ મોટા જંગ; દેસ પ્રદેશ પ્રસિદ્ધ નામ, ઉસવાલ કરઈ રૂડા કામ. ૨૪
વિવહારીએ નગર સોહંતિ જઈન પ્રાસાદિ મન મોહતિ; સરોવર પાલિ રૂડી બાંધણી, દેહરી ચુમુખ દીસિ ઘણી. ૨૫
વાડી વાવિ કુવા સોભતા, રામવાઆવિ જિહાં દેવતા; નગરી માંહિ જલ થાનિક ઠામ, કહિ કવિતા નવિ જાણૂ નામ. ૨૬
દેવ દેવી સચ છિ બહૂ ઘણા, સઈવ પ્રાસાદ નદી સિમણા; નાગેશ્વર તે મહિમાવંત, સેવા કરઈ સુહઈ ધનવંત. ૨૭
દીણ હીણ જે દુખીઆ લોક, નહી અહિ લોક નહી પરલોક; તેહના દુખ ચૂરવિઈ મહેશ, યાત્રી કાજિ આવિ પરદેશ. ૨૮
ઠામિ ઠામિ છિ શિખર ઉતંગ, જઈનિ તિહાં છિ જેહ ઉચંગ; તેણિ દેહરાં કીધા ઘણા, કહિતા પાર નાવિ તેહ તણા. ૨૯
સિવહર તણા પ્રાસાદ ઉતંગ, ગણેશ દેહરી – મોટી બંગ હણમંત રક્ષ્યા સહુની કરિ, મિથ્યાત્વી તે પાખલિ ફરઈ. ૩૦

ઠુંબડી ચુરા જૂજૂયા, કિહાં વાવ્યિ કિહાં અંગણ કુયા; નીર ભરિ નવ યૌવન નારિ, સ્વર્ગ ભવન બીજૂ સંસારિ. ૩૧
એહવી નગરી શ્રી જામજી તણી, પરદેશી વસ્ત આવિ ઘણી; દેસ પ્રદેસઈ પ્રસધિઉં નાંમ, રાજ કરઈ શ્રી લખપત્ય જામ. ૩૨
જામ તણી પ્રીયા કૃષ્ણાવતી, પ્રીય સરસ ચાલિ શુભ મતિ; તાસ કૂંયર રણમલ કંઘાલ, સીમાડા વિરીષય કાલ. ૩૩
સીંહ સરીસુ કૂંયર રાયસંગ, વિરી વિકદ્‌ખજવિ ભંગ; ઉષા મંડલ રખવાલી એહ, જામ તણી સુત પોઢા જેહ. ૩૪
રાજલોક ગઢ પતિહ પ્રચંડ, વિમોઈ રતો હિવ ચાવંડ; ઘારાગિર વાડી તે ઠાંમ, વસંતિ વિલાસ તે બીજૂ નાંમ. ૩૫
તિમાંહિ વૃષ વિવિધ પ્રકાર, આંબા જાંબૂ સૂયણ સાર; ખજૂરી નીલીઅલ અપાર, માંહિ ઝાઝા ફલ વિસ્તાર. ૩૬
ઉદ્યસહા ફલ કરણી ઘણી, દીસઈ કેલિ અતિ સોહાંમણી; ફોફલ ફણસ અતિ બુહુ દ્રાખ, નારંગી બીજોરી લાખ. ૩૭
દાડિમ બોર અછિ બિહુ સાર, અખોજ તણા નવિ દીસિ પાર; પુસ્તા જરગો ચાંમૂષુ સાર, કુઠ આમલી બિહુ વિસ્તાર. ૩૮
વડ પીપરિ નિથોઢા પલાંશ, લીંબ વૃષ નિ મુહરા વાંશ; સ્કર કરમદી ફૂલ્યા ઘણા, સરલ વૃષ અતિ સોહામણા. ૩૯
દોડિગી લંબૂઈ અપાર, જાઈ વેલિ વુલ શિરી સાર; તિહાં છિ પરિપરિના અતિ કંદ, મણો મરૂઉ નિમય કંદ. ૪૦ 10
અતિહિ ઝાડ તેઈ સંપન તણાં, તગર ટીંબરૂ કિરેજ ઘણા; અતિ ઊંચા ગિરૂયા છઈ તાડ, વલી ગાહિ શેલડીના વાડ. ૪૧
સદા ફલ પ્રેમલ બિહકંતિ, આંબા તણી લૂંબ લહિકંતિ; મોર મધુર કરિ ટહૂંકડા, પોપટ બોસ્લ અતિ ઢૂકડા. ૪૨
કોયલ સાદ સદા ગહઈગહી, વસંત માસ તે વાસિ રહી; એ હવી નગરી જામજી તણી, તેમાંહિ લખપતિ ભૂદ્યાણી. ૪૩
કોટી ધ્વજ દીસિ અતિ ઘણા, લખેસરીની નહી તિહાં મણા; દોસી માંડી નિરમલ કોટ, સુયા સોની હાટ્ટ. ૪૪
મદય ઠામિજ વિહરી રહયા, મોતી માણિક હીરે સૂહિયા; શ્રીફલ સુરહીયા સોનાર, તાઈ તેલી ન બહુ પાર. ૪૫
મરૂહઠ તંબોલી ઘીવટા, એક મોટામાંડિ ફાફૂડા; પહૂયા સૂત્રીઆ પારિખ બંદ્યારો ગલીયારા લક્ષ. ૪૬
મણારા ચીતારા બહુ, વિકત લાભિ આવિ સહુ; સાકરીયા ગાંધી સુવિચાર, સહિજિ સુખડીયા અપાર. ૪૭
કહિતાં કિમ્હ નિ આવિ પાર, નાગ નયર એહવું વિસ્તાર; નવું નગર અનોપમ સહી, એહ જ મમલિ કોઈ આવિ નહી. ૪૮
અહિંમદ ખંભાઈતિ સમતોઈ, કિવિત્તા બોલિ એહવા બોલ; નગરમાંહિ શ્રીમાલી ઘણાં, સહસ્ત્ર ઘર તે શ્રાવક તણા. ૪૯
ઉસવાલ ઘર છિસુ પંચ્ચ, તે ઘર દીસિ ધર્મ ઈહ શંચ; નગરશેઠ અબજી સુપ્રમાણ, ઉસવાલ છિ મોટા ઝાણ. ૫૦ 20
રાજડ પુન્ય તણાં ગુણ ઠાણ, નિયણસી બીજુ બંધવ જાણિ; નાગડ ગોત્ર તણુ વિસ્તાર જૈન ધર્મ તણુ મંડાણ
ઉસવંશ કુલિઈ તિહિ ઉદાર, જિ ઘર પુન્ય ન લાભિ પાર; નાગડ ગોત્ર તણુ વિસ્તાર, એક મના સાંભલજયો સાર. ૫૧

દુહા

આમરકોટ રાજા હુઉ, રા' મોહણ મહીપાલ; તસ કુલિ ઉદ્‌લ અવતરિઉ, દયાવંત પ્રતિપાલ. ૫૨
ઉદ્‌લ કુલ જાલ્હુ હુઉ જાલ્હા કુલિ સધીર; સૂંટું સીહ જ સારિખુ, બલવંત બાવન વીર. ૫૩
સૂંટા સુત સંમરથ ભલુ, સકલ કલા ગુણ જાણ; તસ કુલ નરસંગ. ઉપનુ, જાણ સહૂ રાયરાણ. ૫૪
નરસંગ સુત સકજુ સહી, વીરપાલ વડ મન; તાસ કંઘોઘર સંપનુ, હીરપાલ ધંન ધંન્ય. ૫૫
તસુ કુલિ કૂંયર અવતર્યુ, ભોજ સરીખુ ભોજ; દુખિયા દાલિદ્ર ચૂરવા, આપિ અતિ ધન મોજ. ૫૬
ભોજા કુલ–મંડણ વલી, સાહા તેજસી સુજાણ; ધર્મ કાર્ય કીધા ઘણા, પન તણઈ પરમાંણ. ૫૭
જિવતુ જગ જાણીઇ, કુલ દીપક કુલ ભાણ; તેજલ સુત રાજડ ભલુ, ચૌદ વિદ્યા ગુણ જાણ. ૫૮ 30
જગસી જાવડ જગડૂઈ જિમ, ભામુ રામ કુરપાલ; આસકર્ણ આગઈ હુઉ, તિમ રાજડ પુન્યપાલ. ૫૯
જસૂ સાહા ટોડર હુઉ, લાલ માલ કમચંદ; વસ્તુપાલ તેજપાલ જિમ, તિમ નાગર નયર રાજયેન્દ્ર. ૬૦
વિમલસા આગિં હૂયા, તેહ સરીખા જાણિ; સુકૃત સબલ કીધાં ઘણા, રાજડ પુન્ય પ્રમાણ. ૬૧

ચુપઈ

નાગડ ગોત્રિ સાહા રાજસી, બીજુ બંધવ ભલ નિણસી;
પ્રથમ કુટુંબ સવે પૂછીઈ, નેતા ધારા મૂલા મત્ય દીઈ. ૬૨

સા મૂલા સુત હીરજી હાથાલ, ગુણવંત જીવદયા પ્રતિપાલ;
કુલવંત કરમા સાહ હરજી, તુષ્ટ મન હોજ્યો વીરજી.
બંધવ બીજુ જેઠ જ જેહ, ધર્મ કર્મ વલી કરીસિ તેહ;

મંગલસી પુણ્ય આગલુ, બાંધવ ચથુરાજો ભલુ.
રતનસી સુત અમરાપદા, જિણ દીઠિ નાસિ આપદા;
અમરા સુત સવસી સુજાણ, અમરસી બીજુ બંધવ જાણિ. ૬૩

મંગલસી તે મત્ય આગલુ, ગુરૂ ગોત્રજ સેવાઈ ભલુ;
સા ધનરાજ તણુ પોમસી, જિરાજ બોલિ મનિ હસી. ૬૪

જેઠા સુત મોહનસી જાણિ ધર્મ કરતા ન કરિ વાણિ;
સાહા તલા સુત સકજા જેહ, ખીમસી ગોદુ બંધવ બેઈ.
અભા સુત હાથી બલવંત, ખરચ્યા ઉપરિ મોટૂ ચિંત. ૬૫

વિદ્યાધર વિદ્યા આગલું, રણમલ ત્રીજુ બંધવ ભલુ;
10 સા ઠાકરસી ભાખરસી ભલા, પુન્યવંત નિગુણ આગલા. ૬૬

કવિ કુટુંબ પ્રધાન સાહા રાજસી, કહિ તેહુ બંધવ ધલ નિણસી;
પુત્ર સુપુત્ર રામુ સુપ્રવીત, સોમકરણ વડ મોટિ ચીંત. ૬૭

કુટુંબ તિલક નિણસી સુત ભલુ, કમંધાલુ કમસી ગુંણ નિલુ;
વંશ પ્રમાર દીપાવી ઘણું, જીમ એક ગુણ કેમ વર્ણવું. ૬૮

ઊતિમ કાંમ ખિમાસી કરી, જોશી માધર લક્ષ્મી વરી. ૬૯

પણ તે સહુ એ આપુ ખરૂં, જિમ ચૈત્ય એક મોટું આદરૂં;
દેહરૂં કીજિઈ તિહિં ઉત્યંગ, ઉપરિ કીજિ મોટા જંગ. ૭૦

ભોજા સુત પંચ ભાઈ હુયા, તેહ પરવાર થયા જૂજૂઆ;
ભાઈ ચુંથું જે તેજસી જાંણિ, તિણિ પ્રથમ દેહરૂં કીધુ નિરવાંણિ. ૭૧

20 સંવત ૧૬ ચુવીસી સાર, શ્રી નૌતનપુર નયર મઝારિ; ૭૨

શાંતિનાથ મૂલનાયક દીધ, લાહુ લક્ષ્મીનું ઘણુ લીધ;
તવ રાજડ મનિ અતિહિં ઉલ્હાસ, કુટુંબ સવેનિ પૂંછિ તાસ. ૭૩

દેહરૂં ફરી કીજિ સાર વિવિધ મંડાણ તણિ વિસ્તાર;
ચાંપાસુત જે સાહા મૂલસી, ભાગ કે'લું દિ ઉલ્હસી. ૭૪

વિજલદે સુત સાહા રાજસી, સ્વરૂપદે નંદન સાહા રામસી;
આપણ દેહરૂં કીજિ ચંગ, સરીયાદે વર ઘણું ઉછરંગ. ૭૫

બિંબ પધરાવીજું રાંમસી, સા મૂલા જાઈ રાઉલિ હસી;
યાદવ વંશી ભલિ ભૂપાલ, સત્રસાલ સુત જસવંત ઉદાર. ૭૬

રાઉ આદેશ દીઉ અમ્હ શીર, કીજિ નલણિ મોટિ વિસ્તારિ;
30 રાઉ આદેશ દીઈ મંનિ રંગિ, ઉપરિ કરજ્યો મોટા જંગ. ૭૭

લહી આયસ મિંદર આવીયા, ગજધર મોટા બોલાવીયા;
જસવંત મેઘા મન ઉલસી, દિવા ચાતવં સાહા રાજસી. ૭૮

ગંજધર મનં રલીઆતિ છયા, દેહરા થાંનક જોવાડીયા;
સ દ્રવ્ય ગહી દીહું શુભ ઠાણ, દેહરા તણું માંડિઉ મંડાણ. ૭૯

દુહા

રાજડ કહિ દેહરૂં કરૂં, શાસ્ત્ર બંધાણિ જેહ; સુરનર કિંનર માનવી, સહુ વખાણિ તેહ. ૮૦

આગિંઈ જે વિવહારીઈ, વિમલ પ્રધાનિ જેહ; તેહ સમવડિ રચજયો ભંવણ, કહિવૂં તુમ્હનિ એહ. ૮૧

શ્રી શેત્રંજિ ઊધર્યુ, ભરથ ચક્રેશ્વર રાઈ; પ્રથમ ઉધાર જેહવું કીઉ, આંણુ એણિ ઠાઈ. ૮૨

બીજુ ઉધાર સગરિ કરિઉ, શ્રી શેત્રંજ મંડાણ; તિમ નૌતનપુરૂ રાજડ કીઉ, જાંણિં જાંણ સુજાંણ. ૮૩

જિયેષ્ટલ જગ મઝલિ, ત્રીજું ઉધાર જસ વાસ; નૌતનપુરૂ રાજડ કીઉ, પ્રભુ પૂરિ મનંની આસ. ૮૪

ચુંથું ઉધાર જાવડ રચિઉ, વિમલાચલ વિસ્તારિ; તિમ નૌતનપુરૂ રાજડ કરિઉ, રાણાદે ભરતાર. ૮૫

બાહડ બુધિ આગલુ, સિગખેત્રિઈ ઉધાર; પાંડવ પૂરવ પૂન્યથી, તિમ નાગનયર વિસ્તાર. ૮૬

સાહા સંમરિય સમંધ્ધરિઉ, છઠઉ ઊધાર વિસાલ; તિમ નાગડ રાજડ કીઉ, બોલઈ બાલ ગોપાલ. ૮૭

વસ્તુપાલ મંત્રીશ્વરિ, કીધુ ઉધાર સેત્રંજિ; નાગ નયર તેહ સારિખુ, કીધુ ચૈત્ય ઉતંગ. ૮૮

ઢાળ – 3 – ચુપઈ

સંવત ૧૬ બહુતિરિ જાંણિ, દેહરા તણું કીધું મંડાણ;
નવાંણૂં ગજ લાંબુ સહી પુહુલ પણિ ગજ પાત્રીસ જ કહી. ૮૯

શુભ મેહીનું શુભ વેલા મતી, તિથિ અષ્ટમી તે પણિ હતી;
દેહરૂ કરવા માંડૂ વહી, ઉત્તમ લગન વેલા તે કહી. ૯૦

જશવંત મેધુ ઉઠાડીઆ, જલે છલે ખાઈવી માંડાવી;
પાઈઆ તણો કીધુ મંડાણ, જાણિ પુરનર દેવજ ઠાંણ. ૯૧
પ્રથમ થર તે કુંભાતણો, બીજો થર કિલસુ તે ભણો;
ત્રીજો થર કિવાલ વખાંણિ, માંકી થર તે મુહ કમ જાંણિ. ૯૨

પાંચમું થર તે જાંગ જડ બંધ, ફુઢીઉ થર તે ઉંડિ કંધ;
થર સાતમું ભંરાણી ભરપૂર, નાસિ પાપ સરાવઠ દૂરિ. ૯૩

થર નવમું માલાગિર ભણઉ, દસમું થર તે છાજા તણો;
અગ્યારમું તે થરં છિપાર, વલી તે ઉરી કૂંભિ વિસ્તાર. ૯૪

પહિલી જામિ થર એ જાંણિ, એહ જ થર બીજી મંડાણ;
સિખર શૃંગ તિ ઉપરિ કહી, કવિત્ત બોલિ એહવૂં સહી. ૯૫

છસિં નવ શૃંગ ચુમખ શિખરી, ચુમખ નાંમ કહેંદ્રહ સરી;
બાંવન જિણાલૂં મોટિ થંભ, બત્રીસ પૂતલી નાટા રંભ. ૯૬

એક ચુરી નેમીશ્વર તણી, છત્રીસ કૂંભિ ઉંચી છિ ઘણી;
છનૂં થંભ ચુમખ હેઠલ્ય, બહુંતરિ થંભ સોહિ ઉપાલ્ય. ૯૭

પ્રાસાદ લિખમી તિલકહ નાંમ, મંડપ નાગપદમ અભિરાંમ;
શાંતિનાથ મૂલ નાયક કીધ, માનવ સફલ તે લીધ. ૯૮

ચૈત દ્વારિ ગજ માહા બલવંત, બિહુ પાસેય ભલા સોહંતિ;
આબૂતીર્થ જિમ વિમલ કીધ, તિમ નૌતનપુર રાજડ જસ લીધ.૯૯

લખમીપ્રસાદિ મંડપ ત્રણિ, ચુમસ પંચ સુણીઈ તે કીર્ણિ;
ડાવિ અંગિ સહિસ ફણિંદ, બિઠા છિ શ્રી પાસ જિણંદ. ૧૦૦

સંભવનાથ દખણાંગિ તેહ, વંદસિ અવર પ્રીતમાં બિજેહ;
દશિ ઉતર મધ્ય દેશરી જેહ, અચિરા રાંણી ચર્ચા વિદેહ. ૧૦૧

દક્ષણ દિશિ છિ જે ભુંહિરૂં, પ્રતિમા ઘણી છિ વંદન કરૂં;
પશ્ચિમ દિશિ ચુમુખ છિ જિહાં, પાર ન લહું પ્રતિમાના તિહાં. ૧૦૨

પૂરવ દશિ ચુમુખ એક સાર, આગલિ નલણિ મોટઈ વિસ્તાર;
બત્રીસ પૂતલી જેમ શેત્રુંજ, નાગનયર રોપી રાજેંદ્ર ૧૦૩

રાજસી સાહ રાસ

10 શિલ્પ

શિલ્પ રત્નાકર (મંડોવરાધિકાર રત્ન ૩ ગા૦ ૨૪ થી ૨૭)
માં નીચે મુજબના ભાગો દર્શાવ્યા છે :–
પીઠના મથાળેથી છજ્જાના મથાળાના ભાગ સુધી ૧૪૪ ભાગ કરવા, તેમાં –

	ભાગ
ખુરક (ખરો) ના	૫
કંભક (કુંભો) ના	૨૦
કળશો (અંતરાય) ના	૮
કપોતાલી (કિવાળ) ના	૮
મંચિકા (માંચી) ના	૯
20 જંઘા (જાંઘી) ના	૩૫
ઉદ્ગમ (ડેઢિયા) ના	૧૫
ભરણીના	૮
શિરાવટિના	૧૦
કપોતાલિ (પુષ્પકંઠ) ના	૮
અંતરાલના	૨॥
છાદ્ય (છાજું)	૧૩
નિર્ગમ (નિકાશ) ના	૧૦
	૧૪૪

આ જાતના મંડોવરની વાત ક્ષીરાર્ણવ (અ૦ ૯ શ્લો૦ ૧ થી ૪) માં પણ છે – શ્રી ભટેવા પાર્શ્વનાથ જિનાલય સાર્દ્ધ શતાબ્દી
30 સ્મારક ગ્રંથ પૃ. ૩૫૭

દુહા

તિલખું તોરણ વિવહ પશ્રિ, વિજ્ઞાન નહીં પાર; ત્રણિ તોરણ તિલખી, અછિ, તિહનું બહુ વિસ્તાર.
છિ શેત્રુંજિ સારિખું, કીધું નૌતન જેહ; રાજડ ચૈતહિ નિરમલો, તિલસૂ તોરણ તેહ.
સાહા રાજડનાં પુણ્યના, સુકૃત ભર્યા ભંડાર; શુભ કારજ કીધાં ઘણાં, તસ મહિમા નહી પાર. ૧૦૪

ચુપઈ

મોટૂં ચૈત શેત્રંજઈ સમાંનિ, નાગ નયર કીધું બહુ માંનિ;
અવર ગાંમિ કીધાં છિ ઘણાં, નાંમ ઠાંમ કહુ તેહ તણા. ૧૦૫

ભલશારણિ ભલ રૂડિ ગામિ, ચૈત કીધું છિ રૂડી ઠામિ;
પાસિ નદી ફૂલઝરી છલી, ઉત્તમ નરિ તે પાસિ રહિ. ૧૦૬

પોષધશાલા પાસિ પટ શાલ, અંચલગચ્છ રાજડ પ્રતિપાલ;
ઉત્તમ કાજ જે રાજડ કીધ, કલયુગ માંહિ ઘણો યશ લીધ. ૧૦૭

સુરઠ માંહિ જે રાજહકોટ, રાજડ તિહાં કણિ દીધી દોટ;
વાસુદેવ કૃષ્ણજી પ્રાસાદ, મેરુ શિખર સૂં કરિ વિવાદ. ૧૦૮

યાદવવંસિ ભલ ભૂપાલ, કૂંઅર વીભુજી પૃથ્વીપાલ;
તાસ ભાર્યા કીનકાવતી ઉતંમ, જન્માં કૂંઅર કંધોધર રતન;

જીનંજી નિરમલ દાતાર, ચિરંજીવી શ્રી મહિરાંમણ સાર;
તેહનિ ભાવિ શિખર તિહાં કીધ, જગિ સચરાચરિ યશ વા લીધ.૧૦૯ 10

મહી આંતારિ અતિ મહિમા ઘણો, શિખર તિહાં કણિ સોહાંમણો;
ઉપાશ્રુ પાસિ અભિરાંમ, કાંડાબાંણિ ભલું છિ કામ. ૧૧૦

કાલાવડિ ઉપાશ્રય કીધ, તિહાં કણિ લખમી લાહો લીધ;
યતી આશ્રમ કીધુ સુવિચાર, મહિમાં પુણ્યતણો ભંડાર. ૧૧૧

દુહા

માંઢિ મહિમા અતિ ભલો, શિખર કીધ રાજેંદ્ર;
ગાંમ સમગ્ર પંચધાર સહિત, જમાડ્યા ભૂપેંદ્ર. ૧૧૨

ઉસવાલ શ્રાવક થયા, રાજડ પુણ્ય પ્રમાણ;
યોઠી વંસિ મૂઢ જ હતા, તે સહુ થયા સુજાંણ. ૧૧૩
માંડિ દેહરૂં કીધાહનુ, અતિ ઘણ લાભ અપાર; 20
સહસ્ત્ર ચ્યાર ઉસવાલ માંહિ, નાગડ જય જયકાર. ૧૧૪

પોષધશાલા એક સજ કરૂં, કાંડાબાંણિ પાષાણ;
દેશ પરદેશી નર જૂઈ, ધરમહ તણો અહિ ઠાંણ. ૧૧૫

કછ દેશ ઉસવાલ જે, જાણિ માઢા ગામ;
તિહાં કણિ મહિમા અતિ ઘણો, રાજડ ચૈતહ નામ. ૧૧૬

ચુપઈ

નાગ નગર ઉપર દીશિ ભણી, અંત પાણીપર્બ સોહામણી;
કછ મારગિ બેડી તટિ ગામી, પંથી જન સહુ લિ વિશ્રામ ૧૧૭

હણમંત દેહરી પાસિ વલી, રાજડ કાર્ય હોજ્યો નિરમલી;
ઉતમ કરણી કીધી ઘણું, જીભ એક ગુણ કિમ વર્ણવું. ૧૧૮ 30

નાગ નદી દિશિ પૂરવ ભણી,રાજડ કરણી તિહાં કરિ ઘણી;
ચરૂ એક કીધું અભિનવી, અગનિ તાઢિ તાડયા માનવી.

સહસ ગમે આવી બિસતી, સીતલ છાહા પ્રાણી જતી;
ઘણા થંભ ચુરૂ એક સાર, રાજડ પુણ્ય ન આવિ પાર. ૧૧૯.

દુહા

નવિનગરિ ઉપાશ્રુ, સમચિ રાજડ કીધ; વિધિપક્ષ માહાજન અતિ ભલું, પુણ્યહ કરણી સીધ. ૧૨૦
વસ્તુપાલ મંત્રીશ્વરિ, કીધ પોશાલ વિશાલ; સત બારહ આગે સુણી, તિમ નાગ નયર પટશાલ. ૧૨૧
કાંડાબાંણિ સહિ કરૂં, જિમ ચૈતહ તે નામ; અંચલગછના શિષ્ય જે, લિ દર્શન વિશ્રામ. ૧૨૨

ચુપઈ

ધારાગિર પાસિ વખારિ, બીજી વખારિ દીશિ ઘરબારિ;
સપ્ત ભૌમિ મિંદિર સોભતા, કાંડાબાંણિ દીશિ મલપતા. ૧૨૩

સંવત સોલ પંચ્યોતરિ સાર, પ્રતિષ્ઠા કીધ રાજડ નિરધાર;
બિંબ પ્રતિષ્ઠા ઉચ્છવ બહુ, નિજ નિજ માનિ હરખ્યું સહુ. ૧૨૪

સત પાંચ સાત જિન મૂરતિ ભલી, રાજડ ચૈત દીસિ નિરમલી;
નિતિ પૂજા દેહરાસરિ કરિ, જામ માન મનમાહિ ધરિ. ૧૨૫

રાજ્યકાર્ય કરવા સમરથ, જગત્રલોક જન જોડિ હથ;
મોટા વિવાહ જિણ રાજડ કીધ, જગ જાણિ જશવા જગલીધ. ૧૨૬

સંવત સોલ સત્યાસીઈ સાર, પુણ્ય ધરા બનિ લાભિપાર;
ડુઢ કલશી નિતિ પ્રતિ અગ્ર, રાંક રોટી આપિ અન્નપંન. ૧૨૭

વાણિ વર્ગ આવિ વાંણિઆ, સાહ મૂલિજિ કે જાંણીઆ;
સ્વજન પરિ જમાહિ સહી, અનધાનુ વાંક જ નહીં. ૧૨૮

દુહા

સંવત સોલ સત્યાસીઈ, થઉ ઘણ રાંકહ રોલ; બાપહ બેટુ નવિ મલ્યી, નવખંડ હાલ કલોલી. ૧૨૯
પુત્ર જાણિ વચૂ પિત્તા, પિત્ત પરાધી પૂઠિ; તિણિ સમિ રાજડ રંગિ, અન્ન ભરાવિ મૂઠિ. ૧૩૦
આગિ જિમ જગડૂ વસા, હુઉ સંવત બાર; દાનસાલ પંનરોતરિ, અંત અંનૂધા પાર. ૧૩૧
અજિ લગિ દીસિ હજી, લોક પ્રશંસિ સાર; રાંકાનિ મતિ 'જે' ગૂંધરિ, પત્ર રહા અંન છાર. ૧૩૨
મિ જિમ જાણ્યાં તે કહ્યા, મોટા નિરમલ કાંમ; અવર અનેરા અતિઘણા, રાજડ પુન્યસહ ઠામ. ૧૩૩
રાજડ કહિ સંઘ જ કરૂં, વિમલાચલૂ નિરધાર; નામ એકવીસ આગિ સુણ્યા, સિધ ન લાગુ પાર. ૧૩૪
આદીશ્વર આગિ હુયા પૂર્વ નવાણૂં વાર; અનંત સિધા હવિ સીઝસી, કુણ હિ ન લાધુ પાર. ૧૩૫

ઢાળ – ૭ અથ ચૈત્ર પ્રવાડિ નવી રાજડઈ કિધી

ઉત્તમ કુલિ અવતાર, ઉત્તમ કરણીઅ; રાજડ પુણ્યિ આગલી એ, કીધા સુકૃત અનંત,
આગિ અતિ ઘણા કહિતાં પાર પીમીઈએ. ૧૩૬

શ્રી શેત્રંજ ઉલ્હાસિ યાત્ર કરેવાએ ચાલ્યાં ચિત ચોખૂં કરી એ, ખર્ચ્યા દ્રવ્ય અનંત;
શેત્રંજ ઊપરિ સાકર પાંણી સહુ પીઈએ અંન આપિ નિશંક રાજડ પુણ્ય ઘણું શશિ સુદાતા
રાજડિએ ભેટ્યા શ્રી જિનારાય, ઋષભ જિનેશ્વર મંન રંગિ ચર્ચિ ઘણૂં એ. ૧૩૭

સતર પ્રકારી પૂજા કીધી અતિ ભલી, શ્રેણિકરાય પરિ સાચવીએ;
બાવંન જિણાલિ ચૈત્ય પૂજી પ્રેમસૂં, પ્રદક્ષણાં પ્રભૂ પાખલિ એ. ૧૩૮

પૂજી પ્રથમ જિણંદા ચુવિસ તીર્થંકર, લલિત સરોવર મંનિ ધર્યુ એ;
સોહગ સુંદર નેમિ, ડૂંગરસિંહિરિઈએ, ઠાંમિ ઠાંમિ વંદન કરિઈએ. ૧૩૯

રિસહ જિણેશ્વર માત્ત માડી મરૂદેવી, ગિરિવર ખંધિ ગાજતાએ, રાયણ વૃંખ નિવેશ,

પાગલાં પ્રભૂતણાં પૂરવ રીતિ રાજડ ન ક્રિએ. ૧૪૦

તેહ આગલિ પ્રાસાદ, સોલ સમુજિએ, શાંતિનાથ સુખ પૂરવિઈ એ. ભાંજી ભવ ભય ભ્રાંતિ,
રાજડ કુલદીપું કુલ એક માણ ભલી હુઆએ. ૧૪૧

અદબદ આદિ જિણંદ, ડંડ પ્રણામિએ; વિધ વિધિસૂં પૂજા કરઈએ, વિઘ્ન વિણાસણ જક્ષ,
આગલિ પઢિહારો, ફલ નાલેરી ભેટતાએ, ૧૪૨

મુનિવર કારી કૂંડી પ્રણમી, મોલ્હા મંતિ ધરિએ જિણ ચુવીસ
ભાવસૂં વસહી નમેવી વિસ્યા દેહરી, અણપમ દેરાસર સાંભર્યુ એ. ૧૪૩

.....જિણેશ્વર,
ત્રિહું રૂપે કાઉસગ નમ્યા એ.... પહિ....વસિહિ .... જી .....જિહાંએ.૧૪૪

વસતગ કીધ પ્રાસાદ..... બાપ..... ગ વંદતાએ, ઈન્દ્ર મહા...કીધમલીય, ઈન્દ્ર મંડપ ઘણુંજા ૧૪૫ 10

આગમ વયણ વિચાર, સતિ બિહિનર,
વસ્તુપાલ દેહરી કરીએ, નદી સરવર દીઠા વંદિ બાવંન, તિમ શેત્રંજ યાત્ર ભલી કરીએ. ૧૪૬

ખરતર દહેરા પાસિ ડાવિઈ અંગિએ,
આદિ જિણેશ્વર ભેટતા એ, ૧૪ ઘોડ ચુકી સાર, સીંહ દૂવારિઈ એ થાંનક થાંનક જોયતા એ. ૧ ૪ ૭

મન હરખ્યા અપાર, ભવણ જિણેશ્વર,
થોડા માંહિ સવેતી હાંએ, તિલ્યું તોરણ જેહ કીધ, ભરથેશ્વર આદિ જિણેશ્વર બાણિએ. ૧૪૮

રોમાંચા 'જિ' દેહ્ દાવાનલિ,
જાંણે સદન ઉલય્યુંએ પુહતા ભવન મઝારિ; સાચરૂ તિહાં ડાવિ વીર જિન ભેટિઆએ. ૧૪૯

ત્રણ્ય પ્રદક્ષણ દીધ, રાજડ દેઉલિ કોડાકોડી મંડપ ઘણાં એ,
વિહરમાંન વિશેષી ભાવ ઘણે રિલએ મુગતિપૂરી આપી સદાએ. ૧૫૦ 20

પંચે પંડવ દીઠ જાણિયિ ધરણિ સૂંઅ, સિદ્ધિ પુહત્તા તે નમઈઅ, અષ્ટાપદના બિંબ બહુતરિ
તિર્થંકર શેત્રંજથી રાજડ વાંદવાએ ખોખા વસએ...૧૫૧

લેહુજી...સદા રંગી...રાજડ દેવનાર...
ભહ ભિ...હિ...એ. બહુ નમ્યાએ, જિણ ચુવિસ પ્રણમેવિ, ... મુનિસુવ્રત જિન વીસમુએ ૧૫૨

જાત્ર જુહારી આવ્યા મંડપિ, દીઠા સ્વામી લેપ મંઈએ..... ઈ .... જિન અનંત.

શેત્રંજ શિખરહએ લઘુ દીર્ઘ સવિ ભટતાએ,
આદી તીર્થ અપાર, ગણહાર પુંડરિક પ્રથમ પૂજી આગિ હુઆએ. ૧૫૩

મૂલ ગંભારા માંહિ પ્રતિમા બિહુ પાસિ, તે પૂજિ રાજડ રંગિ એ, અલજઆ આદિ જિણંદ;
યાત્ર સેવ કરી વલી ભેટી ભવ ભય ટાલતાએ. ૧૫૪

બીજી પૂજા સાર, ન્વહણ વિલેપણ હરખ ધરી, ઉલટ ઘણઈએ, આવ્યા ભલિ સંસાર, 30
નાગડ એણિ કુલિઈ સિદ્ધક્ષેત્ર જોહરતા એ. ૧૫૫

પઢસિ ગુણસિ જેહ ચૈત પ્રવાડિઈ એ, ધરિ..જારિ.. ફલઈએ,
વાંદી વલ્યા નિશંક દ્રવ્ય અનંતા એ, ગમ આગમ ખરચ્યા ઘણૂ એ,
આવિ નૌતન માહિ સુપત સુષેત્રિય એ, વિત્ત વાવિ ચારૂ મનિઈ એ. ૧ ૫ ૬

દુહા

રામુ કહિ સંઘજ કરૂં, શ્રી ગુડીચિ પાસિ, માનસંઘ પુત્ર અતિ ભલો, પ્રભુ પૂરો માહરી આસ. ૧૫૭

અગડ અછિ અતિ આકરી, ભોમિ શયન મુઝ આજ; યાત્ર કરી રંગિ રસિ, તુ કીજિ બીજા કાજ.૧૫૮

રાજડ કહિ હલસજ કરૂં, રથ તુરંગ મજેહ; સંઘ સમષ્યકંકોતરી, ચારૂ લગ્નિ તેહ. ૧૫૯

કંકોતરી લખી પાઠવી, વાગડ કચ્છ પંચાલ, હલાર હરખિ મલ્યુ, શ્રી ગુડી યાત્ર રસાલ.
પંચ સત સેજવાલ સૂ, ચાલ્યા સકલ સુજાંણ, રથશેહા રવ ઉડતિ, ઝંશુ દીસિ ભાંણ. ૧૬૦

પ્રથમ પ્રીઆણ ઘૂંઆવિઈ, બીજઉં કીધ ભાદ્રેઅ, ત્રિજ્જું પ્રીઆણ કીધ કેસીઈ, ચુંથુ બાલાભેય. ૧૬૧

ઢાલ ૮ ॥ ચુપઈ ॥

તિહાં થકી તે રણનિ છેડિ રથ તુરંગમ કેડિ;
અનુક્રમિ તે પાર જ લહી પુહતા કીડાંણા પાસિ વહી. ૧૬૨

રજની એક તિહાં કણિ રહી, અંજારિનગરી ઉભા જઈ;
કૂંઅર યાદવ ભલ સિંગાર, તેહ પાસિ ભલા જૂઝાર. ૧૬૩

વેલાવા આવિ અસવાર, કટક અનૂ ધૂ શંખ ન પાર;
દિન કેત્ત અંજારિ રહી, ધમડકિ તે પુહત્તા વહી. ૧૬૪

તિહાં થકી ચુબારી વાવ, પુહત્ત લોદ્રાંણી સહુ આવિ;
તિહાથી ચાલ્યાં રણનિ ધેડિ, પુહુત્તા ખારડીઈ ન કીધી જેડિ. ૧૬૫

રાણાસરનૂં પીધૂં નીર, પારૂકર જઈ ભલ પહિર્યા ચીર;
રાણાનિ ભેટણૂં કીધ, રાણિ અતિ ઘણ માંન જ દીધ. ૧૬૬

સીખ માગી ચાલ્યા ગુડીઈ, એક પાલા થલમાંહિ દ્રોડીઈ;
ચૌદ કોશ ચાલ્યા વે તલિ, શ્રી ગુડી સંઘ ભેટયા તે તલિ. ૧૬૭

દુહા

નવિ નગરિ ચાલ્યા પછી, જિ કે વાટિ આવ્યા ગાંમ; બિ સેર ખાંડ જ ભલી, રૂપા મુહરી દ્રાંમ. ૧૬૮
ગુડીરાય ભેટ જ હુઈ, પૂરી મંનની આસ; સાહા રાજડ રામા સહિત, કુંઅર વંદાવ્યું પાસ. ૧૬૯
વાંદી ભાવિ ભાવસૂં, સત્તર પ્રકારી સાર; રાંણાદે વર પૂણ્ય ઘણૂં નર નારી જયકાર. ૧૭૦
સંઘ સહુ ભોજન દીઉ, પંચધાર વિશેષ; સંભારી અંન જ દીઉ, વરણા વરણ વિવેક. ૧૭૧
ત્રણે દેશના દર્શની, વુહુરિ નિતિ ભોજન; આપિ અતિ ભલ સૂખડી, ગૌ ઘન રોટી અન્ન. ૧૭૨
સંઘ સહુ ભગતી દીધાં વસ્ત્ર અનેક; સંઘ પૂજ કીધી સાધુનિ, ઘણૂં વિનય કરી વિવેક. ૧૭૩

ઢાલ – ૯ ॥ ચુપઈ ॥

શ્રી ગુડીથી ચાલ્યા વહી, અનુક્રમિ તે પાર જે લહી;
નદી ગ્રાંમ બહુ વિસમા ઘાટ, ચાલ્યા આવિ નૈતનિ વાટ. ૧૭૪

પુણ્યયોગ પુહતા નિજ પુરી, રાજડ કીર્તિ દેશ વિસ્તારી;
દેશ પ્રદેશ પ્રશિદ્ધું નાંમ, રાજડ કીધાં રૂડાં કાંમ. ૧૭૫

પૂણ્યયોગ આરિજ કુલ લહી, પુણ્યિ મુગતિ પુહુચિ વહી;
પુણ્યિ સર્વ સીઝિ કાજ, પુણ્યિ ઘરિ બિઠા હુઈ રાજ. ૧૭૬

પુણ્યિ તીર્થ પૂરાં કરિ, પુણ્યિ વિના તે અધિવચ પુરિ;
પુણ્યિ ગોત્રજહુઈ સુ પ્રસન્ન, પુણ્યિ હુઈ પૂરણ ધન્ન. ૧૭૭
પુણ્યિ હુઈ પુત્ર પ્રધાંન, પુણ્યિ પીરઆગત હુઈ નિશાન;
પુણ્યિ આસ્યા પૂરિ મલિ, પુણ્યિ અકર્મ કિધા ઠલિ. ૧૭૮

પુણ્યિ પુરૂં પાંમિ આય, પુણ્યિ સહુ તિ ઘાંણી જાઈ;
પુણ્યિ વિના નર નારી જેહ, નીચી ગતિ વલી હોસિ તેહ. ૧૭૯

પુણ્યિ હુઈ પોતિ જેહનિ, મન વંછિત પુહુચિ તેહની;
સાંમી લાહણિ કીધી ઘણું, ચારિ પંક માંહિ વર્ણવું. ૧૮૦

પુરવ પશ્ચિમ દક્ષણ જેહ, ઉત્તર પંથ નરનારિ વસેહ;
તિ માંહિ નગરી નિ ગ્રાંમ, રાજડ લાંહણી ખરચ્યા દ્રાંમ. ૧૮૧ 10

નાંમ ઠાંમ કહુ હવિ તેહ, રાજડ સુકૃત કીધાં જેહ;
પ્રથમ લાંહાણિ નૌતનપુર વાવિ, બીજી લાંહાણિ કીધી ધુઆવિ. ૧૮૨

વણથલી, પડધરી, રાજહકોટ, પુણ તણો બાંધ્યું ભલ મોટ;
લઈઆલુ, ધુલેહર, મોરબી જાંણિ, લાંહાણી કીધી હલવદ્ર
સપ્રમાણિ. ૧૮૩

કટારીઉ, વિહંદ, ધમડકું ધન્ય, રાજડ લાંહાણિ કીધું પુણ્ય;
ચંકાશિર, અંજારિ, ભદ્રેશ, ભૂહડ, પુણ્યતણો નિવેશ. ૧૮૪

લૂંઅડી, બારોહી, ભુજપુર સાર, લાંહાણિ લાહી માડી નિરધાર;
મંડઈ, ખાખ, ઝાઝિ ભાવિ, લાંહાણિ કીધી કોઠારિ આવિ. ૧૮૫

સાસરૂ સાસર જિમ ગડઅડિ, કીધી લાંહાણિ વારૂઘડિ; 20
ભુજનગર મોટું મંડલી, રાજડ રંગિ લાંહાણિ વલી. ૧૮૬

સંઘદેશ નગર સામહી, પરિથલ ભાવિ લાંહાણિ વલી;
બદીના સારણિ બહુ ભાવિ, વ લાંહાણિ કીધી અમરપુર આવી. ૧૮૭

નસરપુર નગરી નૂ નાંમ, ફતેબાગ સેવા એઈસ ઠાંમ;
ઉંચ મલતાંન અનોપમ નાંમ, દેરાઉર ભખર સુપ્રમાંણ. ૧૮૮

સખર રોહડી ચારૂ ઠાંમ, ત્યહી રાજડ કીધૂં નાંમ;
દેરાઉર કરી રસ ઠાંમ, ગૌરવગઢ ભલ દીધૂં દાન. ૧૮૯

હાજી ખાંનદેશ સંબલા, લાહાણિ દીધી મંનિ પરિથલા;
ભિહરૂક સાંબલ નિ કલાનૂર, લાહાણિ દીધી લાહુર ભરપૂર. ૧૯૦

નંગરકોટ તિહાંથી સંચારિ, વીંકાનેર લાહણિ ચિત પરિ; 30
સરસા પટણ અનિ ભટનેર, હાંતીહણ ઉરિ લાહણિ ફેરિ. ૧૯૧

ઉદિપુર ખીમસર મસુરિ, ચિત્રુડ અજમેરિ લાહણિ સાર;
રણથંભર આગરિ વિશેષ, લાહણિ લાહી પારિ ભલ છેક. ૧૯૨

..... દીધ, પૂણ્યજશરાંણિ કીધ;
વડોદ્રિ વેગિ આવીઆ, તેજારિ વિત્ત બહુ વાવીઆ

પીરોજ પરિ દીધદાંન, રાજડ કીર્તિ મેર સમાંન. ૧૯૩

લોદ્રહાણી લક્ષ્મી વાવરિ, ખારડીઈ સ્વામી લાહણિ ફરિ;
સામોસણ પાસિ સુચંગી, મહીયાણી સું મોટિ રંગિ. ૧૯૪

મોદ્રિ મુહુર રૂપાની દીઈ, બરડીઈ ઘરિઘરિ પન્ન તે લીઈ;
પારકર પૂરા આપી દાંન, ભામિની માયૂની દિ બહુ માંન. ૧૯૫

બિહિરાંણિ વિત્ત બહુ વાવરિ, સાંતલપર લાહણિ તે કરિ;
વ હુઈ ચારૂ વાવિ દ્રાંમ, અહિવાલિ કીધૂં પુણ્ય કાંમ. ૧૯૬
વારાહી વિશેષિ સાર, રાધનપુર નિરમલ ઉદાર;
સોહી ગાંમિ સ્વાંમિ સંતોષી, પાસિ વાવિ અંચલગચ્છ પોષિ. ૧૯૭

10 થિરાદ્રિ થિર થાપ્યૂં દાંન, સૂરાચંદ વધારિઉ વાંન;
રાડદ્રહિ રૂપા મુહરી દીધ, ધર્મ કાંમ સાચુરિં કીધ. ૧૯૮

જાલુરિ જગાવ્યઉ જંગ, બાહડમેરિ પ્રગટિઉ રંગ;
ભલ ભાવિ દીધી ભાદ્રેશ, કોટડિ કીધું પુણ્ય પ્રવેશ. ૧૯૯

વિશાલિ વધારિઉં વાંન, શિવવાડી દીધું બહુ ધાંન;
સમીયાણિ સંતોષ્યા સ્વાંમિ, જસુલિ 'જસ' રૂડિ ઠાંમિ. ૨૦૦

મહિવિ મહિમા વાધિઉ ઘણું, આસણકોટ આણંદ ઘણઉ;
જેસલમેરિ જશ જાંણીઈ, પુહુકરણિ લાંહણિ વીણીઈ. ૨૦૧

જોધપુરિ જગાવી જાતિ, નાગુરિ લાહી પ્રભાતિ;
મેડતિમાંહિ માંન જ દીઈ, ઊજ્જણી માહાજંન સર્વ લીઈ. ૨૦૨

20 બ્રહ્મવાદિ વારૂ કરી, સકંદ્રવાદિ લાંહણિ ફરી;
ફતેપુર ફલીએ સર્વ લીઈ, મેવાતિ માંડી નિ દીઈ. ૨૦૩

માલપુરિ મહિમા અતિ ઘણો, સાંગાનેર અતિ સોહામણો;
નંડલાઈ નાડોલિ તેહ, દેસૂરિના શ્રાવક જેહ. ૨૦૪

કુંભલમેરિ કીરતિ કરી, સાદડીઈ લાંહિણિ તે કરી;
ભીમાવાવિ ભલીપરિ દીધ, રાંણપુરિ રાજડ જશ લીધ. ૨૦૫

ચુમસ જૈન ધર્મ્મ નિજ ઠાંમ, ખિરવિ ગૂંદવચ ખરચ્યું દ્રાંમ;
પાવિ સોઝિત પરઠ્યા દાંન, ખસીયલ ચુવીસી વાધિઉ વાનં. ૨૦૬

પાલિગાંમિ પાલિ બિહુ રીતિ, આઉઆ ગોઢે પૂરવ રીતિ;
રોહિઠ જિતારણિ ઝાઝઈ ભાવિ, લાંહણિ દીધ પદમપુર આવિ. ૨૦૭

30 ઉસીઆનગર અનોપમ ઠાંમિ, આદિનગર ભીનમાલ જગાંમિ;
ભમરાંણી ભલ ભાવિ દીધ, શાંડયિ શીત પુણ્ય જ કીધ. ૨૦૮

ઘણાસાંગમિ ધન વાવરિ, વાધોડિ વિત્ત અવચલ કીર;
મોરસીમ મતિ નર્મલિ કરી, કૂંકૂતી લાંહણિ તે ફરી. ૨૦૯

નરતા નરસાણૂં જાંણીઈ, ત્રૂમડીઈ તતક્ષિણ તે લીઈ;

ગાહુઈ ગંગ પ્રવાહિં દાંન, આંબલી આલિ અધકૂંમાંન. ૨૧૦

જારૂલી સીરોહી સાર, રાંમસણ રૂપાની ધાર;
મંડાહડિ ચુવીસી ચંગ, આબૂ ગિર વહુ અતિ રંગ. ૨૧૧

બિહિરાંણિ બહુ લીલા કરી, ઈડરગઢ લક્ષ્મી વાવરી;
ચલવીસલનગરી જિહાં ઠાંમ, અણહલપુર પાટણનું નાંમ. ૨૧૨

સૂરહદિ સુખ લાંહણિ કરી, લાલપુરિ લાંહણિ તે ફરી;
સીધપુરિ સીધી કાંમ, મેરૂ દ્રુ અવચલ જિહાં નાંમ. ૨૧૩

મહિસાંણિ મંન પુરૂં કરી, ઝોટાપિ ઝાઝૂં મંન ધરી;
વીરમગાંમિ વારૂ વયણ, શ્રી શંખીસર દીઠા નયણ. ૨૧૪

માંડલઈ માંન બુહુત જ દીઈ, અધાટિ આણ ઘાહીઈ; 10
પાટડી બજાંણિ બુહુલિ ભાવિ, લાહિણ લાહીલોલાડિ આવિ. ૨૧૫

ધુલકિ ધંધૂકિ સાદ, બારપુરિ સૂં અમદાવાદ;
ચિહું ખૂંણે ખર્ચ્યા ભૂતલઈ, રાજડ માંનિ આંણ ઘાહીઈ. ૨૧૬

તારાપુર માતર મઝારિ, વડોદ્રિ વગતિ લહિ લણી સાર;
ખિંભાતિ હાંસુટ હરખિઈ દેય, સૂરતિ કીરતિ વધિઈ તેઉફ ૨૧૭

બરાંન જાલણપુરનિ ઠાંમ, કંનડી વીજાપુર પ્રગટિઉ નાંમ;
ખડકી માંડવગઢ દુરંગ, દીવનગર બારી નવરંગ. ૨૧૮

ઘોઘા પાસ જસ ઘણ ગુંણ નિલો, સરવા પાલીતાણું ભલું;
જુનઈ ગઢિ મોટું મંડાણ, દેવકિ પાટણ દેવજ ઠાણ. ૨૧૯

ઊનિ દેલવાડિ દાખ્યંન, માંગલુરિ કીધૂં પૂરણ પૂણ્ય; 20
કૂંત્તતી આંણિ કીરતિ વિસ્તરી, રાંણાવાવિ લાંહણિ ફરી. ૨૨૦

પુર મીઆંણી પૂરૂં દાંન, ભાણવડિ પ્રગટિઉ બહુમાંન;
રાણપરિ રૂપું વાવરિ, ભણગુરિ પૂણ્ય પોતૂં ભરિ. ૨૨૧

અંચલગચ્છના શ્રાવક જેહ, ચિહું કૂટ દત્ત દીધૂં તેહ;
ખંભાલીઈ ખર્ચ્યુ દ્રવ્ય બહુ, સ્વામી લાહણિ કીધી સુહ. ૨૨૨

વીસોતરી ભાવતાની જિહાં, અંચલગચ્છ શ્રાવક છિ તિહાં;
માંઢિ માહાંજંન ગોઠી જેહ, સારી લાહણિ દીધી તેહ. ૨૨૩

ઝાંખરિ વંશ અ છિ નાગડી, સાહા રાજડનઈ તે ઢૂંકડી;
છીકારી છિછિ 'તઆં' ગલી, સ્વામી લાહણિ પોખીવલી. ૨૨૪

પીપલીઉ રાશહું જેહ, નાગ ગોત્ર ની વંદિ તેહ; 30
આરિખાંણિ જે નાગડા, સાહ રાજડ નિ તે ઢુંડકા. ૨૨૫

મહિમાંણિ માહાજંણ વિશેખ, કૂડ કપટમાં નાવિ રેખ;
તે માહાજંન માંહિ લાહણિ દીઈ, ઘરિ ઘરિ નિતિ નિતિ ઉછવ થી ઈ. ૨૨૬

કચ્છી ઉસવાલ ઘર સુ પંચ, લહાણિ લાહી તે મોટી શંચ;

હાલારના કચ્છી જેહ, વસતિ ગામ ન કહ્યા તેહ. ૨૨૭

ઉસવાલ સૂં એ ગાંમિ આધિ, પૂણ્ય પદી રથ બાંધિક હાથિ;
પશ્ચિમ દિશિ ગઢકાનું છેક, લાહણિ લાહી ઘરિ એકા એક. ૨૨૮

નીકાવાહિ નિરમલ દાંન, કાલાવડિ વધારિઉ વાંન;
મતૂઆ હીણ મતીઈ વિશેષ, છિ લાહણિ લાહી ભલશરણિ છેક. ૨૨૯

કચ્છ દેશના કચ્છી જેહ, સહુને ઘરેમાંહિ લાહણિ તેહ;
કચ્છ ગાંમ કહ્યા નવી ઘણાં, નાંમ ન જાણૂં સવિ તે તણાં. ૨૩૦

॥ દુહા ॥

રાજડ બંધવ નિણસી, તસ સૂત સોમુ સાર,
10 પુણ્ય અનેક કર્યા ઘણાં, કહિતા નાવિ પાર. ૨૩૧

રાજડ પુણ્યન આવિ પાર, સાહ કરમસી કુલદીપક સાર;
અભિનવ સાલભદ્ર સારીખ, દેવકુંઅર દરશનિ નરિશ. ૨૩૨

ચિત ભૂપાલ સરીખુંરૂપ, વડા વડા સવિ માનિ ભૂપ;
ભૂપતિ માંન દીઈ અતિ ઘણો, યશ લોભી નિણસી સુત ભલો. ૨૩૩

વિક્રમવંશ ચડાવી સોભ, દાંન દેઅંતા ન કરિ લોભ;
મેરૂ દ્રુ અવચલ જાં રવિ તપિ,રાજડ કર્મસી ગુંણ કવિ જપિ. ૨૩૪

શેષ નાગજાં ફણિધર ભાર, મહી મંડાણ તણો વિસ્તાર;
જાં શશિ તારા તેજ તપ તપિ, રાજડ કરમસી કવિતા તપિ. ૨૩૫
જાં મહોદધિ મર્યાદા રહિ, ષટ દરીએ જાં થિર જલૂ વહિ;
શ્રી થૂલીભદ્ર જાં શાસ્ત્રી જપિ રાજડ કરમસી કવિતા તપિ. ૨૩૬
20

॥ દુહા ॥

કવિ જાંણ્યા તે સવિ કહ્યા, શ્રી શેત્રંજિ મંડાણ;
શિખર એક તિહાં નીપનું, સહિ મોટિ મંડાણ. ૨૩૭

ધર્મ્મ કાંમ કહું કેત્તલાં, નિતિ નિતિ પુણ્ય પ્રવાહ;
સુક્ષ્મી બાદર પુણ્યના, પોતી લક્ષ્મી લાહ. ૨૩૮

સુકૃત બાદર કીયા જી કે મિ ભાખ્યા તે સર્વ;
રાજડ પુણ્ય કરણી ઘણી, કહિજ્યો મૂકી ગર્વ. ૨૩૯

હજી હામ પુણ્યહ તણી, કરસિ કુલવંત જેહ;
ભાખસિ સહી પૂરિ મનિ, યાત્ર પ્રતિષ્ઠા તેહ. ૨૪૦
30

વીર વંશ ગોત્રનૂં નાંમ, સાલવી ઉડક પ્રગટિઉ તાંમ;
અનહલપુર ઘર સુ પંચસાર, જલાલપુર ઈલમ નિરધાર. ૨૪૧

અહિમદપુર પંચસાર, કનડી વીજાપર લોચન ધાર;
ગજસાગર ભરથ રૂષિવિશેષ શ્રી કલ્યાંણસાગર દીધ ઉપદેશ. ૨૪૨

વિધિપક્ષ ગચ્છ અતિ ઘણ દીપતુ, ચ્યાર કરષાય માહા જીપતુ;
યશોધન શાખા પ્રથમ જ કહી, અંચલગચ્છ મંડાણી વહી. ૨૪૩

નાનિંગપિતા નામલદે માત્ત, લોલાડી જન્મ્યા પ્રભાત;
શ્રી કલ્યાણસાગર પૂત્ર રતંન, સંયમ સ્ત્રી પરણ્યા તે ધન્ય. ૨૪૪

તે સદગુરુ નિ ભાવિ કરી દેશ પ્રદેશ લાહણી વિસ્તરી;

॥ દુહા ॥

દેશ પ્રદેશ લાહણિ કરી, નવખંડ રાખ્યું નાંમ; ઉત્તમ કાંમ કીધાં ઘણાં, કરસિ વલી શુભ કાંમ ૨૪૫
પ્રતિષ્ઠા મંનમાંહિ ધરી, શ્રી ગુરૂ તેડયા સાર; ઉછવકીધું અતિ ઘણો, વરત્યું જયજયકાર. ૨૪૬

॥ ચુપઈ ॥

સંવત સોલ છનૂઈ સાર, ફાગુણ શુદિ ત્રીજઈ શુક્રવર;
બીજી પ્રતિષ્ઠા વલિકરીય લક્ષ્મી શુભ ધ્યાનિ વાવરિ. ૨૪૭

ચૈત્ય દ્વાર ઉત્તર દિશિ જિહાં, મોટૂં મંડાણ જ માંડયું તિહાં;
ચુમુખ છત્રી શોભિ વલી, દેહરિ દીસિ તિહાં નિરમલી. ૨૪૮

પાવડી આરા માંડયા ઘણા, તેહ કાંમિ જ દીસિ મણા;
તિહાં ય કી તે પોલિ પ્રવેશ, ચૈત માહ કરઈ પ્રવેશ. ૨૪૯

બિહુ પાસિ હસ્તી સોહંતિ, માનવના મંન અતિ મોહંતિ;
ભદ્ર જાતી ઐરાવણ જેમ, ઈંદ્ર ચડયા વલી શોભી તેમ. ૨૫૦

તિમ રાજડ છિ ગુંણ નિલા, પુત્ર પૌત્રાદિક પાસિ ભલા;
દ્રવ્ય અનંતા ખરચ્યા ઘણું, રસિણ એક ગુંણ કિમ વર્ણવું. ૨૫૧

॥ દુહા ॥

સા રાજડ મંન માંહિ ધરી, નગર જમાડૂં સાર; વરણાવરણ વિશેષસું, દિઉ ભોજંન નિરધાર. ૨૫૨
ઈચ્છા ભોજન દેઅસું, જેહાનિ જેહવું ભાવ; તે જમજ્યો પૂરિ મંનિ નાસિ સયલહ પાવ. ૨૫૩

॥ ચુપઈ ॥

પ્રથમ દાંન વિપ્રનિ દીઈ, દશ સહસ્ત્રઆ માંન જ લીઈ;
પૂરણ ચિત્તે ભોજન કરી, આસાં સવિ પુરણ વૂઠી સુરી. ૨૫૪

ત્રીસઠ માહાજંન ઘર જિહાં, જ્ઞાતિ ચુરાસીહિ વલી તિહાં;
નૌતનપુરનું માહાજંન ઘર જિહાં, જ્ઞાતિ ચુરાસીહિ વલી તિહાં;
નૌતનપુરનૂં માહાજંન બહુ, બાલગોપાલ જમાડયા સહૂ. ૨૫૫

અનેક વિધિની છિ સૂખડી, જિણિ દીઠી નાઠિ ભૂખડી;
પરિથલ ઘૃત પૂરિ મંનિ સહિ, અંન અનર્ગલ વાંક જ નહી. ૨૫૬

અનેક પરિસાલણા સુચંગી, નીલા સૂકા રૂડિ બંગિ;
સારથીઆં તે પ્રીસિ બહુ, જોવા સરખૂ જોવી સહુ. ૨૫૭

વ્રત ચુથું વલી લીધૂં જિહાં, માહાજંન સર્વ જમાડું તિહાં;
પજૂસણ પારણા તે કરિ, પરિથલ પોતૂં પુણ્ય જ ભરિ. ૨૫૮

સાધુ સાધ્વિ પોષ્યા પાત્ર, તપ જપ સૂધા નિરમલ ગાત્ર;
પોષ્યા મહાત્મા માહાસતી, ગચ્છ ચુરાસીના જે યતી.

રાજકૂલી છત્રીસે સાર, જમાયડાં વિધિ સૂં વિસ્તાર;
ઘણા સૂત્રધાર શિલાવ સુથાર, ખિત્રી બ્રહ્મખિત્રી ભાવસાર. ૨૫૯

રાજગરોસૂં રૂડિ રંગિ, ખારો હસૂ તે મોટિ બંગિ;
ભાટીઆ લોહાણાં જેહ, ખોજા કંસારા વલી તેહ. ૨૬૦

ભાટ ભૂજન નિ ગંધ્રવ ભલા, વ્યાસ ચારણ જે છિ ગુંણ નિલા;
અવર જાતિના યાચિક જેહ, ઈચ્છા ભોજન દીધાં તેહ. ૨૬૧

લાડિક સકલ તિડયા સુવિચાર, જમાડયા બહુ બહુ વિસ્તાર;
નાઅક કુટુંબ સવે નુહુતર્યા, સહિતા ધૂંઈઆ સાથિ કર્યા. ૨૬૨

ત્રણિ વિધિના કણબી જેહ, સતૂઆરા ભણસાલી તેહ;
તંબોલી માલી મણીઆર, ભાંડભૂંજા ખારૂઓ લોહાર. ૨૬૩

સોની કંદોઈ સુવિચાર, જમાડયા વિધિસૂં વિસ્તાર;
કમાણગિર ઘૂઘૂ સોનાર, પટોલી ગાંધી લિ આહાર. ૨૬૪

આહારિ આરોગ્યાં અંન, ભોઈ અ સવે જમ્યા શુધ મંન;
છીપા ધોબી નિ હજામ, ગલીઆરા જમ્યા પકવાન. ૨૬૫

સઈ મોચી 'નિપ' ઘાયી દંતિ, ભિસાઈત જમ્યા એકચિત્ત;
બંધારા ચૂનારા ચંગ, પ્રજાપતિ જમ્યા મંનિરંગ. ૨૬૬

એમ અનેક જમાડયા સહુ, વરણાવરણ પાર નવિ લહુ;
ષટ દર્શનના પોષ્યા પાત્ર, પુણ્યિ નિર્મલ કીધાં ગાત્ર. ૨૬૭

॥ દુહા ॥

મનછા પૂરી પુહુંચજો, કરજો શુક્ર સાર; સમુદ્ર જલ ધન પરિથલા, હોજ્યો જય જયકાર. ૨૬૮

ચુપઈ

સંવત સોલ પંચાણું ઈ, રાસબંધ રચિઉ સુવિશાલ;
માહા શુદિ સાતામિ ગુરૂવાર, ચરિત્ર અપૂરવ કીધૂં સાર. ૨૬૯

જે વાચિ નિ જે સાંભલિ, તસ ઘરિ લક્ષ્મી લીલી કરિ;
શ્રોત્તાજંન સાંભલજ્યો કાંનિ, વાધિ મતિ મંન મેરૂ સમાંનિ. ૨૭૦

અશ્વમુખા નર એક પગા, શ્વાન વાનર મુખ ગર્દભ ખગા;
હાથીરૂપ અછિ નર જિહાં, રાજડજશ નીંણિ વલી તિહાં. ૨૭૧

સૂહર મુખા નર છિ જિણ વેશ, અસ્ત્રી રાજ તણો જે દેશ,
પંચ ભર્થાર નારિ છિ જિહાં, રાજડ જશ જાણિ વલી તિહાં. ૨૭૨

શિર સગડી પાએ પાઉડી, કરિથી અગનિ ન મેલ્હિ ઘડિ;
પહિરણિ વાકલા ઉઢણ કાંનિ, રાજડનૂં તિહાં સુણાઈ દાંન. ૨૭૩

ચીણ અનિ માહા ચીણ જે દેશી, તિલંગ કલંગ અનિ નવદેશ;
અંગ બંગ ચીત્તુડ સઠાંમ, રાજડ કીરતિ તિહાં કણિ નાંમ. ૨૭૪

જિસલમેર અનિ માલવું, શવકોટી જાલુરી ચવુ;
અમરકોટી હિંગલાજ, કીરતિ તિહાં કણિ લાજ. ૨૭૫

સંધિ ઠઠો નસરપર જાંણિ, હરમજ બધાનું વખાંણિ;
આનંદ બખુ સજલસ ઠાંમ, રાજડ કીરતિ તિહાં કણિ લાજ. ૨૭૬

હેવા હી જલ થાંનક જિહાં, રાજડ કરતિ પસરી તિહાં;
કંનડી વીજાપર છિ દેશ, ખંભાતિ અમદાવાદ વિશેષ. ૨૭૭

દીવ સોરઠ નિ પાટણ ભલો, કચ્છ પંચાલ વાગડ ગુંણનિલો;
હાલાહર માંહિ હરમતિ, રાજડ લજ્યા તિહાં કણિ ઘણી. ૨૭૮

અનંત ગુણ આગિ છિ ઘણા, પાર નહીં રાજડ ગુંણ તણાં;
લજ્યા કીરતિ મેર સમાંન, ઉદયાચલ જિમ ઉગું ભાણ. ૨૭૯

કળશ

શ્રી વિધિપક્ષગચ્છ મિહિમાવંત, શ્રી મેરૂતુંગસૂરી ગુણવંત;
તાસ પાટ બુધાંમેરૂ વખાંણિ, કમલમેરૂ હુયા ગુણ જાંણિ. ૧

તાસ પાટિ સંજિમ સુવિચાર, વાંણિ વરસિ અમ્રત ધાર;
પન્યાસ ભીમા શિષ્ય જે ભાંણ, રૂપાલાલ ન વધ્યું ગ્યાનં. ૨

સકલ સાધ સરોમણ્યસાર, વદ્યા બુધ્ય તણું ભંડાર;
લબધ્ય પાત્ર ગૌતમ સમ જોઈ, સીલિ જંબૂ સરિધ હોઈ. ૩

વાચિક ઉદયસાગર સુવિશાલ, કીયાવંત દયા પ્રત્યપાલ;
તે સદગુરૂ સુપસાંઈ કરી, હરખસાગર મંનિ ઉલટ ઘરી. ૪

સંવત ૧૬૯૮ ઈ સાર, રાસ પ્રબંધ રચિઉ સુવિચાર;
વૈશાખ સુદિ સાતિમ સોમવાર, ચરિત્ર અપૂરવ કીધું સાર. ૫

જે વાંચિ નિ જે સાંભલી, તસ ઘરિ લક્ષ્મી લીલા કરિ;
શ્રોતા જયન સાંભલજ્યો કાંનિ, વાધિ મત્ય મંન મેરૂ સમાનિ. ૬

દાનં સીયલ તપ ભાવન સાર, સુધ સમ્યકત્વ પાલી વ્રતબાર;
રાજડ ચિર નંદુ પરિવાર, સકલ સંઘનિ જિજઈકાર. ૭

– ઈતિ શ્રી રાજસીસાહ રાસ સંપૂર્ણ.

(૧૩૦) સિરીઆદે રાસ ॥ પૂ૦ ॥ ૐ નમઃ ॥

સાહા રાજડના સંઘ પછી, કુણીહ ન કીધું સંઘ; સરીઆદે ઘણ પુણય સું, ભેટયા નેમ જિણંદ. ૧

પુણ્ય ભાવ પૂરિ મંનિ, પુહુતી મંનની આસ; ચૌર ચરડ ભય વિકટ જે, નાઠા નેમી પાસ. ૨

સાહા રાજડના પુણ્યથી, વચન ચડયૂં પ્રમાણ; યાત્ર કરી રંગિ રસિ, રેવાચલ નિર્વાણ. ૩

પંચ સહસ્ત્ર દ્રવ્ય પોતિકીઉ, બાણૂં શ્યાક મઝારિ; આદીશ્વર દિન પારણે, વિશાખ ત્રીજ વિચારિ. ૪

જૂનાગઢ ગિરિ તલહટી, પંચધાર વિશેષ; સંઘ સહુ ભગતાવીઉ, વરણાવરણ વિવેક. ૫

માંનવ ભવ પામી કરી, શ્રાવક ઘરે જન્મ; સરીઆદે દેવકી તણા, પોતિ અધૂના કર્મ. ૬

પૂર્વ શ્રાપ આગિ હુઆ, રા' મોહણ ઉતપતિ જેહ; ચ્યાર વિધિ જે નાગડા, પુત્રી સુખી નહીં તેહ. ૭

જે જિહાં હસિ તે દ્રવ્ય ખરચસિ, કરસિ બહુલા પુણ્ય; ત્રીપંખા ત્રી ત્રી તારસિ, આગિ ઈમ વિત્ત ધનં ૮

ચુપઈ

સંવત સોલ બાણૂયા મઝારિ, યાત્ર કરી સરીયાદે સાર;
માત પિતા પક્ષ તાર્યું ભણું, સસરપક્ષ દીપાવ્યું ઘણું. ૯

તપ ક્રિયા તે સુધી કરિ, માસખમણ મંન માંહિ ધરિ;
માસખમણ તપ પુરું કરી, છયેઅ 'રી' પાલિ ચિત ખરી. ૧૦

10 તપ જપ સમરણ ભાવિ કરી, આબૂ તીરથ મંન માંહિ ધરી;
શ્રી શેત્રંજિ યાત્રા કીધ, રાજડ પુણ્યિ યશવા લીધ. ૧૧

દુહા

સેજવલા સત ત્રણ સૂં, સહસ્ત્ર ત્રણ નર નારિ;
સોરઠ માંહિ જીરણ ગઢિ, ચડયા ગઢ ગિરિનારિ. ૧૨

ભાટ ભોજગ ચારણ બહુ, પોખઈ નિતિ ભોજંન;
અન્ન આપિ અતિ રૂક્ષડા, સરીયાદે ધંન ધંન્ય. ૧૩

યાત્ર કરી રંગિ વલી, આવ્યા નગર મઝારિ;
ધરિ વિત્ત ખરચિ ઘણું, તેહનું નાવિ શંખ ન પાર ૧૪

સા રાજડ કવિતા ધણિ, સુણીઈ બિહુ કાંનિ;
20 આબૂતિર્થ પગલા ભરૂં, જિમ પામું સ્વર્ગ વિમાંનિ ૧૫

– ઇતિ સરિઆદેનો રાસ.

(૧૩૧) રાંણાદે રાસ

દુહા

સાહા રાજડ ગુણ આગલા, પામ્યાં સ્વર્ગ વિમાંન; પૂરવ પુણ્ય તોત્ત હતા, અભિનવ સ્વર્ગ સમાંન. ૧
દેવલોક સુખ ભોગવી, આવ્યા મંનખ અવતાર; માનવ ભવ પામી કરી, સફલ કીઉ અવતાર. ૨
આરિજ દેશ ઉત્તમ કુલ, પામ્યા પરિઘલ રિદ્ધિ; અરિહંતૂ દેવ સુસાધુ ગુરૂ, જિન ભાખિત મંન સિદ્ધિ. ૩
ધર્મ મોટ બાંધી કરી, પુહુતા સ્વર્ગ મઝારિ; પૂર્વ પુણ્ય પોતિ ઘણાં, લહિસિ સુખ સંસારિ. ૪
રાજડ પુણ્ય કીધાં ઘણાં, અર્ધાંગિ રાંણાદે સાથિ; રાજડ સ્વર્ગ પુહુતા પછી, ધર્મ રાંણાદે હાથિ. ૫
રાંણાદે રંભા સમી, રત્ન રાંણાદે રૂપ; જ્ઞાતિ ચુરાસી ભોજન દીઉ, જમાડયા સર્વ ભૂપ. ૬
30 સાહા રાજડ સામીવછલિ, પુણ્ય રાંણાદે કીધ; માનવ ભવ પામી કરી, લાહો લખમી લીધ. ૭
જ્ઞાતિ ચુરાસી જિણિ વિધિ જમી, સતર પક્ષ રસાલ; સતર વિધિની સૂખડી, જમિ બાલ ગોપાલ. ૮
નાંમ કહું હવિ તેહ તણાં, સુણજો કાંનો કાન; નાના વિધિની સૂખડી, રૂપ વધારિ વાંન. ૯

ચુપઈ

જલેબી પહિડાં મહિસૂપ, ખરમા પતાસા ઘેવર રૂપ;
દૂધપાક અમૃતી રસાલિ, મોતીચૂરની ન દિસિ મણા. ૧૦

મરકી અમૃતી રસાલિ, મોતીચૂરની બાંધિ પાલિ;
સાબૂણી સાકર માહિ મલી, જમતાં સહુનિ મીઠી વલી. ૧૧

ગલ્યા ગુલા સાટા સુચંગ, સીરણી પ્રીસિ રૂડિ બંગિ;
વાટી દાલિના લાડૂ ભલા, માંનવ સર્વે જમિ ગુણ નિલા. ૧૨

રાંણાદે માહાજનનિ સહુ, જમાડયા તે કેતા કહું;
ઉસવાલ શ્રીમાલીનિ નુહુતરી, અસ્ત્રી સહિત જમ્યા પરવરી. ૧૩

ભોજન કરાવી નિ મુખવાસ, લવંગ પાંન સોપારી એલચી તાસ;
કેસર ગલાલ સૂં કરિ છાંટણાં, ઉપરિ શ્રીફલ દીધાં ઘણાં. ૧૪

એહવી યુગતિ રાંણાદે કીધ, જ્ઞાતિ ચુરાસી યશવા લીધ;
ભોજગ ભટ ચારણ તે બહુત જાચિક જંન જમાડયા સહુ. ૧૫

અન્ન તણો અર્થી વલી જેહ, ત્રયતુ કરીનિ વાલ્યું તેહ;
દીણ હીણનિ દીધાં દાંન, યશ કીરતિ તે મેરૂ સમાંન. ૧૬

ત્રણિ પક્ષ દીપાવ્યું ઘણુ, રસણિ એક ગુંણ કિમ વર્ણવૂ;
માંનવ ભવ પાંમીનિ કરી, લખમી શુભ ઠાંમિ વાવરી. ૧૭

– ઇતિ રાણાદે રાસ.

(૧૩૨) નાગડાગોત્ર ઉત્પત્તિ સંબંધિ કથા

દુહો

અમરકોટ આગિ હુઆ, રા' મોહણ વંશ પરમાર; જેશંગસૂરિ સદ્‌ગુરિ, પ્રતિબોધ્યા વિરધાર. ૧

કવિત્ત

અમરકોટ અધિપતિ, રાઉ મોહણ મહીપાલહ; કર્મ ઉદય ને કારણિ, પુત્ર પુત્રી નહીં બાલહ. ૧
પૂછ્યા ગુરૂ નિધિસાધુ, સંતતિ તિ કોએ દાખ્યું; વિદ્યા વિવિધ વિમાણ, ભણિ ભૂપતિ તુહ્મ ભાખ્યું. ૨
જેસંગસૂરિ સદ્‌ગુરૂ ભણિ, જૈન ધર્મ તું પડઉ જો; પરહરૂ પાપ શુભ આચરૂ, મદ્ય માંસ હસા તજો. ૩
તજિઉ અર્થ આરંભ, વિવિધ પરિ વાચા દીધી; ગુરૂ આપી આસિકા, તપણ તહ વિદ્યા લીધી. ૪
પુત્ર તણી પ્રાપ્તિ હુઈ, આસ્યા સવિ પૂરી; ચતુર ચ્યાર ચુસાલ, હૂય આસ્યા સસહુરી. ૫
પાંચમું નાગ પ્રશવિઉ ઉદિરિ, નાગ ભાગ લિ આપણા; તે બલિઉ ચૂલ્હિઈ વ્યંતર થઉ, કરિ ઉપદ્રવ અતિ ઘણા. ૬
કરિ ઉપદ્રવ અતિ ઘણાં, તાઈ બાલિક બીહીવિ; ઉતારણા અનેક, લીઈજે જે મંનિ ભાવિ. ૭
પૂછ્યા પંડિત બહૂ, સહૂ એહવી પરિ બોલિ; સપરાંણો સમરથ, નહીં કોએ એહનિ તોલિ. ૮
પ્રગટિઉ પુરુષ પભણિ ઈસૂં, નાગ નામ ગોત્ર જ કરૂં; નોગડા નાંમ કુલ વિસ્તારિઉં, સવે સિધિ સિર્યું. ૯

– ઇતિ નાગડાગોત્ર ઉત્પત્તિ સંબંધિ કથા.

(૧૩૩) હરીઆવંશ પ્રશંસા રાસ ભાવાર્થ

મંગલમાહે સૌ પ્રથમ ત્રણ કડીમાં સરસ્વતિ સ્વામીની ને, સદ્‌ગુરૂ ને. તથા શંખેશ્વર પાર્શ્વનાથ ને પ્રણામ કરવામાં આવ્યા છે. ગોડીપાર્શ્વનાથ ભવભંજન કરનારા છે. એમને જે એકમના થઈ સેવે છે. તેના મનની આશા પૂરી થાય છે. સૂંઢાળા સમર્થ ગણપતિને પણ પ્રણામ કરવામાં આવ્યા છે છત્રીસ રાજકુલમાં પરમાર વંશ છે. તેમાં દધિચંદ્ર રાજા છે. તેનાં મણિચંદ્ર અને તેનાં કુલદીપક રણમલ પુત્ર છે.

રણમલ ને દયાવંત એવો હરીઓ નામક પુત્ર છે. સંવત ૧૨૧૯ માં શ્રી આર્યરક્ષિતસૂરિની ત્રીજી પાટે શ્રી ધર્મઘોષસૂરિ મહારાજે પ્રતિબોધ પમાડયા. ભાલણપુર નગરમાં મોટું શિખરબંધ એક મંદિર બંધાવ્યું.

મૂલ હરીઆને ત્રણ પુત્રો ગુણા, સામંત અને માંડણ તેમાં માંડણ મોટા મનનો હતો.

ગુણાને નરીઆ નામે પુત્ર, નરીઆને ધર્મભાવના વાળા – આસર અને દેશલ નામના બે પુત્રહતા. આસરને નકઆ નામનો પુત્ર થયો. નકીઆને જસીઆ, ભાણા, રાણા અને પાસડ નામે ચાર ગુણવંત પુત્રો હતા. આમા જસીયાના કુલમાં હરીઓ કુલદીપ પુત્ર હતો.

હરીઆને પણ પુણ્યવંત ચાર પુત્રો હતા. નકરત્યા, કોઆ, પદમા અને સોઢીલ. આમ જગવિખ્યાત ત.નો પરિવાર ખુબ વધ્યો. કોઆને આસધર નામે પુત્ર હતો. તેને સોમિત્ર અને વકીઆ નામે બે પુત્રો હતાં. સોમિત્રને માણિક પાસદત્ત અને ભોજીયા નામે ઉત્તમ પુત્રો થયા. માણિકના ઘરે પાંચ પુત્રરત્નો જન્મ્યા ખેતલ, સામલ, ખિરુ પંચાઅણ અને પાંચમો રતન ખેતલને ૪ પુત્રો થયા આસા, દેવા, ગેત્યા, ડાહીઆ જેઓ અતિભલા છે. બધા એમની સેવા કરે છે. આસાનાં પુત્ર રાજું જન્મ્યા. જેના પુણ્ય પ્રતાપે રિદ્ધિ-સિદ્ધિ પ્રગટે છે. રાજુનાં બે સુંદર પુત્રો થયા. એક લખીયો અને બીજો જયતો. તેઓ ઘણાં પુણ્યકાર્ય કરતાં હતા.

લખીયા અને જયતા એ સાહારાજા સાથે યુદ્ધ કર્યું. ઘણુ સારુ નિયવલું ( ) કર્યું. મહાજનમાં પોતાનો રંગ રાખ્યો.

લાખીયાને આસપાલ નામ પુત્ર થયો. મન મુકીને મિન મુકિને ધીણ જમ ( ) છે. હરગણ હર્ષપૂર્વક ઘણું ખર્ચ કરશે તે દિવસ ધન્યધન્ય બની જશે.

સાધીરણ નામે રાજાને ભાઈ અતિ ધનવંતો હતો. તેના ગુણવંત કંધોતર (બળવાન) ચાર દીકરા હતા. માલો – પંચાણિયો – ભોજીઓ – ધનો અને ધીરણ એ બધા રાવરાણા કહેવાતા હતા.

ધીરણને માલો નામે પુત્ર થયો. માલાને મ્હારાજ નામે પુત્ર હતો. તેને બીજલ નામે બાંધવ હતો સર્વના કાર્ય સંપન્ન કરતો હતો. માલાનો પંચાણઓ નામે ભાઈ હતો. તેના પુણ્યથી સઘળા કાર્ય થતા હતા. ઘણી ઉમંગ – હોશ રાખીને ધર્મના કાર્ય કરતો કરતો હતો. અગ્રેસર (મોખીઓ) તે જગ્યનએ માન પામે છે. તેનો પુત્ર કમો ઘણો સજ્જન હતો ઘણું ધન વ્યય કરતો હતો.

દેપા ગોપાના વહીવટ (વહીચા વટ) માં મંત્રી થયો. તેના ગુણ ગાઈશું. ડાહીએ (તેની પત્ની) ત્રણ પુત્ર રત્નોને જન્મ આપ્યો. ડેરૂ, ભાસા અને આસારીઓ. આ ત્રણ પુત્રોથી જગત જાણે ધન્ય ધન્ય થઈ ગયા.

ડેરૂ શાહ ઘણું દાન આપતો હતો. તેને લાલુ નામે સુંદર પુત્ર જન્મ્યો. લાલુને રૂડાં રૂપાળા (બાંગિ) અને ચતુર એવા છ દીકરા હતા. રાજુ, આસવંત, દેવાણંદ, ધારૂ, માણસી અને ચંપો આ છ પુત્રોની ચાતુરી અને કૌશલ જગ જાહેર હતા.

એના કુલમા આગળ ઘણાં પુણ્યના કામ થયા. ડેરૂ શાહ પર્યુષણ પર્વ પ્રસંગે ઘણું ધન વ્યય કરે છે. હરીયા કુલમાં ઘણો ઉલ્લાસ છે. ઘણી પુણ્ય કરણી થાય છે.

પંચાલી એ મન પૂર્યા છે. ધૃતપુણ્ય કીધૂં તાસ !

પુન્યયોગે આર્યકુલની પ્રાપ્તિ થાય છે. પુન્ય પ્રતાપે મુક્તિપદ પહોચાય પુન્યથી સર્વકાર્ય સિદ્ધ થાય. પુન્યથી ઘર બેઠા રાજ મળે. પુન્ય હોય તો તીર્થ યાત્રા પૂર્ણ થાય અન્યથા અર્ધ યાત્રા એ મૃત્યુ થાય. પુન્યથી ગોત્રજ પ્રસન્ન થાય છે. પુન્યથી ધન–સમૃદ્ધિ સંપૂર્ણ બને છે. પુન્યથી શ્રેષ્ઠ પુત્ર મળે, પુન્યથી નિધાન પ્રગટ થાય છે, પુન્યથી આશા ફળે. પુન્યથી અકર્મો દુષ્કર્મો ટળે છે. પુન્યથી પુરૂ આયુષ્ય અને સદ્‌ગતિ પ્રાપ્ત થાય છે. પુન્યવિના નરનારી સૌને નીચગતિ મળે છે. જેનું પુન્ય પહોંચતું હોય એને મનવાંછિત મળે છે. આવા પર્વ પર્યુષણના પ્રસંગે મહાજને જે લ્હાણી કરી તે એક જીભથી વર્ણવી શકાય એમ નથી. જુદા જુદા ગામોમાં લ્હાણી કરી તેનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

અને છેલ્લી ચુપઈમાં વિષાપહાર ગોત્રની સાથે સાત ગોત્રમાં દાનની વાત જણાવી છે. પુન્યના પસાયે વિવિધ કાર્યોની વાત જણાવે છે. વર્ણન અપૂર્ણ છે.

હરીઆ વંશ પ્રશંસા રાસ

શ્રી વીતરાગાય નમઃ

સરસતિ સાંમણિ પાય નમી, પ્રણમી સદ્‌ગુરૂ પાય; શ્રી શંખેશ્વર સ્વામિને, પ્રણમે સુર નર રાય. ૧

એક મના થઈ ઓલગે, પહુંચે મનની આસ; ભવ ભંજન એક સ્વામિ તું, ગુડીય મંડન પાસ. ૨

લંબોદર ચરણે નમી, સૂંડાલા સમરથ; વિવિધ દાન ધૃત તણું, હરીઆ છલે ગરથ. ૩

કુણ વંશ કીહાં ઉપના, કુણ થાનક કુણ ઠામ; રાજકુલી છત્રીસ માંહિ, વંશ પરમાર નામ. ૪

વંશ પરમારે ઝાણીએ, રાઉ ભલો દધિચંદ્ર; દધિચંદ્ર પુત્ર મણિચંદ્રહું, રણમલ તસ કુલચંદ્ર. ૫
રણમલ પુત્ર હરીઓ ભણું, દયાવંત નિરધાર; *શ્રી આર્યરક્ષિત ત્રીજે પટે, શ્રી ધર્મઘોષ સુવિચાર. ૬
પ્રતિબોધ્યા પૂરે મને, સંવત ઉગણોત્તર બાર; શિખર એક તિહાં નીપનું, પુર ભાલણી મઝારિ. ૭
મૂલ હરીઓ જે હુઓ, તેહના પુત્ર જ ત્રણ; ગુણા સામત માંડણ એ બંધવ ભલા, માંડણ મોટિમ મન. ૮
ગુણા પુત્ર નરીઓ અને, નરીઆ પુત્ર બે જાણ; આસર દેશલ દીપતા, ધર્મ તણો અહિઠાણ. ૯
આસર પુત્ર નકીઆ તણા, હુઆ પુત્ર વ ચ્યાર; જસીઆ ભાણા રાણા રંગિ, પાસડ તે ગુણધાર. ૧૦
જસીઆ કુલે દીપતો, હરીઓ નામે વિસ્તાર; હરીઆ ઘરે દીપતા, પુત્ર ચ્યાર પુણ્ય સાર. ૧૧
નકસ્યા કોઆ જાણીએ, પદમા સોઢીલ એહ; તેહ પરિવાર વધ્યો ઘણો, જાણે સહુ જગ તેહ. ૧૨
કોઆ કુલે દીપતો, પુત્ર આસધર જેહ; તાસ પુત્ર બે ઉપના, સોમિગ વકીઆ તેહ. ૧૩
સોમિગ સુત ત્રણ જ થઆ, માણિક મહિમાવંત; પાસદત્ત ભલ ભોજીઆ, ઉત્તમ પ્રાણી જંત. ૧૪
માણિક ઘરે ઉપનાં, પુત્ર પંચ જતંન; ખેતલ સામલ ખિરૂ ખરો, નમું પંચાઅણ રતંન. ૧૫
ખેતલ પુત્ર વેદ જ ખરા, આસા દેપા દેવ; ગોપા ડાહિઆ અતિ ભલા, સહુ કરે તસ સેવ. ૧૬
આસા અંગે ઉપના, રાજુ ધારણ ધન્ય; પરિધલ રિદ્ધિ પોતેઅ છે, જેહને પુરવ પુણ્ય. ૧૭
રાજુ રૂપે રૂઅડો, તસ અંગજ સુત બેય; લખીયો જયતો સંપના, પુણ્ય કરે બહુ તેહ. ૧૮
સાહા રાજા ને લખીએ, જયતે વાધ્યો જંગ; નિયવલું કીધું ભલું, માહાજન માંહિ રંગ. ૧૯
લખીઆ સુત આસપાલ, જેમે ધીણ મોટે મંન; હરગણ કરખે ખરચસે, તે દિવસ ધન ધન્ય. ૨૦
રાજા ભાઈ દીપતો, સા ધીરણ ધનવંત; પુત્ર ચાર કંધોધરા, ગુણધારી ગુણવંત. ૨૧
માલો માને આગલો, પંચાણીઓ પુણ્યવંત; ભોજીઓ ધનો ધીરણ ભલા, તે રાવ રાણા ભણંત. ૨૨
ધીરણ સુત માલો ભલો, માલા સુત મ્હેરાજ; બંધવ બીજલ જાણીએ સરવણ સારે કાજ. ૨૩
માલા બંધવ પંચાણીઓ, તેહને પુણ્યસહ સરસૂં કાંમ; આસમતિ ઉલટ ઘણી, ધર્મ કરે બહૂ ઠાંમ. ૨૪
માન ઘણે મને મોખીઓ, તસ સુત કમો સુજાણ; ધન ખરચે ધનો ઘણું, પોષે જાણ અજાણ. ૨૫
દેપા ગોપાના હુઆ, વહીયાવટે તેહ; મંગીઉ મતિ આગંલો, ગુણ બોલસું તેહ. ૨૬
..... ડાહીએ, જન્મ્યા પુત્ર રતન; ડેરૂ ભારૂ આસારીઓ, જગત્ર જાણે ધન ધન્ય.
સાહા ડેરૂ દાને ઘણું, તસ સુત લાલુ ચંગ પુત્ર ષટ જનમ્યા ભલા, રૂડા રૂડે બંગિ. ૨૭
રાજુ આસવંત દેવાણંદો, ધારૂ માણસી જેહ; ચાંપો ચતુરાઈ કુશલ, જગ જાણે સહુ તેહ. ૨૮
એને કુલે આગે અતિ ઘણાં, પુણ્યહ કીધાં કાંમ; સાહા ડેરૂ ખરચે ઘણું, પર્વ પજુસણ ઠાંમ. ૨૯
પુણ્યહ કરણી છે ઘણી, હરીઆ કુલે ઉલ્હાસ; પંચાલીએ પૂરે મને, ધૃત પુણ્ય કીધું તાસ. ૩૦

॥ ચુપઈ ॥

પુણ્ય યોગ આરિજ કુલ લહી, પુણ્યે મુગતિ પુહુંચે વહી;
પુણ્યે સર્વ સીજે કાજ, પુણ્યે ઘર બેઠા હુઈ રાજ. ૩૧

*ક્યાંક 'શ્રી મહાવીર ત્રીજે પટે' ઉલ્લેખ છે જે અશુધ્ધ છે.

પુણ્યે તીર્થ પૂરા કરે, પુણ્ય વિના તે અધવચ મરે;
પુણ્યે ગોત્રજ હુઈ સુપ્રસંન, પુણ્યે હુઈ પુરણ ધંન ૩૨

પુણ્યે હુઈ પુત્ર પરિધાન, પુણ્યે પરિઆગત નિધાન;
પુણ્યે આસ્યા પૂરી મલે, પુણ્યે અકર્મ કીધાં ટલે. ૩૩

પૂણ્યે પૂરૂં પામી આય, પુણ્યે સદ્‌ગતિ પ્રાણી જાય;
પુણ્ય વિના નર નારી જેહ, નીચી ગતિ વલી હોસે તેહ. ૩૪

પુણ્ય હોઈ પોતે જેહને, મન વાંછિત પુહુંચે તેહને;
મહાજન લાહણિ કીધી ઘણું, રસણિ એક કિમ ગુણ વર્ણવું ૩૫

લાહણિ નૌતનપુર વાવિ, બીજી લાહણિ બીમરાણિ આવિ;
10 ધુલહરે લાહણિ ધૂનિ માનિ, લાહણિ કીધી મહિમાંણે આવિ. ૩૬

લાહણિ ખડબે કીધી ખંતિ, નાગૂરાઈ ઓખે એક ચિંત;
આરિખાંણે આપી આખે, ખીરસરાના લિએ કહું સાખે. ૩૭

ગજણે તે ગૂંજાવર કરે, પરિધલ પોતૂં પુણ્ય જ ભરે;
દ્રોણિએ તે ખરચે દ્રવ્ય, ટોડાનૂં માહાજન લે સર્વ. ૩૮

બાટાવડીએ ટબકયો મેહ જિમ, લાહણિ લાહી તે મોટે મર્મ;
દબાસંગે ઘૃત વાવરે, પરિધલ મનિં બેરાજૂ ભરે. ૩૯

લૂણિ સૂરાઓ માહાજન બહુ, કાંનાવી લૂસે પાસે કહું;
સાંગણ લૂસે સત આગલો, લાહણી સર્વ લિએ માહાજન ભલો. ૪૦

છીકારી છિછિ આગલી, માહાજન સર્વ બેહું તે મલી;
20 હરીઆ કુલે પંચાલુ પંચ, લાહણિ કરે તે રૂદ્ર સંચ ૪૧

છીકારી માંહિ લાહણિ કપ રી, દેસ પરદેસ કીરતિ વિસ્તરી;
આગે એણિ કુલે રૂડાં કામં, સપ્ત ક્ષેત્ર ખરચ્યાં બહુ દાંન. ૪૨

પીપલીઊં રાહુનુ જિહાં, લાહણિ કીધી માહાજન માંહિ તિહાં;
ડિઢીએ દીપાવ્યૂં દાંન, ગુજર માહાજન દે બહુ માંન. ૪૩

પંચાલીએ તે પુરે ભાવે, લાહણિ લાહી ડિઢીએ આવે;
વસઈએ પરિધલ વિત્ત વાવરે, બેહડી ગ્રામ પરિધલ પુણ્ય ભરે.૪૪

લાખા બાઉલ ને ડેરા જિહાં, લાહણિ લાહી ઘૃત સઘણ તિહાં;
ચિલાનું માહાજન નવલી ચંગ, લાહણિ લાહી તે રૂડે બંગ. ૪૫

નગર પાસે બેરાજૂં રેગ, લાહણિ લાહી નાગુરી ચંગ;
30 વિવિધ પ્રકારે ઘૃત વાવરે, પંચાલુ પુણ્ય પોતૂં ભરે. ૪૬

પાડાણિ ખાહવડીએ ખંતિ, ઘૃત લાહણિ દીધી એક ચિતિ;
ગ્રામ એટલે દીધૂં દાંન, પંચલીઉ જાગે બહુમાંન. ૪૭

દિશિ આથમણિ માહાજન જિહાં, લાહણિ લાહી ઘૃત પરિધલ તિહાં;
માહાજન પુણ્ય પસાયે કરી, રાસંગપુર લાહણિ મનિ ધરી. ૪૮

ઝાંખરી બાલચદેઉલીઈ દાંન, માંઢે વીસોતરી વધાર્યુ વાંન;
શ્રી સંઘ પુણ્ય લાહણિ કરૂં, એહ વાત ચિતિ નિત ધરૂં. ૪૯

ગ્રામડી ખંભાલીએ ધન વાવરૂં, સોનારડી ભાતેલે ભડૂ;
રાહુનાં બલહા વલી ઘણા, એહ કામ નવી રાખું મણા. ૫૦

ભગવંત પુણ્યે પસાઈ કરી, લાહણિ ચૂરી કરૂં મનિ પુરી;
શ્રી સંઘ પુણ્ય પસાઈ કરી, હાલાહર માંહિ લાહણિ ફરી. ૫૧

હરીઆ કુલે અછે પુરૂષ પ્રધાન, પાસવીર સમો એમ જાણ;
એણિ કુલિ હુઆ પુરૂષ પ્રધાન, રાઅ રાણા દિ અતિ ઘણા માન.૫૨
અમરકોટ માનવ સુચંગ, પાસવીર વધારીઓ રંગ;
એણિ કુલિ જે જન્મ્યો જણે અછે, પૂછીય વાત કરે સહૂ પછે. ૫૩

દુહા

હરીઆ સાંઈઈ ભણીએ, કકા કલવંત એહ; ગુર થરીઆ છુલિ ગરથ, જાણે જગ વલી તેહ. ૫૪
ફરી થઈ મ થોભ બહુ, આયે નિત નિત દાંન; મહિમા અતિ ઘણ તેહનો, દે માહાજન બહુ માંન. ૫૫
મરૂથલીઆ મારૂ આદિ અછે, તિહાં કણિ તેહ પ્રસિદ્ધ; ઉત્તમ કામ કીધા ઘણા, શિખર એક સૌ સિદ્ધ ૫૬

ચુપઈ

વિખાપહાર તે ગોત્ર જ એક, ગોત્ર સાત નીપના છેક;
સાતે ગોત્રે ઉત્તમ દાંન, રાય રાણા માને બહુ માંનિ ૫૭

ગોત્ર સાત દીપાવ્યાં દાંન, પંચાલીએ વધારી માંને;
હિલાહર માંહિ કરણી કીધ, લાહો લક્ષ્મીનો ઘણ લીધ. ૫૮

પુણ્ય પસાઈ ઉત્તમ વંસ, પુણ્ય પસાઈ છાઘે વંસ;
પુણ્ય પસાઈ કુલ સણગાર, પુણ્ય પસાઈ કુલનો ભાર. ૫૯
પુણ્ય પસાઈ ..... (અપૂર્ણ)

(૧૩૪)શ્રી સમેતશિખર ગિરિ પ્રબંધ – કર્તા-કવિ પૂ. જસકીર્તિ

આ રાસ ના કર્તા કવિ જશકીર્તિ એ શ્રી ગોડીયા પાર્શ્વનાથ, ગુરૂ ગુણવર્ધનગણિ આદિને નમસ્કાર કરીને સંઘપતિ કુંરપાર સોનપાલે કાઢેલા યાત્રા સંઘનું પ્રથમ ખંડમાં આ પ્રમાણે વર્ણન કર્યું છે. :

અંચલગચ્છાધિપતિ ધર્મમૂર્તિસૂરીના શિષ્ય વાચક વિજયશીલ ના ઉપકારો ને સ્મરીને કવીએ વર્ણવ્યું છે સમેત શિખર ગિરિના ગુણો ઈક્ષુ રસ જેવા રસાલ છે. દેવોમાં જેમ સુરેન્દ્ર છે, ગ્રહોમાં ચંદ્ર છે, પર્વોમાં પર્યુષણ પર્વ છે, મંત્રોમાં નવકાર મંત્ર છે, ગિરિમાં મંદરગિરિ છે, માનવોમાં ચક્રવર્તી છે, મુનિઓમાં જિનેશ્વર છે, નદીઓમાં ગંગા છે, મણિ માં ચિંતામણિ રત્ન છે, ગજમાં ઐરાવત છે એમ તીર્થોમાં સમેતશિખર છે. મહીમંડલમાં અરગ્ગલપુર – આગરા મોટું નગર છે. ત્યાં અકબરના પુત્ર જહાંગીર બાદશાહ રાજ કરે છે એ નગરમાં ઉસ વંશીય, લોઢાગોત્રીય, અંગાણી શાખીય વ્યવહારી રાજપાલ ભાર્યા રાજશ્રી પુત્ર રેખરાજ ભાર્યા રેખશ્રી ના પુત્ર કુંઅરપાલ તથા સોનપાલ નિવાસ કરતાં હતા. એક સૂર્ય જેવો હતો તો બીજો ચંદ્ર સમાન. બન્ને બાંધવો મહાદાનેશ્વરી અને રાજ્યકાર્ય માં માહેર તેમજ ધર્મિષ્ઠ હતા. એક દિવસ બન્ને બાંધવો એ વિચાર કર્યો કે આપણે શત્રુંજય તીર્થની યાત્રા કરી. ત્યાં જિનપ્રસાદની સ્થાપના કરી તેમાં પદ્મપ્રભુની પ્રતિષ્ઠા કરી. સંઘપતિ સોનપાલે કહ્યું – ''ભાઈજી હવે આપણે સમેતશિખરજીની યાત્રા કરીએ.'' એ સાંભળી સંઘપતિ કુંઅરપાલ બોલ્યા – ''સુંદર વિચાર ! આ કાર્યમાં લવલેશ પણ વિલંબ ન કરવો જોઈએ. આગરાંના જિનાલયોમાં બિંબ પ્રતિષ્ઠાને હજી ઘણી વાર છે. સમેત શિખરજીની યાત્રા કરી તેનું મુહૂર્ત નિર્ધારિત કરશું. તીર્થયાત્રા માટે વેગથી તૈયારી કરો, બીજા કામો હાલ પડતાં મુકો !''

આમ રાતે વિચાર કરી બીજા દિવસે પ્રભાતે બંન્ને બાંધવો પોશાળમાં ગયા. વિદ્વાન જ્યોતિષીઓને ત્યાં તેડાવી મુહૂર્ત જોવડાવ્યું આ વાત સાંભળી ત્યાં મહાજન એકત્રિત થઈ ગયું ગણક અને મુનિએ મળીને યાત્રા શુભ મુહૂર્ત વિ. સં. ૧૬૬૯ના માઘ વદ ૫ શુક્રવારના ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર કન્યા લગ્નમાં મધ્ય રાત્રીએ બતાવ્યું. એ શુભ લગ્નમાં વંછીત ફળ પ્રાપ્ત થાય એવું જાહેર થતાં સૌએ મળીને તેને વધાવી લીધું. મહાજને બંન્ને ભાઈઓના લલાટે ચંદનનું તિલક કરી ઉપર ચોખા ચઢાવી બધે ચંદનના છાંટણાં કર્યા, તેમજ હર્ષપૂર્વક બંન્ને ભાઈઓને શ્રીફળ અર્પણ કરી સન્માનિત કર્યા. સંઘપતિ બાંધવોએ જોશીને સારી પેટે સંતોષ્યા. આ સમાચાર નગરમાં ફેલાતાં બધે તેમની પ્રશંસા થવા લાગી.

ઘરે આવીને બન્ને ભાઈઓ એ વિચાર્યું કે સંઘમાં ગચ્છપતિ પધારે તો ઘણો ધર્મલાભ થાય. આમ નિર્ણય કરી ગચ્છપતિ ધર્મમૂર્તિ સૂરિજીને વિનંતિપત્ર લખી કુંઅરપાલના પુત્ર સંઘરાજને ખાસ રાજનગર – આમદાવાદ પાઠવવામાં આવ્યા. શાહ સંઘરાજને એવી સુચના આપવામાં આવી કે સૂરીને આગ્રહપૂર્વક તેડી આવવા.

વિનંતી પત્ર લઈ સંઘરાજે રાજનગર જઈ તુરંત ગચ્છપતિ ને પત્ર સુપ્રત કર્યો. સંઘપતિ બાંધવોની સમેતશિખર તીર્થની સંઘ સહિત યાત્રા કરવાની ભાવનાનું પત્રમાં બયાન વાંચી ગચ્છપતિ હર્ષિત થયા. એ વિસ્તૃત વિનંતી પત્રમાં સૂરીવર્યને ખાસ પધારવાનું ભાવભર્યું નિમંત્રણ પણ હતું. એ વાચીને ગચ્છપતિએ જિનશાસનના શણગાર સમી વસ્તુપાલ – તેજપાલની બાંધવ બેલડીને યાદ કરી તેમજ શુભ કાર્યની અનુમોદના કરીકે પુણ્ય વિના આવુ ન પામી શકાય. ધર્મમૂર્તિસૂરિએ અંતે કહ્યું – 'હવે વૃદ્ધપણામાં મારાથી વિહાર થઈ શકતો નથી. વળી પંથ ઘણો દૂર તેમજ વિષમ છે. અને આયુષ્યના દિવસો થોડા છે. તમારી સાથે શત્રુંજયના સંઘમાં હું આવ્યો હતો ત્યારે મારામાં શકિત હતી. કિન્તુ હવે બીજી વાત છે.'

સંઘરાજે ફરી આગ્રહ કર્યો કે અમારી વિનંતિ અવધારો આપના આવવાથી ઘણો ધર્મલાભ થશે. આપની વાણીનું શ્રવણ કરવા ભવિકજનો તરસ્યા છે કિન્તુ સૂરિવર્યે એજ વાત દોહરાવી કે હવે મારાથી ત્યાં આવવું શકય નથી. અને ભારપૂર્વક કહ્યું કે હે સંઘરાજ શાહ ! સમેત શિખર ગિરિરાજને ભેટવામાં હવે વિલંબ શા માટે કરો છો ?

પ્રત્યુત્તર રૂપે શ્રેષ્ઠીએ કહ્યું – '' હું શું કરું? અમારા ઉમંગ રૂપી હાથી કાનવડે ઝાલ્યો ઝલાય તેમ નથી !''

આ વાર્તાલાપ બાદ સંઘરાજ શાહ સૂરિવર્યને વંદી ઘરે પાછા ફર્યા. શુભ મુહુર્ત જોઈ પરિવાર સહિત રાજનગરથી આગરા જવા પ્રયાણ કર્યું. ત્યાંનુ મહાજન તેમને વળાવવા ઘણે સુધી સાથે ચાલ્યું માર્ગમાં ગામે ગામ પ્રભાવના કરતા તેઓ સીકરી આવ્યા. તેમના આગમનની વધામણી મળતા પરિવારજનો તેમને લેવા સામે આવ્યા. તેમને ક્ષેમકુશળ આવેલા જોઈ આગરાનું મહાજન હર્ષિત થયું. સર્વ કાર્યો સિદ્ધ થયાં હોય તેમ કુંઅરપાલના પુત્રને આવકાર મળ્યો. ગુજરાતના દુષ્કાળને દૂર કરનાર સંઘરાજને વધાવવા સ્થાનિક સંઘે મહોત્સવ કર્યો. અહીં રાસની પ્રથમ ખંડની સમાપ્તિ થાય છે. દ્વિતીય ખંડનો પ્રારંભ શાહી ફરમાનના વૃત્તાંતથી થાય છે. બન્ને બાંધવોએ નક્કી કર્યું કે સૌપ્રથમ આલંમપતિ જહાંગીરની ભેટ કરી શાહી ફરમાન પ્રાપ્ત કર્યા બાદ ગામે ગામ સંઘ નિમંત્રણો પાઠવવા એ મુજબ તેઓ મોટી ભેટ સોગાદો લઈ બાદશાહને મળવા ગયા. કીમતી ઉપહારો જોઈ બાદશાહ પ્રસન્ન થયા. – દીવાન દોસ્ત મહમદ નવાબ ગ્યાસ બેગ તથા અનિયરાય કુંઅરપાલ સોનપાલની પ્રશંસા કરી સિફારસ કરી કે તેઓ મોટા વ્યાપારી છે અને મહાજન કાર્યમાં સદા ઉપકારી રહે છે. એ સાંભળી આલમપતિ શાહ જહાંગીર બોલ્યા '' હું આ ઉદાર ચરિત ઓસવાલને સારી રીતે જાણું છું. તેમનાથી અમારા નગરની શોભા છે. તેઓ અમારા કોઠીવાલ છે. અને 'બંદિવાનો છોડાવનાર' એ તેમનું બિરૂદ છે. હું તેમના પર બહુ જ ખુશ છું. તેઓ જે માગશે તે આપીશ.''

બાદશાહના વચનો સાંભળી સંઘપતિ બાંધવો ઘણા ખુશી થયા. તેમણે સમેતશિખરનો સંઘ કાઢવાની અભિલાષા વ્યક્ત કરી જણાવ્યું કે સંઘ રક્ષણ અર્થે અમને સૈન્ય આપો અને તે અંગેનું શાહી ફરમાંન કરી આપો.

સંઘપતિના વચનો સાંભળી બાદશાહ અભિભૂત થયો. તેણે કહ્યું કે અમે બધા વણિકોને જોયા છે પણ તેમાં કોઈ તમારી તોલે નથી. રાજસભામાં આલમગીરે ફરી ફરી આવાં પ્રશસ્ત વચનો ઉચ્ચાર્યા. અને શાહી ફરમાન કરી આપી સંઘપતિઓને હાથોહાથ સુપ્રત કર્યું. બન્ને યોગ્ય સિરપાવ તેમજ નિશાનાદિ બક્ષી વિદાય કર્યા. વિવિધ વાજિંત્રોના વાદન સાથે શાહી પુરૂષોની સાથે સમારોહ પૂર્વક સંઘપતિ નિવાસ સ્થાને આવ્યા.

શાહી ફરમાન મેળવ્યા બાદ બધે નિમંત્રણપત્રીકા પાઠવવાની તૈયારી ચાલી. નિમ્નોક્ત સ્થાનોના સંઘોને વિનંતી પત્રો પાઠવવામાં આવ્યા અમદાવાદ, પાટણ, ખંભાત, નૌતનપુર, જામનગર, સુરત, ગંધાર, ભરૂચ, હાંસોટ, હળવદ, મોરબી, થીરપદ્ર, રાધનપુર, સાચોર, ભીનમાલ, જાલોર, જોધપુર, સમીયાણા, મેડતા, નાહોર, ફલૌધી, જેસલમેર, મુલતાન, હંસાઉર, લાહોર, પાણીપત, મહિમ, સમાણો, સીહનવે, સોવનપંથ, સોરઠ, બાબરપુર, સિકંદરાબાદ, નારનૌલ, અલવર, મઢ, કોટરવાડા, દિલ્લી, તજજારા, ખોહરી, ફત્તીયાબાદ, ઉજ્જૈન, માંડવગઢ, રામપુર, રતલામ, બુરહાનપુર, બાલાપુર, ઝાલણ, ગ્વાલેર, અજમેર, ચાટસૂ, આંબેર, સાંગાનેર, સોજતપ પાલી, ખૈરવા, સાદડી, કુંભલમેર, ડીંડવાણા, વાંકાનેર, જયતારણ, પીપાડ, માલપુર,

સિદ્ધપુર, સિરોહી, બાહડમેર, મારૂઆડ, બ્રહ્માબાદ, વયાણઈ, સકરાબાદ, પોરાજપુર, ફતૈપુર, પાદરા, પીરોજાબાદ વિગેરે ઠામે ઠામે કંકોતરી મળતાં બધાના હૈયામાં હરખ સમાતો ન હતો.

બધી જગ્યા એ નિમંત્રણ મોકલવા ઉપરાંત સંઘપતિઓ ઘેર ઘેર જઈ પ્રણામ કરી વહેલાસર પધારવાનો આગ્રહ કરતા હતા. સાધુ મહાત્માઓ ને ઉપાશ્રયો માં અને દિગંબર દેહરાના યતિઓને પણ પ્રણામ કરીને તીર્થ સંઘમાં સમ્મિલિત થવા વિનંતી કરવામાં આવી.

નિર્ધારિત મુહૂર્તના દિવસે વાજંત્રોના મધુર વાદન વચ્ચે યાચકાદિ દ્વારા જયજયકાર ધ્વનિ સાથે સંઘપતિઓને તિલક કરી વધાવવામાં આવ્યા. યાચકજનોં ને દાન આપ્યા બાદ તેઓએ ગજારૂઢ થઈ પ્રયાણ કર્યું. સંઘને મોખરે સુભટો ચાલતા હતા. પંચશબ્દોના ગુંજારવથી વાતાવરણ મંગલમય થઈ ગયું. આગળ ચાલી નાવો દ્વારા યમુના પાર કરી સંઘે પડાવ નાખ્યો. અહિ સ્થાન સ્થાનના સંઘો આવીને ભળવા લાગ્યા. સૌને એકત્રિત પંદર દિવસનો મુકામ રાખવામાં આવ્યો.

સંઘમાં ગાડાં, વહેલ, સુખાસણ, પાલખી, સુખપાલ, ઘોડા, હાથી આદિનો પાર ન હતો. વ્યવસ્થામાં સંઘપતિઓએ કોઈ કમી 10
છોડી ન હતી. સંઘમાં શ્વેતાંબરી સાધુ–સાધ્વીઓ ૭૫ તથા દિગંબર આદિ અન્યમતના યતિ, પંડિત ૪૬ મળી ને સર્વ દર્શનીની ૧૨૧ ની સંખ્યા હતી. ૩૦૦ ભોજકો ઉપરાંત ચારણ, ભાટ, ગંધર્વ, બ્રાહ્મણ, જોગી, સંન્યાસી, દરવેશ, કડી કાપડી આદિ અગણીત હતા. ૨૧ ધર્માર્થ ગાડાઓ હતાં યાચકો મનોવાંછીત પામતા હતા. કોઈ ચીજની ખામી ન હતી. નિત બે વાર બધે સાદ ફરતા, જેથી કોઈ ભૂખ્યા ન રહે. જેને જે ભાવે તે જમતા, સુખથી રહેતા, સુખથી સૂતા અને સૂખેથી રમણ કરતા. એ દરમિયાન સ્થાન સ્થાનના સંઘો આવી ભળતા હતા. પંદર દિવસના મુકામ બાદ પાર્શ્વપ્રભુની પૂજા કરી સંઘે ત્યાંથી શુભ પ્રયાપ કર્યું. સંઘની રક્ષા માટે ૫૦૦ સુભટ સાથે હતા.

જ્યાં જ્યાં ઓસવાલ કે શ્રીમાલ આદિનાં ઘર હતાં ત્યાં થાળ ૧, ખાંડ શેર બે, તથા શ્રીફળ ની લહાણ કરવામાં આવતી. સંઘની વિશાળતા અને દોરદમામ જોઈને લોકો એકત્રિત થઈ પૂછતા કે આ કોઈ રાજા–મહારાજા કે ખાન–નવાબની સવારી છે ? વાજતા ગાજતા આગળ ચાલતા સંઘે પહેલો પડાવ ભાણાસરાયમાં કર્યો. ત્યા ત્રણ દિવસનો મુકામ થયો. ત્યાંથી મહિમ્મદપુર થઈને પીરોજાબાદ આવી ડેરા–તંબૂ દીધા ... મતલબ કે પડાવ નાખ્યો. ત્યાં છ દિવસ નો મુકામ થયો. ત્યાં મુનિસુવ્રતપ્રભુની પૂજા કરી 20
લહાણ વિતરિત કરીને ચંડવાડી ગયા. અહી ચંદ્રપ્રભુની સ્ફટિકમય પ્રતીમાનાં દર્શન કરી સૌ આનંદ પામ્યા. ત્યાંથી પીરોજબાદ આવ્યા. ત્યાંથી રપરી પ્રયાણ કર્યું. નીકમાં બેસી યમુના નદી પાર કરી સૌરીપુર પહોચ્યા. યદુકુલ મંડણ ભગવાન નેમજિનશ્વરના જન્મકલ્યાણક તીર્થની વંદન કરી સંઘપતિએ પ્રથક સંઘ વાત્સલ્યનું જમણ કર્યું, પછી સરસના દિગંબરી દહેરાના વંદન કરી અહીરસરાય જઈ પડાવ નાખ્યો.

ત્યાંથી ઈટાવા, બાબરપુર, ફૂલકઈતાલ, ભોગિનીપુર, સાંખીસરાઈ, કોરકઈ, બિંદલીસરાઈમાં પડાવ કરતા ફતેહપુર એક દિવસ રોકાયા. હાથીયા ગામ, કડઈ, સહીજાદપુર થઈ સંઘ મઉઆ આવ્યા, અહીં 'મૃગાવતી' એ વીરપ્રભુના સ્વહસ્તે દીક્ષા લીધી હતી.વત્સદેશના કોશામ્બીનગરમાં પદ્મપ્રભુના ત્રણ કલ્યાણક થયા છે, દધિવાહન રાજાની પુત્રી ચંદનબાળાના હાથથી વીર પ્રભુએ બાકુલા વોહરી અહીં છ માસીના પારણા કર્યા હતા. સંઘપતિ એ સંઘ સહિત પ્રભુની ચરણ પાદુકાને વંદન કર્યું અનાથી મુનિએ અહીં વ્રત ધારણ કર્યું હતું. શ્રેણિક રાજા એ તેમને ઘણાં સમજાવેલા, પણ તેઓ વ્યવહારી મટી પ્રવજ્યા અંગીકાર કરી ભવપાર થયા, કૌશામ્બીથી એક કોસને અંતરે ધન્ના તળાવ છે તેને ત્યાં જઈને સંઘે નિરખ્યું. 30

ત્યાંથી પાછી ફરી સૌ પુનઃ સહિજાદપુર આવ્યા સંઘપતિએ અહીં બીજું સંઘજમણ આપ્યું. ત્યાંથી ફતેપુર થઈ પ્રયાગ તીર્થમાં પધાર્યા. અહીં રૂપ ત્રીવેણી વહે છે. ગંગાનદીના દર્શન થયા. જંઘા ક્ષીણમાં અર્ષિકાપુત્રને ગંગા ઉતરતાં કેવળજ્ઞાન થયું હતુ. પ્રયાગ તીર્થમાં સુર–નર આવી ને મહોત્સવ કરે છે, એવું ભાખવામાં આવે છે. અયોધ્યાનગરીથી ૪૮ યોજનપર અષ્ટાપદતીર્થ આવેલું છે. ઋષભપ્રભુના કેવળ જ્ઞાનનું સ્થાન પુરીમતાલ એજ છે. અક્ષયવડને નીચે પ્રભુના ચરણોની પૂજા કરી અહીં પાર્શ્વનાથ પ્રભુના ત્રણ દિગંબરી મંદિરોમાં જઈ સૌએ દર્શન કર્યા. ગંગાના કિનારા પર ઝુસીસઈ ઊંચા સ્થાન પર સંઘે પડાવ કર્યો ત્યાંથી ખંડીયાસરાય, જગદીશરાય, કનકસરાય થઈ વારાણસી આવ્યા અહીં બનારસમાં પાર્શ્વપ્રભુ – સુપાર્શ્વપ્રભુ આદિ તીર્થંકરોના કલ્યાણક થયા છે. કાશી વિશ્વનાથ મંદિર પાસે ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વપ્રભુ અદિની પાંચ જિન પ્રતીમાઓની વંદના કરી.

ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વપ્રભુ અદિની અન્નપૂર્ણા પાસે પાર્શ્વપ્રભુની પ્રતીમા છે. ખમણાંવસહીમાં ઘણી જિન પ્રતીમાંઓ છે, જ્યાં સંઘે પૂજનાદિ કર્યું. પાર્શ્વપ્રભુની રક્તવર્ણ પ્રતિમા, ઋષભદેવ, પાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ તથા વર્દ્ધમાન પ્રભુની ચૌમુખ પ્રતિમાઓનું કુસુમ માલાદિથી અર્ચન કરી શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ ની કલ્યાણક ભૂમિ ભદિલપુર (ભદૈની ઘાટ) માં પ્રભુની પૂજા રચાવી જિન સ્તવના 40
કરી નૌકાઓ દ્વારા ગંગા પાર કરી તીર પર સંઘે પડાવ નાખ્યો. સંઘપતિએ નગરમાં જઈ અમારિ પડહ વગડાવ્યો.

જેની ઉદ્ઘોષણા સાંભળી લોકો હર્ષિત થયા. દ્રવ્યાપેક્ષાથી અગણિત બ્રાહ્મણો તથા ભિક્ષુક એકત્ર થયા સંઘપતિએ હર્ષપૂર્વક

રૂપીઆની લહાણ કરી સૌને સંતોષ્યા. કોઈ ખાલી હાથે ન ગયું. સંઘપતિએ લોકોની પ્રશંસા મેળવી, નગર શ્રેષ્ઠીવર્યોએ મળીને, સંઘપતિના કાર્યોની સરાહના કરી.

ત્યાંથી સંઘ સિંહપુર ગયો, જ્યાં શ્રેયાંસનાથપ્રભુના ત્રણ કલ્યાણકો થયા છે. ત્યાં ચૈત્યોમાં જઈ વંદન કર્યા. ચંદ્રપુરી માં ચંદ્રપ્રભુના ત્રણ કલ્યાણકોની ભૂમિમાં પ્રભુના ચરણોની પૂજા કરી. અહીં સંઘપતિએ ત્રીજુ સંઘજમણ કર્યું. ત્યાંથી મુગલસરાય આવ્યા. અહીં ખજૂરના ઘણાં વૃક્ષ છે.

ત્યાંથી મોહિનીપુર થઈ મમ્મેરપુર પહોંચ્યા. ત્યાં સંઘપતિની પુત્રવધૂ સંઘશ્રી એ કન્યાપ્રસવ કર્યો. ત્યાં ચાર મુકામ થયા. ફાગણ ચોમાસું ત્યાં કર્યું તેમજ મહોત્સવનો લહાવો લીધો. ત્યાંથી સહીસરામ થઈ ગીઢોલી સરાયમાં વાસ કર્યો પછી સોવનકૂલા નદી પાર કરી મહિમૂદપુર આવ્યા. ત્યાંથી બહીબલમાં પડાવ નાખ્યો. આગળ ચારૂવરી સરાય થઈ ને ઉત્સાહભેર પટ્ટણપુર–પટણા પહોંચ્યા. સાહિજાદપુર થી પટણા બસો કોસને અંતરે છે. ત્યાં મીર્જા સમસત્તી ના બાગમાં પડાવ નાખ્યો. અહીં સમ્મેતશિખર પ્રબંધનો
10 વારાણસી જિનપૂજન આદિ પટણા સમાગમ સુધીના વર્ણનનો દ્વિતીય ખંડ સમાપ્ત થયો.

પટણાંમા શ્વેતાંબર મંદિરોમાં એક ઋષભદેવ ભગવાનનું તથા બીજું ખમણાવસહીમાં પાર્શ્વનાથ ભગવાનનું છે જેના સંઘે દર્શન કર્યા ગંગાતટે વસેલું પટણા શહેર સોહામણુ છે. ત્યાંના વાવ, કુઆ, સરોવર, બાગ પ્રસિદ્ધ છે. ડૂંગરીની પાસે સ્થૂલીભદ્રસ્વામીની પાદુકા તથા સુદર્શન શેઠની પાદુકાઓનું પૂજન કર્યું. શાહ જૈસવાલ જૈની એ સમસ્ત સંઘની ભોજનાદિ દ્વારા ભક્તિ કરી. ભાવતા નવરસ ભોજન જમવા સૌ આવ્યા. બીજે દિવસે ખંડેલવાલ જાતના વડા શાહ મયણું એ સંઘ જમણ કરાવી લાભ લીધો. પટણાથી આગળનો રસ્તો વિષમ તેમજ સંકીર્ણ હોઈજે ગાડીઓ અહીંજ છોડી દઈને ડોલીઓ સાથે લીધી. આગળ મોટા મોટા ઘાટ પસાર કરવાના હોય છે. પટણામા ચાર મુકામ કરીને સંઘ સિંહની પેટે હળવે હળવે આગળ ચાલ્યો. ફતેપુરમાં ડેરા તંબુ નાખી એક મુકામ કર્યો. ત્યાંથી અડધા કોસના અંતરે ઘણાએ વાનર વન જોયું. મહા નદી પાર કરીને સંઘ બિહારનગર પહોંચ્યો. અહીં જિનેશ્વર ભગવાનના ત્રણ મંદિરો છે, જેની સૌએ વંદના કરી. રાજા રામદેવના મંત્રીશ્વરે ત્યાં આવીને સંઘપતિને નમસ્કાર કરી કાર્ય પૂછયું. સંઘપતિએ કહ્યું અ ' અમે ગિદ્ધૌર નગરના માર્ગે આવીએ એવું વચન મંગાવો !' મંત્રી એ અંગત દૂત મોકલાવી વેગે વચન મંગાવ્યું.
20 બિહારનગરમાં એક મુકામ કરી સંઘ પાવાપુરી પહોંચ્યો. જે સ્થાનકે ભગવાન મહાવીર સ્વામી મોક્ષ પામ્યા તે પીપળ વૃક્ષ નીચે બંધાવેલા ચોતરા પર પ્રભુના ચરણને વંદન કર્યા. સુખડ કેશર તેમજ કુસુમ વડે ઉલ્હાસપૂર્વક પ્રભુના ચરણ નું પૂજન કરવામાં આવ્યું

ત્યાંથી મહિમદપુર આવી નદીના તટે પડાવ નાખ્યો એ મોટા તીર્થને જાણી સંઘપતિએ ત્યાં ચોથુ સંઘ જમણ આપ્યું. ત્યાંથી નવાદા નગર ગયા. સર્વ સંઘના હરખનો પાર ન હતો. તેને ઘણી પહેરામણી આપી. ત્યાં જિનાલયના દર્શન કરી આગળ પ્રયાણ કર્યું.

સબરનગર પહોંચતા રાજા રામદેવે ચકિત થઈ સંઘને જોયા તેણે પોતાના મંત્રી ને ત્વરાથી સામે મોકલાવી સંઘનું સ્વગત કરાવ્યું નગર નિકટ સારા સ્થાનમાં સંઘનો પડાવ નંખાવ્યો. બીજે દિવસે સંઘપતિ રાજાને મળવા ગયા. ભેટણું રૂડી પેરે આપી પરસ્પર ખબર અંતર પુછ્યા. સંઘપતિએ વિના વિલંબે વંગથી તીર્થયાત્રા કરવાની ઈચ્છા કરી. તે સાંભળી રાજાએ તત્ક્ષણ હસીને કહ્યું – 'બે ચાર દિવસમાં જ આપ થાકી ગયા ? આપનાથી પહેલા જે જે મોટા સંઘપતિ અહીં આવ્યાં છે તેઓ મહિનાઓ સુધી રહ્યા છે.'' સંઘપતિ રાજાની મનોવૃતિ સમજી પોતાના નિવાસસ્થાને પાછા ફર્યા. તે સ્થાને ચાર મુકામ થયા, જે દરમિયાન સિંહ ગુફામાં
30 વર્ધમાનસ્વામિની પ્રતિમાને વંદન કર્યા.

સંઘપતીએ મનમાં વિચાર્યું કે આ બ્રાહ્મણ રાજા લોભી છે. સંઘને જોઈ ને તેની નજર નક્કી ફરી ગઈ છે. એટલે જ તેણે વધારે થોભી જવાનું કહ્યું છે. સંઘપતિએ આવી નિશાન વગાડયા, જે સાંભળી ને લોકો એકત્રિત થઈ ગયા, એમણે બ્રાહ્મણ રાજાને સમજાવ્યાં સંઘપતિએ કહ્યું અમને ઘણા દિવસો થઈ ગયા, પાલગંજ નિકટ નથી. અમને આગળનો માર્ગ બતાવો. મે તમને અનેક વાર વિનીત કરી છે !''

રાજા રામદેવે જવાબ માં કહ્યું : ''હે સંઘપતિ હવે સાંભળો હું જે માંગુ તે આપો !'' સંઘપતિ એ કહ્યુ તમે જે માંગશો તે આપીશું, પરંતુ જોર – દબાણ થી કામ નહીં થાય ! કંઈક હમણા કંઈક પાછળથી લઈ લેશો. મારી આ પ્રતિજ્ઞા છે,'' રામદેવે કહ્યું – ''પછી શું થાય ? હમણાં જ આપી દો !''

બ્રાહ્મણ રાજાનું વચન સાંભળી સંઘપતિ મનમાં ચિંતીત થયા. જે માંગે તે જો હમણાં આપી દઉં તો નવી માગણી કરશે એમ વિચારી સંઘપતિ રોષપૂર્વક બોલ્યા – ''હે રાજા મારી વાત સાંભળો ! તમે તમારું વચન ચૂકી ગયા છો, તમારા અવતારને ધિક્કાર
40 છે ! તમારા મસ્તક ઉપર પગ રાખી ને હું પાલગંજ જાઉં ત્યારે મને ઓસવાલ સમજજો ! એમ કહી જુસ્સાપૂર્વક ઊભા થઈ સંઘપતિ સંઘ વચ્ચે ચાલ્યા ગયા, સંઘના રક્ષક સૈનિકોને એકઠા કરી સાબદા કર્યા અને સંઘના પ્રયાણની તૈયારી કરી, સાગર જેવા સંઘમા આવી ઘટનાથી હલચલ મચી ગઈ.

રાજા રામદેવને રાણીએ તેના દુષ્ટકૃત્યમાટે ફિટકાર વર્ષાવતાં કહ્યું કે તમે મુર્ખાઈ કરી, સંઘપતિ આપતા હતા તે ન લઈ તેમને ગુસ્સે કરી પાછા કાઢયા તેમા તમે ગુમાવ્યું છે. તમને ધિક્કાર છે વિગેરે, તેથી રાજાએ સંઘપતિને મનાવવા મંત્રી ને મોકલ્યો, મંત્રીએ સંઘપતિને મનાવવા ઘણા અનુનય વિનય કર્યા, રાજાના અપરાધ બદલ ક્ષમા યાચી. પાલગંજની યાત્રા કરાવવાની ખાતરી આપી. તેમજ કહેશો તે પ્રમાણે કરશું એવી હૈયા ધારણ આપી. કિન્તુ સંઘપતિએ સ્પષ્ટ સંભળાવી દીધું કે અમારી સાથે કપટ કરવાથી અમે હવે પાછા નહી આવીએ. રાજાએ બાદશાહનું ફરમાન નથી માન્યું હું સમ્મેતશિખર ગિરિની યાત્રા કર્યા વિના જંપીશ નહી તમે તમારા રાજાને કહીં દેજો કે કોણ કેટલામાં છે તેના પારખા થઈ જશે ઈત્યાદિ કહીં ને મંત્રી ને રવાના કરી દીધો. સંઘપતિ સંઘ સહિત નવાદા નગરમાં આવ્યા, ત્યાં મીર્જા અંદુલા આવીને એમને મળ્યા, બન્ને એ સાથે બેસીને વાતો કરી. રામદેવના દુર્વ્યવહારથી મીર્જાને દુઃખ થયું, તેણે શાહ શિરોમણી સંઘપતિ ને કહ્યું કે કોઈ ચિંતા કરશો નહીં. ગુમ્મા–ગોમના રાજા તિલોકચંદ્ર હોશિયાર છે. તેમને તુરંત તેડાવું છુ, તેઓ તેમને પાલગંજ સહીસલામત લઈ જશે. મીર્જા એ તત્કાલ પોતાનો મેવાડ દૂત રવાનો કર્યો.

રાજા તિલોકચંદ્ર મીર્જાનો પત્ર વાચી આનંદિત થયા. તેમને પોતાના સાગ્રીતોને એકત્રિત કરવાનું કાર્ય શરૂ કર્યું. તેની રાણી એ આ તૈયારી જોઈ કારણ પૂછયું રાજાએ તેમને બધો વૃતાંત સમજાવ્યો અને કહ્યુ કે એ વિખ્યાત સંઘપતિને રાજા રામદેવ સાથે વાંધો પડયો છે એટલે રાજાને પાઠ ભણાવવામાં એમની ખુશી છે. રાણી એ સમંતિપુર્વક કહ્યુ કે રાજા રામદેવની જેમ તમે મુર્ખાઈ કરતા નહીં. સંઘપતિ મહા દાનેશ્વરી અને આત્માભિમાની છે. એમને યાત્રા કરાવવા માટે સન્માનપૂર્વક લઈ આવો ! રાજા એ રાણીની વાત સાંભળી એ મુજબ કરવાની પોતાની ઈચ્છા જાહેર કરી.

રાજા તિલોકચંદ ત્વરાથી સૈન્ય સહિત આવી પહોચતાં સંઘ હર્ષિત થયો, મીર્જાની સાથે મુલાકાત કરી મીર્જા એ રાજા તિલોકચંદને ઘણું માન આપી પરિસ્થિતિથી અવગત કર્યા, પછી અશ્વારૂઢ થઈ સૈન્ય સહિત બન્ને સંઘપતિને મળ્યા. સંઘપતિએ એમનું સ્વાગત કર્યું, એમને જે કોઈ કષ્ટઆપશે તે અમારા ગુનેગાર થશે. રાજા તિલોકચંદે કહ્યું. ''કોઈ ચિંતા ન કરો એમને એક દમડીની પણ હરકત નહીં થાય. જો નુકશાન થાય તો અગિયાર ગણુ તેમને હું આપીશ. એમને પહોચાડી દઈશ ત્યારેજ મને શાંતિ મળશે.''

રાજાના વચન સાંભળી સંઘપતિ ઘણા પ્રસન્ન થયા. મીર્જા અને રાજાને ઘોડાસરમાંથી ઘોડા પરીક્સબ નવા વાઘાની જોડ, કંઠમાળા, વસ્ત્રાલંકાર, સોનૈયા, જહાંગીરી રૂપીયા વિગેરે આપી ઉત્તમ ખાદ્ય પદાર્થોથી સંતુષ્ટ કર્યા ત્યાંથી રાજાની સાથે સંઘપતિએ સંઘ સાથે પ્રયાણ કરી ગીચ પાંચ ઘાટ ઉલ્લંઘન કરી સકુશલ ગુમ્માનગર પહોંચ્યા ત્યાં સારૂં સ્થાન જોઈ સંઘે પડાવ નાખ્યો. રાજા તિલોકચંદે સંઘનું સારૂ આતિથ્ય કર્યું સંઘપતિ એ તેની રાણી માટે સુંદર વસ્ત્રાભરણ તેમજ નંગજડિત ઘરેણાં પાઠવ્યાં.

ગોમાથી બીજા પણ ઘણા પાયદળ સૈનિકો સાથે લીધા સંઘપતિની પાસે જઈ બધી વ્યવસ્થા સમજાવી સુભટો સહિત તેઓ મોખરે ચાલતા હતા. હવે આગળ ગિરિરાજનો રસ્તો બહુ જ વિષમ છે ઓળંગવામા ઘણી મુશ્કેલી પડે છે. ઉત્તર–દક્ષિણે ડુંગરે અને વચ્ચે ગીચ વન છે, જે અનેક પ્રકારના ફળ ફુલ ઔષધિ આદિ ના વૃક્ષો થી પરીપુર્ણ છે અને પ્રાકૃતિક સૌદર્યનું ધામ છે. તેમા વન્ય પશુ–પક્ષીઓ વિચરે છે, જેનુ કવિ જસકીર્તીએ વિસ્તારથી વર્ણન કર્યુ છે. વિસ્તારના ભયથી તેનો સાર નથી આપ્યો નદીનુ મીઠું પાંણી પીતાં, સંઘ જમણ કરતાં ઝૂંપડીવાળા ગામડાઓમાંથી પસાર થતાં સંઘ આગળ ધપતો હતો. સંઘ સાથે ૧૨૦૦ અન્ન અને ઘૃતના ઘડા લાદેલા પોઠીયા હતા અન્નસત્ર પ્રવાહથી ચાલતું હતું.

અનુક્રમે સંઘપતિએ ચેતનપુરની પાસે સંઘનો પડાવ નાખ્યો ત્યાંથી એક કોસને અંતરે અજિતપુર નામે નાનું નગર આવે છે ત્યાંના રાજા પૃથ્વીસિંહ મોટા દાતાર, શૂરવીર તથા પ્રતાપી છે. નગારાઓના ધ્વનિ સાંભળી પૃથ્વીસિંહની રાણીએ ઉપર ચડી ને જોયું તો પશ્ચિમ દિશા તરફથી સંઘને આવતો જોઈને તેણીને સૈન્યનો ભાસ થયો. સેનાની બહુલતાથી રાણી વ્યાકુળ થઈ ગઈ તેણીને ભયથી ધ્રુજતી ઉતરતી જોઈને પૃથ્વીસિંહે પુછયુ તને શું થયું ? રાણીએ કહ્યું કે તને જાણ નથી આપણએ ત્યાં સંઘપતિ પધારી રહ્યા છે. રાણીએ કહ્યુ કે મે કયારેય સંઘપતિને જોયા નથી રાજો કહ્યું કે તેઓ ગોમામાથી આવી રહ્યા છે. તેમને મળવા જવાનું છે. રાણીએ રાજાને ત્યાં જતા રોકયા અને કહ્યું કે જહાંગીરનો કોઈ ભરોસો નહીં, તેથી રાજાએ પોતાના ભત્રીજાને સંઘપતિ પાસે મોકલ્યા અને કહ્યું કે હું પછી મળવા આવું છું. ભત્રીજો સંઘપતિનું સ્વાગત કરી પોતાના રાજાને નિમંત્રણ આપવાનું કહ્યું. સંઘપતિએ સહર્ષ વસ્ત્રાદિ સાથે નિમંત્રણ આપ્યુ, રાજા પૃથ્વીસિંહ પરિવાર સહિત સમારોહ પૂર્વક સંઘપતિને મળવા આવ્યા. સંઘપતિએ વસ્ત્રાલંકાર, દ્રવ્યાદિથી રાજાને સન્માનિત કર્યા. પવનવેગી ઘોડા, સોનામહોરો આદિનું નજરાણું જોઈ રાજા ખુશ થયા.

ચેતનપુરથી બીજે દિવસે સંઘ અજિતપુર આવ્યો અને ત્યાં પડાવ નાખ્યો, ત્યાં એક મુકામ કર્યો. રાજા સંઘને આગળ દોરી રહ્યા હતા, સંઘે મુકુંદપુર આવી વાસ કર્યા. ત્યાંથી ગિરિરાજને નિરખી બધાના હર્ષનો પાર ન રહ્યો, સમેતશિખર નિલગિરીને પોતાના નયનો વડે જોઈને દિવસ સફળ થયો હોવાનું સૌ અનુભવવા લાગ્યા, શ્રીફળ, તાંદુલ તેમજ સોના–રૂપાના પુષ્પોથી ગિરિરાજને વધાવ્યા. અહીં સંઘપતિને મનાવવા માટે રાજા રામદેવના મંત્રી પોતાના પરિવાર સહિત આવ્યા, રાજા તિલોકચંદ તથા રાજા પૃથ્વીસિંહ આગળચાલીને ગિરિરાજનો માર્ગ બતાવતા હતા, ગાઢ વનમાંથી પસાર થતા ગિરિરાજસુંદર દેખાતો હતો. નિર્ઝરોના

જળથી અંગમાં શીતળતા લાગતી હતી. નદી તટે તટે આગળ વધતા સંઘમાં વીણાના સ્વર લહેરાઈ રહ્યા હતા, સંઘપતિની કીર્તિ બહુ પ્રસરી રહી હતી. અહીં રાસના ત્રીજો ખંડ સમાપ્ત થયો, દયા કીર્તિ દ્વારા લખાયેલા હવે ચતુર્થ ખંડનો પ્રારંભ થાય છે. તૃતીય ખંડનું નામ 'શ્રી રામદેવ રાજા, વિરસ તિલોકચંદ રાજા, પૃથ્વીસિંહ રાજા સહિત પાલ રાજા રોહણો નામ તુતીય ખંડ' એમ આપ્યું.

ગિરિરાજના દર્શન નિકટથી થતાં સૌ રોમાંચિત થયા, પાંચ કોસની ચઢાઈ પૂરી કરી સંઘ ગિરિરાજ ઉપર પહોંચ્યો. સંઘપતિના હરખ નો પાર ન રહ્યો, સારા સ્થાન પર ડેરા તંબૂ ખોદી પડાવ નાખ્યો, સંઘપતિએ ત્રિકોણ કુંડમાં સ્નાન કર્યું. પવિત્ર વસ્ત્રો પરિધાન કરી કેશર–ચંદન ઘસી કચોલા ભર્યા. વાજંત્રોના વાહન ચાલતા હતા, લોકો ગુણ–કીર્તન કરી રહ્યા હતા. સંઘપતિએ કેશર ચંદનના કચોલા તથા કુસુમમાલાદિ લઈ થૂભની પૂજા કરી. જિનેશ્વરોની બધી ટૂંકોમાં જઈ પૂજા કરી એ પછી કવિએ ચોવીસતીર્થંકરોનાં નામ ઠામ લંછન માતપિતાના નામ, મુક્તિ પામ્યાતે સ્થાનના 'શિષ્ય પરિવારની સંખ્યા' આદિનું વર્ણન વિસ્તારથી આપ્યું છે. આદિનાથઅષ્ટાપદે, વાસૂપૂજ્ય ચંપાપૂરી, નેમિનાથ ગિરનાર તેમજ વર્દ્ધમાનપ્રભુ પાવાપુરીમાં શિષ્ટાવપદ પામ્યા. બાકીના વીસ
10 તીર્થંકરો સમ્મેતશિખરે નિર્વાણ પામ્યા.

સત્તરભેદી પૂજા કરી, પ્રભુની ભાવના ભાવી, વિધિપૂર્વક ચૈત્યવંદન કરી ચતુર્વિધ સંઘસહિત સંઘપતિ બહાર આવ્યા એ પછી સમસ્ત સંઘ સંઘપતિ કુઅરપાલ–સોનપાલ ને તિલક કરી સંઘપતિપદ આપ્યું એ વખતે વાજિંત્ર તેમજ ગીત નાદથી વાતાવરણ ગુંજ ઊઠ્યું. બધે આનંદરંગ છવાઈ ગયો. જિનશાસનના ભુપાલ એવા સંપન્ન કરી સંઘપતિ પદ વડે શોભાયમાન થયા.

આ શુભ યાત્રા આનંદ તેમજ ભક્તિભાવ સાથે પૂર્ણ કરીને મહિમાના નિધાન, રસકૂપાના સ્થાન સમા મહાગિરીથી હવે સંઘ ઊતરવા લાગ્યો, તળેટીએ આવી ડેરા–તંબુ નાખી પડાવ કર્યો, ત્યાં સાકરની પરબ ભરાવી. મિશ્રીરસપાન કરી સંઘ સંતુષ્ટ થયો. લોકો ઉદાર ચરિત ઓસવાલ કુંઅરપાલ–સોનપાલને ધન્યવાદ આપવા લાગ્યા, જેમણે લક્ષ્મીનો લહાવો લિધો. સંઘનાયક શ્રી સંઘરાજે સંઘવ્યવસ્થાનું ઉત્તમ કાર્ય કરી પ્રશંસા મેળવી.

ત્યાંથી મુકુંદપુર આવી સંઘપતિએ પાંચમુ સંઘ જમણ કર્યું. અહીં ઘનઘોર વર્ષા થઈ ત્યાં આગળ વધતો સંઘ અજિતપુર નગરમાં આવ્યો. ત્યાં સંઘનો પડાવ થયો. રાજા પૃથ્વીસિંહે મનમાં વિચાર્યું કે આ દેશ ધન્ય છે જ્યાં મોટું તીર્થ આવેલું છે, જ્યાં મોટા
20 મોટા સંઘપતિ તીર્થયાત્રાના હેતુ થી આવે છે. સંઘપતિ કુંઅરપાલ–સોનપાલને હાથ જોડીને રાજા એ કહ્યું કે હું આપને વચન આપું છું કે હવેથી જે સંઘ આવશે તેમને પાસેથી હું અડધું દાન લઈશ.

અહીંથી આગળ ચાલીને ગુમ્માં નગર આવ્યા અહી રાજા તિલોકચંદ જેમણે માર્ગમાં સંઘની સારી સેવા કરી હતી, તેમને સારી પહેરામણી, સોના–ચાંદીની મહોરો, રાસા અશ્વો આદિ કીમતી વસ્તુઓ પ્રચુર પ્રમાણમાં આપી. રાજા ઘાટ સુધી સંઘને વળાવવા આવ્યા. પછી સંઘપતિ ને પ્રણામ કરી પાછા વળ્યા.

સમ્મેતશિખરથી મગધદેશની નગરી રાજગૃહી બાર યોજનપર છે. સાતમે દિવસે સંઘ ત્યાં પહોંચ્યો. ત્યાં રાજા શ્રેણિકે બંધાવેલો ગઢ, તેમજ સુંદર બાગ,બગીચા, કુઆ ઈત્યાદિ છે. આ નિરૂપમ નગરની ચોપાસ ગરમ પાણીના કુંડો સૂશોભિત છે. જેમના ઘણા ગુણ છે એવા શ્રેણીક જેવા મહા સમક્તિધારી રાજા અહીં થઈ ગયા. તેમની રાણી સુનંદાની કૂખે અભયકુમાર જેવા કુલશૃંગાર અવતર્યા, અહીં ભગવાન મહાવીર ના બે મુખ્ય ભવ થયા : સોળમા વિશાખ નંદી અને અઢારમાં ત્રિપુષ્ટ નારાયણનો ભવ, અહીં પ્રભુ ત્રણ ખંડ સાધી વાસુદેવ પદવી પામ્યા વીસમા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીના અહીં ચાર કલ્યાણક થયા, અહીં રાજા જરાસંધ કાલાદિક
30 કુંઅર, રાજાશ્રેણિકના પુત્ર કોણિક જેવા મહા ભૂપતિ, મેઘકુમાર, શાલિભદ્ર, ધન્નાશાહ, ઋષભશેઠ, જંબુકુમાર વિગેરે અનેક મહાનુભાવો અમરપૂરી જેવી રાજગૃહનગરીમાં થઈ ગયા, જેમના વર્ણનસુત્રમાં છે સંઘપતિએ અહીં આવીને ભૂમીમાં પડાવ નાખ્યાં. અહીં પાંચ પર્વતો છે

સંઘપતિએ મોટા મહોત્સવ કરી તીર્થંકરોને પૂજ્યા, પદ્મપ્રભુ, નેમિનાથ, ચંદ્રપ્રભુ, પાર્શ્વનાથ, ઋષભદેવ, અજિતનાથ, અભિનંદનસ્વામી, મહાવીરપ્રભુ, વિમલનાથ, સુમતિનાથ તથા સુપાર્શ્વનાથ પ્રભુની ફુલોથી પૂજા કી બીજા દહેરાની સામે ધન્ના શાલિભદ્રની ધ્યાનસ્થ મોટી પ્રતીમાઓની પૂજા કરી તળેટી ઊતર્યા ત્યાં સાકરની પરબ માંડી યાત્રિકો મિષ્ટ પાન કરીને સંતુષ્ટ થયા, ગુણશિલ ચૈત્ય શાલિભદ્રનો કૂપ, રોહણીયાની ગુફા આદિ ઘણા હર્ષોત્સાહથી સૌએ જોયાં. વિપુલગિરિ પર આરોહણ કરી ચતુર્વિંશતિ જિનાલયના દર્શન કર્યા. અજિતનાથ, ચંદ્રપ્રભુ, પાર્શ્વનાથ તથા પદ્મપ્રભુના ચાર મંદિરોમાં પૂજા કરી તેની નિકટ જંબુસ્વમી, મેઘકુમાર, ખંધક આદિ મુનિયોનાં પગલાં છે. ઉદયગિરિ પર આરોહણ કરતાં વિસામાઓ આવે છે. શિખર ઉપર ચૌમુખ મંદિરના દર્શન કર્યા પછી રત્નગિરિ પર સંઘ પધાર્યો, જ્યા સાત જિનવર બિરાજમાન છે. દેવવિમાન જેવા વિખ્યાત મંદિરમાં પૂજા કરી.

40 રાજગૃહી નગરમાં ત્રણ જિનમંદિરો છે જેની સંઘે પૂજા કરી લોકો કહેવા લાગ્યા કે અમૃતદે રાણીના કંથ કુંઅરપાલ અને કાશ્મીરદે રાણીના કંથ સોનપાલ ને ધન્ય છે. રાજગૃહીમા સંઘપતિએ સંઘને છઠ્ઠુ જમણ આપીને પોતાનું નામ અચલ સ્થાપ્યું. ગાધીવંશના પ્રતાપીશાહ જટમલ્લ, પરમ વિવેકી શાહ વચ્છા અને હીરાએ સુયશ મેળવ્યો.

રાજગૃહી થી સંઘ બડગામ આવ્યો ત્યાં ઋષભ જિનાલયનાં દર્શન કર્યા તથા પૂજા રચાવી સોવડગામ શાસ્ત્ર પ્રસિદ્ધ નાલંદા પાડો છે. જ્યાં ત્રિશલાનંદન મહાવીર પ્રભુએ ૧૪ ચોમાસા કર્યા હતાં. અહીં થી દક્ષિણ દિશાએ ૧૫૦૩ તાપસોની કેવલજ્ઞાનની ભૂમિ છે. ત્યાં ચાર ખૂણાના ચોતરામાં બે ગોતમ પાદુકા છે. ત્યાં સંઘપતિએ સંઘ સહિત જઈને પૂજન કર્યું.

ત્યાંથી અનુક્રમે સંઘ પટણા આવ્યો. ત્યાં સુંદર બાગમાં પડાવ નાખ્યો. અહીં ચાંપસી શાહે પ્રથમ સંઘ જમણ આપ્યું. મહામના શેઠ ઉદયકરણે બીજુ, મહારાજ કલ્યાણજીએ ત્રીજુ, ગાંધી વંશ શૃંગાર શાહ શ્રીવચ્છ ભોજા અને શાહ જટમલે ચોથુ, કપુરાના પુત્રો પચુ અનુ સચુશાહે પાંચમુ, સહિજાદપુર નિવાસી શાહ સિચાએ છઠ્ઠુ, બરહડિયાવંશીય શાહ તેજમાલે સાતમુ, સાહોરી શાહ સુખમલે આઠમું સંઘ જમણ કર્યું.

ત્યાંથી સંઘપતિ દાનનો પ્રવાહ વહેવડાવતા સંઘને આગળ દોરી રહ્યા હતા. અનુક્રમે ગોમતી નદીના કિનારે પહોંચ્યા. નદીમાં સ્નાન કરીને ભૂદેવોને છૂટ હાથે દાન દીધું. ત્યાંથી જમ્મણપુર આવી સંઘે પડાવ નાખ્યો. ત્યાં ભૂમિગૃહમાં ૪૧ પ્રતિમાંઓ ને વંદન કર્યા. શાહ ચૌથા, શાહ વિમલદાસ, શાહ રેખીએ સંઘની ભક્તિ કરી, માર્ગમાં આવતા ચૈત્યોને વંદન કરતા સંઘ અનુક્રમે અયોધ્યા નગરમાં પહોંચ્યો, અહીં આદિનાથ, અજિતનાથ, અભિનંદન સુમતિનાથ તથા અનંતનાથ પ્રભુની કલ્યાણક ભૂમિ છે. એ પાંચે તીર્થંકરોના થૂભોનું પૂજન કર્યું અહીં નાટક ગાયન સહિત જિનગુણ સ્તવના કરવામાં આવી, સંઘપતિએ અયોધ્યામાં સાતમુ સંઘ જમણ કર્યું. ત્યાંથી રતનપુરી આવ્યા. અહીં ધર્મનાથ પ્રભુને વંદન કર્યા.

આ વિશાળ સંઘની સાથે સંઘપતિના પરિવારજનો ઉપરાંત અનેક નામાંકિત વ્યક્તિઓ હતી, જેના નામો રાસ કર્તાએ આ પ્રમાણે આપ્યા છે : સંઘપતિ કુઅરપાલના પુત્ર સંઘરાજ, ચતુર્ભુજ ધનપાલ, સુંદરદાસ, શૂરદાસ, શિવલાસ, જેઠમલ્લ, પદમસી, શાહ ધર્મા, છાંગરાજ, ચૌધરી દરગૂ, શાહ વચ્છા, હીરા, શાહ ભોજા, તેજપાલ, સુંદરદાસ, શાહ રેખા, શાહ શ્રીવચ્છ, જટમલ્લ, ઋષભદાસ, વર્દ્ધમાન, પચૂ, સચૂ, શાહ કટારૂ, તારાચંદ, મહેતા વર્દ્ધન, સુખા, સીચા, શૂરદાસ, પૈસારી, નરસિંહ, સોહિલ્લ, મેઘરાજ, કલ્યાણ, કાલૂ, થાનસિંગ, તારાચંદ, મૂલદાસ, હાંસા, લીલાપતિ ઈત્યાદિ. આમ અનેક વયવહારીઓ સંઘમાં સંમિલિત રહેલા. અયોધ્યામાં ધર્મનાથ પ્રભુની પૂજા કરી સત્તરભેદી પૂજા કરાવી. પ્રચૂર દાનના કારણે સંઘપતિનો ત્યાં સુયશ ગવાયો. સુકૃતના ભંડાર ભરી સંઘે આગળ સંચર્યો.

અનુક્રમે ચાલતા ચાલતા ઝરણાંના નીર પાસે સંઘે પડાવ નાખ્યો, દૂરથી આગરા દેખાતું હતું જે જોઈને સંઘના લોકો હર્ષિત થયા. ત્યાં પહોંચી સંઘપતિએ આઠમું સંઘ જમણ કર્યુ તથા દાનનો પ્રવાહ વહેડાવ્યો, આનંદયાત્રા સંપન્ન કરી પાછા ફરવાથી બધાને અંપાર હર્ષ થયો. શ્રી સંઘને પહેરામણી અપાઈ. સાધુઓને આછા વસ્ત્રો દ્વારા પ્રતિલાભવામાં આવ્યા. યાચકોને બે હજાર ઘોડા તથા તેંત્રીસ હાથી દાનમાં આપવામાં આવ્યા. પિતા શાહ રેખરાજ–ઋષભદાસ અને માતા રેખશ્રી એ ધન્ય છે. જેમણે મહામંત્રી વસ્તુપાલ–તેજપાલ અને વિમલશાહ જેવા પુત્રો ને જન્મ આપ્યો. આગરાના સંઘે સંઘપતિનું ઠાઠમાઠથી સામૈયું કરી વધાવ્યા જિનશાસનનો આ સંઘ દ્વારા ઉદ્યોત થયો. નગરજનો સંઘપતિ પત્યે ધન્ય ધન્ય ઉચ્ચારી અવતાર સફળ કર્યો એમ બોલી રહ્યા હતા. નગર પેસારાની મેદનીમા મહાજનો ઊમટયા હતા. સંઘપતિ પરિવારજનો સહિત હાથીઓ ની પીઠ ઉપર બિરાજ્યા હતા. શોભા યાત્રામાં હાથીઓ અને ઘોડાઓ ના પાર ન હતો. મોખરે કુડીબંધ વાજિંત્રો વાગી રહ્યા હતાં. શોભયાત્રા પૂર્ણ થતા રેખરાજના સુપુત્રોએ નિજ મંદિરોમાં પગલા માંડયા, બાદશાહ જહાંગીર માન્ય કુંઅરપાલ–સોનપાલની દિન–પ્રતિદિન ચડતી કલા થઈ.

રાસની કળશની ઢાલમાં કવીએ સંઘપતિ બાંધવોએ વિ. સ. ૧૬૪૨ મા શત્રુંજયનો સંઘ કાઢી તીર્થસ્થાનમાં અનેક જિન પ્રતિમાંઓની પ્રતિષ્ઠા કરાવી હતી જેમા અઢળક ધન ખર્ચાયું હતું. એ ઘટનાનો ઉલલેખ પણ કર્યો છે. પાંચમા આરામાં કુંઅરપલ સોનપાલ પ્રતાપી પુરુષો થયા. એમણે ભવ્ય જિનભવનો નિર્મિત કરાવ્યા, તેમજ સાતેય ક્ષેત્રમાં ધન વાવર્યું. ચતુર્વિધ સંઘની ભક્તિ કરી જિનશાસનનો ઉદ્યોત કર્યો. અંચલગચ્છાધિપતિ ધર્મમૂર્તિસૂરિ અને કલ્યાણસાગરસૂરિના ઉપદેશશ થી અનેક ધર્મકાર્યો કરી એમણે લોઢા ગોત્રને અજવાળ્યું. વિ. સં. ૧૬૭૧ માં સમ્મેતશિખર તીર્થની ૬'રી સંઘ કાઢી યાત્રા કરી. ચતુર્થખંડની સમાપ્તિમા ' મંત્રી વસ્તુપાલ વાચનાય' તેમજ ખદિરપુર ગામ તથા પં. દયાકીર્તિનો ઉલલેખ છે. આ રાસ તત્કાલીન ઈતિહાસ, તે સમયના રાજાઓ, સંઘની વ્યવસ્થાના સુવિસ્તૃત વર્ણન આદિ દ્રષ્ટિએ નોધપાત્ર છે.

(૧૩૪) શ્રી સમેતશિખર ગિરિ પ્રબંધ

કર્તા : ગુણવર્દ્ધનગણિ શિષ્ય જશકીર્તિ રચના સં૦ ૧૬૭૧

શ્રી ગોડીચા પાર્શ્વનાથાય નમઃ શ્રી ગુણવર્દ્ધનગણિ સદ્‌ગુરુભ્યો નમો નમઃ શ્રી પરમાત્માને નમઃ નમઃ શ્રી સારદાયૈ નમઃ શ્રી ગણેશ ગૌતમાયઃ નમઃ શ્રી સમેતશિખર પ્રબંદ્ધ લક્ષતે. શ્રી સંઘપતિ કુંઅરપાલ સોનપાલ યાત્રાધિકારે સમાગમન (અ) ધિકાર લક્ષતં.

પ્રથમ ખંડ અથ ઢાલ પહેલી રાગ ગોડી

વિમલ વિમલ ગિરિ મંડણો, જયુ જયુ ઋષભનંદન જી; નાભિરાયા કુલિ ચંદલો, સેવતિ સુર નર વૃંદો જી.

ધ્રૂટિક

સુર વૃંદ સેવિત સામિ ચરિણો, પાપ હરણો ભયહરો; સંસાર તારણ દુક્ખ વારણ, જગત્ત જીવન સહુકરો.
કલ્યાણ કમલા કેલિ મંદિર, કનક સુંદર વાન એ; તસ પાય નમસ્યું તવન કરસ્યું, ચિત્ત ધરસિઉ ધ્યાંન એ.૧

મહીયલિ મરગીજ ઉપસમી, સધલઈ હૂંઈ સંતિજી; ..... મઠ્યૂ તિણિ જાગતો, શાંતિ જિણેસર ખંતિજી.

ધ્રૂટિક

સાંતિ જિનવર નામ દીધઉ, સુજસ લીધો સાર એ;
ચક્રવૃત્તિ પદવી તણીય લીલા, ભોગવી વિસ્તાર એ.

ચારિત્ર ચંગઈ રહીય રંગઈ, ન્યાંણ કેવલ સિરિવરી;
સમેતિ ગિરિવર મુગતિ પુહૂતા, માસ અણસણ આદરી. ૨

નેમિ જિનેસર જગિ જયુ, સમુદ્ર વિજ(ય) સુત્ત સાર જી;
શિવાદેવિ રાંણી જી જનમીયા, ગુણ મણિ રયણ ભંડારોજી. ત્રૂ૦

ગુણમણિ રયણ ભંડાર ભાર, ભવિક કમલ દિણંદ એ;
સુણિ પશૂઅ વાંણી કૃપા આંણી, હીઈ નેમિ જિણંદ એ.

રાજ રાજીમતીય છંડી, અથિર દેખી સંસારૂ એ;
સંયમ પાલિ દોષ ટાલી, લહિઉ ભવ જલ પારૂ એ. ૩

પાસ જિણેસર સેવીઈ, શ્રીય ગોડી જિનરાય જી;
અશ્વસેન રાયાંજી કુલતિલો, વાંમા રાંણી માયો જી. ત્રૂ૦

વામાં તે રાણી માત ભણીઈ, પ્રભાવતિ ભરતાર એ;
ધરિણંદ્ર પદમાવતીય સેવીત, વંછિત ફલ દાતારૂ એ.

રોગ સોગ સંતાપ વારણ, નાંમ મંત્ર રસાહાવ એ;
કરિ ધરીય વીણા નાદ લીણા, દેવી વણિતા ગાવ એ. ૪

સિદ્ધારથ કુલિ દીનકરૂ, ચરમ જિનેસર વીરો જી;
ત્રિસલા કૂખઈજી અવતર્યા, કંચણ ગિરિવર ધીરો જી. ત્રૂ૦

કંચણ ગિરિવર ધીર ધારણ, તરણ તારણ જગ ગુરો;
ચૌસઠિ સુરપ્પતિ પાય પ્રણમઈ, હાથ જોડી કિંકરો.

તીરથ પંચઈ એહ પ્રણમૂં, ભાવસિઉ ભગતઈ સદા;
જિનરાજ નાંમઈ ઠાંમિ ઠાંમિઈ, હૂઈ પરધલ સંપદા. ૫

અથ ઢાલ બીજી ભમરાની

અચલગચ્છપતિ જાંણઈ, મનમોહન શ્રીધરમમૂરતિ સૂરિ; લાલરાય મનમોહન;
જસ નામઈ નિત પાંમઈસ મઠસુખ સંપ્પતિ ભરપૂરિ. લા૦ ૬

શ્રી વિજયસીલ વાચકવરૂ, મ૦ ગિરૂઆ ગુણહ ભંડાર; લા૦

તે સહિગુરૂ ચરણઈં નમું, મ૦ જેહના બહુ ઉપગાર લા૦ ૭

શ્રી સરસતિ સુખ દાયિની, મ૦ દેયો વાંણિ વિસાલ; રાયલાલ૦
સમેતશિખર ગુણ વરણઉ, મ૦ ઈક્ષ રસ જેમ રસાલ. લા૦ ૮

દેવ માંહિ જગિ જાંણીઈ, મ૦ મોટઈ જેમ સુરિંદ; લા૦
ગ્રહ ગણ માંહિઈ પરગડો, મ૦ વલી મોટો જિન ચંદ. લા૦ ૯

પર્વ માહિઈ શ્રી પર્વ વડો, મ૦ મંત્ર માંહિ નવકાર; લા૦
ગિરિ મંદિર ગિરિ, મ૦ માનવ માંહિઈ ચક્રધાર. લા૦ ૧૦

મુનિવર માંહિ જિન વડા, મ૦ નદીયા માહિયા ગંગ; લા૦
મણિ માહિઈ ચિંતામણિ, મઢ ગજમાંહિઈ પરિવણ ચંગ. લા૦ ૧૧

કવણ વરસ કુણઈ દિનઈં, મ૦ ગિરિવર ચઢીયા હેવ; લા૦ 10
કુંણ સંઘપતિ કુણ મારગઈ, મ૦ વાંદ્યા જિનવર દેવ. લા૦ ૧૨

સંઘપતિ ભગતિ કિહાં કુણ કરી, મ૦ બાલું તસ અધિકાર; લા૦
સુણીયોજી ભવીયણ ભાવસિઉં, મ૦ શ્રુણંતાં પરત્તિ સંસાર. લા૦ ૧૩

અથ ઢાલ ત્રીજી થંભણપુરિ સરી પાસ જિણંદો એહની ઢાલ.

(અથ નગર વર્ણનં)

મહી મંડલિ નિવસઈ સુવિચારં, અરગ્ગલપુરૂ વર નયર ઉદારં; ધન કણ રયણ ભંડારં, ભૂ રમણી રિદયે વર હારં;
જોતા નયન પરમ સુખકારં, વસન લાભઈ પારં; ધનદ જિમ ધની ધન ારં, કમલાં કેલિ કરણ આધારં;
અમરાપુરી અવતારં. ૧૪

ચોરાસી ચહૂટિ વ્યવહારં, નવ નવ નાટિક રંગ સકારં; પંખઈજી વારો વારં, અતિ ઉત્તંગ દીસઈ પ્રાકારં;
દરવાજઈ સોભઈ ઈનિ વારં, નયર સયલસિનગારં. ૧૫ 20

અતુલી બલ તિહાં નરપતિ રાજઈ, સાહા જાહાંગીર સબલ ગુણ ગાજઈ; અરીયણ દૂરઈ ભાજઈ, સૂજસ નીસાણ ચિહું રુચક વાજઈ; ન્યાય નિતિ જસ બહૂલી છાજઈ, લીધ્યા દેસ દિવાજઈ. ૧૬

દુરજ્જન જન નિકંદ શુદાલા, સાહા અકબર નંદણ સુવિસાલા; પય પ્રણમઈ ભૂપલા, કોઈ જ પૂહુંચઈ જસ કર બાલા;
સુભટ વિકટ જસ મરડ મૂંછાલા, સમરંગણિ વિકરાલા. ૧૭

પ્રજા લોક પાલઈ અસરાલા, કોઈ ન લોપ્પઈ આણં અટાલા; ભૂપ ભલા મૂંછાલા, દિનયર તેજઈ ઝાક ઝમાલા;
દાતા જેમ ધન કાલા, સોહઈ સુજસ રસાલા. ૧૮

વયરી પ્રાણ હરઈ તતકાલા, કોઈ ન કરઈ તિંહા ડાક ડકાલા; નિવસઈ લોક સુંહાલા. ૧૯

(દુહા)

ઉસવંસ તિહાં જાંણઈ, લોઢાગોત્ર પવિત્ર; અંગાણી વંસઈ ભલા, સોહઈ ચારૂ ચરિત્ર. ૨૦ 30

અથ ચોપ્પઈની ઢાલ પાચમી રાગ ભૂપાલ.

ન્યાતિ સયલ માંહિ તે મુખ્ય, રાજપાલ વ્યવહારી દક્ષ;
તસ ઘરિ ઘરણી સીલઈ સતી, રાજસરી નાંમઈ દીપ્પતી. ૨૧

તસ નંદણ રેખરાજ પ્રસિદ્ધ, શ્રાવક ગુણ એકવીસ સમિદ્ધ;
જીવાદિક નવ તત્વ વિચાર, જાંણઈ નય નિશ્ચય વયવહાર. ૨૨

ભક્તિ કરઈ ચૌવિહ સંઘ તણી, જીવદયા રૂચઈ જસ ઘણી;
ધરણી તાસ રેખસિરી, અમૃત વાંણિ વદઈ મુખિ કરી. ૨૩

તસ નંદન બેહૂ સૂવિશાલ, કુંરપાલ સંઘવી સોનપાલ;
પર ઉપગારી નયણાનંદ, એક સૂરિજ નઈ બીજઉ ચંદ. ૨૪

કલ્પ વૃક્ષ આપ્પઈ બહૂ દાન, નવિ જાણઈ પ્પણિ દેઈ માન;
સુરૂ ગુરૂ માન દિઈજઈ ઘણઉં, દાન ન દેઈ જાનઈ તૃણઉં ૨૫

દાંન માંન બેહૂ એકઈ દ્વારિ, તાંણી એક કીયા કિરતાર;
બંધવ દોઈ વચક્ષણ વડા, મુખિ મીઠા અમૃતમઈ ઘડા. ૨૬

રાજ કાજિ દીસઈ પડવડા જિન મારગ જાંણઈ ચડવડા;
10 ધરમ કાજિ નહિં લડથડા, થાંણું ભરઈ સુકૃતમઈ ઘડા. ૨૭

દીન ખીન નિત કરઈ ઉદ્ધાર, લખિમી લાભ લીઈ અનિવારિ;
ધર્મ્મા ધર્મ્મ તણઉ લહઈ ભેદ, હસિત વદન દીસઈ નહિં ખેદ. ૨૮

સ્વર્ગ્ગ લોક થકી અવતર્યા, બંધવ દોઈ મહા ગુણ ભર્યા;
કુંરપાલ સોનપાલ ઉદાર, કરવા જીવ સયલ ઉપગાર. ૨૯

એક દિવસ બંધવ દોઈ મિલી, બઈઠા વાત કરઈ રગ રૂલી;
શ્રી સેત્રુંજઈ સિખરઈ ગિરિ જાઈ, જાત્ર કરી બહૂ પુન્ય પસાય. ૩૦

શ્રી જિન ભવનિ પ્રતિષ્ઠા કરી, થાપ્યા પદમપ્રભ હિત ધરી;
તે સવિ રેખા પુન્ય પ્રમાણિ, કાજ સફલ સિદ્ધા સુવિહાણ. ૩૧

સોનપાલ સંઘપતિ ઈમ વદઈ, ભાઈજી વચન ભરો ઈક હૃદઈ;
20 હવઈ શ્રી સુમિતસુખર ગિરિ તણી, જાત્ર કરીજઈ સોહામણી. ૩૨

તવ વલતું સંઘપતિ કુંરપાલ, વચન કહઈ સાંભલિ સોનપાલ;
ઈણિ વાતઈ મેરા મન ઘટઈ, ખિન વિલંબ કરવો નવિ ઘટઈ. ૩૩

બિંબ પ્રતિષ્ઠા કરસિઉં પછઈ, મહૂરત દિવસ ઘણાઈ અછઈ;
વેગઈ સાજિમ સઘલી કરો, અવર કાંમ દુરઈ પરિહરો. ૩૪

જનમ સફલ કીજઈ આપ્પણઉ, લીજઈ લખ્યમીય લઅહો ઘણઉ;
ધન નવિ જાઈ કેહનઈ સાથિ, સાચો જે ખરચી જઈ હાથિ. ૩૫

સપ્ત ખેત્ર જેઈ ધન વાવરઈ, લાભ અનંતા શ્રી ગુરૂ કવઈ;
ચૌવિહ સંઘ તણી વલિ ભગિત, કીજઈ રૂડી આતમ સગતિ. ૩૬

સુપ્રભાતિંવલિ વેગઈ જાઈ, લગલ દેખાડો રૂકઈ ભાઈ;
30 એહ વારે કીધી નિસિ ચિંતના, સુપ્રભાતિં આવઈ એક મના. ૩૭

ઢાલ છઠ્ઠી સાહેલડીની.

પોસાલઈ બઈસી કરી, સા૦ સુંદરી રે જઈ જોતિખન જાણ;
તોડાવયા સુભ પરિકરી, સા૦ આવઈ તેસુ વિહાણ. ૩૮

મહાજન સહૂ તિહાં આવિયા, સા૦ જોવઈ લગન વિચારિ;
ગણિક અનઈ મુનિવર મિલી, સા૦ બોલઈ તેહ નિરદ્વાર. ૩૯

નવ રસ રસ મહિં જાંણઈ, સા૦ મહાવદિ પાંચમિ જાંણિ;
ઉત્ત૨ ફાલ્ગુની રેખા, સા૦ શ્રી સુક્વારી વખાણિ. ૪૦

મધ્ય રાત્રિ તે જાણઈ, સા૦ કન્યા લગન તે હોઈ;
ઈતિ લગનઈ વંછિત ફલઈ, સા૦ લગન વદ્ધાવઈ સોઈ. ૪૧

સુકડી કેસ૨ ઘસિ કરી, સા૦ કીજઈ તિલક સમારિ;
ઊપ્પરિ ચોખા ચોઢીયા, સા૦ છાંટણા કીજઈ સંભારિ. ૪૨

શ્રીફલ શ્રી સંઘ દીજઈ, સા૦ હીયડઈ અતિહી ઊલ્હાસિ;
જોસી સુપ્પરિ સંતોષીયા, સા૦ ઘરિ ઘરિ ગાવઈ હિ રાસ. ૪૩

રાગ ગોડી દુહા

ઘરિ આવઈ સંઘપતિ વલી, હીયડઈ ક૨ઈ વિચા૨;
ગચ્છપ્પતિ જો આવઈ ઈહાં, તો હોઈ લાભ અપા૨. ૪૪

રાજનગરિંએ ભેજીઈ, રાણસ આપ્પણઉ જોઈ;
શ્રધિર્મમૂ૨તિસૂરિ સનઈં, તેડીય આવઈ જોઈ. ૪૫

સાહ સંઘ૨ાજ પ્રતિઈ વલી, અવ૨ લખું વલી લેખ;
શ્રી પૂજ્યનઈ તેડી કરી, આવે યસ વિસેસ. ૪૬

સ્વસ્તિ શ્રી ગુરૂ આજીયા, શ્રી ધર્મ્મમૂ૨તિસૂરિ;
ક૨ જોડી અમ્હેંઈ વીનવઉં, આણીય આણંદ પૂરિ. ૪૭

ઢાલ સાતમી મેઘમુનિ ચિંતવઈ – એહની ઢાલ.

હિવઈ પૂજ્યજી પધારીઈ, જિમ હોઈ લાભ અણંતો રે;
ભવીયણ તા૨ીઈ. ૪૮

સમિતસિહિ૨ ગિરિ જાત૨ા રે, ભાવ અછઈ અમ્હ આજ;
વીનતડી પ્રભુ પૂજ્યનઈ રે, ક૨સિઈ સાહ સંઘ૨ાજો રે.

પૂજ્યનઈ લેખ લિખિ મોકલ્યા રે, પૂહૂતા તેહ તુરંત;
સાહા સંઘ૨ાજ ક૨ઈં દિયા રે, વાંચી હ૨ખ અણંતો રે. પૂ૦ ૪૯

લેખ લેઈ શ્રી પૂજ્યનઈ રે, સેઠજી આપ્પઈ તાંમ;
જાત્ર કરી નઈ સિખ૨ના રે, એહવઉં ઉત્તમ છઈ કામો રે. પૂ૦ ૫૦

લેખ વડો સંઘપ્પતિ તણઉં રે, વાંચઈ ગચ્છપ્પતિ સા૨;
હીયડલઈ આણંદ ઘણું ઓપ્પન્નો રે, એહનાં ધન અવતા૨ો રે. પૂ૦ ૫૧

પુન્યવંત એ પ્રાંણીયા રે, જિન શાસનિ સિણગા૨;
વસ્તુપાલ તેજપાલ એ, અવતર્યા બીજી વા૨ો રે. પૂ૦ ૫૨

શ્રી પૂજ્ય વલતું ઈમ કહિઈ રે, સાંભલો શ્રી સંઘ૨ાજ;
તુહ્ય ઘરિ રીત સદા ઈસી રે, કીજઈ કીજઈ ધર્મ્મનાં કાજ રે. પૂ૦ ૫૩

ભાવ ઘણઉ અમ્હનઈ અછઈ રે, નીલા ગિરિવ૨ જાત્ર;
પુન્ય વિના નવિ પામઈ રે, એક તી૨થ નઈ બસજઉ પાત્ર રે. પૂ૦ ૫૪

પણિ મુઝ વુદ્ધિપણઉ હવઉ રે, મઈ નવિ થાય વિહારો;
દૂરિ પંથ દિન થોડિલા રે, મારગ વિષમ અપારો રે. પૂ૦ ૫૫

સેત્રૂંજિ ગિરિ આવ્યા હતા રે, તુહ્મ સંઘ સાથિઈ તિ વારિ;
દેહિ સગતિ હૂંતી તદા રે, લાભ હૂઆ તુમ્હ સારો, પૂ૦ ૫૬

વલંતુ શેઠ કહઈ તદા રે, પૂજ્ય અવધારો મુજ વાણિ;
લાભ ઘણઉ તુહ્મ ભવિયા તરિસ્યઈ વખાંણઈ રે. પૂ૦ ૫૭

શ્રી પૂજ્ય કહઈ સંઘરાજ સાહા રે, અહ્મે નવિ આવયું જાય;
તુહ્મ વિલંબ હવઈ કાંઈ કરો રે, પુલંભ નીલાગિરિ રાયો રે. પૂ૦ ૫૮

શેઠ કહઈ અહ્મે સિઉં કરૂં રે, કિમ ગજ કાંનિઈ ઝલાય;
પૂજ્ય વાંદિ ઘરિ આવીયા રે, સાહા સંઘરાજ શુભ લાયો રે. પૂ૦ ૫૯

શુભ મુહુરત જોઈ કરી રે, સપરિવારિ સુંયુત્ત;
હવઈ રાજનગરીથી ચાલીયા રે, શ્રી કુંરપાલ સપુત્ત રે. પૂ૦ ૬૦

મહાજન વોલાવી વલઈ રે, મારીગ ચાલઈ તરંગતૂ;
ગાંમિઈ યાંમિ પરભાવના રે, કરતાં આવઈ મહંતો રે. પૂ૦ ૬૧

અનુક્રમિઈ આવ્યા સીકરી રે, આવઈ વદ્ધમણી રે;
સૌસાહમા જાઈનઈ લીવીયો રે, મિલી પરિવાર અસેસો રે. પૂ૦ ૬૨

મહાજન સહૂઈ હરખીયા રે, દેખી સાહા સંઘરાજ;
ભલઈ આવ્યા તુહ્મે સેઠજી રે, સંઘાં સઘલા કાજો રે. પૂ૦ ૬૪

અથ ઢાલ આઠમી રાગ મેવાડો.

ઘરી ઘરી ગાવઈ ગીત સોહાસણી, દીજઈ બહૂલા રે દાન;
સાહામા લાવઈ રે વધામણા, સાજન દીજઈ રે દાન. ૬૫

સંઘપતિ કુંરપાલ નંદન આવીયા, કેસરી સીંહ સિંહરાજ;
ધરમ ધુરંધર ધરિણી તલિ વડો, સંઘ સયલ સિરતાજ. સં૦ ૬૬

ધરમ તણી મતિ ધુરિથી જેહનઈ, જાંણઈ ધરમ વિચાર;
સમકીત રૂડું રે નિત હી ઘડઈ વસઈ, જેહથી લહીઈભવપાર. સં૦ ૬૭

વિનયાદિક ગુણ જસ અંગી કરઈ, ન રમઈ ક્રોધ લગાર;
દીન દુખીનઈ રે વેગઈ ઉદ્ધારઈ, નિત કરઈ પર ઉપગાર. સં૦ ૬૮

ગુજ્જર મંડલિ નાંમ રહાવીઉ, કિધઉ દૂર દુકાલ;
મેહ તણી પ્પરિ વરસિ. પરગડો, જાંણઈ બાલ ગોપાલ. સં૦ ૬૯

ધરમ તણ ગતિ સહૂનઈ સીખજઈ, તારઈ જલ જેમ પાજ;
લોક કહઈ ધરમ્મ દીપ્પતિ હવિ હુઈ, ભલઈ આવ્યા શ્રી સંઘરાજ. સં૦ ૭૦

ઈતિ સમિતસિખિર ગિરિ પ્રબંધે સંઘપતિ કુંરપાલ, સોનપાલ મૂહૂર્ત્તઃગ્રહણઃ પૂજ્ય આવ્હાન લેખ ઠવણા, સંઘવી સંઘરાજ આગમન વરણને નામ પ્રથમ ખંડ સમાપ્તઃ ૧

દ્વિતીય ખંડ અથ રાગ અસાઉરીની ચાલિ

દુહા

હુકુમ લેઈ પાતિસાહ કો, પછઈ લખીજઈ લેખ; ગાંમ નગર પુરૂ પાટણિઈ, દેસ વિદેસિ વિસેખી. ૭૧
ભેટ લઈ ભલી કરી, મિલવા જાઈ તાંમ; આલમિપ્પતિ જાહાંગીરકું, જાઈ ભેટિઈ અભિરામ. ૭૨

હવઈ ચાલિ.

ભેટ ધરી આલમિપ્પતિ આગઈ, ઠાઢે રહિવઈ દોઈ રે;
દેખિ ખુસી દલિમઈપાતિસાહાજી, બહુત તબ હોઈ રે. ૭૩
પતિસાહી જે વડઈ ઊંબરઈ, દોસ મહિમદ દીવાની રે;
ગ્યાબેગ નવાબ વિચક્ષણ, અનીય રાય વડ ગ્યાની રે. ૭૪

સફત્તિ કરઈ આલિમપતિ આગઈ, એહઈ વડ વ્યવહારી રે;
મહાજન કારન લોપ્પઈ કદિ હી, બહુત બડે ઉપગારી રે. ૭૫

સાહા જહાંગીર કહઈ મઈ જાણઉ, હમારા કોઠીવાલા રે;
બાંદ છોડાવણ બિરૂદ સોહાવણ, અઢિલિક દિલ ઉસવાલા રે. ૭૬

નગર હમારા ઈનથી સારા, બદીજન આધારા રે;
જાણઈ આચારા બહૂત વિચારા, કારા એહ ઉપગારા રે. ૭૭

કારા અરદાસ વિમાસી અપ્પની, ખુસી ભયા દિલ મેરા;
જો માંગઈ સો વેગિઈ આપ્પું, કહૂં બહૂ તેરા. ૭૮

વચન સુણી શ્રીજીકેની કે, આનંદ સંઘપ્પતિ પાવઈ રે;
સેનાની નિયકઈ કર જોડી, ઈસી અરજ સુણાવઈ રે. ૭૯

સમિતસિખિર કા સંઘ ચલાઉં, માગ્યા દીજઈ માન રે;
આલિમપ્પત્તિ જાહાંગીર તુહ્મારા, પાઉં જો ફરમાના રે. ૮૦

સંઘપ્પત્તિ વચન સુણી તબઈ યસા, કુરિ કુરિ સાહમા દબઈ રે;
જીવતિ કા ફલ એહી લેવઈ, ઉર કહા કબુ લેખઈ રે. ૮૧

હમ હીઉર વણિગ સવિ દેખઈ, પ્પરિ કોઈ ન સકઈ તોલઈ રે;
સભા સમુખ્ય દેનીયા કા સાહિબ, કુરિ કુરિ અઈસા બોલઈ રે. ૮૩

અપ્પણ માલ કમાયા આપ્પઈ, બહૂત સદ્ધોરિ લગાવઈ રે;
કેઈ કૃપણ ધન ધરણી ગાડઈ, ખરચઈ નઈ ન ખલાવઈ રે. ૮૪

કેઈ પથર ચોહરઈ મંદિરે ગહિના બહૂત ઘડાવઈ રે;
કેઈ વસન ઉર સાતઈ ખરચઈ, મૂરખ સો દુખ પાવઈ રે. ૮૫

આગઈ સેત્રુંજિ સંઘ ચલાઈ, ખરચઈ જર બસીયા રાજ રે;
કુંરપાલ સોનપાલ બિરાબરિ, ધરમ કાજિ હૂંસીયાર. ૮૬

ઉભા ઉભિ કરી ફરમાના, સાહાજી હાથઈ આપ્પઈ રે.
સરપાઉ ભલેરા ઉર અનેરા, દાંને બહૂત્તરિ થાનાં રે;
નીસાન સજોરી દોઈ અનેરી, દેવઈ તબ સુલતાણ રે. ૮૭

ખાસે લોગ ચલે તબ સથાઈ, બાજઈ બહુત બજાવઈ રે;
સાથઈ બહૂત દીવાની દીસઈ, અપ્પણઈ મંદિર આવઈ રે. ૮૮

નગર લોક સબ બહૂત બખાણઈ, હૂકમ સાહાજી દીનાં રે;
કુંરપાલ સોનપાલ વિચક્ષન, કારિજ અપ્પણાં કીધ્યા રે. ૮૯

દાંન માંન સબ દેઈ ચાલીઈ, નરનારી ગુણ ગાવઈ રે;
હિવઈ લખો કંકોત્તરિ સઘલઈ, જિઉં મહાજન વેગઈ હિ આવઈ રે. ૯૦

અથ ઢાલ પાહેલી રાગ કેદારો ગોડી

ઠાંમો ઠાંમઈ વલી પાઠવઈ રે, કંકોત્તરી દર હાલ;
અહમદાવાદ વલી પાટણઈ રે,ખંભાઈત સુવીસાલ. ૯૧

મહાજન વીનતડી અવધારો, તુહ્મે વેગી હોઈ પધારો કિ. મ૦વે૦ આંકણી;
સંમેતિસિખર ગિરિવર જાતરા રે. નવલ લક્ષખઈ નૌતનપુરઈ રે. ૯૨

સૂરિતિ નઈ ગંધારિ, ભરૂઅચ્છિ હાંસોટિ જાંણીઈ રે;
હલવદ મોરબી સારી. મ૦ ૯૩

થિરપદ્ર રાયધનપુર વલી રે, સાચોર નઈ ભીનમાલ;
જાહાલોર જોધપુર જાંણી ઈ રે, સમિયાંણઉં સુવિશાલ. મ૦ ૯૪

મેડતઈ નાગોર ફલવર્દ્ધી રે, જેસલમેરૂ મુલતાંણ;
હંસાઉર લાહોર ભલો રે, પાંણીપંથ પ્રધાંન. મ૦ ૯૫

મહિમ સમાણો સીહનવઈ રે, સોવંન પંથ સોરઠ નાંમ;
બાબરપુર મહિમા જાંણીઈ રે, વારૂ સકંદરા ઠાંમ. મ૦ ૯૬

નારનોલિ અલવર મઢ વરૂ રે, કોઢરવાડા જાઈ;
દિલ્લી તજ્જારા ખોહરી રે, ફત્તીયાબાદ તે હોઈ. મ૦ ૯૭

ઉજ્જેણી માંડવગઢઈ રે, રાંમપુર નઈ રતલામ;
બરહાનપુરઈ બાલાપુર વરઈ રે, જાલણાપુર અભિરાંમ. મ૦ ૯૮

ગુઆલેર અજમેર ચાટસૂ રે, આંબેર સાંગાનેર;
સોજિત પાલી ખઈરવે રે, સાદડી કુંભલમેરૂ. મ૦ ૯૯

ડિંડવાણ ઉંવાંકા નયરઈ રે, જઈતારણિ પીપાડિ;
માલપુર સીધપુર સીરોહી રે, બાહડમેરૂ મારૂઆડિ. મ૦ ૧૦૦

બ્રહ્માવાદ વ્યાંણઈ વલી રે, વલીય સંકરાબાદ;
પીરોજપુર ફત્તેપુરઈ રે, હિવઈ પાદ્ર પીરોજાબાદ. મ૦ ૧૦૧

ઠાંમો ઠાંમિ પૂહૂતા વલી રે, સંઘપતિ કેરા લેખ;
મહાજન વાંચઈ સવિ મલિ રે હીયડઈ હરખ અલેખ મ૦ ૧૦૨

દુહા

મહાજન કઈ ઘરિ ઘરિ જઈ, સંઘપ્પત્તિ કરઈ પ્રણામં; વહિલા થઈ નઈ આવના, કરવા યાત્ર સુકાંમ. ૧૦૩
જિહાં જિહાં સાલ સેતાંબરી, યતી મહાતમ જેવિ; તિહાં જાઈ પ્રણમતિ કરઈ, સાવઈ હરિખિત તેવિ. ૧૦૪

ઢાલ બીજી રાગ વઈરાડી ચોપ્પઈ

દેહરઈ દિગંબર કેરા જતી, તેહનઈ પ્પણિ કીજઈ વીનતી;
ખુસીય થઈનઈ સાજિમ કરઈ, સફલ દિવસ હવિઈ મુખિ ઊચરઈ. ૧૦૫

મહૂરતિ દિન હવિઈ આવિઉ પાસિ, તેડાવ્યા જોતિષીયા વિકાસિ;
સાધઈ લગન સૂધી પ્પરિવલી, તિલક વદ્ધારઈ રાંમારલી. ૧૦૬

યાચક મુખિ બોલઈ આસીસ, સંઘપ્પતિ જીવો કોડિ વરીસ;
હસ્તિય ખંધી ચડી સાંચરઈ, યાચક જનનઈ સુખીયા કરઈ. ૧૦૭
પંચ સબઈ વાજઈ પરગટ્ટ, સાથઈ ચાલઈ સબલ સુભટ્ટ;
નાવિ કરી યમુના ઉત્તરઈ, આવી પારઈ ડેરા કરઈ. ૧૦૮

રખત સાવ પૂંઠઈ તે વહઈ, તેહનીય સંખ્યા કોઈ નવિ લહઈ; 10
પનર દિવસ તિહાં કીધ મુકામ, આવઈ સયલ સંઘ અભિરામ. ૧૦૯

ગાડા વહિલ સુખાસણ સાર, પાલિખી નઈ સુખપાલ ઉદાર;
હંયવર ગયંવર વારૂ જોડિ, સંઘપ્પતિ માંહિઈ નવિ દીસઈ ખોડિ. ૧૧૦

સાધુ સાધવી નઈ મહાતમા, સેતાંબર નિરમલ આતમા;
પંચ્ચોત્તરિ માંનઈસ વિમલી, ભગતિ કરઈ બહૂલી રંગ રલી. ૧૧૧

અસન પાંન ખાદિમ સાહિમા, પ્રતિ લાભઈ નિત નિત વરતમાં;
ડેરા દીધ પ્રત્યેકઈ જાસ, સવિઈ સરીખા તેહજ વાસ. ૧૧૨

યતી અનઈ શ્રાવક વિસ્તરા, પણ્ડિત સહિત છઈતાલીસઈ વરા;
એક સો એકવીસ માંવઈ સહી, દરિસનની સંખ્યા એક હી. ૧૧૩

તીન સયા ભોજક સુભતરા, મુખિ માંગ્યો નિત પાંમઈ વરા; 20
દીજઈ નિત નિત નવલા દાંન, સાજન જન પાંમઈ બહૂમાંન. ૧૧૪

ગુણ ગાયક ગંધર્વ વિખ્યાત, ચારણ ભાટ વદઈ અવદાત;
બ્રાહ્મણ જાતિ અનઈ બ્રાહ્મણી, તેહની સંખ્યા કોઈ નવિ ગુણી. ૧૧૫

જોગી સંન્યાસી નઈ દરવેસ, કડી કાપડી સાથિ અસેસ;
નિત પરિધલ તસ દીજઈ અન્ન, પભણઈ લોક સહૂ ધન્ય ધન્ય. ૧૧૬

સાદ ફિરઈ નિત્ત દોઈ વાર, રિખે ભૂખ્યા કોઈ રહો લગાર;
જે ભાવઈ તે આવી જમો, સૂખિઈ સૂઉ ચાલો સુખઈ રમો. ૧૧૭

ધર્મ્મ હેતિ ગાડા એકવીસ, આવી બઈસો મનહ જગીસ;
જે જોઈએ તે તસ દીજઈ, ઉર કહો તે તસ કીજઈ. ૧૧૮

દુહા 30

પનર દિવસ પારઈ રહી, પૂજ્યા શ્રી જિન પાસ; ઠાંમિ ઠાંમિ નો સંઘ તિહાં, આવઈ ધરિ ઉલ્હાસિ. ૧૧૯
સાજિમ સવિ કીધી તિહાં, આગલિ ચાલઈ જેમ; મારગિ યાત્ર કરી તિહાં, ભવીયણ સુણો સચિતેમ. ૧૨૦

ઢાલ ત્રીજી રાગ ધન્યાસી ઋષભ પ્રભુ પૂજીઈએ-એહની ઢાલ

મદ ઝરતા મયગલ ભલાએ, ગાજઈ ગાજઈ ગુહિર નીસાણ;
સમેતિગિરિ જાતરાએ, ભરથ નરેસર જેમ; સ૦ ૧૨૧

સંઘપતિ સોહઈ તેમ. સ૦ આંકણી.

ઉંચા ઉંચા પર્વત જેવડા એ, ચાલઈ ચાલઈ ગજ ચોસાલ. સ૦ ૧૨૨

નીલડા નઈ હરીયાલડા એ, રાતડા સ્વેત કસોર; સ૦
પવન વેગિં જિમ ઉતપત્તાઈ એ, હીસહે ખાખર જોર. સ૦ ૧૨૩

કાંબોજા કાછી ભલા એ, ખુરસાંણી કેકાંણ; સ૦
કફઈ મુખ બલ સૂપ્પના એ, હીરે જડિત પલ્હાંણ. સ૦ ૧૨૪

10 ધૂધરવાલ તે ભમકતી એ, વૃષભ ભલા સોભંતિ. સ૦
સ્વર્ગ વિમાંનથી જાંણઈ અવતર્યા એ, જાંણઈ રથ ચાલંતિ. સ૦૧૨૫

રસાલા રણ વહિદખરા એ, હથીયાર ન ચુકઈ રેખ; સ૦
કો કેહનઈ નવિ ગુદરઈ એ, કાજિ ઘણીનઈ અસેખિ. સ૦ ૧૨૬

અંગ રખી અંગઈ ધરી એ, માથઈ લોહનાં ટોપ; સ૦
દડવડતાં હયંવર ચડયા એ, વડ મૂછાલ સકોપ. સ૦ ૧૨૭

આગલિથી પાયક વુલઈ એ, હાથિ લેઈ હથીયાર; સ૦
સાંમિ કાજિ ઉતાવલા એ, આંગન લોપ્પઈ લગાર. સ૦ ૧૨૮

હય કો તિલ હે ખારતા એ, આગલિ ચાલ્યા જાય; સ૦
ઝંડા વલીય ઉછાલતા એ, ધીંગડિમ્મલ ધુરિ ધાય; સ૦ ૧૨૯

20 ઢોલ દમામા દડવડી એ, વાજઈ વાજઈ ગુહિર નીસાણ; સ૦
કર નાલિન ફેરિ ભૂંગલૂ એ, સરણાઈ સિઉં મંડાણ. સ૦ ૧૩૦

કુંણ મહીપ્પતિ એ વડો એ, કુણ ગઢપ્પતિ કિહાં જાય; સ૦
ખાંણ કવણ કુંણકું બરા એ, કુંણ રાયાં સરિ રાય; સ૦
જાવત ગઢ કુંણ દેસનો એ, સુકુમાલ કાં કુંણ ધાય. સ૦ ૧૩૧

દેખઈ દેખઈ સબ જન મિલી એ, પૂછિત બહૂ જન આય. સ૦
બાલ ગોપાલ જાવા મિલઈ એ, દીસઈ અતિ સપ્પરાણ. સ૦ ૧૩૨

નહીં કોઈ રાણઉ રાડઉ એ, ખાંન નવાબ નહીં કોઈ; સ૦
પાલગંજડી યાત્તરા એ, સંઘપ્પતિ જાવતિ દોઈ. સ૦ ૧૩૩

પંચ હજારીય ઉંબરા એ, તિણ કઈ નહીં તોર; સ૦
30 દાંનઈ દાલિદ્ર કાઢતા એ, દેખિત બહુ તસ જોર. સ૦ ૧૩૪

ઉસવાલ શ્રીમાલના એ, જિહાં જિહાં ઘર તે હોઈ; સ૦
બાવન્ન પલ થાલી ભલી એ, દોઈ સેર ખાંડ સજોઈ. સ૦ ૧૩૫

ઉપરી શ્રીફલ મૂંકીઈ એ, લાહિણ દીજઈ રંગી સ૦
અન્ન પ્રવાહ સદા ભલો એ, દીજઈ ચાલતો ચંથી. સ૦ ૧૩૬

સંઘ પાર વલિ ચોકી ફરઈ એ, સુભટ ભલા સત પંચ; સ૦
ક્રિય વિક્રિય સરવ વસ્તુની એ, લાભ ઉડદોઈ સઈ સંચ. સ૦ ૧૩૭

ઘડીયાલઈ ઘડી ઘડી બની એ, કીજઈ જન સવિ જાણ; સ૦
ધરમ પ્રમાદ રિખઈ કરો એ, જીવિત એ પ્રમાણ. સ૦ ૧૩૮

પ્રથમ પ્પિયાણઈ આવીયા એ, ભાંણા કેરી સરાહી; સ૦
તીન મુકાંમ તિહાં કિયા એ, નરનારી ઉછાહ. સ૦ ૧૩૯

તિહાથી મહિમ્મદપુર વલી એ, ડેરા દીદ્ધા જાય; સ૦
પીરોજાબાદ તિહાંથી થકી એ, જાઈ શ્રી સંઘ રાય. સ૦ ૧૪૦

દુહા

છ મુકાંમ તિહાં કિણિ હુવા, લાહણી સુપ્પરિ કારેવિ;
મુનિસુવ્રત જિન પૂજીયા, હીયડઈ હરખ ધરે વિ. ૧૪૧

ઢાલ ચોથી ધન્યાસી મિશ્ર રાગ

ચંડવાડી ચંદ્રપ્રભુ સ્વામી, વંદન વેગઈ જોઈજી;
ફટિક રતન પ્રતિમા પ્રભુ પેખી, આનંદ અંગિ ન માઈજી. ૧૪૨

જે જિન તીરથ ભાવઈ વંદઈ, દુરગતિના દુખ છંદઈજી;
રોગ સોગ દુખ દૂરિ નિવારઈ, ભવિયાણ તે થિર નંદઈજી. ૧૪૩

ભાવ ભગતિ સિઉં જિનવર પૂજી, આવઈ પીરોજાબાદીજી;
જિનવરના ગુણ રંગઈ ગાવઈ, નારી વદિ વાદઈ જી. જે૦ ૧૪૪

નગર પીરોજાબાદ થી ચાલી, રપરી કીધ પ્રયાણજી;
યમના જલ નાવઈ ઊત્તરીયા, પૂહૂતા સૌરીપુર ઠાંમોજી. જે૦ ૧૪૫

યદુકુલ મંડણ નેમિ જિનેસર, જનમ્યા જેણઈ ઠાંણઈજી;
જિન કલ્યાણક ભૂમિ નંમંતા, લહીઈ સિવપદ રાંણી જી. જે૦ ૧૪૬

નેમ પ્રમુખ શ્રી જિનની પ્રતિમા, જોતા સુભ મનિ ભાવીજી;
સૂકડી કેસર ભરીય કચાલી, પૂજઈ ભવીયણ આવીજી. જે૦ ૧૪૭

તીરથ ભૂંમિનિહાલી ભુવનિઈ, યમુના વલી ઉતરીયાજી;
રપરી ભુમિ ધરઈ બાવન્ન જિનમિત,પ્રતિમા વંદી તરીયા જી.જે૦ ૧૪૮

પ્રથમ કડાહ સંઘાધિપ્પ આપ્પઈ, પરઘલ ચિત્ત ઉદારજી. જે૦ ૧૪૯

અથ ઢાલ પાંચમી રાગ મલ્હાર

દલ વાદલ ડેરા ભલા, ચંદ્રૂઆ ચોસાલ રે;
લટકઈ રોમાતીય ઝુમ્મણા, જોવા આવઈ ભુપ્પાલ રે. ૧૫૦

મહાજન જિમવા આવીયા, પ્રીસઈ પુરુષ પ્રધાંનરે;
યુગતા જુગતિઈ બઈસીએ, પાંતિઈ કરીય જતન રે. મ૦ ૧૫૧

પ્પરિઘલ ચિત્ત પીરસાઈ, જમઈ મહાજન લોગ રે;
સરસ રસ જાતિ પકવાનની, મેહલી નવલ સંયોગ રે. મ૦ ૧૫૨

દહીંવડા તુંકદી પ્રીસીઈ, જિહાં ઉજલી જલેબી બહુત્ત રે;
લાડૂઆ મોતિયા રૂઅડા, મોતીચૂર સંજુત્ત રે. મ૦ ૧૫૩

ઉર પકવાન બહૂ જાતિનાં, પ્રીસઈ પ્પરિયલ એહ રે;
સાલિ દાલિ બહૂ સાલનાં, ઘણી જાંતીની તેહ રે. મ૦ ૧૫૪

પાંણી સુગંધાજીઊપ્પરઈ, ચલૂ આપ્પીઈ આપ્પાર રે;
પાંન સોપ્પારીય સોભતી, દીજઈ વારૂ તે જાંણી રે. મ૦ ૧૫૫

સંઘ સહૂ સંતોખીઉ, લીધઉ નર ભવ લાહ રે;
તિહાંથીય આગલિઈ સંચરઈ, આવઈ સરસ ઉછાહ રે. મ૦ ૧૫૬

દહરઈ તિહાં દિગંબરઈ, વંદઈ મૂરતિ આઈ રે;
અહિર સરાહિઈ જાઈ નઈ, ડેરા દિધલા જોઈ રે. મ૦ ૧૫૭

ઈટાવઈ તિહાંથી દીયો, ડેરા જોઈ સંઠામ રે;
10 બાબરપુર તિહાંથી વલી, લીજઈ સરસ વિશ્રામ રે. મ૦ ૧૫૮

ફુલકઈ તાલિ તિહાંથી કીયા, આગઈ ભોગિનીપુર રે;
સાંખી સરાહિઈ તિહાં થકી, દીદ્ધા ડેરા સજોર રે. મ૦ ૧૫૯

કોરકૂઈ તિહાંથી આવીયા, તિહાંથી બિંદલી સરાહિ રે;
ફત્તેપુર ડેરા હુઆ, એક દિન રહ્યા ઊછાહ રે; મ૦ ૧૬૦

હાથિયા ગાંમિ ગયા વલી, કડઈ તિહાં થકી હોઈ રે;
સીહજાદપુરિ વલી આવીયા, હરખ્યા શ્રી સંઘ લોય રે. મ૦૧૬૧

અરગલપુરૂથી જાંણીઈ, કોસ સમવારૂ ઉમાંમ રે;
પુર સહિજાદ સોહામણો, હરિ રમણીનું ધામ રે. મ૦ ૧૬૨

રાગ દેશાખ નેમ દીદારૂ હૂં પાઉં એહની ટાલ.

20 રસહજાદ થિકી સંઘ ચાલઈ, મઉઆ ગાંમિ જોઈ સુવિચાર;
જિહાં શ્રી વીર જિનેસર હાથઈ, મૃગાવતિ લિનું સંયમ ભાર. ૧૬૩

ભવીયણ ભાવ ધરિનઈ વંદઈ, સિદ્ધારથ શ્રી વીર જિણંદ;
ચરણ કમલ નિત આવી સેવઈ, ભાવ ભગત સિંઉ ચોસઠિ ઈંદ. આંકણી. ભ૦૧૬૪

વચ્છદેસિ માંહિઈ કોસાંબી, છઠા પદમપ્રભુનો જાંણિ;
તીન કલ્યાણીક હૂઆ આગઈ, નમતાં થાઈ પાગિત હાંણિ. ભ૦ ૧૬૫

દધિવાહન રાજાકી તનયા, ચંદનબાલાઈ શુભ ભાવિ;
પારણિઈ વીર જિણંદ પ્રતીલાભ્યા, બાકલા મારવ તણી તિહાં આવી. ભ૦૧૬૬

સુરવર વૃષ્ટિ કરઈ તિહાં આવી, સાઢી બારહ કોડિ સુવન્ન;
સંઘ સહિત સંઘપ્પતિ તિહાં આવી, પગલા ભૂમિ નમઈ એક મન્ન. ભ૦૧૬૭

30 નગર કોસંબીની વ્યવહારી, સાધુ અનાથી હૂવ વ્રત ધાર;
શ્રેણિક રાય ઘણઉ સમાઝાવિયુ, ભવ સાગર ઊત્તરીયા પાર. ભ૦૧૬૮

કોસ એક તિહાંથી વલી જાઈ, નિરખઈ ધન્ન કેરૂ તાલ;
પાછા વલી તેહ આવઈ સંઘપતિ, શ્રી સહિજાદપુરઈ તતકાલ. ભ૦ ૧૬૯

બીજી કડાહ તિહાં કણિ આપ્પઈ, સોભાગી સંપ્પત્તિ સુવિવેક;
એક મુકામ કરી તિણિ ઠાંમઈ, તિહાંથી આગલિ ચાલઈ છેક. ભ૦ ૧૭૦

ફત્તેપુર વલી આવઈ વેગિ, આગીલ વારૂ તીરથ પ્રિયાગ;
રૂપત્રિવેણી વહઈ જિહાં ગંગા, નિરમલ નિર સદા સોભાગ. ભ૦ ૧૭૧
જંઘાખિણ અઝયકા સુત જે, ગંગા ઉત્તરતાં પામ્યા ન્યાંન;
સુરનર આવી કરેઈ અતિ મહોછવ, થાપ્પઈ તીરથ પ્રયાગ સમાંન. ભ૦૧૭૨
અયોધ્યા નગરીથી ઈમ ભાખિઉ, યોજન અડતાલીસ પ્રમાંણ;
અષ્ટાપદ તીરથ છઈ રૂઅડો, ભરથેસર રાજ નિરવાનિ. ભ૦૧૭૩
પુરમતાલપુરિ કેવલ પામ્યો, ઉછવ કરઈ ભરથેસર આય;
સો એ નગર પ્રિયાગ કહાવઈ, એહવોલોક વચન સંભાલાય. ભ૦૧૭૪
અક્ષયવડ કેઠઈ પ્રભુ પગલા, પૂજઈ ભાવ ધરી ભવિ લોય;
તીન દિગંબર ચૈત્ય જાઈનઈં, પાસ પ્રમુખ નમતા સુખ હોઈ. ભ૦૧૭૫ 10
ગંગા તહિ ઝૂસીસઈ ડેરા, દીદ્ધા સંઘપ્પતિ ઉંચઈ ઠાંમિ;
આગલિ ખંડિયા કીય સરાહઈ, જગદીસ કી છઈ સરાહ સુઠાંમિ. ભ૦૧૭૬
તિહાંથી કનક સરાહઈં પૂંહૂંતા, તિહાંથી વારણાસી સીસપ્પત્ત;
દેવભૂમિ પામી જઈ પુન્યઈં, હિવઈ નિ સુણઉ તસ વાત પવિત્ત. ભ૦૧૭૭

રાગ વઈરાડી – દુહા

નિરૂપમ નગર વાણી, નિરમલ ગંગા નીર; પાસ જિનેસર પૂજઈ, પાવન હોઈ સરીર. ૧૭૮

ચુપ્પઈ

પાસ સુપાસ જિનેસર તણા, કલયાણિક છે સોહામણા;
નગર વાણારિસ માંહિઈ હૂઆ, તે સિદ્ધાંત કહિયા જૂજૂઆ. ૧૭૯
વિશ્વનાથ દેહરાઈં પાસિ, પ્રતિમાં પાંચ નમઈં ઊલ્હાસિ; 20
ઋષભદેવ પાસઈ નેમિનાથ, સંકટ્ટ પડીયા આપ્પઈ હાથ. ૧૮૦
અન્નપૂર્ણા પાસઈ એક, પ્રતિમા પાસ નમીજઈ છેક;
ખમણાં વસઈ પ્રતિમા ઘણી, ભવિજન પૂજઈ સોહામણી. ૧૮૧
રગત વરણ પ્રતિમા પ્રભુ પાસ, મન વંછીત સવિ પૂરઈ આસ;
સૂકડી કેસર કુશુમઈ કરી, પૂજ્યા અંગઈ ઉલટ ધરી. ૧૮૨
ઋષભ પાસિ ચંદ્ર પ્રભુ રાય, વર્દ્ધમાન વંદનં નમીઈ પાય;
કુશુમ માલ પ્પહિરાવઈ રલી, ચઉમુખ પૂજઈ છઈ રંગ રલી. ૧૮૩
શ્રી સુપાસ ભદીલપુર માંહિ, વંદનં નમીઈ પાય;
પૂજા રચઈ ભવ કુશમહ કલી, જિણ ગુણ ગાવઈ ગાયન મિલી.૧૮૪
ગંગા જલિ તવ ઉત્તરીયા નાવ, ડેરા દીધા તીરિઈ આવિ; 30
સંઘપતિ નગર માંહિઈ તવ જાઈ, પડહઈ વજાવઈ ઉછક અતિ થાઈ.૧૮૫
વહિલા આવઉ ગંગ તટઈ, ઉડઈ હાથ જિકઈ ઉલટઈ;
નિસુણી પડહો હરિખિત થયા, અરથી દ્રવ્યતણા આવીયા. ૧૮૬
તેહની સંખ્યા ન લહું કિસી, દ્વિજ ભિક્ષાચર આવઈ હસી;
રૂપઈયાના બદરા ભરી, દેવા બઈઠા આણંદ ધરી. ૧૮૭

આપ્પઈ જુગતા જુગતઈ દાંન, જે જે આવઈ તે લહઈ માંન;
લોક કહઈ ધન્યધન્ય એ સાહ, લક્ષમીનો લિઈ પૂરણ લાહ. ૧૮૮

વ્યવહારીયા ઈહાં આવ્યા વડા એ, આગલિ તે કુણ બાપડા;
મનમાહિઈ ગરવ મ કરસિઉં કોઈ, દાંન વિના નીવ કીરતિ હોઈ. ૧૮૯

કૂપ્પક જલ જિમ જિમ વિવરઈ, તિમ તિમ જલ અધિકેરો થાઈ;
જિમ જિમ લખિમી યહાં થઈ વવઈ, તિમ તિમ અધિકા અધિકી હવઈ.૧૯૦

વિણ દિધઈ જો લખિમિ મલઈ, તો લખમિ પાંમજઈ સરિઈ;
લખિમિ જો દીજઈ નિજ કરઈ, સાહામિ ચાલી આવઈ ઘરઈ. ૧૯૧

તિહાં થિકિ સીંહપુરિઈ સાંચરઈ, ચૈત્ય વંદણ જઈ ભાવઈ કરઈ;
શ્રી શ્રેયાંસ જિનંદહ તણાં, તીન કલ્યાણિક સોહામણાં. ૧૯૨

ચંદ્રપુરી ચંદ્રપ્રભુ રાય, ત્રિણિ કલ્યાણિક તેણઈ ઠાય;
જઈ પૂજઈ પગલાં પ્રહિ સમઈ, જે નર પ્રણમઈ તે નવિ ભમઈ.૧૯૩

ફિરી ફિરી આવઈ પૂરવ ટાંમ, હીયડઈ હરખઈ સંઘપ્પતિ નાંમ;
ત્રીજી કડાહ હવઈ સંઘપ્પત્તિ, શ્રી સંઘનઈ આપઈ શુભ મતિ. ૧૯૪

તિહાંથી મુગ્ગલ ફેરી સરાહ, ખજૂરી વૃક્ષ અછઈ અથાહ;
તિહાંથી મોહિનીપુર વખાણિ, આગલિ મામ્મેરપુર વલી જાણિ.૧૯૫

સંઘસિરી પ્રસવી દીકરી, ચ્યારિ મુકામ કિયા તિણિ કરી;
ફાગુણ ચોમાસો તિહાં કીધ, કરી મહોછવ લાહા લીદ્ધ. ૧૯૬

સહિસરામ તિહાંથી સંચર્યા, સરાહ ગિંઢોલી વાસા કર્યા;
તટિની સોવન કુલાવરી, સુખઈ કરી સહૂઈ ઉત્તરી. ૧૯૭

મહિમદપુરૂ તિહાંથી આવીયા, બહિબલ જાય તિઈ ડેરા કીયા;
આગલિ ચારૂવરી કી સરાહ, પટ્ટણપુર પૂહૂતા ઉછાહ. ૧૯૮

સહિજાદપૂરૂથી સંખ્યા સુણઉ, પટ્ટણઉ દોઈ સો કોસહ ભણઉ;
મીંર્યા સમસત્તો કઈબાગિ, ડેરા દીદ્ધા જોઈ નઈ લાગિ. ૧૯૯

સહિજાદપુરૂથી પટ્ટણઉં સુપઉ, એક સોઈસીય જ કોસ જ ભણો;
મીય ીસમ સદા ગહ પાસિ, ડેરા દીદ્ધા તિહાં સુખવાસિ. ૨૦૦

ઈતિ શ્રી સિમેતીસખિર પ્રબંધે યાત્રાધિકારે સંઘપ્પત્તિ સા૦ કુંરપાલ સોનપાલાધિકારે યાત્રા પ્રબંધે વાણારિસિ જિન પૂજન, મારગિઈ મુકામ, પટ્ટણઈ નગરઈ સમાગમણો તાંમ દ્વિતીય ખંડ સંપૂર્ણ.

તૃતીય ખંડ અથ ઢાલ પહેલી રાગ ધન્યાસી

શ્વેતાંબર દેહરઈ ભણઉં તો, નાયક ઋષભ જિનંદ રે;
ખમણા વસઈ પ્પેખીઈ તો, વામાં દેવીય નંદ રે. ૨૦૧

પટ્ટણૂ નગર સોહાંમણઉ, ગંગા તટિ જસ વાસા રે;
વાવિ સરોવર કૂઅડા તો, બાગ વડા સુપ્રકાસ રે. ૫૦ ૨૦૨

થૂલિભદ્ર મુનિવર તણા તો, પગલા ફૂંગરી પાસિંઈ રે;
સેઠ સુદિરસણ પદૂકા તો, પૂજઈજી અંગ ઉલ્હાસિઈ રે. ૫૦ ૨૦૩

જેસવાલ જેઈની સાહ તો, સંઘ સયલ ભગતાવ ઈ રે;
નવ રસ ભોજન ભાવતાં તુ, જિમવા સહૂઈ આવઈ રે. ૫૦ ૨૦૪

ખંડેલવાલ ન્યાતિઈ વડો તો, સા મયણું પુન્યવંતા રે;
કડાહ દિઈ બીજઈ દિનઈ તુ, લીધાજી લાભ અણંત રે. ૫૦ ૨૦૫

ગાડીય મુંકી પટ્ટણઈ તો, ડોલીય કીધી વાટિઈ રે;
વિષમ વાટિ વલી સાંકડી તો, ચડવો મોટ્ટઈ ઘાટ્ટઈ રે. ૫૦ ૨૦૬

ચ્યારિ મુકાંમ તિહાં કરી તો, આગલિ શ્રી સંઘ ચાલઈ રે;
હલૂઈ હલૂઈ સાંચરઈ તો, સીંહ તણી પ્પરિ માલ્હા ઈ રે. ૫૦ ૨૦૭

ફત્તેપુર ડેરા હૂવા તો, એક મુકાંમ તિહાં હોવઈ રે;
કોસ આર્દ્ધ વાનર વનઈં તો, લોક ઘણાં જઈ જોઈ રે. ૫૦ ૨૦૮

મહા નદી જઈ ઉત્તરઈ, તિહાંથી નગર વિહાર રે;
તીન ભૂવન જિનવરઈ તો, મૂરતિ વંદઈ સાર રે. ૫૦ ૨૦૯

રાંમદેવ મંત્રીસર હિવઈ તો, આવીનઈં સિર નાંમિઈ રે;
વેગઈ આવઈ વદ્ધાવીયા તો, રાંમાદેવ ઉકીણ કાંમઈ રે. ૫૦ ૨૧૦

સંઘપ્પતિ કહઈ હમ જાહગઈ તો, નગર ગઢોરા રાહઈ રે;
કોલ મંગાવઉં જો કબહી તો, તો મઈ આવઉં ઉછાહિઈ રે. ૫૦ ૨૧૧

આદિમિ એક અપ્પણઉ તેજીતો, કોલિ મગાયઉ ઈયાસા રે;
સબરિપ પ્રકધુ સંઘપત્તિ તો, કરો હું કહો ગઈ તઈ સો રે. ૫૦ ૨૧૨

અથ રાગ દેશાખ – ટાલ ચોપ્પઈની છઈ.

એક મુકાંમ તિહાં કણિ રહી, પાવાપુરિ પૂહૂતા તે સહી;
જિન થાંનકી સ્વામી વર્ધમાન, મુગતિ પહૂતા અવિચલ ઠાંમ. ૨૧૩

તિણિ ગાંનકિ બાંધિઉ ચોત્તરો, તસ ઉપપરિ પ્પિપલ છઈ ખરો;
તસ હેઠલિ પગલાં સ્વામિનાં, આય નમઈ સુર નર એક મણાં. ૨૧૪

સૂકડિ કેસર કુશમઈં કરી, પ્પય પૂજઈ ઉલટિ અંગિ ધરી;
તિહાંથી કવિઈં મહિમુંદપુર વરઈ, ડેરા દીદ્ધા નદી પ્પરિ સરઈ. ૨૧૫

મોટો તીરથ જાંણી હીઈં, ચોથી કડાહિ સંઘાધિપ્પ દીઈ;
તિહાંથી નગર નવાઈઈં ગયા, સંઘ સવે મનિ હરખિત થયા. ૨૧૬

સાદિક મહિમ્મદ ખાંનહ તણો, સુત મીર્યા તે દુલ્લહ ભણઉં આવઈ;
મિલવા સંઘપ્પત્તિ ભણી, પહિરામણી તસ દીજઈ ઘણી. ૨૧૭

જિન ભુવને જિન વંદઈ વલી, તિહાંથી આગલિ ચાલઈ લલી;
પુહૂંચઈ સબ નગર છઈ જિહાં, શ્રી રામદેવ રાજા છઈ તિહાં. ૨૧૮

ઊભો રહી તે જોવઈ જસિઈ, સંઘ સબલ દીઠઉ તિણિ તસિઈ;
લોભી (કાંદસીક) નૃપ હૂઉ તદા, મિલનેકું જાંકુ નહી કદા. ૨૧૯

નિજ મંત્રીસર ભેજઈ રાય, તે સવિ વેગિઈ સાહમા જાઈ;
આવિ સંઘપ્પત્તિ કરઈ જુહાર, આજ સફલ મુઝ હવઉ અવતાર. ૨૨૦

નગર પાસિ જોઈ વર ઠાંમિ, દિવરાવઈ વલિ ડેરા તાંમ;
આવી સંઘ સવઈ ઉત્તરી, સહૂઈ નિજ કારિજ અનુસરઈ. ૨૨૧

હવઈ સંઘપ્પત્તિ મન માંહિ ચિંતવઈ, કારિજ કીધો જોઈએ હિવઈ;
ચાલો મિલવા જઈએ આપ્પ, પૂછીય કીજઈ સોધઉ ધાપ.૨૨૨

અવર દિવસ રાજાનઈ ઘરઈ, મિલવા જાઈ 'રૂડી પરઈ;
બિહુ મિલી બઈઠા ઉછકી, વાત કરઈ સવિ મન માંહિ થકી. ૨૨૩

કહઈ હમ વેગિ કરાવઉ યાત્ર, વિલંબ ન કરવઉ તે માત્ર;
ક્ષિણિ માત્ર તબ દ્વિજ રાજા બોલઈ હસી, સંઘપ્પત્તિ કહા કહો ઈસી.૨૨૪

જો જો આયે સંઘપ્પત્તિ વડઈ, માસ માસ લગિઈ રિહેઈ ઈહાં પડઈ;
અબહી થઈ તુહ્મ કિઉ અકપકે, દિન દોઈ આરિ રહૂ અબ ખકઈ.૨૨૫

નિસુણી સંઘપ્પત્તિ આવઈ ઠાંમિ, આરિ મુકાંમ હૂંઆ તિણિ ગાંમિ;
સીંહ ગુહાઈ શ્રી વર્દ્ધમાન, જઈ વંદઈ સંઘપ્પત્તિ શુભ ધ્યાંન.૨૨૬

અથ રાગ મારૂણી. કોઈ રાખુ રે મુઝ ઘરિ નારિ એહની ઢાલ.

સંઘપ્પત્તિ મનહ વિમાસિઈ એહવઉ, એહ બાંભણીઉ બહૂ લોભી રે;
નજરિ ફિરીઈ નકી સંઘ દેખી, બહૂઉ જઈ ઈનિ કહા થોભી રે. ૨૨૭

સંઘપ્પત્તિ આવઈ રે નીકે, નીસાણ વજાવઈ રે;
દેખણકું જગ આવઈ રે, ઉસ બાંભણકું સમઝાવઈ રે, સંઘપ્પત્તિ આ૦ ૨૨૮

બહૂત દિવસ અબ હોવઈ હમકું, પાલગંજ નહીં નેરા રે;
મારગ હમકું દેખાવઈ આગઈ, તુહ્મકું કહૂં બહૂતરા રે. સં૦ ૨૨૯

રાંમદેવ કહઈ સુણો સંઘપ્પત્તિ હવિ, જો હવિ માંગું સો દીજઈ રે;
સંઘપ્પત્તિ કહઈ માંગુ સોઈ આપું, પણિ જોરઈ કાજ ન સીઝઈ રે. સં૦ ૨૩૦

કછુ અબહી કછુ આપ્યું પીછઈ, એહ પ્રતિજ્ઞા મોરી રે;
રામાદેવ કહઈ કહા હૂઈગા પીછઈ, દિઉ કિન મોહિ બજોરી રે. સં૦ ૨૩૧

વચન સુણી બાંભણીયા કેરો, સંઘપ્પત્તિ મનહ વિમાસઈ રે;
જે માંગઈ સો જુ અબ દેઉં ઉનકું, તો લીક નવી પ્રતીભાસઈ રે. સં૦ ૨૩૨

તવ રોસઈ સંઘપ્પત્તિ ઈમ બોલઈ, સુણિ હો વચન હમારા રે;
જો તું કોલ થિકી તબ ચૂકા, ધિગૂ તેરા અવતારા રે. સં૦ ૨૩૩

મસ્તકિ તેરઈ હૂં પાઉં ધરીનઈ, પાલગંજ મઈ જાઉં રે;
તો હું ઉસવાલ મુંહિ જાંણિઈ, ઉર કહાવિસનાવઉ રે. સં૦ ૨૩૪

ઈમ કહી સમ શયનઈ ઉઠઈ, આવઈ સંઘ મઝાર રે;
લસકર એકઠો સબ રાખી, સંઘ ચલાવઈ ભારી રે. સં૦ ૨૩૫

સાગર જલ કલ્લોલ સરીખો, વિસ્તરિ સંઘ સોહાવઈ રે;
ચરણ ધૂલિ ગગણાંગણ છાદિત્ત, શરીર વિતે જલુકાવઈ રે. સં૦ ૨૩૬

દેખી મહિતો કરઈ નૃપતે તુમ, કુંણ કાંમ એહ કીનારે;
નીર તીર દોઈ ગતિ હારી, કિસ ઈહિ જસ તઈ લીના રે. સં૦ ૨૩૭

ઢાલ રંગી કાલ હરો રાગ

આ ઢાલ હું આવું પ્રભુ તેરો – એહ ઢાલ

સિરિ રામકી દેવકી રાંણી ઈમ ભાદઈ, મૂરખ કુંણ કમાયા કાંમ;
ઈય સે સંઘપ્પતિ રૂસિ ફિરાએ, આપ્પઈ આપ્પ ગમાઈ મામ.૨૩૮

ધિગ્ રે પાપી બંભણીયા, તું નવિ જાંણઈ ઠાર કુઠાર;
આયુ વર ચિંતામણી ગેરી, કિસઈ પછતાવઈ તુંહિ ભરતાર. ધિ૦ ૨૩૯

આપ ઉર ઉર જે બણિયા, બહૂતર જાંનઈ ઠાર કુઠાર;
ઈન હીં કુ બાત ભીતિ કરી જાંની, મોહિન પૂછી ઉતઈ સઈ કંત. ધિ૦ ૨૪૦

અબજૂ આસ હૂતી બહૂ મૂંકૂં, દેવઈ ગુરૂ સંઘપત્તિ કો રાય;
નીકે બે સર ગહિણાં નીકા,પહિનૂંગી જબ બનાય બનાય: ધિ૦ ૨૪૧ 10

રામદેવ કહઈ કહા મઈ કીનો, સંઘપતિ કો અપરાધ વિચારિ;
આયે મોહ મિલન જબૂ આપ્પઈ, હોઈ જીસી કીજી મનોહરિ. ધિ૦ ૨૪૨

રાંણી કહઈ મૂરખ મત બોલઈ, તઈ રે બગારિઉ અપ્પણઉ કાંમ;
દિવસ સાત કીની તઈ લાલચિ, તોભી નીંદ ઉડી રાંમ. ધિ૦ ૨૪૩

ઉર બનિયે અઈસિ ઈનહી ગરબી, એ તો બખત બલીવર જોર;
ખુસી ભએ લખિ કોરિ સમોપ્પઈ, જોરી કોરિ ન આપ્પઈ તોરિ. ધિ૦ ૨૪૪

અબ થઈ ઈન મારગિ કોઈય ન આવઈ, અપજસ બહૂત ભયો હવિ તોહિ;
ઈનસાકો અપ્પણઈ સિર કીનો, કુંન ઊઠાઈ બુદ્ધિ કહિઈ મોહિ. ધિ૦ ૨૪૫

રાંણી વચન સુણીનઈ કયસો, થિર થિર ધ્રૂજઈ છઈ સઘરો દેહ;
હૈ હૈ કુંણ કુમતિ મતિ દ્વાઈ, આગુ વિચાર ન કીનો એહ. ધિ૦ ૨૪૬ 20

કુરિ રાંણી કહઈ સુણિ રે પીઅરા, કુરિઈ ભાગિ મતિ અઈસી હોઈ;
સીતા હરણ કરણ લંકાપ્પત્તિ, રાવણ કુમતિ ભઈ ઈઉ જોઈ. ધિ૦ ૨૪૭

રામ ચાલિઉ લેણકું દોરિઉ, સોના સોવન મૃગલીકું રાંનિ;
વિણસણ કાલિ કુમ્મતિ કું હોવઈ, સીતા એકલી છોરી રાંનિ. ધિ૦ ૨૪૮

અબ કહા સલચઈ કીઈ હોવઈ, જાઈ તું જાઈ મનાઈ જો કહવિઈ;
દેવઈ સે કરિ લિઈ, જિઉં ધરિ રહિવઈ તેરો ઠાય. ધિ૦ ૨૪૯

સુણિ શ્રી રામદેવ કહઈ સાચઉં, મહિ તો આપ્પ પઠાવઈ જાંમ;
વેગિજાઈ સંઘપ્પતિ કઈ પ્પત્તિકું, જિઉં તિઉ વેગિ મનાઈ આણિ. ધિ૦ ૨૫૦

મહિતા તુરત ચલઈ ચિત્તલાઈ, રંગિ લેઈ બહૂલા પરિવાર;
પીછ પીચ ચલઈ સોય મંત્રી, શ્રી સંઘપ્પત્તિકું કરઈ જુહાર. ધિ૦ ૨૫૧ ૩૦

વીનવઈ રામદેવ પ્પતિ રાજા, કાહુકુ સીખ સુણી મઈં કાંનિ;
મુંહિ અપરાધ ખમો સો સઘરો, કીયો સો પાયુ મઈં માંનિ. ધિ૦ ૨૫૨

પાલગંજકી જાત્ર કરવઉં, ધરિ એક નાંહી કરઈ હૂંકાર;
હમકું વેગિ પઠાઈ તુહ્મ હો મહાજન દાન દાતાર. ધિ૦ ૨૫૩

અથ રાગ અસાઉરી પાંડુરી પટોરી આ કુંણ૦ એહની ટાલ.

સંઘપતિ કહઈ હમ અબ નવિ આવઉં, હમસિઉં કીની બાજી રે;
રાઈ ફરમાંન ન માંનઈ પાતિસાહી, મહા દલ દાંન તઈ સાજી રે.
એહ કુંન તે બાઈ આ કું રે.૨૫૪

જઈ ડૂંગર માંહિઈ સંતાવઈ રે, ઘરિ આઈ જેમ્મ હૂ તન દેવઈ;
તસ ઘરિ કેહો કુણ જાવઈ રે.આ૦૨૫૫

દો દો માસ સંતાએ ગિરિમઈં, બહૂત ભમાએ તનકું રે;
સંઘ મેરેકું કુંણ સંતાવઈ, હું સંઘવી નઈં સરિન કું રે. આ૦ ૨૫૬

સમેતસિખિર ગિરિ જાત્ર કરૂંગા, કબહીય ન કરૂં નાહા રે;
જાઈ કહો અપ્પણઈ સાહિબકું, દેખઈ છઈ તોરા મોરા રે. આ૦ ૨૫૭

ઈમ કહીનઈં આગલિ સંચરિયા, આવ્યા નગર નવાદઈ રે;
ઠાંમિ જોઈ નઈં વારૂ ડેરા દીદ્ધા વાજા વજાઈ વાદઈ રે. આ૦ ૨૫૮

આવિ મલિઈ મિર્ય્યા અંદુલા, સંઘપ્પતિ સાહમ્મા આવઈ રે;
યજમ બઈસી નઈં વાત કરઈ સવિ, મીર્ય્યા બહૂત દૂહાવઈ રે. આ૦૨૫૯

રાગ રામગિરી મિશ્ર અત ચોપ્પઈની ટાલ.

મીર્ય્યા કહઈ સુણિ સાહ સિરતાજ, મત કછુ ફિકર કરો તુહ્મ આજ;
અજ્જમુ જાંઈ ગુમ્મા સિરિતાર, તિલોકચંદ રાજા હૂસીયાર.૨૬૦

ઉસકું બોલાવો ફલહાલ, ઉસકી બાહ સમોપ્પઉં દરહાલ;
બાલા પાલગંજ કઈ સોય, લેઈ જાવઈગા તુહ્મકું જોય.૨૬૧

બોલાવઈ અપ્પણાં મવરા, તિલોકચંદ પ્પઈ ભેજઈ ખરા;
જાઈ કતાબતી દસ્તઈ દી, તિલોકચંદ વાંચઈ સુકલીન.૨૬૨

વાંચી કાગદ હરખિઉં ચીત્તિ, નીકી બહૂત ભઈ અબ રીતિ;
ખુઆર કરી આપ્પણઉં શ્રી રામ, ની કઈ મેરો સમારિઉ કાંમ.૨૬૩

ઠાંમિ ઠાંમિ કા પાલા ઘણા, તેડાવઈ નરપ્પતિ આપ્પણા;
થઈ અસવાર જબ ચાલઈ ભૂપ, પૂછઈ સ્ત્રી એક ઉણ સ્વરૂપ.૨૬૪

ભૂપ્પતિ કહઈ સુણિ સ્ત્રી વાત, આવત હિ સંઘપ્પતિ વિખ્યાત;
રામદેવ રાજા સિઉં રૂસી, લેણ જીતમંઈ તિનકું ખુસી.૨૬૫

રાગ ગવરી – મિશ્ર

તિલોકચંદ રાજા કી રાંણી, બોલઈ અંમૃત વાંણી; સંઘપતિકું લિઈ નીકઈ આવો, જાકી વે બાત સુહાંણી;
રાજા મત કછુ તું ભિ વિગારઈ, બે રાજા આપ્પણી મિતિઈ જિન હારઈ;
કહૂ કહિઉ મત ધારઈ બે રાજા આંકણી. ૨૬૬

કબહી માન ટરત નહીં ટારિઉ, અભિમાંની મન જાકો બે; રામદેવકો માન વિખંડી, અપનો બકીતો સાકો બે.૨૧૦ ૨૬૭

ઈનકું મત તુઝ બુરી સાવઈ, રૂસઈ દેસ ઉજારઈ બે; વડ દાતાર વડે અભિમાંની, ભૂસિઈ દારિદ્ર મારઈ બે. ૨૧૦ ૨૬૮

હાથી ઉર ઘોરે પામરી જોરે, ઉર કંચનકી ખાલા; જર બાજરી ના નંગ નગીના દેવઈ મોતિનકી માલા બે. ૨૧૦ ૨૬૯

તીકે હથીયારા ગોલ ઉદાર, મુહુર રૂપ્પઈયા ભારી; કુંરપાલ સોનપાલ સંધાધિપ, દેવઈ ભરિ થારી બે.૨૧૦ ૨૭૦

વેગિઈ જઈ લાવઉં મુહૂ દેખલાવઉ, બલિ બલિ જાઉં તુમરી; તિલોકચંદ રાજા તવ બોલઈ, સુનનિઈ વિનતી હમારી બે.૨૭૦૨૧
અબ મઈ જાઉં વેગિ મનાઉં, લાઉં અપ્પણઈ ને ગઈ બે; કરહિ કહા રામા દેખિ હિ બ કાંમા,હમ રાંમઈ અબજસ થાઈ બે.૨૭૦૨૨

આદનરાય પૂહૂતલ જાંમ એહ ટાલ. રાગ સામરી

રાજા તિલોકચંદ વેગઈ રે આવઈ, સંઘ સહૂઈ આનંદ પાવઈ;
જિહાં અબઈ મીર્ય્યા જીના રે, આવીનઈ સરિ નાંમિઈ સવે૨ા.૨૭૩

મીર્ય્યાએ માન ઘણઉ તસ દીદ્ધ, બાત કિહી સઘલી પરિસિદ્ધ;
બિહુ અસવાર થઈનઈ રે ચાલઈ, સૈન્ય સબલ સાથઈ રે માહલઈ.૨૭૪

આવઈ બેહૂ સંઘપ્પત્તિઈ પાસિઇ, સંઘપતિ માંન દિઈ નિત ઉલ્હાસિઈ;
દેખવા લોક મિલ્યા તિણિ થાનઈ, આવી બઈઠા દીવાન ખ્ખાંનઈ.૨૭૫

મીર્ય્યા કહઈ સુણો એક વાત હમારી, રાજાજી એહઈ વડ વ્યવહારી; (૧૭)
હઈ ફુરમાંન ઈનકઈ સીધિઈ, હજરતિ કરી દીના નિજ હાથઈ.૨૭૬

ઈનકું કાંઈ કરઈગા રંજાન, સોઈ ગુણહગાર હમારા જાન;
સાહમા હાકિમ સબ ઠોરિકા આવઈ, ઉર ઈનકું આગઈ અમરાવઈ.૨૭૭

તવ તિલોકચંદ રાજા રે ઈણિપ્પરિ બોલઈ, સાહિબ ઉર નકો તુહ્મ તોલઈ;
હરકતિ દમરીકી હોવઈ જો કબ હી, તમઈ ઈગ્યારગુની દિઉં તબહી.૨૭૮

ફેરી નવાદઈ મઈ છોરૂ રે આની, તઉ મઈ બંદા ખુસ ખ્વાહી દીવાની;
ઈસી સુણી રાજાકી રે બાંણી, ખુસાલ ભયે બહુ સંઘપ્પતિ જાંણી.૨૭૯

ઘોડારી માંહિથી અપ્પાવિઈ રે ઘોડા, વાગા કસબીહારે પામરી જોડા;
મુપ્રડી વારૂ ઉર કંઠકી માલા, અપ્પઈ વલી ગંદ્ધોડા સુંહાલા.૨૮૦

જાતિ બહુતકા વલી કપ્પડા રે દીજઈ, નામ લેઈ કેતા કહીજઈ; (૨૦)
ખોબલઈ ભરી દીજઈ સોનઈયાં, નીકા જહાંગીરી દીજઈ રૂપઈયાં.૨૮૧

જાતી અનેક નામે વારે આણી, આપ્પઈરે ભરિ ભરિ થાલીય પોરાણી;
કેલવા નીકા દીજઈ પકવાન, ઊપ્પરિ દીજઈ રે ફોફલ પાન.૨૮૨

દીજઈ મીર્ય્યાકું મહિમાનીય વારૂ, બહૂત સંતોખ્યા બેઈ સુવિચારૂ;
સંઘપ્પતિ કિઉં લેઈ ચાલઈ રે રાજા, હરખઈ ઘણાઉં રે દેખી દરવાજા.૨૮૩

ઘાંટા રે પાંચ ઉલંઘીનઈ રે આવઈ, નગર ગુમ્માનઈ સોહ ચડાવઈ;
વારૂ ઠાંમઈ આવીનઈ ઉતારઈ, રાજા તિલોકચંદ સેવા રે સારઈ.૨૮૪

રાંણીનઈ આપ્પઈ રે વેસ ભલેરા, નંગિઈ જડયા વલી ગહિણાં નવેરાં;
પ્પરિવાર પ્પહિરાવઈ રે વલી દિનઈ જઈ, દેખી સુબંતણાં મન ઘ્રુજઈ.૨૮૫

પય દલ સાથઈ ઘણઉં લેઈ આવઈ, સંઘપ્પતિ પાસિ જઈ નરે દખાવઈ; ૩૦
આગલિ ચાલઈ હવિઈ હવિઈ બેહૂ રંગઈ, સુભટ્ટભલા દીસઈ જસ સંગઈ.૨૮૬

ટાલ ફાગની

હવિઈ વાટ વિષમ અતિ દુહિલી, દુહિલી ઉલંઘી જાય; વાંમા દક્ષિણ ડુંગર, ડુંગરી વિચિ વનરાઈ;
સદલીય કદલીય જાંણીઈ, નાગ પુન્નાગહિં તાલ; નારિંગી નાલરેડી, જાંબૂ તાલ તમાલ.૨૮૭

ચારોલી વડ પીપ્પલ, આંબા જાંબૂ કરીર; જાઈ જૂંહી વર માલતી કેતકી સુગંધ સરીર;
દમણો મરૂઉ મહિમહઈ, ચંપ્પક પરિમલવંત; પાડલ પરિમલ પરગડો, પૂગી વૃક્ષ મહંત.૨૮૮
કેસૂય કણયર રાતડા, રાતડા પ્પીલૂ અજોઈ; કટ્ટહલ બડહલ બોરડી, કરંજ કંકોલહ તોઈ.૨૮૯
આંબિલીય કિસૂ અવેતસ 'ફણસ' બીજોરી નીંબ; કાસિદ્રકપ્પટ વલી, વહેડા આમલા સીંબ.૨૯૦
રણઝણઈ ભમરા ભમરલી, કોકીલ કિલિરિ વિકાર; હરિણાં હીરણાય જલફલઈ, ફાલ ફુલઈ ફલીહાર;
વાઘ સિંઘ બોકારવ, જંબૂક યૂથ લડંતી; દડવડ દોડઈ હાથીયા, માંહો માંહિ ભડંતિ.૨૯૧
બાપ્પીયડો પીઉ લવઈ, મોર કરઈ કેંગાર; શસલા સંબર સંબરી, નાસઈ ત્રાસઈ અપાર.૨૯૨
સૂરિજ કિરિણ ન દીસઈ દવ વિકરાલ; મારગિ પંથીય નવિ મલઈ નવિ મલઈ અન્ન દેવાલ.૨૯૩
દવ દાઘા જિમ રૂંખડા, ભૂઈ ખડા દીસઈ જાંન; કર ઘણું હી કડિ તીરડા, વીરડઈ બાંધ્યા તાંણિ;
૧૦ કેઈ ઊંચા કેઈ વામણા, જાંમણા દીસઈ અંગિ; બઈઠીયના કઈ ચુંઘલા ઘુંઘલા આંખઈ ભંગિ.૨૯૪
જસઈ વહીના કૂબડા, બોબડા બોલઈ બોલ; બોલિઉં કોઈ સમઝઈ સમઝઈ નહીં, નહીં રંગરોલ.૨૯૫
અન્ન ન પાંમઈ રાંકડા આંકડા કરી ઘરઈ ધીર; વનિ વનિ વન ફળ લીજઈ, ઝરિકા પ્પીજઈ નીર.૨૯૬
જંગલ ભૂતડી ભાંમિની, યાંમિની જાઈ નીઠ; કલલીય દલ કરી ઢાંકીઈ, આગલિ પાછલિ પીઠ.૨૯૭
લાંબા લસરક દંતડા, રેતડા જેહવા જાંણિ; રાતિ અંભારિય જેહવી તેહવી દીસઈ વાનિ.૨૯૮
ગાંમિ ગાંમિ દોઈ ઝૂંપ્પડા, કૂકડા જેમ વસંતિ; ડરપ્પઈ દેખી માંનવી, માંનવી દેખિ હસંત.૨૯૯
નીર નદીના પીજ્જઈ, દીજ્જઈ અન્ન કહાહિ; ઝાડ ખંડિ ઉલંધીયા, લંધીફ ખોહ અથાહ;
અન્ન ભર્યા વર પોઠીયા પોઠીયાં બારહસસઈ માંનિ; સાથઈ કૂંડા ધીયના, રૂઢાં ચાલઈ રાંનિ.૩૦૦
દીજઈ દિન પ્રતિઈ આગતુ, જાગતો અન્ન પ્રવાહ; વરણ અઢાર નઈ આપ્પીઈ, થાપ્પીઈ થિરિ કરિ થાહ.૩૦૧
અનુક્રમિ આવઈ સંઘપ્પતિ, ચેતનપુર નઈ પાસિ; ડેરા દીજઈ મોકલા, મોકલી ભૂમિ વિમાસિ.૩૦૨
૨૦ કોસ એક તિહાંથી અબઈ, નાહાંનહું નગર સુઠામ; અજિતપુર તે જાંણીઈ, વીંટિઉં વન આરામ.૩૦૩
પૃથવીયસિંઘ નરેસરૂ, રાજઈ જેમ દિણંદ; સૂર સુભટ્ટ ગુણીયણ વડો, દાતા જેમ હીરચંદ;
વાતસુણી સંઘપ્પતિ તણી, સાહમું જાઈ જાંમ; અસવાર થઈ નવ સાંચરઈ, સાંભલ્યો જે હૂઈ તાંમ.૩૦૪

રાગ જઈતસરી – ધન્યાસી મિશ્ર પાસ જિનંદ જુહારી એહની ટાલ

નીસાંણ કીધું સુણી તબ રાંણી, કોટ્ટરી પ્પરિ ચડિ પેખઈ રે;
પછીમ દિસિથી આવતાં, સંઘ સયલકું દેખઈ રે. ૩૦૫

આઉ રે આવઉ તુમ્હકિઉં નાવઉં, આઉ સખી અબ દિખાઉંરે;
ચલી ખુરસાંન કટક દલ આય, દેખી અબ બહૂત ડરાઉં રે.૩૦૬

હત્થીયાર હય ડોરી પાલખી, સુખપાલ સુખાસણ ઝોરી;
પ્પિયા દઈકી સંખ્યા નહીં, એહ આવત હઈ સૈન્ય સજોરી બે.૩૦૭

૩૦ પ્પિયા સીયાની તનુ ધ્રુજતી, ઉત્તરી વેગઈજી આવઈ રે;
પૃથવી સંઘ મહિપ્પતિ દેખઈ, જુતાહ બુલાવઈ રે.આ૦ ૩૦૮

કહા ભયુરી તોહિ કહા ભયુ, ધુજઈ બઈ તેરીય દેહા રે;
નારિ કહઈ પ્પીઉરા સુણઉ, પર દલ આયો ગેહા રે.આ૦ ૩૦૯

રાજા કહઈ તુંહિ કહા કહઈ હઈ, રાંણી કછુ અનજાંણઈ રે;
આવતિ હિ સંઘપ્પતિ સદા, કદા જાંનતિહિ ન માંનઈ રે.આ૦ ૩૧૦

રાંણી કહંઈ મંઈ કદે નવિ દેખ્યા, કબહૂં સંઘપ્પતિ સાર રિ;
ગોમાં કઈ પઈ મંઈ ઈયસે, કિઉ આવતહિ ઈક હૂતઈ સારે.આ૦ ૩૧૧

બોલઈ તિઉંરા રાજા સુણી, નાહિ ન જાંનત રાની રે;
ઉચા સુઅ કસ ભઈ કછુ, આવત હઈઉં ઊમાંની રે.આ૦ ૩૧૨

અબહૂ મિલનનિ તુ જાઈહુ, ભએ અસવાર રાજા રે;
ખાંચિ રહી પિયા કા અંચરા, હૂં જાંન દેઉં આજા રે.આ૦ ૩૧૩

જાણી તલ જાંહગીર કઈ, કોઈ ન કુવીસાસા રે;
પઈઠ ભત્તેજે તુ અપ્પણઈ કુ, બોલ મંગાઉં અબ ખાસા રે.આ૦ ૩૧૪

તુમ્હ કિઉં મિલિઈ હૂં પીછઈ રાજા, તબ મઈ જાંન ન દેઉંગી રે;
સુનિ કીર ભત્તીજા ભજીયઉ, આવઈ સંઘપ્પતિ સંગી રે.આ૦ ૩૧૫

કરજોડી ઉભા રહઈ, કહઈ ભાગ્ય હિમારે આયા રે;
કોલ દિઉ અમ્હારે રાજા કો, જિઉં તુહ્મ પ્પઈ આવઈ રાયા રે.આ૦ ૩૧૬
ખુસાલ ભએ સંઘપ્પતિ વડે, દેખી જો નીકાનો રે;
કોલ બોલ દેવઈ તદા, ઉર દેવઈ માંન જદઉણાં રે.આ૦ ૩૧૭

સિર બંધી નીકી પામરી, ઊર આવઈ આવઈ બાગા રે;
ફુલ તંબોલ સુરા સુરી, દેવઈ બહૂત સોભાગા રે. આ૦ ૩૧૮

ફુરિ આવઈ રાજાનઈ પાસઈ, બોલ કોલ દેખાવઈ રે;
ચિત્ત ચઈન ભયુ સબકું સુધો, રાજાજી બહુત સુખ પાવઈ રે.આ૦ ૩૧૯

રાગ ધવલ ધન્યાસી અતિ કોડિઇં આંણી કાંમિણી – એહની ટાલ.

પૃથવીસિંઘ મહિપ્પત્તિ, આવઈ ઘરી આણંદ;
પરિવાર સાથઈ પરિવારિઉ, જિમ સોભઈ રે તારા માંહિ ચંદ કિ. ૩૨૦

દેખો રે જગી મહિમા, એતો દિસઈ રે પુન્ય પુરૂષ પ્રધાંન કિ;
જસુ આપ્પઈ રે બહૂ ભૂપ્પતિ માન કિ. દે૦૩૨૧

સંઘપ્પતિ મિલવા મિલવા સામુહા લેઈ જાઈ બહૂ પરિવાર;
જઈ મિલ્યા મન નઈ સંગસિઉ, વહી આવઈ રે ડેરિઈ અનિવાર કિ. દે૦ ૩૨૨

પ્પહિરામણી બહૂ કીજઈ, નવ રંગ નવલા વેસ;
પંચ વરણકી પામરી, બહૂ મૈલા રે વલી વસ્ત્ર વસેસ કિ. દે૦૩૨૩

પવન વેગિ તુરંગમા વલી, દીજઈ બહૂ આંણિ;
મુહુર સોનઈયા રોકડા, ઈમ દીજઈ રે બગસીસ વિનાન કિ. દે૦ ૩૨૪

રાજા ખુસી મનમાંહિ થયા, ચિત ચીંતવઈ સુવિચાર;
સંઘપ્પતિ બહૂત જુઆઈ, ઈહિઈ પરિ ઈસે રે કોઈ નહીં દાતાર કિ. દે૦ ૩૨૫

દિવસ બીજઈ આવીયા, જિહાં અજિતપુર નજ ગાંમ;
ડેરા દિવરાઈ રંગ સૂં, અતિ પહિલો જોઈ નઈ ઠાંમ કિ. દે૦ ૩૨૬

એમ મુકાંમ તિહાં રહી, નૃપ લેઈ આગલિ જાય;
મુકુંદપુર વાસો વસ્યા, નિજ નયનઈ દીઠા ગિરાય કિ. દે૦ ૩૨૭

શ્રીય સંઘ સંઘપ્પતિ હરખીયા, લોયન્ને અમીય પઈઠ;
સફલ દિવસ હૂઉ આજકો, નીલાગિરિ રે અમૃતનયણઈ દિઠ કિ. દે૦ ૩૨૮

સોવન રૂપા ફૂલડઈ, શ્રીફલ ચાઉલ ચંગિ;
નર નારિ ઊભા રહી કરી, વદ્ધાઈરે ગિરિવર કું રંગ કિ. દે૦ ૩૨૯

10 શ્રીરામદેવ નરિંદકા, મંત્રી મનાવા કાજિ;
આવ્યા હતા પરિવાર સિઉ, તે તો સાથઈ લીદ્ધા કઈ કિ. દે૦ ૩૩૦

ત્રિલોકચંદ નરેશ્વરૂ, મહિ સંઘ નંપ્પ ઉછાહ;
સંઘપ્પતિ આગલિ સંચરઈ, દેખાવઈ રે ગિરિવરકું રાહ કિ. દે૦ ૩૩૧

ગિરિરાજ વનમાંહિ જાવતાં, અતિ સરસ લાગઈ છાય;
નીરઝરણાં જલસીય કરઈ, અંગિ લાગઈ રે અતિ સીતલ વાય કિ. દે૦ ૩૩૨

સાગર તટિ તટિની તિટઈ, કરિ ઘરઈ વીણાં સારિ;
સંઘપ્પતિ કીરતિ વરણવઈ, ત્રીજ ખંડ મઝારિ કિ. દે૦ ૩૩૩

-ઈતિ શ્રી સંમ્મેત્તિ સિખ્યર ગિરિયાત્રા સંઘપતિ શ્રી કુંરપાલ સંઘપતિ શ્રી સોનપાલ

પ્રબંધે. શ્રી રામદેવ રાજ, વિરસ તિલોકચંદ રાજા પુથવીસિંહ રાજા. સહિતપાલ રાજા. રોહણો નાનંમ તૃતિયાખંડ સંપૂરણ. સિમાપ્ત મિતિ. દયાકીરતિ લખિતં હિવઈ ચતુર્થખંડ લખ્યતે

ચતુર્થ ખંડ

અથ રાગ અસાઉરી માંહિ ઢાલ ચોપઈની

ફલ ભારઈ તરૂવર સહિકાર, નીચા નમી આવ્યા નિરદ્ધાર;
સંઘપ્પતિ આવતા દેખી કરી, ફિરી ફિરી નમણ કરઈ આદરી.૩૩૪

વંસછિદ્ર માંહિ અનલ પ્રવેસ, મધુરી ધ્વની ઊપજઈ વિસેસ;
જાંણઉં કીરતિ સંઘપ્પતિ તણી, ગાયવા હૂંસિઈ હુઈ અતિ ઘણી.૩૩૫

શુક બઈઠા આંબા તરૂ ડાલિ, મીઠઈ સ્વરિઈ બોલઈ સંભલાવિ ;
જાણિઈ જો જન ગાઈએ, તુ ઈસી પદવી પાઈએ. ૩૩૬

મૃગસિઉ મૃગલીય કહઈ, સુણિ સ્વાંમિ ઉજાઈ બોલઈ સંઘપ્પતિ શુભ નાંમ ;
વેગિ ચલો દરિસન કીજઈ , જિઉં ઈસીય ગતિ નવિ લીજઈ.૩૩૭

સંઘ પ્રતિઈ કહિઈ સંઘની, ચાલો સંઘપ્પતિ જોઈ એ ઘણી ;
જીવ ઘાતના પાતિગ જેહ, દેખી દૂરઈ કીજઈ તેહ.૩૩૮

હસ્તીય પ્રતિઈ બોલઈ હસ્તિની, સાંભલિ વાત કહું એક મણી ;
કીરતિ કાજિઈ ખરચ્યા વિત્ત, ધર્મ્મ હેખી દૂરઈ કીજઈ તેહ.૩૩૯

દીદ્ધા દાંન કુપાત્રઈ બહુ, અભિમાની ધન વાવ્યા સહૂ ;
રાગ દ્વેષ પરિણામઈ કરી, આવનિ મોટા હૂઅ ગિરી.૩૪૦

તુ આવઈ સંઘપ્પતિ મારગિઈ , નમ્મણ કરો ઊભા રહી વિગઈ ;
જિમ ગતિ આગલિ લહીઈ ઘલી, કીજઈ પુન્ય સુપ્પરિ તિહાં વલી.૩૪૧

જંબુક પ્રતિઈ બોલઈ જંબકી, કાંઈ તું જઈ રહિસ્યઈ હાલુકી ;
અણાહૂત અવગુણ સંભવી, સાધુ તણી મુખિ નન્દા ચવી.૩૪૨

જૈન ધર્મ્મ હીઈ નવી વસિઉ, મિથ્યા મિતિ દેખિ ઉલ્હાસિઉ ;
રયણી ભોજન કીદ્ધા ઘણા, નિરિખ્યા રૂપ્પ રમણિ પર તણા.૩૪૩

મોટઈ તીરથ નવિ કીદ્ધી જાત્ર, નવી જાણ્યાં વલિ પાત્ર ;
અણહૂંતા ઉપ્પાયા આલ, તિણિ કારણિ અમ્હે હૂઆ સીયાલ. ૩૪૪

વલ્તઉ જંબુક બોલઈ આપ્પ, કહૂ તે કેમ છૂટીજઈ પાપ ;
નારિ કહિઈ સુણિ મોરા કંત, ઉનીય સંઘપતી પુન્યવંત. ૩૪૫

ચાલો હવિઈ દરિસન કીજીઈ, જિમ આગલિ વલીનવી લીજીઈ ;
બેહૂં ,પાસિ આવી તતકાલ, ટગમગ જોવઈ તેહ સીયાલ. ૩૪૬

પંચ કલસ ઊંભો ગિરિરાય, પંચમ ગતિ આપ્પઈ એહ ઠાય ;
પૂહૂતા ગિરિરાજ, શ્રિ સસ્વ જ્ઞંમ, હીયડઈ સંઘપ્પતિ હરખિઉ તાંમ.૩૪૭

ભલે ઠાંમિ તિહાં ડેરા દીઈ, નર નારિ બહૂ હરિષિત હીઈ ;
આવઈ કુંડ ત્રીકોણા પ્પાસિ, સનાન કરઈ સંઘપ્પતિ ઉલ્હસિ.૩૪૮

પ્પહિરઈ પવિત્ર અતિ દ્વોત ઊદાર, સૂકડિ કેસરી ઘસીઈ નિવારિ ;
ભરી કચોલાં નિજ કર લીદ્ધ, થૂભ માંહિઈ આવઈ સુપ્રસિદ્ધ.૩૪૯

નવલ ભાતિ વાજઈ વાજિંત્ર, કુસુમમાલ કરી લિદ્ધ પવિત્ર;
આવી શ્રી જિન પૂજઈ અંગિ, ગુણ ગાયન મન રંગિ. ૩૫૦

પૂજી શ્રી જિન આગલિ રહી, સ્તવન કરઈ હીયડઈ ગહગઈ;
ચઉવીસઈ જિનનાં નાંમ ઠાંમ, માત પિતા લંછણ અભિરાંમ. ૩૫૧

મુગતિ પૂહૂતા જિહાં જિનવરૂ, ભવીયણ તે સુણ્યો હિતકરૂ;
જિનવર જસ ગુણ હીયડઈ રમઈ, તે સંસાર કિહિં નવિ ભમઈ.૩૫૨

અથ રાગ ધન્યાસી મિશ્ર ઢાલ.

પહિલઉં પ્રણમું ઋષભ જિનેસર, નયર વનીતા જનમ્યાજી;
નાભિરાયાં મરૂદેવી માતા, વૃષભ લંછણ સુર પ્રણમ્યા જી. ૩૫૩

વર્તમાન જિનવર ગુણ ગાવઉ, અમિત ગુણાકાર જાણીજી;
ઋદ્ધિ વૃદ્ધિ ધરિ પરિઘલ લહીઈ, વિસિ હુઈ સિવપદ રાંણીજી.વ૦ આંકણી. ૩૫૪

બીજઉ અજિતનાથ જિન વંદો, નગરીય અયોધ્યાં સોહઈ જી;
જિતશત્રુ રાજા વિજયાનંદન, ગજ લંછણ મન મોહઈ જી. ૧૦ ૩૫૫

ત્રીજા શ્રી સંભવ જિન રાજઈ, સાવસ્તીઈ અવતાર જી;
જિતાર પિતા શ્રી સેના માતા, હય લંછણ મનોહાર જી. ૧૦ ૩૫૬

અભિનંદન ચઉથા જિન ભણીઈ, નયરી અયોધ્યા નાંમ જી;
સંવર રાય સિદ્ધારત માતા, વાનર લંછણ તાસ જી. ૧૦ ૩૫૭

સુમતિનાથ પંચમ જિનરાજઈ, નયરી જોધ્યા જાસ જી;
મેઘરથરાય સુમંગલા માતા, કૌંચ લંછણ અભિરાંમ જી. ૧૦ ૩૫૮

છઠા પદમપ્રભજિન નમીઈ, કોસંબી અવતરીયાજી;
શ્રીધરરાય સુસીમા માતા, કમલ લંછણ પય ધરીયાજી. ૧૦ ૩૫૯

સાતમા શ્રી સુપાસ જિનેસર, નયરી વણારિસી સારીજી;
પ્રતિષ્ટ રાજા નઈ પુહુવી માતા, સ્વસ્તિક લંછણ ભારી જી. ૧૦ ૩૬૦

ચંદ્રપ્રભુસ્વામી પય પ્રણમી, ચંદ્રપુરી વલી જાંણું જી;
મહસેનરાય શ્રી લક્ષ્મણા રાંણી ચંદ્ર લંછણ સુવખાંણું જી. ૧૦ ૩૬૧

અથ રાગ સામેરી, નરેસર ભેટિઉ સાહસ ધીર – એહની ઢાલ

સુવધિનાથ નવમા ભણઉંજી, નયરી કાકંદિ જાંણિ;
સુગ્રીવ રામાં નંદણોજી, મગર લંછણ મનિ આંણિ. ૧૦૩૬૨

પ્રાણીજી લીજઈ જિનવર નાંમ, અશુભ કરમ દૂરઈ ટલઈજી;
લહીદ સિવપદ ઠાંમ, પ્રાણીજી લીજઈ જિનવર નાંમ. આંકણી.૩૬૩

૨૯ દસમા સીતલ વંદીઈ જી, ભદ્દિલ પુરૂ સિણગાર;
દઢરથ નંદા જાંણીઈજી, શ્રીવછ લંછણ સાર.પ્રાં૦૩૬૪

શ્રી શ્રેયાંસ ઈગ્યારમાજી, સીંહપુરી જસ હોઈ;
વિષ્ણુરાય વિશ્વશ્રીજી, ખડગી લંછણ જોઈ.પ્રાં૦૩૬૫

વાસૂપૂજ્ય જિન બારમાજી, ચંપાનયરી નિવાસ;
શ્રી વસૂપૂજ્ય જયા કહૂં જી, મહિષ લંછણ વલી જાસ.પ્રાં૦૩૬૬

વિમલનાથ જિન તેરમાજી, કંપ્પિલપુરિ અવતાર;
કૃતવર્મ્મા શ્યામા કૂંઅરૂજી, વરાહ લંછણ જણ સાર.પ્રાં૦૩૬૭

અનંતનાથ જિન ચૌદમાજી, જિનમ અવઝ્ઝા ઠાંમિ;
સિદ્ધારથ સુજસા જનમીયાજી, લંછણ સીચાણઉ નાંમ.પ્રાં૦૩૬૮

૩૦ પન્નરમા ધર્મ્મનાથ જાંણીઈજી, રતનપુરી ભાનુરાય;
સુવ્રતા કૂખઈ હંસલોજી, વ્રજ લંછણ જસુ પાય.પ્રાં૦૩૬૯

સાંતિનાથ જિન સોલમાજી, હથીણાઉરિપુરિ ઈસ;
વિશ્વસેન અચિરા જાંણીઈજી, લંછણ હરણ જગીસ.પ્રાં૦૩૭૦

સત્તરામા કુંથુજિણેશ્વરરૂજી, ગજપુરી જનમ્યા સ્વામિ;
સૂરીરાય શ્રી દેવી માતા કહૂં જી, લંછણ અજ સુનાંમ.પ્રાં૦૩૭૧

અઢારમા અરૂ જિણ વંદીઈજી, શ્રી ગજપુરૂ જસ થાન;
સુદરસનરાય દેવી ભણઉંજી, નંદાવર્ત પ્રધાંન.પ્રાં૦૩૭૨

મલ્લિનાથ ઉગણીસમાં જી, મિચ્છલા જિણવર ચંદ;
કુંભરાય પ્રભાવતીજી, કુંભ લંછણ આનંદ.પ્રાં૦૩૭૩

મુનિસુવ્રત જિન વીસમાજી, જનમ રાજગૃહિ જાંણ;
સુમિત્રરાય પદમાવતીજી, કચ્છપ લંછણ મનિ આણિ.પ્રાં૦૩૭૪

એકવીસમા નમિ નિત નમુંજ, મિથલા નગર સુઠાય;
વિજયરાય વિપ્રા ભણઉંજી, નીલ કમલ જસ પાય.પ્રાં૦૩૭૫

નેમનાથ બાવીસમાજી, શ્રીય સોરીપુર ગાંમ;
સમુદ્ર વિજય સિવાદેવી કહીજી, સંખ લંછણ જસ ધામ.પ્રાં૦૩૭૬ 10

પારસનાથ જિન ત્રેવીસમાજી, નગરી વાણારિસી હોઈ;
અશ્વસેન વામા જનમીયાજી, અહી લંછણ જસ સોઈ.પ્રાં૦૩૭૭

વર્દ્ધમાંન ચોવીસમાંજી, ક્ષિત્રીય કુંડ અભિરાંમ;
સિદ્ધારથ ત્રિસલા ભણઉંજી, સિંહ લંછણ જસ નાંમ.પ્રાં૦૩૭૮

આદીનાથ અષ્ટાપદઈજી, મુગતિ પૂહૂતા સારિ;
વાસપૂજ્ય ચંપ્પાપુરીજી, નેમિ ગયા ગિરિનારિ.પ્રાં૦૩૭૯

વર્દ્ધમાન પાવાપુરી જી, પાંમ્યા સિવપદ ઠાંણ;
વીસ તીર્થંકર પામીયાજી, સમેતિસિખર નિર્વાણ.પ્રાં૦૩૮૦

અથ રાગ વઈરાડી ત્રીજી વાડી જોયો બ્રહ્મની રે – એહની ટાલ

અજિત સંભવ અભિનંદપુરે, સુમતિચંદ્ર પ્રભુરાય રે;
સુવિદ્ધિ સીતલ શ્રેયાંસજી રે, કુંથ અરૂ સોવન કાય રે. મુ૦ ૩૮૧ 20

મુગતિઈ પૂહૂતા જિનવર સાધસ્યું રે, વીસઈ ટુંકિ જુહારી રે;
કાઉસગસિઉં સીદ્ધા સવિઈ રે, ભેટીઈ ભવદુકૂખહાર રે. મુ૦ ૩૮૨

મુનિસુવ્રત નિમ્રિ જિનવરા રે, બારઈ એ જન જોયા રે;
પ્રત્યેકંઈ પ્રત્યેકંઈ જાંણીઈ રે, એક સહિસ મુનિશું હોઈ રે. મુ૦ ૩૮૩

છઠા શ્રી પદમપ્રભુ રે, ત્રણ સઈ આઠ મુનિસ રે;
શ્રી સુપાસ મલ્લિ જિનેસરૂ રે, પંચ પંચસઈ એહ જગીસ રે. મુ૦ ૩૮૪

વિમલનાથ જિનેસરૂ રે, છ સહિસ્સ મુનિ સૂઉદાર રે;
સાત સહિસ્સ મુનિ સિઉં અનંતજી રે. આઠઈ ધર્મ્મ જિન સાર રે. મુ૦ ૩૮૫

નવ સઈ શ્રી શાંતિ જિનેસરૂ રે, તેત્રીસસ્યું શ્રી જિન પાસ રે;
ઈણિ ગિરિ વીસ જિનેશ્વરૂ રે, પામ્યા અવિચલ વાસ રે. મુ૦ ૩૮૬ 30

અનંત મુનિશ્વર જાંણીઈ રે, પૂહૂતા ઈણિ ગિરિ ઠાંણિ રે;
શ્રી સિદ્ધખેત્ર સોહામણો રે, એહવી જિનવર વાંણિ રે. મુ૦ ૩૮૭

ઈણિ ગિરિ દક્ષણ દિસઈ રે, નદી ઋજૂઆલિકા તીરિ રે;
જંભીય ગાંમઈ ઊપ્પનો રે, કેવલ ન્યાંન શ્રીવીર રે. મુ૦અ૩૮૮

અથ વેલિ ઢાલિની ચાલી, રાગ સામેરી અથ દૂહા.

સત્તર ભેદ પૂજા કરી, ભાવન ભાવઈ ભાવિ;
ચૈત્યવંદણ વિદ્ધિસિઉં કરઈ, ચઉવિહ સંઘસિઉં આવિ.ચાલિ.૩૮૯

હવઈ સંઘપ્પતિ બાહિર આવઈ, શ્રીય સંઘ સયલ મનિ ભાવઈ;
ચઉવિહ શ્રીય સંઘ હરખ ધરીજઈ, શ્રી સંઘપ્પતિ તિલક રાજઈ ૩૯૦

દૂહા

ગીત નાદિ વાજિંત્ર રસ, દીસઈ રંગ રસાલ;
સંઘપ્પતિ પદ સોહઈ સદા, કુંરપાલ સોનપાલ.૩૯૧

કુંરપાલ અનઈ સોનપાલ, જિન શાસન કા ભૂપાલ;
10 સંઘાધિપ પદવીય પાવઈ, જિન શાસનિ અધિક દીપ્પાવઈ.૩૯૨

વૈશાખ વદિ એકાદસી, વારૂ મંગલવાર;
યાત્ર કરી ગિરિવર તણી, ભાવ ભગતિ અતિ સારિ.૩૯૩

એહિ ગિરિવર મહિમા નિદ્ધાંન, રસ કૂંપિકાના જિહાં થાન;
જિહાં ઉર વધીય રાસિ વિરાજઈ, સુરાકલિ મહાગિરિ છાજઈ.૩૯૪

ગિરિવરિથી હવિઈ ઉત્તરઈ, સંઘપ્પતિ શ્રી સંઘ સાથી;
નરવર આગલિથી ચલઈ, સફલ કરી નિજ હાથિ.૩૯૫

ગિરિ ઉત્તરી સંઘપ્પતિ આવઈ, તિલહટ્ટીઈ ડેરા દિવરાવઈ;
મિશ્રીકીય પરબ ભરાવઈ, પીતા બહૂ સુખ જન પાવઈ.૩૯૬

સંઘપ્પતિ શ્રી કુંરપાલ ધન્ય, ધન્ય ધન્યશ્રી સોનપાલ;
20 લક્ષિમીય લહી બહૂ વિદ્રવઈ, વિડય ચિત્ત ઉસવાલ.૩૯૭

વિડયલ ચિત્ત ઉસવાલા, કુંરપાલ અનઈ સોનપાલ;
સંઘનાયક શ્રી સંઘરાજ, જીનઈ કીદ્ધાં ઉત્તમ કાજ.૩૯૮

આવ્યા મુકુંદપુરઈ વલી, વલી પંચમી કહાહ;
શ્રીય સંઘપ્પતિ આપઈ વલી, લિઈ માંનવ ભવ લાહ.૩૯૯

લિઈ માંનવ ભવ લાહા, ધન વરસઈ આવી અચ્છાહ;
તિહાંથી સંઘપ્પતિ આગલિ આવઈ, શ્રી જિતપુર નગર સોહાવઈ.૪૦૦

નગર અજિતપુર આવીયા, ડેરા ઠામ્મઈ દિદ્ધ;
પૃથિવીસંઘ નરિંદ તિહાં, સ્વાગતિ બહૂલી કીદ્ધ.૪૦૧

શ્રીય પૃથિવીસંઘ નરિંદ, સજ્જન મનિ નયણાણંદ;
30 વલી સંઘપ્પત્તિ તસ પહિરાવઈ, રૂપ્પઈએ મેહ વરસાવઈ.૪૦૨

હવિઈ ચર ચીર પટંબરહ, આપ્પઈ વારૂ જોઈ;
સુહણઈ નવિ દેખ્યા કિહિ, મૂલ મહૂધાં લોય.૪૦૩

તવ પૃથવીયસંઘ નરેસ, મનિ ચિંતઈ આ ધન્ય દેસ;
જિહાં મોટો તીરથ એહ, સંઘપ્પત્તિ આવઈ ગુંણ ગેહ.૪૦૪

અથ ટાલ – અંચલ ઘોડી

ઈહાંથી રઈ કીધા રે. બહૂત સુખાણાં; ૫૨ બહુત હલ્યા દેણાં માલા, આપ કમાણા.
કુંરપાલ સંઘાધિપ સંઘપ્પત્તિ શ્રી સોનપાલ; અબ થઈ મોહીકીનાં સાચા ઈન ભૂપાલ.૪૦૫

કર જોડી બોલઈ, સુણઉ સંઘપ્પત્તિ લઈ બાની; વાચામંઈ દીની તુમ્હકું ઈયસા જાણી અબ થઈ સંઘ આવઈ;
તિનપ્પઈ આદ્ધા દાંન, લેણાં મઈ એહી વચન કિયા પરિમાંણ.૪૦૬

સીખ દેઈ સંઘપ્પત્તિ આગલિ ચાલઈ તાંમ; વહીં આવઈ જિહાં છઈ ગુમ્મા ગાંમ;
તિલોકચંદ રાજા સુપરઈ સેવા સારઈ.૪૦૭

આબાવલી વાગા પામડી ખેસ સુહાલા હીરાગલ સિર બંધ; ઊંચા બહૂ પર કાલા ઉર તરલ તરંગમ ખુરૂસાની ખંધાલા;
આપ્પઈ જાંહાંગીરી રૂપ્પઈયા, આપ્પઈ ભરિ ભરિ થાલા.૪૦૮

પહિરાવઈ પ્પરિકર તે કહીઈ કહૂં કેતા, ધન ધન કહઈ લોગો દેખઉ પીરઘલ ચિત્ત;
વોલાવા આવઈ સાથઈ ઘાટી જાંમ, સવિ પાછા વાલઈ તે વલી કરઈ પ્રણાંમ.૪૦૯

સમિતગિરિથી યોજન બાર પ્રમાંણ, રાજગૃહી નગરી દેસ મગધ અહિઠાંણ;
વેગઈ વહી આવઈ દિવસ સાતમઈ સાર, મન ચિંતવે એહવઉં સફલ હૂઉ અવતાર.૪૧૦

વન વાડી કૂઆ, વારૂ સરસ આરાંમ; મહિ મહિકઈ પ્પીરમલ, ફૂલ ભલા ફલ ગ્રાંમ;
શ્રેણિક નૃપ્પ કેરો કીદ્ધો, ગઢ જિહાં દીસઈ; જલ તપ્પતિ જવ કુંડ, જિહાં આરિઈ ચિહું દિસિ હીસઈ.૪૧૧

એ નગર નિરૂપમ, જેહનાં બહૂ અવદાત; જિહાં શ્રેણિક સરિખા, ભૂપ્પ હૂઆ સુવિખ્યાત;
માહાસમકિત ધારી, નંદણ અભયકુમાર; રાંણી સુનંદા કૂખિઈ, અવતરિયા અચલ શિંગાર.૪૧૨

જિહાં વીર તણા ભવ મોટા હૂઆ દોય, વિશાખનંદી ભવ સોલમઈ હૂઆ જોય;
ત્રિપુષ્ટ નારાયણ હૂઆ અઢારમઈ વીર; ખંડ તીનઈ સાધી, પાંમ્યા પદવીય ધીર.૪૧૩

અથ ટાલ ચોપ્પાઈની

વીસમા શ્રી મુનિસુવ્રત સાંમિ, ચ્યારિ કલ્યાણિક ઈણિઈ ઠાંમિ;
પવિત્ર ભૂમિ પાતિગ હારિણી, નમતાં સફલ જનમ કારિણી.૪૧૪

જરાસિંધુ રાજા બલવંત, ઈણિ થાંનકિ હૂઆ ગુણવંત;
કાલાદિક કુંઅર સવિ હૂઆ, સૂત્રઈ તે ભાખ્યા જૂજૂઆ.૪૧૫

શુદ્ધ સમકિત્ત ધારી ધર ધીર, શ્રેણિક નંદન ગુણહ ગંભીર;
કોણિક સીરખા મહા ભૂપ્પતિ, ઈણિ નગરઈ હૂઆ જિનમતિ.૪૧૬

નંદન શ્રી મેઘકુમાર, ઈહાં જિણિ લિદ્ધો સંજમભાર;
સાલિભદ્ર ધન્ના કયવન્ન, આતમ સાધી હૂઆ ધન્ય.૪૧૭

ઋષભશેઠ ધારિણઈ અંગજાત જંબુકુમાર હૂઆ સુવિખ્યાત;
કોડિ નવાંણૂઅ કંચણ તણી, છંડી આઠ રમણી આપ્પણી.૪૧૮

સોહે નગરી રાજગ્રહી, અમરપુરી સમ જાંણઉ સહી;
શ્રી સંઘપ્પતિ આવઈ તિહાં વહી, ટેરા દિવરાવઈ સમ મહીં.૪૧૯

પર્વત પંચ વડા તિહાં જાંણિ, પહિલઉં ગિરિ વિભારિ;
બીજો વિપુલગિરિ ગિરવરૂ, ત્રીજો ઉદયાગિર સુખકરૂ.૪૨૦

ચઉથઉ રતનગિરિ મહાગિરિ, પંચમ સોવન ગિરિ શુભસિરી;
પ્રથમ વૈભારગિરિ શુભમતી, વેગઈ આરોહઈ સંઘપ્પતિ.૪૨૧

શ્રી મુનિસુવ્રત સ્વામિ તણઉ, બાવન જિનાલય દીસઈ ભલો;
ચારૂ ભૂમિ રમણિ સરિ તણઉ.૪૨૨

શ્રી સંઘપ્પતિ આવઈ તિહાં હેવ, ઘણઈ મહોછવિ પૂજ્યા દેવ;
પદમ પ્રભુ નેમિસ્સાર સાર, ચંદ્રપ્રભુ શ્રી, પાસકુમાર.૪૨૩

આદિ અજિત અભિનંદન વીર, વિમલનાથ ગિરિવરિ જિમ ધીર;
સુમતિ સુપાસ બહૂ ફૂલઈ કરી, સંઘપ્પતિ પૂજઈ ઊલટ ધરિ.૪૨૪

મુનિસુવ્રત બીજઈ દેહરઈ, પૂજ્યા પાપ તિમિર ભર હરઈ;
વીર વિહાર થકિ દક્ષિણિઈ, ગણધર એકાદસના ગણઈ.૪૨૫

પગલાં આવીય પૂજઈ તાસ, સૂકડિ કેસર કુશમ સુવાસ;
કેઈ ભૂમિ ધરઈ જિનવરા, કાઉસ્સગ્ગિ રહિયા બહૂતરા.૪૨૬

10 કહીં પદમાસન પૂરી દીઠ, દેખી લોયણ અમીય પઈઠ,
ઈસર દેહરા સાહમા યતી, ધન્ના, સાલિભદ્ર શુભ વ્રતી.૪૨૭

કાઉસગી દોય દીસઈ વડા, દીઠા નાસઈ ભવ દુખ ઘડા;
ઈમ જિનવર પૂજઈ લલી, તલહટીઈ ઉત્તીરીયા વલી.૪૨૮

મિશ્રીની તિહાં દીજઈ પર્બ, પ્પીતાં સુખ પાંમિઈ તિહાં સર્વ;
લોક ભણઈ ધન્ય ધન્ય એહ સાહ, દીસઈ પૂરવ પૂન્યઈ અથાહ.૪૨૯

ગુણસિલો ચૈત્ય દેખી હરખીયા, સાલિભદ્ર કૂપ્પ નિરખીયા;
રોહણીયાની ગુફા ઉદાર, જોવઈ સહૂઈ વારોવાર.૪૩૦

ઢાલ કુંઅરજી એહ કલા કિહાં સીખી – એહની ઢાલ

વિપુલગિરિ આરોહઈ, ચોવીસઈ પ્રતિમા વંદણ જાઈ રે લોગા;
દેખો પર ઉપગારી, કુંરપાલ સોનપાલ સંઘાદ્ધિપ;
20 યાત્ર કરાવઈ સારી રે લો. દેખો૦ ૪૩૧

અજિત પાસિ ચંદ્રપ્રભ સ્વામિ, શ્રી પદમપ્રભુ રાયાં;
ચ્યારિ પ્રાસાદ પ્રત્યેકઈ પૂજઈ, આવી સંઘપ્પતિ રાયાં લો. દે૦ ૪૩૨

તસ પાસિઈ મુનિમંડલ કેરો, પગલાં સુંદર રાજઈ;
જંબૂ મેઘકુમાર ધન્ય ખંધા, દેખિઈ દોહગ ભાજઈ રે લો. દે૦ ૪૩૩

ઉદયગિરિ આગલિ આરોહઈ, ચઢતાં વીસાંમઈ આવીઈ;
જિનહરો ચોમુખિ પૂજઈ જિનવર, નારનારી ગુણ ગાવઈ રે લો.દે૦ ૪૩૪

તિહાંથી રતનગિરિઈ સંચરીયા, પૂજઈ ઋષભ જિનંદ;
બીજઈ જિન ચોવિસે વંદી, પાંમિઈ પરમાનંદ રે લો.દે૦ ૪૩૫

સોવનગિરિ શ્રી સંઘ પદ્ધરઈ, જિહાં છઈ જિનહર સાત;
30 દેવ વિમાંન સમાંન તે સોભઈ, પૂજઈ જિન વિખ્યાતિ રે લો.દે૦ ૪૩૬

શ્રી રાજગૃહી નગરી માંહીઈ, તીન ભુવન જિન કેરાં;
સંઘપ્પતિ શ્રી સંઘ સાચ્છઈ રે પૂજઈ, લેઈય કુસુમ ભલેરાં રે લો. દે૦ ૪૩૭

લોક કહઈ ધન્ય કુંરપાલ સંઘાધિપ, રાંણી અમૃતદે કંત;
સોનપાલ ઘરિ ધરિણી વિરાજઈ, કાસમીરદે રાંણી જઈવંતા રે લો. દે૦૪૩૮

છઠા કડાહ રાજગૃહિ નગરિઈ, શ્રી સંઘાધિપ્પ આપ્પઈ;
કુંરપાલ સોનપાલ સોભાગી, નાંમ અચલ થિર થાપ્પઈ રે લો. દે૦ ૪૩૯

ગાંધીય વંસઈ પ્રગટ પત્તાપ્પી, સાહા જટમલ્લ દાઈ;
પરમ વિવેકીય વચ્છા હીરા, સુજસ જપ્પઈ સહૂ કોઈ રે લો. દે૦ ૪૪૦

શ્રીય સંઘપ્પતિ કરઈ સુવિચારી, લક્ષ્મી લાહા લેવઈ;
સંતોખીય સુપ્પરઈ, યાચક નઈ બહૂ ધન દેવઈ રે લો. દે૦ ૪૪૧

અથ ઢાલ – રાગ આભીર ધન્યાસી

ભીલડીકી ઢાલ છઈ જોઈનઈ કહિયો

વડ ગાંમઈ તિહાંથી ગયા રે. જીરે જી જિહાં છઈ ઋષભ જિણંદા;
હાં રે હાં પૂજા રચઈ રૂલયામણી રે, જી રે જી જેહથી લહાયઈ ભવ પાર રે. હાં રે હા.૪૪૨ ૧૦

નાલિંદો પાડો કહિઉ રે, જી૦ સોવડ ગાંમિ વિમાસિ રે હાં રે હાં;
વીર જિનેસર જિહાં રહિયા રે, જી૦ રૂડી ચોદ ચોમાસિરે. હાં૦ ૪૪૩

તિહાંથી દક્ષિણ દિસિ ભણી રે, જી૦ પનહર સઈ ત્તિડોત્તર આઈ રે; હાં૦
તાપસ કેવલ ઊપન્નાં રે, જી૦ વારૂ તેણિઈ ઠાય રે. હાં૦ ૪૪૪

ચ્યારિ ખૂંણ કઈ ચોત્તરઈ રે, જી૦ ગોતમ પગલાં દોય રે; હાં૦
શ્રી સંઘપ્પતિ જાઈ પૂજીયા રે, જી૦ સાથઈ બહૂ સંઘ લોય રે. હાં૦ ૪૪૫

અનુક્રમિઈ પટ્ટહણિઈ આવીયા રે, જી૦ ઊતર્યા વારૂ બાગ રે; હાં૦
દેવઈ તિહાં સાહ ચાંપ્પસી રે, જી૦ પ્રથમ કડાહિ સુલાગિ રે. હાં૦ ૪૪૬

માહિમા સેઠિ સુજાંણી રે, જી૦ ઉદયકરણ હિતકાર રે; હાં૦
બીજી કડાહ દેવઈ વલી રે, જી૦ સફલ કીઉ અવતાર રે. હાં૦ ૪૪૭ ૨૦

મહારાજ કલ્યાણઈ રે, જી૦ આપ્પઈ ત્રીજી કડાહિ રે; હાં૦
વિનઈ કરી ભગતાવતા રે, જી૦ લીધઉ બહૂ લછિલાહ રે. હાં૦ ૪૪૮

સાહ શ્રી વચ્છ ભોજા ભલો રે, જી૦ સાહા જટમલ સુવિચાર રે; હાં૦
કડાહ દિઈ ચોથી ભલી રે, જી૦ ગાંદ્ધવંસ શ્રંગાર રે; હાં૦

કપૂરા સુત સુંદરૂ રે, જી૦ પચૂસચૂ સાહ રે; હાં૦
કડાહ પંચમી તિહાં દીઈ રે, જી૦ અંગઈ અધિક ઉમ્માહ રે. હાં૦ ૪૪૯

સહિજાદપુરવાસી વરૂ રે, જી૦ સાહ સીંચાવડ ચિત્ત રે; હાં૦
છઠી કડાહિ વલી દીજઈ રે, જી૦ ખરચી વિત્ત રે. હાં૦ ૪૫૦

બરહડીયા વંસ સોહકરૂં રે, જી૦ સાહ તેજપાલ દયાલ રે; હાં૦
સુપ્પરિ કડાહ હવિઈ સાતમી રે, જી૦ આપ્પઈ રંગ રસાલ રે. હાં૦ ૪૫૧ ૩૦

લાહોરી સાહ સુખ મલ્યઈ રે, જી૦ અઠમ દીધ કડાહ રે; હાં૦
ઈમ વિત્ત પ્પરિધલ વાવરઈ રે, જી૦ સંઘ લીઈ અતિ લાહ રે. હાં૦ ૪૫૨

દુહા

હિવઈ તિહાંથી સંઘ આગલઈ, સંઘપ્પતિ કરઈ સંચાલ;
દાંન ઘણાં ધન વરસતા, મહિયલી કરઈ સુગાલ.૪૫૩

અથ રાગ કેદારા ગોડી મિશ્ર

અનુક્રમિઈ આવઈ સંઘપ્પતિ રે, ગોમતી તટિની સંગિ;
સ્નાંન કરી ભૂદેવ નઈ રે, આપ્પઈ વિત્ત મણરંગિ.૪૫૪

સોભાગી અવનીપ્પતિ ઉસવાલ, કુંરપાલ સંઘા હવા રે;
સંઘપ્પતિ શ્રી સોનપાલ, સોભાગી૦ આંકણી.૪૫૫

જમ્મણપુરઈ વહી આવીયા રે, ડેરા દિધા ઉછાહિ;
પ્રતીમા એકતાલીસ વરૂ રે, વાંદઈ ભુંઈરા માંહિ.સો૦ ૪૫૬

સાહા ચોથા હવિઈ સુરૂતરૂ રે, સાહ વિમલદાસ વિચિત્ર;
સાહા રેખી રયણાયરૂ રે, ભગતાવઈ સંઘ પ્પવિત્ર. સો૦ ૪૫૭

તિહાંથી અનુક્રમિઈ મારગઈ રે, કરતાં ચૈત્ય જુહાર;
નયરી અયોધ્યા આવીયા રે, સંઘપ્પતિ કરઈ વિચાર. સો૦ ૪૫૮

આદિ અજિત અભિનંદણું રે, સુમ્મતિનાથ અનંત;
કલ્યાંણિક એહ પંચના રે, તીન્યઈ તીન મહંત. સો૦ ૪૫૯

ઈણિ નગરઈ હૂઆ અછઈ રે, અતિહિં પવિત્ર ભૂદેહિ;
નમતાં સવિ પાતિગ ટલઈ રે, પૂજીયઈ હવિ જઈ તેહ. સો૦ ૪૬૦

પંચઈ થૂભ જિનતણાં રે, વેગઈ વંદઈ જાય;
નાટિક નવ રંગ દાખવઈ રે, ગાયન જિન ગુણ ગાય.સો૦ ૪૬૧

સાતમી કડાહિ સંઘાધિપ્પઈ રે, આપ્પઈ અધિક ઉલ્હાસ;
શ્રી સંઘ છઈ રયણાયરૂ રે, સેવઈ પુન્ય પ્રમાસ.સો૦ ૪૬૨

અયોધ્યાઈ નગરી થી આવીયા રે, રતનપુરી જિહાં ગાંમ;
ધર્મ્મનાથ જિન વંદિવા રે, આવઈ દૂણિ વિધિ તાંમ.સો૦ ૪૬૩

પરિવાર ભલો સંઘપ્પત્તિ તણો રે, શ્રી સંઘ મિલિયા પૂરે;
નાંમ કહી જઈ કેતલા રે, સાંભલ્યો ભવિ પૂરિ.સો૦ ૪૬૪

અથ ઢાલ ચોપ્પઈની, રાગ રામગિરિ માંહિ જાંણવી.

સંઘપ્પતિ શ્રી કુંરપાલ સુતન્ન, સાહા સિંઘરાજ મહાવિતપન્ન;
રૂપવંત વલી અતિ ઘણા રૂપ, ચતુર્ભૂજ અભિનવ સમ ભૂપ. ૪૬૫

સાહા ધનપાલ નઈ સુંદરદાસ, સૂરદાસ અનઈ સિવદાસ;
જેઠમલ્લ પાવન પદમસી, પ્પરિકરિ સોહઈ જિમ એ રાસી. ૪૬૬

સાહ ધમ્મા છાંગરાજ ઉદાર, ચોધરી દરગૂ ગુણહ ભંડાર;
સાહ વછા હીરા પુન્યવંત, સાહા ભોજા છઈ બહૂ પુન્યવંત. ૪૬૭

સાહા તેજપાલ અનઈ સુંદરદાસ, સાહા રેખા સોભાગિણિ વાસ;
સાહા શ્રી વછ જટમલ સુજાંણ, ઋષભદાસ વર્દ્ધમાન સુવખાણિ. ૪૬૮

પચૂ સચૂ પરતાપ્પ દણિંદ, સાહા કટારૂ તારાચંદ;
મહિતા વર્દ્ધન સુખા પ્રવીણ, સીચા સૂરદાસ સુકલીન.૪૬૯

પ્પઈસારી નરસંઘ સોહિલ્લ, સંસારૂ મહિપ્પતિ સોહિલ્લ;
મેઘરાજ કયણ ઉદાર, કાલૂ થાનસિંધુ સાર.૪૭૦

પુરૂ તારાચંદ મૂલદાસ, હાંસા લીલાપ્પતિ લીલ વિલાસ;
ઈમ અનેક જિહાં વ્યહારિયા, દીસિઈ બહૂ તે ઉપગારીયા.૪૭૧

શ્રી ધર્મ્મનાથ જિન પૂજા કરઈ, સતરભેદ ભાવઈ અણુસરઈ;
દાંનઈ ઉરણ કીજઈ બહૂ, સુજસ તિહાં કણિ બોલઈ સહૂ.૪૭૨

સાચઉ સુકૃત ભરઈ ભંડાર, તિહાંથી આગલિ કરઈ સંસાર. ૪૭૩

રાયાણી પ્પહરીએ અહંકાર – એહની ટાલ.

તિહાંથી અનુક્રમઈ આવીયા રે, જિહાં છઈ ઝરણાં નીર;
ડેરા દિવરાવઈ વલી રે, સંઘપ્પતિ ગુણહિં ગંભીર.૪૭૪

સંયાણી જોયો પુન્ય પ્રમાણ, આગરૂ દુખી નઈ હરખીયા રે;
શ્રી સંઘ અવિચલ ભાંણ. સયા૦

કટાહ દિઈ તવ આઠમી રે, લોગ જમઈ અનિવાર;
પહિરાંમણી શ્રીય સંઘનઈ રે, કરતાં હરખ અપાર. સયા૦ ૪૭૫

સાધુ સયલ પ્રતિલાભીયા રે, આછા વસ્ત્ર અનેક;
પુન્ય પુરૂષ એહ પરગડા રે, વારૂ અંગિ વિવેક. સયા૦ ૪૭૬

સહિસ દોય વલી હયવરૂ રે, હાથી તેત્રીસ તે જાંણી;
યાચક જન સંકલ્પના રે, વારૂ દીજઈ તિઅહાં આંણિ રે. સયા૦ ૪૭૭

વસ્તુપાલ તેજપાલ ભલા રે, વિમલ મહા મંત્રીસ;
ઈણિ દીઠઈ તે ઉલખ્યા રે, મોટી જાસ જગીસ. સયા૦ ૪૭૮

ધન ધન સાહા રેખા ભણઉ રે, ધન્ય ધન્ય રેખશ્રી માઈ;
જસ કૂંખઈ એહ અવતર્યા રે, પુત્ર રયણ સુખદાય. સયા૦ ૪૭૯

અથ રાગ શ્રી ધન્યાશ્રી મિશ્ર

કનક કમલ વેગલા ઠવિઈ – એહની ટાલ

સઈ સલામતિ આવીયા એ, રેખાસીંહ મલ્હાર;
સંઘ શ્રીય આગરા નગર મઝારિ, સ૦ કુંરપાલ સોનપાલ. સ૦ ૪૮૦

જિન શાસન ઉદ્યોત, સ૦ આગરા નગર મઝારિ; સ૦
નર નારી ગુણ સંઘવઈ, યાચક દિઈએ આસીસ. સ૦ ૪૮૧

મનહ મનોરથ સવિ ફલ્યા એ, પુન્યવંત નર જીફ; સ૦
સોહગ સોહાસણિ સવિ મલી એ, પ્પહિરીય નવલ સિંગાર. સ૦ ૪૮૨

થાલઈ ચાઉલ મોતી ભરીએ, વદ્ધવઈ વારોવર;
ભેટિ ભલી મહાજન ધરઈ એ, આવીય કરઈ જુહાર. સ૦ ૪૮૩

ધન્ય ધન્ય સહુ મુખિ બોલિયુ સફલ, કિયઉ અવતાર;
નગર પઈસાર પરગડા એ, મહાજન મિલીયા સાર. સ૦
હસ્તીયા ખંધિ ચડી સંચરઈ એ, સાથઈ સવિ પરિવાર. સ૦ ૪૮૪

હય ગય સંખ્યા કાંઈ નવિ લહૂં એ, વાજંત્ર વાજઈ કોડિ;
સાચઉ જીવિત એહનો એ, લોગ કહઈ કર જોડિ.સ૦ ૪૮૫

નિજ મંદિર પાઊ ધારીયા એ, સાહા રેખારાજ સુતગ;
સુજસ જગિઈ જગિ જાગતીએ, મોટા પુરૂષ રતગ. સ૦ ૪૮૬
દિન દિન વલી ચડતી કલા એ, કુંરપાલ સોનપાલ; સ૦ ૪૮૭
સાહ જાંહિગીરઈ માનીયા એ, વખત વલી ભૂપાલ. સ૦ ૪૮૮

દુહા

ચોથઈ ખંડિ વનિતા કહઈ, પ્રીયસિઉંપ્રેમ લગાઈ; કુંરપાલ સોનપાલકા હિમ્મકું મુખ દિખલાય.૪૮૯

અથ ધવલ ધન્યાસી મિશ્ર ઢાલ

અંતે છેહલી ઢાલ રૂડિપ્પરિઈ, ધન્યાસી માંહી કહિવી જોઈ નઈ;
સંવત સોલ સત્તાવન્નિ વરસઈ, શ્રી સેત્રુંજિઈ જાત્ર કરાઈ;
બહુ વિત્ત વાવીય લાભ લીઉ જિણિ, પ્રતીમા બહુત ભરાઈ રે.૪૯૦
સિખરો દેખો પંચમ આરઈ, પુંન્યવંત નર દીસઈ એહવા;
દુખિયહ જિન સા ધારઈ. સ૦ ૪૯૧
મોટા શ્રી જિન ભુવન કરાવ્યા ખરચ્યા જી માલ અનેક;
સંઘપ્પતિ શ્રી કુંરપાલ સોભાગી, સોનપાલ સવિવેક રે. સ૦ ૪૯૨
સાતઈ ક્ષેત્ર સદા ધન વાવઈ, ચોવિહ સંઘ ભગતાવઈ;
જિન શાસન ઉદ્યોત કરઈ નિતુ, લોઢાવંસ સોહાવઈ રે. સ૦ ૪૯૩
અંચલગચ્છિ શ્રી ધર્મ્મમૂર્ત્તિસૂરિ, ભવીયણ કઈ ચિત્ત ભાવઈ;
શ્રી કલ્યાણસાગરસૂરિ સુંદર, જોતાં ભાવિક સુખપાવઈ રે. સ૦ ૪૯૪
મા ચક્કેસરિ કેરી સાંનદ્ધિ, અલીય વિઘન સવિ જાઈ;
મન વંછિત સવિ લહીઈ લીલા, દારિદ્ર દૂરિ વેલાઈ રે.સ૦ ૪૯૫
પુન્યવંત નરનાં ગુણ ગાતાં, લહીઈ નિત્ત નિત્ત લીલ;
કાન ધરી સુણ્યો એ ભાવીયાં, ઈમ બોલઈ દયાસીલ રે.સ૦ ૪૯૬
સંવત સોલ (એકાંત) રિ વરસઈ, સમ્મિત્તિગિરિ યાત્ર કરાઈ;
લખિમિ લાભ લીઉ અતિ લીલા, (ભાવીયણ) એક સુખદાઈ રે. સ૦ ૪૯૭
ભણ્ણઈ ભણ્ણાવઈ નઈ સંભલાવઈ, તહિ ઘરિ કમલા સોહઈ;
જસ સોભાગ બહૂલ જસ કીરતિ, દેખિ મંદિર મન મોહઈ રે.સ૦ ૪૯૮

ઈતિ શ્રી સમિતસિખર પ્રબંધે કથન આગરા સમાગમન નામનો ચતુર્થ (ખંડ)
સંપૂર્ણ : મુ૦ જસકીર્તિ, મં૦ વસ્તુપાલ વાચનાય પ્રદત્ત.
લેખક પાઠક્યો...શિર...પુર...શ્રી રસ્તુ...શ્રી ખદિરપુર મધ્યે. પં૦ દયાકીર્તિ...
(પ્રત – રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન, બીકાનેર.)

(૧૩૫) શ્રી કોરપાલ સોનપાલ લોઢા ગુણ પ્રશંસા કવિત્ત

કવિરૂપ કૃત આ કવિત્તમાં કુંવરપાલ સોનપાલ લોઢાની પ્રશસ્તિ છે. કવિએ તેમને સગર, ભરત, જાવડ શાંહ, પોમરાય, સારંગ, વસ્તુપાલ વિગેરે સાથે સરખાવ્યા છે. જેમણે શત્રુંજય તીર્થના સંઘો કાઢી સંઘપતિ પદ ધારણ કર્યું, ઠેર ઠેર સંઘ જમણો કર્યા તથા લહાણો વિતરિત કરી, જેમની અવિચળ કીર્તિ ને કવિઓએ વર્ણવી. રેખચંદના પુત્રો કોરપાલ સોનપાલે પણ એવા જ સુકૃત્યો કર્યા. કોઈ સંઘપતિએ સંઘ કાઢવો હોય તો એમના જેવો સંઘ કાઢવો જોઈએ. એમણે હાથી, ઘોડા તેમજ સુવર્ણનાં

દાંનો આપ્યા છે. કવિએ એમને બિરૂદાવલીમાં અનેક વિશેષણો તેમજ ખિતાબોથી નવાજ્યા છે. જેમ કે – 'બંદિ છોડાવણહાર' 'અડે રાય અવઠંગ' 'ખિતીપતિ રાય ખંભ' 'મંત્રીરાય' 'ભૂપ રાઈન' 'મુકુટમણિ' 'રાઈ તિલક' 'હિંદુ સુરતાણ' 'ભૂપતિ શૃંગાર', 'વડવીર', 'ઐરાપતિ સમબલ' વિગેરે.

કવિએ આ બન્ને લોઢા મંત્રી બાંધવોની શૌર્યગાથા સુંદર શબ્દોમાં વર્ણવી છે : સૈનબર આસન કે, પૈજ પર પાસન કે, નિજ દલ રંજન, ભંજન પર દલકો : મદમત્ત વારે વિકરારે અતિ ભારે ભારે, કારે કારે બાદરસે બાસવ સુજલ કે.' સમ્મેતશિખર રાસમાં બાદશાહ જહાંગીરે આ બન્ને ભાઈઓની પ્રશંસામાં જે શબ્દો ઉચ્ચાર્યા છે તેને આ કવિત્ત દ્વારા પુષ્ટિ મળે છે તે દ્વારા પ્રતીત થાય છે કે કુંવરપાલ સોનપાલનું રાજકીય સ્થાન ઘણું ઉચ્ચ હતું.

(૧૩૫) કોરપાલ સોનપાલ લોઢા ગુણ પ્રશંસા કવિત્ત

કર્તા :– કવિરૂપ

સગર ભરથ જગિ જાવડ ભયે, પોમરાય સારંગ સુજસ નામ ધરણી; 10
સેત્રુંજે સંઘ ચલાયો સુધન સુખેત બાયો, સંઘપતિ પદ પાયો કવી કોટી કીર્તી બરણી.

લોહનિ કજ્જાહિ ઠાંમ દ્યુગ ભાંત કહિ, આનંદ મંગલ ઘરિ ઘરિ ગાવે ધરણી;
વસ્તુપાલ – તેજપાલ હુયે રેખચંદ નંદ, કોરપાલ–સોનપાલ કીની ભલી કરણી.

કહિ લખમણ લોઢા દૂનીકું દિખાઈ દેખ, લછિકો પ્રમાન જોયે એસો લાહ લીજિયે;
આંન સંઘપતિ કોઊ સંઘ જોયે કીયો ચાહે કોરપાલ–સોનપાલ કો સંઘ કીજિયે.

સબલ રાય બિભાર નિબલ થાપના ચાર, બાધા રાઈ બંદિ છોર અરિ ઊર સાજકો;
એડરાય અવડંગ ખિતીપતી રાય ખભ, મંત્રીરાય આરંભ પ્રગટ સુભ સાજકો બાજકો;

કવિ કહિ રૂપ ભૂપ રાઈન મુકુટમનિ, ત્યાગી રાઈ તિલક બિરદ ગજ.
હયગય હેમદાંન માંન નંદકી સમાંન હિંદુ સુરતાણા સોનપાલ રેખરાજકો 20

સૈન બર આસનકે પૈજપર પાસનકે, નિજ દલરંજન ભંજન પર દલકો;
મદ મત વારે વિકરારે અતિ ભારે ભારે, કોર કોર બાદરસેં બાસવ સુજલકે.

કહિ કવિ રૂપ નૃપ ભઊપતિનિકે સિંગાર, અતિવડવીર ઐરાપતિ સમ બલકે;
રેખરાજ નંદ કોરપાલ–સોનપાલચંદ, હેતવંનિદેત્ત ઐસે હાથિનિકે હલકે.

(પ્રત : પાટણ જ્ઞાન ભંડાર)
પત્ર – ૧૨ ડાબડો ૨૦૭ નં. ૯૫૩૨ (અપૂર્ણ)

(૧૩૬) શ્રી શત્રુંજય તીર્થ – શ્રી ગિરનાર તીર્થના સંઘપતિ શ્રી ગુલાલચંદ સંઘવીનો સલોકો 30

ઓશવાળ વંશના દાનવીર શ્રેષ્ઠિવર્ય શ્રી ગુલાલચંદે કચ્છ માંડવીથી ગિરિરાજશ્રી સિધ્ધાચલજી તથા શ્રી ગિરનાર તીર્થનો ૬'રિ પાળતો સંઘ વિ. સં. ૧૮૬૪ મહાસુદ ૬ ને મંગળવારના શુભ મુહુર્તે કાઢયો હતો.

અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી પુન્યસાગર સુરિ મ. ના આજ્ઞાકિંત વાચક ભકિતશેખરના શિષ્ય વાચક મેઘશેખરના શિષ્ય ગુલાબશેખરે આ (સલોકો) રાસની રચના કરી છે. રાજસ્થાન વગેરેમાં લગ્ન પ્રસંગે 'સલોકો' ગવરાવવાની પ્રથા હતી. શ્રાવણ સુદ પાંચમે (નેમનાથ જન્મ કલ્યાણ કે) આજે પણ તપાગચ્છમાં પ્રતિક્રમણમાં 'નેમનાથ સલોકો' ગવાય છે. આ 'સલોકો' ચારણી સાહિત્યનો પ્રકાર હોવાનો સંભવ છે.

૧૩૩ કડીમાં રચાયેલો સલોકો એ ગુજરાતી કાવ્ય સાહિત્યનો લઘુ રાસાત્મક પ્રકાર છે.

રાસકારે પ્રથમ શારદામાતાને નમન કરીને સલોકનો પ્રારંભ કર્યો છે. શ્રી સિધ્ધાચલ મહાતીર્થ ૬' રિ પાળતો સંઘ કાઢ 39

વાની જાહેરાત કરી કે દશે દિશાઓ ગુંજી ઉઠી તે સમયે ભૂજમાં મહારાવ રાયધણનું શાસન હતું. ખરતર ગચ્છના ગુરૂના ઉપદેશથી ગુલાલચંદ સંઘવીને મનોરથ જાગ્યો . એમણે સૌ પ્રથમ કામ મુંડકવેરો બંધ કરવાનું કર્યું. પાલીતાણાના ઠાકોર ઉનડજી ને મનાવીને રૂા. ૧૨,૦૦૦ આપીને મુંડકવેરો બાંધ્યો. તે સમયે યાત્રિકો પાસેથી યાત્રાનો વેરો લેવાતો. (ભારતમાં આજે પણ કેટલીક જગ્યાએ યાત્રાળુ પાસેથી યાત્રાનો કર લેવાય છે. ઉદા. મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં કોકણ પ્રદેશે પાલી ગામે)

હવે સંઘવીના માતા ધનબાઈને ૯૯ યાત્રા કરવાના ભાવ જાગ્યા અને સંઘવીએ વ્યવસ્થા કરી આપી. માતા ખૂબ જ પ્રસન્ન થયા. અહીં સઘવીએ જોષીઓને તેડાવી સંઘનું મુહુર્ત પુછયું. વિ. સં. ૧૮૬૪ મહાસુદ ૬ ને મંગળવાર નીકળતા હર્ષપૂર્વક સંઘવીએ કંકોત્રીએ લખી. અને કાસદ દ્વારા કચ્છવાગડ – ગુર્જર – મરૂધર – હાલાર – સોરઠ – થરપારકર – ઝાલાવાડ વિ સ્થાને મોકલાવી. અને દરેક સ્થાનેથી યાત્રાળુઓ પધાર્યા. શુભ મુહુર્તે વહાણમાં બેસાડીને નવાનગર બંદરે ઉતર્યા. જામનગરના સંઘે ભવ્ય સામૈયું કાઢયું. ત્યાં બાવન જિનાલયમાં બિરાજમાન મૂળ નાયક શ્રી શાંતિનાથ તથા નેમનાથ– ધર્મનાથ–ચંદ્રપ્રભુજીના દેરાસરો જુહારીને પાંચ દિવસની સ્થિરતા કરી તેમની પાસેથી આરબોની વેઢ(લશ્કર) મેળવી. જેમાં ૫૦૦ પાયદળ સૈનિકો, ૨૦૦ ઘોડેસ્વારો છે. ત્યાંથી ત્રીજા દિવસે ટંકારા થઈ વાંકાનેર–સાહિલ્યા–જેંરોજેંવારો થઈ લીંબડી અનુક્રમે ચૈત્ર વદ–૨ ના ૬ 'રિ પાળતા સંઘે પાલીતાણા તીર્થમાં પ્રવેશ કર્યો.

અહી સંઘવીના માતુશ્રી ધનબાઈની ૯૯ યાત્રા પૂર્ણ થઈ હતી. સૌ તળેટી આવી ચૈત્યવંદન કર્યું. અને દાદાની યાત્રા કરી કૃતાર્થ થયા. સંઘવીએ પાલીતાણા ગામને બે વાર ધુમાડાબંધ જમણ–સ્વામીવાત્સલ્ય કર્યું. ૮૪ ગચ્છના યતિઓને વસ્ત્ર–પાત્ર આપી પ્રસન્ન કર્યા. ભાવનગરના શ્રાવકોને પ્રેમથી પહેરામણી આપી. સંઘવીએ નવો ચંદનહાર બનાવીને ચૌમુખજી કંઠે પહેરાવ્યો આમ સિધ્ધાચલ તીર્થને વંદન કરી સંઘે ગિરનારજી તીર્થ તરફ પ્રયાણ કર્યું. ચિતલ – જેતપુર વિ. ગામોમાં લાણી કરી સંઘ જુનાગઢ પહોંચ્યો. રસ્તામાં બીજો સંઘ મળ્યો. બન્ને સંઘવીઓએ જુનાગઢમાં લાણી કરી. અને મહાજનમાં સ્વામિવાત્સલ્ય કર્યું. જુનાગઢના નવાબને પ્રસન્ન કરીને સંઘવીએ તીર્થમાં ઇન્દ્રમાળ પહેરી. હાલાર સંઘવીએ નોતર્યો. ગિરનાર તીર્થમાં વંદન કરી સંઘ ધોરાજી આવ્યો. ત્યાં રહેતા માંડવી–ભુજના સાધર્મિકોને જમાડયા. ગામને બે દિવસ સંઘજમણ આપ્યું. ત્યાંથી કંડોરણા–કાલવાડ–ભલસાણ આવ્યા. દરેક જગ્યાએ સામૈયા થયા. સંઘ જમણ સંઘવીએ આપ્યા. અનુક્રમે જામનગર થઈ નાવમાં બેસી માંડવી બંદરે પહોંચ્યા. માંડવીના દિવાન હંસરાજે ભવ્ય સામૈયા સાથે સંઘનું સ્વાગત કર્યું. પ્રભુ દર્શન કરી સૌ સંઘવીના ગુણ ગાતાં ગાતાં વિખરાયા.

(૧૩૬) શ્રી ગુલાલચંદ સંઘવીનો સલોકો

કર્તા : મુનિ ગુલાબશેખર રચના : વિ.સં. ૧૮૬૪

માતા સારદ પ્રણમું છું પાય, શ્રી જિન ગુણ ગાસું એક ચિત્તલાય;
સિદ્ધાચલ કેરો મોટો મહીમાય, સાંભલજો કો સહુને ભાય. ૧

શાશ્વતો તીરથ વિમલ ગિરીંદ, પૂરવ નવાણું વાર જિણંદ;
સમોસર્યા તિહાં મરૂદેવિ નંદ, જાત્રા કરે તે પામે આણંદ. ૨

જિણ ગિરિ સાધુ અનંતા સિદ્ધા, કોડસું ઉદ્ધાર સહૂં ભગતે કીધા;
ઇંદ્રાદિક ભરતે સુવાસ લીધા, જિનવર ચર્ણનાદિક અમૃત પીધા. ૩

મંત્રમાં જિમ સાર નવકાર, ખગ માંહે તારાદિક ચન્દ્ર સિરદાર;
અર્બુદ તારંગા સુમતી અવધાર, તિરથમાં મોટો પુંડરિક સાર. ૪

દેશ માં કચ્છ દેશ મનોહાર, ભુજ નગર માંહે રાયદ્ધણ તી વાર;
માંડવિ બિંદર સોહે ઘણું સાર, જિહાં સ્કણ લખમીનો નહીં કોઈપાર. ૫

રાઉશ્રીજીનો દિવાન સારો, હંસરાજ સેઠનો તેજ અપારો;
ઓસવાલ માંહે કરડો નિરધારો, માંડવિબિંદરમાં હાકમ દિદારો.૬

ઉંચા તે મેડી મંદિર મોલાત, જિહાં હિણે વસે છે ચોરાસી નાત;
શ્રાવક ઉત્તમ કુલ જિણ ગુણ ગાત, જાણી ઇંદ્રપુરી સા ખ્યાત. ૭

એહવો માંડવિબિંદરે સોહે, દેખી સુરનરનો મન મોહે;
સદા ધરમના કારજ હોએ, શ્રી ગુરુવાણી તે પાપને ધોએ. ૮

જિણ કણ શ્રાવક જિણ ગુણ જાણ,ખડતરગચ્છ દીપે ગુણ મણીખાણ;
ગુરૂ ઊપદેશ દીધો મન આણ, તિરથ જાત્રાનો લાભ ઘણો જાણ. ૯

ઉસવાલ માંહે દિપક સમાન, માણ સંઘરા ભોજરાજ દીસે ગુણવાન;
ધરણી ઘનબાઈ દિએ બહૂ દાન,સીલ ગુણ ધાર ચતુર સુજાણ.૧૦

જેણ જાયા છે પુત્ર રતન,ચારે ચતુર સણ લખમી પ્રસન;
ગુલાલચંદ સાદો મોટો છે મન, જાત્રા કરીએ તો લસખાનો દિન.૧૧

ત્યારે હીરાચંદ ખોલ્યો બિરૂદાલો, ધરમચંદભાઈ નો પખારો ભાલો;
રાયચંદ કુશલચંદ દિસે ગુણમાલો, પાનાચંદ જસો સહૂને મનવાલો.૧૨

લાલચંદભાઈ તો પાસે પરિઆણી, લાધો બુધવંત બોલે મુખવાણી;
જેઠાણી મુડકો બાંધી આવી, આદિનાથ દાદા છે ગુણ ખાણી. ૧૩

તેડો ગુણવંત કુંયરજી સિદાવીયા, ઠાકર ઉનડજીને રૂડે મનાવ્યા;
ડાયે કરીને ધોઅલ ભોલાવ્યા, મુંડકો બાંધી હર્ષ જગાવ્યા. ૧૪

મુંડકો બાંધી રાજીપો કીધો, સેઠને કહે એ કામજ સિધો;
બાર હજાર રૂપઈયા દીધા, સંઘવી એ મોટા જસવાસ લીધા. ૧૫

ત્યારે ધનબાઇ માતા વિમાસે, પુત્રને તેડી વાત પરકાસે;
જાત્ર નવાણું કરવિ મન ભાસે, ત્રેવડ કરસો તો જાત્રે જવાસે. ૧૬

સાહા ગુલાલચંદ છે ડાહો, માતા ને કહે જાત્રાએ જાઓ;
મનમાં મનોરથ પુરો ઉમાયો, જનનીને કહે સુત કલ્યાણ થાઓ.૧૭

આસીસ દેઈ વિમલાચલ આયા, આદિસર કેરા દર્શન પાયા;
સુર્ય કુંડમા સુભ સુભ મતે નાયા, સિદ્ધવડની હો શીતલ છાયા. ૧૮

હવે સંબંધ કહૂં તે સુણજો, સંઘવીનો મનોરથ ફલજો;
શ્રી જિનવાણી તો મન માંહે ધરજો, સદ્રગુરૂ કેરી તો ભગતિ બહુ કરજો.૧૯

સાહ ગુલાલચંદ તેડાવે, જોષીયા પાસે મુરત કહાવે;
ચોખો મુરત જો જો મન આવે, કહે હીરાચંદ સંઘ સુખ પાવે. ૨૦

સંવત્ ૧૮૬૪ સાર, મંગલીક જાણે મંગલવાર;
માહ માસ ને સુદ ૬ સાર, ચોખો મુરત સહૂને સુખકાર. ૨૧

મુરત ધારી પામ્યા છે સંત, કંકોતરી લખી સહૂને હરખંત;
પ્રખ્યને કહે સુણ બુધ ચંત, દેસમાં ગામ નગર અનંત. ૨૨

મરૂધર ગુર્જર તત હાલાર જોવો, વાગડ સોરઠ સંઘ સિધાવો;
પારકર ઝાલાવડ વેંગે બોલાવો, પછમદેસને રૂડે મનાવો. ૨૩

કાસિદ કંકોતરી દેઈને આવ્યો, દેસ ગામની સીખ બહૂ લાવ્યો;
સિરપાવ લેઈ ઘરે સીધાવ્યો,હીરાચંદભાઈ કહે મન ભાવ્યો. ૨૪

આપણ સાચવીએ એ મુરતનો ટાણો, ગુલાલચંદભાઈ કહે મનમાં હરખણો;
ડેરા તંબૂ તોરણ આણો, વરિમેં લાણ દીધો સહૂ જાણો. ૨૫

સગપણ સમાન ભેલા બહૂ કીધા, વેલને બળદ વેચાતો લીધા;
ઘોડા પાખરીઆ સિણગાર્યા સિદ્ધા, માલમ ને તેડી સિરપાવ દીધા.૨૬

માલમને કહો કરો તઈયારી, સંઘ આયો છે આપણનો ભારી;
વાણ તે મેસે કેટલા સુખકારી, બોલે માલમ હરખ ઉચારી. ૨૭

વાણ તે જોસે ચાલીસા સાર, ખોરપો ટાલી કીધા તઈઆર;
માંડવિબિંદરનો સંઘ અપાર, ભુજ મુનરો ને વારૂ અંજાર. ૨૮

કાઠિનો બહૂ ભગતે આયા, હાલાકંઠીનો સહૂને મન ભાયા ;
માજન હાલાઈ આવે સવયા, અબડાસાના તો સંઘ ખુબપાયા. ૨૯

સંઘવિ ગુલાલચંદ વિમાસે, સંઘ મિલીઉ છે સહૂ મુઝે પાસે;
તારે માલમનેં તેડી પરકાસે, વાણે બેસાડો ભદધિ તરાસે. ૩૦

સંઘવિ ગુરવાદિક તેડીયા, નોબત નિસાણે યુગતે ગડગડીઆ;
ચતુવિર્ધ સંઘ હરખેસું મિલિયા, મનના મનોરથ સહૂના ફલિઆ.૩૧

વેલી ભરાણી વાણ હંકાર્યો, સુભ વાયુ યોગે વાણ હંકાર્યા;
ઘોડો વેલ ને બલદ ઉતાર્યા, સંઘ સહૂના કારજ સાર્યા. ૩૨

નવાનગરમાં થઈહ છેં જાણ, ધુંઆવ આવિ દીધા મેલાણ;
મુલજી ઝવેરી બહૂ બધી ખાણ, કુવરજી જેઠાણી બોલે મુખવાણ.૩૩

ચાલો આપણે સામઈયુ કરીએ, માજન તેડી સંઘવિને લઈએ;
મોટે ઉછરંગે સામા તે જાએ, શ્રાવક ભેલા સગલા તે થાએ. ૩૪

સંઘવિ ને માજન તેડવા આવ્યા,બહૂ જુગતે કરી નગર પધરાવ્યા;
લાલ ગુલાલ બહૂ વધાવ્યા, ડેરા તંબુ તો બાહીર મંગાવ્યા. ૩૫

અંચલ શ્રાવક દીપે દિદાર, લાલણ નાગડા ગોત્ર અવધાર;
બહૂધન ખરચો છે લખમી આગાર, નામ કહૂ તે સુણજો નરનાર.૩૬

રાયસી વર્ધમાન કીધો મન ચંગ, દેરાસર શિખર ઊંચા ઉત્તંગ;
સંઘ સહૂ ને મનમાં ઉછરંગ, જેણે કી તે નિરમલ અંગ. ૩૭

બાવન જિનાલય દીપે દિણંદ, મૂલ નાયક શ્રી શાંતિ જિણંદ;
દોએ દેરાસર નિરખ્યો આણંદ, દર્શન કરતા હોએ સુખ કંદ. ૩૮

નેમનાથનો પરચો છે ભારી, ચિંતા ચુરંત મુગત દાતારી;
બાવિસમાં જિન બાલ બ્રહ્મચારી, રાજુલ તજી લેઆ સંજમ ભારી.૩૯

શેઠને દેરે આદિ જિણંદ, સેવા કરે તિહાં સુરનર વૃંદ;
ખરતર દિપે પુનમચંદ, ધર્મનાથ તિહાં દીપે સુખ કંદ. ૪૦

ચંદ્રપ્રભુનો દેરાસર ઘરએ, ગોડીચાજીનો પરચો કહેવાએ;
પ્રભુગુણ જીભે કહ્યા ન જાએ, હવે સંઘવી મનમાં હરખાએ. ૪૧

સંઘને તેડી ઉછરંગે આવે, સહા ગુલાલચંદ મન ભાવે;
સત્તરભેદી તિહાં પૂજા કરાવે, સોના રૂપાના ફૂલે વધાવે. ૪૨

રથ શીણગાર સંઘ વીજાવ્યે, ભાષા નોબતની ઘોસ મચાવે ;
બહૂ યુગતે કરી મુરત પધરાવે, શ્રાવિકા જિન ગુણ ગાવે. ૪૩

સંઘ સંઘલે રથ જાત્રા કીધી, કેસર સુખડ ભંડારે દીધી;
પૂજા કરીને પામ્યા છે રીદ્ધી, શ્રી જિન ગુણ જાત્રા હોસે તે સિદ્ધી.૪૪

નવાનગર ના દેવ જુહારી, ઉતારે આવ્યા સહૂ નરનારી;
નગરના શ્રાવક બહૂ ભગતકારી, મૂલજી ઝવેરી કહીએ નરધારી.૪૫

જામ જાસ ને પેરામણી દીજે, ચાલો સંઘવી હરખે મલીજે;
હીરાચંદભાઈ લાલચંદ તેડી જે, ઘરમાં પાવડી સાથે રાખી જે. ૪૬

સંઘવી ગુલાલચંદ છોગાલો, ભાઈને કહે જામ નીહાલો;
વેઢ વીટી ને ઘરમો ધોસાલો, લો ઉઠો ભાઈ તમે પેરામણી આલો.૪૭

જામ સામિ પેરામણી દીધી, જામ સંઘવીની બહૂ ભગતિ કીધી;
તુમચા મન વાંછીત હોજો બહૂ સિદ્ધી, એહ આશિષ જામની લીધી.૪૮

તેડયો માજન સ નગરનો સારો, સંઘવી કહે સુણો જાત્રા એ પધારો;
કહે ઝવેરી સંઘ અમારો, સાથે આવસે માણસ હજારો.૪૯

ત્યારે સંઘ વિરલો આપણો થાએ, સંઘ દેખીને બહૂ સુખ પાવે;
આપણને દિવસ ખમયા ન જાએ, પાંચ દિન જાત્રા કિધી મન ભાવે.૫૦

હવે આપણે તઈયારી કરીએ, સાથે વોલાવા સબલા લઈએ;
વાટ વિસમી છે જામને કહીએ, આરબની વેટ લેઈને જઈએ. ૫૧

ભામીજીનો તો માણસ લઈએ, સુંદરજી સેવાજી કિધો છે હાથે;
સુખ આપ્યો છે શ્રી જગનાથે, સાજકરી છે આપણને માથે. ૫૨

કીધો નગરી સંઘ સહૂ ચાલે, નગરનો માંજન સાથે બહૂ હાલે;
ઘોડા વેલને પાંચસે ભાલે, દેખી દુશ્મનનો માનત ગાલે. ૫૩

બીજે પ્રયાણે ઘરોલે આવ્યો, ગેરૂવાદિક તેડી કહે મન ભાયો;
વોરવાનો તો અમ ઘર ઠેરાયો, સાંઝે મોદક દેસું મન ભાયો. ૫૪

ગુરૂજી સઘલા થયા છે રાજી, આશિષ દીધી સંઘવી ને ઝાઝી;
સુંદરજી સિવજી આવ્યો છે ગાજી, પાલા પાંચસે બેસે છે વાજી. ૫૫

સુંદરજીનો તો મોભો છે ભારી, કચ્છ દેસ વડો રા તારી ;
ક્ષેત્રીકુલ દિપે સિવ ભગતિ કારી, ખટ્ દર્શની કરી ભગતિ જેણે ધારી.૫૬

સુંદરજી આવી સંઘવી ને મલીઆ, પૂછી સુખ સાતા મન તે ભલીયા;
સુખે સમાધે વાણે ઉતરીયા, પુન્ય પસાએ મનોરથ ફલીયા. ૫૭

હીલમલીને આવ્યા ઉતારે, સુંદરજી કહે ચાલો ટંકારે;
ત્યારે સંઘવી કહે અમારો, જાત્રાએ જાવો પંથ છે ભારે. ૫૮

ત્રીજે પ્રીયાણે ટંકારે આવ્યા, સુંદરજી ને તે રૂડે મનાવ્યા;
સંઘ સંઘાતે હાથી સિધાવ્યા, વણથ લેવાને હર્ષ જગાવ્યા.૫૯

વાંકાનેરની ભુમિકા આવી, ઉછવ કરે શ્રાવક ભાવિ;
સામઈયો કરી જગ્યા બતાવી, દીએ તંબૂ તો દીધા ઠેરાંવી. ૬૦

વાંકાનેરનો તો દેરાસર નિરખી, જિન પ્રતિમા વાંદે પાપ ઉવેખી;
સંઘવી કહે માહાજન દેખિ, લાણી અમારી લેજો તે લેખી. ૬૧

રૂપઈયો અરધો મહાજનમાં કીધો,લખમી ખરચી બહુ જસ લીધો;
વાંકાનેરના કહે શ્રાવકો સાથે ચાલ્યાનો ઉત્તર દીધો. ૬૨

તિહાંથી ચાલ્યા સાહિલ્ય આવ્યા, મહાજનને તેડી કહે મન ભાયા;
લાંણી દેઈને આગલ સધાવ્યા, સંઘ સહૂને આણંદ પાવ્યા. ૬૩

સામો આવ્યો છે સંઘ અપાર, અમદાવાદના બહૂ નરનાર;
રૂમક ઝુમક કુછ નિરધાર, સંઘવી ગુલાલચંદ દાતાર. ૬૪

માંહોમાંહે તે સંઘ જાત્રા કિધી, અમૃત સુખડી વાટમાં લીધી;
ગામ નગરમાં ખરચે બહૂ રીદ્ધી, અવતાર સફલો કરે મન સિદ્ધી.૬૫

સંઘને આવ્યો હુકલો જાણી, જેરાજેવારો બોલે મુખ વાણી;
સામઈઉ કરી ઉછરંગે આણી, નોબત નિસાન લ્યાવો ગુણ ખાણી.૬૬

ભેરી નકેરી જાલર રણકે,ઈદ્ર ધ્વજા પણ તિહાં રૂડી પરે ઝલકે;
પાલખી સામી લેઈ શ્રાવકે, સંઘવીની વાટ જુવે અવલોકે. ૬૭

એહવે સંઘવી વેલસું આવે, જેરાજવારો મનમા હરખાવે;
હલીમલીને બેઠા એમ ઠાવે,ગુલાલની તો ધુમ મચાવે. ૬૮

લીંબડી સેર દીસે છે સારો, મોટે ઉછરંગ કીધો પૈસારો;
મેડી મોલાત્ત દીપે અપારો, તંબૂ દેઈ કીધા બાર ઉતારો. ૬૯

સંઘ સઘલો દેરાસર જાએ, શ્રી જિનમુખ નિરખી ગુણ ગાણ ગાએ;
સંઘવી કહે રથયાત્રા થાએ, સત્તરભેદિ તિહાં પૂજા ભણાએ. ૭૦

પૂજા પ્રભુના ગુણ ગાવિ ઉતારે આયા, જેરાજવારો પાસે બિઠાઆ;
ઘર દિઠ એક રૂપઈયા ઠેરાવ્યા,સાકર સવાસેર ઉપર લાવ્યા. ૭૧

લાણી દેઈને થયા છે રાજી, અંચલગચ્છ શ્રાવક સોયો મન જાજી ;
મોણસી અચલજી કહે મુજ લાજી, સેર સાકરની લાણી લ્યો સાજી.૭૨

ઈહા કને સંઘ આવ્યોછે ઝાઝો,પાર કરવા ગમતો મલો થયો સાજો;
લોક હજાર સોભે વિરાજે, ચાલે તે સંઘ ચડતે દિવાજે. ૭૩

સંઘ ઉપડયો નોબત વાજે, ચૈત્ર વિદ બીજે આવ્યો સુખ સાજે;
પાલીતાણા ના લલિતાસર પાજે, આવિ ઉતરી આ સંઘ સહૂ સાજે. ૭૪

ત્યારે હીરાચંદભાઈ વિમાસે,ચાલો આપણે માતાજી પાસે;
પરીવાર સઘલો મીલીઉ ઉલ્લાસે, માજી ધનબાઈ દેખી હરખાસે.૭૫

પુત્ર પુત્રી ને હરખી સહૂ મિલીયા, માજીને ચરણમેં મન હિલીયા;
જાત્રા નવાણુ કીધી અઘ ટલીયા,ચાલો ઉતારે સુખમાં ભલીયા. ૭૬

સંઘવી ગુલાલચંદ શા ભાખેં, સંઘને તેડી ઉતર દાખેં;
હીરાચંદભાઈ આવ્યા સહૂ સાખે, લાલચંદભાઈ તો સહૂના મન રાખે.૭૭

રામચંદ કુસલચંદ હરખે મન માંહે, લાધો નથુ તાં આવે ઉછાંહે;
પાનાચંદ જસો આસકરણ પોમાએ, સંઘતેડીને તલાટી આએ. ૭૮

તલાટી વાંદી વિમલગિર ચડીયા, રામપોલમાં સંઘ સહૂ મિલિયા;
વાઘણપોલ દેખી મન વાંછિત ફલીયા, સંઘ સહૂના કારજ સરીઆ.૭૯

વાઘણપોલમાં આવ્યા છે સહૂ, હાથીપોલતો સોભે છે બહૂ;
આદિસરનો ગુણ કેતા કહૂં, પાર ન આવે શાસ્ત્રથી લહૂં. ૮૦

સંઘવી સુરજકુંડમાં નાહિ, ઋષભદેવની પૂજા બનાહિ;
કહે મંડલ ભરો સવાઈ, નાણું ખરચીને કીધી વડાઈ. ૮૧

ગુરૂવાદિક તેડી ધનબાઈ આવો, ગહુંલી કાઢીને ગીત ગાવો;
કહે ધનબાઈ વહૂને તેડાવો, શિણગાર પહેરી પ્રભુને વધાવો.૮૨

જેવંતિબાઈ આવે મલપંતા, જડાઉ હાર પહેરે મલકંતાં;
રૂપૂબાઈ તો આવે સોધંતા, રામબાઈ તો ગાવે હરખંતા.૮૩

ચંદન ચોસર મોતીના હાર,ચીઉ માલનિ દુગિ દુગિ સાર;
ઈણી પરે ઘરેણા વેરી અપાર, પ્રભુને બહુ રૂપ થાયે સુખકાર.૮૪

સંઘ સહુ ને જાત્રા કરાવે,રથ શણગારી પાસે તે લાવે;
અશ્વરથ દો સાજ મંગાવે, સંઘ દેખીને હરખિત થાવે. ૮૫

રથ જોડી ને આગલ ચલાઈ, સંઘ પરખણ દેખી મન ભાઈ;
સંઘ સંઘાતે પ્રભુ ગુણ ગાયો, ભાટનો મન રાજી કરાયો. ૮૬

આદેસર વાંદી બાહીર આયા, વિમલવસઈના દેરાસર પાયા;
વાંદિ જિન પ્રતિમા ગુણ ગીત ગાયા, દેરાસર વાંદિ વાંદિ મન ભાયા.૮૭

પ્રેમચંદ મોદીને ટુંકે તે જાતા, અદ્‌બદ્‌નાથના દર્શન થાતા;
સવા સોમજીનો ચોમુખ દેખંતા, વાંદીને મલીઆ હર્ષ ધરંતા. ૮૮

ખરતર વસઈ ના દેરા જુહારી, જિન પ્રતિમાં વાંદી કહે સૂખકારી;
સિદ્ધાચલની તો જાત્રા થઈ સારી, હલવે ઉત્તરી સવિ આવ્યા ઉતારી.૮૯

સંઘવી તલટીએ આવી ઉતરીયા, વેલના ઘોડા આવે ગડગડીઆ;
સંઘવી વેલમા હરખભેર ચડીઆ,આવ્યા ઉતારે કારજ સરીઆ.૯૦

પાલીતાણા ને નોતરા દીધા, ધુઆબંધ તેડી માંડયા સિધા;
સામીવછલ બે ફેર કીધા, લાખું ખરચીને બહૂ જસ લીધા. ૯૧

કહે ગુલાલચંદ સૌને તેડાવો, ચોરાસી ગચ્છના સાધૂ તેડાવો;
ગુરુજનને પછેડી વહોરાવો, કપડા રૂડા દિએ ઘરી આવો. ૯૨

ગુરૂજન સહુના મન રાજી કીધા, આશીષ સૌના બહૂ જન લીધા;
ક્રોડ વરસ જીવો અમૃત કીધા, રેસમ પછેડી ઘરમાં તે દીધા. ૯૩

ઉનડજીને તો પેરામણી આપી, બાર હજાર ભંડારે થાપી;
ભાવનગરના શ્રાવક મિલાવી, તેને પેરામણી દીધી દુલારવી. ૯૪

પનર દિવસ જાત્રા કીધી મન ભાવે, શેત્રુંજી નદિ નાવાનેં જાવેં;
સંઘ સઘલો રાજી તે થાવે, સંઘ ચાલ્યાનો સાદ પડાવે. ૯૫

સંઘવી હાર ચંદનનો થાપ્યો,ચોમુખ જિનવરને કંઠે તે થાપ્યો;
નોબતની જોડ નવિ તે ઘડાવિ, સવા સોમજી દેરે ચડાવી. ૯૬

સિદ્ધાચલ વાંદિ ચિત્તલ આયા, ગિરનાર સામાં પગલા બઢાવ્યાં;
કાઠીને મોલ દેઈ સમજાવ્યા, જેતપુર આવિ કહે મન વાળ્યા. ૯૭

તેડી માજનને લાણી તે કરીએ, સેર ખાંડ તાં કોરી એક દઈએ;
લાણી કરીને જુનાગઢ જઈએ, સંઘ મલ્યો છે વાટમાં તઈ એ. ૯૮

દોએ સંઘવીએ મેલાપ કિધા, ઘર ભાયા વરી સામોત દિધા;
મોહો માંહે તે મલ્યાતે સુખ કિધા, તિહાંથી જુનેગઢમે લાણ દીધા.૯૯

બાબી આભરણ દિએ માન, સંઘવીને મલીવા મેલ્યા પરધાન;
રેવંતિગિરિ ચડવો પરીઆણ, સપાઈ મુકયા ભલા સુજાણ. ૧૦૦

સંઘ ગિરનારે ચડયો હરખે, પ્રથમ દામોદર કુંડ તે નિરખે;
ભવેશ્વર માહાદેવ મૃગી કુંડ પરખે, તલેટિ દેખી આણંદ વરષે.૧૦૧

પહેલે તે ટુંકે સંઘવી આયા, દરસણ દેઉ સિવાદેવિ જાયા;
નેમનાથના દરિસણ પાયા, સંઘ સંઘતે જિનગુણ ગાયા. ૧૦૨

બીજે ટુંકે તે અંબાવ માતા, દરિસણ કિધા હુઈ સુખ સાતા;
પાંચમે ટુંકે સું હરખ જાતા, પગલા વંદિ જિન ગુણ ગાતા. ૧૦૩

સહસાવન દેખી અચરજ થાય, શ્રી જિન નિરખી પદ વાંદા ઉમાય;
આવતી ચોવીસી મોક્ષે જાય, શ્રી જિન કલ્યાણકે શાસ્ત્રે કહેવાય. ૧૦૪

ઈંદ્રમાલા તો પેરી ઉછરંગે, લખમી ખરચે તે બહૂ મન ચંગે;
ગિરનાર વાંદિ આવ્યા ઉછરંગે, સામીવચ્છલ જિમ્યા મનસંગે.૧૦૫

જુનાગઢનો માજન જિમાયો, જબ સાર સહૂ કો બોલે મન ભાયો;
સંઘવી ગુલાલચંદ ભલે ઈહાં આયો, દ્રવ્ય ખરચીને બહૂ સુખ પાયો.૧૦૬

બિજે પણ સ્વામીવછલ કરીઆ, મુલજી ઝવેરી જીવણ સા મલીઆ;
સંઘ સઘલો જિમે મન હિલીઆ, હાલાકંઠીનો સંઘ નોતરીઆ. ૧૦૭

સંઘવી બાબીને મિલવાને જાએ, છોડો એક પાંબરી દેવાયે;
સાહિબ નિવાબ રાજિ તે થાએ, સામી સંઘવીને પેરામણી આએ.૧૦૮

કહે નિવાબ સુણબે વાણીઆ, હમ તો તુમકું ઘરમી જાણીઆ;
તેમતો બડા હો વખતા માણીઆ, બાબીને સંઘ અચ્છા આણીઆ.૧૦૯

ગિરનાર વાંદિ ધોરાજી આયા, માંડવિ ભુજ વાલો સંઘ જિમાયા;
ગામનો મહાજન હરખે તેડાવ્યો, કહે સંઘવી જિમો મન ભાયો.૧૧૦

ત્યારે મહાજન હરખે જિમિયા, દોય દિન સંઘવિ જુગતેસું ખમીઆ;
હીરાચંદભાઈ ઘરે મન ભરીઆ, બેઉ જિણે તો પેરામણી કરીઆ.૧૧૧

સંઘ ઉપાડયો નોબત વાજે, કંડોરણે આવિ ઉતરીઆ સાંજે;
માજન તેડી હરખંતા કહે આજે, ચડંતા પરણામે સંઘવીના રાજે. ૧૧૨

તિહાંથી કાલાવડ આવિ ઉતરીઆ, ગામનો માજન હરખેં ભરીઆ,
કહે સંઘવી કારજ સરીઆ, ભીલસાણ આવિ દરસણ કરીઆ.૧૧૩

રાયસિશાનો દેરાસર નિરખે, ગોડીચાજીની મુરત પારખે;
સંઘ સઘલો વાં દિને હરખે, મહાજન જિમાડી આણંદ વરસે. ૧૧૪

જામ સાહેબને થઈ છે જાણ, સાંભલો સંઘ આવ્યો ભલસાણ;
સામઈએ મેલ્યાં ભલા ઠેકાણ ઠેકાણ, સંઘ વસને તેડી આવ્યો પરધાન. ૧૧૫

ઉછરંગેઆયા નવાનગરમાં, દેરા જુહારી આણંદ પાયા;
જામે સંઘવીને જુગતે તેડાવ્યા, કહો તુમ કછદેસ ભલાવ્યા. ૧૧૬

ગામમાંહે ઉતારા કિધા, મેડી મોતાલ ઉતારા રેવાને દીધા;
સંઘવીના સઘલા કાજ સિદ્ધા, લખમી તણાતો લાહો જ લીધા. ૧૧૭

કહે માજન સાંભલો ભાઈ, નાણું ખરચીને કીધી વડાઈ;
પ્રેમજી વીર તો બોલે સવાઈ, કરો ચોરાસી હોએ નવાઈ. ૧૧૮

સાત ભાતની સુખડી થાએ, પેંડા સાટા ને જલેબી લાએ;
લાડુ ઘેવર સિરા બઈમાએ, તાજી ફરસાણ જુગતે જીમાએ. ૧૧૯

ભાત ભાતના જિમણ બનાયા,નગરના માજન જુગતે જિમાયા;
માધુ ભોજકને કડા પેરાયા, પેડ વીઢી તો દિએ મન ભાયા. ૧૨૦

દેસ પ્રદેસે નામ વધાર્યો,છાજડ ગોત્રનો કુલ ઉજવાળ્યો;
માતા–પિતાનો બોલ તે પાયો, યાત્રા કરીને સહુ સુખ પાયો. ૧૨૧

એહના માતાપિતાને ધન્ન, જેણે જનમ્યા છે પુત્ર રતન્ન;
હીરાચંદ ધર્મચંદ સજન્ન, ગુલાલચંદ લાલચંદ પ્રસન્ન. ૧૨૨

સકલ કુટુંબ સાથે તેડીને, સિદ્ધાચલ કેરી જાત્રા કરીને;
નામ રાખ્યો છે લખમી ખરચીને, જાત્રા કિધી છે ભાવ આણીને.૧૨૩

પંચતીર્થ જાત્રા સુધ મનેં કરસે, સંસાર માહિ તેહિજ તરસે;
સાતે ક્ષેત્રે ધન વાવરસે, તેહના મનોરથ કારજ સરસે. ૧૨૪

નવાનગરથી વાણે બેસાડી, માંડવી બિંદરે કાંઠે ઉતારિ;
આનંદ મંગલ ગીત ગવડાવી, યાત્રિકોને ઘરે વહેરાવી. ૧૨૫

સેઠ હંસરાજ કહે સુણ ભાઈ, જાત્રા કરીને કીધી વડાઈ;
કછ દેસની રાખી સવાઈ, ધર્મકારજ તો કીધા સુખ પાઈ. ૧૨૬

સેઠ હંસરાજ મહાપ્રતાપી, તેજવંતા અરિ દલ કાપી;
ષટ્ દરસણના ઉપર શુભ મત થાપિ, એહવો દિવાન જાણે પ્રતાપિ.૧૨૭

માંડવી બિંદરમાં ઉછરંગે આયા, સાજન દેખી મનમાં હરખાયા;
જિનવર મુખ દેખી ગુણ ગીત ગાયા, લાખૂં ખરચીને બહૂ સુખ પાયા.૧૨૮

એહવે ઉછરંગે જાત્રા જે કરસે, આભવ પરભવ સુખ તે લેસે;
એહ સલોકો ભણસે સુણસે, તેહને ઘરે તો નવનિધ વરસે. ૧૨૯

અંચલગચ્છનાયક શ્રી પૂજ્યાસાર, પૂન્યસાગરસૂરિ ગુણ મણીયાર;
તેંજી કરીને દિપે દિદાર, એહના દર્શન છે સુખકાર. ૧૩૦

વાચક કૂલ માંહે દીપક સમાન, ભકિતસેખર ગુરૂ સકલ ગુણ જાન;
તાસ શિષ્ય ગુરૂ બહૂ બુધ ખાણ, મેઘસેખર ધરૂં નિત્યધ્યાન. ૧૩૧

સેવક ઉપર કરૂણા તિ કીધી, માતા સરસ્વતિએ વિદ્યા તે દિધી;
બે કર જોડી બુદ્ધિ તે લીધી, તિરથ ગુણ ગાતાં હોસે તે સિદ્ધી. ૧૩૨

ગુલાબસેખર કહે તે ભાવે સુણજો, જાત્રા તણો તે સલોકો ભણજો;
ગુરવાદિક કેરી સેવા તે કરજો, તિરથ જાત્રાનો ધ્યાન તે ધરજો.૧૩૩

–ઈતિ ગુલાલચંદ સંઘવી રાસ સંપૂર્ણ શ્રી લિખત ઋ૰ પ્રાગજીની વંદના છે સહી મુનિ શ્રી ૫ મોતીચંદ્ર સકલ વિદ્યા જાણ વાંચનાર્થ શ્રી. (પ્રત : કચ્છ માંડવીનો ખરતરગચ્છનો ભંડાર)

(૧૩૭–૮) વીર પાટ પરંપરા–ગચ્છ ઉત્પતિ–પટ્ટધરોના ગુણવર્ણન તેમજ સુરતનાં અચલગચ્છીય શ્રેષ્ઠિવર્યો

(૧) ૫. જ્ઞાનસાગર ગણિ (ઉદયસાગર સૂરિ)–ગુણવર્મારાસ પ્રશસ્તિ.

પં. જ્ઞાનસાગર ગણિએ સંવત૧૭૯૭ના અષાઢ સુદિ બીજના સિધ્ધિયોગમાં સુરત નગરમાં ગોડી પાર્શ્વનાથનાં પસાયે ગુલાલ શેઠના આગ્રહથી ગુણવર્મા ચરિત્ર નામે ૧૭ ભેદી પૂજાનો પ્રભાવ પ્રગટ કરતો ગુજરાતીમાં રાસ રચ્યો છે. ભવિજનો ઉપશમનાં અનુબંધરૂપ જિનપૂજા કરતો એવો કવિનો ઉપદેશ સ્વીકાર્ય છે. આ રાસમાં ૯૫ ઢાળ છે. ૭૫૨૩ શ્લોક પ્રમાણ ગ્રંથ છે. આ રાસનો પ્રથમાદર્શ મુનિ ન્યાયસાગર તથા મુનિ સકલચંદ્રે લખ્યો હતો.

એ રાસમાં કવિ જણાવે છે કે વાચક ઉમાસ્વાતિ રચિત પૂજા પ્રકરણમાંથી શ્રી માણિકયસુંદરસૂરિએ ગુણવર્મા ચરિત્રની રચના કરી છે. ત્યારબાદ હમચડીની ઢાળમાં કવિ જિનશાસનની પાટ પરંપરાનું વર્ણન કરે છે. દુહામાં ૬ ગચ્છની વાત જણાવે છે. (૧) શ્રી સુધર્માસ્વામીથી નિર્ગ્રંથ ગચ્છ (૨) અગીયારમાં પટ્ટધર શ્રી સુસ્થિત શ્રી સુપ્રતિબદ્ધથી કોટિકગણ વજ્રસ્વામિથી વયરી શાખા શ્રી ચન્દ્રસૂરિથી ચન્દ્રકુળ (૩) છત્રીસમાં પાટે સર્વદેવસૂરિ થયા તેનાથી વડગચ્છ થયો. (૪) સાંખ્યસૂરિના શિષ્યથી શ્રી શંખેશ્વરગચ્છ. (૫) શ્રી પ્રમાણંદસૂરિથી નાણકગચ્છ અને (૬) શ્રી આર્યરક્ષિતસૂરિથી શ્રી વિધિપક્ષ ગચ્છ થયું. જે અચલગચ્છથી પણ ઓળખાવા લાગ્યો. ત્યારબાદની ઢાળમાં શ્રી આર્યરક્ષિતસૂરિથી લઈ શ્રી વિદ્યાસાગરસૂરિ સુધીના પટ્ટધરોના નામ અને ગુણોનું વર્ણન કર્યું છે. અને તેમાં સુરતના શ્રેષ્ઠિઓનું વર્ણન આપવામાં આવ્યું છે. તેમાં વિ.સં. ૧૭૯૭માં અતિ ગુણવંત, આગમ–નિગમના જાણકાર, જૈન ન્યાય, લક્ષણ, સાહિત્ય, અલંકાર છેદના જ્ઞાની એવા વિદ્યાસાગરસૂરિજીએ સુરતમાં પોતાનું અંતિમ ચોમાસું કર્યુ તે દરમ્યાન શ્રીમાલી વંશ શિરોમણી સંઘાનાથાએ અપારદ્રવ્ય ખર્ચીને આબુ સિધ્ધાચલનો સંઘ કાઢયો હતો. તેમના સૂર્ય સમાન તેજસ્વી ઉદારપુત્ર કપુર ચંદ્રે આચાર્ય પદનો ઉત્સવ કર્યો હતો. ૮૪ ગચ્છના સાધર્મિકનું વાત્સલ્ય કર્યુ હતું. અનેક પકવાન જમાડયા હતા. ''હુંબડ''ના સાધર્મિકને પણ જમાડયા હતા. તેમના શશિસમ નિર્મલ પુત્ર ખુશાલચંદે ગચ્છનાયકનું ચોમાસું કરાવ્યું હતું. નવ ક્ષેત્રમાં ઘણું ધન વાપર્યુ હતુ. આ યુગમાં પણ ભરત મહારાજની યાદ અપાવે એમ સિધ્ધાચલનો સંઘ કાઢયો હતો તથા પોરવાડ જ્ઞાતિનાં મહેતા ગોડીદાસ અને જીવણદાસ આ બન્ને ભાઈઓએ મોટા ધર્મના અનુરાગથી જીવદયા, સુપાત્ર દાન,સંઘ ભકિત, ગુરુભકિત,વસ્ત્ર અને પાત્ર આદિનું દાન વગેરે ઘણાં કાર્યો કર્યા હતા.ઓશવાલ જ્ઞાતિના ધર્મચંદ્ર નામના ધાર્મિક શ્રાવકે ગુરુના ઉપદેશથી ઠાઠ–માઠ પૂર્વક પ્રતિષ્ઠા કરાવી હતી.હાંસ શાહનો સુપુત્ર, વ્રતધારી, ગુરુના અનુરાગી ગુલાલશાહ સુગુરુ કૃપાથી જીવાદિ તત્વોનો અર્થ પામ્યા હતા. જૈન આગમમાં રુચિ તેમજ પંડિતો પ્રતે પ્રીતિ ધરાવતા હતા.એમના આગ્રહથી આ રાસ રચ્યોન્છે.

ઉદયસાગરસૂરિ શિષ્ય ઉપા. દર્શન સાગર કૃત

(૨) આદિનાથ રાસ પ્રશસ્તિ

વિદ્યા–સાગરસૂરિની પાટે શ્રી ઉદયસાગરસૂરિ અચલગચ્છમાં શોભે છે.જેમનો પ્રતાપ જગતમાં અધિક તપે છે. ઉદયસાગરસૂરિ આગમ–નિગમ જૈન ન્યાય લક્ષણ સાહિત્ય અલંકાર છેદના જાણકાર હતા. તેમના ચરણ કમલમાં ભ્રમર સમાન આચાર્ય કીર્તિ સાગરસૂરિ અને ઉપાધ્યાય દર્શનસાગરજી બન્ને ગુરુબંધુ છે. ઉપા, દર્શનસાગરે ચારિત્ર અનુસાર આ રચના ગુરૂ નિશ્રામાં કરી, તેમાં કવિએ રસના (જીભ)ને કારણે ખોટું લખાયું હોય તેની સંઘ સમક્ષ માફી માગી છે. સંવત ૧૮૨૪ મહાસુદ તેરસનાં રવિવારે પ્રીતિ યોગે સુરત શહેરમાં વડા ચૌટા મધ્યે ભાઈશાજીનાં ઉપાશ્રયમાં આ રાસ પૂર્ણ થયો છે. આગમગચ્છના સિંહરત્નસૂરિના શિષ્ય હેમચંદ તથા સંઘના આગ્રહથી આ રાસ રચ્યો છે. તેમાં સુરતના કેટલાક શ્રેષ્ઠિઓનું વર્ણન છે. જેમાં શ્રીપાળ વંશના કપૂર સંઘાના વંશજ ખુશાલચંદ શેઠ, તેમણે ઉપાશ્રય–ધર્મશાળા વગેરે કરાવ્યા હતા. પોરવાડ વંશમાં નિહાલચંદ શેઠ ગચ્છરાગી, ગુરુભક્તિ, જિનધર્મમાં શ્રધ્ધાળુ હતા. મોહનદાસના વંશજ ભુષણદાસે પ્રતિષ્ઠા કરાવી હતી, વ્રતધારી ગુલાલશાહ(જેમના આગ્રહથી દર્શનસાગરના ગુરુ જ્ઞાનસાગરે ગુણવર્મા રાસ રચ્યોહતો) નો પુત્ર સકળચંદ જિનધર્માનુંરાગી છે. અંતે ૬ ઠા ખંડની ૩૬મી ઢાલ આચાર્યના ગુણ સમાન છે. જે ભણશે સુણશે એના પાપનો ભુક્કો થશે.

(૧૩૭) વીર પાટપરંપરા–ગચ્છઉત્પતિ–પટ્ટધરોનાં ગુણવર્ણન સહ

સુરતના અચલગચ્છીય શ્રેષ્ઠીવર્યો – ગુણવર્મારાસ

(૧)

ઉમાસ્વાતિ વાચકરચિત ॥ પુજા પ્રકરણ સાર ॥ તિહાં પુજાવિધ વિવિધ પરિ ॥ ભાખી છે શ્રીકાર ॥૧૭॥
તદનંતર તે નિરખીને ॥ ગુણવર્માનું ચરિત્ર ॥ માણિક્યસુંદર સૂરિએ ॥ કીધું પુણ્ય પવિત્ત ॥ ૧૮ ॥
તે જોઈને ઢાળબંધ ॥ કીધો અદ્‌ભુત રાસ ॥ ગુલાલદાસને આગ્રહે ॥ પુરણ ચઢયો વિલાસ ॥ ૧૯ ॥
એ સાંભળતાં ભવિકનાં ॥ નાશે શોક સંતાપ ॥ ગુરુ પ્રતાપથી એહમાં ॥ અક્ષર જોગની છાપ ॥ ૨૦ ॥
ખંત કરી ઉલટ ધરી ॥ સુણજો સવિ નરનારિ ॥ લખી લિખાવી વાંચીને ॥ સફળ કરો અવતાર ॥૨૧॥

(હમચડીની – એ દેશી)

શ્રીજિન શાસન નંદન વનમાં ॥ અંચલગણ કલ્પ સરીખોજી ॥
સુવિહિત મર્યાદાધિતનમાં ॥ સ્યાદ્વાદે શુદ્ધ પરખ્યોરે ॥ હમચડી ॥ ૧ ॥

ધન શ્રી જિનવર શાસન ॥ ભાસન ભાણુ સમાણુજી ॥
નયગમ ભંગ પ્રમાણ નિક્ષેપે ॥ એહમાં સર્વ સમાણું રે ॥ હ. ॥ ૨ ॥

આર્ય સુધર્મા સ્વામી છે નાયક ॥ તેહથી સર્વ વિસ્તારજી ॥
શત સાખાએ પ્રસર્યો દીસે ॥ સંપ્રતિ ભુવન મઝારરે ॥ હ. ॥ ૩ ॥

શ્રી જંબુ પ્રભવાદિક શ્રુતધાર ॥ પુરવધર વળી વંદુજી ॥
વજ્રાદિક ગિરૂઆ ॥ તસ પદ નમી આનંદુ રે॥ હ. ॥ ૪ ॥

પરંપરા ગત શાસન ધોરી ॥ કેઈ થયા ગણિરાજજી ॥
બિરૂદ અનેક ગુણે કરી પામ્યા ॥ કોટીક પ્રમુખ વિરાજેરે ॥ હ. ॥ ૫ ॥

સુવિહિત સહુ મુનિ ભાખે ॥ પણિ સુવિહિતની શિક્ષાજી ॥
ગ્રહણા ને આસેવના જોતાં ॥ ગુરુકુળ વાસની દીક્ષારે ॥ હ. ॥ ૬ ॥

પંચાંગી સમ ભજે આગમ ॥ તેહના વચન અનુસારેજી ॥
નિશ્ચયને વ્યવહાર પ્રમાણે ॥ નિજ હઠ નાણે લિગારરે ॥ હ. ॥ ૭ ॥

ધર્મોપગરણ જોગ સહેવા ॥ પાખી પર્વ ચોમાસીજી ॥
આગમ જિન મુનિ જોગ ક્રિયાને ॥ લોપે કેઈ મતવાસીરે ॥ હ. ॥ ૮ ॥

ઈમ અનેક ક્રિયાને લોપે ॥ પુરવ ગ્રંથને ગોપેજી ॥
આપ મતી જિન મત આરોપે ॥ તિણિ સુવિહિત માર્ગ ન ઓપેરે ॥હ.॥૯॥

પુરવ ધારી પુરવ આભ્રાયી ॥ તેહના કીધા ગ્રંથાજી ॥
તિણિ અનુસારે અવરજે પ્રકરણ ॥ તેહને માને કંખારરે ॥ હ. ॥ ૧૦ ॥

કેતારક નિયતી અનુસરતાં ॥ કેતાક જ્ઞાનના વાદીજી ॥
ત્રિગ્યા પક્ષના કેઈક રાગી ॥ લોકસંજ્ઞા કેઈ નાદીરે ॥ હ. ॥ ૧૧ ॥

તે કાંઈ સુવિહિત માર્ગે નાવે ॥ આવે ઈક નય પક્ષેજી ॥
જ્ઞાન ક્રિયા સંમત ગુરૂ સેવી ॥ સ્યાદવાદ ગુણ લેવેરે ॥ હ. ॥ ૧૨ ॥

જિન શાસનના જેહ પ્રભાવક ॥ માનતુંગ સિદ્ધસેનાજી ॥
જિન ભદ્ર ગણી મતવાદી ॥ પ્રમુખ શ્રી સર્વદેવ નગીનારે ॥ હ. ॥ ૧૩ ॥

શ્રી દેવર્ધિ ગણી ગુણ પુરા ॥ આર્યરક્ષિત સૂરીંદાજી ॥
આર્યસ્યામ પાદલિપ્ત આચારજ ॥ અભયદેવ ગણિંદારે ॥હ.॥૧૪॥

શ્રી મહાભાખ્ય વિશેષાવશ્યક ॥ વિશેષણવતી ગ્રંથ કરતાજી ॥
સ્યાદવાદ પ્રરૂપક ગ્રંથા ॥ પંચાંગી અનુસરતારે ॥ હ. ॥ ૧૫ ॥

સંમર્થતત્વારથ તે દર્શન ॥ રત્નાકર મયમંજુષાજી ॥
ધર્મ ચક્રવાલ ને સ્યાદ્વાદ મંજરી ॥ અનેકાંત જયપતાકારે ॥હ.॥૧૬॥

નય ચક્રવાલ ને નય ઉપદેશા ॥ ધર્મ સંગ્રહણી સારાજી ॥
સ્યાદવાદ રત્નાકર પ્રમુખા ॥ સ્યાદવાદ ભંડારરે ॥ હ. ॥ ૧૭ ॥

એહવા ગ્રંથની કરોને કછા ॥ આખમતીમંત જોડેજી ॥
નયગમ ભંગ પ્રમાણને દેખી ॥ જિન વાણીને મોડેરે ॥ હ. ॥ ૧૮ ॥

તેહને સુવિહિત બિરૂદ ન કહીએ ॥ સુવિહિત શુ ધુમાખેજી ॥
યથા લાભ નિજ શક્તિ ન ગોપે ॥ ગુણી જનશું હીત રાખેરે ॥હ.॥૧૯॥

નિંદા વિકથા વદનેન બોલે ॥ જિન ભક્તિ વિત્ત ખોલેજી ॥
પર ઉપગાર ન કીધો ઢોલે ॥ વરતે અબુધ જન ટોલેરે ॥હ.॥૨૦ ॥

કોઈક દિન પટ કોઈક મલિન પટ ॥ કોઈક શિત પટવરતેજી ॥
સુવિહિત ભાવ ન તેહને કહીએ ॥ જે દંભે કિરિયા કરતેરે ॥હ.॥૨૧॥

સુત્ર પ્રમાણે સમાચારી ॥ ધારી કરે જે કિરીયાજી ॥
ગુરુકુળ વાસી નહીં પર આસી ॥ તેહજ ગુણના દરીયારે ॥ હ. ॥૨૨ ॥

વીરતણું શાસન જયવંતુ ॥ વરસ સહસ ઈકવીસજી ॥
મર્યાદા એ છે મલપંતું ॥ સુવિહિત સૂરિ છે ઈશરે ॥ હ. ॥ ૨૩ ॥

આપ વખાણે મિથ્યામદથી ॥ જગ જસ ન વાધેજી ॥
જીમ વાયસ નિજ નામ પુકારે ॥ પણ હંસની કીર્તિ ન સાધેરે ॥હ.॥૨૪॥

નિશ્ચય દષ્ટિ શાસ્ત્ર નિહાળી ॥ ક્રિયા શુદ્ધ વ્યવહારેજી ॥
નિજ ગુણ માંહી ગુણ કરી ભાખે ॥ રહિત ગુણી જન આધારેરે ॥હ.॥૨૫॥

પરગુણ દેખી મન સંતોષે ॥ જિન વાણીને ધોષેજી ॥
ચઢતે ગુણઠાણે ગુણ પોષે ॥ પાપ પડળને શોષેરે ॥ હ. ॥ ૨૬ ॥

સ્તુતિ નિંદા સુણી તોષે ન રોષે ॥ રહે ચિદાનંદની જોષેજી ॥
ચારિત્રપાળી કર્મને ખોશે ॥ ભરે નિત ધર્મનો કોશરે ॥ હ. ॥ ૨૭ ॥

અહનીશ શ્રુત સજ્ઝાય પ્રસંગી ॥ અનુપમ ઉપસમ લિંગીજી ॥
ગુણરાગી સંયમ દશા જાગી ॥ તે સુવિહિત ગુણ રંગીરે ॥ હ. ॥૨૮॥

તેહીજ સુવિહિત સાધુ કહાવે ॥ અવર તે નામ ધરાવેજી ॥
ગુણવિણ ઝાક ઝમાળ ચલાવે ॥ તે કાંઈ કામ ન આવેરે ॥ હ. ॥૨૯॥

સુવિહિત જોગ મલે તસ ધન ધન ॥ વિહિપખ આરાધક ધન્નાજી
સુવિહિત માર્ગો અદુષક ધન ધન ॥ વિહિ બહુ માન્નિ ધન્નારે ॥ હ. ॥ ૩૦ ॥ 10

ઈમ જાણીને સાધુ સદ્દહણા ॥ દુસમ એ પન્નિ ઘરજોજી ॥
તરતમ ભાવ વિચારી જોતાં ॥ નાસ્તિક ભાવ ન કરજોરે ॥ હ. ॥૩૧॥

તેહ ભણી સુવિહિત વાણીશું ॥ નેહ ધરી ક્રિયા કરજોજી ॥
દાન શીલ તપ ભાવના ભેદે ॥ શકતે અતિ આદરજોરે ॥ હ. ॥૩૨॥

શઠ હઠ છોડી ગુરુ વચને રહીતા આગમને અનુસરતાજી ॥
જ્ઞાનાદિક ગુણે અંગી ધરતાં ॥ શુભ કરણી એમ કરતાંરે ॥ હ. ॥૩૩॥

એ છઠ્ઠા અધિકાર તણી શુભ ॥ ઢાળ એ ચૌદમી ભાખીજી ॥
જ્ઞાન કહે સુવીહિત મારગના ॥ શ્રી જિન આગમ સાખીરે ॥ હ.॥૩૪॥

દુહા

ઈમ શ્રી સુવિહિત ગચ્છના ॥ વિરૂદ થયા ષટ જેહ ॥ 20
સોહમથી નિગ્રંથ પદ ॥ સાધુ મહાત્મ ઈક એહ ॥ ૧ ॥

એકાદશમા પદધર ॥ સુસ્થિત સું પ્રતિબદ્ધ ॥
તે આચારિજથીથયું ॥ કૌટિક ગણસુપ્રસિદ્ધ ॥ ૨ ॥

એબીજું લખ્યું બિરૂદ તસ સૂરિ મંત્રનો જાપ
કોટિ વાર ગણ્યો જેહથી ॥ જગમાં એ પડી છાપ ॥ ૩ ॥
વયર સ્વામી દશ પૂર્વધર ॥ પન્ન દશમા પટધર ॥
વયરી શાખા વિસ્તરી ॥ તેહ થકી શ્રીકાર ॥ ૪ ॥

ચંદ્રસૂરિ ગુરૂ સત્તરમા ॥ શીતલ ચંદ્ર સમાન ॥
તેહથી હુઓ ચંદ્રકુલ ॥ સંતતિનું અભિધાન ॥ ૫ ॥

છત્રીશમેં પટે થયા ॥ સર્વેદેવ સૂરિંદ ॥ 30
તેહને વડતાલે સૂરિ પદ ॥ ગુરૂએદીધ આનંદ ॥ ૬ ॥

તિણિ કારણ તે ગુરૂ થકી ॥ વડગચ્છ થયું નામ ॥
તૃતીય બિરૂદ લહું ઈણિ પરે ॥ સુવિહિતનું અભિરામ ॥૭॥

સાંખ્યસૂરિ તસ પટ્ટધર ॥ મુખ્ય શિષ્ય ગુણ ધામ ॥
શંખેશ્વર પાસ ભેટવા ॥ ગયા શંખેશ્વર ગામ ॥ ૮ ॥

પ્રભુ વાંદીનેતેહ ગુરૂ ॥ રહ્યા તિહાં ચાતુરમાસ ॥
શંખેશ્વર ગચ્છ સ્થાપના ॥ કીધી તવ સુવિલાસ ॥ ૯ ॥

ચોથુંબિરૂદ થયું તદા ॥ જગમાંહે વિખ્યાત ॥
એક મુખે કેતા કહું ॥ સુવિહિતના અવદાત ॥ ૧૦ ॥

શ્રી પ્રભાણંદ સૂરિને ॥ ઉપદેશે ભવિ સર્વ ॥
સંઘ પ્રતિષ્ટા કારણે ॥ ખરચે અતિ ઘણ દ્રવ્ય ॥ ૧૧ ॥

નાણાં ખરચ્યાં અતિ ઘણાં ॥ તેહથી નાણકગચ્છ ॥
પ્રગટયું પંચમ બિરૂદ તવ ॥ ગંગાજળ પરિ સ્વચ્છ ॥૧૨॥

આર્યરક્ષિત સૂરિવર ॥ છેતાલીસમેં પાટ ॥
10 બહુ શ્રુત ધારી ઉગ્ર તપ ॥ જાણે મોક્ષની વાટ ॥ ૧૩ ॥

શુદ્ધ ક્રિયા ધારક ગુરુ ॥ પહોતા ચાંપાનેર ॥
માસખમણે પાવાચળે ॥ રહ્યા અચળ જિમ મેર ॥ ૧૪ ॥

શુદ્ધઅશન ન મીલે તદા ॥ અણસણ ઈચ્છે સૂર ॥
તપે રીઝી સુરી કાલિકા ॥ આવી આણંદપુર ॥ ૧૫ ॥

કહે આરજ તુમથી ॥ ઘણો હોશે ઉદ્યોત ॥
મ કરો અણસણ મહાતમા ॥ તું તો ભવન્નવપોત ॥૧૬॥

યશોધન ભણશાલી ઘરે ॥ મિલશે ઈખણીક અન્ન ॥
પારણું કરી ભવ્ય જીવને ॥ કહજો સુવિધિ વચન્ન ॥૧૭॥

વિધિપક્ષગચ્છની થાપના ॥ કરજો ત્રીગણ ધાર ॥
20 અધિષ્ઠાયકા અમેથઈ ॥ કરશું સાનિધિ સાર ॥ ૧૮ ॥

એહ બિરૂદ છહું થયું ॥ સુવિહિતનું સુખદાય ॥
અંચલગચ્છ અભિધાન તે ॥ કુમાર નરેંદથી થાય ॥ ૧૯ ॥

રાગ ધનાશ્રી.

દીઠાં દીઠોરે વામાકો નંદન દીઠો – એ દેશી ॥

પાયો પાયોરે ભલે મેં ॥ જિન શાસન પાયો ॥
સ્યાદવાદ અનંત નયાત્મક ॥ આગમ મુજ મન ભાયો રે ॥ ૧ ॥

ભલે મેં જિન શાસન પાયો ॥ એ આંકણી ॥
ધન ધન વિહિંપખગચ્છપરંપરા ॥ આર્યરક્ષિતસૂરિ રાય ॥
ક્રિયા ઉદ્ધાર કરી કર્યું શાસન ॥
30 ઉજલ નિરમોહી નિરમાયરે ॥ ભલે. ॥ ૨ ॥

શ્રી જયસિંહ પાટે ॥ તે પણિ તસ પ્રતિરૂપ ॥
વાદ કરી દિગપટ્ટને જીત્યા ॥
પ્રતિબોધ્યો જયસિંહ ભુપરે ॥ ભલે. ॥ ૩ ॥

સાત કોટી ગ્રંથ મુખે જેહને ॥ કીધા શ્રાવક વૃંદ ॥
તસ પાટે ધર્મ ઘોષ સૂરિસર ॥ જસ નમે બહુ નરઈંદરે ॥ ભ. ॥૪॥

તસ પટ્ટ ઉદયાચલ દિનકર ।। શ્રી ગુરુ મહેન્દ્રસિંહ ।।
સૂરિ શિરોમણીસિંહપ્રભુ ગુરુ ।। તસ પટે અજિતસિંહરે ।। ભ. ।।૫।।

શ્રી દેવેંદ્રસિંહ સૂરીરસ ।। ધર્મપ્રભસૂરિન્દ્ર,
સિંહતિલક ગુરૂ ગચ્છપતિ સોહતા ।। મહેંદ્ર પ્રભુ મુનિ ઈંદરે ।। ભ.।।૬।।

ગણ નાયક મેરૂતુંગ સૂરિસર ।। જસ મહિમા અત્યંત,
નાગર વાણિયા શ્રાવક કીધા ।। પ્રણમત સુર મુનિઃ સંતરે ।।ભ.।।૭।।

તસ પદગયણં ગણ શશી ।। સરિખા સૂરિશ્રી જયકીર્તિ ।।
શ્રી જયકેસરસૂરિ સુખાકર ।। અદ્‌ભૂત ધર્મની મૂર્તિરે ।। ભ. ।।૮।।

શ્રી સિદ્ધાતસાગર મુનિપતિ ।। જાણે જૈન સિદ્ધાંત ।।
ભાવસાગર ગુરૂ ભવ તારણ ભણી ।। અદ્‌ભૂત નાવ મહંતરે ।।ભ.।। ૯।।

જ્ઞાનાદિક ગુણ મણિ રોહણ ।। સમ ગુણનિધાન ગુરૂરાજ ।।
મહા વ્રત પાલી નિજ આજ્ઞુઆલી ।। સાર્યાં આતમ કાજરે ।।ભ.।।૧૦।।

તસ પટ ઉદયાચલ વાસર મણિઃ ''ધર્મ મુરતિ સૂરીંદ્ર ।।
ક્રિયા ઉદ્ધાર કરી ચારિત્ર ચિત્ત ધરી ।। જીત્યા વાદીના વૃંદરે ।।ભ.।।૧૧।।

થોકે થોકે જન તસ ગુણ ગાવે ।। આજ લગેં વિખ્યાત ।।
શ્રી કલ્યાણોદધિ સૂરિસર ।। બુદ્ધિ સરસતી સાક્ષાતરે ।।ભ.।।૧૨।।

તસ પટ ગગને ચંદ્ર સુધાશ્રવી ।। અમરસાગરસૂરિરાય ।।
અભિનવ જાણે સુરપતિ સરીખા ।। સહુ જનને સુખદાયરે ।। ભ.।।૧૩।।

તસ પદ અંબુજ વિકસત,ભાખ્કર વિદ્યાસાગરસૂરિ ;
સંપ્રતિ સમયે તસ ગુણ અતિ ઘણા, કહેતા વાધે નૂર રે, ।। ૧૪ ।।

આગમ નિગમને જાણે જે ગુરુ, જૈન ન્યાય લહે જેહ ;
લક્ષણ સાહિત્ય અલંકાર છંદના, પાર લહયા ગુણ ગેહ રે ।। ૧૫ ।।

તસ પદ પંકજ મધુકર સરિખા, વિનયી વહે ગુરુ આણ ;
જ્ઞાનસાગર કહે સુગુરૂ કૃપાથી, એ ભાખી સવિ ઠાણી રે. ।। ૧૬ ।।

રસના વસે જે પુન્યાધિકપણું, પ્રભુ મારગથી વિરૂદ્ધ ;
તે સહુ ચઉવિહ સંઘને સાખે, મિચ્છા દુક્કડ શુદ્ધ રે. ।। ૧૭ ।।

સંવત નય નિધિ મુનિશશિ(૧૭૯૭), સુરતી રહી ચોમાસ ;
અષાઢ શુદિ દ્વિતીયા સિદ્ધિ, જોગે પૂરણ કીધ એ રાસ રે ।। ૧૮ ।।

શ્રી શ્રીમાલી જ્ઞાતિ શિરોમણિ, સંઘા નાથજી સાર ;
આબૂ સિદ્ધાચલના સંઘ કાઢયા,ખરચ્યા દ્રવ્ય અપાર રે, ।। ૧૯ ।।

તસ સુત રવિ સમ કપૂરચંદ શા, લક્ષ્મીવંત ઉદાર ;
આચાર્ય–પદ મહોત્સવ કીધા, સંઘ નાયક શ્રીકાર રે. ।। ૨૦ ।।

ચોરાસી ગચ્છના સાહમી જમાડયા, કરી પકવાન અનેક,
હુંબડના પણ સામી સંતોષ્યા,રાખી જિનધર્મ ટેક રે, ।। ૨૧ ।।

તેહના પુત્ર શશિ સમ નિર્મલ, શાહ ખુશાલચંદ સાર,
ગચ્છનાયકને ચોમાસું રાખી, ધન ખરચે શ્રીકાર રે ॥ ૨૨ ॥

નવે ક્ષેત્રે ધન બહુ વાવરે, જાચકને દીએ દાન,
સિદ્ધાચલની જાત્રા કરી ભલી, ઈણી જુગે ભરત સમાન રે ॥૨૩ ॥

તિમ વલી પોરવાડ જ્ઞાતે સોહંતા, મહેતા ગોડીદાસ;
જીવણદાસએ બેહુ બંધવ, ગુરુ–ધર્મ–રાગી જાસ રે. ॥ ૨૪ ॥

જીવદયાદિક ધર્મક્રિયા કરે, દીએ સુપાત્રે દાન;
સંઘભક્તિ ગુરૂભક્તિ કરે સદા, આપે વસન અન્નપાન રે. ॥૨૫॥

ઓસવાલ જ્ઞાત અતિ ઘણું દીપતા, ધર્મચંદ્ર ધર્મવંત;
10 ગુરૂ ઉપદેશે અતિ આડંબરે, કીધી પ્રતિષ્ઠા મહંત રે. ॥ ૨૬ ॥

વ્રતધારી ગુરુરાગી અતિ ઘણા, હાંસ શાહના સુત સાર;
સુગુરુ કૃપાએ જીવાદિક તણા, અર્થ લહે સુવિચાર રે, ॥ ૨૭ ॥

શાહ ગુલાબ (?લ) ચંદ જૈનાગમ રુચિ, પંડિત શું ધરે પ્રીતિ;
આગ્રહથી રાસ રચ્યો ભલો,ધરી આગમની પ્રતીતિ રે. ॥ ૨૮ ॥

ચઉવિહ સંઘતણાં મન હરખ્યાં, સાંભલી એહ સબંધ;
આદરજો ભવિ શ્રી જિન સેવા,એ ઉપશમ અનુબંધ રે. ॥ ૨૯ ॥

છઠે અધિકારે ઢાલ પન્નરમી, સિદ્ધના ભેદ સમાન ;
સુણતાં ભણતાં પાતિક નાસે, મંગલ લહે પરધાન રે ॥ ૩૦ ॥

સર્વ મિલીને ઢાલ પંચાણું, ઈક ઈકથી અધિખાસ ;
20 ગ્રંથાગર બહુતર સત સાધિક,શ્લોક પ્રમાણે રાસ રે; ॥ ૩૧ ॥

શ્રી ગોડી પ્રભુ પાસની સાંનિધે, મનહ મનોરથ સિદ્ધ
સુખ સંપત્તિ વધતીદિન દોલત, નવનિધિને અડસિદ્ધિ રે. ॥ ૩૨ ॥

ન્યાયસાગર ને સકલચંદ્રે લખ્યો, પ્રથમાદર્શ એ રાસ,
સોવન ફૂલે વધાવો ભવિજન, જિમ પહુંચે મન આશરે. ॥ ૩૩ ॥

– ઈતિ શ્રી અંચલગચ્છાધિરાજ સકલ ભટ્ટારકચક્ર ચક્રવર્તિ સમાન,વિદ્વત્પર્ષદ ભામની ભાલ તિલકાય માન પૂજ્ય પુરંદર પૂજ્ય ભટ્ટારક શ્રી શ્રી૧૦૮ શ્રી વિદ્યાસાગરસૂરીશ્વરાણાં શિષ્ય પંડિત શ્રી જ્ઞાનસાગરગણિ વિરચિતે શ્રી પૂજાધિકારે ગુણવર્ણા ચરિત્રે પ્રાકૃત બંધે પુણ્ય પવિત્રે સમદશ નાટયપૂજા કથા વર્ણનોનામ ષષ્ઠમો ધિકાર : સમાપ્ત : ॥ પ્રથમ ખંડે ઢાલ ૧૩ ॥ સર્વ ગાથા ૬૬૬ ॥ દ્વિતીયખંડે ઢાલ ૧૯ સર્વ ગાથા ૯૬૫ ॥ તૃતિય ખંડે ઢાલ ૧૬ સર્વ ગાથા ૮૩૧ ॥ ચતુર્થખંડે ઢાલ ૧૫ સર્વ ગાથા ૬૯૬ ॥ પંચમ ખંડે ઢાલ ૧૭ સર્વ ગાથા ૭૨૪ ॥ ષટ ખંડે ઢાલ ૧૫ સર્વ ગાથા ૪૧૬ શ્લોકમાન ૮૦૪ ॥ સર્વ ગાથા મલી ૪૩૭૧ ॥ ગ્રંથાગ્ર ૩૨૨૧
30 કુલ ૭૫૨૩ ॥

(૧૩૮) (૨) શ્રી આદિનાથ પ્રશસ્તિ

કર્તા : ઉદયસાગરસૂરિ શિષ્ય ઉપા. દર્શનસાગર રચના વિ.સં. ૧૮૨૪

તસ પાટે સંપ્રતિ સમયમાં, મુજ ગુરુ પરમ સોહાય ;
શ્રી ઉદયસાગરસૂરિ રાજે ગચ્છમાં, જસ પ્રતાપ સવાયા રે. ૧૬

આગમ નિગમને જાણે જેગુરુ, જૈનન્યાય લહે જેહ ;
લક્ષણ સાહિત્ય અલંકાર છંદના,પાર લહયા ગુણગેહ રે. ૧૭

તસ પદ પંકજ મધુકર સરીખા,આચારજ ઉવઝાય ;
કીર્તિસાગરસૂરિ દર્શનસાગર, ગુરુભાઈ કહાય રે. ૧૮

ઉવઝાયેં રાસની રચના કીધી, ચરિત્ર તણે અનુસાર ;
સદ્‌ગુરુ સાંનિધ્યે પૂરો હૂઓ, સુણતા જય જયકાર રે. ૧૯

રસનાવસે જે ન્યૂનાધિક ભણ્યું, પ્રભુ મારગથી વિરૂદ્ધ ;
તે સહૂ ચઉવિહ સંઘની સાખે, મિચ્છા દુક્કડ શુદ્ધ રે. ૨૦

સંવત વેદ–નયન–ગજ–વસુધા (૧૮૨૪), સુદિ તેરસ મહા માસ;
રવિવારે પ્રીતિ જોગમાં સુંદર, પૂરણ કીધ એ રાસ રે. ૨૧

સૂરત શહેરે શ્રી ગુરુ મેહરે, વડા ચહુટા મઝા ૨ ;
ભાઈસાજીને ઉપાસરે રહીને, રાસ રચ્યો શ્રી કાર રે. ૨૨

કપૂરસંઘા વંશ–વિભૂષણ, શાહ ખુશાલચંદ સાર;
ઉપાસરા ધર્મશાળા પ્રમુખ શુભ, કાજ કરે મનોહાર રે. ૨૩

તિમ વલી પોરવાડ જ્ઞાતે સોહંતા, મહેતા શ્રી નિહાલચંદ;
ગચ્છરાગી ગુરુ–ભક્તે સૂરા, જિનધર્મ મતિ અમંદ રે. ૨૪

મોહનદાસના વંશમાં દીવો, ભૂખણદાસ ચિરંજીવ ;
અતિ આડંબરે પ્રતિષ્ટા કીધી ગચ્છરાગી અતીવ રે. ૨૫

વ્રતધારી ગુરુરાગી અતિ ઘણા, ગલાલ શાહ શ્રીકાર
તસ સુત સકલચંદ રૂડો, જિન ધર્મી સુખકાર રે. ૨૬

આગમગચ્છે શ્રી સિંહરતનસૂરિ, તસ શિષ્ય શ્રી હેમચંદ ;
તેહ તણેં વલી સંઘ આગ્રહથી, એ રાસ રચ્યો સુખકંદ રે. ૨૭

ચઉવિહ સંઘ તણાં મન રીઝીયાં, સાંભલી એહ સબંધ ;
આદરજો ભવિ રાસ સાંભલવું, એ ઉપશમ અનુબંધ રે. ૨૮

છઠ્ઠે ખંડ ઢાલ છત્રીસમી, આચાર્યગુણ સમાન ;
સુણતા ભણતા પાતિક નાસે, મંગલ લહે પ્રધાન રે. ૨૯

– ઇતિ શ્રી આદિનાથનો રાસ સંપૂર્ણ : ॥ છ ॥

(પ્રત : શ્રી વિરબાઈ પાઠશાળા જ્ઞાનભંડાર, પાલીતાણા)

(૧૩૯) વિમલ મહેતા સલોકો દુંક સાર

પંડિત શ્રી વિનીતસાગરે ૧૧૧ કડીમાં શ્રી વિમલ મહેતાનો સલોકો રચ્યો છે. પ્રથમ સરસ્વતિમાતાને સ્મરીને પાંચ તીર્થોને કવિ વંદન કરે છે. (૧) વરકાણ (૨) ગિરનાર (૩) ગોડીજી નગરપારકર (૪) શ્રી શત્રુંજય (૫) શ્રી શંખેશ્વર) ત્યાર બાદ આબુ તીર્થનું વર્ણન છે અને અચલગચ્છના પૂ. આચાર્ય શ્રી ધર્મઘોષસૂરિ મ. આબુતીર્થ ઉપર ધ્યાનમાં બેઠા ત્યારે શ્રી ચક્રેશ્વરી દેવીએ સ્વપ્નમાં જણાવ્યું કે પાટણમાં પોરવાડ જ્ઞાતિના વિમલમંત્રી થી આ તીર્થનો ઉદ્ધાર થશે. અને પૂજયશ્રી પધારે છે અને બાળ વિમલને બોલાવે છે. એની પાસેથી કોલ લે છે. વિ. વિસ્તૃત વર્ણન આ શલોકોમાં કરવામાં આવ્યું છે. વિમલ પોતે ગરીબ હોવાને કારણે, મામાને ત્યાં ઉછરે છે. માતાએ પણ અગમચેતી વાપરી છે. પણ સગાઈ વખતે ભાગ્ય ઝળકી ઉઠે છે. અને પાતશાહને જીતવા લડાઈ કરે છે. વિ. વિસ્તારથી વર્ણન કરાયું છે. કવીશ્વર ૯૩માં શલોકોમાં જણાવે છે "પાચસેં ઘોડા પંચોતેર હાથી, સાંઢ બે ભરી સોનાની સાથી ભેટણા દઈને ભાણેજ આયો '' ઉપર મુજબનું ભેટણું આપીને દેરાસર માટે મંજૂરી મેળવે છે. અને કરોડો રૂા. સદ્‌વ્યય કરી દેરાસર બંધાવે છે. કવીશ્વર છેલ્લી પંક્તિમાં જણાવે છે. કે '' વિમલ વિધિપક્ષગચ્છમાં સવાયો પંડિત વિનીત સાગરે ગુણ ગાયો '' શ્રી આબુ મહાતીર્થની પ્રતિષ્ઠા વિ.સં.

૧૦૮૮ માં થઈ છે. અને વિધિ પક્ષગચ્છની સ્થાપના વિ.સ. ૧૧૬૯ (ઈ.સ.૧૧૧૩) માં થઈ છે. તો વિમલમંત્રીને શ્રી વિધિપક્ષ ગચ્છનાં કઈ રીતે ? તથા પૂ. આ. શ્રી ધર્મઘોષ સૂરિ મ. સા. તો ત્રીજા પટ્ટધર છે. અને વિદ્યમાન સમય વિ.સં. ૧૨૩૪નો છે ? તો આ વિમલમંત્રી કયા ? વિ. વાતોનું સંશોધન થવું ઘટે. આ રચનામાં ઐતિહાસિક તથ્ય ઓછું છે. કવિની અંગત માન્યતાઓનું પ્રતિબિંબ જોવા મળે છે.

(૧૩૯) વિમલ મહેતાનો સલોકો

કર્તા : પં. વિનીતસાગર રચના સં. ૧૯ મી શતાબ્દી ?

સરસતી સમરું બે કર જોડી, વંદુ વરકાંણો ગિરનાર ગોડી;
જઈઈ શેત્રુંજે શંખેસર દોડી, કવિતાને પૂછે કલ્યાણ કોડી. ૧

મરુધર માંહે તો તીરથ ઝાઝા, આબૂ નવાઈ કોટનોં રાજા ;
ગાંમ ગઢને દેવલ દરવાજા, ચૌમુખ ચંપા ને ઊપર છાજાં. ૨

10 અચલ આચારજ ધર્મઘોષસૂરી, જાત્રા કીધી પણ જાંણે અધૂરી;
દેવલ વિણ દીસે ડુંગર સૂનુંરી, ધ્યાન બેઠા છે પદમાસન પૂરી. ૩

સુપનાંમાં કહિ ચકકેસરી માતા , પોરવાડ પાટણ વિમલ વિખ્યાતા;
હોસે છત્રપતિ સબલોજી દાતા ઢીલ મત કરજયો તિહાં કણેં જાતા. ૪

અણહલીયે પાટણ આચારજ આવે, શ્રાવક સોનાંને ફૂલેં, વધાવે;
ગુંહલી કાઢીને ગુણ ગીત ગાવે, ગુરુજી વિમલને વેગેં બોલાવે. ૫

નાનડીઓ બાલક બિહંતો આવે, શ્રીપૂજ શ્રાવકને આગેં બોલાવે;
જાણે શાર્દૂલી સીંહણ જાયો, વલતો વિમલનેં વાતેં લગાયો. ૬

ત્રીજાું તીરથ આબૂ સુણાએ, જૈન તીરથ વિણ જાત્રા કોણ જાએ;
પોરવાડ પાખેં કેહનેં કહેવાએ, બીજે ઈણ ઠાંમે દેવલ ન થાએ. ૭

20 લખમી પામું તો પ્રાસાદ કરાવું, સોના–રૂપાનાં બિંબ ભરાવું;
કાગલ મતો ઈમ લખીનેં દીધો, વલતો શ્રીપૂજેં વિહાર કીધો. ૮

વિમલ પૂછેબે કર જોડી માતા, આપણના ગુરુને છે સુખશાતા;
ગુરેં મુઝ ત્યારે લખી ઈમ લીંધો, દેવલ કરાવું મેં બોલ દીધો. ૯

એમ મતો કરી માતા વિચારે, પૃથવીપતિ પ્રધાંન સારે ;
ઈહાં રહીએ તો રાજા વિમલનેં મારે, ઈમ જાંણીને ગણીયા ઇગ્યારે.૧૦

ભરીયો મૂકીને ભાઈ ઘરિ જાએ, મજૂરી કરતાં મનમાં શંકાએ;
પેરે ઓઢે ને પેટ ભરાએ, વિમલ ઈમ મોટો મામા ઘરે થાએ. ૧૧

તિણ સમેં શેઠ પાટણરો જાણે, બેટી પરણાવી જોયેં ઈણ ટાંણે;
પૂછે પરગાંમે ઠાંમ ડેકાણેં , એહવો વર સુંદર કિહાંથી આણે. ૧૨

30 સબલા સહેરરી શેઠની જાઈ, બત્રીશ લખ્ખણી બુદ્ધિવંત બાઈ;
સખરો વર જોઈને કરવી સગાઈ, પંડિતને પૂછે પિતાનો ભાઈ. ૧૩

હાથની રેખા દેખી અણુસારે, એહનો વર બાંધે પાતસાહ બારે;
એહવો વેઢાલો વાંણીયા માંહિ, દુંણ આણે વરિ પાતસાહ સાહી. ૧૪

વિમલ મામાને મિલવા ગયો ચાલી, બાંધે પાતસાહ પણ આજે ખાલી;
શેઠની બેટી સબલી છે વાલી, એ જયોઈ કન્યા વિમલને આલી. ૫

બાઈરો ભાઈ કાકોને મામો, સાથે સગાઈ કરવાને સાહમો ;
વિમલ ઘર પોતા ચ્યારે ભાયા, માત જાણેં મારે લેણાયત આયા. ૧૬

ખત મતો કાગલ માહરો જો હોસી, વિમલ દેસીને દુઘેં પગ ધોસી;
બે કર જોડીનેં બોલીયો જોશી, પાટણથી આવ્યા પૂરણ દોસી. ૧૭

ખત–પત્રની ઈહાં વાત ન કાંઈ, લાવો વિમલ જયું વાટા વધાઈ;
કાકો મામો ને કન્યાંનો ભાઈ, મેં તો આવ્યા છું કરવા સગાઈ. ૧૮

કુંહિ કહીતાં કુંહિકહેવાએ,મારે પાંને થે ચુનો ન દેવાએ;
પુન્ય અંકુરો આગલ જણાએ, અખ્ખર અવલોથી સવેલો ઈમ થાએ.૧૯

ખેત્ર વાવડે વિમલની માતા, ઢીલ મત કરજો તિહાં કણેં જાતાં;
મામાસું મેલીને પૂછો સુખસાતા, વિમલ હાથ શું ઘડીઓ વિધાતા. ૨૦

મામા સાદ કરે ભાણેજા ભાઈ, આવો એણ વેલા કલશ ચડાઈ;
સાથેં સાલો તે શુકન વિચારે, વિમલ બાંધશે પાતસાહ બારે. ૨૧

પગેં લાગીને શ્રીફલ દીધો, રૂપઈયો દિઈનેં તિલકજ કીધો ;
સગા જિમાડી બહુ જસ લીધો, પાટણ સુધીપોંચાડયો સીધો. ૨૨

માતાનેં કહે વિમલરા મામા, પાટણરા શેઠ આવ્યા થે સામા;
તે મારા ઘરમાંહે ન સમાવો, માં ને બેટા બેહુ જુદા કમાવો. ૨૩

અલગો કહેતાં તે આંખ ભરાએ, વિમલ વાછડા ચારવા જાએ;
અંબાવ માતા તિહાં પરગટ થાએ, વિમલનેં વર સખરો દેવાએ. ૨૪

બે ઘડીયા પૂંઠેં નિધાન પાયો, ઘરિ માતાનેં પૂંછણ આયો ;
લહેર ગંભીર વડો વેવહારી, તેહનો બેટો કિમ વાછડા ચારિ. ૨૫

ત્યારે માતાએ એક દષ્ટાંત દીધો, લીલે લખેસરી કુંણ કાંમ કીધો;
લખમી વિના નર શોભા ન પાંમે,આપણનેં અલગા કું કીધા મામે. ૨૬

વિમલેં માતાનેં રૂપૈયા દીધા, વેલનેં બળદ વેચાથા લીધા;
મામાસું મોટા જુહાર કીધા, પાટણનાં ઘર સમરાવ્યા સીધા. ૨૭

વિમલ કરી હટડી બેઠો કમાવે, રાજાજી તિહાં રમવાનેં આવે;
ચબ માંડી તિહાં ચોટ ન થાએ, રાજા રજપૂતાં ઉપરરીસાએ. ૨૮

ગ્રામ ગ્રાસ ન રાખ્યું કુંણે, ખીચ ખાવો નેં બેસી રહો ખૂંણે ;
આપ ઉઠીઓ દાખી બલ ધૂંણે, રાજા ચૂકયોજી વિમલ શિર ધૂંણે. ૨૯

સાહનાં ગુંણ સબલા જાંણીયા, બાંણ કબાણ આગેં આંણીયા;
વિમલ કહે રે અમે વાણીયા, ઘેંસ છાશનાં બાંધ્યા પ્રાંણીયા. ૩૦

ઊભેં આકારેં વિલોવણ થાએ, મોટે ઘૂમરડે માથું ડોલાએ ;
તેનાં ધડ માંહે જેહનો શર જાએ,પાધોરી પુરુષ તિકો કહેવાએ. ૩૧

ચાકર તિણ ઘડીયેં ઘુંમર આંણેં , સામાં સામાં બે વિલોવણ તાંણે;
વિમલ શર નાખે કબાંણ સાહિ, બાંણ નીકલીયો બિહુ ધડ માંહિ. ૩૨

ઠાકુર પૂછે કુંણ કિહાંથી આયો, રાજારો સેવક લહેરરો જાયો;
ભીમેં ભાઈ રે કરી બોલાયો, રૂડે રજપૂતેં વિમલ વધાયો. ૩૩

રાજાંઈ લેખણ શિરપાવ દીધો, વિમલને વડો પરધાંન કીધો;
સાહે સબલો સોભાગિ લીધો, અધિકે આડંબરે વિવાહ કીધો. ૩૪

રાજા રલિયાત પરજા સહુ રાજી, વધીયો વિમલને ગલિ ગયા પાજી;
નાણાં કિરીયાંણાં વહિલને વાજી, સાતસેં સાંઢ સોનારી તાજી. ૩૫

વિમલનેં વખતેં દુશમન જાગે, જાઈ રાજાને કાંને તે લાગે;
ભીમેં તે સવિ વાત વિચારી, વિમલ હોસે ત્રિન છત્રધારી. ૩૬

કિણહી ઓપાયે મેહતાને મારી, એહના શર આગે આપણ સહુ હારી;
તીર તરવાર લોહની ધારે, ઈણ વાતે ન મરે દુજી વિચારે. ૩૭

કરી દાતણ ને દરબારે આવે, માહારાજા ત્યાહીં વાઘણ છોડાવે;
વાઘણ જોશે તે તતખિણ ખાશે, આપણનો રાજ નિષ્કંટક થાશે. ૩૮

દુશમનેં કહયો તેમ રાજાંઈ કીધો, ભીમ ભડકે બોલે જિમ મદ્ય પીધો ;
વિમલને હુકમ વાઘણરો દીધો, સાહે સદ્‌ગુરુનો નાંમ તિહાં લીધો. ૩૯

ચૌદ પૂરવનો સાર નવકાર, વિમલે ગણ્યો તિહાં ત્રિણે હિ વાર;
જોર જનાવર ન કરે લિગાર, વાઘણ ઝાલી તે જાંણે બેગાર. ૪૦

કાંને ઝાલીને રજપૂતા માંઈ, લેઈ ઊભો તિહાં આગલે જાઈ;
રાજા નાઠો તિહાં વાઘણ છોડી, દુશમનને ખાવા તતખિણ દોડી. ૪૧

ભીમ ભાગ્યો ને આપ ઉગારે, વિમલ વરડે તો રાજાનેં મારે;
તિણ ઘડીયેં સામી ધર્મ સંભારે, રૂડા માણસને રોડે રેકારે. ૪૨

રાજાની રીત પરધાન સારે, થોડા દિહાડા હવે છે તારે ;
થેને જ જોવો મુઝનેં કુંણ મારે, પાધર થઈ આવો દેખું કુણ હારે. ૪૩

ચઢા ઉતરી સબલી થાએ, વાઘણ વિમલના વેરીને ખાએ;
મુંછ મરડીને મેહતો રીસાયે, તુંકારો દેઈ ઘર સામો જાયે. ૪૪

ચૌટાં ચોપટરાં કહયો મત હારે, તું જીત્યો હવે કોણ મારે;
મોહે માગ્યા પાસા ઢલીયા પોબારે, સાઢા આઠનેં અઢી સંભારે. ૪૫

બત્રીસી વાંદી શુકન જ લીધો, ઘરે માતાસું મતો એમ કીધો ;
આપણને રાજાઈ ઉત્તર દીધો, પાટણેરા ન ઘટે પાંણીજ પીધો. ૪૬

આજ ગયો હું દરબાર માંહે, કહયો રાજા વિમલ વાઘણ સાહે;
નોકાર સમરી કાંનડે ઝાલી, લીઈ રાજાનેં આગલે મેલી. ૪૭

રાવણાં માંહેતો રંગ દોલ ઘાલે, બીજો તો વાઘણને કોઈ ન ઝાલે;
હું તો એમ જ મેલીને આયો, આપણ ઉપરે રાજા રીસાયો. ૪૮

માતા વિમલને ખોળે બેસાડે, ઉવારણા લઈને લુંણ ઉતારે ;
સદકે જાઉં રે બેટા હું તારે, કુશલે તું આવ્યો ભલે ઘર મારે. ૪૯

વિમલ વેઢાલો લટકાલો લાડો, કહે કેસરીયો ગાહડરો ગાડો;
ચાકર તેડીનેં પાટણ છોડો, દેખું કુંણ આવે આપણેં આડો. ૫૦

તેણ ઘડીયેં ગાડા ભાર ચલાવે, સાત સેં સાંઢ સોનારી લાવે;
પાંચસેં ચાકર બગતરીયા સાથી, મેતોજી બેઠા મોટેજી હાથી. ૫૧

ચાલ્યો છત્રપતિ બજાર માંહે, પગે લાગી એમ સહુ કહિ ત્યાં હે;
એવો પ્રધાન પાટણથી જાઈ, ભીમરો ભલો કદી નવી થાઈ. ૫૨

બેટાની કીરતિ સાંભલી માતા, પાંમ્યા પરમ જ સુખનેં સાતા;
અણહલીયો મૂકી ટલી અસાતા, ચોખા શુકન છાંડીનેં જાતા. ૫૩

ગાય ગાડો એક ઘોડો ને હાથી, કન્યા કુંવારી સતપંચ સાથી;
ડાવો રૂપઈયો બોલે બપોરે, મૃગમાલાઓ ઉગંતે સુરે. ૫૪

શુકન છાંડીને આગેં પગ દીધો,ભીમની સામેં પાણી ન પીધો;
ત્રીજે દહાડે ગઢ તારંગો લીધો, મોહલ ખોસનિં પોતાનો કીધો. ૫૫

ઈડરવાલો આપ આવીને મલીયો, વધારો દીધો દાંતો પાતલીયો;
કિશનગઢવાલો બલીઓ ખલંભલીઓ, ગૃહેતો કરડોને દીહાડો વલીઓ.૫૬

બીજા શેરમાં વાત સંભલાણી, પાવાગઢ તો રોકાણો પાણી;
વિમલનો વધતો પ્રતાપ જાંણી, ઓમરાવ આવસું મલીયા આંણી. ૫૭

આદર દેઈને વિમલ વેઢાલો,વારેં બલ દેઈ ભૂપ ભીમાલો;
ડાહ્યો ડુંગરશી કાંનડતેકાલો, એતરા સું મલીયો અજમેરવાલો. ૫૮

સોરઠ ગુજરાત દખ્ખણ ભૂમિ, માલવ મરહઠ્ઠી પુરવરો સિમી;
ઈતરા તો વાટેં આવીનેં મલીયા, પછી બીજા હિ રાજાતે ભલીયા. ૫૯

પાટણ છોડીને હુયા પર સિદ્ધા, સાતસેં ગામ ગઢવાલાં લીધાં;
મોટા મહીપતિ ચાકર કીધાં, ડેરા ચંદ્રાવે આવીનેં દીધાં. ૬૦

પોલ ભાંજીનેં પ્રાકમ કીધાં, ભલે ભોમાઈ સો વનવાસ લીધાં;
વિમલેં વસહીનાં મુરત કીધાં, નેજા રોપીનેં નીસાણ દીધાં. ૬૧

ચોધરીયાં ચોવટીયા પરખી નવાલી, વિમલને મલીયાશેઠ વ્યાપારી;
ગઢ ગામને ઘરતી તમારી, સાહેબ હાથેં છે શરમઅમારી. ૬૨

સાહમા આવ્યા તેહને શિરપાવ દીધાં, નગરનાં લોક નિહાલ કીધાં;
સહુ કોએ આપણાં ઘરમાંહે આવે, ચોગુંણો રૂપ ચઢીયો ચંદ્રાવે. ૬૩

ગઢ ઘર કોટ સબલાં કરાવે, ઘણા ગ્રાસીયા મલવાનેં આવે;
જાલિમ વાંણિયો જોરાવર વાધે, ચાકર પણ રાખે દેશ પણ સાધે. ૬૪

મેહતારે મુજરે મહીપતિ આવે, સાહિબ શિરપાવ શિખરા પહેરાવે;
ઘોડા હાથીને ગઢ ગાંમ દીધાં, રાજવી સઘલા રલિયાત કીધા. ૬૫

વિમલ મન માંહે વાત વિચારે, સબલા છત્રપતિ ચાકર મારે;
કરૂં સજાઈ કટક રે સારે, એક વાર બાંધું પાતસાહ બારે. ૬૬

તંબુ તણાવી તઈયાર કીધા, સૂરવીર તે સંઘાતે લીધા ;
કોતલ કરહટી ચાકર બગતરીયા, વાંકા વેઢાલા પુરા પાખરીયા. ૬૭

નાલ નેજાનેં નીસાંણ વાજા, હાથીને હલકે ચાલે મારાજા ;
ઘોડાંરી ગિરદેં આકાશ છાયો, વાંણીયા રૂપેં ચક્રવર્તિ આયો. ૬૮

દરીયો થરહરીયો ધરતી ધ્રુજાવે, જાંણે છોટો સો ચક્રવર્તિ આવે;
પોતે પાલખીઈ પાતસાહ દાવે, કટકાંરા કાંમ ચાકર ચલાવે. ૬૯

એમ કરતાં સિંધુ દેશમાં આયો, પહેલો તો નગરઠક્કો ધકાયો;
પહેલો પડીઓ પંજરમાં જાઈ, ઘાલ્યો બાપડો કારાગૃહ માંઈ. ૭૦

ઉંણ દિનેં આકરો આરંભ કીધો, ઝાઝા જીવનેં દુખ નવ દીધો;
પહેલો પડીયો પંજરમાં ઘાલે, પછે બીજાનેં બાંધવા ચાલે. ૭૧

આણ વરતાવી આગે પગ દીધો, કિતલે દીહાડે કાબુલ લીધો;
મેહતે મુલતાંન પોતાનો કીધો,કટકેં અટકારો જાઈ જલ પીધો. ૭૨

લાહોર ખુરસાંણ ખંધાર બંગાલો, બલખ બખારો પઠાંણવાલો;
તારા તંબોલનેં ઈસપનવાલો, સુરચંદ સુધીતો ચઢીયો વેઢાલો. ૭૩

આગેં તો સાહમો સમુદ્ર આયો, જીમણી કોરે તો જોર ચલાયો;
દેશ સઘલાંએ તેણે વશ કીધાં, બારે પાતસાહ બાંધીને લીધા. ૭૪

ગઢ ગામેં તે થાણાં બેસાડે, બલીયો પાતસાહ બાંધીને બારે ;
વાટેં વેઢાલો ભાણેજ સાલો, વડો વાણીયો ઈડરગઢવાલો. ૭૫

ચારે હિ સરખાં છત્ર ધરાવે, પણ માંહે વડો વિમલ કહાવે ;
દેશ જીપીનેં ઘંણવ આયો, બારે પાતસાહ બાંધીને લાવ્યો. ૭૬

ભીમનેં વસવા પાટણ દીધું, ચંદ્રાવે આવી સામઈયું કીધું ;
રંગ–રલિયાતે તોરણ તલીયા, માતા શું મેહતો મને શુધે મલીયા. ૭૭
હરખેં હેજતે હઈડે ન સમાવે, ઓગીને ઉગ્યો સાહ ચંદ્રાવે ;
રાજય પાલે ને દુશમન ટાલે, બાલપણેં વર દીધો સંભારે. ૭૮

ગુરેં કહયો તે પ્રાસાદ કરાવે, તેણ રાતેં તિહાં અંબાવ આવે;
બેટો દઉં કે પ્રાસાદ કરાવું, હુકમ હોવે તો પ્રતિમા ભરાવું. ૭૯

ખાટલા હેઠેં છે ત્રણ હિ ખાંણ, સોનું રૂપું ને ધવલ પાખાંણ ;
ધૂંધૂઆ માંડી તિહાં ધાંન પડાવે, આરસ પાખાંણ આબુ ચડાવે. ૮૦

ઊંચો ગઢ દેખી ગાડાં ન જાએ, રૂપા બરોબર પાખાંણ તે ખાએ;
સાંભલી સાહ તે જોવાનેં જાએ, સાથેં આવું કહે શેઠાણી રીસાએ. ૮૧

ભાંણેજ કહે મનાવી હાલો, એવડો હઠ કાંઈ રાખો થેં ઠાલો ;
દેવલ થાએ તવ તેડો વહુ–સાસુ, હવે કાંઈ ફોગટ ફેરો દો ફાસુ. ૮૨

નણંદરો આવીનેં મામીને મલીયો, બોલે મુખવાંણી દિહાડો વલીયો;
હમણાં ભટકો કાં ભાખર ઠાલો, દેવલ કરાવું ગોંહલી લેઈ હાલો. ૮૩

મામીઈ માંડયો ઝગડો તિહાં ઝાઝો, અમે સાથે આવું તો લાજો;
સમઝયા હવે સહુ વાત જાંણી, બીજી પરણીને થાપો પટરાણી. ૮૪

અહંકારી હુઆ છત્ર ધરાવી, વાંણીયારી બેટી ઘરમાંહે આવી;
મોહડે ન કહો પિણ મનમાંહે જાંણો, સાત આઠ બેટી સબલારી આંણો. ૮૫

તવ કહે ભાંણેજ મામાનેં જાઈ, સુનોજી રાંણી સબલી રીસાઈ;
ઝવેર જડાવરી પાલખી દીધી, સહિં સેઠાંણી સંઘાતે લીધી. ૮૬

બંધી ખાંનેં જે પાતસાહરી બીબી, પગેં બેડી નેં હાથ માંહે ડીબી;
વિમલનેં આવી ચુડો દેખાવે, સારએહવેસ અજરામર પાવે. ૮૭

હુકમ હુઓ તવ બંદી છોડાવે, પાતસાહ સુપરે ઘોડે ચડાવે;
ગઢ ગાંમ તવ થોડાસા દીધા, સાહે છત્રપતિ ચાકર કીધા. ૮૮ 10

એમ કરતાં આબૂ ઊપરે આવે, વાંકો ગઢ દેખી ખુશાલ થાવે;
સાતપડો ડુંગર સબલો તિહાં દેખે, ઈણ આગલ બીજાં ભાખરસેં લેખે. ૮૯

વિમલ કહે કોટનો રાજા દેખાડો, અનમી આંખણી જે સીરોહીવાલો;
પુરો પાખરીયો પાહડ દે કાલો, ચાંપલે ભીનો છે છેલ છોગાલો. ૯૦

પાંન બીડો પીએ મેલીજેં, ડુંગર માગીનેં દેવલ કીજે ;
પૂરો થાએ નેં પાપ કાટીજે, એ ગઢ આંહી અજરામર કીજે. ૯૧

વિમલ વેઢાલો સબલો તે હુઓ, દાંણ દે માંગ્યો દેહરાંરો હુજો;
વિમલેં મન માંહે વાત વિચારી, દેહરાંરી ભીડું સિરોહિ સારી. ૯૨

પાંચ સેં ઘોડા પંચોત્તેર હાથી, સાંઢ બે ભરી સોનાની સાથી ;
ભેંટણાં દઈનેં ભાંણેજ આયો, રૂડા શેઠ મેં સુજશ નીપાયો. ૯૩ 20

આપ અસવાર જોવાનેં જાવે, જિમણેં કાંને જે જિનાવર જાએ;
એજ રણઠાંમેં રંગ રોપાએ, કાંમનેં નાંમે અજરામર થાએ. ૯૪

રેવત રાખે ઝાલીનેં વાગે, હાથ જોડિનેં હુકમ તિહાં માગે;
સમી ધરતી નેં સાલનેં આગે, દેલવાડે દેવલ કરવા માગે. ૯૫

ગવરી પુત્રનો આદેશ લીધો, નમણ નૈવેદ્ય કરાવ્યો અધોઃ ;
સાહેં હાથસું મુહૂરત લીધું, રંગ રોપીનેં કારજ કીધું. ૯૬

દેવ નેમીનો દેવલ થાએ, લાખું ગમે તિહાં લોક કમાએ;
વિમલ વિશેષેં તિહાં જોવાનેં જાએ, ગજધર દેખીનેં ગર્વ ભરાએ. ૯૭

સાહેં સિલાવટ વધાર્યા જોરે, માંખણની પરેં પાખાંણ કોરે;
સોનાં–રૂપાંનાં શિરપાવ દીધાં, આબૂ ઊપરે એ કાંમ કીધાં. ૯૮ 30

થાંભી કુંભીને ઝરૂખાં જાલિ, તીન તોરણ ઊપર અટાલિ ;
પોલ પાતસાહનિ ચોકિ ચોસાલિ, નાંની પૂતલી નાટારંભ વાલી. ૯૯

પરિકર પબાસણ ગંભારા ઓરે, મૂલ મંડપ જાલિમ જોરે ;
દેવલ ઊંચાં મેરનેં જોરે, નિરખંતા નિશદિન હોએ તે હોએ. ૧૦૦

કોડ ગમેં કાંમ કે તો વખાંણું, શલોકા માંહે કિમ સંબંધ આણું;
વિમલે વિશેષે ખરચ્યું છે નાણુ, ત્રીજું તીરથ થયું ઠેકાણું. ૧૦૧

દેવલ નીપનોં પ્રતિમા ભરાવી, પ્રતિષ્ટા શ્રીપૂજ કનેં કરાવી;
ઈંડો ચડાવી ઊજમણો કીધો, વિમલેં લખમીનોં લાહો જ લીધો. ૧૦૨

ભાંણેજને ગઢ આબૂ ભલાવે, આપ ચડીનેં ચંદ્રાવે આવે ;
તિહાં પણ નવો દેવલ કરાવે, નેંમનાથનું બિંબ ભરાવે. ૧૦૩

અંબાવ માતાનાં તિહાં દેવલ કીધાં, બીજાં દેવનેં બલિ બાકુલ દીધાં;
મનનાં મોનરથ સઘલાં સીધા, બારે પાતસાહ બાંધીને લીધા. ૧૦૪

પાટણ છોડીનેં ચંદ્રાવે આવે, લખમી પાંમીનેં છત્ર ધરાવે ;
પાતસાહ બાંધીનેં, ડંડ ભરાવે, આબૂ ઊપરે દેવલ કરાવે. ૧૦૫

પોરવાડ પ્રાકમી પાંચમેં આરે, નાણું ખરચીનેં ન્યાત વધારે;
પંચાણુંએ બાંધ્યા પાતસાહ બારે, એક સપૂત આવે કૂલ તારે. ૧૦૬

કહેશે વાંણીયો કાંઈ વખાંણો, ખાંણ પાંમીને ખરચ્યો છે નાંણો;
એહવો કુંણ હુ ઓ રાય નેં રાંણો, ત્રીજો તીરથ કર્યો ઠેકાંણો. ૧૦૭

કોઈ કહેશે રે કવિતાએ કાચો, વિમલ ચઢાયોને ન કહયો એણે આછો;
સૂરવીરનેં સંગ્રામેં સાચો, કટકીઈ રે કાંમેં ન ભાગો પાછો. ૧૦૮

ચડીયો લડીયો નેં સંગ્રામ કીધો, બીજેં શાસ્ત્રે પણ સંબંધ લીધો;
જુદ્ધંરી વાત જતિ ન વખાંણે, કવિતા સંબંધ થોડોસો આંણે. ૧૦૯

પોરવાડ પ્રાકમ હુયો પ્રસિદ્ધો, શાહ વિમલેં તે ચારિત્ર લીધો;
પછેં શ્રી પૂજેં પંન્યાસ કીધો, શલોકો જોડિનેં શોભાગ લીધો. ૧૧૦

પિતાવર જાતક ન કદિ જાયો, નાંનપણેં નાંમ નગો કહાયો ;
વિમલ વિધિપક્ષગચ્છમાં સવાયો, પંડિત વિનીતસાગરે ગુંણ ગાયો.૧૧૧

–ઈતિ શ્રી વિમલ મેતાનો સલ્લોકો સંપૂર્ણ.

(પ્રત : કચ્છ માંડવીનો ખરતરગચ્છીય જ્ઞાનભંડાર)

(૧૪૦) શ્રી નરશીનાથાનો સલોકાનો ભાવાર્થ

યતિ શ્રી સુરચંદજીના શિષ્ય દેવસીએ વિ. સં. ૧૮૯૭ માં આ સલોકોની રચના કરી છે.

સૌ પ્રથમ સરસ્વતી માતાને સ્મરીને કવિએ ભુજના રાજા દેશળજીને યાદ કર્યા છે. અને જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાના કૃત્યો વર્ણવ્યા છે. નલીયા જખૌ વચ્ચે પરબ બંધાવી . નલીયામાં દેરાસર બંધાવી શ્રી ચંદ્રપ્રભુજી પધરાવ્યા. નાત જમાડી લાણી કરી.(તેઓ સાધર્મિકો માટે સદાય ચિંતિત હતા. અનાજમાં પૈસા –સોનામહોર મોકલી દેતા, જેઓ રકમ પાછી આપવા આવતા ત્યારે શેઠશ્રી જણવતા , એ રકમ અમારી નથી. તમારા ભાગ્યની છે. એવી કેટલીએ ઘટનાઓ તેમના વિશે પ્રસિધ્ધ છે પણ આ શલોકોમાં નથી. અસ્તુ.)

એમના પત્ની કુંવરબાઈની કુક્ષીથી હીરજીનો જન્મ થયો. તે પણ પિતાના પગલે ચાલીને પોતાનો જન્મ સફળ કર્યો . પણતે અલ્પઆયુષી હતો.

આજે પણ આ સલોકો ઘણાને કંઠસ્થ છે. બીજી પ્રતોમાં પાઠ ભેદ પણ જોવા મળે છે. આ સલોકોની રચના કરતા કવિરાજની આંખો અશ્રુપૂર્ણ બની જાય છે.

(૧૪૧) જ્ઞાતિ શિરોમણિ શેઠશ્રી નરશીનાથાની કારકિર્દીની મૂળકથા

દયાળુ, માયાળુ, ભોળા જ્ઞાતિ શિરોમણિ શેઠ શ્રી નરશીનાથા નલિયા ગામમાં વસે છે ત્યાં ઘણાં દશા ઓસવાળ વસે છે. એમના કુળનો ઈતિહાસ સંક્ષેપમાં કહું છું.

કચ્છમાં નરશીનાથા જેવા ધર્મી કોક હશે. નલિયામાં દેરાસર બંધાવ્યું. ગુર્જર વિસા શ્રાવકોને પોતાને ઘેર તેડી નાતને જમાડી ઉચિત સન્માન કરીને પહેરામણી આપી, ત્રાંબાના વાસણો આપ્યા, ભિક્ષુકોને દાન આપ્યા અને ગામમાં ઉત્સવ મનાવ્યો. ધર્મશાળાઓ બંધાવી, કુવાઓ ખોદાવ્યા, પાંજરાપોળ બનાવી, સદાવ્રત ખોલીને ઘણું પુણ્ય કમાવ્યું, જખૌ વચ્ચે વાવ બંધાવી, માંડવીમાં પોતાના નામે વાવ, વરંડો, ધર્મશાળાઓ બનાવી.

મુંબઈમાં આવીને દુઃખી દ્રરિદ્રજનો પર ઉપકારો કર્યા. અનાજના કોથળામાં રૂા. ભરીને મોકલતા. મહાજનવાડી, ઉપાશ્રય કરાવ્યા.

પાલીતાણામાં ધર્મશાળા, જિનાલય પણ બંધાવ્યા. એમનો ભત્રીજો રાઘવજી તેના ત્રણ પુત્રો ઉદાર હતા તેમાંથી મોટા પુત્ર વીરજીને ખોળે લીધો અને સમગ્ર કારોભાર એને સોપ્યું. વિ.સં.૧૮૯૯માં પોતે જીવનલીલી સંકેલી સ્વધામ ગયા.

(૧૪૦) શેઠ નરસીનાથાનો સલોકો

કર્તા : ગોરજી સુરચંદ શિષ્ય દેવસી રચના : વિ.સં. ૧૮૯૭

સરસ્વતી માતાને સમરું છું પાય , વાણી આપો તો તુજ લાગું પાય. ભુજ નગર મેંઠ
હે ભુજનગરમેં દેસળજીરાય , વરષે સત્તાણું સલુખો કહેવાય, માતા ચક્કેસરીઠ
હે માતા ચક્કેસરી મુખે બોલાયે, વીરાણીયેંજો વંશ વધાયે. નરશી નાથા જોઠ
હે નરશી નાથાજો કરમી કહેવાયે, નલીઆ જખૌ વચ્ચે પરબ બંધાયે. પરબ બાંધીનેઠ
હે પરબ બાંધીને પુન્યવંત થયો, નામ નાથા જો અવિચળ રહો. નલીઆ માંહેંતોઠ
હે નલીઆ માંહે તો દેરાસર બંધાવ્યો ચંદ્રાપ્રભુ સે સદા મન ધર્યો. કુંવરબાઈ જેઠ
હે કુંવરબાઈ જે નરસી ઘર નાર, જેણે બાંધી છે પુન્યની પાર. પુન્ય કરંતાઠ
હે પુન્ય કરંતા લાભ જ થાય, કરમ તમારું કયાંય ન જાય. મુંબઈ માંહે તોઠ
હે મુંબઈમાંહેં તો મોટેરો થાય, ત્યાં શેઠ તો નરસીનાથા કહેવાય. નાત સઘળી જોઠ
હે નાત સઘળી જો રાખેઓ મન્ન, એને ઘરે અપુરન્ન ધન્ન. લક્ષ્મી પામ્યો તોઠ
હે લક્ષ્મી પામ્યો તો સુખ શાંતિ લહયો, ધરમ ઉપર ધ્યાન રાખેઓ એ લક્ષ્મી ઠ
હે લક્ષ્મી ભેગી ન ચાલે , રાખો નામ તો જુગ જુગ ચાલે. દસાઈ માંહેં તોઠ
હે દસાઈ માંહેં તો રાખેયો નામ લખી કંકોત્રીઉં ગામે ગામ. વાય દેરેજોઠ
હે વાય દેરેજો ભરેઓ થાય, ત્યા નાત સઘળી ભેગી પણ થાય. નાત સઘળીઠ
હે નાત સઘળી માંહે એમ જ બોલે, આજે નથી કોઈ નરસીની તોલે. અચે વહાણ નેઠ
હે અચે વહાણને ઉતારો માલ, મારવાડ ને ગુજરાત તત કાલ. એવી હુંડીઓઠ
હે એવી હુંડીઉં તો નરસીની ચાલે, કુળ નાગડે મે ઉપન્યો ભલે. જેજો નાણુંઠ
હે જે જો નાણું ત્યાં સુધી હલ્લે, નામ તેંજા જુગ જુગ ચાલે. મડઈ મુંદરોઠ
હે મડઈ મુંદરો અંજાર ગામ, વેઠા વકીલ કરીયેં તા કામ. તીરથ શેત્રુંજોઠ

હે તીરથ શેત્રુંજો મોટું છે ધામ, કરો જાત્રાનેં આવશે કામ. આબૂ ગિરનાર૦
હે આબૂ ગિરનાર ગોડી પાર્શ્વનાથ, સંઘ શેત્રુંજેજો આવે અપાર. સફળ થયો છે૦
હે સફળ થયો છે તારો અવતાર, ફરી માનવ ભવ આવે ના વાર. કુંવરબાઈ યેં તો૦
હે કુંવરબાઈ યેં તો કીધાં છે ધરમ, જનમ્યો પુત્ર જે મોટેરો વરમ. જૈન ધરમનું૦
હે જૈન ધરમનો તો મહિમા વધારે, મુંબઈ ગામમાં દેરાસર બંધાવે. એટલો ધરમ૦
હે એટલો ધરમ તો હીરજી યેં કીધો, પોતાનો અવતાર સફલ જ કીધો. હીર ચીર૦
હે હીર ચીર પીતાંબર સાર, નિત્ય કરે છે હીરજી શણગાર. વેઢ વીટી ઉં૦
હે વેઢ વીટીઉં સાંકલીઉ અપાર, ઘરણાં પહેરે છે હીરજી સુખકાર. ઘોડાગાડી ઉં૦
હે ઘોડાગાડીઉં ને પાલખી ઉં સાર, એટલા હતા તે ચડવાને સાર. રામઈએ પસાઈએ૦
10 હે રામઈએ પસાઈએ જમાડી નાત, લાણી દીધી છે ગામોએ ગામ. ભૂજ નગર મે ૦
હે ભૂજ નગરમેં લાણી તો દીધ, ત્યાં તો ગુજરે વિચાર કીધ. રામઈઓ૦
હે રામઈઓ પસાઈઓ ન આપણી નાત, લાણી લુખી છે કરે એ વાત. ફરી ઘી કરસીએ૦
હે ફરી ઘી કરસીયે મોહર નાખી, ગામોએ ગામ ફરી લાણી કીધી, ફરી ગુજરે૦
હે ફરી ગુજરે વિચારી વાત, ધન્ય છે રામઈયાની નાત. ધન્ય ધન્ય છે૦
હે ધન્ય ધન્ય છે પસાઈઆની નાત, જયાં ત્યાં બોલાયે .એમની વાત. ભૂજ નગરથી૦
હે ભૂજ નગરથી સાંતલપુર સુધી, ગામોએ ગામ લાણી તો પુગી, ને લોક પોકારે છે ધન્ય ધન્ય.×૦
હે રામઈઓ પસાઈઓ કરેતો ખેડ,
કરે ખેડ ને ઉપાએ અન્ન, એટલા ધન તો કાઢશે કેમ ? રામઈઓ પસાઈઓ૦
હે રામઈઓ પસાઈઓ કરે તો ખેડ, આવીઉં નાણાંની ગાડાની હેડ. સારિયું સખરૂં૦
20 હે સારિયું સખરૂં જગાઈ ઉં ગોતાંય, દેરાસર માંય તો૦ હે દેરાસર માંય તો ઉતારો દીધો. તઈયેં ગુજરે૦
હે તઈયે ગુજરે વાત વિચારી, આપણામાંથી કર્મી ન થાય. પાછી૦ હે પાછી લહાણી કેમ દેવરાય, ગામ સુવડો૦
હે ગામ સુવડો સાંતલપુર શેર, ગુરુજી સુરચંદ શ્રાવક ગુણ ગાય. દેવસી રડે રે૦
હે દેવસી રડે રે સલોકો જ થાય. માતા. હે માતા શારદાયે જ પૂરો કીધો, નરસી નાથાજી૦

(૧૪૧) પ્રાતઃસ્મરણીય જ્ઞાતિશિરોમણિ

શેઠશ્રી નરસી નાથાની કારકિર્દિની મૂળ કથા.

દોહા.

કચ્છ દેશમાં છે બહુ, તેમાં શોભે એક ગામ ; વિશાળને વિખ્યાત છે, નલિયા જેહનું નામ.
ઓશવાળ દશા બહુ, વસે છે સદા તે ગામ; શિરોમણિ તે નાતના, નરશી નાથા છે નામ.
દયાળુ માયાળુ ભોળા, વલી ધર્મ પ્રેમી ખાસ; તેહના કુળનો કહું, હું સંક્ષેપે ઈતિહાસ.

30 ×આ સલોકો કંઠસ્થ જળવાયો, તેમજ કચ્છી–ગુજરાતી મિશ્રિત હોવાના કારણે પાઠ ફેર પણ જોવા મળે છે.

રાગ–શેઠ સગાળશા સાધુને સેવે....

ધર્મી શેઠ નરશી જેવારે, હશે કોક જગમાં એવા... ટેક.
કચ્છ વિષે કારજ કીધા,રાખી પોતાનું નામ ;
નલિયામાં દેરાસર બાંધી,કીધાં સર્વોત્તમ કામ. ધર્મી શેઠ. ॥૧॥

ગુર્જર વિશા શ્રાવકને, નિજ નાત જે તેડી ઘેર ;
આપી ઉચીત સુમાન,અને વળી પેરામણી શુભપેર. ધર્મી શેઠ. ॥૨॥

ત્રાંબા વાસણ આપ્યાં,સુપ્રીતે ભોજન વિધ વિધ પેર ;
ભિક્ષુક જનોને દાનજ દીધાં, ઓછવ કીધા ઘેર. ધર્મી શેઠ. ॥૩॥

ધર્મશાળાઓ સુંદર સ્થાપી,કૂપ કરાવ્યા અમુલ ;
મુંગા પશુઓના આશ્રયસારૂં,બંધાવી પાંજરા પોલ... ધર્મી શેઠ ॥૪॥

અન્નતણાં બહુ પુન્ય જ કીધાં,બાંધી સદાવૃત ધામ;
જખૌ વચ્ચે વાવ બંધાવી,જાણી પરમારથ કામ...ધર્મી શેઠ ॥૫॥

માંડવીમાં નિજ નામ ધરીને, કામ કર્યા શુભ પેર ;
વાવ વરંડો ધર્મશાળાઓ, બાંધી કરી બહુ પેર... ધર્મી શેઠ ॥૬॥

આવી મુમ્બઈમાં કર્યા પરમારથ,તેનો ન આવે પાર ;
દારિદ્ર જનોનાં દુઃખ હરીને,કીધાં અતિ ઉપકાર... ધર્મી શેઠ ॥૭॥

કોથળામાંહી દાણાની સાથે, નાણા ભરી બહુ પેર ;
દયા ધરી દેશ મોકલી, દેતા દીનજનોને ઘેર... ધર્મી શેઠ ॥૮॥
માજનવાડી બાંધી સુશોભિત, આદિ ઉપાશ્રય ધામ ;
કીધાં અનેક સુકૃત્યોને ધર્મો, રાખી જગતમાં નામ... ધર્મી શેઠ ॥૯॥

પાર નહીં પુન્ય દાનજ કેરા, યાત્રાઓ કીધી અનેક ;
હતા શ્રદ્ધાળું આસ્તીક ને, વળી રાખતા પુરણ ટેક...ધર્મી શેઠ ॥૧૦॥

એમ અનેક કરી શુભ કારજ, પુન્ય તણા નીજ હાથ ;
અમર આજ કરી કીર્તિ, થઈ વિશ્વ વિષે વિખ્યાત...ધર્મી શેઠ ॥૧૧॥

ધર્મશાળાને જિનાલય, સ્થાપે પાલિતાણા ધામ ;
વિશ્વ વિદીત થયા બહુ, એથી રાખ્યું અવિચલ નામ... ધર્મી શેઠ ॥૧૨॥

નિજ ભત્રીજો રાઘવજી, જેહના ત્રણ પુત્ર ઉદાર;
સર્વ વરિષ્ઠ જે વીરજી, નામે ખોળે લીધા સાર... ધર્મી શેઠ ॥૧૩॥

ગોદ લઈ નિજ ગાદીએ સ્થાપ્યા, સોંપી સમગ્ર જ કામ;
સંવત અઢાર નવાણું‌ની સાલે, પોતે પધાર્યા સ્વધામ... ધર્મી શેઠ ॥૧૪॥

(૧૪૨) ભારમલ તેજસીનો સલોકો

હિંદુ સંસ્કૃતિમાં ૩૩ કરોડ દેવતા છે એવી માન્યતા છે આ બધા દેવતાના આશીષ ભારમલ પર છે. મોતાનો પરિવાર હર્યોભર્યો છે તેમાં જેઠાણીનો પુત્ર તેજસી સવાયો છે. તેનો વંશ ગુણીયલ છે. તેનો પુત્ર માડણ ખેરાણ અને બીજો પુત્ર ભારમલ એણે નાતમાં લાણી કરી. સંવત ૧૯૦૯માં રાજા દેસરના વખતમાં ચૌધરીઓને તેડાવ્યા અને કંકોતરી લખીને નાતને તેડાવી તેમાં ૧૦ હજાર માણસો આવ્યા. બીજા લોકો પણ ઘણા આવ્યા. સુખડી,પાપડ,પુરી,વડા વિ. વાડીમાં ભોજન જમાડયા અને બધા લોકો પ્રસન્ન થયા.

(૧૪૨) શેઠ ભારમલ તેજસીનો સલોકો

કર્તા : વહીવંચા કાનજી લાખાણી ભટ્ટ રચના : વિ.સં. ૧૯૦૯

સર્વે દેવતા ક્રોડ તેંત્રીસ,તેઅ તણી છે તેમને આશીષ ;
મોતા તણી છે આઠ વડાઈ, સુત જેઠાણી તેજસી સવાઈ....૧

તેનો ગોવંધો ગુણ જાણ, જેનો સુત છે માડણ મેરાણ ;
બીજો બાંધવ ભારમલ તેજસી આણી, જેણે નાતમાં કીધી છે લાણી....૨

સંવત કહીએ ઓગણીસો સારહ, વરસ નવ રા' દેસરની વારહ;
તેણે દેવરાનો કીધો નિરધાર, એના ચરેઆનો કીધો વિચાર....૩

તેડી ચૌધરીઆ કીધી છે વાત, લખી કંકોતરી તેડાવી નાત ;
આવેઆ માજન દસ હજાર, બીજા લોકનું ન લાભે પાર....૪

ભોજન જમાડયા સુખડી સારી, પાપડ પુરી વડી વધારી ;
સરવે જમવા વાડીમાં જાય, જમી જુંઠીને પ્રસન્ન થાય....૫

(વીસરીઆ મોતા ગોત્રની વાહીમાંથી)

(૧૪૩) રાવબહાદૂર શેઠશ્રી રવજી સોજપાલ

દાનવીર શેઠશ્રી મેઘજી સોજપાલ સલોકો ભાવાર્થ

કચ્છના કંઠી પ્રદેશમાં લાયજા નામનું રૂડું રળિયામણું ગામ છે. માંડવી તાલુકામાં આવેલું લાયજા પેરિસતુલ્ય સુંદર છે.

ત્યાં વિશા ઓસવાળ જ્ઞાતિમાં સોજપાલ કાંયા પરિવારમાં ખેડબાઈની કુક્ષિએ ત્રણ પુત્ર રત્નોનો જન્મ થયો. રવજી,પાલણ અને મેઘજી બે બે વરસના આંતરે આવેલા રાજકુમારની જેમ રમતા હતા. તેમાંથી રવજીભાઈ અને મેઘજીભાઈએ કચ્છની લાજ વધારી છે.

વિ. સં. ૧૯૩૭માં જન્મેલા રવજીભાઈ ખુબ જ ચતુર હતા. ભણવામાં હોશીયાર. હંમેશા અગ્રક્રમે આવતા હતા . યુવાનીમાં ધંધાર્થે મુંબઈમાં આવી તેજુ કાયાની પેઢીમાં જોડાયા. હાંસબાઈ સાથે પાણિગ્રહણ કર્યા પછી સંજોગવશાત્ પત્નીનું સ્વર્ગગમન થતાં કંકુબાઈ સાથે દ્વિતીય વિવાહ થયો. અને વિ. સં. ૧૯૮૨માં રાવ બહાદૂરનો ખિતાબ મળ્યો. ત્યાર બાદ દિન પ્રતિદિન પ્રગતિના પગથીયા સર કરતા સં. ૧૯૮૫માં પોતાના નામથી પેઢી સ્થાપી.

જ્ઞાતિમાં આવા રત્નો પડયા છે જાણી જ્ઞાતીએ માનપત્ર આપ્યું. લોકો એમને જે.પી. તરીકે ઓળખવા લાગ્યા.

વિ. સં.૧૯૮૬ જુન્નરમાં જૈન કોન્ફરંસનું તેરમું અધિવેશન થયું ત્યારે પ્રમુખ પદ તરીકે સર્વાનુમતે ઘોષિત થયા અને પૂર્ણ અધિવેશનમાં સક્રિય રહયા. દીક્ષાના પ્રશ્નો પણ ત્યારે ચર્ચાયેલ.

વિ. સં.૨૦૦૫માં માટુંગામાં સ્વ દ્રવ્યે જિનાલય બંધાવ્યું અને કંકુબાઈના આત્મશ્રેયાર્થે ઉલ્લાસપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. મેઘજીભાઈએ પણ મુંબઈમાં હીમાબાઈ સાથે લગ્ન કર્યું. એમણે પણ ભાઈના પગલે ચાંદવડમાં દેરાસર બંધાવી મેઘ પાર્શ્વ ભગવાનની પ્રતિષ્ઠા કરી. વિ.સ. ૧૯૯૦માં આ. ગૌતમસાગરસૂરીશ્વરજી ના સામ્રાજયમાં આ પ્રતિષ્ઠા જાહોજલાલી ભરી થઈ. વિ.સં. ૨૦૦૦માં જૈન કોન્ફરંસના અધિવેશનમાં પ્રમુખપદે આવ્યા. વિ.સં. ૨૦૦૪માં દવાખાનું અને વૃદ્ધાશ્રમ સ્થાપ્યું જેનાથી કચ્છી સમાજ ઉપર અનહદ ઉપકાર થયો. લાખો રૂપીયા ખર્ચીને ગુપ્તદાન કર્યું. આમ બંને ભાઈઓએ કચ્છી સમાજની આન–શાન વધારી.

(૧૪૩)લાયજા નિવાસી રાવબહાદૂર શેઠશ્રી રવજી સોજપાલ અને દાનવીર શેઠશ્રી મેઘજી સોજપાલ બંધુ બેલડીનો સલોકો

દુહા

કચ્છ પ્રદેશના કંઠીમા લાયજા છે રૂડું ગામ, માંડવી તાલુકે આવીયો કચ્છનું એ પેરિસ ધામ....૧
તિહા વસે વિસા ઓશવાલ સોજપાલ કાંયા પરિવાર, +ખેડબાઈ કુખે જનમીયા ત્રણ પુત્ર મનોહાર....૨

+કુટુંબમાં તપાસ કરતાં ખેડબાઈના ૪ દિકરા હતા. તેઓ અલ્પ આયુષી હોવાથી વિશેષ માહિતી મળી નથી. આ સલોકોમાં ૩ લખાયા છે તે સંશોધન થવું ઘટે.

રવજી પાલણ મેઘજી રમતા બાળ કુમાર, બબ્બે વરસે આવીયા કુળ દીપક પુન્યકાર....૩
કહું જીવન સંક્ષેપથી બંધુ બેલડીનો આજ, રવજી મેઘજી ભાઈએ વધારી કચ્છની લાજ....૪

(રાગ : મેંદી તે વાવી માળવે એનો રંગ ગયો ગુજરાત.)

સંવત ઓગણીસ સાડત્રીશે રે, રવજીભાઈનો જન્મ થાય રે,
ખેડબાઈ હરખાય રે. ૧
બાળપણમાં ચતુર જણાય રે, નિશાળે ભણવા મુકાય રે. ખેડબાઈ... ૨
ભણવામાં નંબર લાવે રે, હોંશિયાર વિદ્યાર્થી પંકાય રે. ખેડબાઈ... ૩
યુવાનીમાં મુંબઈ આવે રે, તેજુ કાયા પેઢીમાં જોડાય રે. ખેડબાઈ... ૪
હાંસબાઈ સાથે લગ્ન કરે રે, કંકુબાઈ દ્વીતીય થાય રે. ખેડબાઈ... ૫
સંવત ઓગણીસ બ્યાશીમાં રે, રાવસાહેબનો ખિતાબ અપાય રે. ખેડબાઈ. ૬
સંવત ઓગણીસ પંચ્યાશીમાં રે, સ્વ નામે પેઢી સ્થાપે રે. ખેડબાઈ...૭
જ્ઞાતિએ માનપત્ર આપ્યું ત્યારે, જે.પી.ના હુલામણે ઓળખાય રે.ખેડબાઈ... ૮
તેરમું અધિવેશન કોન્ફરંસનું રે, ઓગણીસ છ્યાશીએ થાય રે. ખેડબાઈ...૯
જુન્નેરમાં પ્રમુખપદ શોભાવે રે, દીક્ષાના પ્રશ્ન ચર્ચાય રે. ખેડબાઈ...૧૦
સંવત બે હજાર પાંચમાં રે, સ્વ દ્રવ્યે જિનાલય બંધાય રે. ખેડબાઈ...૧૧
માટુંગે કંકુબાઈના શ્રેયાર્થે રે, ઉમંગે પ્રતિષ્ઠા કરાય રે. ખેડબાઈ... ૧૨
હવે કહું મેઘજીભાઈનો રે, સંક્ષિપ્ત વૃતાંત આજ રે. ખેડબાઈ...૧૩
સંવત ઓગણીસ એકતાલીસે રે, જન્મ્યા મેઘજીભાઈ રે. ખેડબાઈ...૧૪
વરસતો મેઘ ખૂબ ગાજે રે, કચ્છમાં હેલી વરસાવે રે. ખેડબાઈ...૧૫
બચપણ એનું કચ્છમાં વિત્યું રે, યુવાનીએ મુંબઈ જવાય રે.. ખેડબાઈ...૧૬
હીમાબાઈ કન્યા સાથે રે, લગ્ન ગ્રન્થીથી જોડાય રે. ખેડબાઈ...૧૭
ચાંદવડમાં જિનાલય બંધાવે રે, મેઘ પાર્શ્વ બિંબ પ્રતિષ્ઠાય રે. ખેડબાઈ...૧૮
એ સંવત ઓગણીસ નેવું રે, ગૌતમસાગર રાજયે રે. ખેડબાઈ...૧૯
સંવત બે હજાર સાલમાં રે, કોન્ફરન્સ અધિવેશન થાય રે. ખેડબાઈ...૨૦
પ્રમુખપદે બિરાજે મેઘજીભાઈ રે. મુંબઈમાં એ ગોઠવાયરે. ખેડબાઈ...૨૧
અનેક સંસ્થાઓમાં સેવાઓ આપે રે, સોજપાળ નામે દવાખાનું થાય રે.
ખેડબાઈ...૨૨
સંવત બે હજાર ચાર માં રે, કચ્છીઓની દુવા મેળવાય રે. ખેડબાઈ... ૨૩
આશ્રમ બનાવ્યું પરોપકારે રે, સ્વ નામે પ્રસિદ્ધ થાય રે. ખેડબાઈ... ૨૪
જીવનમાં ખૂબ ગુપ્ત દાનો કર્યા રે, દશ લાખ રૂપિયા ખર્ચાય રે. ખેડબાઈ... ૨૫
સંક્ષિપ્તે લખ્યું જીવન સલોકો રે, વસ્તુપાલ તેજપાલ યાદે રે. ખેડબાઈ... ૨૬
વહીવંચાએ વાંચશો રે, એહનો વિસ્તૃત અધિકાર રે. ખેડબાઈ... ૨૭

(૧૪૪) શેઠ ત્રીકમજી વેલજી માલુ સંઘ વર્ણન ભાવાર્થ

શ્રી કેશરીઆ પ્રભુના સુપ્રસાદથી ત્રીકમજી વેલજીએ બેવાર સંઘ કઢાવ્યો. સુરતમાં દર્શન કરી રાજનગરમાં ૩ દિવસ રોકાયા ત્યાં મહોત્સવ કર્યો. માતુશ્રી કમાબાઈ નાનો ભાઈ ઉમરશી, ધર્મપત્ની દેવકુવરબેન અને લક્ષ્મી નામની દીકરી હતી. તેમજ શેઠ હરભમ, નરશી કેશવજી, શા માડણ ગોવિંદજી, વર્દ્ધમાન નેણશી, જાદવ પરબત, લાલજી દેવશી રતનશી વિ. શ્રાવકોએ પણ ઘણું ધન ખરચીને સદ્ વ્યય કર્યો.

ટીટોઈમાં મુહરીપાર્શ્વનાથના દર્શન કરી ધૂલેવા ગામે આવ્યો. વિ.સં. ૧૯૨૨ કાર્તક વદ બીજ રવિવારના સંઘવીએ યાત્રા કરી સત્તરભેદી પૂજા ભણાવી. ૬ દિવસ રોકાઈ સંઘ જમણ વિ. કરી રાજનગર આવ્યા.

આ સંઘમાં ૧૭ સ્વામિવાત્સલ્યો થયા. દાન દક્ષિણા અપાઈ સંઘવી ક્ષેમકુશળે મુંબઈ આવ્યા. પૂજ્ય દેવચન્દ્રના શિષ્ય સકલચન્દ્રે

સંઘના ગુણલા ગાયા છે. બીજા સ્તવનની છેલ્લી ૩ કડી લીધી છે એમાં. આ.શ્રી પૂજરત્નસાગરસૂરિના વિજયે સામ્રાજયે વિ.સં. ૧૯૨૨મા કા.સુ. ૧૫ના રવિવારના સંઘની પૂર્ણાહૂતિ થઈ. અ.આ. રત્નસાગરસૂરિની આજ્ઞાથી જિનદાસ કહે છે કે ધૂલેવા તીર્થ વિખ્યાત છે અને ઋષભદેવ પ્રભુ બિરાજમાન છે.

(૧૪૪) શેઠ ત્રીકમજી વેલજી માલુના સંઘનું વર્ણન

કર્તા : સકલચંદ્ર રચના સં. ૧૯૨૨

ઋષભ જિનેસર દરસણ દીજેં, મુઝ પર કરુણા કીજે રે;
કેશરીઆ જિનજી.
ધૂલેવનાથ દેખી મન મોહે, શ્યામ વરણ તનુ સોહેં રે. કેશરીઆ...૧

ત્રીકમજી વેલજી છે ગુણવાંન, ધર્મવંત શુભ ધ્યાંન રે ;
10 સંઘ સહિત મુંબૈથી સધાવ્યા, સૂરત બંદિર આવ્યા રે. કે....૨

જિનપ્રાસાદ મનોહર નીરખી, પૂજા કરે મન હરખે રે ;
તિહાંથી રાજનગર શુભ ધ્યાંન, આવી કીધો વિશ્રામ રે. કે....૩

દેવલ જૈન તણાં બહુ સોહે, જૈનપુરી મન મોહે રે ;
દરસણ પૂજા કરી મન રંગે, તીન દિવસ ઉછરંગે રે. કે....૪

ત્રીકમજી માતા કંમાબાઈ, ઉમરશી લઘુભાઈ રે ;
ત્રિકમજી ભારજા દેવકુંવર, પુત્રી લખમી મનોહાર રે કે....૫

શેઠ હરભંમજી, નરશી કેશવજી, શા માડણ ગોવિંદજી રે ;
વૃધ્ધમાન નેણશી, જાદવ પરબત, ખરચે તિહાં બહુ વિત રે. કે....૬

લાલજી દેવશી છે ગુણવાંન, રતનશી બુધ્ધિખાંણ રે ;
20 સંઘ સરવે ટીટોઈ આરાંમ, આવી કીઓ શુભ ધાંમ રે. કે....૭

મુહરી પારસનાથજીને નીરખી, દરસણ કરે મન હરખી રે ;
તિહાંથી સંઘ ધૂલેવે આયા, ડેરા તંબુ જમાયા રે.
સંવત ઓગણીસ બાવીસ સાર, સંઘવીને ઘણું પ્યાર, કે૦....૮

કાર્તિક વિદબિજનેં રવિવારે, જાત્રા કરી મનોહાર રે ;
સતર પ્રકારે પ્રભુજીનેં પૂજયા, અશુભ કરમ સવિ ધૂજ્યા રે. કે...૯
દિન છ રહયા પ્રભુ ઓછવ કીધા, સાંમીવછલ લાહા લીધારે;
દખણા–દાંન ભંડાર ચુકાયા, રાજનગર ફિરિ આયા રે. કે....૧૦

સાંમીવછલ સતર થયા સરવે, પૂન્ય ખજાના ભરિયા રે ;
ખેમે કુશલેં મુંબૈ આયા, સંઘવીના ગુણજશ ગાયા રે. કે....૧૧

30 અંચલગચ્છે દિનમણિ છાજે, શ્રી રત્નસાગરસૂરિ રાજે રે ;
મુનિ દેવચંદ્ર ગુરૂ સુપસાયા, સકલ ચંદ્રે ગુણ ગાયા રે. કે....૧૨

(૨)

સાત ચાર ત્રેવીસ દૂરેં વરજીને, પેઠા શ્રી જિનદ્વારે રે ;
ઓગણીસેં દુવીસ કાર્તિ પૂનમ દિને, ધન ધન ભાનું વારે રે....૭

ઓસવંશી વેલજી તાસ સુત જયેષ્ઠ, ત્રીકમજી ગુણવંતા રે ;
માત–ભ્રાત–સંઘ સહિત જાત્રા કરી, સકલચંદ્ર વદંત રે....૮

અંચલગચ્છપતિ રત્નસાગરસૂરિ, તસુ આજ્ઞાએ વરતંત રે;
કહે જિનદાસ રે ભવિજન સાંભળો, ઘૂડેવા તીરથ મહંત રે....૯

ભવિ વણઝારા રે જાઓ તમેં ઘુડેવે, જિહાં બિરાજે ઋષભ રે....

–ઈતિ ઘુલેવા સ્તવન સંપૂર્ણ

(૧૪૫) શ્રી કેશરિયાજી સંઘનું વર્ણન ભાવાર્થ – ૧

કચ્છના સાંધાણ ગામમાં શ્રી શાંતિનાથ પ્રભુનું મનોહર જિનાલય છે. ત્યાં ઘણા શ્રાવકો વસે છે. ત્યાં લઘુ ઓસવાળ વંશમાં મહેશ્વરી લઘા ખીંયશી વસે છે તેમના ધર્મપત્ની માનઈબાઈના કુક્ષિથી પરબત નામના પુત્ર રત્નનો જન્મ થયો. એમને શ્રી કેશરીયાજીના દર્શન કરવાની ભાવના થઈ. એટલે એમણે કંકોત્રી લખી બધાને આમંત્રણ આપ્યું. અને કા.સુ.૧૩ના ચતુર્વિધ સંઘ સાથે પ્રયાણ કર્યું. 10
પ્રથમ તિલક નગરશેઠ માડણ તેજસીના પુત્ર જેઠાભાઈએ કર્યું. સંઘમાતા હીરબાઈ ગામ બહાર પડાવમાં રોકાયા ત્યારે ઘણી પહેરામણીઓ થઈ.

કાનજીભાઈ, દેવજીભાઈ, રતનશીભાઈ, ચાંપશીભાઈ અને મેઘજીભાઈ એ પાંચે પરબત શેઠના સુપુત્રો હતા. તેમ જ ગોવિંદજી લઘાના પણ પુત્રો સમોવડિયા હતા. ગેલા દેશળે સંઘનો કારોબાર સારી રીતે સંભાળ્યો. માગરસ સુદ ૯ સોમવારના સંઘ કેશરીયા તીર્થે પહોંચ્યો. પાંચ દિવસ રોકાણ કરી ૯૯ પ્રકારી પૂજા કરી.

શ્રી કેશરિયાજી સંઘનું વર્ણન ભાવાર્થ – ૨

કચ્છ સાંધાણથી શાહ પરબત લઘાએ કા. સુ. ૧૩ ગુરુવારે સંઘ કઢાવ્યો. સહુ પ્રથમ માંડવી શાંતિનાથ પ્રભુને વંદન કરી મુંદ્રામાં શીતલનાથને વંદીને જગડૂશાહ જ્યાં વસતાં હતા તે વસહી ભદ્રાવતીમાં મહાવીર પ્રભુને વંદીને રાધનપુર ત્યાંથી વઢિયાર દેશમાં શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ પ્રભુને વંદીને ચાણસ્મા ભટેવા પાર્શ્વનાથ પ્રભુને વંદીને ટીટોઈમાં મુહરી પાર્શ્વનાથના દર્શન કરીને માગસર સુદ ૧૦ ના દિવસે શ્રી ઋષભદેવ પ્રભુની નવાંગી પૂજા કરી. ૨૦

માર્ગમાં ઉદારતા પૂર્વક ભક્તિ કરી સંઘને ચારચાંદ લગાવ્યા. અચલગચ્છાધિપતિ વિવેકસાગરસૂરિના આશીર્વાદથી દેવસાગરગુરુના સુપ્રસાદથી સ્વરુપસાગરે ગુણગાન કર્યું છે.

(૧૪૫) મૈશેરી પરબત લઘાના સંઘનું વર્ણન

કર્તા : સ્વરૂપસાગરજી દેવસાગરજી રચના વિ.સં.૧૯૩૨

શ્રી કચ્છ દેશ સોહામણો, જિહાં જૈન ધરમનો સંઘ ; શોભે અતિ રળિયામણો, પ્રાસાદ શાંતિ જિણંદ.
દેવભક્તિ જિનવર તણી, કરે શુભ ચિત્ત ગુરુ ભગતિ ; વસે વિશાલ શ્રાવક તિહાં, રળિયામણી જ્ઞાન ભક્તિ.
ઓસવંશ લઘુ જાણીએ, શાખા એહ પ્રમાણ ; મહેસરી ગોત્રે દીપતા, લઘા ખીંઅસી સુજાણ.
તસ ગૃહિણી તે માનીએ, માનઈબાઈ તસ નામ; કૂખે ઉપનાં પુત્ર રતન્ન, શ્રેષ્ઠી પરબત નામાભિધાન.
સદ્‌ગુણ સમુહે દીપતા, જાણે ગુણગણની ખાણ ; શ્રી કેશરીઆનાથજી, ભેટવા મન ઉજમાલ.
કંકોતરી લખી સર્વે મોકલી, ગામ નગર પુર સાર ; સંઘ સર્વ મલ્યું એકઠું, શ્રી સાંધાણ નગર મોઝાર. ૪૬
કારતક સુદ તેરસ દિને, પ્રાતઃ સમયે શુભ લગ્ન ; જગ લોચન જબ ઊગીઓ, મિથ્યા તિમિર ભગ્ન.
તે ધન વેલા ધન ઘડી, સં,પતિ મન ઉજમાલ ; તીરથ ગુણ સ્તવના કરે, ચતુર્વિધ સંઘ રસાલ.
નગર શેઠ માડણ તેજસી, સુત જેઠાભાઈ મનોહાર ; સંઘની આજ્ઞા લઈ કરી, સંઘ તિલક કરે સાર.
સંઘ પછી પ્રસ્થાન કરે, વરત્યો જય જયકાર ; ડેરા તંબૂ દીધા બાહરે, પેરામણી થઈ અપાર.
સંઘવણ ગુણમણિ શોભતી, હીરબાઈ તસ નામ ; શીલ ગુણે નિરમલ દીસે, દાને માને શોભાયમાન.
પરબત સુત પાંચે ભલા, સુગુણે શોભે છેક ; કાનજી વડચિત્ત જાણીએ, આણી મન સુવિવેક.
દેવજીભાઈ તેજે દીપતા, જાણે શોભે ભાણ ; રતનસી રલીઆમણા, ચાંપસી ચતુર સુજાણ.

મેઘજી મનમતિ ભલા, લઘુ ભ્રાતા તે જાણ ; ગોવિંદજી લઘાના સુત રે, સમોવડીઆ ગુણખાણ.
વિનય વિવેકસું શોભતા, મનમાં હરખ અપાર ; ગેલા દેશત અતિ ભલા, સંઘ ચલાવે સાર.
માગશર સુદ નવમી તિથે, સોમવાર સુખકાર ; કેશરીઆ જિન વાંદીઆ, શ્રી રિખભદેવ મહારાજ.
દિન પાંચે તિહાંરહયા, નવણ પૂજા કરી સાર ; કેશર ચંદન ઘસી ઘણા, મેળવી માંહે બરાસ.

(૨) કેશરિયાજીના સંઘનું વર્ણન

સરસતિ માતા ચરણ નમીને, સદ્‌ગુરૂ લાગું પાય જીરે ;
શ્રી કેશરિયાનાથના રે, ગુણ ગાઓ જિનરાયા રે.
કેશરિયે જઈએજી રે. એ આંકણી. ૧

સ્વર્ગ મૃત્યુ પાતાલના રે, સેવે સુર નર ઈંદા જીરે ;
10 વંછિત પૂરણ સંકટ ચૂરણ, આત્માને સુખકંદા જીરે.
વંદું વંદું ધૂલેવાના નાથ. કેશ.૨

શ્રી કચ્છદેશ સાંઘાણ નગરથી, શાહ પરબત લઘા જીરે ; કારતક તેરસ શુદ ગુરૂવારે,
સંઘ લેઈને સધાવા કેશ.વંદુ.૩

ભાવ સહિત પંથે અનુક્રમતાં, માંડવી બંદર આવ્યા જીરે;
શાંતિનાથનાં દરશન કીધાં, કીધાં કામ સુભાયા કેશ.વંદુ.૪

કામક્રોધ મદ જીત કરી પ્રભુ, શીતલનાથ કહાયાજી રે ;
સંઘ મલી પ્રેમે કરી વાંદ્યા, શ્રી મુંદ્રાનગર ચિત ચહાયા કેશ.વંદું. ૫

ભદ્રાનગરી છે અતિ જીરણ , જગડુશાહની વસહી જી રે ;
મૂલનાયક મહાવીર જિનેશ્વર, દરશન શિવસુખ લહિયે કેશ.વંદું.૬

20 રાધનપુર નગરી અતિ સુંદર, પ્રીતિ તીરથથી લાગી જીરે ;
શ્રાવક સમકિત આણા ધારી, જૈન ધરમના રાગી. કેશ.વંદું. ૭

વઢિયાર દેશમાં પરચાધારી, શ્રી શંખેશ્વર પૂજયા જી રે ;
દ્રવ્ય સુગંધ ભાવે કરી ફૂલે, ભવો ભવ પાતિક ધૂજયા કેશ.વંદું. ૮

ત્યાંથી પ્રયાણ દેઈ કરીનેં, ચાણસ્મા માંહે આવ્યા જી રે ;
ભટેવા પાર્શ્વનાથ પસાર્યે, ફેરા ચોરાસી હરાયા. કેશ.વંદું. ૯

મારગમાં મન મોકલો રાખી, સંઘ ભકિત બહુ કીધી જી રે ;
મુહરી પાસનાં દરશન કીધા, નરભવ લાહો લીધા. કેશે વંદું. ૧૦

માગસર સુદ દશમી દિન વાંદ્યા, શ્રી ઋષભદેવ સુખકારી જીરે;
નવ અંગે જિનપૂજા રચી રે, ફૂલ પગર ભર્યા સારા. કેશ.વંદું. ૧૧

30 હાથ જોડ પ્રભુજી કે આગે, ભાવ ભકિત શુભ લેજો જી રે ;
આ ભવ વંછિત સફલ થયો સબ, ભવોભવ દરિસણ દેજો.કેશ.વંદું.૧૨

અંચલગચ્છપતિ દિનદિન દીપે, વિવેકસાગર સૂરિ રાયા જી રે;
વિદ્યા ગુણ મણી કીર્તિ શોભે ભવિજનને સુખ સાયા કેશ.વંદું. ૧૩

ઓગણીસ બત્રીસા વરસે, દરશન ઋષભજી પાયા જી રે ;
દેવસાગર ગુરૂ ચરણ પસાએ, સ્વરૂપસાગર ગુણ ગાયા.કેશ.વંદું.૧૪
–શ્રી : સાંઘાણ ગ્રંથ ભંડાર

ખંડ – ૫ અચલગચ્છીય ગુર્વાવલી તથા સ્તવનો

(૧૪૬) અંચલગચ્છીય ગુર્વાવલી

જૈન સર્જકોએ ગચ્છનાયક–ગુરુઓ વિષયક ગુર્વાવલી સંજ્ઞક સાહિત્ય પ્રચુર પ્રમાણમાં રચ્યું છે, જેનો અન્ય અન્ય ધર્મ સંપ્રદાયમાં જોટો મળવો મુશ્કેલ છે જૈન સંઘની વ્યવસ્થામાં પ્રચલિત પાટ પરંપરાનું વિશિષ્ટ મહત્વ હોઈને તીર્થાવલી સાહિત્યની પેઠે તેનો આવિર્ભાવ અનાયાસે થાય એ સ્વાભાવિક છે.

પ્રસ્તુત ગુર્વાવલીમાં આ ગચ્છના પ્રથમ ૧૬ પટ્ટધરોનો ક્રમશઃ આ પ્રમાણે નામોલ્લેખ છે. ૧. આર્યરક્ષિતસૂરિ, ૨. જયસિંહસૂરિ, ૩. ધર્મઘોષસૂરિ, ૪. મહેન્દ્રસિંહ સૂરિ, ૫. સિંહપ્રભસૂરિ, ૬. અજિતસિંહ સૂરિ, ૭. દેવેન્દ્રસિંહ સૂરિ. ૮. ધર્મપ્રભસૂરિ, ૯. સિંહ તિલક સૂરિ, ૧૦.મહેન્દ્રપ્રભસૂરિ, ૧૧. મેરુતુંગસૂરિ, ૧૨. જયકીર્તિસૂરિ, ૧૩. જયકેસરી સૂરિ, ૧૪. સિદ્ધાંતસાગર સૂરિ, ૧૫. ભાવસાગર સૂરિ અને ૧૬. વિદ્યમાન ગુણનિધાન સૂરિ.

નામોલ્લેખની સાથે કયાંક કવિએ વિશેષ ઉલ્લેખ પણ કર્યો છે. પ્રથમ પટ્ટધર વિષે તેમાં કહેવાયું છે કે આર્ય–રક્ષિતસૂરિએ સૂત્રોક્ત વિધિ અનુસાર ક્રિયોદ્ધાર કરી વિધિપક્ષગચ્છની સમાચારીનું પ્રવર્તન કર્યું. ૮ માં પટ્ટધર ધર્મપ્રભસૂરિ વિષે તેમાં 'કિરિયાંઈ સિંહ' જેવો પ્રશસ્ત ઉલ્લેખ છે. એ પટ્ટધર ધર્માચરણમાં સિંહ સમાન હતા એ વાતનું સમર્થન અન્ય પ્રમાણ ગ્રંથો દ્વારા પણ સાંપડે છે. મેરુ તુંગસૂરિ કૃત 'લઘુ શતપદી' માં કહેવાયું છે કે – ततः श्री धर्मप्रभसूरय : येषां समदाधि विशिष्ट तपः क्रियावतां चरणोदकेनापि सर्व दोष व्याधि शान्तिरजनिष्ट प्रसन्नतया प्रोक्तेन वचसापि सर्वार्थ सिद्धिश्च'

મતલબ કે તેઓ પોતાના સમય કરતા અધિક ક્રિયાવાન અને તપસ્વી હતા. તેમના ચરણોદકના છંટકાવથી બધાં દોષ વ્યાધિ પલાયન થઈ જતાં. પ્રસન્નતાથી એમણે ઉચ્ચારેલાં વચનો દ્વારા બધાં કાર્યો સિદ્ધ થતાં. અન્ય પ્રમાણ ગ્રંથોમાં ધર્મપ્રભસૂરિનું અપરનામ પ્રજ્ઞાતિલકસૂરિ મળે છે.+

૧૫મી પાટે થયેલા ભાવસાગરસૂરિને ગુર્વાવલીમાં યુગપ્રધાન આચાર્ય કહયા છે. વિદ્યા તથા લબ્ધિના ભંડાર જેવા આ ગણધરની ભવિજનો ઘણી સેવા કરતા. આ સંબંધમાં શ્રાવક ભીમસી માણેકે પ્રકાશિત કરેલી પટ્ટાવલીના શબ્દો ઘણા બંધ બેસતા આવે છે. ધર્મપ્રભસૂરિને એવી લબ્ધિ પ્રાપ્ત હતી કે તેઓ સોળમે પ્રહરે એક સ્થાને એક વખત જ ગોચરી વાપરતા, રાતે કે દિવસે નિદ્રા કરતા નહિ. એવા અપ્રમાદિ હતા.

અંચલગચ્છનું પુરાતન સાહિત્ય મોટા ભાગનું નષ્ટ થઈ ગયું હોઈને એતદ વિષયક પ્રસંગો આજે ઉપલબ્ધ રહયા નથી. માત્ર ઐતિહાસિક પદ્યકૃતિઓમાં અલ્પ ઉલ્લેખો જ રહયા છે, જેનું આ સંદર્ભમાં અદકેરું મૂલ્ય છે.

છેલ્લે ગુર્વાવલીમાં, તે વખતના સાંપ્રત ગચ્છપતિ ગુણનિધાનસૂરિના ગુણોનું વર્ણન પણ નોંધપાત્ર છે. વિહરમાન ગણધરને વંદન કરીને કવિ વર્ણવે છે કે એ વહાલેશરીના પસાયથી મેં સન્મતિ પ્રાપ્ત કરી.એટલું જ નહીં નવતત્વ પણ ભણ્યો. ગુરુના શ્રી મુખેથી વિશેષતઃ બારે વ્રતો સ્વીકાર્યા, એમની ઈચ્છા મુજબ કાર્યો કર્યા. તેમજ હૃદયમાં ઉલ્લાસ લાવીને નિયમો ધારણ કર્યા. વિ.સં. ૧૫૯૦ના આસો સુદિ ૧ ને ગુરુવારે ધર્મનું શુદ્ધપણે પાલન કરતાં પ્રસ્તુત ગુર્વાવલીની કવિએ રચના કરી.

(૧૪૬) અંચલગચ્છીય ગુર્વાવલી

કર્તા : ચંગા રચના : વિ.સં. ૧૫૯૦ના આસો સુદિ ૧ ગુરૂવાર

અંચલગચ્છિ ગુરુ હરખહ પૂરિ, ગિરૂઆ આરિજરખિત સૂરિ;
સૂત્રવિહી જેણઈ ઉધ્ધરી, સમાચારી આલીખરી. ૧

જયસિંઘ તસુ પટ્ટિઈ ઘણું , સૂરીસર ધર્મ્મઘોષ ભણૂં;
મહેંદ્રસિંહ બુધા ગુરુ જોઈ, સિંહપ્રભ પંચમ તે હોઈ. ૨

અજિતસિંહ દેવેન્દ્રસિંહ, ધમ્મપ્પહ કિરિયાઈ સિંહ;
નવમ પટ્ટિ સિરિ સિંહતિલક્ક, પ્રભુ મહેંદ્ર જાંણે વર ચક્ક. ૩

મેરુતુંગ સૂરીસર ગુરૂ, જયકીરતિ ગુણસાગર ભરૂં;
જયકેસર સૂરીસર રાઉ, સિરિ સિધ્ધંતસાગરિ ધણ ભાઉ. ૪

+(શ્રાવક ભીમસી માણેકને પ્રાપ્ત થયેલી એક પટ્ટાવલીનું વિધાન પણ આને મળતું આવે છે. તેમાં ઉલ્લેખ છે કે ધર્મપ્રભસૂરિને એવી લબ્ધિ પ્રાપ્ત હતી કે સોળમે પ્રહરે તેઓ એક વાર જ ભાત પાણી વાપરતા અપ્રમાદિ એવા હતા કે રાત કે દિવસે નિદ્રા કરતા નહી.)

યુગપ્રધાન પન્નરમઈ પાટિ, સેવ્વા બહુ ભવીયણનઈ થાટિ;
વિદ્યા–લબધિ તણું ભંડાર, સિરિ ભાવસાગરસૂરિ ગણધાર. ૫

વાંદૂ વિહરમાંન ગણધરૂ, ગુણ નિધાન ગુરુ વાલ્હ સરૂ ;
જસ પસાઈ પાયૂં સમ્મત્ત, સૂધાં જાણ્યાં જિહાં નવ તત્ત. ૬

વલીઅ વિશેષિઈ બારઈ વરત્તુ, ઈચ્છા પરિમાણિઈ સંજુત્ત;
ભાવિઈ લીધા નીમ તસ પાસિ, હઈયડિ આંણી બહુ ઉલ્હાસિ. ૭

સંવત પંનર નિઊ વલિ છક્ક, આસો શુદિ ગુરુવાસર તક્ક ;
તિથિ પડિવઈ આણી શુભ મન્ન, ચંગાઈ પાલઈ ગિહ ધમ્મ. ૮

– ઈતિ અંચલગચ્છીય ગુર્વાવલી.

(૧૪૭) અંચલગચ્છ નાયક સ્તુતિ

શ્રી વીરજિનેશ્વરની પાટે ગુણ–ગણ સહિત ગુણવંત શ્રી સુધર્માસ્વામી થયા. તેમની પાટ પરંપરામાં મોતી સમાન શ્રી આર્યરક્ષિતસૂરિ જગતમાં સૂર્યની જેમ દીપતા હતા. આર્યરક્ષિત સૂરિ પછી આગમ રત્ન જયસિંહ સૂરિ ગચ્છાધિપતિ થયા. જેઓની મધુરવાણી સાગરસમ ગંભીર હતી. જેમના દર્શનથી પાપો દુર થાય છે. જયસિંહસૂરિથી પાટરૂપ લક્ષ્મીના કંઠહાર સમાન શ્રી ધર્મઘોષસૂરિ થયા. જેઓએ સૂર્યની જેમ મિથ્યાત્વ અંધકારને દૂર કર્યો હતો. જેથી શ્રી પ્રથમ રાજને પ્રતિબોધ આપ્યો હતો. ધર્મઘોષસૂરિના પટ્ટશિષ્ય મહેન્દ્રસૂરિ મોહ વિનાશક જ્ઞાનવંત અને ઘણાં લોકપ્રિય હતા. મહેન્દ્રસૂરિના પાટે પરાક્રમી સિંહસમા શ્રી સિંહપ્રભસૂરિ આવ્યા. જેમના ચરણે વંદન કરવાથી પુષ્કળ સુખ મળે છે. જેમની દેશનાથી જાલોરના લોકો ઘણો પ્રમોદ પામ્યા, ગુણિયલ બન્યા. તે અજિતસિંહસૂરિ જયવંતા વર્તો. દેવેન્દ્રસૂરિજી–ભવોના પાપ રૂપી આગને ઠારનાર મેઘ અને દુર્લભ મુક્તિ નગરીનાં સાર્થવાહ અને કામ સુભટને હરાવનાર છે. ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, નંદી. અનુયોગદ્વાર, ૧૦. પ્રકીર્ણક, ૪. મુળગ્રંથો અને છ છેદને જે ભણ્યા છે. શ્રીમાલ કુલનો સૂરજ અંચલગચ્છ રૂપ કુમુદને ખીલવનારા ચંદ્ર શ્રી ધર્મપ્રભસૂરિજી જયવંતા વર્તો. ધર્મપ્રભસૂરિજીની પાટ રૂપ પૃથ્વી પર સૂર્યસમા જગવિખ્યાત શ્રી સિંહતિલકસૂરિજી થયા. છંદ, આગમ વ્યાકરણાદિ લક્ષણ ગ્રંથોના તત્વને જાણનાર હતા. સિંહતિલકસૂરિજીની પાટે મહેન્દ્રપ્રભસૂરિજી આવ્યા જેઓ ગુરુની પાટરૂપ નંદન વનને શોભાવનારા કલ્પવૃક્ષ હતા. જેમની દેશનાથી લાખો દક્ષ પુરુષો બોધ પામ્યા હતા. તેઓ સંયમી, સુવિધી, મુનિગણ રૂપસાગરને પ્રસન્ન કરનાર ચંદ્ર સમાન હતા. અને દોષરૂપ અંધકારને હણનાર સૂર્ય સમાન હતા. તેમની પાટરૂપ પદ્મસરોવરનાં હંસ, વ્રજમુનિના વંશનાં શણગાર દેશના વૃક્ષ શ્રી મેરૂતુંગસૂરી થયા. મેરૂતુંગસૂરિના પાટરુપ ઉદયગિરીપર જય કિર્તિસૂરિ રુપી સૂર્યનો ઉદય થયો. જેમના આનંદ કિરણોથી જગતમાં કીર્તિ ફેલાઈ હતી. જયકિર્તિસૂરિજી પાટને શોભાવનાર ગુણભંડાર યુગપ્રધાન જયકેસરીસૂરિ થયા. સૂર્યસમાન જેમને જોઈ નવ્ય કમલો ખીલતા હતા. જય કેસરીની પાટે સિદ્ધાંતસાગરસૂરિ લલાટપટ્ટમાં તિલકની જેમ શોભતા હતા. જેઓ સૂર્યની જેમ સન્માર્ગને પ્રકાશિત કર્યો હતો. જેઓ સાર્થવાહની જેમ ભવ્યજનોને મુક્તિનગરીમાં લઈ જતા હતા. સિદ્ધાંતસાગરસૂરિના ચરણ કમલમાં હંસ સમાન શ્રી ભાવસાગરસૂરિ જિનશાસનના શણગાર હતા. જેમના નમનથી નવનિધિ સંપજે છે. ભાવસાગરસૂરિજીનાં શિષ્યરત્ન જંગમતીર્થ યુગપ્રધાન ગૌરવ ગુણભંડાર ગુણનિધાનસૂરિ થયા. તેમની પાટે જંગમ કલ્પવૃક્ષ સમાનરવિ–શશિ સમાન શોભતા ધર્મમૂર્તિસૂરિ જયવંતા વર્તો. તેમની પાટે ગુણમણિ માટે રોહણાચલ ગુણમણિવાણ પોતાના કુલમાં સૂરજ સમાન જેમની વ્યાખ્યાન વાણી મેઘ શી ગાજે છે એવા કલ્યાણસાગરસૂરિજી થયા.

(૧૪૭) શ્રી અંચલગચ્છ નાયક સ્તુતિ

કર્તા : શ્રી કલ્યાણસાગરસૂરિ શિષ્ય રચના : વિક્રમનો ૧૭ મો સૈકો

॥ ૬૮૦ ॥ શ્રી વીતરાગાય નમ : શ્રી શારદાયૈ નમ: ॥

સિરિ વીર જિણેસર પટ્ટનાહ સિરિ સુહમસામિ ગુણ ગણ સનાહ ;
તસવંસહ મુત્તાહલ પહાણ અજજરકિખય ગણહર ભુવનભાણુ. ૧

તયણંતર આગમરયણ વાણિ ગંભીરિમ જલનિહિ મહુરવાણી ;
ગચ્છાહિવ સિરિ જયસિંહસૂરિ જસ દંસણઈ નાસઈ પાવ દૂરિ. ૨

તસ પાટિ રમાવર કંઠહાર સિરિ પથમરાય પડિબોહ સાર ;
મિચ્છત્ત તિમિર નાસણ દિણંદ સિરિ ધમ્મઘોગસૂરિ મુણિદ. ૩

તસ સીસ સનાણનિહાણ જાણ, જિણિ હેલા હાકીય મોહઆણ ;
બહુજણ મણ રંજણ લદ્ધલીહ વંદઉં ગણહર સિરિ મહિંદ સિંહ. ૪

સંઘપ્પસૂરિ (સિંહપ્પભ) તાત પટ્ટિ વરસીહ પરાક્કમ મહીયવટ્ટિ ;
તસ પય પણમઉં ભવિયાં સુહેણ પામઉ જિમ સિવસુહ તતખણેણ.૫

દેસણરસ રંજિય ભવિયલોય જાલુરિ સુણી કય બહુપ્પ મોહ ;
ગુણગહણ કરઈ ત રયણિ દીહ નંદઉ સુયહર સિરિ અજિય સિંહ.૬

ભવસંભવ પાવગવારિવાહ દુલ્લભ સિદ્ધિપુર સત્થવાહ ;
ઉદ્દામ કામ ભડ મલીયમાણ દેવિંદસિંહસૂરિ પહાણ. ૭

એગારસ અંગ ઉવંગ બાર નંદી તહ સિરિ અણુઓગદાર;
દસ પઈન્ના ચઉરો મૂલગંથ છ છેય પઢઈ જે અંગ સંઘ. ૮

સિરિમાલ કુલંબર વર દિણંદ અંચલગણ કુમુય વિયાસ ચંદ ;
નંદઉ જાસ સિરવિ ધરણીધાર, સિરિ ધમ્મપહસૂરિ ગુણ અપાર.૯

છંદાગમલ કૂખણ તત્તનાણ તસ પાટિ પયઠી ભુવણભાણુ ;
સિરિ સિંહતિલય ગુરુ ગુરુયકીર્તિ પણમઉ જિમ પામઉ ભવવિમુત્તિ.૧૦

તપ્પએ નંદણવણ કપ્પરુકૂખ નિય દેસણિ દંજિય દકૂખ લકૂખ ;
વર સંજમ કમલાવાસ પઉમ સૂવિહિય મુણિ જણગણ જલહિ સોમ.૧૧

ઘણ દોસ તિમિરનાસણ દિણિંદ સિરિ મહિંદપહ ગુરુ સૂરિ છંદ ;
તસ પાટિ પઉમવર રાયહંસ, મંડિય સિરિ વયર મુણિંદ વંસ. ૧૨

વકબાલ કિરણ નિહણીય તમોહ સિરિ મેરુ તુંગ ગુરુ સુગુરય સોહ;
તસ પાટિ ઉદયગિરિવર દિણંદ સોહગ્ગસાર કમલારિવંદ. ૧૩

આનંદ કિરણ ઘણ કિત્તિ પૂરિ, જયવંતા સિરિ જયકીર્તિસૂરિ ;
તપ્પય સંપયવર સોહ સાર, મહિમાગિરિ ગુરુ પડિ ગુણભંડાર.૧૪

જયકેસરીસૂરિ જુગપ્પહાણ, જયવંતા ભણિયણ પઉમ ભાણુ ;
ગણનાયક સંપઈ વિહરમાણ પણમઉ જિમ પામઉ સુહ પહાણ.૧૫

પુણ્ય મારગ પયડણ દિવસનાહ સિવપુર પંથીય જણ સત્થવાહ ;
સિદ્ધાંતસાગરસૂરિ તાસ પટ્ટિ જિમ સોહઈ તિલક લલાટપટ્ટિ. ૧૬
સંપય તેસિં પય પઉમ હંસ સિરિ જિણવઈ સાસણ વરવયંસ ;
ભાવસાગરસૂરિ ગુરુ પહાણ પણમંત પામઉ નવનિહાણ. ૧૭

તસ પદવિ પાલણ સાવહાણ જિગિ જંગમ તીરથ જગ પહાણ ;
ગઉરમ ગુણનિધિ ગુણનિહિ સૂરીસર ભાસર ભૂમિ ભાણ. ૧૮

તસુ પટ્ટિ જંગમ સુરતરુ જિમ સોહઈ સસિ દિવાય રુ ;
ધર્મમૂરતિ સૂરીસર મુણિંદ પ્રતિપઉ સહિ ગુરુજાં દિણંદ. ૧૯

તપ્પય ગુણમણિ રોહણ સમાહા, નિય કુલગિરિ ઉદયો પવર ભાણ;
જલહર સમ ગજ્જઈ જસ વખાણ, શ્રી કલ્યાણસાગરસૂરિ
સુગુરુ જાણ. ૨૦

(પ્રત શ્રી લાલભાઈ દલપતભાઈ પ્રાચ્ય વિદ્યામંદિર)

(૧૪૮) ગચ્છનાયક ગુરુરાસનો ભાવાર્થ

વિ. સં. ૧૪૨૦ દીવસે ખંભાતમાં રહીને કવી ૨ કાન્હે '' અંચલગચ્છનાયક ગુરુરાસ'' ની રચના કરી છે. આમાં ૧ થી ૨૮ સુધી કડી શ્રી આયરક્ષિતસૂરિ મ. સા. ૨૯ થી ૫૫ કડી પૂ. આ. શ્રી જયસિંહસૂરિ મ. સા. ના ઐતિહાસિક પ્રસંગો ટાંકયા છે. બાકીના પટ્ટધરોના ૩–૪ ૫–૭ આદિ ગાથાઓ રચીને ૧૪૪ ગાથાઓથી આ ગચ્છનાયક ગુણ રાસ પૂણ કર્યો છે. આ રાસ ઐતિહાસિક અને પ્રમાણભૂત મનાય છે. આ રાસની ૮૯ મી અડધી ગાથા પ્રાપ્ત થતી નથી.

(૧૪૮) ગચ્છનાયક ગુરુરાસ

કર્તા : કાન્હ

રિસહજિણુ નમિવિ ગુરુવયણ અવિચલ ધરી, પંચ પરમેષ્ટિહમંતુ મનિહઠું કરી ;
અંચલગચ્છિ ગણરાય ઇણિ અણુંકમિઈ, સુ ગુરુપન્ને. સુગુરુ ભત્તિવર વિક્કમિઈ.૧

દુસમસમઈ જો પંચમઈ આરએ, ચરમ જિણેસર વીર જિણ વારએ ;
આરિજ્જર કિખતસૂરિ ગણનાયકો, ભવિયણ જણ મણવાંછિયદાયકો. ૨

આબુય ગિરિવર મૂલિ સુપહાણિયા, નામિ વરગામુ સુપસિધ્ધુ દંતાણિયા ;
તહિં પુરે નિવસઈએ દોણુ વવહારિઉ, દૂસમકાલિ જિણિ સુસમ સંભારિઉ. ૩

તાસ ઘરિ ઘરણિ નામેણ દેદી ભણઉં, શીલવરયણુ અલંકિય જગિ જસુ તણઉં;
તાણ સુત બહુય રિંદી બરો, સુયણજણ કુમુય વણખંડ રયણીયરો. ૪

રૂપિ નિરુપમુ મયણમહુ ગંજએ, બાલભવિણ ઘણ સુયણ મણ રંજએ ;
દિવસિ અન્નમિ ગુરુઠાણિ સંપત્તઉ, પરિકિખઉ કુંઅર ગુરિ ગુરુય ગુણજુત્તઉ.૫

ભણિય નવતત્ત તિણિ સુણિય ગુણિ પરિવરી, સૂરિ જયસિંહ પઈ દિક્ખ અંગીકરી;
પઢઈ સિદ્ધંતુ પરમત્થુ મણિ પેખએ, કિરિયપહુ કિં પિ કિજ્જંતુ નવિ દેખએ. ૬

તત્થ ગુરુ પાસિ મુણિવરિ પિચ્છા કરી, ભણઈ ગુરુવચ્છ ! સુણિ એઉ દુક્કર ચરી;
કરિસિ જઈ કિમઈ તઉ એક મઈ કીજએ, સુદ્ધ સિદ્ધંતુ તઉ સયલુ વાંચીજએ. ૭

રહિવ ગુરુંવયણિ ઉવજઝાય પયુ પાલએ, નામિ વિજયચંદુ વિહિપક્ખુ ઉજુયાલએ ;
સુગુરુ આએસિ સવિસેસુ તહિ ચાલએ, ધમ્મવરયણું ઘણ ભવિય જણ આલએ.૮

કાલભવિણ પુણ કો વિ નવિ ઝા (ચા) લએ, તયણું સંવેગરંગમિ મિભાણુ ઘાલએ;
કરિસુ તવુ ઉજ્જુઈય ભાવણા ભાવએ, ચઉત્થુ મુનિ ચડીઉગિરિ પખએ. ૯

ઘોર તવુ તવઈ તમતિમિરગજ કેસરી, માસિ ઉપવાસિ પરતક્ષ ચક્કેસરી ;
કરિયસુ પણામ પરિણામ ગુણુ પૂછએ, દિયઉ આએસુ પહુ જંજુ મણિ અચ્છએ.૧૦

વસ્તુ

ભણઈ ગણ હરુ ભણઈ ગણહરુ નિસુણિ તું દેવિ ! કિં પુચ્છસિ જિણહ વયણુ મઈ ભણિઉ અવિચલુ નવિ મન્નઈ કોઈ
જણું ઈણિ કાજિ વેરાગુ નિમ્મલુ પિક્ખિય પવર ભુયણિ વીર જિણેસર સામિ,
અણસણ નિયતણુ સાધિસ્યું ગિરિ ગુરઈ અભિરામિ. ૧૧

ભાષા

તઉ ચક્કેસરિ ભણઈ સુણઉ વીનતી અમ્હારી,
મનવંછિત સર્વ્વ સિદ્ધિ સુગુરુ પૂજિસિઈ તુમ્હારી ;
ભાલિજ નયરહ સંઘપતિ યશોધન ભણસાલી,
અવિસિઈ શ્રી સંઘ સહિત ધણ હરિસિ વિમાલી. ૧૨

જસ મનિ અવિચલ જિણ નવિ વીજઈ રાવઈ,
હુસઈ સુશ્રાવક તુમ્હ તણઉ જિણમારગિ સાચઈ ;
પ્રભુ ! તુમ્હિ સાહસુ કહઉ કાંઈ એવડઉ અપારો,
તુમ્હતુ દેફ્ખ બહુય લોય ભવસાયર પારો. ૧૩

કહઈ અણાગતુ અવહિનાણિ જાણેવિણુ તફ્ખણિ,
તાસ વયણું નિસુણેવિ સુગુરુ આણંદિઉ નિયમણિ ;
પત્તદેવિ નિયઠાણિ ઝાણિ તુ સફલુ વિહાણઉ,
દિસ દિસ પસરિય અરુણકિરણ જગિ ઉગિય ભાણુ. ૧૪

આવિઉ સંધુ સુચંગ રંગિ ગિરિવરિ આરૂહિઉ,
સંઘા હિવદંસણિણ સુગુરૂ નિયમણિ ગહગહિઉ ;
પડિબોહિય ઉવએસલેસિ દેખણ મણિ ચુહટી,
અતિ આગ્રહ પારણા રેસિ ઊતરીય તલહટી. ૧૫

ગોચરી બિહુ પહરસમઈ ઉગઉગ કરેવિણુ,
ચાલીય ગોયમસામિ નામુ નિયહિયઈ ધરેવિણું ;
બઈતાલીસ વિસુધ્ધ દોસિ જે જિણવરિ ભાખીય,
પામીય તે આહારસાર જે દેવતિ આફ્ખીય. ૧૬

ઈણિપરિ ગુરિ પારણઉં વિહિઉ તુ વાર વિમાલી,
વંદિવા શ્રી સંઘ સહિતુ આવીય ભણસાલી ;
કર જોડેવિણુ સુગુરૂ પાસિ સંધાહિવુ બોલઈ,
વિધિ–મારગિ ઉપદેસ દિયઉ જે મેરૂ સતોલઈ. ૧૭

નિમ્મલ સમકિત મૂલબાર સો વયરવ પાલઉ ;
દાન સીલ તપ ભાવ સલિલિ કલિ પંક પખાલઉ;
વિષય છ હુત્તર ભેય ધરહુ નવતત્વ વિસાલ,
સત્તરભેઅ જિણપૂઅ કરઉ ભવિઆં તિહાલ. ૧૮

અબત્તર સયલ પુણરત્ત વિત્તઈ જિણુ થુણીઈ,
હરિ જિન કર સિરિબે ધરવિ સફ્કત્થઉ ભણીઈ ;
પણવિહ અભિગમિ સુગુરૂ પાસિ નિચ્છઈ આવીજઈ,
ઉત્તરસંગિ ઉભય સંઝ સામાયિકુ કીજઈ. ૧૯

ચિહુ આહારિહિ રહિઉ પવ્વિ ચિહુ પોસહુ લીજઈ,
પારણએ વ્રત સંવિભાગુ ભાવહિં પાલીજઈ;
કૂડ–કપટ–પરદ્રોહ રહિઉ વવહારૂ કરી જઈ,
નવે ક્ષેત્રિં નિતુ વિત્તુ બીઉ વાવી ફલુ લીજઈ. ૨૦

સતસઠિ અક્ખરિ પુવ્વસાર નવકાર ગુણેવા,
તપિ ચઉવીસે અંતરંગ રિઉવગ્ગા જિણેવા ;
ઈણિ ઉવએસિ સયલુ સંઘુ સુહગુરિ પડિબોહી,
પયડિય ધમ્મુ પવિત્તકરણ દસદિસિ ઉક્કોઈ. ૨૧

તઉ સંઘાહિવુ સુગુરુસહિતુ ભાલિજપુરિ આવી,
રિસઈ જિણેસર તણઉ ગુરુય પ્રાસાદ કરાવી ;
અબ્મ તવુ સુબંભ જુતુ નિમ્મલવ્રતધારહુ,
બિંબ પયબ્ઈ ભરહ જેમ સયમેવ સુશ્રાવકુ. ૨૨

ઘાત તહિં થાનકહ વિહારો તઉ સુગુરૂ કરેઈ,
ભવિયણ સુરતરુસારો મહિયલ વિહરેઈ. ૨૩

દેસિ–વિદેસિ વિહારૂ કરંતા, હીંડઈ મહિયંલુ પંડિબોહંતા ;
ગૂજર–સિંધુ–સવાલક્ખા–સોરઠ અનુ પડિબોહિય માલવ મરહટ્ટ. ૨૪

મરૂમડલિ–બિઉણપુ–વેલાઉલુ, ઘણ કણિ કંચણિ રયણિ રમાઉલુ;
તહિં શ્રીમાલી કુઉડિ વસંતો, રિદ્ધિહિં ધનહ જેમ વિલસંતો. ૨૫

જસમંદિર ચઉરાસીબાર ઘર પંચ ચિથાર ;
વેલાઉલિ અક્કારિ વિદિતઊ, દાન તણઈ બલિ દૂસમ જીતઉ. ૨૬

તહિં પુરિ ગુરુ વિહરંત પુહતા, દંસણિ નાણિ ચરણિ સંજૂતા;
ચંકાંઉતુ મણિ ભાવઈ, સંઘ સહિત ગુરુ મ્હઊિ આવઈ. ૨૭

સુગુરુ પહૂતા નયર મઝારે, તલીઆ તોરણ ઘર ઘર બારે ;
મહુર વાણિ વક્ખાણું કરેઈ, કુઉડિપમુહ સાવધ બોહેઈ. ૨૮

ચઉમાસઈ તહિં થાનકહૂતા, ગુરુ રાઉરિ પુરિ સંપહૂતા ;
હિવ જયસિંહ (ધહ) સૂરિ ચરિતો, નિસુણઉ ભવિયણ અતિહિ પવિતો. ૨૯

વસ્તુ

ભવયં નિસુણઉ ભવયં નિસુણઉ સૂરિ જયસિંહ,
જિણિ બોહિઉ સયલુ જગુ અક્કસૂરિ પઈ દિક્ખ લિદ્ધિય ;
વિત્થારિઉ ગચ્છુ જિણિ એવ સંઘ જસ લદ્ધિ સિદ્ધિય,
ઉન્નયગુણિ ગિરિમેરુ જિન ગંભીરિ જં જલરાસિ ;
તસગુણગણ વન્નેસુ હઉં નિમ્મલમતિ પયાસિ. ૩૦

કુંકણદેસ મજઝારિ તહિં સોપારઉં વરનયરો,
વિનય વિવેકિ વિચારી, જગિ સચરાચરિ જાણિયઈ એ. ૩૧

વણસઈ તણઉ નિવેસુ દેખીય અતિમનુ ગહગહએ ;
ચંપય પમુહ અસેસ કુસુમહું પરિમલુ મહમહએ. ૩૨

ભમર કરઈં ઝંકાર, મોર મધુર સરિ આલવઈ ;
કણયકદલિ સહકાર, કોઈલ કરઈં ટહુંકડા એ. ૩૩

કેતરુ (કી) સોવન સાલિ નાગવેલિ ઘણ નાલીય રે ;
ફોફલિ તણે ઝમાલિ વનુ દીસઈ રલીયામણઉ એ. ૩૪

સરવરુ માનસ માનું વિમલુ વિમલ જલિ પૂરિઉં એ ;
ખીરોહી ઉપમાનું છાજઈ વિમલ સરોવરહં. ૩૫

નયરિ નિરુપમ ઠામિ વસઈ તિ ઉત્તમ નારિનર ;
નિતુ નિતુ જીવિત સામિજો અવલોકઈ રિસહજિણ. ૩૬

તહિં પુરિ દાહક સેઠિ ઉસવંસ મુત્તિય રયણુ ;
જાસુ તણા કર હેઠિ કર દીસઈ યાચક તણાએ . ૩૭

તસુ ગેહિણિ ગુણવંતિ નેઢી નામિ પસંસીયએ ;
નીસ નિરુપમ કંતિ સીલઈ સરિહર મુત્તિ જિમ. ૩૮

મુખિ પઈસંતઉ હારુપેખિય મજ્જિમરયણિ ભરે ;
પ્રહઊગમિ સુવિચારુ, પ્રીતિઈ પ્રિયતમુ પૂછિઉ એ. ૩૯

સેઠિ ભણીઈ સુણિ કંતિ ! પુત્તુ હોઈ ગુણિવંત તૂઅ ;
તઉ મણિ હરિસ ધરંતી, પાલઈ ગબ્ભુ સમાહિજુઅ. ૪૦

વિક્રમસમઈ ઈગ્યાર, સંવચ્છરિ ઈગુણ્ણાસીય એ ;
જાયઉ જગિ આધારુ નામુ દિન્નુ જાતિગ (જેસિં) કુઉરો. ૪૧

કમિં વાધઈ બાલુ, સેયપક્ખ સસિબિંબુ જિમ ;
જાસ અંગુ સુકુમાલુ, લક્ખણવંજણ સહિઉ. ૪૨

જંબુકુમારચરિતુ, અન્નદિવસિ મુણિવરિ કહીઉ ;
તઉ સંસારવિરતુ સંજમ ઉપરિ સામુહિયઉ. ૪૩

જઉ મોકલાવીઉ તાઉ, આવીઉ ખંભાઈતનયરે ;
અણહિલ વાડઈ રાઉ, સિધ્ધ નરેસરુ ભેટીઉ એ. ૪૪

માગીઉ રાજદિસુ ચાલીઉ ગજ જિમ ગાજતઉ એ ;
થારાઉદ્રિઈ પ્રવેશ, સુ કરઈ કુમરુ જયસિંહ તહિં. ૪૫

વસ્તુ

તત્થ આવિઉ, તત્થ આવિઉ, કુમર જવસિંહ મિત્તિહિં સિઉં ;
આસધરિ ધરિય ભાવુ, પોસાલ પત્તઉ ;
નવિ પિક્ખિય મુનિપવર, એકચિત્તિ ગુરુભત્તિરત્તઉ,
પિક્ખિય પુસ્તકરયણુ તહિં કુમરિહિં કરિયલિ લેઉ;
દસ વૈકાલિક સાતસઈ, વેગિ અણાવિઉ તેઉ. ૪૬

તક્ખણી એ સુગુરુ પહુંતુ પેખીઉ કુમરુ આગદિઉ એ ;
ઊઠ્ઠીયઉ એ ભત્તિ તુરંતુ, કુમરિહિં ગણહરો વાંદિયઉ એ. ૪૭

માગઈ એ ચારુ ચારિન્તુ, જાણુ જાણી ગુરિ સઉપિઉ એ ;
તિણ સમઈ એગાર સંવત દિક્ખ લઈ સત્તાણવઈ એ. ૪૮

આગમઉ એ પઢઈ અપારુ, અંગોવંગિ સોહામણુ એ ;
તહિ પુણ એ કરઈ વિહારુ, પત્ત મંદાઉરે વરનયરે. ૪૯

ઠાવિઉ એ સૂરિપયભારિ, સંવત બાર બિડોત્તર એ ;
પુન્નરવિંએ અઈ સુવિચાર, નિયગુરુ સૂર પઈઠ્ઠિયાએ. ૫૦

આરિજ એ રક્ખિત સૂરિ, જમ્મુ એગારિ છત્તીસઈ એ ;
ભવિયણ એ વંછિય પૂરિ, ગોદહે દિક્ખ બાયાલ તહિં. ૫૧

થીપિઉએ ગચ્છ ગંભીરુ, સંવચ્છરિ ઈગુણહત્તર એ ;
ઈણિપરિએ સાહસધીરુ, સયસાખે પ્રભો પસારિઉએ. ૫૨

જાણિઉ એ આઉપ્રમાણુ તુ અણસણું અંગી કરિઉં એ ;
પુહતઉ એ પહુ નિરવાણિ, બિઉણપિ બાર છવીસ તહિ. ૫૩

ઊગિઉ એ અહિણવો ભાણુ, નાણકિરણિ તમતિમિર હરો ;
ભવિયણ એ સફલ વિહાણુ, જયસિંહસૂરિ ઉક્કોયકરો. ૫૪

વસ્તુ

ઈણિ અવસરિં, ઈણિ અવસરિં, સૂરિ જયસિંઘિ તહિં
બિઉણપિ વરનયરિ કવડી ધૂઅ સંજનું સમપ્પિય,
આચારિજ ઉવજઝાય પય મહતર સસિઉ વીસૂ થપ્પિય ;
ઈણિપરિ ભવિયણજણ સયલ પડિબોહિય જિયલોઈ,
બિઉણપિ બાર અઠાવનઈ પહુતઉ પરલોઈ. ૫૫

ઈણિ અનુક્રમિ ગણહરરયણ ભવિયણ કહિસુ વિચારિ ;
માહવપુર વરનયર તહિં મરુ મંડલહ મઝારિ. ૫૬

તહિં સિરિચંદ્ર વવહારિઉ રાજલદે તસ નારિ;
તાસ ઉયરિ સરિ અવયરિઉ રાયહંસ અણુસારિ. ૫૭

સંવત બાર અઠ્ઠોત્તર એ જમ્મુ હુઉ તિણિ ઠામિ ;
દિક્ખ લઈય સોલોત્તર એ, ભાવે હરિવરગામિ. ૫૮

ચઉતીસઈ ગુરુ સૂરિપએ, ભટ્ટોહરિ પુરિ સારિ ;
સંતિજિણેસર વરભુયણિ, જૂતઉ ગચ્છિહ ભારિ. ૫૯

સુયસાયરબિરુદાવલીય, વાદિયગજ ઘટ્ટ સીંહ ;
સઈભરિરાઉ પડિબોહિ કીઉ, જિણમારગિ સવિ દીહ. ૬૦

બોહડિ સંઘનરાહિવ એ, ખીમિલિ અનઈ જાલઉરિ ;
પડિ બોહ્યિ બીલ્હપમુહો, ગણહરિ ધર્મ્મઘોષ સૂરિ. ૬૧

અટ્ઠકર્મ્મ ગંજિય અટ્ઠસઠ્ઠએ, નિરુવમુ સક્ખ નિહારિ ;
પહુ તઉ પહુ અણસણસહિય, ગુરુથઈ અમરવિમાણિ. ૬૨

તસ પયભરધુરિ ધવલ તહિં, ગણહરુ ગચ્છાધીસુ ;
મહેંદ્રસિંહસૂરિ ગુરુ નમઉ, ધમ્મઘોષસૂરિહિં સીસુ. ૬૩

આગમમારગમાહિ પહુ પામઈ પહિલી લીહ ;
એગ વખાણિઈ અવહરિય ચઉરાસી સંદેહ. ૬૪

પુહવિ પ્રસિધ્ધઉં સરનયરો વખાણિસુ સંખેવિ ;
દેવપસાઉ પસંસિયએ, તસ ગેહિણિ થિરદેવિ. ૬૫

પસવિઉ પુત્તુ પહાણું, તહિં અક્ઠાવીસઈ બારિ ;
સાતીસઈ સંજમ લઈઉ, નવ વરિસનઈં કુમારિ. ૬૬

બાર તિસક્ઠઈ આયરિઉ, એકહત્તર ગચ્છભારિ ;
તેર નવોતરઈ તિમિરપુરે, પુહતઉ પહલઈ પારિ. ૬૭

તાસ પટ્ટિ ઉક્કોય કરો, ગણહર સિંહપ્રભસૂરિ ;
સિંહ પરાક્રમિ પયડિઉ એ મયણુ મહાગજ દૂરિ. ૬૮

વીજાપુરી અરસીંઘ ઘરે, પિયમઈ ઉયરિ ઊંપન્નુ;
સંવત બાર તિઆસીય એ, જાસ જમ્મુ અઈ ધન્નુ. ૬૯

દીક્ષા બાર એકાણઉ એ, તેર નવોત્તરઈ સૂરિ ;
તેર તિરોત્તરઈ તિમિરપુરે, સગિ ગિઉ ગુણભૂરિ. ૭૦

તસ પય કમલાવર કમલ, ભાવિઈ ભવિય પમાણું ;
કરઉ અજિતસિંહસૂરિ, ગુરો જિણિજગિ જિતઉ કામુ. ૭૧

ડોડગામિ જિનદેવ કુલે, જિનમત સુય સુકુમાલુ ;
જાયઉ બાર તિયાસિયએ, અક્ઠમિસસિસમ ભાલુ. ૭૨

સંજનસિરિ એકાણઉ એ પરિણી જેણ કુમારિ ;
તેર ચઉદોત્તરઈ આયરિઉ, અણહિલપુરિ અવધારિ. ૭૩

ગછનાયકુ જાલઉરિપુરે, સોલોતરઈ પ્રસિધ્ધુ ;
ઉગણચ્ચાલઈ સમ્મિ ગિયઉ, જિણિ પનરપય કિધ્ધુ. ૭૪

તંસ પઈ ભુવણપયા સયરો, સૂરસરિયુ સૂરિરાઉ ;
દેવેંદ્રસિંહ સૂરિપય નમઉ, હિયઈ કરી બહુ ભાઉ. ૭૫

પાલ્હણપુરિ શ્રીમાલ કુલે, વુહરઉ સાંતૂ જાણિ ;
તાસ ઘરણિ સંતોષરિ (ડિ), સીલ રયણ ગુણ ખાણિ. ૭૬

તસ ઘરિ બારે નવાણઉએ , જાયઉ કુંયરૂ પવિત્તુ ;
તેર છડોત્તરિ તિણિ ગહિઉ થારાઉદ્રિ ચારિત્તુ. ૭૭

સૂરિ તેવીસઈ તિમિરપુરે, ગુણયાલઈ ગણરાઉ ;
અણહિલપુરિ એકુત્તર એ , પામિઉ સુર પુરિ ઠાઉ. ૭૮

સિરિધમ્મપ્પહસૂરિ ગુરુ ભીનમાલિ અઈરમ્મુ ;
લીંબાકુલિ વીંજલ ઉયરે, તેર ઈગતીસઈ જમ્મુ. ૭૯

તેર ઈગતાલઈ મુનિપવરો, મહિમમહોદધિ સારુ ;
અગુણસટ્ઠઈ જાલઉરિ હુંઉ, આચારિજુ સુવિચારુ ૮૦

ગછનાયક એકહુતરઈએ, પાટણિ પયક પ્રમાણુ ;
ધર્મપ્રભસૂરિ તિયાણઈએ, આસોટઈ નિરવાણું. ૮૧

મરુમંડલ મંડણ નયરો, આઈચપુરૂ સુવિલાસુ ;
તહિં પુરિ નિવસઈ આસધરો, ગુણિ ગરૂયઉ શ્રીમાલુ. ૮૨

તસ નંદણુ ચાંપલ ઉયરે, પન્નયાલઈ અવયારુ ;
તેર બાવન્નઈ તિણિ નયરે, લીધઉ સંજનભારુ. ૮૩

સૂરિ તેર એકહુતરે, આઈચપુર વરઠાણિ ;
અણહિલ પુરિ ગુરુ ગચ્છધરો, તેર તિનઉઈ જાણિ. ૮૪

સિંહતિલકસૂરિ પન્નિયએ, નિરુવમુ જાસ વખાણુ ;
પણ નઉઈ સિરિખંભપુરે, જસ સુરલોઈ પયાણુ. ૮૫

તસ પય મહિયલિ અમિય કરો, વિહરઈ સંપઈ કાલિ ;
10 સિરિમહિંદપ્પહ સૂરિ ગુરો, ભરહખેત્તિ સુવિસાલિ. ૮૬

ઉસવંસહ વસ્તુ સીસ અવયસ, આભાકુલિ મંડણઉ ;
સયલ સુયણજણ કમલદિણયર નિંબિણિસુય

સુયજલહિંલઘ્ઘ પાર પરિવાર સુંદર
દરિસણિ નયણાણંદ કરો, સંજમસિરિઉરિ હારું ;
સિરિમહિંદપ્પહ ગુરુ નમઉ, જિન પામઉ ભવપારૂ. ૮૭

જીરાઉલિ જગિ જાણિયએ, માલ્હંતડે તાસ તડિઈ વડગામિ;
તેર તેસઠ્ઠએ ગુરુતણઉ મા, જમ્મુ અણોપમ ઠાણિ (મિ). ૮૮

વઈજલપુરિ પંચહુત્તરઈ એ મા. આચારિજ પય ધારૂ;
ખંભનયરિ અટ્ઠાણઉએ મા. ગુરુયઉ ગચ્છનરિંદુ
20 જસ જસો જગિ ઝગમગ કરએ મા. ગયણંગણિ જિનચંદુ. ૯૦

ગુહિરિમગુણિ મયર હર જિન. મહિમા ગુણિ હિમવંત;
સિરિમહિંદપ્પહસૂરિ ગુરો મા. મહિમંડલિ જયવંત. ૯૧

અણહિલવાડઈ વરનયરે મા. ચઉદ ચઉંઆલિ જાણિ;
કાતિયસુદિ તિથિ તેરસિહિ મા. પુહતઉ ગુરુ નિરવાણિ. ૯૨

તસપયનાયહુ ગુણ પવરો મા. ઉગિઉ અહિણવ ભાણુ;
તવતેજિહિં ઉક્કોઅકરો મા. જસ ગુણ મેરુ સમાણુ. ૯૩

નાણિયનયરૂ પસંસીઈએ મા. ઘણ કણિ રયણિ સમિધ્ધુ;
તહિ પુરિવુહરઉ વઈરસી હો મા. સાવયગુણિ સુપસિધ્ધુ. ૯૪

તસ ધરણિ નલૂઅઉંઅરિસરે મા. અવતરિઉ રાયહંસુ;
30 ચઉદ ત્રિડોતરઈ જાય ઉએ મા. પ્રાગુવંસિ અવતંસુ. ૯૫

ચારિતુ ચઉદ દહોતરઈ એમા. નાણિય નયરમઝારિ;
છવ્વીસઈ અણહિલ્લપુરે મા. ઠવિઉ સૂરિપઈ ભારિ. ૯૬

સકલુ સિધ્ધંતુ સોહામણઉ એમા. આગમ પઢિય અપારુ;
લક્ષણ છંદપ્રમાણ ગ્રંથ મા. જાણઈ સવિ અલંકાર. ૯૭

વયણિ સુધારસો વિથરઈ એ મા. મહુરિમ કરઈ વખાણુ;
વેદ પુરાણ વીરસે મા. રંજએ સુપરિ સુજાણુ. ૯૮

ચઉદ પણ યાલ એ ગચ્છધરો મા. અણહિલપુરિ સુવિસાલિ;
ચઉવિહ સંઘ મંગલિક કરે મા. વિહરઈ સંપઈ કાલિ. ૯૯

અણહલપુરિ સિરિખંભપુરે મા. જાંબૂ દેસિ સુરંગિ,
પદ ઠવણાં ઈગ્યાર ગુરે મા. કીધલાં જાગતે જંગિ.૧૦૦

વિક્રમ ચઉંદ એકહુતરઈ એ મા. પાટણિ પયડ પ્રસિદ્ધ;
સરગભૂમિયણ અલંકિઉએ મા. સૂરિજિ કીધીય દિનવૃદ્ધિ.૧૦૧

પાટિ બઈઠા પ્રભુ તણઈ એ મા. શ્રી જયકીરતિસૂરિ;
વન્નિસુ હિવ જિણિવાસીઉ એ, તિહુયણ કિત્તિ કપૂરિ.૧૦૨

મરુ મંડલ ધુરિ તિમિરપુરે, તિહિ નિવસઈ ચઉસાલ;
શ્રી શ્રીમાલી સધર નરો, સંઘાહિવ ભૂપાલ.૧૦૩

તસુ ભક્કા ભરમાલ ઉયરે, તેત્રીસઈ અવતાર;
સકલ સુલક્ષણ જનમીઉ એ, નામિહિં દેવકુમાર.૧૦૪

શ્રીમેરુતુંગસૂરિ સઈ હથિઈ એ, ચઉંઆલઈ ચારિત્ત;
આચારિજ પદ ખંભપુરે, સત સકઈ સંપત.૧૦૫

ચઉદ ત્રિહુત્તરઉ ગચ્છગુરો, અણહિલપુર વર માહિં;
સયલ સંઘ કુતિગ કરઈ એ , ઉચ્છવ અતિ ઉચ્છાહિં.૧૦૬

દસવિહ ધમ્મ પયાસગરે, થિર થાપઈ જિણભાણ;
જિણસાસણ ઉદ્યોત કરો, પુહવિહિ પયડ પમાણ.૧૦૭

અમીય વાણિ વક્ખાણ રસે, રંજયા જાણ અજાણ;
સોવન જિમ કસવટ્ટ કસે, રહે રહી જગિ જાણ.૧૦૮

દેસિ વિદેસિ જિ સુવિહં પારે, ભવિયણ પડિબોહંતિ;
ચઉવિહ પરિકરઈ એ, ભરહ ખેત્તિ વિહરંતિ.૧૦૯

આચારિજ ઉવજઝાય વર, મહત્તરસ્યું જગિ સાર;
પદઠવણાં કીધા પનર, જાણી ગુણભંડાર.૧૧૦

હર જેત જિમ જિણ ધર્મ્મરસે, સંતોખીય સંસારિ;
સંવત પનહર સય વરસે, પહુતા પઈલઈ પારિ.૧૧૧

ઠવણિ

રાગ – રાજ વલ્લભ

શ્રી જયકીરતિસૂરિ તણઉ, ગુરુપાટિ પયડીય જગ થુણઈ;
શ્રી જયકેસરિસૂરિ સરો, હિવ વન્નિસુ ગચ્છ ધુરંધરો. ૧૧૨

થાનનયર રલિયામણઉ સવિહું પરિ સહજિ સોહામણઉ;
તિહિં નિવસઈ વવહારીઉ, , ધન ધનનિ ધનદ સંભારીઉ. ૧૧૩

અલગ થિકા પ્રભુ સેવસી, તિણિ કારણિ તઉ નિસિ દેવસી ;
શ્રી સરસઈ ધરિ બે વસી, સુ જિ વહુરઉ વન્નિસુ નિસિ દેવસી. ૧૧૪

શ્રીશ્રીમાલી કુલ તિલઉ, ગુણ ગુરુયડિ ગુહિરિમ ગુણ નિલઉ ;
તસુ વામંગિ વખાણીઈ, સા સતી સરોમણિ જાણીઈ. ૧૧૫

લાખણદેવિ સુલક્ખણી, જિણિ જનમિઉ નંદન ગચ્છધણી ;
જનમ હૂઉ એકહુત્તરઈ, સંજમસિરિ વરી પંચહુત્તરઈ. ૧૧૬

જયકીરતિસૂરિ દીખિયા, સસમયપરસમય તિ સીખિયા ;
ચઉરાણવઈ સૂરિસરો, એકોત્તરઈ પનર ગચ્છેસરો. ૧૧૭

પાટઉદયગિરિ ઉગીઉ, ગુરુ સકલકલા સો ભાગીઉ ;
10 ઉદિત અનંક સ ઝલહલઈ, મન મોહ પડલ તમ જિમ ટલઈ. ૧૧૮

નેત્રચકોર કિ હરખિયા, કુ વલય જિન જનમન વિહસિયા ;
વયણિ અમૃતરસ મુખિ ઝરઈ, જય કેસરિસૂરિ સમતા ધરઈ. ૧૧૯

સુગુરૂ અપૂરવ ચાંદલુઈ, જગ જન મનિ અતિ આનંદલુ;
અમીયકુંડ નવ ઊલટઈઉ, નવરસપૂરિહિં સાંમટઈ. ૧૨૦

ખીરોદહિ લહરિ કિઉમટઈ, સસિકર કરણિ સંઘટ ઈ;
વાણિ કડક્ખ કિ ચુપટ ઈ, નિહિ અંજન જન કિહિં નીમટઈ. ૧૨૧

દેસણ નવ તત્ત ઊગટઈ, જય કેસરિ ગુરુ તણીએ ઘટઈ;
ગોયમગુરુ ફિરિ અવતરિઉ, લખ લબધિ સિધ્ધિ સુયરસ ભરિઉ. ૧૨૨

વયરકુમર ફિરિ અભિનવુ, સોભાગિહિં કવિયણ કિમ કવુ;
20 સુંરતરૂ સુરમણિ સુરગવી, ગુરુ સંપય વિહિવ્હ રઈ સુણિ ભવી. ૧૨૩

દો આચારિજ મણહરુ ઉવજઝાય સત્ત તહ મહત્તરુ;
થાપીય દસ સિરિપદ વરુ, ઈગુયાલઈ સરગિ ગયા ગુરુ. ૧૨૪

ઈણપરિ સવિ ગણહર કહિયા મા. હિવ આયરિય ભણિસુ;
સિરિપુણ્યપહસૂરિ ગુરો મા. જયપ્રભસૂરિ સુ ભણેસુ. ૧૨૫

ભુવણતુંગસૂરિ ભુવણભાણું મા. સિરિમહિપ્પહ સૂરિ;
ગુણસમુધસૂરિ ગુણનિહાણુ મા. પાવુ પણાસએ દૂરિ. ૧૨૬

સુમતિકરણ સિરિ સુમતિ સિંહ મા. વીર સિંહ સૂરિ રાઉ ;
ધર્મ્મસિંહ સૂરિપ્પય નમું મા. હિયઈ ધરવિ બહુ ભાઉ. ૧૨૭

અભયદેવસૂરિ અભય કરો મા. ગુરુયઉ મેરુસમાણ;
30 પ્રજ્ઞાતિલકસૂરિ પ્રણમિયઈ મા. અતિસય તણું નિધાનુ. ૧૨૮

છઈ વિગઈ જિણિ પરિહારૂ કિય મા. ભાનુપાણિય સઠામિ;
જણમણ વંછિય સંપજઈ મા. પ્રજ્ઞાતિલકસૂરિ નામિ. ૧૨૯

સૂરિ જિણિંદ સિરિચંદપહો મા. સુહગુરો સહિ ઠાણંદુ ;
ધમ્મદેવસૂરિ સિરિતિલકઉ મા. સૂરિસરૂ સોમચંદ. ૧૩૦

સિરિમાલી વિજયપાલ સુઉ મા. ભોજત (ક) કુલિ અવઈન્નુ ;
અભયસિંહસૂરિ જે નમઉ, તે નર નારિય ધન્ન. ૧૩૧

વસ્તુ

દેસિ ગુજરિ. દેસિ ગૂજરિ, ગુહિરિ ગંભીરિ.
અણહિલપુરિ વરનયરિ, રિસહનાહજિણ ભુયણિ સુંદરિ,
છય થપ્પિય આયરિય, સિરિમહેંદ પહ સૂરિ કુંજરિ,
તિણિ દિણિ દિસી દિસી હરિસ વસિ મિલિઉ
ચઉવિહુ સંઘજગહ વદિતઉ, આઠ દિણ કીધઉ ઉતસઉરંગુ. ૧૩૨

સંવત ચઊદ વિસોત્તર વરિસિ આસાઢઈ સુદિ પાંચમિ દિવસે
સયલ–ગચ્છ આણંદ રસે; 10
વુવરિહિં પદઠવણું કીધઉં એઉ કાજ હેલાઈ સીધઉં સુહુગુરુ પાય પયાસ વસે.૧૩૩

ધર્મ્મતિલક સૂરિ પદ સુ ગણિ ઠ્ઠઈ, સોમતિલકસૂરિ સ થુણિ ઠ્ઠઈ;
સિરિમુનિશેખર સૂરિ ગુરુ સિરિમુનિચંદ સૂરિ જગસારો,
અભય તિલકસૂરિ સુવિચારો, સિરિજયશેખર સૂરિ ધારો. ૧૩૪

જિમ મયગલ રેવાજલિ ખેલઈ, સેરાહા જિમ વાલિહિં વેલિઈ;
જિમ મહુયર અરવિંદ રહઈ, જિમ ગયણંગણિ ગહગણ સોહઈ.
હંસ સરોવરિ જિમ મન મોહઈ તિમગુરુગણ ગણિ ગહગહઈએ,
તિમિરવિણાસણ જિમ રવિ દીપઈ, ગયદઉ જિમ પંચાગણિ જીવઈ.૧૩૫

ગંગાજલ મલુ હરઈ જિમ, ધારો ધરિ જિમ દવ ઉલ્હાઉ;
ગરૂડ નામિ જિમ ભુયંગ પલાઈ દુરિત વિણાસઈ સુગુરુતિમઈ.૧૩૬ 20

મોહરાયબલ મૂલહ ત્રોડઈ, મયણમહા ભડ મુહુ મચકોડઈ એઉદોહિલઉ;
તીહના થુણ્યા પારુ કુણ જાણઈ, મૂરખ માણસ કિસિઈ વખાણઉં જ
બોલઈ ત થોડિલઉ. ૧૩૭

જા સ મેરુ મહિમંડલિ સાયરૂ, જા ભૂમંડલ ચંદ દિવાયર જા નિશ્ચલ ભૂમિધર.
સંઘ કાઢી ભદ્રાવતિ આવ્યા રે, જિર્ણ દેરાસર સમરાવ્યાં રે;
સંઘ ભક્તિ ફલ બહૂ લાભ્યા, જિનેશર વીરપ્રભુ તમે ત્યાગી રે....૫

ઓગણીશ ઓગણચાલીસારો રે, ધ્વજા કલશ થાપે બહુપ્યારો રે;
માહ સુદ દશમી શુક્રે સુખકારો, જિનેશર વીર પ્રભુ તમે ત્યાગી રે...૬

જે જિનની ભક્તિ કરશે રે, તે અષ્ટ કર્મને હરશે રે;
સુમતિવિનય થકી શિવ વરસે, જિનેશરવીર પ્રભુ તમે ત્યાગી રે...૭

(પ્રતઃ કચ્છ કોડાયનો સંઘનો જ્ઞાન ભંડાર)

સુથરીતીર્થ પ્રણેતા ઉદિયા શાહ

પ્રગટ પ્રભાવક ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ પ્રભુના તીર્થધામ તરીકે સુથરીનો મહિમા સમસ્ત જૈન આલમમાં વિસ્તરવાની સાથે તીર્થ પ્રણેતા શ્રેષ્ઠી ઉદિયા મેઘા શાહની કીર્તિ પણ બધે ફેલાઈ છે. તેઓ સુથરીમાં એ પ્રભાવક પ્રતિમાને એવી શુભ ઘડીએ લાવ્યા કે તીર્થની સાથે સમસ્ત જ્ઞાતિની જાહોજલાલી પણ વધી. જ્ઞાતિની તવારીખમાં તેઓ ઈતિહાસ પુરુષ તરીકે પંકાયા આજે ભદ્રેસર તીર્થ પછી સુથરી તીર્થનું સ્થાન સૌથી મોખરે ગણાય છે.

કિંવદન્તી કહે છે કે ઉદિયા શાહ પથ્થરની ખાણમાં મજૂરી કરી પેટિયુ રળતા તંગ આર્થિક સ્થિતિના કારણે ખુદકુશી કરવા તૈયાર થયેલા. પણ દેવવાણી સાંભળી એમણે વિચાર માંડી વાળેલો. સ્વપ્નમાં એ રાતે અધિષ્ઠાયક દેવે પરચો આપ્યો, કે અમુક વેપારી પાસે જજે. તે ૨૦૦ કોરી આપશે. તેમાંથી લેણદારોને પતાવતાં ૧૦૦ કોરી બચશે. તે લઈ ગોધરા ગામની ઉગમણી પાદરે જજે. ત્યાં છીકારી ગામના દેવરાજ વણિક મળશે. તેની બળદની પોઠમાં પ્રતિમાજી હશે તેને બાકીની ૧૦૦ કોરી આપી લઈ આવજે. તારો ઉદય થશે.

વળતે દિવસે સ્વપ્ન સંકેત મુજબ બધું ઘટતું ગયું. પ્રતિમાજીને ઘેર લાવી તેણે કોઠલામાં સંતાડી દીધાં. કહેવાય છે કે કોઠલામાં ચમત્કારી પ્રતિમાજીના પ્રભાવથી લબ્ધિનો વાસ થતાં તેમાં મુકેલી ખાદ્ય સામગ્રી અખૂટ રહી. ઘૃત ઘણા દિવસ સુધી વાપરવા છતાં ખૂટયું નહિ. વાટકો ભરીને ત્યાંની પોશાળના ગોરજી જ્ઞાનસાગરજીને અખંડ દીવા માટે આપી આવ્યા. તોયે ઘી ઘટયું નહિ !

ઉપરાઉપરી આમ થતાં ગોરજીને શંકા જાગી. એટલે પૃચ્છા કરતાં ઉદિયાને પેટ છૂટી વાત કહી દેવી પડી. જ્ઞાનસાગરજીએ એ પ્રતિમાજી સંઘને સોંપી દેવા સમજાવ્યા પણ ઉદિયા શાહ રાજી ન થયા. અનુશ્રુતિમાં આ અંગે ઘણી વાતો સંભળાય છે. કેટલાક કહે છે કે પ્રતિમાજી સંઘને સોંપી દેતાં હાલ જ્યાં જિનાલય છે ત્યાં કાષ્ટ ચૈત્ય ઉભું કરી તેને તેમાં સ્થાપવામાં આવ્યાં. ઘોરી માર્ગને અડીને વિશાળ ચોક વચ્ચે આંબલીના વૃક્ષ નીચે સંઘે કાષ્ટ ચૈત્ય તૈયાર કરાવેલું. વિ. સં. ૧૭૨૧ ના વૈશાખ સુદિ ૮ ના દિને એ પ્રતિમાને તેમાં સ્થાપવામાં આવી હોવી જોઈએ. જૂના રિવાજ મુજબ સ્થાપનાની મિતિ એજ રહેતી. જીર્ણોદ્ધાર થાય તો પણ સામાન્યતઃ તેમાં ફેરફાર ન થતો. હાલમાં પણ તેની વર્ષગાંઠ એ દિવસે આવે છે.

વૃદ્ધવાદ એવો પણ ચાલે છે કે ઉદ્દેસી શાહનું વૃધ્ધાવસ્થાને લીધે મગજ બગડતું ત્યારે તેઓ ત્યાંથી પ્રતિમા ઉપાડીને પુનઃ કોઠલામાં મુકી દેતા. કોઈ વળી એમ કહે છે કે ત્યાં તેઓ વારંવાર પ્રગટ થતાં એમના પ્રાગટયથી ઉદ્દેસી શાહનું ઘર રિદ્ધિસિદ્ધિથી સભર

રહેતું. પ્રતિમાના નામકરણ બાબતમાં એવી વાત સંભળાય છેક કે એક વખત ઉદિયા શાહે નાત જમાડેલી પણ તેમાં ઘી ખુટી જશે એમ જણાતાં એમણે ઘીના કૂડલામાં પ્રતિમાજી મૂકી દીધાં, જેથી છૂટથી પીરસવા છતાં ઘી અખૂટ રહ્યું. ત્યારથી પ્રતિમાજી 'ઘૃતકલ્લોલ' તરીકે બધે પ્રખ્યાત થયાં.

પૂર્વ ઈતિહાસ :

તથ્યોની જાણકારીના અભાવે આ તીર્થનો પૂર્વ ઈતિહાસ આવા ચમત્કારી કથાનકોમાં આવૃત રહેલો. અહીં પહેલીવાર તથ્યો પ્રકાશમાં આવતાં તેનાપૂર્વ ઈતિહાસ સાથે જોડાયેલી સંદિગ્ધતાઓ આપો આપ દૂર થઈ જશે. અલબત્ત, આ પ્રતિમાજી છીકારીથી આવ્યાં છે એ બાબતમાં કોઈ પ્રવાદ નથી. અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં લખ્યું છે કે પ્રતિમાજી મંત્રી બાંધવ વર્ધમાન–પદ્મસિંહ શાહ લાલણ કારિત જિનાલયમાં હતા. +એ વિધાન ભ્રાન્ત છે. વાસ્તવમાં એ જિનાલય એમણે નહિ, પણ વીસરીઆ મંત્રી બાંધવ ઢૂંઢા શાહ અને કોડણ શાહે નિર્માણ કરેલું એમનો પરિચય ગોત્રવહી દ્વારા આ રીતે મળે છે.

"મંત્રી નાકર ભા. નાગલદે સુ૦ સવસી ૧, સોમાર સવરસી ભા૦ શોભાગદે પુ. કોડણ ૧, ઢૂંઢા ૨, રૂડા ૩. ઢૂંઢે કોડણે છીકારી ઈ પ્રાસાદ શિખરબંધ કરાવ્યો."

એ જિનાલયમાં કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી શત્રુંજયગિરિ ઉપર વિ. સં. ૧૬૭૫ ના વૈશાખ સુદિ ૩ ને બુધવારે વર્ધમાન–પદ્મસિંહે ૨૦૪ જિનબિંબોની અંજનશલાકા કરાવેલી તે પૈકીની એક પ્રતિમાજી મૂલનાયક પદે સ્થાપવામાં આવેલી. બાકીની પ્રતિમાઓ એમણે શત્રુંજયગિરિ ઉપર બંધાવેલાં બે જિનાલયો ઉપરાંત જામનગર તેમજ મોડપુર જિનાલયો વિગેરેમાં સ્થાપિત થયેલી. ભૂચર મોરીના યુદ્ધ પછી જામ જશવંતસિંહે મોટા મોટા વેપારીઓ પાસેથી યુદ્ધના ખર્ચ રૂપે મોગલસુબાને આપવાની થતી રકમ ઉઘરાવેલી. એના વિના બાન પકડાયેલા જામનરેશ સત્તાજી મુકત થઈ શકે એમ ન હતું. ત્યાં સુધી મોગલોનું થાણું પણ જામનગરમાંથી હટે એમ નહોતું. આવી વસૂલાત સારાયે રાજ્યમાં થયેલી. તેમાં જોરજૂલમ પણ થયેલાં. આવા કોઈ કારણોસર છીકારીના જૈનોને ગામ છોડવું પડેલું. જેનું વિવરણ હાલાર સંબંધિત પ્રકરણમાં આપ્યું છે.. છીકારીના વીસરીઆઓ ત્યાંથી સુથરીમાં આવી વસેલા. ગોત્રવહીમાં તેનું સ્પષ્ટ પ્રમાણ છે.

"મંત્રી ગંગા ભા૦ ગંગાદે સુ૦ રંગા. અંધ મંત્રી જયતા ભા૦ જસમાદે છીકારી ગ્રામે નવાનગર પાસે મંત્રી નીના ભા૦ ચાંપૂ સુ૦ સીપા ૧, સીરાજ ૨, વધા ૩. સીપા ભા૦ લાડિદે સુથરી કચ્છે."

વીસરીઆઓ નાંદુરીમાં પણ રહેતા હતા. ત્યાથી કોઠારામાં વસ્યા. ગોત્રવહીમાં ઉલ્લેખ છે કે– "પૂર્વે હાલે હતા, નાંદૂરી મધે. પછિ કોઠારિ વાસ્તવ્ય." છીકારીની કલંકિત કથાના ભાગ રૂપે તેઓ વખાના માર્યા કચ્છમાં આવી અબડાસામાં વસી આપણી જ્ઞાતિમાં ભળ્યા. તેઓ પોતાની સાથે છીકારીના ઉત્થાપિત જિનાલયની પ્રતિમાજી પોતાની સાથે લાવેલા જે હસ્તાંતરિત થતાં આખરે સુથરીમાં આવ્યાં.

આગળ આપેલા ચમત્કારી કથાનકમાં ઉદિયા મેઘા શાહની જે વાત છે તેઓ સાયલા ગોત્રના હતા, જે વીસરીઆ મોતાગોત્રની જ એક શાખા છે. તેમના વડવાઓ સાયલા રાજ્યમાં મંત્રીપદે રહેવાથી તેના વંશજો એ નામે અભિહિત થયા. તેઓ પણ એ અરસામાં જ હાલાર થઈ સુથરીમાં આવી વસેલા. જે ઉક્ત હકીકતને સમર્થન પુરૂં પાડે છે. એ બધી વાતોની પીંજણમાં પડવાને બદલે તેને ચમત્કારિક પ્રસંગમાં ઢાળી દેવામાં આવી છે. કિન્તુ ઈતિહાસ તેનો કેડો પકડયા વિના રહે નહિ.

આજે પણ છીકારીમાં ઢૂંઢા શાહ અને કોડણ શાહે બંધાવેલું એ જિનાલય મોજૂદ છે. પણ તેમાં હવે ઠાકોરજીની પ્રતિમાજી બિરાજે છે. ઘૃતકલ્લોલની પ્રતિમાજીનો પાછલો ભાગ સિમેંટમાં દબાઈ ગયો હોવાથી તેની પાટલીનો એ તરફનો લેખ વંચાતો નથી પણ "શ્રી અંચલગચ્છે શ્રી કલ્યાણસાગરસૂરિણા મુપદેશેન શ્રી પાર્શ્વનાથ બિંબં કારિત" વિગેરે સ્પષ્ટ વંચાય છે., જે ઉક્ત અંજનશલાકાની વાતને ગલ્તાહી પુરી પાડે છે. જૂની વહીનું પ્રમાણ ઉપલબ્ધ ન રહ્યું હોત તો પૂર્વ ઈતિહાસધુંધળો બની રહેત.

ભૂચર મોરીના યુદ્ધ પછી મંત્રી બાંધવ વર્ધમાન–પદ્મસિંહ શાહ લાલણે નવ લાખ કોરી આપી ત્યાંથી ચલતી પકડી. તેમને દસેક હજાર ગુર્જર ઓસવાળો અનુસર્યા. જામ રાવળે ઓસવાળો માટે ૯૪ ગામો નવાં વસાવેલાં તેમાંથી ૪૨ ગામો તદ્દન ખાલી થઈ ગયાં. ઈત્યાદિ બાબતો વિષે કહેવાઈ ગયું છે છીકારીની ઘટના પણ તેના ભાગ રૂપે જ ઘટેલી.

સુથરીના પુરાણા ઉત્કીર્ણ લેખો

સુથરી જિનાલયના પરિસરના પથ્થરના ઢગલામાંથી ભુખરા પથ્થરની બે શિલાઓ મળી આવી, જેના પર લેખો કોતરાયેલા હતા. જડાયેલા ન હોવા ઉપરાંત ખુલ્લા ઢગલામાં રહેવાના કારણે તાપ અને વર્ષાને લીધે તેના શબ્દો ખંડિત થઈ ગયા છે. છતાં મહા પ્રયત્ને તેનો લેખ આ પ્રમાણે વાંચી શકાયો છે–

॥ શ્રી અંચલગછે સુથરિ મધ્યે. ઉશવંશ જ્ઞાતિ સા. ઉદીઆ મેઘા. સંવત ૧૭૨૧ મધ્યે પ્રથમ ઉપાસરો તથા પાર્શ્વનાથ બિંબ

સંવત ૧૬૭૫ મધ્યે પૂજ્ય ભટ્ટારક શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી પ્રતિષ્ઠિત થયા. તથાં ઘરતી પ્રાજાર. પજોસણ મધ્યે પોસા જમે. જાલ છૂટે તથાં પ્રભાવના તથા જોડી અંમાદેવી ઉદીઆના વંશના પ્રથમની મરજાદે પાલે સહી. સંવત ૧૮૯૫ના વૈશાખ સુદ ૮ રવૌના મહારાજ નીચા તરના ઘર માંહેથી શિખરબંધ દેહરા મધ્યે બિરાજ્યા. સં. ૧૯૧૦ મધ્યે ઉપાસરો નવો કીધો. તે મધ્યે રકમ ૨૦૦ આપ્યા. સાહમીવચ્છલ કીધો સા.ચાંપસી માડેઆણી, સા૦ રાઘવ દામજી, સા૦ હીરજી જેતશી, સા૦ ખીંઅરાજ ઉદેસી જણ ૪ અમારા વંશનો પાલે. જાડેજા શ્રી૭ મોરારજી ભારાજી તથા વાઘાજી દાપજી વિજે રાજ્યે. પૂજ્ય ભ૦ શ્રી મુક્તિસાગરસૂરી ઉપદેશાત્ સં. ૧૯૧૦ ॥"

આ શિલાલેખ વિ.સં. ૧૭૨૧ થી ૧૯૧૦ સુધીનો બે સૈકાનો ઈતિહાસ રજૂ કરે છે. વિ. સં. ૧૭૨૧માં ઉદિયા મેઘા શાહે ગૃહચૈત્ય તથા ઉપાસરો બંધાવ્યાં, બે પ્રજા જમીન અર્પણ કરી. પ્રતિમાજી વિ. સં. ૧૬૭૫માં ગચ્છપતિ કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી પ્રતિષ્ઠિત થયાં હતાં. ઉદિયા વંશજાએ આ મર્યાદા પાળવીઃ પર્યુષણમાં પોસા જમાડવા, જાળ છોડાવવી—અર્થાત્ અમારી પડાવવી, પ્રભાવના કરવી તથા કુળદેવી અંબામાતાને કપડાની જોડ પહેરાવવી. શિખરબંધી જિનાલય થતાં વિ. સં. ૧૮૯૫ના વૈશાખ સુદિ ૮ ને રવિવારે પ્રભુ નીચા તળેથી ઊંચા તખ્તે બિરાજમાન થયા. વિ.સં. ૧૯૧૦માં નવો ઉપાસરો બંધાયો. આ કાર્યમાં ઉદિયા શાહના વંશજો, જેના નામ લેખમાં છે, તેમણે દ્રવ્ય સહાય કરી સ્વામીવાત્સલ્ય કર્યું લેખમાં સુથરીના તે વખતના ગ્રામાધિપતિનાં નામ ઉપરાંત ગચ્છપતિ મુક્તિસાગરસૂરિનો ઉલ્લેખ પણ છે, જેમના ઉપદેશથી નવીન જિનાલય—ઉપાશ્રય નિર્મિત થયાં.

દ્વિતીય શિલાલેખમાં જણાવાયું છે કે વિ. સં. ૧૯૪૧ ના વૈશાખ સુદિ ૧૦ ને રવિવારે ગચ્છપતિ વિવેકસાગરસૂરિના ઉપદેશથી ખીંઅરાજ ઉદેસી અને તેમના બંધુ તેજસી ઉદેસીએ સુથરીમાં વિશાળ ધર્મશાળા બંધાવી સંઘ નિમંત્રણ કરેલું, જેમાં ૧૨૦૦૦ કોરીનો ખર્ચ થયેલો. શિલાલેખમાં આ પ્રમાણે વંશાવલી આપી છે : હરઘોર—વીસર—ઉદેસી— ખીંઅરાજ અને તેજસી.

પહેલા શિલાલેખમાં કહેલા રાઘવ દામજી, હીરજી જેતસી તથા ખીંઅરાજ ઉદેસી, જેઓ ઉદિયા મેઘા શાહના વંશજો હતા, તેમનો વંશ વેલો હાલમાં રહ્યો નથી. માત્ર ચાંપસી માડેઆણીનો વિસ્તાર છે. તેમના પુત્ર જેઠાભાઈના પુત્રો કાનજી અને આસારીઆના વંશજો મળીને સુથરીમાં સાયલા ગોત્રજનોની સંખ્યા સુથરીમાં માત્ર ૨૮ની રહી છે. એક જમાનામાં સુથરીમાં સાયલાઓની વંશવૃદ્ધિ એટલી બધી હતી કે ઉદિયા મેઘા શાહના વંશજોની ઉદિયાણ નામે શાખા ચાલુ થયેલી. તેમાં થયેલા વંશધરોએ સુથરીમાં નાત મેળાઓ યોજેલા, જેના ઉલ્લેખો "અબડાસાનું લખત"માં છે, જુઓ—

"નીતા કે લપઈ, સુથરી, ઉદીઆ."
"ધનરાજ કે લપઈ, સુથરી ઉદીઆ."
"હરસી કે લપઈ, સુથરી, ઉદીઆ."

વિ. સં. ૧૮૬૯—૭૦ માં મરકીનો ભયંકર ઉપદ્રવ ફાટી નીકળતાં આપણી જ્ઞાતિની ત્રીજા ભાગની વસતી તેના ખપ્પરમાં હોમાઈ ગઈ. આ વાત તે વખતના સર્વેક્ષણને આધારે છે. કાંઠાળ તરફના ગામોમાં તેનું પ્રમાણ અડધો અડધ જેવું પણ હોઈ શકે. સાયલાગોત્રની સંખ્યા નહિવત થઈ ગઈ. તેમાં ઉદિયાણ શાખાનું તો નામોનિશાન મટી ગયું. આવું આપણાં બધાં ગોત્રોમાં બન્યું છે. સ્ત્રીઓનું પ્રમાણ અસંતુલિત હતું તેમાં વધારે અસમાનતા ઊભી થઈ.

સુથરીની બાબતમાં બીજી નોંધપાત્ર વાત એ છે કે ત્યાં ગુર્જર ઓસવાળોની ત્યાં પ્રમુખ વસતી હતી. તેઓ ત્યાંથી ભૂજ, માંડવી અને મુંદ્રા યા અંજાર તરફ સ્થાનાંતરિત થયા. શિખરબંધી જિનાલયના નિર્માણમાં એમનો પ્રમુખ ફાળો હતો. તેની પ્રતિષ્ઠાનો રાસ ઉપલબ્ધ થાય છે તેમાં વિગતવાર વર્ણન છે, તેની વિશેષ જાણકારી માટે જુઓઃ "કચ્છનું પ્રભાવક જૈન તીર્થ સુથરી."

સુથરી હાલમાં કચ્છની મોટી પંચતીર્થીનું મુખ્ય ધામ બન્યું છે. તેના પ્રણેતા ઉદિયા મેઘા શાહને સુથરી જૈન સંઘે ભાદરવા સુદિ ૫ના દિને શિખર ઉપર ધ્વજારોપણ કરવાનો વંશપરંપરાગત હક્ક આપીને એમની સ્મૃતિ જીવંત રાખી છે. સુથરીમાં ઘૃતકલ્લોલની પ્રભાવક પ્રતિમાજી લાવીને એમણે સુથરીની જ નહિ સમસ્ત જ્ઞાતિની તવારીખમાં નવો મોડ આપતું ઉજવળ પ્રકરણ આલેખ્યું છે.

(૧૭૩) શ્રી ઘૃતકલ્લોલ જિન સ્થાપના રાસ સાર.

અચલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી મુક્તિસાગર સૂરિ મ. સા૦ના પ્રશિષ્ય મુનિ ક્ષમાલાભે વિ. સં. ૧૮૯૫ ના વૈશાખ સુદ ૧૦ ના ત્રિઢાળ રચના કરી છે. શ્રી સુથરીતીર્થમાં શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા થઈ ત્યારે કવિશ્રી મહોત્સવમાં ઉપસ્થિત હતા.

પ્રથમ ઢાળમાં દેવ—ગુરુને વંદન કરી મહોત્સવમાં વિ. સ. ૧૮૯૫ વૈશાખ સુદ ૫ ના જલયાત્રા, સુદ ૬ ના પૂજા, સુદ ૭ ના રથયાત્રા, સુદ ૮ ના પ્રભુ પ્રતિષ્ઠા થઈ. સુદ ૯ ના મૂળ ગભારાનો દ્વાર પુરબાઈએ ખોલાવ્યા હતા.

આ પ્રતિષ્ઠા મહોત્સવમા દેશ દેશના ભાવિકો પધાર્યા હતા. સુંદર શાસન પ્રભાવના થઈ. મુનિ ક્ષમાલાભે પ્રતિષ્ઠાનું વર્ણન કર્યું છે.

૧૭૩ શ્રી ઘૃતકલ્લોલ જિન-સ્થાપના ત્રિઢાળીયું રાસ

કર્તા : શ્રી ક્ષમાલાભજી રચના વિ. સં. ૧૮૯૫, વૈશાખ શુદિ ૧૦

॥ ઢાલ ૧ ॥

॥ સોહંકર સિદ્ધાચલ શેરી - એ દેશી. ॥

સરસતી સામણી ચિત્ત ધરી, જિનને વંદુ ભગતે કરી; ગુરુવાદિકને પાયે પડી, વિવેકી થ્યા નર સેં સેવો;
એહ સમાંન નહીં મેવો. ॥ વિવેકી૦ ૧ ॥

શ્રી કચ્છદેશ ભલો રાજે, સુથરી માંહે પ્રભુ છાજે; ઘૃતકલ્લોલ પ્રભુ સીઝે. ॥ વિવેકી૦ ૨ ॥

પરતા પૂરણ જિનરાજ, સહુ સંઘના સારે કાજ; મુગતિ તણો આપે રાજ. ॥ વિવેકી૦ ૩ ॥

સંવત ૧૮૯૫ ભલો, માધવ માસે સંઘ મિલ્યો; સુદ આઠમી રવિવાર તિલો. ॥ વિવેકી૦ ૪॥

10 સંઘ મિલ્યો બહુ દેસ તણો, ઓછવ મહોચ્છવ થાયે ઘણો; સંઘ સકલ આણંદ ભણો ॥ વિવેકી૦ ૫ ॥

સુદ પંચમી જલજાત્ર ભલી, માધવ છઠની પૂજા વલી; રથજાત્રા સાતમે થાયે ભલી ॥ વિવેકી૦૬॥

અષ્ઠમીને દિને કર ચડતે, ચાર ઘડી દિન ચડી જુગતે; શ્રી ઘૃતકલ્લોલ બેઠા તખતે ॥ વિવેકી૦ ૭॥

તોરણ દંડ ધજા લહેકે, ચંદન અગરં બહુ મહકે; જિનશાસન તેજે ઝલકે ॥ વિવેકી૦ ૮ ॥

મંગલિક વાજા વાજંતા, ગીત-ગાન ઘણા ગાતા; ક્ષમા ભક્તિએ પૂજંતા. ॥ વિવેકી૦ ૯ ॥

॥ ઢાલ ૨ ॥

॥ વાલજીની વાટકી અમે જોતા રે - એ દેશી ॥

તિહાં સંઘ મિલ્યા બહુ ભાવે રે, ભૂજ માંડવી મુનરાનો આવે રે;
કંઠી હાલાઈ બહુ સુખ પાવે રે, ભવિજન ભાવશું જિન સેવો રે;
જગમાં એહ સમો નહિ મેવો ॥ ભવિ૦ ૧ ॥

20 અબડાસો દેશ સુચંગ રે, જિહાંનો મિલિયો બહુ સંઘ રે;
આવ્યા છે સહુ ઉછરંગ, ભવિ૦ ॥ભવિ૦ ૨॥

નલિયા નગર અતિ સુખકાર રે, જિહાં નરશી નાથા છે સાર રે;
નાગડા ગોત્ર તણો શણગાર, ॥ ભવિ૦ ૩ ॥

તસ સુત હીરજી ભારજા જાણો રે, પૂરબાઈ નામ વખાણો રે;
જિણે જૈન ધરમ મન આણ્યો, ॥ ભવિ૦ ૪ ॥

ઈમ સંઘ સહુ જિન સેવે રે, દ્રવ્ય-ભાવ દોયે વિધે સેવે રે;
એવી અમૃત સુખડી લેવે, ॥ ભવિ૦ ૫ ॥

હવે નવમી દિને સહુ આવે રે, જિન-દર્શન ઉછકતાવે રે;
સહુ સંઘ મિલ્યો તિહાં ભાવે, ॥ ભવિ૦ ૬ ॥

30 શા. ગુલાલચંદ તિહાં ભાવે રે, મૂલ ગંભારા દ્વાર ઉઘડાવે રે;
સહુ સાજન આનંદ પાવે; ॥ ભવિ૦ ૭ ॥

ચૌમુખના ચ્યારે દ્વાર રે, પૂરબાઈ ઉઘડાવ્યા તિવાર રે;
સંઘ-જાત્રા કરે તવ સાર, ॥ ભવિ૦ ૮ ॥

સહુ સંઘને મન ઉલસીઆ રે, શ્રી ઘૃતકલ્લોલ મનમાં વસિયા રે;
જિન–દરસણ કરવાના રસિયા, ॥ભવિ૦૯॥

ઈમ નામ રાખ્યો સહુ માંહે રે, જિન–સંઘને અધિક ઉછાહ રે;
ક્ષમાલાભ પ્રભુ ગુણ ગાયે, ॥ ભવિ૦ ૧૦ ॥

॥ ઢાલ – ૩ ॥

॥ શ્રી ઓધવ માધવને કેજો – એ દેશી ॥

ઈણિ પરેં જે જાત્રા કરશે, આ ભવ પરભવ સુખ વિલસે;
લીલા લચ્છી બહુ વરસે રે, શ્રી જિન–શાસન રંગે રસે;
મનડા માંહે હરખ રસેં રે ॥ શ્રી જિન૦ ॥ ૧ ॥

લખમી લાહો ઈમ લીજેં, દાંન સુપાત્રેં નિત દીજે; 10
તો મનવંછિત ફલ સીઝે રે, ॥ શ્રી જિન૦ ॥ ૨ ॥

શેત્રુંજાદિક તીર્થ કરે, ગુરુ–ભક્તિ મન માંહે ધરે;
તો ભવ–સાયર સહેજેં તરે રે, ॥ શ્રી જિન૦ ॥ ૩ ॥

સંવત અઢાર પંચાણું વરસે, વઈશાખ શુદ દસમી દિવસે;
સ્તવના કીધી રંગ રસેં રે, ॥ શ્રી જિન૦ ॥ ૪ ॥

અંચલગચ્છપતિ દીપંતા, મુક્તિસાગરસૂરિ શોભંતા;
મિથ્યા–તિમિર સવિ હરતા રે, ॥ શ્રી જિન૦ ॥ ૫ ॥

કહે ક્ષમાલાભ હઈયે ધરજો, સુકૃત કરણી નિત કરજો;
આગમવાણી અનુસરજો રે, ॥ શ્રી જિન૦ ॥ ૬ ॥

(૧૭૪–૧૮૪) ૧૧ સ્તવનો–ગરબી 20

અત્રે પ્રભુ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથના ૧૦ સ્તવનો વિ. આપ્યા છે. (૧) પૂ. મુનિ માનસાગરજીના શિષ્ય શ્રી રંગસાગરજીએ વિ. સં. ૧૮૫૧ ચૈત્ર શુદિ ૧૦ ના અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી પુન્યસાગરસૂરિ મ. સા. સાથે સુથરી તીર્થે પધારીને પ્રભુને જુહાર્યા અને ૯ ગાથામાં સ્તવના કરી છે.

(૨) વિ. સં. ૧૮૮૨ ના ફાગણ વદ ૪ ના પૂ. મુનિ મેઘશેખરના શિષ્ય શ્રી ગુલાબશેખર સંઘવી મોણશી અંચલજીના સંઘમાં સુથરી તીર્થે પધાર્યા ત્યારે પાંચ ગાથાથી પ્રભુજીની સ્તવના કરી છે.

(૩) શ્રાવક કવિ પ્રેમચંદજીએ વિ. સં. ૧૮૮૬ ચૈત્રી પૂર્ણિમાના દિવસે પ્રભુજીની પૂજા કરીને ૬ ગાથાથી પ્રભુ સ્તવના કરી છે.

(૪) વિ. સં. ૧૮૯૦ ની આસપાસ પૂ. મુનિશ્રી તેજલાભના શિષ્ય શ્રી મેઘલાભે ૪ ગાથામાં પ્રભુ સ્તવના કરી છે.

(૫) અચલગચ્છાધિપતિ ૫. પૂ. આ. ભ. શ્રી મુક્તિસાગરસૂરિ મ. ની આજ્ઞાથી વિ. સં. ૧૯૦૩માં સુથરી તીર્થે પૂ. મુનિ વિનયસાગરજી તથા શ્રી ચતુરસાગરજી ચાતુર્માસ રહ્યા ત્યારે શ્રાવણ સુદિ ૬ ના દિવસે ૬ ગાથામાં આ સ્તવન રચના કરી છે.

(૬) વિ. સં. ૧૯૩૮ માગશર સુદી ૧૧ને ગુરુવારના મુનિ તિલક કુશલે સુથરી તીર્થે યાત્રા કરીને ૬ ગાથાનું સ્તવન રચ્યું 30
છે.

(૭–૮) અચલગચ્છાધિપતિ ૫. પૂ. આ. ભ. શ્રી ગૌતમસાગરસૂરિના આજ્ઞાવર્તિ ઉપાધ્યાય રવિચન્દ્રજી વિ. સં. ૧૯૮૦ આષાઢ અમાવાસ્યા બુધવાર. તા. ૨૭–૭–૧૯૨૭ના સુથરી તીર્થે ચાતુર્માસ રહ્યા તે સમયે પાંચ અને ૧૧ ગાથાના સ્તવનો રચ્યા છે.

(૯) અચલગચ્છાધિપતિ ૫. પૂ. આ. ભ. શ્રી ગૌતમસાગરસૂરિજીની સેવા અર્થે પૂ. ઉપા. શ્રી ગુણસાગરજી આદિ ઠાણા સુથરી તીર્થે વિ. સં. ૨૦૦૨ થી ૨૦૦૫ સુધી ૪ ચાતુર્માસ કર્યા. ત્યારે વિ. સં. ૨૦૦૪ ની સાલમાં સ્તવન ચોવીશીની રચના કરી તે સમયે આ સ્તવન પણ રચ્યું છે.

(૧૦) વિ. સં. ૨૦૫૩ની સાલમાં પૂ. મુનિરાજ શ્રી સર્વોદયસાગરજી મ. સા. પૂ. મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.

પૂ. મુનિરાજ શ્રી ચારિત્રરત્નસાગરજી મ. સા. આદિ ઠાણા ૩ સંઘની વિનંતીથી ચાતુર્માસ રહ્યા એ દરમ્યાન શ્રી ૪૫ આગમ તપ–(૩) માસક્ષમણ –૧૬ ઉપવાસ – અઠ્ઠાઈઓ વિ. અનેક તપશ્ચર્યાઓ થઈ. ૧૩ પૂજનો, સ્વામિવાત્સલ્યો થયા. પ્રભુ કૃપાએ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ પૂજનનું સંકલન થયું અને એ પૂજન ભણાવાયું વિ. ઘટનાનું સ્તવનમાં વર્ણન છે.

(૧૧) વિ. સં. ૧૯૩૨ ના ચાતુર્માસમાં આસો શુદ ૧૫ ના દિવસે સાધ્વીશ્રી દેવશ્રીજીએ આ ગરબીની રચના કરી છે. ૧૬ કડી આપવામાં આવી છે. પણ વધારે હશે. એનું સંશોધન થવું ઘટે.

(૧૭૪) શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ સ્તવનો

(૧)

કર્તા મુનિ માનસાગર શિષ્ય રંગસાગરજી

રચના : વિ. સં. ૧૮૫૧ ચૈત્ર સુદિ ૧૦

ઘૃતકલ્લોલ પાસ પ્યારા, તમે મહેર કરો મહારાજ રે;
મારા પ્રભુજીને ચરણે હું આવું રે, દિલરંજન દરિસણ પાવું રે;
મહારા ઘૃતકલ્લોલ પાસ પ્યારા....૧

નગરી વાણારસી માંહી, તિહાં જિનજીનો જન્મ ઉછાહે રે;
અશ્વસેન કુલે તુમ આવીયા, માતા વામાદેવીના જાયા રે. મ૦....૨

છત્ર છત્રાદિ અતિ સોહે, એ તો મસ્તક મુગટ મન મોહે રે;
કાને કુંડલ શ્રીકાર, કંઠે સોહે નવસરો હાર રે. મ૦....૩

ચોંત્રીસ અતિશયે પૂરા, અષ્ટ કર્મ કષાય સવિ ચૂરા રે;
જિનપદ બિરુદ ધારઉ, ત્રણ લોકનો એ છે રાઉ રે. મ૦....૪

સિંગાસણ માથે ચતુર, મસ્તક મુખ વાણી પ્રકાશી રે;
ચામર ઢલાયે તિહાં જિનજીના ગુણ ગવાય રે. મ૦....૫

કઠિન તપસ્યા કીધી એતો, કેવલ પદવી લીધી રે;
તરણ તારણ તુમે તરિયા, મોક્ષ મારગ જઈને વરિયા રે મ૦....૬

અંચલગચ્છપતિ સોહે, પુન્યસાગરસૂરિ મન મોહે રે;
સુથરી શહેરે આવીઆ, એતો દિન દિન તેજ સવાયા રે મ૦....૭

અઢાર એકાવન વરસે, ચૈતર માસ મધે વરસે રે;
હરખે શુકલ પક્ષ દસમી સારી, ગુણ ગાયે આનંદ જુહારી રે. મ૦...૮

ભાવ ધરી ચિત્ત શુદ્ધે, સ્તવના કીધે મન રૂંધે રે;
માનસાગર ગુરુ પસાયે, શિષ્ય રંગસાગર ગુણ ગાયે રે મ૦....૯

(૨)

(૧૭૫) કર્તા–મુનિ મેઘશેખર શિષ્ય ગુલાબશેખરજી

રચના : વિ. સં. ૧૮૮૨ ફાગણ વદિ ૪

ઘૃતકલ્લોલ પ્રભુ પાસ જિણંદ, અશ્વસેન રાયા કુલે ઉપના દિણંદ;
મોરા પાસજી હો લાલ, પ્રભુ મુખ દેખી મારું મન હસે રાજ.....૧

માતા વામાદેવી જાયો પુત્ર રતન, જેણે નાગ–નાગણીના કીધા છે જતન;
મોરા પાસજી હો લાલ. એ આંકણી૦

કમઠનો મદ ગાળ્યો વાલે કીધાં રૂડાં કાજ,કલિકાળ માંહે જેનો પરતો છે આજ;

મારગ ભૂલ્યાને વાલો આપે સાદ, આપે સંપદા ને ટાળે વિખવાદ. મોરા૦....૨

બેડીઓ કાપે ને વાલો તારે છે જિહાજ, સમર્યાં આપે વાલો વંછિત કાજ;
દેશી વિદેશી આવે સંઘ અનેક, સુથરીમાં વાસ કીધો રાખી વાલે ટેક. મોરા૦...૩

મોણસી અંચલજીનું જાત્રાનું મન્ન, સંઘ લઈને આવ્યા સુથરી પ્રસન્ન;
સંવત અઢાર બેયાસીએ જાણ, ફાગુણ વદિ ચોથે ગાયો ગુણખાણ. મોરા૦....૪

ભેટયા શ્રી ધૃતકલ્લોલ જિનરાજ,પૂજા સત્તરભેદી કરે શુભ કાજ;
મેઘશેખર ગુરુના સુપસાયે, શિષ્ય ગુલાબશેખર ગુણ ગાય. મોરા૦....૫

(૩) (૧૭૬)

કર્તા–પ્રેમચંદ ગેલચંદ રચના : વિ. સં. ૧૮૮૬ ચૈત્રી પૂર્ણિમા

પ્રગટયા તે પૂરણ અવિનાશી, જી રે, કામ ક્રોધ સર્વે ગયા નાસી;
સુખદાયક છો સ્વામી, જીરે પલ પલ રૂપી પ્રભુ અંતરજામી....૧

કચ્છ દેશ પશ્ચિમ ધામ, જીરે, પાવન કીધા છે સુથરી ગામ;
ધન ધન ભાગ્ય ઉદય કીધા જી રે, પાર્શ્વ પ્રભુએ દર્શન દીધાં....૨

ધૃતકલ્લોલ પ્રભુ પરતાધારી, જી રે, દેરૂં ચણાવ્યું અતિ ભારી;
દેશ પરદેશના સંઘ આવે, જી રે, પૂજા રચાવે પ્રભુજીની ભાવે....૩

આંગી રચાવે ઉર ધરી માલા, જી રે, રત્ન કરે છે રૂડા ઝણકારા;
મુકુટ કુંડલ શિરે છત્ર ધારી, જી રે, ચંદ્રકલા શુભ દષ્ટિ તારી....૪

ભાવિ ભાવના ને પ્રભુ પૂજો, જી રે, નાથ વિના દેવ નહિ દૂજો;
પ્રભુ પૂજેથી ભવજલ તરીએ, જીરે, નામ લેતાં નવનિધિ વરીએ....૫

અઢાર છયાસી ચૈતર માસ, જીરે પૂનમે પ્રભુજી પૂજ્યા પાસ;
પ્રેમચંદ ગુરુ જ્ઞાની ભાવે જી રે, ધૃતકલ્લોલજીના ગુણ ગાવે....૬

(૪) (૧૭૭)

કર્તા–મુનિ તેજલાભ શિષ્ય મેઘલાભ

રચના : વિ. સં. ૧૮૯૦ ના અરસામાં

હો જિનરાય જિનેસર, શિવવધૂના તમે ભોગી;
પાસ જિનેસર અતિ અલવેસર, સંસાર સુખના ત્યાગી....હો૦ ૧

વંછિત પૂરણ ચિંતા ચૂરણ, મન શુદ્ધ સમરે લોગી;
રાગ દ્વેષ ટાળી કર્મને ગાળી, શિવપંથે થયા યોગી....હો૦ ૨

ભવિજન ભાવે યાત્રા આવે, પ્રણમે લળી પાય લાગી;
ભવિ પર મહેરે કરુણા લહેરે, ભાગ્ય દશા જસ જાગી....હો૦ ૩

સુથરી ગામે વસે શુભ ઠામે, તસ ચરણાં બુજ રાગી;
મેઘલાભ કહે પ્રભુ ધૃતકલ્લોલજી ને, નામે નવનિધિ જાગી...હો૦ ૪

(૫) (૧૭૮)

કર્તા–વિનયસાગર શિષ્ય ચતુરસાગરજી

રચના : વિ. સં. ૧૯૦૩ શ્રાવણ સુદિ ૬

ઉદયાપુર અતિ દીપતો – એ દેશી.

સુથરી ગામ મનોહરૂ, ત્યાં હાં શ્રી ઘૃતકલ્લોલ, લાલ રે;
સેવ સુખ મુગતિ આપતા, જાણે જ્યાન પ્રકાશ; લાલ રે. સુથરી ગામ ૦ એ આંકણી૦૧

કેશર ચંદન પૂજતાં, રચશું વિધ વિધ પ્રકાર લાલ રે,
આંગી રચી મન ઉલ્હસે, ધરતા નિર્મલ ભાવ લાલ રે...૨

દૂર થકી સંઘ આવીઆ, પરચો છે એણ ઠામ લાલ રે;
આસ્યા પૂરો સહુ તણી, દેજો ભવ ભવ કોડ લાલ રે...૩

તિર્યંચ ગતિના દુઃખથી, છૂટે નરકના ઠામ લાલ રે;
જ્ઞાન ગુણ માંહે સાક્ષતા, રહેશે તેહના નામ લાલ રે...૪

અંચલગચ્છપતિ દીપતો, મુક્તિસાગરસૂરિ સીશ લાલ રે;
સંવત ઓગણીસ ત્રીલોત્તર કરી ચતુર ચોમાસ લાલ રે....૫

શ્રાવણ સુદ છઠ્ઠ ઉજળી, રચિઉ મન ઉલ્લાસ લાલ રે;
વિનયસાગરજી પસાયથી ચતુર કહે આનંદ લાલ રે...૬ સુથરી ગામ મનોહરૂ.

(પ્રત : સુથરી તીર્થ જ્ઞાન ભંડાર)

(૬) (૧૭૯)

કર્તા–મુનિ તિલક કુશળ

રચના : વિ. સં. ૧૯૩૮ માગશર સુદિ ૧૧ ને ગુરુવાર

પાસ જિન અજબ રૂપ દરશાયો, મન અચરિજ દિલમેં ભાયો;
સુથરી શહેર મનોહર શોભિત, દસે દિશિ મહિમા છાયો;
તિહાં મંદિર તીર્થપદ શોભા, સુંદર ભાંતિ બનાયો....પાસ૦ ૧

ઘૃતકલ્લોલજી પ્રભુ પાર્શ્વસ્વામી, નામે સદા સુખ પાયો;
ચૌમુખ જિનકા ચાર હૈ, નમતાં હરખ સવાયો....પાસ૦ ૨

આદીસરજીકા ઔર મંદિર હૈ, મંડપ સુગડ રચાયો;
અજિતનાથજી કે મંદિર, પ્રતિમા બહુ વિરચાયો.....પાસ૦ ૩

શ્રી ચક્કેસરી મહાકાલી, થાપના મંદિર ધ્યાયો;
ધરણેન્દ્ર પદ્માવતી સેવિત, પાસ પ્રભુ તુમે પાયો....પાસ૦ ૪

અશ્વસેન વામા કો નંદન, લંછન સર્પ સોહાયો;
નીલ વરણ પ્રભુજીકો, સકલ ભવિક ચિત્ત લાયો....પાસ૦ ૫

સંવત ૧૯૩૮ સા વરસે, માગશર શુકલ કહાયો;
તિથિવાર ગુરુ એકાદસી, તિલકકુશળ ગુણ ગાયો....પાસ૦ ૬

(૭) (૧૮૦)

કર્તા–મુનિ રવિચંદ્રજી

રચના : વિ. સં. ૧૯૮૦ ના અરસામાં

નાણ દંસણ ચરણ ક્ષાયક, અગમ આતમ ગુણધરં;
અનંત ચતુષ્ટય અઘનિવારક, પાર્શ્વજિન પાવન કરં....૧

શાંતિ દાયક દુઃખ નિવારક, ભાવે ભક્તિ કર જનં;
કર્મ કાયા નહિ માયા પાર્શ્વ જિન પાવન કરં....૨

વામા નંદન જગત વંદન, હાથ નવ તનુ વર ધરં;
હરિત વરણે કાંતિ મનહર, પાર્શ્વજિન પાવન કરં....૩
એક શત વરસાયુ ઉજવલ, પાલી અવિચલ પદ વરં;
દેવ દયાળુ ધૃતકલ્લોલપાર્શ્વજિન પાવન કરં....૪

સત્ય ભાવે સુથરીપુરમાં, કીધ દર્શન દુઃખ હરં;
ઉદય વેલા રવિ વંદે, પાર્શ્વજિન પાવન કરં....૫

(૮) (૧૮૧)

કર્તા–મુનિ રવિચંદ્રજી

રચના : વિ. સં. ૧૯૮૩ આષાઢી અમાવાસ ને બુધવાર

રાગ : કવ્વાલી

અલખ અવિકારી પદ ધારા, અકલ અવિનાશી અઘહારા;
નિજાતમ રૂપ રમનારા, નમું પ્રભુ પાર્શ્વ પદ પ્યારા....૧

અગમ સેવા જગત દેવા, કરે સહુ સદ્‌ગતિ લેવા;
સકલ ભય દોષ હરનારા, નમું પ્રભુ પાર્શ્વ પદ પ્યારા....૨

પ્રભું હું કર્મવશ પડિયો, જગત જંજાળમાં અડિયો;
તુમેં તો સર્વથી ન્યારા, નમું પ્રભુ પાર્શ્વ પદ પ્યારા...૩

દયાળુ દેવના દેવા, પરમ પદ આપજો સેવા;
સુધારો કાજ સુખકારા, નમું પ્રભુ પાર્શ્વ પદ પ્યારા....૪

શરણ મેં તો તુજે કીનો, રહું તુજ ગુણવને લીનો;
તરણ તારણ જગત સારા, નમું પ્રભુ પાર્શ્વપદ પ્યારા....૫

ધૃતકલ્લોલ સુખદાયા, નયર સુથરી પુરી રાયા;
દરશન દુઃખ દૂર કરનારા, નમું પ્રભુ પાર્શ્વ પદ પ્યારા....૬

પન્નગ લંછન પદે પ્યારા, ત્રિજગ તુજ પાટ નમનારા,
જગતના ભાવ જોનારા, નમું પ્રભુ પાર્શ્વ પદ પ્યારા....૭

પંચમ મહાદેવના દેવા, નથી જોયા જગત એવા;
પરમ મુજ પ્રીતિના કયારા, નમું પ્રભુ પાર્શ્વ પદ પ્યારા....૮

હવે છોડું ન પળ પ્યારા, ત્રિભુવન તુંહી આધારા;
હૃદય પતિ રામ રમનારા, નમું પ્રભુ પાર્શ્વ પદ પ્યારા....૯

આતમ દૃષ્ટિ નિધિ ઈંદુ, અમર ગુણ જ્ઞાનના સિંધુ;
અષાઢ અમાવાસ બુધવારા, નમું પ્રભુ પાર્શ્વ પદ પ્યારા....૧૦

નમે અર્કેન્દુ પદ પ્યારા, જનમ નહીં, મરણ કરનારા;
ત્રિવિધ દુઃખ દોષ હરનારા, નમું પ્રભુ પાર્શ્વપદ પ્યારા....૧૧

(૯) (૧૮૨)

સખી કાંટો વાગ્યો રે મારા પગમાં....એ દેશી

પ્રભુ ઘૃતકલ્લોલ પાર્શ્વ વિનતિ, સુથરી તીરથે આપ બિરાજો,
દર્શને દુઃખ નાશ રે. પ્રભુ....૧

પ્રભુ દુઃખ સહ્યા અતિ આકરા, ચારગતિમાં રઝળી થાકી,
આવ્યો તુમ પાસ રે. પ્રભુ....૨

પ્રભુ આપો મારગ દુઃખ નાશનો, દુઃખ હેતુ મિથ્યાત્વને ટાળી,
આપો બોધિ ખાસ રે. પ્રભુ....૩

પ્રભુ દેહ મમત્વ ટાળો સહિ, આત્માનું જ્ઞાન આપી મુજ,
ટાળો સંસાર આશરે. પ્રભુ....૪

પ્રભુ આત્મરણતા રહે સદા, રાગદ્વેષાદિ શત્રુ ન પીડે,
આપો મુક્તિ વાસ રે પ્રભુ....૫

પ્રભુ બે હજારને ચારમાં, ચોવીશીની રચના કીધી,
આપો શુદ્ધિ દાસને રે. પ્રભુ....૬

પ્રભુ શરણે આવ્યાને તારજો, વિનવે ગૌતમ નીતિ બાળ,
આપો ગુણ સુવાસ રે. પ્રભુ....૭

(૧૦) (૧૮૩)

પારેવડા જાજે પિયુના દેશમાં..... એ દેશી

પાર્શ્વનાથ ને ધ્યાવો નિરંતર ધ્યાનથી, કર્મ ખપાવવાના ભાવથી પાર્શ્વ....૧
વારાણસીમાં પ્રભુજી જનમીયા, વામા માતા અશ્વસેન કુલથી પાર્શ્વ....૨
નીલવર્ણ દેહ નવ છે હાથનો, ઓળખાયા સર્પ લંછનથી પાર્શ્વ....૩
દીક્ષા લીએ પોષ વદી અગ્યારસે, પ્રભુ છઠ્ઠ તપ કરે ખુશીથી પાર્શ્વ....૪
કેવલજ્ઞાની જિન દેશના આપે, રાગ દ્વેષ મુકાવે યોગથી પાર્શ્વ....૫
સુથરી તીર્થે ગુણસૂરિજી પધારે, ચાર ચાતુર્માસ કરે હોંશથી. પાર્શ્વ....૬
દાદા ગુરુની ખૂબ સેવા કરે, ચોવીશી રચે શિષ્ય આગ્રહથી. પાર્શ્વ....૭
સંવત બેહજાર ત્રેપન સાલે, ચાતુર્માસ કરાવ્યું સંઘે પ્રેમથી. પાર્શ્વ....૮
(૪૫) આગમ તપને માસક્ષમણ થયાં પૂજનો તેર સ્વામિભક્તિ ભાવથી. પાર્શ્વ..૯
ધુતકલ્લોલ પાર્શ્વ પૂજન ભણાવ્યું નિર્વિઘ્ને થયું પાર્શ્વ પ્રભાવથી પાર્શ્વ...૧૦
સર્વોદય નિત્ય નમે ઘૃતકલ્લોલ પાર્શ્વને, મુક્તિ મેળવવાના લોભથી પાર્શ્વ..૧૧

(૧૧) (૧૮૪) શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથની ગરબી

કર્તા : સાધ્વી દેવશ્રીજી રચના વિ. સં. ૧૯૩૨, શરદપુનમ

કાશી દેશે તે નયરી વણારસી રે લોલ, તિહાં જન્મ્યા છે પાસ ત્રેવીશમા રે લોલ;
અશ્વસેન રાયા કુલ દિનમણિ રે લોલ, જેની સેવા કરે સુર નર મલી રે લોલ. ॥૧॥

દિગ્કુમરી છપ્પન આવી મલી રે લોલ, પ્રભુનો જન્મ–મહોત્સવ કરવા ભણી રે લોલ;
ઊર્ધ્વલોકની આઠ કુમારીકા રે લોલ, જલ વરસાવે કુસુમાલિકા રે લોલ. ॥૨॥

શુચિ ઈશાન ખૂણે ઘર ત્રણ કરે રે લોલ, જોજન એક અશુચિ દૂરે ટલે રે લોલ;
પૂર્વ રુચકની આઠ આરીસા ધરે રે લોલ, દક્ષિણ આઠ જલ કલશા ભરે રે લોલ. ॥૩॥

અડ પશ્ચિમ દિશિ પંખા કરે રે લોલ, ઉત્તર આઠ ચામર શિર પર ધરે રે લોલ;
વિદિશિ ચારે ચારની દીવા કરે રે લોલ, રુચક દ્વિપની ચૌ બાલા મલી રે લોલ. ॥૪॥

રક્ષા પોટલી બાંધી બેહુ કને રે લોલ, મંદિર શણગારી મેલ્યાં માણિક રે લોલ;
માજી પુત્ર તમારો લાડકો રે લોલ, ચિરંજીવજો ક્રોડ વરસો લગે રે લોલ. ॥૫॥

સ્નાત્ર–મહોત્સવ કરી ગુણ ગાવતી રે લોલ, પ્રભુ રાસ રમાડી હુલરાવતી રે લોલ;
જન્મ–મહોત્સવ કરી ગઈ સ્થાનકે રે લોલ, ત્યારે સુધર્મ ઈન્દ્ર આસન ચલ્યું રે લોલ.॥૬॥

અવધિજ્ઞાને જોયા પ્રભુ જન્મિયા રે લોલ, ત્યારે ચોસઠ ઈન્દ્ર ભેલા હુઆ રે લોલ;
મેરુગિરિ શિખરે નવરાવિયા રે લોલ, જિનજનની મંદિર પધરાવિયા રે લોલ. ॥૭॥ 10

પ્રભુ મુકુટ કુંડલ અલંકારિયા રે લોલ, વજ્ર ગેડી દડે રમાડિયા રે લોલ;
પ્રભુ બાલભાવે ક્રીડા કરે રે લોલ, તીન જ્ઞાન કલા નિત્ય અનુસરે રે લોલ. ॥૮॥

અશ્વ ખેલાવા સ્વામી વનમાં ગયા રે લોલ, તિહાં કમઠ હઠી નજરે ચડયો રે લોલ;
અજ્ઞાની કષ્ટ ક્રિયા કરે રે લોલ, પન્નગ કાય અગ્નિમાં પરજલે રે લોલ ॥૯॥

તુજ જ્ઞાન દયા કરુણા નહિ રે લોલ, લોક ભરમાવી ભવકૂપમાં પડે રે લોલ;
કાષ્ટ ફોડી નવકાર સુણાવિયારે લોલ, નાગ નિકાય ધરણેન્દ્ર પદ થાપિયા રે લોલ ॥૧૦॥

પ્રભુ સંયમ લિયે શુભ શાસને રે લોલ, ઉપસમ કાઉસગ્ગ રહે એક આસને રે લોલ;
જલ ઉપસર્ગ કર્યો કમઠે ઘણો રે લોલ, ત્યારે ધરણેન્દ્ર આસન ચલ્યો રે લોલ ॥૧૧॥
નાગપાશ કમલ રચના કરી રે લોલ, શિર છત્ર ધરે ફણી ટોપનો રે લોલ;
ચરણે નમી અસુર ઊભો રહ્યો રે લોલ, દશ ભવનું વૈર ખમાવિયું રે લોલ ॥૧૨॥ 20

પ્રભુ સુમતિ સદા દિલ વસિયા રે લોલ, ચઉ કર્મ ખપાવ્યા ઘન ઘાતિયા રે લોલ;
પ્રભુ ઉપશમ શ્રેણી દોરી કરી રે લોલ, ક્ષપક શ્રેણી ચડી મુક્તિ વરી રે લોલ ॥૧૩॥

શત એક આયુ પૂરણ કરી રે લોલ, શિવ પહોતા સમ્મેતશિખર ગિરિ રે લોલ;
પ્રભુ ચઉ રાજના છો ધણી રે લોલ, વાસો કીધો સુથરી નગરી ભણી રે લોલ ॥૧૪॥

કચ્છ દેશ પશ્ચિમ સુથરી ભલી રે લોલ, તખતે બેઠા શ્રી ધૃતકલ્લોલજી રે લોલ;
સુથરી ગામનો સંઘ સોભાગીઓ રે લોલ, દેવ દર્શન ગુરુ ચરણ રાગિયો રે લોલ ॥૧૫॥

પાર્શ્વ યક્ષ સદા આનંદ કરે રે લોલ,મુખ માગ્યા પાસા સંઘના પડે રે લોલ;
જમણા અજિત શાંતિ ઋષભનાથજી રે લોલ, ધર્મનાથજી પૂરે શિવ સાથજી રે લોલ ॥૧૬॥

(૧૮૫) શ્રી ભિન્નમાલ સાતફણા પાર્શ્વનાથ ઉત્પતિ ગીત

ઉજ્જવલ સત પ્રભાવવાળા સાતફણા ભગવાનનાં ગુણ ગાવા માટે સરસ્વતી માતાને વિનંતી કરીને હું રસાળ વચન માગું છું. 30
રાતના પાછલા પહોર–બ્રહ્મમૂહુર્તમાં ભગવાનનું નામ લેવાથી નવનિધિ સંપન્ન થાય છે. હે સ્વામી અમારા કામ ઉજ્જવળ કરજો. આ ભિન્નમાલ નગરનાં ગોંદરે (પાદરે) ઝરમર ઝરમર વર્ષ થઈ રહી હતી. ખેડૂતોએ ખેતરમાં હળ જોતર્યા હતા અને ખેડ કરતાં અંદરથી પાર્શ્વપ્રભુ પ્રગટ થયા. બધા સાજન મહાજન તથા ગામે ગામનાં સંઘ ભેગા થયા. એક દુત જાલોર નગરે રવાના થયો. ત્યાંના સુલતાન ગજનીખાંને ત્યાં ભિન્નમાલમાં પાર્શ્વનાથ ભગવાન પ્રગટ થયા છે આવાત જણાવી. તેથી ગજનીખાં જાલોરથી ત્યાં આવ્યો અને પાર્શ્વનાથ પ્રભુને લઈ જવા લાગ્યો. ૧૨ જોડ બળદ જોડયા તો પણ પાર્શ્વનાથ પ્રભુ ત્યાંથી ખસી શકયાં નહીં. પણ ૯૦૦ પીરીજી આવ્યા અને ગજ નીચે ઉપર સવારી કરીને લઈ ગયા. પાર્શ્વપ્રભુ ભિન્નમાલ નગરથી નીકળીને જાલોર મુકામે પધાર્યા. ત્યાં ગજનીખાં

અને તેની બીબી આ દેવની મૂર્તિમાંથી આભૂષણ ઘડાવીએ એમ વિચારે છે. સિરોહીના સોનીને જાલોર તેડાવ્યા. હીરાનાં હંસલાઓ ઘડાવો. બીબીનો નવસેરો હાર ઘડાવો. કુંવર માટે વીંટીઓ ઘડાવો. ઘોડાઓ માટે ઘુઘરમાળ ઘડાવો. વડા રાજા માટે સારી રીતે (ગાડાની) વેલ અને બંને બળદોને શણગારાવો. સોનીડે ટાંકણો માર્યોને પ્રભુના અધિષ્ઠાયક દેવ જાગી ઉઠયા. પ્રત્યેક જગ્યાએ ભમરા મેલ્યા, દરેકના પગરખામાં વીંછીઓનાં પાર નથી. ગજશાળામાં હાથીઓ ઢળી પડયા, બેગમો વિકરાળ દેખાવા લાગી. ગજનીખાં ચત્તોપાટ ઢળી પડયો અને તેનો પુત્ર મરી ગયો.

ત્યારે ગજનીખાંન રૂપચંદને બોલાવીને કહ્યું "આ તારું ભૂતખાનું પાછું લઈજા." અને પાર્શ્વનાથ ભગવાને સ્વપ્ન આપ્યું અને વરજાંગને વહેલા આવવા કહ્યું. વરજાંગ મનોમન હરખ પામ્યો અને જાલોરના કિલ્લે આવ્યો. ૩૩ દિવસ પછી પારણું કર્યું. નિશાન ડંકા વાગ્યા. ત્યારે જાલોરના મહાજનો પ્રભુજીને વિનવે છે કે, "પ્રભુજી જાલોરમાં બિરાજો. દેદીપ્યમાન દેવાલય બનાવડાવીશું અને આસમાને લહેરાતી ધજા પણ ચઢાવીશું." ત્યારે ભગવાને સ્વપ્ન આપ્યું કે, "અમે તો ભિન્નમાલ નગર જઈશું." જાલોરમાંથી તેવારી
10 કરો અને યાત્રા માટે વાજા વગડાવો. હે શ્રાવક, અહીં ભિનમાલનાં ગોંદરે–પાદરમાં ઝીણી ઝીણી માટી ઉડે છે તેનાથી તારા કપડાં મેલા થાય છે છતાં દેહ નિર્મલ થાય છે. ઘેર ઘેર ગુણગાન ગવાય છે. ઘર ઘર મંગળ વર્ત્યો આનંદના વધામણા લીધા અને સ્ત્રીયો મંગલ ગીત ગાવા લાગી. પાર્શ્વપ્રભુ પધાર્યા તેથી નિસાન ડંકા વાગ્યા. નગરમાં આનંદ આનંદ થયો. અને દેશમાં ખૂબ જય જયકાર વર્ત્યો. તે નિમિત્તે વરજાંગ શેઠે સંઘ જમણ કર્યું. ધનેશાએ તંબોલ પાનનાં દાન દીધાં. તે જમણમાં લાડુ સીરો અને લાપસી જેવા મિષ્ટાન્ન બનાવ્યા. હું દીલહારીને વિનંતી કરું છું કે પાર્શ્વનાથ પ્રભુની જાત્રા કરાવો. સત્તરભેદી પૂજા ભણાવો અને હોંસે હોંસે નાટકિયાઓને નાટકના ખેલ ભજવાવો.

(૧૮૫) શ્રી ભિન્નમાલ સપ્તફણા પાર્શ્વનાથ ઉત્પત્તિ ગીત

સરસતી સાંમીને વિનવું, માગું તેમ કને વચન રસાલ કે;
ગુણ ગાઉં સાંમી આપણા, અક્ષર દીજો મુજને વિચાર કે.
સાત ફણો સત ઊજલો. આંકણી ૧

20 ચાર ઘડી પાછલી રાતમાં, લીજે રે પ્રભાતે તેરો નામ કે;
નામ લીધાં નવનિધિ સંપજે, કીજે રે સ્વામી ઉત્તમ કાંમ કે
ઈણે રે ભીનમાલ ગુદરે, ઝરમર ઝરમર વરસે મેહ કે;
હાલીડે રે હળ જોતરીઆં, ખેડતાં પ્રગટીઆ પારસનાથ કે સાત૦ ૨

માજનશ્રી મલીઆ અતિ ઘણા, સૌ વધાવે રાંણા રાવ કે;
ગાંમ ગાંમરા સંઘ આવીઆ, દૂત લીઓ જાલોરે જાય કે સાત૦ ૩

ગજનીખાં થનિ વિનવું, ભીનમાલ પ્રગટયા પારસનાથ કે;
જાલોરસું ગજનીખાં આવીઓ, લીધા લીધા શ્રી પારસનાથ કે સાત૦૪

બારે જોડી બેલ જોતરી, તોઈ ન ચાલે શ્રી પારસનાથ કે;
નવસે પીરોજી ધાંમીઆ, ગજ અસવારી લઈ જાય કે સાત૦ ૫
30 ભીનમાલ નગરસું ચાલીઆ, ગીયા ગીયા જાલોર મુઝાર કે;
મિયાં ને બીબી આલોસિઈ, ઘાટ હોવે ઈણ દેવાંરો ઘડાવો કે. સાત૦૬

સોની સીરોયા તેડાવીઆ, આયા જાલોર મુઝાર કે;
ઘાટ ઘડાવો હીરા હંસલા, બીબીયાં રે નવસર હાર કે. સાત૦ ૭

કુંવર રે ઘડાવો મુદ્રડીકા, ઘોડાં રે ઘુઘરમાલ કે;
વેલીઆં રે દેરાવો વીસુયા, બલદો રે બે વડરાયે કે. સાત૦ ૮

સોનીડે રે ટોચ વજાવીઆ, જાગીઆ, શ્રી જિનરાજ કે;
માળિયે માળિયે ભમરા મેલીઆ, પાવડીએ વીસુઆરો સેહ ન પારકે. સાત૦૯

કોટડીએ રે હાથી ઢળિ પડયા, બીબીયાં હુઈ વિકરાલ કે;
ગજનીખાં હુઓ ચીતાંગીઓ, મુઓ ગજનીખાંરો પુત્ર કે. સાત૦૧૦

ગજનીખાંએ રૂપચંદ બોલાવીઆ,અબે થારો ભૂતખાનો પાછો લે જાવ કે;
શ્રી પારસનાથજી સોહેણો દીઓ, વરજંગ વેલો આવ કે. સાત૦૧૧

વરજંગ મનમાં હરખીઓ, ગીયા ગઢ જાલોરે જાય કે;
તેલે માસે રે કીઓ પારણો, વલીઆ નિસાંણે ધાવો કે. સાત૦ ૧૨

જાલોરરો માજન કરે વિનતિ, હવે પ્રભુજી આંહી બિરાજો કે;
દેવળ કરાવું દીપતું, ધજા ચડાવું આસમાન કે. સાત૦ ૧૩

શ્રી જિનવર સોહેણો દીઓ, હવે અમે જાશું નગર ભીનમાલ કે;
જાલોરગઢશું પલાંણીઆ મોદ રે દીઓ રે મેલાંણ કે. સાત૦ ૧૪ 10

ઈણે રે નર તારે ગુદરે, ઝીણી ઝીણી ઊડે ખેહ કે.
મેલા હોસી રે થારા કાપડા, નિરમલ હોસી મોરી દેહ કે. સાત૦ ૧૫

ઘર ઘર ગુણીઓ ઊચલે, ઘર ઘર મંગલ માલ કે;
ઘર ઘર આણંદ વધાંમણા, કાંમણી ગાવે ગીત રસાલ કે.સાત૦૧૬

શ્રી પારસનાથજી પધારીઆ, વલીઆ નિસાંણે ધાવ કે;
નગરમાં આણંદ વધાંમણા, કાંઈ દેશમાં વર્ત્યો જયકાર કે. સાત૦૧૭

વરજંગ સંઘ જીમાડીઓ, ધનેશાએ દીધાં તંબોલ કે;
સીરા લાડુ ને લાપસી; રંધાવી તે વારે રસાલ કે. સાત૦ ૧૮

ટીલા હીરાને વીનવું, શ્રી પારસપ્રભુની જાત્રા કરાવો કે;
સત્તરભેદી પૂજા રચી, મને ખંતે ખેલા રમાવો કે. સાત૦ ૨૦ 20

(પ્રતઃ ભિન્નમાલનો અંચલગચ્છીય જિનાલય ભંડાર)

(૧૮૬) રીખભપુર પ્રતિષ્ઠાન વર્ણન

સૌભાગ્ય ચંદ્રનો શિષ્ય સરૂપચંદ્રે "આદિનાથ ચોઢાળીયા" અંતગર્ત ત્રીજી ચોથી ઢાળમાં રીખભપુરમાં થયેલ પ્રતિષ્ઠાનું વર્ણન કર્યું છે. આ 'ચોઢાળીયા'ની રચના સં.૧૮૪૬ વૈ. સુ. ૧૩ ના થઈ છે. તે જ દિવસે પ્રતિષ્ઠા થઈ છે. શરૂમાં ઋષભદેવ ભગવાન પર ઉપકાર માટે વિચરે છે એવો પ્રભુની દીક્ષા પછીનો કે કેવલજ્ઞાન પછીનો ઉલ્લેખ છે. (આ લખાણ માટે ચોઢાળીયાની બે ઢાળ જોવી) પોતાના કુલમાં શિરોમણિ શ્રાવકો જિન પ્રતિમા સ્થાપે છે.અને અવતાર સફળ કરે છે. આમ દેશોમાં વિચરતા પ્રભુ આદિનાથ (આદિનાથ પ્રભુની પ્રતિમાં) કચ્છ દેશમાં રીખભપુરમાં પધાર્યા.શ્રાવકો બધા વંદન કરવા આવ્યા અને શુધ્ધ સ્વરૂપ દેખીને ભાવ ભાવવા લાગ્યા કે મનને થોભ કરણ સ્થિર કરનાર તમે છો.

ઢાલ ૪

ચાર મંગળ વર્ત્યા ગુરુની પાસે મુહૂર્ત જોવડાવીને હાથીને હોદે(ગજધાર)પધરાવીને પ્રભુજીને ઘરે પધરાવ્યા. મનનાં ઉલ્લાસથી 30
ધન ખર્ચે છે. યશનો સંચય થાય છે શિખરબધ્ધ દહેરાસર ઉપર કલશ ધ્વજ શોભે છે. થોભણશાએ ઉત્સાહપૂર્વક વિધિ સાચવીને સ્નાત્ર મહોત્સવ કરીને ગર્ભગૃહમાં પ્રભુજીને પધરાવ્યા. યાચકોને દાન દીધાને ખુશ કર્યા. સાધર્મિક વાત્સલ્ય કરીને વંશનો (વાન)યશ વધાર્યો. ઋષભપુર ગામમાં ઓશ (ઓશવાળ) વંશ શોભે છે. તેમાં વિધિપક્ષમાં શ્રધા ધરાવતું ગાંધી ગોત્ર છે. ભાવીક એવા ભારાશાહને પુણ્યશાળી પુત્ર પત્રામલ છે. તેમને જીવરાજ અને થોભણ નામે બુધ્ધિમાન પુત્ર છે. તેમણે ૧૮૪૬ વૈશાખ સુદ ૧૩ના પ્રતિષ્ઠા કરી છે. તેની સૌ ભવિજન યાત્રા કરે છે. ઉદાર ભાવે પૂજા કરે છે. શ્રી ચકેશ્વરી દેવી સુખ સંપતિનો ભંડાર આપે છે. પુણ્યસાગરસૂરિજી ગચ્છનાયક છે. તેમની આજ્ઞામાં અનેક ગુણવંત મુનિ ભગવંતો શોભે છે.

કળશ

આમ ધર્મનાં નેતા, મુક્તિ દાતા, કર્મનાહંતા, ભયહર્તા, ભવને પારઉતારનાર દુઃખ દૂર કરનાર, સુખકરનાર, કલ્પવૃક્ષ સમાન શ્રી ઋષભપુર મંડણ શ્રી આદિ નાથ ભગવાન છે. તેમની પ્રતિષ્ઠાનું વર્ણન સૌભાગ્યચંદના શિષ્ય સરૂપચંદે કર્યું છે.

(૧૮૬) રીખભપુર પ્રતિષ્ઠા વર્ણન

કર્તા : સૌભાગ્યચંદ્ર શિષ્ય સ્વરૂપચંદ.

રચના : વિ. સં. ૧૮૪૬ ના વૈશાખ સુદિ ૧૩

(ઢાલ ૩ જી)

પરઉપકારને કારણે રેલો, વિચરે શ્રી જિનરાજ;
ભવિ પૂજીએ રે પરમાતમ પરમેસરૂએ લો એ આંકણી૦
તેમ હવે શાસન દેવતા રેલો, વંછિત પૂરણ કાજ. ભવિ૦ ૧

પુરાણ હોઈ જેહને રે લો, શ્રાવક કુલ શણગાર. ભવિ૦
જિન પ્રતિમા થાપે તિહાં રે લો, સફલ કરે અવતાર. ભવિ૦ ૨

ઈણી વિધિ આદિ જિનેસરૂરે લો, વિચરંતા દેશ અનેક; ભવિ૦
રીખભપુરે કચ્છ દેશમાં રે લો, પધાર્યા સુવિવેક. ભવિ૦ ૩

શ્રાવક સહુ જિન વાંદવા રે લો, આવ્યા ભાવ અનૂપ; ભવિ૦
થોભણકરણ મન તું મલ્યો રે લો, દેખી શુદ્ધ સ્વરૂપ ભવિ૦ ૪

(ઢાલ ૪ થી)

આણા મોકલરે મોરારી એ દેશી.

પ્રભુજી પધરાવ્યા ઘરે રે, વરત્યા મંગલ ચાર;
ગુરુવચને મૂરત કીઓ રે, તેડાવ્યા ગજધાર;
શ્રી જિન પૂજો સહુ નરનાર...૧

વિત્ત ખરચે મન ગહગહે રે, સંચે જશનો માલ;
શિખર કલશ ધ્વજશોભતો રે, દેહરો જાકજમાલ શ્રી૦ ૨

વિધિ કરી શ્રી જિન થાપીઆ રે, મૂલ ગંભારા માંહિ;
સ્નાત્ર મહોચ્છવ સહુ કીઆ રે, થોભણશા ઉચ્છાંહી શ્રી૦ ૩

યાચક જન સંતોષીઆ રે, જાગતે દેઈ દાંન;
સાહમીવચ્છલ પણ કીઓ રે, વંશ વધાર્યો વાંન. શ્રી૦ ૪

ગામ ઋષભપુર શોભતો રે, ઓશવંશ અધિકાર;
ગાંધીગોત્ર ગુણાકરૂં રે, ગચ્છ વિધિપક્ષ વિચાર. શ્રી૦ ૫

ભાવિક શાહ ભારા તણો રે, પત્રામલ પુણ્યવંત;
તેહના સુત જીવરાજ રે, થોભણ બુદ્ધિ મંહત. શ્રી૦ ૬
સંવત અઢારસો જાણીએ રે, છેંતાલીશ સાલ;
વૈશાખ સુદિ તેરસ દિને રે થાપ્યા દેવ દયાલ. શ્રી૦ ૭

યાત્રા કરે સાજન સહુ રે, પૂજે ભાવ ઉદાર;
વંછિત દે ચક્કેસરી રે, સુખ સંપત્તિ ભંડાર. શ્રી૦ ૮

પુણ્યસાગરસૂરીસરૂ રે, ગચ્છનાયક ગુણખાણ;

આજ્ઞાકારી શોભતા રે, મુનિવર સુગુણ સુજાણ. શ્રી૦ ૯

કલશ

ઈમ ધર્મનાયક મુગતિદાયક, કર્મઘાયક ભયહરૂ;
ભવ તરણ તારણ દુઃખ નિવારણ સુખકારણ સુરતરુ;
સુર કરે વંદન નાભિનંદન, રુષભપુર મંડણ વરૂ;
સૌભાગ્યચંદ્ર ગુરુ ચરણ સેવક, સરૂપચંદ્ર જય જય કરૂ.

(શ્રી આદિનાથ ચોટાળિયા અંતર્ગત)

(૧૮૭) કોઠારા પ્રતિષ્ઠાનું ચોટાળિયું

ટુંકસાર :– કુંકણ દેશનાં મુંબઈ બંદરમાં માંડવીમાં અનંતનાથજીનું દહેરું છે. ત્યાં ચતુર્વિધ સંઘની શોભા ઘણી છે. દશા ઓશવાળ જ્ઞાતિમાં શિવજી નેણશી વેલજી માલુ, કેશવજી નાયક થયા

જેમણે શત્રુંજયનો મોટો સંઘ કાઢયો. ઘેલા પદમશી પણ તેમાં ઉપસ્થિત રહ્યા. સં. ૧૯૧૮ના માગશર સુદી ૧૧ ના દિને મુંબઈથી પ્રયાણ કરી ઘોઘાબંદરમાં સંઘ પહોચ્યો. ત્યાં નવખંડાજીને જુહારી સૌ ભાવનગર આવ્યા અને ગોડીજીને વંદના કરી સંઘ પાલીતાણા આવ્યો. સંઘનું શાનદાર સામૈયું થયુ તલેટીમાં સંઘે પડાવ નાખ્યો. યાત્રા કરી સૌ કૃતાર્થ થયા. ધર્મકાર્ય તથા સ્વામીવાત્સલ્યાદિ થયા. સાધુઓની ભક્તિ કરી. સિદ્ધાચલથી સંઘ રાજકોટ આવ્યો. સંઘ જોઈ લોકો બહુ પ્રભાવિત થયા. ત્યાંથી સંઘ મોરબી, સકારપુર, અંજાર થઈ કોઠારા આવ્યો. સંઘમાં સર્વ મળી એક હજાર એકસો બેની સંખ્યા હતી.

કોઠારામાં કંકોત્રી લખી મોટો મેળો કર્યો. આઠ દિવસનો ઉત્સવ થયો. પૂ. શ્રી. રત્નસાગરસૂરિ સમેત સાધુઓ ઉપસ્થિત હતા. ત્રીકમજી વેલજી સ્તવનો ગવડાવતા. સંઘના ઉમંગનો પાર નહોતો. માઘ સુદી ૧૩ ને બુધવારે શ્રી શાંતિનાથ પ્રભુના બિંબની મૂલનાયક તરીકે પ્રતિષ્ઠા થઈ. સ્વામીવાત્સલ્યાદિ કાર્યો ઘણાં થયાં ઘરે ઘર થાળની પ્રભાવના થઈ. પાંચ હજાર થાળ ત્રીકમજીવેલજીએ સર્વ મળી વહેંચ્યા. યાચકોને બહુ ધન અપાયું. આથી જગમાં યશ વિસ્તર્યો.

(૧૮૭) કોઠારાની કલ્યાણ ટુંકની પ્રતિષ્ઠાનું ચોટાળીયું

કર્તા : અજ્ઞાત રચના : વિ. સં. ૧૯૧૮ માહ સુદિ ૧૩ બુધવાર

દોહરા

કુંકણ દેશ સોહામણો, મુંબઈ બંદર ધામ;
અનંતનાથજીના દેહરે, માંડવી બંદર સામ....૧

સંઘ ચતુર જિહાં શોભીએ, તિહાં પરમ નિધાંન;
દશા ઓશવાળ કુળે પ્રગટિયો, સવા નેણશી કાંમ....૨

વેલજી માલુ માંહે દીપતા, કેશવજી નાયક પ્રમાણ;
સંઘ મલી તિહાં સામટો, દીપાવીઓ જિનધર્મ....૩

જાત્રાએ જાવે સહુ રીઝશું, વાજિંત્રનો નહીં પાર;
ઘેલા પદમશી શુભ સેવતા, હિયડે હરખ ન માય....૪

સંવત ઓગણીસેં અઢારમાં, માગશિર સુદિ એકાદશી વાર;
જગદ્‌ગુરુ દિન સોહાવિયા, ઘોઘા બંદિર મોઝાર....૫

ઢાળ પહેલી

શ્રી અરિહંત પદ ધ્યાઈએ – એ દેશી

નવખંડાજી જુહારીએ, જાત્રા કીધી મનુહાર લલના;
પુન્ય પસાયથી પામીએ, અધિકી ઉમેદ અપાર લલના.
નવખંડાજી જુહારી એ....૧

શામલી મૂરત સુહામણી, ઝળકે કેવળ જ્યોત લલના;
પરચો પૂરે પાસજી, આતમનો આધાર લલના....૨

કામકાજ સવિ મેલિયાં, કીધો પર ઉપકાર લલના;
ભગતિ ભાવશું કીજીએ, શિવગતિનો વિસરામ લલના....૩

પહેલી જાત્રા તિહાં કીધી, બીજી ભાવનગર મઝાર લલના.
ગોડી પાસ જિન વંદિયેં, પાતિક દૂર પલાય લલના....૪

તવ તિહાંથી ચાલિયા, ભેટવા શત્રુંજા રાય લલના;
સ્નાત્ર પૂજા જે કરે, શુદ્ધ સ્વરૂપ નીહાલ લલના....૫

દુહા

શેત્રુંજો સુહામણો, મરુદેવીનો નંદ;
યુગલા ધર્મ નિવારકો, નમો યુગાદિ જિણંદ....૧

સંઘ સામૈયાં સારાં કર્યાં, વાજિંત્ર સબ સોહાય;
ગીત ગાવે ગુણવંતાનાં, જાઈ તળેટી સમુદાય....૨

સંસારે ભમતાં થકાં, ગયો અકાળે અવતાર;
માનવ ભવ જો પામીએ, જાઉં શેત્રુંજે સુપસાય....૩

શ્રાવક કુળે અવતર્યા, પામ્યો સર્વથી સાર;
આતિમ રૂપ નિહાળતાં, વધતે મંગળ માળ....૪

ઢાળ બીજી

ધન ધન તે જગ પ્રાણિયા, મનમોહન મેરે – એ દેશી

શેત્રુંજો સોહામણો, રળિયામણો એ ભેટવા આદેસર દયાળ;
મન મોહન મેરે એ આંકણી....૧

ચૌમુખ ચાર દિશેં ભલો, મન૦ નવ ટુંકે નિહાળ; મન૦
જ્ઞાન–દર્શન–ચારિત્ર ભલો, મન૦ ત્રિહું વંદના સાર. મન૦....૨

શિવપુરમાં વાસો વસે, મન૦ ઉમેદ અધિકો અપાર; મન૦
કામ કાજ સવિ ફળ્યાં, મન૦ દરિસણ દેખ્યા આજ. મન૦....૩

સાહમી વચ્છલ તિહાં કર્યાં, મન૦ દીધાં સાધુને દાન; મન૦
જાત્રા નવાણું જે કરે, મન૦ ધન્ય તે નર ને નાર. મન૦....૪

પંચમ કાળે પામવો, મન૦ એહવા પ્રભુનો દીદાર; મન૦
સર્વ તીર્થથી છે વડો, મન૦ શિવગતિનો વિસરામ. મન૦....૫

દુહા

સિદ્ધાચળ સહુ ભેટિયા, ભાવ ધરી ભરપૂર;
આવશે આશાએ બહુ, મન વચન કરી શુદ્ધ...૧

તવ તિહાંથી ચાલિયા સોરઠ દેશ મઝાર;
રાજકોટ આવી તિહાં, કીધો આગમ વિસ્તાર...૨

આડંબર કીધો બહુ રચના બહુ રસાળ;
અધિકી ઉપમા તે કહું, મનમાં કરી વિશાળ...૩
ધર્મ કરે ધનવંત તે, દેખી દેખ્યા કરે શાલ;
અવસરે તે જાણજો, ભાખે તવ તે સાર...૪

ઢાલ ત્રીજી

સાંભળો શેઠજી વિનતિ રે લાલ– એ દેશી

કચ્છ દેશ સુહામણો રે લાલ, સરવ માંહે સાર; મન મોહું રે.
ધનવંત વસે તિહાં રે લાલ, શ્રાવકનો પરિવાર મન૦
કચ્છ દેશ સોહામણો. એ આંકણી....૧
પર ઉપગારી તિહાં હુઆ રે લાલ, ભદ્રેસર પાટણ; મન૦
જગહુશા તિહાં હુઆ રે લાલ, દીધાં જગતને દાન. મન૦ ૨
તવ શ્રાવક તિહાં તેહવા રે લાલ, ધનવંત ધર્મી કહેવાય; મન૦
પુણ્ય પસાયથી પામીઆ રે લાલ, ખરચે ધન અપાર મન૦ ૩
પ્રેમે પ્રતિષ્ઠા જે કરે રે લાલ, આવ્યા મોરબી મઝાર; મન૦
ભગતિ ભાવશું ભેટિયા રે લાલ, ફળે મનોરથ સર્વ મન૦ ૪
સંઘની શોભા સારી કહું રે લાલ, વજર વાજિંત્ર રસાલ; મન૦
જુગતિ જોવા જેવી કરી રે લાલ, ભાવ ધરી ભલી ભેટ. મન૦ ૫

દુહા

સકારપુર બહુ શોભતો, ઓપતો અધિક અપાર;
ભલી ભાતશું ભેટવા, આવ્યા અંજાર મોઝાર.....૧
જિમ જોઈએ તિમ શોભિયો, શ્રાવકનો પરિવાર;
સહસ્ર એક સો દોય, ઉપ સંખ્યા કીધી મનોહાર....૨
હરખ હિયડા માંહે ઘણો, કર્યાં ધરમનાં કાજ;
આડંબર અધિકો ઓપતો, કોઈ કરી પરિણામ....૩

ઢાળ ચોથી

જ્ઞાન આગળ સુંદર દીવો રે, મનમોહન સુંદર મેળો – એ દેશી

આવ્યા કોઠારા નગર મઝાર, વાજિંત્ર વળી સાથ;
રચના રચી અપાર રે, મળિયા માણસ બહુસાર રે.
મનમોહન સુંદર મેળો, હરખ હિયે સહુને ઘણો રે; એ આંકણી....૧
દેશ દેશ કંકોતરી ×જાવે, હરખિત સહુ તે આવે;
મનની મોજે સુખ સહુ પાવે, જગતમાં જસ સહુ ગાવે રે. મન૦ ૨
આઠ દિન ઉછવ મંડાવે, માંડવામાં સંઘ સુહાવે;
ભગતિ ભલી ભાત કરાવે, ત્રીકમજી વેલજી સ્તવન કેવરાવે રે મન૦ ૩
ગચ્છ અંચળ સાગરશું ભરિયો, રતનસાગરસૂરિ જ્ઞાનનો દરિયો;
સર્વ સાધુ સંઘે પરિવરિયો, હરખ હિયડે મનને ધરિયોરે. મન૦ ૪
ગજપુરી નગરી મેં તાજા, વિશ્વસેન મહારાજા;
અચિરા માતાએ હુલરાવ્યા, શાંતિનાથ તિહાં પધરાવ્યા રે. મન૦૫

એક લાખ વરસ આયુ પ્રમાણ, ધનુષ ચાલીશનું માન;
મૃગ લંછન માનું ભાન, પ્રભુ પધરાવી દીધાં દાંન રે. મન૦ ૬

સાવ ગભારાનો દેહરો કીધો, શિખર ચઢાવીને જશ લીધો;
જિમ કલ્પતરુની પરેં ધ્વજ રોપ્યો,મહા સુદિ તેરસ વાર બુધ સીધ્યો રે. મન૦૭

દેહરાની માંડણી સારી લાગી, નવાનગરથી પ્યારી;
અધિક ઉપમા રસાળી, જિમ દેખી તિમ લાગે પ્યારી રે. મન૦ ૮

સામીવચ્છલ કરિયાં સારા, શ્રી સંઘને લાગે પ્યારા;
ચતુર્વિધ સંઘ હરખાયા; ઓગણીશ અઢાર મહા સુદ તેરસ બુધવારા રે મન૦૯

કળશ

ગાયો ગાયો રે શાંતિ તણો ગુણ ગાયો;
ઘર ઘર ઓચ્છવ અધિક મંડાવ્યો, સંઘ સકળ હરખાયો રે.
શાંતિ તણો ગુણ ગાયો....૧

કચ્છ દેશ કોઠારા નગર મેં પ્રતિષ્ઠા ભાવ બનાયો;
અંચલગચ્છ અધિક ઓપાયો, રતનસાગરસૂરિ કહાવ્યો રે....૨

ઘર ઘર થાળ અપાયો,
પાંચ હજાર તે પરમાણો; ત્રીકમજી વેલજી અલાયો રે....૩

જાચક જનને ગુણ ગવરાવી, દાન અધિકો દેવરાવ્યો;
મનમાં ધ્યાવે શિવપદ પાવે, જિમ જગમાં જશ ગવરાવે રે...૪
શાંતિ તણો ગુણ ગાયો.

–પ્રત કોઠારા જ્ઞાન ભંડાર

(૧૮૮) અંજનશલાકા રાસનો ઐતિહાસિક સાર

વિ. સં. ૧૯૮૧ શક સંવત ૧૭૮૫ મહાસુદ ૭ ને ગુ વારે શ્રી દશા ઓશવાળ જ્ઞાતિ ના મુકુટમણિ શેઠ શ્રી કેશવજી નાયક પાલીતાણામાં શ્રી શત્રુંજય મહાતીથે ટુંકો બધા વી અને ૭૦૦૦ જિન બિંબોની અંજનશલાકા કરાવી. એનાથી ૩૦ વર્ષ પહેલા શેઠશ્રી મોતીશા ટુંકની પ્રતિષ્ઠા વખતે શેઠ ખીમચંદે ૫૦૦૦. જિન બિંબોની અંજનશલાકા કરાવી હતી. આ અંજનશલાકા–પ્રતિષ્ઠા માટે અચલગચ્છેશ પ. પૂ. આ. ભ. શ્રી રત્નસાગરસૂરિજી મ. સા. પધાર્યા હતા. તે વખતે ૭૦૦ જેટલા યતિ–શ્રી પૂજ્યો પણ હાજર હતા. વખતસાગરના શિષ્ય, ભાવસાગરના શિષ્ય, ઝવેરસાગરજી અપર નામ રત્ન પરિક્ષક આ અજંન પ્રતિષ્ઠા વખતે હાજર હતા. પ્રતિષ્ઠાના ૪૫ માં દિવસે ૧૪૧ કડીની આ રાસની ૮ ઢાળો પણ પૂણ કરી છે.એનાથી અગાઉ આજ કવિરાજે શ્રી શત્રુંજય તીર્થ રાસની રચના કરેલ ત્યારે તે સમયે રસ્તામાં આવતા ઝાડથી લઇ પ્રભુ પ્રતિમાજી સુધીનું ૧૫ ઢાળ અને ૨૧૬ ગાથામાં સવિસ્તર વણન કર્યું છે. પ્રથમ દુહા–ઢાળમાં શ્રી ભાવેશ્વર પાસને વંદન કરી શ્રી ચિદાનંદ મુનિ–અમર વિજયજી ધમગુરૂ તથા ગુરૂદેવ ભાવસાગરજીને યાદ કરીને શ્રી સિધ્ધાચલ મહાતીથનો મહિમા વર્ણવ્યો છે.

પોરિવારનું વર્ણન કરતા કચ્છ–કોઠારાના ગાંધી મુહતાગોત્રમાં નાયક શેઠના પત્ની હીરબાઈની કુક્ષીએ કેશવનો જન્મ થયો હતો. જે કેશરીસિંહ સમાન પ્રતાપી થયા. જેઓ પુરબાઈ તથા માંકબાઈ સાથે પરણ્યા. પુત્ર નરશી થયો. જે યૌવનવયે રતનબાઈ સાથે પરણ્યો. એમનો વ્યાપાર દેશ વિદેશમાં સુંદર ચાલતો. વિ. સં. ૧૯૧૮ માં કેશવજી શેઠે પાલીતાણા તીર્થે તથા ગામમાં જગ્યા મેળવીને મુહુર્ત કર્યું. દુષ્કાળ વરસહોવાથી બહુવિધ લોકો આજીવિકા પ્રાપ્ત કરતા. તેથી આ કાર્ય કલ્પતરૂ જેવું લાગ્યું. નુતન જિનબિંબો માટે મકરાણા ગયા ત્યારે શેઠ હરભમ નરશી–શેઠ જીવરાજ રતનશી, શેઠ ભારમલ પરબત વિ. પણ અનેક જિનબિંબો ભરાવ્યા.

યોગ્ય સમયે વિ. સ. ૧૯૨૧ નું મુહુર્ત લીધું ત્યારે કેશવજી શેઠને ,જ્ઞાતિપતિએ હરભમ શેઠે સંઘ તિલક કર્યું. તથા સંઘાગ્રેસર શેઠ ખીમચંદ મોતિશાહે પણ સંઘ તિલક કરવા પધાર્યા.

ત્યારબાદ મુંબઈથી સંઘ સહીત આગબોટમાં ભાવનગર આવ્યા. ત્યાંના રાજા શ્રી જશવંતસિંહે ભવ્ય સામૈયુ કર્યું. અનુક્રમે પાલીતાણા પહોચ્યા. ત્યારે દેશ દેશાવરથી ૧ લાખ યાત્રાળુઓ ભેગા થયા હતા. પોષ વદ ૧૦ ના જલયાત્રાનો વરઘોડો ૧૧ ના કુંભ

સ્થાપના થઈ. વિધિ મુનિશ્રી દેવ ચન્દ્રજીએ કરાવી. વિશાળ મંડપની સજાવટ અદ્‌ભૂત હતી. પાટલા પૂજન–વિશસ્થાનક પૂજન–ચ્યવન–જન્મ–દીક્ષા કલ્યાણકો વિ. સુંદર વર્ણન કરવામાં આવેલ છે. દીક્ષા કલ્યાણક દિવસે વીરચંદ આદિ ૧૦ પુરૂષની દીક્ષા થાય છે. મહા સુદ ૭ ના ૧ ઘડી ૨૪ પલ વિત્યા બાદ પ્રભુજીને અંજને થયુ

ગામમાં શાશ્વત જિનબિંબોની પતિષ્ઠા થઈ. ટુંક ઉપર શ્રી અભિનંદન સ્વામી આદિની પ્રતિષ્ઠા વખતે શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીને ૧ લાખ રૂા. આપ્યા. તે વખતે સોનાનો ભાવ લગભગ ૧૫ રૂા. તોલો હતો. (૧૧ ગ્રામનો તોલો.)

સંભળાય છે કે કાર્યક્રમ પૂર્ણ થતાં પ્લેગે દેખા દીધી હતી. કવિ કળશમાં જણાવે છે કે શેઠ હઠીસીંગ, શેઠ મોતિશા, જેવા નરવીરોએ ઘણી મહત્વાકાંક્ષાઓ સેવેલી પણ પૂર્ણ ન થઈ. શેઠ કેશવજીભાઈ અધિક પ્રતાપી ગણાય. અને નરશી શેઠ જેવા ગુણવાન પુત્ર અને ઘેલાભાઈ પદમશી જેવા અજોડ બંધુરત્ન તેઓ આ યુગમાં પામ્યા. તેમની કીર્તિ અખંડ તપો.!!

(૧૮૮) અંજનશલાકા રાસ – પૂજા

કર્તા : ઋવેરસાગરજી "રત્નપરીક્ષક" **રચના : વિ. સં. ૧૯૨૧**

દુહા

શ્રી પરમેષ્ટી પંચ માં, આદિ પ્રથમ જિણંદ; ભાવેશ્વર પ્રભુ પાસને, નમિયેં અતિ આણંદ....૧
ચિદાનંદ ગુરુ ચરણમાં, અમર ભાવ દિલ લાય; તન મન વચન કરી સદા, નમિયેં શ્રી ગુરુ પાય....૨
પરમેશ્વર પરમાતમા, જગત સકલ સિરદાર; સમવસરણ જિન મુખ કહે, પુરુષારથ તે ચ્યાર....૩
તેમાં ધર્મ જ મુખ્ય છે, નિશ્ચય ને વ્યવહાર; નિશ્ચયથી નિજ રૂપનાં, સાધન વીસ પ્રકાર....૪
મૂળ ભેદ એ વીસમાં, ઉત્તર ભેદ અનેક; ભાવ સહિત ભવિ જે કરે, પામે આતમ એક....૫
પ્રવચન પદ તેમાં ભલું, આરાધ્યું ગુણ ગેહ; મુંબે બિંદરમાં વસે, શા શ્રી કેશવ તેહ.....૬
પુરુષાતન પદ રાખિયું, જગ સઘલે પ્રસિદ્ધ; પ્રાણ પ્રતિષ્ઠા પ્રભુ તણી, અંજનશિલાકા કીધ....૭
ગુણ ગાવા ધર્મી તણા, અનુમોદન શુભ રીત; જગજન સાંભલી આદરે, મુક્ત મન પૂરણ પ્રીત....૮

(ઢાળ ૧ લી)

વિમલગિરિ રંગે રસે સેવો – એ દેશી.

સિદ્ધાચલ સિદ્ધ સકલ નમિયે, કર્મ દાવાનલ ઉપસમિયે;
આતમ અનુભવમાં રમિયેં. સુગુણ નર સિદ્ધગિરિ સેવો, ત્રણ જગ તીરથ નહીં એહવો...૧
ક્રોડ અનંત મુનિરાયા, તીરથપતિ પણ ઈહાં આયા; મોક્ષ પૂરણ પદવી પાયા સુગુણ૦ ૨
સંઘવી સંઘ લેઈ આવે, ઓચ્છવ ઠાઠ કરે ભાવે; તે અલ્પ ભવે મુગતે જાવે. સુગુણ૦ ૩
ગુરુ ઉપદેશ સુણી શ્રવણા, અંજન શિલાકા કરી હમણા; કહું વિસ્તાર સુણો સયણા. સુગુણ૦ ૪
જંબૂદ્વિપ ભરત વાસી, કચ્છ કોઠારા રેવાસી; વૈશ્ય વરણ શોભા ખાસી સુગુણ૦ ૫
લઘુ ઓશવાલ ચડત કામે, મણસી પુત્ર નાયક નામે; ગૃહસ્થ બીજો એક તે ગામે સુગુણ૦ ૬
નેણશી પુત્ર તે સુખદાઈ, શિવજી પદમસી દોય ભાઈ; પરણ્યા કુલવંતી લાઈ. સુગુણ૦ ૭
બેન એક તસ હીરબાઈ, જોખી કહે સુણજી કાંઈ; નાયકશાને આપો જાઈ સુગુણ૦ ૮
રત્ન સમાન ગરભ ધરસ્યે, જય કમલા જગતે વરસ્યે; ઉત્તમ કારજ એ કરસ્યે; સુગુણ૦ ૯
સાંભલી એમ નાયકશાને, પરણાવ્યાં હીરબાઈ જાને; દંપતી સુખ રમે એક તાને. સુગુણ૦ ૧૦
શિવજી પદમસી દોય ભાઈ, મુંબૈ બિંદરમાં આઈ; કરે વેપાર જે ચિત્ત લાઈ. સુગુણ૦ ૧૧
નાયકશૌ પણ તિહાં આયા, ઉદ્યમ આણંદ મન ભાયા; હીરબાઈ ગર્ભ ધૂરા પાયાં. સુગુણ૦ ૧૨

અર્ધ નિશા સ્વપ્ન જ વરતા, કૃષ્ણ લીલા નિજઘર કરતા; તે દેખી કહ્યું નિજ ભરતા. સુગુણ૦ ૧૩
નાયકશા કહે ગુરુ પાસે, ગુરુ કહે પુત્ર જનમ થાશે; શ્રી કૃષ્ણ સરીખો કહેવાશે. સુગુણ૦ ૧૪
અનુક્રમે પુત્ર જનમ જાણી, સ્વપ્ન તણી લહિસે નાણી; કેશવ નામ ઉલટ આણી સુગુણ૦ ૧૫
દિન દિન ચડતા વરસ થયા, અતિ હુંશિયાર સુપુત્ર ભયા; નાયકશા પરલોક ગયા. સુગુણ૦ ૧૬
કુલવંતી પાબુબાઈ પરણ્યા કેવશજીભાઈ; માતાએ ગતિ ફિર પાઈ. સુગુણ૦ ૧૭
પુત્ર થયા નરસીભાઈ, બીજી સ્ત્રી થઈ માંકબાઈ; વલી પુત્ર તે પરણી રતનબાઈ સુગુણ૦ ૧૮
બહુ વેપાર વધ્યો હમણાં, થલવટ જલવટ ઝાજ ઘણા; ચિન દેશ વિલાત તણા. સુગુણ૦ ૧૯
ઈંગ્રેજ બાહાદુર વેપારી, શેઠ તણે હસ્તે ધારી; ચલવે હાફિસ તે અલગારી. સુગુણ૦ ૨૦
એક દિન સિદ્ધગિરિ આયા, ભાવ સમુદ્ર તરંગ પાયા; રત્નપરીક્ષક મન ભાયા. સુગુણ૦ ૨૧

કાવ્ય : શાર્દૂલવિક્રિડિત છંદ ભાષા કાવ્ય

સંવત્સર્શશિ નેત્ર અંક શશિના, શાકે રસં સિદ્ધિ દા; અબ્ધિશ્ચંદ્ર સુમાઘ શુકત સતમી, વારં ગુરુ બુદ્ધિદા.
કોઠારા શુભ ગામ દેશ કચ્છમાં, પૂર્વે નિવાસં સદા; મુંબૈ બિંદર વાસ સંપ્રતિ સુખી, સિદ્ધાદ્રિ ક્ષેત્રે તદા....૧

વંશે ઓશ લઘુ ચ ગાંધિ મુહતા, ગોત્રે પ્રકાશં શૂરા; શા શ્રી નાયક નામ ગેહ ગૃહિણી, હિર્બાઈ કુક્ષિં ધરા.
શા શ્રી કેશવ કેશરી જગવિભૂ, અંજંશિલાકાં વરા; આચાર્યાઅચલગચ્છ રત્ન જલધિ, રત્ન પરીક્ષાંકરા...૨

મંત્ર :– ૐ હ્રીં શ્રી પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, વાસમું અક્ષતાનૂ, અષ્ટમંગલં દર્પણમ્ યજામહે સ્વાહા.

(દુહા)

દેરાસર સિદ્ધાચલે, કરુ સફળ અવતાર; ધર્મશાલા પણ આદરું, એહજ શુદ્ધ વિચાર....૧
ખરતરવસિ જગ્યા લિયે, દેરાસરને કાજ; ધર્મશાલા તે ગામની પાસે કરે સમાજ....૨

(ઢાલ–૨) સાંભળ રે તું સજની મોરી – એ દેશી

વિક્રમ સંવત્સર ઉગણીશે, અઢાર ઉપર તે વરસેજી રે;
ખાત મુહૂરત શેઠજી કીધું, અતિ આણંદ ચિત્ત હરખે;
મનને મોજે જી રે, આતમ શુદ્ધ સ્વભાવ. એ આંકણી....૧

બહુ શિરપાવ કર્યા તિહાં શેઠે, કારીગર મન હરખ્યાં જી રે;
જૈન જાચક વલિ ભાટ પ્રમુખને, દારિદ્ર ચુરણ વરસ્યા....૨

કામ ચલાવી સોંપી મુનિમને, શેઠજી કચ્છ સિદ્ધાવ્યા જી રે;
સંઘ સહિત જિન ભક્તિ કાજે, ગામ કોઠારે આવ્યા....૩

માતુલ શિવજી શા પરલોકે, તેહના પુત્ર તે ચ્યાર જી રે;
ખેતસી નાગસી લખમસી ઉકા, નાગસી સ્વર્ગ મોઝાર....૪

બીજા પદમસી છે પરલોકે, પુત્ર ઉત્તમ તસ જાણ જી રે;
નામ ઘેલાભાઈ પણ બહુ ડાયા, જ્ઞાનવંત ગુણ ખાણ....૫

નિજ જ્ઞાતિ કોઠારાવાસી, વેલજી માલુ સુજાણ જી રે;

દોય ઘર મલી દેરાસર કીધું, જાણું સ્વર્ગ વિમાન....૬

મૂલ નાયક પ્રભુ કેશવ શેઠે, થાપ્યા અધિક ઉછાહે જીરે;
બહુ ધન ખરચી લાહો લેઈને, આવ્યા મુંબઈ માહે....૭

મકરાણામાં માણસ મૂકી, પડિમા સહસ્ર પ્રમાણ જીરે;
નવી ભરાવી શાસ્ત્રની શાખે, સદગુરુની સુણી વાંણ....૮
જ્ઞાતિ તિલક સમ શેઠ સોહાવે, નરસી નાથા નામ જીરે;
તાસ પુત્ર હરબ્રહ્મજી શેઠે, પડિમા ભરાવી અનામ....૯

જીવરાજ રતનસી, હીરજી ભીમસી, શિવજી નેણશી આદે જીરે;
ત્રિકમજી વેલજી, ભારમલ પરબત, એમ અનેક ભણે વાદે...૧૦

દેરાસર ને વલિ ધર્મશાલા, બહુવિધ લોક કમાય જીરે; 10
દુકાલ વરષમાં કલ્પતરુ સમ, જગમા સુજશ ગવાય....૧૧

એકણ પડખે ઘેલાભાઈ નિ હંસરાજ ધનરાજજીરે;
ઉત્તર દક્ષિણ દોય ચોકીમાં, શોભે દેરી સુકાજ....૧૨

અંજનશિલાકાની સામગ્રી, મેલવતા મનરંગેજીરે;
વાચક વિનયસાગરજી પ્રમુખને પૂછી પંડિત સંગે....૧૩

સરવે કામમાં ઘેલાભાઈ, શેઠના આગેવાન જીરે;
શ્રેણિક અભય સમાન એ જોડિ, જાણું મલી એકતાન....૧૪

એક વિસ માંહે મુહરત લીધું, અંજનશિલાકા કાજ જીરે;
અમર ચિદાનંદ ભાવ ગુરુપદ, રત્નપરીક્ષક નમે આજ....૧૫

(કાવ્ય – મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી)(દુહા) 20

ઈન્દ્ર લોક હર્ષિત થયો, ધન કેશવ અવતાર; નાયક પદ સાચું કર્યું, જગ–નાયક નિરધાર....૧
હરિહર બ્રહ્મા લાજથી, નાઠા દહું દિશ જાય; ચંદ્ર સૂરજ મુખ દેખવા, ફરતા પુન્ય પસાય....૨

(ઢાળ – ૩) અનિ હાંરે – એ દેશી

અનિ હાંરે શેઠ સામગ્રી રચે સંઘની રે, બહુ દેશ વિદેશના લોક;
સાંભલી વાત રાજી થયા રે, સજે નરનારીના થોક શેઠ સામગ્રી રચે સંઘની. એ આંકણી....૧

અનિ હાંરે હીરજી ભીમસી દુકાનમાં રે, મુખ્ય શિવજી વેલજી હોય;
અનિ હાંરે ઉલટ ઘણી કહે શેઠને રે, નવિ કસૂર કરો વિધિ કોય....૨

અનિ હાંરે વેલજી માલુ વૃદ્ધ નાતમાં રે, સવિ નિજ ઘર પુત્ર ભલાય;
અનિ હાંરે ખબર દેવા ગયા વૃદ્ધને રે, અતિ અણંદ ન માય....૩
અનિ હાંરે પુત્ર ત્રીકમજી તસવાલ હી, પણ બુદ્ધિ વિવેકી જાણ; 30
અનિ હાંરે શોક મુકાવે હરબ્રહ્મજીરે, કરે સંઘ તિલક જગભાણ...૪

અનિ હાંરે જ્ઞાતિપતિ પ્રતે રે, આપે શ્રીફલ બીડાં પાન;
અનિ હાંરે કહે સફલો અવતાર રે, તુમ અમ આજન્મ પ્રમાણ...૫

અનિ હાંરે એમ પ્રશંસે હરબ્રહ્મજી રે, તુમે કેશવ કેશરિ સિંહ;
અનિ હાંરે આજ પરાક્રમ ફોરવ્યું રે, એહ અનુપમ કામ કરીંહ...૬

અનિ હાંરે શેઠ કહે શ્રી સંઘને રે, તુમે પાવન કર્યો મુજ આજ;
અનિ હાંરે તીર્થપતિએ પાવન કર્યો રે, ધન ધન શ્રી તીરથ જિહા જ...૭

અનિ હાંરે ગુજરાતી સહુ સંઘમાં રે, શેઠ ખીમચંદભાઈ મુખ્ય;
અનિ હાંરે સંઘ તિલક લહે નોતર્યા રે, નરશીભાઈ સઘલે મુખ્ય...૮

અનિ હાંરે ઘેલાભાઈથી શેઠનો રે, સઘલો કરી વિવિધ વિચાર;
અનિ હાંરે જલવટ પ્રવહણ મોકલ્યાં રે, બિંદર ભાવનગર મઝાર..૯

અનિ હાંરે નિજ દુકાને ભોજરાજને રે, માલુ પુત્ર ને સોંપે સામાન;
અનિ હાંરે પાલીતાણામાં તે મોકલે રે, તિહાં કેશવ ડેરુ જ માન...૧૦

અનિ હાંરે માડણ તેજસી વાતમાં રે, જબ આવ્યો મિગશર માસ;
અનિ હાંરે શુદ એકમ બુધવારની રે, લખી કંકોતરી ઉલ્લાસ....૧૧

અનિ હાંરે પોસ માસ સુદ પૂનમે રે, કરે પંથ સજાઈ લોક;
અનિ હાંરે વદ પાંચમ ભોમવારના રે, કર્યો પંથ પ્રયાણ અથોક...૧૨

અનિ હાંરે ટોપીવાલા વિલાયતના રે, કરે શ્રી સરકાર શરપાવ;
અનિ હાંરે અમર ચિદાનંદ ભાવથી રે, એહ રત્નપરીક્ષક બનાવ...૧૩

(કાવ્ય મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.)

(દુહા)

આગબોટ નામે તિહાં, પ્રવહણ પરઠી અનેક; લોક અનર્ગલ ચાલિયું, જાણી શેઠ વિવેક....૧
શબદ શુકન રલિયામણો, વાજે ઘણાં વાજિંત્ર; ઈંગ્રેજી ધર્યા વાવટા, ફરકે નિશાણ સચિત્ર....૨

(ઢાળ – ૪)

દેશી સલુણાની

સંઘવી પ્રવહણમાં ચઢયા રે, મોતી તદુલ ભરી થાલ સલૂણા;
હાથ ગ્રહીને વધાવતી રે, સતીય સોહાગણ બાલ સલૂણા.
સુગુણ સનેહા સાંભલો રે, સંઘની શોભા અપાર સલૂણા...૧
એ આંકણી

બાત્શાઈ કોરટ વિલાતની રે, રાણી હુકમ સિરદાર સલૂણા;
સંઘ પ્રમાણા મોકલ્યા રે, રાજા હુકમે તૈયાર સલૂણા....૨

હાજર સહુ રહે શેઠને રે, વરતે અખંડિત આણ સલૂણા;
પ્રવહણમાં વાજિંત્રનો રે, બોલે જય જય વાણ સલૂણા....૩

રંગ મોજમાં આવિયા રે, ભાવનગરને બાહાર સલૂણા;
જશવંત સિદ્ધરાજા તિહાં રે, કરે સામઈયું શ્રીકાર સલૂણા....૪

અતિ સનમાનથી ગામમાં રે, વાંદ્યા ભાવેશ્વર પાસ સલૂણા;
જય જય જય મુખ એમ ભણે રે, હોય સંપૂર્ણ આશ સલૂણા....૫

એમ ચાલ્યા સિદ્ધાચલે રે, વાંદ્યા રિષભ જિણંદ સલૂણા;
ડેરા તંબૂ સંઘને દિયેરે, શેઠ ઘેલા સૂરચંદ સલૂણા....૬

દક્ષણ કચ્છ ગુજરાતના રે, મરહઠ્ઠ ને મારવાડ સલૂણા;
સિંધ મેવાડ હાલારના રે, પૂર્વ સોરઠ ગોલવાડ સલૂણા....૭

એમ સંઘવી બહુ દેશના રે, આવી ભેળા થાય સલૂણા;
લોક લાખને આશરે રે, સાતસે સાધુ ગવાય સલૂણા...૮

આચાર્ય અંચલગચ્છ તણા રે, શ્રી રત્નસાગરસૂરિ રાય સલૂણા;
અધિકારી અંજન તણા રે, બીજા સાગર સૂરિરાય સલૂણા....૯

હાથી ઘોડા પાલખી રે, રિદ્ધિ બહુ વિસ્તાર સલૂણા;
હેમરાજ ને ભાણજી રે, સ્નાત્રિયામાં અધિકાર સલૂણા....૧૦

અંજન મંડપ દેખતા રે, સ્વર્ગ વિમાન લજાય સલૂણા;
સાત હજારને આશરે રે, પડિમા તિહાં પધરાય સલૂણા....૧૧

પ્રાણ પ્રતિષ્ઠા અંજને રે, જોષી મુહૂરત માઘ માસ સલૂણા;
સુદ સાતમ ગુરુવારનું રે, દિવસ ઘડિ એક તાસ સલૂણા....૧૨

વદ દશમી પોસ માસની રે, જલજાત્રા બહુ ઠાઠ સલૂણા;
એકાદશિ કુંભ સ્થાપના રે, દેવચંદ્ર મુનિ ભણે પાઠ સલૂણા....૧૩

શ્રીફલ પ્રમુખ પ્રભાવના રે, નિત નવી ચીજ વેંચાય સલૂણા;
નંદાવર્તની પૂજના રે, ગ્રહ સ્થાપન બલિ થાય સલૂણા....૧૪

કેશવજી તણા સંઘમાં રે, સાન્નિધ્ય શાસન દેવ સલૂણા;
અમર ચિદાનંદ ભાવથી રે, રત્નપરીક્ષક ટેવ સલૂણા....૧૫

(કાવ્ય મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી)

(દુહા)

શાસન દેવી દેવતા, ગ્રહ દિગ્પાલ સહિત; ક્ષેત્રપાલ આદે ઘણા, સાંનિધ કરજ્યો નિત...૧
ઓચ્છવ અધિક આડંબરે, પડઘમ વાજા વાય; ધવલ મંગલ નારી દિયે, બહુવિધ ધૂમ મચાય....૨

(ઢાલ – ૫ મી) લોલની દેશી

ચોથો દિવસ જબ આવિયો રે લોલ, ક્ષેત્રપાલ મન ભાવિયો રે લોલ;
શાસનદેવની પૂજના રે લોલ, ચોસઠ ઈન્દ્ર સવિ સુજના રે લોલ...૧

બાહિર ભૂતબલિ બાકુલા રે લોલ, સિદ્ધચક્ર પૂજ્યા ભલા રે લોલ;
થાનિક વીસની સેવના રે લોલ, પાંચમે દિન રલિયામણા રે લોલ..૨

નરસીભાઈ સુત શેઠના રે લોલ, ઈન્દ્ર ઈન્દ્રાણી તે બન્યા રે લોલ;
છઠે દિવસ પ્રભુ સ્વર્ગથી રે લોલ, ગર્ભે ધરે મન રંગથી રે લોલ....૩

ચ્યવન કલ્યાણક ભાવતા રે લોલ, ચઉદ સુપન દેખાવતા રે લોલ;
સુપન પાઠક ફલ ઉચરે રે લોલ, જનમ્યા પ્રભુ વાજા ધુરે રે લોલ...૪

સંઘવી ઈન્દ્ર વધામણી રે લોલ, દિયે દાસીને અતિ ઘણી રે લોલ;
સાતમે દિન રાતે મલી રે લોલ, છપ્પન દિશિ કુમરી ભલિ રે લોલ..૫

કેલ ઘરે નવરાવિયા રે લોલ, પાછા ઘરે પધરાવિયા રે લોલ;
કંકાવૂટી લેઈ હાથમાં રે લોલ, આવે ઈન્દ્રાણીકઉં સાથમાં રે લોલ...૬

બિંબ નવા સવિ લાવતી રે લોલ કરી તિલક ઘર જાવતિ રે લોલ;
ઈન્દ્ર ચોસઠ બન્યા રંગથી રે લોલ, શેઠ કેશવજીના સંગતી રે લોલ..૭

ઐરાવત હસ્તિ શિરે રે લોલ, બેઠા કેશવ ચામર ઢલે રે લોલ;
હરબ્રહ્મજી શેઠ નાતના રે લોલ, અચ્યુત ઈન્દ્ર સુર જાતના રે લોલ..૮

ઘેલાભાઈ આદે ઘણા રે લોલ, ઈન્દ્ર મુગટ પેરી બન્યા રે લોલ;
ચારટ રથ ઘોડે ચડયા રે લોલ, મેના પાલખી હીરા જડયા રે લોલ..૯

વરઘોડાની નહિ મણા રે લોલ, પાર ન પામું શોભા તણા રે લોલ;
મંડપ મેરુએ આવિયા રે લોલ, ખોળે પ્રભુ પધરાવિયા રે લોલ..૧૦

ઈન્દ્ર નમણ કરે નાથને રે લોલ, તીરથ જલે ધન્ય હાથને રે લોલ;
જન્મ કલ્યાણક અવસરે રે લોલ, સોના રૂપાની વૃષ્ટિ કરે રે લોલ..૧૧

ઈન્દ્ર ગયા ઘેર ઠાઠમેં રે લોલ, સ્નાત્ર અઢાર દિન આઠમે રે લોલ;
બાલક્રિડા ને નિશાળના રે લોલ, ઓચ્છવ વરઘોડા ઘણા રે લોલ..૧૨

જોવન વય થઈ પ્રભુ તણી રે લોલ, અમર ચિદાનંદ ભાવથી રે લોલ;
રત્નપરીક્ષક બનવાથી રે લોલ....૧૩

(કાવ્ય-મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.)

(દુહા)

પરણવાને ઓચ્છવ કરે, કરે વિવિધ પકવાન; અતિ આદર કરી નાતને, જાચકને વરદાન....૧
માંહો માંહે બેહું જણા, શેઠ ઘેલાભાઈદોય; મનુષ્ય જનમ ફલ પામવા, વર વેવાઈ જ હોય....૨

ઢાળ – ૬

હવે વિવાહ સામગ્રી મેલી રે – એ દેશી.

પરણવાનું મંડાણ રે, વરકન્યા ચતુર સુજાણ રે; શણગાર સજ્યા ભલી ભાત રે;
લામણ દીવડો તે માંકબાઈને હાથ રે; જયવંતા જી....૧ એ આંકણી.

સંઘવી કેશવજીને હાથ રે, પ્રભુ લેઈ ચાલ્યા સહુ સાથ રે;
વરઘોડો ઘેલાભાઈને ઘેર રે, બાઈ પદમા પોંખે ભલી પેર રે....૨

સોના રૂપાના વાસણ કેરી રે, તિહા ચોરી બાંધી. ભલેરી રે;
પ્રભુ પરણાવે ધરી પ્યાર રે, વર કન્યા જમે કંસાર રે....૩

કરે કાનજી લાલજી સાળા રે, માંકબાઈના ભ્રાત મોસાળા રે;
પાબુબાઈના ભ્રાત તે આવે રે, કરે મોસાળા મન ભાવે રે....૪

આભૂષણ વસ્ત્ર ઉદાર રે, માંહો માંહે પેરામણી સાર રે;
વર કન્યા ને નજરાણા રે, કરી મંડપ પ્રભુ પધરાણા રે....૫

અભિષેક કરી રાજ્ય થાપે રે, પ્રભુ આણ અખંડિત વ્યાપે રે;
કરી એમ સાંસારિક કામ રે, લોકાંતિક આવે તમામ રે....૬

કહે પ્રભુને દીક્ષા વાણ રે, સહુ જગતનું કરજ્યો કલ્યાણ રે;
જાણું કલ્પવૃક્ષ એક તાને રે, આપે શેઠ તે વરસીદાન રે....૭

નવમે દિન દીક્ષા કલ્યાણક રે, વરઘોડે ચડયા ભગવાન રે;
લિયે પંચ મહાવ્રત ભાર રે, શેઠ ઈન્દ્ર તણો અવતાર રે....૮

વસ્ત્ર જુગલ ઠવે જિન ખંધે રે, દેખી વૈરાગ્ય પ્રબંધે રે;
વીરચંદ આદે દશ ચેલા રે, ધરે પંચ મહાવ્રત ભેલા રે....૯

દશમે દિન ઉગતે ભાણ રે, કરે કેશર લેપ સુજાણ રે;
મીંઢલ ને મરડા સિંધિ રે, ગુરુ મંત્રિત કંકણ બાંધી રે....૧૦

પછી ધૂપ દીપ ફૂલ પાણી રે, સઘલે બલિ આપ્યા જાણી રે;
ઉઘાડે આચ્છાદિત વાસ રે, કરે ચૈત્ય વંદન ઉલાસ રે....૧૧

પંચરત્ન ને સુરમો મેલી રે, માંહે ગો ઘૃત ભેલી રે;
સૂરિ રત્નસાગર પુન્ય બલિએ, અંજન સોવન સળિયે રે....૧૨ 10

વિક્રમ સંવત્સર જાણ રે, એક સહસ્ર ને નવસેં માન રે;
ઉપર એકવિશ ઉદાર રે, મા' સુદ સાતમ ગુરુવાર રે....૧૩

ઘડિ એક ને પલ ચોવિશ રે, કરે નેત્ર અંજન જગદિશ રે;
થઈ કેવલજ્યોત પ્રકાશ રે, વર્ત્યો જગ અધિક ઉલાસ રે....૧૪

મૂલનાયક પ્રતિમા જેહ રે, અભિનંદન સ્વામી તેહ રે;
કરે પુખણા નારી ઉ રાજી રે, સહુ પડિમા શેઠજી પૂજી રે....૧૫

કલ્યાણક પાંચમું કરતા રે, નિરવાણ મુગતિ પદ ધરતા રે;
ગુરુ અમર ચિદાનંદ ભાવે રે, ગુણ રત્નપરીક્ષક ગાવે રે....૧૬

(કાવ્ય-મંત્ર બોલી અષ્ટ પ્રકારી પૂજા કરવી)

દુહા 20

કલ્યાણક ઓચ્છવ કરી, મૂલનાયક જિનરાજ; અભિનંદન પધરાવવા, સ્નાત્ર પ્રતિષ્ઠા કાજ....૧
ગિરિ ઉપર દેરાસરો, વળી ધર્મશાળા માંહ; આરસ દેરિય શાશ્વતા, સ્થાપન બિંબ ઉછાહ....૨

ઢાળ - ૭

(મનડું મોહ્યું રે મન મોહનજી - એ દેશી)

અઢાઈ ઓચ્છવ આદર્યો મન૦ પ્રતિષ્ઠા કરવા કાજ મનડું૦૧
ગિરિ શિખર દેરાસરે મન૦ નરસીભાઈ દંપતી સાજ.
મનડું મોહ્યું રે એ આંકણી.

ધર્મશાળા દેરાસરે મન૦ તિહાં સંઘવી સંઘવણ દોય;
કુંભ સ્થાપના કરે માંડવો મન૦ વિધિ સાચવે અવસર જોય૦ ૨

લાલજી પુત્ર તે કાનજી મન૦ સંઘવણના ભ્રાતા જાણ; 30
કરે મોશાળું પેરામણી મન૦ વિવેકી ચતુર સુજાણ....૩

સંઘવી સંઘવયણ દોય મન૦ સુત નરશીભાઈ સજોડ;
ઘેલાભાઈ પણ દંપતી મન૦ મંડપ ઉભા કરજોડ....૪

વિનંતિ કરે જિનરાજને મન૦ ભવ ભવ અમ શરણ જ હોય;
અવતાર સફળ અમે માનશું મન૦ મુખ દીઠે દુખડાં ખોય....૫

સમવશરણની વાનગી મન૦ અમે તો દીઠી આજ;
અવતાર અનંતા અમે કર્યા મન૦ નવિ મલિયા તુમે મહારાજ....૬

ખરી કમાઈ હવે રળ્યા મન૦ સુણજો અભિનંદન સ્વામ;
એમ કહી પ્રભુ નોતર્યા મન૦ દિયે ચામર છત્ર તમામ....૭

ઘેર આવી ઓચ્છવ કરે મન૦ વિધિ સ્નાત્ર પૂજા નિત થાય;
મા' સુદ તેરસ બુધવારના મન૦ ગુરુ રત્નસગાર સૂરિરાય....૮

ગિરિ શિખર દેરાસર મન૦ અભિનંદન પ્રભુ પધરાય;
10 ઘેલાભાઈ નિજ દેરીએ મન૦ મૂળનાયક પ્રભુ ઠાય....૯

હંસરાજ ધનરાજજી મન૦ થાપ્યા નિજ દેરી માંહ;
ધર્મશાળા દેરાસરે મન૦ શાશ્વત ચૌમુખ ઠવે ત્યાંહ....૧૦

સંઘ સ્વામીવચ્છલ કર્યા મન૦ શિરપાવ પેરામણી દીધ;
ગુરુ પૂજા પધરામણી મન૦ ભાટ ભોજક દાન પ્રસિદ્ધ....૧૧

કલ્પવૃક્ષ ચિંતામણી મન૦ કોઈ ઉપમાં દીધી ન જાય;
લાખ પનરને આશરે મન૦ રૂપઈયા ખરચ ગણાય....૧૨

સંઘ માળ વદ એકમે મન૦ કરી સંઘ તિલક પેરાય;
કલિજુગમાં આ વારતા મન૦ કાંઈ મુખથી નવિ કહેવાય....૧૩

કારભાર તે દામજી મેઘજી મન૦ સોંપી વળિયા નિજ ગેહ;
20 મુંબે બિંદરમાં જઈ મન૦ કરે પુન્યદાન સુનેહ....૧૪

પુન્ય કરીને અવતર્યા મન૦ આ ભવ કરે મોટાં કામ;
અમર ચિંદાનંદ ભાવથી મન૦ ગાય રત્ન પરીક્ષક નામ....૧૫

(કાવ્ય-મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.)

કલશ - (ઢાલ - ૮) રાગ ધન્યાશ્રી

ગાયો ગાયો રે શ્રી સંઘ તીરથ ગુણ ગાયો - એ દેશી.

પચીશમો તીરથપતિ ઉત્તમ, આગમ અંગ બતાયો;
અડતાલીસ ગુણે ગુણવંતો, જય જય સંઘ સવાયો રે....૧

શ્રી સંઘ તીરથ ગુણ ગાયો. એ આંકણી

જિહાં પુન્યવંત પ્રગટ થયા એહવા, શ્રી જિનધર્મ દીપાયો;
30 બહુ પુન્યવંત પ્રગટ કલિયુગમાં, એહ મારગ નવિ આયો રે...૨

અલ્પ ભવિક કોઈ ઈચ્છા પામ્યા, પણ નહિ પૂરણ થાયો;
હઠીશંગ મોતિશા શેઠે, પૂરણ પુન્ય ઉપાયો રે....૩

સંઘવી કેશવ અધિક, પ્રતાપી કામ સ્વહસ્ત બનાયો;
સુત નરશીભાઈ સુગુણ વિવેકી, પુન્યે પુત્ર એ પાયો રે....૪

ઘેલાભાઈ સરખા આ જુગમાં, ભ્રાતા નર ન કહાયો;
બુદ્ધિદાતા વિવેકી વિચક્ષણ, શેઠ તણે મન ભાયો રે....૫

દિનકર ચંદા મેરુ મહી ધર, જબ લગી શાશ્વત ઠાયો;
તબ લગી એ જોડી ચિરંજીવો, કીરતિ અખંડ સવાયો રે....૬

સંવત્છર ઓગણીશ એકવિસે, ફાગુણ માસ સુભાયો;
કૃષ્ણ પક્ષ આઠમ સોમવારે, સ્તવન પૂરણ વિરચાયો રે....૭

અમરવિજય વિદ્યાગુરુ સંગે, શ્રુતવર આશીષ પાયો;
ચિદાનંદ મુજ ધર્માચારય, અનુભવ શ્રદ્ધા છાયો રે....૮

અંચલગચ્છ શ્રાવક એ સાચા, કલ્યાણસાગરસૂરિ રાયો;
તાસ વંશમાં પ્રગટ પ્રતાપી વખતસાગર મુનિ જાયો રે....૯ 10

તાસ શિષ્ય ગુણવંત અનુપમ' ભાવસાગર ગુરુ રાયો;
શ્રી રત્નસાગરસૂરીશ્વર રાજ્યે, જગ જસ પડહ વજાયો રે....૧૦

ભાવનગર ભાવેશ્વર પાસજી, ભાવસાગર ગુરુ રાયો;
શિષ્ય સુરત્ન પરીક્ષક પભણે, દિન દિન તેજ સવાયો રે....૧૧

(કાવ્ય-મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.)

(૧૮૯) નલીયા સ્થિત વીરવસહીની ગરબી – ભાવાર્થ

જિનદેવને વાંદવા જઈએ તો ચરણ પાવન થાય. આત્મિક આનંદ મળે. વીર વસહીમાં પ્રવેશતાં સહસ્રકુટ વચ્ચે અષ્ટાપદ છે. ચૌમુખી પ્રભુને પાંચ અભિગમ, ત્રણ ત્રણ પ્રદક્ષિણા દઈને ઋષભદેવ, અજિતનાથ, આઠ, દશ, બે અને ચાર પ્રભુને શેઠ શ્રી નરશીનો પુત્ર હીરજીભાઈ અને તેમની પત્ની પુરબાઈ વંદન કરે છે.

(૨) 20

વીર વસહીમાં પેસતાં સામે જમણી બાજુએ મહાવીર સ્વામી અને ચંદ્રપ્રભુનું મુખ જોતાં ચંદ્રના કીરણો જેવા શીતળ, સમતા રસના દરિયા, મુગુટ, કુંડલ, છત્રથી શોભે છે ૧૫૦ ધનુષ્યની કાયા, ચંદ્ર લંછનથી શોભતા, લક્ષ્મણાના નંદન જમણી બાજુ ચોવીશ જિનનાં દર્શન મીઠા લાગે છે. વિ. સં. ૧૯૩૩ આષાઢ સુદ ૭ ગુરુવારના રચના થઈ.

(૩)

નલિનપુરમાં નાગડા ગોત્રવાળા શેઠ નરશીભાઈ સંઘપતિ થયા પુણ્યથી મળેલી સંપત્તિનો ચૈત્ય. સંઘ, ગુરુ જ્ઞાન આદિ ક્ષેત્રમાં ઉદારતાથી ખર્ચ કરે છે. અચલગચ્છાધિપતિ રત્નસાગરસૂરિના પ્રતાપી વિચક્ષણ શિષ્ય વિવેકસાગરસૂરિની આજ્ઞાથી સાધ્વી દેવશ્રીજીએ ચાતુર્માસ કર્યું. ૧૯૩૩ શ્રાવણ માસમાં આ ગરબીની રચના કરી.

(૧૮૯) નલિયા સ્થિત વીરવસહીની ગરબી

કર્તા : સાધ્વી દેવશ્રીજી રચના : વિ. સં. ૧૯૩૩

ચાલો સખિ જઈએ જાતરા રે લોલ, જિહાં છે મરુદેવીનો નંદ, 30
શુભ ભાવથી રે; ચાલો જઈએ જિન વાંદવા રે લોલ....૧

ચાલતાં ચરણ પાવન થયાં રે લોલ, આતમ હર્ષ ભરાય;
વીર વશીમાં પેસતાં રે લોલ, નયણાં પાવન થાય. ચાલો....૨

દશ શત ચૈત્ય સોહામણા રે લોલ, વચ્ચે અષ્ટાપદ ઉત્તંગ;
ત્રૈલોકય દીપક દેહરાં રે લોલ, ચોમુખ પ્રતિમા ચાર. ચાલો....૩

પૂરવ દ્વારે પેસતાં રે લોલ, નિસ્સહી કહી ત્રણ વાર;
પાંચ અભિગ મન સાચવી રે લોલ, પરદક્ષિણ ત્રણ વાર. ચાલો..૪

મૂલનાયક ઋષભનાથજી રે લોલ, અજિતનાથ શિવ સાથ;
ચારે દુવારે બિંબ થાપના રે લોલ, અષ્ટ દશ દોય ચાર. ચાલો....૫

જિન પ્રતિમા જિન સારખી રે લોલ, ઋષભજી પૂર્વ પ્રસિદ્ધ;
અષ્ટાપદ ગિરિ સિદ્ધ થયા રે લોલ, નલિનપુરે કર્યો વિશ્રામ. ચાલો..૬

શેઠ નરશી સુત હીરજી રે લોલ, કુંઅર અંગ સુજાત;
તસ ભાર્યા શુકલપક્ષિણી રે લોલ, ઉત્તમ કુલે ઉત્પન્ન. ચાલો....૭

દાન શીલ તપસ્યા ગુણે રે લોલ, પૂરબાઈ જગ વિખ્યાત;
સુગુરુ સંયોગ ઉપદેશથી રે લોલ, ચૈત્ય કર્યાં ચોસાર. ચાલો....૮

સમકિત દઢ ગુણ આત્મારે લોલ, જ્ઞાનભક્તિ નિમિત્ત;
સફલ ભયો દિન આજનો રે લોલ, દેવ જાત્રા ફલ લીધ. ચાલો....૯

કલ્પવૃક્ષ ફલ્યો પુણ્યાંકુરથી રે લોલ, મુક્તિ વર્યા સુખ ભરપૂર;
શુભ ભાવથી રે લોલ, ચાલો જઈએ જિન વાંદવા રે લોલ....૧૦

–ઇતિ ગરબી.

(૨)

વીર વશીમાં પેસતાં સામા, જિમણા ચરમ જિણંદા;
બહુ પરિવારે વીર પ્રભુ બેઠા, ચંદ્રપ્રભુ મુખ દીઠા રે.
આપે બેની ચલો સહિઆં, જિન મંદિર કું જઈએ;
જિન મંદિરકું જઈએ તો, પ્રભુ દરિસણકું પઈએ.....૮

ચંદ્ર કિરણ જિન શીતલ લેશ્યા, શમતા રસના દરિયા;
મુકુટ કુંડલ શિર છત્ર ધરાવે, સમકિત બીજના દાતા રે...આપે૦૯

ધનુષ દોઢશેં ઉંચી કાયા, લંછન ચંદ્ર સુહાયા;
લખમણા નંદન નયણે જોતાં, મેહ અમિરસ વુઠા રે... આપે૦ ૧૦

જમણી બાજુ ચોવીસ જિનનાં, દરિસણ લાગે મીઠાં;
ત્રિશલા નંદન સામે બેઠા, જ્ઞાન અમીરસ પીધાં રે... આપે૦ ૧૧

સંવત ઓગણીસ તેત્રીશ આષાઢ, સુદિ સાતમ ગુરુવારે;
પુણ્ય પ્રભાવે પ્રભુ ગુણ ગાયા, મુક્તિ મહોલ સધાવ્યા રે...આપે૦૧૨

કલશ– રાગ ધનાશ્રી

નલિનપુર નગર સોહામણું રે, વસે નાગડા ગોત્ર વિસ્તાર;
શેઠ નરસી સંઘપતિ થયા રે, રાખ્યું નવ ખંડ નામ;
જુઓ ગતિ પુણ્યની રે, પુણ્યે વંછિત હોય, મોહે માગ્યાં ફલે રે....૧

પુણ્યે લક્ષ્મી ઉપાર્જિને રે, કીધાં ધર્મનાં કામ;
ચૈત્ય–સંઘ–જ્ઞાન–ગુરુ તણી રે, ભક્તિ કરે ઉદાર. પુણ્યે....૨

વિધિપક્ષ ગચ્છપતિ રાજતા રે, જસ કીરતિ વિસ્તાર;
પુણ્ય પ્રગટ મુક્તિ મિલ્યા રે, રત્નતેજ અપાર. પુણ્યે....૩

જ્ઞાન ગુણે રત્નાગરુ રે, રવિ શશિ તેજ પ્રતાપ;
કલ્પદ્રુમ પરે વરસતા રે, દેતા અઢલક દાન. પુણ્યે....૪

તસ વલ્લભ વિચક્ષણા રે, વિવેકસાગર સૂરિરાય;
અંચલગચ્છપતિ રાજતા રે, દિન દિન તેજ સવાય. પુણ્યે....૫

સંવત ઓગણીશ તેત્રીશે રે, રૂડો શ્રાવણ માસ;
ચાતુર્માસ કર્યો સંઘ આજ્ઞાએ રે, દેવ દર્શન શુભ ભાવ. પુણ્યે....૬

(૧૯૦) સ્તવન વિશે

(ક્રમ) ઉનણોઠ ગામે વિ. સં. ૧૯૩૮ વૈશાખ શુદિ ૧૧ ને શુક્રવારના અચલગચ્છાધિપતિ શ્રીપૂજ શ્રી વિવેકસાગરસૂરિજી ની નિશ્રામાંશ્રી ધર્મનાથ પ્રભુની પ્રતિષ્ઠા થઈ તેનુ વર્ણન, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ના ગુરુદેવ યતિશ્રી સ્વરૂપસાગરજીએ આ સ્તવનમાં કરેલ છે. ઉનણોઠ ગામના આગેવાનો એ આ સ્તવનને તામ્રયંત્રમાં કોતરાવીને યોગ્ય સ્થળે મુકવું જોઈએ જેથી સેંકડો વર્ષો સુધી એની સ્મૃતિ જળવાઈ રહે.

(૧૯૦) શ્રી ધર્મનાથ સ્તવન

કર્તા : સ્વરૂપસાગર રચના : સં. ૧૯૩૮

હોજી નંદરડી વેરણ હોઈ રહી. એ દેશી

શ્રી જિનવર પદ પૂજીએ, ભાવે ભક્તિ હો કરે સુર નર દાસ કે;
સમકિત દરિસણ સુખ લહે, જાયે ભવોભવ હો મિથ્યા દુઃખ નાશ કે;
ધર્મ જિનેશ્વર વંદીએ....૧

વિજય વિમાનથી ચવિ પ્રભુ, સાગર એકત્રીશ હો પૂરણ આયુમાન કે;
ચવણ કલ્યાણીક જિનતણો, માતા સુવ્રતા હો કુખે અવધિ નાણે કે ધર્મ૦ ૨

ધનધન નયરી રત્નપૂરી, ભાનુરાજા હો ઘરે મંગલ પુર કે;
જનમ કલ્યાણી તિણે સમે, ચૌદ લોકે હો શુભ ઉદયો સૂર કે. ધર્મ૦ ૩

લઘુ વય વધતાં જોવન વલી, સંસારે હો ભોગાવલી કર્મ કે;
દીક્ષા કલ્યાણક તપ તપ્યાં, ઘાતી ક્ષયથી હો કેવલ ગુણ ધર્મ કે. ધર્મ૦ ૪

સમોવસરણ સુર તિહાં રચે, ચોસઠ ઈંદ્રે હો કર્યો મહોચ્છવ સાર કે;
ફૂલ અમર વરસાવતાં, છપ્પન કુંમરી હોં ભણે જય જયકાર કે. ધર્મ૦ ૫

રત્નસિંહાસન પૂર્વ મુખે, પ્રભુ વાણી હો લોકાલોક વખાણ કે.
અમૃત સમ રસ વરસતાં, ભવિ પીતાં હો ઘટ ઘટ ગુણ જાણ કે ધર્મ૦ ૬

નિરવાણીક નમું પંચમો, લક્ષ ચૌરાસી હો ભવ ગઈ દુઃખ ત્રાસ કે;
જ્યોત મેં જ્યોત મિલી રહી, પામ્યા આનંદે હો શિવધરે સુખવાસ કે. ધર્મ૦ ૭

પંચ કલ્યાણીક જિન તણાં, ભાવે પૂજે હો આગમ લઈ શાખ કે;
ત્રિકરણ જોગે સાધન કીઆ, રમે શમતા હો રસ વચન સુભાખકે ધર્મ૦ ૮

પશ્ચિમ દિશે કચ્છદેશમાં, ઉરણોઠ ગામે હો સંઘ ચૈત્ય કરાય કે;
રથ જાત્રા ઓચ્છવ શુભ થયા, મન વંછિત હો ફલ પુન્ય ઉપાય કે. ધર્મ૦ ૯

સંવત ઓગણીસ અડત્રીશમાં, શુદ વૈશાખે હો એકાદશી ભૃગુવાર કે;
થાપના ભઈ સૂરિ સાંનિધે, હોજો સંઘને હો નિત્ય મંગલ માલ કે ધર્મ૦ ૧૦

રસના એ કે પ્રભુ તુમ તણાં, કોઈ પાર ન હો પામ્યો ગુણ છેહ કે;
દેવસાગર કૃપા થકી, સ્વરૂપ સાગર હો નિત્ય નિત્ય ગુણગેહ કે. ધર્મ૦ ૧૧
(પ્ર૦ જિનગુણસ્તવનાવલી)

(૧૯૧) આગરા ઐતિહાસિક – સ્તવન

આ સ્તવનમાં ૧૦ જિનાલય ૨ દાદાવાડી ૧ ઘર દેરાસરની વાત જણાવી છે. વિ. સં. ૧૬૪૦–૪૧–૪૨ આ ત્રણ વરસમાં વિજય હીરસૂરિ મ. સા. એ આ ક્ષેત્રમાં પ્રતિષ્ઠાઓ કરાવી. વિ. સં. ૧૬૬૮માં ચન્દ્રસૂરિએ પ્રતિષ્ઠા કરાવી. અને વિ. સં. ૧૬૬૯માં મંત્રી કુંરપાલ–સોનપાલ બાંધવ બેલડી એ સમેતશિખરજીનો સંઘ કાઢયો ત્યારે બાદશાહ જહાંગીરે નગરશિરોમણિની પદવી આપી આ સંઘમાં નિશ્રા અચલગચ્છેશ પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિજીની હતી. તથા વિ. સં. ૧૬૭૧માં એજ પૂ. આ. કલ્યાણસાગરસૂરિજીએ ૫૧૦૦ જિનબિંબની અંજનશલાકા તથા "૫૨" બાવન જિનાલયમાં પ્રતિષ્ઠા કરાવી, અંજનશલાકામાં સોના
10 રૂપા–રત્નના–પાષાણના–અષ્ટધાતુના પ્રભુજી હતા તેમાંથી ૧૩ ઈંચના સ્ફટિક રત્નના પ્રભુજી આજે કોબા (ગુજરાત)ના મ્યુઝિયમમાં બિરાજમાન છે.

વિ. સં. ૧૭૩૬ અને ૧૭૪૬માં ગોડીજી પાર્શ્વનાથજીની પ્રતિષ્ઠા થઈ તથા પૂ. રણધીરવિજયજી તથા એમના શિષ્ય લાભવિજયજીએપ્રતિષ્ઠા વિ. કાર્યો કરાવેલ.

(૧૯૧) આગરેકા ઐતિહાસિક સ્તવન

અર્ગલપુર મૈં વન્દ કીના દસ મંદિર શ્રી જિનવરકા,
દો દાદાવાડી ઈક ઘર–દેરાસર વીર ચંદ્રકા. ॥૧॥ અર્ગલપુર.

પ્રાચીન મંદિર વાસુપૂજ્ય જિનેશ્વર બનવાયા જેઠમલ લોઢાકા,
શ્રી સિદ્ધાચલ સંઘ નિકાલા રાજકાલ થા ખિલજીકા. ॥૨॥ અર્ગલપુર.

ચિન્તામણિ પ્રભુ પાર્શ્વજિનેશ્વર રત્નમઈ બિમ્બ હૈ જિનકા,
20 ચૌરડિયા માનૂ કલ્યાન બનાયો હસ્તાક્ષણ હીરસૂરીકા. ॥૩॥ અર્ગલપુર.

શાહ ભેજ આમંતણ બુલાયો, કિયા માન ચંપા બહનકા,
અકબરકો પ્રતિબોધ કરીનૈ બિરુદ પાયા જગગુરુકા. ॥૪॥ અર્ગલપુર.
લોઢા દુર્જનમલ જૌહરી, રહવાસી ફત્તેપુરકા,
હીરસૂરીશ્વર કરી પ્રતિષ્ઠા, મંદિર બનાયા શ્રી જિનકા. ॥૫॥ અર્ગલપુર.

સૌલૈસૌ ચાલિસ એકતાલીસ બયાલીસ પ્રતિષ્ઠાકાલ જગતગુરુકા,
આગરા શૌરીપુર મથુરા ફત્તેપુર ગુણગાયા શ્રી જિનવરકા.॥૬॥ અર્ગલપુર.

શેઠ હીરાનન્દ મંદિર બનાયા, અદ્‌ભૂત બિમ્બ શ્રીમંધરકા,
ચન્દ્રસૂરી ગુરુ કરી પ્રતિષ્ઠા, સમ્વત સૌલ સૌ અડસઠકા. ॥૭॥ અર્ગલપુર.

સૌલૈસૌ ઉનત્તર સાલૈ, સંઘ નિકાલા શિખરજીકા,
30 શા કુરુપાલ સોનપાલ લોઢા સંઘપતિ, યાત્રી સંગ અન્નગિનતીથા.॥૮॥ અર્ગલપુર.

સંઘ સકલ સુખ પૂરવ આવી, જહાંગીરને માન કિયા સંઘકા,
નગર શિરોમણિ પદવી દીની, ધન્ય ધન્ય જીવન ઈનકા. ॥૯॥ અર્ગલપુર.

સૌલૈસૌ ઈકોત્તર સાલૈ, ઈગ્યાવન સૌ બિમ્બ શ્રી જિનકા,
સોના રૂપા રત્ન પાષાણ, અષ્ટધાત બિમ્બ જિનવરકા. ॥૧૦॥ અર્ગલપુર.

બાવન જિનાલય મંદિર કરાવી, અઢાઈ મહોત્સવ અદ્‌ભૂત થા,
કલ્યાણસાગરસૂરી કરી પ્રતિષ્ઠા રાજ્ય અકબર સુત જહાંગીરકા. ॥૧૧॥ અર્ગલપુર.

જલ્લાદી ઔરંગ બાદશા, મન્દિર તોડી જો ભારતકા,
બિમ્બ અનુપમ ખંડિત કીના અધિષ્ઠાતા જામ્મગઢકા. ॥૧૨॥ અર્ગલપુર.

બિમ્બ વિલય ભૂમિમેં હો ગયે, માગા મૂલ મલેચ્છનકા,
સમય પાય કર બિમ્બ મગર ભયો, નામ હુઆ મોતી કટેરકા. ॥૧૩॥ અર્ગલપુર.

હંસરાજ વૈદ મોહતા જાનૌ, વચન બદ્ધ કીયા ગુરુવરકા,
સંવેગી રણધીર ગુરુ ભયે તવ મંદિર બનાયા પ્રભુજીકા. ॥૧૪॥ અર્ગલપુર.

ગોડીપાર્શ્વ પ્રતિષ્ઠા કરાવી, અશ્વિન સિતથા છત્તીસકા,
દૂજી પ્રાણ પ્રતિષ્ઠા છયાલીસ ધન્ય ભાગ જીવન ઈનકા. ॥૧૫॥ અર્ગલપુર.

કેસરી પાર સાધીર કૌ મંદિર, પ્રગટ હુઆ જો થાનકકા,
સંવેગી રણધીર વિજય ગુરુ, ચેલા લાભવિજય જિનકા. ॥૧૬॥ અર્ગલપુર. 10

લશ્કર ઉજ્જૈન આગરા સંઘ પ્રતિબોધે, મંત્ર દિયા પ્રભુ પૂજનકા,
અગરમલ વૈદ મૌતાસે કરાયા, મંદિર સુર પ્રભુજીકા. ॥૧૭॥ અર્ગલપુર.

(૧૯૨–૨૧૩) ૨૨ સ્તવનોનો સાર

અત્રે ૨૨ સ્તવનોની સંક્ષિપ્ત માહિતી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

(૧) વિ. સં. ૧૬૦૦ની સાલમાં રચાયેલું શ્રી પાર્શ્વપ્રભુજીનું સ્તવન પાટણમાં શ્રી મોહન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા થઈ તે સમયનું છે. પૂ. ગચ્છાધિપતિ શ્રી ગુણનિધાનસૂરિ મ.સા. ના હાથે પ્રતિષ્ઠા થઈ. સ્તવન અપૂર્ણ જણાય છે.

(૨) તિથિરત્ન માલા સ્તવન આ સ્તવન સૌ પ્રથમવાર પ્રકાશિત થાય છે. અચલગચ્છ દિગ્દર્શન ગ્રન્થમાં આનો ઉલ્લેખ નથી. પૂ. આ. શ્રી ધર્મમૂર્તિસૂરિજી મ.સા. એ જૈન સિદ્ધાંતોને આગમના પાઠ આપીને તિથિરત્નમાલા ગુંથી છે. એને સૌએ કંઠસ્થ કરવી જોઈએ.

(૩) પંડિત વિજયસાગરે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન રચ્યું છે. એમા ૬૬ી કડીમાં ઐતિ. વાત જણાવી છે. અચલગચ્છેશ પૂ. 20
આ. ભ. શ્રી ધર્મમૂર્તિસૂરિના પ્રથમ શિષ્ય વાચક શ્રી રાજમૂર્તિ ગણિ હતા. છતાં પૂજ્યશ્રીના પટ્ટધર પૂ. આ. કલ્યાણસાગરસૂરિજી થયા છે.

(૪) આ છંદ ૧૫ કડીનો છે. એમાં પાર્શ્વનાથ પ્રભુના નામો અને સ્થાનો દર્શાવવામાં આવ્યા છે. સતરના સૈકામાં અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી કલ્યાણસાગરસૂરિ મ.સા.ના સમુદાયમાં શ્રી મોહનસાગરે આ છંદની રચના કરી છે.

(૫) વિ. સં. ૧૯૧૨ માં શેઠ શ્રી નરશી નાથાનો સંઘ કેશરીયાજી તીર્થે વૈશાખ વદિ ૨ ના પહોચ્યો તે સમયે પૂ. સૌભાગ્યચન્દ્રના શિષ્ય મુનિ દેવચન્દ્રે ૧૦ ગાથામાં આ સ્તવનની રચના કરી છે.

(૬) વિ. સં. ૧૯૨૨માં શેઠ શ્રી ત્રિકમજી વેલજીએ ચાતુર્માસમાં સંઘ કાઢયો. કાર્તિક શુદ પુનમને રવિવારે શ્રી કેશરીયા તીર્થમાં બિરાજમાન શ્રી આદિનાથદાદાને ભેટયો. અચલગચ્છેશ શ્રી રત્નસાગરસૂરિના રાજ્યમાં શ્રી જિનદાસ કવિએ ૯ ગાથામાં આ સ્તવના કરી છે.

(૭થી ૧૧) પાંચ સ્તવનોના કર્તા પૂ. નિત્યલાભજી છે. એક સ્તવન સુરત મંડન શ્રી સંભવનાથ ભગવાનનું છે. બે સ્તવન મુંદ્રા 30
(કચ્છ) મંડન શ્રી શીતલનાથ ભગવાનના છે. એમાં એક સ્તવનમાં વિ. સં. ૧૭૮૧ ભાદ્રવામાસમાં પર્વ પર્યુષણમાં રચ્યું છે. ચોથું સ્તવન વિ. સં. ૧૭૭૬માં વદિ તેરસને ગુરુવારના કચ્છ અંજાર ગામમાં બારમાં શ્રી વાસુપૂજ્ય સ્વામિજીની પ્રતિષ્ઠા થઈ તે સમયે આ સ્તવન રચ્યું છે. પાંચમુ સ્તવન શ્રી ભૂજ મંડન શ્રી ચિંતામણિપાર્શ્વનાથ પ્રભુજીનું છે. વિ. સં. ૧૭૯૪માં ભાદ્રવા માસના પર્વ પર્યુષણમાં સ્તવનની રચના થઈ છે.

(૧૨) ઉપાધ્યાય દર્શનસાગરના શિષ્ય તેજસાગરે વિ.સં. ૧૮૬૨. શ્રાવણ વદિ પાંચમને ગુરુવારના શ્રી સંભવનાથ સ્તવનની રચના કરી છે. ભાઈસાના કુળમાં નિહાલચંદભાઈ, ડાહ્યાભાઈ, રૂપચંદભાઈએ સંભવનાથ પ્રભુજીના દેરાસરનો જિર્ણોદ્ધાર કરાવ્યો એવો ઉલ્લેખ આ સ્તવનમાં છે.

(૧૩) મહાદેવપુરમાં શ્રી પદ્મપ્રભુજી શિખરબદ્ધ જિનાલયમાં બિરાજે છે. ઉપાધ્યાય શ્રી ન્યાયસાગરજીના શિષ્ય

ઉદ્યોતસાગરજીએ વિ. સં. ૧૮૪૦. માઘ વદિ તેરસને સોમવારના આ સ્તવન રચ્યું છે. આ સ્તવનમાં શ્રેષ્ઠિ રામધર પુનશીનો ઉલ્લેખ થયો છે.

(૧૪) આ શાંતિનાથ પ્રભુજીનું સ્તવન જૈન શાસનમાં ખૂબ જ પ્રસિદ્ધ છે. વિ. સં. ૧૮૯૮ ની સાલમાં (કચ્છ) અંગીયા ગામે પૂ. આ. શ્રી મુક્તિસાગરસૂરિજીએ માસકલ્પ કર્યો તે સમયે આ સ્તવનની રચના કરી છે. આજે પણ અંગિયા ગામે શ્રી શાંતિનાથ પ્રભુજી બિરાજમાન છે.

(૧૫) પાટણના શાલવી વાડે શ્રી નેમિનાથ પ્રભુ બિરાજમાન છે. એમાં જમણીબાજુ શ્રી આદિનાથ અને ડાબીબાજુ શ્રી મલ્લીનાથજી છે. એ જિનાલયમાં ૭૨ પ્રભુજી બિરાજે છે. આ પ્રભુજીનો ઈતિહાસ કંઈક આ પ્રમાણે છે.

શાલવીઓ પાટણમાં વસ્યા ત્યારે પ્રભુજીને પણ સાથે લાવ્યા. એમના ગુરુ શ્રી છત્રસેન ભટ્ટારકને પૂ. આ. શ્રી જયસિંહસૂરિ મ. સાહેબે વાદમાં પરાજિત કર્યા. ત્યારે ભટ્ટારક પૂ. આચાર્યશ્રીના શિષ્ય થયા અને બધા શાલવીઓ અચલગચ્છના અનુયાયી બન્યા. આ ઘટના તેરમી સદીમાં બની અને અઢારમી સદીમાં એટલે વિ.સં. ૧૭૧૯માં અચલગચ્છેશ પૂ. આ. અમરસાગરસૂરિજીએ આ દેરાસરમાં પગલાની સ્થાપના કરી તે સમયે એમના શિષ્ય પૂજ્ય નયનસાગરજીએ આ સ્તવનની રચના કરી છે.

(૧૬) પાટણની સ્થાપના થઈ અને શ્રી નાગેન્દ્રગચ્છના પૂ. આ. શીલગુણસૂરિજીના ઉપદેશથી વનરાજ ચાવડાએ પંચાસરા ગામથી શ્રી પાર્શ્વનાથ પ્રભુને બિરાજમાન કર્યા. એ ઐતિ. પ્રસંગનું આ સ્તવનમાં સુંદર વર્ણન કરાયું છે. અચલગચ્છેશ પૂ. આ કલ્યાણસાગરસૂરિજીના સમુદાયના ઉપા. દાનસાગરજીએ આ સ્તવનની રચના કરી છે.

(૧૭) તપાગચ્છના આ. શ્રી ભાવપ્રભસૂરિએ શ્રી વીરપ્રભુજીનું સ્તવન રચ્યું છે. પ્રભુજી બુરહાનપુર (એમ.પી.)માં ઝવેરીવાડમા બિરાજમાન હતાં. આજે ત્યાં દેરાસર નથી પણ દેરાસરની જગ્યા સંઘ હસ્તક છે. અત્રે ૧૮ દેરાસર હતા. મુસ્લીમોએ તોડી પાડયા. બધા દેરાસરના મૂળનાયક એક જ જિનાલયમાં બિરાજમાન છે.

(૧૮/૧૯) વિ.સં.૧૯૧૧.મહાવદ ૧૧ના મુનિ વિનયસાગરજીએ સંઘ સહિત શ્રી સમેતશિખરજી તીર્થની યાત્રા કરી અને ફાગણ વદિ ૫ના પાવાપુરી તીર્થની સ્પર્શના કરી તે સમયે આ સ્તવનો રચ્યા છે. તીર્થના વાતાવરણને સુંદર શબ્દોમાં આલેખેલ છે.

(૨૦) અચલગચ્છેશ પૂ. આ ઉદયસાગરસૂરિજીની નિશ્રામાં સુરતથી સંઘવી તારાચંદે શ્રી શત્રુંજય મહાતીર્થનો ૬'રી પાળતો સંઘ કાઢેલ તે સમયે એમના શિષ્ય મુનિ તિલકચંદે આ સ્તવનની રચના કરી છે.

(૨૧) શ્રી જિનદાસ કૃત ચોવીશીનો કળશ, ભટ્ટારક શ્રી પૂજ્ય વિવેકસાગરસૂરિના રાજ્યમાં આ ચોવીશી રચાયેલ છે તેનો આ કળશ છે.

(૨૨) વિ. સં. ૧૮૪૬ના શ્રી પૂજ્ય સૌભાગ્યચન્દ્રજીના શિષ્ય શ્રી સ્વરૂપચંદ્રજી એ સંઘ સહિત શ્રી ગિરનાર તીર્થની યાત્રા કરી તે સમયે " શ્રી ગિરનાર તીર્થનો વધાવો."ની રચના કરેલ છે.

(૧૯૨) શ્રી પાર્શ્વજિન સ્તવન

કર્તા : અજ્ઞાત રચના સં. ૧૬૦૦ લગભગમાં

પૂજે શ્રી મોહન પાર્શ્વનાથ, મૂરતિ મોહનવેલી; આપે અવિચળ સેલી, કાપે દુઃખવેલી રે.
નમીએ પાર્શ્વ સુખકર કલ્પવેલી, અહો પ્રભુ નમીએ શ્રીજિનપાર્શ્વ સુખકર કલ્પવેલી.પૂજે૦ ૧

દોહરો

સંવત (૧૬૦૦) સોલ સો વર્ષમાં, વદ દશમી વૈશાખ; અણહિલપુર પટ્ટણ મહીં, શ્રી શ્રીમાલી જ્ઞાત,
અચળગચ્છ ગુણનિધાનસૂરિ, કરે પ્રતિષ્ઠા રે; સોની જશા વચ્છા નીમધામ, મૂરતિ મોહનવેલી.પૂજે૦ ૨

તાસ વંશશિરોમણિ, જાયા કર્માશા જાણ; ભક્તિ કરે બહુ ભાવશું, પ્રગટયા નવ નિધાન
પ્રભુને પધરાવે સામે, ઉછરંગની રેલી રે; વાગે મૃદંગ સૂર રણઝણાંટ, પૂરણ મનરંગ જ રેલી.પૂજે૦ ૩

(પ્ર. શ્રી જિનેન્દ્ર ભક્તિ પ્રકાશ, ભાવનગર)

(૧૯૩) તિથિરત્નમાલા સ્તવન કર્તા પૂ. આ. શ્રી ધર્મમૂર્તિસૂરિ મ. સા.

॥ શ્રી ॥ ૐ નમઃ ॥ ઢાલ જાદવા ॥

પડિમાં પડિય જુહારીઈ, જિસથી સમકિત નિર્મલ હુઈ
બહુ સુત્રિઈ જિમ તિથિ કહી, તે તુમનહ વિમાસી જોઈ....૧
આંકણી–કિ પનરહ તિથિ વખાણીઈ

તુ દિન કહિ પનરહ સાર, જઈ ઈસિ કરણી મનિ ધરઈ
નિશ્ચય પામઈ ભવના પાર, કિ પનરહ....૨

બીજઈ બે બોલિ આદરૂં એક ક્ષમા દુજઉં સિજ્ઝાય,
પ્રશ્ન સૂત્ર કહીઉ વડઉ, ભાખ્ય ઉ શ્રી જિનવર રાયા.... કિ....૩

તીન બોલિ તીજઈ કરઉ, દંસણ નાણ અનઈ ચારિત્ર
જબ તિનઈ હુઈ એકઠા, તવ શિવરમણિ સુખ અનંત. કિ....૪

ચાર બોલ ચઉથઈ કરઉં, દાન શીલ તપ ભાવન સાર,
બહુ શ્રુત ઈક જિનવર કહિ, જિસ થઈ પામઈ સુખ અપાર કિ....૫

પંચમહાવ્રત પંચમી જે પાલઈગા(પામે) મન આણંદ,
જ્ઞાતા અંગી ભાખીયા, તે પામઈગા પરમાણંદ કિ....૬

છઠ્ઠી કરું છ આવશ્યક, દહું ઓખત નિરતા પ્રતિપાલ
દોષ તેયાસી ટાલઈ, આગમ વચન સદા સંભાલઈ કિ....૭

સાતમિ સાતઈ સૂતનઈ, તે ભાખી અનુયોગ દ્વારિ
તિનકા મર્મ પ્રીછી, તૂપુહુતીજઈ સદ્ધિદુયારિ કિ....૮

આઠ બોલ આઠમી કરું નિરતી પાલઉ પ્રવચન માત
ઉત્તરાધ્યયને ઈંતે કહી, ચઉવીસમું અધ્યયન વિખ્યાત. કિ....૯

નવમી નવવાંડિહિ કરી, જે પાલહી ગા સીલ સુજાણ
શીલ વડઉ જગિ જાણીયઈ, તે પામહિગા નિશ્ચલ ઠાણ. કિ....૧૦

દસમી દ્રષ્ટાંતિહિં દુલ્લહઉં, લાધઉ માણસ જમ્મ
વલી વલી પામિસિ નહી, ભાવિઈ કીજઈ જિનવર ધર્મ. કિ....૧૧

ગ્યારસિ ગ્યારસ પ્રતિમા, વહતા ઘણી નિર્જરા હોઈ,
ઉપાસગ દ્રષ્ટાંતિ હિ તે કહી, દસ શ્રાવક દ્રષ્ટાંતિ હિ જોઈ. કિ....૧૨
બારસ બારહ ભાવના, એ ધ્યાઈ જઈ નિર્મ્મલ ભાવ
ઘણા કર્મ્મહુઈ નિર્જરા, ઈમ કહિઉં જિનવર રાય કિ....૧૩

તેરસ તેરકાઠીયા દૂરિ કરી, પાલહુ જિણ ધર્મ્મ
શિવ રમણી સુખ ઉપજઈ, દુષ્ટ આઠ ભાંજિહિ કર્મ્મ....૧૪

ચઉદસ ચઉદસ જીવતત્ત એ સદહીઈ નિરતા ભેદ
અધ પુદ્ગલમાંહિ સહી, ગતિ ચ્યારઈ તસુહોસ્યે છેદ. કિ....૧૫

પનરસ પનરહ કર્મ્મભૂમિ, તિહાં અછઈ શ્રી જિનવર વીસ
ચરણ કમલ નિતુ નિતુ નમઉં, પંચમ ગતિ આપહુ જગદીસ. કિ...૧૬

જંબુદીવ પન્નતીઈ, પનરહ તિથિકા કહીયા નામ
રાત દિન પુંજહિ સહિત, પરમાણ સંવત્સર દેખઉ ઠામ. કિ....૧૭

ધન્ય વરસ તે ધન્ય માસ, ધન્ય દિવસ જસ કીજઈ ધર્મ્મ,
ધન્ય ઘડી તે રાત્રી ધન્ય, જિસ કરતા ત્રૂટઈ સવી કર્મ્મ. કિ....૧૮

તિથિરત્ન માલા કહી, જિસકા ગુણ હઈ અતિ વિસ્તાર
જે મનમાંહિ સુમરિ સિઈ, તે પામઈગા સુખ અપાર. કિ....૧૯

શ્રી ગુણનિધાન પાટિ શોભતુ, અંચલગચ્છ શોભઈ શિણગાર,
શ્રી ધર્મ્મમૂર્ત્તિસૂરિ વંદીયઈ, જિસ વંદિહુઈ હરખ અપાર. કિ....૨૦

॥ ઈતિ શ્રી તિથિરત્ન માલા સ્તવન સમાપ્તઃ ॥

શ્રી કુશલચન્દ્રગણિ ગ્રન્થ સંગ્રહ કચ્છ નાની ખાખર.

(૧૯૪) શ્રી પાર્શ્વનાથ સ્તવન

કર્તા : પં. વિજયસાગર

સકલ સુખાકર જિનવર રાય, ભવિયણ વંદો પાસજીના પાય;
નામેં નવનિધિ હોયે વલી, પૂજ્યાં પાતક જાયે ટલી....૧

નયરી વણારસી અશ્વસેન રાય, વામાદેવી જેહની માય;
સતીય શિરોમણિ રૂપનિધાન, જિણે જન્મ્યા પ્રભુ પાર્શ્વપ્રધાન....૨

અંગે આંગી દીપે અતિ સાર, રત્નજડિત શિર મુકુટ ઉદાર;
કાને કુંડલ બાંહે બેરખા, હાર હીયે સોહે નવલખા....૩
ઈન્દ્રનીલ સમ તનુ દીપંત, તેજેં શશિહર રવિ ઝીપંત;
વદન કમલ જસ પૂનમ ચંદ, નયન કમલ દીઠે આનંદ....૪

વાઘ સિંહ ગજ ભય સવિ ટલે, ભૂત પ્રેત વ્યંતર નવિ છલે;
રોગ શોગ દુઃખ વારણહાર, પાસજીને નામેં નિત જય જયકાર...૫

અંચલગચ્છે ઉદયો ભાણ, ધર્મમૂર્ત્તિસૂરિ જગ જાણ;
તાસ તણા વાચકવર શિષ્ય, વંદૂ રાજમૂર્તિગણિ મુખ્ય....૬

તાસ શિષ્ય પંડિત ઊલટ ધરી, સ્તવન રચ્યું મેં ખંતે કરી;
વિજયસાગર મુનિ પભણે મુદા, સ્તવન ભણે તસ ઘર સંપદા....૭

(૧૯૫) શ્રી પાર્શ્વનાથ છંદ

કર્તા : મોહનસાગર રચના : સં. ૧૭૦૦ લગભગમાં

સકલ પાસ સંભારૂં નામ, જિમ મન વંછિત સિઝે કામ;
ગોડી પાસ ચુલેરો શામલો, શંખેશ્વર થંભણ ગુણનિલો....૧

દક્ષિણમાં કલિકુંડ અંતરિક્ષ, અમીઝરો ફલવિધી પરતિક્ષ;
નવલખો હજારો ધણી, લોડણ પૂરે ઇચ્છા ઘણી....૨

કોકો પાસ પ્રભુ પંચાસરો,વરકાણો સહસફણો આદર્યો;
વિજય ચિંતામણી જિનવર પાસ, ગોડીજી તાંણે નીલ વિલાસ....૩

જેસલમેર સ્વામી ભીનમાલ, નવખંડો ધોધે રખવાલ;
મંડોવર ધાણે વંદીઈ, જીરાવલો દાદો આનંદીઈ....૪

નવપલ્લવ ને કુંકમરોલ, ચિંતામણી વંદતા કલોલ;
બિંબપરો ને સુખસાગરૂ, મનમોહન પ્રભુ ગુણ આગરૂ....૫

સોમનાથ ભટેવા જાણ, કાપડો હેરો કરે કલ્યાણ;
સાનિવાડ નાગોરે જાણ, ગાડરીઓ તે પાસ વખાણ....૬

ગંગણી ને બાહડમેર, રાવણ ટાલે ભવનો ફેર;
સેરીસો સ્વામી મોહર પાસ, મોક્ષ કલેરો પૂરે આસ....૭

બાલિઘર નાકોડો ધણી, ડોસો કરશે વાર આપણી;
સીસોદીઓ નારંગો કહ્યો, અલપસ કોમલ મનમાં રહ્યો....૮ 10

રોડ્રાણીને પાસ જોકૃાંગ, વડાજાલ રહે ઉત્તંગ;
અયમતો પરો છેવટણ ભલો, અઈછતો ભાભો શામલો....૯

વાસ કંબલહીજો નવરંગ, વેલુકો નવસારા ચંગ;
કમોયો ચોપટમળ સાંમ, આણંદાઓ કલારોલો નાંમ....૧૦

નાગદ્રોહ ને કાંમક પાસ, વડી કંસારા પૂરે આસ;
ભીડભંજનને ઘૃતકલ્લોલ, વિઘનહરો થાપે નિજ બોલ....૧૧

ભુવડ પાસ ને કાશી ઘણી, સોમનાથ આસ્યા પૂરે ઘણી;
શ્રી શત્રુંજો ને ગિરનાર, સમેતશિખર માણંક સંભાર....૧૨

મુક્તાગિરિ ને ગોમઠ સ્વામ, રાણકપુરે ઈલોરે ગામ;
તારંગે જાદવ જુહાર, બંભણવાડ નવપલ વિહાર....૧૩ 20

ઈમ અનેક ઠામે છે તારો વાસ, ધારે તેહની પૂરે આસ;
પ્રભાતે ઊઠી પાર્શ્વનાથ જપે, અલિય વિઘન તસ દૂરે ખપે....૧૪

તું જગદીસર મોટો દયાલ, સેવકનો છે તું પ્રતિપાલ;
અંચલગચ્છપતિ સૂરિ કલ્યાણ, મોહનસાગર વદે સુજાણ....૧૫

(પ્ર૦ જિનગુણ સ્તવનાવલી)

(૧૯૬) શ્રી કેશરિયાજી સ્તવન

કર્તા : દેવચંદ્ર રચના સં. ૧૯૧૨

ભમરો ઉડેરે રંગમહોલમાંરે એ દેશી.

આજ સફલ દિન માહરો રે, વાંદ્યાં શ્રી ધૂલેવા રાય રે;
કેશરિયાજી ભેટિયો રે, મેવાડ વાગડ વિચ્ચે શોભતો રે; 30
બાવન જિનાલયો પ્રસાદ રે. કે૦ ૧

મેરુ સમ ઉત્તંગ દેહરો રે, કોરણી અતિહિ શ્રીકાર રે; કે૦
થંભે થંભે શોભે પૂતલી રે, જાણિયેં દેવ વિમાન રે. કે૦ ૨

સુવર્ણનો દંડ કલશ અછેરે, રૂપ્ય કપાટ જોડિ દોય રે; કે૦
રત્નેં જડિત સુવર્ણ અંગિકારે, તેજેં ઝલામલ ભાણ રે. કે૦ ૩

પ્રભુજીની મૂરતિ મોહની રે, તૃપ્તિ ન પામે નયણ રે; કે૦
મહિમાવંત મોહોટા તુમેં રે, જગ સહુ નમે જસ પાય રે. કે૦ ૪
નિતપૂજે પ્રભુ ભાવશું રે, વંછિત ફલ લહે તામ રે; કે૦
આશા ધરીને હું આવિયો રે, દો દરિસણ મહારાજ રે. કે૦ ૫

દેશાવરી સંઘ આવે ઘણા રે, યાત્રા કરણ નિતમેવ રે; કે૦
કેશરના કીચ મચી રહ્યા રે, નિત હોઈ મંગલ માલ રે. કે૦ ૬

ગોમુખ યક્ષ ચક્કેસરી રે, શાસન દેવતા એહ રે; કે૦
કલિયુગમાં સાચો ધણી રે, પરતા પૂરણ હાર રે. કે૦ ૭

શેઠ નરસિંહ નાથાના સંઘમાં રે, વર્ત્તે છ જય જયકાર રે; કે૦
10 સંવત ઓગણીશ બારોત્તરે રે, વૈશાખ વદિ બીજ સાર રે.કે૦ ૮

તિણે દિન પ્રભુજીને વાંદિયા રે, સંઘ સર્વે ગહઘટ રે; કે૦
પૂજા સાહમિવચ્છલ નિતપ્રતેં રે, ખરચીને લાહો લીધ રે. કે૦ ૯

આઠ દિવસ કરી જાતરા રે, સંઘ સહૂ હર્ષેણ રે; કે૦
સૌભાગ્યેંદુ શિષ્ય દેવચંદ્રને રે, યાત્રા થઈ સુખકાર રે. કે૦ ૧૦

(૧૯૭) શ્રી કેશરિયાજી સ્તવન

કર્તા : જિનદાસ રચના સં. ૧૯૨૨

જ્ઞાનપદ ભજીયેં રે જગત સોહંકરી, એ દેશી

ભવિ વણઝારા રે જાઓ તમેં ધુળેવે, જિહાં બિરાજે ઋષભ રે;
માંનભદ્ર ખેત્રપાલ હજૂર રહે, જલધિ દીયે જબાબ રે. ભવિ૦ ૧

20 દેવી ચકેશ્વરી વલી પદ્માવતી, પૂરે સબકી હોં આસ્યા રે;
દૂર દેશથી રે જિનમતિ અન્યમતિ, આવે દરસણેં પ્યાસા રે. ભવિ૦ ૨

આતમ નગરીથી સંઘ જ કાઢીએં, સંવર સતાવન ગાડા રે;
શુભ પરિણામી રે વૃષભ જ જોડી એં, સાર્થવા ગુરુ સુખકંદારે ભવિ૦ ૩

ક્રોધ દાવાનલ માંન વિષમગિરિ, હલવે તેહ ઓલંગી રે;
રાગ દ્વેષ સિંહ ભીલ કાઠિયા ચોર, અષ્ટકર્મ જલ જંગી રે. ભવિ૦ ૪

વિષમ ભોંમીએં બિરાજે કેશરીઓજી, મુખ સોહે પૂંનમચંદો રે;
ચૈત્ય અનોપંમ તેજ ભાનું સંમ, સેવે સુરનર ઈંદો રે. ભવિ૦ ૫

ભાવેં ધ્યાવે રે ધૂડેવા નાથનેં, રોગ સોગસવિ ટાલે રે;
નિરધનિયાં દીન દુઃખીકું સુખી કરે, પરમ પદ્ પમાડે રે. ભવિ૦ ૬
30 *સાત ચાર ત્રેવીસ દૂરેં વરજીનેં, પેઠાં શ્રી જિન દ્વારે રે;
ઓગણીસેં દુવીસ કાર્તિ પૂનમ દિને, ધન ધનભાંનુ વારે રે. ભવિ૦ ૭

ઓસવંસી વેલજી તાસ સુત જ્યેષ્ટ, ત્રીકમજી ગુણવંત રે;
માત–ભ્રાત સંઘ સહિત જાત્રા કરી, સકલ ચંદ્ર વદંતે રે. ભવિ૦ ૮

અંચલગચ્છપતિ રત્નસાગરસૂરિ, તસુ આજ્ઞાએં વરતંત રે;
કહે જિનદાસ રે ભવિજન સાંભલો, ધૂળેવેતીરથ મહંત રે. ભવિ૦૯

*ભય કષાય વિષય

(પ્ર૦ ભીમસિંહ માણેક સં. જૈન પ્રબોધ)

(૧૯૮) શ્રી સંભવનાથ સ્તવન

કર્તા : વા. નિત્યલાભ

હું તો જાઉં રે જિન દરબાર, પ્રભુ મુખ જોવાને;
પ્રભુ આપે રે સમકિત સાર, શિવસુખ હોવાને....૧
સાથે લીધાં રે નિરમલ નીર, પ્રભુને પખાલવા રે;
શુદ્ધ કીધાં રે પ્રભુનાં શરીર, ભવ દુઃખ ટાલવા રે...૨
ઘસી ઘસી રે કેશર કપૂર, નવે અંગે પૂજિયે;
હસી હસી રે આણંદ પૂર, શિવસુખ લીજિયે....૩
એહવે આવી રે અમરની નાર, પ્રભુજીને વીનવે;
સાથે લાવી રે ફૂલડાનો હાર, પ્રભુને કંઠે ઠવે....૪
આગલ નાચે રે થઈ થઈ કાર, સહુ ટોલે મલી;
દિલ સાચે રે કરી શણગાર, પ્રણમે લળી લળી....૫
હાથ જોડી રે પ્રભુજીની પાસ, ભક્તિ ઘણી કરે;
માન મોડી રે ગાવે ભાસ, પ્રભુ મનમાં ધરે....૬
આલો આલો રે મુગતિનો વાસ, પ્રભુ કરુણા કરી;
ટાલો ટાલો રે ભવનો પાસ, વિનતિ ચિત્ત ધરી....૭
સેના રાણીના નંદન દેવ, ગુણ રત્નાકરુ;
એવો જાણી રે કીધી મેં સેવ, જયો જયો જિનવરૂ....૮
સોહે સોહે રે સૂરત મઝાર, વિધિપક્ષ દેહરે;
મોહે મોહે રે બહુ નર નાર, દેખી નયણાં ઠરે....૯
નામેં નામેં રે સંભવનાથ, જિન રલિયામણા;
પામે પામે રે સુખ નિત્યલાભ, લેહું નિત્ય ભામણાં....૧૦

(૧૯૯) શ્રી શીતલનાથ સ્તવન

કર્તા : વા૦ નિત્યલાભ

શીતલ જિનવર સાંભલો રે, ગુણનિધિ ગરીબ નિવાજ;
દેખી દરીસણ તાહેરું રે, સફલ થયો દિન આજ. શી૦ ૧

સૂરત તાહારી સોહામણી રે, લાલ અમૂલક નંગ;
જાણીએં કલ્પદ્રુમ સારખો રે, કીધી પ્રીતિ અભંગ. શી૦ ૨

હેજાલે નયણેં કરી રે, મલજો મુઝને સ્વામ;
અંતર જામી છો માહરા રે, ભવદુઃખ ભંજણ ઠામ. શી૦ ૩

સાચો સાજન તું મિલ્યો રે, પ્રીતિ કીધી પરમાણ;
હિયડે ભીંતર તું વસ્યો રે, ભાવેં જાણ મ જાણ. શી૦ ૪

ધરણી તલમાં જોવતાં રે, અવર મિલ્યા મુઝ લાખ;
પણ તે હું નહીં આદરું રે, શ્રી પરમેસર સાખ શી૦ ૫

સીતાને મન રામજી રે, રાધાને મન કાન;
ભમરો માલતિ ફૂલડે રે, તિમ પ્રભુ શું મુઝ તાન. શી૦ ૬

રોહિણીને મન ચાંદલો રે, જિમ મોરામન મેહ;
ઈન્દ્રાણીને મન ઈંદલો રે, તિમ પ્રભુશું મુઝનેહ. શી૦ ૭

અમને તમારો છે આશરો રે, નહિ કોઈ બીજા શું વાદ;
સાચો સેવક જાણશો રે, તો સવિ પૂરશો લાડ. શી૦ ૮

અંચલગચ્છને દેહરે રે, મુંદરા નગર મઝાર;
મહિમાવંત મયા કરો રે, ભવદુઃખ ભંજણ હાર. શી૦ ૯

સાંનિધિકારી છો સાહેબા રે, પ્રણમ્યાં પાતક જાય;
સહજ સુંદર ગુરુરાયનો રે, નિત્યલાભ પ્રભુ ગુણ ગાય. શી૦ ૧૦

(૨૦૦) શ્રી શીતલનાથ સ્તવન

કર્તા વા. નિત્યલાભ **રચના : સં. ૧૭૮૧**

માહારે શીતલ જિનશું લાગી પૂરણ પ્રીત જો,
સાહિબજીની સેવા ભવદુઃખ ભાંજશે રે જો;
હાંરે જિન પ્રતિમા જિનવર સરખી દિલમાં જોઈ જો,
ભક્તિ કરતાં પ્રભુજી ખૂબ નિવાજશે રે જો.....૧

જેણે જોતાં લાધો રત્નચિંતામણિ હાથ જો; તેહની રે મૂકીને કુણ ગ્રહે કાચનેં રે જો,
જેણે મનશું કીધાં જૂઠાનાં પચ્ચકખાણ જો; તે નર બોલે સો વાતેં પણ સાચને રે જો.....૨

જે પામ્યા પરિગલ પ્રીતેં અમૃત પાંન જો, ખારું જલ તે પીવા કહો કુણ મન કરે રે જો;
જે ઘરમાં બેઠાં પામ્યા લખમી જોર જો, ધનને કાજં દેશ–દેશાંતર કોણ ફરે રે જો....૩

જેણે સેવ્યા પૂરણ ચિત્તે અરિહંત દેવ જો, તેહના રે મન માંહે કેમ બીજા ગમે રે જો;
એતો દોષ રહિત નિકલંકી ગુણ ભંડાર જો, મનડૂં રે અમારું પ્રભુ સાથે રમે રે જો....૪

મુંને મલિયા પૂરણ ભાગ્યેં શીતલનાથ જો, દેખીને હૂં હરખ્યો તન મન રંજિયો રે જો;
એ તો દોલતદાયી પ્રભુજીનો દેદાર જો, મેં તો જોતાં પ્રભુને કર્મદલ ગંજીઓ રે જો....૫

શ્રી વિધિપક્ષેં દેહરે મુંદરા નયર મઝાર જો, આંગી રે નવરંગી શિખર સોહામણી રે જો;
એ તો તેજેં દીપે ઝગમગ જ્યોતિ વિશાળ જો, સોહેં રે મનમોહે મૂર્તિ રલિયામણી રે જો....૬

શ્રી સત્તર એકયાશીએ રૂઅડો ભાદ્રવમાસ જો, સ્તવન રચ્યું એ પ્રેમેં પર્વ પજૂસણે રે જો;
શ્રી સહજસુંદર શિષ્ય બોલે એણી પરેં વાણી જો, ભાવેં રે નિત્યલાભ કહે હરખે ઘણે રે જો..૭

(૨૦૧) શ્રી વાસુપૂજ્ય સ્તવન

કર્તા : વા. નિત્યલાભ **રચના : ૧૭૭૬**

શીતલ જિનવર સાહેબા રે. એ દેશી.

વાસુપૂજ્ય જિન સાહેબા રે, સુણ મારી અરદાસ;
તુમ દરસનને દેખવા રે, મુજ મનડું ઘરે આસ. વાસુ૦ ૧

મહિયલ માંહે જોતા થકાં રે, દીઠા દેવ અનેક;
હરિહર બ્રહ્મા સારખા રે, તુમ સમ નાવે એક. વાસુ૦ ૨

તમે છો ત્રિભુવન રાજવી રે, તુમે છો દેવના દેવ;
લોકોત્તર ગુણશું ભર્યા રે, દેવ કરે તુમ સેવ. વાસુ૦ ૩

જનમ પૂરી ચંપા ભલી રે, વાસુપૂજ્ય કુલ અવતંસ;
દેવી ઉયરે હંસલો રે,મુરત મોહન વંશ. વાસુ૦ ૪

સત્તર ધનુષ સોહામણી રે, રક્તોત્પલદલ કાય;
મહિષ લાંછન ચરણાં બુજે રે, બહોંતેર લાખ વરસનું આય. વાસુ૦ ૫

કુંવ પણે પ્રભુજી તમે રે, દીક્ષા લીધી સુજાણ;
આઠે કર્મ ખપાવીઆં રે, પામ્યા કેવલ નાણ. વાસુ૦ ૬

કોધાદિક પ્રભુમાં નહિ રે, નહિ વલી વિકથા ચાર;
સાતે ભય દુરે કર્યા રે, કરતાં પર ઉપકાર વાસુ૦ ૭

ચઉવિહ ધર્મ પ્રકાશતા રે, ચોત્રીશ અતિશય ધાર;
તીર્થંકર શ્રી બારમા રે, જગગુરુ જગ આધાર. વાસુ૦ ૮

ભવભવના ફેરા ટલ્યા રે, દીઠા શ્રી જિનરાજ;
વંછિત દિજે સાહેબા રે, તું છો ગરીબ નિવાજ. વાસુ૦ ૯

કચ્છ દેશ ગુણમણિનીલો રે, રૂડું ગામ અંજાર;
તિહાં જિનવર પ્રાસાદ છે રે, મહિમાવંત ઉદાર. વાસુ૦ ૧૦

શ્રાવક સહુ વસે ભાવિયા રે, જિનધર્મી સુખકાર;
ભક્તિ કરે ભગવંતની રે, ધરતાં હર્ષ અપાર વાસુ૦ ૧૧

આંગી રચી રલિયામણી રે, ઝગમગ જ્યોતિ વિશાલ;
સાંરંગ માદલ વાજતાં રે, ગાવે ગીત રસાલ. વાસુ૦ ૧૨

પૂજતાં જિનવર ભાવશું રે, લહિયેં શિવસુખ સાર;
સત્તર છહોંતેર થાપના રે, વદિ તેરસ ગુરૂવાર. વાસુ૦ ૧૩

અંચલગચ્છપતિ જાણીએ રે, વિદ્યાસાગરસૂરિરાય;
વાચક સહજસુંદર તણો રે, નિત્યલાભ પ્રભુ ગુણ ગાય. વાસુ૦ ૧૪

(પ્રત ભીમસિંહ માણેક સં. પંચપ્રતિક્રમણ સૂત્ર)

(૨૦૨) શ્રી ભૂજમંડન પાર્શ્વનાથ સ્તવન

કર્તા : વા૦ નિત્યલાભ રચના : સં. ૧૭૯૪

સુગુણ સોભાગી રે કે સાહેબ માહેરા, શ્રી ચિંતામણિ પાસ;
પૂરવ પુણ્યેં રે કે દરિસણ દેખિયેં, પૂગી મારા મનડાની આશ;
હું બલિહારી રે કે જાઉં તોરા નામની....૧

કાશી દેશેં રે કે નગરી વારાણસી, અશ્વસેન રાયા કુલચંદ;
માતા વામા રે કે પ્રભુજીને જનમિયા, દીઠડે પરમાનંદ. હું૦ ૨

મૂરત સૂરત રે કે નિરખીને હરખીએં, સાંભલ મોરા સ્વામ;
વાન વધારણ રે કે જગમાં સુરતરુ, તું મુઝ આતમ રામ. હું૦ ૩

લાલ સુરંગી રે કે અંગી શોભતી, સોહે સોહે પ્રભુજીને અંગ;
શિખર બનાવ્યું રે કે સુંદર કોરણી, દિસે દિસે નવ નવા રંગ. હું૦ ૪

શિરપર સોહે રે કે મુકુટ, જડાવનો, કાને કુંડલ શ્રીકાર;
કેડે કંદોરો રે કે બાંહે બેરખા, કંઠડે નવસરો હાર. હું૦ ૫

વિધિપક્ષ દેહરે રે કે મૂલ નાયક પ્રભુ, ભુજમંડણ જિનરાજ;
ભાવિક શ્રાવક રે કે ભાવે ભાવના, સાહેબ ગરીબ નિવાજ હું૦ ૬

કોઈ કુમતિયા રે કે પ્રભુને માને નહિં, તે રડવડશે સંસાર;
નવ દંડકમાંહે રે કે ગતિ છે તેહનેં, નહિં લિયે ભવનો પાર. હું૦ ૭

સૂત્ર સિદ્ધાંતે. રે કે જિન પ્રતિમા કહી, જિન સરખી નિરધાર;
10 પૂજો પ્રણમો રે કે ભવિયણ ભાવશું, જિમ પામો શિવસુખ સાર હું૦ ૮

સંવત સત્તર રે કે વરસ ચોરાણું એ, રૂડો રૂડો ભાદ્રવ માસ;
સ્તવના કીધી રે કે પરવ પંજૂસણે, નિત્યલાભ પ્રભુજીનો દાસ. હું૦ ૯

(જૈન પ્રબોધ સં. ભીમસિંહ માણેક)

(૨૦૩) શ્રી સંભવનાથ જિન સ્તવન

કર્તા : નિધાનસાગર

સંભવ જિનવર દેવા, જેહની કરે સુરનર સેવા રે
ભવિયા સંભવ જિનવર વંદો, મુખ સોહે પુનમ ચંદોરે. ભવિયા...૧

મુરત મોહનગારી એતો સેવા કરે નરનારી રે ભવિયા;
પ્રભુ તુજ મુદ્રા સારી, એતો ભવિયણ ને હિતકારી રે. ભવિયા....૨

20 પિતા જિતારી કહાયા, તિહાં સંભવ જિનવર રાયા રે ભવિયા;
સેના રાણીના જાયા ત્રિહું લોકમાં બહુ સુખ થાયા રે.ભવિયા સં...૩

જીર્ણ ઉદ્ધારજ કીધો, શ્રી સંઘમાં બહુ જસ લીધો રે ભવિયા;
ભાઈસાના કુલમાં દીપે શા નિહાલચુંદભાઈ ચિરંજીવો રે ભવિયા સં..૪

ડાહ્યાભાઈને રૂપચંદી, જસ ઉપમા સોહે છે છંદો રે ભવિયા;
સંભવનાથ બિરાજે, શિર ઉપર છત્ર જ સોહે રે ભવિયા સં....૫

અઢારસે. બાસઠાસાર શ્રાવણ વદી પાંચમ ગુરુવારે રે ભવિયા;
ઓચ્છવ મહોચ્છવ કીધો સામીવચ્છલ લાહો જ લીધા રે. ભવિયા સં...૬

દર્શન સાગર ઉવજ્ઝાયા, બુધ તેજસાગર સુપસાયા રે ભવિયા;
બે કરજોડી ગુણ ગાયા, શીશ નિધાન સુખ પાયા રે ભવિયા સં....૭

30

(૨૦૪) શ્રી પદ્મપ્રભુજિન સ્તવન

કર્તા : ઉદ્યોતસાગર

પદ્મપ્રભુ જિનરાયજીરે દ્યો દરિસણ જિનરાજ સેવકને સુખ આપજોરે સાહેબ ગરીબ નિવાજ ..પદ્મ...૧

સાનિધકારી સાહિબો રે દૂરગતિ નિવાર ભવિયણ ભાવધરી કરો રે, પૂજા સત્તર પ્રકાર..પદ્મ...૨

મહાદેવપુરમાં શોભતાં રે, સંઘ સયલ સુખકાર ભાવના ભાવે ભાવશું રે, ભવિયણ પાર ઉતાર..પદ્મ...૩

દેહરો શિખરબંધ શોભતો રે તિહાં બેઠા શ્રી ભગવાન મહિમા મોટો જિનજી તણો રે, સારે વંછીત કાજ..પદ્મ...૪
જાડેજા વસે શોભતો રે, જીવદયા પ્રતિપાલ. દેશોજી અતિ દીપતો રે, ખટ દરિસણ પ્રતિપાલ..પદ્મ...૫
તેહની વારે શોભતો રે, ઓશવંશ અધિકાર શા પુનશી સુત જાણીયે રે, રાયધર સદા જયકાર..પદ્મ...૬
અઢાર ચાલીસે માધવેરે વદિ તેરસ શશીવાર વાચક ન્યાયસાગર તણોરે ઉદ્યોત સાગર સુખકાર..પદ્મ...૭

(૨૦૫) શ્રી શાંતિ જિન સ્તવન

કર્તા : આ. મુક્તિસાગરસૂરિ

શાંતિપ્રભુ વિનંતી એક મહારીરે, તારી આંખડી કામણગારી.... શાંતિ....૧
વિશ્વસેન રાજા તુજ તાય રે, રાણી અચિરા દેવી માય રે; તું તો ગજપુરી નગરીનો રાય.... શાંતિ....૨
પ્રભુ સોવન કાંતિ બિરાજે રે, મુકુટે હીરામણી છાજે રે; તારી વાણી ગંગાપુર ગાજે.... શાંતિ....૩
પ્રભુ ચાલીશ ધનુષની કાયા રે, ભવિજન દિલમાં ભાયા રે; કાંઈ રાજ રાજેસર રાયા.... શાંતિ....૪
પ્રભુ મહારા છો અંતરજામી રે, કરું વિનંતી હું શિરનામી રે; ચૌદ રાજના છો તુમે સ્વામી.... શાંતિ....૫
પ્રભુ પર્ષદા બારે માહેરે, દીએ દેશના અધિક ઉચ્છાહે રે; પ્રભુ અંગીએ ભેટયા ઉમાહે રે.... શાંતિ....૬
શ્રાવક શ્રાવિકા બહુ પુણ્યવંતા રે, શુભ કરણી કરે મહંતા રે; શાંતિનાથના દરિસણ કરંતા.... શાંતિ....૭
સંવત અઢાર અક્ષાણું સાર રે માસકલ્પ કર્યો તીણેવાર રે; સૂરિ મુક્તિ પદના ધાર.... શાંતિ....૮

(૨૦૮) શ્રી નેમિનાથ જિન સ્તવન

કર્તા : નયનસાગર

શ્રી નેમિસર વંદીયે, કાંઈ કેવલ કમલા કંદો રે. મુખ સોહિયે પુનમ ચંદલો, દિઠડે પરમાનંદો રે...શ્રી ૧
શિવાદેવી સુતસુંદર સમુદ્રવિજય જસ તાત રે. શામલ વરણ સોહામણો, કાંઈ જાદવ કુલ વિખ્યાત રે...શ્રી ૨
વાલા તું નવિ વિસરે, મારા ઘરમાં કીધો વાસો રે ભગતે કરું તોરા ભામણા, પૂરે મનની આસો રે...શ્રી ૩
પહિલા તે શામલપાસજી, વલી બહુંતેર જિનવર રાસે રે. આદિસર જિમણી દિસે, કાંઈ મલ્લી જિન ડાબે પાસે રે.શ્રી૪
શાળલી વાડે ત્રિસરીએ કાંઈ પાટણમાં પ્રસિદ્ધો રે. કામીક તીરથ એવડો, કાંઈ આપે અવિચલ રિદ્ધો રે...શ્રી ૫
સંવત સતર ઓગણીસમે કાંઈ થાપ્યા પૂજ્યના પગલા રે ચક્રેશ્વરી સાનિધ્યે કરી કાંઈ સંકટ ચૂરે સઘળા રે...શ્રી ૬
શ્રી અચલગચ્છના રાજીયો, શ્રી અમરસાગર સૂરીસો રે. નયન સાગર સુનુતે ભણે, કાંઈ નિત નિત નામું શીશો રે.શ્રી૭

(૨૦૭) શ્રી પંચાસરા પાર્શ્વનાથ સ્તવન

કર્તા : ઉપાધ્યાય દાનસાગરજી

શ્રી પંચાસરા પાસજી રે લોલ, ભેટયા આણંદપુર, મન મોહ્યો રે....
દરિશન દીઠે જેહનો રે લોલ, પાતીક નાસે દૂર મન મોહ્યો રે....
સંવત અઠ બીડો તરે રે લોલ, ત્રીજ શુકલ વૈશાખ, મન મોહ્યો રે....
પાટણ નગર વસાવીયો રે લોલ, વનરાજ ચાવડાની શાખ, મન મોહ્યો રે....
તીણે અવસર ગુણે આવીયા રે લોલ, નામે શીલગુણ સૂરમન મોહ્યો રે....
નામે નાગેન્દ્ર ગચ્છ તણો ધણી રે લોલ,તપ જપ ચડતે નુર મન મોહ્યો રે....
તેણે ગુરુ પ્રતિબોધી કરી રે લોલ. રાગી શ્રાવક કીધ મન મોહ્યો રે....

જૈન ધર્મ દીપાવીયો રે લોલ. જગ જશ નિર્મલ લીધ મન મોહ્યો રે....
ભૂપતિ બીંબ ભરાવીયો રે લોલ, મૂલનાયક શ્રી પાસ મન મોહ્યો રે....
રાય વિહાર કરી વિનવે રે લોલ, થાપ્યા પૂરણ આશ મન મોહ્યો રે....
શ્રી પ્રભુ પંચાસરા થી ઈહાં રે લોલ, આવ્યા તે અધિક મન મોહ્યો રે....
નૃપે વાત છે ઘણી રે લોલ, કહેતા હોય વિસ્તાર મન મોહ્યો રે....
તુ સમરથ દુઃખ ટાલવા રે લોલ, વંછીત પૂરણ મન મોહ્યો રે....
સર્પ થકી સુરપતિ કીઓ રે લોલ, નામે નાગકુમાર મન મોહ્યો રે....
લાજ રાખી શ્રી રામની રે લોલ, તે પણ તુજ વખાણ મન મોહ્યો રે....
ન્હવણ જલ સીંચ્યા, થકી રે લોલ અવર ન છણ સંસાર મન મોહ્યો રે....
કૃષ્ણ તણી ચિંતા હરી રે લોલ, જાદવ જરા નિવાર મન મોહ્યો રે....
દસે દિસે જે દીપતો રે લોલ, તીરથ તુજ અનેક મન મોહ્યો રે....
મન વચનને કાયે કરી રે લોલ, ત્રીહું ધરીઅ વિવેક મન મોહ્યો રે....
અચલગચ્છે શોભતા રે લોલ, શ્રી કલ્યાણ સાગર સૂર મન મોહ્યો રે....
વાચક દાન કરે સદારે લોલ, સાહિબ વાંછિત પૂર મન મોહ્યો રે....

(૨૦૮) શ્રી વીર જિન સ્તવન

કર્તા : ભાવપ્રભસૂરિ

તેરી મધુરી મુરતી પ્યારી હો, સહીયાં મધુરી મુરતી પ્યારી;
મીઠડે વયણે ભવિને તારી, કંઈક ને લીધા ઉગારી....સહિયા૦ ૧
ત્રિશલાનંદન પાપ નિકંદન, તીન જગત હિતકારી....સહિયા૦ ૨
એકાદશ ગણધર પ્રતિબોધે, આગારી કીધો અણગારી....સહિયા૦ ૩
શ્રેણિક નંદન જગમાં મોટો, મેઘકુમરકું કીયો આચારી....સહિયા૦ ૪
ચંડકોશિયો જાલીમ ક્રોધી, તાસ થયો ઉપગારી....સહિયા૦ ૫
શુલપાણિ યક્ષકું પ્રતિબોધી, તેં તારી ચંદનબાલા નારી....સહિયા૦ ૬
ત્યમ અનેક તે મિષ્ટ વચનથી, ભવ્ય જીવકી વંદન તારી હો....સહિયા૦ ૭
બુર્હાનપુરમાં ઝવેરી વાડે, તોરી સુંદર મુરતી સારી....સહિયા૦ ૮
ભાવપ્રભસૂરિકો પુન્ય છમ જંપે, આવાગમન નિવારી હો....સહિયા૦ ૯

(૨૦૯) શ્રી સમેતશિખર સ્તવન

કર્તા : વિનયસાગર **રચના : સં. ૧૯૧૧**

ચાલો ચાલો શિખર ગિરિ જઈયેં રે, ચાલો૦
વીશ જિણંદ મુગતેં ગયા ચાલો૦ એ આંકણી.
પાલગંજમેં સફલ બોલાઈ, મધુબનમેં જઈ રહિયે રે. વીશ જિણંદ૦ ૧

આઠ મંદિર હૈ શ્વેતાંબરકા, તીન દિગંબરી લહિયેં રે;
સીતાનાલેં નિર્મળ થઈનેં, કેશર પ્યાલા ગ્રહીયેં રે. વીશ૦ ૨

વિષમ પાહાડકી કુંજ ગલનમેં, શીતલતા બહુ લહિયેં રે;
પશ્ચિમ આઠ પૂર્વદિશિ બારે, વીશ ટુંક જિનપદ લહિયે રે. વીશ૦ ૩

શામલિયા પારસકો મંદિર, બિચ શિખર પર સોહિયેં રે;
વીશ ટૂંકે જિન પૂજન કરકેં, નરભવ લાહો લહિયેં રે. વીશ૦ ૪

ઓગણીશેં ઈગીયારા માહા વદિ, એકાદશી વિધુ કહીયેં રે;
સંઘ સહિત યાત્રા ભઈ સફલી, વિનય નમત ગુણ ગહિયેં રે. વીશ૦ ૫

(૨૧૦) શ્રી પાવાપુરીનું સ્તવન

શ્રી વિનયસાગર સં. ૧૯૧૧

પાવાપુરી મેં વીર જિનેશ્વર મુકતે ગયે વંદો ભાવ રચના પાવાપુરી....૧

જલ મંદિર મેં ચરન પુરાતન સમવસરણ રચના દિલ ઠરના.
જાનકી લહેર કમલ શીતલતા નાગ ફિરત ઉનસે નહિડરના પાવાપુરી....૨

મંદિર ઔર બગીચે મે હૈ. ભવ મુદ્રા દર્શન ભવતરના
જાણી બાજુ સન્મુખ વેદી પર, પ્રભુ પદકા નિત્ય પૂજન કરના પાવાપુરી....૩

દેવર્ધિ ગણી ક્ષમા ક્ષમણ કી મૂર્તિ ગુણધરજીકા ચરના
દાદાજી સ્થુલીભદ્ર મુનિકા, મંદિર ચિહુ દિશિ પાતક હરના પાવાપુરી....૪

ધર્મશાલા કી રચના સુંદર દેખત હી દિલ આનંદ કરના
કલ્યાણક ભૂમિ ફરસનતેં, દર્શન પૂજન શિવ સુખ હરના પાવાપુરી....૫

ઓગણીશ એકાદશ ફાગુન વદિ પંચમી કે દિન દર્શન કરના
યાત્રા સફલ ભઈ સબ હુંકી વિનય નમત પ્રભુકે નિત ચરના પાવાપુરી....૬

(૨૧૧) સિદ્ધાચલ સ્તવન

કર્તા : તિલકચંદ

એતો સકલ તીરથનો રાય, મોહોટો ગિરિવર કહેવાય;
એહની જાત્રા પુણ્યેં થાય, મનોહર મિત્ર એ ગિરિ સેવો;
દુનિયામાં દેવ નહીં એવો, મનોહર૦ એ આંકણી....૧

સુરનર વિદ્યાધર આવે, એતો જાત્રા કરે મન ભાવેં;
હાં રે એહનું સમકિત નિરમલ થાવે. મનોહર૦...૨
સોના ને રૂપાનાં ફૂલ, મોતી માણેક રત્ન અમૂલ;
ગિરિ વધાવો બહુ મૂલ. મનોહર૦...૩

કેશર સૂખડ ને કપૂર, ગિરિ પૂજે ઊગમતે સૂર;
તેનાં કર્મ થાયે ચકચૂર. મનોહર૦...૪

સૂરજ કુંડમાં જે નાયે, ભવોભવનાં પાતક જાયે;
એની દેહી કનકમય થાયે. મનોહર૦...૫

મેં તો પૂજ્યા શ્રી ઋષભ જિણંદા, મુઝ હઈડે અતિહી આણંદા;
મુખ સોહે પૂનમકેરો ચંદા. મનોહર૦...૬

મન જાણીને લાભ અનંત, આવ્યા ત્રેવીશ ભગવંત;
કીધો સકલ કર્મનો અંત. મનોહર૦...૭

શેત્રુંજો જે નયણેં નિહાળે, નરક તીર્યંચગતિ નિવારે;
તેનો શિવરમણી કર ઝાલે. મનોહર૦...૮

સંઘવી તારાચંદનો સંઘ, ભૂખણદાસ મલ્યા મનરંગ;
એતો જાત્રા કરે સર્વ સંઘ. મનોહર૦...૯

શ્રી વિધિપક્ષ ગચ્છપતિ રાયા, ઉદયસાગરસૂરિ સુપસાયા;
શિષ્ય તિલકચંદે ગુણ ગાયા. મનોહર૦...૧૦

(૨૧૨) શ્રી જિનદાસકૃત ચોવીશી સ્તવનનો કળશ

અથ કળશ

સેવકકે સિરદાર વીર તૂં અમિત ફલ દાતાર હે ઠકોરાઈ સિવ નયરકી જાં સુખ અપરંપાર હે ॥૧॥
ભીક્ષા જ્ઞાનકી માંગે સેવક દીજિયે પ્રભુતા લેઈ મજ્ઞતા જિન કિંકર નાથ ચરણ સેવા લેઈ. ॥૨॥
શીઘ્ર આપ સમોહ કીજે નવિ ઘટે રિધ તુમ તણી એકથી અનેક પ્રગટે જ્ઞેત ન જાયે દીપક તણી. ॥૩॥
શ્રીપતી સાહેબ જગતનાયક જ્ઞાસ ગોયમ ગણધરૂ વીપત દુરગત દૂર જાયે વીર નામ છે સુખ કરૂ ॥૪॥
રત્નસાગરસૂરીસ્વરા કલી કાલે મુનિનાયક થયા સ્થાપી પાટે વિવેક સાગર સુથરીમે સુરગે ગયા. ॥૫॥
10 પ્યારા ગુરુકે પસાયથી ચૌવીસ જિન સ્તવન કરી જપતા નામ ચૌવીસનું જગનાવે દુરગત ફરી ફરી. ॥૬॥
ક્ષમાસા સાગર વિવેકના ઘર જૈન યોગી મુનિવરા પૂરવ પુન્યે પામી સંગત ચૂકજ્યો મત જિનવરા. ॥૭॥
રેમ નજરે નિરખીયે પ્રભુ કરી કૃપા જિનદાસપેં જ્યો જ્યો જયકાર જગ થયો વીર નામ જપેં જપેં. ॥૮॥

॥ ઈતિ સંપૂર્ણ ॥

પુસ્તક : રત્નસાગર ભાગ-૧ પેજ ૧૭૭

આ પુસ્તક શેઠ ભીમસી રતનશીએ પ્રસિદ્ધ કર્યું. ઈ. સ. ૧૮૭૯ ૨૮ એપ્રીલ પ્રથમ પૃષ્ટમાં જણાવે છે કે વિવેકસાર પોથીમાં ચોવીશી છપાયેલ છે. (મોટા ખુંટવડાથી આ ગ્રંથ મુનિ સર્વોદયસાગરને પ્રાપ્ત થયેલ છે.)

(૨૧૩) શ્રી ગિરનારજીનો વધાવો

વિ. સં ૧૮૪૬ આસપાસ પૂ. સૌભાગ્યચંન્દ્રજી એમના શિષ્ય પૂ. સ્વરૂપચન્દ્રજી સંઘ સાથે ગિરનાર તીર્થની યાત્રા કરી તે વખતે થયેલ રચના.

20 સંવત ૧૯૬૧ ના શ્રાવક ભીમસિંહ માણેક હસ્તે ભાણજી માંધા મારફત શ્રી વિધિપક્ષગચ્છીય શ્રાવકના દેવસિકાદિ પાંચે પ્રતિક્રમણ સૂત્ર પૃષ્ટ ૫૬૦ તેમા ૪૫૩ પૃષ્ટમાંથી આ સ્તવન ઉતારેલ છે.

(૨૧૩) ॥ અથ શ્રી ગિરનારજીનો વધાવો પ્રારંભ ॥

પ્રથમ રેવતગિરિ પેખીયો, જી હો ઉપન્યો અધિક આણંદ ॥
વધાવો મહારે આવિયો ॥
બીજે નેમીસર બહુ ગુણા, જી હો દીઠો દોલતનો દિણંદ ॥ વધા. ॥ ૧ ॥

ત્રીજે વધાવે પ્રભુ તૂં સ્તવ્યો, જી હો અગર સુવાસ વિહાર ॥ વધા. ॥
કેશર ચંદન કુસુમને, જી હો પૂજા સત્તર પ્રકાર ॥ વધા. ॥ ૨ ॥

ચોથે વધાવે પ્રભુ ચરણનો, જીહો ધરીયે મન શુભધ્યાન ॥ વધા. ॥
ચતુર દરિસણ ચારિત્રનો, જી હો ગુણ ગાઉં ગુરુ ગાન. ॥ વધા. ॥ ૩ ॥

30 આસન યુક્તો અનુસરી જીહો જાદવ ગુણ લય લીન. ॥ વધા. ॥
ભાવું પ્રભુગુણ ભાવના, જી હો આતમ શક્તિ નવીન. ॥ વધા. ॥ ૪ ॥

ઈમ સઘલો અંતર ટલ્યો, જી હો અમ તુમ અતિશય એક ॥ વધા. ॥
ધ્યાયકને વલી ધ્યેયનો જી હો અધિકો વિવેક અનેક ॥ વધા. ॥ ૫ ॥

ભાગ્ય ભલેં મલી ભવિજને જી હો જોયો શ્રી જિનરાજ ॥ વધા. ॥
સંઘવિ સહિત સ્વરુપનું, જી હો સફલ થયું સહુ કાજ. ॥ વધા. ॥ ૬ ॥

॥ ઈતિ ગિરનારજીનો વધાવો ॥

(૨૧૪) શ્રી સિદ્ધાચલ તીર્થમાળા પૂજા

વિ. સં. ૧૯૧૮ની સાલમાં પૂ. વખતસાગરજીના શિષ્ય પૂ. ભાવસાગરજીના શિષ્ય પૂ. ઝવેરસાગરજીએ શ્રી સિદ્ધાચલ તીર્થમાળાની રચના કરી છે. સોળ ઢાળમાં ૨૩૪ ગાથામાં એ સમયના સિદ્ધાચલ મહાતીર્થમાં બિરાજમાન પ્રભુજી વિ. તથા તળેટીથી દાદાના દરબાર સુધીના સ્થાન વિસામા અને દાદાના પરિસરમાં વૃક્ષોની સંખ્યાનું પણ વર્ણન કરેલ છે. હાલ એકવીસમી સદીમાં તીર્થમાળાનું વાંચન નહીંવત બની ગયું હોવાથી અને પૂજા ભણાવવાનું કાર્ય સુંદર રીતે થઈ રહ્યું હોવાથી તથા આ રચનામાં પૂજાની ઢાળોનાં જ રાગ હોવાથી તીર્થમાળને પૂજામાં મઠારવાની મેં છુટ લીધી છે.

(૨૧૪) અંચલગચ્છીય ઝવેરસાગરજી ("રત્નપરીક્ષક")

કૃત તીર્થમાલા પૂજા

દુહા

સ્વતિ શ્રી સુખ પૂરવા, સીદ્ધિ સૂજસ વિલાસ; પદ પંકજ પ્રણમું સદા, શ્રી ભાવેશ્વર પાસ....૧
સરસ વચન રસ વરસતી, ત્રિયજગ વિજયા માત; કવિજન તું સુખ દાયની, નમિયે નિત્ય પ્રભાત....૨
ચિદાનંદ ચિતમાં વસે, અમર અમર પદ હોય; ભાવ સહિત સિદ્ધગિરિતણા, ગુણગણ વરણે કોય....૩
તે માટે મન મુજ વિશે, પ્રગટ થયો અભિલાખ; ગિરિપર સંખ્યા ચૈત્યકી, વળી જિન પ્રતિમા ભાખ....૪
સમરે નિત્ય સવારમાં, નિજ ઘર બેઠા જેહ; તીરથ જાત્રા ફળ લિયે, જે ભવિ ભણસે એહ....૫

ઢાળ પહેલી

ભરતને પાટે ભૂપતિરે... એ દેશી.

પ્રણમું પ્રથમ જિણંદને રે, પ્રથમ વિમલ વસી નામ સલુણા;
આદીસર ઉપગાર થીરે, ફલિયા વંછિત કામ સલુણા. ॥૧॥
દિન દિન એ ગિરિ રાજનારે, નામથી મંગલ માલ સલુણા; ॥ એ આંકણી ॥

કાલ અનાદિ સંસાર માંરે, ભમિયો હું જગ નાથ સલુણા;
નવિ દીઠો પ્રભુ તુઝ પ્રતેરે, મુક્તિપુરીનો સાથ સલુણા. દિન. ॥૨॥

મોહ મહા મદ છાકથી રે, કાંચન કામની સંગ સલુણા;
વરતે છે મન એહમાંરે, ચોલ મજીઠનો રંગ સલુણા. દિન. ॥૩॥

તેણે નવિ વલગે તુઝ ભણિરે, જેથી તરિયે તે તીર્થ સલુણા;
જગમાં તીર્થ છે ઘણાં રે, જૈન વિના તે વ્યર્થ સલુણા. દિન. ॥૪॥

સ્યાદ વાદ સુખ ઉપજે રે, તે નવિ બીજે યાદ સલુણા;
કારણથી કારજ મિલેરે, તેનીજ સુમતિ સંવાદ સલુણા. દિન. ॥૫॥

સુખજલ તૃષ્ણાવંત ફિરેરે, અન્ય તિરથતે અનંત સલુણા;
તેથી એક જિન ચૈત્યનીરે, શોભા સફળ ભણંત સલુણા. દિન. ॥૬॥

અનંત ગુણું ફળ તેહથી રે, જિનવર દર્શન રંગ સલુણા;
અનંતાનંત ગુણે કરીરે, જિનઘર તીર્થ અભંગ સલુણા. દિન. ॥૭॥

અગણિત વર્ગ વર્ગિત ભણ્યારે, શેત્રુંજય સુખરૂપ સલુણા;
અજરામર અવિચલ કલારે, આપે આદીસર ભૂપ સલુણા. દિન. ॥૮॥

આજ અનોપમ માહેરો રે, દિવસ સફળ ભયો આજ સલુણા;
તીર્થનાયક વાંદીયારે, "રત્નપરીક્ષક" કાજ સલુણા. દિન. ॥૯॥

દુહા

સિદ્ધશિલા પૃથવી વિશે. જિમ અવગાહા અસંખ્ય;
તિમ જિન ચૈત્ય નિહાલવા, વિમલ વસી ગણું સંખ્ય.

ઢાલ બીજી

(રાગ : રંગરસિયા રંગ રસ બન્યો....)

વિમલવસૈ તે જુહારીઈ મનમોહનજી વિમલાતમ કરવા ભાવ,
મનડું મોહ્યું રે મન મોહનજી;
10 રાગ દ્વેષ વલિ મોહથી મન૦ એ છુટવા ભવ જલ નાવ. મનડું.....૧

મૂલનાયક જિનરાજનું મન૦ મહા ચૈત્ય ઉતંગ આકાશ મનડું.
માનું એ મેરૂં બીજો હશે મન૦ આવે ચોસઠ ઈન્દ્ર ઉલ્લાસ મનડું....૨

પ્રથમ ભરત ભૂપતિએ કર્યો મન૦ એમ થયા ઉદ્ધાર તે બાર; મનડું;
સંવત એક અઠલો તેરે મન૦ વિક્રમ સંવછર ધાર મનડું.....૩

જાવડશાએ કરાવીઓ મન૦ તિંહા તેરસમો ઉદ્ધાર; મનડું;
આજ લગે તે શાશ્વતો મન૦ વરતે છે જય જય કાર મનડું.....૪

શુદ્ધ ચેતન રાણી તણો, મન૦ માનુ મંડપ એ કલાકાર મનડું;
મંડપવર આદીશ્વરા, મન૦ મૂલ નાયક પ્રતિમા સાર મનડું.....૫

સોલસમા ઉદ્ધારની મન૦ તે કર્માસાએ કીધ મનડું;
20 સંવત પન્નર સત્યાસીએ મન૦ ધન ખરચી લાહો લીધ મનડું.....૬

શેત્રુંજય માતમ વિશે મન૦ વિસ્તર ઈચ્છા જુવો ત્યં હિં મનડું;
પંચાવન જિન બિંબને મન૦ નમિયે ગંભારા મંહિ મનડું.....૭

રંગ મંડપ ને ઉજીના મન૦ ૐ હ્રૌં આકાર તે જોય મનડું;
પ્રતિમાં એક પંચતિર્થીની મન૦ નમિવિનમિ કાઉસ્સગ્ગ દોય મનડું...૮

નાભિ મરૂદેવી તણી મન૦ ગયવર ખંધે બેઠાય મનડું;
હવે ઉપરલિ ભોમિકા મન૦ જિન પંચ્યાસી નમું પાય મનડું.....૯

ગૌતમ એક પ્રતિમા તિહાં મન૦ માહા લક્ષ્મી માતા એક મનડું;
તપસિ મુનિ દોય શોભતા મન૦ પગલાં દોય જોડી ટેક મનડું....૧૦

તપસી દોય મંડપ વિશે, મન૦ સવિ ત્રાણું આંક તે થાય મનડું;
30 હેઠે ને ઉપર દોય થઈ મન૦ બસે ત્યોંતેર મલી ઠાય મનડું.....૧૧

તીર્થેશ્વર પ્રભુ વાંદિને મન૦ પછે પરિકર વંદન થાય મનડું;
વરપકડી બેસી રઈયેં મન૦ તો મંડપ લોક સિરાય મનડું.....૧૨

દેરાસર ઓગણીશ છે મન૦ તેમ દેરી બસે ને સાત મનડું;
દોય હજાર નવસેં ભલા, મન૦ પંચાણું નમું પરભાત મનડું.....૧૩

સીદ્ધચક્ર વરસાત છે. મન૦ ધાતુની પ્રતિમા ચાર મનડું;

કાઉસગીયાં તેત્રીસ છે મન૦ સત્યાવીશ સાધુ આચાર. મનડું...૧૪

આદી ગણધર મુનીતણા મન૦ એક સહસ શય સાત મનડું;
અઠાવન પગલાં ભલાં મન૦ તિમ નાભિ મરૂદેવા માત મનડું...૧૫

જુગલિક હસ્તી એક ભલો મન૦ દિગપાલ મુરતિ એક ધાર મનડું૦
ગણપતિ અન્નપુંરણેસરી મન૦ વલીદેવી બીજી તિંહા ચ્યાર મનડું..૧૬

અઢાર જેણે ધન વાવર્યાં મન૦ એહવા શેઠ શેઠાણીની જોડ મનડું;
અંક સમુચય હવે કહું મન૦ નમું હસ્તીપોલ કર જોડ મનડું.....૧૭

ચાર હજાર ને આઠ સે મન૦ બાવન એ હાથી પોલ મનડું;
રાયણરાજ રાજેશ્વરી મન૦ ભણે"રત્નપરિક્ષક" રંગ ચોલ. મનડું..૧૮

કાવ્ય :- યદીય યાત્રા શતકોટી પાપ, પ્રણાશિની દિવ્ય વિભૂતિદાત્રી. 10
તં નૈક જૈનાલય શોભમાનં, સ્મરામિ શત્રુંજય તીર્થરાજમ્ ॥૨॥

મંત્ર :- ઉઁ હ્રીઁ શ્રી પરમપૂજનીયાય, અનંતભવિ મોક્ષપ્રદાય, શ્રી શત્રુંજય મહાતીર્થાધિરાજાય જલં, ચંદનં, પુષ્પં, વાસચૂર્ણં, ધૂપં, અક્ષતાનૂ, અષ્ટમંગલં, દર્પણં, યજા મહેસ્વાહા

દુહા

શ્રી વર હાથી પોલમાં, ભાખ્યા જિનવરૂ દેવ; વાઘણ પોલ સુધી હવે, વરણવસુ નિત મેવ. ॥૧॥

ઢાલ ત્રીજી

મન મોહન મેરે.... એ દેશી

હાથી પોલથી બાહિરે મનમોહન મેરે, દોય જિનઘરની ઓલ.મન;
સંપ્રતિ પ્રમુખ ઘણે કરયા મન૦ તેણે શોભતી વાઘણ પોલ. મન૦ ...૧

ત્રીશ દેરાસર શોભતા. મન૦ દેરીઓ એંશી જાણ મન; 20
આલિએ જાલિએ માલિએ મન૦ જિનવર સંખ્ય પ્રમાણ મન૦ ...૨

નવસેં ઈકોતેર નાથજી મ૦ તિમધાતુના એકત્રીશ મન૦
સીદ્ધચક્ર નવ શોભતા મન૦ કાઉશગીયા અઠવીશ મન૦ ....૩

તપસી મુની દોય વાંદીએ મન૦ પગલા ઓગણ પચાસ મન;
એક ચોરી નેમનાથજી મન૦ લોકનાલ એક વાસ મન૦ ....૪

ધરમ પાપ એક સાંઢીઓ મન૦ સ્ત્રી એક કાઉસ્સગ દેખ મન૦
મૂર્તિ ચાર દેવીતણી મન૦ જક્ષ મૂર્તિ ત્રય પેખ મન૦ ....૫

તીર્થ શાસન રખવાલિકા મન૦ માત ચક્રેશ્વરી દોય મન૦
શેઠ શેઠાણી ખટ કહ્યા, મન૦ ટાંકુ નમણ એક હોય મન૦ ....૬

ઈશ્વર ભીમ નોઘણ વદે મન૦ સૂરજ કુંડ એ ચાર મન૦ 30
શીવ મૂરત એક સ્વસ્તિકે મન૦ હનુમાન વાઘણ બે બારય મન૦ ....૭

અંક સમુ ચ્ચય હવે કહું મન૦ ઈગ્યારસે ને અઢાર મન૦
ચાર મનોહર ઝાડ છે મન૦ વાઘણ પોલ જુહાર મન૦ ....૮

આદિએ આદિ જિનેસરા મન૦ અંત ચક્રેશ્વરી માત મન૦
વિમલે વસી પ્રણમું સદા મન૦ "રત્ન પરીક્ષક" પરભાત મન૦ ...૯

દુહા

શુદ્ધ ચેતન વરવા ભણી, નવખંડ રચના કીધ; શાંત રસેં મનુ ખાણએ, ઝડ વરસે દ્રગ દીધ....૧
શુદ્ધ સુધારસ સ્વાદના, અમૃત ભોજન હોય; અમૃત ભોજન જે કરે, મરણ જનમ તસ ખોય....૨
વિમલ વસી એમ વર્ણવી, અબ ચૌમુખ બ્રહ્માદ શુદ્ધ સમાધ લગાયકે, બેઠા છે પ્રભુ આદ...૩

ઢાળ ચોથી

આવ્યા છું આશ ભર્યા.... એ દેશી.

ચૌમુખ બ્રહ્મ મળ્યારે વાલાજી અમને ચૌમુખ બ્રહ્મ મળ્યા. ॥આંકણી॥

માહા સમાધ લગાય કે બેઠા, અનહદ નાદ ખુલ્યા;
ચૌદ લોકકે પાર નિસાના, ફિર સંસારે ફલ્યા રે. વા૦ ॥ ૧ ॥

એક પ્રદેશમાં જ્ઞાન અનંત, ગુણ અનંત ગલ્યા;
ગેય પદારથ કો ગુણહેરત, પણ નહિ આપ ચળ્યા રે. વા૦ ॥ ૨ ॥
આજ અનુપ સફલ દિનજાણું, કાલ ત્રાસ વિસરયાં;
દરિસણ દેખી આણંદ પામ્યો, દુઃખડાતે દૂર ટલ્યા રે. વા૦ ॥ ૩ ॥

અમદાવાદ ખરતર ગચ્છ જ્ઞાતેં, લઘુ પોરવાડ ભળ્યા;
સિવા સોમજી પ્રાસાદ બંધાવ્યો, જેણે મોહ ચોર છળ્યા રે. વા૦ ॥૪॥

સંવત સોળ પંચ્યોતેર સાલે, કરી પ્રતિષ્ઠા ઠર્યા;
હવે ચોમુખ પરિવારને વાંદુ, પુન્ય પ્રતાપ વળ્યા રે. વા૦ ॥ ૫ ॥

દેરા અઢાર સતાવન દેરી, આલિએ માલ ભર્યા;
આઠસેં છત્રીસ જિનવર વાંદી, કર્મ કઠોર દળ્યાં રે. વા૦ ॥ ૬ ॥

અડતાલીસ ધાતુની પ્રતિમાં, ચઉ સિદ્ધચક ફલ્યા;
પંચતિરથી એક રૂપાકેરી, એમ સિદ્ધચક ઉજળ્યા રે. વા૦ ॥ ૭ ॥

એક હસ્તી માતા મરૂદેવા, સાધુ પંચ પળ્યા;
બેતાલીશ સેં નેં ચુમાલીશ, પગલાં જોડ જડયાં રે. વા૦ ॥ ૮ ॥

ગઉમુખ કવડ એ ચાર બિરાજે, ચક્રેશ્વરી દોય વર્યા;
શેઠ શેઠાણીની ચાર જોડ છે, સમુચય અંક ધર્યા રે. વા૦ ॥ ૯ ॥

એકાવનસેં પર એકાવન, ખરતર વસિમાં ખરાં;
અમર ચિદાનંદ ભાવે ગાવે, "રત્ન પરીક્ષક" મલ્યા રે. વા૦॥૧૦॥

(કાવ્ય-મંત્ર બોલી અષ્ટ પ્રકારી પૂજા કરવી.)

દુહા

પરમ ધરમ પરખે જિંહા, કરમ ભરમકી ઠોર; ધરતે અનુભવકી દશા, મોહ જેલ દિયે છોર....૧
પાંચ પાંડવ તિહાં વરે, શુદ્ધ ચેતના બાલ; સરધા સખિ જે મોકલે, આપ વરે તત્કાલ....૨

ઢાળ પાંચમી

મારા વાલાજી રે..... એ દેશી.

પાંડવ ટુંક ત્રીજી ભલી મારા વાલાજી રે, પાંચે પાંડવ જોય, નમિયે નેહસું૦ મારા૦
નકુલ અર્જુન સહદેવજી મા૦ ભીમ યુધીષ્ઠર હોય. ન૦ (૧)
વ્રત પાંચે સમ શોભતા મા. શ્રદ્ધા સમતા સીજાણ; ન૦
કુંતાને દ્રુપદી નમો મા૦ દિન દિન ઉગતે ભાણ. ન૦ (૨)

દલિચંદ કિકાએ કર્યું મા૦ દેરાસર શુભ સંચ; ન૦
સંવત સતર અઠાસીએમા૦ થાપ્યા પાંડવ પંચ. ન૦ (૩)

એજ ટુંકમાં શોભતું મા૦ દેરૂં એક રસાલ; ન૦
અંચલ ગચ્છ સૂરત તણા મા૦ જ્ઞાતે શ્રી શ્રીમાલ ન૦ (૪)

ખુશાલચંદ ડાયા મા૦ તિહાં થાપ્યા સહસ્ત્રકૂટ; ન૦
સંવત અઢારને આઠમાં મા૦ પામ્યા પુન્ય અખુટ. ન૦ (૫)

એક હજાર ચોવીસ ભલા મા૦ બિંબે શોભિત દેહ; ન૦
ભીંતે મેરૂનું પાટીયું, મા૦ તેહમાં કહું બિંબ જેહ. ન૦ (૬)

એકસો અડસઠ વાંદીયે, મા૦ સમોસરણ એક ધાર; ન૦
લોકનાલ એક તેહમાં, માત્ર સિદ્ધચક્ર એક સાર. ન૦ (૭)

અંક સમુચય હવે કહું મા૦ દોયશન એક હજાર; ન૦
દોય ઉપર પ્રતિમા ભણી મા૦ મનોહર આંબલી ઝાર. ન૦ (૮)

પાંડવ ટુંક ને વાદીને મા૦ ગાઈ એ પાંડવ ઢાલ; ન૦
અમર ચિદાનંદ ભાવથી મા૦ "રત્ન પરીક્ષક" ત્રિકાલ. ન૦ (૯)

દુહા

બુંદ પડે જે છીપમાં, તે મુકતાફલ હોય; ફિરતે જીવ સંસારમાં, આપનો પાણી ન ખોય....૧
ત્રણ દેરા છીપાવસી, મેં માન્ય ત્રયરત્ન; દશ વિધ ધર્મ વિના નહી, દેરી દશકર જત્ન...૨

ઢાળ છઠ્ઠી

હવે શક્ર સુઘોષા બજાવે.... એ દેશી.

શ્રી શાંતિનાથ ભૂપાલ, એવી ચોથી તે ટુંક રસાલ;
જગ મોહ રાયનો જોર, તેણે તાપ તપ્યા કરે શોર. ॥૧॥

તેને શાંતિ પ્રભુ સુખ આલે, એહવા નાથ નમું ત્રિકાલે;
મારા જનમ મરણ દુઃખ કાપો, વલી ન હોય એહ સંતાપો.. ॥૨॥

છીપ આય વસ્યા પ્રભુ આપ, તેણે મનોહર છીપની છાપ;
જગ છીપ અનંતી જાણું, કેઈક મોતી જણે માણું. ॥૩॥

સવિ મૂલ કરી વેચાવે, એહ છીપ તો અજબ બનાવે;
ખારા જલની તે છીપ, એહ શાંત રસેં બની દીપ. ॥૪॥

માથે શાંતિ નાથ ધણી સચ્યા, તેથી શાંતિ કરો નિજ બચ્યા;
દેરાસર ત્રણ સોહાવે, દશદેરી નમું તિહાં ભાવે. ॥૫॥

પ્રતિમા ઉગણીશ બિરાજે, પાંચ જોડી પગલાં છાજે;
જક્ષ જોડ મૂરતિ એકકહિ એ, દોય શેઠ શેઠાણી લહીએ. ॥૬॥
સત્યાવીશ અંક સમું છે એમ છીપાવસિ ગુણ સૂચે;
રાયણ એક છઠ્ઠી ઢાલે, નમે "રત્નપરિક્ષક" ત્રિકાલે. ॥૭॥

(કાવ્ય-મંત્ર બોલી અષ્ટ પ્રકારી પૂજા કરવી.)

દુહા

પ્રેમ નેમને જોડવા, છે પ્રેમા વસિ નામ; પ્રેમ વિના કરણી કરે, તે નવિ આવે કામ....૧
પ્રેમ જનિત શ્રદ્ધાજિહાં, ઝળકે આત્મ જ્યોત; પ્રેમાવશિ ટુંક પાંચમી, અનુભવ ભાવો દ્યોત....૨

ઢાલ સાતમી

ચિત્તચોખે રે ચોરી નવિકરીએ..... એ દેશી.

ચિત્ત ચોખેરે પ્રેમાવસી નમિયે, આતમ અનુભવમાં રમી યે. ચિત્ત. ॥ આંકણી ॥

આદિજિનંદ મયા કરમોસું, લાજ રખે દુઃખવિશરીયે રે; ચિત૦
આદિ વિના ચિત ચોખું ન થાયે, તિહાં લગ જન્મ મરણ ફરિયે રે. ચિત્ત૦ ॥ ૧ ॥

મોહરાયકી શાત પ્રકૃતિ, તે ક્ષય જાયવા ઉપ સમિયે રે; ચિત૦
સમકિત આદિ તિહાં નવિ પામે, ચિત્ત ચોખું કરી નિત રમિયે રે. ચિત્ત૦ ॥ ૨ ॥

સુમતાતવ વરમાલ પેરાયે, કુમતિ મુખ જાંખાં પરિયેરે; ચિત૦
આદિ અનંત ભોગે વરે મુક્તિ, પ્રેમ વિના આદિ ન વરિયે રે. ચિત્ત૦ ॥ ૩ ॥

ચરણ શરણ આવ્યો હવે ત્યાંરે, ત્રિકરણ શુદ્ધે ઉચરિયે રે; ચિત્ત૦
અંતર આતમ દરિશણ પાવું, મોહરાય શિરપેં જરિયે રે. ચિત્ત૦ ॥ ૪ ॥

અમદાવાદ રેવાસી મોદી, પ્રેમચંદ લવજી ધરિયે રે; ચિત્ત૦
સંવત અઢાર ત્રેતાલીશ સાલે, થાપ્યા પ્રભુ શિવ મંદિરિયે રે. ચિત્ત૦ ॥ ૫ ॥

દેરાસર ષટ દેરી પંચાવન, પાંચસેં છત્રીશ જિન નમીયે રે; ચિત્ત૦
પાંચ ધાતુની પ્રતિમા વાંદુ, નવ સિદ્ધચક્ર રૂદય ગમિયેરે. ચિત્ત૦ ॥ ૬ ॥

રૂપા ફટક દોય પ્રતિમાં જાણું, ચઉદસેં પર ત્રેસઠ ધરિયે રે; ચિત્ત૦
ગણધર મુનિ પદ પંકજ ઉત્તમ, વસજો મુઝ મન મધુકરિયે રે. ચિત્ત૦ ॥ ૭ ॥

ગઉ મુખ આદિ ત્રણતિહાં જક્ષા, શાસન રખવાલી કહિયે રે; ચિત્ત૦
પદ્માવતી ચક્રેશ્વરી આદે, પાંચે દેવી વરતે મહીયેરે. ચિત્ત૦ ॥ ૮ ॥

દોય હજાર ને ત્રેવીશ આંકે, સાતમી ઢાલ પ્રેમેં ભણીયે રે; ચિત્ત૦
અમર ચિદાનંદ ભાવે અરજી, "રત્ન પરીક્ષક" કી સુણિયે રે. ચિત્ત૦ ॥ ૯ ॥

(કાવ્ય-મંત્ર બોલી અષ્ટ પ્રકારી પૂજા કરવી.)

દુહા

આતમ શુદ્ધ સ્વભાવ જે, કંચન મય પરખાય; હેમાવસિ તે નામ છે, કુધાત્તુ સંગ જાય.
છઠ્ઠી ટુંક હેમાવશી, અજિતજિનંદ દયાલ; મૂલ નાયક જિનરાજને, નમિયે નિત્ય રસાલ.

ઢાળ આઠમી.

એક વાર વછદેશ આવજો... એ દેશી.

હેમાવસી કરો વંદના ચેતનરાય, હેમાવસી કરો વંદના. ॥ આંકણી ॥

ચિત્ત પંકજ પ્રકાશ કરનકું, અજિત જિણંદ મુનિંદના. ચેતનરાય;
માહાસુખ પૂરણ પ્રગટ પ્રતાપી, જીત્યા છે તેજદિ નંદના. ચેનત રાય૦

મોહરાય મદ મછર તોડી, કીધા છે કર્મ નિકંદના. ચેતન રાય;
અભવિ આઠ ગુણે નહી જીતે, અજિત અનંત ગુણવૃંદના. ચેતન રાય૦

પુરૂષોત્તમ પુરૂષાતન સાચું, ઓર પુરૂષ સબ ફંદના ચેતન રાય;
બાહ્યકુધાતુ કંચન આદે, તેમ વલી કામની છંદના ચેતન રાય૦

સુખમાં નીરફલ્યો સંસારે, પામ્યો ન કોઈ દી આનંદના ચેતન રાય;
ચરણ શરણ કર જોડિ આજે, કિધા છે અજિત જિનંદના ચેતનરાય૦
નધન ધન્ય આતમ મુઝમાનું, પુન્ય અનંત ભવદંદના ચેતનરાય;
અમર ચિદાનંદ ભાવે ગાવે, "રત્નપરીક્ષક" બંદના ચેતનરાય૦

ઢાળ નવમી – ગીત

શ્રાવક વ્રત સુરતરૂ ફલિયો... એ દેશી.

મનુષ્ય જન્મ લાહો લીજે રે, હેમાવસી વંદન કીજે રે. મનુ૦ (આંકણી)
અજિત જિણંદ તિહાં નમીયે રાગ દ્વેષ મોહ ઉપશમી યે; આતમ સાધનમાં રમીયે રે. મનુ૦ ૧

ગુરજર દેશ તિલક છાજે, અમદાવાદ નોબત બાજે; નગર શેઠ સંઘ મુખ્ય ગાજે રે. મનું૦ ૨
લક્ષ્મી લીલ વિલાસ કરે, પુન્ય અખુટ ભંડાર ભરે; વખતચંદ ખુશાલ ઘરે રે. મનું૦ ૩
એંદ્રસિજ્યા એંદ્રજ આવે, રાંક તિહાં કોઈ નવિ ફાવે; તેમ તસ કુલ દીપક ભાવે રે. મનું૦ ૪
શેઠ હેમાભાઈ જગ જાણે, ઉસવંશ ઉદયો ભાણે; સાગર ગચ્છ શુભ મન આણેરે. મનું૦ ૫
વેપારી જગ બહુ બલીયા, રાજ્ય ચિહ્ન કેહને ન મલિયાં; શેઠ હેમા દોય પદ ફલીયાં રે. મનું૦ ૬
સંવત અઢાર ત્રાસી માંહે, હેમાવસી થાપી આંહે; કરી પ્રતિષ્ઠા ઉછાહેરે. મનું૦ ૭
બહુ ઉપગાર કર્યો જેણે, નામ જપે નવ ખંડ તેણે; વીર શાસન ન કર્યો કેણે રે. મનું૦ ૮
પુન્ય ભંડાર તિહાં થાપી, જાત્રીક જન છુટી આપી; મુંડકાની વેદન કાપી રે. મનું૦ ૯
આપ અવસ્થા ભર સારી, ધર્મ મારગ કારણ ધારી; આતમ હિત જોડયાં ભારી રે. મનું૦ ૧૦
સંવત અગણીશ ચૌદે ભાયા, શેઠજી સ્વર્ગ પુરી પાયા; તસ પટ પ્રેમાભાઈ જાયા રે. મનું૦ ૧૧
અવસર્પિણી પડતે આરે, શેઠ પ્રેમા ચડતે વારે; વર્તે છે શુભ અધિકારે રે. મનું૦ ૧૨
હેમાવશીમાંહે ચાર દેરા, ચુમાલીશ દેરીના ઘેરા; ફરતાં દઈએ તિહાં હેરા રે. મનું૦ ૧૩
ત્રણસેં અઢાર જિનજીરાયા, ચાર ધાતુ પ્રતિમાં ગયા; ત્રણ પંચતિર્થ સુમન ભાયા રે. મનું૦ ૧૪
સાત ધાતુ સિદ્ધચક્ર લહ્યાં, પગલાં દોય જોડ રહ્યાં; શેઠ શેઠાણી દોય કહ્યાં રે. મનું૦ ૧૫
સમુચય અંક હવે કહિયે, ત્રણસેંને છત્રીસ લહિયે; હેમાવશી હરખેં જઈયે રે. મનું૦ ૧૬
ઢાળ નવમી ટુંક છઠ્ઠી ગણી, અમર ચિદાનંદ ભાવ ઘણી; શિષ્ય "રત્નપરીક્ષક" ભણી રે. મનું૦ ૧૭

(કાવ્ય–મંત્ર બોલી અષ્ટ પ્રકારી પૂજા કરવી.)

દુહા

શુદ્ધ ચેતના મંડપે, છઠો હેમ ભંડાર; માણેક મોતી હીરલા, હવે સતમ નિરધાર....૧
મુક્તાફળ માલા જિસી, ભવિ આતમ ગુણરત્ન; મોતીવસી પરખી સદા, કરો વિવિધ વર જત્ન....૨

ઢાળ દશમી

વ્રત સાતમે વીરતી આદરૂં રે લોલ... એ દેશી.

અમે મોતીવસીને હવે વંદીયે રે લો, જિહાં આદિજિણંદ દયાળ જો;
અકારવરણ એક શોધિયે રે લો, નહિ પાર આકાશ પાયાલ જો. અમે૦ ૧

ષટે શાસ્ત્રમાં આદિ આકાર છે રેલો, ષટે દર્શને આદિ ઉચાર જો;
સાકાર ભાષણ નિરાકાર છે રે લો, સ્વર આદિ આધાર અપાર જો. અમે૦ ૨

જગવસ્તુ અનંત પદાર્થમાં રે લો, ઘટઘટ વ્યાપક છો શબ્દાર્થમાં જો;
ભમ્યો કાલ અનાદિ વ્યર્થમાં રે લો, નવિ દીઠો પ્રભુ પદ સ્વાર્થમાં જો. અમે૦ ૩

આજ શરણ આવ્યો હવે તાહરે રે લો, મન ઠામ આણી દિયો માહરે જો;
10 બહુ પુદગલ સંગ ભમે બાહરે રે લો, કરો માણક ચોકમાં ઝાહરે જો. અમે૦ ૪

ઉશવાલ વંશ દિપાવવા રે લો, અમીચંદ સાકર સુત ભાવવા જો;
શ્રીપતિ વરમાલ પહેરાવવા રે લો, શેઠ મોતીશા કંઠ ધરાવવા જો. અમે૦ ૫
મુંબઈ બિંદરે રેવાસ માંરેલો, જિનશાસન શુદ્ધ અભ્યાસમાં જો;
કર્યું જીવ દયાધર રાશમાં રે લો, મહા પુન્ય ભંડાર વિલાસમાં જો. અમે૦ ૬

તેણે મોતી વસી ઈહા આવીને રે લો, થાપી ચોલ મજીઠ રંગ ભાવીને જો;
ગયા સ્વર્ગ તે કામ ચલાવી ને રે લો, સંઘ મુહુર્ત સુપુત્ર બતાવીને જો. અમે૦ ૭

શેઠ ખેમચંદ ભાઈ કુલ નામ છે રે લો, જેણે કીધા સંપૂરણ કામ છે જો;
ભરે ઈંગ્રેજ મંડલી સલામ છે રે લો, સહુ હાજર થાય નિજ ધામ છે જો. અમે૦ ૮

સંઘ સિદ્ધ ક્ષેત્ર લહી આવીયા રે લો, લઘુ બાવન સંઘવી તેડાવીયા જો;
20 ચિત વિત ઉદાર મન ભાવીયા રે લો, સંવત અઢાર ત્રાણું ફાવીયા જો. અમે૦ ૯

મહા સુદ દશમ શુભ વાસરે રે લો, બિંબ પાંચ હજારને આસરે જો;
કરી અંજન શીલાકા શીવ શાશરે રેલો, પિતા કૃત્ય પ્રાસાદ સહુમાં સરે જો. અમે૦૧૦

માનુ ચોથો આરો ઈહ કાલમાં રે લો, વરતાવ્યો ખીમચંદભાઈ હાલમાં જો;
થાપ્યા આદિ જિણંદ વિશાલમાં રે લો, સહુ સંઘ સુખી ત સુગાલમાં જો. અમે૦૧૧

માહા પુન્ય અતુલ દલ જોડિને રે લો, ઉપયોગ પ્રમાણ કર્મ તોડી ને જો;
ગયા આપ મુકામ દુઃખ છોડીને રે લો, આજ સેવા કરે વિધ કોડિને જો. અમે૦૧૨

દશ પાંચ દેરાં મનમાં ધરી રે લો, એકાવન દેરી ભમતી ફરી જો;
ગઢ કોકે આલિયે માલિયે ભરી રે લો, જિનપ્રતિમાં ગણિત સંખ્યા કરી જો. અમે૦૧૩

દોય હજાર પર ગુણતીસ છે રે લો, બત્રીશ ધાતુના ઈશ છે જો;
30 પંચતિર્થ ધાતુની બાવીશ છે રેલો, સિદ્ધચક્ર ધાતુના બત્રીશ છે જો. અમે૦ ૧૪

સિદ્ધચક્ર રૂપાના અગ્યાર છે રે લો, વલી પગલાની જોડ જે સાર છે જો;
ચઉદસેંને છપન નિરધાર છે રે લો, નાભિ મારૂદેવા તિહા ચાર છે જો. અમે૦૧૫

ગઉ મુખ ચક્રેશ્વરી સાહાય છે રેલો, એક ભેરવ મુરતિ ગાય છે જો;
એક રૂપે કુંતાજી માય છે રે લો, અષ્ટ મંગલ પટ એક ઠાય છે જો. અમે૦ ૧૬

નવશેઠ શેઠાંણીની મૂર્તિ રે લો, અંક છત્રીસ સેં થયો પુરતી જો;
દોય લઘુ બગીચ મુખ સુરતી રે લો, એક કુંડ સુગંધજલ ફુરતી જો. અમે૦ ૧૭

ગઢ બોર દોયદેરાં ગણ્યા રે લો, એકતાલીસ જિન પ્રતિમાં ભણ્યાં જો;
સિદ્ધચક્ર તે દોયમાં નહીં મણાં રે લો, રામપોલ સામા રલિયામણા જો. અમે૦૧૮
ઢાલ દશમી ભણીએ ઉલાસમાં રે લો, ગુણ ગાય અપછર વાસમાં જો;
ફરતી કુદરી લીલ વિલાસમાં રે લો, રમે "રત્નપરીક્ષક" રાસમાં જો. અમે૦૧૯

દુહા

બોલ બાલા ચડતિ વધે, દીપે તેજ સવાય; બાલાવસિ એક નામ છે, બીજુ દીપાવસી ગાય. ॥૧॥
અષ્ટમી ટુંક એ શોભતિ, અષ્ટમ ગતિ દાતાર; આદિ જિણંદ તિહાંભલા, નમિયે નિત્ય સવાર. ॥૨॥

ઢાલ અગીઆરમી

હારે મારે દીવાલી થઈ આજ....એ દેશી.

બલિહારિ રે બાલાવસી આજ, આતમ હિત નમિર્યે; (આંકણી)
આદિજિણંદ જગતનું આભવ માંહે, કારજ સઘલા સીઝયા. આતમ.॥૧॥
ઠામ ઠામ તુંહી ગામ ગામ તુંહી, નામધામ તુંહી સાચોરે;
મુઝ અંતરમાં આયવસો પ્રભુ, નેહ કર્યો નહી કાચો. આતમ. ॥૨॥
તુમદરિસણ વિણ હું સંસારે, રઝલ્યો કાલ અનાદિરે;
મોહ માહા મદ છાક બન્યો તિહાં, કોણ કરે અમ આદિ. આત્તમ. ॥૩॥
આજ સનાથ થયો હું સ્વામી, મોહ વિડારણ રસિયો રે;
અલબેલો આદેશ્વર પાંમી, આનંદઘન ગુણ વસિયો. આતમ ॥૪॥
મુંબઈ બંદરના રેવાશી, વીસા શ્રીમાલી જ્ઞાતે રે;
કલ્યાણજી કાનજીનો નંદન, દીપક દીપચંદ જાતે. આતમ. ॥૫॥
બીજાું નામ બાલાભાઈ તેહનું, જગમાં પ્રસિદ્ધ ગવાય રે;
સંવત અઢારત્રાણુંની સાલે, તપગચ્છ સુજસ સવાયા. આતમ. ॥૬॥
વિજય દેવેન્દ્ર સૂરીશ્વર સાખે, બાલાવસી પ્રભુઠાયારે;
ધન ખરચી લાહો બહુ લીધો, અનુપમ ગુરૂપદ પાયા. આતમ ॥૭॥
બાલાવસીમાં ચાર દેરાસર, સોલ દેહરી સુખકારી રે;
બસે અડતાલીસ પ્રતિમાંવાંદુ, દોય ધાતુની જાુવો ધારી. આતમ. ॥૮॥
ત્રણ પંચ તીર્થ ધાતુ તણાંરે, પંચ ધાતુના સિદ્ધચક્ર રે;
એક રૂપાના તિમ કહ્યારે, પગલાં જાુગલ નમે શક્ર. આતમ. ॥૯॥
નાભિ મરૂદેવા સહીરે, ગયવર ખંધ બેઠાયરે;
ગઉમુખ જક્ષ ચક્રેશ્વરી રે, શેઠ શેઠાંણી ત્રણ ત્યાંય. આતમ. ॥૧૦॥
અંક સમુંચય દોયસતેરે, ઉગણ્યો તર પરમાણ રે;
બાલા વસીમાં શોભતાં રે, નમિયે તેહ સુજ્જણ. આતમ. ॥૧૧॥
ઢાલ અગીયારમી એહવીરે, આઠમી ટુંક સુખવલીયાં રે;
અમર ચિદાનંદ ભાવગુરૂ પદ, ''રત્નપરીક્ષક''ફલિયાં. આતમ.॥૧૨॥

(કાવ્ય મંત્ર બોલી અષ્ટ પ્રકારી પૂજા કરવી.)

દૂહા

અમૃતથી મીઠી ભલી, સાકર નિત્ય વેંચાય; મંડપમાં ભોજનતણી, માંનું વિવિધ બનાય. ॥૧॥
જ્ઞાનીજન નિશ્ચે જમે, અજ્ઞાની અથડાય.; સાકર વસિ તે જાણીએ, નવમી ટુંક સહાય. ॥૨॥

ઢાળ બારમી

એવ્રત જગમાં દિવો મેરે પ્યારે.... એદેશી.

સાકરવસિ નમો ભાવે મેરે પ્યારે, સાકર વસિ નમો ભાવે;॥
પારસ પ્રભુ દરિસણ દેખીને, તન મન વય સુખ પાયા;
આતમ અંતર આનંદ પામ્યો, જય જય જય ગુરૂરાયા. મેરે ॥૧॥

ત્રેવીશમાં તિરથપતિ સાચા, ત્રેવીશ વિષયને ટાલે;
આત્તમ સત્તા શુદ્ધ બનાવી, પારસ પદ નિજ આલે. મેરે. ॥૨॥

ઓર પારસ પાષાણ ને જગમાં, કંચન લોહ બનાવે;
તેકંચનથી ફેર ન સુધરે, અનંત અધિક ગુણ ગાવે. મેરે. ॥૩॥

આભવ પરભવ શરણતુંમાહું, નાથ અમે નિત કીધું;
મોહ ચોર ભય ભ્રાન્ત થયો તિહાં, વંછિત કારજ સીધું. મેરે. ॥૪॥

સાકર વસી અમૃત રસ ભોજન, એહ આસ્યા અમે આવ્યા;
તે માટે કરૂણાકર સાહેબ, આજ અધિક મન ભાવ્યા. મેરે ॥૫॥

લઘુ શ્રીમાલ જ્ઞાતે ઉત્તમ, અમદાવાદ રેવાસી;
તપગચ્છમાં પ્રેમચંદ કુલ દીપક, સાકરચંદ સબાસી. મેરે. ॥૬॥

સંવત અઢાર ત્રાંણુંની સાલે, પાસ પ્રભુ પધરાયા;
બહુધન ખરચી લાહો લીધો, સુકૃત પુન્ય ઉપાયા. મેરે ॥૭॥

ચાર દેરાસર સાત તે દેરી, મૂલ નાયક પ્રભુ પાસ;
શુદ્ધ કંચન ધાતુ મય દેખી, પુરે વંછિત આસ. મેરે ॥૮॥

છયોંતેર જિન પ્રતિમાને વંદી, ટાલીએ ભવના ફેરા;
એક સિદ્ધચક્ર ધાતુના જાણી, પગલાં નવ ગુરૂકેરાં. મેરે.॥૯॥

પાસ વૈરૂટયાં જક્ષ જક્ષણી, શાસન સાનિધ જાણું;
શેઠ શેઠાણીની પાંચ મુદ્રા છે, સમુચય અંક ચોરાણું મેરે. ॥૧૦॥

ટુંક એ નવમી ઢાલ બારમી, સાકરથી પણ મીઠી;
અમર ચિદાનંદ ભાવ સુસેવા, ''રત્ન પરીક્ષક'' દીઠી. મેરે ॥૧૧॥

દૂહા

નવ ખંડ રચનામાં કહિ, જિનવર પ્રતિમા જેહ; પંચ કલ્યાણક તેહના, ઈન્દ્રાદિક મન ગેહ. ॥૧॥
દૂષમકાલ લબ્ધિ નહી, શકિત નકો શુભધામ; નંદીશ્વર રચના રચી, તેહનું એક મુકામ. ॥૨॥

ઢાળ તેરમી

હો વાંસલડી વેરણસી હૂઈ રહી રે વ્રજનારને....એદેશી.

ચાલ ચાલ સખી આજ નંદીશ્વર, બાવન ચોમુખ ભાળી;
અતિ શુદ્ધ થાવાં આતમ સત્તા, જ્ઞાન ગુણે અજુવાલી. આંકણી.

તે નંદીશ્વર છે બહુ છેટો, કેમ આપણને થાય ભેટો; માટે સંશય તે મનથી મેટો. ચાલ.
અવસર્પિણીએ પંચમ આરે, નહી ચારણ શ્રમણ મુનિ જ્યારે તેમ દેવ નહી કોઈ પોચા રે. ચાલ.
નહિ સ્વપ્નેસં નાણી મલશે, તે પ્રત્યક્ષ ઈહાં નજરે ફલશે; વળી આનંદ અંગ અધિક વલશે. ચાલ.
શેઠ રાજનગર હેમાભાઈ, ટુંક છટ્ટીમેં હેમાવસી ગાઈ; તેણે રચના એ ગિરિવરઠાઈ. ચાલ.
અઢાર સતાણું વરસ માંહે, સાથે પુત્ર પ્રેમાભાઈ ઉછાહે; થાપ્યા શેઠ સ્વહસ્ત અતિ ચાહે. ચાલ.
એક દેરામાં બાવનદેરી, વિચે એક મેરૂ મહિપતિ ઘેરી;એમ ત્રેપન ચો મુખ તિહાં હેરી. ચાલ.
ત્રિહું કાલ નામ શાશ્વત જેનું, ઋષભાનન ચંદ્રાનન તેનું; વળી વારી ષેણ વર્ધમાન એનું. ચાલ.
જે એહ ચારે જિન ચોમુખ રાજે, મેંતો જાણ્યું બ્રહ્માજી ગાજે; બહુરૂપ સમાધિમાં છાજે. ચાલ.
બસેનેં બાર પ્રતિમાં નીરખી, બીજા દોયદેરા જોઈયે હરખી; તેમાં ષટ દેરી શોભે સરખી. ચાલ.
તિહાં ચોસઠ પ્રતિમાં ગુણ ખાણી, દોય સિદ્ધચક્ર ધાતુ જાણી; નિત નિત નમિએ ઉલટ આણી.ચાલ. 10
બસે અઠયોત્તર અંક રીતે, ઢાળ તેરમીએ પૂરણ પ્રીતે; ગાયે ''રત્ન પરીક્ષક'' ગુણ ગીતે. ચાલ.

(કાવ્ય મંત્ર બોલી અષ્ટ પ્રકારી પૂજા કરવી.)

દુહા

દેરાસર એક શોભતું, બાલાવસીની પાસ; અદભુત રૂપ આદેશ્વરા, નમિયે નિત્ય ઉલ્લાસ. ॥૧॥
શેઠ હેમાભાઈને કહી, ગોત્રજ દેવા માત; થાનક એકછે તેહનું, સિદ્ધગિરિ પ્રખ્યાત. ॥૨॥
રામ પોલની બાહિરે, અથવા ચોમુખ પાજ; હનુમાન ધારા એ મલી, એમ અનુક્રમ આજ. ॥૩॥
ગામ પાલીતાણા થકી, વર્ણવશુ એ ઢાળ; ચડતાં ઉતરતાં ભવિ, નમિયે નિત્ય રસાલ. ॥૪॥

ઢાળ ચૌદમી

એમકેઈ સિદ્ધ વર્યા મુનિરાયા....એદેશી.

મુખ્ય શ્રી પાલીતાણા શુભ ગામે, સંઘયાત્રાલુ મુકામે રે. એ તીર્થ નમિએ; 20
પ્રથમ જિણંદની આજ્ઞા લેઈને, પછે યાત્રા કરે જઈને રે. એતીર્થ નમિએ. ॥૧॥

તે માટે પ્રથમ એ વરણું, કર્યુ આદિ જિણંદનું શરણું રે; એ.
નાભિરાયનો નંદન નીરખી, પ્રણમું ત્રિકરણ હરખી રે. એ. ॥૨॥

એકરૂપે ગિરિ ઉપર બેઠા, ઈહાં પણ નજરે મેં દીઠાં રે; એ.
જિહાં દેખું તિહાં પ્રથમ જિણંદા, મૂલનાયક નમે ઈંદા રે. એ.॥૩॥

દોય દેરાસર પ્રથમ પ્રકાશી, દીવ બિંદરના વાસી રે; એ.
વીસા શ્રીમાલી તપગચ્છ માંહે, રૂપચંદ ભીમ ઉછાંહેરે. એ. ॥૪॥

સંવત અઢારસત્તર સુખકારી, થાપ્યા આદિ પ્રભુ અધિકારી રે; એ.
ઉપાશ્રય તપગચ્છનો કીધો, તેમ લેખક સાલ પ્રસિદ્ધો રે. એ. ॥૫॥

બીજું ઘર દેરાસર જાણું, પાસ પ્રભુનું વખાણું રે; એ. 30
સુરતી હેમકોર બાઈએ કીધું, આતમ કારજ સીધું રે એ. ॥૬॥

દોય દેરાસર પ્રતિમાં કહિએ, એકસો એકવીસ લહિયેં રે; એ.
પંચવીશ ધાતુ બિંબ બિરાજે,પ્રણવ માયાધર છાજે રે. એ. ॥૭॥

એક કંચન એક ફટક રતનના, ત્રણ સિદ્ધચક્ર ધાતુનારે; એ.
પંચ તિરથિ ઈહાં દશધાતુંના, સાત સિદ્ધચક્ર રૂપાંનાં રે. એ. ॥૮॥

ગૌતમ સ્વામી નમું એકબેઠાં, પગલાં જોડી ત્રણ દીઠાં રે; એ.
શ્રુતધર દાતા મુજ મુખ ગાતા, પ્રણમું સરસ્વતી માતા રે. એ. ॥૯॥

એ આદે દેવી વર ચારે, શાસન ભકત ઉધારે રે; એ.
એકસો છયોતેર અંકની રાહે, ગામ પાલીતાણાની માંહેરે. એ. ॥૧૦॥

તપગચ્છ અંચલ ખરતરકેરા, તિન ઉપાશ્રય હેરયારે; એ.
આણંદજી કલ્યાણજી કેરૂં, શ્રી સંઘનું નામ ભલેરૂં રે. એ. ॥૧૧॥

પેઢી એક શ્રી સંઘ સહાઈ, લખે નરસિંગ વીરચંદભાઈ રે; એ.
10 ધર્મશાળા સત્યાવીશ જાણું, હવે ગામથી બારે વખાણું રે. એ. ॥૧૨॥

સોલસેં ડગલાં તલેટી જાતાં, ઝાડદોય સત એગસઠ ગ્યાતા રે;એ.
એક ભુખણ વાવ બીજી કહિયે, ત્રીજી શાંતિ દાસની લહિયેરે. એ. ॥૧૩॥

રસ્તા માંહે પાંચ છે દેરી, તેમ સોલ તલેટીએ ઘેરી રે; એ.
પગલાં જોડ છવિસ બિરાજે, હવે રામ પોલ સુધી છાજે રે; ॥૧૪॥
એક હીંગલાજ પગથીયાં પેલા, એમ ત્રણના દોયસત ભેલાં રે;એ.
શ્રી કલિકુંડ આદેતિહાં પગલાં, જોડી ચૌદ છે સઘલાંરે.એ. ॥૧૫॥

દેરીઉ તેર તિહાં સુધી જાણી, કુંડદોય મિઠા જિહાં પાણી રે;એ.
વીસામો છઠ્ઠો તિહાં આવે, આગલ છાલા કુંડે તે જાવે રે. એ. ॥૧૬॥

રસ્તો એક તિહાંથી ફાટે, વિજયજિનેન્દ્ર ટુંક વાટેરે; એ.
20 મોટી દેરી તે ટુંકે, બીજીથલી ઓગણીશ અંકેરે. એ. ॥૧૭॥

વિજય દેવેન્દ્રસૂરિ તપગચ્છે, ઓગણીશ આઠે ફરી સ્વહસ્તે ;એ.
પાસ પ્રભુ પદ્માવતી થાપી, વલી નિજ ગુરુ પાદુકા છાપીરે. એ. ॥૧૮॥

પરિકરમાં શ્રી દયાસૂરિ કેરાં, મુક્તિ કુંગર ભલેરા રે; એ.
તાસ શિષ્ય શ્રી પ્રેમ વિજયનાં, શિષ્ય શ્રી અમરવિજયનાંરે. એ. ॥૧૯॥

એ આદે મુનિવરના પગલાં, અડતાલીસ છે સઘલારે; એ.
એક કુંડ એક બાગ તે જાણું, એક ગૌતમ મૂર્તિ વખાણું રે. એ. ॥૨૦॥

એક ધાતુ એક ઉપલ કેરા, જિનવર દોય ભલેરાં રે; એ.
એક હનુમાનની મૂર્તિ છાજે, મલિ એહઠિ પર્વની પાજેરે. એ. ॥૨૧॥

હનુમાન ચોકી દશમે વિસામે, મુનિવર નવ કાઉસગ ધામે રે;એ.
30 ખટદેહરી તિંહા સુધી જાણું, પગલા જોડી સાત પ્રમાણું રે. એ. ॥૨૨॥

રસ્તા દોય તિહાથી સુહાવે, નમો જાલી મયાલી ભાવે રે;એ.
રામપોલ સિદ્ધાચલ નીરખી, અથવા ચૌમુખ ભણી હરખીરે. એ. ॥૨૩॥

દ્રષ્ટી ગોચર જે મુજ આવ્યા, ઢાલ ચૌદમીએ તે બતાવ્યા રે;એ.
અમર ચિદાનંદ ભાવે વાંદી, "રત્નપરીક્ષક" આનંદી રે. એ. ॥૨૪॥

(કાવ્ય મંત્ર બોલી અષ્ટ પ્રકારી પૂજા કરવી.)

દુહા

શેઠ પ્રેમાભાઈ કિયો, જિત નગારો એક; વિમલવસી ડંકાદિયે, દેખે લોક અનેક. ॥ ૧ ॥
સરવાલો સવિટુંકનો, તારિજ કહતે લોક; સાચી શ્રદ્ધા આણિને, નમિયે એકે થોક. ॥ ૧ ॥

ઢાળ પંદરમી

તીરથની આશાતના નવિ કરીયે... એ દેશી.

તીર્થ નમિયે ભાવથી ત્રણ કાલે, નિજ આતમ શક્તિ ઉજાલે;
મોહ રાય ન સામું ભાળે, ગણિયે ગિરિ અંક. તીરથ૦ ॥ ૧ ॥

એકસો તેર દેરાસરે કરી છાજે, દેહરી શત પાંચ બિરાજે;
તે ઉપર છનું સમાજે, કહું પ્રતિમા જેહ. તીરથ૦ ॥ ૨ ॥

આલિયે જાલિયે માલિયે સવિલહિયે, નવ સહસનેં બસે કહીયે; 10
એકસઠ ઉપર તે મહિયે, પ્રણમું જિનરાજ. તીરથ૦ ॥ ૩ ॥

એકસો પંચાણું ધાતુની જિનસરખી, સિદ્ધચક્ર અઠાણું નીરખી;
કાઉસગીયા સીતેરને હરખી, નમિયે નિજ કાજ. તીરથ૦ ॥ ૪ ॥

મુનિ મુદ્રા છત્રીશ તે વલી ગણિયે, એક સાધ્વી કાઉસગ ભણિયે;
પગલાં નવસહસ તે થુણિયે, પંચ્યાશી તેમ. તીરથ૦ ॥ ૫ ॥

નાભિ મારૂદેવી માતજી દશ જાણે, જુગલિક એક જોડ વખાંણે;
હાથીવર આઠ પ્રમાણે, દિગપાલ તે એક. તીરથ૦ ॥ ૬ ॥

એકચોરી નેમનાથજી નવિ પરણે, દોય લોક નાલ તે વરણે;
પાંડવ પંચ નમિયે ચરણે, માતા કુંતા દોય. તીરથ૦ ॥ ૭ ॥

એક દ્રોપદી એક સાંઢિયો પુન્ય પાપેં, શિવએકને સ્વસ્તિક થાયે; 20
ગણપતિ અન્ન પુરાણાપે, ઈંગારસા એક. તીરથ૦ ॥ ૮ ॥

જક્ષ મૂર્તિ તિહાં સોલ છે સુખકારી, ચક્રેશ્વરી આદે જુહારી;
ત્રેવીશ દેવી ઉપ ગારી, હનુમાન તે ચાર. તીરથ૦ ॥ ૯ ॥

એક વાઘણને શેઠ દંપત્તિભણીયે, ચાલીસ ઉપર નવ ગણિયે;
ટાકું મહ એક નમણિયે, કુંડ તેરજ હોય. તીરથ૦ ॥ ૧૦ ॥

ઉપર હેઠે મારગે સવિ જાણો, વૃક્ષ ત્રણશત દોય પ્રમાણો;
ત્રણ વાવ વળી મન આણો, વિસામા દશ જોય. તીરથ૦ ॥ ૧૧ ॥

ચંદન તલાવડી સાધુજી ઘણા સિદ્ધા, ઉલખાઝોલે પ્રસિદ્ધા;
કેઈ ઘેટીની પાજે કીધા, નદી શેત્રુંજી એક. તીરથ૦ ॥ ૧૨ ॥

અકલ તીર્થ કલનાં કલી નહીહોઈ, પરતક્ષ જે નજરે જોઈ; 30
અણજાણ રહી જે કોઈ, વાંદુ સવિ આજ. તીરથ૦ ॥ ૧૩ ॥

ત્રણ ઉપાશ્રય સત્યાવીશ ધર્મશાલા, એક સંઘ પેઢી ગુણમાલા;
હવે સમુચ્ચય અંક રસાલા, ઓગણ પચાસ તીરથ૦ ॥ ૧૪ ॥

ત્રણસે વીસ હજાર તેસવિ સાચા, પ્રણમું કાયા મન વાચા;
ઢાલ પન્નરમી ગુણ રાયા, કહે "રત્ન પરીક્ષક" તીરથ૦ ॥ ૧૫ ॥

(કાવ્ય મંત્ર બોલી અષ્ટ પ્રકારી પૂજા કરવી.)

દુહા

કારણોક કર્તા તણો, હવે સુણો પ્રકાશ; રાગ ધન્યાશ્રી સોલમી, ગાઈએ ચિત ઉલાસ. ॥ ૧ ॥
ભાવનગર ત્રણ દેહરાં, આદીશ્વર પ્રભુને પાસ; ચન્દ્રપ્રભુ આદે ઘણાં, જિન નમિએ ઉલ્લાસ. ॥ ૨ ॥

ઢાલ સોલમી

રાગ – ધન્યાશ્રી

ગાયો ગાયો રે શ્રી સિદ્ધગિરિ ગુણ ગાયો. ॥ એ આંકણી ॥ સોલસમો ઉધારણ વંદી, સોલ ઢાલ વિરચાયો;
ગાથા બસે ચોત્રીસ પ્રમાણે, આતમ હિત નિપજાયો, રે. શ્રી સિદ્ધ. ॥ ૧ ॥

સંવછર ઓગણીસ અઢારે, શક સત્તર ત્રીયાસી ભાયો;
સને અઢાર એકસઠ ઈંગ્રેજી, જાત્રા ગણિત બનાયો રે. શ્રી સિદ્ધ. ॥ ૨ ॥

ઉજવલ પક્ષ પુનમ રવિવારે, કાર્તિક માસ કહાયો;
શેઠ હેમાભાઈ કેરોનંદન, પ્રેમાભાઈ બહુ ડાયો રે. શ્રી સિદ્ધ. ॥ ૩ ॥

બહુ દુકાન દેશાવર ચાલે, ભાવનગર એક ઠાયો;
મુખ્ય મુનિમ જયચંદ કુલમાં, ખેમચંદ મન ભાયો રે શ્રી સિદ્ધ. ॥ ૪ ॥

રાયણ પગલાં મૂલનાયકના, જિર્ણોદ્ધાર બનાયો;
તાસ પુત્ર લલુભાઈ ઉત્તમ, ગણિત સંખ્યા સમજાયો રે. શ્રી સિદ્ધ. ॥ ૫ ॥

ગામ પાલીતાણે કરી યાત્રા, સ્તવન જગતગુરુ ગાયો;
કવિ નિજ ઉપગારી હવે વરણે તપગચ્છ વંશ દીપાયો રે. શ્રી સિદ્ધ. ॥ ૬ ॥
અમરવિજય વિદ્યાગુરૂ મારા, શ્રુતવર આશિષ પાયો;
પાઠક નવપલ્લવ સમ કર્તા, અર્થ આચાર્ય ગણાયો રે. શ્રી સિદ્ધ. ॥ ૭ ॥

શ્રી ચિદાનંદ ગુરૂ ધર્માચાર્ય, અનુભવ શ્રદ્ધા છાયો;
સિદ્ધગિરિની તલેટીએ વાંદી, ચરણ સુપ્રેમ લગાયોરે. શ્રી સિદ્ધ. ॥ ૮ ॥

વિધિપક્ષગચ્છ શ્રી ભાવનગરમાં, વખતસાગર મુનિરાયો;
તાસ શિષ્ય શ્રી ભાવસાગર ગુરૂ, પદકજ શીશ નમાયો રે. શ્રી સિદ્ધ. ॥ ૯ ॥

ત્રીકરણ જોગે સિદ્ધગિરિમાં, માગું એક પસાયો;
ઈણ ભવમાં યતિ વેશધરીને, ભ્રષ્ટ સે અધિક ગણાયો રે. શ્રી સિદ્ધ. ॥ ૧૦ ॥

કંચન કામિની નેહ રમે હજી, મન નહીં ધીરજ છાયો;
ગુરુ કૃપા શ્રદ્ધા કછુ ભાસે, શુદ્ધ ક્રિયા ઘર નાયો રે. શ્રી સિદ્ધ. ॥ ૧૧ ॥

જ્ઞાન ક્રિયા સંપૂરણ પ્રગટે, સંવર ભાવ દીપાયો;
આતમ અંગ અબંધ પ્રકાશે, દીજયે એ વિનંતી સુણાયો રે. શ્રી સિદ્ધ. ॥ ૧૨ ॥

શ્રી ભાવનગર ભાવેશ્વર સાહેબ, ભાવસાગર ગુરૂરાયો;
શિષ્ય "રત્ન પરીક્ષક" જંપે, દિન દિન તેજ સવાયો રે. શ્રી સિદ્ધ. ॥ ૧૩ ॥

॥ ઇતિ શ્રી સિદ્ધાચળ તીર્થમાલા સોલમી ઢાળ (કલશ) સંપૂર્ણમ્ ॥

ઇતિશ્રી અંચલગચ્છીય ઝવેરસાગરજી (રત્નપરીક્ષક) કૃત સિદ્ધાચલ તીર્થ માલા સમાપ્તાઃ ॥
(કવિની સ્વહસ્તની લખેલી ૧૩ પાનાંની પ્રત (નં. ૫૨) શ્રી શાંતિનાથ જિનાલય કોટ, મુંબઈના ભંડારમાં છે.)

ખંડ – ૬ ચૈત્ય પરિપાટી
કેવળનાણી અને અન્ય રચનાઓ.

(૨૧૫) શ્રી અર્બુદ ચૈત્ય પરિપાટી (ચોઢાળીયું)

વિ. સં. ૧૮મી સદીમાં સંઘવી શ્રી ઉત્તમચંદ દોશીએ આબુનો સંઘ કઢાવેલ તે સમયે પૂજ્ય શ્રી માણિક્યસાગરના શિષ્ય ન્યાયસાગરજીએ આ ચૈત્યપરિપાટી (ચોઢાળીયા)ની રચના કરી છે. જેમાં પ્રભુજીની સંખ્યાથી લઈ દરેક દેરાસરો વિ. સુંદર વર્ણન કર્યું છે. આ ચાર ઢાળમાં ૩૬ ગાથાઓ છે. અને પંચધાતુના પ્રભુજીને પિત્તલ શબ્દનો પ્રયોગ પૂજ્યશ્રીએ કર્યો છે. જેએ સમયમાં પ્રચલિત હશે પણ પંચધાતુ શબ્દ વાપર્યો હોત તો વધારે સારૂ થાત. આ. ઐતિ. ચૈત્યપરિપાટીને પ્રચલિત કરવા માટે ચોઢાળિયા રૂપે રજૂ કરવાની મેં છુટ લીધી છે.

(૨૧૫) અંચલગચ્છીય શ્રી ન્યાયસાગરજી કૃત અર્બુદ ચૈત્ય પરિપાટી. (ચોઢાળીયુ)

ત્રિભુવન તિલક સોહામણો રે.... એ દેશી

દુહા

અર્બૂદ ગઢ રલીયામણો રે, બાર જોયણ વિસ્તાર રે, એ ડૂંગર વારૂ.
શિખર ઘણેકરી શોભતો હો લાલ, જીહાં નંદન વન સારિખા રે;
વનનો નહી કોઈ પાર રે. એ ડૂંગર વારૂ૦.....૧
આજ અપૂરવ દિન ભલો હો લાલ, ચંપક ગ્રહી કેવડી રે;
વિઉલસીરી કણવીર રે, એ ડૂંગર વારૂ૦ આજ૦ ....૨
કરમદડી કરણી ઘણી રે, રૂડી દ્રાખની વેલી રે. એ ડૂંગરવારૂ.
મહીકઈ મોગર માલતી હોં લાલ, ઉંબર છોડ બદામના રે;
ખેલઈ મોર નઈ ઢેલીરે એ ડૂંગરવારૂ૦ આજ૦....૩
બહુદિનની મુઝને હુતી રે, મનની એહ ઉમેદ રે. એ ડૂંગરવારૂ૦
આબુગઢિ જઈ કરૂં હો લાલ, ભેટ ભલી ભગવંતની રે;
ભાવ પૂજા નઈ ભેદરે. એ ડૂંગર વારૂ. આજ૦....૪

ઢાલ – ૧

(થારા મઉલા માથઈ મેહ ઝરૂખઈ વીજલીહોલાલ ઝરૂખઈ વીજલી०... એ દેશી.)

આજ સફલ અવતાર, થયો પ્રભુ માહરો હો લાલ, થયો પ્રભુ માહરો હો લાલ.
નિરખઉ નાભિ મલ્હાર, મેં દરિસણ તાહરો હોલાલ, મેં દરિસણ તાહરો હોલાલ....૫

આબુ શિખર ઉત્તંગ, અનોપમ દેહરો હો લાલ, અનોપમ દેહરો હો લાલ.
વિમલ મુહતા રઉચંગ, તિરથ સિર સેહરો હો લાલ, તિરથસિર સેહરો હો લાલ....૬

હું બલિહારિતાસ, કરી જીણીં કોરણી હો લાલ, કરી જીણીં કોરણી હો લાલ.
પૂતલડી આરસ તણી, ચિત્ત ચોરણી હો લાલ, તણીચિત્ત ચોરણી હો લાલ....૭

કોર્યા કમલ અનેક, ભલી ભલી ભાંતિના હો લાલ, ભલી ભલી ભાંતિના હો લાલ.
કોર્યા વલીય વિવેક, નાટક બહુ જાતિના હો લાલ, નાટક બહુ જાતિના હો લાલ....૮

તોરણ કોર્યા ત્યાહિ થંભ કોર્યા વલી હો લાલ, થંભ કોર્યા વલી હો લાલ.
પંચાલીતિણિ માંહિ, હેલ દિલ બલી લલી, હો લાલ હેલદિલ બલી લલી હો લાલ....૯

નવસઈ નવ્વાસી બિંબ, નેહભરી નિરખીંયા હો લાલ, નેહભરી નિરખીંયા હો લાલ.
પામી પ્રીતિ અચંભ, હીઉ મનીહરખીં યા હો લાલ, હીઉ મની હરખીંયા હો લાલ...૧૦

તીનસે ચ્યાલીશ થંભ, આરા સમય અતિ ભલો હો લાલ, આરા સમય અતિભલો હો લાલ.
સોહિ સોવનમય કુંભ, દંડધ્વજ ગુણનિલો હો લાલ. દંડ ધ્વજ ગુણનિલો હો લાલ....૧૧

દેહરી પંચાવન દેવ, જુહારિ ઉલ્લસીયું હો લાલ, જુહારી ઉલ્લસીયું હો લાલ.
ત્રિભુવનપતિ જિનદેવ, ઋષભ મુઝ મનવસીયું હો લાલ. ઋષભ મુઝ મનવસીયું હો લાલ.૧૨

ઢાલ – ૨ નીંદલડી વયરણિ હોઈ રહી.... એ દેશી.

લુંણગ વસહીઈ હવઈ, ભલઈ ભેટીઉહો પ્રભુ નેમિજિણંદ; કિ સરસ સલૂણઉ સાહિબઉ.
બ્રહ્મચારિ ચૂડામણિ, નિકલંકી હો યાદવ કુલ ચંદ, કિ સરસ સલૂણઉ સાહિબઉ....૧૩

બ્રહ્મચારિ ચૂડામણિ, અમૃતરસહો આંખડીએ આજ; કિ.
પઈઠઉ પૂરણ ફલ લહિઉ, મઈતો જુહારી ઉહો યુગતિ મહારાજ. કિ. સરસ.....૧૪

નીરખી નિરૂપમ કોરણી, મન મોરૂ હો તિણી સીઉં લયલીન; કિ.
ધન્ય કમાઈ તેહની, જિણહરજી હો રચના જીણ કીન કિ. સરસ....૧૫

નીરખ્યા નવલખી આલીઆ, ગજશાલાઈ હો ચઉ મુખી અતિ ચંગ; કિ.
નીરૂપમ ચઉપન દેહરી, તિહાં જુહારી હો પ્રતિમા પુનરંગ કિ. સરસ....૧૬

પાંચસઈને ત્રિપન ભલી, જિણ પ્રતિમા હો એણે પ્રાસાદ કિ.
થંભ બિસેં પાંત્રીસ તિહાં, ભલાં કોર્યા હો લીઈ ગગનસીઉ વાદ કિ. સરસ....૧૭

ભીમશાહ ગુજર તણઈ, હવઈ ભેટઈ હો દેહરઈ ભગવંત કિ.
પીત્તલમઈ શ્રી ઋષભજી, જગજીવન હો જિન કરૂણાવંત કિ. સરસ....૧૮

પ્રતિમા સવી મલી એકસઉ, ઈણિદેહરઈ હો જુહારિ ઉલ્લાસ કિ.
ખરતર વસહીં વલી, મેં તો વંદ્યા હો તિહા નવફણ પાસ કિ. સરસ....૧૯

સંઘવી મંડલીકઈ ભલઉ, તરભુઈઈ હો ચઉમુખ કિઉ એહ કિ.
એકસોને ચઉત્રીસ તિહાં, જિન પ્રતિમાહો નીરખી ધરી નેહ કિ. સરસ....૨૦

એકસઉ ચ્યાલીસ આગલા, બઈ ખમણા હો વસહીના બિંબ કિ.
છૂટક ત્રણિ દેહરી તણાં, બિંબસત્તર હો વાંદ્યા અવિલંબ કિ. સરસ....૨૧

ઢાલ – ૩ "રાગ સારિંગ મલ્હાર"

ઘણ સમરથ પ્રીઉ નાન્હડો.... એ દેશી.

અચલગઢ ભેટ્યા હવઈ, પીત્તલમય ચઉ જિનરાજ; વાલ્હેસર સુણોવિનતિ.
મયા કરી મુજરઉલીઈ, ઋષભજી મોરો ગરીબ નિવાજ, વાલ્હેસર સુણો વિનતિ....૨૨

રી રી મેં બેઉ ભલા, કાઉસગીયા તિંહા કંચણ કંતિ; વા૦
પ્રતિમા પીસ્તાલીશ તિંહા, ફિરતીમાં બઈઠી છઈ પંતિ. વા૦....૨૩

સહસા સુલતાને કીઉ, એ ચઉ મુખ શિખર પ્રાસાદ; વા૦
પીત્તલ મણસઈ ચૌદની, પ્રતિમા બાર ભલી આહલાદ. વા૦...૨૪

પાંચસઈ લઘુ પ્રાસાદ છઈ, પ્રતિમા પાંચ મનોહાર જેહ; વા૦
વાંદીને તિંહાથી વલીઉ, આવીઉ કુંથુનાથ જિનગેહ વા૦....૨૫

શાહ ખેતઈ મોદઈ કીઉ, એ પ્રાસાદ મનોહર સાર; વા૦
મૂલનાયક શ્રી કુંથુજી, પીત્તલમય પ્રતિમા શ્રીકાર. વા૦....૨૬

બિંબ બસે ત્રિપનભલા, ભેટીને ભાંજીએ ભવ ભ્રાંતિ; વા૦
કુમર વિહારે તિંહા થકી, ગયો જિન વંદન મનિ એકાંતિ. વા૦..૨૭

પાંસઠિ પ્રતિમા સિઉતિંહા, સોલસમા શ્રી શાંતિ જિણંદ; વા૦
ભેટી જિન સફલઉ કીઉ, વારિઉ દુઃખ દોહગ સવિ દંદ. વા૦....૨૮

હુંસિ હતી જે માહરી, પૂરણ તેહ ચઢી પર માણ; વા૦
યાત્રા કરી જિનવરતણી, આજથકી થયો સફલ વિહાણ. વા૦...૨૯

ઢાલ – ૪ "ઢાલ – ઝંબખડાની"

ત્રીજે માસે જનમથી, પામીઉ તિલક પડૂર; કુમર પુણ્યેસરૂ.
દોસી ઉત્તમચંદજી, લે ચલીઉ સંઘ સનૂર. કુ૦...૩૦

સુખશાતા સિઉ તેહના, સંઘ માંહે સુવિચાર; કુ૦
ચૈત્ર વદી દશમી દિને, યાત્રા કરી સુખકાર. કુ૦..૩૧

ચડતા ડુંગર ઉપરી, પ્રગટી વાદલ છાંહિ; કુ૦
સંઘ સયલ સુખીઉથયઉ, આદિસર ગ્રહિ બાંહિ૦ કુ૦..૩૨

જગ જીવન જગ બંધુ તું, તું મુઝ માય તું તાય; શ્રી ઋષભ જિનેશ્વરૂ.
ચિંતામણિ સુરતરૂ થકી, અધિક તુમે સુખદાય. શ્રી ઋષભ જિનેશ્વરૂ.....૩૩

મહેર કરઉ મહારાજજી, મુઝ દુસ્તરને તારી; શ્રી૦ 10
અજૂઅમર પદ આપીઓ, આવાગમણ નિવારી૦ શ્રી....૩૪

નવનિધિ તુઝ દરિસણલહીઉ, પામીઉ અષ્ટ મહા સિદ્ધિ; શ્રી૦
દઉલતિ હુઈ દીપતિ, આવી અવિચલ ઋદ્ધિ. શ્રી૦....૩૫

"કલશ"

ઈમ સ્તવ્યા અર્બૂદ અચલ મંડણ સયલ જિનહર જિણવરા,
ત્રિજગનાયક સૌખ્યદાયક, દુરતિ દોહગ દુઃખહરા;
અંચલગચ્છ બુધ લલિતસાગર, શિષ્ય માણિકસાગરૂ,
તસ વિનઈ સેવક ન્યાયસાગર, ભણઈ ભાવ ભગતિ ભરૂ....૩૬

॥ઈતિ શ્રી અંચલગચ્છીય ન્યાયસાગરજી કૃત અર્બૂદ ચૈત્ય પરિપાટી સમાપ્તઃ॥

(૨૧૬) આબુ તીર્થમાલા (પૂજા) 20

શ્રી આબુતીર્થમાલા પૂજામાં ૬ ઢાલ દુહા અને સાત ગાથાનો કળશ સહિત કુલ ૮૨ ગાથાઓ આપવામાં આવી છે. વિ. સં. ૧૮૯૫ ચૈત્ર વદ ૯ ને શનિવારના આ કૃતિ રચાઈ છે. તે દિવસે પૂ. આ. શ્રી મુક્તિસાગરસૂરિ યાત્રાર્થે પધાર્યા હતા.

વિમલ વસહી, લુણીગ વસહી, અચલગઢ વિ. માં તે સમયે કેટલા પ્રભુજી બિરાજમાન હતા તથા તે સમયનું વાતાવરણ પણ વર્ણવ્યું છે.

પૂજ્યશ્રીએ વિમલમંત્રીને વિધિપક્ષનો શ્રાવક કહ્યો છે કઈ રીતે ? જેણે બાર કરોડ ત્રેપન લાખ રૂ. ખર્ચીને વિમલવસહી ટુંક બંધાવી અને ત્રીજા મહાતીર્થનો ઉદ્ધાર કર્યો છે. અને વિ. સં. ૧૦૮૮ના પ્રતિષ્ઠા કરાવી છે. આ તીર્થમાલાને મેં પૂજામાં મઠારવાની છુટ લીધી છે.

(૨૧૬) ઐતિહાસિક આબૂ તીર્થમાલા પૂજા

કર્તા : મુક્તિસાગરસૂરિ રચના : સં. ૧૮૯૫

॥ર્દ ॥શ્રી ગુરુભ્યો નમઃ॥ 30

દુહા

શ્રી ઋષભ ચરણાંબુજ નમું, સમરું સરસતિ માય; સહગુરુના પદ પંકજૈ, પ્રણમું પ્રેમેં પાય....૧
બંધની બેડી ત્તોડવા, જિનગુણ ધ્યાંન કુઠાર; ભક્તિ થકી નિત પાંમઈ, પુન્ય ખજીનો સાર....૨
શ્રી અંચલગછૈ ગુરુ ગચ્છપતી, શ્રી ધર્મઘોષ સૂરિંદ; વિધિપક્ષ શ્રાવક કુલતિલૌ, વિમલ મંત્રી સુખકંદ....૩
બાર પાતિસાહ જીતીને, રાખ્યો અવિચલ નાંમ; બાર ક્રોડ ત્રેપન લાખ ધન, ખરચ્યો અતિ અભિરાંમ...૪
પનર સેં કારિગરેં, વરસ ત્રિકૈ તે થાય; થંભ થંભ ભલી કોરણી, જોઈ જન હરખ ન માય....૫
સંવત દશ અઠયાસીયેં, કરી પ્રતિષ્ઠા સાર; તીર્થપતિ શ્રી ઋષભજી, થાપે વિમલસી સુખકાર....૬

ઢાલ ૧

હવે ન જાઉં મહી વેચવા રે લો – એ દેશી.

(રાગ : નેક નજર કરો નાથજી...)

શ્રી આબુ તીર્થ રલિયામણો રે લો, સર્વ તીર્થમાં સિરદાર; મારા વાલાજી રે;
આબુ તીર્થ ભલેં ભેટિયા રે લો, મરુદેવીનો હે લાડલો રે લો;
નાભીરાજાનો કુલ સાર, મારા વાલા૦ આબુ....૧

શ્રી ઋષભ પ્રભૂનેં પેખતાં રે લો, મુઝ મન હરખિત ચંદ; મા૦
સુર–અસુર સેવા સારતા રે લો, વારતા મોહ માતંગ. મા૦ આ..૨

ધન પિતા નાભીરાયજી રે લો, વૃષભ લંછન કંચન વાંન;મા૦
ઋષભ જિણંદ નીરખી લોયણે રે લો, અભિનવ ઉદયો ભાંણ.મા૦આ.૩

અનેક સુગુણમય સુંદરુ રે લો, નિસંગી નિરાબાધ; મા૦
આત્મા અસંખ પ્રદેશમાં રે લો, અક્ષય ધર્મ અગાધ. મા૦ આ....૪

પ્રભૂ ગુણ રંગી થયો આતમા રે લો, અવલંબ્યા જિનદેવ;મા૦
મિથ્યાત્વ ભ્રમ દૂરે ગયો રે લો, નાઠી અનાદિ કુટેવ. મા૦ આ....૫

ઋષભ જિણંદ પ્રસાદમાં રે લો, કહું જિન બિંબની સંખ્યા સાર;મા૦
બિંબ છેંતાલીસ પેખતાં રે લો, મુઝ મન હર્ષ અપાર. મા૦ આ....૬
બિંબ છે ચ્યાર બે ધાતુના રે લો, માંહે ધર્મગોખ અણગાર;મા૦
તે પ્રણમું હું ભાવથી રે લો, શાસણના શિણગાર. મા૦ આ૦....૭

ફરતી માંહે જોવતાં રે લો, એક સો એંસી દેવ; મા૦
ચોવીસ વટ્ટા બેઅ છે રે લો, વીસ વિહરમાંનની કરું સેવ. મા૦આ૦...૮

અતીત અનાગત વર્ત્તમાન રે લો, જોઈ જોઈ નમાવું સીસ;મા૦
ચ્યાર શાશ્વતા માહારાજને રે લો,હરખી પ્રણમું જગદીસ.મા૦આ૦...૯

શ્રી પુણ્યસાગરસૂરિ રાયજી રે લો, તાસ પસાય સુખકાર;મા૦
મુક્તિસાગરસૂરિ કહે રે લો, આબૂ તીર્થ જયકાર.મા૦આ૦....૧૦

કાવ્ય :– यत्रादिनेम्यो र्जिनयो र्विमातः जिनालयै नेत्रसुधाञ्जनामौ ।
संसार पाथोनिधि पोत तुल्यं नमामि धन्यार्बुद पर्वतं तम् ।।□।।

મંત્ર :– ઉઁ હ્રીઁ શ્રી ૫૨મ પૂજનીયાય અનંતભવ્યાત્મા મોક્ષ પ્રદાન સહાયકાય, શ્રી અર્બુદગિરિ મહાતીર્થાધિરાજાય જલં, ચંદનં, પુષ્પ, વાસચૂર્ણ, ધૂપં અક્ષતાનૂ, અષ્ટમંગલં, દર્પણં યજા મહેસ્વાહા.

દુહો

અર્બુદાચલગઢ ઊપરે, ભેટયા શ્રી જિનરાજ; આજ દિવસ ભલેં ઊગીયો, સિદ્ધા વંછિત કાજ....૧

ઢાલ – ૨

માહરી સહિ રે સમાંણી – એ દેશી. (રાગ : જન્મ સમય શ્રી વીરનો જાણી....)

ધન ધન અદભુદ જિનજી ને, નીરખી હરખિત દિલડાં માંહે રે;
ધન ધન જિનરાયા હું તો ગુણ ગાઉં, ચિત્ત લાયા રે ધન ધન૦
ચોવ્વીસ વટો એક નિહાલી, પ્રણમું પાતીક ગાલી રે. ધન....૧

દોઢસો કલ્યાણકની છે પ્રતિમા, પ્રણમું ઉઠી સવેર રે; ધન૦
તેહમાં ચોમુખ ચ્યાર જુહારી, ટાલું ભવની ફેરી રે.ધન....૨

શાસન દેવી શ્રી અંબાજી હું તો, દરસણથી થયો રાજી રે;ધન૦
બે પ્રતિમા નિરખી અતિ રૂડી, એ વાત નહીં કૂડી રે. ધન....૩

દેરા પછવાડે ત્રણ જિન નીરખો, જોઈ જોઈનેં અતિ હરખો રે;ધન૦
પચાસ ઉપર ત્રણ જિન પ્રતિમા,નીરખી આનંદ થયો પલમાં રે.ધન...૪

બારણા ઉપર એ જિનરાયા, મેં સ્તવના કરી સુખ પાયો રે;ધન૦
મુખડું સોહે પૂનમચંદ, પ્રભૂ સેવા કરે સુર ઈંદ રે. ધન....૫

સમોસરણ મધ્યે બિંબ ચ્યાર,દરસણથી લહીઈં ભવ પાર રે.ધન૦
ગાંધીના દેહરા માંહે નિરખો, બિંબ એકાદસ સુધ પરખો રે. ધન....૬

વિમલસી મંત્રીના માવિત્ર કરે જત્ન,તેમના કુલ માંહે હુઓ રત્ન રે;ધન૦
તે પણ આરૂઢ થયો છે અશ્વેં, માથેં છત્ર ધર્યો છે સરસ રે. ધન....૭

વિમલમંત્રીનો ભાંણેજ કહી ઈ, શોભા તેહની અધકી લહી ઈ; ધન૦
સિંદુરેં પુર્યો અતિ સોહે હાથી, દસની શોભા શી કહીઈ રે. ધન૦ ધન...૮

વિમલ મંત્રી થયો શિરતાજો, જેહનો જગ માંહે જસ ઝાઝો; ધન૦
વિમલસી મંત્રીના દેહરાં માંહે, સવિ જિન પ્રણમું ઉચ્છાંહે રે. ધન...૯

જિન પ્રતિમાની સંખ્યા સુણજ્યો, ખટશત્ત સાઠ સોહાવે રે; ધન૦
વિમલવસીની સ્તવના કરસ્યૈ, તે મુક્તિ રમણી સુખેં વરસે રે. ધન..૧૦

(કાવ્ય-મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.)

(દુહો)

સા વસ્તુપાલ તેજપાલનો, સોહે પ્રસાદ ઉત્તંગ; સમુદ્રવિજય સુતનેમજી, અંજન વરણ સુરંગ....૧

ઢાલ – ૩

(રાગ : હાલો રે હાલો હાથી ઘોડા શણગાર રે.... એ દેશી)

મૂલ નાયક નેમ જિણંદજી, તીરથના રસીયા; તુમ સેવ કરે સુર મુની વૃંદોજી, મુઝ દિલડે વસીયાઃ
જિન પ્રતિમા ચોવીસ નીરખો તીરથના રસીયા; જોઈ જોઈને સુગણા હરખોજી મુઝ દિલડે વસીયા....૧

દેરાણી જેઠાણીના ગોખજી, તી૦ તે મધ્યેખટ્ જિન નીરખોજીમુ૦
અઢાર લાખ દ્રવ્યની સંખ્યાજી, તી૦ ખરચીને નિત્ત હરખ્યાજી મુ૦૨

અતીત અનાગત વર્ત્તમાંન જી, તી૦ જિન બહુંત્તેર નીરખૌ એક ધ્યાનજી મું૦
તસ મંડપ થંભ માંહેજી, તી૦ સાઠ પ્રતિમા પ્રણમો ઉચ્છાંહે જી મુ૦ ૩

ફરતી માંહે હવે જાંણોજી, તી૦ સિત્તેર પ્રતિમા દિલ આંણોજી; મુ૦
ચોવીસ વટ્ટા ત્રણ સોહાવે, તી૦ જિન પ્રણમું હું ભલે ભાવો જી. મુ૦ ૪

તિહાંથી હવે આગલ ચાલોજી, તી૦ છ લેશ્યાનો વૃક્ષ નિહાલોજી; મુ૦
તે મધ્યે જિન એક જુહારો જી, તી૦ ચતુર્વિધ સંઘને સંભારોજી મુ૦ ૫

જંબૂ દ્વિપનો પટ્ટ જુહારી જી, તી૦ વલી ચૌમુખ ત્રણ સુખકારી જી; મુ૦
વિહરમાંન જિનેશ્વર વંદુંજી, તી૦ ચ્યાર પ્રતિમા દેખી આણંદુંજી મુ૦ ૬

જિન દેવલ કેડે જુહારું જી, તી૦ જિન ત્રણ દેખી આતમ તારું જી મુ૦
પ્રતિમા ચોપન છે રૂડીજી, તી૦ ગુણી ગુણવંતનેં સંભારીજી. મું૦ ૭

કોઠા ઉપર ગિરનાર તે જાણોજી તી૦ જિનદેરી ત્રણ વખાણોજ; મું૦
દેરી અંબાજીની નિહાલી જી, તી૦ કર ચુડી સોવન વાલીજી. મુ૦ ૮

વસ્તુપાલ તેજપાલના કહિઈ જી, તી૦ માવીત્તરના શુદ્ધ ભાવ તે લહિંઈજી;મુ૦
આગલ જુઓ રૂડલાજી, તી૦ દસ તેપંન સોહે રઢિયાલાજી. મુ૦ ૯

જિન પ્રતિમાની સંખ્યા પ્રમાણોજી, તી૦ ત્રિણ સત ને નવાણું જાણોજી; મુ૦
વસ્તુપાલ તેજપાલ હુઆ ઉપગારી જી, તી૦ જાઉં તેહની હું બલિહારીજી.મુ૧૦

એહવા કોન હુઆ ઉપગારી જી, તી૦ તેહના ગુણ ગાવેં છે નરનારીજી મુ૦
10 અર્બુદાચલ તીરથ નિહાલો જી, તી૦ તે પ્રાણી મુક્તિમાં માલે જી. મુ૦ ૧૧

(કાવ્ય-મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.)

દુહો

ગુણવંતા ગુણવંત જે, જિન પૂજે દઢ ચિત; શ્રી આદિ જિણંદસ્યું માહરે, પૂરણ હુજ્યો પ્રીત....૧

ઢાલ – ૪

પાછા વલજ્યો શામલિયા – એ દેશી (રાગ : નીલુડી રાયણ તરૂ તમે સુણ સુંદરી...)

શેઠ ભેંસાનો ચૈત્ય નિહાલી હો કે, આબુ તીર્થ જયકારી;
જેહની સેવા કરે સુર બાલી, હો૦ મૂલનાયક ઋષભ જિણંદા.હો૦ આ૦
પ્રણમે સુર નર મુનિ વૃંદા, હો કે આબુ તીર્થ જયકારી....૧

મૂલ નાયક મંડપમાં જાણો, હોકે આ૦ સાત જિન ધાતુના વખાણો હોકે; આ૦
20 બીજા ઓગણ તીસ જિણંદા, હોકે આ૦ વલી સાઠ જિન પ્રણમેં સુરિંદા હોકે આ૦...૨

સંખ્યા જિનદેવની કહિઈ, હોકે આ૦ એકાંણું જિનજી લહીઈ હોકે; આ૦
મુઝ મન મલીયા અંતરજામી, હોકે આ૦ તિણેં પ્રણાંમ કરું શિરનામી હોકે આ૦...૩

સજન ચાલો તાલી દેતા હોકે આ૦ ધન્ય છે તેહની માતા હોકે; આ૦
જેણેં જાયા પુત્ર સુખકારી, હોકે આ૦ જેણે પ્રસાદ કરાવ્યો ભારી.હોકે આ૦...૪

શેઠ ચાંપશી સાનોં દેહરો, હોકે આ૦ માનું શિવપદ સેહરો હોકે; આ૦
મૂલનાયક પાસ જિણંદા, હોકે આ૦ પ્રભુ જોઈનેં થઈ રાજી; હોકે આ૦...૫

વીસ પ્રતિમા નીરખો વાહલા, હોકે આ૦ બીજેં માલેં ચઢો લાલ હોકે; આ૦
જિન પાંત્રીસ જુહારો, હોકે આ૦ હવે બાંહ ગ્રહી નેં તારો.હોકે આ૦...૬

હારે હું તો ત્રીજે માલે ચઢીયો, હોકે આ૦ ચ્યાર પ્રભૂ દેખી સુખ પાયો. હોકે આ૦
30 જિન ઉગણસાઠની સંખ્યા, હો કે આ૦ જોઈ જોઈને સુગણા હરખ્યા હોકે; આ૦...૭

હુંબડના પ્રભુજી સુણીયા, હોકે આ૦ એક દેહરામાં ત્રેવીસ ગણીયા હોકે; આ૦
હવે હુંબડનો બીજો દેહરો, હોકે આ૦ ચૌદ પડિમા નીરખો સારી હોકે. આ૦...૮

સૂરિ મુક્તિ ઈણી પેરં કહે છે હો કે આ૦ નિત સમતા ઘરમાં રહે છે હોકે; આ૦
હવે અચલગઢના જિનજી ગાસું હોકે આ૦ પ્રભુ પ્રણાંમ કરી સુખ પાસું હોકે આ૦...૯

(કાવ્ય-મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.)

દુહો

સિદ્ધારથ કુલ મંડણો, ત્રિશલા માત મલાર; વીર જિણંદ ચોવીસમો, શાસનપતિ શણગાર....૧

ઢાલ – ૫

નણંદલ હે નણંદલ – એ દેશી. (રાગ : દેશ મનોહર માલવો...)

દેલવાડેથી જાઈ ઈમ, ઉરઈ ગાંમ સુખકાર લાલન૦
તિહાં પ્રભુ વીર જિણંદને, પ્રણમું પ્રેમ અપાર લાલન૦
તીરથપતિ નિત ગાઈ ઈં...૧

વીર જિણંદ પ્રસાદમાં, બિંબ ચતુર્દશ સાર લાલન૦
ચોવીશ જિનની માવડી, પ્રભુ કેડે તેડી સુખકાર. લા૦ તીરથ...૨

હરખ વસેં ભર્યા થકા, જૂઓ અચલ ગિરીંદ; લા૦
વિચમા પ્રસાદ શાંતિનાથનો, કરાવ્યો કુમર નરિંદ. લા૦ તી...૩

આજ મનોરથ માહરા, મેં ભેટયા રિષભ જિણંદ; લા૦
શચિપતિ સેવા સારતા, વલી સેવે સૂરજ ચંદ.લા૦ તી...૪

આગલ સજન ચાલીઈ, ટાલીઈ, મોહનો ફંદ; લા૦
અચલગઢેં પ્રભુંજી ઘણા, વર્ણવું ધરી આનંદ. લા૦ ત....૫

ધ્વજ કલસેં કરી શોભતો, મેરુસું માંડે વાદ; લા૦
સ્નાત્ર ઓચ્છવ થાઈ અતિ ઘણા, વાજેં ઝાલર ઘંટનાદ. લા૦ તી...૬

બિંબ દ્વાદશ નીરખીંઈ, હરખી પ્રણમું જગદીશ; લા૦
સાત પ્રતિમા છૈ ધાતુની જોઈ નમું નિસદિસ.લા૦ તી...૭

પાંચ પ્રતિમા પાષાણની, વંદો ધરી સુજાંણ; લા૦
ઊપરે ચોમુખ એક છે, વાંદૂ મૂકી અભિમાંન. લા૦ તી...૮

બાજુની દેરીમાં જુઓ, મૂલનાયક શ્રી પાસ; લા૦
ત્રણ જિન પ્રતિમા પાખાંણની, એક જિન ધાતુના ખાસ. લા૦ તી..૯

બે પ્રભુ નિત્ય જુહારીયેં, વારી કોધ કષાય; લા૦
એંમદાવાદીનો દેહરો, ખટ્ જિન વાંદું પાય. લા૦ તી...૧૦

ધાતુની પ્રતિમા એક સો, ઉપર ત્રેપન હોય; લા૦
ચોમુખ એક છે ધાતુનો, વાંદતાં મુક્તિ સુખ હોય. લા૦ તી...૧૧

(કાવ્ય–મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.)

દુહો

સર્વ સંખ્યા જિનરાજની, એક સો એકયાસી જાંણ ભક્તિ કરો ભગવંતની, થાઈ નિત્ત કલ્યાંણ....૧

ઢાલ – ૬

મુંને સંભવ જિનસું પ્રીતડી – એ દેશી.

(રાગ : પ્રભુ તારે તે મંદિર આવીયા અમે તરવાને...)

આબુ તીરથ જાત્રા કરવા જઈયેં રે, દેખી પ્રભુ દીદાર પાવન થઈયેં રે...૧
આગલ્ સુગણાં સંત જોઈ ચાલો રે, તીરથના અહિ ઠાંણ નયણે નિહાલો રે...૨

આવી તલેટી ઠાંમ તન શુદ્ધ કરીયેં રે, પૂરવ રીત પ્રમાંણ પછેં પરવરી યે રે..૩
ચઢતાં તીર્થ જિહાર પાર ઉતારે રે, એ તીરથ ગુણ મણી શ્રેણ કર્મનેં કાપે રે..૪
બારે પાજ રસાલ સગુણેં બાંધી રે, રસીયા વાલમ જેહ બુદ્ધિ અગાધી રે....૫
રિષિ તલાવ સુજાંણ જુઓ નિહાલી રે,જિહાં રિષિ આશ્રમ જાંણ પુન્ય પ્રતાલી રે..૬
વશિષ્ટ રિષિઈ સંત સુગણા ચાલો રે, ગૌમુખી ગંગા જ્યાંહ તનુ પખાલો રે...૭
જાંબુ લીંબ કદંબ કેલ સોહાવે રે, એ તીરથ તારણ સંત ભવજલ તારે રે...૮
ગૌતમરિષિ સુજાંણ આગલ જઈયેં રે, હનુમાંન ધારા ટૂંક દરસન કરીયે રે...૯
ગુપ્ત રિષિસર જાંણ તિહાં બહુ રહેતા રે, ધરે ધ્યાંન પુન્ય કાજ કરણી કરતા રે...૧૦
અચલેસર મહાદેવ પ્રસાદ નિહાલો રે, હાથેં તાલી સંત દેતાં ચાલો રે...૧૧
અરબદા ભવાંની માત અંજણ વરણે રે, ઘાટલી લાલ ગુલાલ ઝાંઝણ ચરણેં રે...૧૨
આવ્યા હણોદર ગાંમ જિનજી નિરખ્યા રે, પૂજી પૂણમી પાય અતિહેં હરખ્યા રે..૧૩
એ આબુ તીરથમાલા ભાવે ભણસ્યેં રે,જેણેં દીઠું નયણ નીહાલી વિશેષે સુણસ્યે રે...૧૪

(કાવ્ય-મંત્ર બોલી અષ્ટપ્રકારી પૂજા કરવી.)

કલશ

ગાયા ગાયા ગાયા ગાયા રે.... મહાતીરથના ગુણ ગાયા રે....

શ્રી આબુજી ચિત્તધરી ગુણ ગાયા રે, નમજો ભવિયણ નિત્ત સેવો ગિરિરાયા રે....૧
શ્રી અંચલગચ્છ દિણંદ રૂપેં છાજે રે, શ્રી પુણ્યાબ્ધિ સૂરિંદ અધિક દિવાજેં રે....૨
તસ પાટેં શોભે સાર ગુણના દરિયારે, શ્રી રાજેંદ્રસાગરસૂર સૂરી ગુણેં ભરીયા રે...૩
મેં ગાઈ તીરથ-માલ જે કંઠે ધરસ્યેં રે, તે વરસ્યે મુક્તિમાલ સુખડાં વરસ્યે રે...૪
સંવત અઢાર પંચાણું સાર જાત્રા કીધી રે, ચૈત્ર વદ નૌમી શનિવાર અક્ષય રિદ્ધિ લીધી રે.૫
પ્રહ ઉગંમતેં સુર ઋષભજી ભેટેં રે, તે પાંમે કમલા સાર પાપ સમેટેં રે....૬
ઈમ કહેં મુક્તિ સૂરિંદ જે તીરથ સેવેરે, શિવરમણી વરસેં સાર મહાનંદ પાવે રે...૭

ઈતિ શ્રી આબુજીરી તીરથમાલા સંપૂર્ણ.

સંવત ૧૮૯૮ રા કાર્ત્તિક વદ ૭ દિનૈ શ્રી ભૂજનગરે લખતુ મુ૦ દોલતરાજેં નં. શ્રીશ્રીજી માહારાજજી હજૂરેં શ્રી ચિંતામણપાર્શ્વનાથજી. (પ્રત કચ્છ – સુથરી જ્ઞાન ભંડાર) ઇતિશ્રી આબુજીરી તીર્થમાલા સંપૂર્ણ સં.૧૮૯૫ દુ. જ્યેષ્ટ સુદિ ૧૫ શ્રી સહીરોહી મધ્યે લિપિકૃતં. લિ. મુ. દલપતરાજેન. શ્રી કાલિકાજી પ્રસાદત્ ॥(પ્રત ડૉ.ભાંડારકર પ્રાચ્ય વિદ્યા. પૂના)

(૨૧૭) શ્રી આબુતીર્થ સ્તવન

કર્તા : સેવક

આબુ પર્વત રૂઅડો રે લોલ, ઉચો તે ગાઉડા બાર રે. આદેશ્વરદેવ. આબુ...
પ્રાયે ચઢતા દોહીલો રે લોલ, જિંહા નહિ પુન્યનો પાર રે.આદેશ્વરદેવ. આબુ...
પહેલા શ્રી આદીશ્વર જુહારી એરે લોલ, પછી સહુ પરિવાર રે.આદેશ્વરદેવ. આબુ..
વળતા શ્રી નેમિસર જુહારીએ રે લોલ, મુક્તિ તણાં દાતાર રે આદેશ્વરદેવ. આબુ...
દેરાસર સામે એક ગોખલો રે લોલ, વિમલ ચડયો રંગરેલ રે. આદેશ્વરદેવ. આબુ...
વસ્તુપાલ તેજપાલના જોડલા રે લોલ, ચામર ઢળે દોય અંગ રે. આદેશ્વરદેવ. આબુ...
દેરાણી જેઠાણી ના બે આરીઆરે લોલ, ખરચા તે લાખ અઢાર રે. આદેશ્વરદેવ. આબુ...
રૂપા ભારો ભાર કોરણી રે લોલ, સોનું ઘડે સોનાર રે. આદેશ્વરદેવ. આબુ...
એકાવન ઓરસિયા ભલા રે લોલ, કેશર ચંદન સાર રે.આદેશ્વરદેવ. આબુ...
ચંપા સેવત્રીના ઝાડવા રે લોલ, તેની ત્યાં સુગંધ અપાર રે.આદેશ્વરદેવ. આબુ...
અચલગઢે વધામણા રે લોલ, ચૌમુખ પ્રતિમા ચાહ રે આદેશ્વરદેવ. આબુ...
વળી વળી સેવક વિનવે રે લોલ, આવાગમન નિવાર રે આદેશ્વરદેવ. આબુ...૬

(૨૧૮) લલિતસાગરકૃત અમદાવાદની ચૈત્ય પરિપાટી,

સંવત ૧૬૬૨ (ઈ.સ. ૧૬૦૬)

લલિતસાગરની ચૈત્ય પરિપાટીની પાંચ પત્રવાળી કાગળની હસ્તપ્રત લા. દ. વિદ્યામંદિરમાં સૂચિ ક્ર. ૨૨૫૦ પર સુરક્ષિત છે. સ્વચ્છ દેવનાગરી અક્ષરો વાળી આશરે ૨૦ × ૨૦ સે.મી. ની આ હસ્તપ્રતની બન્ને બાજુ હાંસિયા છે. અક્ષરો પડિમાત્રા અને અત્યારે પ્રચલિત માત્રાનું મિશ્રણ દર્શાવે છે. લખાણ વ્યવસ્થિત છે અને તેની લખાણ પદ્ધતિ કેન્દ્રમાં પંચરથ ચોરસની ભાત ઉપસાવે છે. ૩૨ થી ૪૦ અક્ષરોવાળી આશરે અગ્યાર પંક્તિ હસ્તપ્રતમાં દરેક પત્ર પર છે.

હસ્તપ્રતની શરૂઆત ભલે મીંડુના સ્વસ્તિચિન્હથી થાય છે. તેમાં તેની ગીત પદ્ધતિ "શાસનદેવીય એ ઢાળ" જેવાં સૂચનથી દર્શાવી છે. તેની પુષ્પિકા વર્ષ. લેખક આદિની માહિતી નીચે પ્રમાણે છે. "સોલ બાસઠિ માઘ સુદિમા, વાર આદિત સપ્તમી, વિધિપક્ષસાર શૃંગાર મુનિવર શ્રી ગજસાગરસૂરિ પય નમી. તસુ સીસ અનુચર. લલિતસાગર, રચિ સદ્‌ગુરુ સાનિધ્ય કલ્યાણકારક, સ્તવન ભણતાં, પામઈ તે નરનવનિધિ ॥૫૪॥ ઈતિ ચૈત્ય પરિવાડી સંપૂર્ણ." 10

આ ચૈત્યપરિપાટીની ભાષા ગુજરાતી છે. તેના વિભક્તિ પ્રયોગો ગુજરાતી ભાષાની સત્તરમી સદીના પ્રારંભની પરિસ્થિતિ દર્શાવતા લાગે છે, પરંતુ તેમાં પ્રાચીન પરંપરા કેટલી, અને સમકાલીન કેટલી તેનું અધ્યયન કરવાની આવશ્યકતા છે.

ભાષા પ્રયોગમાં સંસ્કૃત અને તદ્ભવ રૂપો છે. તેનાં દ્રષ્ટાંત રૂપે 'પ્રતિમા (૨૩)'પડિમા' (૨—૩) 'ભૂમિગૃહ' (૧૮) 'ભુંઅરઈ' (૧૩) ગણાવાય. તેમ જ પોળનાં નામમાં આજે પોળનું નામ આપીને ત્યાર બાદ પોળ, ખડકી આદિ લખવાની કે બોલવાની પ્રથા છે. તેવી પ્રથા 'ફત્તા મહેતા પોલિએ' (૧) જેવા પ્રયોગ છે. તેની સાથે 'પાટક જોગાગઢી,' 'પાટક ઈશ્વર' જેવા પ્રયોગ જુદી પરંપરા દર્શાવે છે. તે ફારસી શૈલીમાં ઘણી પ્રચલિત છે. આજના 'ઝવેરી' શબ્દના 'જવહિરી' જેવા પ્રયોગો પણ ફારસી શબ્દની નજીકમાં છે.

છંદ અને ભાષાના પ્રયોગનાં વૈવિધ્યમાં' ટીંબલા તણઈ પાડઈ' જેવા છટ્ઠી વિભક્તિના પ્રયોગોની સાથે 'સંઘવી કાલાની પોલી' જેવા પ્રયોગો ધ્યાન ખેંચે છે. કેટલાક પ્રયોગોમાં આજે જ્યાં 'એ' માત્રા શબ્દને અંતે વપરાય છે ત્યાં 'ઈ' માત્રાનો પ્રયોગ થાય છે. તેનાં 'દેહરઈ' 'પાડઈ' 'સોહઈ' જેવાં દ્રષ્ટાંતો છે.

ચોપન કડીઓમાં લખાએલી આ ચૈત્ય પરિપાટી સંસ્કૃત છંદોને બદલે દેશીઓનો ઉપયોગ કરે છે. તેમાં દેશીનાં નામ આપવાને 20
બદલે જૈન સાહિત્યમાં પ્રચલિત ગીતોના ઢાળ તરીકે ઉપયોગ કર્યો છે. તે બાબત 'શાસન દેવીય' એ ઢાળ. 'ત્રણિ પલ્યોપમ' એ ઢાળ જેવાં સૂચનોથી સ્પષ્ટ થાય છે.

પરિપાટીની ભાષા પ્રાસાદિક વર્ણનાત્મક છે. તેમાં પદલાલિત્ય આણવા માટે પ્રાસાનુપ્રાસનો ઉપયોગ થાય છે. પરંતુ તેનું સ્વરૂપ વર્ણનાત્મક રહે છે. આ પરિપાટીમાં સ્થળ અને દેરાસરનાં નામનાં વર્ણનો સાથે દેરાસરની અંદરની પ્રતિમાઓની સંખ્યા પણ પદ્યમાં વર્ણવી છે.

આ પરિપાટી ચૈત્યનું નામ, ક્વચિત તેનાં ભોંયરાનું વર્ણન, ગર્ભગૃહમાં પ્રતિમાઓની સંખ્યા આદિનું વર્ણન કરે છે તે પરિપાટીઓનું સામાન્ય લક્ષણ છે. આ દેરાસરોની પરિપાટી ૪૮ સ્થળોનાં ૧૦૫ મૂલનાયકોનાં દેરાસરોની નોંધ કરે છે.

(૨૧૮) લલિતસાગરકૃત અમદાવાદની ચૈત્ય પરિપાટી,

॥ શાસનદેવીય એ ઢાલ ॥

સરસતિ દેવીય વલીય ગુરુ સેવીય પ્રહિ સમઈ લાહુએ લીજીઈ એ 30
અહિમદાવાદિએ જિનનઈ પ્રાસાદિ એ ચેઈઅ વંદન કીજી એ
ઢીંકૂઆ ઉલિએ ફતા મહિતા પોલિ એ વીરનઈ દેહરઈ નેઊ પંચ બિંબ નમું એ.
શ્રેયાંસ જિનવર પડિમા એ સત્તરી વાંદીઈ સફલ તેહ સમુ એ ॥ ૧ ॥

(ત્રૂટક)

સમયધિન સમયધિન તાસ જાણું પદ્મપ્રભુ જેણઈ નિરખીયા
શત ઊપરિ દોઈ પ્રતિમા વાંદીનઈ મનિ હરખિયા
દોસીયવાડઈ આદિ જિનવર અઠાવીસ મૂરતિ ખરી
અજિત જિન પ્રાસાદ સીત્યરી સુમતિ દહેરઈ વીસ કરી. ॥ ૨ ॥

મંદિર સામીય જિન શર નામીય ચ્યારસઈ અડસઠિ જાણીઈ એ
રયણ એક પડિમા ધ્યાઈઈ નિત મનમાં ભુંઅરઈ સાત બિંબ આણીઈએ
પાટક જોગાગઢીઈ પાસમઈ ભાવિ ચઢીઈ પ્રતિમા એ
સઠિશું વાંદીઈ એ તિહાં ઘીયતલીય એ
હરખિશું વલીયને સુમતિ જિન દેખિ આણંદીઈ એ ॥ ૩ ॥

(ત્રૂટક)

આણંદીઈ એકવીસ પ્રતિમા રયણની તિહાં એક છઈ
હાજા પટિલ પોલિ આવી વાંદીઈ ચંદ પ્રભુ પછઈ
ચુપ્પન્ન પ્રતિમા ભુંઅરઈ ત્રણિ હવઈ શાંતિ જિન ભેટીઈ
બિસઈ પંચ્યાસી બિંબ વાંદી આઠ (ક)ર્મ ખેટીઈ ॥ ૪ ॥

બિંબ બિ રતન્ન ફિરતીઈ ત્રઈપન્ન ઉપલી દેહરડી હવઈ કહું એ
પાંસઠિ પ્રતિમાએ ચંદમુખ ઉપમા ભુવન સુપાસ તેત્રીસ લહુ એ.
આદિનાથ દેહરઈ ચુવીસ જિનવર ભુંઅરઈ પડિમા એ પાંચસઈએ
અધિકીય બાર એ મૂરતિ સાર એ સંભવ છઈ જિન ઉલ્હસઈ એ.॥ ૫ ॥

ઉલ્હસઈ સામલ પાસ દેહરઈ ચ્યુંઆલીસ મૂરતિ ખરી,
તિહાં થકી ટીંબલા તણઈ પાડઈ એકવીશમું ભેટુ રુલી.
અઠ્ઠાવન પ્રતિમા તિહાં સોહઈ વલી વિસા દેવચંદ તણઈ
આદિનાથ નાયક સોલ સહીત વાંદીઈ ઊલટ ઘણઈ ॥ ૬ ॥

ટાલ ત્રણિ પલ્યોપમ

પાટક રાજા મહિંતઈએ પહિલું પ્રથમ જિણંદ. ચુપન્ન પ્રતિમા જુહારીઈ આધા શાંતિ મુણિંદ.
મૂરતિ આઠ ત્યહાં અભિનવી પાસઈ બીજુ પ્રાસાદ. ચંદપ્રભુ જિનવર વાંદીઈ દીઠઈ જાય વિખવાદ ॥ ૭ ॥

તિહાં પડિમા અઠ્ઠાવન દેહરાસરિ શ્રીઅ શાંતિ ઉગણાસઠિ પ્રતિમા વલી કીજઈ ધ્યાન એકાંતિ.
કુંથપ્રસાદિ મૂરતિ વારુ ચ્યાર તે જાણું. સંઘવી કાલાની પોલિએ સંભવનાથ વખાણું ॥ ૮ ॥

સુંદર પ્રતિમા વીસ છઈ પાસઈ દેહરઈ મહાવીર રે. પડિમા સીત્યોત્તરિ ભલી સોમ ચિંતામણિ ધીર
પાટ(ક) ધના સુતારનઈ પહિલું દેહરા એ માંહિ ચ્યારસઈ ત્રેવિસે આગલી મનોહર પડિમાએ ત્યાહ ॥ ૯ ॥

કુંથપ્રાસાદિ જિન પણી પ્રતિમા વારુ અઢાર. અચિરાનંદ દેહરઈ એકસુ દોઈ જિન સાર રે
ભુંઅરઈ પ્રતિમા સાત છઈ વાંદુ ચૌદશુ શાંતિ રે આદિ જિન ભુંઅરઈ નાયક બાવીસ બિંબ એકાંતિ ॥ ૧૦ ॥

સાહ સોમજીનઈ ચુમુખિં સોળમા જિનવર મુક્ષ રે છ પ્રતિમા છઈ હેઠલિ, ઉપરિ શ્રીધીર દક્ષ રે. મહુરતિ ચ્યાર
સોહામણી હવઈ નમો પાર્શ્વનાથ ત્રઈસઠ પ્રતિમાછઈ વલી શિવપુર કેરુ એ સાથ ॥ ૧૧ ॥

જમાલપુરાનઈ પાટકિ પંચમ જિનવર જાણિ. પ્રતિમા બાર મનોહર આદિનાથિ તવ બિંબ આણિ.
શાંતિ નાથિ પ્રતિમા છત્રીસ પાટક દેવીસીસાહા કહીઈ મોટી પ્રતિમા અતિ ભલી આદિ જિન કેરીઈ લહીઈ॥૧૨॥

શાંતિ ભુવનિ બિંબ બાવીસ અચિરાનંદન જિનવર. સહસ્ત્રફણા આદિ કરી નવ્યાસી બીંબ મનોહર
પાંજરાપોલિ એ શીતલ પાંચસઈ એકસઠિ વાંદુ ભુંઅરઈ પ્રતિમા નવ વલી ચંદ સૂર લગઈ નાદુ ॥ ૧૩ ॥

ઢાલ – ઉત્સર્પિણી ઉવસપ્પિણી

ખેતસી સાહનઈ દેહરઈ આદીશ્વર પનર બિંબ વિશાળ જી
એક બિંબ વિદ્રુમમઈ વારૂ પાટક ટીંબલઈ સારજી ॥ ૧૪ ॥

શાંતિનાથ મૂલનાયક પ્રણમું ઉગણપચાસ જિન્નજી
જવાહિરી પોલી ચરમ જિણેશર એકસુ અગ્યાર ધન્યજી ॥ ૧૫ ॥
શાંતિનાથિ ભુવનિ જિન પડિમા પંચસયાં પંચ ચંગજી
રયણ બિંબ એક વંદુ રે ભવિયાં લાજવર્ગનઈ રંગિજી ॥ ૧૬ ॥

અજિતપ્રાસાદિ શાત ઊપરિ બિ જીરણ રયણની એકજી
અચિરાનંદન દેહરઈ ત્રણિસઈ ઉપરી ત્રીસ વિવેકજી ॥ ૧૭ ॥

સામલ પાસ સમીપિ પંચાવન એક રયણની ખાસજી
ભૂમીગૃહ જગવલ્લભ નાયક એકાદશ બિંબ પાસિજી ॥ ૧૮ ॥

આદિનાથનઈ દેહરઈ એકસુ ઊપરિ આઠ કહી જઈજી
પાટક કોઠારીઈ વિરજિન શત ત્રેવીસ લહીજઈજી ॥ ૧૯ ॥

ઊપરિ સહસ્ત્ર ત્રણનઈ માઝનઈ ભુંઅરઈ સંભવનાથજી
પ્રતિમા ચુસઠિ વંદુ રંગિ ચુમુખિ શ્રી શાંતિનાથજી ॥ ૨૦ ॥

દેહરી સહીત હોઈ છત્તીસ આગલિ કલિકુંડ સ્વામિજી
મૂરતિ ચ્યાર વાંદીનઈ જઈઈ શીતલ વસહી ઠામિજી ॥ ૨૧ ॥

ઢાળ – વુ રાય મનિ વિમાસઈ

શ્રીતલનાથિ છન્નૂઅ કહીઈ પાટક ક્ષેત્રપાલિ જઈઈ સંભવનાયક જાણું પ્રતિમા પંચ્યાસી આણુ ॥ ૨૨ ॥
ઘાચીની પોલિમા શાંતિ ઉગણચ્યાલીસ બિંબ એકાતિ ભૂંઅરઈ આદિજિન મૂરતિ દસ પ્રતિમા ભલ સૂરતિ ॥ ૨૩ ॥
પાટક ગાજીપુર સહીએ વાસપૂજ્ય એકોત્તરિ થઈયએ લટકણ પાટશાહ રે શાંતિભુવન છઈ ચય્યાહરે ॥ ૨૪ ॥
એકસુ ત્યાસીય પડિમા સામલ જિન ઘરુ મનમાં અગીયારસઈ એક સવિ મુહુરતિ રયણની એક ભલ સૂરતિ ॥૨૫॥
પાટકિં ઈશ્વરિ વીર રે એકશત અગીઆર ધીર ભુંઅરઈ સાત બિંબ ભાસીય માંડવીર નવ્યાસીય ॥ ૨૬ ॥
આદિનાથિ એકસુ તેત્રીસ શાંતિનાથિ નામુંઅ શીસ । તિહાં સાત પ્રતિમા એ નિરખું ભુઅર છઈ બિંબ પરખુ ॥ ૨૭॥
જલાલપુર હવઈ છઈ ચય્યાહરે શાંતિ જિણેશર ત્યાહ રે શત એક તેત્રીસ ગણીઈ આદિ જિન ભુંઅરઈ ભણીઈ ॥૨૮॥
બિંબ ચ્યાલીસ વલી દોઈ જમાલપુરિ સંભવ હોઈ તેત્રીસ પ્રતિમા જિણંદ દીઠઈ થાઈ આણંદ ॥ ૨૯ ॥

વસ્તુ

સાઠિ દેહરાં સાઠિ દેહરાં નગર મઝંમિ. તિહાં પ્રતિમા નવસઈ ચ્યું ઉત્તરિ જિનબિંબ વંદૂઅ
ભૂમિગ્રહ દ્વાદશ અછઈ છસઈ નવાણુ વખાણિ શરવાલઈ દશ સહસ બિંબ સઈ ત્રિહુત્તરિ જાણી ॥ ૩૦ ॥

ઢાલ–કનકકમલિ પગલાં ઠવઈ, એ ઢાલ અસાઉલિ જિન સોલમા એ ત્રણિ બિંબ કરૂં પ્રમાણ,
પ્રભુજીનઈ ધ્યાઈઈ એ દીઠઈ હુઈ રે કલ્યાણ, પ્રભુજી નઈ પૂજીઈએ.... આંચલી ।
શાંતિનાથનઈ દેહરઈ એ બિંબ અઢાર શર નામી ॥ ૩૧ ॥ પ્ર.

ભાભુ પાસજ ભેટીઈ બિંબ શત્યાસી જોડિ, પ્ર. હવઈ આદીશ્વર વાંદીઈ એ બિંબ ત્રણિ કર જોડિ ॥૩૨॥

ભુંઈરઈ પઢમ જિણંદનઈ એ તિહાં ત્રણિ પડિમા હોઈ, પ્ર. ઈલંપુરિ શાંતિજિ(ન) કહ્યા એ સત્તર પ્રતિમા જોઈ॥૩૩॥પ્ર.

અજિત ચિંતામણિ ભુંઅરઈ એ મનોહર સાત જિણંદ. પ્ર. પૂરઈ વાંછિત સંઘના એ પઉમાવઈ ધરણિંદ. ॥ ૩૪ ॥ પ્ર.

જઈ પુરિ આદિજિન વલી એ પ્રતિમા આઠ જુહારિ, પ્ર. શાંતિજિન દેહરઈ ચ્યારી કહી એ આદીશ્વર દોઈ સાર ॥૩૫॥ પ્ર.
નવઈપરઈ જિન પંચમા એ તિહાં પ્રતિમા ઓગણીસ પ્ર. રાજપુરિ નમિ જિનવરૂ એ પાસઈ બિંબ એકવીસ ॥ ૩૬ ॥ પ્ર.
ભુંઅરઈ શીતલ જિન કહ્યા એ પંચવીસ પ્રતિમા ચંગ, પ્ર. આદિભુવનિ પંચ બિં(બ) લહ્યાએ શ્રેયાંસ પંચવીસી રંગિ॥ ૩૭॥પ્ર.
વીરભુવની શત બિંબ નામા(મો) એ પ્રેમાપુરતીય પાંતીસ સારિંગપુરિ ચુવીસમો એ પડિમા ઉગણત્રીસ ॥ ૩૮ ॥ પ્ર.

ભંભારુલી ઢાઈ

રૂપપરિ શાંતિ શાંતિકરૂં ભંભારુલી પ્રતિમા આઠ જુહારિ તુ ભં૦
કાલુપુરિ દોરી જસાની ભં પોલિ સુવિધિજિન સારતુ ભં૦ ॥૩૯ ॥

તિહાં પ્રતિમા બાવીસ ભલી તું ભં૦ ધના રે મહિતાની પોલિ
શ્રેયાંસ જિનવર વાંદીઈ તુ ભં૦ પ્રતિમા પનર ઊલિ તુ. ॥ ૪૦ ॥

10 શ્રી આદીશ્વર દેહરઈ તુ ભં૦ સીત્યરિસુ પ્રભુ બિંબ તુ
બીબીપુરિ અવિલંબ તું ॥ ૪૧ ॥

પોલિ ચિંતામણિ અમીયઝરુ તુ ભં૦ તિહાં પ્રતિમા અગીયાર તુ
પાસ ચિંતામણિ ભેટીઈ તુ ભં૦ ત્રેવીસ પ્રતિમા પાસિ તુ. ॥ ૪૨ ॥

પાસઈ ચરણ દાદા તણા તુ ભં૦ પૂરઈ સેવક આસ તુ
એકવીસમા પ્રાસાદિ વારુ ભં૦ ચ્યાલીસ પડિમા પાસિ તુ ॥ ૪૩ ॥

માઈ ધન્ય સુપન્નતુ એ, ઢાલ.

હબદિપુરિ આઠમા પ્રતિમા પાંચ જુહાર શકંદરાપુર પાસ ચિંતામણિ સાર
જિનવર આઢારઈ સારઈ સુરનર સેવ ફિરતીઈ અઠાવીસ ભુંઅરઈ શાંતિજિન દેવ ॥ ૪૪ ॥

પ્રતિમાચ્યાર વંદુ હવઈ અહિમદપુરિ ઠાણિ શ્રી આદિનાથ પ્રણમું ઉગણત્રીસ તિહાં જાંણિ.
20 ફિરતીઈ જુહારું જિહાં બાવન્ન જિણાલું પાંચ પ્રતિમા પાસઈ તેહને નમો જિણાણં ॥ ૪૫ ॥

નજામપુરિ આઠમા પંચાસ શ્રી જિનરાય શીતલનઈ દેહરઈ સાત બિંબ તેણઈ ઠાય.
ધર્મનાથિભુવનિ જિન ત્રઈસઠિ વંદિ ભાવિ બાધિનપુરિ શ્રીધર્મ અગીયાર જોતાં આવિ ॥ ૪૬ ॥

રકતપુર માંહિ શાંતિજિનંદ પ્રાસાદ નવપ્રતિમા દીઠઈ ભવનુ જાઈ વિખવાદ.
નલોડઈ પાસ જિન ધરણ પઉમાવઈ યુક્ત ભુઈરઈ ત્રણિ પડિમા ભાવ ધરુ ભલ ભક્તિ ॥ ૪૭ ॥

ઢાલ વધાવાનું

વાડિજપુર માહિં સોળમા પડિમા સુંદર સાત, કાશમપુરિ વીર સાતશું ઉસમાપુરિ શાંતિ જિન વિક્ષાત કે ॥ ૪૮ ॥
ભેટુ રે ભવિ ભાવિ સેવિ રે સુખ સંપદ હોઈ કે જિનવરે રે પ્રહિ ઉઠી જોઈ કે... આંચલી ॥ ૪૯ ॥
દોઈ શત દસ ઊપરિ વલી ભુંઅરઈ વિમલ જિણંદ. મૂરતિ ત્રણિ વાંદીઈ વજ્રપુરિ રે મરુદેવ્યાનંદ કે ॥ ૫૦ ॥ ભે૦
બિંબ એકોત્તરિ જુહારીઈ શેખપુરિ શ્રી શાંતિ મૂરતિ સાતજ સેવીઈ મઈદલપુરિ રે શ્રી આદિ એકાંતિ કે ॥૫૧॥ભે૦
30 એક શત એકતાલીશ વલી કોચ(ર)બ વંદુ આદિ પાંત્રીસ પ્રતિમા પ્રભુ તણી ઈમ કીજઈયે ચૈતર પરવાડિ કે ॥૫૨॥ભે૦

વસ્તુ

ભુવન અડત્રીસ પરા મધ્ય જાણિ, નવસઈ એકાવન વલી; છ ભૂમીગ્રહ ચિસતાલીસ બિંબ, દેહરા બત્રીસ લહ્યા
બાર સહસ કહી એકસુનઈ ચુવીસ ॥૫૩॥

કલશ

સોળ બાસઠિ માઘ શુદિમાવાર આદિત સપ્તમી
વિધિપક્ષ સાર શૃંગાર મુનિવર શ્રી ગજસાગરસૂરિ પય નમી
તસુ સીસ અનુચર લલિતસાગર રચિ સદ્‌ગુરુ સાનિધિ
કલ્યાણકારક સ્તવન ભણતાં પામઈ તે નર નવનિધિ ॥ ૫૪ ॥

ઈતિ ચૈત્ય પરિવાડી સંપૂર્ણ

(૨૧૯) પાટણથી ચિત્તોડ ચૈત્યપરિપાટિ

વિ. સં. ૧૫૬૨માં સંઘવી ઠાકરસિંહે પૂ. અચલગચ્છેશ શ્રી ભાવસાગરસૂરિમ. સા. ની નિશ્રામાં સંઘ કઢાવેલ. પૂજ્યશ્રી ચિત્રદુર્ગ (ચિત્તોડ) પધારતા એમના શિષ્યએ આ ચૈત્યપરિપાટીની રચના કરી છે. ૪૪ ગાથામાં રચાયેલી આ ઐતિ. કૃતિમાં પૂજ્યશ્રી પાટણથી ચિત્તોડ સુધીમાં આવતા પ્રત્યેક ગામોમાં જ્યાં જ્યાં દેરાસર વિ. છે તેની નોંધ લીધી છે. આજે તો કેટલાક ગામોના નામમાં ફેરફાર થયો છે અને વસતિના અભાવે એ માર્ગ મુજબના હાલે દેરાસરો કેટલા અને કયાં કયાં એનું સંશોધન થવું ઘટે. વિ. સં. ૧૫૬૨માં લખાયેલી આ ચૈત્યપરિપાટીની બીજી પ્રતો પણ મેળવવી ઘટે જેથી શુદ્ધ પાઠ આપી શકાય અસ્તુ.

(૨૧૯) પાટણથી ચિત્તોડ ચૈત્ય-પરિપાટી

કર્તા : ભાવસાગરસૂરિ શિષ્ય રચના : ૧૫૬૨

પ્રણમસિઉંપહિલૂં પાસ જિણંદ, ચૈત્ય પ્રવાડિ કરિસ આણંદિ;
શ્રી ચીત્રોડ તણી જિન યાત્ર, કરીય કરું નિય નિરમલ ગાત્ર....૧

પાટણ થકી મુઝ ઈચ્છા ઈસી, ભાવ ભગતિ હવિ હઈડિ વસી,
કુતિયાપુરિ દેહરા છિ પંચ, પ્રણમંતા નવિ કરીઈ ખંચ....૨

ઈલમપુરિ અનોપમ એક, જિણહર પૂજીજે સવિવેક;
રૂપપુરિ શ્રી પાર્શ્વનાથ, દીઠિ દષ્ટિ હુઈ સનાથ....૩

ચાણસમી ×(મહાવીર) જિણહર ચાહીઈ,તવ મુઝ હેજ ન માઈ હઈઈ;
ધીણુજિ પ્રાસાદહ દોઈ, એક પાયુટિ જિણહર જોઈ....૪

શ્રી મહિસાણે મહિમા ઘણું, આઠ ચૈત્ય પ્રહિ ઊઠી થુણું;
એક વાલંબિ ઈક કાસે કહું, જોતા જન્મ તણા ફલ લહું....૫

વીસાલિનગરિ જિન મંદિર દોઈ, અમર વિમાન નવિ એહવા હોઈ;
વડનગરિ શ્રી પ્રથમ જિણંદ, ચરમ નાહ દીઠિ આણંદ....૬

ત્રીજું દેહરું ગિરૂ ઊંચાહિ, બિંબ અસંખ્ય અછિ તેહમાંહિ;
ઊડે જિણહર જબ દોઈ દીઠ, તવ નીય નયણે અમીય પઈઠ...૭

ભાષા :

ઈડરઈનગરિ પહૂત, તવ ત્રણિ દીઠા જિણ ભવણ; વાંદા બિંબ બહૂત, પાલિ દોઈ પ્રાસાદ ભણુ...૮

ડૂંગરિપુરિ – પુરિ પ્રાસાદ, ચ્યાર ચતુરપણિ અરચીઈએ;
ભેરીય દુંદભિ નાદ, વાજિત્ર વાજિ અતિ ઘણ એ...૯

આતરીઈ અતિ રંગ, સહિત સરિ શાંતિ જિણ;
પૂજા રચીજિ ચંગ, જંગ જુગતિ કરિ જોઈઈએ....૧૦

વહુદ્રિ જિણગેહ, ઈગ ઈગ ગોલિ બંભોરિ ઈગ; માણારિ નવ નેહ, દેહરા સરિ એગ પૂજીઈએ...૧૧

હવિ જબ શ્રી ચિત્રકૂટ, નય નયણે કરિ નિરખીઈએ;
પહિતા પહુવિ અરવુટ, અમીઅ રસાયણ કુડ તવ....૧૨

ગરિવર કેરૂ રાય, પુહવી તલ નિયન ઈગ; બીજા લોચન કાજિ, જપ–તપ કરિ બસુંધરા એ....૧૩

બત્રીસ જિન પ્રાસાદ, બત્રીસ બધ નાટક તિહાં; વાયણ સરીસી વાદ, કરતાં કિરતિ થંભ જગ...૧૪

શાલીવશાલા અપાર ત્રપતિ ન પામિ નરખતાએ;
ધન ધન તે નર નારિ, ચીત્રોડિ જે યાત્રા કરિએ....૧૫

હવિ કાકરિવાડિએ કરહડાનું, અતિ પ્રૌઢ પ્રાસાદ તે જોઈ જૂનું;
ઈગ થાસગામિ શિવ સુહ દેખાડિ, એકદસ જણહર દેલવાડિ....૧૬

નાગદ્રહિ પાંચે પ્રાસાદ પેખ્યા, પલ્લાસણિ એક દેખી હરખ્યા;
અહો એક અનોપમ જિણ પલાણિ, એક મોહીય માનસિ મોહ આણિ.૧૭

નવી માદડી ગામિ એક દેવ ગેહ,જીલવાડ એ વાધએ નવલ નેહ;
નડૂલાઈઈ નારદપુરીય નામ, તિહાં સાત પ્રાસાદનિ કરૂં પ્રણામ..૧૮

ઘણી ભગતિ થાણુ રહિ પૂજ કીજી,ઈક જણહર નમીય ભવકઈ લીજિ;
સખિ સોહલિ કુંભલમેર દીઠઉ, તવ મૂઝ મનિભવ હૂઉ અતિહિ મીઠ ઉ...૧૯

આબાલ ગોપાલ લોક બોલે, નહીં અવર ગિરિ અવનિય એહ તોલિ;
અતિ ઊલટિ અરચીઈ ઉગણીસ, પ્રાસાદ જિન્ન પૂરવિ જગીસ...૨૦

ભલિ ભાવસ્યું ભેટીઈ વીર દેવ, વસુટી પુરિ સારએ અમર સેવ;
મહા માદડીઈ મહાન પૂરિ, સદા સેવીઈ એક ઊગંત સૂરિ...૨૧

ધન ધન માનું જનમ જેહય લેખિ, રાણગપુરિ જો લોચન પેખિ,
તેહ હોઈ જસવાદ "ત્રૈલોકય દીપક" નામ ધરંતુ,
કલ્પકોટિ લગિ જગિ જયવંતુ, ચમુખ સિખિર પ્રાસાદ....૨૨

કોનવિ ભૂતલિ એહ સરીખું, જેહનયણે એ નવિ નિરખું,
ગર્ભવાસિ હજી તેય; તેય એક જીભ કિમ બોલું,
એ સમવડિ હું કહિનિ તોલું કલિકલ્પ એહ....૨૩
અવર જકે છિ જે પ્રાસાદ,તે વંદી ટાલું વિખવાદ,બિંબ સંખ્યા નવિસાર;
મૂહાણિ જિણ વંદું શાંતિ, વરકાણિ મુઝ લાગી ખંતિ, કીજિ પાસ જુહાર.૨૪

વાહલીઈ વાહલુ જગનાથ, ફેરુઈ પૂજી હૂઆ સનાથ, રાહ બરિ શ્રી પાસ;
એક ઉમણિ એક પાલડીઈ, કોલરિ દોઈ જિણહરિ જવ ચડીઈ, તવ પૂગી સવિ આસ...૨૫

પુહતા હવિ જવ સીરોહી, તવ સહીઉ મુઝ માનસ મોહી,
અર પુરી અવતાર; ચુપટ ચ્યારિ જિનાલય ચાહુ,
તે વંદિનિ લિઉ ભવ લાહુ, ભરૂં સુકૃત ભંડાર....૨૬

લોદ્રીઈ ઈક દોઈ વીર વાડિ, ઝાઝૂલી નિ બાંભણવાડિ,
ઈક ઈક એક નાદીઈ, લોટાણિ નિતેલપુરી ઠામિ;
નાણિ નિરૂપમ જીવંત સ્વામી, બાલાદિ એક વાંદીઈએ...૨૭

વલી સીરોહી આવીઆ એ, હઈઅડિ હરખ અનંત તું;
સીંઘણુદ્રિ પછિ પૂજીઈએ, જગદીસર જયવંતુ....૨૮

હમ્મીરપુરિ તિણિ જિણ ભવણ, નમિ ટોકરિ નમિનાહ તું;
તિહાં અર્બુદગરિ પેખીઉએ, ઉછાવ હુઈ અબીહ તુ.....૨૯

દેલવાડિ વસહી જૂઅલિ, અનોપમ અમર નિવાસ તુ;
નરખંતા નવિ ચેઈઈએ, ભૂખ તરસ તિનિ માસતુ....૩૦

સત્તરભેદ પૂજા કરીય, સફલ કરું સંસાર તુ;
અવરહ દોઈણિ જિણહર ચ્યણ, નિત નિત કરું પ્રણામ તું....૩૧

સંબપજૂન સંમોસરિયા એ, કાઉસગીયા ઈણઈ ઠામિ તુ;
પૂજી પ્રણમી ચાલીઆએ, ચડયા અચલગઢ ગામિતું....૩૨

તિહાં ત્રણિ જણહર પૂજીઈ એ, જિમ પૂજિ મન આસ તુ;
એણીપરિ જે જાત્રા કરિએ, તેનુંહિ ગર્ભવાસિ તુ...૩૩ 10

હિવ હૂડાદ્રિ ડાકપુરે, ભલિ ભયણિ ગામિ તુ;
પીપલિ થલિહિ ઘણેરીઈ એ, ઈકઈ કરું પ્રણામ તુ....૩૪

આવીઆ એ દેની અવાડિ, પાડિ નહીં કોઈ તેહ તણિ એ;
પૂજીઆએ દૂરિ પારસનાથ, જીરા ઉલઉ જગિ જગિ ઘણું એ....૩૫

સેવઈએ સુરનર સ્વામિ, કામિક કલિયુગ સવિ ફલિએ;
દીઠિએ દુકત દૂરિ, તુષ્ટિ સંકટ સવિ ટલિ એ....૩૬

વંદીઈ એ વડવસ ગામિ, સામિ મિલ્યા શ્રી શાંતિજિણ;
પાલણપુરિએ પાલવિહાર, સીદ્ધપુરિ તણિ જિણ ભવણ....૩૭

લાલપુરિ એ વાભઈયા ગામિ, પામિ મંગલપુરિ વરિ હરિખ;
વાડીઈ એ દુલંતપુરિ, એક જિણ દેખી જાઈ દુખ....૩૮ 20

એક સુ એ સત્તરિ સાત, બાત કરી જિણહર ભલા એ;
તિહાં વાંદા એ બિંબ ચ્યાલીસ, બસિસ્સ બિંબહુ આગલા...૩૯

એણી પરિ એ તીરથ સરવ, પૂરવ પુણ્ણ પસાઉલિ એ;
સંઘવી એ ઠાકરસિંહ, સંઘ સાથિ ભેટા ભલાએ....૪૦

હિવ અણહલ એ પત્તન નયરિ, ઘરિ આવ્યા આણંદ ભરીએ;
જિહાં જિણહર પંચતાલીસ, દીસ ઊગંતા જાહરીઈ એ...૪૧

વંછિત એ દાનઈ સમરથ, તીરથ-માલા વિવહ પુરે;
એમ કરી એ નિરમલ જુત્ત, સંવત પનર બાસઠિ વરે....૪૨

એ વિધિપક્ષ ગણ હર, ભાવસાગરસૂરિ અનુચર ઇમ ભણઈ;
એ નર-નારિ જે નિતુ ભાવ ભાવિતુ, ભગતિ સંજુત્ત એહ થુણિસિ...૪૩ 30

તેહ હુઈ પદિ પદિ સયલ સંપ્પદ, વિપદ સવિ દૂરિ ટલિ;
કલ્યાણ-માલા કરિ કેલી, વલિય, મનવંછિત ફલિ...૪૪

ઈતિ ચૈત્ય-પરિપાટિ સમાપ્તા.

(પ્રત : લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ મંદિર, અમદાવાદ)

(૨૨૦–૨૨૧) ખંભાતની ચૈત્ય પરિપાટિઓ (૨)

અચલગચ્છીય વાચક ક્ષમાસિન્ધુનાં શિષ્ય કવિ ડુંગરે તથા પૂજ્ય લલિતસાગરજીના શિષ્ય પૂજ્ય મતિસાગરજીએ વિ. સં ૧૭૦૧માં ચૈત્યપરિપાટિ રચી છે.

કવિ ડુંગરકૃત ૧૩ ગાથાની ચૈત્યપરિપાટિ ઘણી પ્રાચીન મનાય છે. અને પૂ. મતિસાગરજી કૃત ચૈ. ૩૩ ગાથાની છે. ખંભાત ઘણી જ પ્રાચીન અને ઐતિ. નગરી છે. વિ.સં. ૧૧૪૧ થી વિ. સં. ૧૯૬૯ સુધી અચલગચ્છના શ્રાવકો રહેતા હતા. ગચ્છની સ્થાપના ભલે વિ. સં. ૧૧૬૯માં થઈ પણ વિ. સં. ૧૧૪૧માં ગોદુહકુમારને લઈ શ્રી આર્યરક્ષિતસૂરિ ખંભાત પધાર્યા હતા અને ત્યાં ચાતુર્માસ કરેલ. અને વિ. સં. ૧૯૬૯મા અચલગચ્છેશ પૂ. આ. શ્રી ગૌતમસાગરસૂરિજી (તે વખતે મુનિમંડલાગ્રેસર હતા.) ખંભાત પધાર્યા ત્યારે વરાડીયાના લીલબાઈ અને જખૌના ધનબાઈએ સાકરની લહાણી કરેલ ત્યારે ૮૫ ઘરો અચલગચ્છના નોંધાયા હતા. ખંભાતમાં મહત્વના ૧૫૦ જેટલા પ્રસંગો શ્રી પાર્શ્વભાઈએ તથા શ્રી કરમશી ખોનાએ નોંધેલા છે. આજે પણ ખંભાતમાં અચલગચ્છનો ઉપાશ્રય છે. જે તપગચ્છના બેતિથિ પક્ષના હસ્તક છે અસ્તુ.

આ ચૈત્યપરિપાટિમાં તે તે સમયના દેરાસરોની તથા મૂળનાયક પ્રભુજીનું વર્ણન છે. અને પૂ. મતિસાગરજી કૃત ચૈત્ય૦ પ્રભુજીની સંખ્યાનું પણ વર્ણન આપેલું છે.

ખંભાત વાસીઓએ આ ચૈત્યપરિપાટિને તામ્રયંત્રમાં કોતરાવીને યોગ્ય સ્થાને મુકી દર્શનીય બનાવી શકાય.

(૨૨૦) અચલગચ્છીય વાચક ક્ષમાસિન્ધુ શિષ્ય કવિ શ્રી ડુંગર રચિત ખંભાત ચૈત્યપરિપાટી

સરસતિ સામિણિ કરઉ પસાઉ મઝ એ કરહાડે, ખંભનયરિ જિનભવન અછઈ, તિહાં ચૈત્ય પ્રવાડે,
થંભણપુરનઉ પાસ આસ ભવિયણ જિણ પૂરઈ, સેવક જન સાધાર સાર, સંકટ સવિ ચુરઈ....૧

જસ લંછણિ ધરણિંદ ઈંદ પુમાવઈ સહીઅ, તિહાં મૂરતિ અનાદિ આદિ તે કુણહિં ન કહીઅ;
ઉદાવસહી ત્રિહું બારિ શ્રી પાસ જિણેસર, જિમણઈ ગમઈ શ્રી જીરાઉલઉ પણમી પરમેશ્વર....૨

ત્રિહુ દેહરે શ્રી આદિનાથ વંદવા જાઉ, તે પણમી શ્રી મુનિસુવ્રત વીસમું આરાહુ,
ધરમ જિણેસર ધરમ કાજિ ધનવંત આરાહઈ, આદીસર વહુઆતણઉ એ ગુરૂઆ ગુણ ગાઈં...૩

કોલ્હાવસહી પાસનાહ અતિ ઉંચઈ દેહરઈ, આદિજિણેસર વંદીઈએ થાનકિ ભાવડા હરઈ,
સુહુડા સાહનઈ આદિનાથ મનવાંછિત દેસિઈ, થિરાવસઈ શ્રી શાંતિનાથ સંઘ શાંતિ કરેસિઈ...૪

પ્રથમ તીર્થંકર પૂજીયઈ પીતલમઈ પામી, સેઠિ તણઈ પાડઈ અછઈ શ્રી અજિતજી સ્વામી,
ઘનઈ સાહિ કરાવીઉં અતિ થાનક રૂડું, શ્રી મહાવીર તિહાં વસઈએ નવિ બોલઉ કૂડઉં...૫

અષ્ટાપદિ ચઉવીસ જિણ વસીઆ મનિ મોરઈ, વર્દ્ધમાન જિન પેખીયઈએ, છઈ જિમણઈ ઓરઈ,
બપ્પભટ્ટિસૂરિ આણીઉએ વજમઈ નેમિ નાહો, આમરાય પ્રતિબોધીઉએ મનિ હુઉ ઉત્સાહો...૬

વહુ પાસ હિવ પામીયઈએ મનિ મુગતિ તિહાં લઈ, પ્રથમ તીર્થંકર પૂજીઈએ પૂનમીઈ દેવાલઈ,
પલ્લીવાલિ ગુરિ થાપીઉએ આઠમઉ તીર્થંકર, ખારૂઆવાડઈ પણમીઈએ તિહાં શ્રી સીમંધર...૭

મૂંજા સંઘવી દેહરઈએ આદિસર જાણઉં, રાજહંસ પંડયા તણઈએ શ્રી પાસ વખાણું,
મલ્લિનાથ મનિ માહરઈએ આણંદ દિવારઈ, અરિઠ નેમિ જિણેસરઈએ દૂતર તે તારઈ...૮

ભુંહિરા માંહિ જઈ નમું એ ગુરૂઓ આદિનાથો, વીરા જિણેસર વીનવઉં એ અમ્હિ હૂઆ સનાથો,
નાઈલ ગચ્છિ શ્રી સુમતિનાથ અમ્હિ સુમતિ જ માગઉં, વીરોથાનઈ આદિનાથ તિહાં ચરણે લાગઉં...૯

મુહુરવસહીઅ પાસનાહ પ્રભુ પ્રત્યાસારો, ખરતરવસહી અજિતનાથ સેવક સાધારો,
આલિગવસહી આદિનાથ સામલ મન મૂરતિ, સુરતાણપુરિ શ્રી શાંતિનાથ પ્રભ આશા પૂરઈ...૧૦

સાલવીવાડઈ પાસનાહ જિન પૂજા કીજઈ, પીરોજપુરી શ્રી સુમતિનાથ પણમી ફલ લીજઈ,
મહમ્મદપુરિ શ્રી આદિનાથ અનાદિ આરાધઉં, મુફલેપુરિ શ્રી શાંતિનાથ મહામંત્રિઈ સાધુ...૧૧

પ્રથમ તર્થંકર સાલવઈએ મન સુદ્ધિ પૂજીજઈ, ભવીયણ જિણ સવિ સિદ્ધ વૃદ્ધ સુખ સંપદ પૂજાઈ,
એવું કારઈ અછઈ ચૈત્ય સાત્રીસ મનોહર, એવર દેવાલા ગણઉ પાંચ કહઈ દિગંબર...૧૨

થાનકિ બઈઠા જે ભણઈ મતિ આણિ ઠાણિ, પણમ્યાનઉ ફલ પામિસિ એ મન નિશ્રઉ જાણઈ,
મન વંછિત ફલ પૂરિસિએ થંભણપુર પાસો, કુંગર ભણઈ ભવિઅણ તણી જિહાં પુંચઈ આસો...૧૩

(૨૨૧) ૧. શ્રી મતિસાગર કૃત ખંભાઈતિની તીર્થમાલા (સં. ૧૭૦૧)

ભલે મીંડું

પંડિત શ્રી ૬ લલિતસાગર સદ્‌ગુરુભ્યો નમઃ ॥ શ્રી સદ્‌ગુરુ ચરણે નમી સરસતિ કરીય પ્રણામ,
ખંભાઈતિની હું કહું તીરથમાલ અભિરામ...૧ 10

ઢાલ પ્રથમ–વીવાહલાની

પાટિક જીરાઉલઈ થંભણુ ભેટિઉ ભલઈ, પંચ્યાસીય મૂરતિ પ્રણમશું એ.
વાસપૂજ્ય દેહરઈ સતાવન જિનવર, ભૂંઈરઈ પનર બિંબ વીર શું એ.
મોહન પાસ જિન પ્રતિમા એ ચ્યાર ધિન, ભૂંઈરઈ પદ્મપ્રભુ જિનવરુ એ.
તિહાં પ્રભુ પચવીસ આદિ જિન છત્રીસ, ઋષભ જિન છય જિનેશરુ એ...૧

(તોટક છંદ)

જિનેશરુ શ્રી ચંદ્રપ્રભુનઈ એકસુ અઢાર એ, ભુંઈરઈ શ્રી અમીઝરાનઈ અગણચ્યાલીસ સાર એ.
શ્રી મુનિસુવ્રત દેહરઈ રે સષર મુરતિ ચ્યાર, જીરાઉલઈ શ્રી પાસ જિનનઈ છસઈ છ નિરધાર...૨

રાગ દેશાષ– સુહણાની ઢાલ

આમરાઈ ગિરનારિ નેમિ જિન, તેણિ જીરાઉલઈ થાપીયા એ. ભુંઈરઈ આદિ જિન અડસઠિ બિંબ ધિન, 20
વંદીય સંઘવીય પાટકિ ગયા એ...૩

(તોટક છંદ)

ગયા પાટિક સેગઠાનઈ, ચિંતામણી ચૌદ સાતસઈ, વિમલ ચઉદ ભુંઈરઈ છ(ઈ) બોર પીપલિ ઉલ્હસઈ.
સંભવનાથ કિરતી ભુંઈરા સહીત, પંચ્યાસી જિન સુંદરુ, એકસુ સતર વિજય ચિંતામણિ નમતાં, આલસ પરિહરું..૪

ઢાલ

ઉત્સર્પિણી અવસરપિણી આરા – એ ઢાલ

સાલવી પોલિ સંભવનાયક, બઈતાલીસ જિન પુંગવજી,
ભુંઈરઈ વલી સુવ્રત એકાવન, પંચસયા નવપલ્લવજી...૫

ખારુઆ વાડઈ વીર જિન ચઉમુખી, બ્યાસી નમો અવિલંબજી,
શ્રી મુનિસુવ્રત દેહરઈ ભુંઈરઈ, દોઈસઈ ચૌદહ બિંબજી....૬ 30

મુહુર પાસનઈ દેહરઈ, પ્રતિમા એકસુ નઈ ઓગણ્યાસીજી,
સીમંધર પ્રાસાદ ત્રણિસઈ, ઊપરિ ચ્યાર જગીસજી...૭

અજિત પ્રાસાદિ વીસ જિનેશ્વર, સંભવ જિન નવ્યાસીજી,
શાંતિ ભુવન ત્રીસ નેમનાથ પોલિ, ત્રણિસઈ પચવીસજી...૮

લાંબી ઓટી સુખસાગર પોલિ, શાંતિ પ્રાસાદી ત્રીસજી,
ચિંતામણિ ત્રીસ વલી સુખસાગરિ, અડસઠિ જિનવર કહીસિજી...૯

શીતલનાથી એકોત્યરિ કહીઈ, સાત્રીસ શ્રી મુહુર પાસજી,
શાંતિનાથ તિહાં એકત્રીસ લહીઈ, સોમચિંતામણિ પંચાસજી...૧૦

મહાલિષ્મિમીઈ જગતવલ્લભ જિન, ઓગણપંચાસ કહીઈજી,
ચંદ્રપ્રભુ બિંબ પાંત્રીસ બોલ્યાં ગાંધીપાટકિ જઈઈજી...૧૧

બહુત્તરિશું શ્રી શ્રેયાંશ વંદુ, હવઈ નાલીયરનઈ પાડઈજી,
ઋષભ પ્રાસાદિ બહુત્તરિ જિનવર, મુગતિ પંથ દેખાડઈજી...૧૨

કુંભારવાડઈ શ્રી આદીશર, એકસુપનર જાણુંજી,
10 દંતારવાડઈ સોલસમઉ પ્રભુ, છ મૂરતિ વખાણુંજી...૧૩

કુંથુનાથ ચઉરાસી જિનવર, ચિંતામણિ સાગુટંઈજી,
ભુઈરા સહીત સાતસઈ એકોત્યરિ, ન નમું હું મન ખોટઈજી...૧૪

ટાલ–ગીતા છંદાની

ધારાવાડઈ વિમલ ઓગણીસ એ. ધીવટીઈ વીર બ્યાસી દીસ એ...૧૫

(તોટક છંદ)

દીસઈ એ તેજિં ચંદ્રપ્રભુ જિન અઠાવીસ શું રાજએ,
ભુંઅરઈ પાડઈ શાંતિ મૂરતિ, બાવન જિન શુ ગાજએ.
છસઈ બત્રીસ શાંતિનાથિ, સાતસઈ એકવીસ સાંમલઉ,
માણિકચઉક ,પોલિ ઋષભ મંદિરિ, એકસુ છપ્પન સાંભલઉ...૧૬

20 છન્નુ મૂરતિ, પાસનઈ દેહરઈ,
બીજઈ પાસ જિન પંચાસ દુખ હરઈ...૧૭

(તોટકછંદ)

ભુંઈરઈ એકત્રીસ આદિ સહીત, મલ્લિ સતાવન ગુણ ઘણઈ,
શાંતિ ભુવન ચૌદહં ધર્મ પન્નર, પાડઈ શ્રીમલ્લ છ૨ તણઈ.
પીતલના બિ પોઢા કાઉસગીયા, ચૌદ ' મૂરતિ હીસએ,
ચંદ્રપ્રભુનઈ દેહરઈ, પાંત્રીસ મૂરતિ હીસએ...૧૮

હામા અમીયા પોલિ જાણીઈ, આદિ જિન પાત્રીસ બિંબ વખાણીઈ...૧૯

(તોટક છંદ)

વખાણીઈ મણીયાર વાડઈ, ચંદ્રપ્રભુ જિન આઠમા,
30 છસઈ સિત્યોતરિ બિંબ વાંદી, કરેસી નિરમલ આતમા.
રવજી ચેલાની પોલિં પાસ જિન, પંચાવન પ્રતિમા સહી,
અલિંગવસહીઈ આદિ જિનવર, ત્રાણું મૂરતિ મઈ લહી....૨૦

સંભવ ત્રેવીસ અલિગવસહીઈ, કુંથુ પ્રાસાદિ સતાવન સોહીઈ...૨૧

(તોટક છંદ)

સોહીઈ હિવઈ મુહુર વસહીઈ, એકસુ ત્રિહુત્તરિ વલી,
શાંતિ ભુવન પાંચ સુમતિ દોઈસઈ, ચઉવીસ ત્રણિ રત્નની ભલી.
આલીનઈ પાડઈ શાંતિ, એકસુ સત્તાવન આગલિ ઉપરિ,
ચઉમુખ અનઈ અષ્ટાપદ, નાકર રાઉત પોલિ વલી...૨૨

વીરાજે રે વઘામણા– એ ટાલ

વિમલ પ્રાસાદિ ઓગણીસ પ્રતિમા, સૂતારવાડઈ શાંતિ રે,
બિંબ ઓગણીસ સોહામણાં, લઘુ કુંભારવાડઈ જાઉં ખાંતિ રે...૨૩

જિહાં એ તીરથ તિહાં તિહાં પ્રણમું, સરગ મરત્ય પાતાલિ રે,
શાશતિ અશાશતિ જિહાં હુઈ પ્રતિમા, હું વાંદુ ત્રિહુંકાલી રે...૨૪ જિ. 10

સહસદ્ધ પોલિં આદીશર, પાંસઠિ જિન શ્રીકાર રે,
નાગરવાડઈ ગૌતમસ્વામી, વાંદી નગર મઝારી રે...૨૫.જિ.

પુહતુપુરામાહી જિન વંદતિ, એકસુ સાત કંસારી રે,
ચિંતામણિનઈ દેહરઈ જાંણું, શ્રી જિનબિંબ ત્રેતાલી રે... ૨૬.જિ.

ત્રણિ બિંબ આદીશર દેહરઈ, ત્રણિ વલી નેમિનાથ રે,
જુહારીનઈ હું પાવન થાઈસિ, શકરપુરિ પાર્શ્વનાથ રે...૨૭.જિ.

અમીઝરઈ ત્રેતાલીસ સોહઈ, આદીશર પાંચ સાત રે,
ચિંતામણિ વલી ત્રઈસઠિ ભુંઈરઈ, માઝનઈ સઈ સાત રે...૨૮.જિ.

અઢાર સહિત સીમંધર વંદું, અકબરપુરિ જાશું રે,
સામલયા ઋષિની વલી પો(લિ ?), 20
ત્રિહુત્તરિ સહીત શાંતિ ગાશું રે...૨૯.જિ.

વલીયા સાશાની પોલી આદીશર, તિહાં એકત્રીસ જિણંદ રે,
હુંબડવસહિ તીન મિલીનઈ, છસઈ છત્રીસ મુણિંદ રે...૩૦

મજૂદપુરિ વાસુપૂજયં છઈ, તેત્રીસ નમો જિણાંણ (રે).
કતપૂરિ શ્રી જિનવર કેરું, જિહાં બાવન્ન જિણાલું રે...૩૧.જિ.

વિધિ પક્ષ ગચ્છિ શ્રી ગજસાગરસૂરિ, તાસ સીસ પન્યાસ રે,
પંડિત શ્રી લલિતસાગર બોલઈ, પૂરું મનની આસ રે...૩૨

કલસ

સંવત સતર એકડોત્તરઈ, ચૈત્ર સુદિ પૂનમિ દિનઈ,
બ્યાસી દેહરા, તેર ભુંઈરા, દેહરાસર વીસ એક મનઈ 30
બાર સહસ્રનઈ શત અઠોતર, પંડિત લલિતસાગર નમઈ,
સીસ તસુ મતિસાગર પભણઈ, જિન નમતઈ ભવ નવિ ભમઈ..૩૩

ઈતિ ખંભાઈતિની તીર્થમાલા સંપૂર્ણ ॥

પં. શ્રી ૬ લલિતસાગર ત(સુ) શિષ્ય ઋષિ મતિસાગર ઋ. જયસાગર લિખિત ॥
સા. જયમલ્લ સા. શ્રીમલ્લ સુત પ્રેમજી વેલજી પઠનાર્થેન લિખિતાસ્તિ ॥

(૨૨૨) પાટણ ચૈત્ય પરિપાટી

પાટણ ચૈત્ય પરિપાટીની રચના શ્રી સંઘરાજે વિ. સં. ૧૬૧૩ આષાઢ પુનમને શનિવારે કરી છે. ૧૯૩ ગાથામાં રચાયેલ આ ચૈત્યનો ઉલ્લેખ અંચલગચ્છ દિગ્દર્શનમાં થયો નથી. પાટણમાં દેરાસર મૂળનાયક પ્રભુજી અને કુલ પ્રભુજીની સંખ્યા સુંદર રીતે વર્ણવી છે. શ્રી સંઘરાજ મુનિરાજ છે કે શ્રાવક એ સંશોધનનો વિષય છે. અંચલગચ્છ દિગ્દર્શનમાં "રાજ" શાખાના મુનિવરોના નામ મળેલ છે. અને અત્રેની ચૈત્યપરિપાટીમાં ૧૪૨ મી ગાથા આ પ્રમાણેની છે.

"વુહુરા સંઘરાજ ઘરિ ભણું દેહરાસર રલીયામણું
ગુણ ઘણૂં ચંદપ્રભ જિનવર તણા એ"

સત્તરના સૈકામાં પૂર્વાર્ધમાં રચાયેલ આ ચૈત્ય.ને પાટણના જિનાલયો પુસ્તકમાં શ્રી ચન્દ્રકાંતભાઈ કડીયાના સંપાદનમાં શ્રી આણંદજી કલ્યાણજી પેઢી (પાલીતાણા–અમદાવાદ)એ પ્રકાશિત કરેલ છે.

(૨૨૨) શ્રી સંઘરાજ કૃત પાટણની ચૈત્યપરિપાટી

(સં. ૧૬૧૩)

॥ ભલે મીંડું ॥ શ્રી ગુરુભ્યો નમઃ ॥

સરસતિ સામિણિ સમરી માય, નિરમલ મતિ પામી સહિગુરુ પસાય
ચૈત્ય પ્રવાડિ શ્રી પાટણ તણી, કરવા ખંતિ ભવનની ઘણી....૧

પહિલું શ્રી ચઉવીસ જિણંદ પૂજી પ્રણમી તે જિનચંદ
સુગુરુ વચન મન માહિ ધરી, ચરણ સદા તેહના અણસરી....૨

તે ગુરુજીનઈ ચલણ પ્રસાદ, ગુણ ગાઉં હુ મન ઉલ્હાદિ
વલી વિશેષઈ ઋષભ જિણેસ, પહિલું પૂજ કરી વંદેસ....૩

પાસ જિણંદ વિઘન ઉપસમિઈ, આણંદઈ ભવીયણ જે મનઈ
સંવત સોલ તેરોતરઈ વરષ્યિ પ્રથમ જ્યેષ્ઠ શુદિ પુનમ પુષ્ય...૪

ગુરુવાસરિ ગાઉં જિન ઘણી, આરંભી પૂજા જિન તણી
સાવધાન થઈ સહુ સંભલું, જિમ સુખ સંપત્તિ હેલા મિલઓ...૫
શાંતિ કરણ સોલસમા રાઈ, નિશિ દિન પ્રણમૂઉં તેહના પાય
શાંતિનાથ પ્રમુખ જગદીશ, ત્રઈસઠિ પ્રતિમા નામૂં સીસ...૬

વર્ધમાન ઘરિ વંદુ દેવ, દશમા જિનની કીજઈ સેવ
નવૂં દેહરાસુર પ્રતિમા ચ્યારિ, ગુણ ગાતાં મનિ હરખ અપાર...૭

સાહા રતના સુત ઘરિ ઉદાર, ત્રણિ પ્રતિમા વંદુ સુખકાર
વસુપુજ પાસ ચંદપ્રભ વંદ, પૂજઉ ભવીયા મનિ આણંદ...૮

શ્રી કંબોઈઉ કરઈ કલ્યાણ, નવ પ્રતિમા વંદુ નિત જાણ
કટકીઆ વાડઈ આણંદ, છ પ્રતિમાસૂં ઋષભ જિણંદ...૯

સેઠ મેઘરાજ તણઈ ઘરિ જોય, વિમલ સહિત ત્રણિ પ્રતિમા હોઈ
સેઠ વણાયગ સહરીઆ તણઈ, જોઈ શ્રી જિન ઊલટ ઘણિ...૧૦

તિહા પ્રણમી જઈ શ્રી જિન વિમલ, ચંપક કેતકી લીજઈ કમલ
ત્રણિ પ્રતિમા પૂજીજઈ સહી, વધિ સહિત જિમ સૂત્રિં કહી...૧૧

ધુલી પરવિ મુનિસુવ્રત સ્વામિ, દરીય, પણાસઈ જેહનઈ નામિ
તિહાં પ્રતિમા પ્રણમૂઉં છત્રીસ, ધ્યાન કરું તેહનું નિસ દીસ...૧૨

સંઘવી અટ્ટાઘરિ અણસરુ, વાસપુજ્ય જિન પૂજા કરુ
ત્રણિ પ્રતિમા તિહાં કણિ ભાવીઈ, ગોદડનઈ પાડઈ આવીઈ...૧૩

દોસી ગુણરાજ દેહરઈ સાર, મૂલનાયક શ્રી નાભિ મલ્હાર
પ્રતિમા આઠ તિહાં જે કહી, વિસા નાથા ઘરિ આવ્યા સહી...૧૪

તિહા પ્રણમું શ્રી ઋષભ જિણંદ, સિખરબધ દેહરાસુર ચંદ
બિંબ ચ્યાર જિન મૂરતિ સાર, નાથાસાહા પાડઈ ઊદ્ધાર...૧૫

મૂલનાયક પ્રણમું શ્રી શાંતિ, ભાજઈ ભવીક તણી ભય ભ્રાંતિ
તિહા પ્રતિમા છઈ બઈતાલીસ, ચુવીસવટ્ટા, સહિત કહીસ...૧૬

દોસી દમા રામા ઘરિ ધિન, ચંદપ્રભ દેહરાસુર જિન
પ્રતિમા પાંચ અછઈ તિહાં સહી, વંદન કીજઈ વધિસૂ રહી...૧૭ 10

સેઠ ભોજા દેહરાસુર જોઈ, ચંદપ્રભ જિનવર તિહાં હોઈ
બિંબ ચ્યારિ નિતુ વંદન કરી, પ્રણમંતા પામઈ શિવપુરી...૧૮
મહિતાનઈ પાડઈ જોઈઈ, સાહા વછરાજ ઘરિ જિન ચાહીઈ
બિંબ પાચસૂં પાસ જિણંદ, કાસગીયા દીઠઈ આણંદ...૧૯

સુંદર ઘર મહિતા સારંગ વિવહાર સિદ્ધ મનિ જાણઈ રંગિ
મહાવીરસૂં બિ જિનસાર, આંગી કંઠિ અનોપમહાર...૨૦

ઢંઢેરવાડઈ પહુતા જામ, પ્રથમ દેહરઈ શ્રી સામલનામ
ચ્યાલીસ પ્રતિમા તિહા વાંદીઈ, દરસણ દીઠઈ આણંદીઈ...૨૧

મહાવીર બીજઈ સુરૂખ કરઈ, પ્રતિમા દેખી હીયડૂં ઠરઈ
બિ પ્રતિમા નિત કીજઈ સેવ, ત્રીજઈ દેહરઈ સામલ દેવ...૨૨ 20

ઉદભત્ત મૂરતિ સેવુ પાય, ભેટિ ભાવઠિ દૂરિ પલાય
પૂજા કરતાં હરખ અપાર, સતર ભેદ વધિ કીજઈ સાર...૨૩

નવ પ્રતિમા નમીઈ ભાવસું, વિસા મેલાનઈ ઘરિ આવસૂં
તિહાં તીર્થંકર ત્રેવીસમું, બિંબ પાંચ જિન ભાવિઈ નમુ...૨૪

સાહા સીચા ઘરિ હરખ અપાર, નવૂ દેહરાસુર સોહિ સાર
તિહાં પ્રતિમા પ્રમુખ અગ્યાર, પ્રણમતા પામુ ભવપાર...૨૫

દેહરાસર દેખી હરખીઈ, સાહા ભોજાનઈ ઘરિ નિરખીઈ
સંભવ શીતલ બે જિન કહું, આભરણઈ મન મોહી રહૂ...૨૬

છત્રત્રઈ મસ્તકિ મોહઈ, જડત હાર આંગી સોહીઈ
નવકમલે જિનવર પગ ઠવઈ, જડયાં જડિત હીરે નવનવઈ...૨૭ 30

ઘરિ પુહુત્તા પારખિ રાઈચંદ, મૂળનાયક શ્રી આદિ જિણંદ
બીજઈ પાસઈ પારશ્વનાથ, છ પ્રતિમા નિત કરુ સનાથ...૨૮

કોકો દેહરા માહિ જોઈ, કાસગીયા બે ઉદભત્ત હોઈ
મૂરતિ દેખી મન ઉલ્હસઈ, પૂજઈ તસુ ઘરિ કમલા વસઈ...૨૯

પ્રતિમા સતર અછિ મહાવીર, પ્રણમંતા પામઈ ભવતાર
કોકાપાસઈસૂં બે હોઈ, સેઠ મેઘાના ઘરમાં જોઈ...૩૦

પાડા ખેત્રપાલમા હેવ, શીતલ સ્વામી દસમા દેવ
શીતલ નીર ભરી ભૃંગાર, સીતલ ચંદન કેસર સાર...૩૧

પ્રતિમા બઈતાલીસ ભાવીઈ, પારખિ કીકા ઘરિ આવીઈ
ત્રિ ગઢઈ સમોસરણ મંડાણ, ચુબારે શ્રી શીતલ જાણ...૩૨

સિખર કલસ ધજ ઉપઈ સાર, ઘંટ તાલ ઘૂઘૂર ઝમકાર
સતર ભેદ પૂજા કીજ્જઈ, નવ પ્રતિમા નવ અંગ પૂજ્જઈ...૩૩

સંઘવી ટોકર ઘરિ જાણીઈ, દેહરાસુરસૂં મન આણીઈ
10 બે પ્રતિમા એક જિન ચુવીસ, કર જોડી તિન નામૂ સીસ...૩૪

પીતલમઈ પ્રતિમા મનિ આણિ, મંત્ર વણાઈગનઈ ઘરિ જાણિ
ચર્મ તીર્થંકર સેવુ સદા દાલિદ દોહગ નાવઈ કદા...૩૫

તિહાં થિકી હવઈ ખારીવાવિ, પ્રતિમા ચ્યારિ ભલી તિહાં ભાવિ
આદિનાથ મૂલનાયક નામિ, પાસઈ છઈ બે ગોતમસ્વામિ...૩૬

બીજઈ પાડઈ દેહરા દોઈ, મહાવીર સેવઈ સુખ હોઈ
પ્રતિમા સાત તણૂં મંડાણ, દેહરું દીપઈ ત્રિભુવન ભાણ...૩૭

બીજઈ દેહરઈ ત્રેવીસમું, સપ્રભાત ઊઠીનઈ નમુ
બિંબ ચ્યારની પૂજા કરું, સાહા વિદ્યાધર ઘરિ સીચરુ...૩૮

મહાવીર મૂલનાયક દેવ, પ્રતિમા સાત તણી કરું સેવ
20 મૂરતિ દેખી હરખા જામ, સાળીવાડઈ પુહતા તામ...૩૯

હૂયાં ચૌદ દેહરાં સોહામણાં દેહરાસુર ઉગણીસ
ભવિક જીવ ભાવઈ નમુ, એણી ઢાલિ તેત્રીસ...૪૦

ત્રણિસઈ ઉગણુત્તરિ નમુ, પ્રતિમા ભવીયણ લોય
હવઈ સાળીવાડા તણા, સાંભલયો સહુ કોઈ...૪૧

ઢાલ – જિન તુ

ત્રસેરીઈ હવઈ પુહતા જામ, મલ્લિનાથ મૂલનાયક નામ પ્રતિમા પાંચ પ્રધાન જિન તુ...૪૨
નેમનાથ દેહરઈ બીજઈ, દોઈ પ્રતિમાસું વંદન કીજઈ સીઝઈ સઘલા કાજ જિન તુ....૪૩
વરસા સેઠ તણઈ દેહરાસરિ, મૂલનાયક શ્રી આદિ જિણેસર કેસરિ ચરચુ અંગિ તુ...૪૪
પ્રતિમા આઠ વલી તિહા જાણું, વીજાવાડઈ વલી વખાણુ જાણુ શ્રી જિન પાસ જિન તુ...૪૫
30 કૂરસીપાડઈ અચિરાનંદન, છ પ્રતિમા સૂં કીજઈ વંદન ચંદન કુસમિ પૂજિ જિન તુ...૪૬
કલહરવાડઈ શાંતિ જિણેસર, પ્રતિમા છપન્ન પરમ જોગીશ્વર
નંદીસર અવતાર જિન તુ...૪૭
કઈઆવાડાઈ માહિ પ્રધાંન, આઠ પ્રતિમાસૂં મહાવીર નિધાંન જ્ઞાન તણુ દાતાર જિન તુ...૪૮
દણાયગવાડઈ ઋષભ નમી જઈ, ઉગણાસી પ્રતિમા પૂજી જઈ
લીજઈ ભવતુ લાહનુ જિન તુ...૪૯
ધાંધુલિપાડઈ સુવધિ સુજાણં, ત્રિતાલીસ પ્રતિમા મંડાણ આણ વહું નિજ ચિત્ત જિન તુ...૫૦

ગોલવાડિ મન હરખ ધરીજઈ, સાત પ્રતિમાસૂં પાસ પૂજીજઈ કીજઈ સફલ સંસાર જિન તુ.૫૧
બીજઈ દેહરઈ પ્રતિમા ચૌદ પૂજઉ, ભવિયાં મનિ આણંદ ચંદવદન મુખ જોઈ જિન તુ...૫૨
પાસ જિણંદ લેસી ઘરિ કહીઈ, પૂજી પૂનાવાડઈ જઈ રહીઈ શ્રી જિન પાસ જિન તુ...૫૩
ચ્યાલીસ પ્રતિમા તિહાં પૂજેસૂં બડૂયાવાડઈ આદિ નમેસૂં કહિસૂં દોઈ બિંબ સાર જિન તુ...૫૪
સત્રાકવાડઈ સાત ફણુ જિન, આઠ પ્રતિમા વાંદુ ભવિયણ
જિન ધિન તે જિન નિત વંદ જિન તુ...૫૫
ઉચાપાડા માંહિ જિણેસર, સંઘવી નાકર દેહરાસુર હરખ ધરુ જિન દેખિ જિન તુ...૫૬
છ પ્રતિમા એક જિન ચઉવીસઈ, જમ લઈ પ્રતિમા સાત કહીસઈ
દીસઈ શ્રી જિન શાંતિ જિન તુ...૫૭
નવૂ દેહરું અતિ સુંદર સોહઈ, પાસ જિણંદ મૂલનાયક મોહઈ જોઈ દસ બિંબ સાર 10
જિન તુ...૫૮

દુહા

દેહરાસુર ત્રણિ જાણીઈ, અનઈ વલી દેહરાં ચૌદ ઈમ સત્તરે પૂજા કરી,નરનારીના વૃંદ...૫૯
બસઈ સત્તાણું બિંબની પૂજા કીજઈ સાર, નવે ઘરે આવીયા, આણી હરખ અપાર...૬૦

ઢાલ – સલૂણીનું

નવે ઘરે આવી ભાવી ભાવના, અતિ ઉચ્છવ રંગિ કરીએ
પૂજ્યા પાસ જિણંદ ચંદન કુસમિ એ, બિંબ આઠ ભાવઈ ધરી એ...૬૧

પંચાસર શ્રી પાસ આશ્યાપૂરણ, જિન પ્રતિમા નવ વાંદીઈ એ
હરખ્યા હીયા મઝારિ, હરખ ભવનિ જઈ જિન દેખી આણંદીઆ એ....૬૨

મૂલનાયક શ્રી આદિ પ્રથમ તીર્થકર, એંસી પ્રતિમા ભાવીઈ એ 20
ભમતી માંહિ દેહરી રુયડી નિરખી નઈ, ત્રીજઈ દેહરઈ આવીયા એ...૬૩

તિહાં પ્રતિમા પાંત્રીસ, ચુવીસવટ્ટાસું વાસપુજ નાયક ઘણી એ
ચુથઈ જિન ઉગણીસ પ્રતિમા પૂજીઈ, મૂલનાયક મહાવીર તણી એ....૬૪

પોસાલ માંહિ દેહરું પાંચમુ, જોઈનઈ નિરખીઈ નેમિસિરુ એ
તેર પ્રતિમા તિહાં વાંદી, પાપ નિકંદીનઈ સેવીઈ રાજ લિવરુ એ...૬૫

ઉંચી સેરી માંહિ દેહરુ નરખતાં હરખિ હઈડું ઉલ્સઈ રે
થંભા ગુખ ચિત્રામ છોહ અતિ ઝલહલઈ એ, પ્રતિબિંબ રુપ માહિ વસઈ એ...૬૬

નંદીસર અવતાર શાંતિ પ્રમુખ, જિન બિંબ ત્રીસ તિહા ભાવયો એ
બીજઈ દેહરઈ શાંતિ પ્રતિમા બાર એ, પોસાલ માહિ જાંણજ્યો એ....૬૭

પ્રતિમા છઈ અગ્યાર ત્રીજઈ દેહરઈ એ, ચંદપ્રભ જિનવર તણી એ 30
ત્રિણિ પ્રતિમા શ્રી પાસ વાંદી ઉરડી એ, ભણસાલી સમરથ તણી એ...૬૮

સાઊહુ પારસ્યનાથ દેહરઈ પાંચમઈ એ, પ્રતિમા પંચાવન ભણું એ
ચંદપ્રભ જિનરાજ જિમણઈ પાસઈ એ, પીતલમઈ પ્રતિમા ઘણું એ...૬૯

સંપ્રતિરાઈ ભરાવીઆ, જે સુહસ્તિસૂરિ તે ગુરુ ઉપદેશિ લહી એ
વરસ બિસઈ એકાણું અંતર એતલુ, શ્રી મહાવીર પછી કહી એ...૭૦

પ્રતિમા અછઈ અદ્યોત વરસ સતર સઈ એ, ઊપરિ એકાણૂં તણી એ
ધિન તે અવતાર ધિન નરનારીય તણા કરઈ જાત્રા જિનવર તણી એ...૭૧

સૂરીઆભિ સુર× પૂજી તિમ જિન પૂજિજ્યો, ભવિક જીવ ભાવિ નમી એ
ટાલુ મનની ભ્રાંતિ ગણધર ભાસઈ એ, જિનપ્રતિમા શ્રી જિન સમી એ...૭૨

ત્રિકરણ સિદ્ધિ જે પૂજઈ તસુ સંકટ નાસઈ, દુર્ગતિ તે ના વસહી એ
નાગમણપાડા માહિ દેહરા બેઅ છઈ, પોસાલમાહિ તે કહી એ...૭૩

એકઈ શ્રી જિન શાંતિ નેમીસર તણી એ, છ પ્રતિમા સુખ સાગરુ એ
ચુવીસ જિન સૂપાસ બીજઈ દેહરઈ એ, પૂજિત સવિ સંકટ હરુ એ...૭૪

પીપલ પાડઈ શાંતિ એકાદશ પ્રતિમા મૂરતિ મોહણ – વેલડી એ
10 બીજઈ પાડઈ પાંચ પ્રતિમા પૂજીઈ, અજિતનાથ જિન કેરડીઈ...૭૫

પૂજ રચી તિહાં અંગિ રંગિ આવીઆ, ચિંતામણિ પાડા ભણી એ
તિહાં પ્રતિમા જિન ત્રીસ ધરણેંદપાસઈ એ, પૂજા સારઈ જિન તણી એ...૭૬

સંઘવી અરજનપાડઈ સોલમુ, જિન મૃગ લંછન્ન જિનનઈ ભણૂં એ
પ્રતિમા દશનિતેર સેવ કરું, સદા કર જોડી નિત ગુણ ઘણૂ એ...૭૭

ખરાકોડી મઝારિ શાંતિ ભવનિ જઈ, ભાવના તિહા ભાવસું એ
બાવન દેહરી માહિ દેઈ, પ્રદક્ષણા આદિ ભવન માહિ આવસૂ એ...૭૮

પ્રતિમા એકસુ નવ બેહૂ દેહરઈ થઈ, સાહા સદરથ ધરિ સાંચરુ એ
તિહા છઈ પારશ્વનાથ ચંદવદન મુખ બિંબ પાંચ શેવા કરુ એ...૭૯

જન્મ કરુ સપવિત્ર ભાવના ભાવીઈ એ, અષ્ટાપદ ભણી સાંચર્યા એ
20 પ્રતિમા એકસુ સાઠિ સાત ઊપરિ કહી, ચંદપ્રભુ તિહા પરવર્યા એ...૮૦

તોરણ તણૂય મંડાણ થાભે કોરણીઅ, પત્થર જામલિ પૂતલી એ
કરતી નાટારંભ જિનવર આગલિ દીઠઈ મનિ પૂગીરલી એ....૮૧

સાહા મેઘા ઘરમાંહિ શાંતિ જિણેસર, ત્રણિ પ્રતિમા મનસું ધરી એ
મગતાફલમઈ હાર પૂજી દીસઈએ, સોવનિમઈ ફૂલઈ કરી એ...૮૨

ઠાકર હરખા ઘરિ ફટિક રત્ન પ્રતિમા, ચંદપ્રભ જિનવર તણી એ
તિહાં પ્રતિમા જિન ચ્યાર વંદી આવીયા, નરસંગ ઠાકુર ઘરભણી એ...૮૩

વંદા પાસ જિણંદ પ્રતિમા ચ્યાર એ, દેહ કાંતિ સોવન્ન તણી એ
છત્ર ભલા સિરિ સોહઈ, દેખી મોહીઈ દેહરી જિન દીપઈ ઘણી એ...૮૪

આણંદિઉ મન માહિ દેહરાસુર દેખી, ધરિ આસા ઠાકર તણઈ એ
30 સિખરબદ્ધ અવતાર ત્રણિ પ્રતિમા વાંદી, ચંદ લંછન જે જિન તણઈ...૮૫

વામા દેવિ મલ્હાર નીલવરણ કાંતિ, હાંસા ઠાકર ઘરિ કહીઈ એ
નવ પ્રતિમા નવ અંગિ પૂજી ચંગિ એ, સિંહાસણિ બઈઠી સહી એ...૮૬

દેહરું સુંદર સોહઈ સુરનર મોહઈ એ, ચિત્ત દિત્ત તિહાં દીસઈ ઘણી એ
પ્રતિમા ચંદપ્રભ સ્વામિ મોહન મૂરતિ જોતા, અતિ રલીઆમણી એ...૮૭

×જંબુ પ્રજ્ઞપ્તિ આગમ અને ભગવતી ચૂર્ણિમાં સૂર્યાભ નામના દેવે ભગવાનની પૂજા કરી હતી. તેવી વાત નોંધવામાં આવી છે.

ઠાકર શ્રી આસધીર બિંબ ભરાવીઓ, ઉપમ કાંતિ રુપા તણી એ
પૂજઊ તે ભગવંત પૂજ્યા આપઈ એ, ઠાકર પદવી આપણી એ....૮૮

આભરણે અતિ દીપઈ મોતી માણિક, જોતિ જિસી સૂરય તણી એ
નવ પ્રતિમા તિહાં જાણી, આણી મન માહિ સેવ કરું ત્રિભોવન ધણી એ...૮૯

ત્રાંગડીઆનઈ પાડઈ આદિ જિણેસર અઠાવીસ પ્રતિમા કહી એ
પદમપ્રભ જિન છટ્ઠા વંદન કીજઈએ, સીઝઈ કાજ સઘલાં સહી એ...૯૦

દૂહા

છ દેહરાં જાણજ્યો, અનઈ દેહરા બાવીસ, સંઘ સહૂ હરખિ કરી, નિતુ નિતુ નામુ સીસ...૯૧

અઠાવીસ જિનભવનની સંખ્યા ત્રીજઈ ઢાલિ, અઢાર ઊપરિ સાતસઈ જિનપ્રતિમા નિહાલિ...૯૨

મણહટ્ટીઆ પાડા માહિ મહાવીર વખાણું, તિહાં પ્રાસાદ નવુ કરિઓ પ્રતિમા પાંચ જાણું...૯૩

પાડઈ મહમાઈઆ તણઈ પ્રતિમા અગ્યાર, ચરમ તીર્થંકર પૂજીઈ, ત્રિભોવન્ન શણગાર...૯૪

તિહાં થકી હવઈ ચાલીઆ એ, હીયડઈ હરખ ધરી જઈ, તંબોલી પાડઈ જઈ જિન પૂજા કીજઈ...૯૫

ચૌદ બિંબસું શ્રી સુપાસ અતિ સુંદર સોહઈ, ભણસાલી સોના તણઈ દેહરાસુર મોહઈ...૯૬

ત્રણિ પ્રતિમાસું ઋષભદેવ વંદુ ભવી પ્રાણી, થાવર પારિખ નઈ ઘરિએ તે ઉલટ આણી...૯૭

ચ્યારિ પ્રતિમાસું શ્રી શાંતિદેવ જિન વંદન કીજઈ, મંડલિક પારિખ ઘરિ દેહરાસુર ત્રીજઈ...૯૮

બિંબ ત્રણિસું ઋષભદેવ પૂજી ફલ લેસું, પૂના પારિખ ને ઘરિ બિંબ ત્રણિ નમેસું...૯૯

ત્રબઈડાપાડા માહિઈ તિહાં ખરતર દેહરું, મંડપ ચુક વિશાલ થંભ જોતા નહી અનેરુ...૧૦૦

સોલમુ શ્રી શાંતિદેવ મૂલનાયક નામ, જિહાં પ્રતિમા એકવીસ કહી વંદી પુહુત્તા જામ....૧

વૈદ્ય તણા પાડા માહિ નવું દેહરુ સોઈ, દશ પ્રતિમાસું ચંદપ્રભ જોતા મોહઈ....૨

પોસાળના પાડા માહિ દેહરઈ રિસહેસર, તિહાં પ્રતિમા પાત્રીસ છઈ પૂજી ચંદન કેસર....૩

ભજબલ શ્રેઠિ તણઈ ઘરિ દેખી મન રીઝઈ સિખરબંધ પ્રસાદ જિસુ કુણ ઉપમ દીજઈ....૪

આઠ બિંબ સેવુ સદા આભરણે સોહઈ પરગર વલી રુપા તણીઅ પાંચ રત્નમઈ સોહઈ....૫

જવહરી રુપા તણઈ ઘરિ સુવધિ સુજાણ બિંબ પાંચ તિહાં જાણીઈ ચિત્રામિ મંડાણ....૬

સેઠ ઠાકરસા તણઈ ભવનિ તિહાં વેગિ આવીં આઠ પ્રતિમાસું ઋષભદેવ મન સિદ્ધિ ભાવી....૭

ભરથ સાહા પાડઈ જઈ પૂજઉ પરમેસર નવ પ્રતિમાસું સોહીઈ તિહાં આદિ જિણેસર....૮

થાવરસાહા તણઈ ઘરિ પ્રતિમા ચ્યાર જોઈ સાહા સિંઘરાજ તણઈ ઘરિ પ્રતિમાં પાંચ હોઈ....૯

કંસારવાડામાંહિ નવુ પ્રાસાદ મનોહર ભમરી નખસ છાજઈ ભલી દેખી મોહઈ સુર....૧૦

મૂલ ગભારઈ આદિ દેવ ત્રિભોવન જિન વંદન બિંબ સોલ તિહાં પૂજીઈ લેઈ કુંકુમ ચંદન....૧૧

દેહરાસુર સોહામણું વુથા પારિખ ઘરિ પાસ જિણેસર સહિત આઠ પૂજીજિ વધિ કરિ....૧૨

પાડઈ ઢાલ ઊતારનઈ સેઠ ટોકર જાણું સુમતિનાથ ચુવીસસું બીજા સોલ વખાણું....૧૩

ભઈસાતવાડઈ શાંતિનાથ જિનવંદન કરસું ચુપન્ન પ્રતિમા જિન તણી ભાવિ ગુણ ભણસું....૧૪
સાહાવાડા ભણી સાચરયા, અતિ આણંદ આણી બાવન બિંબસું શ્રી સુપાસ વંદુ ભવિ પ્રાણી....૧૫
સગરકૂયાપાડઈ કહું જિનહર એક સાર પનર બિંબ તિહાં જાણીઈ વામા દેવિ મલ્હાર....૧૬
નારિંગપુર શ્રી પાસદેવ સવિ સંકટ ચૂરિ વીસ બિંબ તિહાં ભાવયો સેવક સુખ પૂરઈ....૧૭
જિનમંદિરની માંડણી સખા પેખુ સાર નાનાવિધ વુરસી તણા ચિત્રામ અપાર....૧૮
હબદપુર હરખઈ જઈ નેમીસર નિરખું વિહરમાન જિન વસસું નવ્યાસી પરખું....૧૯
મોઢ મોઢ પાડઈ જઈ કરું ચૈત્ય પ્રવાડિ છ પ્રતિમાસું પૂજ કરી આવ્યા જોગીવાડઈ....૨૦
સામલ પ્રતિમા શાંતિદેવ પ્રતિમા એકવીસ મૂરતિ અતિ રુલીઆમણી નિતુ નિતુ નામું સીસ....૨૧
ડૂગર સેઠ તણઈ ઘરિ શ્રી શાંતિ જિણેસર બિ પ્રતિમા તિહાં જિન તણી સેવ સારઈ સુરનર....૨૨
10 દોસી ભોજા તણઈ ઘરિ દેહરાસુર વંદુ પ્રતિમા સાતસું ધર્મનાથ દેખી આણંદુ....૨૩
સોમાસેઠ તણઈ ઘરિ દેહરાસુર ભાવું છ પ્રતિમા પૂજા કરી મફલીપુરિ આવું....૨૪
શાંતિ જિણેસર સોલમા એ નિશ દિન ધ્યાઉં બિંબ પાંચ પૂજી કરી જિનના ગુણ ગાઉં....૨૫

દુહા

ચૌદ દેહરાસુર વંદીયા, જિણહર દીપઈ સોલ ઈમ તીસે જિન પૂજીયા, ભગતિસું રંગ રોલ...૨૬
ચુસય બિંબ નવ્યાસીય ચુથી ઢાલિ વિચાર હરખ ધરી સહુ આવીઓ, માણિકચુક મઝારિ..૨૭

ઢાલ – જીરાઉલુ જગનાયક , સેવ કરઈ સુખદાયક

ત્રાયકપનગનઈ પદવી ધરીએ, વરસ સહસ્સ બાસી
તણી લોક પ્રસિદ્ધ તે સુણી, તે ધણી વંદન કીજઈ ધરી એ....૨૮

20 માલીપાડઈ વખાણીઈ સેઠ મહિપા ઘરિ જાણીઈ આણીઈ બિંબ અગ્યાર તિહાં વળી એ,
માંડણપાડઈ જાઈઈ બિંબ બાર તિહાં ગાઈઈ ધ્યાઈઈ મહાવીર જિન મનિરલી એ....૨૯

સેઠ મલ્હાર પાડઈ ભણું શાંતિનાથ ગુણ ઘણું સુણું પ્રતિમા સાત સોહામણી એ
મલ્લિનાથ ભણી આવીઈ એસી પ્રતિમા તિહાં ભાવીઈ
પૂજાવી તિહાં ત્રણિ ચુવીસી જિન તણી એ....૩૦

ભાણા પારિખ પાડઈ કહું નવું દેહરું દીપઈ બહું તિહા સહુ પૂજ રચુ વિવિધ કરી એ
પાસ જિણેસર વંદૂ એ બિંબ તેર તિહાં વંદૂ એ નંદૂ એ અવિધિ આસાતન જે કરી એ....૩૧

ધિન તે નર અવતાર દેહરા કીયાં ઊદ્ધાર એ સાર સમકિતની દીપતિ ઘણી એ
વેગિ ગુલાલ ગુથાવીઈ ચંપક કેતકી લ્યાવીઈ આવીઈ પાડઈ વિસા ભોજાલખ્ખી એ....૩૨

બિંબ ચ્યાર પૂજા કરું વીરમ વડઈ અણસરું મનિ ધરું શાંતિનાથ સુખસાગરુ એ
30 બિંબ સતાવીસ પૂજા કરી પાડઈ બલીઈ હર્ષ કરી મનિ ધરી બિંબ અઢાર વંદન કરું એ....૩૩

સાણીસર માહિ જાણીઈ મુનિસુવ્રત મનિ આણીઈ બિંબ ચ્યાર જિનવર તણાં એ
સત્તરભેદસું વધિ સહી રાઈયાસેણી માહિ કહી આણ વહી પૂજા કીધઈ ફલ ઘણા એ....૩૪

પાડઈ મહં વિદ્યાધર શાંતિનાથ સોહકર સુખકર પ્રતિમા ત્રણિ તિહાં ખરીએ

કસુબીઆપાડઈ કહી શીતલ જિન ભવને એ, સામહી નવ પ્રતિમા સેવા કરી એ....૩૫

બીજઈ દેહરઈ જાઈઈ પાસ જિણેસર ધ્યાઈઈ, ગાઈઈ બિંબ તેર નિતુ ભાવસું એ
કોઠારી મ નિ આણીઈ ચ્યાર પ્રતિમા વીર જાણીઈ ગુણ ઘણી મહં જસવંત ઘરિ આવસૂંએ..૩૬

સામલ વન્ન શ્રી પાસ એ પૂરઈ મનની આસ એ પાસઈ એ ત્રિણિ પ્રતિમા પીતલ તણીઈ
આવ્યા ઘરિ બઈસારુ એ કાસગીયા બે વારુ એ ધારુ એ નવ પ્રતિમા તિહાં ગુણ ઘુણી એ....૩૭

કોવારી પાડઈ હરખીઈ પાસ જિણેસર નિરખીઈ પરખીઈ એકાદશ જિન સુંદરું એ
ઘરિ નાકર મોદી તણઈ છ પ્રતિમા હરખિ ઘણિ ગુણ ઘણઈ જેહના દેવી સુરવરુ એ....૩૮

સહી ઘરિ મંત્રી જેરાજ એ વાસુપુજ્ય તિહાં છાજઈ એ વાજઈ એ મદ્દલ તાલ સઘૂઘરી એ
જિન પ્રતિમા તિહાં ચ્યાર એ પૂજિત પામઈ પાર એ સાર એ પૂજા કરુ ભાવિ કરી એ ...૩૯

વીરાશા દેખિ ઘર સાર એ વામદેવિ મલ્હાર એ હાર એ ચંપકમઈ સોવ્યન તણા એ
બિંબ આઠ તિહા પૂજ્જઈ સતર ભેદ વિધિસૂં કીજઈ એ જન્મ સફલ માનવ તણુ એ ૪૦

સંઘવીનઈ પાડઈ જઈ સંઘવી વસ્તા ઘરિ સહી તિહાં કહી ચંદપ્રભ દેહરાસરુ એ
છ પ્રતિમા અતિ સુંદરું સેવકનઈ શિવસુખ કરું સુંદરું જસ સુરનર સેવા કરુ એ... ૪૧

વુહુરા સંઘરાજ ઘરિ ભણૂં દેહરાસુર રલીઆમણૂં ગુણ ઘણૂં ચંદપ્રભ જિનવર તણા એ
પ્રતિમા ચ્યારસુ ચંગિ જોતાં ઊલટિ અંગિ એ રંગિઈ એ મનમાહિ માનવ તણા એ....૪૨

સંઘવી લટ્ટકણ ઘરિ ભણી અજિતનાથ પ્રતિમા થુણી જિન તણી મૂરતિ રુલીઆમણી એ
દેહરઈ આદિ જિણેસર બિંબ ચ્યારિ અતિ સુંદર સુરવર ભગતિ કરિવા ભાવિ ઘણી એ...૪૩

દુહા

નવ દેહરાસુર નરખીઈ દેહરા તેર ઊદાર એ સંખ્યા બાવીસની ભવીયણ જાણઓ સાર...૪૪
પંચમેં ઢાલ પ્રકાસીઈ પ્રતિમા જિનની સાર, ઉગણસઠિ ઊપરિ બિસઈ ત્રિભોવન્ન તારણહાર...૪૫

ઢાલ – ઊલાલુ

ફોફલીઆ વાડઈ જઈઈ, જિનહર સાત તિહા કહીઈ, આદિ જિણેસર નાયક, મન વંછિત ફલ દાયક....૪૬
ચુત્રીસ જિન ચૌદ પૂજઉ મનિહિં આણંદ, દેહરુ નવૂ સોહાકર ત્રેવીસમુ સુખસાગર...૪૭
પ્રતિમા સતસૂં કહીઈ મૂરતિ દેખી ગહગહીઈ, સેઠ ધણદત્ત ઘરિ હરખું, પટૂઆના ઘરમાહિ પરખું...૪૮
દશ પ્રતિમાસૂંઅ પાસ, પૂરઈ મન તણી આસ, સાહા માધવ ઘરિ જોઈ, પ્રતિમા સાત તિહાં હોઈ...૪૯
બારસમુ જિન ભાવું, સેઠિ વીરા ઘરિ આવું, પ્રતિમા એકાદશ જાણું, વાસુપૂજ્ય મનિ આણું...૫૦
પૂનમીયા દેહરઈ ચૌદ, પ્રતિમા દીઠઈ આણંદ, વલીઆરવાડઈ દેહરું, શાંતિ જિણેસર કેરું...૫૧
એકાદશ પ્રતિમા સાર, જોતાં હરખ અપાર, મદલિ મદલિ બઈઠા સુયડા, છાજઈ દીસઈ રુયડા...૫૨
શાંતિસર મહાવીર નમુંઅ નિરંતર ધીર, સોનારવાડઈ વંદન, નવૂ દેહરું જગરંજન...૫૩
જોતા અનોપમ દીસઈ, તિહા પ્રતિમા છઈ ત્રેવીસઈ, ભંડારી પાડઈ ભગતિ, જિન પૂજા કીજઈ જુગતિ..૫૪
વામાદેવિ મલ્હાર બિંબ આઠ જિન સાર, શાંતિજિણંદ અપાર, કંઠિ અનોપમહાર...૫૫
સાહા હૃદયવચ્છનઈએ ઘરમા પૂજ રચી જઈ, બિ પ્રતિમા ભાવિ ભાવીઈ સાર, પ્રતિમા ચ્યાલીસ નિચ્યારપ૬

ચુવીસવટ્ટાસુંઅ વંદુ, દરશિણ દીઠઈ આણંદુ, ઘરિ આવ્યા દોસી કમણ, દેહરાસુર ભાવુ ભવીયણ...૫૭
વાસપૂજ્ય વંદુ સાર, છ પ્રતિમા દીપઈ હાર, નમન કરી અતિસાર, તોરણ થાંભ અપાર...૫૮
દોસી દેવા ઘરિ જઈઈ, શીતલ જિનવર કહીઈ, પ્રતિમા સાત સોહાકર, દોસી વીરા ઘરિ જિનહર....૫૯
પ્રતિમાચ્યાર જુહારી, શીતલ જિન સુખકારી, સેઠ કરમસી ઘરિ વંદુ, આદિ જિણેસર વંદુ...૬૦
છ પ્રતિમાસુંઅ સોહઈ, સહા મનજીઅ ઘરિ મોહઈ, પાડઈ સાહાકરણાનઈ, કરિસિઉં સેવા શીતલનઈ.૬૧
ત્રેવીસ પ્રતિમા પૂજીજઈ સાહા મનજી ઘરિ, અભિનવ રત્નમઈ બિંબ સંભવ...૬૨
પ્રતિમા આઠ તિહાં વંદુ, મુખ સોહિ પૂનમ ચંદુ, દેહરાસુર જગરંજન જોતાં દુરીય નિકંદન...૬૩
સેઠ પાતા ઘરિ સુમતિ, દેહરાસુર વારુ જુગતિ, પ્રતિમા પાંચ તિહા જગપતિ, શાંત દાંત તિહાં નિરખતિ.૬૪
દાડિમ બાજઈ પૂતલી યંત્ર કલઈ, ધજ લહિકઈ, સુગંધ વસ્તુ મહિમહિકઈ...૬૫
તિહાંથી ખેંતલવસહી, કરસૂં પઈસતન સહી, પ્રતિમા આઠ પ્રકાસ, વાસિપુજુ એ પાંસ...૬૬
સંઘા પારિખ ઘરિ ધિન્ન, દેહરાસુર આદિ જિન, પ્રતિમા ચ્યાર સુચંગ, ફૂલ ગુલાલસુ રંગ...૬૭
રયણમઈ જિનવર ચ્યાર, ચુમુખ પૂજીઈ સાર, પારિખ નાથાના ઘરમાં ચુમુખસું આઠ પ્રતિમા...૬૮
બીજઈ દેહરઈ શાંતિ, ભાજઈ ભવની ભ્રાંતિ, ચ્યાર પ્રતિમા ગુણ ગાસું, ત્રીજે દેહરઈ જાસું...૬૯
તિહાં અછઈ પાસ કુમાર, બિંબ પાંચ જિન સાર, અજિતનાથ જિન બીજઓ, સેઠ લકા ઘરિ પૂજઉ...૭૦
ત્રિણિ પ્રતિમા તિહાં મનોહર, વુહુરા વછા ઘરિ સુંદર, વાસપૂજ્ય જિન જાણી, ચ્યાર પ્રતિમા મનિ આણી.૭૧
વિમલ જિણેસર પ્રતિમા, સેઠ અમીપાલ ઘરમાં, નવ દેહરાસુર સાર, પ્રતિમા આઠ ઉદાર...૭૨
ઘરિ પારિખ ઉદિકરણ ચંદપ્રભ ચંદકિરણ, દેહરાસુર મન મોહઈ, ત્રીજી ભુઈ જિન સોહઈ...૭૩
રત્નમય બિંબનઈ કલસ, સદફકારી કામ સરસ, ત્રણિ પ્રતિમા તિહાં ભાવી, લટકણ સાહા પાડઈ આવી...૭૪
પીતલમઈ શ્રી જિન શાંતિ, દેહ સોવ્યન જિસી કાંતિ, છ પ્રતિમા ગુણ ગાઉં, જિમ અવિચલ પદ પાઉં...૭૫
આન્નાવાડઈ જાસું, પૂજ કરી ગુણ ગાસું, પ્રતિમા સાતસું સોહઈ, ત્રેવીસમુ જિન મોહિ...૭૬
હદૂ પારિખ ઘરિ ભણીઈ, ત્રણિ પ્રતિમા તિહાં થુણીઈ, શાંતિનાથ પૂજા કરીઈ, સયલ સિદ્ધિ સુખ ભરીઈ...૭૭
મહિતા હાદા કૂઅરજી, તસુ ઘરિ બે પ્રતિમા પૂજી નીલ વર્ણ્ણ સિરઈ પાસ, વંછિત પૂરઈ આસ...૭૮
પૂજ રચી જઈ તિહાં ચંગિ, સંઘ સહૂ મિલી રંગિ, ભગતિ જુગતિ બહૂ વિસ્તર, મણોરથ પૂરઈ જિણેસર...૭૯

દૂહા

અઢાર દેહરાસુર અતિ ભલાં દેહરા તેર વખાણિ, છઠિ ઢાલિ પ્રકાસીયા ઈમ એકત્રીસઈ જાણિ...૮૦
ત્રણિસઈ છ પ્રતિમા સહી પૂજી આણંદપૂરિ, જે મન માહિ સમરસિઈ તેહનઈ દુર્ગતિ દૂરિ...૮૧
છત્રીસ સતર ભેદસૂં પૂજા કીધી ચંગિ, પંચશબ્દ નિરઘોષસું નિતુ નવુ ઉચ્છવ રંગિ...૮૨

ઢાલ

પાટણ નગર વખાણીઈ એ, જિનવંદન અવર ન બીજુ કોઈ,
જિન ભવન રુલીઆમણૂ એ, જિન અતિહ અનોપમ હોઈ...૮૩

બાણૂ દેહરા દીપતા એ, જિન નિરખંતા અતિ આણંદ,
દેહરાસુર અતિ સોભતા એ, જિન સોલ કલા જિમ ચંદ. ૮૪

ઉગણહુત્તરિ વદ્યા સહીય, હીયડઈ ધરીય વિવેક,
સર્વ થઈ સંખ્યા સણુ એ જિન એકસુ સાઠિનઈ એક...૮૫

પ્રતિમાની સંખ્યા કહી એ, જિન ચુવીસસઈ અડત્રીસ,
પૂજા કીજઈ હરખસું એ, નિશ દન નામું સીસ...૮૬

પ્રસિદ્ધ દેહરાસુર જે સુણ્યા એ, જિન તે સંખ્યા એ સાર.
ઘરિ ઘરિ જિન પ્રતિમા ભલી એ, વંદન કહિતુહું ન લહું પાર...૮૭

નિસ દિન તે વંદન કરુ એ, જિન વલીય ગામાગર દેવ,
સાસય અસાસય જે પડિમા ભવિ ભવિ દેયો શેવ...૮૮

વીનતડી પ્રભુ હૂ કરુ એ, મયા કરું ભગવંત,
કર્મ્મ વશિ બહૂ પરીભમિઉ એ, તારણ તૂં અરીહંત....૮૯

વિધપક્ષ ગચ્છ ગુરુ જયકરુ એ, શ્રી ધર્મ્મમૂરતિ સૂરિ,
ગુરુ પ્રસાદિઈ ચૈત્યપ્રવાડિ કીધઈ આણંદ પૂરિ...૯૦

સંવત સોલતેરોતરઈ એ, માસ આસાઢ તે રંગ,
પુન્યમ વાર શિન થિર રહુ એ પાટણ નયર અભંગ...૯૧

કલસ

અણહલવાડઈ નયર પાટણિ ચુવીસઈ જિન જગગુરુ એ,
શાંતિ જિનવર શાંતિકારક સયલ સંઘ સુખાકરુ....૯૨

જાં દ્વય સાગર ચંદ તારા સૂરિ મેરુ મહીધરું,
તાં ચૈત્ય અવિચલ કહઈ સેવક સંઘરાજ સુખાકરું...૯૩

ઇતિ શ્રી ચૈત્યપ્રવાડિ સંપૂર્ણઃ ॥ શ્રી ॥

(૨૨૩-૨૩૦) ચૈત્ય-તીર્થવંદના

ચૈત્ય- તીર્થ વંદના અંતર્ગત આઠ કેવલનાણી નામે અચલગચ્છમાં પ્રસિધ્ધ તીર્થ વંદનાની રચનાઓ પ્રસિધ્ધ થાય છે. આ રચનાઓ ગઈ ચોવીશીના પ્રથમ તીર્થંકર થી પ્રારંભ થાય છે તેમનું નામ કેવળજ્ઞાની હોવાથી આ રચનાઓ 'કેવળનાણિ' નામે પ્રસિધ્ધ બની છે.

(૧) વાચક મૂલા કૃત કેવલનાણી વિ. સં. ૧૬૫૦ની આસપાસ રચાઈ છે. જે અતિપ્રસિદ્ધ હોવાથી અને હજારો ભાવિકોને કંઠસ્થ હોવાથી એની ફક્ત આઠમી ઢાળ જ લીધી છે.

(૨) પૂ. આ. શ્રી ભાવસાગરસૂરિનાં સમયમાં એમના અજ્ઞાત શિષ્યે અઢી દ્વીપ ચૈત્યવંદન ૧૨૧ કડીનું રચ્યું છે. ડભોઈ આર્યજંબુ જ્ઞાનમંદિરમાં ૧૨૮૧ નંબરની પ્રત છે જેનું પ્રથમ પૃષ્ટ નથી આ જ્ઞાનભંડારમાં કચ્છ પ્રદેશના ૨૦ ગામોની હસ્તપ્રતો નોંધાઈ છે. ૧૩૦૦૦ હસ્તપ્રતોનો સંગ્રહ છે. વ્યવસ્થિત સંશોધન કરવામાં આવે તો અચલગચ્છનું ઘણું અપ્રગટ સાહિત્ય મલી શકે એમ છે. કચ્છ પ્રદેશમાં ૨૦૦ પોશાળો હતી એમાં ૧૮૦થી ૧૮૫ પોશાળોની હસ્તપ્રતો ક્યાં ગઈ એ સંશોધનનો વિષય છે. અચલગચ્છ દિગ્દર્શનમાં ઉપરોક્ત રચનાનો કોઈ ઉલ્લેખ નથી.

(૩) આઠ ઢાળ ચૈત્યવંદનના રચયિતા પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરિના શિષ્ય ઉપાધ્યાય રત્નસાગરના શિષ્ય નયસાગરજી છે. આની હસ્તપ્રત વડોદરા નરસિંહજીની પોળમાં પૂ. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી શાસ્ત્ર સંગ્રહમાં છે. હસ્તપ્રત નો પાઠ અશુદ્ધ પ્રાપ્ત થયો છે.

(૪) પૂ. ઉત્તમસાગરજી મ. કચ્છી કેવલનાણીના રચયિતા છે. ૨૩ કંડીકાની આ રચના જૂના ગ્રન્થોમાં પ્રકાશિત થયેલ છે. તેઓ અચલગચ્છેશ પૂ. દાદાશ્રી ગૌતમસાગરસૂરિ મ.સા. ના પ્રથમ શિષ્ય હતા.

(૫) શ્રી હંસરાજ કૃત નુતન કેવલનાણી :– આ કેવલનાણી મોટી ખાવડીના શ્રાવક હંસરાજભાઈએ વિ.સં. ૨૦૨૪ વસંતપંચમીને શનિવારે ૫૩ કડીમાં રચી છે. એમણે પૂજાઓ તથા સ્તવનોની પણ રચના કરી છે. જે પ્રકાશિત થયેલ છે. અચલગચ્છેશ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિના સામ્રાજ્યમાં આ રચના થઈ છે.

(૬) ઋષિ ખીમા રચિત ચૈત્યપરિપાટિ ની હસ્તપ્રત વડોદરા કાંતિવિજય શાસ્ત્ર સંગ્રહ પ્રત નં–૨૯૪ મી છે. પારિખ કેશરી સિંહ પઠનાર્થ પ્રત લખાઈ છે. પ્રથમ ૬ ગાથામાં વર્તમાન ચોવીસી ના નામ આપી પછીની ૩ ગાથામાં ત્રણે ભૂવનના શાશ્વત અશાશ્વત જિનપ્રાસાદ ને વંદન કરી અઢીદ્વીપમાં રહેલા મુનિ રાજોને વંદન કર્યા છે. ૧૦ થી ૨૧ ગાથામાં આ ભારતના પ્રસિધ્ધ તીર્થો ને તીર્થપદ્મા ને વંદના કરી છે. આ કવિની બીજી રચનાઓ મળે છે.

(૭) અચલગચ્છેશ પૂ. આ. શ્રી ગુણનિધાનસૂરિ મ. સા. ના રાજ્યમાં વિ. સં. ૧૫૦૬ માં ભાદરવા સુદિ ૫ ને સોમવારના માતરગ્રામે વાચક હર્ષવર્ધનના શિષ્ય પૂ. વિદ્યાવલ્લભે ચૈત્યપ્રવાડી રૂપે આ તીર્થવંદનાની રચના કરી છે. એની હસ્તપ્રત અશુધ્ધ હોવાથી પાઠ એમજ આપ્યો છે.

(૮) કવિ ચક્ર ચક્રવર્તિ પ. પૂ. આ. ભ. શ્રી જયશેખરસૂરિ મ. સાહેબે આરાધનાસાર અંતર્ગત તીર્થવંદનાની રચના કરી છે.

(૨૨૩) ચૈત્ય – તીર્થ વંદના

કર્તા : વાચક મૂલા રચના : સં. ૧૬૫૦ લગભગમાં

અઠાવય સમેતશિખરગિરિ, સાજનજિઅ, રેવતગિરિ શેત્રુંજ;
ગજપદ ધમ્મચક્ક કહૂં, સા૦ વૈભારગિરિ ઉત્તુંગ....૧

રહાવતે કુંજરાવતે સા૦ તિહું અણગિરિ ગ્વાલેર;
કાશી અવંતી જાણીએં સા૦ નાગોર જેસલમેર...૨

સૌરિપુર હત્થિણાઉરે સા૦ અવલઈ રાવણ પાસ;
પીરોજપુરેં ભુઅડ ભલો સા૦ ફલોધિ પૂરે આસ...૩

બિકાનેર ને મેડતે. સા૦ સીરોહી આબૂ શૃંગ;
રાણકપુર ને સાદડી સા૦ વરકાણે મનરંગ...૪

ભીનમાલ ને કોટડે સા૦ બાહડમેર મઝાર;
રાયધણપુર રલિયામણું સા૦ શાંતિનાથ દયોદ્ર જૂહાર...૫

સાચોર જાલોર રાડદ્રે સા૦ ગોડી પુરવર પાસ;
પાટણ અમદાવાદ વલી સા૦ સંખેસર દીજેં ભાસ....૬

અમીઝરે નવપલ્લવે સા૦ નવખંડ થરાદ્રેં ઠામ;
તારંગે બુરહાનપુરેં સા૦ વંદૂ માણક શામ...૭
ખંભાયત ને તારાપુરેં સા૦ માતર ને ગંધાર;
લોડણ ચિંતામણિ વરું સા૦ સૂરત ડભોઈ જૂહાર...૮

દેવકપાટણ દેવગિરિ સા૦ નવેનગર વંદી જોય;
દીવાદિક સવિ બંદરે સા૦ અંતરિક સિરિપુર હોય...૯

વડનગર ને હુંગરપુરેં સા૦ ઈડર માલવ દેશ;
કલ્યાણક જિહાં જિનતણું સા૦ મન સૂધે પ્રણમેશ...૧૦

ગામ નગર–પુર પાટણેં સા૦ જિનમૂરતિ જિહાં હોય;
વાચક મૂલા કહે મુઝ સા૦ વંદતાં શિવસુખ હોય...૧૧

કલશ

છન્નુએ જિનવર છન્નુએ જિનવર, અધો ઊર્ધ્વ ને લોક તીર્છે જાણું એ;
સાસય અસાસય જિન પડિમા, તે સર્વે વખાણું એ.
ગચ્છ વિધિપક્ષ પૂજ્ય પરગટ, શ્રી ધર્મમૂર્ત્તિ સૂરીંદુ એ
વાચક મૂલા કહે ભણતાં, ઋદ્ધિ વૃદ્ધિ આણંદુ એ

ઈતિ વૃદ્ધ ચૈત્યવંદન સંપૂર્ણમ્ ('કેવલનાણિ' અંતર્ગત)

(૨૨૪) સમસ્ત તીર્થ ચૈત્ય પરિપાટિકા.

કર્તા શ્રી વિધિપક્ષગચ્છેશ શ્રી ભાવસાગરસૂરિ શિષ્ય. 10

॥ દૂ ॥

॥ શ્રી જિનાય નમઃ ॥

॥ વૃધ્ધ ચૈત્યવંદન લિખિતં ॥

સયલ જિનેસર પ્રણમઉં ચૈત્યવંદન જિનરાય,
પહિલઉં ધરમનિ નિરમલ ધ્યાન, અતીત અનાગત નઈ વ્રતમાન.૧

ત્રિણિ ચઉવીસી બહુતરિ જિન, પાપ ખયંકર જગત જીવન,
ત્રિણિ કાલ પ્રણમઉ તેહભાણી, આસ્યાં પૂરઈ ત્રિભુવન ધણીર

અતીત ચઉવીસી પહિલી કહું, સાવધ્યાંન સાવધ્યાંન સાંભલિજ્યો સહુ,
કેવલન્યાંની નિર્વાણી નામ, સાગર મહાજસ કરૂ પ્રણામ. ૩

વિમલ સર્વાનભૂત મનિરૂલિ,સીધર દત્ત દામોદર વલી, 20
સુતેજ સાંમી નમી ઈત્તિ ,મુનિસુવ્રત સુમતિ સિવગતિ. ૪

અસ્તાધ શ્રી નેમીસર અનલ જશોધર કૃતાર્થ જિનેશ્વર,
નિલ સુધિમતિ સિમતિ સિવકર બાવીસમઉ સંદન સંપ્રતિ ભવીયાં નમઉ. ૫

અતીત ચઉવીસી કરૂં પ્રણાંમ, વ્રતમાન હિવ સુણિજ્યો નામ;
રિષિભ અજિત શ્રી સંભવસ્વામિ, સિવપુર સુખ અભિનંદન નામિ.૬

સુમતિ પદમ પ્રભુ સામિ–સુપાસ, ચંદપ્રભુ સુવિધિ સીતલ શ્રીયાંસ,
વાસૂપૂજ્ય વિમલ અનંત, ધર્મ સાંતિ હિયઈ સુખ અનંત. ૭.

કુંથુનાથ અરમલ્લીસરૂ મુનિ સુવ્રત નિમિ નેમીસરૂ પાસ વીર,
વંદઉ નિસિદીસ વર્તમાન એ જિન ચઉવીસ. ૮.

હેવઈ ચવીસી અનાગતિ જાણિ પદ્મનાભ સૂર દેવ વખાણિ, 30
સુપાર્શ્વ સુયંપ્રભુ પ્રણમઉ પાય સર્વાનુભુત દેવ શ્રુતરાય. ૯.

ઉદય પેઢાલ નમૂં એક ચિત્તિ પોટલ સિતિ કીર્ત્તિ સુપવિતિ,
અમમ દેવ જિનવર નિકષાય નિઃ ફલા કનઈ નિર્મમ રાય. ૧૦.

ચિત્રગુપતિ જિનવર સમાધિ સંવર જશોધર નામિ સમાધિ,
વિજયમલ્લ દેવ અનંતવીર્ય , ભદ્રકીર્તિ ગિરૂઉ ગંભીર્ય. ૧૧.

એતલઈ ત્રિણિ ચઉવીસીકહી, હવઈ કલ્પ સાંભલજ્યો સહી,
પંચ પંચ ક્ષેત્રથી નિક પહભરત પરાવ્રત અનઈ મહાવિદેહ. ૧૨

ઉત્કષ્ટિ કાલિં તિહાં તૂં જોઈ, સત્તિરે સઉ જિન પ્રણમઉં સોઈ,
હવઈ કહું વ્રતમાન વિહરમાન શ્રી સીમંધર જગહ પ્રધાન. ૧૩

શ્રીજુગમંધર બાહુ સુબાહ સુજાતિસાંમી સયપ્રભુ રાય
ગિરૂઆ જિન શ્રી રિષિભનન્ન અનંતવીર્ય સૂરપ્રભ જિન. ૧૪

વિસાલવક્ષંધર ચંદ્રાનન્ન ચંદ્રબાલ તારણ ત્રિભુવન,
ભુજંગ ઈસરનેમિપ્રભદેવ, વીરસેનની કીજઈ સેવ. ૧૫

મહાભદ્ર દેવયસા ગુણ નિલઉ અજિત વીર્ય વીસમઉ,
10 જિન ભલઉ વિહરમાન જિન કરીય પ્રણામ સાસ્વત બિંબ કહેસિઉનામ.૧૬

રિષભ ચદ્રાંનન જિન વર્ધમાન, વારષેણ જિન ગુણહ નિધાન,
એ જિનવર સાસ્વતા પ્રાસાદિ, ગુણ ગાઈ સહૂ સરલઈ સાદિ. ૧૭.

હિવ પ્રણમઉ સુરેલોય મઝરિ, શાસ્વતા ભવન અતિ મનોહારિ
જિન મૂરતિ અતિ રૂલીયામણી, વિન ઉપમા હુઈ તિહાં તણી.૧૮

રાસની ઢાલ

હવિ સુધર્મઈ દેવલોક ભવન, તીંહા લાખ બત્રીશ ।
કોડિ સતાવન સાઠલાખ નીતનમું સીસ ॥ ૧૯ ॥

બીજે ઈશાને દેવલોક અઠાવીસ લાખ,
તીહાં પ્રતિમા પચાસકોડ, ચ્યાલિસ વલી લાખ ॥ ૨૦ ॥

20 સનતકુમાર માંહિ પ્રાસાદ, બાર લાખ કહીજે,
એકવીસ કોડને સાઠ લાખ પ્રતીમાં પુજીજે ॥ ૨૧ ॥

ચોથે માંહિદ્ર દેવલોક, આઠ લાખ ભવન,
ચઉદ કોડ ચ્યાલિસ લાખ, પ્રતીમાં ઘન ઘન ॥ ૨૨ ॥

બ્રહ્મ દેવલોક ચ્યાર લાખ, પ્રાસાદ તે જાણુ,
સાત કોડને વીસ લાખ, મનરંગ વખાણું ॥ ૨૩ ॥

છઠી લાંતક દેવલોક, તીંહા સહસ પચાસ,
નેઉ લાખ જિનવર, બિંબ પ્રણમું ઉલ્લાસ ॥ ૨૪ ॥

શુક દેવલોકમાંહિ ભવન્ન, તીંહા સહસ્ર ચ્યાલીશ,
પ્રતીમાં બહોતર લાખ ભલી,નીત નામુ સીસ ॥ ૨૫ ॥

30 છ્છ સહસ્ત્ર પ્રાસાદ સહસાર, આઠમેં દેવલોકે,
દસહ લાખને અસી સહસ્સ, જિન પ્રણમું થોકઈ ॥ ૨૬ ॥

આનત પ્રાણત દેવલોકે, દોઈ દોઈ સઈ ભવન,
છત્રીસ છત્રીસ સહસ્રજિન, ઈમ આગમ વચન ॥ ૨૭ ॥

આરણ દેવલોક માંહે પ્રાસાદ, દોઢસો કહીજે,
સતાવીસ સહસ જિન, મનરંગ વંદીજે ॥ ૨૮ ॥

અચ્યુત દેવલોક માંહિ, એકસો પંચાસ,
સહસ સતાવીસ જિનહ બિંબ, બોડે ભવપાસ ॥ ૨૯ ॥

ત્રિહુ હેઠલે ગ્રીવેક ચૈત્ય, એકસો અગીયાર,
ઉગણીસ સહસ નવસિ અસિ, જિનપ્રતિમા સાર ॥ ૩૦ ॥

વચલે ત્રીહુ ગ્રીવેક માંહિ, ચૈત્ય એકસો સાત,
ઉગણીસ સહિસનેં દોઈસઈ, સાઠ સહીત વિખ્યાત ॥ ૩૧ ॥

ઉપલે ત્રિહુ ગ્રીવેકમાંહિ, સો પ્રાસાદ સાર,
તિંહા પ્રણમીજે મનહર, બિંબ સહસ અઢાર ॥ ૩૨ ॥

પાંચવિમાન અણુત્તરે, શ્રી જિનવર રાય,
નવસેં પ્રતિમા પંચ ભવન નમીંઈ જઈ પાય. ॥ ૩૩ ॥ 10

એવંકારઈ ઉરધલોક, પ્રાસાદ તે જાણું ।
સંખ્યા લાખ ચ્યુરાસી કહી, વલી સહીસ સત્તાણુ ॥ ૩૪ ॥

ઉપર ત્રેવીસ આગલાઈ, શ્રી જિનવર ભવન
તિંહા પ્રતીમા એકસો કોડી, વલી કોડિ બાવન્ન ॥ ૩૫ ॥

લાખ ચોરાસી ચોસઠ સહસ, એકસો ચ્યાલિસ્સઃ ।
આણંદ આણી અતી ઘણો, નીત નામું સીસ ॥ ૩૬ ॥

ઢાલ

હવિ અધોલોક પાતાલ ભવનપતી ।
તીંહા પ્રણમી જે ગુરુયા જનપતી । પહિલો અસૂર કુમાર ॥ ૩૭ ॥

ચોસઠ લાખ ભવન જિન વંદુ । 20
પાપ તાપ સવી દુરનીકંદુ । મુરત અતી મનોહાર ॥ ૩૮ ॥

તીંહા એકસો કોડ પનર આગલીય ।
વીસ લાખ પ્રણમું વલીવલીય । મનિરલીઈ જિનદેવ ॥ ૩૯ ॥

હવે નાગકુમાર માંહિ પ્રાસાદ ।
ગયણાંગણસૂં માંડે વાદ । લાખ ચોરાસી દેવ ॥ ૪૦ ॥

તેહાં એકસો કોડીને કોડ એકાવન ।
વીસ લાખ પ્રણમુ વલી અનુદીલ । સોવનકુમાર કહીસ્યું ॥ ૪૧ ॥

બહોતર લાખ ભવન કર જોડી
ઉગણત્રીશ વલી એકસો કોડી । સાઠ લાખ વંદેસ્યૂ ॥ ૪૨ ॥

છનુ લાખ ભવન જી કેરી । 30
વાયુકુમાર માંહિ ભલેરી । વંદો ભવીયા જન જત ॥ ૪૩ ॥

તીહાં સૂણજ્યો હવે એકસો કોડી ।
ઉપર અધકા બહુત્તર કોડી । ઈંસી લાખ વલી જત ॥ ૪૪॥

દીપકુમાર ને દીસાકુમાર ।
ઉદધિ વીદ્યૂત વિનીતકુમાર । છઠો અગનીકુમાર ॥ ૪૫ ॥

એ છ માંહિ જિન મનમોહન।
બહોતર (૨) લાખ ભવન જીન । સૂણતાં સૂખ અપાર ॥ ૪૬ ॥

સંખ્યા થાનક (૨) બોલી,
મુરત તે સવી મોહનવેલી । એકસો છત્રીસ કોડી ॥ ૪૭ ॥

અસીય લાખ ઉપર જાણી જે,
ભાવ ઘણો હીયડે આણી જે । પ્રણમી જે કરજોડી ॥ ૪૮ ॥

હવે અધોલોક કહિસ્યૂંરંગ ભર,
તીંહા સાત કોડ ને લાખ બહોતર પ્રાસાદ સંખ્યા એહ ॥ ૪૯ ॥

તીહાં તેરસઈ કોડીને કોડ નવ્યાસી,
વાણી આગમ માંહિ પ્રકાસી । સાઠ લાખ વંદેસ્યૂ: ॥ ૫૦ ॥

॥ ચોપઈની ચાલ: ॥

હવે વાંદુ ત્રીજગ લોક મજારે, હઈડઈ આંણી હરખ અપાર,
સત્તરિ સા વીતાઢય ભવન્ન, તીંહા પ્રતીમા તારણ ત્રીભૂવન્ન ॥૫૧॥

વીસ સહસ્સ ઉપર ચ્યારસેં, સાંભલતાં મનિ અતી ઉલસેં ।
ત્રીસ પ્રાસાદ વર્ષધર સહિ, પ્રતીમા છત્રીસ સસેં તીંહાં કહી ॥૫૨॥

ગયદંત પર્વત પ્રાસાદવીસ, તીંહા પ્રતીમાં છેંસેં ચોવીસ ।
મેરુગીરી તણો સિણગાર, પંચ્યાસી પ્રાસાદ ઉદાર ॥ ૫૩ ॥

સહિસ દસ પ્રતીમાં દોઈસેં, જિન નાંમિ તન મન ઉલસેં ।
પ્રાસાદ ચ્યાર અછેં ઈક્ષુકાર, ચ્યારસેં અસીય મુરત જોહાર ॥૫૪॥

નેઉ પ્રાસાદ કુરુદ્રુમ તણા, દીસિં અતીહેં સોહામણા ।
સહિસ દસ આઠસેં અવધાર, પ્રણમીજેં ઘરી હરખ અપાર ॥૫૫॥

વખારા પરવત છે જીહાં અસી પ્રાસાદ પ્રણમુ તીહાં ।
છનુસિ પ્રતીમા સૂવીસાલ, ત્રિભૂવન તારણ દેવ દયાલ ॥ ૫૬ ॥

હવે નંદીસર વર દીપ મઝારિ, ભવન વીસ ભવીયણ અવધારા
સે ચોવીસેં નઈ અસીય જણંદ, સાંભલતાં તે પરમાનંદ ॥ ૫૭ ॥

ચુહુ પ્રાસાદે હરખ ધરેવ, માનુષોત્તર પરબત હેઠ: ।
પ્રણમીજે પ્રતીમા ઉલસી, સે ચ્યાર નેં ઉપર અસી ॥ ૫૮ ॥

કુંડલ રુચીક જિહાં બેંસોઈ, ચ્યાર ચ્યાર પ્રાસાદ તે જોઈ ।
ચ્યારસઈ પ્રતીમા રલીયામણી, અતીહિ મુરત શ્રી જનતણી ॥૫૯॥

પ્રાસાદ પાંચસેં અસિ અગીયાર, અનંત સૂખ કેરુ ભંડાર ।
એકસઠ સહેંસ અને સેચ્યાર, એવંકારે ત્રીજગલોક મઝાર ॥૬૦ ॥

સંખ્યા સર્વ સૂણો ત્રીભુવન્ન, આઠ કોડી લાખ છપન્ન ।
સહસ સતાણુસેં પચાસ, ભવન ચુત્રીસ પુરે આસ ॥ ૬૧ ॥

તીહાં પ્રતીમા કહુ કરજોડ, પન્નરસેં બેંતાલીસ કોડ ।
લાખ પંચાવન સહસપચીસ । પંચ સયા ઉપર ચાલીસ ॥ ૬૨ ॥

સાસ્વતા ભવન તણી માંડણી, શ્રી સિધાંત માંહિ મે સૂણી ।
સાસ્વતા ભવ ત્રણ્ય બારાસાર, ઉર્ધ્વલોક અધોલોક મજાર ॥ ૬૩ ॥

ભવન (૨) પ્રતી સંખ્યા કહી, એકસો એંસી સાંભલ સહી ।
ફલાવી પ્રતીમા પ્રાસાદ, છંડી રંગ તણો પરમાદ ॥ ૬૪ ॥

હવે ત્રીજગ લોક તણી માંડણી. પ્રાસાદ પ્રતીમા શ્રી જિન ।
લવન્ન ત્રીબારાં બે સવીશેષ, અને નંદીશર દ્વીપ વીશેષ ॥ ૬૫ ॥

ચુંબારા નંદીસર તણા, કાંણાંગસૂત્ર માંહે મઈસૂણ્યા
તીંહા પ્રતીમા એકસો ચ્યાલીસ, બીજે અવર એકસોવીસ ॥ ૬૬ ॥

ઈમ સંખ્યા શવીસુધી હુત, મનતણી સવી ટાલો તૂંત
હરખીસૂ હઈડઈ હમઈ, સરઃ વાચે ઈમ હુઇ શહી ॥ ૬૭ ॥

રાયપસેણી ઉપાંગે મજાર, જીવાભગમિસૂ વીસ્તર સાર;
વામમાન વર્ણ વીખ્યાત્, શ્રી આવશ્યક સૂંત્રિ અવદાત ॥ ૬૮ ॥

જિન પ્રતીમા ત્રિણિ ભવનહ તણ., જઘન હાથ સાત નિસૂણી,
વાણી સૂંણતાં મન ઉલસિ, ઉત્કૃષ્ટુ ધનુષ્ય પાંચશઈ ॥ ૬૯ ॥

પ્રતીમા પરગર સહિત અગીઆર. જલહલતી ત્રિભુવન આધાર;
સ્થિતિ જૂગતિણી પરિએહ, તે અગીઆર સૂણો નીસંદેહ ॥ ૭૦ ॥

એક સેવક સરપર છત્ર ધરે ભગતી વસેં ખભલીપર કરે
ઢાલે ચામર સખર દોઈ, ને સેવકણી પરસોઈ ॥ ૭૧ ॥

નાગતણી દોએ પ્રતીમા કહી. ભૂતતણી દોએ પ્રતીમા સહી,
યક્ષતણી દો પ્રતીમા સાર. કુંડલધરી દોઈ અગીઆર ॥ ૭૨ ॥

અહનસ સૂરનર સારે સેવ. પુજા કરે નિરંતર મેવ,
સતરભેદ પૂજા મનરુલી, સૂણો સખી આગમ સાંભલી ॥ ૭૩ ॥

ધોત પવિત્ર કરી પરવરે. જીવન કલશ ગંગોદક લરેં
પહિલી પુજા કરે સનાથ સિર નામે. જગ ગુરુ જગનાથ ॥ ૭૪ ॥

બીજી પૂજા વલેપણ તણી ત્રીજી વસ્ત્ર જૂગલની સૂણી,
ચોથી વાસ પંચમી તે ફૂલ, છઠે માલ અમૂલક મૂલ ॥ ૭૫ ॥

નાનવરણ કલસ સાતમે, કપુરતણી પુજા આઠમે,
નવમેં ધજા, દસમે આભરણ, રયણ જડીત જે સાર સોવન્ન ॥૭૬॥

એકાદસમી પૂજા ગુણગેહ, ફુલપગર બારમે ભરેય
અષ્ટમંગલ પૂજા તેરમે, ઉખેવેતે ધૂપ ચૌદમે ॥ ૭૭ ॥

નાદતણી પૂજા પનરમેં, નાટકનાચે પૂજા સોલમે ।
સતરમે તે વાજે મૃદંગ, કરે નીરંતર ઉછવ જંગ ॥ ૭૮ ॥

એહ પ્રતીમાનો સાંભલવાન હૃદય આણી નીરંતર જ્ઞાન,
કનકવર્ણને ચરણ વીશાલ, તેજ મનોહર જાકજમાળ ॥ ૭૯ ॥

જંઘા ઉર સોવન મય વાન, નાભી હૃદય કમલ જિસવાન;
બાંહિ સુંદર સુઅડી આંગુલી, સોવન્ન વર્ણ સોહિ તે ભલી ॥ ૮૦ ॥

તપ્ત કનકવર્ણ સૂણીજો શહી, શ્રીવસ્ત અંક બેહુ બાહિ બહિ
અંક રયણ વર્ણ નખ વાટલા, ચન્દ્ર બીજની જેહ જ કલા ॥ ૮૧ ॥

ગ્રીવા નીલવટ મુખ નાસીકા, કનકરત્ન મય દીવી સીખા;
દંતસોહિ અતી ઉજ્વલવાંન, સ્ફટિક વરણ ઉજ્વલ પરધાન ॥૮૨॥

અણીયાલી તે આંખ ઉજલી, માંહિ કાલી અતી કીકી ભલી,
વાંન જીસ્યો કમલ પાખંડી, ઈસી અનોપમ જીન આંખડી ॥ ૮૩ ॥

નાસીકા માંહિ રાતેવાન, રાતા કર કમલ વલી કાન,
અધરકાંતી પરવાલી જસી, જેહવો રંગ માંણિક હુઈ તિસી ॥૮૪ ॥

મૂરતિ મુખડાઢી આકાર, અરીષ્ટવાન અતી સોહિ સાર
મસ્તકિ વજ્જરતન્ન વાનિજી, રોમરાય વર્ણ અરીષ્ટ રતન ॥૮૫॥

સૂણી સૂગુરુ મુખ કહી વર્ણ, આંગી રયણ જડીત આભર્ણ
અતી મનોહર મુરત સાંમલી, ધનભાષીત આગમ કેવલી ॥ ૮૬ ॥

પ્રાસાદ તણી હવિકહું માંડણી, કનક રત્નમય રચના ઘણી
જંબુદ્વીપ પનતી સીધાંત, વીચાર સત્તરી માંહિ દ્રષ્ટાંત ॥ ૮૭ ॥

બહુ ચીત્રામ થંભે પુતલી, ઘંટા ઘુઘર રણકેવલિ
સૂગંધ દ્રવ્ય પરીમલ મહમહિં, તોરણ કમલ સઘૂજ લહલહેં ॥૮૮॥

તે પ્રાસાદ તણો વિસ્તાર, ઉંચો પાલો લાંબો સાર;
ત્રીજગ લોકતણું જે માન, થાનક થાનક પ્રવચન પ્રધાન ॥ ૮૯ ॥

અઈસી જોર માનુષોત્તર ચ્યાર, વીસ ગયદત ચ્યાર ઈક્ષુકાર,
અઈસી વખારા ગિરિવર તણા, ત્રીસ વૃષધર નાસહી ગણા ॥૯૦॥

એવં પ્રાસાદ બઈસેં અઢાર, જોયણ પંચાસ લાંબપણે સાર;
પોહોલ પણે જોયયણ પચવીસ, ઉચપણે જોયણય છત્રીસ ॥ ૯૧ ॥

ગીરી વૈતાઢય સરસો કહુ, દરસણ થકૂ અનંતીલહુ,
દસ કુરુદ્રુમ અતી અભીરામ નેઉ પ્રસાદ મનોહર ઠામ ॥ ૯૨ ॥

મેરુ ચુલીકા અડતાલી સાંભલી, એવં બસેં પાંસઠિ સવી મલીઃ
લંબપણે એક કોંસ પ્રમાંણ, અર્ધકોસ પહુલ પણે જાંણ ॥ ૯૩ ॥

દેસિ એકઉણો એક કોસ, સ્યુણી આગમ હવો સંતોસ
અઢીદ્વીપ માંહિલા એહ, મનુષ્ય શ્રેત્ર બાંહિ સુણો તેહ ॥ ૯૪ ॥

ભાવે ભવીયાં નાંમુ સીસ, પ્રાસાદ વર નંદીસર વીશ,
કુંડલ ચ્યાર રુચીક છે ચ્યાર, ઉંચો આઠાવીસ અવધાર ॥ ૯૫ ॥

સત જોયણ લાંબી સુવીસાલ, પુહુલ પણે જોયણ પયાલ;
બહોતર જોયણ ઉચા ચંગ, ત્રીજગ લોક એ થાનક અલંગ ॥ ૯૬ ॥

સૂરીયાભ દેવતણેં અધીકાર, સભા સુધર્મ તણે વીસ્તાર,
ઉર્ધલોક તણાં જે માંન, દેવલોક ગ્રીવેક વીમાનઃ ॥ ૯૭ ॥

વીજયદેવ તણે અધીકાર, જીનહર ભવન અતી મનોહાર
સત જોયણ લાંબા જનગેહ, પોહોલ પણે પચાશજ તેંહ ॥ ૯૮ ॥

છ હાત જોયણ ઉંચાજાણ, સૂણી સહિગુરુ મુખ એહવી વાંણ;
તીહાં પ્રતીમા મે સૂણી તિણ ઠામ, નવનીધી હોઈ પ્રણમતાં સ્વામ ॥૯૯॥

હર્ખઈ વૃધ તરુણ બાલ, ધરો નીરંતર ધ્યાન ત્રીકાલ;
તીર્થ વીચાર સાશ્વત તણો, સંખ્યા સર્વ આગમાં સૂણો ॥ ૧૦૦ ॥

વ્યંતર સૂરજતારા માંહિ, સુખકર જોતષી માંહિ ઉછાંહિ
અસંખ્યાતા તીંહા જિનભવન, અસંખ્યાત તીંહા પ્રણમુ જન્ન ॥૧૦૧॥

અજરામર થાનક નીરમું, છત્રકાર ઉતાણું ભલું;
જોયણ લાખ પચતાલીશ, એક જોયણનો ભાગ–વીશ ॥ ૧૦૨ ॥

મુગતી ક્ષેત્ર તે કહીઈ ભામ, નીરાકાર તીંહા સીધી નરામ,
અનંત સીધી તીંહા પ્રણમઈ, અનંત સુખ સહેંજે પામઈ ॥ ૧૦૩ ॥

હવે અશાશ્વતાં તીર્થ વખાણ, ગીરી વરગ્રામનયર અહીઠાણ;
સૂણંતાં સયલ ઋધી સદા, સાવધાન પણે સુણો વીરાચ ॥ ૧૦૪ ॥

જનમ ઉત્તમ શ્રાવકનો લહી, હર્ષે સૂણજ્યો એ ચુણઈ
અંગે પ્રમાદ આલશ પરીહરી, કહું ભવીયા ભાવે કરી ॥ ૧૦૫ ॥

આગર સાગર ધર પુર પ્રણમીજેજી નગરી વર શીખર
જંબુધીપ ને ધાતકી ખંડ, દ્વીપ પુષ્કર વિ અરથ પ્રચંડ ॥ ૧૦૬ ॥

દ્વીપ અઢાઈ માંહિ ભત્તિ, પ્રણમી જિનવર પ્રણમી ચિત્તિ;
પ્રતિમા દેવ મનુષ્યની કરી, નામે સવી સુખઘર મંદરી ॥ ૧૦૭ ॥

મુરતી ધનુષ્ય પાંચસો તણી, ઉતકૃષ્ટી તો એણી પરભલી,
જધન્યનું અંગુષ્ટ પ્રમાણ, પ્રણમું ભાવ ભલો મન આણ ॥ ૧૦૮ ॥

પ્રતીમા મણીમય વલી સોવન, રુપા પીતલ મય ધન ધન્ન;
કાચ પાચ પ્રતિમા લેપમઈ, પરવાલી વેલું સેલમે ॥ ૧૦૯ ॥

ધાત અકીક ફટીક મણી તણી, જીન મુરતી અતી રલીયામણી
એ તીર્થ સવી નમું ત્રીકાલ, ત્રીભોવન તારણ જિનદયાલ ॥૧૧૦ ॥

દીઠાં અદીઠાં તીરથ કરજન, સૂણ્યા ન સુણ્યા જે જન સ્તવન
પુજ્યા ન પુજ્યા મેં જિનદેવ, નમું ત્રણકાલે હરખ ધરેવ ॥ ૧૧૧ ॥

એણે ધ્યાને સવી સંકટ જાઈ, એણે ધ્યાને અંગે અમી ભરાય
એણે ધ્યાને મનવંછીત લોગ, અણે ધ્યાને સવી સૂખ સંયોગ ॥૧૧૨॥

એણે ધ્યાને આવે નીરમલ બુધ, એણે ધ્યાને હુઈ અષ્ટ મહાસીધ;
એણે ધ્યાને હુઈ નવનીધી, એણે ધ્યાને હુઈ સવસીધી ॥ ૧૧૩ ॥

એણે ધ્યાને અંગઈ ટલે વીરાધ, એણે ધ્યાને હુઈ સદા સમાધ
એણે ધ્યાને દુખ દાલીઈ જાઈ, એણે ધ્યાને હુઈ નિરમલ કાઈ ॥૧૧૪॥

એણે ધ્યાને જયતીલક વીસાલ, ભૂત પ્રેત વ્યંતર વીસરાલ;
એણે ધ્યાને સૂરવર વીસેધાઈ, અહનીસી ધ્યાન ધરઈમનમાઈ; ॥૧૧૫॥

પઢે ગુણે સૂણે નરનાર, હીયડે આણી હરખ અપાર;
એ તીર્થ સમરણા કાજિ ઈણે ધ્યાને હોઈ ત્રીભોવનરાજ ॥ ૧૧૬ ॥

એ તીર્થ સવી કરીઈ પ્રમાણ જિમ અજિરામર પામું ઠામ;
ઉલટ આણી જે નર ભણે, સયલરીધ પામે જીન તણેં ॥ ૧૧૭ ॥

વીધીપક્ષગચ્છ ભાવસાગરસૂર, નામે પાપ તે નાશે દૂર;
તેહ ગુરુ વચન સાંભલી, દુધ માંહે જેમ સાકર ભલી ॥ ૧૧૮ ॥

ગીરુયા ગુરુનો લહી પશાય, કહ્યું મનઘરી ઉછાંય;
સાચો સહગુરુનો ઉપદેશ, ભાવેં ભલા તીર્થ વંદેસ ॥ ૧૧૯ ॥

જિહાં દુ મંડલસાગરસૂર, જાતાં રયણી શશીકર શૂર;
મેરુમહીધર તણું વખાણ, પ્રત પોત્યા લગે તીર્થ એ જાણિ ॥૧૨૦ ॥

એણે ધ્યાને મંગલ જય જયકાર, કાંમકુંભ કલ્પતરુ સાર
એ ભણતાં હોઈ નીરમલ ધ્યાન, એણી ધ્યાને હોઈ સફલ વીહાંણ ॥૧૨૧॥

॥ ઈતિશ્રી ચૈત્યવંદન સંપૂર્ણ ॥

અઢીદ્વીપ ચૈત્યવંદન પ્રત નં. ૧૨૮૧ –ડભોઈ – આર્યજંબુ જ્ઞાન મંદિર
લેખન : મુનિ સર્વોદયસાગર – ૨૦૫૭ –અક્ષયતૃતીયા–પાલીતાણા૨૪મી દીક્ષા તિથિ.

(૨૨૫) ચૈત્ય-તીર્થ વંદના – 3

પૂ. નયસાગરજીકૃત આઠ ઢાળનું ચૈત્યવંદન

બે કર જોડી જિન પાયે લાગુ શ્રી ગોડી પ્રભુ પાસજી ધ્યાવું
જસ નામે મનવાંછીત સુખ પાવું, અતીત ચોવીસી જિનવર ગાવું
જનમ જનમ તણાં પાપ પસાવું....૧

કેવલનાણી પ્રથમ જિન કહીયે, ગુણ ગાવંતા શુભ ફલ લહીઈ
વંદો ભવિયા શ્રી નિરવાણી ત્રિજા સાગર સિવ ગુણ ખાણી...૨

ચોથા મહાજશ સમરસ ધરીયા પાંચમા વિમલ વિમલ ગુણ ભરીયા
સર્વાનુભૂતિ છઠા મનિ આણું, સાતમાં શ્રીધર ગુણ વખાણું...૩

આઠમા શ્રી દશ શુભમતિ દાતા, દામોદર જસ જગ વિખ્યાત
દશમા સુતેજ તેજે કરી પુરા, સ્વામી જિણંદે કરમદલ ભૂસ્યા...૪

તીર્થંકર શ્રી મુની સુવ્રત સ્વામી, તેરમા સુમતિ શિવપદગામી
શિવગતિ જિનને કરું પ્રણામ, અસ્તાંગ પ્રભુજીનું લીજે નામ...૫

સોલમાં નમીશ્વરનું ધરું ધ્યાન, અનિલ યશોધર નામ પ્રધાન,
ઓગણીસમાં કૃતારથ સોહે, જિનેશ્વર જિન રૂપે જગ મોહે...૬

સુધમતિ એકવીસમાં જિનસાર, બાવીશમાં શિવંકર સુખકાર
સ્યુંદન ત્રેવીસમાં વલી દેવ, સંપ્રતિ જિન સેવો નિત મેવ...૭

એ ચોવીસે જિનવર કેરા, ગુણ ગાતા હોયે લાભ ઘણેરા
પ્રહકરી જે ભાવે શુણસે, કહે નયસાગર સુખ તે લહસે...૮

॥ ઈતિ અતીત ચોવીસી ॥

ઢાલ ૨ (હઠીલા મેરીની)

કરજોડીને વાંદીયે રે લાલ, સુખકર પદ્મનાભરે
સજની સૂરદેવ સુણંતા વલી રે, લાલ, હોવે વાંછીત લાભ રે...સજની
ભાવે ભવિ જિન વંદીયે રે લાલ.
સુપાસ જિનને નમું રે લાલ, ચોથા સ્વયંપ્રભ દેવ રે;
શ્રી સર્વાનુભુતિ પાંચમા રે લાલ, દેવશ્રુત પણીમેવરે
શ્રી ઉદયજિન ઉદયકરૂ રે લાલ, આઠમાં શ્રી પેઢાલ રે,
શ્રી પોટિલ નવમાં નમુ રે લાલ, સતકીરતિ દયાલ રે,
શ્રી સુવ્રત ઈગ્યારમાં રે લાલ, બારમા અમમ જિનેશ્વર
(સજની) નિષ્કાષાય વલી તેરમાં રે લાલ, શ્રી નિસ્કલાક ભવનેશરે રીક ભા.
નિરમલ ધરમપનરમા ભણુરે લાલ, શ્રી ચિત્ર ગુપતિ સાર રે,
સમાધિ સત્તરમાં થુણું રે લાલ, સંવર અઢારમાં ધાર રે
સજની યશોધર ઉગણીસમાં રે લાલ, વીશમાં વિજય પ્રધાન રે.
(સ)મલ્લી જિન એકવીશમાં રે લાલ, દેવપ્રભ કરે કલ્યાણ રે સ.
સદુભવિ અનંતવીરય ત્રેવીસમાં રે લાલ, શ્રી ભદ્રકૃત ભગવંત રે
નયસાગર કહે જાણજો રે લાલ, અનાગતિ અરિહંતરે સજની

॥ ઇતિ અનાગતિ ચોવીસી ॥

ઢાળ ચાર (ઈડર આંબા આંબલીએ)

સીમંધર કરજો દયા રે, પુરજો મુજ મન કોડ, શ્રી યુગમંધર ભાવસુ રે, સુણિયે બે કર જોડી
હો જિનજી સુણિયે બે કર જોડી...૧

દુઃખ હરો શ્રી બાહુજી રે, સુખ કરો મુજ સુબાહુ શ્રી સુમતિ જિન પાંચમાં રે, વંદુ અધિક ઉચ્છાહ
જિનજી વંદુ અધિક ઉચ્છાહ...૨

સ્વામી સ્વયંપ્રભ વીનવુ રે, આવાગમન નિવાર શ્રી રૂષભાનન વાંદીયે રે,
અનંત વીરજ સુખકાર હો જિનજી મને...૩

સુરપ્રભ નવમાં સહ રે, મહિમાવંત વિશાલ કરમ શત્રુદલ જીતવા રે, શ્રી જિનવજ્રધર સાર હો.
જિનજી...૪

ચંદ્રાનન સોહામણા રે, ચંદ્રબાઉ સુખકંદ શ્રી જગ જિન જાણજ્યોરે, જિણે ટાળયો ભવનો ફંદ હો
જિનજી...૫

શ્રી ઈસર જિણેસરૂરે નમિપ્રભ ત્રિભુવન સ્વામિ, વીરસેન મન રંજણો રે,
શ્રી મહાભદ્ર શુભનામ હો જિનજી...૬

જિશા વોલતિ દીયો રે, શ્રી અજીતવીરજ જગદીશ, પ્રભુકૃપાએ વાંદીયે રે,
વિહરમાન જિન વીસ હો. જિનજી...૭

રૂષભાનન ચંદ્રાનના રે વર્ધમાન વારીષેણ એ ચિહું નામાં શાશ્વત્તિ રે પ્રતિમા બોલી જિણ હો જિનજી....૮

ઈ છન્નુ જિનવર સદારે પ્રહકથી પ્રણમેવ નયસાગર કહ નામથી રે, દિન દિન દોલતિ હેવ
હો જિનજી....૯

ઈતિ

॥ વિહરમાન વીસ તથા પ્રતિમા ચાર શાશ્વતીના નામઃ ॥

ઢાલ – ૫ (સુણી સુણી કંતાર સીખ સોહામણી એ)

હવે સૌધરમેં કલપે વંદીયે જિણહર લાખ, બત્રીસે નંદીય ત્રુટક નંદીયઈ, પડિમા કોડિ સત્તાવન, ઉપરે વલી સાઠ લાખએ ઈશાન કલપે લાખ, અઠાવીશ જિન ભુવન જિન લાખએ પચાસ કોડીને લાખ ચાલીશ શ્રી જિનબિંબ એતલા કહ્યા–ઈમ ત્રીજે સનતકુમાર કલપેં બાર લાખ જિણહરલહ્યા॥૧॥ પૂર્વ તિહાં જિનમૂર્તિ એકવીશ કોડી એ ઉપરે વલી સાઠ લાખ જોડીયે ત્રુ જોડીએ ચોથે વલી માહેન્દ્રે આઠ લાખ બિરાજે એ તિહાં, ચૌદ કોડિને લાખ ચાલીશ શ્રી જિનબિંબ વિચારીએ, પાંચમે બ્રહ્મદેવલોકે ચાર લાખ જિન મંદરૂ તિહાં કોડિ સાતને લાખ વીસ તેં શ્રી જિનમુરતિ સુંદરૂ ॥ ૨ ॥

ઢાલ

લાંતક ચૈત્ય સહસ પંચાસ એ શ્રી જિન પડીમાજી નઉ લાખ ભાસેએ, યે સાતમેં શુક્ર કલપે સહસ્ત્ર ચાલિસ જિનહરો તિહાં શ્રી જિન મુરતિ સકલ સુરતિ લાખ બહોતેર સુખ કરો, સહસ્ત્રાર કલપેં સહસ્ત્ર છ જિન ભવન જન મન મોહયે, દશલાખ વલી તિહોં સહસ એંસી શ્રીજિન પ્રતિમા સોહએ ॥ ૩ ॥

આનત પ્રાણત બિંહુ કલપે થઈ બારમેં ચૈત્ય ઈમ સંખ્યા કહી, શ્રી જિનબિંબ સંખ્યા છત્રીશ છત્રીસ સહસ્ત્ર વાંદતાં ઉલટ ધરી, અંગે ભવિક જનમન હોસએ. ઈગ્યારમેં આરણ અચ્યુત બારમેં , સો દોઢ દોઢ સો ચૈત્યએ સત્તાવીશ સત્યાવીશ સહસ્ત્ર પડીમા તે વંદુ એક ચિત્ત એ. ॥ ૪ ॥

